
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૪)



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૬૯-૮૬ શ્લોક ૪૬-૫૫) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૧૧૫-૧૫૦)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૪)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ગાથા-૬૯ થી ૮૬, શ્લોક-૪૬ થી ૫૫,
પ્રવચન-૧૧૫ થી ૧૫૦)

પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

| વિક્રમ સંવંત ૨૦૭૫ | વીર સંવંત ૨૫૪૫ | ઈ. સન ૨૦૧૯ |
|---|---|---|


## પ્રકાશન તિથિ

શ્રી વીરશાસન જયંતી (શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ છૂટવાનો પ્રથમ દિવસ),
અષાઢ વદ-૧, તા. ૧૭-૭-૨૦૧૯, બુધવાર

## પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ

| | |
|---|---|
| શ્રીમતી મણિબેન રતનશી શાહ, વિદિશા | ૫૦,૦૦૦/- |
| શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા, રાજકોટ | |
| શ્રી ચેતનભાઈ ચંદુલાલ મહેતા, રાજકોટ | ૧૧,૦૦૦/- |
| માતુશ્રી શાંતાબેન રતિલાલ ઘીયા, રાજકોટ | ૧,૧૦૦/- |
| શ્રીમતી કમળાબેન હરિલાલ કોઠારી, અમદાવાદ | ૧,૧૦૦/- |

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૬ પ્રવચનનાં
સંકલનરૂપ આ ‘ભાગવત શાસ્ત્ર’ ભાગ–૪ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય

થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!

- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું

દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૨૯ થી ૬૮ ગાથા તથા તેના ૨૮ થી ૪૫ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં. ૧૧૫ થી ૧૫૦ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૪માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી

સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**

**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુધ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુધ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૧૫ | ૦૪–૦૭–૧૯૭૬ | કળશ–૪૬ | ૦૦૧ |
| ૧૧૬ | ૦૫–૦૭–૧૯૭૬ | કળશ–૪૬, ગાથા–૬૯–૭૦ | ૦૧૩ |
| ૧૧૭ | ૦૬–૦૭–૧૯૭૬ | ગાથા–૬૯–૭૦ | ૦૨૪ |
| ૧૧૮ | ૦૭–૦૭–૧૯૭૬ | ગાથા–૬૯ થી ૭૧ | ૦૩૫ |
| ૧૧૯ | ૦૮–૦૭–૧૯૭૬ | ગાથા–૭૧–૭૨ | ૦૪૬ |
| ૧૨૦ | ૦૯–૦૭–૧૯૭૬ | ગાથા–૭૨ | ૦૫૭ |
| ૧૨૧ | ૧૦–૦૭–૧૯૭૬ | ગાથા–૭૨ | ૦૬૮ |
| ૧૨૨ | ૧૧–૦૭–૧૯૭૬ | ગાથા–૭૨ | ૦૮૧ |
| ૧૨૩ | ૧૨–૦૭–૧૯૭૬ | કળશ–૪૭, ગાથા–૭૩ | ૦૯૪ |
| ૧૨૪ | ૧૩–૦૭–૧૯૭૬ | ગાથા–૭૩ | ૧૦૫ |
| ૧૨૫ | ૧૪–૦૭–૧૯૭૬ | ગાથા–૭૩ | ૧૧૬ |
| ૧૨૬ | ૧૫–૦૭–૧૯૭૬ | ગાથા–૭૩–૭૪ | ૧૨૮ |
| ૧૨૭ | ૧૬–૦૭–૧૯૭૬ | ગાથા–૭૪ | ૧૪૦ |
| ૧૨૮ | ૧૭–૦૭–૧૯૭૬ | ગાથા–૭૪ | ૧૫૩ |
| ૧૨૯ | ૧૮–૦૭–૧૯૭૬ | ગાથા–૭૫, કળશ–૪૮ | ૧૬૬ |
| ૧૩૦ | ૧૯–૦૭–૧૯૭૬ | ગાથા–૭૫ | ૧૭૭ |
| ૧૩૧ | ૨૦–૦૭–૧૯૭૬ | ગાથા–૭૫, કળશ–૪૯ | ૧૮૮ |
| ૧૩૨ | ૨૧–૦૭–૧૯૭૬ | કળશ–૪૯, ગાથા–૭૬ | ૧૯૮ |
| ૧૩૩ | ૨૨–૦૭–૧૯૭૬ | ગાથા–૭૬ | ૨૧૧ |
| ૧૩૪ | ૨૩–૦૭–૧૯૭૬ | ગાથા–૭૭–૭૮ | ૨૨૨ |
| ૧૩૫ | ૨૪–૦૭–૧૯૭૬ | ગાથા–૭૯ | ૨૩૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩૬ | ૨૫–૦૭–૧૯૭૬ | ગાથા–૭૯, કળશ–૫૦ | ૨૪૪ |
| ૧૩૭ | ૨૬–૦૭–૧૯૭૬ | કળશ–૫૦, ગાથા–૮૦થી૮૨ | ૨૫૫ |
| ૧૩૮ | ૨૭–૦૭–૧૯૭૬ | ગાથા–૮૦ થી ૮૨ | ૨૬૭ |
| ૧૩૯ | ૨૮–૦૭–૧૯૭૬ | ગાથા–૮૦ થી ૮૩ | ૨૭૮ |
| ૧૪૦ | ૨૯–૦૭–૧૯૭૬ | ગાથા–૮૩ | ૨૯૦ |
| ૧૪૧ | ૩૦–૦૭–૧૯૭૬ | ગાથા–૮૩ | ૩૦૧ |
| ૧૪૨ | ૩૧–૦૭–૧૯૭૬ | ગાથા–૮૩ | ૩૧૩ |
| ૧૪૩ | ૦૧–૦૮–૧૯૭૬ | ગાથા–૮૪ | ૩૨૪ |
| ૧૪૪ | ૦૨–૦૮–૧૯૭૬ | ગાથા–૮૪–૮૫ | ૩૩૬ |
| ૧૪૫ | ૦૩–૦૮–૧૯૭૬ | ગાથા–૮૫ | ૩૪૯ |
| ૧૪૬ | ૦૪–૦૮–૧૯૭૬ | ગાથા–૮૫ | ૩૬૩ |
| ૧૪૭ | ૦૫–૦૭–૧૯૭૬ | ગાથા–૮૫–૮૬ | ૩૭૭ |
| ૧૪૮ | ૦૬–૦૭–૧૯૭૬ | ગાથા–૮૬ | ૩૯૧ |
| ૧૪૯ | ૦૭–૦૭–૧૯૭૬ | કળશ–૫૨–૫૩ | ૪૦૫ |
| ૧૫૦ | ૦૮–૦૭–૧૯૭૬ | કળશ–૫૩ થી ૫૫ | ૪૧૯ |

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૪)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

**અષાઢ સુદ-૭, રવિવાર, તા. ૦૪-૦૭-૧૯૭૬,**
**કળશ-૪૬,**
**પ્રવચન નં. ૧૧૫**

ભાવાર્થ. ભાવાર્થ છેને? જીવ-અજીવ અધિકારમાં પહેલાં રંગભૂમિ સ્થળ કહ્યું. એમાં ટીકાકાર આચાર્યે એમ કહ્યું કે '**નૃત્યના અખાડામાં જીવ-અજીવ બન્ને એક થઈને પ્રવેશ કરે છે...**' જીવ અને રાગાદિ અજીવ એ બે વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? જીવ એ તો જ્ઞાયકસ્વભાવે ચૈતન્યસ્વરૂપ એ જીવ અને રાગનું રૂપ અજીવ ધારણ કરીને બે અખાડામાં પ્રવેશ કરે છે. નાટકમાં જેમ આવે છેને એમ. '**અને બન્નેએ એકપણાનો સ્વાંગ રચ્યો છે.**' આહા..હા..! આત્માએ રાગનો સ્વાંગ રચ્યો છે અને રાગ જાણે આત્માનો છે એમ સ્વાંગ રચ્યો છે. આહા..હા..!

'**ભેદજ્ઞાની...**' ધર્મીજીવ '**સમ્યગ્દૃષ્ટિ પુરુષે સમ્યગ્જ્ઞાન વડે તે જીવ-અજીવ બન્નેની તેમના લક્ષણભેદથી પરીક્ષા કરીને...**' આત્માનું ચૈતન્યલક્ષણ છે, રાગનું અચેતનસ્વરૂપ છે. આહા..હા..! વ્યવહાર જે કહેવાય છેને? એ બધો રાગ તે અચેતન—અજીવસ્વરૂપ છે અને ચૈતન્યનું જ્ઞાનસ્વરૂપ છે—એ બન્નેના ભિન્ન લક્ષણ જાણીને. આહા..હા..! '**પરીક્ષા કરીને...**' કે જાણનાર તે આત્મા અને એમાં અનુભવમાં રાગનો ભાવ આવતો નથી, તેથી તે અચેતનમાં જાય છે, એને ધર્મી ભિન્ન જાણે છે. આહા..હા..!

'**બન્નેને જુદાં જાણ્યા તેથી સ્વાંગ પૂરો થયો...**' આનંદસ્વરૂપ ભગવાન આત્મા રાગથી ભિન્ન પડ્યો (તેથી) સ્વાંગ પૂરો થયો. રાગ રાગમાં નીકળી ગયો, આત્મા આત્મામાં રહી ગયો. આહા..હા..! '**અખાડાની બહાર નીકળી ગયા.**' એટલે કે નાટકમાં રમતા હતા એ નીકળી ગયા. આહા..હા..! આત્મા આત્માપણે આનંદરૂપે રહ્યો. રાગ રાગરૂપે નીકળી ગયો--છૂટો થઈ ગયો. એ વર્ણન કર્યું. '**આમ અલંકાર કરીને વર્ણન કર્યું.**' હવે એનું ટૂંકું બીજું કર્યું છે.

'**જીવ-અજીવ અનાદિ સંયોગ મિલૈ...**' જીવ અને અજીવનો અનાદિ સંયોગ છે. '**મૂઢ ન આતમ પાવૈં,...**' સંયોગી દેખીને, એ પુણ્ય અને પાપના ભાવ સંયોગી અનાદિથી મળેલા દેખાય છે. એને '**મૂઢ ન આતમ પાવૈં,...**' એને સંયોગીભાવ એ મારો છે એમ માનીને અજ્ઞાની એનાથી ભિન્ન આત્માના સ્વરૂપને પામતો નથી. આહા..હા..! '**સમ્યક્ ભેદવિજ્ઞાન ભયે...**' સમ્યગ્જ્ઞાનનું ભાન થયે '**બુધ...**' જ્ઞાની '**ભિન્ન ગહે નિજભાવે સુદાવૈં;...**' જ્ઞાનના લક્ષણે પોતાનો દાવ નાખીને જુદો પાડે. નિજભાવનો સુદાવ. આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એ હું, રાગાદિ ભાવ એ હું નહિ—એમ નિજભાવનો દાવ નાખે અંદર. ભિન્ન પાડે નિજભાવથી એમ કહે છે. '**તે જગમાંહિ મહંત કહાય...**' જ્ઞાનસ્વભાવી આત્માને જ્ઞાનના લક્ષણથી રાગથી ભિન્ન પાડે '**તે જગમાંહિ મહંત કહાય...**' એ મહાત્મા છે. આહા..હા..! '**વસૈં શિવ જાય...**' એ શિવમાં જઈને મોક્ષમાં '**સુખી નિત થાવૈં.**' આનંદરૂપે નિત્ય થાય.

**શ્રોતા :-** ત્રીજી પંક્તિનો અર્થ રહી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સુગુરુ ઉપદેશ નિમિત્તથી મળ્યું એમ કીધું. '**ભલે દિન પાય અજ્ઞાન ગમાવૈં,...**' એમ એ તો એનો અર્થ કર્યો. આહા..હા..! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યને નિમિત્તે ઊપજે એ ત્રણકાળમાં છે નહિ.

**શ્રોતા :-** નથી લખ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં જ છે. ૩૭૨ જુઓ, ૩૭૨ અથવા ૩૦૯-૧૦-૧૧-૧૨. પરની સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો સંબંધ છે નહિ.

**શ્રોતા :-** .. કળશ બરાબર યાદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, આ તો ટીકા છે. ૩૦૯-૧૦-૧૧-૧૨ અને ઓલું છે એ ૩૭૨માં એ ટીકા છે. આહા..હા..! છેને. જુઓ, ૩૦૯-૧૦ છેને એની સાતમી લીટી છે.

'**કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...**' છે? છઠ્ઠી. શું કીધું એ? '**સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...**' કરનાર ઉત્પાદ થવાલાયક અને ઉત્પાદ કરનાર. દરેક દ્રવ્યમાં ઉત્પન્ન થવાલાયક અને બીજો ઉત્પાદક, એનો અભાવ છે. આહા..હા..!

**શ્રોતા :-** આ નિયમને રાખીને પછી ગુરુ-શિષ્યનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તના જ્ઞાનની વાત છે. એ તો એને સમજાવ્યું છે કે એને દેશનાલબ્ધિ મળે છે એટલી વાત. અને તે લક્ષ પરનું છોડી અને સ્વ ઉપર જાય છે ત્યારે એ ગુરુનો ઉપદેશ નિમિત્ત તરીકે કહેવામાં આવ્યો છે. એનાથી ઉત્પન્ન થાય છે એમ નથી. એ શું કીધું આ?

'**સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે...**' ઉત્પન્ન થવાલાયક અને ઉત્પન્ન કરનાર એવા બેનો અભાવ છે. આહા..હા..! બીજી ચીજ એની પર્યાયને ઉત્પન્ન કરે અને પર્યાય ઉત્પન્ન થવાને લાયક પોતે થાય એવો અભાવ છે. આહા..હા..! છે? '**તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...**' અહીં તો ના પાડે છે લ્યો. '**અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;...**' લ્યો! જીવનું કાર્ય રાગ છે એ વાત સિદ્ધ થતી નથી. આહા..હા..! અથવા જીવનું કાર્ય અજીવ-જડની પર્યાય છે એ વાત સિદ્ધ થતી નથી. આહા..હા..! '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...**' જોયું! જીવ પોતાના પરિણામને કરે અને કર્તા પોતે. બીજો કરે ત્યારે અહીં થાય એવા અન્યનિરપેક્ષપણે—અન્યની જેને અપેક્ષા છે જ નહિ, સ્વદ્રવ્યમાં જ સિદ્ધિ પોતાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? ૩૭૨.

**શ્રોતા :-** ... જીવ અને અજીવનું કર્તાપણું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એનો અર્થ જ થયોને. જીવને અજીવનું કાર્ય, એમ. એ તો અહીં સિદ્ધ કરવું છે પરનું. એમ અજીવને જીવનું કાર્ય એ વાત ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! ૩૭૨ જુઓ. છે ૩૭૨? કેટલામાં છે? જુઓ એની અંદર.

'**જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી; કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો...**' એટલે પર્યાયનો '**ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે;...**' આહા..હા..! અહીં તો છેલ્લે એમ લીધું છે, જુઓ અંદર, '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' બીજા પેરેગ્રાફની છેલ્લી બીજી લીટી. છે? એ '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' આહા..હા..! હવે ક્યાં બે કારણ રહ્યા? એ બીજું કારણ તો ઉપચારિક આરોપિત કરીને જણાવ્યું છે જ્ઞાન (કરાવવા).

ખરેખર તો નિશ્ચય અને વ્યવહારમોક્ષમાર્ગ એ પણ ધ્યાનમાં આવે છે, ત્યારે વ્યવહારથી નિશ્ચય થયો એ વાત ત્યાં રહેતી નથી. કેમકે '**दुविहं पि मोक्खहेउं**' બે પ્રકારના મોક્ષનું કારણ ધ્યાનમાં (ઉત્પન્ન થાય છે). એટલે? સ્વ ચૈતન્યનો આશ્રય કરીને ધ્યાનમાં જે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે છે એ જ કાળે રાગ બાકી છે એને વ્યવહારમોક્ષમાર્ગનો આરોપ દેવાય છે. એટલે કોઈ વ્યવહારથી નિશ્ચય થાય એમ છે નહિ, એકસાથે થયા છે. સમજાણું? આહા..હા..! આ ઝઘડા મોટા. આત્મા આનંદનો નાથ પ્રભુ અંતરમાં નજરું કરતાં ધ્યાનમાં એટલે ધ્યેયને ધ્યાનમાં લઈને વસ્તુને નિશ્ચય જે મોક્ષમાર્ગ સ્વ-આશ્રયે પ્રગટ થાય છે તે જ કાળે રાગ બાકી રહ્યો છે એને વ્યવહાર કહેવામાં આવે છે. એટલે વ્યવહાર અને નિશ્ચય આગળ-પાછળ

છે એમ નથી.

**શ્રોતા** :- પહેલા વ્યવહાર અને પછી નિશ્ચય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આમાં ક્યાં આવ્યું? આવ્યું ક્યાંય? આહા..હા..!

અહીં તો કહ્યું, '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' અને '**નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના પરિણામના ઉત્પાદક છે જ નહિ.**' છેલ્લો પેરેગ્રાફ ત્રીજો. આહા..હા..! નિમિત્તભૂત જે પરચીજ છે એ અન્ય દ્રવ્યના પરિણામનો ઉત્પાદક છે જ નહિ. આહા..હા..! છે? આહા..હા..! એ નિર્ણય રાખીને અને નિર્ણય થયા કાળમાં એ રાગ બાકી રહ્યો એને વ્યવહાર કહ્યો. હવે એમાં વ્યવહારથી નિશ્ચય થાય એ રહ્યું ક્યાં, બાપુ? આહા..હા..!

**શ્રોતા** :- આગલા કાળમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આગલા કાળમાં કોઈ.. આહા..હા..! અને નિમિત્તથી થાય એ ત્રણકાળમાં નથી એ બીજી વાત કરી. બેય ઉડાડી દીધી વાત. આહા..હા..! પ્રવિણભાઈ ત્યાં મુંબઈમાં સાંભળવા આવ્યા હતાને. ૩૨૦ ગાથા સાંભળીને બહુ ખુશી થયા. મુંબઈમાં તો ૩૨૦ ગાથા આ વખતે ચાલીને. ૧૧ વ્યાખ્યાન થયા. આહા..હા..!

એક વાત, કે દરેક દ્રવ્યની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય એને બીજો ઉત્પન્ન કરનારો છે જ નહિ.

**શ્રોતા** :- ઉત્પન્ન તો ન કરે એને મદદ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મદદ થાય એનો અર્થ શું?

**શ્રોતા** :- ટેકો આપવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ટેકો શેનો? આત્મા ગતિરૂપે પરિણમે ત્યારે ધર્માસ્તિ તો પડ્યું જ છે એમને એમ. એને નિમિત્તથી કહેવાય. આહા..હા..! એ ધર્માસ્તિ છે માટે અહીં ગતિ પરિણમે છે એમ હોય તો ધર્માસ્તિ તો સદાય છે. આહા..હા..! પોતામાં જ્યારે ગતિ થવાના પરિણામ પોતે ઉત્પન્ન કરે ત્યારે ધર્માસ્તિ છે એને નિમિત્તનો આરોપ દેવાય છે. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ?

એટલે કોઈ દ્રવ્યની પર્યાય... એ તો ઘણા બોલ કહેવાઈ ગયા છે કાળલબ્ધિ. દરેક દ્રવ્યનો સમયે-સમયે પર્યાય થાય છે તે કાળે થાય. નિમિત્ત હો એથી નિમિત્તે ઉત્પન્ન કર્યા છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એક વાત; અને વ્યવહારે નિશ્ચય ઉત્પન્ન કર્યો છે એ વાત પણ એની એ છે એ તો. વ્યવહાર એ નિમિત્ત છે. જેમ અહીંયાં નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી, એમ વ્યવહાર ને નિશ્ચય બે ભાગ છે. એ વ્યવહાર નિશ્ચયને કાંઈ ઉત્પન્ન કરતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ધરમચંદભાઈ! વાતું આવી છે, બાપુ! સત્ય તો આવું છે. એને કચરડી-મચડીને કરે એ નહિ બેસે, ભાઈ! આહા..હા..!

અહીંયાં તો કહ્યુંને જુઓ, કે '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' ચોખા પાકે

છે એને પાણી પકવે છે એ ત્રણકાળમાં નહિ, એમ કહે છે. આહા..હા..! જે દ્રવ્યની તે પર્યાય તે કાળે કર્તા તે દ્રવ્ય થઈને કાર્ય પર્યાયનું થાય એમાં બીજાનો અધિકાર જરીએ નથી. સમજાણું કાંઈ? છતાં અકલંકદેવે કહ્યું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, ભાઈ! એ આ નિશ્ચય રાખીને પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. એટલે? પ્રત્યેક દ્રવ્યની તે તે કાળે જે પર્યાય થાય એ પોતાથી થાય છે. એવો નિશ્ચય રાખીને બીજી ચીજ છે તેનું પ્રમાણજ્ઞાનમાં ભેળવ્યું. પણ પ્રમાણમાં ઓલો નિશ્ચય છે એને રાખીને નિમિત્તને ભેળવ્યું જ્ઞાન કરાવવા. સમજાણું કાંઈ? અરે.. આવી વાતું, ભારે! એમ ક્યાંય વ્યવહારથી કહ્યું હોય તો એ અર્થ થયો કે એનાથી થયું નથી, પણ નિશ્ચયથી પોતે (કર્યું છે). કીધુંને. એકસાથે બેય મોક્ષમાર્ગ છે. આહા..હા..! એમ કષાયની મંદતા હતી, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હતી તો સમકિત થયું એ આમાં ન આવ્યું.

**શ્રોતા :-** બીજા શાસ્ત્રમાં હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા શાસ્ત્રમાં એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** એ બાજુનો વિષય હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિષય હોય એટલે કથન ફેર હોય, વ્યવહાર-નિશ્ચયમાં. વસ્તુફેર હોય? આહા..હા..! અહીં કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય એ ત્રણકાળમાં નથી. નિમિત્તથી કાર્ય પરમાં ઉત્પાદ થાય (એ) ત્રણકાળમાં નથી. આહા..હા..! વ્યવહાર એ નિમિત્ત છે નિશ્ચયની અંદર. હોય છે ભલે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને. છેને જુઓ.

‘**નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના પરિણામના ઉત્પાદક છે જ નહિ; સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતાં થકાં,...**’ અડતાં નથી. માટીમાંથી ઘડો થાય એ કુંભારને માટી અડતી જ નથી. આહા..હા..! ચોખો જ્યારે પાકે ત્યારે તેને અગ્નિ અડતી જ નથી, પાણી અડતું નથી. પાણી અને અગ્નિ એને અડતું નથી અને આ એને અડતું નથી. આહા..હા..! આવી વાતું છે. આ મોટા ઝઘડા એમાં ઊભા થયા.

ત્યારે સમકિતને બે પ્રકારે ઉત્પન્ન થયું એમ કહ્યું છેને? નિસર્ગાત, અભિગમાત. એ અભિગમ વખતે થયું છે તો એ નિસર્ગ પોતાથી જ, પણ નિમિત્તની ઉપસ્થિતિ હતી એથી એનાથી થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહેવામાં આવે છે. નિમિત્તથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય એ ત્રણકાળમાં નથી. નિમિત્ત એને ઉત્પન્ન કરે અને નિમિત્તમાં ઉત્પન્ન કરાવાની તાકાત છે અને ઉત્પન્ન કરનારી પર્યાય નિમિત્તની અપેક્ષા રાખીને ઉત્પન્ન થાય છે, એમ છે નહિ. આવી વાત છે. આહા..હા..! ૩૦૯-૧૦નું કીધું. આમાં ૩૭૨નું કહ્યું. આહા..હા..!

‘**શ્રી ગુરુકે ઉપદેશ સુનૈ રુ ભલે દિન પાય અજ્ઞાન ગમાવૈં,...**’ એ તો પોતે અજ્ઞાન ગુમાવે છે. વ્યવહારથી નિશ્ચય ન થાય, નિમિત્તથી પરમાં ઉત્પાદ ન થાય એટલું નક્કી કરીને દ્રવ્ય પણ પર્યાયને કરે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયાર્થિક નહિ પણ દ્રવ્યાર્થિકનયથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયાર્થિકનયે પર્યાયને કરે. આહા..હા..!

**શ્રોતા :-** માટીથી ઘડો ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માટીથી ઘડો થાય છે એ કઈ અપેક્ષાએ? પરથી નથી થતો એટલું બતાવવા. બાકી માટી ધ્રુવ છે એ ઘડાની પર્યાયને કરતી નથી. આહા..હા..! ભગવાન ધ્રુવ છે એ પર્યાયને અડતો નથી અને પર્યાયને કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ રોટલી થાય છે લોટમાંથી. વેલણું આમ વળે છે. એ વેલણાથી ગોરણું લાંબુ થાય છે એ ત્રણકાળમાં નથી. વેલણાને એ લોટનો લોયો અડ્યો જ નથી અને વેલણ એને અડ્યું નથી. આહા..હા..! એમ વ્યવહાર અને નિશ્ચય એકસાથે પ્રગટે છે. વ્યવહારને નિશ્ચય અડ્યો પણ નથી. આહા..હા..! નિર્મળપર્યાય રાગને અડતી જ નથી. આવી વાત છે. સત્ય તો આવું છે. સમજાણું કાંઈ? આ તો પરમેશ્વરે કહી છે આ વાત. ત્રિલોકનાથે આ પોકાર કર્યો છે. હવે એને એ રીતે ન સમજે (અને) લોકને ઠીક પડે એવું (નિરૂપણ કરે કે) વ્યવહારથી થાય, નિમિત્તથી થાય. આહા..હા..!

**શ્રોતા :-** અમારે આપની પાસે આવવું શું કામ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છે એ તો આવવાની યોગ્યતા (છે) માટે આવે છે. એ તો નહોતું કીધું? ઓલા કેશુભાઈનું. વઢવાણના કેશુભાઈ છેને એક દશાશ્રીમાળી? કેશુભાઈ, કેશવલાલ છે. અહીંનું જાણપણું વાંચન છે. પછી એને કોઈએ પૂછ્યું કે તમે નિમિત્તથી થાય નહિ એમ માનો છો તો જાવ છો શું કરવા નિમિત્ત પાસે? એય.. પોપટભાઈ! ઓળખો છો? કેશુભાઈ વઢવાણમાં છે, દશાશ્રીમાળી છે. ત્યારે એણે જવાબ આપ્યો કે નિમિત્તથી નથી થતું એ દૃઢ કરવા માટે જઈએ છીએ. કેશુભાઈ. ભાઈને ઓળખે.

**શ્રોતા :-** દૃઢ કરવાનું નિમિત્ત તો આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; એ દૃઢ કરીએ છીએ અમે અને દૃઢ કરવામાં અમારો ત્યાં કાળ છે. એવી વાત છે.

**શ્રોતા :-** નિમિત્ત તો આવી ગયું,... દૃઢ કરવાનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્ત(કાળે) અમે દૃઢ કરીએ છીએ તે કાળે, એમ કહે છે. ભાષા તો ભાષા શું થાય? આહા..હા..!

હવે અહીં એમ કહેવું કે સાંભળવાથી એને જ્ઞાન થતું નથી. અહીં સાંભળીને થયું. ત્યાં તો એમ કહ્યું, સાંભળવાની પર્યાય એના જ્ઞાનની ઉત્પત્તિ કરે એ ઉત્પાદ્ય-ઉત્પાદક છે જ નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. પોતાનો કાળને. એ તો પોતાનો કાળ. આહા..હા..! ઝીણી

વાત બહુ, ભાઈ! વીતરાગમાર્ગ સર્વજ્ઞનો 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરધ્ય પ્રભાવ આણી.' શ્રીમદ્ પોકારે છેને. 'અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' આહા..હા..! એને જાણ એમ કીધું. એણે કહેલા ધર્મને તું આરાધ. આહા..હા..!

**શ્રોતા :-** વીતરાગવાણી વિના આવી સ્પષ્ટ વાત ક્યાંય નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વિના વાત નથી ક્યાંય. ભાઈ! વીતરાગ વાણી એમ પોકારે, અમે સંભળાવીએ છીએ માટે તમને જ્ઞાન થાય (એમ નથી). ભાઈ! બીજા દ્રવ્યની પર્યાયથી બીજા દ્રવ્યની પર્યાય ઉત્પાદ્ય-ઉત્પાદક છે જ નહિ, કર્તા-કર્મપણું છે જ નહિ. વાણી કર્તા અને એની જ્ઞાન પર્યાય કાર્ય એમ છે જ નહિ. આહા..હા..! આવી વાત! ઘણી સીધી વાત છે. જરી આગ્રહ છોડી દે તો (સમજાય).

વસ્તુ સ્વતંત્ર છે. જે સમયે તેનો પર્યાયનો નિજક્ષણ છે. એનો ક્ષણ એનો એ કાળની ઉત્પત્તિનો પર્યાય છે, તેથી પોતાથી થયો છે, નિમિત્તથી નહિ. આહા..હા..! કાલે કહ્યું હતું શાંતિભાઈને. બારણું ઉઘાડતા હતા, કીધું, શું કરવા ઉઘાડો છો? નિમિત્તથી તો બારણું ઉઘડતું નથી. એય..! શાંતિભાઈ! જરી મુંઝવ્યા. મેં કીધું, શું કર્યું આ? હાથે કાંઈ બારણું હલાવ્યું? બારણું બંધ કર્યું? અરે.. ભાઈ! આ બારણું ઉઘાડું હતુંને? ઉઘાડું હતું કે બંધ હતું? ઉઘાડ્યું. ભાઈ! એ રજકણ જે સ્કંધ છે તેને તે પ્રકારે આમ ગતિ થવાના કાળ સ્વકાળે એ પોતે થયું છે, એમાં હાથ અડ્યો જ નથી, હાથથી તે થયું નથી. આ તે વાત! આહા..હા..! પ્રેમચંદભાઈ! આવો માર્ગ પ્રભુનો છે. આહા..હા..! વીતરાગ... વીતરાગ... પ્રભુ આવો માર્ગ છે. આહા..હા..!

નિયમસાર કહે છે કે આવો માર્ગ છે એ તને બેઠો. લોકો એમ કહેશે કે આ તો જૂઠું છે, આ છે, તે છે. પ્રભુ! એ ગમે તે કહે હોં! પણ તું માર્ગની અભક્તિ નહિ કરીશ. આહા..હા..! આવું સત્ય છે એને લોકો કેમ નિંદે? નિંદે તે તને શું છે? આહા..હા..! નિયમસારમાં છે. લોક નિંદે તો પ્રભુની ભક્તિ એટલે વીતરાગભાવે વીતરાગ ઉત્પન્ન થાય, રાગથી નહિ, નિમિત્તથી નહિ, એવી તારી જે ભક્તિ સ્વરૂપની છે (એની) અભક્તિ ન કરીશ. આહા..હા..! લોકો આમ કહે, મોટા-મોટા પંડિતો કરે છેને? બાપુ! કહેશે. સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રભુ ચૈતન્યસ્વરૂપ ભગવાન એ અંદર પોતાને આશ્રયે જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય ઉત્પન્ન કરે છે તે તેનો ક્ષણ છે, એ ધર્મની પર્યાય ઉત્પત્તિ થવાનો એ ક્ષણ છે. એ વખતે રાગ હતો માટે ઉત્પત્તિ થઈ એમ નથી. આહા..હા..! એ વ્યવહાર હતો (એટલે) ઉત્પત્તિ (થઈ એમ નથી). એ તો તેથી કહ્યુંને કે બેય મોક્ષમાર્ગ ધ્યાનમાં થાય, એનો અર્થ શું થયો? આહા..હા..! અંતરના આનંદના નાથને અંદરમાં પકડ્યો એ જ્ઞાનસ્વરૂપી ભગવાન એને જ અનુભવ્યો એ નિશ્ચયમાર્ગ છે. એ જ વખતે રાગ બાકી છે એને આરોપે વ્યવહારમાર્ગ (કહે છે). રાગ તો બંધનું કારણ છે. રાગ બાકી રહ્યો એ તો બંધનું કારણ છે, પણ આની સાથે

નિશ્ચયશ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર આત્માને આશ્રયે પ્રગટ્યા એ વખતે રાગની મંદતાની હાજરી દેખીને ઉપચાર કર્યો છે, એ સમકિત નથી કાંઈ. આહા..હા..! વ્યવહારસમકિત એ કંઈ સમકિતની પર્યાય નથી, એ તો રાગની છે. દાસ! આવું બાપુ છેને, ભાઈ! આહા..હા..! કહો, મનસુખભાઈ! આવો માર્ગ છે. આહા..હા..!

પ્રભુ! તારી મોટપનો પાર નથી. તારી મોટપ પ્રગટ કરવા માટે એ હિણી દશાના આલંબનની તને જરૂર નથી. આહા..હા..! સમજાણું? આવ્યુંને? નિરપેક્ષનું ન આવ્યું? ૩૦૯માં ભાઈ આવ્યુંને? અન્યનિરપેક્ષ. આહા..હા..! નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના પર્યાય ઉત્પન્ન થાય છે. એમ આ વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના... આહા..હા..! પોતાના સ્વભાવની ઉત્પત્તિ પોતાને લઈને સ્વકાળે પુરુષાર્થથી... આહા..હા..! થાય છે. સમજાણું કાંઈ? એમાં એ વાતને બરાબર રાખી પછી નિમિત્ત જોડે રાગ હતો એને વ્યવહાર કીધો તે વ્યવહારસમકિત છે એ? એમ નિમિત્તને વ્યવહાર કારણ કહ્યું, એ કારણ છે ઈ? આહા..હા..! આવી વાત છે, ભાઈ! દુનિયા સાથે મેળવવું આ કઠણ પડે. ઘણા મતવાળાના અભિપ્રાય લે તો અજ્ઞાનીના અભિપ્રાય તો બીજા પડે. એથી કાંઈ સત્ય ફરી જાય? આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ, એ થયું. અહીં આવ્યું આપણે. '**કર્તાકર્મવિભાવને,...**' કર્તાકર્મ અધિકાર. દેખો લ્યો. એમાં આ આવ્યું.

**કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,**
**કર્મ નાશી શિવમાં વસે, નમું તેહ, મદ ખોય.**

કર્તા આત્મા અને કર્મ વિકાર કે જડ... સમજાણું? એને મટાડી દઈ. આહા..હા..! કર્તા આત્મા અને વિભાવ એનું કર્મ. કર્તા આત્મા અને જડ કર્મની પર્યાય એ વખતે બંધાય, રાગ છે ત્યાં એને કારણે, માટે આત્માનું કર્મ એ છે, એ છોડી દે. આહા..હા..! પણ રાગ અહીંયાં ન હોય તો કર્મના પરમાણુ કર્મપણે પરિણમે?

**શ્રોતા :-** એટલી યોગ્યતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે રાગ છે. એ પ્રશ્ન થયો તે દી. (સંવત) ૨૦૦૬ સાલ રાજકોટમાં. એમ કે રાગ છે તો કર્મને પરિણમવું પડે છેને? એમ નથી, ભાઈ! એ રજકણની તે સમયે કર્મપણે પરિણમવાની ઉત્પત્તિનો પર્યાયનો કાળ છે માટે (બંધાય છે). અહીં રાગ છે માટે ત્યાં ચારિત્રમોહ બંધાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય બંધાય એવા ભાવ કર્યા જીવે માટે ત્યાં જ્ઞાનાવરણી બંધાય છે (એમ નથી).

**શ્રોતા :-** છ કારણોમાં તો આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો છ કારણો તો એના પોતાના ભાવના કહ્યા. એનાથી બંધાય છે એમ કહ્યું એ તો નિમિત્તનું કથન છે. આહા..હા..! તે વખતે પરમાણુની જ્ઞાનાવરણ તરીકે પરિણમવાની પર્યાયનો કાળ હતો (તેથી) તે પરિણમે છે. આ વાત. વસ્તુ તો આમ છે,

ભાઈ! દુનિયા ભલે ના પાડે. એકાંત કહે. છે તો સમ્યક્ એકાંત જ. આહા..હા..!

'**કર્તાકર્મવિભાવને,...**' આહા..હા..! ભગવાન આત્મા કર્તા અને વિભાવ... (શ્લોકમાં) '**कोपादयो**' છેને? આવશે. એ કોપ એટલે ક્રોધાદિ ભાવક્રોધ અને જડક્રોધ. એનો આત્મા કર્તા અને એ આત્માનું કર્મ—છોડી દે એ બુદ્ધિ. આહા..હા..! '**મેટી જ્ઞાનમય હોય,...**' એ રાગનો પણ કર્તા નહિ અને કર્મનો એ જડપર્યાય થાય એનો પણ કર્તા નહિ. એ તો પોતાની જ્ઞાનપર્યાયનો કર્તા અને આનંદની પર્યાય તેનું કર્મ. આહા..હા..! એમાં એને લઈને રાગનું કાર્ય એનું એમ છે નહિ.

જ્ઞાનસ્વભાવ વસ્તુ. જોયું! '**कोपादयो**' આવશે. ક્રોધાદિભાવ. કળશકારે કર્મ લીધું છે. એકલું કર્મ, પણ ઓલામાં ભાવક્રોધ અને દ્રવ્યક્રોધ બેય લીધું છે. પરમ અધ્યાત્મ-તરંગિણી. અહીં ભાવ લીધો છે. વિકારનો ભાવ એ મારું કાર્ય અને હું કર્તા, જૂઠી વાત છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન શું કરે રાગને? આહા..હા..! એ તો જ્ઞાનસ્વરૂપી છેને. સર્વજ્ઞસ્વભાવી છે એ રાગાદિ પરચીજને કાળે તેને જાણે એવો એનો સ્વભાવ ખરો. આહા..હા..! શાસ્ત્રમાં કહ્યું છેને છ કારણે જ્ઞાનાવરણીય બંધાય, લ્યો. તત્ત્વાર્થ સૂત્રમાં. હા, એ.

અહીં કહે છે કે એ જ્ઞાનાવરણીય આદિનો દોષ કર્યો માટે જ્ઞાનાવરણીય બંધાણું એમ નથી. એ દોષના પરિણામ એણે કર્યા એ અજ્ઞાનભાવે અને તે કાળે કર્મ બંધાણું એ પરમાણુનો તે વખતે કર્મ થવાનો સ્વકાળ છે માટે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, વળી. અહીં દયાના ભાવ કર્યા, કર્તા થાય એ તો અજ્ઞાન છે અને ત્યાં આગળ પુણ્ય બંધાણા શાતાવેદનીય એ કહે છે કે આ ભાવ છે માટે એ છે એમ નથી.

**શ્રોતા** :- ઉદયમાં આવે ત્યારે અનુકૂળ પદાર્થ મળે એવું તો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એની સાથે શું છે? આવનારા પદાર્થ પોતાને કારણે (આવે) છે, ઉદય તો નિમિત્તમાત્ર છે. શાતાનો ઉદય છે અને પૈસા આવ્યા એ તો નિમિત્તના કથન છે. પૈસાના પરમાણુમાં તે કાળે આમ અહીં આવવાનો કાળ જ હતો. શાતાના ઉદયને લઈને પૈસા આવ્યા છે એમ નથી.

**શ્રોતા** :- એ વાત જૂઠી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જૂઠી છે. આવું છે. કહો, સમજાણું કાંઈ? અને અશાતાનો ઉદય આવ્યો માટે શરીરમાં રોગ થયો એમ પણ નથી. રોગની અવસ્થા નોકર્મની સ્વતંત્ર તે કાળે થવાની હતી એ થઈ છે. અશાતાના કર્મને તો નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તે એને કર્યું છે કાંઈ (એમ નથી), એ ઉત્પાદક છે જ નહિ. આહા..હા..! આવી વાતું છે. તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવ્યો માટે સમવસરણ રચાણું (એમ નથી).

**શ્રોતા** :- ઉદય આવ્યો ત્યારે જ તો રચાણું છે, એ પહેલાં તો ક્યાં રચાય જ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ વખતે જ આવે. આહા..હા..! છતાં એ ઉદયને લઈને સમવસરણ

રચાણું એમ નથી. તે વખતના પરમાણુના સ્કંધની તે સમવસરણની પર્યાયપણે પરિણમવાનો કાળ હતો તે થયું છે. બહુ જગતને આકરું પડે, ભાઈ! આહા..હા..! અહીંયાં તો એમ લખ્યું સમવસરણમાં. ઈન્દ્રે રચ્યું અને ઈન્દ્રને વિસ્મય થયો. ભાઈએ નથી લખ્યું પંડિતજીએ સમવસરણ. સ્તુતિમાં આવ્યું. એનો અર્થ કે ભગવાનના પુણ્ય એવા. એટલું બતાવવા વાત છે. પણ ભગવાનના પુણ્ય છે માટે સમવસરણની રચના થઈ એ તો નિમિત્તના કથન છે. એ તો એને કારણે થયા છે. કાળ ફર્યો એનો. એના પરમાણુની પર્યાયનો કાળ એનો ફર્યો. કહેવાની વાતું છે--વ્યવહાર તો કથન કરવાની વાતું છે. આહા..હા..!

એક ગરાસિયા હતા બિચારા. જીથરી નહિ, શું કહે આ? પાંચવડા. પાંચવડામાં એક ગરાસિયા હતાને આવતા બિચારા. એ કહેતા કે મહારાજ! આહા..હા..! આપનો પ્રતાપ કેવો કે અહીં બધું.. ભાઈ! એમ રહેવા દે તું. પરની પર્યાયમાં મારો પ્રતાપ આ. એમ છે નહિ, ભાઈ! એ તો કથનની શૈલી વ્યવહારની છે. આહા..હા..! આ જ ક્ષેત્રે, આ જ કાળે જે કાળે તે તે પરમાણુની તે પર્યાય રચવાના સંબંધમાં રચાણી એનો કર્તા બીજો કોઈ છે જ નહિ.

**શ્રોતા** :- કર્તા નહિ પણ નિમિત્ત તો બીજું હોયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિમિત્તનો અર્થ શું થયો? નિમિત્તનો અર્થ કે બીજી ચીજ છે, હાજરી (છે), પણ કર્તા નથી. કાંઈ કર્યું નથી એણે. આહા..હા..! ભારે વાતું! વીતરાગનો માર્ગ આકરો બહુ, ભાઈ! અને જેના ફળ પણ અનંત આનંદ આવે એવો માર્ગ. આહા..હા..!

**'કર્મ નાશી શિવમાં વસે,...'** લ્યો, કર્મ નાશી. એક કોર એમ કહે કે ભાવકર્મનો નાશ આત્મા કરે એ કહેવું કથનમાત્ર છે. ૩૪ (ગાથા). જડનો તો નાશકર્તા આત્મા છે જ નહિ. કારણ કે કર્મની અકર્મપણે પર્યાયને કાળે અકર્મપણે પરિણમે છે, એને તો આત્મા નાશ કરી શકે નહિ; પણ રાગને નાશ કરે એમ કહેવું એ કથનમાત્ર છે, પરમાર્થે તો રાગનો પણ નાશ કરતો નથી. આહા..હા..! ફક્ત પોતે વીતરાગદશાપણે પરિણમે છે ત્યારે રાગ ઉત્પન્ન થતો નથી એટલું દેખીને રાગનો નાશ કરે એવું વ્યવહાર કથનમાત્ર આવે છે. આહા..હા..! આવી વાતું! નમો અરિહંતાણં. કર્મરૂપી વેરીને ભગવાને હણ્યા. એ જડને તો હણ્યા નથી, પણ ભાવને પણ હણ્યા નથી. એ તો નિમિત્તના કથન છે. આહા..! પહેલે જ કોળિયે ભૂલ. ભગવાને કર્મનો નાશ કર્યો. નથી આવ્યું લોગસ્સમાં? 'વિહુયરયમલા...'. લોગસ્સમાં આવે છેને 'વિહુયરયમલા પહીણજરમરણા;...' નથી કર્યું?

હે ભગવાન! આપે કર્મને વિશેષે ટાળ્યા અને મળ નામ ભાવને ટાળ્યા. આહા..હા..! એ તો વ્યવહારની કથની છે. ભગવાને તો સ્વરૂપની વીતરાગતા કરી. સમજાણું કાંઈ? એ આમાં નાખ્યું છે ભાઈએ, હુકમીચંદ. મહાવીરનું કર્તૃત્વ ને... આત્મધર્મમાં આવી ગયું છે, એની જુદી ચોપડી છપાણી. કર્તૃત્વ અને વક્તૃત્વ. આહા..હા..! શું કર્યું ભગવાને? રાક્ષસને જીત્યા ને આને આમ કર્યું ને આણે આમ કર્યું. ભગવાને કર્યું હતું વીતરાગપણું. એમાં રાગનો

નાશ થયો એ પણ એણે કર્યું નથી. આહા..હા..! ઉત્પન્ન થયો નહિ એને નાશ કર્યું કહેવાય છે. આહા..હા..! બહુ ફેર. તત્ત્વની દૃષ્ટિને સમજવી (એને માટે) ઘણા આગ્રહો છોડવા પડે. અને પ્રત્યક્ષ દેખાય છેને? શું પ્રત્યક્ષ દેખાય છે? એક જણો એમ કહેતો હતો લ્યો. આ મોરપીંછી પડી છે એની મેળાએ ઊંચી થાશે? અરે..! ભગવાન! એની ઉત્પત્તિ ઊંચા થવાનો સ્વકાળ હોય ત્યારે એને કારણે થાય છે. હાથે ઊંચી કરી એમ છે જ નહિ. પરથી થાય તો, તો સર્વ દ્રવ્યની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય એ તો રહ્યું નહિ. આહા..હા..! આ પથરા તોડે છેને પથરા? એય.. શાંતિભાઈ! શું છે આ બધું? એક-એક, રજકણ તે તે કાળે પોતાની અવસ્થાથી પરિણમે છે. બીજો રજકણ પણ જેને કરતો નથી, એ બીજો આત્મા શું કરે? આહા..હા..! આવી વાત છે, ભાઈ!

**કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,**
**કર્મ નાશી શિવમાં વસે, નમું તેહ, મદ ખોય.**

'**પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે જીવ-અજીવ જ એક કર્તાકર્મના વેશે પ્રવેશ કરે છે.'** એટલે કે આત્મા કર્તા અને વિકારી પરિણામ કર્મ એવો વેશ ધારીને પ્રવેશ કરે છે નાટકમાં. સમયસાર નાટક છેને નાટક.

'**જેમ બે પુરુષો માંહોમાંહે કોઈ એક સ્વાંગ કરી નૃત્યના અખાડામાં...**' બે પુરુષો. માંહોમાંહે બેયનો સ્વાંગ એક જ. '**નૃત્યુના અખાડામાં પ્રવેશ કરે તેમ જીવ-અજીવ બન્ને એક કર્તાકર્મનો સ્વાંગ કરી...**' આહા..હા..! અજીવ કર્તા અને રાગ કર્મ. જીવ કર્તા અને રાગ કર્મ. આહા..હા..! બેય જૂઠું છે કહે છે. કર્મ રાગ કરે એ જૂઠું અને આત્મા રાગ કરે એ જૂઠું. આવું છે. એ તો જ્ઞાનસ્વરૂપ છેને એ તો જાણે. બંધને જાણે, ઉદયને જાણે. ૩૨૦ ગાથા નથી? મોક્ષને જાણે. આહા..હા..! ચૈતન્યસ્વરૂપ છે એ જ્ઞાન જ્ઞાનનો પુંજ છે. એકલો જ્ઞાનનો રસકંદ છે. એવો જે આત્મા એ દયા, દાનના પરિણામને કેમ કરે? કારણ કે એ પરિણામ તો વિકારી છે. સમજાણું કાંઈ? '**જીવ-અજીવ બન્ને એક કર્તાકર્મનો સ્વાંગ કરી પ્રવેશ કરે છે એમ અહીં ટીકાકારે અલંકાર કર્યો છે.**'

'**હવે પ્રથમ, તે સ્વાંગને જ્ઞાન યથાર્થ જાણી લે છે તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :**' જ્ઞાન યથાર્થ જાણી લે છે. રાગ થાય તે કાળે મારો જ્ઞાનનો પર્યાય સ્વને જાણે અને પરને જાણવારૂપે દશા મારી થાય. રાગનો કર્તા તો નથી, પણ રાગ છે માટે રાગસંબંધી જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..! આમ તો કીધું રાગનું જ્ઞાન. કર્તાકર્મમાં આવશે. રાગનું જ્ઞાન એ આત્માનું કર્મ છે. રાગ એનું કર્મ નથી, એ સંબંધીનું જ્ઞાન તે કાળે પોતાનું (થાય છે), એ અપેક્ષાથી વાત કરી. આહા..હા..! શાસ્ત્રોનો પણ લખાણનો શું આશય સમજવો? આહા..હા..!

એ સમ્યગ્જ્ઞાન દીપિકામાં કહ્યું. શાસ્ત્ર આચાર્યોએ રચ્યા એ કાંઈ જુદી ચીજ છે, વસ્તુ

જુદી ચીજ છે. હાથીના દાંત જેમ બહારના, એમ હાથીના દાંતની જેમ શાસ્ત્ર બતાવે છે. આહા..હા..! ચાવવાના જુદાં. એટલે કે એમ કહે કે આત્માએ રાગને ટાળ્યો. એ તો કથનની શૈલી. આહા..હા..! કર્મને ટાળ્યા એ વાત તો છે જ નહિ, એ તો પરદ્રવ્યની પર્યાય છે. આ તો સ્વદ્રવ્યમાં પરના લક્ષે થયેલો રાગ એની ઉત્પત્તિનો કરનાર આત્મા નહિ અને તેનો નાશ કરનારો આત્મા નહિ. આવું ઝીણું.

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्याज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम्।।४६।।

'**શ્લોકાર્થ :- આ લોકમાં હું ચૈતન્યસ્વરૂપ આત્મા તો એક કર્તા છું...**' હું એકલો કર્તા છું. આહા..હા..! '**અને આ ક્રોધાદિ ભાવો મારા કર્મ છે...**' આહા..હા..! ક્રોધાદિ કેમ લીધા? મુનિ છેને ઉત્તમક્ષમાના ધરનારા, તો એનાથી આ ક્રોધ (-રાગ) થયો એનો પ્રેમ થયો તો સ્વભાવ પ્રત્યેનો દ્વેષ થયો. આહા..હા..! ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ (હો), એની જેને રુચિ છે એને આત્મા પ્રત્યે દ્વેષ થયો છે. આહા..હા..! એનો અર્થ એ છે. હેય તરીકે જાણવાલાયક છે. આ ઉપાદેય તરીકે જાણવાલાયક છે. આહા..હા..!

હેય પોતાની અશુદ્ધતા. આવે છે? પરમાર્થ ચિઠ્ઠી. પરમાર્થ ચિઠ્ઠીમાં. હેય પોતાની અશુદ્ધતા. મોક્ષમાર્ગ પ્રકાશક, પરમાર્થ વચનિકા. એટલે કે હેય થઈ જાય છે. માટે હેય અશુદ્ધતા કહેવામાં આવી. પર હેય છે એમ નહિ. પર તો ગ્રહણ કર્યા નથી પછી ત્યાગવું ક્યાં રહ્યું? આહા..હા..! આ તો રાગ ને વિકારનું પરિણમન છે એથી એને હેય કહ્યા. એટલે? શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એની દૃષ્ટિ ઉપાદેય થતાં રાગ તેમાં આવતો નથી ઉપાદેયમાં, એથી તે હેય તરીકે જણાય છે. આહા..હા..! આ હેય છે એમ પણ કરવું નથી ત્યાં. સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુ, ભાઈ!

'**આ ક્રોધાદિ ભાવો મારાં કર્મ છે...**' એ અજ્ઞાનીઓનું માનવું છે એમ કહે છે. ઓહોહો..! ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ એ આત્મા એક કર્તા અને દયા, દાનના વિકલ્પ એ મારું કર્મ (એ) અજ્ઞાન છે. આહા..હા..! આત્માનો કર્તા થઈને જાણવાનું એનું કર્મ એ કાર્ય ખરું. જાણવું એ એનું કર્મ-કાર્ય. આહા..હા..! એ રાગનું કરવું એ ચૈતન્યના સ્વભાવનું કાર્ય નથી. કેમકે સ્વભાવમાં કોઈ એવી શક્તિ નથી કે જે વિકારરૂપે થાય. ત્યારે છેને વિભાવિક શક્તિ? એ વિભાવિક શક્તિ છે એ વિકાર કરવાને લાયક છે એમ નથી. એ તો ચાર દ્રવ્યમાં નથી એથી એને વિભાવિક શક્તિને જુદી કહી છે, પણ વિભાવિક શક્તિનો અર્થ એવો નથી કે એ શક્તિ વિકારને કરે એવી એની શક્તિ છે, એમ નથી. આહા..હા..! વિશેષ આવશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૮, સોમવાર, તા. ૦૫-૦૭-૧૯૭૬, કળશ-૪૬, ગાથા-૬૯-૭૦, પ્રવચન નં. ૧૧૬

કર્તાકર્મ અધિકાર, પહેલો કળશ છે.

'**શ્લોકાર્થ** :- આ લોકમાં હું ચૈતન્યસ્વરૂપ આત્મા તો એક કર્તા છું...' એવું અજ્ઞાની અનાદિથી ચૈતન્યસ્વરૂપ છે એ તો જ્ઞાનસ્વરૂપ પરમસ્વરૂપ છે એને એમ માને છે કે હું જ્ઞાન છું એ કર્તા છું અને પુણ્ય-પાપના ભાવ, ક્રોધાદિ ભાવો મારા કાર્ય છે. ક્રોધ શબ્દ વાપર્યો છેને? સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એના પ્રત્યેનો જેને પ્રેમ નથી અને એ પુણ્ય અને પાપના ભાવ એનો જેને પ્રેમ છે તેને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. સમજાણું કાંઈ? એથી કહે છે '**ક્રોધાદિભાવો**...' લીધા છે. 'તત્ત્વજ્ઞાન તરંગિણી'માં તો લીધું છે જડ કર્મ. અંદરમાં ભાવ નાખ્યો છે અંદર, પણ આ કળશકારે એકલા જડ લીધા છે આ. આ કળશટીકામાં. મૂળ આ છે.

ચૈતન્યસ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ છે એ એમ માને છે કે હું, એક વસ્તુ છે રાગાદિ પુણ્ય-પાપના ભાવ એ મારું એકનું કર્તવ્ય છે, હું એકલો એનો કર્તા છું. સમજાણું કાંઈ? એમ જે માન્યતા છે તે અજ્ઞાન અને મિથ્યાત્વ છે. '**इत्याज्ञानां कर्तृकर्मप्रवृत्तिम्**' '**અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે**...' આહા..હા..! અજ્ઞાનમય કહો કે અજ્ઞાનીની કહો. વસ્તુ સ્વભાવને ભૂલી—અને ચૈતન્યસાગર છે આત્મા એ તો જ્ઞાનનો દરિયો છે, ચેતનાસિંધુ—એ એમ માને કે હું આ આત્મા રાગ ને દયા, દાનના પરિણામ જે વિકારી એ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા છું, એ મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે. આહા..હા..! આવી વાત છે.

'**इति अज्ञानां कर्तृकर्मप्रवृत्तिम्**' છે? પ્રવૃત્તિ છેને ઈ? આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતાને ભૂલીને એમ માને કે હું તો એ શુભ-અશુભભાવ એનો હું રચનારો અને એ મારું કાર્ય. આહા..હા..! એ '**અજ્ઞાનીઓની જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેને બધી તરફથી શમાવતી**...' સમ્યગ્જ્ઞાન થતાં હું તો જ્ઞાનસ્વરૂપ પરમ. પરમ છેને? '**परम-उदात्त**' છે. હું તો આત્મા.. આ પરમનો અર્થ અહીં કર્યો છે. ભાઈ! જેમ પરમાર્થ પરમાત્મા પરમ પરિણમ્યા છે. પરમ એટલે પરા, મા એટલે લક્ષ્મી. પરમા-ત્રણ અક્ષરમાંથી કાઢ્યું છે. પરા-ઉત્કૃષ્ટ અને મા-લક્ષ્મી. પરમાત્મા એ કહ્યું ઉત્કૃષ્ટ લક્ષ્મી જેનો અર્થ છે. પરમાત્મામાં એ ઉત્કૃષ્ટ લક્ષ્મી જેનું સ્વરૂપ છે. અહીં પરમ—પરા-મ. મનું મા થાય. પરા-ઉત્કૃષ્ટ, મા-લક્ષ્મી. હું જ્ઞાન ને આનંદની લક્ષ્મીવાળો અપરિમિત મર્યાદા વિનાનો મારો જ્ઞાન-આનંદસ્વભાવ એમાં પરમ ઉદાત્ત છે. આહા..હા..! ઉદાત્ત છે—ઉદાર છે. એમ જ્ઞાની જ્ઞાનમાં પોતાને જાણતો કર્તાકર્મની

પ્રવૃત્તિ મટાડે છે. આહા..હા..! ઝીણી વાતું ભારે, ભાઈ!

હજી તો રાગ છે એ મારું કર્તવ્ય છે. જ્ઞાનસ્વભાવી આત્મા એનું જેને જ્ઞાન નથી તે રાગનો કર્તા થાય છે એમ કહે છે. પણ હું જ્ઞાનસ્વભાવી આત્મા (છું), એમ પૂર્ણ જ્ઞાનસ્વભાવ પરમ ઉદાત્ત, પરમ ઉત્કૃષ્ટ લક્ષ્મી મારી, જ્ઞાનલક્ષ્મી, આનંદલક્ષ્મી એવો જે હું ઉદાત્ત અંદરમાંથી આનંદ અને જ્ઞાન નીકળતા ઉદાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું. એને કહ્યું એટલું કે ઉદાત્ત—કોઈને આધીન નથી. એ ઉદાર છે, ઉત્કૃષ્ટ છે, ઉદાર છે. મારો સ્વભાવ જે છે, પર્યાય એના સ્વભાવ તરફ ઢળતાં સ્વભાવની શક્તિની અપરિમિતત્તા અપાર છે એવી લક્ષ્મીનો ઉદાર છું. આહા..હા..! એમ ધર્મી પોતાના જ્ઞાનસ્વરૂપી ભગવાનને ભેટો કરતાં પર્યાયમાં એને વાળતા એ ભેટો કરતાં; અને એ પર્યાય દ્રવ્યને સ્પર્શે છે એમ કહેવું એ પણ આ અપેક્ષા છે. જુકે છે ઈ સ્પર્શે છે. એનો અર્થ એ. સમજાણું કાંઈ? આહા..હા..! વર્તમાન પર્યાય જે જ્ઞાન છે આમ ઝુકે છે એ દ્રવ્યને પર્યાય સ્પર્શે છે. દ્રવ્ય અને પર્યાય એક અભેદ થાય છે એમ કહેવામાં આવે. આહા..હા..! ઝીણું ભારે ભાઈ! આવો માર્ગ! લોકોને બહારથી કાંઈક કરેને, આ જાત્રા કરવી, વ્રત પાળવા, તપસ્યાઓ કરવી, અપવાસ ને એ બધું કરવું કરવું તે રાગ છે અને રાગનું કર્તવ્ય એ તો મિથ્યાદષ્ટિ માને છે. આહા..હા..!

જેણે જ્ઞાનસિંધું ચૈતન્ય ભગવાન નજરમાં લીધો નથી એને એ આત્મા રાગનો કર્તા એમ અજ્ઞાનપણે ભાસે છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવી વાતું છે. હવે અહીં તો કહે દયા પાળો તો ધર્મ થાય. પરની દયા પાળો તો ધર્મ થાય. બહુ આકરી વાતું. પરની દયા પાળી શકતો નથી. પરની દયાનો ભાવ થાય તે રાગ છે અને રાગનો કર્તા થાય તે અજ્ઞાનભાવ છે.

**શ્રોતા :-** અજ્ઞાનભાવ તે મિથ્યાત્વ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાન કહો કે મિથ્યાત્વ (કહો). આહા..હા..! જ્ઞાનની અપેક્ષાએ અજ્ઞાન, શ્રદ્ધાની અપેક્ષાએ મિથ્યાશ્રદ્ધા. આહા..હા..!

**'જે પરમ ઉદાત્ત છે...'** આહા..હા..! પરમ પરમ—પરા-ઉત્કૃષ્ટ લક્ષ્મી મારી. મારી શોભા જે આનંદ ને જ્ઞાનની એ મારી લક્ષ્મી છે. ત્રિકાળી જે સ્વભાવ એ મારી લક્ષ્મી છે, તે ઉદાર છે. આહા..હા..! એ વિકારપણે ન પરિણમતા અવિકારપણે પરિણમનારો એવો હું પરમ ઉદાત્ત છું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પરમાત્મામાં એ કહ્યું. પરમ-આત્મા. પરા—ઉત્કૃષ્ટ, મા—લક્ષ્મી એવું જે સ્વરૂપ. પરમાત્મા એ. પરમ——પરા—ઉત્કૃષ્ટ, મા—લક્ષ્મી એવો જે પદાર્થ. આહા..હા..! સમજાણું કાંઈ? એવો હું પરમ ઉદાત્ત છું. આહા..હા..! અલ્પજ્ઞપણામાં હું સર્વજ્ઞને માનનારો છું એમ કહે છે. આહા..હા..!

વર્તમાન અલ્પજ્ઞ દશામાં હું પૂર્ણાનંદનો નાથ પરમ ઉત્કૃષ્ટ છું એવો હું માનનારો છું. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું લોકોને મળે નહિ, બિચારા શું કરે? બહારથી આ કરવું... આ કરવું... આ કરવું... અને એને વ્યવહાર કહે પાછો. કાંઈક કરે દયા, દાન, વ્રત,

ભક્તિ એને વ્યવહાર કહે અને એને સાધન કહે અને એનાથી પરંપરા થાય એમ કહો, કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** એ તો આપે નક્કી કરવાનું છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ કહે છે એમ કહું છું. એ વસ્તુસ્થિતિ છે જ નહિ.

વસ્તુ તો પરમ આનંદનો નાથ પ્રભુ, જેમાં જ્ઞાનસ્વભાવ પીછો પડ્યો છે એ અનંત અપરિમિત સ્વભાવ છે એનો. એવો આનંદ, એવું જ્ઞાન, એવી શ્રદ્ધા, એવી કર્તા, કર્મ આદિ શક્તિઓ અપરિમિત શક્તિઓનો ભંડાર ભગવાન એ વસ્તુને પકડી એટલે 'પરમ ઉદાત્ત હું છું' એમ જ્ઞાનીએ જાણ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આવું.

અહીં તો વ્યવહાર જે રાગાદિની ક્રિયા છે એનો કર્તા થાય ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અજ્ઞાનભાવે વિકારનો કર્તા એ છે. સમજાણું કાંઈ? અજ્ઞાનભાવે વસ્તુના સ્વરૂપના અભાનમાં વિકારનો કર્તા આત્મા છે, વિકારનો કર્તા કોઈ કર્મ-બર્મ નથી. આહા..હા..! પણ અહીં તો જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ એની વાત છે. આહા..હા..! હું તો જ્ઞાન—જ્ઞાતાસ્વભાવ પરમ ઉદાત્ત છે. આહા..હા..! ઉત્કૃષ્ટ મારી લક્ષ્મી ઉદાર છે. આહા...! પરમ ઉદાત્ત છે. છેને?

'**અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેને બધી તરફથી શમાવતી જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.**' આહા..હા..! જે અજ્ઞાનપણે કર્તા રાગનો—વિકારનો માનતો હતો એ જ્ઞાન સ્ફુરાયમાન થયું. ચૈતન્યમૂર્તિ હું છું એવું ભાન થતાં એ કર્તાકર્મની પ્રવૃત્તિને શમાડી દે છે, મટાડી દે છે. આહા..હા..! '**કેવી છે તે જ્ઞાનજ્યોતિ? જે પરમ ઉદાત્ત છે અર્થાત્ કોઈને આધીન નથી, જે અત્યંત ધીર છે...**' અત્યંત શાશ્વત છે. આહા..હા..! '**અત્યંત ધીર છે...**' ધીરનો અર્થ પછી કર્યો કે આકુળતારૂપ નથી. અત્યંત આનંદરૂપ છે જ્ઞાનજ્યોતિ. જ્ઞાનની જ્યોતિ સાથે આનંદ લેવો છેને ભેગો. આહા..!

'**અત્યંત ધીર છે...**' જ્ઞાનસ્વરૂપી ભગવાન અત્યંત આનંદસહિત છે. આહા..હા..! '**કોઈ પ્રકારે આકુળતારૂપ નથી...**' ધીરું છે, શાશ્વત છે અને ધીરું છે એટલે આકુળતારહિત છે. આહા..હા..! એવી જ્ઞાનજ્યોતિ ધર્મીને દૃષ્ટિમાં જ્યાં આવી એથી એને કર્તાકર્મની પ્રવૃત્તિ શમાઈ જાય છે. આહાહા.! એક બાજુ કહે, જેટલું રાગનું પરિણમન થાય છે તેટલા પરિણમનનો કર્તા હું છું, એ જ્ઞાનની દૃષ્ટિએ. જ્ઞાન એમ જાણે છે. સમ્યગ્જ્ઞાન થયા પછી પણ જેટલું વિકારનું-રાગનું પરિણમન છે એ મારા અસ્તિત્વમાં મારે લઈને છે. પરની સાથે સંબંધ શું છે? એમ જ્ઞાન જાણે; પણ ઓલી દૃષ્ટિના વિષયની અપેક્ષાએ લે છે ત્યાં એ રાગનું કર્તૃત્વ જ્ઞાનસ્વરૂપમાં છે નહિ. એ ત્રિકાળી જ્ઞાનસ્વરૂપમાં નથી. આહા..હા..! અને એ ત્રિકાળી જ્ઞાનનું જ્ઞાન થયું વર્તમાન તે જ્ઞાન વર્તમાનમાં અંશે રાગાદિ છે એ કર્તૃત્વ છે, એનું કર્તૃત્વ મારું છે (એમ જાણે છે). આહા..હા..! આ તે કાંઈ શૈલી! એક કોર કર્તાકર્મ ઉડાવે તો જ્ઞાન થાય. એક કોર કહે કે વિકારનો કર્તા ને ભોક્તા જીવ છે. સમજાણું કાંઈ? કારણ કે પરદ્રવ્યની

સાથે શું સંબંધ છે? એ તો પરદ્રવ્ય તો ભિન્ન છે. જેટલો વિકાર થાય છે એ પોતાની પર્યાયમાં અપરાધને લઈને છે. આહા..હા..! પણ એ કરવાલાયક છે એવી બુદ્ધિ નીકળી ગઈ છે, પણ પરિણમન છે એટલું એ અપેક્ષાએ એને કર્તા કહેવામાં આવે છે. આટલી વાતું! આહા..હા..!

એક કોર કહે કે એ રાગનો કર્તા એવો આત્મામાં ગુણ અને અકર્તાગુણ છે. રાગને ન કરે એવો એનામાં ગુણ છે, અકર્તા. આહા..હા..! રાગ દયા, દાનનો રાગ ન કરે એવો અકર્તા નામનો ગુણ છે. આહા..હા..! અહીં એ સિદ્ધ કર્યું છે. રાગનો કર્તા મટાડે છે, રાગનો અકર્તા થાય છે અને જ્ઞાનની પર્યાય જાણવાના-દેખવાનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાતું બાપુ બહુ. આહા..હા..! દિગંબર ધર્મ સૂક્ષ્મ ઘણો અને એ જ જૈનધર્મ છે. આહા..હા..! લોકોએ બહારથી કલ્પ્યો છે એ નથી. આહા..હા..!

'**અત્યંત ધીર છે...**' આહા..હા..! એટલે? એ અંતરના જ્ઞાન સ્વભાવને જાણતા અત્યંત ધીર છે, એ આનંદના ભાવસહિત જ્ઞાન પ્રગટ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**निरुपधि-पृथग्द्रव्य-निर्भासि**' '**निरुपधि**' '**પરની સહાય વિના...**' જ્ઞાનની પર્યાય જ્ઞાતાને આશ્રયે જે પ્રગટી... આહા..હા..! એ '**જુદાં-જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી...**' જ્ઞાન છેને? સવિકલ્પ સ્વભાવ. એટલે? જેટલા દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને ભિન્ન-ભિન્ન તરીકે જાણે એવો એનો સ્વભાવ છે. શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ એવો અને કેવળજ્ઞાનની પર્યાયમાં પણ એવો. આહા..હા..!

'**પરની સહાય વિના જુદાં-જુદાં દ્રવ્યોને...**' દ્રવ્ય-ગુણ-પર્યાયો બધાને '**પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી...**' આહા..હા..! એવો જે ચૈતન્યપ્રકાશ. '**विश्वम् साक्षात् कुर्वत्**' વિશ્વને સાક્ષાત્ કરે. વિશ્વને '**પ્રત્યક્ષ જાણે છે.**' આહા..હા..! એ શ્રુતજ્ઞાનમાં પણ વિશ્વને પ્રત્યક્ષ જાણે. આમ કીધું શ્રુતજ્ઞાન પરોક્ષ છે. અપેક્ષાથી વાત છે. અનુભવની (અપેક્ષાએ વાત છે). (અનુભવ પ્રત્યક્ષ છે). આહા..હા..! ચૈતન્યપ્રકાશ જ્યાં વસ્તુ અનંત અપરિમિત સ્વભાવથી ભરેલી એવી જે ચીજ એના તરફ ઢળતાં જ્ઞાનમાં એટલી તાકાત આવી ગઈ કે એ દ્રવ્યને તો જાણે સ્વને, પણ લોકને જાણે એવો એ પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કરે નહિ કોઈનું અને જાણ્યા વિના રહે નહિ કોઈને. આહા..હા..! સમજાણું કાંઈ? '**विश्वम् साक्षात् कुर्वत्**' '**સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે—પ્રત્યક્ષ જાણે છે.**' આહા..હા..!

'**ભાવાર્થ :- આવો જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, પરદ્રવ્ય તથા પરભાવોના કર્તાપણારૂપ અજ્ઞાનને દૂર કરીને,...**' આહા..હા..! શરીરનું અને વાણીનું ને કુટુંબનું ને દેશનું કરું છું એ ભાવને દૂર કરે છે. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન એમ કીધી ભાષા. જ્ઞાનસ્વભાવી આત્મા, તે પરદ્રવ્યને એટલે શરીર, વાણી આદિ બીજી ચીજને અને પરભાવોને

પુણ્ય-પાપના ભાવને કર્તાપણારૂપ અજ્ઞાનને દૂર કરે છે. હું પરનો કર્તા અને દેશને સુધારી દઉં, કુટુંબને સુધારી દઉં, દેહની ક્રિયા દેહને સદ્દુપયોગમાં વાળું, લક્ષ્મીને સદ્દુપયોગમાં લઉં. એ બધું કર્તાકર્મ અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે.**' જ્ઞાનસ્વભાવ... પોતે એટલે? એ રાગની મંદતાની અપેક્ષા વિના, વ્યવહારની અપેક્ષા વિના, ભેદના લક્ષ વિના,... આહા..હા..! અભેદ સ્વભાવના લક્ષે એ જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે, પ્રકાશમાન પ્રગટ થાય છે. એ કળશનો અર્થ કર્યો. હવે ગાથા કુંદકુંદાચાર્યની.

'**હવે, જ્યાં સુધી આ જીવ આસ્રવના...**' એટલે પુણ્ય-પાપના ભાવ '**અને આત્માને વિશેષને (તફાવતને) જાણે નહિ...**' બેને જુદાં જાણે નહિ. આત્મા અને આસ્રવ—પુણ્ય અને પાપના ભાવ બેને જુદાં જાણે નહિ '**ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો,...**' આહા..હા..! '**આસ્રવોમાં પોતે લીન થતો,...**' એ પુણ્ય-પાપના ભાવમાં જ એકાકાર થતો '**કર્મોનો બંધ કરે છે...**' નવા કર્મને બાંધે છે, એમ હવે કહે છે ગાથામાં. ૬૯-૭૦.

**जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोण्हं पि।**
**अण्णाणी तावदु सो कोहादिसु वट्टदे जीवो।।६९।।**

**कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि।**
**जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरिसीहिं।।७०।।**

આહા..હા..! કુંદકુંદાચાર્ય (કહે છે), પણ આ તો સર્વદર્શી ભગવાન આમ કહે છે. વાણી તો નીકળી શકે નહિને. વાણીના કર્તા તો છે નહિ. વાણી તો કરે નહિ ભગવાન. વાણી જડ છે, છતાં સર્વદર્શીએ કહ્યું છે આમ. '**भणिदो**' છે? ભગવાને કહ્યું છે. ભાઈ! કથનની શૈલી એમ આવે. ત્યાં તમે એમ પકડો કે જુઓ, ભગવાન કહે છે તો એ વાણીના કર્તા છે કે નહિ? આહા..હા..! એમ ન કહેવાય. એ કઈ નયનું વાક્ય છે તેમ એને જાણવું જોઈએ. સમજાણું કાંઈ? આમાં તો આવ્યું જુઓને, '**जीवस्सेवं बंधो भणिदो**' સર્વદર્શીએ કહ્યું. '**खलु**' ખરેખર. આહા..હા..!

એ તો ઓલામાં કહ્યું, વ્યવહારથી અજ્ઞાનીઓને જ્ઞાનીઓ સમજાવે એને એ અજ્ઞાની વ્યવહારને જ માને (કે) જુઓ, તમે અમને ભેદ પાડીને સમજાવ્યું કે નહિ? તો એમાં કાંઈક લાભ હશે કે નહિ? અને તમે જ અમને સમજાવ્યું તો કાંઈક અમને સમજી શકાય એવું માનીને તમે સમજાવ્યું કે નહિ? આહા..હા..! તમે જે ઉપદેશ કરો છો એમાં અમને સમજાય, અમને જ્ઞાન થાય એ માટે કહો છો કે એમ ને એમ કહો છો તમે? આવી વાતું છે. ભાઈ! એમ ન લેવાય. કહેતી વખતે જ જ્ઞાની એમ કહે છે કે આ વાણી જ અમારી નથી. વાણીમાં જ સ્વ-પર કહેવાની તાકાત છે. ભગવાન આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. વાણીમાં સ્વ-પર કહેવાની તાકાત છે. એ સ્વ-પર કહેવાની તાકાત આત્માથી થઈ છે એમ નથી.

આહા..હા..! સમજાણું કાંઈ? શું થાય? આહા..હા..! એમ કે તમે (કહો છો કે) નિમિત્તથી ન થાય તો મૌન રહોને. કારણ કે વાણીથી તો બીજાને સમજાવાય એ તો નિમિત્ત થયું. એય..! મૌન રહો. તમારી શાંતિ દેખીને વળી એને સમજનારા (સમજશે), પણ એ પણ એને સમજવું તો એને કારણે છે. મૌન રહવાથી સમજી જાય એ નથી. ભારે આકરી વાત!

અહીં કીધું, '**भणिदो**' આહા..હા..! ભગવાને સર્વદર્શીએ એમ કહ્યું અને પોતે પણ કહ્યુંને, હું '**वोच्छामि**'. હું કહીશ સિદ્ધાંતને. પહેલી જ ગાથા. '**वोच्छामि समयपाहुडमिणमो**' એક કોર કહો કે વાણી આત્મા કરી શકે નહિ. વાણીનો કર્તા વાણી—જડ. એય.. નવરંગભાઈ! આ બધી વાતું આવી બધી શી અટપટી? ભાઈ! એનો અર્થ સમજવો જોઈએ. વાણી તો વાણીને કારણે નીકળે છે. આહા..હા..! ત્યારે એક ઠેકાણે છે કે જ્ઞાન કર્તા અને વાણી કર્મ. ધવલમાં છે. આવ્યું છેને ઓલામાં. એ તો નિમિત્તનું કથન છે. નિમિત્તકર્તા તરીકે કહેવાય. નિમિત્તકર્તાનો અર્થ કે એ કર્તા છે જ નહિ. આહા..હા..! આ વાત એવી છે, ભાઈ! આત્માનું જેને કરવું હોય તો વાદવિવાદ છોડીને આમ સમજે તો થાય, ભાઈ! આહા..હા..!

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.**

**જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.**

'**ટીકા :- જેમ આ આત્મા,...**' પહેલું સવળું લે છે. પાઠમાં છે બીજી વાત. એનાથી પહેલી સવળી લે છે વાત. '**જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે એવાં આત્મા અને જ્ઞાનમાં વિશેષ (તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી...**' આહા..હા..! ભગવાન આત્મા અને એનું જ્ઞાન એ બેમાં જુદાઈ નથી. જ્ઞાન અને આત્મા બે એક છે. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વભાવ અને આત્મા એક જ વસ્તુ છે, જુદાં નથી. એમ જેણે '**આત્મા અને જ્ઞાનમાં વિશેષ (તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી તેમનો ભેદ (જુદાંપણું) નહિ દેખતો થકો,...**' જ્ઞાન તે આત્મા. એમ જ્ઞાન તે આત્મામાં અંતર દૃષ્ટિ કરતાં એ જ્ઞાન અને આત્માને જુદાં ન જાણતા, જ્ઞાન અને આત્માને ભિન્ન બે ચીજ એમ ન માનતા. આહા..હા..! આ જ્ઞાન એનું કર્મ છે પણ રાગ એનું કર્મ નથી, એમ અહીં પહેલું સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા અને જ્ઞાન એટલે આ જાણવાનો ભાવ અને આત્મા બે જુદાં નથી, બેના લક્ષણો જુદાં નથી. આહા...! બેના સ્વભાવો જુદાં નથી. '**નહિ હોવાથી તેમનો ભેદ (જુદાંપણું) નહિ દેખતો થકો,...**' ધર્મીજીવ, સમ્યગ્દૃષ્ટિ જીવ, સમ્યગ્જ્ઞાની જીવ એ જ્ઞાન ને આત્મા, આ જ્ઞાન અને આત્મા એને જુદાં ન જાણતો. આહા..હા..! '**નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' આહા..હા..! જાણવું... જાણવું... જાણવું... જે સ્વભાવ

અને તે આત્મા. જાણવું ને આત્મા બે જુદાં નહિ હોવાથી. આહા..હા..! એને જુદાં ભેદથી ન દેખતા. આહા..હા..! જ્ઞાન અને આત્મા એને ભેદથી ન દેખતાં.. આહા..હા..! '**નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' એ જ્ઞાનમાં વર્તે છે એ જ આત્મામાં વર્તે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવું ઝીણું. હવે ઓલા બધા સામાયિક ને પોષા ને પડિક્કમણા...

હવે એક જણનું આજે આવ્યું છે મોટું લખાણ ચીમન ચકુનું. ૨૦ લાખ ડોલર ખર્ચે છેને કો'ક. ત્યાં લઈ ગયા હશે એને. ૨૦ લાખ ડોલર. ડોલરનું શું અઢી, સાડા ત્રણ રૂપિયા ને કાંઈક? દસ રૂપિયા એક ડોલરના! મોંઘું છે. ૨૦ લાખ રૂપિયા. એ ખરચવું હશે. યાહુદી છે એટલે. યાહુદી લખ્યું છે. આમાં યાહુદી લખ્યું છે. ગયા હતા ત્યાં. 'ઓહો..! ધન્ય એક સુખદ અનુભવ,' એમ લખ્યું છે. સુખદ અનુભવ. આવો માણસ મને તેડવા આવ્યો હતો. એમાં શું થયું? ૨૦ કરોડ કેટલા કીધા ડોલર? ૨૦ લાખ ડોલર એને ખર્ચવા છે. દેખાવે તો કંદોઈ જેવો લાગે છે. કંદોઈ જેવા હોય લુગડા. એમ લખ્યું છે. ૧ હજાર ડોલર આપ્યા હજી તો એણે વાપરવા. આહા..હા..! પણ એમાં ૨૦ લાખ શું કરોડ ડોલર આપે નહિ. કોણ આપે? જડની ક્રિયા કરે કોણ? આત્મા જડના દેવા-લેવાના કામ કરે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે.

**શ્રોતા :-** મડદા આવું કામ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મડદા પણ કરે નહિ અને આત્મા પણ કરે નહિ. આહા..! કહો, આ શરીર છે એ લક્ષ્મી આમ જાય એ શરીર એનું કરતો નથી. હાથમાંથી પૈસા જાયને આમ? એ હાથ એને કરતો નથી જવાનો. આહા..હા..! એ લક્ષ્મીના પૈસાનું કાર્ય જડથી થાય તે આમ જાય છે. આહા..હા..! આકરું કામ. દુનિયાને..

આ વસ્તુસ્થિતિ છે તેની ચીજ. અનંત પદાર્થને અનંતપણે પૃથક્ રાખવા છે કે નહિ એને? અનંત છે એમ માનવું છેને? તો અનંત પદાર્થ છે એ અનંતપણે સ્વતઃમાં રહે તો અનંતપણે થાય. એકબીજાનું કરે તો તો અનંતતા રહે નહિ, ભિન્નતા રહે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમાત્મા અનંત આત્મા, અનંત રજકણો, એવા અનંત દ્રવ્ય છે અને અનંત દ્રવ્યો તે તે પોતપોતાથી છે, એની પર્યાય પોતાથી છે. દ્રવ્ય-ગુણ તો પોતાથી છે, પણ પર્યાય પણ પોતાથી છે ત્યારે એ અનંતપણે રહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અજ્ઞાનપણે રાગને કરે અને જ્ઞાનપણે જાણવાની ક્રિયાને કરે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું છે.

જ્ઞાન અને આત્મા બે જુદાં-જુદાં નહિ દેખતો ધર્મી '**તેમનો ભેદ (જુદાંપણું) નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' જ્ઞાન અને આત્મા એક છે, માટે જ્ઞાનમાં વર્તે છે એ આત્મામાં વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત

છે, ભાઈ! આ તો ધર્મની વાત. આહા..હા..! આ જાણવાનો સ્વભાવ જાણવું-જાણવું છે અને આત્મા—બે અભેદ છે, બે જુદાં નથી. એથી જ્ઞાનમાં વર્તે છે. રાગ તરફનું લક્ષ છોડી દઈ અને જ્ઞાનમાં વર્તે છે એ આત્મામાં વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાં પોતાપણે...**' જોયું! જ્ઞાન તે હું, જ્ઞાન તે હું. એમ '**પોતાપણે વર્તે છે, અને ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી...**' શું કહે છે ઈ? આ જ્ઞાન તે આત્મા.. આત્મા ત્રિકાળી લેવું. પણ એવો જે નિર્ણય કર્યો એ જ્ઞાનની પર્યાય છે. જ્ઞાન તે આત્મા એ બે જુદાં નથી એવું જે જ્ઞાન પરિણમ્યું, જ્ઞાનની પર્યાય એ રૂપે થઈ એ જ્ઞાનની ક્રિયાનો નિષેધ નથી અહીંયાં. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વ્યાખ્યા! જુદી ચીજ છે પરથી અને પોતે અભેદ છે. એમ જ્ઞાને જ્યારે 'જ્ઞાન ત્રિકાળી ગુણ તે આત્મા' એમ જ્યારે પર્યાય એ બાજુ ઢળી અને જે જ્ઞાનની ક્રિયા થઈ એ ધાર્મિક ક્રિયા, એનો નિષેધ નથી અહીંયાં. કહો, સમજાણું કાંઈ? પણ રાગની ક્રિયા થાય તેનો અહીં નિષેધ છે.

ત્રણ પ્રકારની ક્રિયા. એક જડની ક્રિયા—પરદ્રવ્યની ક્રિયા જડની, એક રાગની ક્રિયા વિભાવિક અને જ્ઞાનની ક્રિયા સ્વાભાવિક. આહા..હા..! તો જડની ક્રિયા તો આત્મા કરતો નથી એ તો એક કોર રાખો; અને 'જ્ઞાન તે આત્મા' એમ વર્તતા રાગની ક્રિયા પણ એ કરતો નથી, પણ 'જ્ઞાન તે આત્મા' એમ અનુભવતા જ્ઞાનની ક્રિયા કરે છે. આહા..હા..! અથવા આ જ્ઞાન તે આત્મા ત્રિકાળી, આ જ્ઞાન તે આત્મા ત્રિકાળી એ તો પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં એ ઉમેરણી થઈ. સમજાણું કાંઈ? આવું ઝીણું છે.

ત્રણે લીધા—દ્રવ્ય, ગુણ અને પર્યાય એટલે કે આ જાણવું-જાણવું છે તે આત્મા એમાં જાણવો ગુણ અને ગુણી આત્મા એ જુદાં નથી એવી જે જ્ઞાનની ક્રિયાનું પરિણમન થયું એ પર્યાય. એ જ્ઞાનની ક્રિયા એ મોક્ષનો માર્ગ. આહા..હા..! 'જ્ઞાન તે આત્મા' એમ સ્વ તરફ ઢળતાં પ્રતીતિ થઈ તે શ્રદ્ધાની પર્યાય, જ્ઞાન થયું પર્યાયમાં એ જ્ઞાન, સ્થિરતા થઈ એ પણ જ્ઞાન સ્થિર થયું એ ચારિત્ર. આહા..હા..! સમજાણું કાંઈ? કર્તાકર્મ અધિકાર. એમાં આવો અધિકાર બીજે ક્યાંય અન્યમતમાં તો હોય નહિ પણ આમાં પણ આવા વિસ્તારથી ૭૬ ગાથા, ૧૬૮, ૩૮ જીવ અને ૩૦ અજીવ. ૧૭૬ કર્તાકર્મની. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્યારે કોઈ એમ કહે કે રાગનો કર્તા આત્મા નથી, ત્યારે કોઈ ઈશ્વર કર્તા છે રાગનો? પુદ્‌ગલકર્તા છેને ત્યારે પુદ્‌ગલે કર્યું. જડ પુદ્‌ગલે વિકાર કર્યો તો નિમિત્તથી થયું. આહા..હા..! એનો અર્થ એમ નથી. એનો અર્થ કે સ્વભાવ ચૈતન્યનો કાયમી એ ચૈતન્યસ્વભાવ તે આત્મા, જ્ઞાન તે આત્મા એ તરફ ઢળતી જ્ઞાનની ક્રિયા એ તો નિર્મળ પરિણતિ છે, એ તો સમ્યગ્દર્શન-જ્ઞાનની દશા છે. આહા..હા..! એ નિષેધવામાં આવી નથી. એ શી રીતે નિષેધી શકાય? કારણ કે વસ્તુ તરફની પરિણતિ જે થઈ એ તો ક્રિયા એનું અસ્તિત્વ છે. આહા..હા..!

એ શું કીધું?

**'જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...'** જાણવાની પરિણતિ જે થઈ કે જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા—એવી જે જ્ઞાનની દશા થઈ એ જાણનક્રિયા એ જ્ઞાનનો સ્વભાવ એ તો સ્વભાવરૂપ ક્રિયા થઈ. આહા..હા..! **'નિષેધવામાં આવી નથી...'** એ જ્ઞાનની પર્યાય નિષેધી શકાતી નથી. સમજાણું કાંઈ? એથી એને નિષેધવામાં આવી નથી. 'જ્ઞાન તે આત્મા' એમ થતાં જે ક્રિયા જ્ઞાનની એકાગ્રતાની થઈ એ તો સ્વભાવભૂત છે, સ્વભાવ જેવો હતો તે જાતની ક્રિયા થઈ. આહા..હા..! લ્યો, એનું નામ સમ્યગ્દર્શન. 'જ્ઞાન તે આત્મા' એમ જ્ઞાનની ક્રિયામાં આવો જે નિર્ણય થયો એ સમ્યગ્દર્શન એ જ્ઞાનની ક્રિયા એ જ્ઞાનનો સ્વભાવ છે. એ સ્વભાવિક ક્રિયા છે એ કાંઈ નિષેધવામાં આવી નથી અને નિષેધી શકાતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ક્રિયા-ક્રિયા કહેને. ક્રિયાનો લોપ કર્યો, ક્રિયાનો લોપ કર્યો. આ ક્રિયાનો લોપ નથી. આ ક્રિયા તો હોય છે. નથી? ...માં લખ્યું. એમાં નથી?

**શ્રોતા :-** એ તો કૌંસમાં લખ્યું હતું એ જોયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ... એ તો જુદાં-જુદાં છે. વિશેષની વ્યાખ્યા કરી. જ્ઞાન અને આત્મામાં વિશેષતા ન દેખતો એટલે તફાવત ન દેખતો, જુદાં-જુદાં લક્ષણ ન જાણતો તે ભેદને નહિ દેખતો થકો નિઃશંક રીતે. આહા..હા..! એ નિઃશંક તે ઠરવામાં સમર્થ છે એમ પહેલું આવ્યું હતુંને? ૧૭-૧૮. ૧૭-૧૮માં આવે છે. પરથી ભેદ થયો એટલે નિઃશંક રીતે સ્વભાવમાં ઠરવાની તાકાત આવી. ૧૭-૧૮ ગઈ છે પહેલી. સમજાણું કાંઈ? જ્ઞાન જ જાણવામાં આવે છે. એટલે આત્માની પર્યાયમાં આત્મા જ જાણવામાં આવે છે. ૧૭-૧૮માં છે. જ્ઞાનની પર્યાયમાં રાગ જાણવામાં આવે તો એ વસ્તુ નથી, કહે છે. છે? ૧૭-૧૮.

**'જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ... '** થયો. આમાં એ જ આવ્યું. છે? પછીનું છે. **'પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા... '** આહા..હા..! કહે છે કે જ્ઞાનની પર્યાયમાં આત્મા જ જણાય છે. કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. એથી જ્ઞાનની પર્યાયમાં સ્વ છે તે જણાય છે, પણ અજ્ઞાનીને એમ નથી ભાસતો. એની દૃષ્ટિ ત્યાં નથી. શું કહ્યું સમજાણું કાંઈ? ભગવાન આત્મા સદાય સૌને અનુભવમાં આવે છે. એમ કહેવાનો એ આશય છે કે જ્ઞાનની જે પર્યાય છે એનો સ્વભાવ સ્વપરપ્રકાશવાનો જ છે અને તેથી જ્ઞાનની પર્યાયમાં સ્વ આત્મા જ અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ? જાણનારો અનુભવમાં આવે છે. આહા..હા..! પણ અજ્ઞાનીને

એ તરફ દૃષ્ટિ નથી તેથી હું રાગને અને પરને જાણું (છું) એમ એ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વંચાઈ ગયું છે મુંબઈ. મુંબઈ વંચાઈ ગયું છે.

**'આબાળગોપાળ...'** બાળકથી માંડીને વૃદ્ધો, એને જ્ઞાનની પર્યાયમાં જાણનારો જ જણાય છે. કારણ કે પર્યાયનું સામર્થ્ય જ એવું છે, આહા..હા..! કે એ સ્વને જ જાણે છે. સમજાણું કાંઈ? પણ અજ્ઞાનીને તેના ઉપર દૃષ્ટિ નથી એથી જાણે હું સ્વને જાણતો નથી, પણ રાગને અને પરને જાણું (છું) એવું એકલું પરપ્રકાશકપણું માને છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભારે આવી વાત! નવરંગભાઈ!

**'અનાદિ બંધના વશે...'** જોયું! રાગને વશ થઈ ગયો છેને આમ પર્યાયબુદ્ધિમાં એટલે પર્યાયમાં દ્રવ્ય જણાય છે એવું એને લક્ષ જ નથી. આહા..હા..! ચાહે તે પર્યાય એની કોઈપણ કાળમાં, પણ એ પર્યાયનો સ્વભાવ જ એવો છે કે સ્વને જાણતું જ્ઞાન ઊભું છે ઈ. આહા..હા..! પર્યાયમાં અનુભવનારો આત્મા જ જણાય છે. આહા..હા..! કેમકે એ પર્યાયનો સ્વતઃ સ્વયં સ્વભાવ એવો છે, પણ અજ્ઞાનીને એ ઉપર દૃષ્ટિ નથી, એથી જાણે આત્મા જ્ઞાનપર્યાયમાં નથી જણાતો અને આ રાગ અને પર જણાય છે એમ એ માને છે. આહા..હા..! કેવી સંધિ કરી છે! આહા..હા..! જ્ઞાનનો પર્યાય જે છે એ પર્યાયનો સ્વભાવ જ સ્વપરને જાણવું એનું જ સ્વરૂપ છે અને એ પર્યાયમાં સ્વ જ જણાય છે. સમજાણું? સ્વ જાણતા પછી પરને જાણે એ જુદી વાત છે. પર્યાયમાં સ્વ જ જણાય છે, પણ અજ્ઞાનીને તે ઉપર દૃષ્ટિ નથી. પર્યાયમાં ઊભો છેને. પર્યાયમાં આવું દ્રવ્ય જણાય! મોટું દળ આત્મવસ્તુ જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાય છે. આહા..હા..! એ આત્માનું જ્ઞાન છે, એ આત્મજ્ઞાન છે. સમજાણું કાંઈ? એમ ન માનતા રાગને વશે થયેલો **'એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને આ અનુભૂતિ છે તે જ હું છું... '** એ માનતો નથી. આહા..હા..!

ગજબ ટીકા છે! સમયસાર ઓહોહો..! સર્વજ્ઞની વાણી સાક્ષાત્!! ત્યારે એમ કહ્યુંને સામે ભગવાન કુંદકુંદાચાર્ય તો સમયસાર.. અને અહીં મૂક્યું છે નિયમસાર. વચમાં મૂક્યું છે અષ્ટપાહુડ અને ઓલાના વચમાં મૂક્યું પંચાસ્તિકાય અને જ્યાં ઓલામાં.. ત્યાં પ્રવચનસાર. અહીં સમયસાર, અમૃતચંદ્રાચાર્ય સામે .. આ પદ્મપ્રભમલધારી સામે નિયમસાર. વચમાં બે. અષ્ટપાહુડ અને પંચાસ્તિકાય. આહા..હા..!

કહે છે કે જગતના પ્રાણીને... અહીં આબાળગોપાળ લીધા છેને. વિશેષ જ્ઞાન ક્ષયોપશમ છેને એને માટે. સમજાણું કાંઈ? .. એટલે બાળગોપાળ લીધા હતાને. એનો ક્ષયોપશમ જે જ્ઞાન છે એ જ્ઞાન છે એમાં આત્મા જ જણાય છે. કારણ કે જેનું જ્ઞાન છે તેનું જ એમાં જ્ઞાન થાય છે. આહા..હા..! જેની એ દશા છે તેનું એ જ્ઞાન થાય છે દશામાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પણ અજ્ઞાનીને એના ઉપર લક્ષ નથી. જાણનારો જણાય છે

તેમ એ જાણતો નથી. આહા..હા..! રાગના પર્યાયને વશ થયેલો, આ પર્યાયમાં પ્રભુ જણાય છે આખો એમ ન માનતા આ જણાય છે એમ અજ્ઞાનને વશ (માને છે). આહા..હા..! અગિયાર અંગનું જ્ઞાન થયું, નવ પૂર્વની લબ્ધિ પ્રગટી. આહા..હા..! એ તો કાંઈ ભણ્યું ભણાય એવું નથી. પણ એને ઈ જાણે આ જણાય છે.. આ જણાય છે. જાણનારો જણાય છે એવી એની દૃષ્ટિ નથી. આહા..હા..! આ વીતરાગવાણી તો જુઓ!

અહીં તો ઓલું આપણે નિઃશંકનો અર્થ લેવો છે. નિઃશંક. નિઃશંક ઠરવાને સમર્થ થયો. આ આત્મા જ્ઞાન તે આત્મા જ્ઞાનમાં જણાય ભગવાન તે હું, એમ થયું એટલે રાગથી ભિન્ન સ્વરૂપમાં ઠરવાને સમર્થ થયો. સમજાણું? એ અહીં કહ્યું. આ જ્ઞાન જાણવાની જે દશામાં જાણનારું જ્ઞાન અને આત્મા એમ જે જ્ઞાનની ક્રિયાએ નક્કી કર્યું તેથી જ્ઞાનની ક્રિયા સ્વભાવભૂત થઈ. એ વિભાવભૂત ન રહી. આહા..હા..! એથી તે જ્ઞાનની ક્રિયા ધાર્મિક ક્રિયા થઈ. એ વસ્તુનો જે સ્વભાવ હતો તે જ રીતે જ્ઞાનની પર્યાય થઈ. આહા..હા..!

**'वस्तु सहावो धम्मो।'** એમ કહ્યું છેને? વસ્તુનો જે સ્વભાવ ત્રિકાળ છે એ ધર્મ. એ ધર્મ અને વસ્તુ ધર્મી અભેદ છે. એમ થતાં પર્યાયમાં ધર્મ આવ્યો એ વસ્તુના સ્વભાવનું જ્ઞાન થતાં... આહા..હા..! દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ એમ એના તરફની ઢળતી પર્યાય એ નિર્મળ જ્ઞાનપર્યાય સ્વભાવક્રિયા. એનો અહીંયાં નિષેધ કરવામાં આવ્યો નથી. આહા..હા..! વાતું આવી છે.

**'માટે, જાણે છે—જાણવારૂપ પરિણમે છે,...'** માટે જાણે છે અને જાણવારૂપ પરિણમે છે, એમ. આહા..હા..! જાણનારો જ્ઞાનસ્વભાવી જ છે અને જ્ઞાન અને આત્મા બે કાંઈ જુદાં નથી એમ જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં જે જ્ઞાન પરિણમ્યું એ જ્ઞાનની ક્રિયા સ્વભાવભૂત હોવાથી તે જાણે છે, જાણવારૂપે પરિણમે છે એનો નિષેધ નથી. આહા..હા..! એ મોક્ષનો માર્ગ. સામાન્ય ગુણ તે જ્ઞાન તે આત્મા એમ અભેદ દૃષ્ટિ થતાં જે જ્ઞાનની પરિણતિ થઈ એ મોક્ષના માર્ગની જ્ઞાનક્રિયા સ્વભાવભૂત થઈ. આહા..હા..! આવી વાત છે. એ ક્રિયાનો નિષેધ નથી કર્યો. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** **'ज्ञानक्रियाभ्याम् मोक्ष'** આ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ. **'ज्ञानक्रियाभ्याम् मोक्ष'**

એ (સંવત) ૧૯૯૦ની સાલમાં આ પ્રશ્ન થયો હતો. રતનચંદજીના ગુરુ હતાને ગુલાબચંદજી. લિંબડી સંઘાડા. લિંબડી. ગુલાબચંદજી હતા. ૫૫ વર્ષની દીક્ષા તે દી ૯૦ની સાલ. પછી તો ૨૦ વર્ષ રહ્યા હતા. ઘણા .. એ કોઈ દી ભેગા નહોતા થતા. ચોટિલા ભેગા થઈ ગયા. અપાસરામાં ઉતર્યા અને બહુ ખુશી થયા. ઓહોહો..! પછી ચર્ચા ચાલી થોડી કે આ જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ કહ્યું છેને? કીધું, કયું જ્ઞાન અને કઈ ક્રિયા? ૫૫ વર્ષની દીક્ષા હતી. પછી ૨૦ વર્ષ રહ્યા હતા. પોણા સો વર્ષની દીક્ષા. મોટી ઉંમરે ગુજરી ગયા. કીધું, આત્માનું

જ્ઞાન અને જ્ઞાનમાં સ્થિરતા એ જ્ઞાનક્રિયા. ત્યારે કહે આવો બીજા અર્થ કરતાં નથી અત્યાર સુધી. વાત તો સાચી લાગે છે. ... પોણો સો વર્ષ ઉપર થયું. તે દી હોં! ચોટીલા. ૯૦ની સાલ. આહા..હા..! સ્થાનકવાસી. લિંબડી સંઘાડાના હતા, વૃદ્ધ હતા. '**ज्ञानक्रियाभ्याम् मोक्ष**'.

એ તો આમાં નથી આવ્યું? ઉપાદાનનું ભાઈ. બનારસીદાસે. જ્ઞાનક્રિયા. દોહરામાં આવ્યું હતું .. એ જ્ઞાનની ક્રિયા અંદર એકાગ્રતા તે ક્રિયા. એમ કે જ્ઞાન આત્માનું અને વ્રતાદિની ક્રિયા. એમ નહિ, એમ નથી કીધું. પણ બિચારા છોડી ન શકે. શંકા તો પડી એમને. બે પ્રશ્ન થયા હતા. એક એ અને એક મૂર્તિનો. સ્થાનકવાસી ખરાને. એટલે મૂર્તિ છે શાસ્ત્રમાં. વાત તો સાચી છે, મને પણ લાગે છે કે મૂર્તિ છે. એમ ગુલાબચંદજી કહેતા હતા. એના શિષ્યો શાસ્ત્ર વાંચશે તો અમારા ઉપર શ્રદ્ધા નહિ રહે. એવી શંકા અમને આખી જિંદગી રહી. મૂર્તિ શાસ્ત્રમાં છે. એને ખ્યાલ આવ્યો. વૃદ્ધ. પણ બિચારા છોડી શકે નહિ અને..

અહીં તો કહે છે કે જ્ઞાનમાં આત્મા જણાય એ જ્ઞાન તે આત્મા એવો જેણે નિર્ણય કર્યો એ ક્રિયા જ્ઞાનની છે. એ જ્ઞાનની ક્રિયા નિષેધવામાં આવતી નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ-૧૦, મંગળવાર, તા. ૬-૦૭-૧૯૭૬,**
**ગાથા-૬૯-૭૦,**
**પ્રવચન નં. ૧૧૭**

કર્તાકર્મની ૬૯-૭૦ ગાથા. ટીકા ફરીને. '**જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. એવાં આત્મા અને જ્ઞાનમાં...**' જુઓ, આ તો પાધરું આ આવ્યું. આહા..હા..! જ્ઞાનસ્વભાવ અને આત્મા સ્વભાવવાન—બે અભેદ છે, બે તફાવત નથી, બેમાં વિશેષતા નથી, જુદાઈ નથી. આહા..હા..! એ જ્ઞાન તે આત્મા એમ અંતરમાં જુદાઈ નહિ હોવાથી, નહિ જાણવાથી '**તેમનો ભેદ નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' ધર્મીજીવ, ધર્મ કેમ થાય એની વાત છે આ. આહા..હા..! જ્ઞાનસ્વભાવ અને આત્મા બે એક છે, જુદાં નથી—એમ જ્ઞાનમાં પ્રવર્તતા પુણ્ય-પાપના વિકલ્પથી ખસી અને જ્ઞાનસ્વભાવ તે આત્મા એમ જ્ઞાનમાં જે એકાકાર થાય છે તે ક્રિયા '**નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' જ્ઞાન તે હું એમ ધર્મી જ્ઞાનમાં પ્રવર્તે છે.

'**અને ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...**'

આહા..હા..! આ તો એ આવ્યું પાધરું. એ જ્ઞાનમાં એકાકાર થવું અને એ એકાકારની ક્રિયા જ્ઞાનક્રિયા હોવાથી '**સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી...**' એ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ જ્ઞાન અને આત્મા બેમાં તફાવત નથી, આંતરો નથી, જુદાં નથી. એમ જ્ઞાનમાં એકાકાર થતાં જે જ્ઞાનની ક્રિયા અરાગી—વીતરાગી પરિણતિ થઈ તે ક્રિયા નિષેધવામાં આવી નથી, તે ક્રિયા તે ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરની ક્રિયા નહિ, એમ પુણ્ય-પાપના ભાવ સંયોગીભાવ છે એ ક્રિયા નહિ. સ્વભાવભાવ છે, જ્ઞાનસ્વભાવભાવ આત્મા છે એમ જ્ઞાનમાં એકાકાર થતાં '**જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...**' એ ધર્મક્રિયા છે. આહા..હા..! જ્ઞાનમાં એકાકાર થવું એ જ આત્મામાં એકાકાર છે.

**શ્રોતા :-** જ્ઞાનમાં એકાકાર થવું એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનમાં જ્ઞાન વસ્તુને પકડી એમાં એકાકાર થવું. એકાકાર એટલે એકાગ્ર થવું. જુઓ આ ધર્મ. આ કર્તાનું કર્મ. આહા..હા..! કર્તા એવો જે આત્મા એના જ્ઞાનમાં એકાકાર થાય એ ક્રિયા એ કર્તાનું કર્મ. આહા..હા..!

**શ્રોતા :-** પણ જ્ઞાનનું એકાકાર થવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનસ્વરૂપ અંદર છે એમાં લીન થવું તે. જે રાગમાં એકાકાર છે અનાદિથી, કહો ઠીક! એ જ્ઞાનસ્વભાવમાં એકાકાર અંદર થવું તે જ્ઞાનની ક્રિયા તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયા છે. આહા..હા..! એ ક્રિયા નિષેધવામાં આવી નથી. કારણ કે એ તો એનો સ્વભાવભૂત ભાવ છે. આહા..હા..! જેવું દ્રવ્ય છે એવો એનો જ્ઞાન ત્રિકાળી સ્વભાવ છે. એમાં વર્તમાન પર્યાયને એકાકાર કરતાં... આહા..હા..! એ પર્યાય થઈ. દ્રવ્ય ને ગુણ બે અભેદ છે એવી પર્યાયમાં એકાકાર થઈને પ્રતીતિ કરી. આહા..હા..! એનું નામ ધાર્મિકક્રિયા, એનું નામ મોક્ષમાર્ગની ક્રિયા કહેવામાં આવે છે. હવે આમાં અધ્યાત્મની.. આ તો કુંદકુંદાચાર્ય કહે છે. અધ્યાત્મની ભાંગ પીને નાચે છે બધા એમ (એ લોકો) કહે છે. અરે.. ભગવાન!

**શ્રોતા :-** એ તો આચાર્યને ગાળ દીધી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આચાર્યને ગાળ દીધી. આહા..હા..!

આ વ્યવહારના ક્રિયાકાંડના પરિણામ એ તો સંયોગીભાવ છે. એથી તેમાં દૃષ્ટિ ન રાખતાં દૃષ્ટિને સ્વભાવભાવ ઉપર રાખતાં, પર્યાયને સ્વભાવભાવ ઉપર એકાકાર કરતાં જે અરાગી પરિણતિ ઊભી થાય એને અહીંયાં ધાર્મિકક્રિયા અને જ્ઞાનની સ્વભાવભૂતક્રિયા કહેવામાં આવે છે. આ તો હજી પકડાવું કઠણ. આહા..હા..! અને બનારસીદાસે કીધું છે. એણે તો બહુ વખાણ કર્યા છે. અને તે રાજમલમાંથી બનાવ્યું છે એણે તો. રાજમલ. 'રાજમલ જૈન ધર્મનો મર્મી.' એમાંથી બનાવ્યું. ચિદ્‌વિલાસ, અનુભવપ્રકાશ ઈ પણ એ કહે છે. આહા..હા..! દીપચંદજીના. એના નથી નામ લીધા. વધારે આ બેના નામ લીધા છે. કોણ રોકે બાપા? શું થાય? નિરનાયક—કોઈ નાયક નહિ.

અહીં પરમાત્મા સર્વજ્ઞની વાણી છે એ અહીં કુંદકુંદાચાર્ય કહે છે. સમજાણું કાંઈ? આ આત્મા, નિમિત્ત અને રાગથી લક્ષને ફેરવી અને જ્ઞાનસ્વભાવ તે આત્મા એમ લક્ષ કરીને જે એકાકાર થાય તેને ધાર્મિક આધ્યાત્મિક જ્ઞાનની ક્રિયા કહેવામાં આવે છે, એ મોક્ષનો માર્ગ છે. એ '**સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી માટે, જાણે છે...**' એ કાર્ય લેવું. રાગાદિ હો, પર આદિ હો એને પોતે પોતાને જાણતો એને જાણે છે, જાણવારૂપે પરિણમે છે. બસ, તે ધર્મ. આહા..હા..! ધર્મીનું જ્ઞાનનું જ્ઞાનપણે પરિણમવું તે એનું કર્મ નામ કાર્ય. આવું છે.

**શ્રોતા :-** જ્ઞાનરૂપે જ હંમેશાં અનાદિથી પરિણમે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને છે ક્યાં. એ તો કહ્યુંને. જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જ જણાય છે. પણ એ જ્ઞાન અને આત્મા એક છે એવી દૃષ્ટિ ક્યાં એણે કરી છે! આહા..હા..! સમજાણું કાંઈ?

દૃષ્ટિને અથવા જ્ઞેયમાં જ્ઞાનની પર્યાયમાં જે રાગ અને પરજ્ઞેયપણે જાણે છે, એ જ્ઞાનને સ્વ તરફ વાળતાં એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક અનુભવનારો જણાય છે, જાણનારો જ જણાય છે. એ જ્ઞાન અને આત્મામાં દૃષ્ટિ કરતાં, આહા..હા..! એ જ્ઞાનની એટલે જાણપણાની જે ક્રિયા પરિણમન થયું એ જાણે છે અને એ પરિણમે છે. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. કહો, સમજાણું આમાં? આ તો ભાષા સાદી છે. આ તો કર્તાકર્મની શરૂઆતમાં આ આવ્યું. કહો, નવરંગભાઈ! આ પાણી ગળવાનું ક્યાંય રહી ગયું. આહા..હા..! એને જ્ઞાનમાં એકાકાર થવું એને રાગને ગાળી નાખવો, જુદો પાડી નાખવો. આહા..હા..! એ જુદો પાડવો એમ પણ નથી. આ તો જ્ઞાન અને આત્મા એક છે એકાકાર થવું, જુદો રહી જાય રાગ. આહા..હા..! સમજાણું કાંઈ? એ પહેલો સિદ્ધાંત કર્યો. ગાથાનો (ભાવ) છે એનાથી બીજો સિદ્ધાંત કર્યો. ગાથાનો ભાવ હવે આવે છે. ગાથાનો ભાવ હવે આવે છે.

**શ્રોતા :-** આવું છે એને બદલે આમ કરે છે. આમ થવું જોઈએ એને બદલે આમ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમ કરે છે.

જાણવાનો જે સ્વભાવ તે જ આત્મા એમ દૃષ્ટિ અંદર પડતાં જ્ઞાનસ્વભાવમાં એકાકાર થયો તે જાણવાની પર્યાય થઈ એ જાણવારૂપે પરિણમ્યો. આહા..! છેને? જાણવારૂપે પરિણમે છે એ. આહા..હા..! જાણે છે અને જાણવારૂપે પરિણમે છે. આહા..હા..! માર્ગ તો આ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર. હવે મૂળ પાઠ. વાત કરી.

'**તેવી રીતે જ્યાં સુધી આ આત્મા, જેમને સંયોગસિદ્ધસંબંધ છે...**' એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ આત્માને સંયોગસિદ્ધસંબંધ છે, સ્વભાવસિદ્ધ નહિ. જ્ઞાન અને આત્મા એ સ્વભાવસિદ્ધસંબંધ છે અને રાગની સાથે વ્યવહારરત્નત્રય... આહા..હા..! દયાના,

દાનના, વ્રતના, ભક્તિના, પૂજાના ભાવ એ સંયોગીભાવ છે. એ નિમિત્તના સંગે સંયોગી(ભાવ) ઉત્પન્ન થયેલો છે, એ આત્માનો સ્વભાવ નહિ. આહા..હા..! હવે આમાં તો આ બીજું અમૃતચંદ્રાચાર્ય આમ કહે, કુંદકુંદાચાર્ય કહે. બનારસીદાસને .. આ. ટોડરમલે. એને અધ્યાત્મ ઠરાવ્યા છે. સાતમા અધ્યાયમાં નિશ્ચય-વ્યવહારની વાત કરી છેને બધી? ટોડરમલ. બેય અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે, એમ અત્યારે આ નાચે છે એમ કહે છે. આ અમારે ચેતનજીના સહચર ... ઈ એમ કહે છે. ટોડરમલ ભૂલ્યા, બનારસીદાસ ભૂલ્યા, શ્રીમદ્ ભૂલ્યા અને તમે પણ ભૂલ્યા. ચોથે ગુણસ્થાને રાગવાળું સમકિત હોય, વીતરાગી સમકિત ન હોય. એને બેઠું હોય ઈ કહે અને જે બેઠું એ જ આત્મા થઈ ગયોને. આહા..હા..! અરે..! અનાદિ કાળથી...

**શ્રોતા :-** સમકિત શ્રદ્ધાગુણની પર્યાય છે અને રાગ છે તે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છે તે ચારિત્રગુણની પર્યાય છે. આહા..હા..!

અહીં કહે છે, જે રીતે જ્ઞાન અને આત્મા એક છે તેથી તે જ્ઞાનમાં પ્રવર્તતા આત્મામાં જ પ્રવર્તે છે. એ આત્માનું જ જ્ઞાન અને આત્માની જ શ્રદ્ધા અને આત્માની જ સ્થિરતા ત્યાં થાય છે. કહો, સમજાય છે કે નહિ? '**તેવી રીતે જ્યાં સુધી આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં...**' એટલે કે આત્માના સ્વભાવનો પ્રેમ નથી અને જેને પુણ્યભાવનો પ્રેમ છે એટલે એને આત્મા પ્રત્યે દ્વેષ છે. એટલે એને ક્રોધ કીધો. આહા..હા..! જ્ઞાન અને આત્મા એક છે એનો આદર છોડીને—એનો અનાદર કરીને આ દયા, દાન આદિના પરિણામમાં વર્તે છે એને અહીં આત્મા પ્રત્યે ક્રોધ કહે છે. આહા..હા..! માર્ગ આવો છે. અનાદિનો માર્ગ જ આ છે.

'**જ્યાં સુધી આ આત્મા, જેમને...**' એટલે આત્માને '**સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ...**' એ વિકાર. એમાં '**આસ્રવોમાં પણ,...**' આત્માને વિકારી પરિણામ આસ્રવ એમાં '**પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' જોયું! પાછું એ લીધું કે કર્મને લીધે નહિ. આહા..હા..! સંયોગી ભાવમાં વર્તે છે એ અજ્ઞાનભાવને લઈને છે, કર્મને લઈને નહિ. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! આહા..હા..!

'**જેમને સંયોગસિદ્ધસંબંધ છે. એવા આત્મા અને...**' પુણ્ય-પાપ આદિ '**આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો...**' એ રાગને અને આત્માને જુદાં ન જાણતો, આહા..હા..! બેમાં તફાવત ન માનતો.. આહા..હા..! '**તેમનો ભેદ દેખતો નથી...**' એ રાગના ભાવ દયા, દાન, વ્રતાદિના અને આત્માનો ભાવ—બેની જુદાઈ દેખતો નથી. આહા..હા..! આવી વાત ઝીણી બહુ પડે માણસોને એટલે બિચારા એમ કહે. એમાં લખ્યું છે. હવે એ તો સાચું-ખોટું બધું. આ લોકોને તો કટકા કરી નાખવા, એમ. આવું તો કેટલું છે લખાણ.. એવું લખ્યું છે. સાંભળ્યુંને?

**શ્રોતા** :- આત્માનો પ્રેમ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રેમ છેને. પણ હવે લખનારે મધ્યસ્થથી કેટલું લખ્યું. લખ્યું છે લખનાર છેને. એમ કે આ લોકોને માથા ફોડી નાખવા, માથુ ફોડી નાખવું. અરે..! એ કેટલું.. મધ્યસ્થી જેવું હોય એટલું કહ્યું એ તો બરાબર છે. એમાં છે. કાગળો મોકલ્યા તો હશે ભાઈએ ... શાહુજી. એ ઉપર મોકલ્યા હશે. છપાવ્યું છે? છપાવ્યું છે. ઝાઝા છપાવ્યા પછી મોકલ્યા હશે. અહીં કાંઈ એક-બે કરાવ્યા નથી. ...

અરે.. ભાઈ! આહા..હા..! ભગવાન આત્માને અને જ્ઞાનને સ્વભાવસિદ્ધસંબંધ છે, એમ પુણ્ય અને પાપના ભાવને (અને) આત્માને સંયોગસિદ્ધસંબંધ છે. આહા..હા..! બહારથી આવેલી ચીજ, આગંતુકભાવ છે. મહેમાન જેમ આવ્યો હોય, મહેમાન.. પંચાધ્યાયીમાં છે, આગંતુકભાવ. આવેલો છે એ, અંદરનો નથી એ. આહા..હા..!

**'આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો...'** રાગને, સ્વભાવને જુદાં ન જાણતો થકો. **'તેમનો ભેદ દેખતો નથી ત્યાં સુધી નિઃશંક રીતે...'** એ વિકારમાં જ પોતાપણે વર્તે છે. એ રાગના ભાવમાં પોતાપણે વર્તે છે. સંયોગીભાવ છે, વિભાવભાવ છે, આગંતુક છે, મહેમાન તરીકે થયેલા છે. આહા..હા..!

**શ્રોતા** :- રાગભાવ મહેમાન કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, પંચાધ્યાયીમાં એમ કહ્યું છે. આગંતુક કીધું છે. બહારથી જેમ આવેને. ઘરનું માણસ નથી, એમ. બહારનું આવે એ કેટલુંક રહે? કલાક, બે કલાક. એક દી, બે દી. એમ આત્મામાં વિકાર એ સ્વભાવના ઘરનો નથી. આહા..હા..! સત્ય જ આવું છે ત્યાં વળી એમાં બીજું શું કરે? ગમે તે કરો, ગમે તે માનો.

એ પુણ્યના ભાવ સંયોગીભાવ એને પોતાપણે વર્તે છે એમ કહે છે. આહા..હા..! સંયોગી જે પુણ્યનો ભાવ એને અજ્ઞાનપણે પોતાની જાતને જાણી નથી માટે એ રાગના પ્રતાપને વર્તે છે, એ રાગ તે જ હું. આમ 'જ્ઞાન તે હું' એમ ન જાણતા 'રાગ તે હું.' આહા..હા..! ભાષા સમજો છો? આહા..હા..! દિગંબર સંતોની આ વાણી છે ભગવાને કીધી એ છે. પેલા બધા કહે, શ્વેતાંબર થઈ જવાના છે બધા. અરેરે...! પ્રભુ! શું કરે છે? એમ કે આ લૂગડા રાખીને નગ્ન મુનિને તો માનતા નથી. ભગવાન ... હોય નહિ, બાપા! ભાઈ! મુનિપણું કોઈ અલૌકિક છે! આહા..હા..! સમ્યગ્દર્શનના હજી ઠેકાણા નથી, ત્યાં વ્રત ને ચારિત્ર આવી ગયા! ભાઈ! ઝીણી વાત, બાપુ!

**શ્રોતા** :- ધીરે-ધીરે પછી આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઝેર પીતા-પીતા અમૃત આવશે એમ? આહા..હા..! રોગ છે એ તો. રાગ તો રોગ છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ...' આવ્યું નથી? રાગ તે મારો એ ભ્રાંતિ છે, એના જેવો રોગ નથી જગતમાં. એ રોગને મટાડવાની દવા છે અહીં તો. લ્યો!

આ રાજેન્દ્રભાઈ શેની દવા કરે છે? હોમિયોપેથી? રાજેન્દ્રભાઈ! એને પ્રેમ થયો છે. માર્ગ આવા છે! બાપા, ભાઈ! કરવાનું ... આ ઇંજેક્શન છે આત્માને રોગ મટાડવા માટે. આહા..હા..! અરે.. ભાઈ! આત્મા છે બધા. ભગવાનસ્વરૂપે બિરાજે છે. રાગ ને વિકાર તો એનો કલંક, દોષ છે. એ દોષને પોતાપણે માનીને વર્તે છે. આહા..હા..! એટલે એનો અર્થ પર્યાયબુદ્ધિ છેને. આહા..હા..! 'જ્ઞાન તે આત્મા' એવી દ્રવ્યબુદ્ધિ ન કરી, એમ. પણ 'રાગ તે હું' આહા..હા..! એની નજરું પર ઉપર ગઈ. આહા..હા..! ભગવાનની દિવ્યધ્વનિનો આ સાર છે. આહા..હા..! ત્રિલોકનાથ પરમાત્મા.... કુંદકુંદાચાર્ય સાચા મુનિ હતા, સાચા ચારિત્રવંત હતા છતાં ભગવાન પાસે ગયા, આઠ દી સાંભળીને આવ્યા અને બનાવ્યું છે આ બધું. આહા..હા..! ભગવાનનો આ સંદેશ છે. આહા..હા..!

લિંગપાહુડમાં નથી કહ્યું છેલ્લી ગાથામાં? આ સર્વજ્ઞે કહેલું લિંગપાહુડ છે એમ કહ્યું છે. ગાથામાં આવી ગયું છે. તમે કહો છોને? અમે સર્વજ્ઞ કહે છે એ કહીએ છીએ. '**लिंगपाहुडमिणं सव्वंबुद्धेहिं देसियं**' સર્વજ્ઞોએ આ કહ્યું છે. ભાઈએ પછી એમ કહ્યું. ગુજરાતી એમ બનાવ્યું. '**सव्वंबुद्धेहिं देसियं**' આહા..હા..! '**આ પ્રકારે આ લિંગપાહુડ શાસ્ત્રનો સર્વ જ્ઞાની ગણધરાદિએ ઉપદેશ આપ્યો છે...**' આહા..હા..! ગુજરાતીમાં સર્વજ્ઞ લીધું છે. '**पालेइ कट्ठसहियं**' કષ્ટસહિત એટલે સમતાસહિતનું. '**गाहदि उत्तम ठाणं**' પામશે ઉત્તમ સ્થાન સિદ્ધ ... આહા..હા..! એ લિંગપાહુડ ગણધરોએ—સંતોએ, કેવળીઓએ કહેલું છે.

બાહ્યલિંગ એકલા પંચમહાવ્રતના અને નગ્નપણું એ કોઈ ચીજ નથી. આહા..હા..! અંતર્લિંગ જે છે અભ્યંતર—આત્માને આનંદની એકતાની એકાગ્રતા એ અંતર્લિંગ છે, જેને જિનભાવના કહે છે. જેને વીતરાગીભાવ, સમ્યગ્દર્શનભાવ, સમ્યગ્જ્ઞાનભાવ, સમ્યક્ચારિત્રભાવ એ જિનભાવના છે, એ અંતર્લિંગ છે. એ અંતર્લિંગ વિનાનું બાહ્યલિંગ એકલું નકામું છે. આહા..હા..! એ આ કહ્યું છે. સંયોગીભાવમાં પોતાપણે વર્તે છે. આહા..હા..! અને એ વિકારમાં પોતાપણે વર્તતો '**જોકે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી...**' પુણ્ય અને પાપના ભાવ એ પરભાવભૂત હોવાથી '**નિષેધવામાં આવી છે...**' આહા..હા..! એ વ્યવહારના રાગમાં પોતાપણે વર્તવું એનો નિષેધ કરવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** લિંગપાહુડમાં તો વ્યવહારને ક્રોધ કીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ ક્રોધ કીધોને. સ્વભાવનો પ્રેમ નથી, ત્યાં પ્રેમ છે, ક્રોધ કીધો છે. અને મુનિને ઉત્તમક્ષમા છેને ધર્મ, એનાથી વિરુદ્ધ શબ્દ વાપર્યો છે. ઉત્તમક્ષમા સમ્યગ્દર્શનસહિત આત્માનો ભાવ જેને અહીંયાં વિરુદ્ધસ્વરૂપ લીધો. એ વિભાવભાવ એ સ્વભાવથી વિરુદ્ધ છે, તેથી એ ક્રોધરૂપ જ છે, ક્ષમારૂપ નહિ, શાંતરૂપ આત્માનો સ્વભાવ એ નહિ. આહા..હા..! છે?

'**જોકે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે...**' વ્યવહારરત્નત્રય

તે સંયોગીભાવ છે તેથી પરભાવ છે, તે નિષેધવામાં આવી છે. આહા..હા..! આવું તો લખાણ કર્યું. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો ભાવ એ વિભાવભાવ, સંયોગીભાવ એને નિષેધવામાં આવ્યો. આહા..હા..! કેમકે એ નિષેધી શકાય છે. સ્વભાવમાં આવીને એ છૂટી શકે છે અને સ્વભાવની ક્રિયા એ કોઈ દી છૂટી શકે નહિ. આહા..હા..!

'**તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી,...**' આહા..હા..! 'એ રાગની ક્રિયા એ જ મારી ક્રિયા છે' એવી એકતાબુદ્ધિને લઈને 'એ મારો સ્વભાવ છે' એમ અધ્યાસ થઈ ગયો—ટેવાઈ ગયો છે એમાં. આહા..હા..! અધ્યાસ થઈ ગયો. 'દયા, દાનના વ્રતના પરિણામ એ મારા છે અને એમાં હું વર્તુ છું' એવો એ ટેવાઈ ગયો. છે વિકાર, છોડવા જેવું, છતાં એ... આહા..હા..! '**સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી,...**' આહા..હા..! 'એ રાગ છે એ મારો સ્વભાવ છે' એવી એને ટેવ પડી ગઈ છે. આમાં કર્મને લઈને કરે એ વાત લીધી નથી, એમ છે નહિ. આહા..હા..! રાગને પોતાપણે માને છે એવો એનો અધ્યાસ અનાદિનો છે. સમજાણું કાંઈ?

'**તેને અધ્યાસ હોવાથી, ક્રોધરૂપ પરિણમે છે,...**' ઓલામાં આવ્યું હતું જાણવારૂપે પરિણમે છે. છેને? અહીં વિકારરૂપે પરિણમે છે. આહા..હા..! એ શુભભાવરૂપે પરિણમે છે તેને અહીં ક્રોધ કીધો. આહા..હા..! '**રાગરૂપે પરિણમે છે,...**' એ દ્વેષનો ભાગ કીધો ક્રોધ એમ. '**રાગરૂપે પરિણમે છે,...**' જોયું! જાણપણારૂપે જ્ઞાનરૂપે પરિણમવું ને જાણવું જોઈએ એને ઠેકાણે રાગરૂપે પરિણમે છે. '**મોહરૂપ પરિણમે છે.**' મિથ્યાત્વરૂપે. ઝીણી વાત. ત્યારે આ કહેવા વખતે ટીકાકારને એમ કે તમે જ્યારે રાગપણે પરિણમે છે એ અજ્ઞાન કીધું, તો પછી તમને આ ટીકા કરવા વખતે વિકલ્પ તો છે. ભાઈ! વિકલ્પ છે એને જાણવાપણે પરિણમે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વિકલ્પને કાળે જાણવાપણે.. જાણવાપણે પરિણમે છે. આહા..હા..! ભાષા થાય છે અને તે તેની ભાષાના કર્તા નથી. એ રાગના કર્તા પણ નથી. આહા..હા..!

એટલે કહે છે કે આત્મા '**મોહરૂપે પરિણમે છે. હવે અહીં, જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' જોયું! એક સ્વરૂપના ભાવના ભાન વિનાનો. આહા..હા..! '**અજ્ઞાનભાવને લીધે, જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન...**' ક્રિયા. ભાષા દેખો! '**પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' સ્વરૂપ શુદ્ધ ચૈતન્યના ભાન વિના '**જ્ઞાનભવનમાત્ર...**' જ્ઞાનનું થવું, પરિણમવું, પરિણમન. '**જે સહજ ઉદાસીન** (જ્ઞાતાદૃષ્ટામાત્ર) **અવસ્થા તેનો ત્યાગ કરીને...**' લ્યો ઠીક! એ અવસ્થા થતી નથી તેનો ત્યાગ કરીને એમ કહેવું છે. એટલે? જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા વસ્તુની સ્થિતિએ થવી જોઈએ, એ રાગને પોતાનો માનનારા એ જ્ઞાતાદૃષ્ટાની અવસ્થાને છોડી દઈને, એમ કહે છે. આહા..હા..! થઈ છે અને છોડી દઈને એમ નહિ. જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા થવી જોઈએ એને છોડી દઈને. થઈ છે એને છોડી દઈને

એમ છે? થઈ છે તો રાગની ક્રિયા. એ રાગપણે થવું જોઈએ નહિ અને જ્ઞાનની અવસ્થાપણે થવું જોઈએ એ અવસ્થાને છોડી દઈને એમ કહે છે, રાગની અવસ્થાપણે પરિણમે છે. આહા..હા..! આવી વાત. એક ગાથા સમજે તો એ (ન્યાલ થઈ જાય)! આહા..હા..!

**'જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન અવસ્થા...'** રાગ થાય, દયા, દાન, દેહની ક્રિયા થાય એ રાગમાં પરિણમવાથી જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા થવી જોઈએ એને ત્યાગ કરે છે. થવી જોઈએ એનો ત્યાગ કરે છે. છે અવસ્થા એનો ત્યાગ કરે છે એમ નહિ. આહા..હા..! ખરેખર તો જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા જ એને થવી જોઈએ. વસ્તુ એવી છે. રાગરૂપે થવું એની ક્રિયા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્ઞાનભવનમાત્ર...'** આહા..હા..! એકલું જાણવું... જાણવું... જાણવું... જાણવું... એવી જ્ઞાતાદૃષ્ટાની પરિણમનની ક્રિયા સ્વભાવિક ઉદાસીન અવસ્થા એ નહિ કરતો, તેનો ત્યાગ કરતો. આહા..હા..!

**'અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે... '** આહા..હા..! અજ્ઞાનીને જ્ઞાતાદૃષ્ટાની અવસ્થા ત્યાગ કરીને રાગરૂપે થવું એવું આત્માને એવો ભાસે છે. આત્મા રાગરૂપે પ્રવર્ત્યો છે એમ એને ભાસે છે. આહા..હા..! **'અજ્ઞાનભવનવ્યાપારરૂપ...'** વિકારી વ્યાપારરૂપ **'પ્રવર્તતો પ્રતિભાસે છે...'** આત્મા કર્તા થઈને રાગમાં પ્રવર્તે છે એમ ભાસે છે તે આત્મા રાગનો કર્તા છે. આહા..હા..! પ્રવર્તતો પ્રતિભાસે છે. રાગને કરું છું એમ પ્રતિભાસે છે. આહા..હા..!

**'અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે;...'** કોનો? વિકારનો. 'વિકારરૂપે પરિણમું છું' એમ ભાસતાં નિર્વિકારી અવસ્થાને છોડીને વિકારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે, આહા..હા..! તે આત્મા તે વિકારનો કર્તા છે. અજ્ઞાની આત્મા વિકારનો કર્તા છે. આહા..હા..! કહો, આ ટીકા તો હજાર વર્ષ પહેલાંની છે. એના ભાવ તો બે હજાર વર્ષ પહેલાંના છે. એ કર્તા કીધો. આત્મા કર્તા કેમ? કે જ્ઞાતાદૃષ્ટાની અવસ્થાને ઉદાસીન અવસ્થાને છોડી દઈ અને આ સંયોગી રાગભાવમાં પ્રવર્તતો એનો કર્તા ભાસે છે. 'એ રાગનો હું કર્તા છું' એમ એને ભાસે છે. એ કર્તા સિદ્ધ કર્યો. કર્મ પછી. આહા..હા..!

**શ્રોતા :-** કેમ ભાસે છે એ સિદ્ધ કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સિદ્ધ કર્યું.

**'અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં,...'** આહા..હા..! જ્ઞાનનું પરિણમન થવું તેવું પ્રવર્તન એનાથી જુદી જાત વિકાર. આહા..હા..! **'જે ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં...'** કરાતું હોય તે. જાણે કરાય છે આ રાગ એમ **'ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે, એવાં ક્રોધાદિ તે, (તે કર્તાનાં) કર્મ છે.'** એ વિકારભાવ તે અજ્ઞાનીનું કર્તવ્ય છે, દેહાદિની ક્રિયા એ નહિ. વિકારનો કર્તાપણે પરિણમે છે, ભાસે છે કે હું કર્તા. આ ક્રિયમાણપણે કરાયેલું એ મારું કામ. રાગાદિ પુણ્યભાવ દયા, દાનનું કરાયેલું

એ મારું કામ. એ એને કર્મપણે ભાસે છે. આહા..હા..! કેટલી વાતું લખી છે! આહા..હા..!

ચૈતન્યસ્વભાવમાં આત્મા પ્રવર્તવો જોઈએ એ છોડી દઈને. આહા..હા..! એ વાતને છોડી દઈને. આહા..હા..! સંયોગીભાવમાં પોતાપણે પ્રવર્તે છે તે કર્તા આત્મા અને કરાયેલો રાગાદિ ભાવ તે એનું કર્મ. આહા..હા..! છેને? **'ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં...'** એમ. કરાતું હોય જાણે એમ અંતરંગમાં ઉત્પન્ન થતાં **'પ્રતિભાસે છે, એવાં ક્રોધાદિક તે,** (તે **કર્તાનાં**) **કર્મ છે.'** એ વિકારીભાવ તે આત્માનું અજ્ઞાનીનું કાર્ય. આહા..હા..! આ શું? આ અધ્યાત્મ નથી આ? આ વાત છે એ સ્પષ્ટીકરણ કર્યું છે બનારસીદાસે. અને બનારસીદાસે બનાવ્યું છે આમાંથી. 'રાજમલ જૈનધર્મી જૈનધર્મ કા મર્મી.' એમાંથી બનાવ્યું છે એણે. રાજમલને પણ ખોટા ઠરાવે છે. અરે.. ભાઈ! શું જીવ કરે છેને. આહા..હા..!

એ ક્રિયમાણપણે કરાયેલું અંતરંગમાં ભાસે તે રાગ અને જે ભાવ થયો એ—દ્વેષ થયો હોય, રાગ થયો હોય, પુણ્ય થયું હોય એ મારું કર્મ, એ એનું કાર્ય. કર્તા આત્મા અને એ એનું કર્મ. આહા..હા..! એ અજ્ઞાનભાવને લઈને આ થયું છે કહે છે. કોઈ કર્મને લઈને—દર્શનમોહનો ઉદય જોરદાર છે (એટલે થયું છે એમ નથી). આહા..હા..! પોતાની ભૂલથી પોતે રાગમાં પ્રવર્તે છે, એ એનું કર્તાપણું અને એ એનું કાર્ય. આહા..હા..! એવા એ કર્તાના કાર્ય છે. આહા..હા..! દેહાદિનું કામ એ આ તો કર્તાનું કામ અજ્ઞાનીનું નહિ. દેહાદિના કામ, બીજાને સુધારવા બગાડવાના કામ એ તો આત્માના અજ્ઞાનભાવે પણ નહિ, એમ કહે છે. અજ્ઞાનભાવે હોય તો રાગનો કર્તા કહેવાય. આહા..હા..!

**'આ પ્રમાણે અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી...'** આહા..હા..! **'આ પ્રમાણે અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી (આત્માની) કર્તાકર્મની પ્રવૃત્તિ છે.'** અનાદિની આ કર્તાકર્મની પ્રવૃત્તિ છે આવી. આહા..હા..! **'એ રીતે પોતાના અજ્ઞાનને લીધે કર્તાકર્મભાવ વડે...'** વિકારમાં વર્તતા આત્માને—ક્રોધાદિમાં વર્તતા આત્માને. **'તે જ ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને...'** હવે જુઓ. કર્મ પોતે પોતાના ભાવથી પરિણમતું. આહા..હા..! **'પોતે પોતાના ભાવથી જ પરિણમતું...'** આહા..હા..! 'રાગ અને વિકાર મારું કાર્ય છે' એ અજ્ઞાનભાવે કર્યું, એ તો નિમિત્તમાત્ર થયું. નિમિત્તમાત્રનો અર્થ? એ હાજર છે એટલું. અને કર્મ જે બંધાણું એ **'પોતે પોતાના ભાવથી જ પરિણમતું...'** 'જ' છે. એ રાગ એણે કર્યો માટે અહીં કર્મને પરિણમવું પડ્યું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્તમાત્ર કરીને તો આવ્યુંને? નિમિત્ત કરીને નથી આવ્યું. નિમિત્તમાત્ર કરીને આવ્યું છે. એટલે? કે તે વખતે અજ્ઞાની રાગનો કર્તા થયો તે ટાણે નિમિત્તમાત્ર અહીંયાં ઉપસ્થિતિ છે, બસ. કર્મ પોતે પોતાથી પરિણમ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્ત કરીને એમ નથી, નિમિત્તમાત્ર કરીને. આહા..હા..! એ વખતે ચારિત્રમોહનું કે દર્શનમોહનું પરિણમન થવાના પરમાણુની પર્યાય પોતાથી થઈ છે. આહા..હા..! આવું છે. એને ક્યાં ખબર પડી કે અહીંયાં

રાગનો કર્તા થયો છે માટે મારે દર્શનમોહપણે પરિણમવું? એ જાણવાનું અહીં કામ નથી. તે કાળે જે રજકણોમાં દર્શનમોહપણે થવાની પર્યાયની લાયકાતથી થયા છે. તે જ કાળે—આ નિમિત્ત છે તે જ કાળે. નહિતર કાંઈ નિમિત્ત આવ્યું માટે મારે આમ પરિણમવું પડ્યું એમ નથી. આહા..હા..! આ બધા વાંધા. કર્મમાં વાંધા, સંયોગમાં વાંધા. આહા..હા..! અરે.. ભાઈ! વાંધા ટાળવાના કાળ છે, ભાઈ!

**શ્રોતા :-** સ્વયં શબ્દ હટાવી દે તો શું રહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વયં શબ્દ હટાવી દે તો સ્વતંત્ર પર્યાય, એની કર્મરૂપે ઉત્પન્ન થવાનો પર્યાયનો કાળ છે એ નાશ થશે. આહા..હા..! વાત એવી આકરી છે, બાપા!

ત્યારે કહે, એ રાગ ન હોત તો કર્મને પરિણમવાનું નહોતું. પણ એનો અર્થ શો? અહીં રાગ છે અજ્ઞાનીનો કર્તાપણે ભાવ. અહીંયાં કર્મપણે પરિણમવાની (યોગ્યતા છે). આહા..હા..! કર્મપણે પરિણવામાં આ નિમિત્તમાત્ર છે એટલું. એ થયું માટે અહીં કર્મને થવું પડ્યું એમ છે નહિ. નિમિત્તમાત્ર કરીને. નિમિત્તમાત્ર એટલે છે બસ એટલું. આહા..હા..! ઉચિત સ્થાન, સાનિધ્ય. પ્રવચનસારમાં છેને. છે બસ એટલું. એના પણ વાંધા. જો એ રાગનો કર્તા ન થયો હોત તો અહીંયાં કર્મપણે પરિણમતા પરમાણુ? પણ એ પ્રશ્ન જ ક્યાં છે? અહીં તો પરિણમ્યો છે રાગરૂપે ત્યારે કર્મ પરિણમ્યું તે સ્વયં પોતે પરિણમે છે. નવરંગભાઈ! આ બધા વાંધા. આહા..હા..! અરે.. ભગવાન! એનો સ્વકાળ છે. અકર્મપણે પરમાણુ જે હતા તે પરમાણુને કર્મપણે પરિણમવાનો ક્ષણ છે. અહીં રાગનો કર્તા થયો માટે અહીં કર્મપણે પરિણમવું પડ્યું એમ નથી. છે?

**‘ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને પોતે પોતાના ભાવથી જ...’** કર્મની પર્યાયરૂપ ભાવથી જ **‘પરિણમતું પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે.’** આહા..હા..! કેટલી સ્વતંત્રતા બતાવી છે! આહા..હા..! તે વખતે પરમાણુ કર્મપણે પરિણમવાની લાયકાત હતી તે કર્મપણે થયા છે. બધા કેમ ન થયા? જેને એ કર્મ દર્શનમોહપણે પરિણમવાનો સમય હતો તે પરમાણુ કર્મપણે થયા. આહા..હા..! આણે રાગ કર્યો માટે થયા તે કાળે એ નિષેધવા માટે તો ‘સ્વયં પોતાના ભાવથી પરિણમતો.’ (એમ કહ્યું છે). છેને? ક્યાં આવ્યું? સ્વયં પોતાના ભાવથી જ પરિણમતો. પોતાની કર્મરૂપી પર્યાય સ્વયં પોતાના ભાવથી પોતે (કરતો થકો). આહા..હા..! પોતાના ભાવથી. આવી વાત છે, ભાઈ!

એ કર્મને એ રીતે પરિણમવાનો પરમાણુમાં ક્રમ એનો હતો. ત્યાં પણ ક્રમ હતો અને અહીં પણ ક્રમ છે. આહા..હા..! કેટલું સમાડ્યું છે! ઓહોહો..! આ ટીકા તો જુઓ, આ સ્થિતિનું વર્ણન તો અન્યમતમાં શ્વેતાંબરમાં પણ નથી ક્યાંય આવું. દિગંબરમાં પણ આ ઠેકાણે (સિવાય) બીજે ક્યાંય આવું નથી સ્પષ્ટીકરણ. આહા..હા..! જ્યારે તારા જ્ઞાનસ્વભાવે આત્મા પોતે પરિણમે છે ત્યારે એ સ્વકાળ એનો છે પરિણમવાનો. આહા..હા..! અને તે પરિણમનના

સ્વકાળને છોડી દઈને, આહા..હા..! એને રાગરૂપે પરિણમવાનો સ્વકાળ છે. છોડી દઈને અર્થ કે પરિણમવાનો હતો એને છોડીને એમ નહિ. એ તો જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ છે જ્ઞાનનો તે પરિણમે એમ દશા હોવી જોઈએ, એમ. એ દશા ન થતાં એ ન થવાનો કાળ જ હતો એ. સમજાણું કાંઈ?

**'પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે.'** આહા..હા..! કેટલું .. અંદર. જ્ઞાન અને આત્મા એક છે એમ જે પરિણમે છે એમાં દર્શનમોહનો અભાવ હતો માટે પરિણમ્યો છે એવી અપેક્ષા નથી ત્યાં. સમજાણું કાંઈ? એ વખતે દર્શનમોહનો અભાવ છે. અભાવ છે માટે જ્ઞાનપણે પરિણમ્યો છે એમ અપેક્ષા નથી. અને રાગપણે પરિણમ્યો છે ત્યાં દર્શનમોહનો ઉદય છે માટે રાગપણે, મિથ્યાત્વપણે, છેને મિથ્યાત્વ છેને એ. 'રાગ મારો' એમ પરિણમે એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! એ દર્શનમોહનું નિમિત્ત છે માટે અહીં પરિણમ્યો છે એમ નથી. નિમિત્તનો અર્થ 'છે'. પોતે પોતાને કારણે મિથ્યાત્વ-અજ્ઞાનભાવથી પરિણમ્યો છે. એટલું નિમિત્તમાત્ર જોઈને. એ તો છે એટલું. એને ક્યાં જોવું હતું કર્મને કે આવો અહીં રાગ છે માટે આમ (પરિણમું). એમ છે? આહા..હા..! તે કાળે તે પરમાણુમાં તે અવસ્થાને પરિણમવાનો જ એનો કાળ હતો. એ પૌદ્‌ગલિક કર્મ પોતે પોતાના ભાવથી, પર્યાયથી, યોગ્યતાથી પરિણમતું પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે. આહા..હા..! ઘણા નિયમો આજ તો આવ્યા. આહા..હા..!

**'એ રીતે જીવ ને પુદ્‌ગલનો, પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે...'** આ ત્રીજું આવ્યું. જ્ઞાન અને આત્માનો તાદાત્મ્યસંબંધ, આત્માને અને રાગને સંયોગસંબંધ અને કર્મ ને રાગને બેનો પરસ્પર અવગાહસંબંધ છે. આહા..હા..! **'જીવને પુદ્‌ગલનો, પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે.'** એક સ્થાનમાં એક અવગાહ રહેવું એવો બંધ સિદ્ધ થાય છે બસ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૧૧, બુધવાર, તા. ૦૭-૦૭-૧૯૭૬, ગાથા-૬૯ થી ૭૧, પ્રવચન નં. ૧૧૮

જરી ફરીને આવશે. ભાવાર્થમાં આવશે વધારે.

એમ કે આત્મા અજ્ઞાનપણે રાગ-દ્વેષને કરે એ વખતે કર્મ પોતાની મેળાએ પરિણમે. અને કર્મ જે છે એ નિમિત્ત છે અને અજ્ઞાની પોતે અજ્ઞાન કરે ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે છે. વધારે ભાવાર્થમાં આવશે. બે દ્રવ્ય હોવા છતાં. અનેક એટલે બે. '**(અનાદિ) એક પ્રવાહપણે હોવાથી...**' એટલે કે રાગ-દ્વેષ અજ્ઞાની કરે તે કાળે કર્મરૂપે કર્મ પરિણમે અને અજ્ઞાન કરે ત્યારે તે કાળે પૂર્વના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. '**ઈતરેતરાશ્રય દોષ દૂર થયો છે...**' એટલે કે આને લઈને આ અને આને લઈને આ એમ અનાદિ છે એ કાંઈ સિદ્ધ કરવા એકબીજાના આશ્રયની જરૂર નથી અહીં. એવો બંધ કર્તાકર્મની પ્રવૃત્તિ એ નિમિત્ત, એ '**અજ્ઞાન તેનું નિમિત્ત છે.**' ભાવાર્થમાં આવશે.

'**ભાવાર્થ :- આ આત્મા, જેમ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે...**' આત્મા અને જ્ઞાન તદ્રૂપ છે—તાદાત્મ્યરૂપ છે. જેમ અગ્નિ અને ઉષ્ણતા એકરૂપ તદ્રૂપ (છે), એમ આત્મા અને જ્ઞાનસ્વભાવ એકરૂપ છે. જે જ્ઞાનમાં એકાગ્ર થાય એ આત્મામાં જ એકાગ્ર થયો છે. જ્ઞાનસ્વભાવ આત્મા એની સન્મુખ થઈને એ જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા, જ્ઞાનની ક્રિયા, આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ્ઞાનની ક્રિયા છે. એ જ્ઞાનની ક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી. એ તો ક્રિયા એની પોતાની છે. આહા..હા..! એ કીધું.

'**પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે તેમ જ્યાં સુધી ક્રોધાદિરૂપ પણ પરિણમે છે,...**' એમ પુણ્ય અને પાપના ભાવ એ મારા છે એમ કરીને પરિણમે અને જ્ઞાન અને વિકારમાં ભેદ ન જાણે. આહા...! ચાહે તો દયા, દાન, વ્રતનો ભાવ હોય, પણ એ વિકાર છે. એ વિકાર અને આત્માના સ્વભાવની જુદાઈ ન જાણે, ભેદ ન જાણે '**ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે;...**' લ્યો! અહીં તો આ લીધું. આહા..હા..! આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે અને રાગાદિ વિભાવ મલિન પરિણામ દુઃખરૂપ છે એમ બેને જુદાં ન જાણે ત્યાં સુધી અજ્ઞાનીને વિકારી કર્મનો કર્તા અને વિકારી પરિણામ એનું કર્મ (એવી પ્રવૃત્તિ છે). કાલે તો આવ્યું હતુંને કે પરદ્રવ્યનો કર્તા ન માને એ શ્વેતાંબર છે. આવ્યું હતું? કહો. અહીં તો કહે છે, રાગનો કર્તા માને એ મિથ્યાદૃષ્ટિ છે. પરદ્રવ્યનો તો કર્તા છે જ નહિ આત્મા. કારણ કે પરદ્રવ્ય સ્વતંત્ર છે, એ પોતાના કારણે પરિણમે છે.

**શ્રોતા :-** આ પુસ્તક સોનગઢથી છપાયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ શબ્દો ક્યાં સોનગઢના છે? આ તો પહેલામાં હતા ઈ છે.

**શ્રોતા :-** સંસ્કૃતમાં ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસ્કૃતમાં આ રહ્યા. જુઓને, '**यथायमात्मा तादात्म्यसिद्धसम्बन्धयोरात्मज्ञानयोरविशेषाद्भेदमपश्यन्न...** ' આહા..હા..! બેને જુદાં ન જાણે. 'જ્ઞાન જાણવાનો સ્વભાવ અને આત્મા બે એક છે' એમ જે દૃષ્ટિ કરીને એ જ્ઞાનના સ્વભાવની ક્રિયામાં પરિણમે એ સ્વભાવની ક્રિયા છે, એને ધાર્મિક ક્રિયા કહીએ. એ જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થઈને પરિણમે, અવિકારીપણે થાય તે એની સ્વભાવભૂત ક્રિયા એ ધાર્મિકક્રિયા છે. આહા..હા..!

**શ્રોતા :-** આમાં શું સમજવું? હજી તો આમાં કાંઈ સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન સમજાણું? આહા..હા..!

આત્મા વસ્તુ છે ત્રિકાળી, એનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળી. એ બેને અભેદ માનીને જે જ્ઞાનની દશામાં પરિણમે, આહા..હા..! સમ્યગ્દર્શનપણે, સમ્યગ્જ્ઞાનપણે કે સમ્યક્ચારિત્રપણે સ્વભાવમાં એકાગ્ર થઈને થાય તેને સ્વભાવભૂત ક્રિયા, ધાર્મિકક્રિયા કહેવામાં આવે છે. લ્યો, હવે આ સમજાય છે કે નહિ? કહો, રતિભાઈ! આહા..હા..!

ફરીને. આ આત્મા જે વસ્તુ છે એ જ્ઞાનસ્વભાવી સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે. એમાં રાગ પણ નથી, પુણ્ય પણ નથી, પાપ પણ નથી અને ત્રિકાળી સ્વભાવમાં અલ્પજ્ઞપણું નથી. એવી જે શક્તિનું તત્ત્વ જ્ઞાનસ્વભાવશક્તિ એ આત્મા એમ જેની દૃષ્ટિ જ્ઞાન ઉપર જઈને, પુણ્ય-પાપપણે થાય છે તેને છોડી દઈને, જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય તે આત્માની ધાર્મિક ક્રિયા-સ્વભાવભૂત ક્રિયા નિષેધવામાં આવી નથી. કહો, ગિરધરભાઈ! આહા..હા..! આવી વાત છે ઝીણી. દેહની રુચિ છોડી અને દયા, દાનના પરિણામ હોય એની પણ રુચિ છોડી અને આત્મા જ્ઞાનસ્વભાવમાં રુચિમાં પરિણમે, આહા..હા..! તેને અહીંયાં ધાર્મિકક્રિયા, સ્વભાવભૂત ક્રિયા કહેવામાં આવે છે. કહો. એ ક્રિયા નિષેધ કરી શકાતી નથી, પણ અજ્ઞાની તેને ન જાણતાં અનાદિથી અજ્ઞાની 'જ્ઞાનસ્વભાવ તે હું' એવા અસ્તિત્વનો સ્વીકાર જેને નથી તેને આ દયા, દાનના પરિણામ જે રાગના છે એ પરિણામ રાગ છે એ મારા છે અને રાગપણે પરિણમનારો હું છું અને પરિણમું તે રાગ તે મારું કાર્ય છે. આહા..હા..! આ કર્તા ને કર્મની પ્રવૃત્તિ અજ્ઞાનીની છે.

**શ્રોતા :-** અજ્ઞાનીને આટલો બધો વિચાર ક્યાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ક્યાં ભાન હતું? પણ આમ તો... રાગ જે થાય છે તેપણે પરિણમે છે એનો અર્થ જ એ. શુભ કે અશુભ રાગ વિકાર થાય છે તેરૂપે પરિણમે છે એ કર્તા આત્મા અને એ રાગદ્વેષનું કર્મ એનું. આહા..હા..! હવે અહીં તો રાગ-દ્વેષનું કર્મ માને પોતાનું એ મિથ્યાત્વી છે. ઓલા કહે કે પરનો કર્તા ન માને તે શ્વેતાંબર. શ્વેતાંબરમાં કે

દી હતું? આહા..હા..! અરેરે..! ભાઈ! એ તો મખનલાલજીએ લખ્યું છે આ પુસ્તકમાં આજે આવ્યું છે. પુસ્તક નથી આવ્યું પણ પુસ્તકની આલોચના આવી છે વીર વાણીમાં. શું કહેવાય એ? ભંવરલાલ. જયપુર-જયપુર. એનો ભંવરલાલે લખ્યો છે. એમ કે આ એના ખંડન તરીકે પુસ્તક છે પણ એમાં સત્યાર્થ કેટલું છે એ તો વિચારવા જેવું છે. ભંવરલાલ. અરેરે... શું કરે? આહા..હા..!

અહીં તો કહે છે કે આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે એને પોતાના સ્વકાળે જ્ઞાનની એકાગ્રતા થઈને વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય એ ધર્મીનું કાર્ય અને એ કાર્યનો ધર્મી કર્તા. કહો, સમજાણું કાંઈ? આવી વાત. શું થાય? જગતને તત્ત્વની ખબર ન મળે પછી દોરાઈ ગયા જ્યાં ત્યાં. જ્ઞાનસ્વભાવરૂપ આત્મા એ રાગ ને પુણ્યના ભાવરૂપ આત્મા નહિ. એ તો વિકાર છે. જ્ઞાનસ્વભાવરૂપ આત્મા એ જ્ઞાનમાં એકાગ્ર થઈને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયા કરે એ આત્માનું કર્મ છે. એ ધર્મીનું એ કર્તવ્ય છે અને એનો એ કર્તા છે. આહા..હા..! પણ એમ ન માનતા જ્યાં સુધી વિકારરૂપે પરિણમે છે ક્રોધાદિ એટલે.. શુદ્ધ સ્વભાવ તેનો પ્રેમ છોડીને એ પુણ્ય ને પાપના પ્રેમમાં દોરાઈ ગયો છે એને આત્માના સ્વભાવ પ્રત્યે ક્રોધ છે. રાગની રુચિમાં ગયો છે એને આત્માના સ્વભાવ પ્રત્યે દ્વેષ છે એમ કહે છે, ક્રોધ છે એને. આહા..હા..! એ તો પછી... રાગની રુચિવાળાને આત્મસ્વભાવ હેય છે અને આત્મસ્વભાવની રુચિવાળાને રાગ હેય છે. પુણ્ય-પાપ બેય હેય છે. આહા..હા..!

'**જ્યાં સુધી ક્રોધાદિરૂપ પણ પરિણમે છે,...**' ભાવાર્થ છેને? ક્રોધનો અર્થ એ કે ચૈતન્યસ્વભાવ પવિત્ર આનંદનો સાગર છે તેની સન્મુખ ન જોતાં તેનાથી વિરુદ્ધ રાગમાં જોડાઈ જાય છે એને સ્વભાવ પ્રત્યે અણગમો—દ્વેષ છે. આહા..હા..! આવી વ્યાખ્યા! '**જ્ઞાનમાં અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી,...**' આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અને પુણ્ય-પાપના ભાવ એ ક્રોધ, માન, માયા, લોભ, વિકાર બેને જુદાં જાણતો નથી '**ત્યાં સુધી એને કર્તાકર્મની પ્રવૃત્તિ છે;..**' લ્યો! એ વિકારી પરિણામ મારું કર્તવ્ય અને હું એનો કર્તા. બેની જુદાઈ ન જાણે ત્યાં સુધી આ કર્તાકર્મ છે. શરીરની ક્રિયાનો કર્તા એ તો અહીં વાત છે જ નહિ. વાણી, શરીર એ તો સ્વતંત્ર છે. એનો કર્તા તો અજ્ઞાની આત્મા પણ નથી.

**શ્રોતા :-** અસદ્ભૂત વ્યવહારનય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કથનમાત્ર જૂઠા. જૂઠી નયે જૂઠું કહેવાનું છે. આહા..હા..! આકરી વાત. પણ એવી દરકાર કોને છે? મારું શું થશે? શું સત્ય છે? એ તો જ્યાં જન્મ્યા એમાં ને એમાં રળવું, ખાવું, પીવું, ઈન્દ્રિયના વિષયો, આખો દી કરીને મરીને જાય પછી. આહા..હા..!

અહીંયાં તો જેને તત્ત્વની દૃષ્ટિની જરૂર છે એને અહીં પરમાત્મા કહે છે. ભાઈ! તું આત્મા

છોને. રાગ ને પુણ્યવાળું એ તો આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વ એ તું નથી. એવું જેને આસ્રવતત્ત્વ અને આત્મતત્ત્વની ભેદદૃષ્ટિ થઈ તે જ્ઞાનમાં પ્રવર્તે છે, એ રાગમાં પ્રવર્તતો નથી. અને આસ્રવ અને આત્માનું ભેદજ્ઞાન નથી ત્યાં રાગમાં પ્રવર્તે છે. કહો, સુજાનમલજી! આ તો સીધી વાત છે. આહા..હા..! એ વિકારમાં અને આત્માનો ભેદ જાણતો નથી ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે. લ્યો! આહા..હા..! ખરેખર તો એ પર્યાય વખતે પર્યાય કર્તા અને એ પર્યાય એનું કર્મ, એમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! શુભ-અશુભરાગ એનો એ કર્તા પર્યાય રાગ કર્તા પર્યાય થાય છે, દ્રવ્ય કર્તા નથી. એ તો એનો અભેદ કરીને સમજાવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ વિકારી પર્યાય જે થાય છે એનું કર્તા એ પર્યાય, કર્મ એ પર્યાય, સાધન એ પર્યાય, આધાર એ પર્યાય બધું એ પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એમ અજ્ઞાની એ વિકારી પર્યાયનું કર્તાપણું માની અને કર્મપણે-રાગપણે પરિણમે છે એને સંસાર કર્મ બંધાય છે. આહા..હા..!

ધર્મી રાગ ને આત્માના સ્વભાવને ભિન્ન જાણતો રાગમાં ન થતાં જ્ઞાનમાં થાય છે-પરિણમે છે, એને જ્ઞાનનું કાર્ય એનું પર્યાય કર્તા. ખરેખર એ તો નિર્મળ પર્યાય કર્તા અને નિર્મળ પર્યાય કાર્ય છે. પછી આત્મા એનો છે એમ કરીને આત્મા કર્તા કીધો. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ છે એ તો ત્રિકાળી ધ્રુવ છે. હવે એ ધ્રુવમાં એકાગ્ર થાય તો એ તો પર્યાય થઈ. એ સ્વભાવિક પર્યાય જે છે એ ધર્મ છે અને એ પર્યાયનો કર્તા પર્યાય છે. એ આત્મા કર્તા છે એમ કરીને અભેદથી વાત કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત આવી. એ બેની ભિન્નતા જે જાણે એ તો જ્ઞાનમાં પરિણમે આત્મસ્વભાવમાં. તેથી તે પર્યાય નિર્મળ તેની કર્તા અને નિર્મળ પર્યાય તેનું કાર્ય; પણ અજ્ઞાની રાગ અને સ્વભાવની ભિન્નતા ન જાણતો રાગની પર્યાય તેનો કર્તા પર્યાય અને રાગ એનું કર્મ. આહા..હા..! કહો, એ અજ્ઞાનીનું રાગ એ કર્મ. ભાવકર્મ હોં! આહા..હા..!

જુઓ, '**ક્રોધાદિરૂપ પરિણમતો તે પોતે કર્તા છે...**' જોયું! '**અને ક્રોધાદિ તેનું કર્મ છે.**' આહા..હા..! '**કર્તાકર્મની પ્રવૃત્તિ છે,...**' આહા..! '**વળી અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે,...**' અનાદિ અજ્ઞાનથી સ્વરૂપના ભાન વિના કર્તાકર્મની (પ્રવૃત્તિ)--વિકારનું કાર્ય અને વિકાર કર્તા એવી પ્રવૃત્તિ છે એ '**કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે...**' એને લઈને નવા કર્મ બંધાય છે. સમજાણું કાંઈ? '**અને તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે;...**' અરસપરસ કીધું. એ બંધ છે એ અજ્ઞાની પોતે અજ્ઞાન કરે છે એમાં એ બંધ નિમિત્ત છે. આહા..હા..! શું છે? ધન્નાલાલજી! શું છે?

'**અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે, કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે...**' રજકણ. ત્રણ વાત કરી. એક વાત તો આત્મા અને જ્ઞાનસ્વભાવનું તદ્રૂપ છે, તાદાત્મ્ય છે, તેથી જ્ઞાનમાં પ્રવૃત્તિ કરે છે તે એનું કર્મ નિર્મળ અને એનો કર્તા પણ નિર્મળ. એ તાદાત્મ્ય

સંબંધની વાત કરી. હવે સંયોગસંબંધ, એ પુણ્ય અને પાપનો ભાવ છે એ જીવને સંયોગ સંબંધે છે, સ્વભાવસંબંધ નહિ. આવી વાતું! હવે એને કંઈ નવરાશ ન મળે બિચારાને નક્કી કરવાનું. ૨૨ કલાક, ૨૩ કલાક લૂંટાઈને કલાક સાંભળવા જાય. એમાં આવી વાતું કરે કે આમ કરો ને આ કરો.. આ કરો.. દયા પાળો, ભક્તિ કરો, વ્રત કરો, તપ કરો. સમજાય પણ ખરું આવું. વિકાર છે એ પોતાને ખબર નથી. જ્ઞાનીને હોય છે એ શુભભાવ પણ એ હેયબુદ્ધિએ હોય છે અને અજ્ઞાનીને ઉપાદેયબુદ્ધિએ હોય છે. આ વાતનો ફેર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે...**' જુઓ, આત્મા અને જ્ઞાનસ્વભાવ તાદાત્મ્યસંબંધ છે. આત્માને રાગની સાથે સંયોગસંબંધ છે અને એનાથી જે બંધાણું કર્મ એ અરસપરસ અવગાહસંબંધ છે-એક ક્ષેત્રે રહેવું એટલો સંબંધ છે. સમજાણું કાંઈ? આવી વાતું હવે. જીવ અને પુદ્‌ગલનો સંબંધ અવગાહસંબંધ છે—એક ક્ષેત્રે એટલું. કોઈ કોઈનો કર્તા છે નહિ. કર્મની પર્યાયનો રાગ કર્તા નહિ અને રાગનો કર્તા કર્મની પર્યાય નહિ. એક ક્ષેત્રાવગાહે સંબંધ છે. સમજાણું કાંઈ? પહેલી ગાથામાં તો બહુ નાખ્યું છે ૬૯-૭૦માં. આહા..હા..! '**બંધના નિમિત્તથી અજ્ઞાન છે;...**' આહા..હા..! એ બંધ છે એને ઉદય કાળે અજ્ઞાન પોતે કરે છે ત્યારે એ બંધનું નિમિત્ત છે. બંધને લઈને અજ્ઞાન છે એમ નહિ. આ તેથી કહ્યુંને '**બંધના નિમિત્તથી અજ્ઞાન છે;...**' બંધનું નિમિત્ત છે. ઉપાદાન તો પોતાનું અજ્ઞાનથી કરે છે ત્યારે. રાગને પોતાનો માને એવું અજ્ઞાન, એમાં બંધ નિમિત્ત છે. આહા..હા..!

'**એ પ્રમાણે અનાદિ અનંત** (પ્રવાહ) **છે,...**' અનાદિનો પ્રવાહ ચાલે છે. વિકારી ભાવ કરે એ સંયોગીભાવનો સ્વામી થઈને, ત્યારે નવા કર્મ બંધાય એ એને પોતાના સ્વતઃ કારણે, તે વખતે પરમાણુમાં કર્મપર્યાય થવાની લાયકાતવાળા પરમાણુ પરિણમે એ સંયોગસંબંધ કીધો; અને જ્ઞાન ને આત્માના એકાકારને સ્વભાવસંબંધ કીધો અને રાગ અને કર્મનું બંધાવું એક ઠેકાણે જગ્યાએ રહેવું એ પરસ્પર અવગાહસંબંધ કીધો—એક જગ્યાએ રહેવું એટલો સંબંધ. એક જગ્યાએ એકબીજાના કર્તાકર્મ થવું એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અજ્ઞાન, રાગ-દ્વેષ એનું કર્મ અને રાગ-દ્વેષ કર્તા એ જુદી વસ્તુ થઈ, પણ જડની પર્યાયનો આત્મા કર્તા અને જડની પર્યાય રાગનો કર્તા એમ નથી. એક જગ્યાએ રહેવું એ એનો સંબંધ છે બસ એટલું. આહા..હા..! આ જૂના માણસને તો કાંઈ પકડાય નહિ. શું આ કહે છે? આહા..હા..! ત્રણ સંબંધ કીધા. એક વસ્તુનો સ્વભાવ જ્ઞાન અને આત્મા એ તાદાત્મ્યસંબંધ, એમાં પરિણમવું તે ધર્મ; રાગને અને આત્માને સંયોગસંબંધ, એમાં પરિણમવું તે અજ્ઞાનભાવ અને રાગનું થવું તે કાળે કર્મનું થવું એ સંયોગી સંબંધનો ઓલો સંયોગ થયો બીજો એ એને કારણે પરિણમ્યો. એકક્ષેત્રાવગાહે ભેગા છે એટલું. કહો. જેઠાલાલજી! આવું છે.

'**ઈતરેતર-આશ્રય દોષ પણ આવતો નથી.**' એમ કહે. એમ કે રાગને લઈને આ

અને આને લઈને આ એમ નહિ. અનાદિ પ્રવાહ છે. રાગ કરે છે અજ્ઞાની, નવું કર્મ એને કારણે બંધાય છે. જ્યારે અજ્ઞાની અજ્ઞાન કરે છે ત્યારે જૂનું કર્મ એને નિમિત્ત કહેવાય છે.

**શ્રોતા :-** કર્મ જીવનો છેડો છોડતો નથી એનું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ છોડતું નથી? કોણે કીધું? પોતે રાગને પકડે છે એટલે કર્મબંધન થાય છે. ન્યાયના ગ્રંથમાં તો એમ આવે. ઓલું આવે છેને? મોહ આવરણ ક્ષય. એક અંશે મોહના આવરણનો .. ક્ષય છે, તો સર્વથા મોહ અને આવરણનો ક્ષયવાળા સર્વજ્ઞ છે. મોહક્ષય આવરણ આવે છેને? દોષ-દોષ આવરણ ક્ષયાત. એ.

એટલે? સ્વદોષ જે છે એ જ એનું નિશ્ચયથી તો આવરણ છે અને એને કર્મનું નિમિત્ત છે એ વ્યવહાર આવરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં તો એમ જ આવે. બે કારણે કાર્ય છે એમ કહે. નિમિત્ત અને ઉપાદાન. એ તો નિમિત્ત નથી માનતા એને નિમિત્ત સિદ્ધ કરવું છે. આહા..હા..! દોષ આવરણ છેને? એમાં ઉતાર્યું છે. બે કારણે કાર્ય થાય છે. ઉપાદાન અને સહકારી. એનો અર્થ કે સહકારી ચીજ છે એનું જ્ઞાન કરાવ્યું છે. એ સહકારી ચીજથી અહીં જ્ઞાન થાય છે એમ બિલકુલ નથી.

રાગની ઉત્પત્તિ સ્વતઃ પોતાના અજ્ઞાનભાવથી કરે છે. આહા..હા..! અને કર્મ પણ સ્વતઃ પોતાની યોગ્યતાથી તે કર્મબંધ (થાય છે). યોગ્યતા શબ્દ છે હોં ત્યાં. યોગ્યતા સંસ્કૃતમાં છે. અને ભાઈએ નથી (લખ્યું) '**योग्यता एव शरणं**'? તત્ત્વ મિમાંસા, જૈનતત્ત્વ મિમાંસા. આહા..હા..! ખરેખર તો એ વિકારની યોગ્યતા એની પોતાની યોગ્યતા છે અને કર્મ બંધાવું એ એની યોગ્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિકાર કર્યો માટે ત્યાં કર્મને બંધાવું પડ્યું એમ નથી. વિકાર કર્યો એ પોતાની યોગ્યતા છે અને બંધાવું એ જડની યોગ્યતાથી કર્મપણે પરિણમ્યા છે. આવી વાત છે, બાપુ! આહા..હા..! એવી વાત છે. એ યોગ્યતા શરણં. આહા..હા..! એ પૂરું થયું લ્યો!

હવે '**આ રીતે જ્યાં સુધી આત્મા ક્રોધાદિ...**' એટલે પુણ્ય-પાપના ભાવરૂપે કર્મનો કર્તા થઈ પરિણમે, વિકારના ભાવરૂપે કર્તા થઈને થાય '**ત્યાં સુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી કર્મનો બંધ થાય છે.**' લ્યો આ સરવાળો.

'**હવે પૂછે છે કે આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે? તેનો ઉત્તર કહે છે :-**' લ્યો! ૭૧.

**जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव।**
**णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से।।७१।।**
**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું,**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.**

'**ટીકા :- આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે,...**' આહા..હા..! જગતની

કોઈપણ ચીજ છે એ એના પોતાના સ્વભાવમાત્ર જ છે. '**અને સ્વનું ભવન તે સ્વભાવ છે...**' એ સ્વભાવમાત્ર છે એ સ્વભાવથી તેના સ્વભાવપણે થવું તે સ્વભાવ છે. એ તો સિદ્ધાંત કીધો. '**માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે...**' આહા..હા..! આત્મા જ્ઞાનપણે, શ્રદ્ધાપણે, શાંતિપણે પરિણમે એ આત્મા છે. સમજાણું કાંઈ?

'**નિશ્ચયથી જ્ઞાનનું...**' એટલે આત્માનું '**પરિણમવું...**' એટલે આત્માપણે, આનંદપણે, જ્ઞાનપણે, સમ્યગ્દર્શનપણે, સમ્યગ્જ્ઞાનપણે, સમ્યક્ચારિત્રપણે પરિણમવું '**તે આત્મા છે...**' ઠીક! આ તો સ્વભાવ છે એવું પરિણમવું તે આત્મા છે. ઓલો ત્રિકાળી આત્મા છે એની તો વાત આખી ત્યાં. નહિતર તો ત્રિકાળી છે તે જ આત્મા છે નિશ્ચયથી. અહીં તો હવે પરિણમવું તે આત્મા છે. એની જાતરૂપે પરિણમે તે આત્મા છે. આહા..હા..! નિયમસાર ૩૮ ગાથામાં તો કહ્યું કે સંવર, નિર્જરા અને મોક્ષ પણ પર્યાય છે, એ આત્મામાં નથી, ત્રિકાળી વસ્તુમાં એ છે નહિ. ત્રિકાળી વસ્તુ અવિનાશી અને આ પર્યાયો બધા નાશવાન છે. આહા..હા..! જે અહીં પરિણમવું કહ્યુંને એ નાશવાન ચીજ છે. શું કહ્યું? નાશવાન ચીજ છે.

ફરીને. આ વસ્તુ જે છે એ સ્વભાવમાત્ર (છે). પોતાનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ આદિ જીવનો. પહેલો તો સિદ્ધાંત હતો. પછી દરેકને. પણ હવે આત્મા ઉપર ઉતાર્યું. ખરેખર જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે. કેમકે આત્મા તે જ્ઞાનસ્વભાવમાત્ર છે. આહા..હા..! આત્મા તે જ્ઞાનસ્વભાવમાત્ર છે. તેથી એ જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે. આહા..હા..! કહો. ત્યાં ના પાડી કે આત્મા છે એમાં પરિણમવું—એ પર્યાય આત્મામાં નથી. એ તો ત્રિકાળીનો ધ્યેય બતાવવાની વાત છે. અહીં તો વસ્તુ રાગપણે ન પરિણમે અને સ્વભાવપણે પરિણમે તેને આત્મા કહીએ એમ કહેવામાં આવે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ?

ખરેખર જ્ઞાનનું પરિણમવું, જ્ઞાનસ્વરૂપ પ્રભુ, જાણકસ્વભાવી આત્મા એનું જાણકસ્વભાવે પરિણમવું પર્યાયમાં એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે થવું એ જ્ઞાનનું પરિણમવું છે. આહા..હા..! અને તે આત્મા છે. એટલે? વસ્તુ તે આત્મા, એનો જ્ઞાનસ્વભાવ તે ત્રિકાળી એ આત્મા, હવે સ્વભાવપણે પરિણમવું એ પણ આત્મા. તેથી કહ્યુંને '**વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને સ્વનું ભવન તે સ્વભાવ છે...**' પરિણમવું. આહા..હા..! એમ નિશ્ચયથી જ્ઞાનનું થવું—પરિણમવું તે આત્મા છે. રાગનું થવું આત્મા નહિ. આહા..હા..!

જે એનો સ્વભાવ છે સ્વભાવવાનનો—સ્વભાવવાન વસ્તુ અને જ્ઞાન, આનંદ આદિ એનો સ્વભાવ, એ વસ્તુસ્વભાવમાત્ર છે અને એ સ્વભાવનું પરિણમવું, શુદ્ધ ચૈતન્યની પરિણતિ થવી તે આત્મા. કારણ કે જે આત્માની જાત અને સ્વભાવ હતો તે રૂપે દશા થઈ. આહા..હા..! આત્માના ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે થયું તે આત્માના સ્વભાવનું પરિણમવું તેને આત્મા કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? અને ત્યાં ૩૮ ગાથામાં કહ્યું એ તો ત્રિકાળી વસ્તુ તે આત્મા, એ અવિનાશી અને સંવર-નિર્જરા આદિ પ્રગટે તે

બધી નાશવાન પર્યાય (છે), માટે હેય છે. આહા..હા..! ત્રિકાળી ચીજ તે ઉપાદેય છે. ઉપાદેય છે એ પરિણતિમાં ઉપાદેય છે. પરિણતિ નાશવાન છે. ત્રિકાળીને ઉપાદેય કર્યો. ત્રિકાળીને આત્મા કહ્યો ત્યાં ૩૮ ગાથામાં.

અહીં તો કર્તાકર્મની વ્યાખ્યા છે. એટલે આત્મા જે સ્વભાવ છે એ પણે પરિણમે તે કર્તાનું કર્મ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? શું કહ્યું ઈ? ૩૮ ગાથામાં નિયમસારમાં જે કહ્યું ત્યાં તો આસ્રવ, પુણ્ય-પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધી પર્યાય છે અવસ્થારૂપે, તેથી એક સમયની સ્થિતિ માટે નાશવાન (છે) અને ત્રિકાળી વસ્તુ જે છે તે અવિનાશી. એ ત્રિકાળી વસ્તુ છે તેને ત્યાં આત્મા નિશ્ચયથી કહેવામાં આવ્યો છે. ત્યાં આગળ એક આત્મા ત્રિકાળી સિદ્ધ કરવો છે. અહીં કર્તાકર્મ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પુણ્ય-પાપના ભાવ એ વિકારી પરિણામ છે અને વિકારી પરિણામ એ કર્મ મારું એ તો અજ્ઞાની માને છે. જ્ઞાનીનું કર્મ... આહા..હા..! કર્મ એટલે કાર્ય, એ જ્ઞાન સ્વભાવનું જ્ઞાનરૂપે થવું એ જ્ઞાનીનું કર્મ અને જ્ઞાનીનું કાર્ય, એનો એ કર્તા. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણો માર્ગ, માર્ગ વીતરાગનો. લોકોને બહારથી માગે છેને એને આ એવું લાગે કે આહા..! વ્યવહારનો લોપ કરે છે અહીં તો. રાગાદિ તારામાં નથી અને એ કાર્ય તું માન તો એ અજ્ઞાન છે. આહા..હા..! કેમકે તારા સ્વભાવમાં એ ચીજ નથી. આહા..હા..!

શુદ્ધ ચૈતન્યઘન ભગવાન એ એનો સ્વભાવ અને એ સ્વભાવનું પરિણમવું—થવું એ કર્તાનું કર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આ તો સમજાય એવું છે. ભાષા ભલે સાદી છે, ભાવ ભલે ઊંચા હોય. આહા..હા..! જે આત્મા અને આત્માના સ્વભાવને જોઈ સન્મુખ થયો તેની જે દશા થઈ એ જ્ઞાનીનું કર્મ—કર્તવ્ય છે. આહા..હા..! નિશ્ચયથી જે મોક્ષમાર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચયમોક્ષમાર્ગ એ પર્યાય છે. એ પર્યાયપણે આત્મા પરિણમ્યો માટે તેને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'અને ક્રોધાદિનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે.'** આહા..હા..! એ સ્વભાવનો આશ્રય છોડી ચૈતન્યસ્વભાવના અજ્ઞાનથી, એના સ્વભાવના અજ્ઞાનથી પુણ્ય અને પાપના ભાવનું થવું તે વિકારીભાવ તે વિકારરૂપ છે, એ આત્મા નહિ. આહા..હા..! રાગરૂપે થવું એ આત્મા નહિ. કારણ કે આત્મામાં રાગ વસ્તુ છે નહિ. આહા..હા..! **'ક્રોધાદિનું થવું—પરિણમવું તે ક્રોધાદિ છે.'** આહા..હા..! એટલે? શુભરાગપણે થવું એ સ્વભાવ પ્રત્યેના વિરુદ્ધ ભાવો ક્રોધ છે એ રૂપે થયો ઈ, સ્વભાવપણે ન થયો. આહા..હા..! ઝીણું બહુ, ભાઈ! હવે આ તો હજી પરના કર્તા માને એ ધર્મી. કરી દઈએ, આમ કરી દે પરનું. આહા..હા..! બહુ ફેરફાર. પરના કાર્યની તો અહીંયાં વાત પણ નથી. અહીંયાં તો એનામાં વિપરીત જે વિકારીભાવ થાય એ આત્માને ન જાણનારને વિકારીભાવનું થવું એ વિકારરૂપ તે અનાત્મા છે. આહા..હા..! એ આત્મા ન રહ્યો. પુણ્ય ને પાપના આસ્રવભાવે થયો તે આત્મા નહિ. આહા..હા..! છે

કે નહિ ઈ? શું કહ્યું ઈ?

**શ્રોતા :-** પુણ્યપણે થવું તે આત્મા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. આહા..હા..! એ રાગની રુચિપણે રાગમાં પરિણમન તે વિકારભાવ તે આસ્રવ છે, એ આત્મા નહિ. આહા..હા..! છે?

**'ક્રોધાદિનું થવું—પરિણમવું તે ક્રોધાદિ છે.'** સ્વભાવથી વસ્તુનો સ્વભાવ છે એ વસ્તુ સ્વભાવમાત્ર છે અને એ સ્વભાવમાત્રનું પરિણમન—સ્વભાવ ચીજ છે એ જાતનું પરિણમન-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું નિર્વિકલ્પપણે પરિણમન એ સ્વભાવનું પરિણમન (છે), તેથી તે આત્મા. આહા..હા..! અને તેને ભૂલીને પુણ્ય ને પાપના ભાવ એ મારા કરીને પરિણમે છે એ ક્રોધાદિનું પરિણમવું એ વિકારનું પરિણમવું તે વિકાર છે, ત્યાં આત્મા નથી, એ તો આસ્રવ છે. આહા..હા..!

**'વળી જ્ઞાનનું જે થવું—પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું—પરિણમવું નથી,....'** શું કીધું એ? જે ક્ષણે જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનરૂપે પરિણમે તે વખતે વિકારરૂપે પણ પરિણમે એમ નથી. આહા..હા..! ઘણા ઝીણા સિદ્ધાંત. આત્માનું જે શુદ્ધ પરિણમવું, દ્રવ્ય અને ગુણ જે શુદ્ધ છે તેને લક્ષમાં લઈને જે શુદ્ધપણે પરિણમવું તે ક્રોધાદિનું પણ પરિણમવું નથી. આહા..હા..! એ વખતે ક્રોધ—રાગનો પ્રેમ જ નથી. પ્રેમ સ્વભાવ તરફ ઢળીને ચૈતન્યનું પરિણમન છે એ વખતે વિકારનું પણ પરિણમન છે, એમ નથી. ભારે! છે?

**'જ્ઞાનનું જે થવું—પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું—પરિણમવું નથી,...'** આહા..હા..! એક મ્યાનમાં બે તલવાર રહી ન શકે એમ કહે છે. વસ્તુનો સ્વભાવ, વસ્તુ તે સ્વભાવમાત્ર અને સ્વભાવનું પરિણમવું તે આત્મા; પણ સ્વભાવનું પરિણમવું તે વખતે રાગરૂપે પણ પરિણમવું એમ બે એકસાથે ન હોય. સ્વભાવપણે પરિણમવું કર્તા થઈને એ કર્મ એ જ્ઞાનીનું અને રાગપણે પરિણમવું એ કર્તા થઈને કર્મ અજ્ઞાનીનું. આહા..હા..! ઝીણી આવી વાતું છે. પરના કર્તાની તો ક્યાંય વાત નથી અહીં તો. આહા..હા..! ઓલા તો એમ કહે છે, લ્યો! પરનો કર્તા ન માને એ શ્વેતાંબર છે. કર્તા માને એ દિગંબર છે. અરે.. પ્રભુ! શું તું કહે છો? ભાઈ! તને ખબર નથી, બાપા!

**શ્રોતા :-** એ વર્તમાન દિગંબરની વાત છે. સાચા દિગંબરની વાત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દિગંબર જ એને સાચા કહીએ, જેની દૃષ્ટિ ધર્મની થઈ, રાગ વિનાની એને જ દિગંબર કહીએ. વિકલ્પરૂપી જેને લાગણી નથી, નિર્વિકલ્પ સ્વભાવ જેનો છે એ રૂપે પરિણમન તેને દિગંબર કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? અને મુનિ થાય ત્યારે તો ત્રણ કષાયનો અભાવ, આનંદની લહેર ઊઠતી હોય એ બાહ્ય નગ્ન હોય છે. આહા..હા..!

ખૂબી શું કહી છે? કે આત્માના સ્વભાવપણે જ્યારે પરિણમે તે કાળે રાગના પ્રેમપણે પણ પરિણમે એમ બને નહિ. શું કહ્યું? રાગરૂપે પરિણમે એમ બની શકે નહિ. આહા..હા..!

ધર્મીજીવ જ્ઞાનસ્વભાવપણે પરિણમે તે વખતે રાગના પ્રેમપણે પરિણમે (એમ) બિલકુલ બની શકે નહિ. આહા..હા..! હા, રાગ હોય તેને જ્ઞાતા તરીકે જાણવારૂપે પરિણમે. સમજાણું કાંઈ? રાગ હોય તો ખરો જ્ઞાનીને પણ, પણ એને જાણવાપણે પરિણમે. રાગરૂપે પરિણમે એ આત્મા નહિ. આહા..હા..! હવે આવી વાત સાંભળવા મળે નહિ, કે દી કરે અને આ શું કરે? એમ જિંદગી ચાલી જાય છે આ. આહા..હા..!

**શ્રોતા :-** ઘણી ઝીણી વાત છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરૂપી છેને પોતે. ઝીણામાં ઝીણો છે. આહા..હા..! એના દયા, દાન અને વ્રત, ભક્તિના ભાવ પણ સ્થૂળ છે એમ કહ્યું છે, પુણ્ય-પાપ અધિકાર. આહા..હા..! ભગવાન તો સૂક્ષ્મ છે. આહા..! એ સૂક્ષ્મ સ્વભાવે પરિણમે તો આત્મા કહીએ, પણ એ રાગરૂપે પણ પરિણમે તો આત્મા એમ છે નહિ. આહા..હા..! એમ કહે છે. આહા..હા..! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન. જુઓને, એ આવ્યું. ધર્મીને રાગ આવે ખરો, પણ રાગને જાણતો પરિણમે છે, રાગરૂપે નહિ. આહા..હા..! આવું હવે ક્યાં યાદ રહે? એક કલાકની વાતું. બાપુ! માર્ગ એવા છે, ભાઈ! દેહની ક્રિયા હું કરી શકું, દેશને સુધારી શકું, કુટુંબને સરખે રસ્તે ચડાવી દઉં એ કર્તવ્ય તો આત્માનું અજ્ઞાનીનું પણ નથી. આહા..હા..! પણ આ છે. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકસ્વભાવપણે પરિણમતા તે તો ધર્મ થયો ત્યાં, પણ એ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ છોડી દઈને એ પુણ્ય અને પાપપણે પરિણમ્યો એ આત્માપણે ન રહ્યો એ, એ આસ્રવપણે થયો, એ અનાત્માપણે થયો. આહા..હા..! છે એમાં? અહીંનું છે આ? આહા..હા..!

'**જ્ઞાનનું જે થવું—પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું—પરિણમવું નથી,** કારણ કે **જ્ઞાનના થવામાં જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે...**' આહા..હા..! જ્ઞાનપણે પરિણમતા જ્ઞાન જેમ માલૂમ પડે છ, આહા..હા..! એમ રાગપણે પરિણમું છું એમ માલુમ પડતું નથી. છે? જેમ '**જ્ઞાનના થવામાં...**' કારણ આપે છે. આમ કેમ નથી? કે આત્માના સ્વભાવપણે થવામાં જેમ સ્વભાવ થતો, આનંદ અને જ્ઞાતાપણાના પરિણામપણે ભાસે છે. છે? '**તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી;...**' વિકારપણે પરિણમું છું એ છે નહિ ત્યાં. આહા..હા..! રાગ આવે ખરો પણ તેના જાણવાપણે પરિણમું છું, રાગરૂપે નહિ. આહા..હા..! આવી વાત.

આત્માના સ્વભાવનું થવું અને તે વખતે પણ રાગાદિ ભાવનું થવું એમ નથી. કેમ? કે જ્ઞાન થવામાં જેમ આનંદ અને જ્ઞાનની પરિણતિ ભાસે છે, તેમ તે વખતે રાગની પરિણતિ ભાસે એમ નથી. આહા..હા..! શું કીધું સમજાણું? રાગ તો છે. વીતરાગ નથી થઈ ગયો એ. પણ તેને જ્ઞાનસ્વભાવપણે થવું તે વખતે રાગરૂપે પણ થવું એમ માલુમ નથી પડતું. આહા..હા..! આ તો નિશ્ચયની વાત છે, પણ નિશ્ચયની એટલે આ સાચી વાત છે. સમજાણું

કાંઈ? નિશ્ચય વસ્તુસ્થિતિ છે એ તો. એવું જ સ્વરૂપ છે. નિશ્ચયનો અર્થ કર્યો હતોને. એક ફેરી નહિ? એ બંસીધરજી કહે છે. ઓલામાં આવ્યું હતું. જૈનતત્ત્વ મીમાંસામાં. નિશ્ચય. નિ- વિશેષે. જૈનતત્ત્વ મીમાંસામાં નીચે ફૂટનોટમાં આવ્યું છે. 'નિ' વિશેષે પોતાની પુષ્ટિ કરવી પોતાના સ્વભાવની એ નિશ્ચય છે. જૈનતત્ત્વ મીમાંસામાં ભાઈએ નાખ્યું છે—ફૂલચંદજીએ નાખ્યું છે. બહુ ધીરજની વાતું છે બાપુ આ તો.

અહીં તો પહેલું એ સિદ્ધ કર્યું કે વસ્તુ જે છે આત્મા તે સ્વભાવમાત્ર વસ્તુ છે. એ સિદ્ધાંત. એટલે રાગ અને પુણ્ય-પાપપણે એ વસ્તુ નથી. કહો, ગીરધરભાઈ! આ બધા કામ કરતા હતાને તમે બધા? અજ્ઞાન. કાર્યકર્તા મોટા. આ રતિભાઈ ને હજી કેટલા કામ કરે છે, જુઓને. મુંબઈ ગયા હશે તો કામ માટે ગયા હશેને. કરી શકતા હશે? આહા..હા..! આવું છે કહે છે. જુઓ, ભારે વાતું ભાઈ! શું પણ સીધી વાત કરી છેને. આહા..હા..!

પ્રભુ! તું કોણ? તું કોણ? કે હું સ્વભાવમાત્ર વસ્તુ. રાગાદિપણે હું વસ્તુ જ નથી. આહા..હા..! એ તો શુદ્ધ જ્ઞાન, આનંદના સ્વભાવમાત્ર વસ્તુ. આહા..હા..! અને તે દૃષ્ટિમાં જેણે લીધો એનું સ્વભાવનું પરિણમન થાય તે ધર્મ, તે આત્મા. અને તે વખતે જેમ સ્વભાવનું પરિણમન માલુમ પડે છે, એમ તે વખતે રાગરૂપે પરિણમું છું એમ માલુમ પડે એમ બનતું નથી. આહા..હા..! જ્ઞાતાપણે પરિણમું છું, તે કાળે રાગરૂપે પરિણમું છું—એ બે વાત એક મ્યાનમાં રહી શકે નહિ. આહા..હા..!

**'જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે...'** જોયું! જાણવાપણે પરિણમવું એવું જ્ઞાન થાય છે (એટલે) માલૂમ પડે છે. આહા..હા..! શું ટીકા! આહા..હા..! ભરતક્ષેત્રમાં આવી ટીકા અને આ વસ્તુ... ઓહોહો..! દિગંબર સંતો એ તો ધર્મના થાંભલા. આહા..હા..! એણે તો ધર્મનું સ્વરૂપ (ટકાવી રાખ્યું છે). એવી વાત ક્યાંય છે નહિ બીજે. સાંભળવાને મળે નહિ બિચારાને. શું કરે? આહા..હા..! એમ ને એમ જિંદગી આ પૂજા કરો ને જાત્રા કરો, ભક્તિ કરો ને વ્રત પાળો ને અપવાસ કરો. થઈ રહ્યું. એ તો બધી રાગક્રિયા છે. આહા..હા..!

જેને જ્ઞાનનું પરિણમન ભાસે છે તેને રાગરૂપે પરિણમવું ભાસતું નથી. આહા..હા..! છે? **'કારણ કે જ્ઞાનના થવામાં જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ તાં માલૂમ પડતાં નથી;...'** આહા..હા..! જ્ઞાનમાં રાગનું જ્ઞાન થતું ભાસે છે, પણ રાગરૂપે થાઉં છું એમ ભાસતું નથી. આહા..હા..! વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૧૨, ગુરુવાર, તા. ૦૮-૦૭-૧૯૭૬, ગાથા-૭૧-૭૨, પ્રવચન નં. ૧૧૯

સમયસાર, કર્તાકર્મ અધિકાર, ૭૧. ફરીને અહીંથી છે. 'વળી જ્ઞાનનું જે થવું—પરિણમવું છે...' ચોથી લીટી. '**તે ક્રોધાદિનું પણ થવું-પરિણમવું નથી, કારણ કે જ્ઞાનના થવામાં જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક થતાં માલૂમ પડતાં નથી;...**' શું કહ્યું ઈ? કે આત્મા રાગથી અને કષાયથી ભિન્ન પડતાં આત્મામાં જ્ઞાનની દશા આનંદ અને સમતાની ભાસે છે. જ્ઞાનનું પરિણમવું એટલે આત્માનું શુદ્ધપણે થવું એટલે કે એ વખતે શાંતિનો અનુભવ થવો, એ વખતે ક્રોધનો અનુભવ હોઈ શકે નહિ.

અહીં તો બે વાત કરવી છેને. જ્યાં આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવું જ્યાં અંદર પરિણમન—આત્માના સ્વભાવનું રાગથી ભિન્ન પડીને પરિણમન થવું તે વખતે તો આત્મા જ્ઞાતાપણે-આનંદપણે છે તેમ ભાસે છે, તે વખતે રાગના પ્રેમરૂપ રુચિ અને કષાયનું થવું એ વખતે ભાસતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! રાગ હોય છે, પણ રાગથી ભિન્ન પડેલું જ્ઞાન એ જ્ઞાનપણે-આત્મા સ્વભાવપણે પરિણમે છે એવું સ્વભાવપણે પરિણમવું જ્ઞાનમાં જણાય છે. એ રીતે આત્મા વિકારપણે પણ પરિણમે છે એવું તે ક્ષણમાં જણાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને ક્રોધાદિનું જે થવું તે જ્ઞાનનું પણ થવું નથી. વિકારના રુચિમાં વિકારપણે થવું તે વખતે જ્ઞાન જ્ઞાનપણે થાય છે એવું ભાસતું નથી. આહા..હા..! કેમકે રાગથી ભિન્ન પડીને આત્માના સ્વભાવનું જ્ઞાન થતાં એ સ્વભાવનું પરિણમન છે તે જ એનું છે એમ ભાસે છે. કર્તા આત્મા અને જે જ્ઞાનપર્યાય થઈ, આનંદની અવસ્થા થઈ તે તેનું કાર્ય એમ ભાસે છે. સમજાણું કાંઈ? અને જે વખતે એને રાગના પ્રેમમાં રાગના પ્રેમની રુચિપણે પરિણમે છે, ત્યારે તો કષાયપણે પરિણમે છે, ત્યારે એને રાગથી ભિન્ન એવા જ્ઞાનપણે થવું એ વખતે હોઈ શકતું નથી. માલૂમ પડતું નથી એનો અર્થ એ વખતે હોઈ શકતું નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ ઝીણો.

**શ્રોતા :-** તે વખતે જ્ઞાનનું શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ્ઞાનનો અભાવ થઈ ગયો. વિકારભાવનો જ અસ્તિપણાનો અનુભવ રહ્યો. જેને અંદર રાગથી ભિન્ન પડીને જ્ઞાનાનંદના સ્વભાવનું પરિણમન થયું એ વખતે રાગ કષાયપણે દુઃખરૂપે પરિણમું છું એવું ભાસતું નથી. આહા..હા..!

**શ્રોતા :-** પરિણમે છે પણ ભાસતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણમતો નથી. એના જ્ઞાનપણે પરિણમે છે. કષાયભાવનું પોતાના

સ્વજ્ઞાનમાં પરપ્રકાશકપણે જ્ઞાતાપણે ભાસે છે. આહા..! સમજાણું કાંઈ?

અહીં તો બે જ વાત લેવી છે. કર્તાકર્મ છે ખરુંને? એટલે જ્યારે આત્મા શુદ્ધ ચૈતન્ય (છું) એવી જે દૃષ્ટિ થઈ અને સ્વભાવનો આશ્રય લીધો ત્યારે તો એ આત્મા જ્ઞાન અને આનંદપણે થાય છે એમ માલૂમ પડે છે, શાંતપણે પરિણમે છે એમ માલૂમ પડે છે. એ વખતે અશાંતપણે, રાગપણે પરિણમું છું એવું હોઈ શકતું નથી. આહા..હા..! અને કષાયપણે જ્યારે પરિણમે છે ત્યારે હું શુદ્ધપણે પણ પરિણમું છું એવું ત્યાં હોતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો દૃષ્ટિ અને કર્તાકર્મ બેય ભિન્ન પાડવા છે. દૃષ્ટિ જે પર્યાય ઉપર છે એ દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ એટલે એને શાંતિ અને આનંદનું જ કર્મ છે. કર્તવ્ય એ અને કર્તા આત્મા. જોકે પર્યાય કર્તા અને કર્મ છે. આહા...! રાગના વિકલ્પથી દૃષ્ટિ ફેરવી અને દૃષ્ટિ દ્રવ્યસ્વભાવને આશ્રયે થઈ ત્યારે તો આનંદ અને જ્ઞાનનું જ થવું ભાસે, ત્યારે હું ક્રોધ વિકારપણે પણ થાઉં છું એવું હોતું નથી. આહા..હા..! ત્યારે ઓલામાં કહ્યું છેને ૪૭ નયમાં કે રાગપણે પરિણમે છે તે જ્ઞાન જાણે છે. 'એ પરિણમન મારું છે' એમ જાણે છે. એઈ..! પણ એ જાણે છે. સમજાણું કાંઈ? એમાં ભળીને નથી જાણતો, જુદો રહીને જાણે છે એમ કહે છે. આહા..હા..!

અહીં તો બે જ વાત કરવી છે. ભગવાન આત્માનું જ્યાં ભાન થયું. ત્યારે તેનું જ્ઞાન અને શાંતિનું જ વેદન એકલું ભાસે. આહા..હા..! અને જ્યારે વિકારના પ્રેમની રુચિથી વિકારનું પરિણમન થાય તે વખતે ભગવાન જ્ઞાનપણે પરિણમે છે એવું છે નહિ. એ તો મિથ્યાદૃષ્ટિ રાગપણે પરિણમે છે એમ ભાસે એને. આહા..હા..! આવી વાત છે. પાછું એને જાણીને કોઈ એમ જ કહી દે કે જ્ઞાનીને રાગનું પરિણમન છે જ નહિ. એ તો પર્યાયમાં મંદતા છે પુરુષાર્થની તેથી રાગનું પરિણમવું (થાય છે) એમ એ જાણે છે. સમજાણું? મારામાં પરિણમે એમ એ જાણે છે. આહા..હા..! એ જ્ઞાન રાગનું જ્ઞાન અને પોતાના જ્ઞાનમાં જાણે છે.

અહીંયાં તો એક જ મ્યાનમાં બે તલવાર ન રહી શકે. સ્વભાવના પરિણમન વખતે વિકારનું પરિણમન અને વિકારના પરિણમન વખતે સ્વભાવનું પરિણમન એ એક સમયમાં બે ન હોઈ શકે. આહા..હા..! એટલે? શુદ્ધ ચૈતન્ય આનંદઘન વસ્તુ છે એવી જે દૃષ્ટિ થઈને આનંદ અને શાંતિપણે અકષાયપણે જ્ઞાનનું થવું. એમ કીધુંને? જ્ઞાન એટલે આત્મા તેનું શુદ્ધપણે થવું. આહા..હા..! એ શુદ્ધપણે થતાં જે જ્ઞાન માલૂમ પડે છે એ વખતે 'અશુદ્ધપણે પણ થાઉં છું' એમ માલૂમ (પડતું) નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અને પર્યાયબુદ્ધિમાં જ્યારે રાગના પ્રેમમાં પરિણમે છે તે કાળે તો દુઃખનું જ વેદન છે, આકુળતાનું જ વેદન છે. એ વખતે અનાકુળપણે, જ્ઞાનપણે થાઉં છું એવું એને હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. ઓલા ઊનાવાળા ગયા લાગે છે. છે, છે. બેઠા છે. વકીલ, વકીલ છે. આ તો કાયદા છે આ. કો'ક કહેતું હતું કે વકીલ છે ઈ. બેય? આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા, સંતો કહે છે એ પરમાત્મા જ કહે છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ એની વાણીમાં આવ્યું એ જ સ્વરૂપ અનુભવીને ધર્મી ધર્માત્મા આડતિયા થઈને વાત કરે છે. ભગવાનનો માલ તો આ છે. જેને આત્મા રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એને તો 'હું શુદ્ધપણે પરિણમું છું' એ જ એને ભાસે છે. આહા..હા..! અશુદ્ધપણે પરિણમન છે એ બધું ગૌણપણે છે. સમજાણું કાંઈ? અને અહીંયાં તો જ્યાં એકલું અશુદ્ધપણે પરિણમન ભાસે છે, મિથ્યાદષ્ટિને રાગપણે, વિકારપણે, ક્રોધપણે ભાસે છે, ત્યાં આત્મા શુદ્ધપણે ભાસતો નથી એને. આહા..હા..! ભારે વાત ભાઈ આકરી. લોકોને આ નિશ્ચયની વાત એવી પડે છેને કે એને હા પાડવામાં કઠણ પડે છે. નહિ, એકાંત થઈ જાય.. એકાંત થઈ જાય. આહા..હા..! છે?

ક્રોધાદિનું જે થવું તે જ્ઞાનનું પણ થવું નથી. કારણ? એટલે શું? આ ક્રોધાદિનું થવું એ જ્ઞાનનું થવું નહિ એટલે શું? કે સ્વભાવ ચૈતન્ય આનંદનો ઘન પ્રભુ તેનો આશ્રય અને રુચિ છોડીને જે એકલા વિકારની રુચિના પરિણમનમાં આવ્યો એને વિકારનું જ પરિણમન ભાસે છે. એને આત્માના અનુભવનું પરિણમન એને છે નહિ. આહા..હા..! ઓ..હો..હો..! અહીં જ્ઞાતાપણે પરિણમે છે એમ કહેવું છે. રાગ હો, પણ રાગ સંબંધીનું જે જ્ઞાન તે સ્વપરપ્રકાશક જ્ઞાનપણે પરિણમે છે એમ ભાસે. આહા..હા..! અને રાગના પ્રેમમાં, રાગની રુચિપણે વિકારપણે પરિણમે એને આત્મા શુદ્ધપણે પરિણમું છું એવું એને હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ આવો છે, ભાઈ!

પહેલેથી કહ્યું હતુંને કે વસ્તુ સ્વભાવમાત્ર છે. તો આત્મા એ જ્ઞાન અને આનંદસ્વભાવમાત્ર વસ્તુ છે અને એ સ્વભાવનું પરિણમવું—થવું તે આત્મા છે. કારણ કે એનો સ્વભાવ જ્ઞાન અને આનંદ છે એ રીતે પરિણમ્યો એથી તે આત્મા છે. આહા..હા..! અને જેણે આત્માના સ્વભાવની રુચિ નહિ કરીને અનાદર કરીને વિકારપણે પ્રેમથી વિકારપણે થયો એને વિકારપણે જ છું એ ભાસે છે, એને હું આનંદપણે, જ્ઞાનપણે છું એવું છે નહિ. છે નહિ એટલે ક્યાંથી ભાસે એમ કહેવું છે. આહા..હા..! ભારે માર્ગ આવો. દયાના પરિણામપણે પરિણમું છું, આહા..હા..! એને આત્માપણે પરિણમું છું એ ભાસતું નથી. આવો માર્ગ વીતરાગનો. પરની દયા પાળવાપણે મારો ભાવ છે અને એવા ભાવભાસનમાં હું આત્મા ચૈતન્ય શુદ્ધ જ્ઞાતાપણે થાઉં છું એ છે નહિ. આહા..હા..! અને જ્યારે એ જ્ઞાતાપણે પરિણમું છું એ વખતે ભલે રાગ હો, પણ એ રાગ સંબંધીના જ્ઞાનમાં હું છું, રાગમાં નહિ. આહા..હા..! આવી વાત છે. એક તો વાત હજી પકડવી કઠણ પડે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ રીતે આત્માને અને ક્રોધાદિકને...'** આહા..હા..! આત્મસ્વભાવને અને વિભાવને. બેની એક વસ્તુ નથી. આહા..હા..! આસ્રવ જે પુણ્ય અને પાપના ભાવ એને અહીં ક્રોધાદિનો આસ્રવ કહ્યો. કારણ કે સ્વભાવનો અનાદર કરીને રાગના પ્રેમમાં ફસી ગયો એને સ્વભાવ

પ્રત્યેનો અનાદર અને ક્રોધ છે. આહા..હા..! આવી વાતું છે. વસ્તુ ચિદ્‌ઘન અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો પિંડ ઘન વસ્તુ છે, એવી જેને અંતર દૃષ્ટિ થઈ એને તો એ આત્મા જ્ઞાનપણે, શાંતિપણે, આનંદપણે, અકષાયપણે પરિણમું એવું જ એને જ્ઞાન થાય છે. આહા..હા..! અને જેને એકલા વિકારના પ્રેમથી વિકારપણે જ પરિણમે છે પર્યાયબુદ્ધિએ, આહા..હા..! એને દ્રવ્યબુદ્ધિએ જ્ઞાતાપણે પરિણમું છું એવું એને હોતું નથી. આહા..હા..!

અહીંયાં જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ હોય તો એ જ્ઞાનપણે પરિણમે છે એમ નથી અહીં. જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ હોય પરલક્ષી એવું જેને જ્ઞાનનું અધિકપણું પરલક્ષીજ્ઞાનનું ભાસે એને વિકારનું જ ભાસે છે કહે છે. આહા..હા..! પોતાના જાણપણાની સ્થિતિ બહાર બતાવવા એકદમ ઉલ્લસી જાય છે 'આનું આમ છે.. આનું આમ છે.. આનું આમ છે' એને આત્મા શું છે એના પરિણમનની ખબર નથી, કહે છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! એને પરસત્તાવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે એને દ્વેષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત! આવો ધર્મ! આવો દિગંબર ધર્મ છે.

**શ્રોતા :-** આમાં ધર્મની તો કોઈ વાત આવી નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ધર્મ.

પહેલાં કહ્યુંને? વસ્તુ સ્વભાવ એ ધર્મ. તો વસ્તુનો સ્વભાવ જ્ઞાન, આનંદ એ એનો ધર્મ ત્રિકાળી. હવે એ ત્રિકાળીપણે પરિણમે જ્ઞાન અને આનંદપણે તે તેનો પ્રગટ ધર્મ. આહા..હા..! અને ત્રિકાળી આનંદના નાથનો આદર કર્યા વિના પુણ્યના દયા, દાન, વ્રતના ભાવના પ્રેમમાં ફસ્યો એ વિકારપણે પરિણમે છે, સ્વભાવના અનાદરપણે પરિણમે છે, એને સ્વભાવના આદરથી પરિણમન હોતું નથી. અધર્મ છે એ. આહા..હા..! પુણ્ય—શુભભાવ, પુણ્ય એટલે શુભભાવ. એ શુભભાવ એટલે કષાય. એ 'શુભભાવ-કષાયપણે પરિણમું છું' એમ ભાસનારને 'હું આત્મા ચૈતન્ય જ છું, એ રૂપે પરિણમું છું' એ તો એને હોતું નથી એટલે માલૂમ પડતું નથી એમ કહે છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? સુજાનમલજી! આહા..હા..! વસ્તુમાં એ શુભ-અશુભકષાય છે ઈ છે ક્યાં? એ વસ્તુનો સ્વભાવ છે? એ તો વિભાવસ્વભાવ છે. આહા..હા..! ઝીણું ભાઈ! બહુ માણસોને. પંડિતોને એવું લાગે છેને કેટલાકને. નહિ, આવું નહિ.. આવું નહિ.. આવું નહિ. ભાઈ! સાંભળ, બાપા! માર્ગ આ જુદી જાતના, ભાઈ! આ કોઈ પંડિતાઈનો વિષય નથી આ. આહા..હા..!

કહે છે, જેનો ત્રિકાળી સ્વભાવ છે તેની દૃષ્ટિ અને રુચિ નથી. આહા..હા..! અને વર્તમાનના પુણ્ય-પાપના કષાયમાં ફસાઈ ગયો છે. આહા..હા..! ક્યાંક અસ્તિત્વ તો માનવું પડશેને? જે ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ એ વસ્તુ છે એ રીતે એનું અસ્તિત્વ—મોજૂદગી ન ભાસી ત્યારે એને રાગ છે એ રીતે એની મોજૂદગી ભાસી. આહા..હા..! એટલે એ ક્રોધાદિપણે પરિણમ્યો છે, સ્વભાવના અનાદરપણે પરિણમ્યો છે. આહા..હા..! કહો, ગીરધરભાઈ! આવું કોઈ દી

સાંભળ્યું નથી તમારા વઢવાણમાં ત્યાં. આહા..હા..! અરે.. આવી વાત!

અમારે હીરાજી મહારાજ બિચારા હતાને, આહા..હા..! એણે સાંભળી નહોતી બિચારાએ. આહા..હા..! બહારની દયા પાળવાનો ભાવ, બસ. આહા..હા..! એ અપાસરામાં ચાલેને, અપાસરામાં. રજોણું હોયને. કૂદીને ચાલે. એટલી એને બિચારાને બાહ્ય ક્રિયાનો... આ પત્થર હોયને પત્થર કોઈ. ચાલે એટલે .. રજોણું હોયને ઓલું રજોણું ઉનનું? લાંબી લાકડી રાખે. દેરાવાસીમાં એવી નહિ. શ્વેતાંબરમાં ટૂંકી હોય. અહીં રાખે. સ્થાનકવાસીમાં તો લાંબી લાકડી રાખે. પછી લાકડીથી આમ કૂદી જાય અને પછી પગ મૂકે. એવી શૈલી એની. આહા..હા..! એમાં એને ધર્મ. આહા..હા..! મારવાડી હતા. પાલીના. પાલી છેને પાલી? મારવાડમાં. પાલીમાં ગયા છીએ અમે. એના મીલમાં ઉતર્યા હતા એક ફેરી. પાલી છે મારવાડમાં. ત્યાંના હતા. ગરીબ માણસ. પછી એની ખાનદાની બહુ. લૌકિક ખાનદાની તો એટલી બધી. એથી એમ થઈ જાય કે અરે..! આવા માણસને આવી વાત સાંભળવા મળી નહિ. આહા..હા..! એથી તો અત્યારના લોકો ભાગ્યશાળી છે. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :-** આ તો મહાવિદેહની વાણી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ બોલ્યું?

**શ્રોતા :-** જયંતિભાઈ કામદાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વીતરાગની વાણી છે, પ્રભુ! આહા..હા..! આ તો અહીંના શાસ્ત્ર છે. લખનાર પણ અહીંના છે કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! શું વાત! આહા..હા..!

ભગવાન! તારા જ્ઞાનમાં રાગનો ભેદ પડે ત્યારે તને ભેદજ્ઞાન જ ભાસે, પરથી ભિન્ન જ જ્ઞાન અને આનંદ ભાસે. આહા..હા..! અને ભેદજ્ઞાન વિના રાગમાં એકતાબુદ્ધિથી પરિણમે એને એકલો વિકાર ભાસે. આહા..હા..! એ વખતે આત્મા ધર્મપણે પરિણમે છે એ છે નહિ, અધર્મપણે પરિણમે છે. આહા..હા..! કહો, નવરંગભાઈ! આ ભગવાનની ભક્તિપણે પરિણમે તોપણ અધર્મપણે પરિણમે એમ કહે છે. અડધા કલાક પછી ભક્તિ કરશે ત્યાં. હિંમતભાઈ વૈરાગ્યથી કરાવે છે. આહા..હા..! હોય છે, હોય છે, પણ કહે છે કે.. આહા..હા..!

જેને એ રાગપણું જ ભાસ્યું અંદરમાં એને આત્મા છે એનું ભાસન છે જ નહિ. આહા..હા..! અને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! આ તો લોકો કહે છેને કે શુભભાવ કરતાં-કરતાં શુદ્ધતા થાય. અરે.. ભગવાન! શુભભાવનો પ્રેમ છે તે જ મિથ્યાત્વ છે. એનાથી થાવું તો ક્યાંય રહી ગયું. આહા..હા..! શુભભાવ કષાય છે. ઓલાનું વળી લખાણ આવ્યું છે પ્રેમચંદનું. ક્યાં ગયા? વાંચ્યું? એમાં આવ્યું છે. જ્ઞાનીને રાગ.. શું કીધું? રાગ નથી. સમકિતીને રાગ હોય જ નહિ. કઈ અપેક્ષાએ ન હોય? એ તો સ્વરૂપની દૃષ્ટિ છે અને દૃષ્ટિનો વિષય સ્વરૂપ છે આખું, એથી એ અપેક્ષાએ જ્ઞાનીને રાગ નથી, પણ રાગનું બંધન તો દસમા ગુણસ્થાન સુધી છે. કર્મધારા અને જ્ઞાનધારા બે વહે છે ચોથે ગુણસ્થાનથી. અજ્ઞાનીને એકલી

કર્મધારા, રાગની રુચિની પ્રેમધારા વહે તેને મિથ્યાત્વની ધારા વહે છે. આહા..હા..! જ્ઞાનીને જ્ઞાનધારા એકલી છે, પણ એની જોડે જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધ રાગ છે એને એ જાણે છે. આહા..હા..! અને એટલું બંધન પણ છે, એટલું દુઃખ પણ છે એમ જાણે છે, સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો વિષયની વાસનામાં જોડાયેલો હોય સમકિતી, તોપણ કહે છે કે એને એ જ્ઞાનસ્વરૂપ પરિણમું છું એ જ ભાસે છે. કારણ કે એ ભાવનું જાણેલું... વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કીધુંને? એ જ્ઞાનમાં જાણે છે કે છે. મારા સ્વભાવની પરિણતિમાં એ નથી. આહા..હા..! તેથી આત્માના ત્રિકાળી સ્વભાવનું થવું અને વિકારનું થવું બેય વસ્તુ જ ભિન્ન છે એમ કીધી. આહા..હા..! આ આત્મધર્મમાં આજે આવ્યું છે. વાંચ્યું? ત્યાંથી જયપુરથી છપાણું છેને, ભાઈ! આવ્યું છે. એ ત્યાં એના બધા પ્રશ્ન કર્યા હતાને મુંબઈમાં, દાદરમાં પ્રશ્ન કર્યા હતા. એ બધા. એ બધું આવ્યું છે. આખું વાંચ્યું. પોતે કર્યું છેને હુકમચંદજીએ. રાત્રે પ્રશ્ન કર્યા દાદરમાં. આ તમારી લાકડીમાં આમ છે ને ફલાણું છે એમ કીધું. એ પૂછયું હતું એણે કે આ બહાર પાડવું છે મારે. બહુ સારું લખ્યું છે. કીધું, લાકડી તો લાકડી છે, બાપા! એમ કે લાકડી બીજા ઉપર ફરે તો પૈસા થઈ જાય. ભાઈ! એ વાત એમ નથી. લાકડી કોઈ ઉપર ફરતી નથી અને લાકડીને લઈને કોઈને થાતું પણ નથી. આહા..હા..! એ તો એને કારણે (થાય છે). એ આવ્યું છે, લખેલું છે. એ તો હુશિયાર માણસ છેને. સારું લખ્યું આત્મધર્મમાં. આખું વાંચી લીધું. એનું લખેલું છે ખરુંને એટલે. આહા..હા..! શું કીધું?

**શ્રોતા :-** પ્રભુ! આપ તો બધી સાચેસાચી વાત સ્પષ્ટપણે કહી દ્યો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો ત્યાં કહ્યું હતું, પૂછયું હતું એટલે બહુ. ક્યાં ગયા? શાંતિભાઈ. તમારા ચિરંજીવી જવાના છે કાલે. આહા..હા..! એમ કે આ પૈસા-બૈસા થાય. ભાઈ! કીધું, એ તો કોઈ સાંભળનારને મહિનો-બે મહિના સાંભળે અને એમાં શુભભાવ થાય એનું પુણ્ય બંધાય જાય અને એનું કોઈ આવે, એ અમારાથી નહિ. એને શુભભાવ થાય, પુણ્ય થાય અને પૂર્વના પુણ્યમાં એનું સંક્રમણ થઈ જાય, ઉદય આવી જાય તો થાય; પણ આ સાંભળવાથી શુભભાવ થયો છે એ પોતાને લઈને થયો છે. એનું પુણ્ય બંધાય છે અને એને લઈને કદાચિત્ આવો ભાવ થાય, પણ એને લઈને આ લાકડીથી મળે છે અને અમારો સંગ કર્યો માટે આશીર્વાદથી મળે છે એ વાતમાં માલ નથી, કીધું.

એ ઘણા કહે છે. કો'ક કહેતું હતુંને. પૈસાવાળા નહિ કો'ક કહેતું હતું? આ ભીખાભાઈ કહે છે બહુ. ભીખાભાઈ. હીરાભાઈના બાપ. એ તમે ગમે એમ કહો, પણ અમને થયું છે આમ. ભીખાભાઈ હતાને. હીરાભાઈ છેને ત્યાં વાંચે મુંબઈમાં. એના બાપ. પૈસાવાળા છે અને આમ થયું બધું. પહેલાં ૩૦ રૂપિયાનો પગાર હતો માસિક, એમાંથી આ છોકરો અને પછી પૈસા થયા. તમારા પ્રતાપે બધું થયું છે. એનો અર્થ અહીંના સંગમાં જે કાંઈ શુભભાવ

થયો અને એનું પુણ્ય બંધાય અને આવી પરમ સત્ય વાત! આહા..હા..! એ પરમસત્ય જ એ. સર્વજ્ઞના પેટની વાતું છે આ તો. એને સાંભળતા એને જે ભાવ થાય એ શુભભાવ કોઈ ઘણો ઊંચો હોય છે. એનું પુણ્ય બંધાઈ જાય. પૂર્વના પુણ્ય સાથે આ પુણ્ય ભળી જાય અને સ્થિતિ થોડી હોય અને આ ભવમાં એ આવી જાય. હેતુ આ છે. કોઈ અમારાથી મળી જાય અને લાકડીથી મળી જાય એમ નથી. લખ્યું છે બધું ઘણું. તે દી પૂછયું હતું જાણીને દાદરમાં. આ હું પૂછું છું એ છપાવાનો છું. લોકોમાં ઘણી ભ્રમજાળ વર્તે છે. આહા..હા..!

અહીં કહે છે, આહા...! **'આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી.'** છે સરવાળો? આહા..હા..! સ્વ દિશા તરફથી થતી દશા અને પર દિશા તરફથી થતી દશા બે ભિન્ન ચીજ છે. એ શું કહ્યું? ભગવાન આત્મા આનંદસ્વરૂપ ચૈતન્યદળ. વિકાર તો એક સમયની દશા છે. સંસાર જીવની એક સમયની દશા છે, એ પર્યાયની દશા છે, વસ્તુ એ છે નહિ. આહા..હા..! રાગ સાથે સંબંધ અને રાગને કર્મ સાથે સંબંધ એ એક સમયનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. આહા..હા..! જેને ત્રિકાળી ભગવાન આત્માનું ભેદજ્ઞાન નથી તેને વર્તમાન એટલા વિકારના નિમિત્ત-નૈમિત્તિકસંબંધને જોતો, એ રીતે પરિણમતો એ બીજી ચીજ થઈ ગઈ. આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવે પરિણમ્યો એ બીજી ચીજ થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત વીતરાગ સિવાય અને તે દિગંબર સંતો.. આહા..! ગજબ કામ કર્યા છે! એ દિગંબરમાં જન્મ્યા એને પણ ખબર ક્યાં છે હજી. વાડામાં પડ્યા છે અને થાય છે... શું કીધું? એને પણ ખબર ક્યાં છે. ઓલો કહે, દિગંબરમાં જન્મ્યા એ બધા ભેદજ્ઞાની છે. જયપુરમાં ઈન્દ્રલાલજી હતા એ એમ કહેતા. આહા..હા..! ભાઈ! હવે ચારિત્ર લ્યો. અમારે મૂળચંદજી એમ કહેતા કે આપણને જૈનધર્મ સાચો મળ્યો છે. હવે વ્રતાદિ ચારિત્ર લેવું, બસ. એ બધા વાંધા આવતા અમારે. આ વાડાનો એ ધર્મ નહિ, કીધું બાપા!

અંતર આત્મા આનંદનું ધામ ભગવાન જેની એક સમયની પર્યાયમાં આખો ભગવાન ભાસે, આહા..હા..! જેની એક સમયની શ્રદ્ધામાં પૂર્ણાનંદનો નાથ પ્રતીતમાં આવે, આહા..હા..! એવું જે ધર્મનું સ્વરૂપ એ જ્ઞાનપણે થવું અને આત્માપણે થવું તે છે. આહા..હા..! અને જેને એ વસ્તુના સ્વભાવની ખબર નથી, ત્રિકાળી સ્વભાવની ખબર નથી, વર્તમાન કૃત્રિમ રાગના ભાવમાં દોરાઈ જઈને અનુભવે છે રાગને, તે રાગને અનુભવનારો ક્રોધની જ ક્રિયાવાળો છે. એટલે કે સ્વભાવના અભાવની ક્રિયાવાળો છે. આહા..હા..! આવી વાતું. આ ટીકા તો હજાર વર્ષ પહેલાંની છે. અમૃતચંદ્રાચાર્યે (કરી છે) અને આ પાઠ જે છે મૂળ પાઠ એ બે હજાર વર્ષ પહેલાંનો કુંદકુંદાચાર્યનો છે. સમજાણું કાંઈ? આટલી સ્પષ્ટ વાત ચોખ્ખી મૂકી છે. એને કાંઈ પડી નહોતી કે આ સમાજ સમતોલ રહેશે કે નહિ! આ વસ્તુ છે, ભાઈ!

**'આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી.'** આહા..હા..!

એક વસ્તુ (નથી), વસ્તુ જ જુદી છે. આહા..હા..! એની વસ્તુ હોય તો જુદી ક્યાં પડે પણ? ભેદજ્ઞાનમાં જુદી કેમ પડે? સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત એટલે લોકોને બેસે નહિ, પછી વ્યવહારમાં ચડી જાય, એટલે એમાંથી કાંઈક કાંઈક થાશે. ધૂળેય નહિ થાય. આહા..હા..! **'આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ દેખવાથી...'** લ્યો! આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપે છે અને રાગ છે વિભાવ—વિકારસ્વરૂપે છે એમ આત્માને અને આસ્રવને.. દેખો, એ પુણ્યભાવ એ આસ્રવ છે. એ પુણ્યભાવના આસ્રવના પ્રેમમાં વિકાર જ એને ભાસે અને તેના ભેદજ્ઞાનમાં જ્ઞાતાપણું, દ્રષ્ટાપણું, શાંતિપણું, આનંદ ભાસે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ (-તફાવત) દેખવાથી...'** જોયું! આહા..હા..! પહેલાં આવ્યું હતું ત્યાં. વિશેષ દેખવું, નહિ? વિશેષ, તફાવત, ભેદ. વિશેષ અંતર કર્યુંને શબ્દાર્થમાં. તફાવત અને ભેદ. ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે અને રાગ તે આસ્રવ વિકારસ્વરૂપ છે—એમ બેનો ભેદ ભાસે, બેના વિશેષપણે અંતર ભાસે. આહા..હા..! **'જ્યારે આ આત્મા તેમનો ભેદ જાણે છે...'** આહા..હા..! ભેદ જાણે છે. રાગની એકતાને જાણે છે એ તો અનાદિથી છે. આહા..હા..! **'ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે;...'** આહા..હા..! રાગ—આસ્રવ અને ભગવાન ભિન્ન (છે) એવું ભેદજ્ઞાન થતાં 'અનાદિથી રાગનો કર્તા હું અને રાગ મારું કર્મ' એવી અજ્ઞાનની કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે. આહા..હા..! અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એમ કીધું. કર્મને લઈને ઉત્પન્ન થયેલી એમ નહિ. આહા..હા..! **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन'** જે કોઈ મુક્તિને પામ્યા એ રાગથી ભિન્ન પાડીને પામ્યા છે અને **'अस्यैवाभावतो बद्धा'** ભેદજ્ઞાનના અભાવથી બંધાયેલા છે. કર્મથી બંધાયેલા છે એની અહીં વાત કરી નથી. જડનું શું કામ છે?

**શ્રોતા :-** આ આચાર્યે ન કહ્યું, બીજા આચાર્યોએ કહ્યું હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા આચાર્યોએ તો વ્યવહારની વાતું કરી છે વ્યવહારનયે. બીજા આચાર્યે જૂઠું કહ્યું છે? વ્યવહારનયથી કથન આવે. આહા..હા..! દિગંબર આચાર્યો ગમે તે હો, એ સત્યના જ કથન છે એના બધા. વ્યવહારનયના કથન આવે. વ્રત આમ હોય અને વ્રતના અતિચાર આમ હોય, એને આમ ટાળવા એવી વાતું આવે. જ્ઞાન ન આવે એનું? આહા..હા..!

**'આત્મા અને આસ્રવોનો વિશેષ (-તફાવત) દેખવાથી જ્યારે આ આત્મા તેમનો ભેદ (ભિન્નતા) જાણે છે ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં...'** અજ્ઞાનપણું અનાદિનું છે કર્તાકર્મનું. આહા..હા..! **'અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે;...'** આસ્રવ મારું કાર્ય અને હું એનો કર્તા એ ભેદજ્ઞાનથી નિવૃત્તિ

થઈ જાય છે. આહા..હા..! ભાઈ! આ શું કરવું એની વાત છે આ. કાંઈક બહારનું કરવું. બહારનું પણ કરી શકતો નથી (પછી) પ્રશ્ન શું?

**'અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે;...'** આહા..હા..! **'તેના નિવૃત્તિ થતાં...'** અજ્ઞાનના નિમિત્તે થતો **'પૌદ્‌ગલિક દ્રવ્યકર્મનો બંધ કે જે અજ્ઞાનનું નિમિત્ત છે તે પણ નિવૃત્ત થાય છે.'** આહા..હા..! એટલે એને નવું કર્મ બંધાતું નથી. **'એમ થતાં, જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.'** આ જુઓ, આ. આસ્રવથી ભિન્ન પડેલું જે જ્ઞાન, જ્ઞાનમાત્રથી જ એને બંધનો અભાવ થાય છે. એ જ્ઞાન એટલે એકલું જાણવું એમ નહિ. પરથી ભિન્ન પડ્યું એવી પ્રતીતિ, જ્ઞાન અને અંશે રમણતા એવું જે જ્ઞાન, જ્ઞાનની જ ક્રિયા. આહા..હા..! એ જ્ઞાનમાત્રથી બંધન અટકી જાય છે. આહા..હા..! પણ ક્યુ જ્ઞાન? રાગથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન. સમજાણું કાંઈ? આહા..હા..! એને પૌદ્‌ગલિક દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે. **'એમ થતાં, જ્ઞાનમાત્રથી જ...'** જુઓ, એકાંત આવ્યું. **'બંધનો નિરોધ સિદ્ધ થાય છે.'** એને બંધ થતો નથી. વિકારથી ભિન્ન પડેલી દશા એવું ભેદજ્ઞાન થતાં અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ હતી તે નિવૃત્ત થાય છે અને તેથી નવું કર્મ એને બંધાતું નથી. આહા..હા..!

**'ભાવાર્થ :- ક્રોધાદિક અને જ્ઞાન જુદી-જુદી વસ્તુઓ છે;...'** દેખો! આહા..હા..! સંવર અધિકારમાં એમ કહ્યું છેને. વિભાવ અને સ્વભાવ બે ભિન્ન ચીજ છે. વિભાવને ઉત્પન્ન થવાનો આધાર આત્મા નથી. આહા..હા..! **'ક્રોધાદિક અને જ્ઞાન જુદી-જુદી વસ્તુઓ છે; જ્ઞાનમાં ક્રોધાદિ નથી,...'** વસ્તુનો સ્વભાવ જે આત્મા એનું જ્ઞાન થતાં એમાં ક્રોધાદિ વસ્તુ જ નથી. આહા..! અને **'ક્રોધાદિકમાં જ્ઞાન નથી.'** સ્વભાવનો આદર છોડીને જેણે રાગનો આદર કર્યો એવા ક્રોધમાં આત્માનું જ્ઞાન નથી. આહા..હા..!

**'આવું તેમનું ભેદજ્ઞાન થાય ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે...'** એ આસ્રવ એટલે રાગ શુભ અને ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વભાવ બેના એકપણાની માન્યતા ટળે ત્યારે **'અજ્ઞાન મટવાથી કર્મનો બંધ પણ ન થાય.'** આહા..હા..! ટૂંકું પણ માર્ગ બહુ... આવો માર્ગ છે. **'આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે.'** લ્યો! જ્ઞાન એટલે ભેદજ્ઞાન. રાગથી ભિન્ન પડેલું આત્માનું જ્ઞાન એ જ્ઞાન એટલે એની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એ આત્માનું જ્ઞાન એ જ બંધનો અભાવ કરે છે. બંધનો અભાવ એ કારણ છે. આહા..હા..! હવે ૭૨ આવી. આ ૭૨ ઘણીવાર વંચાય છે અમથી. બહાર નીકળીએને એમાં.

**'હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે?'** આ શું તમે કહ્યું? બસ! આત્માનું જ્ઞાન થયું, રાગથી ભિન્ન પડ્યો તો એને બંધન નથી. એ શી રીતે છે આ? એમ શિષ્યનો પ્રશ્ન છે. **'તેનો ઉત્તર કહે છે :-'** આવું જેણે જિજ્ઞાસાથી પૂછયું છે કે આત્મજ્ઞાનમાત્રથી કર્મનો બંધ નિવૃત્ત થાય છે એ શી રીતે? આહા..હા..! એનો ઉત્તર.

એને આ ઉત્તર દેવામાં આવે છે એમ કહે છે. વેઠની પેઠે સાંભળવા બેઠા હોય એને નહિ આ. આત્માનું જ્ઞાન થયું જ્યાં રાગથી ભિન્ન પડીને એમાં જ્ઞાન થયું, શ્રદ્ધા થઈ, સ્થિરતા થઈ, આનંદ આવ્યો, બધું આવ્યું. આહા..હા..! અનંતા ગુણોની અંશે શક્તિની વ્યક્તિ થઈ. ભેદજ્ઞાનમાં અનંતા ગુણો જેટલા છે એ શક્તિરૂપે હતા એને પ્રતીતમાં જ્યાં લીધા એટલે પર્યાયમાં અનંતગુણનો વ્યક્ત અંશ પ્રગટ થયો. આહા..હા..! એ અહીં પૂછ્યું છે લ્યો!

**णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।**
**दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।**
**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

'**ટીકા :- જળમાં શેવાળ છે તે મળ છે...**' કાય, કાય. '**જળમાં શેવાળ છે...**' કાય છે એ મળ છે '**મેલ છે; તે શેવાળની માફક આસ્રવો...**' શુભ અને અશુભભાવ.

**શ્રોતા :-** બંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બંને. આહા..હા..!

'**શેવાળની માફક આસ્રવો...**' બહુવચન છેને. આસ્રવો છે શુભ-અશુભ બેય. આહા..હા..! '**મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...**' આહા..હા..! પુણ્યનો ભાવ મળપણે-મેલપણે અનુભવાય છે કહે છે.

**શ્રોતા :-** એમાં મીઠું લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય મીઠું નથી ત્યાં. મીઠામાં મીઠું ક્યાં છે? મીઠામાં તો ખારપ છે. ધૂળેય લાગતો નથી. માન્યું છે. આહા..હા..! શુભભાવ તો આસ્રવ છે, અશુચિ છે, મેલ છે. જુઓને, મેલપણે અનુભવાય છે. આહા..હા..!

'**શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે....**' શરીર અશુચિ છે એ તો એક કોર રાખો કહે છે. આ તો અશુચિ પિંડ છે બધો માંસ, હાડકા, ચામડા. આહા..હા..! એ અહીં વાત નથી. આ તો એના પુણ્યના ભાવ તે અશુચિ છે. પાપનો ભાવ એ તો અશુચિ છે જ, આહા..હા..! એ શુભભાવ તે અશુચિ છે. અશુચિ છે—અપવિત્ર છે. આહા..હા..! પુણ્યભાવ એટલે આસ્રવ '**મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે...**' આહા..હા..! જુઓ, '**ભગવાન આત્મા...**' આહા..હા..! આત્માને ભગવાન તરીકે બોલાવ્યો. શ્રોતાને કહેતા એમ કહે છે કે ભગવાન આત્મા. આહા..હા..! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ આસ્રવ છે, મેલ છે, મળ છે, અશુચિ છે. આહા..હા..!

**શ્રોતા :-** એને તો અમૃત કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમૃત કોને? એ તો અમૃત અહીં છે એનો આરોપ દઈને કહ્યું

છે, વાસ્તવિક તો ઝેર છે. આહા..હા..! એ તો એનું નિરૂપણ બે પ્રકારે કર્યું. અમૃતનો સ્વાદ આવ્યો આત્મામાં, એને જે રાગની મંદતા એને વ્યવહારે આરોપ કહીને અમૃત કહ્યું. છે તો ઝેર નિશ્ચયથી. આહા..હા..!

**'ભગવાન આત્મા તો...'** આહા..હા..! ભગવાન, આહા..હા..! એની મા એને ઘોડિયામાં સુવાડે તો વખાણ કરીને સુવાડે. મારો દીકરો ડાહ્યો છે, ખાટલે બેસીને, શું કાંઈક (કહે છે)? પાટલે બેસીને, નહાયો. એમ ગાણા ગાઈને એને સુવાડે છે. અહીં ભગવાન, ભગવાન કરીને એને જગાડે છે. આહા..હા..! જાગ રે જાગ નાથ! ક્યાં સૂવું પાલવે! આહા..હા..! **'ભગવાન આત્મા તો...'** આહા..હા..! **'આત્મા તો...'** કેમ કહ્યું? એ પુણ્યભાવ છે એ આસ્રવ અને મલિન અને અશુચિ છે. આત્મા તો... આહા..હા..! **'સદાય અતિનિર્મળ...'** અને ત્રણે કાળે અતિનિર્મળ. ઓલો મેલ છે તો આ અતિનિર્મળ છે. આહા..હા..! સદાય છે ત્રિકાળ, એમ. અતિનિર્મળ. આહા..હા..! ચૈતન્યપિંડ પ્રભુ નિર્મળાનંદ, સહજાનંદ મૂર્તિ એ તો. આહા..હા..!

**'અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે...'** એ તો ચૈતન્યમાત્રસ્વભાવ. આહા..હા..! એકલો જાણક... જાણક... જાણક... જાણકસ્વભાવમાત્રપણે **'જ્ઞાયક હોવાથી...'** ભગવાન તો જ્ઞાયક ચૈતન્યપણાના સ્વભાવથી જ્ઞાયક છે. આહા..હા..! આવી વાતું. એક જણો એમ કહે, અત્યારે ભગવાન હોય? અરે..! ત્રણે કાળે ભગવાન છો, સાંભળને! સદાય કીધુંને? આહા..હા..! એકેન્દ્રિયમાં હો, નિગોદમાં હો, એ તો પર્યાય છે. વસ્તુ જે દ્રવ્ય છે એ તો ત્રિકાળ નિર્મળાનંદ પ્રભુ છે. આહા..હા..!

**'સદાય...'** અને **'અતિનિર્મળ...'** પાછું એમ. સદાય નિર્મળ એટલું પણ નથી લીધું. અતિનિર્મળ. પવિત્રતાનો પિંડ છે એ તો. આહા..હા..! જેના અનંતા ગુણો પવિત્ર છે. એ પવિત્રના સ્વભાવથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એ **'ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ...'** જોયું! આહા..હા..! ઓલાને સદા અતિનિર્મળ કહ્યો ત્યારે આ અત્યંત શુચિ કીધો એને અતિનિર્મળને લઈને. અત્યંત પવિત્ર છે, અત્યંત શુચિ છે. આહા..હા..! અત્યંત **'(-પવિત્ર જ છે; ઉજ્જ્વળ જ છે).'** આહા..હા..! એ એક બોલ થયો. એક બોલ થયોને? અશુચિ. મેલપણે-અશુચિપણે અનુભવાય છે. ભગવાન સદા અતિનિર્મળપણે શુચિ—પવિત્ર છે. આહા..હા..! એનું સ્વરૂપ જ પવિત્ર છે. ત્રિકાળ પવિત્રતાનો પિંડ છે. એમ બે વચ્ચે જેણે ભેદજ્ઞાન કર્યું, આહા..હા..! એ આસ્રવમાં ન અટકતા સ્વભાવમાં આવ્યો, એને ભેદજ્ઞાન થયું અને એ જ્ઞાનમાત્રથી એને બંધનો ભાવ અટકી જાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૧૩, શુક્રવાર, તા. ૦૯-૦૭-૧૯૭૬, ગાથા-૭૨, પ્રવચન નં. ૧૨૦

સમયસાર, કર્તાકર્મ અધિકાર, ૭૨ ગાથા. શિષ્યનો એક પ્રશ્ન છે કે આત્મા અને આસ્રવનું ભેદજ્ઞાન થાય તે જ્ઞાનમાત્રથી બંધનો અભાવ કેમ થાય? એમ પૂછ્યું છે. એનો ઉત્તર છે. પહેલું આવી ગયું '**જળમાં શેવાળ છે તે મળ છે—મેલ છે; તે શેવાળની માફક...**' પુણ્ય અને પાપના ભાવ મેલપણે અનુભવવામાં આવે છે.

**શ્રોતા** :- આસ્રવો લખ્યું છે. પુણ્ય નથી લખ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આસ્રવ છે. આસ્રવમાં પુણ્ય અને પાપ બેય આવી ગયા.

જ્યાં સાત તત્ત્વ કહે છે ત્યાં આસ્રવ લે છે એકલું, પુણ્ય-પાપ નહિ. નવ પદાર્થ લે ત્યાં પુણ્ય-પાપને જુદાં પાડીને કહે. સાત તત્ત્વની જ્યાં શ્રદ્ધાની વાત થાય ત્યાં તો એ પુણ્ય-પાપને આસ્રવ તરીકે એકમાં ગણી નાખ્યા છે. સમજાણું? શુભ અને અશુભભાવ એમાં મુખ્ય તો શુભના જ વાંધા છે આ. આહા..હા..! જ્ઞાનીને અશુભભાવ આવે અને શુભભાવ હોય, પણ તેનું તેને જ્ઞાન વર્તે છે, ભિન્નપણે ભાસીને જ્ઞાન વર્તે છે. શુભાશુભભાવ, કહ્યુંને, મેલપણે અનુભવાય છે. આહા..હા..!

'**ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે...**' સદા અતિનિર્મળ ચૈતન્યસ્વભાવમાત્રપણાથી જ્ઞાયકભાવ અત્યંત શુચિ છે. એકલો પવિત્ર.. પવિત્ર.. આહા..! એમ બેની વચ્ચેનું ભેદજ્ઞાન થવું, એમ. બે વચ્ચે તફાવત જાણવો, બેની જુદાઈ જાણવી અને આસ્રવથી ભિન્ન આત્મા અધિક નામ જુદો છે એમ અંતર અનુભવ થવો એનું નામ ભેદજ્ઞાન કહેવાય છે. આહા..હા..! ક્ષાયિકસમકિતી શ્રેણિક રાજા લ્યો, ક્ષાયિકસમકિતી, છતાં હજારો રાજા સેવા કરતાં, હજારો રાણી હતી, વિષયાસક્તિ પણ અંદર હતી, પણ ત્યાં અંદર ભિન્ન છે. આ તો એને ખસતું-ટળતું ન જાણે પુરુષાર્થની કમીથી એથી એમાં જોડાઈ જાય છે, પણ છે આત્મા ભિન્ન એવું અંતર ભાન વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- માનવું કાંઈક અને કરવું કાંઈક.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માનવામાં એ વસ્તુ તો એમ જ છે, પણ અંતરમાં રાગની વૃત્તિઓને છૂટતી ન જાણીને જોડાઈ જાય છે. આવતું નથી ગોમ્મટસારમાં? પંડિતજી! '**ण इन्द्रिय विरत्तो**' સમકિતી ઇન્દ્રિયના વિષયથી નિવર્ત્યો નથી. છે? આહા..હા..!

**શ્રોતા** :- ચારિત્રમાં લીધું હતું એ તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ચારિત્રની વાત છે અહીં. પણ ચારિત્રનો દોષ એનાથી ભિન્ન છે એવું ભાન વર્તતા છતાં એ ચારિત્રનો દોષ જ્ઞાનીને પણ આવે છે. આવી વાત ભારે કઠણ, ભાઈ! એ અશુભભાવ પણ જ્યાં સુધી છૂટે નહિ ત્યાં સુધી એ જાતના વિકલ્પો આવે. આહા..હા..! પણ એ છે મારી ચીજ નહિ. આહા..હા..! મારું સ્વરૂપ તો અતિવિજ્ઞાનઘન નિર્મળ છે. આહા..હા..! 'ધીરા વેગે આવો રે, ભીડું મારી ભાંગવા.' નથી આવતું? અન્યમતિમાં આવે છે. સાંભળ્યું છે? શ્રીકૃષ્ણને પોકાર કરે છે ભગત. 'ધીરા વેગે આવો રે, ભીડું મારી ભાંગવા આવો જી.' એમ ધીરો ભગવાન ચિદાનંદ અરૂપી પ્રભુ, એને રાડ નાખે છે કે અરે..! આ રાગ આવે છે. આહા..હા..! માન્યતા કંઈ, થાય કંઈ. આહા..હા..! છતાં ત્યાં આગળ ભેદજ્ઞાન છે. આહા..હા..! એ લડાઈમાં સમકિતી વર્તતો હોય. મોટી લડાઈ આમ. આહા..હા..! હાથીના માથે મુકતાફળ પડ્યા હોય લાલ લોહીવાળા હજારો. એવું આવે છેને? શાસ્ત્રમાં આવે છે. આહા..હા..! ઉત્તમ પુરુષો વાસુદેવ અને બળદેવ હોય છે ઊંચા એને અહીંયાં મુકતાફળ હોય છે. જેમ આ પાપના ઉદયવાળાને પથરી થાય છેને ઇન્દ્રિયમાં? પથરી-પથરી. પેટમાં થાય. આ તો ઇન્દ્રિયમાં બરાબર પથરી થાય. એ રોકે એને દુઃખે... દુઃખે...

આ પુણ્યવંતને મગજમાં મોતી પાકે. હાથીને મગજમાં મોતી મુકતાફળ પાકે. આમ હજારો હાથી કપાઈ ગયા હોય, લાલચોળ લોહી ચાલતું હોય એમાં મુકતાફળ લાલ પડ્યા હોય. આહા..હા..! આ ભક્તામરમાં આવે છે. પ્રભુ! આ હાથીના મારનાર અને સિંહની દોટમાં પ્રભુ તારો ભગત આવે... આહા..હા..! એ ઉગરી જાય છે. એમ આવે છે. એ અપેક્ષાથી વાત મૂકી ભક્તિની. આહા..હા..! સિંહે દોટ મારી હોય આમ પકડવા, પણ પ્રભુ! તારો ભક્ત તને અંદરમાં યાદ કરે છેને. એ તો પુણ્યનો ઉદય હોય તો ન થાય, પણ એ ભક્તિના વાક્ય એવા જ હોય. સમજાણું કાંઈ? સિંહની દોટમાં પણ ભક્ત બચી જાય છે. હાથીના મોટા લોહી ચાલતા હોય આમ લોહીની નદી. આહા..હા..! એ સમકિતી પણ હોય લડાઈમાં. અરે.. પ્રભુ! શું છે આ? પણ અંદરમાં ખટક ખટક. એ રાગની ક્રિયા અને રાગનો ભાવ એ હું નહિ. એથી એ પરમપવિત્ર એવો ભગવાન આત્મા, એને જ્ઞાનમાં એ તરવરે છે. રાગ આવ્યા છતાં, આહા..હા..! એ મલિનતાના પરિણામમાં ભગવાન નિર્મળ છે, ભિન્ન છે. આહા..હા..! આવી વાતું છે.

એ એક વાત થઈ. બીજી. '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' આહા..હા..! પુણ્ય અને પાપનો ભાવ, એમાં ચૈતન્યના જ્ઞાનના પ્રકાશનું તેજ નથી, જ્ઞાનનું કિરણ નથી એમાં. આહા..હા..! પુણ્ય અને પાપ તો અંધકાર છે. આહા..હા..! '**જડસ્વભાવપણું હોવાથી...**' આહા..હા..! એ શુભભાવને જડસ્વભાવ કીધો.

**શ્રોતા** :- પોતે પોતાને જાણે નહિ અને પરને જાણે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ જ કહે છે.

**'તેઓ બીજા વડે જાણવાયોગ્ય છે...'** આહા..હા..! એ શુભરાગ અને અશુભરાગ એ અચેતન છે. એ નથી જાણતા પોતાને, તેમ બીજા જાણનાર દ્વારા જણાય છે. આહા..હા..! છેને? **'તેને બીજો જ જાણે છે...'** પોતાને અને પરને જાણતો નથી રાગ. આહા..હા..! ગજબ વાત છેને! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ જડ છે. ... બંધ શેનો થાય? આહા..હા..! સમજાણું કાંઈ? **'પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે...'** આહા..હા..! **'માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો જ છે...'** આહા..હા..! ચૈતન્યનો સ્વભાવ જાણવું-દેખવું સ્વપરનું અને આ રાગનો સ્વભાવ સ્વપરને જાણવાનો બિલકુલ નથી. એ તો ચૈતન્ય દ્વારા જણાય એવું છે. આ વાત છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ એ જડ છે. આ ગજબ વાતું છે, બાપુ! આવી વાત છે. વસ્તુ એવી છે ત્યાં.... આહા..હા..!

પાંડવોને જ્યારે પરિષહ પડ્યા પાલીતાણે—શેત્રુંજય, પાંચેયને. નગ્ન મુનિ અને પાંચ સહોદર. ધ્યાનમાં અંદર લીન. આહા..હા..! એમાં ત્રણ મુનિરાજ તો કેવળ પામીને મોક્ષ પધાર્યા—ધર્મ (રાજા), ભીમ અને અર્જૂન. સહદેવ અને નકુલને વિકલ્પ આવ્યો જરી. આહા..હા..! અરે..! મુનિઓને શું થતું હશે? લોઢાના ઓલા પહેરાવ્યા હતા. માખણ જેવા શરીર, સુંદર શરીર, રાજકુમાર. એમાં એ મુનિ થયા. એનો આવો એક વિકલ્પ આવ્યો. આહા..હા..! મુનિને કેમ હશે? આહા..હા..! ભવ થઈ ગયો. સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય ૩૩ સાગરનું (બંધાઈ ગયું). ૩૩ સાગર કેવળજ્ઞાન દૂર થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? અને તે પણ અત્યારે સર્વાર્થસિદ્ધિમાંથી નીકળશે ત્યારે મનુષ્યપણામાં પણ અમુક વર્ષ પછી એ કેવળ પામશે. આહા..હા..! એ વિકલ્પે જડનું કામ કર્યું કહે છે. સંયોગીભાવથી સંયોગ પ્રાપ્ત થયા. આહા..હા..! પાંડવો મહાયોદ્ધા અને ધર્માત્મા. આહા..હા..! જે આત્માની અનુભૂતિમાં રમતા હતા, છતાં આટલો એક વિકલ્પ આવ્યો. આહા..હા..! ત્રણ મુનિ તો મોક્ષ પધાર્યા. શ્વેતાંબરમાં ફેર છે. શ્વેતાંબર પાંચેય મોક્ષ ગયા એમ કહે છે. સમજાણું? બધો ફેર કરી નાખ્યોને. કલ્પિત બનાવ્યુંને બધું. અને અહીં તો ત્રણ મોક્ષ ગયા છે અને બે સર્વાર્થસિદ્ધિમાં ગયા છે. ત્યાંથી મનુષ્ય થશે અને મોક્ષ જશે પછી. આહા..હા..! એ શુભભાવ સાધર્મી પ્રત્યેનો, મુનિઓ પ્રત્યેનો 'કેમ છે' એવા વિકલ્પમાં (બંધ પડી ગયો). અચેતન છે એ (વિકલ્પ), કહે છે. એના બંધ તરીકે પુણ્યના રજકણો અચેતન બંધાણા. આહા..હા..! એ રાગ નથી જાણતો પોતાને, તે બીજા દ્વારા જણાય છે, માટે તે જડ છે. આહા..હા..!

**'માટે ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો જ છે...'** જોયું! શુભ અને અશુભભાવ. આહા..હા..! એ વ્રતનો, ભક્તિનો, પૂજાનો. આહા..હા..! એ ચૈતન્યસ્વભાવથી અન્ય સ્વભાવવાળા. ભગવાન આત્માનો ચૈતન્યસ્વભાવ વિજ્ઞાનઘન, ત્યારે એ રાગનો સ્વભાવ અન્ય સ્વભાવ છે. આહા..હા..! એવું જેણે અંદરમાં ભેદજ્ઞાન કર્યું, એને જ્ઞાનમાત્રથી બંધન અટકી

જાય છે એમ કહે છે. અસ્થિરતાનું બંધન થોડું છે એને ગૌણ કરીને વાત કરી છે અહીં. સમજાણું કાંઈ? જ્ઞાનમાત્રથી બંધ અટકી જાય છે તો બધો બંધ અટકી જાય છે? પણ અનંત સંસારનું કારણ એવું મિથ્યાત્વ અને અનંતાનુબંધી એ આસ્રવ થતો નથી એને. એટલું બંધન એને થતું જ નથી.

**'અને ભગવાન આત્મા તો,...'** આહા..હા..! **'પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી,...'** પોતે તો સદાય વિજ્ઞાનઘન (સ્વભાવ છે). જોયું! આહા..હા..! એ નિગોદમાં હોય તોપણ એ તો પોતે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ છે. આહા..હા..! ઓલા પુણ્ય-પાપના ભાવથી વિરુદ્ધ સ્વભાવ (છે), એમ. **'પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક (-જ્ઞાતા) છે (-પોતાને અને પરને જાણે છે-)...'** વિજ્ઞાનઘનસ્વભાવ હોવાથી પોતાને જાણે છે અને રાગ થાય તેને એ જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ઓલા કહે છે, કરણી કાંઈ અને કથની કાંઈક. આહા..હા..! એમ કહે કે ઉપાદાનથી થાય એવી એની કથની અને કરણી નિમિત્ત દ્વારા ઉપાદાનને લાભ થાય એવું બોલે છે બધા. હુકમચંદજી ને બાબુભાઈ ને ધન્નાલાલજી એ બધા નિમિત્ત દ્વારા ઉપાદાનને લાભ પહોંચાડે છે. અરે..! ભગવાન! ભાઈ! શું થાય? એથી માન્યતા કંઈક અને કરે કાંઈક એમ કહે છે. એય..! એમ આવ્યું હતુંને કાંઈક? નિમિત્તને યોજે છે ઉપાદાન માનીને. અરે..! પ્રભુ! શું કહે છે, ભાઈ? એ નિમિત્તની ક્રિયા પણ સ્વતંત્ર ઉપાદાનપણે થાય છે. આહા..હા..! એ દ્વારા બીજાને જણાય છે, માટે નિમિત્ત દ્વારા એ જાણ્યું એમ નથી, ભાઈ! આહા..હા..!

અહીં તો કહે છે કે ધર્માત્મા એને પુણ્ય ને પાપના ભાવ હોય છે, પણ તેને એ અચેતન જાણે છે. પોતાના ચૈતન્યસ્વભાવથી એને ભિન્ન જાણે છે. આહા..હા..! બાર વ્રતનો વિકલ્પ, પંચમહાવ્રનતો વિકલ્પ (એને જડ જાણે છે). વળી ઓલાએ એમ કીધું પ્રેમચંદજીએ એમ કે સમકિતીને રાગ થાય અને એને સંસાર કહેવો એ ક્યા શાસ્ત્રમાં છે? એમ કહ્યું છે. વાંચ્યું કે નહિ? બીજી રીતે એમ કહ્યું, ઉપકાર છે. એ તો આમ વિરોધ કર્યો છે ત્યાં તો ખંડવા આવીને ચર્ચા કરતાં-કરતાં, આનું આમ છે ને આનું આમ છે ને આનું આમ છે. મેં કીધું, બાપુ! સમયસાર સમજવું ઝીણી વાત છે, ભાઈ! એમ કે ઓલા ૭૫માં આવે છેને? બાહ્ય બીજી ચીજ, અભ્યંતરમાં રાગ-દ્વેષ-મોહ. એ રાગ, દ્વેષ અને મોહ જડના ઉદયના લેવા, જીવમાં થાય એ ન લેવા એમાં. અરેરે..! ભાઈ! એમ નથી કીધું. બહુ બોલતો હતો. આહા..હા..! એમાં બે ભૂલ કાઢી છે. નમઃ સમયસારાયનો અર્થ. સ્વાનુભૂત્યા આવ્યું છેને? સ્વાનુભૂતિથી તે જણાય. ભક્તિ આદિની ક્રિયાથી એ જણાય નહિ. આહા..હા..! એવું છે, બાપુ! માર્ગ તો એવો છે.

**'(-પોતાને અને પરને જાણે છે-) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે...'** કોણ? આત્મા. વિજ્ઞાનઘનસ્વભાવપણાને લઈને પોતે પોતાથી જાણે સ્વને અને પરને,

તેથી ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો છે. ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો જે રાગ છે, ત્યારે આ ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! મોટા આ વાંધા અત્યારે ઊઠે છે. ઉપાદાન-નિમિત્તના અને આ શું કહેવાય? અષ્ટસહસ્રી. એમાં એ ભાઈ, કર્મને લઈને વિકાર છે. એ તો ઓલું નિમિત્ત સિદ્ધ કરવું છેને. સ્વપર છે. વિભાવ સ્વભાવ. આહા..હા..! નિશ્ચયમાં તો વિકારનો કણ પણ ઉત્પન્ન થાય તે પરના કારક વિના છે. પહેલું એ સિદ્ધ થયા વિના રાગ પરથી ભિન્ન છે એવું જ્ઞાન નહિ થાય એને. રાગનું એક સમયનું પણ સ્વતંત્રપણે કામ છે એટલો નિર્ણય એને નહિ હોય, એને આત્મા જે અંદર અવ્યક્ત છે, વિજ્ઞાનઘન છે, ચૈતન્યદળ છે એ પર્યાયમાં એને નહિ બેસે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા તો વિજ્ઞાનઘન સદાય છે કહે છે. પોતે જ્ઞાતા છે. '**ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે (અર્થાત્ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી).**' આહા..હા..! બે બોલ થયા.

'**આસ્રવો આકુળતાના ઉપજાવનારા...**' આહા..હા..! એ શુભભાવ આકુળતાના ઉપજાવનારા. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આકુળતાને ઉપજાવનારો છે. આવી વાત (છે). છતાં ભાવપાહુડમાં બહુ આવ્યું, ભાઈ! ભાવપાહુડમાં. આમ ભાવના કરવી... આમ કરવી એવા ઘણા બોલો લીધા છે વ્યવહારના. એ તો ઓલો નિશ્ચયપૂર્વક એને શુભભાવ હોય છે એ બતાવ્યું છે. ભાવપાહુડમાં ઘણું લીધું છે. ભાવના ભાવવી. ઘણી બીજી (લીધી છે). જિનભાવના તો છે, એ સિવાય ફલાણાને આમ કરવું, પછી આમ કરવું એ બધું બહુ છે. સોળ તીર્થંકરગોત્રના ભાવ ભાવવા કે જેનાથી તીર્થંકર થાય. એવું આવે છે એમાં. બીજા બોલ ઘણા આવે છે. છે. આહા..હા..! ભક્તિ તો અહીં છેને આજે? ઠીક. આ તો વરસાદ આવ્યો. તેરશ છેને આજ તો. બે વર્ષ અને ચાર મહિના થયા આ મકાનને. એમ કે ઉપાદાનથી થાય એવી કથની કરે અને પાછા આવા મકાન બનાવીને નિમિત્ત દ્વારા ઝાઝા માણસને ભેગા કરીને ઉપાદાનથી થાય એમ બતાવવું એને. એય..! એ રામજીભાઈનો વાંક ખરો. પ્રમુખ એ હતા. એણે કર્યું છે આ બધું, લ્યો! એય..! એણે પુસ્તક છપાવવા, વળી પાછા વાંચવા જાતે અને તે પછી પાસ થાય. હવે આ નિમિત્ત દ્વારા કરે છે અને ના પાડે છે. અરે.. પ્રભુ! ભગવાન... ભગવાન... ભગવાન... બાપુ! શું થાય? આહા..હા..!

**શ્રોતા :-** એ કોયડો એને મુંઝવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, છે બધી વાત એવી. એ કોયડો એવો છે. એમાં આવું મકાન કર્યું. એને એમ થયું છે. ૨૬ લાખનું મકાન. એનો પોતાનો ભાવ છે, ઉપાદાનથી ન થાય એ પ્રચાર માટે આ વાત છે. ૨૬-૨૬ હજાર માણસ ભેગા કરીને કહેવું એને કે ઉપાદાનથી થાય, નિમિત્તથી ન થાય. કહો, શેઠ! શેઠ પણ ભેગા છેને અહીં. આહા..હા..! એવો લેખ આવ્યો છે કૈલાસચંદ્રજીનો. એ લોકો કથની કરે કાંઈક ઉપાદાનથી થાય અને પાછી કરણી

નિમિત્તથી થાય એવું જોડે છે કામ. બોલે છે. અરે..! પ્રભુ! શું થાય ભાઈ?

અહીં તો કહે છે કે એ શુભ-અશુભ... અને પાછા કરે શુભભાવ ઘણો, એમ કહે. વળી ધર્મ થાય નહિ એમ કહે. એ શુભભાવ તો આવે, બાપુ! ન આવે? કીધુંને, ભાવપાહુડમાં તો ઘણી વાત શુભભાવની લીધી છે. તીર્થંકરગોત્રની ભાવના ભાવતા આમ થાય, એ ભાવનાએ આમ તને થાય, તને તીર્થંકરગોત્ર બંધાય. બીજા બોલ ઘણા છે. ૨૫ ભાવના, ફલાણી એમ ઘણા બોલો છે. બાર ભાવના. બાર ભાવના. ઘણા બોલ છે, ભૂલી ગયા. બધા ઘણા બોલ લીધા છે ભાવપાહુડમાં. એમ તો આવે ને જાય.

દૃષ્ટિ શુદ્ધ હોવા છતાં પૂર્ણ વીતરાગતા ન હોય એને શુભભાવ આવ્યા વિના રહે નહિ. ભક્તિ આદિનો. અશુભભાવ આવે તો શુભભાવ કેમ ન આવે? આહા..હા..! ગીરધરભાઈ! આ ગીરધરભાઈએ ઘણું ત્યાં કર્યું હમણા બધું. મોટા સાડા ત્રણ લાખનું મકાન કરે અને વળી કહે કે ઉપાદાનથી થાય. પોતે કરે અને ઉપાદાનથી થાય. ઊભા રહીને ત્યાં બધું કર્યું છે. મુંઝાઈ ગયા હતા પાછા ઓલા પૈસા થોડા હતા તે. પછી મેં ઠપકો આપ્યો. કીધું, આ બહેનનું... કહ્યું હતુંને? બહેનનું જૂનું ગામ અને બીજાઓ આમ કરે અને તમે ન કર્યું. મહારાજ! ભૂલી ગયા. પૈસા તો પાછા થઈ ગયા છ લાખ. આહા..હા..! એ તો થવા કાળે પૈસા થાય એ કોણ આપે અને કોણ લે! આહા..હા..!

**શ્રોતા :-** થવા ટાણે થાય પણ નિમિત્ત કોણ હતું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્તની વાતું. એટલું પુણ્ય તો ભેગું લઈને આવ્યા છીએને. કારણ કે કોઈ સંપ્રદાયમાંથી નીકળીને આ રીતે આવું ચાલ્યું હોય ઈ પહેલો છે આ. સ્થાનકવાસીમાંથી-શ્વેતાંબરમાંથી નીકળીને દિગંબર થાય અને આવો પંથ ચાલે એ તો પહેલું વહેલું છે આ. એ તો વસ્તુસ્થિતિ થવાની હોય ત્યાં શું થાય!

અહીં કહે છે કે પુણ્યના ભાવ તે આકુળતાના ઉપજાવનારા (છે). આહા..હા..! એ પુણ્ય જ્યારે બાંધ્યું હતું ત્યારે આકુળતા હતી. આહા..હા..! ભાવ હોય છે, પણ છે એ દુઃખરૂપ. શુભભાવ એ દુઃખરૂપ છે. છે? '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે;...**' આહા..હા...! એ શુભભાવ એ દુઃખનું કારણ દુઃખ છે. આનંદસ્વરૂપ ભગવાન એનાથી ઊલટો ભાવ તે દુઃખ છે. હોય છે. વ્યવહારનયના કથન હોય એમાં એમ પણ કહેવાય કે વ્રત પાળવા, એના અતિચાર ટાળવા, નિર્દોષ વ્રત પાળવા, એમ આવે. વ્યવહારના કથન હોય ત્યારે આવે એ તો. આહા..હા..! દાન માટે ન આવ્યું? પણ તને આ મળ્યા પાંચ-બે પાંચ લાખ, દસ લાખ રૂપિયા એ પૂર્વે તારા શુભભાવ હતા, શાંતિ દાઝી હતી. ઉકડીયા છે. શું કહેવાય? ખુરજન. લ્યો!

ત્યાં દિગંબર સંત મુનિઓ પદ્મનંદિ આચાર્ય જંગલવાસી. આહાહા...! દ્વૈતપણું પણ મોક્ષનો માર્ગ નથી, અદ્વૈતપણું તે મોક્ષનો માર્ગ છે અંદર. અખંડાનંદમાં અદ્વૈતપણું જે કરે એને મોક્ષનો

માર્ગ છે એમ કહેનારા એ એમ કહે કે એલા! પુણ્યને લઈને આ પૈસા મળ્યા. એ કાગડાને ઉકડિયા મળે. ઉકડિયા સમજ્યા? એકલો ન ખાય અને તને આ બે-પાંચ લાખ મળ્યા. એકલો ખાઈશ તો કાગડામાંથી જાઈશ. ગિરધરભાઈ! ત્યારે એને અશુભભાવ ઘટાડીને શુભભાવ કરવો છે. છેને એ. આહા..હા..! પણ છે એ પરમાર્થે દુઃખરૂપ. આહા..હા..! તો એને કરવાનું કહ્યું કેમ દુઃખરૂપ છે તો? એ તો અશુભથી બચવા માટે અને એવો ભાવ આવે, બાપુ! જેને અંદર, આહા..હા..! શુદ્ધનિશ્ચયનું ભાન હોવા છતાં એમાં ઠરી શકતો નથી એટલે શુભભાવ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! અશુભથી બચવા માટે આવે, શુભભાવ હોય છે, પણ છે દુઃખરૂપ. આહા..હા..! આ તો મધ્યસ્થના કામ છે, ભાઈ! પક્ષ બાંધીને વાતું કરે તો (ન ચાલે). વીતરાગમાર્ગ છે એ કેવળી પરમાત્મા જિનેશ્વરદેવ મહાવિદેહમાં ફરમાવી રહ્યા છે, આહા..હા..! દિવ્યધ્વનિ દ્વારા એ અહીં આવ્યું છે. કુંદકુંદાચાર્ય આઠ દી રહ્યા અને ત્યાંથી આવ્યા અને આ થયું છે. આહા..હા..!

તો તો એમ પણ કહ્યું કુંદકુંદાચાર્યે. સાંભળ! હું કહું છું તને. કહે એમ અને વળી બીજે ઠેકાણે કહે કે સાંભળવાથી જ્ઞાન થાય નહિ. આવ્યુંને? પરમાત્મપ્રકાશ. દિવ્યધ્વનિથી પણ જ્ઞાન થાય નહિ. એ તો સિદ્ધાંત સત્ય છે એમ સિદ્ધ કર્યું. પણ જ્યારે સાંભળવામાં આવે છે ત્યારે સાંભળ. અરે.. 'શ્રુણઃ'નો એક શબ્દાર્થ ધવલમાં છેને. 'શ્રુણઃ' એક શ્લોક છે. એ 'શ્રુણઃ'નો કેટલો અર્થ લાંબો કર્યો ધવલમાં. 'શ્રુણઃ' એક શ્લોક છે. એમાં સુણ (કહે છે). એ વસ્તુ હોય છે એ જુદી વાત. એક કોર કહે કે ભગવાનની વાણીથી પણ તને લાભ નહિ થાય અને એક કોર મુનિઓ એમ કહે કે અમે કહીએ તે સાંભળ. આવી વાત છે. એ વિકલ્પ આવે એવો. આહા..હા..! 'ઉદ્યમ મેં કર્યો છે' એમ નથી કહ્યું કુંદકુંદાચાર્યે પહેલી ગાથામાં? મેં ઉદ્યમ કર્યો છે આ સત્યને સમયસારને સમજાવવા. નિજ વૈભવથી જો કદાચિત્ બતાવું... આહા..હા..! તો પ્રમાણ કરજે અનુભવથી. આહા..હા..! બતાવી શકાય નહિ અને વળી બતાવવું! અરે..! ભાઈ! ત્યાં ન લ્યો એમ. ત્યાં તો એમ લેવાય કે ઓહો..! અમને ઉપકાર છે પ્રભુ તારો. આહા..! તારી વાણી કેવળીની વાણી. આહા..હા..! કુંદકુંદાચાર્ય આવ્યુંને? આહા..હા..! ભગવાન વીરો. આવ્યુંને ત્યાં શું કહ્યું છે?

मंङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्।।

એવો વીતરાગી ધર્મ તે મંગળિક છે. આહા..! એમ કહેવું અને વળી રાગ અને વાણીથી પાછું એને બતાવવું. ભાઈ! એ વચમાં આવે છે પણ એ વાણી અને રાગનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આસ્રવો આકુળતાના ઉપજાવનારા...'** આહા..હા..! તો કરવા શું કરવા? પણ આવ્યા વિના રહે નહિ, સાંભળને! કહો, નવરંગભાઈ! એક કોર કહેવું કે શુભભાવ-આસ્રવ દુઃખનું

કારણ અને એક કોર કહેવું કે શુભભાવ... સાંભળ અમારી વાત. તો સાંભળવામાં તો શુભભાવ છે. ભાઈ! એ વચ્ચે આવે એનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! ખેંચાતાણ થાય તો પ્રભુનો માર્ગ નહિ સમજાય ભાઈ. આહા..હા..!

કહે છે '**અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને...**' એનાથી વિરુદ્ધ છે. '**ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી,...**' આહા..હા..! અકાર્યકારણ શક્તિ. આવે છેને ૪૭ શક્તિ. આહા..હા..! કહે છે કે આત્મા નિરાકુળસ્વભાવ છે એ કોઈનું કારણ રાગ થાય એનું કારણ નથી. એ વ્યવહાર થાય એનું એ કારણ નથી અને વ્યવહાર એનું કાર્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ બોલનું ચાલ્યું હતું એક કલાક, દોઢ કલાક ત્યાં સમ્મેદશિખર. આ ગાથાનું. કાર્યકારણ નથી. આહા..હા..! કહો, એક કોર કહેવું કે નિમિત્ત કારણ છે. અહીં કહે કે આત્મા અનાકુળ આનંદનો નાથ પ્રભુ, કોઈ પરપદાર્થના કાર્યનું એ કારણ નથી. એ રાગના કાર્યનું કારણ નથી. બે કારણથી કાર્ય થાય .. નાખ્યું છે આ અષ્ટસહસ્રીમાં. કારણ કે એ બધા નિમિત્તથી (થાય એમ) વજન આપનારા. ઓલું આવે છેને તત્ત્વનું નહિ? કાર્યક્ષય હેતુ. જે કાર્ય થાય છે એ પૂર્વની પર્યાયના ક્ષય હેતુએ છે ત્યાં. પૂર્વની પર્યાયનો ક્ષય છે. જૈનતત્ત્વ મીમાંસામાં આ બોલ છે. એ આજે આવ્યો હતો આમાં અષ્ટસહસ્રીમાં.

એમ કે ઉપાદાનની જે ઉપાદેય પર્યાય થાય છે તે પૂર્વના કારણના ક્ષયથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં તો સામે લેવું છેને? ઉપાદાન વર્તમાન અને એનું કાર્ય પછી. એ વ્યવહારથી સિદ્ધ કરવું છે. બાકી તો સમય-સમયનું ઉપાદાન સ્વયંસિદ્ધ પોતાથી છે. આહા..હા..! પૂર્વને કારણે નહિ, નિમિત્તને કારણે નહિ, દ્રવ્ય-ગુણને કારણે નહિ, એવું સત્ સમૃદ્ધિવાળું ભરેલું છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું બધી. ભાઈ! મોક્ષનો માર્ગ બાપા! આહા..હા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' આ દુઃખમાં ઘેરાઈ ગયેલો દુઃખના ઊંડા કૂવામાં ઊતરેલો છે નિગોદમાં. આહા..હા..! એવા દુઃખથી મુક્ત થવાનો ઉપાય તો અલૌકિક જ હોય, ભાઈ! આહા..હા..! વળી ઓલા એમ કહે કે નિમિત્તથી કાંઈ ન થતું હોય તો તમે સમયસાર શું કરવા વાંચો છો? એનાથી કાંઈક વિશેષ જ્ઞાન તમને આમાંથી લાગે ત્યારે વાંચો છોને? પદ્મપુરાણ કેમ વાંચતા નથી? એ પ્રશ્ન કરે. અરે ભગવાન! એમ કે સમયસાર તમને એના વાંચનમાં નિમિત્તથી અંદર કાંઈક વધારે લાભ થાય છે.

**શ્રોતા :-** દૃષ્ટાંત તો બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દૃષ્ટાંત સાચું નથી. અરેરે..! ભાઈ! અને વાંચવા ટાણે પણ જે જ્ઞાનપર્યાય થાય છે એ આને લઈને થાય છે? એ તો તે કાળે તે પ્રકારના જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ કાળ છે—નિજક્ષણ છે એની. આહા..હા..! પોતે આત્મા '**નિરાકુળતા-સ્વભાવને લીધે,...**' આહા..હા..! જે ભાવે તીર્થંકર નામકર્મ પુણ્ય બંધાય એ ભાવનું એ કારણ નથી

અને એ આત્માનું કાર્ય નથી. આહા..હા..! .. આહા..હા..!

**શ્રોતા :-** શુભભાવનું કારણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શુભભાવ એ આસ્રવ એની વાત છેને અહીંયાં.

આસ્રવનું આત્મા કારણ નથી અને આસ્રવ તેનું કાર્ય નથી. આહા..હા..! અરે.. બાપુ! આ તો વીતરાગના દરબારની વાતું છે. આહા..હા..! સર્વજ્ઞ જિનેશ્વરદેવ આહા..! વીતરાગભાવના પિંડ પડ્યા છે પ્રભુ. આહા..હા..! એકલો વીતરાગભાવ ઘન થઈ ગયો છે એને. આહા..હા..! એને ઈચ્છા વિના વાણી નીકળે છે. આહા..હા..! પણ એને એમ કહેવાય કે ઉપકાર માટે વાણી નીકળે છે એમ કહેવાય. આઠમા અધ્યાયમાં ન કહ્યું? મોક્ષમાર્ગ પ્રકાશક. ગણધર અને તીર્થંકરો પણ એવો ઉપકાર કરે છે તો અમે પણ ઉપકાર.. છે, આવે છે કે નહિ? આઠમા અધ્યયનમાં, મોક્ષમાર્ગ પ્રકાશક. આહા..હા..!

મિથ્યાદૃષ્ટિ જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપી તેમનો ઉપકાર કરવો એ જ ઉત્તમ ઉપકાર છે. છે? તીર્થંકર ગણધરાદિ પણ એવો જ ઉપાય કરે છે. તીર્થંકરને તો ઈચ્છાએ વાણી નથી, પણ એને નિમિત્તથી એમ કહેવાય. તીર્થંકર અને ગણધરાદિ પણ એવો જ ઉપાય કરે છે. આહા..હા..! પાનું ૨૧ લખ્યું છે. પાનું ૨૧માં હશે ક્યાંક. મેળવ્યું હશે. ત્યાં ૨૧ પાને છે. 'તે પ્રમાણે શ્રી વીતરાગ કેવળી ભગવાનને એવી ઈચ્છા નથી કે અમે મોક્ષમાર્ગને પ્રગટ કરીએ.' ભાઈ! આમાં અહીં છે આ. 'પણ સ્વભાવિકપણે અઘાતિ કર્મના ઉદયથી તેમના શરીરરૂપ પુદ્ગલો દિવ્યધ્વનિરૂપે પરિણમે છે.' લ્યો! આહા..હા..! હવે અહીં આમ કહે છે. કઈ અપેક્ષાએ કથન છે એ જાણવું જોઈએ. આહા..હા..! ઓલું શું હતું? એ રહી ગયું. ભૂલી ગયો. એ ખેદના છે. એ શ્લોક રહી ગયો. રાતે નહોતું થયું? કુંદકુંદાચાર્ય કહે છે, અમને ખેદ થાય છે. આશ્ચર્યની સાથે ખેદ થાય. કળશ સમયસારનો છે, નહિ? એ આવી ગયું છે આપણે આમાં. ૧૨૬ પાનું. આહા..હા..! ૧૨૬. જુઓ, '**અજ્ઞાની લોકોને તેનું અજ્ઞાન કેમ રહે છે?—એમ આચાર્ય આશ્ચર્ય તથા ખેદ બતાવે છે :-**' લ્યો! આહા..હા..! ૪૪ ને? ૪૩.

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।४३।।

આહા..હા..! આ મોહ કેમ નાચે છે? લ્યો ઠીક! ૪૩-૪૩ કળશ. આહા..હા..! અજ્ઞાનીને '**અમર્યાદપણે ફેલાયેલો આ મોહ (અર્થાત્ સ્વપરના એકપણાની ભ્રાન્તિ) કેમ નાચે છે...**' બસ, આ આવ્યું એનું. રાગ અને આત્મા એક છે કેમ થઈ ગયું? આ તે તને શું થયું ભાઈ? ક્યાં રાગ અને ક્યાં ભગવાન! બે એક માનીને તને થયું શું આ? અમને તો

આશ્ચર્યસહિત ખેદ થાય છે. લે. પણ પર ન માને એમાં તમારે શું વાંધો છે? વિકલ્પ છે. આહા..હા..!

એક કોર કહે કે પરને સમજાવું અને એમાંથી સંતોષ માને એ અજ્ઞાની છે અને એકકોર અહીં કહે કે અરે..! તને મોહ કેમ નાચે છે, બાપા? આવી વસ્તુ તને કેમ સમજાતી નથી? મોહની સાથે એક.. એમ બાપુ શું થાય? આહા..હા..! જુઓ, '(**–સ્વતંત્રપણે, જીવથી ભિન્નપણે) વિલસતું–પરિણમતું**' ભાસે છે અજીવ એનું. અજીવને. '**તોપણ અજ્ઞાનીને...**' અજીવ ને જીવ એક માનીને કેમ નાચે છે આ? આહા..હા..! પણ ભલે એ નાચે. એમાં તમારે ખેદ શું? ભાઈ! એવો વિકલ્પ છે ત્યાં એ આવે. આહા..હા..! એમ ન ગાળ દેવાય કે તમે કહો કે પરનું સમજવું એનાથી થાય, તમારાથી નહિ અને ઊંધું કરે તો એનાથી છે. હવે ઊંધુ કરે એનાથી, તમને એનો મોહ કેમ આમ નાચે છે? સ્વપરની એકતા કેમ માને છે આમ? એવો તો અમને આશ્ચર્ય થઈને ખેદ થાય છે. આહા..હા..!

**શ્રોતા :–** અમને કહો કે અજ્ઞાનથી થાય છે અને તમે કહો કે કેમ થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કેમ થાય? બાપુ! વાત તો.. આવો ભગવાન ચૈતન્યદળ આખું પરમાત્મસ્વરૂપ છે, એને રાગની સાથે એકતા, એ વિકારની—એ અજીવની એકતા... જીવ-અજીવનો અધિકાર ખરોને. રાગ એ અજીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શેઠ ગયા હતા ભાઈ ત્યાં લીલતપુર ભગવાનદાસને ત્યાં. બહુ સારુ હતું. પાછળથી કાંઈક થયું હશે. શેઠ! તમે ગયા પછી બધી ગડબડ થઈ ગઈ. ઓલા ૨૦ દી પછી હોં! ૨૦ દી પછી. ૨૦ દીની શિબિર બહુ સારી. એ શેઠ કહેતા હતા. પછી સાત દીનું માંડ્યું એ લોકોએ ધોઈ નાખવા. ૨૦ દિ'નું, એમ બોલ્યા. ઠીક બાપા, કોને ધોવે ભાઈ! આહા..હા..!

અહીં કહે છે, આનંદનો નાથ પ્રભુ આનંદઘન છે આત્મા. એ અનાકુળસ્વરૂપ ભગવાન રાગની આકુળતાને કેમ કરે? આહા..હા..! એ રાગની આકુળતાનું કાર્ય એ કેમ કરે? અને એનું કારણ એ કેમ થાય? એમ કહે છે. આહા..હા..! અકાર્યકારણશક્તિ છેને. ૪૭ શક્તિ છે. અકાર્યકારણશક્તિ—પરપદાર્થનું એ કારણ નથી અને પરપદાર્થ એનું કાર્ય નથી. આહા..હા..! જુઓ, ઓલા એમ કહે છે કે પરપદાર્થનો કર્તા ન માને એ દિગંબર નથી. એય..! પ્રભુ! શું કરે છે? આહા..હા..! શ્વેતાંબરને હતું કે દી ત્યાં? આ વાત પણ ક્યાં ત્યાં છે. આહા..હા..!

અહીં તો કહે છે કે '**સદાય નિરાકુળતા–સ્વભાવને લીધે,...**' એ આકુળતાનું કારણ કેમ થાય? અને એનું આકુળતા કાર્ય કેમ હોય? આહા..હા..! એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? એ આકુળતા એ સ્વયંસિદ્ધ પર્યાયના યોગ્ય કાળને લઈને થાય છે, પોતે આત્મા એનું કારણ નહિ. આહા..હા..! વ્યવહારનો જે શુભરાગ એનો, આત્મા આનંદસ્વરૂપ તે દુઃખનું કારણ કેમ થાય? અને દુઃખ એનું કાર્ય કેમ હોય? આહા..હા..! ગજબ વાત છે. એને ઠેકાણે અહીં એમ કહે કે વ્યવહારથી આત્મામાં નિશ્ચય થાય. હવે વ્યવહાર છે એ દુઃખરૂપભાવ.

એનાથી આનંદરૂપ દશા થાય?

**શ્રોતા :-** પહેલું દુઃખ થાય, પછી સુખ આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી. આહા..હા..!

અહીં તો એમ કહે છે કે આત્મા અનાકુળ આનંદનો સાગર પ્રભુ એ શુભભાવરૂપી દુઃખ, એનું એ કારણ કેમ હોય? એ આત્મા કારણ નહિ. આનંદ કારણ દુઃખનું નહિ અને આનંદ વસ્તુ તે દુઃખનું એ કાર્ય કરે? કારણ નહિ અને એનું કાર્ય નહિ. આહા..હા..! આનંદનું કાર્ય કાંઈ દુઃખ હોય? આહા..હા..! સમજાણું કાંઈ? આમાં એક કલાક, દોઢ-બે ચલાવ્યું હતું. નહિ ત્યાં? સમ્મેદશિખર. આપણે આ છેલ્લે નહિ? છેલ્લે. આહા..હા..! માણસો થોડા. તે દી ઘણા હતા પહેલાં.

'**ભગવાન આત્મા તો,...**' આહા..હા..! એમ જ બોલાવ્યો એને જુઓ. '**સદાય નિરાકુળતા...**' સદાય નિરાકુળતાસ્વભાવ, ત્રિકાળ આનંદસ્વભાવ એવો જે ભગવાન એ શુભરાગરૂપી દુઃખનું કારણ કેમ થાય? અને એનું કાર્ય દુઃખરૂપ કેમ હોય? આહા..હા..! આનંદના નાથનું કારણ તો આનંદ અને એનું કાર્ય પણ આનંદ. આહા..હા..! આવી વાતું! આહા..હા..! છે? '**નિકાકુળતા-સ્વભાવને લીધે,...**' એવો જે વિકલ્પ તે આકુળતા એ કોઈનું અનાકુળ તે કોઈનું કાર્ય નથી એટલે? પર્યાયમાં જે આનંદ આવ્યો એ આનંદના કારણે અંદરથી આવ્યો. એને આ રાગની મંદતાનો ભાવ હતો માટે તેને આનંદ આવ્યો એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહાર કારણ લઈને નિશ્ચય કાર્ય છે. ના પાડે છે અહીં. અરે પ્રભુ! માંડ વસ્તુ બહાર આવી, ભાઈ! દર્શન સુધારો તો કર. ચારિત્રદોષ ભલે પછી. આહા..હા..! દર્શનશુદ્ધિ તો પહેલો બોલ છે. એના વિના એકેય ડગલું નહિ ચાલે કાંઈ. સમજાણું કાંઈ?

'**નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય...**' લ્યો! આત્મા પરનું કાર્ય કરે અને એનો કર્તા એમ છે નહિ, કહે છે. ત્યારે હમણાં ત્યાં એમ કહેવાણું લલીતપુરમાં, પરદ્રવ્યનો કર્તા ન માને એ દિગંબર નહિ. ઈન્દોરમાં કહેવાણું પહેલું. અરે.. પ્રભુ! શું કરે છે આ? પોતાની વાતને ઊંચી રાખવા અને આને ખોટી પાડવા અહીં સુધી (જાય). 'માં'ને ગાળ દીધી.

અહીં તો કહે છે, ચૈતન્યસ્વભાવ તો અનાકુળ આનંદ છે. એ કોઈનું કાર્ય નથી. છેને? એટલે કે રાગની મંદતા (હતી) એને લઈને આ નિશ્ચય થયો આનંદ એમ નથી. ત્યારે કોઈ કહે, એ તો ત્રિકાળી દ્રવ્યની વાત છે. એય..! પણ દ્રવ્ય છે એનો નિર્ણય કર્યો એ પર્યાય છે. એ પર્યાય એમ જાણે છે, આહા..હા..! કે આ આત્મા આનંદનો નાથ એ રાગનું કાર્ય નથી અને રાગનું કારણ નથી. આહા..હા..! ત્યારે હવે એ કર્મને કારણે રાગ થયો એમ થયું એમાંથી તો. એય..! એમ નથી. આહા..હા..! રાગ રાગને કારણે થયો, તેનું કાર્ય એ કાર્ય આત્માનું નહિ. આહા..હા..! એ કાર્ય આત્માનું નહિ અને એનું કારણ આત્મા નહિ. આહા..હા..! કારણ ઊડાવ્યું અહીં 'કારણ નહિ'. જુઓ, વિકારનું કારણ આત્મા નહિ. આહા..હા..! એટલે

વિકારનું કારણ કર્મ લગાવી દે ત્યાં નિમિત્ત. એ તો પોતે પોતાથી છે. આહા..હા..! આવી વાત છે.

**'કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ...'** જોયું! કોઈપણ જડની અવસ્થા અને રાગની અવસ્થાનું એ આત્મા કારણ નહિ. એય શેઠ! આ તમારામાં આ શું ગોટો ઊઠ્યો હતો? તમે તો જૂના દિગંબર છો. આહા..હા..! આત્મા **'કોઈનું કારણ નહિ હોવાથી,...'** હવે બે કારણે કાર્ય થાય એ તો અહીં ઊડાવી દીધું. આહા..હા..! રાગ થાય તેનું કારણ અને કાર્ય રાગ છે, આત્મા નહિ. આહા..હા..! કર્મ તો નહિ, નહિ ને નહિ. આહા..હા..! સારું, આવી ગયા. રાગ થાય છે તેનું કારણ આત્મા નહિ. આહા..હા..! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા બીજી ચીજ છે. પણ વાત એ છે કે રાગનું કારણ આત્મા નથી એવો જે નિશ્ચય છે તેને એમ ને એમ રાખીને બીજો રાગ જે થયો એમાં નિમિત્ત હતો આત્મા. નિમિત્ત હોં! આવ્યું છેને યોગસારમાં. કહ્યું હતું પહેલું, યોગસારમાં આવ્યું છે. આત્મા વિકારનું નિમિત્ત છે, ઉપાદાન નહિ. ત્રિકાળી વસ્તુ ઉપાદાન કેમ હોય? આહા..હા..! યોગસાર. વાત થઈ ગઈ હતી હમણા. યોગસારમાં છે. આત્મા જ્ઞાયકમૂર્તિ પ્રભુ. વિકાર વિકારને કારણે થયો, એ નિમિત્ત છે. નિમિત્ત એટલે કે એ છે એટલું, એનાથી નહિ. આહા..હા..! આહા..હા..! દિગંબર આચાર્યોએ તો ગજબ કામ કર્યા. ચારે બાજુથી જુઓ તો. આહા..હા..!

**'દુઃખનું અકારણ જ છે...'** લ્યો! વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * *

**અષાઢ સુદ-૧૪, શનિવાર, તા. ૧૦-૦૭-૧૯૭૬,**
**ગાથા-૭૨,**
**પ્રવચન નં. ૧૨૧**

સમયસાર, કર્તાકર્મ અધિકાર, ૭૨ ગાથા. છેલ્લો બોલ આવ્યો છેને. આસ્રવો જે પુણ્ય અને પાપના ભાવ છે એ અશુચિ છે, મેલ છે અને મેલપણે અનુભવમાં આવે છે, ત્યારે આત્મા અત્યંત નિર્મળ છે, તેથી અત્યંત શુચિ છે—એમ બે વચ્ચેનું ભેદજ્ઞાન કરવું એનું નામ સમ્યગ્જ્ઞાન અને એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ભેદજ્ઞાન કરવું એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગથી ભિન્ન, સ્વભાવથી અભિન્ન. પર્યાયને ત્રિકાળ સાથે અભેદ કરવી. અભેદ એટલે સન્મુખ કરવું. અભેદ એટલે પર્યાય અને દ્રવ્ય કાંઈ એક થતાં નથી.

આહા..હા..! વર્તમાન જ્ઞાનની પર્યાયને દ્રવ્ય સન્મુખ કરવી, એનાથી રાગથી ભિન્ન પડી ગયો. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

એ અશુચિ છે, ત્યારે ભગવાન અત્યંત નિર્મળ અત્યંત શુચિ છે. એમ આવ્યુંને? 'णादूण' એમ જાણીને. એમ શબ્દ છેને? 'णादूण' 'असुचित्तं' પાઠ તો એટલો છે. અશુચિ તેને જાણીને. પણ એની સાથે શુચિ વસ્તુ શું છે એ જાણ્યું ત્યારે અશુચિ જાણવામાં આવી. આહા..હા..! એ એક વાત થઈ ગઈ. ત્રણે થઈ ગઈ છે. હવે આ તો ત્રીજા બોલનું જરી, પુણ્ય અને પાપના ભાવ એ અચેતન જડ છે. કેમકે એ પરને અને સ્વને જાણતા નથી, તેમ બીજા દ્વારા જણાય માટે તે જડ છે; અને ભગવાન આત્મા તો વિજ્ઞાનઘન છે. બેયને 'णादूण' એમ લેવું. 'णादूण' શબ્દ છેને. આહા..હા..! એમ ભેદ કરીને જ્ઞાનને જાણતા. આહા..હા..!

ત્રીજો બોલ. આસ્રવો દુઃખના કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણો છે;...**' આહા..હા..! શુભભાવ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ દુઃખરૂપ છે. આહા..હા..! એમ 'णादूण'. એમ જાણવું શેમાં? કે સ્વ તરફ વળતાં એ દુઃખરૂપ છે એમ જ્ઞાનમાં આવે ત્યારે ભેદજ્ઞાન થાય. આહા..હા..! 'णादूण' શબ્દ છેને? એટલે. 'आसवाणं असुचित्तं च विवरीयभावं च दुक्खस्स कारणं' અને 'णादूण' 'तदो णियत्तिं कुणदि' લ્યો! આહા..હા..! એ પુણ્ય અને પાપનો ભાવ આવે, હોય, પણ એનાથી ચૈતન્યસ્વરૂપ ભિન્ન છે—એમ ભેદજ્ઞાન કરીને, એમ જાણીને રાગના ભાવથી નિવર્તે. આહા..હા..! ભારે!

'**ભગવાન આત્મા તો,...**' ત્રણેમાં ભગવાન મૂક્યો છે. આહા..હા..! '**સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે,...**' એ તો સદાય આનંદસ્વરૂપ પ્રભુ છે. આહા..હા..! સદાય હોં! ત્રિકાળી તો આનંદમૂર્તિ પ્રભુ છે. એ દુઃખનું કારણ પણ નથી અને દુઃખનું કાર્ય પણ નથી. છે? '**કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી,...**' આમાંથી અકાર્યકારણ શક્તિ કાઢી છે. ૪૭ શક્તિ છેને? એ શક્તિ એવી છે કે જે આત્મા કોઈનું કારણ ન થાય, રાગનું કારણ નહિ, પરની અવસ્થાનું કારણ નહિ અને રાગનું એ કાર્ય નહિ. રાગની મંદતા પુણ્યના ભાવ હોય, પણ એનું કાર્ય આત્મા નહિ. આહા..હા..!

**શ્રોતા :-** આત્માનું કાર્ય ક્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માનું કાર્ય આનંદ અને જ્ઞાનની પર્યાય તે. આહા..હા..! આત્માનું કાર્ય... કર્તાકર્મ છેને? જ્ઞાયકસ્વરૂપ જાણીને જે દશા પ્રગટ થઈ જ્ઞાતા-દૃષ્ટાના નિર્મળ પરિણામ તે તેનું કાર્ય અને તેનો તે કર્તા. આવી વાત છે. સમજાણું કાંઈ? '**કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે...**' આહા..હા..!

**શ્રોતા :-** કો'કનું કરવા જાય તો દુઃખ થાય એમ થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવા જાય છે ક્યાં? ભાવ ઉત્પન્ન કરે છે. આહા..હા..! ત્યારે

આ મંદિર કરવા અને આ બધા કરવા માટે ભાવ થાય છેને. રાગ છે, ભાઈ!

કાલે આવ્યું છેને, છાપામાં આવ્યું છે કે સ્થાનકવાસીના આચાર્યોએ પણ સ્વીકાર્યું છે હવે કે મૂર્તિ છે. ભગવાન મહાવીર પહેલાંની મૂર્તિઓ છે. કાલે આવ્યું છે જૈન-જગતમાં. ઈતિહાસથી સિદ્ધ છે. એ તો લોકોએ અદ્ધરથી ઊઠાવી નાખ્યું. કાલે આવ્યું છે એમાં— આ જૈન-જગત. જવાહરલાલ હતાને શિવલાલજીના શિષ્ય. શિવલાલજીને પણ મૂર્તિની શ્રદ્ધા હતી. પણ હવે આચાર્ય થયા હતા એટલે જાવું ક્યાં? પણ એ મૂર્તિ છે એ તો શુભભાવ કરે એને નિમિત્ત થાય. આવી વાતું છે. એ જવાહરલાલજીએ કબુલ્યું છે. ઈતિહાસિક છે ૧૫૦૦-૧૬૦૦ વર્ષ પહેલાંની પ્રતિમા તો સિદ્ધ થઈ ગઈ છે. મોહેં-જો-દડામાં પાંચ હજાર વર્ષ પહેલાંની પ્રતિમા સિદ્ધ થઈ ગઈ છે. આહા..હા..! જવાહરલાલજીએ માન્યું હતું. આ તુલસી તેરાપંથીના સાચા. એણે ત્યાં કહ્યું દિલ્હીમાં. શાંતિપ્રસાદના મકાનમાં ચર્ચા (ચાલેલી). છે તો ખરી, પણ આ વધારે જે વધી ગયું આડંબર એ નહિ. એમ કેમ જોયું આ.. થઈને? ત્યાં ઓલા પૂરું થઈને પછી અભિષેક કરે છેને એ વગર કારણે છે. પાણી ભગવાનની પ્રતિમાને સાફ કરવા માટે હોય એ જરૂર વાત છે. એય હિંમતભાઈ! આહા..હા..! પછી વળી મફતના ભગવાનને માથે.. શું કરવા અભિષેક? પણ એ પદ્ધતિ... એમાં પાણીની હિંસા થાય. કારણ શું? ભગવાનની પ્રતિમાને સાફ કરવા જોઈએ એમાં પાણી. પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ છે. આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ? એય..! મૂર્તિ છે, એની પૂજા છે, પણ એમાં આવું પાણી અને અગ્નિ ને વિજળીની બત્તીયું ને આ બધા ભભકા કરે અને એમાં જીવ મરે પતંગિયા ને એ માર્ગ નથી.

**શ્રોતા :-** થોકડા ભરાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, થોકડા ભરાય છે. ફોદા. રાતના ફોદા. ફૂલની માળાઓ માળી લાવે. ૫૧-૫૧ લખ્યું છે ઘણું આમાં કાંઈક. બાર મહિનામાં કરોડો રૂપિયા ખર્ચ થતાં હશે ફૂલના. આ વધી ગયો આડંબરને. બધાએ કબુલ કર્યું. જવાહરલાલજીએ, ઓલા અમરચંદજીએ, આગ્રાવાળા. એ એકવાર ક્યાંક પ્રતિમા ગયા જલગામ. ના, કેવું? જલગામ નહિ. શું કહેવાય? ના, ના, એ નહિ. જળ-જળ. પાવાપુરી. જલમંદિર. હા, એ. ત્યાં ગયા અંદર અને ભગવાનની મૂર્તિ આમ. એમ થઈ ગયું કે ઓહોહો..! નહિતર છે સ્થાનકવાસી મુહપત્તિ. આહા..હા..! આ પ્રભુ શાંત.. શાંત...

**શ્રોતા :-** એ બધા સુધરેલ સાધનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ વસ્તુ ઐતિહાસિકથી સિદ્ધ છે, ન્યાયથી સિદ્ધ છે, આગમથી સિદ્ધ છે, એને ઉથાપી નાખવી અને ઉથાપ્યા નહિ અને સ્થાપીને આડંબર વધારે કરવો, બેય વાત ખોટી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કોઈ મહેન્દ્ર છે શતાવધાની. અધ્યાત્મયોગી કહે છે. તેરાપંથી હશે કોક. એણે આમ ભગવાનની પ્રતિમા દેખીને... આહા..હા..! આ દર્શનનો

ઉલ્લાસ કોઈ દી ભૂલાય એવો નથી, એમ લખ્યું છે લ્યો. આમાં આવ્યું છે. આજ પાછું વાંચ્યું ફરીને ચિહ્ન કરી રાખ્યું ત્યાં. પણ એની મર્યાદા એટલી છે શુભભાવ જેટલી.

**શ્રોતા :-** એની મર્યાદા આસ્રવ સુધી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આસ્રવભાવ. એ આવે છે, એ હોય છે, પણ એની મર્યાદા શુભ જેટલી છે. આહા..હા..!

અહીં તો કહે છે કે એ શુભનું આત્મા કારણ નથી. એઈ..! આહા..હા..! તેમ શુભ છે માટે સમ્યગ્દર્શનનું જ્ઞાન કાર્ય થાય છે, એ એનું કાર્ય નથી. આહા..હા..! આવી વાતું ભારે ભાઈ! મતાગ્રહમાં પકડાઈને... સમજાણું કાંઈ? મેં તો પહેલેથી કહ્યું હતું, નહિ? (સંવત) ૧૯૭૩ની સાલથી. ૭૩. એક .. સૂત્ર છે ૩૨ સૂત્રમાં. એ વાંચતો હતો. તો એમાં શાશ્વત પ્રતિમાને જિનની ઉપમા આપી છે. જિનોક્ત પ્રમાણે. કીધું, આ પ્રતિમા લોકો કહે છે જક્ષની. સ્થાનકવાસી લોકો જક્ષની મૂર્તિ કહે છે અને આમાં જિનની ઉપમા આપી છે આ તો. જક્ષની મૂર્તિને જિનની ઉપમા આપી શકે નહિ. ૭૩ની વાત છે. એ ખાનગી પૂછયું. અમારે મૂળચંદજી હતા એને. ખાનગી પૂછયું હતું હોં. બહારમાં જક્ષની-જક્ષની કરે. ઓલા પરષોત્તમજીએ છપાવ્યું છેને એક? ઓલો ગોંડલવાળો. હા, જીવા.. ગોંડલવાળો. કોઠારી. હા એ. શું નામ કીધું? નેમચંદ કોઠારી. છેને? જોયેલું છેને. છપાવ્યું છે. એમાં જક્ષની કરી છે પરષોતમજીએ. અને આ એના પાછા વખાણ કરે આ લોકો. અને ખાનગી પૂછયું ૭૩માં કોઈ નહોતું ને. કીધું, આ પ્રતિમામાં શાસ્ત્રને જિન.. પ્રમાણે કીધી છે એ જક્ષની હોઈ શકે નહિ. પછી કહે, છે તો તીર્થંકરની. અરે..! માર્યા. તમે બોલો અંદર કાંઈક અને બહાર કાંઈક મનાવો. માર્ગ આ તો.... શ્રદ્ધા ઊઠી ગઈ બધી. છે તો શાશ્વત તીર્થંકરની છે. કારણ કે તીર્થંકર સર્વજ્ઞ વિનાનો કોઈ કાળ ન હોય. શું કીધું એ?

ત્રણકાળમાં કોઈ કાળ એવો ન હોય કે તીર્થંકર સર્વજ્ઞની હાજરી ન હોય. કેમકે ત્રણકાળ અને ત્રણલોક છે તેનો જાણનાર પણ તેની સાથે અનાદિથી છે અને તેથી તેની પ્રતિમા પણ અનાદિની એવી જાતની છે સ્વર્ગમાં. એમ કહ્યું હતું ત્યાં, એમ ઉથાપો એમ ન ચાલે કીધું. આ વીતરાગનો માર્ગ છે. શાશ્વત પ્રતિમાઓ છે. નંદીશ્વરદ્વિપે અત્યારે ઈન્દ્રો જાય છે એકાવતારી. ઈન્દ્રો એકાવતારી ત્યાં બાવન જિનાલયને વંદન કરવા (જાય છે), ઘુઘરા બાંધીને નાચે. પણ એની હદ કેટલી? કે શુભભાવ જેટલી. આઘું રહી જાય કે એનાથી સંસાર પરિત થઈ જાય એમ પણ નથી, તેમ નથી ને ઉથાપી નાખે એમ પણ નથી. સમજાણું કાંઈ? અને પછી આ દ્રોપદીની વ્યાખ્યા આવી જ્યારે. દ્રોપદીનું આવે છે એમાં. કીધું, શાશ્વત પ્રતિમા સિદ્ધ થઈ હવે તીર્થંકરની. દ્રૌપદી સાથે લગન છે ને જ્યારે દર્શન કરવા જાય છે મંદિરમાં ત્યારે નમોત્થુણં કહ્યું છે. જ્ઞાતાસૂત્ર ૩૨-૪૫માં છે. નમોત્થુણં અરિહંતાણં, ભગવતાણં, આઈગરાણં.. તીર્થંકરા.. કહ્યું છે. એ પ્રતિમા જક્ષની નહિ, ગોત્રની નહિ, એક તીર્થંકરની છે.

અને છે તો કોઈએ બનાવ્યું છે જેણે. મંદિર થયા, મૂર્તિ છે તો કો'કે બનાવ્યું છેને? તો એ પ્રથા હશે ત્યારે બનાવી છે કે નહિ? એ પ્રથા છે જ અનાદિની. નવી ક્યાં છે? આ લોકોએ સિદ્ધ કર્યું છે હમણાં. બહુ આવ્યું છે આમાં. ૨૫૦૦ વર્ષ પહેલાંની મૂર્તિ છે એ તો ઈતિહાસથી સિદ્ધ થાય છે. પાંચ હજાર વર્ષ પહેલાંની પ્રતિમા છે એ ઈતિહાસથી સિદ્ધ થાય છે. પાંચ હજાર વર્ષ પહેલાં પૂર્વધરો પણ એને માનતા એમ લખ્યું છે અંદર. આવ્યું હતું? પૂર્વના ધરનારાઓ પણ ભગવાનને વંદન અને પૂજા કરતાં હતા. એમ ન ચાલે. આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ? તેમ એમાં ધર્મ મનાવી દે કે એ ધર્મ છે અને એમાંથી સમ્યગ્દર્શન એનાથી થાય, એમ નથી. એ ક્યાંથી નીકળ્યું આમાં?

**શ્રોતા :-** ધવલમાં આવે છે કે ભગવાનની મૂર્તિ જોતાં સમ્યગ્દર્શન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો જિનબિંબ આ. ધવલમાં આવે છે ખબર છેને. જિનબિંબ આમ દેખે ને એવો આ જિનબિંબ પ્રભુ છે અંદર. એ જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? વાત તો આવી છે, ભાઈ! પણ પક્ષમાં પકડાઈ ગયા હોય એને છોડવું બહુ કઠણ છે. રતિભાઈ! હતા કે નહિ રાતે? સાંભળ્યું છે કે નહિ બધું?

અહીં કહે છે કે શુભભાવ એનું કારણ આત્મા નથી, એમ કહે છે. વળી થાય અને કારણ નથી. અરેરે..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કોના આત્માથી થાય? આત્માથી નથી થતું તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કોઈનું કાર્ય નથી, કીધુંને.

'**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે; અને ભગવાન આત્મા તો,...**' ત્યાંથી ઉપાડવું છે. '**ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય...**' ભગવાન આત્મા કોઈનું કાર્ય નથી. એટલે એમાં કોઈ વળી એમ લે છે કે એ દ્રવ્ય કોઈનું કાર્ય નથી અને અકાર્યકારણ શક્તિ આવે છેને ત્યાં દ્રવ્ય લીધું છે; પણ દ્રવ્યનો અર્થ એ જે અકાર્યકારણ ગુણ છે એનો પર્યાય દ્રવ્ય-ગુણ ત્રણેમાં વ્યાપ્યો છે. પર્યાયમાં પણ અકાર્યકારણપણું આવી ગયું છે. શું કીધું સમજાણું કાંઈ?

એ ત્યાં કહે છે કે અકાર્યકારણ જુઓ દ્રવ્ય લીધું છે, પણ દ્રવ્ય લીધું એ જાણ્યું કોણે? પર્યાયે જાણ્યું છે. પર્યાયે જાણ્યું છે કે આ અકાર્યકારણ. આ દ્રવ્ય અને ગુણ કોઈ રાગના કારણ નથી અને રાગથી ઉત્પન્ન થાય તેનું આ કાર્ય નથી, એમ જ્ઞાનની પર્યાયે જાણ્યું છે. સમજાણું કાંઈ? એ પર્યાયમાં અકાર્યકારણપણું આવ્યું છે. સુમનભાઈ! સમજાણું? દ્રવ્ય-ગુણમાં તો છે, પણ જ્યાં એની સન્મુખ થઈને શક્તિવાનની પ્રતીતિ કરી ત્યારે એની શક્તિ પણ પર્યાયમાં વ્યાપી ગઈ છે. આવી વાત છે, ભાઈ! ઝઘડા... ઝઘડા... ઝઘડા જગતના. તોપણ હવે એટલું જરી કબુલ્યું. નવું આવ્યું. ચિહ્ન કર્યા એ બધા હોં પછી. વાંચ્યું હતુંને. આ જેને

વાંચવું હોય એ વાંચવું હોં! ચિહ્ન કર્યા છે અહીં. જુઓ, કોણે-કોણે માન્યું છે અને કોણે-કોણે કહ્યું છે અને ક્યારનું છે ત્યાં બધા ચિહ્ન કર્યા છે. ત્યાં એટલામાં છે.

પણ વાત એટલી છે, અહીં ના પાડે છે આત્માને (કે) રાગથી કાર્ય થાય નહિ છતાં એ રાગ કેમ કરવો? પણ કરવો નહિ, હોય છે. અને મંદિર આત્મા કરી શકતો નથી, છતાં મંદિર કરવું એનો અર્થ કે કથન અને કરણી ફેર થઈ ગઈ. ભાઈ! એમ ન લેવાય. એ મંદિરને કાળે મંદિર એનાથી થાય ત્યારે શુભભાવ જીવને હોય એનું નિમિત્ત કહેવાય છે. નિમિત્તકર્તા નહિ. નિમિત્ત જુદી ચીજ, નિમિત્તકર્તા જુદી ચીજ. સમજાણું કાંઈ? જગતના પદાર્થો થતાં હોય... આ જુઓ આ. આ પર્યાય જડની છે. એનો આત્મા નિમિત્તકર્તા નથી, નિમિત્ત છે. નિમિત્ત તો આખા લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે. સર્વવિશુદ્ધ. આખા લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે અને કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. એ તો એની ઉપસ્થિતિની હાજરીનું જ્ઞાન કરાવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

આ આંગળી ચાલે એનો જીવ નિમિત્તકર્તા કોને કહેવો? કે જે કોઈ રાગ અને યોગનો કર્તા થાય છે એવો જે પર્યાયબુદ્ધિવાળો એને આ હાથની અવસ્થા તો તે કાળે થવાની છે તે થાય છે, પણ અજ્ઞાનીના યોગને, રાગનો કર્તા થનારો (અજ્ઞાની તેના) યોગ અને રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આવી વાતું હવે. સાધારણ માણસને બિચારાને કાંઈ સમજણ ન હોય, જે પડ્યા હોય એ પડ્યા. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, રાગ હો, મંદિર હોય, આહા..હા..! છતાં એ રાગનો કર્તા આત્મા નહિ. કરે ને કર્તા નહિ. કોણ કરે છે? અજ્ઞાનીને ભ્રમ પડે છે કે આ ક્રિયાકાળમાં મારું નિમિત્તપણું છે માટે થાય છે. એ નિમિત્તકર્તા અજ્ઞાની માને છે. સમજાય છે કાંઈ? આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગનો માર્ગ છે, ભાઈ! અને બહુ આડંબરની પણ વાત સાચી. માથે ઓલા મુગટ ચડાવ્યા, આંગી રચવી, કોટ-પાટલૂન ચડાવવા. આવો તે કાંઈ માર્ગ હોય? વીતરાગમૂર્તિ જોઈએ બસ. આમ શાંત. .. સાધુએ લખ્યુંને? એને જોઈને તો આમ ઠરી ગયા. આહા..હા..! વિભોર થઈ ગયા ભગવાનને દેખીને. સ્થાનકવાસી મોઢે મુહપત્તિવાળા.

અહીં ત્રણ-ચાર-પાંચ જણા નીકળ્યા હતા. મને તો ત્યાં પ્રત્યક્ષ થઈ ગયેલું. નહોતું કીધું? ચોટિલા. (સંવત) ૧૯૯૦ની સાલમાં આવવું હતુંને જ્યારે ચોમાસું ત્યાં સદરમાં. ત્યાં રતનચંદજીના ગુરુ હતા. શતાવધાની રતનચંદ નહિ? લિંબડી. એના ગુરુ ગુલાબચંદજી. ૫૫ વર્ષની દીક્ષા. તે દી હોં. પછી તો ૨૦ વર્ષ જીવ્યા. પોણો સો વર્ષની દીક્ષા એમની. અમે ભેગા નહોતા ઉતરતા. પહેલાં આમાં હતા ત્યારે ઉતરે નહિ. મારે કડક હતુંને બધું. એટલે પછી તાકડે ત્યાં તો એનો અપાસરો એક જ હતો તો ભેગા ઉતર્યા. ઉતર્યા એટલે બહુ ખુશ થયા. ઓહોહો..! મહારાજ તમે! પછી ચર્ચા થઈ જરી થોડી. કીધું, શાસ્ત્રમાં મૂર્તિ છે. એ કહે, અમને ખબર છે કે શાસ્ત્રમાં મૂર્તિ છે, પણ મારી શંકામાં આખી જિંદગી ગઈ. શંકા

એટલે? કે શાસ્ત્ર વાંચશે શિષ્યો તો મૂર્તિ છે એમ માનશે તો અમારી શ્રદ્ધા ઊડી જશે એને. એમ બોલ્યા ચોખ્ખું. જીવરાજજી હતા. તે દી આ તો નહોતાને બધા. છે કીધું આ મૂર્તિ. અનાદિની છે. એને ના પાડે તો ભગવાનનો વિરોધ મોટો કરે છે. બે વાત થઈ. હજી મુહપતિમાં હતા તે દી તો. ૯૦.

બીજી વાત થઈ કે જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ કીધું છેને? કઈ કીધું? આત્માનું જ્ઞાન અને આત્મામાં ઠરવાની ક્રિયા તે મોક્ષનું કારણ છે. જ્ઞાન અને આ વ્રત ને તપની ક્રિયા—બે થઈને મોક્ષનું કારણ એમ છે જ નહિ, કીધું. ચોટિલાના અપાસરામાં. વાત સાચી લાગે છે તમારી. પણ જાવું ક્યાં? આહા..હા..! કીધું, ભાઈ! અહીં તો ન્યાય હશે એ રહેશે. અહીં કોઈનો પક્ષ-બક્ષ અહીં નથી. અહીં તો સર્વજ્ઞ પરમાત્મા એણે જે શ્રીમુખે જે તત્ત્વની સ્થિતિ કીધી છે એ વાત છે અહીં તો. વાત સાચી. બીજીવાર અમે ગયા ત્યાં. પછી સામું જોયું નહિ. કારણ કે એ ત્યાં અને અમે મુહપત્તિ છોડી દીધેલી. આમાં ઢંઢેરો પીટાવ્યો સમાજના માણસોએ કે ત્યાં વ્યાખ્યાન ચાલશે અપાસરામાં. માટે ત્યાં ન જાવું એમ. નિશાળમાં ઉતર્યા હતા ચોટિલા. એ સાલ પછીની સાલ હશે. ઘણા વર્ષ પછી.

અહીં તો કહેવું છે કે આ મહાસિદ્ધાંત છે આ ત્રીજો બોલ કે ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ છે, આનંદ સાગર છે. એની પર્યાયમાં આનંદરૂપી કાર્ય થાય તે આનંદનો એ કર્તા અને આનંદનું કાર્ય તેનું કર્મ. આ કર્તાકર્મ છે. સમજાણું કાંઈ? પણ એ વ્યવહારરત્નત્રયનો જે શુભભાવ આવે એનું આત્મા કારણ નથી, તેમ આત્માનું શુભ કારણ રાગ કાર્ય નથી. આહા..હા..! કારણકાર્ય નથી ને વળી બનાવવા? કોણ બનાવે? ભાઈ! તને ખબર નથી.

**શ્રોતા :-** નિમિત્તોના ઢગલા કર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બધું થયું. આ બધું કોણે કર્યું, ભાઈ? આહા..હા..! એ તો એના થવા કાળે થાય છે. કોણ કરે એને? શુભભાવ હોય છે એ નિમિત્ત તરીકે કહેવાય છે. તે પણ શુભભાવ આસ્રવ છે. પુણ્ય પણ આત્માનું ક્યાં છે? આહા..હા..! જે ભાવે પુણ્ય બંધાય એ પુણ્ય આત્માનું નથી. એ તો અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ આહા..હા..! સીમંધર ભગવાનના શ્રીમુખે નીકળેલી આ વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય કહે છે—અમૃતચંદ્રાચાર્ય ટીકા કરનાર કહે છે કે આત્મા આનંદનો નાથ અનાકુળસ્વરૂપ છે. આહા..હા..! એ શુભભાવરૂપી જે દુઃખ એનું આનંદ કારણ કેમ હોય? અને દુઃખ છે એ એનું કારણ થાય અને આનંદની પર્યાય કાર્ય થાય એમ કેમ હોય? આહા..હા..! કીધુંને, પરવસ્તુ હોય છે ત્યારે જ્ઞાની પણ નિમિત્ત કહે એને જ્ઞાનીને. નિમિત્ત કહેવાય, નિમિત્તકર્તા નહિ. બેમાં ફેર છે. સમજાણું કાંઈ? જયસેનાચાર્યની ટીકામાં છે, બંધ અધિકારમાં. જ્ઞાની પણ એમ જાણે જ્યારે બીજાને કાંઈક આહાર-પાણી દેવાનો પ્રસંગ થયો, હું તો નિમિત્ત

છું. એ બધા આહાર-પાણી જાય છે એ તો એને કારણે જાય છે. નિમિત્ત જુદી ચીજ અને નિમિત્તકર્તા જુદી ચીજ. એ ૧૦૦મી ગાથામાં કીધું કે નિમિત્તકર્તા તો જે યોગ અને રાગનો કર્તા થાય એ જીવ એની અવસ્થા તો પરની એને કારણે થઈ છે, તે કાળે આને નિમિત્તકર્તા આરોપથી કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું છે. સત્યને સત્ય તરીકે રાખજે, ભાઈ! ફેરફાર કરીશ નહિ. આ તો વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરનો પરમેશ્વરનો માર્ગ છે. આહા..હા..! આમાં આટલું બધું સમાણું છે. સમ્મેદશિખરમાં તો આ શ્લોક કલાક, દોઢ, બે કલાક ચાલ્યો હતો. છેલ્લે. (સંવત) ૨૦૨૩ની સાલ. હતા તમે? આ.

આનંદનો નાથ પ્રભુ અનાકુળ સ્વરૂપ ચૈતન્ય. વિકાર છે એ તો દુઃખરૂપ છે. એ આત્માનું ક્યાં સ્વરૂપ છે? આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા એ શુભરાગનો કર્તા નથી, તેમ શુભરાગનું કાર્ય નથી એનું. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? એમાં પણ બે પ્રકાર. નિમિત્ત કીધું. હવે બે પ્રકાર કે શુભરાગ જે છે એની કર્તૃત્વબુદ્ધિએ કર્તા છું એ તો નહિ, પણ જ્ઞાનના ભાવમાં જાણતા જેટલું પરિણમન રાગનું છે તે કર્તાપણે તે હું છું. સમજાણું કાંઈ? જ્ઞાનની અપેક્ષાએ. ૪૭ નય લીધી છેને. રંગારો રંગનો કર્તા. ત્યાં કર્તાનો અર્થ પરિણમન છેને? ધર્મીને પણ હજી રાગનું પરિણમન છે, તેથી તેને જ્ઞાનની અપેક્ષાએ પરિણમવું તે કર્તા એ અપેક્ષાએ કર્તા કહેવામાં આવ્યો છે. અહીં ના પાડે છે. અહીં દૃષ્ટિની અપેક્ષાએ. સમજાણું કાંઈ? દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય જે છે એમાં કોઈ શક્તિ કે સ્વભાવ એવો નથી કે એ વિકાર કરે. એવો ગુણ જ નથી એનામાં. આહા..હા..! સમજાણું કાંઈ? એની અનંત શક્તિઓ છે ભગવાન આત્મામાં, પણ કોઈ શક્તિ વિકાર કરે એવી શક્તિ જ નથી. તેથી તે શક્તિવાનને દૃષ્ટિમાં લેનાર સમકિતી પણ તે સ્વભાવનો કર્તા છે, પણ વિભાવનો કર્તા છે નહિ. આહા..હા..! આવી વાતું છે. થોડો ફેર પડે મોટો ફેર પડી જાય છે. આ એવી વાત છે.

જુઓ, '**કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે...**' એ શુભભાવનું એ કારણ નથી. આહા..હા..! વળી ઓલા કહે, બે કારણે રાગ ઉત્પન્ન થાય. માતા અને પિતા બેથી પુત્ર થાય, એકથી પુત્ર ન થાય. એવું પણ આવે છે જયસેનાચાર્યની ટીકામાં. એ કઈ અપેક્ષાએ કહ્યું છે? રાગનો કર્તા તો નથી, પણ પરિણમન છે એ અપેક્ષાએ તેને કર્તા કહીને.. સમજાણું કાંઈ? એ નિશ્ચય તો રાખ્યું ત્યાં. હવે પ્રમાણનું જ્ઞાન કરવા નિમિત્તને ભેળવીને કહ્યું કે આ કર્તા છે એ નિમિત્ત પણ એનો કર્તા. એ કાર્યના બે કારણ સિદ્ધ કર્યા. એક ઉપચારિક અયથાર્થ અને એક યથાર્થ. આરે..! આવી વાતું. સમજાણું કાંઈ? એ રાગનો વિકલ્પ જે ઊઠે છે એનો નિશ્ચયથી તો કર્તા નથી એટલે કે કારણ એ નથી, આહા..હા..! પણ એની પર્યાયમાં થાય છે તેથી તેને કારણ ગણ્યું છે. જીવની પર્યાય તે રાગનું કારણ છે. એ રાગ રાગનું કારણ છે એમ. રાગ રાગનું કારણ છે. રાગ આત્માના ગુણ અને દ્રવ્યનું

કારણ નહિ, તેમ દ્રવ્ય અને ગુણ રાગનું કારણ નહિ. આહા..હા..! આવું બધું ક્યાં સમજવા જાય? આહા..હા..! એવી ચીજ છે. આ તો આવી છે.

રાગનો ભાવ શુભનો જ્ઞાની, સમકિતી ને મુનિને પણ આવે. આવ્યું હતું નહિ આપણે ઓલી સ્તુતિમાં નહિ? ભાગચંદજી. પરમ દી. અશુભભાવનો વિનાશ નાશ છે અને શુભભાવથી મુનિઓ ઉદાસ છે. ભાગચંદજીનું ભક્તિમાં આવ્યું હતું. અશુભની તો જેને ગંધ નથી. મુનિ છે, આત્મધ્યાની છઠ્ઠે ગુણસ્થાને નગ્ન મુનિદશા, જંગલમાં વસનારા સંતો, જૈનની દશા અંતર જેને પ્રગટી છે, વીતરાગભાવ જેને પ્રગટ્યો છે. આહા..હા..! એવા સંતો, જીવો. આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું? શુભોપયોગ હોય છે, પણ ઉદાસ છે એમ કહેવું છે. આવ્યું હતું? ભક્તિમાં આવ્યું હતું. ભાગચંદજી કહે છે. પંડિતજી ગાયું હતું. સારું ગાય છે પંડિતજી. બહેનની ગેરહાજરીમાં. વૈરાગ્યથી. બહેન તો બોલે ત્યારે વૈરાગ્યના ઝરણા ઝરે. એય..! આહા..હા..! બોલે કોણ પણ? અહીં કહે છે. ભાષાનો કર્તા આત્મા નહિ. અરેરે..! કીધુંને, કોઈનું કાર્ય નહિ અને કોઈનું કારણ નહિ. ભાષાનું કારણ નથી આત્મા. કહો, રતિભાઈ! છે કે નહિ એમાં? આહા..હા..!

દર્શનશુદ્ધિની બલિહારી છે, ભાઈ! ચારિત્રદોષ હોય. સમજાણું કાંઈ? આહા..હા..! એને રાગ ખટકતો હોય, નીકળતો ન હોય, રાગની ક્રિયામાં જોડાઈ જાય સમકિતી પણ. આહા..હા..! પણ દર્શનશુદ્ધિની નિર્મળતામાં, આહા..હા..! રાગનું હું કારણ પણ નથી અને રાગથી મારું કાર્ય નથી. આહા..હા..! એમ કહેવું કારણ નથી અને વળી મંદિર ને કેવા જુઓ. આ મંદિર બનાવ્યુંને પછી ફરીને બીજું મંદિર બનાવવાનું હતું. આ સ્થાપવા. શું કહેવાય? કઈ સાલ નહિ? ૧૩-૧૪ની. આ નવું. બીજું બનાવો મોટુ આનાથી. ભાઈ રહેવા દ્યો હવે. પછી ત્યાં ને ત્યાં રાખ્યું ને. નહિતર તો બીજું નવું બનાવવું છે કહે. તે દી વાત થઈ હતી. કીધું, ભાઈ રહેવા દ્યો બાપુ. એક મંદિર બસ છે. એને રાખો અને આપણે મોટું બનાવો બીજું અહીં એટલામાં. એમ કરતાં ત્યાં ન થયું તો સમવસરણનું થયું, એક કોર માનસ્તંભ થયો, એક કોર આ થયું મોટું સૌથી. થવા કાળ હોય એને કોણ કરે અને કોણ રોકે! આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન તો આત્મા જાણનાર-દેખનાર—જ્ઞાતાદૃષ્ટા છે એમ કહે છે. આહા..હા..! મૂળ વસ્તુ દર્શનશુદ્ધિ અને દર્શનશુદ્ધિનો વિષય એ એટલી ચીજ છે કે જેમાં જન્મ-મરણના અંત છે એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ ને સ્વભાવની એકતાબુદ્ધિની ગ્રંથિ—ગાંઠ એ મિથ્યાત્વ છે. રાગ અને આત્માનો ત્રિકાળી સ્વભાવ, રાગ એક ક્ષણિક એક સમય પૂરતો, સંસાર જીવમાં એક સમય પૂરતો છે અને ભગવાન સ્વભાવ જેનો ત્રિકાળ છે. આહા..હા..! પવિત્રતાનો પિંડ પ્રભુ, આનંદનો નાથ અનંત શક્તિની પવિત્રતાનો સાગર છે. એને એક સમય પૂરતો સંસાર છે. આ વળી... ચાલ્યો આવે છેને આટલો આટલો અનાદિથી? એ તો નવી-

નવી એક સમયની જ દશા છે. આહા..હા..! એ સમયની દશાની જેની દૃષ્ટિ છે એ મિથ્યાત્વ છે—એકાંતબુદ્ધિ. રાગ અને આત્માને એક માન્યો એણે. આહા..હા..! જેને એ દૃષ્ટિ ખસી ગઈ છે... આહા..હા..! શુદ્ધ ચૈતન્યમૂર્તિ હું છું. રાગ પણ નહિ અને રાગની એકતા તો નહિ પણ રાગ છે એ મારા સ્વરૂપમાં નથી. પરજ્ઞેય તરીકે રાગને જાણતા તે પણ રાગ છે માટે જાણે છે રાગને એમ પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક પોતાના સામર્થ્યથી જ પ્રગટ થાય છે. એ વખતનો રાગ છે માટે રાગને જાણવાનું જ્ઞાન એને લઈને થાય છે (એમ નથી). આહા..હા..! આવું બહુ પણ ઝીણું. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ દુઃખનું કારણ નથી). આ પ્રમાણે વિશેષ** (-તફાવત) **દેખીને...**' લ્યો! આહા..હા..! શુભભાવ તે અશુચિ, ભગવાન પવિત્ર અત્યંત શુચિ. શુભભાવ તે દુઃખ જડ, ભગવાન વિજ્ઞાનઘન ચૈતન્ય. શુભભાવ તે દુઃખ, ભગવાન તે દુઃખનું કારણ નહિ એ તો આનંદનો સ્વભાવ છે. આહા..હા..! એમ બે વચ્ચેનો.. છે? '**વિશેષ દેખીને...**' જોયું! તફાવત દેખીને, બેના લક્ષણનો આંતરો દેખીને. આહા..હા..!

'**જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' જોયું! જ્યારે જાણે છે ત્યારની અહીં વાત. આહા..હા..! '**જ્યારે આ આત્મા...**' આ આત્મા પાછો એમ. '**આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' ભગવાન આનંદસ્વરૂપ અને આસ્રવ દુઃખરૂપ એમ બેનો તફાવત અંદરથી જાણે છે '**તે જ વખતે...**' '**જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' એટલે કે પુણ્ય-પાપના ભાવ એ મારા છે એ નિવૃત્ત થઈ જાય છે. મારા નહિ. સમજાણું કાંઈ? આવી વાતું બધી. માણસને સાંભળવા મળે નહિ બિચારાને એમ ને એમ ચાલી જાય જિંદગી. ઓઘે-ઓઘે જાય, બાપા! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! એકપણ ન્યાય ફરે તો આખું તત્ત્વ ફરી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેને ગણધરો એકાવતારી ઇન્દ્રો સાંભળતા હોય એ વાણી કેવી હોય, બાપુ! એ કાંઈ આલીદુઆલી કરે એવું નથી આ. આ મુનિઓની વાણી એટલે સર્વજ્ઞની વાણી છે આ. દિગંબર સંતો એટલે સર્વજ્ઞની વાણીના કેડાયતો. એના સંતોના માર્ગના કેડાયતો. આહા..હા..!

કહે છે, એ જે વખતે રાગથી પ્રભુ ભિન્ન છે એમ જાણ્યું, તે જ વખતે વિકારથી નિવર્તિ ગયો. 'વિકાર મારા હતા' એમ જે માન્યું હતું એનાથી ખસીને દૃષ્ટિ આમ ગઈ. સ્વભાવ તરફ આવતાં.. આહા..હા..! '**આસ્રવોથી નિવૃત્ત થાય છે, કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય...**' આહા..હા..! શું કહે છે? રાગભાવ અને સ્વભાવભાવનું ભેદજ્ઞાન થતાં તેમાંથી બુદ્ધિ ખસી જાય છે આસ્રવની અને જો આસ્રવથી બુદ્ધિ ખસે નહિ '**તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.**' આહા..હા..! શું કહે છે? જેને એ પુણ્યના ભાવ.. મૂળ તો ઈ ખટકે છે. અશુભ તો ઠીક હવે. શુભભાવ અને આત્મા

બે ભિન્ન છે એમ જાણ્યું, તે જ કાળે તે આસ્રવથી નિવર્તે છે. એટલે કે જે પુણ્યના ભાવ ઉપર લક્ષ હતું એ લક્ષ છૂટી જાય છે અને જ્ઞાયકભાવ ઉપર લક્ષ જાય છે એટલે આસ્રવથી નિવૃત્ત થાય છે. આહા..હા..! હવે આ તે અંદરની ક્રિયા. બાપુ! એણે સમજવી પડશે, ભાઈ! ચોર્યાસીના અવતારમાં રખડી ગયો છે, મરી ગયો છે. આહા..હા..! કહ્યું છેને એમાં, નહિ? કળશમાં. સંયોગીભાવમાં પોતાપણું માનીને જીવ મરણતુલ્ય થઈ ગયો. એવો શબ્દ છે કળશમાં. ૨૮મો કળશ છે. આ કળશ છેને? તમારે ત્યાં વાંચે છે ભાઈ બહુ. પ્રવિણભાઈ. કળશ–કળશ. જીવદ્રવ્ય તો પ્રગટ વસ્તુ જીવતી જ્યોત છે. '**પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલો હોવાથી...**' એ કર્મ નામ રાગની રુચિમાં પડ્યો છે એથી રાગની રુચિમાં મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું એટલે કે જાણે નથી. આહા..હા..! રાગના પરિણામના અસ્તિત્વને સ્વીકારતા જીવનું જીવન જે ત્રિકાળી છે તેને મરણ પ્રાપ્ત કરી નાખ્યું છે એણે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું ઈ?

'**જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે.**' આહા..હા..! વિદ્યમાન ચૈતન્યઘન, આનંદકંદ વિદ્યમાન અસ્તિ છે, પ્રગટ છે. પર્યાયની અપેક્ષાએ એને અવ્યક્ત કીધું હતું એ બીજી વાત છે. ૪૯માં. આહા..હા..! અહીંયાં તો વસ્તુ પ્રગટ છે, આનંદકંદ અનાકુળ શાંતિનો રસ ધ્રુવ અસ્તિ—મોજૂદ છે, પણ એના તરફનો આશ્રય લીધા વિના, એની સન્મુખ જોયા વિના, એનાથી વિમુખ થઈને રાગનો જ્યાં સ્વીકાર કર્યો એટલે આવી ચીજ છે એનો એણે નકાર કર્યો એટલે મરણતુલ્ય કરી નાખ્યો એને. આહા..હા..! સમજાણું કાંઈ? જીવ મરતો હશે? એક કોર કહે, સદાય અનાકુળ આનંદકંદ છે. પણ મરણની વ્યાખ્યા? જે તેનું પૂર્ણ જીવન ટકતું તત્ત્વ છે એનો સ્વીકાર ન કરીને ક્ષણિક રાગનો સ્વીકાર કર્યો કે આ છે એમ નથી એમ તેં કર્યું એ જ મરણતુલ્ય કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? નકાર થઈ ગયો એનો અર્થ જ કે આ નથી એટલે જીવનું જીવતર છે એ નથી એટલે નથી મરણતુલ્ય કર્યો. આહા..હા..! મારી નાખ્યો તેં.

તે '**ભ્રાંતિ પરમગુરુ તીર્થંકરનો ઉપદેશ સાંભળતા મટે છે,...**' આમાં છે. મરણતુલ્ય છે. ઉપદેશ ભગવાનનો... ચિદાનંદ પ્રભુ એ રાગરહિત સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યઘન છે. એ રાગની હયાતી સ્વીકારીને ચૈતન્યની હયાતીનો નકાર કરતો મરણતુલ્ય કર્યું હતું, એને જીવતી જ્યોત રાખી. શેનાથી? વીતરાગની વાણીમાં એ આવ્યું કે પ્રભુ! એ રાગ વિનાની ચીજ તો નિર્મળ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ છે. આહા..હા..! વાણીમાં આ આવ્યું. સમજાણું કાંઈ? આમાં દયા પાળવાનું કહે, વ્રત કરવાનું કહે, અપવાસ કરવાનું કહે તો સમજાય. હવે આવી વાતું બધી. દયા ને વ્રત બધો રાગ છે, ત્યાં ક્યાં ધર્મ હતો? આહા..હા..! ઝીણી વાતું ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એની સભામાં તો આવી વાતું હોય. આહા..હા..!

કહે છે, આ ભ્રાંતિ. કઈ? કે જે દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ છે તે હું છું અને તેનાથી

મને લાભ છે એવી જે ભ્રાંતિ મિથ્યાત્વની. આહા..હા..! **'પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ...'** એ ભગવાનનો ઉપદેશ કેવો આવ્યો? કે તારી મોજૂદ ચીજ રાગથી ભિન્ન મોજૂદ પડી જ છે એમ ને એમ. ત્યાં દૃષ્ટિ કર એટલો ફેર છે. આહા..હા..! 'નયનને આળસે રે મેં નિરખ્યા ન હરિને જરી.' હરિ ભગવાન પોતે સ્વરૂપ છે. આહા..હા..! કહો, ગુલાબચંદભાઈ! ઓલા હરિ તમારે સ્વામિનારાયણના નહિ. આહા..હા..!

અજ્ઞાન અને રાગ-દ્વેષને હણે તે હરિ. એવો જે આ ભગવાન પોતે હરિ છે અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! એ ભ્રાંતિપણું શ્રીગુરુના ઉપદેશથી... એટલે અહીં કહેવું છે શું? કે ભગવાનના ઉપદેશમાં એ આવ્યું કે તું શુદ્ધ ચૈતન્યઘન છો, એ આવ્યું. સમજાણું કાંઈ? ઓલામાં નથી આવ્યું? **'उभयनयविरोधध्वंसिनि '** કેટલામો છે ઈ? ચોથો. લ્યો. ત્યાં એ કહ્યું. **'उभयनयविरोधध्वंसिनि'**. ત્યાં જિનવચનને સેવવું કહ્યું છે. પણ જિનવચનને નહિ પણ જિને કહેલા ભાવને. તો જિને ભાવ શું કહ્યા? એમ છેને અંદર? આહા..હા..! જિનવચન **'દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...'** જોયું! આહા..હા..! અહીં કીધુંને, ભ્રાંતિનો નાશ થાય. એણે કીધું આ કે ત્રિકાળી આનંદનો નાથ તે આદરવાલાયક છે. આહા..હા..! એવું વીતરાગની વાણીમાં આવ્યું એવું જેને બેઠું એની ભ્રાંતિ ટળી જાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ છે અંદર.

ઓલા કહે છે કે બેય નયની સેવા કરવી. બે નય કીધી છેને જિનવચન? પણ બે નયની સેવા શી રીતે થાય? બે નયનો વિષય વિરોધ છે. એથી દિવ્યધ્વનિ દ્વારા ઉપાદેય કહી છે આત્માને. એ દિવ્યધ્વનિનો ઉપદેશ ભગવાનનો આ છે. આહા..હા..! એ અહીં કહ્યું જુઓને. સમજાણું? આહા..હા..! આત્મા શુદ્ધસ્વરૂપ પૂર્ણ છે એ ઉપાદેય છે એ વાણીમાં આવ્યું. એ તો વાચક શબ્દો થયા, પણ એ વાચ્યને જેણે ઝીલ્યા અંદરથી... આહા..હા..! શુદ્ધ ચૈતન્યવસ્તુ મોજૂદ પડી છે, પ્રભુ! ક્યાંય ગઈ નથી. તેમાં હિણપ થઈ નથી. આહા..હા..! વસ્તુ જે છે તેમાં હિણપ થઈ નથી, વિપરીત થયું નથી, દુઃખરૂપ નથી. આહા..હા..! એવો જે ભગવાનનો ઉપદેશ તીર્થંકરદેવનો એને ભગવાને એમ કહ્યું કે આ વસ્તુ ઉપાદેય છે બસ. આહા..હા..! એમ અહીં રાગથી ભિન્ન પડીને ઉપાદેય કર્યું. આહા..હા..! રાગથી નિવૃત્ત થઈ ગયો. આવું છે, ગિરધરભાઈ! આહા..હા..! આવી વાતું.

**'આત્મા અને આસ્રવોના ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે, કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય...'** એટલે કે શુભભાવ પ્રત્યેની રુચિ ન ખસે અને ત્યાંથી લક્ષ ન છોડે **'તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.'** આહા..હા..! સમજાણું કાંઈ? અભિપ્રાયથી પુણ્ય-પાપના ભાવથી ખસી ગયો. આમાં પણ વાંધા કાઢે છે લોકો કે પુણ્ય-પાપના બિલકુલ ભાવ ન હોય એને અહીં ભેદજ્ઞાન કીધું છે. એમ નથી. સમજાણું કાંઈ? કહે છેને જુઓને કીધુંને?

કે **'આત્મા અને આસ્રવોના પારમાર્થિક ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.'** જો નિવર્ત્યો ન હોય તો. એમાંથી કાઢે છે ઈ. પુણ્ય-પાપના ભાવથી તદ્દન નિવર્ત્યો ન હોય તો એને ભેદજ્ઞાન નથી. પણ એનો અર્થ એ નથી. અહીંયાં તો પુણ્ય-પાપના ભાવના પ્રેમથી ખસી ગયો છે એને નિવર્ત્યો કહેવામાં આવે છે. પુણ્ય-પાપ તો છે. રતનચંદજી મુખત્યાર એમ કહે છે. આમાંથી આ કાઢે છે એ. જુઓ, આસ્રવો અને ભેદજ્ઞાનથી એમનાથી નિવર્ત્યો ન હોય એટલે પુણ્ય-પાપના ભાવ બિલકુલ ન થાય, ચંદુભાઈ! એમ કહે છે એ. અરે.. ભાઈ! એમ નથી, બાપુ!

અભિપ્રાયમાં જે રાગની એકતા હતી એ જ્યાં રાગ અને આત્માનું ભેદજ્ઞાન થયું એટલે રાગથી બુદ્ધિ ખસી ગઈ—નિવર્તિ ગયો. અભિપ્રાયથી નિવર્તિ ગયો. જો અભિપ્રાયથી નિવર્તે નહિ તો ભેદજ્ઞાન નથી એને. પુણ્ય-પાપના બિલકુલ ભાવ ન હોય તો એને ભેદજ્ઞાન છે એમ અહીં નથી કહેવું. સમજાણું કાંઈ? આવી વાતું હવે. માંડ કલાક સાંભળવા મળે એમાં આવું ઝીણું. ઓલું જાડું હોય તો અપવાસ કરવા, તપસ્યા કહેવાય, એ તપસ્યાથી નિર્જરા કહેવાય, નિર્જરાથી મોક્ષ થાય. સમજાય તો ખરું અજ્ઞાન. અજ્ઞાન. આહા..હા..! અહીં તો કહે છે કે એ તપસ્યાનો જે વિકલ્પ ઊઠે એ તપસ્યા નહિ. આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન આત્મા.. આહા..હા..! એ રાગના ભાવથી ખસી જાય છે અને સ્વરૂપમાં આવે છે એને અહીંયાં સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! એટલે અંશે એ સ્વરૂપાચરણચારિત્ર છે.

**'આસ્રવોના પારમાર્થિક ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.'** એનો અર્થ આમ કહે છે કે જેને હજી પુણ્યભાવ હોય છે એ પુણ્યથી નિવર્ત્યો નથી, એમ કહે છે. અહીં એમ નથી. અહીંયાં તો... દૃષ્ટિની અપેક્ષાએ અભિપ્રાયથી નિવર્ત્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રના અર્થ કરવામાં પણ વાંધા. આહા..હા..! **'માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે...'** એટલે? પુણ્ય અને પાપના ભાવથી જ્યાં રુચિ ફરી અને અભિપ્રાય સ્વભાવ ઉપર ગયો, ત્યારે કહે છે કે પુણ્ય અને પાપની **'નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક...'** જુઓ, અજ્ઞાનથી થતો એ વાત છે. સમજાણું કાંઈ? **'અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.'** પછી એને અવ્રતના પરિણામ, પ્રમાદના પરિણામ હોય છે, પણ અભિપ્રાયથી તે નિવર્તિ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. આવો વીતરાગનો ઉપદેશ!

ક્રોધ કેમ કીધો? કીધુંને, એ વાત થઈ ગઈ છે કે પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે તેના તરફની સન્મુખતા ન કરતાં વિમુખ થઈને જે રાગ કરે છે એને અહીં ક્રોધ કહેવામાં આવે છે. સ્વભાવ પ્રત્યેનો તેને દ્વેષ છે. આહા..હા..! શુભભાવના પ્રેમીલા તે સ્વભાવ પ્રત્યે ક્રોધ કરે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્વેષ અરોચક ભાવ. આનંદઘનજી (કહે છે). દ્વેષ અરોચક (અર્થાત્) આનંદનો નાથ જેને રુચતો નથી અને જેને રાગ રુચે છે એ દ્વેષ છે. દ્વેષ અરોચક

ભાવ. ભગવાન આત્મા પ્રત્યે એને દ્વેષ છે. એને એ રુચતું નથી તે દ્વેષ છે. આહા..હા..! કહો, ગિરધરભાઈ! આવું કે દી સાંભળ્યું છે ત્યાં? નવો માર્ગ હશે આ? અનાદિનો આ જ છે. અનાદિનો માર્ગ જ આ છે. લોકોને ન મળ્યો એથી કાંઈ માર્ગ નવો બીજો થઈ જાય? આહા..હા..!

પુણ્ય-પાપના ભાવના પ્રેમથી છૂટી, એની અભિપ્રાયથી એકતાબુદ્ધિથી છૂટી અને સ્વભાવની એકતામાં આવ્યો એટલે એ જે પરથી છૂટું એવું જે ભેદજ્ઞાન એ ક્રોધની નિવૃત્તિમાં અવિનાભાવી જ્ઞાન જ થયું ત્યાં. સમજાણું કાંઈ? એટલે જ્ઞાનમાત્રથી તેને.. છે? **'પૌદ્‌ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.'** માટે, જ્ઞાનમાત્રથી એને બંધ થતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૧૫, રવિવાર, તા. ૧૧-૦૭-૧૯૭૬, ગાથા-૭૨, પ્રવચન નં. ૧૨૨

આ કર્તાકર્મ અધિકાર, ગાથા-૭૨. અહીંયાં મુખ્ય પ્રશ્ન હતો કે રાગથી ભિન્ન પડેલું જ્ઞાન સ્વભાવની સન્મુખ થઈને.. રાગથી ભિન્ન પડેલું જ્ઞાન એ જ્ઞાનમાત્રથી કર્મબંધ અટકી જાય છે. આ પ્રશ્ન છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન જ્ઞાનમાત્રથી કર્મબંધ કેવી રીતે અટકે? ત્યારે એનો આ ઉત્તર ચાલે છે. એ રાગ અને સ્વભાવનું ભેદજ્ઞાન થયું એ જ્ઞાન અભિપ્રાયથી આસ્રવથી નિવર્તે છે. અભિપ્રાયથી. આસ્રવથી તદ્દન નિવર્તે છે એમ નહિ. સમજાણું કાંઈ? રતનચંદજી એમ કહે છે કે તદ્દન આસ્રવથી નિવર્તે તેને જ્ઞાન કહીએ. એ પણ ખોટું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધી કાંઈ ઠેકાણા વિનાની વાતું. કહેશે. અર્થમાં કરશે. અને આ વળી કહે કે ના. ભેદજ્ઞાન રાગથી ભિન્ન પડે તો જ્ઞાન યથાર્થ કહેવાય અને તે જ્ઞાનથી બંધ ક્યો (રોકાય)? મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો બંધ રોકાઈ જાય છે એટલું. સમજાય છે કાંઈ? એ અહીં કહ્યું છેલ્લે જુઓ.

**'માટે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ,...'** આહા..હા..! **'અજ્ઞાનથી થતો જે પૌદ્‌ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય**

છે.' શું કહ્યું સમજાણું કાંઈ આમાં? કે પુણ્ય અને પાપ જે આસ્રવ છે એ અશુચિ છે, અપવિત્ર છે. ભગવાન સ્વભાવ એનો પવિત્ર છે. એવું જેને '**णादूण**' પરથી ભિન્ન પડીને જ્ઞાન થયું. એમ પુણ્ય અને પાપના ભાવ અચેતન છે, જડ છે. કેમકે તે પર દ્વારા જણાય એવી ચીજ છે. પોતાથી પોતે જાણે એવું છે નહિ. માટે પુણ્ય અને પાપના ભાવ આસ્રવ જડ, ભગવાન વિજ્ઞાનઘન ચૈતન્ય; અને પુણ્ય અને પાપના ભાવ દુઃખનું કારણ છે અને આત્મા આનંદનું કારણ, દુઃખનું કારણ નહિ—એવું જેને અંતરમાં ભેદજ્ઞાન થાય એને જ્ઞાનમાત્રથી કર્મબંધન રોકાઈ જાય છે. સમજાણું કાંઈ? એ કહ્યુંને?

'**આત્મા અને આસ્રવોના પારમાર્થિક ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.**' કોણ? કે આસ્રવો છે એની ઉપરથી જેણે દૃષ્ટિ ઊઠાવી નથી અને સ્વભાવમાં દૃષ્ટિ કરી નથી એ આસ્રવથી નિવર્ત્યો નથી. પરથી ખસ્યો નથી, સ્વમાં આવ્યો નથી એ આસ્રવથી નિવર્ત્યો નથી. એથી પરમાંથી ખસીને સ્વ તરફમાં અભેદમાં આવે છે. એકત્વ-વિભક્ત પહેલું કહ્યું છેને એ શૈલી અહીં છે. સ્વભાવમાં એકત્વ અને રાગથી વિભક્ત એવું જ્યાં અંદર જ્ઞાન થયું એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાત્રથી અજ્ઞાનથી થતો બંધ તેને રોકાઈ જાય છે. હવે એને વધારે સ્પષ્ટ કરે છે. સમજાણું કાંઈ? તદ્દન આસ્રવથી નિવર્તિ જાય એની અહીં વાત નથી. અભિપ્રાયમાં જે પુણ્ય અને પાપ ઉપર રસ હતો, રુચિ હતી એ જ્ઞાન ને રાગને ભિન્ન પાડીને અભિપ્રાયમાંથી આસ્રવથી ખસી ગયો. આવી વાતું. સમજાણું કાંઈ? એને જ્ઞાનમાત્રથી અજ્ઞાનથી થતો બંધ તે રોકાઈ જાય છે. ત્યાં સુધી આવ્યું છે.

'**વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે...**' હવે વધારે નક્કી કરે છે કે પુણ્ય અને પાપના ભાવ અને ભગવાન આત્મા એનું જેને ભેદજ્ઞાન છે, છેને? '**તે અજ્ઞાન છે કે જ્ઞાન છે?**' હવે દલીલ કરે છે આ કોર્ટમાં જેમ કરે એમ. '**જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.**' તો તો એ આત્મા અને આસ્રવમાં એકપણે વર્તે છે. એ ભેદજ્ઞાન ન થયું. એ તો અજ્ઞાન રહ્યું.

**શ્રોતા :-** આમાં કાંઈ સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન સમજાણું?

કહે છે કે આ આત્મા જે છે એને પુણ્ય-પાપના ભાવથી ભેદજ્ઞાન થયું, તે ભેદજ્ઞાનથી જ કર્મ અટકે છે એને વધારે સિદ્ધ કરે છે કે રાગથી ભિન્ન પડ્યું એ જ્ઞાન, એ જ્ઞાન છે કે અજ્ઞાન? જો તું અજ્ઞાન કહે તો તો રાગથી એકત્વબુદ્ધિ જે છે ઈ એનું એ રહ્યું, રાગથી ભિન્ન પડ્યું નહિ. સમજાણું કાંઈ? રાગ અને આત્માનું એકપણું જો કહે (તો) અવિશેષ સામાન્ય થઈ ગયું એ તો, જુદું પડ્યું નહિ. તો એ અજ્ઞાન જે છે એ અજ્ઞાનથી કર્મબંધ રોકાઈ નહિ. એ તો અજ્ઞાન છે. છેને? '**આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી...**' અજ્ઞાનીને જો અજ્ઞાન કહો તો તેની કાંઈ જુદાઈ ન થઈ. કહો, ચંદુભાઈ! સમજાણું કાંઈ આમાં?

ફરીને. વસ્તુ જે આત્મા છે એ જ્ઞાનમય અને આનંદમય (છે). એને જ્યારે પુણ્ય-પાપના ભાવ છે, એની જે રુચિ હતી એ રુચિને છોડીને ભેદજ્ઞાન કર્યું ત્યારે એ જ્ઞાનમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી આસ્રવ રોકાઈ ગયા એટલે જ્ઞાનમાત્રથી આસ્રવ રોકાણો એમ કહ્યું. ત્યારે એને વધારે દલીલ કરી કે જો ભેદજ્ઞાન છે એ જ્ઞાન છે કે અજ્ઞાન? ઓલો કહે કે અજ્ઞાન. તો તો રાગની સાથે એકત્વબુદ્ધિ (થઈ). એ તો એનું એ થયું. એ ભેદજ્ઞાન થયું જ નથી એને. નવરંગભાઈ! છે?

**'જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના...'** એકપણાની બુદ્ધિથી જુદું તો કાંઈ થયું નહિ. સમજાણું કાંઈ? વિશેષતા ન થઈ. એ તો એનું એ સામાન્ય થયું. જુદાઈ ન રહી. વિશેષ અંતર જ છેને? એ વિશેષ અંતરને રાખ્યું છે. પહેલી ગાથાઓમાં છેને. આહા..હા..! રાગથી ભિન્ન પડ્યું તે જ્ઞાન, એ જ્ઞાન અજ્ઞાન છે કે જ્ઞાન? જ્ઞાનમાત્રથી બંધ રોકાઈ જાય એ સિદ્ધ કરવું છેને. ત્યારે એ કહે છે કે અજ્ઞાન. તો અજ્ઞાન (છે તો) રાગ અને આત્માની એકતાપણે (થયું). એ તો એકતા થઈ, એનાથી જુદું પડ્યું નહિ. એને જ્ઞાન જ ન કહેવાય.

**'અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે?'** બીજો પ્રશ્ન. **'જો આસ્રવોમાં પ્રવર્તે છે તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.'** જ્ઞાન કહો અને જ્ઞાન કહીને આસ્રવની પ્રતીતિ રહે, આસ્રવની રુચિ રહે તો તો એ એનું એ થયું. એ જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? આ તો બહુ સાદી (ભાષા છે). આ ગાથા તો ઘણીવાર વંચાય છે. આ સળંગમાં ૧૮મી વાર આવી. સળંગ વાચવામાં. બાકી તો બહારમાં તો ઘણીવાર વંચાય છે. ૭૨-૭૩-૭૪. એય..! તમારા રાજકોટમાં ઘણી વાર વંચાઈ ગઈ.

ફરીને. જ્ઞાનમાત્રથી કર્મબંધન અટકી જાય છે એમ જે આચાર્યે કહ્યું, ત્યારે શિષ્યને પૂછે છે કે જો જ્ઞાનમાત્રથી અટકે નહિ તો તો એ ભેદજ્ઞાન એ જ્ઞાન છે કે અજ્ઞાન? ઓલો કહે કે અજ્ઞાન. તો એ તો એનું એ થયું. રાગની સાથે એકતાબુદ્ધિ છે એ તો અનાદિની છે. એ કાંઈ જ્ઞાન નથી. એ છે જ્ઞાન, એમ કહે જ્ઞાન. તો જ્ઞાન છે એ આસ્રવમાં પ્રવર્તે છે? આસ્રવમાં પોતે જ્ઞાનની એકતા છે? કે જ્ઞાનની આસ્રવથી ભિન્નતા છે? એ આસ્રવમાં પ્રવર્તે છે તો એ જ્ઞાન ન રહ્યું. પુણ્ય-પાપના ભાવને ઉપાદેય કરીને પ્રવર્તે એ જ્ઞાન જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વાણિયાને સમજવું બધું પાછું. આહા..હા..!

રાગનો ભાવ અને આત્માનો ભાવ ભેદ પડ્યો, જુદું પડ્યું તે ભેદજ્ઞાન. એ જ્ઞાનમાત્રથી મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો આસ્રવ છે એ રોકાઈ ગયો. તે જ્ઞાનમાત્રથી કેમ રોકાણો? એનો પ્રશ્ન વધારે સિદ્ધ કર્યો. પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પડેલું જ્ઞાન એ જ્ઞાન અજ્ઞાન છે કે જ્ઞાન? એ કહે કે અજ્ઞાન છે. તો એ તો એનું એ થયું. ભિન્ન પડ્યું જ નથી. એ તો પુણ્ય-પાપને ઉપાદેય તરીકે માનીને પ્રવર્ત્યું એ તો અજ્ઞાન છે. પછી કહ્યું કે એ તો જ્ઞાન

છે. તો જ્ઞાન છે તો પુણ્ય-પાપને ઉપાદેય તરીકે પ્રવર્તે છે જ્ઞાન? કે ત્યાંથી નિવર્ત્યું છે? સમજાણું કાંઈ? સુજાનમલજી! આ કેળવવું પડે એવું છે મગજને. આહા..હા..!

**'જ્ઞાન છે તો આસ્રવોમાં પ્રવર્તે છે...'** એટલે કે પુણ્યના પરિણામના ઉપાદેય તરીકે એ જ્ઞાન છે કે એનાથી ખસી ગયું છે?—કે ના, ના, એમાં પ્રવર્તે છે. તો એ જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? આવી વાતું હવે. ઓલા તો દયા પાળી ને વ્રત કરવા, ઓલા કહે કે ભક્તિ અને જાત્રા કરવી. કાંઈ સમજવું એમાં છે? આહા..હા..! અહીંયાં કહે છે કે આસ્રવના પરિણામ છે એ બાહ્ય છે, અંતર વસ્તુમાં નથી. હવે જ્યારે આસ્રવના પરિણામથી અંતર્મુખ દૃષ્ટિ થઈ ત્યારે આસ્રવના પરિણામથી અભિપ્રાયથી નિવર્ત્યો. આસ્રવ ભલે હો, પણ આસ્રવના પરિણામથી નિવર્ત્યો. આ નહિ, આ આનંદ છું. હું તો જ્ઞાન છું, આનંદ છું. એ ભેદજ્ઞાનમાં જ્ઞાનમાત્રથી જ અજ્ઞાનથી થતો બંધ અટકી ગયો. હવે કેમ અટકી ગયો? અને એ તને ન બેસતું હોય તો અમે તને પૂછીએ છીએ કે જે રાગ અને પુણ્ય-પાપથી ખસીને જે ભેદજ્ઞાન થયું આ બાજું એ જ્ઞાન, જ્ઞાન છે કે અજ્ઞાન? કહે છે, એ તો અજ્ઞાન છે. તો અજ્ઞાન તો એનું એ થયું, ખસ્યું જ નથી ત્યાંથી. પુણ્ય-પાપના ભાવથી ઉપાદેયબુદ્ધિ એની ગઈ નથી. ત્યારે કહે કે જ્ઞાન છે. તો જ્ઞાન છે તે આસ્રવમાં પ્રવર્તે છે કે નિવર્ત્યું છે? કે જ્ઞાન આસ્રવમાં પ્રવર્તે તો એનું એ થયું. આહા..હા..! સમજાણું કાંઈ? આવા બધા. અશોક છે? હા, ઠીક. આ કો'ક લાવ્યું હતું અશોક નામનું. સાકરની લાવ્યું છે પીપર...? ... પીપર નહિ. પીપર લાવ્યા છે કો'ક. ભાઈ લાવ્યા છે ભાવનગરથી. એ તમારી દુકાનની લાવ્યા. અશોક નામ હતું એમાં. આહા..હા..!

અહીં કહે છે કે અશોક તો આત્મભગવાન છે. પુણ્ય-પાપના શોક વિનાનો છે. એને જેણે આત્માને જાણ્યો, એનું જે જ્ઞાન થયું એ આસ્રવમાં પ્રવર્તતું અટકી ગયું. આસ્રવ મારા છે, પુણ્ય મારા છે, એ મારે ઉપાદેય છે એ બુદ્ધિ ખસી ગઈ; અને એ બુદ્ધિ ખસી તેથી એ જ્ઞાનને અજ્ઞાન કહે છે કે જ્ઞાન? તો ઓલો કહે કે અજ્ઞાન છે. તો ખસી જ નથી. રાગમાં ઉપાદેયપણે પ્રવર્તે અજ્ઞાન, એ ભેદજ્ઞાન નહિ. ત્યારે કહે, અમે તો એને જ્ઞાન કહીએ. તો જ્ઞાન કહીએ તો રાગ સાથે ઉપાદેયબુદ્ધિએ જ્ઞાન વર્તે છે કે ભિન્ન વર્તે છે? કહે એ ઉપાદેયપણે વર્તે છે. તો એ જ્ઞાન જ નહિ. આહા..હા..! કહો, નવરંગભાઈ!

**'તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો આસ્રવોથી નિવર્ત્યું છે...'** જોયું! એ જ્ઞાન પુણ્ય-પાપના ભાવને ઉપાદેય તરીકે બુદ્ધિ નીકળી-ખસી ગઈ છે અને આત્મા આનંદનો નાથ એવી ઉપાદેયબુદ્ધિ થઈ છે. આહા..હા..! **'જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય?'** આ સિદ્ધ કરવું છે આ. આહા..હા..! પુણ્ય અને પાપના ભાવથી દૃષ્ટિ ખસીને એકત્વબુદ્ધિ થઈ, વિભક્ત થઈને એકત્વ થઈ. તેથી તે એકત્વબુદ્ધિમાં જ્ઞાનમાત્રથી અજ્ઞાનનું

બંધન અટકી ગયું. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું.'** એ શું કહ્યું ઈ? કે પુણ્યભાવથી ધર્મ થાય. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવથી ધર્મ થાય એનું આ ખંડન કર્યું. એ ક્રિયાનય. સમજાણું કાંઈ? એટલે? કે રાગમાં પ્રવર્તતા ધર્મ થાય એનું ખંડન કર્યું. આહા..હા..! મંદ કષાયથી ધર્મ થાય. દયા, દાન, વ્રત, ભક્તિ એ ક્રિયાનયનું ખંડન કર્યું. એય..! આ કહેતા હતા કો'ક રાજકોટમાં એમ કહે છે વળી કાનજીમુનિનું જ્ઞાન અને અમારી આ ક્રિયા બે થઈને મોક્ષ થાય છે. એય વજુભાઈ!

**શ્રોતા :-** ક્રિયા તો શરીરની ક્રિયા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભલે રાગની હોય. આજ કહેતા હતા. ધૂળેય નથી. ક્રિયા ક્યાં હતી? અહીં તો જ્ઞાન રાગના ભાવથી નિવર્તે અને અંદર એકાગ્ર થાય તે ક્રિયા છે. રાગની ક્રિયાથી ધર્મ થાય એનું અહીં ખંડન કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? કષાયની મંદતા કરતાં કરતાં આગળ વધાય—એનું ખંડન કર્યું. એ કષાયની મંદતાથી ભિન્ન પડ્યું જ્ઞાન, એને જ્ઞાન કહીએ અને એને કર્મનું અટકવું થાય, પણ રાગમાં પ્રવર્તે અને ધર્મ થાય એ નિષેધ કર્યો. તારી લાખ કરોડ ક્રિયા હોય. છ ઢાળામાં આવ્યુંને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિશ્ચય આતમ ઉર ધ્યાવો.' સમજાણું કાંઈ? આહા..હા..! એ કહ્યું.

આત્માનું ભેદજ્ઞાન છે તે ક્રિયાનયનું ખંડન કર્યું. એટલે? રાગની મંદતાની ક્રિયા તે ધર્મની છે—એનું ખંડન કર્યું. કારણ કે એનાથી પાછું વળ્યું તે ભેદજ્ઞાન તે જ્ઞાન અને ધર્મ છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ એમ કે ધર્મ છે. તો અહીં કહે છે કે એ ધર્મ નથી. એનું ખંડન કર્યું. એનાથી નિવર્ત્યો તેને ધર્મ થાય. આહા..! એમાં રહે એને ધર્મ ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ આ તો વીતરાગ જિનેશ્વરનો છે. એને સમજવો કઠણ છે. બધે પડખેથી એની વિરુદ્ધતા ટાળવી. આહા..હા..!

શું કીધું ઈ? કે આસ્રવથી નિવર્ત્યું છે એમ જો તું કહે તો તો હવે એ પુણ્યના ભાવનું ખંડન થઈ ગયું. પુણ્યભાવથી ધર્મ તું કહેતો હતો ત્યાંથી નિવર્ત્યું છે એને ધર્મ થાય. પ્રવિણભાઈ! ત્યાં હિંમતભાઈ છે કે નહિ? કાલે વયા ગયા હતા કાલે? એ આવ્યો હતો છોકરો. ભાઈને મૂકવા આવ્યો હતો. ઠીક. ઘર નજીક એટલે ડોક્યું મારી આવે ત્યાં.

અહીં શું કહ્યું સમજાણું? આહા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એવું જેને રાગના ભાવથી ભિન્ન પડીને ભાન થયું એને જ્ઞાનમાત્રથી કર્મ રોકાઈ ગયા. કેમ? કે એ જ્ઞાન જે આસ્રવમાં પ્રવર્તતું હતું—રાગમાં એને ખસ્યું. દુઃખથી હઠાવ્યું. તો ક્રિયાનયથી રાગની મંદતાથી ધર્મ થાય એ વાત જૂઠી પડી. સમજાણું કાંઈ? ગિરધરભાઈ! રાગની ક્રિયાની મંદતા કીધુંને ભાઈ આજે? કે આ અમારી આ ક્રિયા એ ક્રિયા અને આ જ્ઞાન બે થઈને મૂક્તિ. ધૂળેય નથી. એ તો એમાં પણ કહ્યું નહિ એણે? ગુલાબચંદજી સાથે વાત થઈ હતી તે દી, (સંવત)

૧૯૯૦માં. જ્ઞાન આ આત્માનું જ્ઞાન અને એમાં ઠરવું એ ક્રિયા. વાત તો ઠીક લાગે છે. પણ મૂકાય નહિ. અને આમાં ન આવ્યું? પાંચ દોહરામાં બનારસીદાસમાં. ઓલા શિષ્યે પ્રશ્ન કર્યો કે બે જોઈએ. ગુરુ ઉપદેશ અને પોતાનું.. ઉપદેશ વિના ન સમજાય એને. આવ્યુંને પાંચ દોહામાં? નિમિત્તના દોહરામાં. શિષ્યે કહ્યું કે બે કોણ? કે આત્માનું રાગથી ભિન્ન પડ્યું એ જ્ઞાન અને જ્ઞાનમાં ઠરવું એ ક્રિયા. એ ક્રિયા જ્ઞાનનય અને ક્રિયાનય બે આવ્યા હતા. એ રાગની ક્રિયા નહિ. અને એક શ્લોકમાં પણ આપણે આવે છે. મૈત્રી નહિ? નિશ્ચયની મૈત્રી. એ જયચંદ્ર પંડિતે જરી રાગની મંદતા તે કાળે હોય છે. નિશ્ચયસ્વરૂપનો અનુભવ હોય છે એથી ઓલા રાગની મંદતાને વ્યવહારે મૈત્રી કીધી છે, પણ કળશકારે એને કાઢી નાખ્યું છે. ક્રિયા કઈ? અશુદ્ધતાથી નિવર્ત્યો તે ક્રિયા. સમજાણું કાંઈ? એ ક્રિયા દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને શુભોપયોગ એ નહિ. આહા..હા..! એ તો બંધનનું કારણ છે, એ તો આસ્રવ છે. જે જ્ઞાન આસ્રવના પ્રેમથી છૂટી ગયું છે અને સ્વભાવ પ્રત્યેના પ્રેમમાં ઢળી ગયું છે. એમ કહેતા ક્રિયાનયનું ખંડન કર્યું. રાગની મંદતાથી કલ્યાણ થશે એનું ખંડન કર્યું.

**શ્રોતા :-** વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે એનું ખંડન કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું ખંડન કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ આમાં?

હવે બીજો બોલ. '**આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ એવા જ્ઞાનનયનું પણ ખંડન થયું.**' એટલે? જાણવામાં આવ્યું કે આ રાગથી ભિન્ન કરું, પણ કર્યું નથી. તો એકાંત જ્ઞાન જે છે જાણપણું એનું ખંડન કર્યું. જ્ઞાન રાગથી ભિન્ન પડીને એકાગ્ર થાય અંદર એ જ્ઞાનની ક્રિયા છે, પણ એકલું જાણપણું કરીને બોલે કે અમારે જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? એ જ્ઞાનમાં એકાકાર ન થાય, રાગથી ભિન્ન પડીને સ્વભાવમાં એકાકાર ન થાય અને આસ્રવથી ન નિવર્તે તો એ જ્ઞાન જ નથી. એમ કહીને જ્ઞાનનો અંશ... જોયું! અંશ છેને? એકલા જાણપણાના બોલથી ધર્મ થાય, જેમ ઓલો રાગની મંદતાથી ધર્મ થાય એમ માનતો એનું ખંડન કર્યું, એમ એકલું જાણપણું છે, એકલું જાણપણું (છે), અંદર એકાગ્ર થયો નથી. સમજાણું કાંઈ? જાણપણામાં તો અગિયાર અંગના જાણપણામાં નથી આવી એ વાત એને? આહા..હા..! એટલે એકલું જાણપણું (કર્યું) પણ જ્ઞાનમાં રાગથી ભિન્ન પડીને જ્ઞાનમાં ઠર્યો નહિ તો તે જ્ઞાનને જ્ઞાન જ કહેતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાતું!

**શ્રોતા :-** એ અજ્ઞાનનો અંશ છે કે જ્ઞાનનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ્ઞાનનો અંશ કીધોને એ ક્ષયોપશમનો અંશ છે. વસ્તુ નથી, સમ્યગ્જ્ઞાન નહિ. પરલક્ષી રાગથી ભિન્ન છે એવું એણે જ્ઞાન કર્યું. જાણવું. અને જાણવામાત્રથી એને ભેદજ્ઞાન થઈ ગયું એમ માન્યું. સમજાણું કાંઈ? આહા..હા..! બેયની વાત કરી. 'કોઈ

ક્રિયા જડ થઈ રહ્યા શુષ્કજ્ઞાનમાં કોઈ...' શ્રીમદ્‌માં આવે છેને 'માને માર્ગ મોક્ષનો કરુણા ઊપજે જોઈ.' ઈ આ.

**શ્રોતા :–** .. અભિપ્રાયથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અભિપ્રાયથી નિવર્તવું પણ ક્યાં નિવર્ત્યો છે? જાણવામાં આવ્યું ધારણામાં લીધું કે રાગથી ભિન્ન છે, પણ રાગથી ભિન્ન અભિપ્રાયથી પડ્યો જ નથી. પડ્યો જ નથી એટલે એકલા જ્ઞાનના ઉઘાડનું ખંડન કર્યું. એકલું એ તારું જાણપણું એ જ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** તો બેય અજ્ઞાનના અંશ થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેય અજ્ઞાન. ના, ના, અહીં તો જ્ઞાન એટલે જાણપણાનો અંશ જે છે તે ધર્મ છે એમ માનનારને એ જ્ઞાનનો અંશ કીધો. છે તો અજ્ઞાન, પણ જાણપણાનો અંશ છેને એ. જાણપણાના અંશમાત્રથી એણે મને જ્ઞાન સમ્યક્ થયું એમ માન્યું, પણ એ જ્ઞાન રાગથી નિવર્ત્યું નથી અને સ્વભાવમાં આવ્યું નથી તો એને જ્ઞાન જ ન કહીએ. આહા..હા..! એમ કીધુંને જુઓને પાછું. આસ્રવોથી નિવૃત્ત થયો એનો અર્થ—જ્ઞાનનો અંશ એવું એકાંતનયનું. તેથી ખુલાસો કરવો પડ્યો છેને. એકાંત જ્ઞાનનયનું. એકલો ક્ષયોપશમ થયો અને તેથી એમ કે મને સમ્યગ્જ્ઞાન થયું. એ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન.. પર્યાયબુદ્ધિથી ભાષા તો એમ છે મૂળ. રાગબુદ્ધિથી ખસી જઈને જ્ઞાનમાં એકાગ્ર થાય તો તે એકાંત જ્ઞાન ન રહ્યું, અનેકાંત થયું. આહા..હા..! અને એકલા જાણવાના ઉઘાડમાત્રના ધારણાથી એને એમ થયું કે મને આ જ્ઞાન છે એ જ્ઞાનનયનું ખંડન કર્યું. સમજાણું? બેય વાતનું ખંડન કર્યું. ક્રિયાનયનું અને એકાંત જ્ઞાનનું. એકાંત જ્ઞાન એટલે જાણવામાત્રથી તે ભેદજ્ઞાન થયું, રાગના પ્રેમથી છૂટ્યું નથી, આહા..હા..! એ શુષ્કજ્ઞાની છે અને રાગની મંદ ક્રિયામાં ધર્મ માન્યો એ ક્રિયાજડ છે. આહા..હા..!

એ નિવર્ત્યો એટલે? અંતરના અભિપ્રાયની વાત છે હોં! ઓલો એમ કહે કે જુઓ, નિવર્ત્યો એટલે ગૃહસ્થાશ્રમ છોડી, આસ્રવ બિલકુલ ન હોય, આસ્રવમાં પ્રવર્તે નહિ એને (નિવર્ત્યો કહેવાય). એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? આવી બધી વાતું. વાણિયાને ધંધામાં વખત મળે નહિ. હિંમતભાઈ! આ તો દાખલો હોં! વખત મળે નહિ એમાં આવી વાત. આત્માને રાગથી—પુણ્યના ભાવથી રુચિ છૂટી અને સ્વભાવની દૃષ્ટિમાં આવ્યો છે તે આસ્રવથી અભિપ્રાયમાં નિવર્ત્યો છે; પણ જે જ્ઞાન એકલું જાણપણું માનીને અભિપ્રાયથી, તેનાથી છૂટીને જ્ઞાનમાં એકાગ્ર થવું જોઈએ એ કર્યું નથી (એવા) એકલા જ્ઞાનના નયનું ખંડન કર્યું. સમજાણું કે નહિ આમાં? એ 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા..' એનું ખંડન કર્યું અને 'શુષ્ક જ્ઞાનમાં કોઈ...' એનું ખંડન કર્યું. આહા..! કેમકે જ્ઞાનસ્વરૂપ ભગવાન રાગના ભાવથી ખસીને જેવી એકાગ્રતા ત્યાં હતી એવી એકાગ્રતા અહીં ન થઈ ને એને ભેદજ્ઞાન કહેવું (એ) જૂઠી વાત છે. શું કહ્યું

સમજાણું કાંઈ? જેવું રાગમાં એકત્વબુદ્ધિએ જ્ઞાન હતું, એમાંથી ખસીને જ્ઞાનમાં એકાગ્ર ન થયું તે જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આવી ઝીણી.

**શ્રોતા :-** તો પછી જ્ઞાન ક્યુ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સમ્યગ્જ્ઞાન ઈ જ્ઞાન. રાગથી નિવૃત્તિ... ઈ ભાષા છેને પર્યાયબુદ્ધિથી ખસી અને દ્રવ્યબુદ્ધિ કરી એમ છે મૂળ તો, પણ આ તો બીજી રીતે સમજાવવું છે. આહા..હા..!

જે જ્ઞાનમાં પુણ્ય પરિણામની બુદ્ધિ છૂટી ગઈ છે અને જેવી ત્યાં એકાગ્રતા હતી એવી અહીં એકાગ્રતા થઈ છે. એવી એકાગ્રતા નથી અને જાણપણામાત્રથી જ્ઞાન થયું એમ માને એ એકાંત જ્ઞાનનયનું ખંડન છે. પહેલું એકાંત રાગની મંદતાનું ખંડન કર્યું કે તું કહેતો રાગની મંદતા, ક્રિયા, વ્રત ને તપ ક્રિયા કરતાં-કરતાં ધર્મ થશે, વ્યવહાર કરતાં-કરતાં થશે એનું ખંડન કર્યું. વ્યવહારમાંથી છૂટો પડીને આમાં એકાગ્ર ન થાય તો એ ક્રિયાનયનું ખંડન કર્યું. ... ત્યાંને ત્યાં રહ્યો. આહા..હા..! કહો, સમજાણું કે નહિ આમાં? આહા..હા..! રતિભાઈ! આ તો રાજકોટના છે આજ તો કેટલાક. આહા..હા..!

વસ્તુ આનંદસ્વરૂપ ને જ્ઞાનસ્વરૂપી ઢીમ. જ્ઞાનનું ઢીમ, આનંદનું ઢીમ પ્રભુ ધ્રુવ. હવે એની વર્તમાન પર્યાયમાં રાગના પ્રેમમાં જ્યાં સુધી રહે. ભલે દયા, દાન, વ્રતના ભાવ હોય. એના પ્રેમમાં રુચિમાં રહે કે આ કલ્યાણ છે, એનું ખંડન કર્યું. એ ક્રિયાનયના માનનારાનું ખંડન કર્યું. એ રાગની ક્રિયાથી ભિન્ન પડે એને જ્ઞાન કહેવાય. રાગની ક્રિયા કરે અને એને ક્રિયાનયથી જ્ઞાન થાય આત્માનું (એ) જૂઠી વાત છે. નવરંગભાઈ! પછી કહ્યું, જ્ઞાનના ક્ષયોપશમમાં એને વાત આવી કે રાગથી આત્મા ભિન્ન છે, એમ ક્ષયોપશમમાં આવ્યું હોં, ભિન્ન પાડ્યું નથી. ધારણામાં આવ્યું. વધારે સ્પષ્ટ કરીએ. જ્ઞાનમાં ધારણા થઈ કે રાગથી ભિન્ન પડે એ જ્ઞાન, પણ ધારણામાં એકાગ્રતા નથી આવી. આહા..હા..! શું શૈલી એની! વીતરાગ આગમ છે. આહા..હા..!

પહેલું શું કહ્યું? **'આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું...'** એને અજ્ઞાન કેમ કહ્યું? રાગ છે એ અજ્ઞાન. આ જ્ઞાનનો અંશ એ અજ્ઞાન એમ અહીં નથી સિદ્ધ કરવું. શું કીધું? રાગની મંદતા તે અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે? જેમાં જ્ઞાનનો ભાગ નથી એમ. સમજાણું કાંઈ? આહા..હા..! **'અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનય...'** કેમકે રાગ મંદ છે એ તો અજ્ઞાનનો અંશ છે, સ્વરૂપનું જ્ઞાન નહિ એમાં. એ રાગ અચેતન છે એ અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ ઈ અહીંયા નથી લેવું. રાગભાગ તે અજ્ઞાન છે, જ્ઞાનસ્વરૂપ નથી. સમજાણું કાંઈ? એવા રાગની મંદતા એ ક્રિયા અને એનાથી આત્માનું ભલું થાય એમ માનનારનું ખંડન કર્યું કે તું રાગથી ભિન્ન પડ્યો નથી, એ રાગથી ભિન્ન પડે તે ક્રિયા મોક્ષનું કારણ છે, તે મોક્ષમાર્ગમાં આવે છે. રાગની ક્રિયા છે એ મોક્ષમાર્ગમાં આવતી નથી. સમજાણું કાંઈ?

બીજો બોલ એ લીધો કે જાણપણામાં એને ધારણા આવી. અગિયાર અંગ ભણ્યો છે તો ન આવે? નવ પૂર્વ ભણ્યો છે. વિભંગજ્ઞાન થાય છે. આહા..હા..! ધારણા એના લક્ષમાં (આવ્યું). લક્ષમાં એટલે? ખ્યાલમાં (આવ્યું કે) આ રાગ તે આત્મા નહિ એમ કહે છે એટલું, એટલું જ્ઞાન થયું, પણ રાગમાંથી ખસીને જ્ઞાનમાં એકાગ્ર ન થયો એ એકાંત જ્ઞાનનયનું ખંડન કર્યું. ચંદુભાઈ! રાતે પૂછવું. આ છે ધન્નાલાલ.

**શ્રોતા :—** રાત સુધી યાદ ન રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગાળ કેમ યાદ રહે છે? પચ્ચીસ વર્ષ પહેલાં ગાળ દીધી હોય તો યાદ રહે છે કે નહિ? આહા..હા..! બાપુ!

વીતરાગમાર્ગ ભાઈ! વીતરાગભાવથી શરૂ થાય છે એમ કહેવું છે અને તું એમ માન કે રાગભાવ એવો ને એવો રહ્યો, અશુદ્ધતા જરીએ ટળી નથી, અશુદ્ધતા એવી ને એવી રહી અને અમારે જ્ઞાન થયું. એ એકાંત જ્ઞાનનયનું ખંડન કર્યું. સમજાણું કાંઈ? કળશમાં આવે છે એ. કળશમાં અર્થમાં આવે છે. અશુદ્ધતા એવી ને એવી રહી, એટલી ને એટલી રહી અને અમને જ્ઞાન થયું છે. એ જૂઠી વાત છે. શુદ્ધતાનું પરિણમન થયું એને અશુદ્ધતાનું પરિણમન ટળ્યું છે. ક્યાંક છે એ કળશમાં છે. આ બાજુ પાનામાં છે. મોટા અક્ષરમાં. ઘણા ગ્રંથો (જોયા), યાદ નથી. એમાં છે. સમજાણું કાંઈ? કળશટીકા બહુ સારી કરી છે અને કળશટીકામાંથી આ સમયસાર નાટક બનાવ્યું છે. હવે અત્યારે લલિતપુરમાં એ થયું વિરોધ કર્યો ત્યારે કે... લલિતપુરમાં એવો વિરોધ કર્યો એક જણાએ કે ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને ગાંડા થઈ ગયા હતા. એવી રીતે અહીં સોનગઢમાં થયું છે. કહે, બિચારા એને બેસે એમ કહેને. 'જામેં જિતની બુદ્ધિ હૈ ઉતનો દિયે બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાં સે લાય?' આહા..હા..! ટોડરમલ અને બનારસીદાસને ઉડાવ્યા છે. અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા હતા. ગાંડા. એય..! એ ઉડાવ્યું. એને એ વાંધા આવ્યા. આ રાગની મંદતાની ક્રિયા કરતાં આગળ વધાય એ વાત બનારસીદાસ, ટોડરમલે ઉડાવી દીધી. અધ્યાત્મની ભાંગ પીધી. આહા..હા..! કહો, કૂવામાં ભાંગ પડી, નથી આવતું! આહા..હા..!

રાગની મંદતા તે બંધનું કારણ છે. એને જુદાં પાડીને અબંધ પરિણામ જેણે ન કર્યા અને એ રાગથી જ મને ધર્મ થશે એવી ક્રિયાનયનું ખંડન કરી નાખ્યું. અને એકલા જ્ઞાનના જાણપણામાં આવીને રાગમાં તો તે છે તે રીતે અનાદિથી પ્રવર્તે તે રીતે જ પ્રવર્તે છે. સમજાણું કાંઈ? એ ક્યાંક છે ખરું આમાં. અશુદ્ધતાનું પરિણમન આ બાજુના પાનામાં છે. આમાં? એ ક્રિયા. ઓલી ક્રિયા એ નહિ. આ તો બીજી વાત છે. એ આવ્યું છે. સ્યાદ્વાદમાં છેને. ઓલું બીજું છે. પરસ્પર અત્યંત મિત્રપણું. શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તે રાગાદિ અશુદ્ધપરિણતિને મટાડીને છે. રાગાદિ અશુદ્ધપરિણતિનો વિનાશ. સુખસ્વરૂપનો અનુભવસહિત છે. એ તો શ્લોક છે. એ જયસેનાચાર્યે વ્યવહારક્રિયાની મૈત્રી કીધી છે. મૂળ સમયસાર છેને.

અને આમાં નિશ્ચયની કીધી છે. એ સિવાય બીજી વાત છે. અશુદ્ધનું પરિણમન એ આ બાજુ છે પહેલાં પાને. આ તો છે એ તો ખબર છે. આહા..હા..!

ત્યાં તો એવું છે એમ કે અમને અનુભવ થયો પણ અશુદ્ધ પરિણામ તો જેવા અનાદિના છે એવા ને એવા રહ્યા. તો એ અનુભવ છે જ નહિ. સમજાણું કાંઈ? એવા ને એવા રહ્યા એમ કહ્યું. અશુદ્ધ તો એવાને એવા છે. એ અશુદ્ધ એવાને એવા છે તો ભેદજ્ઞાન છે જ નહિ. એને શુદ્ધની પરિણતિ છે જ નહિ. શુદ્ધની પરિણતિમાં અશુદ્ધની પરિણતિ ન ટળે અને અશુદ્ધતા એવી ને એવી રહે અને શુદ્ધતા પ્રગટે એમ બને નહિ. સમજાણું કાંઈ આમાં? આહા..હા..! મોઢા આગળ ક્યાંક છે ખરું. કો'ક એમ માને કે .. એવું છે.

શું કહ્યું આ બેમાં? કે જ્ઞાનમાત્રથી બંધ અટકી જાય છે એને અહીં સિદ્ધ કરે છે. પણ તે જ્ઞાન કેવું? તે જ્ઞાન રાગમાં પ્રવૃત્તિ કરતું નથી તેવું. રાગમાં પ્રવૃત્તિ કરે અને કલ્યાણ માને એ ક્રિયાનયનું ખંડન કર્યું અને એ જ્ઞાન જેવું રાગમાં પ્રવર્તે એવું ને એવું પ્રવર્તે છે એમ માનનારને ધર્મ મને થયો એમ માને એને જ્ઞાનનયનું ખંડન કર્યું. સમજાણું કાંઈ? ઓલામાં અજ્ઞાન કીધું, આમાં જ્ઞાનનય કેમ કીધું? ઈ જ્ઞાનનય એટલે આ. જાણપણાના અંશની એકાંતતામાં એણે ધર્મ માન્યો ઈ જ્ઞાનનયનું એકાંત ખંડન કરી નાખ્યું. સમજાણું કાંઈ? અને ઓલામાં અજ્ઞાન લીધું છે તે રાગ પોતે અજ્ઞાન છે, અચેતન છે, જડ છે. સમજાણું કાંઈ? આહા..! એનાથી નિવર્તે તેને કલ્યાણ થાય. એટલે એમાં ને એમાં રહે અને કલ્યાણ થાય એવી ક્રિયાનયનું ખંડન કર્યું. આહા..હા..! આવી વાતું! કહો, સુજાનમલજી! આવો માર્ગ છે! કહો, શાંતિભાઈ! આવું છે બધું.

**શ્રોતા :-** હા પાડે એવા જ છે, ના પાડે એવા કોઈ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ પણ કહે છે કે સાંભળનારા બધા હા હા પાડે છે. એમ કે રાગથી લાભ થાય એમ ન મનાવતા રાગથી લાભ ન થાય. તો કહે હા. આહા..હા..! વ્યવહારથી નિશ્ચય થાય. આ કહે, વ્યવહારથી નિશ્ચય ન થાય, તો કહે હા. સાંભળનારા પણ હા પાડે છે. જેમ એને બેઠું હોય એમ કહેને, બિચારા શું કરે! આહા..હા..!

ચૈતન્ય આનંદનો નાથ ભગવાન આનંદમાં એકાગ્રતા ન કરે અને એ જ્ઞાન રાગમાં જ પ્રવર્તે એ જ્ઞાનનયનું ખંડન કર્યું. સમજાણું કાંઈ? અને રાગમાં જેટલું પ્રવર્તે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને એમાં પ્રવર્તતા મારું કલ્યાણ થાય (એમ માને) એ ક્રિયાનયનું ખંડન કર્યું. આહા..હા..! ભાવાર્થ. એ ટીકા પૂરી થઈ અમૃતચંદ્રાચાર્યની.

'**ભાવાર્થ :- આસ્રવો અશુચિ છે,...**' એ પુણ્યભાવ તે મેલ છે, અશુચિ છે. '**જડ છે,...**' અચેતન છે. જ્ઞાન ક્યાં છે એમાં? '**દુઃખના કારણ છે...**' એ શુભભાવ દુઃખનું કારણ છે. અશુભ તો છે એનો પ્રશ્ન શું? '**અને આત્મા પવિત્ર છે, જ્ઞાતા છે,...**' જડની સામે. '**સુખસ્વરૂપ છે. એ રીતે લક્ષણભેદથી બન્નેને ભિન્ન જાણીને...**' બેયના લક્ષણની

જુદાઈથી બેયને જુદા જાણીને.. આહા..હા..! **'આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે...'** પુણ્ય-પાપમાં પ્રવૃત્તિમાં ઉપાદેય તરીકે જે હતો, આહા..હા..! એમાં હેય તરીકે કરીને આત્માને ઉપાદેય તરીકે કર્યું છે. સમજાણું કાંઈ? પુણ્યનો આદર કરનારે આત્માને હેય તરીકે કર્યો છે અને આત્માને ઉપાદેય કરનાર રાગને હેય તરીકે જાણે છે. સમજાણું કાંઈ? આવી વાતું.

ભલે એ મૂર્તિ છે એથી શ્રદ્ધામાં ફેર કરે મોટો મિથ્યાત્વ છે. બાકી ત્યાં મૂર્તિ ને મંદિરને માનવાથી કાંઈ સંવર-નિર્જરા થઈ જાય છે ત્યાં (એમ નથી).

**શ્રોતા :-** ... સંવર-નિર્જરા થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય થાય નહિ. પરદ્રવ્યને આશ્રયે ત્રણકાળમાં સંવર-નિર્જરા થાય નહિ. નિશ્ચય સ્વાશ્રિત સંવર-નિર્જરા થાય. એક જ સિદ્ધાંત. નિશ્ચય સ્વ-આશ્રિત, વ્યવહાર પરાશ્રિત. આવી વાત છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણલોકના નાથ સર્વજ્ઞ સાક્ષાત્ સમવસરણમાં બિરાજે, એની સાક્ષાત્ પ્રત્યક્ષ (ભક્તિ કરે). સિદ્ધની ભક્તિ તો પરોક્ષ થાય. કારણ કે સિદ્ધ અત્યારે છે નહિ. આ તો પ્રત્યક્ષ થાય આમ બેઠા હોયને. તો એ શુભભાવ છે. એમાં જરીએ ધર્મનો અંશ છે (એમ નથી). આહા..હા..! આવશે આગળ પરમાત્મપ્રકાશમાં 'ભવે-ભવે જિન પૂજિયો.' ત્યાં અનંતા ભવ કર્યા છે મહાવિદેહમાં. ભગવાન બિરાજમાન હતા, સમવસરણમાં પણ અનંતવાર ગયો છે, પણ એ તો પરદ્રવ્યમાં ગયો, એમાં આત્મામાં ક્યાં આવ્યો છે ઈ? આહા..હા..! મણિરત્નના દીવા, હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ. જય નારાયણ, જય પરમાત્મા એમ કર્યું, પણ એ તો શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી, તેમ એ ધર્મનું કારણ નથી. આરે.. આરે..! આવી વાત. હોય છે. સમજાણું કાંઈ?

**'અને તેને કર્મનો બંધ થતો નથી.'** છે? **'આત્મા અને આસ્રવોનો ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય...'** પુણ્ય-પાપમાં ઉપાદેયબુદ્ધિ છે એ ન છૂટે **'તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન જ છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે અવિરત સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ નથી થતો...'** સમકિતીને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો બંધ થતો નથી. **'પણ અન્ય પ્રકૃતિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે...'** ચોથે ગુણસ્થાને હજી ત્રણ કષાયના આસ્રવો છે અને બંધ પણ થાય છે ત્યાં. **'તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની?'** લ્યો, આ પ્રશ્ન ઊઠ્યો.

**'સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાની જ છે...'** ભલે આસ્રવ હો, અનંતાનુબંધી-મિથ્યાત્વ સિવાયનો. **'કારણ કે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે.'** જુઓને, કેટલું પંડિતો જુના પણ કેટલો ખુલાસો કર્યો છે! એ અત્યારના પંડિતોને બેસતું નથી. જાત જુદી પંડિતની. પંડયા પંડયા પંડયા ફોતરા ખંડયા. આવે છેને? મોક્ષમાર્ગ પ્રકાશમાં પહેલા અધ્યાયમાં. ભાઈ! પંડિતો એને કહીએ રાગથી ભિન્ન આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કરે તે પંડિત છે. આહા..હા..! ભલે જાણપણું ઓછું હોય, સમજાવતા ન પણ આવડતું હોય, એથી કરીને શું છે! એની

ધારા જ્ઞાનધારા પ્રગટ થઈ ગઈ, મોક્ષને સાધવાની દશા પ્રગટ થઈ ગઈ. આહા..! ભલે રાગ ધારા હોય બીજી. આવે છે? જ્ઞાનધારા અને કર્મધારા. પણ અભિપ્રાયથી નિવર્ત્યો છે. હજી અસ્થિરતા ટળીને સ્થિરતા થઈ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે. તેને પ્રકૃતિઓનો જે આસ્રવ અને બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નથી.'** અભિપ્રાયમાં રાગનો આદર નથી. પરદ્રવ્યનું સ્વામીપણું છૂટી ગયું છે. આહા..હા..! સ્વસ્વભાવનું સ્વામીપણું જેને પ્રગટ્યું છે. પરનું સ્વામીપણું જેને છૂટી ગયું છે. ભલે હો વસ્તુ, સ્વામીપણું છૂટી ગયું છે–ધણીપતું છૂટી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'માટે, જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તેના ઉદય અનુસાર જે આસ્રવ-બંધ થાય છે...'** ઉદય અનુસારનો અર્થ? ત્યાં ઉદય હોય પણ અહીં જે પોતાની યોગ્યતા પ્રમાણે આસ્રવ થયો, ભાવ થયો. જેવો ઉદય છે તે જ પ્રમાણે પરિણામ થાય અને તે પ્રમાણે પાછો બંધ થાય એમ નહિ.

**શ્રોતા :-** આમાં તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ અપેક્ષાએ કીધું. આહા..હા..! સમજાણું કે નહિ? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નહિ. કર્મનો ઉદય આવે એ પ્રમાણે થાય તો પછી કોઈ દી છૂટવાનું રહે જ નહિ. પોતાના પુરુષાર્થ પ્રમાણે છે ....

**'ઉદય અનુસાર જે આસ્રવ-બંધ થાય છે તેનું સ્વામીપણું તેને નથી.'** સમ્યગ્દૃષ્ટિને રાગનું સ્વામીપણું નથી. આહા..હા..! **'અભિપ્રાયમાં તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઇચ્છે છે.'** છે? શ્રદ્ધામાં તો પરથી નિવર્તવા જ ઇચ્છે છે. આહા..હા..! **'તેથી તે જ્ઞાની જ છે.'** આહા..હા..!

**'જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે :- મિથ્યાત્વસંબંધી બંધ કે જે અનંત સંસારનું કારણ છે તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત છે.'** જોયું! મુખ્યપણે એ કહ્યું છે, એમ. આહા..હા..! **'વિવક્ષિત (-કહેવા ધારેલો) છે. અવિરતિ આદિથી બંધ થાય છે...'** સમ્યગ્દૃષ્ટિને અવિરતિ આદિથી બંધ થાય. પ્રમાદ, કષાય છે. **'તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો છે,...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને સ્થિતિ બહુ અલ્પ પડે. રસ પણ થોડો હોય. **'દીર્ઘ સંસારનું કારણ નથી;...'** જોયું! પાછું પેલાએ પૂછયું છેને પ્રેમચંદે, સનાવતવાળાએ કે સમ્યગ્દૃષ્ટિના રાગને સંસાર ક્યાંય કહ્યો છે?—હા. આ દીર્ઘ સંસાર નથી એનો અર્થ શું થયો? અને સમયસાર નાટકમાં કહ્યું. છઠ્ઠે ગુણસ્થાને મુનિને જેટલો રાગ આવે એ જગપંથ છે. ૪૦મા બોલમાં. મોક્ષ (અધિકારમાં). સમજાણું કાંઈ? રાગ છે એ છે. ઉદયભાવ છે સંસાર. અભિપ્રાયથી નિવર્ત્યો છે. તેથી તેને જ્ઞાની કહેવામાં આવે છે. પણ અભિપ્રાયથી નિવર્ત્યો છે અને રાગ છે માટે તેને અજ્ઞાની કહેવો એમ નથી. આહા..હા..!

**'તેનું સ્વામીપણું તેને નથી. અભિપ્રાયમાં તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઇચ્છે છે.'** સમજાણું કાંઈ? જરીએ પ્રવર્તન કરવું એને ઠીક પડતું નથી, પણ પુરુષાર્થની નબળાઈને લઈને રાગમાં આવી જાય છે. એનું ધણીપતું નથી. સમજાણું કાંઈ? મેસુબ ખાધેલો હોય અને સવારે દિશા થાય જંગલ. મેસુબ મેસુબ. સારી વિષ્ટા છે તો સંઘરો એમ હશે? ચાર શેર ઘી પાયેલો મેસુબ હોય. આ મેસુબ નથી કહેતા? ચણાનો લોટ, એક શેર લોટ અને ચાર શેર ઘી. મેસુબ-મેસુબ. મેસુબપાક ખાધો હોય અને સવારે એની દિશા થાય. રાખતા હશે? એમ પુણ્ય અને પાપને વિષ્ટા સમાન જ્ઞાની માને છે.

**શ્રોતા :-** એમાં તો વાંધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાંધો કહે. એ ઝેર સમાન છે. વળી વિષ્ટા તો ક્યાંય રહી ગઈ. આહા..હા..! ઓલામાં ન આવ્યું ત્યાં? ચક્રવર્તીની સંપદા ઇન્દ્ર સરીખા ભોગ, કાગ વિટ સબ માનત હૈ સમકિતદષ્ટિ લોક.' કાગ વિષ્ટા. મનુષ્યની વિષ્ટા તો હજી ભૂંડ પણ ખાય. ભૂંડની વિષ્ટા હજી ખાતરમાં પણ કામ આવે. કાગડાની વિષ્ટા ક્યાંય કામ ન આવે. સૂકી એવી હોય. સમજાણું? ત્યાં છે ત્યાં ઇન્દોરમાં. ઓલું કાચનું મંદિર છેને? ભાઈનું. હુકમચંદજીનું. એમાં છે. 'ચક્રવર્તીની સંપદા, ઇન્દ્ર સરીખા ભોગ, કાગ વિટ સબ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' જુઓ, વિષ્ટા ન આવી ત્યાં? આહા..હા..! આવે છે, હોય છે. ઝેર માને છે. મોક્ષ અધિકારમાં ઝેર કીધું. વિષકુંભ. આહા..હા..! આવે છે, હોય છે, પણ એને નિવર્તવા ઇચ્છે છે.

**'અવિરતિ આદિથી બંધ થાય છે તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો છે, દીર્ઘ સંસારનું કારણ નથી;...'** આહા..હા..! એટલે એનો અર્થ થયો કે અલ્પ સંસારનું કારણ તો છે. રાગ થાય એટલો સંસાર છેને? આહા..હા..! **'તે પ્રધાન ગણવામાં આવ્યો નથી. અથવા તો આ પ્રમાણે કારણ છે :- જ્ઞાન બંધનું કારણ નથી. જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું અને મિથ્યાત્વ ગયા પછી અજ્ઞાન નથી, જ્ઞાન જ છે. તેમાં જે કાંઈ ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી તેથી જ્ઞાનીને બંધન નથી; કારણ કે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની...'** ધારામાં ગયું. આહા..હા..! **'જ્ઞાનની પંક્તિમાં નથી. આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં આવશે.'** આગળ કહેશે. આહા..હા..! એક કોર એમ કહે કે દસમા ગુણસ્થાન સુધી રાગનો અંશ છે અને બંધ .. પડે. અહીં એમ કહે, સમ્યગ્દષ્ટિને બંધ નથી. કઈ અપેક્ષાએ કહે છે? એને જે અજ્ઞાનનો બંધ છે એ નથી. અસ્થિરતા થોડી છે એનો બંધ છે, પણ એને ગૌણપણે કહીને પ્રધાનપણે અજ્ઞાનનો બંધનો નિષેધ કર્યો. સમજાણું? એ શ્લોક કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ ૧, સોમવાર, તા. ૧૨-૦૭-૧૯૭૬, શ્લોક-૪૭, ગાથા-૭૩, પ્રવચન નં. ૧૨૩

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-
निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।४७।।

ભેદજ્ઞાન કર્યુંને પહેલું? બતાવ્યુંને કે પુણ્ય અને પાપના ભાવ એ અશુચિ છે અને મેલપણે અનુભવમાં આવે છે. તેથી વિજ્ઞાનઘન નિર્મળ અત્યંત નિર્મળ આત્મા, એનાથી તે ભિન્ન છે. એવું સ્વભાવસન્મુખ થઈને પુણ્ય-પાપના ભાવને જુદા પાડ્યા, એને ભેદજ્ઞાન કહે છે. ત્રણ બોલ આવ્યાને? અશુચિ છે, પુણ્ય-પાપના ભાવ એ જડ છે અને દુઃખરૂપ છે. ભગવાન એની સામે ચૈતન્યમૂર્તિ એ અત્યંત નિર્મળ છે, વિજ્ઞાનઘન છે, સુખરૂપ છે. આવું જેને અંદરમાંથી પર્યાયબુદ્ધિની દૃષ્ટિ છોડી અને દ્રવ્યબુદ્ધિએ જેને ભેદજ્ઞાન થયું એને શું થયું એ હવે અહીં કહે છે ૪૭માં.

'**શ્લોકાર્થ :-**' '**परपरिणतिम् उज्झत्**' એ વિકારના ભાવ જે કહ્યા પુણ્ય અને પાપના ભાવ એ ખરેખર પરદશા—વિકાર—વિભાવદશા છે, એ ચૈતન્યની દશા નથી. આહા..હા..! '**પરપરિણતિને છોડતું,...**' '**उज्झत्**' છેને? અખંડ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડવાથી પુણ્ય-પાપની પરિણતિને છોડતું એમ કહ્યું છે. આહા..હા..! પરપરિણતિ અહીં વિકારના ભાવ. એનો મહત્‌ભાવ જે હતો—મહિમા એ છૂટી ગયો અને અખંડ જ્ઞાયકસ્વરૂપ છું એવી દૃષ્ટિ થતાં વિકારની પરિણતિ મારું કર્તવ્ય છે, હું એનો કર્તા છું એ છૂટી જાય છે. આહા..હા..! આવી વાત ઝીણી. આ ધર્મ છે. આ ધર્મ આમ થાય. પુણ્ય-પાપના ભાવને છોડીને જ્ઞાયક ચૈતન્યસ્વભાવ ઉપર અખંડ ઉપર દૃષ્ટિ પડવાથી એને ધર્મ થાય.

**શ્રોતા :-** આમાં શું ધર્મ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યું નહિ? અખંડજ્ઞાન પ્રગટ થાય છે. જે શક્તિરૂપે હતું એ વ્યક્તરૂપે પ્રગટ થયું. આહા..હા..!

ભગવાન ચિત્શક્તિરૂપ તો છે—પરમાત્મશક્તિરૂપે જ છે, પણ પુણ્ય-પાપના પ્રેમના કાર્યકારણમાં એ ચિત્શક્તિ રોકાઈ ગઈ હતી ત્યાં. રાગને કરું ને વિકારને કરું ને વિકાર મારું કર્તવ્ય એમાં એ ચિત્શક્તિ ઢંકાઈ ગઈ હતી. આહા..હા..! એ અહીંયાં ચિત્શક્તિ જ્ઞાનસ્વભાવ એકરૂપ અખંડ જ્ઞાયકભાવ, એ પુણ્ય-પાપના ભાવની દશાને છોડતું અખંડ જ્ઞાયકભાવ ઉપર

દૃષ્ટિ પડતાં એ વિકારની પરિણતિ મારું કાર્ય એ વાત છૂટી જાય છે. આહા..હા..! આવી વાતું!

**'भेदवादान् खण्डयत्'** અને મતિજ્ઞાનાદિ જે ભેદો છે એના ઉપર જે દૃષ્ટિ હતી એને તોડી નાખી. આહા..હા..! એકરૂપ અખંડ જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ પડતાં ભેદવાદ છૂટી ગયા. આહા..હા..! પર્યાયમાં ભિન્નભિન્નતા જે થાય છે એ અખંડ જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડતાં **'भेदवादान् खण्डयत्'** ભેદવાદને ખંડિત કર્યો—તોડી પાડ્યો. આહા..હા..! વિકારના ભાવને છોડીને જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડતાં અખંડજ્ઞાન પ્રગટ થયું.

**શ્રોતા :-** અખંડજ્ઞાન તો કેવળજ્ઞાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કેવળજ્ઞાનેય નહિ અહીં તો. એકલું જ્ઞાન. કેવળજ્ઞાન એ પર્યાય છે. આહા..હા..! એકરૂપ ચૈતન્ય સામાન્યસ્વભાવ, સદૃશ્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ જેમાં પર્યાયનો પણ અભાવ (છે) એવા જ્ઞાયકમાં દૃષ્ટિ પડતાં ભેદવાદ છૂટી જાય છે. આ મતિ છે ને આ શ્રુત છે ને એવા ભેદ છે એ અભેદની દૃષ્ટિ થતાં ભેદવાદ છૂટી જાય છે. આવી વાત છે, ભાઈ! આહા..હા..! વીતરાગમાર્ગ એવો છે અંદર. આહા..હા..! મરી જાય ત્યારે જીવતો દેખાય એવું છે. રાગથી મરી જાય, આહા..હા..! ત્યારે ધ્રુવ જણાય એવો છે એમ કહે છે.

ભેદવાદને તોડી પાડતું. **'खण्डयत'** છેને? આહા..હા..! એકરૂપ જ્ઞાયકસ્વભાવ જે ધ્રુવ છે, જે **'भूदत्थमस्सिदो'** કહ્યું છેને ૧૧મી ગાથામાં? **'भूदत्थमस्सिदो खलु'** એ વાત છે આ. ત્રિકાળી ભૂતાર્થ સત્યાર્થ પદાર્થ એનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન થાય છે. એમાં ભેદ તૂટી ગયા કહે છે. અભેદની દૃષ્ટિ થતાં ભેદ તૂટી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ!

**'इदम् अखण्डम् उच्चण्डम् ज्ञानम्'** જે શક્તિરૂપ જ્ઞાન હતું એના ઉપર દૃષ્ટિ પડતાં **'અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન...'** **'उच्चैः उदितम्'** **'પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.'** આહા..હા..! પોતાને જ્ઞાનને—આત્માને પ્રત્યક્ષ કરતું જ્ઞાન પ્રગટ થાય છે. આવી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શનમાં ત્રિકાળી ધ્રુવનો આશ્રય પડતાં એને રાગની પરિણતિ છૂટી જાય છે, ભેદવાદ તૂટી જાય છે, અખંડ જ્ઞાયકભાવ તેના અનુભવમાં.. આવે છે અનુભવમાં પર્યાય, પણ અખંડ જ્ઞાનની દૃષ્ટિમાં એને અનુભવમાં આવે છે. આહા..હા..! આવી વાતું છે. **'અખંડ અને અત્યંત પ્રચંડ...'** ઝળહળ સૂર્ય જેમ પ્રકાશમાં આવે, એમ ચૈતન્યસૂર્યસત્ત્વ, ચૈતન્યનો સત્ત્વરૂપ, રસરૂપ સ્વભાવ હતો એની ઉપર દૃષ્ટિ પડતાં તે શક્તિમાંથી અખંડજ્ઞાન પર્યાયમાં પ્રગટ થાય છે. આહા..હા..! આ તો માર્ગ એવો છે, ભાઈ! આહા..હા..! એનું એને જ્ઞાન પણ ન હોય યથાર્થ તો એ શ્રદ્ધા ક્યાંથી લાવે? બહારની આ ક્રિયા કરો ને આ કરો ને આ કરો.

**'અહો! આવા જ્ઞાનમાં...'** જે જ્ઞાયકભાવ જાણકસ્વભાવ પ્રગટરૂપે પર્યાયમાં પ્રગટ થયો... આહા..હા..! એ જ્ઞાયકસ્વભાવમાં કોઈ રાગને કરે એવી કોઈ શક્તિ નહોતી. એ શક્તિવાન

ઉપર દૃષ્ટિ પડતાં જ્ઞાનની વર્તમાન પર્યાય જ્ઞાતા-દૃષ્ટાપણે પ્રગટ થઈ. આ..હા..! એવા જ્ઞાનમાં કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ ક્યાં છે? આહા..હા..! જે જ્ઞાનસ્વભાવ પ્રકાશની મૂર્તિ, ચિત્પ્રકાશ-ચૈતન્યપ્રકાશ, એવું જે જ્ઞાન અંતર શક્તિ ઉપર દૃષ્ટિ પડતાં વ્યક્તરૂપે પરિણમ્યું. આહા..હા..! શબ્દે શબ્દમાં આંતરો છે. આહા..હા..! એવી જ્ઞાનની દશામાં રાગનો કર્તા અને રાગ કર્મ એ અવકાશ ક્યાં છે? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભરાગ. આહા..હા..! એ જ્ઞાયકસ્વરૂપ શક્તિરૂપે તો સ્વપરપ્રકાશકરૂપ જ હતું અને પોતે શક્તિ પણ પોતાના ત્રિકાળને જાણે એવી શક્તિ એની હતી. એ વસ્તુ હોં અંદર છે ઈ. એ ત્રિકાળને જાણે એવી જ એની શક્તિ હતી ત્રિકાળમાં.

**શ્રોતા** :- દ્રવ્ય પોતે અનેકાંત...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, હા, દ્રવ્ય પોતે. આવે છેને નિયમસારમાં. નિયમસારમાં આવે છે. એ ત્રિકાળ જ્ઞાનદર્શન-ઉપયોગ એ ત્રિકાળને જાણે જ છે. આહા..હા..! વસ્તુ તો એવી છે. પરિણમનરૂપ નહિ, જાણવાનો સ્વભાવ એનો. ત્રિકાળી વસ્તુને જાણવાનો સ્વભાવ તરીકે એ જાણે જ છે. આહા..હા..! જાણે છે એટલે? પરિણતિરૂપે નહિ. એનો સ્વભાવ જ એવો છે. આહા..હા..! વીતરાગમાર્ગ ઘણો બાપા સૂક્ષ્મ, ભાઈ! લોકોએ અત્યારે ફેરફાર કરી નાખ્યો બધો.

એવું જે જ્ઞાન. આહા..હા..! એવા જ્ઞાનસ્વભાવના પરિણમનમાં જ્ઞાનને રાગનું કર્તાપણું, રાગનું કર્મ એ ક્યાંથી અવકાશ છે? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ પડતાં જે પરિણતિમાં—પર્યાયમાં જ્ઞાતાપણું પ્રગટ્યું, એ જ્ઞાન સ્વભાવમાં તો રાગનો કર્તા હતો નહિ અને કોઈ એવો શક્તિ—સ્વભાવ નથી કે રાગ કરે એવી કોઈ શક્તિ જ નથી. એવી શક્તિવાનને જ્યાં પકડ્યો, આહા..હા..! ત્યારે તેની પર્યાયમાં જ્ઞાતા-દૃષ્ટાપણું આવ્યું. એવું જ્ઞાન પ્રગટ થયું ત્યાં રાગની પ્રવૃત્તિ મારી અને રાગનો કર્તા હું એમાં અવકાશ ક્યાં છે? સમજાણું કાંઈ? ૧૨મી ગાથામાં કહ્યુંને કે ભૂતાર્થ ત્રિકાળીસ્વભાવ એનો આશ્રય લઈને જે દર્શન-જ્ઞાન થયું તે વખતે. એમ આવે છેને? ૧૪૪માં. તે વખતે. એ જાણેલો પ્રયોજવાન એ ૧૨માં પછી આવશે. અહીં તો હું બીજું કહું છું. તે વખતે જ્યારે દૃષ્ટિ અને જ્ઞાન અંતરમાં પડ્યા અને ત્યારે એને તે વખતે આત્મા દેખાણો અને શ્રદ્ધાણો. ૧૪૪.

અહીં તો એ જે જણાણું આખું તત્ત્વ પછી પર્યાયમાં જે રાગની મંદતા કે અશુદ્ધતા કે શુદ્ધતાની પરિણતિ ઓછી એને વ્યવહાર જાણે—જાણેલો પ્રયોજનવાન. એ જ્ઞાનમાં રાગનું કરવું અને રાગના કર્તાને અવકાશ ક્યાં છે? આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ક્યા જ્ઞાનમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનમાં. મતિ-શ્રુતજ્ઞાનમાં. કેમકે વસ્તુ જે જ્ઞાન.. અહીં તો જ્ઞાનની પ્રધાનતાથી આખી ચીજ લીધી છેને. એ જ્ઞાન જ અસાધારણ એનો ત્રિકાળી

સ્વભાવ અને જ્ઞાનનું પૂરું રૂપ તે આત્મા. એવા જ્ઞાન ઉપર દૃષ્ટિ પડતાં. દ્રવ્યદૃષ્ટિ વર્ણવવી છેને? જે જ્ઞાન પ્રગટ થયું સમ્યગ્દર્શનની સાથે એ જ્ઞાનમાં રાગનું કરવું અને રાગનું કર્તવ્ય (એને) અવકાશ ક્યાં છે? આહા..હા..! જાણેલો પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? આવી વાતું છે બહુ (આકરી). પછી લોકો એમ કહે કે આવું બધું સોનગઢે કાઢ્યું એમ કહે છે. આ શેમાં છે? એય..! વસ્તુ છે કે નહિ અનાદિ? આવી ચીજ જ છે અનાદિથી છે. સાધકજીવો અનાદિથી છે, મિથ્યાદૃષ્ટિ અનાદિથી છે, તેમ ત્રણકાળની ચીજો છે તેને ત્રણકાળના જાણનારનો વિરહ પણ ત્રણકાળમાં ક્યાંય નથી. આહા..હા..! એમ ત્રણકાળના જાણનારનો વિરહ નથી ભાવસ્વરૂપે, તેમ એની મૂર્તિ ત્રિકાળ પડી છે એનો પણ કોઈ દી વિરહ નથી. આ તો પહેલાં સિદ્ધ કરતાને જ્યારે.. લોકોને તત્ત્વની ખબર નથી. ઉપરટપકે વાંચીને માને એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..! એના ભાવમાં ભાસન થાવું જોઈએ કે જેમ ત્રિકાળી ત્રણકાળ લોક વસ્તુ છે તો એને એ જ્ઞેય તરીકે છે, તેનો જ્ઞાતા પણ ત્રણે કાળમાં કોઈ કાળે ત્રણકાળને જાણનારો ન હોય એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અને કુદરતના નિયમમાં એ ત્રિકાળી ભગવાન શાશ્વત જે છે, એક પછી એક ભલે થાય કેવળીઓ, પણ એની મૂર્તિરૂપ જે પ્રતિબિંબ એ પણ અનાદિનું છે ત્યાં. એ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે કે જ્યાં જ્ઞાયકભાવનું ભાન થયું. આહા..હા..! એ જ્ઞાન શક્તિરૂપે હતું, શક્તિ નામ સામર્થ્યરૂપે હતું, પ્રગટ નહોતું એ અંતરનો આશ્રય લેતાં પ્રગટ થયું. એ જ્ઞાનમાં રાગનો કર્તા અને રાગ કર્મ એ અવકાશ ક્યાં છે? આહા..હા..! પ્રગટેલું જ્ઞાન જાણવાનું કામ કરે કે પ્રગટેલું જ્ઞાન કર્તાકર્મમાં પ્રવર્તે? આહા..હા..! સમજાણું કાંઈ? ગિરધરભાઈ! આવી વસ્તુ છે આ. ઓહોહો..! જે જ્ઞાનનો સ્વભાવ એટલે કે આત્માનો સ્વભાવ જાણવું-દેખવું જ છે, એમ આવ્યુંને દર્શન-જ્ઞાનમાં એ આવ્યું હતુંને? એવી જે પ્રતીતિ જ્યાં થઈ સન્મુખ થઈને તો પર્યાયમાં જ્ઞાતા-દૃષ્ટાપણાની પર્યાય પ્રગટ થઈ. એવા જ્ઞાનમાં રાગનો કર્તા અને રાગ કર્મ એવો અવકાશ ક્યાં છે એને? આહા..હા..! આવી ચીજ છે. સમજાણું કાંઈ? છે?

'**(પરદ્રવ્યનાં) કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે?**' આહા..હા..! એટલે કે ત્યાં જ્ઞાન જાણનાર.. જાણનાર તરીકે જ્યાં પ્રગટ્યું, હવે એમાં રાગનું કરવું અને રાગનું થવું એ પ્રવૃત્તિનો અવકાશ જ્ઞાનમાં ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? '**તથા પૌદ્ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે?**' આ ઊડાવ્યું. એ ઓલું નહોતું એક ફેરી સવારમાં કહ્યું હતું આમાં. એ પછી કાઢ્યું હતું. નહોતું આવ્યું કાંઈક? કીધું આ અશુદ્ધ પરિણમન મટે તો શુદ્ધ પરિણમન થાય અને શુદ્ધ પરિણમે.. એ ૨૯માં છે, ૨૯માં નીકળ્યું. એ વખતે નહોતું આવ્યું. ૨૯ છેને કળશ ત્યાં જુઓ. એટલે કે શુદ્ધ ચૈતન્યમાત્રનો અનુભવ તે અન્ય છે અને રાગ-દ્વેષ-મોહ સુખ-દુઃખ વિભાવનું પરિણમન કંઈ અન્ય છે, એમ નથી. જુઓ, ધ્યાન રાખજો.

'**જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે, તે જ કાળે તેને**

**અનુભવ છે. તેનું વિવરણ—શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવરૂપ પરિણામ છૂટતા નથી...'** આહા..હા..! શુદ્ધ ચેતનમાત્ર ભગવાન આત્મા, એનો આસ્વાદ આનંદનો આસ્વાદ આવ્યા વિના **'અશુદ્ધભાવરૂપ પરિણામ છૂટતા નથી અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી. તેથી જે કાંઈ છે તે એક જ કાળ, એક જ વસ્તુ, એક જ જ્ઞાન, એક જ સ્વાદ છે.'** આહા..હા..! ભાઈ માર્ગ, બાપા! મોક્ષનો માર્ગ એ ભાઈ! અપૂર્વ છે, અપૂર્વ છે. પૂર્વે કોઈ દી કર્યું નથી, પૂર્વે કદી રુચિથી સાંભળ્યું નથી, રુચિ ત્યાં ગઈ નહિ. સાંભળ્યું તો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આખો સંસારનો બદલો થઈને—વ્યય થઈને મોક્ષ થાય એના ઉપાય બાપુ! એવા જ હોયને. આહા..હા..! વાદવિવાદને અવકાશ નથી, પણ લોકો વાદવિવાદમાં પડીને, એ વ્યવહારથી આ થાય, આનાથી આ થાય.. અરે.. પ્રભુ! સાંભળને, ભાઈ! રાગથી નિશ્ચય પ્રગટે?

અહીંયાં તો રાગથી પરિણમન છૂટ્યું ત્યારે જ્ઞાનનું પરિણમન થયું. જ્ઞાનનું પરિણમન છૂટ્યું ત્યારે અશુદ્ધપરિણમન છૂટી ગયું છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એવા જ્ઞાનમાં જાણવા-દેખવાના સ્વભાવ સિવાય રાગનો કર્તા અને રાગનું કર્મ એવો અવકાશ ક્યાં છે ત્યાં? જાણનાર જાગ્યો એને અવકાશ ક્યાં રહ્યો? આહા..હા..! આવો માર્ગ! એવી અશુદ્ધતાના ભાવ કર્તાકર્મપણે છૂટ્યા ત્યારે શુદ્ધતાનું ભાન થયું. શુદ્ધતાના ભાનમાં હવે કહે છે કે અશુદ્ધતાનું કાર્ય મારું અને કર્તા એ અવકાશ ક્યાં રહ્યો? સમજાણું કાંઈ? માર્ગ ઝીણો, બાપા! આહા..હા..!

અંદર આનંદનો નાથ પૂર્ણાનંદ સ્વભાવથી ભરેલું તત્ત્વ (છે) એ ત્રિકાળી પરમાત્મસ્વરૂપ જ છે આત્મા. કેમકે પરમાત્મદશા પ્રગટ કરવી, એ દશા પ્રગટ થાય તે સ્વરૂપમાં પૂર્ણ ન હોય તો પ્રગટ ક્યાંથી થશે? સમજાણું કાંઈ? પ્રાયશ્ચિતના અધિકારમાં લીધું છેને ભાઈ, નિયમસારમાં કે નિર્મળ પરિણતિ વીતરાગની દશા એ પ્રાયશ્ચિત. એ વીતરાગી દશા એ પ્રાયશ્ચિત. એ પ્રાયે ચિત્ નામ પૂર્ણસ્વરૂપ ભગવાન પ્રાયશ્ચિતસ્વરૂપ જ છે. જે પ્રગટ પરિણતિ થઈ એને જ્યારે પ્રાયશ્ચિત કહીએ તો વસ્તુ પ્રાયશ્ચિતસ્વરૂપ જ છે. આહા..હા..! આવ્યું છે ત્યાં નિયમસારમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્યાં આવ્યું નથી નિયમસારમાં? કે નિયમ જ્યારે પરિણતિ પ્રગટે છે મોક્ષમાર્ગની એ તો પરિણતિ થઈ, પણ વસ્તુ જ નિયમસાર છે. ચેતના ત્રિકાળી નિયમ. આવે છેને? આહા..હા..! એ વસ્તુની સ્થિતિ શું વર્ણવી છે? કે જે કાંઈ પરિણતિમાં વીતરાગદશા જે પ્રકારની જે થાય, તે પ્રકાર આખો એનામાં પડ્યો જ છે. આહા..હા..! ચંદુભાઈ! આહા..હા..! વીતરાગતા પ્રગટ થાય તો વસ્તુ વીતરાગસ્વરૂપ જ છે. કેવળજ્ઞાન પ્રગટ થાય એક સમયનું પૂર્ણ તો એ કેવળ એકલું જ્ઞાનસ્વરૂપ જ છે. ક્ષાયિકસમ્યગ્દર્શન પ્રગટ થાય તો એ સમકિત- શ્રદ્ધાસ્વરૂપ જ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એમ અહીંયાં કહે છે કે જ્યારે જ્ઞાન અને દર્શનમય સ્વરૂપ છે તો એની જે પરિણતિ

પ્રગટી જ્ઞાનદર્શનમય પર્યાય, એ પર્યાય પ્રગટી તો એનું સ્વરૂપ જ એ છે. આહા..હા..! જેમ એના જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવમાં રાગનું કરવું ને રાગનું કર્તવ્ય એ અવકાશ ક્યાં છે વસ્તુમાં? વસ્તુમાં ધ્રુવમાં અવકાશ ક્યાં છે? એ ધ્રુવને આશ્રયે જે પ્રગટ દશા થઈ એમાં ક્યાં અવકાશ છે? એય..! આહા..હા..! અને વિકારના પરિણામ.. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવ મારું કર્તવ્ય અને હું કર્તા, પ્રભુ! એ જ્ઞાનની પરિણતિમાં એ અવકાશ ક્યાં રહ્યો? આહા..હા..! સમજાણું કાંઈ? તો પછી એને કર્મબંધનનો અવકાશ તો ક્યાંથી રહ્યો? એમ કહે છે. બે વાત લીધીને. પરદ્રવ્યના કર્તાકર્મની પ્રવૃત્તિ.... હવે આ લોકો શું કહેતા હતા ત્યાં. ત્યાં કહેતા હતા અને અહીં ઇન્દોરમાં એકફેરી વાત થઈ ગઈ. ૫૦-૬૦ માણસ બેઠા હોય ને પંડિતો ભેગા થયા હશે. પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર નથી. આ તો તે દીનું. આ તો હમણાં આવ્યું છે અહીં લલિતપુરનું. પરદ્રવ્યનો કર્તા ન માને તે શ્વેતાંબર છે. અહીં શ્વેતાંબર લુગડાં છેને એટલે. અરે.. ભગવાન! પરદ્રવ્યનો કર્તા છે આત્મા એમ માને છે. આહા..હા..! પંડિતો બધા ભેગા થઈને સભામાં આમ કહ્યું, લ્યો! અરે..પ્રભુ! શું કરે છે, ભાઈ?

**શ્રોતા :-** પંડિતો તો બધા ભણેલા ગણેલા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પંડિતો બિચારા ભણ્યા છે પણ એને પોતાના આત્માને દુઃખ થાય એવી તો ભાવના ન હોય પણ ભાન નથી. આહા..હા..! જે ભાવે મિથ્યાભાવ છે, એ વર્તમાન દુઃખરૂપ અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. એ વર્તમાન હોંશથી ભલે બોલે અને કહે, આહા..હા..! પણ ઊંધી માન્યતા વર્તમાન દુઃખરૂપ છે, ભવિષ્યમાં એનું ફળ દુઃખ છે, ભાઈ! એ દુઃખી થવા માગતો નથી પણ દુઃખનો નાશ કરવાનો રસ્તો..આવ્યું હતુંને એક ફેરી? સુખને શોધે છે, પણ સુખનો ઉપાય શું છે તે એને ખબર નથી. દુઃખને ટાળવા માગે છે, પણ દુઃખને કેમ ટાળવું તેના ઉપાયની ખબર નથી. આહા..હા..!

અહીં કહે છે જે જ્ઞાયકસ્વભાવ છે એ કળી જેમ શક્તિરૂપે છે એમ છે આ. એ કળી ખીલે છે જેમ, ત્યારે જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડતાં જ્ઞાયકભાવ ખીલે છે. એનો સ્વીકાર થયોને? સત્કાર થયો. આહા..હા..! દૃષ્ટિએ એનો સ્વીકાર કર્યો, દૃષ્ટિએ એનો સત્કાર કર્યો કે આ સત્ છે તે બરાબર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી પર્યાયમાં ત્રિકાળનો જેણે સત્કાર કર્યો એની પર્યાયમાં પણ એ જાત જ પ્રગટે. આહા..હા..! માર્ગ આવો છે, ભાઈ! એ જાણવા-દેખવાના પરિણામ પ્રગટ્યા એને રાગના કર્તાકર્મની પ્રવૃત્તિને ક્યાં અવકાશ છે? અને એને કર્મબંધ થાય એ ક્યાં છે? છે? '**કેમ હોઈ શકે?**' એ અર્થ થયો એનો—અન્વયાર્થ.

'**(જ્ઞેયોના નિમિત્તથી તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા...**' ખંડ... ખંડ... ખંડ.. ખંડ.. પર્યાય. ૩૧માં આવ્યું હતુંને કે ભાવેન્દ્રિય એક-એક વિષયને જણાવે છે. માટે, તે ખરેખર જ્ઞેય છે, એ જ્ઞાયક નહિ.

પરજ્ઞેય છે એમ કીધું ત્યાં તો. કેમ? કે એ ભાવેન્દ્રિય જ્ઞાનને ખંડખંડરૂપે જણાવે છે. ખંડખંડને જાણે છે એ પછી વાત, પણ ભાવેન્દ્રિય ખંડખંડને જણાવે છે (અને) વસ્તુ અખંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'**જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે અનુભવમાં આવ્યો...**' આહા..હા..! એકલો જાણનાર... જાણનાર.. જાણનાર... જાણનાર... આવું સ્વરૂપ છે. '**આકાર હવે અનુભવમાં આવ્યો તેથી અખંડ એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે.**' એ અખંડની વ્યાખ્યા કરી. '**મતિજ્ઞાન આદિ જે અનેક ભેદો કહેવાતા હતા...**' આમાં જરી ઓલામાં એ લીધું છે કળશમાં. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ, દ્રવ્ય, ગુણ અને પર્યાય અને જ્ઞાનથી આત્મા જણાય એવો જે વિકલ્પ એ બધો ભેદ છે. સમજાણું કાંઈ? '**એને દૂર કરતું...**' થકું. ભેદોને દૂર કરતું થકું. આહા..હા..! જ્ઞાન તે આત્મા એવો પણ સદ્ભુતવ્યવહારનય અનુપચાર એ પણ એક વિકલ્પ છે. આહા..હા..! એ અખંડ જ્ઞાયક ઉપર વસ્તુ જે છે આખી એના સ્વીકારમાં 'છે' એવી સ્વીકારમાં આવે એને સમ્યગ્દર્શન કહીએ. સમ્યક્ નામ સત્યદર્શન. જેવું એનું પૂર્ણસ્વરૂપ છે, અસ્તિ છે, મોજૂદ છે, પ્રગટ છે, આહા..હા..! એનું જ સમ્યક્-સત્યદર્શન એને સમ્યગ્દર્શન કહીએ. સમજાણું કાંઈ? એમાંથી ભેદવાદ પણ તૂટી ગયો કહે છે. આહા..હા..! મારગડા એવા, ભાઈ! આહા..હા..!

'**ભેદનાં કથનોને તોડી પાડતું એમ કહ્યું છે. પરના નિમિત્ત રાગાદિરૂપ પરિણમતું હતું તે પરિણતિને છોડતું...**' એ પહેલો શબ્દ છે. અર્થ કર્યો પછી. '**પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમતું નથી,...**' આહા..હા..! એ તો એ વખતે પણ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વતઃ સ્વભાવ છે, તેથી તે રાગની હયાતી છે માટે એને જાણે એમ પણ નહિ. એ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ જે પ્રગટ્યો તેને રાગને જાણે છે એમ વ્યવહારથી કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! તે કાળે આવે છેને ૧૨માં? તે કાળે જાણેલો (પ્રયોજનવાન છે) એનો અર્થ ઈ છે કે જે પ્રકારનો રાગ અને જે પ્રકારનો દ્વેષ આવ્યો તે વખતે જ—તે સમયે જ તેને જાણતું અને સ્વને જાણતું પોતાના સામર્થ્યથી જ્ઞાન પ્રગટ થાય છે. એ જ સમયે. સમજાણું કાંઈ? આહા..હા..! અલૌકિક વાત છે બાપુ! આ તો. તે કાળે જાણેલો પ્રયોજનવાન કીધું છેને? તે કાળે. આહા..હા..!

એ અહીં કહે છે કે રાગને જાણતું જ્ઞાન પ્રગટ થાય છે. રાગને કરતું જ્ઞાન પ્રગટ થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! આવો માર્ગ છે. આહા..હા..! ઝીણો કેટલો? કે શુભવિકલ્પથી પકડાય નહિ એટલો. આહા..હા..! એ પોતે નિર્વિકલ્પસ્વરૂપ છે તો નિર્વિકલ્પ દૃષ્ટિથી જ પકડાય એવો છે અને એ નિર્વિકલ્પસ્વરૂપ છે એથી નિર્વિકલ્પજ્ઞાન.. નિર્વિકલ્પ એટલે રાગના અવલંબન વિનાનું, બાકી જ્ઞાનનું સ્વરૂપ તો સવિકલ્પ છે. સવિકલ્પ એટલે? સ્વને-પરને જાણવું એનું નામ સવિકલ્પ. ત્યાં વિકલ્પ એટલે રાગ નહિ. આહા..હા..!

સમજાણું કાંઈ? કીધુંને? **'તેથી અત્યંત પ્રચંડ કહ્યું છે.'**

**'ભાવાર્થ :- કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો.'** આહા..હા..! **'હવે જ્યારે ભેદભાવને અને પરપરિણતિને દૂર કરી...'** અખંડ જ્ઞાયકભાવની પરિણતિ જાગી, આહા..! **'ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ...'** એટલે રાગનું કરવું અને રાગનું કર્તવ્ય એવી **'ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી;...'** ગઈ. આહા..હા..! પોતાથી ભિન્ન એવો જે રાગ એનું કર્તાકર્મપણું હતું એ ભેદરૂપ પ્રવૃત્તિ બંધ થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? **'હવે જ્યારે ભેદભાવને અને પરપરિણતિને દૂર કરી એકાકાર જ્ઞાન પ્રગટ થયું ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી; તો પછી હવે બંધ શા માટે હોય? અર્થાત્ ન હોય.'** લ્યો! એ ૭૨ થઈ.

હવે ૭૩. ગાથા ૭૩ બહુ ઊંચી છે. એક-એક ગાથા એક-એક ચડતી. ઓલામાં કહ્યું છેને પેલું નહિ? પરિભાષાસૂત્ર બાંધું છું. પરિભાષા એટલે? કે જે સ્થાને જે જોઈએ તે ઠેકાણે તે ગાથા આવશે. પહેલાં શરૂઆતમાં (આવી ગયું). આહા..હા..! યથાસ્થાન એટલે આ જીવ-અજીવ અધિકાર પૂરો થયો. હવે આ કર્તાકર્મને યથાસ્થાને ગાથાઓ છે કહે છે. આહા..હા..! સમયસારની શૈલી અને અર્થકાર પણ એવો મળ્યોને. જયચંદ્ર પંડિત. આહા..હા..! પરિભાષણ આવે છેને? પરિભાષાસૂત્ર બાંધું છું. **'वोच्छामि'** એટલે જે યથાસ્થાને જ્યાં જ્યાં જોશે ત્યાં-ત્યાં તે ગાથા આવશે, ભાવ આવશે. આહા..હા..!

**'હવે પૂછે છે કે કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?'** એની રીત શું છે? પુણ્ય અને પાપના ભાવ એ આસ્રવ છે, એ દુઃખ છે, એ અચેતન છે, એ ચૈતન્યની જાતથી ભિન્ન જાત છે, એ કજાત છે. આહા..હા..! કજાત છે. પુણ્ય અને પાપના બેય ભાવ કજાત છે—એની જાતના નહિ. આહા..હા..! કહે છે, તો કઈ વિધિથી આત્મા નિવર્તે? કોણ? જેને આવી ગરજ થઈને પૂછે છે એને આ ઉત્તર દેવાય છે એમ કહે છે. આહા..હા..! શું કહ્યું? અમૃતચંદ્રાચાર્યે ત્યાં સંધિ કરી છે. સંસ્કૃત છેને જુઓને, **'केन विधिनायमास्रवेभ्यो निवर्तत इति चेत्-'** સંસ્કૃત છે. આહા..હા..! શિષ્ય આટલું સાંભળ્યા પછી એને અંદરમાં ધગશ થઈ છે. પ્રભુ! ત્યારે હવે એ પુણ્ય અને પાપના ભાવની નિવૃત્તિની રીત અને વિધિ શું? એનાથી નિવર્તવાની પદ્ધતિ શું? આહા..હા..! એટલે નિવર્તવું છે એવો પોકાર તો થયો હવે. સમજાણું કાંઈ? પ્રવર્તવામાં લાભ છે એ વાત ખસી ગઈ. પ્રવૃત્તિથી નિવૃત્તિ કેમ થાય? એનો પંથ શું? એની રીત શું? **'આ આત્મા..'** પાછું જોયું! **'આ આત્મા...'** આહા..હા..! **'આસ્રવોથી નિવર્તે છે?'** કઈ રીત? એવી જેને અંતરમાં ધગશ થઈ છે **'તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-'** આહા..હા..! સાંભળવા માટે આપણે જાવું જોઈએ. નહિતર તરી નિકળ્યે કે આ ન આવ્યા—એ સાંભળવા આવે એને માટે આ નથી કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેને અંદરમાં...

અમૃતચંદ્રાચાર્યે બેની સંધિ કરી ૭૨ અને ૭૩ વચ્ચેની. આહા..હા..! પ્રભુ! એ આસ્રવો જે છે એથી નિવર્તવું તો બરાબર છે, પણ એ નિવર્તવાની રીતની પદ્ધતિ શું? એવો જેને અંતરમાં ભાવ, ધગશ (થયો છે), દુનિયાને દેખાડવા માટે કે દુનિયા મને દેખે તો પંડિત છું એમ દેખે, એ માટે નહિ એમ કહે છે. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવ આસ્રવ છે, મલિન છે, અચેતન છે, દુઃખ છે તો એને નિવર્તવાની રીત શું? '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**' એમ આવ્યુંને? આહા..હા..!

**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**
**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि।।७३।।**
**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

પાછો આમ તું કર તો ક્ષય થાય એમ નહિ. આ તો હું કરું તો આમ થાય. એવી શૈલી લીધી છે. સમજાણું કાંઈ? આમ કરે તેને આમ થાય એમ નહિ. હું આમ કરું તો આમ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? 'હું' શબ્દ છેને અંદર જુઓને. ચૈતન્યમાં અનુભવ '**तम्हि ठिदो**' એમ '**अहमेक्को**' હું એક. આહા..હા..!

હવે 'હું...' હુંની વ્યાખ્યા—'**अहम**'ની. '**હું આ આત્મા**' એમ કરીને બીજા આત્માઓ નહિ પણ આ આત્મા. એક વાત. અને '**પ્રત્યક્ષ...**' આહા..હા..! ભગવાન આત્મા પ્રત્યક્ષ છે. આહા..હા..! મતિ ને શ્રુતજ્ઞાનમાં પણ એ પ્રત્યક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે આત્મામાં પ્રકાશ નામનો એક ૧૨મો ગુણ છે—૧૨મી શક્તિ. ૪૭. એમાં સ્વસંવેદન થવું એ તો એનો ગુણ છે કહે છે. આહા..હા..! પોતે પોતાથી પ્રત્યક્ષ થાય એવો તો એનો અનાદિ ગુણ જ છે. એથી વર્તમાન આ પ્રત્યક્ષ છે એમ કીધું. સમજાણું કાંઈ? આવી વાતું હવે. ઓલા તો બિચારા દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, ચોવિહાર રાતે આહાર ન કરવો, છપરબી બ્રહ્મચર્ય પાળવું કેવું સહેલું હતું. એમ એક જણો કહેતો હતો. એવો માર્ગ સહેલો હતોને તમે મોંઘો કરીને મૂક્યો. ભાઈ! માર્ગ તો આ છે. આહા..હા..!

'**હું...**' અસ્તિ બતાવે છે. '**આ...**' પ્રત્યક્ષ બતાવે છે. '**આત્મા—પ્રત્યક્ષ...**' આ આત્મા એમ કરીને પ્રત્યક્ષ કર્યું છે. એનો અર્થ છે એમ. આ આત્મા એટલે પ્રત્યક્ષ, એમ. લીટી કરી છેને? '**अहमयामात्मा प्रत्यक्षमक्षुण्णमनन्तं**' આહા..હા..! થોડું પણ સત્ય હોવું જોઈએ. સમજાણું કાંઈ? ઘણું ને લાંબુ હોવા છતાં સત્યનો પત્તો ન આવે એ ચીજ શું? આહા..હા..! સમજાણું કાંઈ? '**હું આ આત્મા—પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ...**' એમ. આહા..હા..! સમજાણું કાંઈ? છેને સામે? હવે કો'ક કહે, આ તો સોનગઢનું છપાયેલું છે. પણ છપાયેલું પણ શબ્દ અને ભાષા કોની છે? આ તો આચાર્યની ભાષા છે ટીકાકારની.

**શ્રોતા :-** આચાર્ય ક્યાં ગુજરાતી જાણે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો એનું થયું હિન્દી અને એનું થયું ગુજરાતી. એ તો એમાં થયું. એનું થયું હિન્દી, એનું થયું ગુજરાતી. અનેરું થયું હિન્દી અને અનેરું થયું ગુજરાતી એમ નથી આ. અંગ્રેજીમાં થયું છે, પણ આ ભાવ ન આવે અંગ્રેજીમાં. આહા..હા..!

'**પ્રત્યક્ષ...**' આ આત્મા અસ્તિ '**પ્રત્યક્ષ અખંડ...**' પ્રત્યક્ષ થઈ શકું એમ નહિ. અહીં તો પ્રત્યક્ષ છે જ. એય..! આહા..હા..! અખંડ છે. પર્યાયનો ભેદ પણ વસ્તુમાં ક્યાં છે? આહા..હા..! એક સમયની પર્યાય છે એ તો ભેદ થયો અને એ તો વ્યવહારનયનો વિષય થયો. પર્યાય છે એ તો ભેદ વ્યવહારનયનો વિષય થયો. આહા..હા..! અને એને ત્યાં સુધી કહ્યું છેને કે વ્યવહારનયથી ત્રણપણે પરિણમે એ મેલ છે. ૧૬મી ગાથામાં કહ્યું, મેચક-અમેચક. દર્શન-જ્ઞાન-ચારિત્રપણે ભેદપણે પરિણમું એ જ મેચક છે. મેચક એટલે મેલ છે, મેલ એટલે વિકલ્પ છે. આહા..હા..! છે? પહેલાં આવી ગયું છેને ઈ. અમેચક તો અખંડ અભેદ છે તે અમેચક છે. અમેચક એટલે નિર્મળ. મેચક એટલે મલિન અથવા મેચક એટલે વ્યવહાર. વ્યવહાર એટલે મલિન. અમેચક એટલે નિશ્ચય. નિશ્ચય એટલે નિર્મળ. સમજાણું કાંઈ? આ તો હવે ૧૮મી વાર ચાલે છે સભામાં. અમથી આ ગાથા તો ઘણે બીજી ચાલી ગઈ છે. ૭૨-૭૩ બહાર ફરીએ ત્યારે આ ગાથા (લઈએ છીએ).

'**અનંત ચિન્માત્ર જ્યોતિ...**' એ શું કહે છે? કે એનો સ્વભાવ જ અનંત છે, અનંત છે. એ સ્વભાવની શક્તિનું સ્વરૂપ જ અનંત છે. એમાં કાંઈ અંત આવે એવી ચીજ નહિ, એ તો અનંત છે. અખંડ અને અનંત. આહા..હા..! '**ચિન્માત્ર જ્યોતિ...**' અનંત ચિન્માત્ર જ્યોતિ. જ્ઞાનમાત્ર જ્યોતિ ત્રિકાળી હોં! '**અનંત ચિન્માત્ર જ્યોતિ...**' એ જ્ઞાનજ્યોતિ અનંત અખંડ. પ્રત્યક્ષ, અખંડ, અનંત, ચિન્માત્ર જ્યોતિ. આહા..હા..! એટલી વાત કરી પહેલી. હવે એને કાળ લાગુ પાડે છે. એ તો ભાવની વાત કરી. એ અનાદિ છે. એ ચીજની આદિ નથી. વસ્તુ છે એને આદિ શું? એ તો છે, છે ને છે. એ કાળ કીધો. અનાદિ—આદિ નથી. વસ્તુ છે તેને (આદિ શું)? અનંત—ભવિષ્યમાં જેનો નાશ નથી.

વર્તમાન '**નિત્ય-ઉદયરૂપ...**' '**અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ...**' વર્તમાન. આહા..હા..! વસ્તુ તો નિત્ય પ્રગટરૂપ જ છે, એમ કહે છે. આહા..હા..! '**નિત્ય-ઉદયરૂપ...**' આહા..હા..! સૂર્ય તો સવારે ઊગે, બપોરે વળી નમે અને પાછો આમ નમી જાય. એમ નથી આ તો. આહા..હા..! એ ચૈતન્યસૂર્ય તો નિત્ય ઉદયરૂપ જ છે. આહા..હા..! ભગવાન નિત્ય ઉદયરૂપ જ છે. વર્તમાન વર્તમાનમાં અનાદિઅનંત નિત્ય ઉદયરૂપ. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન. આહા..હા..! એવી જ્યોતિ છે એ. જેમ અગ્નિ જ્યોતિ છે, એમ આ એક ચિન્માત્ર જ્યોતિ. આહા..હા..! જેનો આશ્રય લેતાં સંસાર બળી જાય, નાશ થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! એવી અનંત ચિન્માત્ર જ્યોતિ છે. હવે એ એટલા વિશેષણો તો રજકણને કહેવા હોય તો કહી શકાય. સમજાણું? એક પ્રત્યક્ષ થવું ન થાય. પણ આ વસ્તુ શું ત્યારે? એનું સ્વરૂપ શું?

'**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...**' વિજ્ઞાનઘનસ્વભાવભાવ આહા..હા..! જે પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ કીધી હતી એ શું એ? ચિન્માત્ર શબ્દ આવ્યો હતો ત્યાં. એ તો '**અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ...**' વર્તમાન. '**વિજ્ઞાનઘનસ્વભાવ...**' જેમાં પર્યાયના પ્રવેશનો અવકાશ નથી. આહા..હા..! જેમાં વિકલ્પને પ્રવેશવાનો અવકાશ નથી, જેમાં પર્યાય ઉપર ઉપર તરે છે. આવે છેને? આત્મજ્ઞાન. આહા..હા..! કળશમાં આવે છે. વસ્તુ વિજ્ઞાનઘન દળ—વિજ્ઞાનનું દળ, વજ્રબિંબ. આહા..હા..! વિજ્ઞાનઘનસ્વભાવ એવો જે ભાવ.

છેને, '**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું;...**' '**अहमेक्को**'ની વ્યાખ્યા કરી. બધા આત્મા થઈને એક છું એમ નહિ. હું તો '**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું;...**' સમજાણું કાંઈ? વિજ્ઞાનઘન—જ્ઞાનઘન જેનો સ્વભાવ વિજ્ઞાનઘન. આહા..હા..! ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશી અને શરીર પ્રમાણે હો. એના ક્ષેત્રની અહીં નથી કિંમત. એના સ્વભાવના સામર્થ્યની કિંમત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ સાકરમાંથી નથી થાતું? શું કહેવાય સેક્રિન? સેક્રિન થાયને? થોડી હોય પણ મીઠાશ ઘણી. ક્ષેત્ર મોટું માટે મીઠાશ ઘણી એવું નથી કાંઈ. સાકરનો ગાંગડો આવડો હોય અને મીઠાશ થોડી અને સેક્રિનની આટલી (ટિકડી) હોય. એવો એનો સ્વભાવ જ (છે). ક્ષેત્ર નાનું માટે મીઠાશનો સ્વભાવ થોડો એવું કાંઈ નથી. એમ ભગવાન આત્મા શરીરપ્રમાણે ક્ષેત્રમાં હોવા છતાં. એનું સામર્થ્ય તો વિજ્ઞાનઘન છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી એને લીધે એક છું એમ કીધું.

'**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું;...**' બધા આત્મા મળીને એક છું એમ નથી. આહા..હા..! અને જ્યારે ધ્યાન કરવું હોય તો એને આ બધા થઈને એક હોય તો એને આમ જોવું પડે. રજનીશમાં ઈ આવે છે. છાપામાં આવ્યું હતું એક ફેરી આમ. એને આમ બધું થઈને (એક કહેવું છે). છાપામાં આવ્યો હતો ફોટો. આમ જાણે ઉપર બધા..

**શ્રોતા :-** એ બધું દેખે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેખે ભલે નહિ. આમ બધું એમ કે એકરૂપ થઈ જાય. એમ નથી.

જેને આત્માને લક્ષમાં લેવો હોય તો એ આમ (અંતર્મુખ) જાય છે, આમ (બહિર્મુખ) જાતો નથી. એ જેટલામાં છે ત્યાં જાય છે. બહારમાં હોય તો બહાર જવું જોઈએ. બહારમાં જાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે! વિજ્ઞાનઘનસ્વભાવ. આહા..હા..! એવા ભાવપણાને લીધે. '**વિજ્ઞાનઘનસ્વભાવભાવ...**' એનો એવો છે. આહા..હા..! '**એક છું;...**' વિશેષ કર્તાકર્મ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

•※•※•※•

## અષાઢ વદ-૨, મંગળવાર, તા. ૧૩-૦૭-૧૯૭૬, ગાથા-૭૩, પ્રવચન નં. ૧૨૪

સમયસાર, કર્તાકર્મ અધિકાર, ૭૩ (ગાથા). આસ્રવથી કઈ રીતે નિવર્તે? એવો શિષ્યનો પ્રશ્ન છે. મિથ્યાત્વ, મૂળ આસ્રવ મિથ્યાત્વ છે. એનાથી કેમ નિવર્તે? એની રીત અને વિધિ શું? એમ જેને સમજવાની જિજ્ઞાસા છે એને ઉત્તર કહે છે.

એક તો આ આત્મા એકરૂપ છે. '**પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ—અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું;...** ' ક્રમે બધી વાત કરે પણ એકરૂપે છે એવી દૃષ્ટિ કરતાં મિથ્યાત્વનો આસ્રવ ત્યાં ટળી જાય છે. સમજાણું કાંઈ? આ તો ક્રમે વાત કરેને, પણ એકમાં બધું આવી જાય છે. આત્મા '**અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ...**' એ વિજ્ઞાનઘનસ્વભાવભાવ એથી એક છે. એવી એકપણાની દૃષ્ટિ કરતાં એ મિથ્યાત્વના આસ્રવથી નિવર્તે છે. સમજાય છે કાંઈ? આ તો પહેલામાં પહેલી માર્ગની વાત છે. એ તો વાત આવી ગઈ છે.

હવે કર્તા છ કારક છે. એમાં પરનું કર્તાકર્મ એ તો છે નહિ. આત્મા સિવાય શરીરનો, દેશનો, કોઈ કુટુંબનો, કોઈ પરદ્રવ્યનો કર્તા હું અને કર્મ એ મારું અને સાધન હું, એનાથી મારી ક્રિયા થાય, મારાથી થાય એની ક્રિયા એવું ષટ્કારકપણું તો એનામાં છે જ નહિ. હવે અહીં તો વાંધા અહીંથી ઊઠાવ્યા લોકોએ. પરનો કર્તા ન માને તો એ દિગંબર નહિ. અરે..! આહા..હા..! કેમકે પરદ્રવ્ય છે એ પોતે કાર્ય વિનાનું કોઈ કાળે નથી કે જેથી આત્મા એનો કર્તા થઈને કાર્ય કરે. સમજાણું? એક વાત. પછી અંદર આવ્યા દયા, દાનના ભાવ આદિ શુભ. એનો હું કર્તા, એ મારું કર્મ, એનું સાધન, મારાથી થયું, મારે આધારે થયું, મેં રાખ્યા—એવા ષટ્કારકની ક્રિયા રાગની આત્મામાં નથી. હવે એથી આગળ જઈને વાત લેવી છે અહીં તો. આહા..હા..! કર્તા પર્યાય જે છે પર્યાય. એનો હું કર્તા, પર્યાય મારું કર્મ—કાર્ય, પર્યાયનું સાધન હું, પર્યાય મારાથી થઈ—અપાદાન, પર્યાય થઈને રાખી, પર્યાયનો આધાર પર્યાય—એ ષટ્કારકનું પરિણમન પર્યાયનું પર્યાયમાં છે.

એ '**સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી...**' પર્યાયમાં ષટ્કારકનું જે પરિણમન છે એ '**પ્રક્રિયાથી પાર...**' આહા..હા..! '**ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ,...**' ત્રિકાળ-ત્રિકાળ. આ નિર્મળ અનુભૂતિ વર્તમાન પર્યાયની વાત નથી. આહા..હા..! પર્યાયમાં ષટ્કારકનું પરિણમન સ્વતંત્ર છે. એ ષટ્કારકની પરિણતિથી ભિન્ન મારી ચીજ છે. આહા..હા..! નિર્મળ પરિણતિ ષટ્કારકની એનાથી પણ મારી ચીજ ભિન્ન છે, એને અહીંયાં શુદ્ધ કહે છે. છે? '**ઊતરેલી**

**જે નિર્મળ અનુભૂતિ,..'** પર્યાયના ભેદને લક્ષમાં લેવા એ વ્યવહારનય છે, એ અશુદ્ધનય છે, એ અશુદ્ધ છે. પર્યાયને લક્ષમાં લેવું એ મેચક છે, મેલ છે, વ્યવહાર છે. આહા..હા..! આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમે છે એમ ત્રણપણે પરિણમે એમ લક્ષમાં લેવું એ વ્યવહારનય-મલિન છે. આહા..હા..! એથી મિથ્યાત્વનો આસ્રવ નાશ નહિ થાય. આહા..હા..! મેચક-અમેચક કહ્યું છેને ૧૬માં અને પ્રવચનસારમાં કહ્યું છેલ્લી બે નયો—અશુદ્ધ અને શુદ્ધ. માટીને એના વાસણ આદિની પર્યાયભેદથી જોવું એ અશુદ્ધનય છે, એમ આત્માને પર્યાયભેદથી જોવો એ અશુદ્ધનય છે, એનાથી મિથ્યાત્વનો આસ્રવ નહિ ટળે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ માટીને વાસણ આદિના ભેદથી જોવું એ અશુદ્ધ છે. એમ ભગવાન આત્માને પર્યાયના ભેદથી જોવો એ અશુદ્ધ છે. એને એની પર્યાયના ષટ્કારકનું પરિણમન જ્ઞાનની પર્યાયનું, આનંદની પર્યાયનું, વીર્યની પર્યાયનું વગેરે ષટ્કારકનું પરિણમન છે એનાથી ઉતરેલી એટલે એનાથી પાર ભિન્ન એવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા તે શુદ્ધ છે. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા :-** ત્રિકાળી આત્માની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે આત્મા છે એની વાત કરે છે. અત્યારે ત્રિકાળી આત્મા, પરિણતિના ષટ્કારકના ભેદથી ભિન્ન વસ્તુ છે એને અહીંયાં આત્મા કહે છે અને એવા આત્મા ઉપર દૃષ્ટિ આપતા મિથ્યાત્વનો આસ્રવ ટળે છે. આહા..હા..! લોકો તો હજી બહારથી.. આહા..હા..! જૈનધર્મ સમજાવવો છે. પરને સમજાવા જાવું, આમ કરવું, નવા નિયમ બાંધે છે સુશીલકુમાર. જઈ આવ્યાને અરમેલી? ઓલું શું કહેવાય? અમેરિકા. નવા ધોરણ બાંધ્યા. સાધુ, આચાર્યની જુદી જાતની પ્રણાલિકા બાંધે છે. છાપામાં આવ્યું છે. સ્થાનકવાસીની રીત છે એથી પણ આ ધર્મ પ્રભાવના કરવા માટે જાવું અને જેને સાધુ અને આર્જિકાને ભળવું હોય એમાં ભળો. મોટો લેખ આવ્યો છે. હજી પોતે જ ધર્મ શું એની ખબર નથી.

**શ્રોતા :-** પોતે તો સાધુ થયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાધુ કે દી હતો, મિથ્યાદૃષ્ટિ છે. ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! આકરી વાતું બાપા! એ દયા, દાનના ભાવથી ધર્મ માનવો એ તો મિથ્યાત્વ છે.

અહીં તો એક વસ્તુને પર્યાયના ભેદથી જોવી એ પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે, એનાથી ધર્મ થતો નથી. આહા..હા..! પરની દયા પાળવાનો ભાવ એ તો રાગ અને પાળી શકે છે એમ માનવું એ તો મિથ્યાત્વ. એ પરની (દયા) પાળી શકું અને પરને ધર્મ સમજાવી શકું એ વાત તો એક બાજુ રહી ગઈ, પણ અંદરમાં જે વિકલ્પ ઊઠે છે એના ષટ્કારકનું પરિણમન લક્ષમાં લે તો મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. એમ નહિ પણ પર્યાયના ષટ્કારકનું લક્ષમાં લે તોપણ પર્યાયબુદ્ધિ થઈને મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. એય..! કહો, નવરંગભાઈ! હવે આમાં

ક્યાં આવ્યું આમાં? ઈ તો ભાગ્યશાળી તો પાછું બધું ફરી ગયું. આહા..હા..!

અહીંયાં તો કહે છે, ભગવાન આત્મા જે એક સમયની પર્યાયના ષટ્કારકના પરિણમનથી જુદું—એનાથી પાર ઉતરેલું, એમાં એ છે નહિ. આહા..હા..! એને '**અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું;...**' એમ કીધું. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ આપતાં પરિણતિના ષટ્કારકના પર્યાયનું પણ લક્ષ છૂટી જાય છે. આહા..હા..! આવી વાતું. લોકોને આ જૈનધર્મ શું છે (એની ખબર નથી). જૈનધર્મ એ વસ્તુનું સ્વરૂપ છે. એટલે? કે એક સમયમાં પરિણતિના ષટ્કારકના ભાવથી ભિન્ન એવી જે ચીજ છે—જિનસ્વરૂપ, એને દૃષ્ટિમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન અને એ સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વના આસ્રવની નિવૃત્તિ.. આહા..હા..! એ અહીં કહે છે.

ષટ્કારકથી જે પરિણતિ પ્રક્રિયા પરિણતિ એનાથી (પાર) ઊતરેલી એટલે એનાથી ભિન્ન '**નિર્મળ અનુભૂતિ,...**' આહા..હા..! ખરેખર તો વિકારની ષટ્કારકની પરિણતિ તો એક કોર રહી, પણ જ્ઞાનનો પ્રગટ અંશ છે એનું ષટ્કારકનું પરિણમન જે છે જ્ઞાનની પર્યાયનું, એનાથી પાર ઉતરેલી વસ્તુ છે આખી ભિન્ન એને અહીં શુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..! અને તેની દૃષ્ટિ થતાં મિથ્યાત્વનો આસ્રવ આ વિધિએ ટળે છે. આ એની વિધિ અને આ એની રીત છે. આહા..હા..! કહો, શેઠ! આવી વાત છે આ. શ્રેષ્ઠ શ્રેષ્ઠ વાત છે આ. શેઠ! આહા..હા..! આ એની વિધિ છે. શેરો કરવાની વિધિ એ કે પહેલો લોટને ઘીમાં શેકવો. પછી ગોળનું પાણી નાખવું. એ વિધિએ શેરો થાય. એમ આત્મામાં ધર્મ કેમ થાય? આહા..હા..! એક સમયમાં અભેદ ચીજ જે છે આખી એના ઉપર દૃષ્ટિ આપતાં સમ્યગ્દર્શન થાય અને મિથ્યાત્વનો આસ્રવ નિવર્તે. આહા..હા..! પછી પણ આગળ જતાં જેટલો દ્રવ્યનો આશ્રય વધે એટલો આસ્રવ ઘટે. આહા..હા..! સમજાણું કાંઈ? આ એની રીત અને આ એની પદ્ધતિ તો આ છે. બીજી રીત કરવા જાશે તો મરી જશે. આહા..હા..! એટલે શું?

ચૈતન્ય જે અભેદ પૂર્ણાનંદનો નાથ પ્રભુ એનું જીવન જીવતું-ટકતું એ તત્ત્વ જ એવડું છે. એવા તત્ત્વના સ્વીકાર વિના નિમિત્ત ને રાગ ને ભેદનો સ્વીકાર કરવા જશે તો રાગ ઉત્પન્ન થશે અને માનશે કે ધર્મ થાય તો મિથ્યાત્વ ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ? આહા..હા..! આ વીતરાગ માર્ગ છે, ભાઈ! ઓલા કહે, દયા પાળો, વ્રત પાળો તો ધર્મ થાશે. ઓલા કહે કે જાત્રા કરો ને ભક્તિ કરો તો ધર્મ થશે. આ દિગંબર વળી લૂગડા ઉતારો અને પડિમા કાંઈક લઈ લ્યો તો ધર્મ થશે. આહા..હા..! બાપુ! ધર્મની રીત અને વિધિ તો આ છે.

જે ભગવાન આત્મા, પર્યાયના ષટ્કારકની પરિણતિ પણ જેનામાં નથી. આહા..હા..! લ્યો એ આવ્યું પાછું. પર્યાય એમાં નથી. જે દૃષ્ટિ વિષય કરે એને એ દૃષ્ટિ એનામાં નથી. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! પરમેશ્વર જિનવરદેવ એણે જે આત્માને જેવો જોયો એવો કહ્યો. એ કહ્યાને પામવાની રીત આ કીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'પ્રભુ

તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' અમારો આત્મા નિજ સત્તાએ શુદ્ધ છે એમ તમે જોવો છો. આ શુદ્ધ આવ્યુંને. આહા..હા..! પ્રભુ! આપ જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જોવો છો. એમાં બધા આત્માઓને એની નિજસત્તાથી શુદ્ધ અભેદ પવિત્ર જુઓ છો આપ. આહા..હા..! એ ભગવાન જેમ જોવે છે એમ આ જોવે, આહા..હા..! તો ભગવાન થાય. આહા..હા..! કહો, રતિભાઈ! આવો માર્ગ લોકોને એવું લાગે. આહા..હા..! મહાવ્રત ને મહાવ્રત ને. હજી બહારમાં જાય તોપણ મહાવ્રત રાખો પાંચ. મુહપતિ સહિત બેસવું ઓલામાં... આહા..હા..! અરેરે..! આ શું કર્યું? પ્રભુ!

જૈનધર્મ એટલે વીતરાગી માર્ગ. એ વીતરાગી માર્ગ તો વીતરાગી પર્યાયથી થાય. વીતરાગી પર્યાય ક્યારે થાય? કે એક સમયની પરિણતિનું પણ લક્ષ છોડી દઈ, આહા..હા..! ત્રિકાળીને એકલો અનુભવસ્વરૂપ જ પ્રભુ છે પોતે એને લક્ષમાં લઈ અને પરિણમન કરવું એનું નામ મિથ્યાત્વથી નિવર્તવાની વિધિ છે. આહા..હા..! આ તો કહે, વ્રત પાળો. વ્રત તો રાગ છે. એ અચેતન છે. એ ન ગોઠ્યું ઓલાને. કાલે આવ્યું હતુંને. અચેતન! હાય..હાય..! ચૈતન્યની પર્યાય છે રાગ દયા, દાન, પૂજા એ અચેતન? ભાઈ! કઈ જાતની વાત? એમાં જ્ઞાનનું કિરણ ક્યાં છે? એ તો અંધકાર છે. સૂરજનું કિરણ તો ધોળું હોય. સૂરજનું કિરણ કોલસાવાળું હોય? આહા..હા..! એમ ભગવાન આત્માની પર્યાય—કિરણ તો જ્ઞાનમય, દર્શનમય, આનંદમય એ જ્ઞાનની પર્યાય જેમાં આવે એ કિરણ એનું કહેવાય. રાગમાં તો જ્ઞાનનો અંશ આવ્યો નથી, એ તો અંધારું છે. આહા..હા..! એ તો ક્યાંય વાત રહી ગઈ. સમજાણું કાંઈ?

અહીંયાં તો નિર્મળ પરિણતિ જે છે એનાથી ભિન્ન. એ નિર્મળ ભેદ ઉપર લક્ષ કરવાથી પણ વ્યવહારનય છે, (તેથી) વિકલ્પ ઊઠશે અને વિકલ્પ ઊઠશે એમાં તું ધર્મ માને કે આ મને ધર્મ થયો (એ તો) મિથ્યાત્વ છે. આહા..હા..! બીજી રીતે કહ્યું છે. પર્યાયબુદ્ધિવાળાને દ્રવ્યબુદ્ધિમાં નાખે છે. બીજી શૈલીથી વાત કરી છે. મૂળ તો જે ૧૧મી ગાથા છે એ જ મહાસિદ્ધાંત છે આખો. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભૂતાર્થ તે શુદ્ધનય કીધી ત્યાં તો. શુદ્ધનયનો વિષય એમ નહિ પહેલું કહ્યું. ત્રિકાળ વસ્તુ શુદ્ધ ભૂતાર્થ છતો પદાર્થ એને ત્યાં શુદ્ધનય કીધી. નય અને નયનો વિષય જુદા ન પાડ્યા. પછી એમ કહ્યું કે ભૂતાર્થ ચીજ છે તેની સન્મુખ થાય, આશ્રય લે એને સમ્યગ્દર્શન થાય, એ મિથ્યાત્વથી નિવૃત્ત થાય. એ વાત આ કીધી. આહા..હા..!

ષટ્કારકોનો સમૂહ. સમૂહ થયોને છ? એની પ્રક્રિયા એટલે પરિણતિ—પર્યાય. એનાથી 'પાર ઊતરેલી...' આહા..હા..! પર્યાયથી પણ ભિન્ન ચીજ જે ભગવાન આત્મા. જે ભૂતાર્થ કાયમ ત્રિકાળ એને અહીંયાં શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને એના ઉપર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન ઉત્પાદ થાય, ત્રિકાળ ઉપર પ્રતીત કરતાં ઉત્પાદ સમ્યક્‌નો થાય, મિથ્યાત્વનો વ્યય થાય. ધ્રુવનો આશ્રય રહે. સમજાણું કાંઈ? આહા..હા..! એક તો હજી સમજવું કઠણ.

ચાલતી વાતમાં બધું ઊંધું છે અત્યારે તો સંપ્રદાયમાં. આહા..હા..! અહીં જા ત્યારે સત્યદર્શન થાય એમ કહે છે. સમ્યગ્દર્શન એટલે સત્યદર્શન. આહા..હા..! ભગવાન આત્મા પર્યાયના ભેદથી ભિન્ન છે. નિર્મળ પરિણતિના ભેદથી પણ એ ભિન્ન છે. એવો નિર્મળ અનુભૂતિ ત્રિકાળ એને અહીંયાં શુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..! પર્યાયના ભેદને લક્ષમાં લેવા એને અશુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..! આશ્રય કરવા માટે. જાણે માત્ર એ જુદી વાત છે. આહા..હા..!

**શ્રોતા :-** નિર્મળ અનુભૂતિથી પણ ભિન્ન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભિન્ન છે. પર્યાયની નિર્મળ અનુભૂતિ છે એ તો પર્યાયની છે. એનાથી ભગવાન ત્રિકાળ (ભિન્ન છે). અહીં તો એ સિદ્ધ કરવું છે કે નિર્મળ અનુભૂતિ વર્તમાન છે એ નિર્મળ અનુભવ ત્રિકાળ છે એને આશ્રયે પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સંયોગથી તો ભિન્ન (છે), વિકલ્પની ક્રિયા જે રાગ છે દયા, દાન, વ્રત, એનાથી ભિન્ન, પણ એક સમયની પરિણતિ નિર્મળ છે એ પર્યાય છે એનાથી ભિન્ન. અનુભૂતિની પર્યાયથી આ અનુભવ ભિન્ન. આહા..હા..! કહો, કેશવલાલજી! આવો માર્ગ છે. આહા..! આ ધર્મની શરૂઆત આ રીતે થાય છે. મિથ્યાત્વનો આસ્રવ આ રીતે ટળે છે. આહા..હા..! લાખ ભક્તિ કરે ને વ્રત પાળે ને તપ કરે એથી મિથ્યાત્વ ટળે એ એની રીત જ નથી એમ કહે છે. આહા..હા..! કીધું ને માથે?

'**કઈ વિધિથી...**' રીત શું છે એની? એનો રસ્તો શું? કઈ રીતે એનો રસ્તો કાઢવો? આહા..હા..! આ રીતે રસ્તો કાઢ. વર્તમાન પરિણતિના ષટ્કારકનો ભાવ તેની રુચિ ઊઠાવ, તેનું લક્ષ છોડી દે. આહા..હા..! મહાપ્રભુ એકલો. એ અનુભૂતિ તો એક સમયની પર્યાય છે, પણ આ તો આખો અનુભવસ્વરૂપ જ આખી ચીજ છે. આહા..હા..! તેને અહીંયાં શુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કેવળજ્ઞાનના કેડાયતો. કેવળ કેમ થાય? એ પહેલાં સમકિત કેમ થાય? અને સમ્યક્ થવાથી મતિ-શ્રુતજ્ઞાન થાય. પછી આવે છેને ધવલમાં કે મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. એવું આવે છે. બોલાવે છેનો અર્થ કે હવે અલ્પકાળમાં કેવળજ્ઞાન થાશે. આહા..હા..! સાધ્ય તે છે. ધ્યેય ધ્રુવ છે. ઉપાય-ઉપેય કહ્યું છેને? આહા..હા..! પૂર્ણ સર્વજ્ઞપદ, પરમાત્મપદ એ સમકિતીનું સાધ્ય છે. ધ્યેય એક દ્રવ્ય છે. આહા..હા..! એ પરિણતિનું સાધ્ય પૂર્ણ થવાનું ત્યાં છે અને એ પરિણતિનો આધાર દ્રવ્યવસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ સમજવાની ચીજ તો આ છે. આ રીતે સમજે નહિ અને બીજી રીતે કરશે, હાથ નહિ આવે, ભાઈ! વસ્તુ નહિ બોલે. જવાબ નહિ આપે. સત્ એવું છે ઈ. જેવું એ છે તેવું તેને શ્રદ્ધામાં સ્વીકાર થાય તો સમ્યગ્દર્શન થાય એટલે બોલશે. આહા..હા..!

આ પહેલામાં પહેલી રીત છે. કર્તાકર્મ છેને? એટલે પરિણતિ મારું કર્મ અને દ્રવ્ય હું કર્તા એ વસ્તુમાં નથી. એય..! સમ્યગ્દર્શનની પર્યાય મારું કર્મ, એ સમ્યગ્દર્શનની પર્યાય કર્તા,

એ પર્યાયનું કર્મ, એ પર્યાય એનું કારણ પોતે પર્યાય. આહા..હા..! એવા ભેદ ઉપરનું લક્ષ પણ છોડી દે, કહે છે. સમજાણું કાંઈ? જ્યાં આખી ચીજ પૂર્ણ પડી છે એવા પૂર્ણની પ્રતીતિ કર ત્યારે સમ્યગ્દર્શન થાય. ત્યારે અપૂર્ણની પ્રતીતિમાં જે મિથ્યાત્વ હતું, આહા..હા..! તે ટળી જાય. વ્યય થાય, ઉત્પાદ થાય ત્રિકાળને આશ્રયે. આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્તાકર્મમાં તો ઉતારીએ છીએ. જ્યારે બીજે ઉતારવું હોયને તો પરદ્રવ્યમાં ષટ્કારક છે એનાથી નહિ, પછી રાગના ષટ્કારકો નહિ, પછી પરિણતિના-પર્યાયના ષટ્કારક નહિ. અહીં તો એક જ કહેવું છે. ઓલાની તો વાત છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સર્વ કારકોના સમૂહ...'** ઘણા છેને છ? એની પ્રક્રિયા. પરિણતિ—પ્ર—વિશેષે પરિણતિ. એવી જે એનાથી **'પાર ઊતરેલી...'** આહા..હા..! પર્યાયથી પાર વસ્તુ જે ભગવાન ભિન્ન છે એ શુદ્ધ છે એવી પર્યાયે જે નિર્ણય કર્યો એ પર્યાય પણ કહે છે એમાં નથી. આહા..હા..! એ પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્ય શુદ્ધ છે એવો અનુભવ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે, બાપુ! એ કાંઈ સાધારણ વાત નથી. જિનેન્દ્રદેવ ત્રણલોકના નાથ, જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એ પર્યાયને જોતા જોયા, એમ. પર્યાયને જોવે છે એ. દાખલો આપ્યોને ત્યાં પરમાત્મપ્રકાશમાં.

નદીના સ્વચ્છ જળમાં રાત્રીએ પાણી આમ જોતાં ઉપરના નક્ષત્ર, તારા આદિ એમાં જણાય છે એ જળની પર્યાય છે. એ ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા, નક્ષત્રો, ગ્રહો, આહા..હા..! અને ચંદ્ર. પાણીની સ્વચ્છતાની દશામાં પાણીને જોતાં એ જણાય જાય છે. એને જોવું પડતું નથી. એની સામું જોવું નથી પડતું. આહા..હા..! એવું જેને કેવળજ્ઞાન થયું પર્યાયમાં એ પર્યાયને જ જોવે છે. એ તો સવારમાં આપણે આવી ગયું છેને? લોકાલોકને જોવે એ તો અસદ્ભુત વ્યવહાર છે. આહા..હા..! એવા સર્વજ્ઞ પરમાત્માના શ્રીમુખે દિવ્યધ્વનિમાં સાક્ષાત્ કુંદકુંદાચાર્યે સાક્ષાત્ સાંભળ્યું. હતા તો અનુભવી ચારિત્રવંત. આહા..હા..! એ આવીને અહીં સંદેશો આપ્યો, ભગવાન આમ કહે છે, એમ કહે છે. પહેલું એમ કહ્યું કે હું મારા વૈભવથી કહીશ. પણ પછી કહે, ભગવાન આમ (કહે છે). ... જિનેશ્વર ભગવાન આમ કહે છે એમ કહ્યું. આહા..હા..! પરને જિવાડી શકું છું, મારી શકું છું એમ માનનાર, જિનેશ્વર કહે છે કે અજ્ઞાની મૂઢ. આહા..હા..! એમ ભગવાન કહે છે. એમ ત્યાં એમ કહે છે, જિનવર આમ કહે છે. તમને આકરું લાગે. પરની દયા પાળી શકું એટલે એને જિવાડી દઉં, પરપ્રાણનું રક્ષણ કરું, રક્ષક થાઉં, પરપ્રાણીના પ્રાણની રક્ષા થાવ એવી માન્યતા મૂઢ મિથ્યાદૃષ્ટિની છે. આહા..હા..! છે કે નહિ એમાં?

ગાંધી વખતે આ બોલ આવ્યા હતા. (સંવત) ૧૯૯૫માં વ્યાખ્યાનમાં આવ્યા હતાને રાજકોટ? ત્યારે એણે સાંભળ્યું ખરું એ વખતે. પછી પાછળથી બોલ્યા. કેટલા વર્ષે યાદ

રાખ્યું એણે. નટુભાઈ છેને બેચરભાઈનો? કે એક મહારાજ મને મૂઢ કહેતા એ મહારાજ ક્યાં છે? વાત તો આ ગાથાની આવી હતી. ૯૫માં. પરજીવને હું સુખી કરી શકું. એઈ..! કાર્યકર્તા. એ તો પૂર્વનું હોયને. આહા..હા..! એ કાર્યકર્તા છે મોટા ત્યાં. આપણું જ્યાં સુધી ચાલ્યું ત્યાં સુધી રહ્યું પછી છૂટી ગયું, પણ ત્યાં સુધી રહ્યું સરખું બધું. આહા..હા..! થવા કાળે થાય છે એને કોણ કરે? આહા..હા..! પરજીવને હું જીવાડી શકું, પર જીવના પ્રાણની રક્ષા કરું, પરજીવને અનુકૂળ સંયોગ દઉં-આહાર-પાણી, આહા..હા..! એ મૂઢ છે, અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ—એમ ત્રણેય બોલ લીધા છે ત્યાં. કરી શકતો નથી અને કરે છે એમ માને. એવો માથે બોજો લઈ લે, કરી શકતો નથી ને. આહા..હા..! આ ડોક્ટરો કંઈકના દરદ મટાડે છે. ઈંજેક્શન આપતા હશે એને. હેમંતકુમાર. હેમંતકુમાર. ઈંજેક્શન દેતા હતા ને કાંઈક મને થયું. ખૂરશીએ બેઠા હતા. ખલાસ થઈ ગયા. સર્જન મોટા. કોણ કરે? ભાઈ! આહા..હા..!

એ વાત તો અહીં કરી જ નથી અહીં તો. કર્તા પરનો અને કર્મ મારું એ વાત તો અહીં નહિ. અહીં તો પરિણતિમાં કર્તાકર્મપણું જે થાય, આત્મા કર્તા અને પર્યાય (કાર્ય), એ નહિ. આહા..હા..! એ પર્યાય કર્તા અને પર્યાયનું કર્મ, પર્યાય પોતે પર્યાયનું સાધન, પર્યાયમાંથી પર્યાય, પર્યાયનો આધાર પર્યાય એવું જે સ્વતંત્ર પર્યાયનું ષટ્કારક પરિણમન એનાથી પાર ઊતરેલી એટલે કે જેમાં એ નથી. આહા..હા..! એ પરિણતિ ષટ્કારકની જેમાં નથી અંદરમાં. આહા..હા..! આવી વાત છે, ભાઈ! ધર્મ એ કોઈ એવી ચીજ છે, આહા..હા..! કે એક ક્ષણ પણ એનો અનુભવ થતાં એની મુક્તિ એની નજીક થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? એવો છે, બાપુ! લોકો કલ્પીને બેઠા છે બહારથી. હવે આ એને એવું લાગે. લ્યો! દયા પાળવાનો ભાવ એ અચેતન? કાલે આવ્યું છેને? ઊંડા ઉતારી નાખશો માણસને બિચારાને. સંસારમાં રખડાવી મારશો એમ લખ્યું છે. આહા..હા..!

અમારે હીરાજી મહારાજ બિચારા હતા એ એમ કહેતા હતા. સ્થાનકવાસીમાં તો એ ચાલે ને. 'દયા તે સુખની વેલડી દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણા ...' લ્યો હવે આ. ગઢડામાં ૮૧નું ચોમાસું. પછી ઘડિયાળ પાસે આ રાખેલું અંદર. ચોપાઈ છે બધી ઘણી. કોની દયા ભાઈ? તું બીજાની રક્ષા કરી શકે છે એમ માન્યતામાં તારી હિંસા થાય છે. તું જ્ઞાતા-દૃષ્ટા છો એમ તેં ન માન્યું. એ તારું જીવન ટકતું જ્ઞાતા-દૃષ્ટાનું ટકતું તત્ત્વ છે. એને પરના કર્તાપણે માન્યું દયાનું એ જીવનનું મૃત્યુ કર્યું તેં. એ આત્મા જેવો જે રીતે છે તેનો તેં અનાદર કર્યો. એટલે તેં મારી નાખ્યો એને. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત લીધી છે. ઓહોહો..!

એ તો એક છે એની ઉપર દૃષ્ટિ આપે તો એ શુદ્ધ છે એમ થઈ ગયું. આ તો ભિન્ન-ભિન્ન રીતે સમજાવે છે. પરિણતિથી ભિન્ન છે એમ દૃષ્ટિ થઈ ત્યાં એક ઉપર જ દૃષ્ટિ થઈ. એ એક પણ થયો અને શુદ્ધ પણ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પર્યાયને

ભેળવે તો બગડશે. અશુદ્ધતા કીધીને? ગજબ વાત છે. આ શુદ્ધની વ્યાખ્યા થઈ. છેને? '**अहमेक्को**' હું એક છું એની વ્યાખ્યા થઈ પહેલી. હવે '**सुद्धो**' એની વ્યાખ્યા થઈ આ. આહા..હા..! 'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો...' એ નરસિંહ મહેતા કહે છે. 'શકટનો ભાર જેમ શ્વાન તાણે.' દુકાન ઉપર બેઠો હોયને આમ ગ્રાહક આવે ને જાય, ૨૦૦-૫૦૦ પેદા થાય. ઓહોહો..! અમારે પાલેજની દુકાન. ભેગા હતા તો દરરોજની ૫૦૦-૭૦૦ની પેદાશ. પેદાશ હોં! મોટી દુકાન છે. છોકરાઓ ત્રણ કુંવરજીભાઈના છોકરાઓ. બધા જુદા પડી ગયા હવે. ભેગા હતા તો દરરોજની ૫૦૦-૭૦૦ની પેદાશ.

**શ્રોતા :-** બધું આવડતનું કાર્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી, મરી ગયા. આહા..હા..! એ કોણ રળે? અને રળવાનો વિકલ્પ છે એ પાપ છે. એનો કર્તા થાય એ મિથ્યાત્વ છે એમ કહે છે. કહો, મણિલાલ! આવી વાતું છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરના દરબારમાં આ વાત ચાલે છે. આહા..હા..! લ્યો!

ત્રીજો બોલ હવે. '**णिम्ममओ**' છેને? '**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' આહા..હા..! કહે છે કે પુણ્ય અને પાપના ભાવ એ પુદ્ગલદ્રવ્ય એનું સ્વામી છે. આહા..હા..! હું એનો સ્વામી નહિ. આહા..હા..! '**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું...**' એટલે વિકારી પરિણામનું '**વિશ્વરૂપપણું (અનેકરૂપપણું)...**' વિશ્વ એટલે અનેક. પુણ્ય અને પાપના અનેકપણાના ભાવ, એનું સ્વામીપણું તો પુદ્ગલને છે. એ તો ઠીક પણ '**તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો...**' આહા..હા..! રાગાદિપણે પરિણમન થશે, પણ સ્વામીપણે નહિ પરિણમતો એવો હું છું, એમ કહે છે. એય..! આહા..હા..!

'**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' અહીં સ્વામીપણું કર્યું એટલે અહીંયાં હવે '**તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો...**' તેના ધણીપતે હું નહિ પરિણમતો. આહા..હા..! રાગ થશે, રાગ પરિણમશે, પણ એના સ્વામીપણે હું સદાય નહિ પરિણમતો. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ આવશે, ક્ષાયિકસમકિત થયા પછી પણ આવશે, મુનિપણું થયા પછી પણ આવશે. સમજાણું? પણ તે રાગના '**સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો...**' ધણીપતે હું પરિણમું એ આત્મા નહિ. આહા..હા..! છે? એ '**હોવાથી મમતારહિત છું;...**' એ રીતે મમતારહિત છું. રાગનું સ્વામીપણું પુદ્ગલનું છે. તેથી તે રાગના સ્વામીપણે સદાય નહિ પરિણમતો એવો હું નિર્મમ છું. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું!

હવે ઓલો ચાલતો પંથ છે સ્થાનકવાસીનો એમાંથી જુદો કરવા માગે છે. મોટું લખાણ આવ્યું છે. ત્યાં એના વખાણ થયા હશે એટલે. હવે હું આનંદઋષિને પૂછી, અમર મુનિને પૂછીને પૂના જવાનો છું, આમ કરવાનો છું, તેમ કરવાનો છું. અરેરે..! પ્રભુ! શું ભાઈ? આહા..હા..! એ રાગને કરી શકે નહિ અને કરે તો તે મિથ્યાત્વ છે અને પર્યાયના ભેદો

પડે તેના ઉપર લક્ષ રહે અને રુચિ રહે તોપણ મિથ્યાત્વ છે. આહા..હા..! એવું તારું તેં કર્યું? કર્યા વિના કોનું તારે કરવા જાવું છે? આહા..હા..! પણ લોકોને લાગે એવુંને, આહા..હા..! અમને ધર્મ સમજાવવા આવ્યા છે. તેના .. લોકો ઓશિયાળા દિકરા ભિખારા. આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ! તું કોણ છો? તું કેવો છો? મારા દૃષ્ટિના વિષયવાળો આત્મા, જેમાંથી મિથ્યાત્વની નિવૃત્તિ થાય છે એવો હું આત્મા (છું). એ વિકારના શુભભાવ જે છે એનું ધણીપતું પુદ્ગલનું છે અને એના ધણીપતે સદાય નહિ પરિણમનારો એવો નિર્મમ છું. આહા..હા..! વ્યવહારરત્નત્રયના રાગના સ્વામીપણે સદાય નહિ પરિણમનારો તે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? રાગનું ધણીપતું છૂટી ગયું ત્યારે એને દર્શન સમ્યક્ થયું. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ હો, એ તો કર્તાકર્મ—કરવાલાયક છે અને કર્મ મારું એમ નહિ, પણ પાછા ૪૭ નયમાં લીધું છેને કે રંગરેજ જેમ રંગને કરે છે, એમ જ્ઞાનીને પણ જેટલું પરિણમન રાગનું છે એટલો એ કર્તા છે. કર્તા એટલે પરિણમવું તે કર્તા એમ, સ્વામીપણે નહિ. કર્તવ્ય તરીકે નહિ, કરવાલાયક તરીકે નહિ અને સ્વામીપણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. એ હિંમતભાઈ!

લોકો ભાગ્યશાળી! આ વસ્તુ રહી ગઈ આવી. આહા..હા..! આવી વાત, બાપા! અમૃતના વેણલા મૂક્યા છે આ બધા. આહા..હા..! ઓલી બાયું ગાય છેને? 'સૂરજ સમો રે વેણલા વાયા' નથી કહેતા? લગન છોકરાના થાય ત્યારે. વેણલા વાયા એમ બોલે છે કાંઈક. એમ આ વેણલા છે આત્માના પ્રવાહના. જે પ્રવાહ જે પર તરફ ઢળી ગયો છે એને અહીં ઢાળ્યો છે. કહો, નવરંગભાઈ! આહા..! લ્યો, આ પૂજા કરે, પૈસા ખર્ચે તો ધર્મ નહિ?

**શ્રોતા :-** આપ કહો છો જરાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જરાય નહિ. એ શુભભાવ થાય અને એને સ્વામીપણે માને તો મિથ્યાત્વ થાય. આહા..હા..! આ તો બાપુ, મારગડા વીતરાગના જુદા છે. જિનવરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિનું આ આવ્યું છે. દિવ્યધ્વનિનો આ પ્રવાહ છે. આહા..હા..!

'**તેના સ્વામીપણે પોતે...**' સ્વામીપણે પોતે નહિ પરિણમું. પરિણમીશ ખરો જ્યાં સુધી વ્યવહારરત્નત્રય છે (ત્યાં સુધી). આહા..હા..! વાહ પ્રભુ, વાહ! ઓહોહો..! મારી પ્રભુતા એવી છે કે રાગના સ્વામીપણે પરિણમું એ મારી પ્રભુતા જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગનું સ્વામી થવું એ તો રાંકાઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નવા આવા માણસ સાંભળે એને તો બિચારાને કહે, અરર.. આ તો બધું ઊડી જાય છે. અરે પ્રભુ! સાંભળને ભાઈ! તેં સાંભળ્યું નથી, બાપુ! આહા..હા..! તારો ખજાનો ભર્યો છે અંદર. એ ગુણનો ખજાનો એના ઉપર ઢળતાં એનું રાગનું સ્વામીપણું પણ ન રહે. રાગ રહે, સ્વામીપણું નહિ. ગણધર પણ એમ જાણે પરિણમે છે રાગને એટલે. એટલું પરિણમન મારું છે. કર્મને લઈને નહિ, પણ એ પરિણમન સ્વામીપણે નહિ. આહા..હા..! એ બે વાત સિદ્ધ કરી.

હવે પછી રાગ થશે તો ખરો. કારણ કે તરત તો વીતરાગતા થશે નહિ. આહા..હા..! વ્યવહાર તો આવશે, પણ એ વ્યવહારના સ્વામીપણે પરિણમું એવો હું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથની ધ્વનિનો આ સાર છે. આહા..હા..! ભગવાનના વિરહ પડ્યા, કેવળજ્ઞાનનો આંતરો પડી ગયો. કેવળજ્ઞાન રહ્યું નહિ પોતાને થાય એવી દશા. આહા..હા..! પછી આ ઝઘડા ઊઠ્યા મોટા. ઓલો કહે, નહિ, વ્યવહારથી થાય નિશ્ચય, નિમિત્તથી થાય. વ્યવહાર કહો કે નિમિત્ત કહો. અંદરનો વ્યવહાર એ નિમિત્ત છે, બહારનું નિમિત્ત એ પરનિમિત્ત છે. આહા..હા..!

અહીં તો ષટ્કારકની પરિણતિમાં રાગ જે પરિણમે છે એ મારા સ્વામીપણે નહિ પરિણમું એમ કહે છે. આહા..હા..! પરિણમીશ, થશે એ તો કબુલાત કરી. આહા..હા..! કેમકે સ્વ-સ્વામીસંબંધ નામનો એક ગુણ છે ૪૭માં છેલ્લો. આહા..હા..! એ દ્રવ્ય-ગુણ-પર્યાય મારા શુદ્ધ છે તે સ્વ, એનો હું સ્વામી. સમજાણું કાંઈ? પત્નીનો પતિ, નૃપતિ, ધનપતિ, લક્ષપતિ, કરોડપતિ બધા જડ છે. કોના પતિ તારે થાવું છે? આહા..હા..! રાગનો સ્વામી થતાં પણ મૂઢતા થાય છે અહીં તો કહે છે. આહા..હા..! એને ઠેકાણે આ મારી બાયડી અને આ મારા છોકરા, આ મારું ગામ અને મારા પેદાશની દુકાનો. આ દુકાનો. આ દુકાન અમારી છે. અરે ભાઈ! તું ક્યાં અહીં આવ્યો?

અહીં તો કહે છે, મિથ્યાત્વથી નિવર્તવાની રીત શી? કે રાગના સ્વામીપણે નહિ પરિણમનારો એવો હું. એ તો એકમાં અને શુદ્ધમાં અને આ મમત્વરહિતની વસ્તુ તો એકની એક છે. સમજાણું કાંઈ? પણ ભિન્ન-ભિન્ન રીતે એને સમજાવ્યો. દૃષ્ટિનો વિષય. આહા..હા..! **'પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...'** જુઓ, તમે કહેતા હતાને કે નિમિત્તથી ન થાય? અહીં શું કીધું? પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી. પુદ્ગલદ્રવ્યને લઈને વિકાર થાય છે. કઈ અપેક્ષા છે, સાંભળને. આહા..હા..! પર્યાયમાં જે વિકાર થયો એ પુદ્ગલને લઈને થયો નથી, એ તો પર છે; પણ થયો છે નિમિત્તને લક્ષે થયો એથી એને કહ્યું કે મારા સ્વરૂપમાં એ નથી, એથી પુદ્ગલ એનો સ્વામી એમ કહી દીધું. આહા..હા..! જેમ નિમિત્તનો અભાવ કર્યો તો તેને આશ્રયે થયેલો વિકાર એનો અભાવ અને સ્વામીપણું એને નાખ્યું. બે ભાગ પાડ્યા. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલું તો કેવું સહેલું હતું. એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા... કહો મણિયાર! કાયોત્સર્ગમાં કેટલું સહેલું? .... પોપટભાઈ! આહા..હા..! આજે આ લખાણ આવ્યું છે એક મોટું હોં!. આ તો તમારા સાળા બે અબજ અને ચાલીસ કરોડ, પણ એક અત્યારે પોપ છે. પોપનું આવ્યું છે. મોટું લખાણ છે. કેટલા કરોડો રૂપિયા એની પાસે છે. અબજોના અબજો રૂપિયા. મોટો પોપ છે કોક. મોટું લખ્યું છે. કેટલા પૈસા! એના મકાન અને એના સોનાના ઓલા કાંઈક જોડ્યા છે. એનું કાંઈક હશે. એનું હોય ને ઓલા ખ્રિસ્તીના

દેખાવનું. એના આંગળા ઉપર કે એવું લખ્યું છે. હીરા અને માણેક જડયા છે. અબજો રૂપિયાની કિંમતના. મોટો રાજા. આવ્યું છે જૈનપ્રકાશમાં. આહા..હા..!

**શ્રોતા :-** ઘણો સુખી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુઃખીના દાળિયા છે, મૂઢ છે. પુણ્યના ભાવ થાય એ દુઃખ છે. પુણ્યના ફળ આવે એના સંયોગમાં લક્ષ જાય એ દુઃખ છે. આહા..હા..!

૭૪માં કહેશે કે શુભભાવ છે એ તો વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે ઈ. કેમ? કે શુભભાવથી પુણ્ય બંધાશે અને પુણ્યબંધને લઈને સંયોગ મળશે. ચાહે તો ત્રણલોકના નાથ અને વાણીનો સંયોગ મળે, પણ સંયોગ ઉપર લક્ષ જશે તો રાગ થાશે, એ દુઃખી છે એમ કહે છે. આહા..હા..! એ ૭૪માં આવશે. છ બોલ છેને. ૭૨માં ત્રણ આવ્યા. ૭૪માં છ આવશે. આહા..હા..! શુભભાવ વર્તમાનમાં દુઃખરૂપ અને ભવિષ્યમાં દુઃખનું કારણ. એનો અર્થ છે કે જેનાથી પુણ્ય બંધાશે અને પુણ્યથી સંયોગો અનુકૂળ મળશે અને એના ઉપર લક્ષ જશે તો રાગ થાશે. પર આશ્રયમાં લક્ષ જાય તો ત્યાં ક્યાં વીતરાગતા છે? આહા..હા..! ગજબ વાત છેને! ભગવાન કહે કે મને સાંભળવા આવશે, એના પુણ્યના યોગે હું મળીશ ત્યાં એને તો એને રાગ થાશે. એ વીતરાગ એમ કહે. આહા..હા..! અમે પરદ્રવ્ય છીએ. '**परदव्वादो दुग्गइ**' પાઠ છે. ૧૬મી ગાથા, મોક્ષપાહુડ. આહા..હા..! કહે છે, અમે પરદ્રવ્ય અને અમારા ઉપર લક્ષ જશે તો તને રાગ જ થાશે.

'**सदव्वा हु सुग्गइ**' આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ, નિત્યાનંદ પ્રભુ. આહા..હા..! એનો આશ્રય કરતાં સુગતિ નામ ચૈતન્યની ગતિનું પરિણમન ત્યારે થાય. રાગનું પરિણમન એ તો ચૈતન્યની ગતિથી દુર્ગતિ—બીજી ગતિ છે એ તો. આહા..હા..! માર્ગ આવો છે, ભાઈ! જેના ફળ કેવળજ્ઞાન 'સાદિઅનંત અનંત સમાધિ સુખ..' આહા..હા..! ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંતગુણો. એવા અનંતકાળમાં અનાદિ રાગનો મિથ્યાત્વનો વ્યય કરી, રાગનો (વ્યય) કરીને વીતરાગતાના આનંદની દશા પ્રગટ થાય તે કેટલો કાળ રહેશે? અનંતકાળ રહેશે. ભૂતકાળથી અનંતગણું રહેશે. આહા..હા..! એના ઉપાય તો એવા જ હોયને! સમજાણું કાંઈ? આહા..હા..! આ ટીકા તો જુઓ,

**શ્રોતા :-** સ્પષ્ટીકરણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્પષ્ટીકરણ. આ તો ૧૮મી વાર ચાલે છે આ. આ ગાથાઓ તો ઘણીવાર વંચાઈ છે. બહાર જઈએ ત્યારે. રાજકોટ પણ ઘણીવાર વંચાણી છે. આહા..હા..!

'**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' મારો ભગવાન એનો ધણી નહિ. આહા..હા..! નીકળી જાય એ ચીજનો સ્વામી હું નહિ. મારામાં રહે એનો સ્વામી હું. નિર્મળપરિણતિ અને નિર્મળ ગુણ-દ્રવ્ય તો ત્રિકાળ છે. નિર્મળપરિણતિ મારી રહે તે મારું સ્વ અને તેનો હું સ્વામી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પત્નીનો પતિ નહિ અને પતિની પત્ની નહિ. આહા..હા..! જેને

અર્ધાંગના કહે. અડધું અંગ તું અને અડધું અંગ હું એમ કરીને અર્ધાંગિની. ધૂળેય નથી, સાંભળને. આહા..હા..! રાગના-મિથ્યાત્વના ચાળા છે બધાય, ભ્રમણાના. આહા..હા..!

અહીં તો રાગના સ્વામીપણે સદાય નહિ થનારો તે હું. આહા..હા..! પરના સ્વામીપણાની તો વાત પણ ક્યાં? સમજાણું કાંઈ? શેઠ! આવી ઝીણી વાત છે. વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવનો એવો માર્ગ છે. એ ત્રણ બોલ થયા. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

❋ ❋ ❋

**અષાઢ વદ-૩, બુધવાર, તા. ૧૪-૦૭-૧૯૭૬,**
**ગાથા-૭૩,**
**પ્રવચન નં. ૧૨૫**

શિષ્યનો પ્રશ્ન છે કે કઈ વિધિથી આત્મા આસ્રવોથી નિવર્તે? આકરી વાત છે. આસ્રવોથી સાધન થાય એવું તો પૂછ્યું પણ નથી. ઉત્તર એ છે. આહા..હા..! પર્યાયમાં છ પ્રકારનું કારક પરિણમન છે એનાથી પણ પાર ભિન્ન ચીજ છે. આહા..હા..! એનું અવલંબન લેતા તેને શુદ્ધ કહેવામાં આવે છે. લ્યો! આ મિથ્યાત્વને-આસ્રવને નિવર્તવાનો ઉપાય તો આ છે. આસ્રવથી થાય એમ તો શિષ્યનો પ્રશ્ન નથી. આહા..હા..! એમ કે શુભરાગ છે એ રાગથી વીતરાગતા થાય.

**શ્રોતા :-** હળવે-હળવે ગળી-ગળીને થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગળી-ગળીને થાય. આહા..હા..!

અહીં તો સીધો (પ્રશ્ન છે), મિથ્યાત્વના આસ્રવથી નિવર્તવાની વિધિ શું? આસ્રવમાં આવ્યું છેને? મિથ્યાત્વ પણ આવ્યું છેને ભેગું? આહા..હા..! તો કહે છે, એક સમયમાં ભગવાન આત્મા અખંડ એકરૂપ ચીજ છે એના ઉપર દૃષ્ટિ આપતા મિથ્યાત્વના આસ્રવની નિવૃત્તિ થાય છે. અને એક સમયની પર્યાયમાં ષટ્કારક પરિણમન છે એ ઉપરનું લક્ષ છોડી દઈને, આહા..હા..! જેમાં એ ષટ્કારકનું પરિણમન પર્યાયનું જેમાં નથી, આહા..હા..! એવી ચીજને અવલંબતા મિથ્યાત્વના આસ્રવથી નિવૃત્ત થવાય છે. કહો, હવે આમાં અનેકાંત શી રીતે કરવું? આવી વાત છે.

ત્રીજો બોલ. 'પુદ્ગલદ્રવ્ય જેનું...' હજી તો વિકલ્પથી નિર્ણય કરનારને આમ કહે છે. પછી વિકલ્પ છોડવાની પછી વાત આવશે. આહા..હા..! જેને મિથ્યાત્વના આસ્રવથી નિવર્તવું

હોય તો એણે પહેલો આવા વિકલ્પથી નિર્ણય કરવો. વિકલ્પથી છેને આ? પછી.. આહા..હા..! વિકલ્પથી નિર્ણય કરવામાં પણ આ નિર્ણય કરવો કે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવસ્વરૂપ જે છે તેને શુદ્ધ કહેવામાં આવે છે. પર્યાયને ભેગી લઈને (કહે) તો એને અશુદ્ધ કહેવામાં આવે છે. તો અશુદ્ધનો આશ્રય લેતા તો વિકલ્પ થાય, આસ્રવ થાય. આહા..હા..! એથી ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લેતા મિથ્યાત્વના આસ્રવથી નિવૃત્તિ થાય, એવો તો વિકલ્પથી તું નિર્ણય કર એમ કહે છે. સમજાણું કાંઈ?

પહેલી ભૂમિકામાં મનના સંગથી પણ આવો નિર્ણય કર કે વસ્તુ ત્રિકાળી જે જ્ઞાયકભાવ છે એને અવલંબતા મિથ્યાત્વ-આસ્રવથી નિવૃત્ત થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને એ પુણ્ય-પાપના ભાવ જે અહીં ક્રોધાદિ કહ્યા એનો એ નિર્ણય પહેલો કર વિકલ્પથી, આહા..હા..! કે '**તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો...**' હજી તો વિકલ્પમાં એમ નિર્ણય કરે છે. રાગના સ્વામીપણે સદાય નહિ પરિણમતો, આહા..હા..! એવો હું '**પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું;...**' આહા..હા..! 'રાગ ભવિષ્યમાં પણ મારા છે' એમ ન માનતા, 'ભવિષ્યમાં રાગનું પરિણમન થશે તે મારું પરિણમન છે, એનો હું સ્વામી છું' એ રીતે મમત્વ છોડી દે. આહા..હા..! આવી વાત છે. એમાં વળી બીજો ભાગ ક્યાંથી લાવવો? કહો, શેઠ! આવું છે. શરાફ વેપાર આ છે.

**શ્રોતા :-** તમે જેમ કહો એમ કરીએ. .. વસ્તુસ્વરૂપ હોય એમ કર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુસ્વરૂપ છે એમ કર. આહા..હા..!

હું રાગના સ્વામીપણે '**સદાય નહિ પરિણમતો...**' એવો હું નિર્મમ છું. આહા..હા..! હજી તો વિકલ્પથી નિર્ણય કરે એમાં આ નિર્ણય કરે છે. રાગરૂપે પરિણમન થશે. અહીં તો વીતરાગપણું હજી આવ્યું નથી, એ નહિ આવે એટલે થશે પણ તેના સ્વામીપણે '**સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું;...**' આહા..હા..! એ રાગ મારો છે અને રાગથી મને લાભ થાશે એવો તો નિર્ણય વિકલ્પથી પણ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું)...**' પુણ્ય-પાપનું. '**તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણતો...**' આહા..હા..! કર્મના નિમિત્તથી, કમજોરીથી પરિણમન થાય, પણ પોતે સ્વામીપણે પરિણમું એ હું નહિ. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ આવશે, થશે, પરિણમશે, પણ તેનો હું સ્વામીપણે નહિ પરિણમનાર સદાય તે હું છું. આહા..હા..! આવી વાત છે. અરેરે..! લોકોને તત્ત્વની મૂળ ચીજ છે એનો અનાદર થઈને, રાગની મંદતાનો આદર થઈને એ તો જીવના વાસ્તવિક તત્ત્વનું મરણ કરે છે. આહા..હા..!

પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા પોતે પૂર્ણસ્વરૂપ જ છે. આહા..હા..! એને કહે છે કે મિથ્યાત્વના આસ્રવથી નિવર્તવાની રીત અને પદ્ધતિ શું? આહા..હા..! એની રીત આ. એની રીત એમ ન કહ્યું કે રાગની મંદતાનું સાધન કર તો એ રીત નિશ્ચય પામવાની છે. આહા..હા..! હજી

તો વિકલ્પથી નિર્ણય કરે છે. વિકલ્પ તે હજી આસ્રવ છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! વીતરાગમાર્ગ મૂળ હાથ લાગવો, એને તો જન્મ-મરણના અંત આવી ગયા. આહા..હા..!

કહે છે કે વિકારના ભાવ. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થશે, પણ વિકલ્પથી એવો નિર્ણય કરે છે, નિર્વિકલ્પ થવા પહેલાં, અનુભવની દૃષ્ટિ થયા પહેલાં. આહા..હા..! આંગણે ઊભો નિર્ણય કરે છે, અંદર પ્રવેશ નથી કર્યો. આહા..હા..! આંગણે ઊભો નિર્ણય કરે છે કે હું સદાય પોતે—જાતે રાગના સ્વામીપણે પરિણમું એ હું નહિ. તેથી હું રાગના સ્વામીપણે પરિણમવાને મમતારહિત છું. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! સત્ય તો સત્ય છે. એ સત્ય કાંઈ દુનિયાથી બીજું થાય એવું છે? આહા..હા..! એ બોલ તો આવી ગયો છે.

ચોથો. '**ચિન્માત્ર જ્યોતિનું,...**' હવે વસ્તુ કેવી છે ઈ વાત કહે છે. એકરૂપે કીધી હતી, શુદ્ધ કીધી હતી, પણ એ શું વસ્તુ? કે '**ચિન્માત્ર જ્યોતિનું,...**' જ્યોતિ એટલે ચિન્માત્ર આત્મા. એનો વસ્તુસ્વભાવથી, એ '**વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું...**' આહા..હા..! સામાન્ય દર્શન અને વિશેષ જ્ઞાનપણે પરિપૂર્ણ વસ્તુ છે. અલ્પપણે નથી, વિકારપણે તો નથી, અલ્પપણે પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**ચિન્માત્ર જ્યોતિનું,..**' એટલે ચિન્ જ્ઞાન-જ્ઞાયક ચેતનામાત્ર આત્માનું '**વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી, હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું.**' સામાન્ય એટલે દર્શન અને વિશેષ એટલે જ્ઞાન, એવા સ્વભાવથી પરિપૂર્ણ હું છું. આહા..હા..!

અલ્પજ્ઞમાં છે અને વિકલ્પથી નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? હજી અલ્પજ્ઞમાં છેને? અલ્પજ્ઞ પર્યાયમાં છે. એમાં વિકલ્પથી નિર્ણય કરે છે રાગથી કે આ હું જે છું એ તો જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ એ હું છું. આહા..હા..! પર્યાયમાં નિર્ણય કરે, પણ એ પર્યાય એટલો હું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ છે, ભાઈ! લોકોને.. એવું આવ્યું છે એમાં. પાખંડ છે. ઓલા કેવું? આસામ. શું કહેવાય એ ગામ? ગોહાટી. એનો છેને લક્ષ્મીચંદજી હમણા. ચાંદમલજીને ઠેકાણે એને સ્થાપ્યો. ચાંદમલજી ગુજરી ગયાને? એને સ્થાપ્યો. બીજો કોઈ લક્ષ્મીચંદજીનો ભત્રીજો તો આ છે. કોક હશે. એનો ભત્રીજો હશે. એણે ભાષણ બહુ આકરું આપ્યું છે. કારણ કે આ ૨૦ દી ચાલ્યું અને આ થોડાક દી હશે એમ લાગે છે. અમે સાંભળ્યું આ બધું. માટે એ પાખંડ છે, એને ઉખેડી નાખો. અરે.. પ્રભુ! કોનાથી ઉખેડે, બાપુ! કોની પર્યાય કોનાથી થાય? આહા..હા..! આ ચેનસુખલાલજીએ તો એવું કહ્યું હતું. નહિતર એ તો સુધારક છે. ગુજરી ગયા ચેનસુખલાલ. જયપુરના પંડિત. પગે લુલા. પણ સાંભળ્યું દસ હજાર માણસ અને ૪૦ હજાર માણસ તૈયાર થયેલું રથમાં. એ ત્યાં બે વાર ભેગા થયેલા. સ્વામીજીની પ્રભાવનાનો યોગ છે એ રોકી શકાશે નહિ. એને એમ લાગતું હતું.

**શ્રોતા :-** લો રોકો તૂફાન ચલા રે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ભાઈ યુગલજીએ (બનાવ્યું). અરે ભાઈ! આ તો તોફાન મટાડવાની વાત છે, ભાઈ! આહા..હા..! મિથ્યાભ્રાંતિનું મોટું તોફાન જે નિગોદના કારણરૂપ મિથ્યાત્વભાવ અનંત ભવની ગાંઠ ઈ છે. આહા..હા..! એ ગાંઠ ખિલતા અનંતભવ થાય છે એમાં. આહા..હા..! એ મિથ્યાત્વરૂપી આસ્રવ એને નિવર્તવાનો રસ્તો ક્યો? એમ શિષ્યે ગુરુને પૂછયું. આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય સંતો એનો જવાબ આપે છે. આહા..હા..! ભાઈ! તું પહેલો ભલે વિકલ્પ છૂટે નહિ પહેલો શરૂઆતમાં, પણ વિકલ્પની ભૂમિકામાં આંગણામાં શું ચીજ છે એનો નિર્ણય કર. આ નિર્ણય કર આ કે હું એક દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ વસ્તુ છું. આત્મા છે, વસ્તુ છે, એનો મૂળ સ્વભાવ દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણથી ભરેલું તત્ત્વ છે. આહા..હા..! 'એ તત્ત્વમાં રાગ નથી' એવો વિકલ્પથી પણ નિર્ણય કર. 'એ તત્ત્વ અલ્પજ્ઞ નથી' એવો નિર્ણય કર. આહા..હા..! જો તારે મિથ્યાત્વથી છૂટવું હોય તો, સમ્યગ્દર્શનની દશા પ્રાપ્ત કરવી હોય તો. આહા..હા..!

હું એક '**સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી, હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું.**' આહા..હા..! મારો સ્વભાવ જાણવું-દેખવું એટલે જાણવું—વિશેષ, દેખવું—દર્શનશક્તિ એથી પરિપૂર્ણ હું છું. છે? અહીં સુધી તો વિકલ્પથી નિર્ણય કરવાની વાત હજી પણ લે છે. '**આવો હું...**' અખંડ જ્ઞાનજ્યોતિરૂપ એક હું. પર્યાયના ષટ્કારકના પરિણમનથી રહિત એવો શુદ્ધ હું અને સદાય રાગથી ન પરિણમનારો સ્વામીપણે તેવો હું અને પરિપૂર્ણ દર્શન-જ્ઞાનથી ભરેલો એવો હું. આહા..હા..! પણ અલ્પજ્ઞ હોવા છતાં પરિપૂર્ણ? પણ પરિપૂર્ણ તો સ્વભાવની વાત ચાલે છેને? અલ્પજ્ઞ પર્યાયનો વિકલ્પ છે એ એમ નિર્ણય કરે છે કે હું પરિપૂર્ણ વસ્તુ છુંને? તો જ્ઞાન અને દર્શનથી પરિપૂર્ણ સ્વભાવ, એકલો જ્ઞાન અને આનંદનો રસ, જ્ઞાન અને દર્શનનો રસ નામ શક્તિસ્વરૂપ પરિપૂર્ણ હું છું. આહા..હા..!

'**આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ...**' જોયું! હવે લીધું. છ દ્રવ્ય છે આકાશાદિ પરમાણુ આદિ. એમ '**પારમાર્થિક વસ્તુવિશેષ છું.**' પરમાર્થિક વસ્તુવિશેષ છું. બીજાથી ભિન્ન છું. આહા..હા..! પરમાણુ જેમ પદાર્થ છે, આકાશ જેમ પદાર્થ છે એમ હું પણ આવો પારમાર્થિક વસ્તુ, ખરેખર વસ્તુવિશેષ આ હું છું. આહા..હા..! કહો, આ એની રીત છે. મિથ્યાત્વના આસ્રવથી છૂટવાની, વિકલ્પનો નિર્ણય કરીને પછી વિકલ્પ છોડે એ એની રીત છે. આહા..હા..! એમ કેમ? કે સર્વજ્ઞે જે કહેલો આત્મા બીજાઓએ કહેલા આત્માથી જુદું પાડવા વિકલ્પથી નિર્ણય કરે છે. વાત સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે જે આત્મા કહ્યો, અજ્ઞાનીઓ જે કહે છે એનાથી જુદું પાડવા વિકલ્પથી આવો નિર્ણય કરે છે પહેલો. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! આ તો માર્ગ અંદરના છે. એ કાંઈ બાહ્યની ક્રિયાકાંડે મળે એવું નથી. અહીં તો મિથ્યાત્વથી નિવર્તવાની રીત જ આ છે. આહા..હા..! શેરો કરવાની રીત

જ આ છે કે પહેલા ઘીમાં લોટને શેકે, પછી ગોળના પાણી નાખે. ગોળના પાણી પહેલા નાખે તો ગોળના પાણીથી લોટને શેકે? એ એની રીત નથી. એ રીતે શેરો થાય નહિ. એમ ક્રિયાકાંડ કરતાં-કરતાં આ થાશે એમ આ આત્મા થાય નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પના રાગનો ભાગ સાથમાં લઈને પણ વિચાર આ કરે છે, ઓહો..! હું એક છું, શુદ્ધ છું, મમત્વરહિત છું, પરિપૂર્ણ છું. આહા..હા..! આટલા તો વિશેષણ આપ્યા.

'**આકાશાદિ દ્રવ્યની જેમ...**' હું એકલો જુદો હોં! બધા થઈને એમ નહિ. '**પારમાર્થિક વસ્તુવિશેષ છું. તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...**' આહા..હા..! પરદ્રવ્યની પ્રવૃત્તિ એટલે રાગની પ્રવૃત્તિ છે નિમિત્તના આશ્રયે અંદર, એ પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે '**આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો,...**' આ આત્મસ્વભાવ જે દર્શન અને જ્ઞાનથી પરિપૂર્ણ છે એમાં નિશ્ચળ રહેતો થકો. આહા..હા..! '**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા...**' પહેલું એમ કહ્યું હતું કે વિકારી પરિણામનો સ્વામી પુદ્‌ગલ છે. બીજું એમ કહ્યું કે એ રાગ પરદ્રવ્યની પ્રવૃત્તિ છે. સમજાણું? ત્રીજું એમ કહ્યું કે '**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં જે ચંચળ કલ્લોલો...**' પર્યાયમાં થાય છે કલ્લોલ. સમજાણું કાંઈ? આહા..!

પહેલા એમ કહ્યું કે પુણ્ય-પાપના ભાવ (રૂપે) હું પોતે સદા પરિણમું એ હું નહિ. બીજું એમ કહ્યું.. એનું સ્વામીપણું પુદ્‌ગલમાં નાખ્યું. બીજું આ કહ્યું કે પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે હવે. એ રાગાદિના ભાવથી નિવૃત્તિ વડે. બે. પણ હવે એ રાગ થયો કેમ? થાય છે કેમ? એમ કહે છે. સમજાણું કાંઈ? જેને પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું કહ્યું હતું, જેને પરદ્રવ્યની પ્રવૃત્તિ કીધી હતી એ થયું કેમ પણ? કહે છે. આહા..હા..!

'**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો...**' લ્યો! મારી પર્યાયમાં મારા અપરાધથી થતા કલ્લોલો છે, એમ કહે છે. ચંદુભાઈ! આહા..હા..! મારી પર્યાયમાં પરદ્રવ્યનું તો નિમિત્તમાત્ર છે. આહા..! અને ચંચળ કલ્લોલો મારામાં મારાથી થયા છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેને પુણ્ય-પાપનું સ્વામીપણું પુદ્‌ગલનું કહ્યું પહેલું. એ રીતે નહિ પરિણમનારો હું. પણ થયા છે એ શું? છે ઈ શું? થશે ઈ શું? સમજાણું કાંઈ? કે પરદ્રવ્યની પ્રવૃત્તિ છે એ તો. મારું સ્વદ્રવ્ય નહિ એમાં. પણ થઈ છે એ પરદ્રવ્યની પ્રવૃત્તિ શું? કે '**પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો...**' મારામાં. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃત રેડ્યા છે અમૃતચંદ્રાચાર્યે તો. આહા..હા..!

એ વિકારના ભાવ મારી પર્યાયમાં ચંચળ કલ્લોલો થાય છે. છું હું સ્થિર ધ્રુવ, પણ ચંચળતા મારી પર્યાયમાં (છે), પર તો નિમિત્તમાત્ર છે. છે? આહા..હા..! '**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા...**' એ ચેતનમાં વિશેષરૂપ થતાં. આહા..હા..! '**જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે...**' એને રોકવાથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ!

આ તો માર્ગ સર્વજ્ઞ વીતરાગનો દેવાધિદેવનો છે. સ્વરૂપ આ તો બહુ ઝીણુ, બાપા! સમજાણું કાંઈ? વિકલ્પથી એવો નિર્ણય કર્યો કે હું એક છું, શુદ્ધ છું, પર્યાયથી ભિન્ન એવો શુદ્ધ છું. નિર્મળ પર્યાયથી પણ ભિન્ન શુદ્ધ છું અને રાગાદિનું પરિણમન થાય એ મારા સ્વામીપણે હું પરિણમું એ હું નહિ. એટલે રાગ નહિ, મમતારહિત છું હું. હવે કહે છે કે એ રાગ થયો કેમ પણ ત્યારે? કે એ પરદ્રવ્યની નિવૃત્તિથી હું હવે જાવ છું અંદર. પણ થયું કેમ એ? આહા..હા..!

'**પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો...**' ચંચળ કલ્લોલો વિકલ્પની જાળ ઊઠતી હતી. આહા..હા..! એના '**નિરોધ વડે...**' સંવર છેને? આસ્રવના નિરોધ વડે સંવર એમ કહે છે. આવે છેને? આસ્રવ નિરોધ સંવર. એ શબ્દ વાપર્યો છે તેથી. આહા..હા..! એ પુણ્ય-પાપના વિકલ્પો છે એ આસ્રવ છે. છે મારી પર્યાયમાં ઉત્પન્ન થતાં વિશેષ ચંચળ કલ્લોલ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એક-એક ગાથાએ તો કેટલું ભર્યું છે, જુઓને! માણસ શાંતિથી આગ્રહ મૂકીને વિચારે તો ખબર પડે બાપુ આ તો. આગ્રહ પકડી રાખીને આમ આમાંથી મેં માન્યું એમ આમાંથી નીકળવું જોઈએ. એમાં શું કહ્યું છે એમ નીકળવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..!

એ આસ્રવની નિવૃત્તિ વડે પહેલું એમ કહ્યું, પણ એ આસ્રવો મારી ચીજમાં વિશેષપણે, વિભાવભાવનું ચંચળપણું ઉત્પન્ન થવું, તેના અટકાવવાથી—નિરોધ વડે, એને ઉત્પન્ન થવાના નિરોધ વડે. આહા..હા..! આમ જાય છેને? '**આને જ અનુભવતો થકો,...**' આને જ એટલે આત્માને. હજી તો વિકલ્પથી નિર્ણય કરે છે. '**આને જ અનુભવતો થકો,...**' જ્ઞાન-દર્શનસ્વરૂપ પરિપૂર્ણ પ્રભુ એને અનુભવતો થકો. આસ્રવથી નિવૃત્તિ અને આને અનુભવતો થકો. આનો જે અનુભવ છે એનાથી નિવર્તીને. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મુદ્દાની રકમની વાત છે. કોઈ જાણપણામાં ફેરફાર હોય (એ નહિ), પણ આ તો મૂળ માર્ગની વાત છે. આહા..હા..! એમાં જો ભૂલ હોય તો તો કાંઈ હાથ નહિ આવે તત્ત્વ. આહા..!

'**(આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો,...**' રાગાદિ છે કલ્લોલો એને રોકતો થકો. એટલે તેના તરફથી લક્ષ છોડી દઈને. આહા..હા..! આ બાજુમાં ઢળતો થકો એટલે આત્માને અનુભવતો થકો, એમ. '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' ફરીને વિશેષ લીધું પાછું. જોયું! ચાર વાર લીધું. '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં જે આ ક્રોધાદિક ભાવો...**' ભાષા દેખો! આહા..હા..! એ વિકાર ઉત્પન્ન કેમ થાય છે? સ્વરૂપનું જ્ઞાન નથી માટે. આહા..હા..! '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં આ ક્રોધાદિક ભાવો...**' ચાર વાત આવી, ચંદુભાઈ! રતિભાઈ! ચાર વાત આવી ચાર. શું ચાર આવી?

એક તો એ કહ્યું કે ક્રોધાદિક ભાવનું સ્વામીપણું પુદ્ગલનું છે. તેથી તેને સદાય પોતાપણે

પરિણમવાવાળો હું નહિ. આહા..હા..! પરિણમવું થશે પણ સ્વામીપણે નહિ. એક વાત. **'પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...'** આહા..હા..! આ બાજુ જે પ્રવૃત્તિ છે પુણ્ય-પાપના ભાવની એ પરદ્રવ્યની પ્રવૃત્તિ છે ખરી. એનાથી નિવૃત્તિ વડે. ત્રીજું—મારામાં વિશેષ ચંચળ કલ્લોલો મારાથી ઉત્પન્ન થતાં. આહા..હા..! પરદ્રવ્યનું તો ફક્ત નિમિત્ત છે. આહા..હા..! **'વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે...'** આહા..હા..! અને ભગવાન આત્માને અનુભવતો થકો. આહા..હા..! આ મિથ્યાત્વને છોડવાની રીત આ છે. મિથ્યાત્વના આસ્રવને રોકવાની રીત અને પદ્ધતિ આ છે. હવે એમાં વ્યવહાર સાધન થાય ને (એ વાત ક્યાં છે?)

પંચાસ્તિકાયમાં આવે છે ખરુંને. વ્યવહાર સાધન-સાધ્ય. બેય ભિન્ન સાધન-સાધ્ય આવે છે. એ તો સાધનનું બે પ્રકારનું નિરૂપણ છે. સાધન બે પ્રકારના નથી, સાધન તો એક જ પ્રકારનું છે. આહા..હા..! ટોડરમલજીએ તેથી લીધુંને કે નિશ્ચયસમ્યગ્દર્શન છે એની સહચર-સાથે, એ શ્રદ્ધાનો રાગ છે તો રાગ, એ કાંઈ શ્રદ્ધાની પર્યાય નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે વ્યવહાર સમ્યગ્દર્શન એ સહચર દેખીને નિમિત્તથી ઉપચાર કરીને એને વ્યવહાર કહ્યો છે. આહા..હા..! સહચર દેખીને—સાથે છે એમ દેખીને આનો એમાં આરોપ કર્યો છે. ખરેખર એ તો બંધનું જ કારણ છે. પણ અહીં નિશ્ચય થયો છે તેનો આરોપ કરીને અને પછી એમણે લખ્યું સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું આ લક્ષણ જાણવું. એ લીટી છે. આહા..હા..! એટલે સાધનમાં પણ આ રીતે લેવું. નિશ્ચય સ્વરૂપનું સાધન રાગથી ભિન્ન પડીને અનુભવ દ્વારા કરે છે એની સાથે રાગની મંદતાનું સહચરપણું દેખીને વ્યવહાર સાધનનો ઉપચાર—આરોપ કર્યો, ઉપચારથી આરોપ કર્યો. આહા..હા..! સમજાણું કાંઈ? યથાર્થ સાધન નથી. સાધનનું કથન બે પ્રકારે છે. જેમ મોક્ષમાર્ગ કારણ છેને? મોક્ષમાર્ગ એ કારણ છે. કારણનું બે પ્રકારે નિરૂપણ છે, કારણ તો એક જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધન કહો, કારણ કહો, મોક્ષમાર્ગ કહો, ઉપાય કહો એ બધું એક જ પ્રકારે છે. એનું કથન બે પ્રકારે આવે. એક નિશ્ચયથી અને વ્યવહાર. નિશ્ચયથી કથન તે સત્યાર્થ છે. વ્યવહારથી કથન તે ઉપચારિક છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે. આહા..હા..!

**'આત્મામાં ઉત્પન્ન થતાં જે આ ક્રોધાદિક ભાવો...'** ભાષા સમજ્યાને? એ કાંઈ જડમાં નથી ઉત્પન્ન થતાં. આહા..હા..! પર્યાયમાં થાય છે. આહા..હા..! મારી પર્યાયમાં આત્મામાં ઉત્પન્ન થતાં ભાષા એમ લીધી છે. પર્યાયમાં ઉત્પન્ન થતાં એમ નહિ. પર્યાય સહિતનો આખો આત્મા લીધોને? આહા..હા..! મારા **'પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...'** આહા..હા..! જે પુણ્ય-પાપના ભાવો **'તે સર્વને ક્ષય કરું છું'** આહા..હા..! એવો વિકલ્પથી નિર્ણય કરે છે કે આ રીતે સર્વને ક્ષય કરું છું. આહા..હા..! આ જ એની રીત છે, આ એની પદ્ધતિ છે અને આ માર્ગ પામવાની આ એક કળા છે, બસ. આહા..હા..! લોકો

પછી રાડ્યું નાખે, શું થાય? બીજું શું થાય? ભાઈ! માર્ગ તો જે છે એ રહેશે. ઢીલો કરીને બીજી રીતે કહેવું એથી કાંઈ વસ્તુ ફરી જશે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'એમ આત્મામાં નિશ્ચય કરીને,...'** હવે આવ્યું જોયું! હજી તો આ રીતે વિકલ્પસહિત નિર્ણય કરીને. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! ભાઈ! તારે મિથ્યાત્વના આસ્રવથી નિવૃત્ત થવું હોય તો પહેલો આંગણામાં ઊભો રહીને વિકલ્પ દ્વારા આવી ચીજ છે, આ કીધા પ્રકારે એનો નિર્ણય કરી અને હવે હું અનુભવથી એનો ક્ષય કરું છું, એવો વિકલ્પ કર્યો છે હજી તો. નવરંગભાઈ! આવો માર્ગ છે. આહા..હા..!

**'સર્વને ક્ષય કરું છું'** પાછી ભાષા એમ છે? મારામાં નથી. આહા..હા..! પાછું સર્વને ટાળું છું એમ પણ ન લીધું, ક્ષય કરું છું. આહા..હા..! **'એમ આત્મામાં નિશ્ચય કરીને,..'** આહા..હા..! ગાથા ૭૩ તે એવી છે. એમાં વળી તાકડે તમે છો આમાં. આહા..હા..! આ તો ૧૮મી વાર વંચાય છેને. આહા..હા..! ગુરુ પરમેશ્વર આદિ ફરમાવે છે એને, ભાઈ! ભગવાન! ભગવાન તરીકે બોલાવે છેને? ૭૨માં કહ્યું છે. ભગવાન આત્મા. આહા..હા..! અરે..! પામરને ભગવાન કરીને બોલાવે અને જાગે નહિ. આહા..હા..! છે? એની મા સૂતામાં ગુણ ગાય એને સુવાડવા માટે. ઘોડિયામાં સુવાડવા ગુણ ગાય, બેટા! તું ડાહ્યો ને પાટલે બેસીને નાહ્યો. એમ ત્રણલોકના નાથ અને સંતો જગાડવા માટે ભગવાન કરીને બોલાવે છે. આહા..હા..! જાગ રે જાગ નાથ! તારે સુવું પાલવે નહિ. આહા..હા..! એ રાગમાં એકત્વ થવું એ તારે પાલવે નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાઈ! તને રાગની એકતામાં સૂવું ન પાલવે, પ્રભુ! એ ભગવાનની સોડ નથી. આહા..હા..! ભગવાનની સોડ તો નિર્મળ પરિણતિમાં જાગૃત થવું એ એની સોડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ કામ કર્યું છેને! ૭૨માં ભગવાન કરીને ત્રણેયમાં બોલાવ્યો. ભગવાન આત્મા અત્યંત શુચિ, ભગવાન આત્મા વિજ્ઞાનઘન, ભગવાન આત્મા સુખનું કારણ, દુઃખનું કારણ નહિ. આહા..હા..! પછી આ વાત લીધી છે. પરિભાષા સૂત્ર કર્યું છેને. યથાસ્થાને જ્યાં હોય ત્યાં. યથાસ્થાને ગાથા આવી છે. નવરંગભાઈ! આહા..હા..! એને નવો રંગ ચડાવી દે છે. ભગવાંતર. રાગના રંગે રોળાઈ ગયો નાથ. વીતરાગી સ્વરૂપ એ રાગમાં રોળાઈ ગયો, ભાઈ! આહા..હા..! ત્રણલોકનો નાથ વીતરાગની મૂર્તિ જિનસ્વરૂપ પ્રભુ તું. આહા..હા..! એ રાગની સોડમાં સૂતો રોળાઈ ગયો, બાપુ! આહા..હા..! હવે તું નિર્ણય કર અને છૂટ હવે. આહા..હા..! આવો માર્ગ છે, મણિયાર! એ બધા દયા પાળો, વ્રત કરો બિચારા ક્યાંય (પડ્યા). અરે.. બાપુ! મારગડા પ્રભુના જુદા, ભાઈ!

વીતરાગ સર્વજ્ઞ જિનવરદેવ! તું પોતે જિનવરસ્વરૂપ. આહા..હા..! તને પામવાનો આ રસ્તો અને આ રીત છે, બાપુ! આહા..હા..! મોટા પુરુષ પાસે જાવું હોય તો રીતસર કપડા-બપડા સરખા પહેરીને જાય છે કે નહિ? આહા..હા..! આ ગરાસિયામાં જાયને આ વાળંદો,

તો એમ ને એમ ઉઘાડે ડિલે ન જાય. કપડું આમ વીંટે. પછેડી વીંટીને જાય. લીંબડામાં દરબારના.. આ ઉઘાડું હોયને શું કહેવાય ચોરણીને. આટલો અહીં સુધી ઓલો હોય.. ભેટ બાંધીને આમ ચારે કોર. કોઈ પાછળનો ભાગ પણ ન દેખાય, મોઢા આગળનો ભાગ ખાડો ન દેખાય. આખી પછેડી વીંટે આમ. આહા..હા..! એટલે બેય બાજુ સરખું લાગે, આમ ખાધ ન લાગે. આહા..હા..! એવું તો જેનું બંધારણ. સમજાણું કાંઈ? પાછળની ખાધ દેખાય નહિ, મોઢા આગળની ખાધ દેખાય નહિ. એવું કરીને તો ગરાસિયામાં જાય ઘરે.

અહીં કહે છે કે પાછળ અને આગળ ક્યાંય ખાધ ન આવે એ રીતે તું અંદર જા હવે. આહા..હા..! ભગવાન પાસે જાવું છે તારે. આહા..હા..! ત્રિલોકનો નાથ પરમાત્મા સાક્ષાત્ પરમાત્માસ્વરૂપ જ તું છો. આહા..હા..! એની પાસે જાવું છે, પ્રભુ! એનાથી દૂર તો ઘણો રહ્યો તું. તેથી કહ્યુંને દર્શન-જ્ઞાનમાં સમીપ આત્મા છે. આહા..હા..! નિયમસાર. જેના દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં સમીપ તો પ્રભુ છે, એના સમીપમાં રાગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? .. આવે છેને. '**जस समीपे अप्पा**' જેની સમીપમાં આત્મા છે. આહા..હા..! એ વિકલ્પ તોડીને નિર્વિકલ્પ પરિણામ (થયા) એના સમીપમાં પ્રભુ છે. આહા..હા..! સમીપમાં હોં! એમાં નહિ. એ તો પર્યાય (છે). આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો ત્રણલોકના નાથની વાતું છે, પ્રભુ! તું પામર નથી. પરિપૂર્ણ પ્રભુ દર્શન-જ્ઞાનથી ભરેલો. એને ઉપયોગથી મુખ્ય લીધું છેને. નહિતર તો અનંત આનંદ આદિ પરિપૂર્ણ બધું છે, પણ ઉપયોગ લક્ષણ ગણીને દર્શન-જ્ઞાનની પરિપૂર્ણતા ગણીને ઉપયોગ '**लक्खणो**' છેને સદા? '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।**' ૨૪મી. ૨૪મી ગાથામાં કહ્યું છેને? આહા..હા..!

'**એમ આત્મામાં નિશ્ચય કરીને,...**' આહા..હા..! આ રીતે વિકલ્પથી પણ નિર્ણય કરીને. એ બીજામાં આ વાત નથી અને સર્વજ્ઞે કહેલો આવો આત્મા છે. એ માટે એને વિકલ્પથી પહેલો નિર્ણય આમ થાય છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઘણા વખતથી પકડેલું જે વહાણ...**' ભાષા દેખો, પકડ્યું હતું ઓલાએ—વમળે. વહાણને વમળે પકડ્યું હતું. એ વમળ છૂટે એટલે વહાણ ગતિ કરે. '**ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની...**' વમળે છોડી દીધું. આ પોતે વિકલ્પને છોડી દે છે એટલું. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે...**' ઓલામાં વમળ છૂટ્યું એટલે છૂટ્યો. આ વિકલ્પને છોડ્યો તો છૂટ્યો, વિકલ્પ છૂટ્યા એને છૂટ્યો એમ નહિ. સમજાણું કાંઈ? ઓલું વમળ છૂટ્યું એટલે વહાણ છૂટ્યું અને આ વિકલ્પ છૂટ્યા એટલે છૂટ્યું એમ નહિ, વિકલ્પ વમી નાખ્યા તો છૂટ્યું. છે? આહા..હા..! '**જેણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે એવો,...**' ભગવાન આત્મા! આહા..હા..! સમજાણું કાંઈ?

'એવો,...' હવે વિકલ્પ છૂટી ગયા. છોડ્યા એમ. છોડ્યા છે. વિકલ્પ છૂટ્યો માટે અહીં થયું એમ નથી કીધું. ઓલું તો વમળ છૂટ્યો એટલે વહાણ શરૂ થઈ ગયું. વિકલ્પ છૂટ્યા માટે નહિ, વિકલ્પ છોડ્યા છે માટે. આહા..હા..! તે પણ જલ્દી વમી નાખ્યા છે. વમી નાખ્યા એટલે પછી ફરીને થશે નહિ એટલું જોર આપ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૯૨ ગાથા પ્રવચનસારની એમાં ત્યાં લીધું છે કે જેમને દર્શનમોહનો નાશ થયો, આગમકુશળથી એ અમને ફરીને ઉત્પન્ન થવાનો નથી. અરે..! પંચમઆરાના મુનિઓ આ શું તમે કહો છો? ભગવાનને મળ્યા વિના? અમે કહીએ છીએ કે અમને ફરીને દર્શનમોહ ઉત્પન્ન થવાનો નથી, વમી નાખ્યો છે. એ અહીં કહે છે. વમેલી ચીજ કૂતરા ખાય, માણસ ન ખાય. આહા..હા..! મુનિરાજ અમૃતચંદ્રાચાર્ય પોતાની જાતની વાત ભેળવીને કરે છે. નવરંગભાઈ! આહા..હા..! ઓલામાં વમળ છૂટ્યું એમ કીધુંને? '**વહાણ તેને જેણે છોડી દીધું છે...**' એટલે વમળે. અને અહીંયાં ઘણા વખતથી પકડેલું.. અહીં '**જેમ જેણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે...**' પાછા એમ. અહીં એકાગ્ર થયો એટલે વિકલ્પ તૂટી ગયા ફટ દઈને. છૂટી ગયા. છૂટ્યા એ છૂટ્યા, એકતા થવાની નથી, એમ કહે છે. આહા..હા..! આ અપ્રતિહત જોડણીક્ષાયિક. એય..! બહેનને આવ્યું છેને કે ક્ષાયિક બે પ્રકારના. એક ક્ષાયિક સીધું અને એક જોડણીક્ષાયિક. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ! પણ વમી નાખ્યો અને ફરીને થાય નહિ એટલું જોર પંચમ આરાના સાધુ તરીકે! ભગવાનના વિરહ (છેને). આહા..હા..!

અપ્રતિહતભાવ .... આ ક્ષયોપશમમાં છીએ પણ એ ક્ષયોપશમ ક્ષાયિકમાં જશે. વચ્ચે પડવાની વાત નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! પાંચમા આરાના જન્મેલા પણ અમે પોકાર કરીએ છીએ કહે છે. આહા..હા..! જેને હજારો-હજારો વર્ષથી ભગવાનના વિરહ પડ્યા છે, પણ આ ભગવાનનો વિરહ તૂટ્યો, આહા..હા..! એથી હવે ફરીને રાગ અને વિકલ્પ ઊઠશે મિથ્યાત્વનો એ અમારે છે જ નહિ સાદિઅનંત. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ દિગંબર સંતોની બાદશાહી! મસ્તી છે આ. દિગંબર સંતોની મસ્તી છે. મસ્તોની મસ્તી છે આ!! સમજાણું કાંઈ?

ભગવાનને પૂછ્યું હતું કે તમે કેવળી પાસે ગયા હતા? સાંભળને હવે. મારો નાથ ભગવાન છે એની પાસે ગયા હતા. એમાંથી અવાજ આવ્યો છે કે આ વમી નાખ્યું એ ફરીને થવાનું નથી, જા. આહા..હા..! જુઓ, આ સંતોની મસ્તી! દિગંબર સંતોની મસ્તી! આહા..હા..! મસ્તોની મસ્તી. આહા..હા..! પ્રભુ! અમે આત્મા છીએ. આહા..હા..! એ વિકલ્પને વમ્યા છે એ ફરીને રહેવાના નથી. આહા..હા..! એવો ભગવાન આત્મા એમાં એના સમીપમાં ગયા છીએ. જેમ વસ્તુ પરમપરિણામિક ત્રિકાળી સ્વભાવભાવ છે, એવી દશા ઉત્પન્ન થઈ છે રાગ અને મિથ્યાત્વને વમીને. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, બાપા! આવી વાતું છે. આહા..હા..! ત્રણ શબ્દ વાપર્યા છે કે જેમ વમળે છોડ્યું તેમ આણે સર્વ વિકલ્પોને

જલ્દી વમી નાખ્યા. સર્વ વિકલ્પને જલ્દી નામ એકદમ શીઘ્ર વમી નાખ્યા છે. આહા..હા..! વમન થઈ ગયું. બહાર નીકળી ગયો છે. આહા..હા..! એવો આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો,...**' આહા..હા..! એવા '**આત્માને અવલંબતો,...**' અભેદ અચલિત નિર્મળ આત્મા. આહા..હા..! એકરૂપ ત્રિકાળ ભેદ વિનાનો અભેદ અચલતિ—ચળે નહિ. ચળે શું? ધ્રુવ છે એ ચળે શું? આહા..હા..! સમજાણું કાંઈ? ઢોકડું હોય છેને ઢોકડું, એમાં રુની વચ્ચે-વચ્ચે આકાશના પ્રદેશનો આંતરો હોય છે. બધા આકાશના પ્રદેશ ઢંકાઈ ગયા એમાં રૂ ન હોય. અંદર પોલાણ હોય છે. ગમે તેવું બાંધ્યું હોયને. આ તો અમારો આનંદનો નાથ ભગવાન એવો ઘન છે કહે છે.. જુઓ એ કહે છે. આહા..હા..! છે વિજ્ઞાનઘન? કે જેમાં આકાશનો અવકાશ જ નથી અંદર, પોલાણ જ નથી, એકલો ઘન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં છેને આ રજકણો તો છતાં અંદર અવકાશ છે. બીજા રજકણોની વચ્ચે-વચ્ચે અવકાશ છે. સ્થૂળપણે ન દેખાય. સૂક્ષ્મપણે છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે અમે.. આહા..હા..! '**અચલિત નિર્મળ આત્માને અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો,...**' આહા..હા..! વિજ્ઞાનઘન થયો થકો પરિણતિમાં આવે તો. આહા..હા..! પરિણતિ પરિણતિમાં થયો. આહા..હા..! '**વિજ્ઞાનઘન થયો થકો,...**' એ કેમ કહ્યું? કે હું મારા પુરુષાર્થથી થયો થકો છું. કર્મ ખસ્યું માટે થયો છું એમ નથી. આહા..હા..! સમજાણું?

**શ્રોતા :-** પર્યાયને પ્રવેશ કરવા દે છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રવેશ કરવાનું નથી. પર્યાય ત્યાં ઢળી ગઈ છે એ પ્રવેશ કર્યો એમ કહેવાય છે. આહા..હા..! ફક્ત આમ સન્મુખ થઈને એટલે દ્રવ્યમાં પર્યાય અભેદ થઈ એમ કહ્યું. અભેદનો અર્થ કાંઈ પર્યાય અને સામાન્ય બે એક થઈ જાય છે કોઈ દી ત્રણકાળમાં? આહા..હા..! સમજાણું?

**શ્રોતા :-** તન્મય તો થઈ ગઈને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયને પર્યાયમાં પર્યાય તન્મય છે, દ્રવ્યમાં નહિ. તન્મયની વ્યાખ્યા આ. એ બાજુ ઢળી ગઈ માટે તન્મય કીધી. આહા..હા..! એ તો પહેલું કહ્યું નથી? એ તો પહેલેથી ઊઠાવ્યું છે. છ પ્રકારનું પરિણમન જ્ઞાનની પર્યાયનું એનાથી પાર હું છું. એ છ પ્રકારનું પરિણમન પર્યાયમાં છે, મારામાં નથી. પકડે છે એનો અર્થ? પકડે છે એટલે એક થઈ ગઈ?

**શ્રોતા :-** જ્ઞાનઘન પર્યાય થઈને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનઘનનો અર્થ પર્યાય એકાગ્ર થઈ એમ. કાંઈ વિજ્ઞાનઘન ત્રિકાળી છે એમાં ગરી ગઈ છે? જે જ્ઞાનની પર્યાય અસ્થિર હતી, અસ્થિરતામાં હતી એ સ્થિર થઈ એને વિજ્ઞાનઘન કીધું છે. ૭૪માં લીધું છે. જેમ-જેમ વિજ્ઞાનઘન થતો જાય તેમ-તેમ આસ્રવથી નિવર્તતો જાય, તેમ વિજ્ઞાનઘન થતો જાય. પર્યાયમાં હોં! ઓલું તો છે ઈ છે. અર્થમાં છે.

આહા..હા..! ૭૪માં છે. હા, ૭૪માં છે. જુઓ, જોયું? '**ઉઘાડ થોડો હોય તોપણ વિજ્ઞાન કહેવામાં આવે છે.**' જોયું! '**જેમ-જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું—ઘટ થતું--સ્થિર થતું જાય છે, તેમ-તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે...**' આહા..હા..! પર્યાયની વાત છે. આહા..હા..! લ્યો.

'**વિજ્ઞાનઘન થયો થકો,...**' એટલે કે ત્રિકાળી વિજ્ઞાનઘનમાં વિજ્ઞાનઘન પર્યાયમાં થયો થકો. '**આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.**' આહા..હા..! આ રીતે આસ્રવોથી નિવર્તે એની રીત આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! દુનિયા ક્યાં પડી છે અને માર્ગ ક્યાં રહી ગયો છે! સમજાણું? અને આને એમ કે આ બધો પાખંડ. અરે.. પ્રભુ! શું કરે છે, ભાઈ? આહા..હા..! પાખંડ માર્ગ છે. અરે પ્રભુ! શું કરે છે તું? ભાઈ! તારો માર્ગ બીજી જાતનો છે. એ રાગની મંદતાથી થાય, એ સાધન છે. ભાઈ! એમ નથી. એ તો મોક્ષમાર્ગ પ્રકાશમાં કહ્યુંને. રાગ આવે એને શ્રદ્ધામાં રાખજે કે એ હેય છે, બંધનું કારણ છે. આહા..હા..! પણ એ મોક્ષના કારણ તરીકે રાગ થાય, ભાઈ! એમ નથી. એનો અભાવ થાય તે કારણ છે. સમજાણું કાંઈ?

'**આ આત્મા...**' આ રીતે થયો થકો, વસ્તુના સ્વરૂપમાં એકાગ્ર થયો થકો, એને અનુભવતો થકો. આહા..હા..! '**આસ્રવોથી નિવર્તે છે.**' આ ભાવ તો ઊંચા ભલે હો પણ ભાષા સાદી છે. એમાં કોઈ વ્યાકરણ ને સંસ્કૃત ને મોટું-મોટું હોય તો સમજાય એવું આ કાંઈ નથી. આહા..! એવો ભગવાન સાદો છે. આહા..હા..! '**આ આત્મા...**' પાછું જોયું! બીજા આત્મા નહિ. આ આત્મા. '**આસ્રવોથી નિવર્તે છે.**' આહા..હા..! કહો, હવે આની આ વિધિથી બીજી વિધી કઈ માનવી? આહા..હા..!

ભગવાન તો આમ ફરમાવે છે. સંતો એ પોકાર કરે છે. આડતિયા થઈને માલ આપે છે જગતને. માલ આ છે, બાપા! પોસાણ કરને, પોસાણ કર માલ લેવાનું! એમ કહે છે. તારા જન્મ-મરણના અંત આવશે, નાથ! અને તને કેવળજ્ઞાન પ્રગટશે. આહા..હા..! જેને બીજ ઊગી એને પૂનમ થયા વિના છૂટકો નથી. આહા..હા..! જેણે વિજ્ઞાનઘનમાં વિજ્ઞાનઘનની પર્યાય પ્રગટ કરી.. આહા..હા..! એને પૂર્ણ વિજ્ઞાનઘન કેવળજ્ઞાન થયે જ છૂટકો છે. વચમાં કોઈ વસ્તુ નહિ આવે, એમ કહે છે. એય..! આહા..હા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો. થોડું કહ્યું ઘણું કરીને માનવું. આવી વાત છે. વાદવિવાદને અવકાશ નથી. આહા..હા..! વ્યવહારથી થાય એવો અવકાશ નથી. વ્યવહારથી તો નિવર્તે એની અહીં વાત છે. આહા..હા..! જેનાથી નિવર્તવું છે એનાથી થાય? પ્રભુ! પણ ઓલે ઠેકાણે આવ્યું હોયને એટલે મુંઝાય. પરંપરા એમ લખ્યું છે જગમોહનલાલજીએ. પરંપરા મોક્ષસાધન કીધું છે. એ તો ઓલામાં આવ્યું છેને આગમપંથ? એ આમાં નાખ્યું છે. એ લોકો ગોતી ગોતીને અહીંનો વિરોધ હોયને. જગમોહનલાલજી પણ આમ કહે છે. પરંપરા. કોની પરંપરા? ભાઈ! જેને શુદ્ધતા-અનુભવ

પ્રગટ્યો છે એને શુભરાગમાં અશુભ રાગ ટળ્યો છે એ આને લઈને ટળ્યો છે. પાછો શુભરાગમાં અશુભ ટળ્યો છે (એમ નહિ). વસ્તુનો આશ્રય લીધો છે એને શુભથી અશુભ ટળ્યો છે, એ શુભ ટાળીને ઉગ્ર આશ્રય લેશે એટલે પરંપરા વ્યવહારથી કહેવામાં આવ્યું છે.

**શ્રોતા :-** પરંપરા કીધું એટલે વ્યવહાર ન હોયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભાવ કર્યો. આહા..હા..! શું થાય? આને તો હજી નિશ્ચય વિના વ્યવહારને પરંપરા મોક્ષનું સાધન કહેવું—નક્કી કરવું છે. આહા..હા..! ભાઈ! એમ ન હોય. એ તો ૪૧૩મી ગાથામાં ન કહ્યું? આહા..હા..! અનાદિરૂઢ, વ્યવહારમાં મૂઢ, સ્વરૂપમાં અનારૂઢ. ત્રણ બોલ લીધા છે. આહા..હા..! જે વ્યવહાર, નિશ્ચય વિનાનો છે એ તો મૂઢ છે કહે છે. આહા..હા..! જાણનારો જાગ્યો ત્યારે વ્યવહારને જાણ્યો એને વ્યવહાર કહેવાય. આહા..હા..! ત્યારે નિશ્ચયમાં આરૂઢ થયો. ત્યારે ઓલા રાગની મંદતાને વ્યવહારનો આરોપ કહેવામાં આવે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! લ્યો એ ભાવાર્થ કરશે પછી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૪, ગુરુવાર, તા. ૧૫-૦૭-૧૯૭૬, ગાથા-૭૩-૭૪, પ્રવચન નં. ૧૨૬

ગાથાનો ભાવાર્થ. '**શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે હું એક છું,...**' '**अहमेक्को**' આવ્યું છેને. 'અંતર હું એક સ્વરૂપે છું' એમ વિકલ્પથી હજી નિર્ણય કર્યો. અર્થમાં નહિ લે. '**હું શુદ્ધ છું,...**' પર્યાયમાં ષટ્કારકનું પરિણમન એ છે એનાથી હું ભિન્ન શુદ્ધ છું. ભાવાર્થ-ભાવાર્થ. ૭૩નો ભાવાર્થ. '**પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું,...**' આહા..હા..! રાગાદિભાવ, શુભરાગાદિ એનાથી મમતારહિત છું. એ પણે હું, સ્વામીપણે નહિ પરિણમનાર એવો હું છું. આહા..હા..!

'**જ્ઞાનદર્શનથી પૂર્ણ વસ્તુ છું.**' જાણવા અને દેખવાના સ્વભાવથી પરિપૂર્ણ હું આત્મા છું. '**જ્યારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો...**' આહા..! પહેલો બોલ. '**तच्चित्तो**' પાઠમાં આવી ગયું છે ત્યાં. '**પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો,...**' એ ટીકાનું વાક્ય ઈ છે. બે બોલ પૂછતા હતાને. '**तम्हि ठिदो तच्चित्तो**'. આહા..હા..! હું એક છું, ત્રિકાળ શુદ્ધ છું, રાગની મમતારહિત છું, વસ્તુથી સ્વભાવથી પરિપૂર્ણ છું. એમ '**પોતાના સ્વરૂપમાં રહેતો થકો...**' એવી વ્યાખ્યા

છે '**तच्चित्तो**'ની. આમ રહેતો થકો. આમ જે રહેતો હતો એ આમ રહેતો થકો. આહા..હા..! અમરચંદભાઈ! વાત બહુ ઝીણી, બાપા! અહીં તો મિથ્યાત્વથી એટલે દુઃખથી એટલે આસ્રવથી નિવૃત્તિ કેમ થાય એની વ્યાખ્યા છે. મિથ્યાત્વ કહો, એને આસ્રવ કહો કે એને દુઃખ કહો. એ દુઃખની નિવૃત્તિની રીત શું છે? એમ શિષ્યે પૂછયું છે. આસ્રવની નિવૃત્તિની પદ્ધતિ શું છે? આહા..હા..! એના ઉત્તરમાં આ કહ્યું. વસ્તુ આમ છે, ભાઈ! રાગ છે એ સાધક થાય છે એમ વસ્તુમાં નથી અહીં તો. આહા..હા..!

**શ્રોતા :-** હેયબુદ્ધિનો રાગ હોય તો સાધક થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય સાધક નથી. એનાથી જુદું પડવું (છે) ત્યાં સાધક ક્યાંથી થયો?

'**तम्हि ठिदो तच्चित्तो**' એમાં આ બાજુમાં ઢળતા હું ત્યાં લીન થાઉં એ બીજા બોલની વ્યાખ્યા છે. '**तम्हि ठिदो**' આમાં રહેતો થકો હતોને? એ આનું વાક્ય અને ઓલામાં કલ્લોલો વડે અનુભવતો થકો, છોડીને. આહા..હા..! આત્મા વસ્તુ જ્ઞાન-દર્શનના સ્વભાવથી પરિપૂર્ણ ભરેલી, એકરૂપ અને ત્રિકાળ શુદ્ધ એમાં હું રાગના મમત્વના પરિણામથી રહિત થયો થકો મારા શુદ્ધ સ્વરૂપમાં અંદર રમું—એમાં આવું. આહા..! '**સ્વરૂપમાં રહેતો થકો તેના જ અનુભવરૂપ થાય...**' એ બીજા શબ્દનો અર્થ છે. આહા..હા..! '**ત્યારે ક્રોધાદિ આસ્રવો ક્ષય પામે છે.**' આહા..હા..! સ્વરૂપના વિરુદ્ધ ભાવ જે રાગ એ ક્રોધ છે, સ્વભાવથી વિરુદ્ધ છે માટે. ચાહે તો પુણ્યભાવ હો, એ પણ સ્વભાવથી વિરુદ્ધ છે એને ક્રોધ કીધો છે અહીં. એવા '**ક્રોધાદિ આસ્રવોથી ક્ષય પામે છે.**' આસ્રવ. આહા..હા..! કેવી ગાથા છે, જુઓને! ઓહો..! મિથ્યાત્વરૂપી આસ્રવથી, દુઃખથી નિવર્તવું હોય તો કહે એની રીત શું? એમ શિષ્યે પૂછયું છે. એના ઉત્તરમાં આ જવાબ છે, ભાઈ!

હું એક ત્રિકાળ શુદ્ધ દ્રવ્યસ્વરૂપ પર્યાય વિનાનો, હોં! આહા..હા..! નિર્ણય કરે છે પર્યાય, પણ નિર્ણય કરે છે કે એ દ્રવ્ય પર્યાય વિનાનું છે. આહા..! આવો વિષય છે. લોકોને કઠણ પડે અને બહારથી થાય એમ માની લીધું છે. શુભરાગ કરો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, એનાથી નિશ્ચયસમકિત થાય. ભાઈ! એમ નથી. આહા..! પ્રભુ! જિંદગી જાશે. આહા..હા..! એ સંસારમાં ડૂબકી મારશે ચાર ગતિમાં. આહા..હા..! એને છૂટવાનો તો આ એક જ રસ્તો છે. એ તો બતાવે છે અહીં.

આસ્રવોથી નિવૃત્તિ કઈ પદ્ધતિ? તો કહે છે, સ્વરૂપની એકાગ્રતા કરવી અંદર. આહા..હા..! લ્યો, પર્યાય વાળી ઈ આવ્યું. રહેતો થકો. એકરૂપ શુદ્ધદ્રવ્ય મમત્વરહિત પરિપૂર્ણ સ્વભાવ. આહા..હા..! એમાં રહેતો થકો. એ પહેલા બોલનો અર્થ. અનુભવતો થકો. અનુભવતો થકો પાછો. આહા..હા..! '**ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે.**' આહા..હા..! અહીં તો પ્રથમથી જ આસ્રવ ક્ષય પામે ત્યાંથી વાત ઉપાડી છે. આહા..હા..! તો આ બધા વ્યવહાર

આચરણ, ક્રિયા કરે એ કાંઈ સાધન નહિ? અમરચંદભાઈ! પણ આ બધા તમારા પંડિતો કહે છેને? ભાઈ! એમ માર્ગ નથી, બાપા! માર્ગ તો અંદર વસ્તુ છે. એમાં જા તો આસ્રવથી નિવૃત્ત થાય. આસ્રવના પરિણામમાં પ્રવર્તે છે, શુભરાગાદિ આસ્રવ છે એમાં પ્રવર્તે છે અને મને ધર્મ થાય છે (એમ માને છે) એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..!

સુખબુદ્ધિ ઊડી જાય છે એમ કહે છે. પરમાં સુખબુદ્ધિ અને પુણ્યના ભાવમાં સુખબુદ્ધિ ઊડી જાય છે. કેમકે એનાથી નિવર્તવું છે. આહા..હા..! ભગવાન આત્મામાં આનંદ છે, સુખ છે, એવી દૃષ્ટિ થતાં એમાં એકાકાર થાય છે, આસ્રવથી—દુઃખથી નિવર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રતિકૂળ સંયોગો દુઃખ છે એ નહિ. દુઃખ નામ પુણ્ય અને પાપના ભાવ ઉત્પન્ન થવા એ પોતે દુઃખ છે, એ આકુળતા છે. એ આકુળતાને મટાડવાની રીત તો આ છે. આહા..હા..! જ્યાં નિરાકુળ સ્વભાવ પડ્યો છે એ જ્ઞાન-દર્શન પૂર્ણ કીધો એનો અર્થ એ છે. આહા..હા..! ધ્રુવ નિરાકુળ આનંદસ્વરૂપ પ્રભુ છે ત્યાં રહેને, ત્યાં જાને. ત્યાં જઈને લીન થાને, અનુભવ કરને. આહા..હા..! તો દુઃખથી—આસ્રવથી નિવૃત્ત થશે. બીજો કોઈ ઉપાય નથી. આ વાત કઠણ લાગે, આકરું લાગે પણ વાત તો આ છે. પણ લોકોને એકલું લાગે. અરે.. પ્રભુ! શું કર્યું તેં? ઓલા ૩૬૩ પાખંડ છે એમાં પાખંડમાં નાખ્યું આ. પ્રભુ! શું કરે છે, ભાઈ! અનાદિનો માર્ગ આ છેને, ભાઈ! તને પણ દુઃખથી મુક્ત થવાનો પ્રભુ માર્ગ તો આ છે. આહા..હા..! બીજો રસ્તો લેવા જાઈશ તો ભવ ચાલ્યો જશે અને ચોર્યાસીના અવતાર ઊભા રહેશે માથે. સમજાણું કાંઈ?

‘**જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય...**’ વિકલ્પથી પહેલો નિર્ણય કર્યોને. હવે છોડી દેવાની વાત આ. સમુદ્રના વમળ હોય છેને, એમાં વહાણ પકડાઈ ગયું હોય, વહાણ પકડાઈ ગયું હોય. એ વમળ છૂટે તો વહાણ છૂટે. ‘**વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જ્યારે વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે,...**’ એમ ભગવાન આત્મા.. ઓલા વમળ છોડે તો વહાણ છૂટે, અહીં વિકલ્પ છોડે તો સ્થિર થાય એમ કહેવું છે. વિકલ્પ છોડે. વિકલ્પ છૂટે તો થાય એમ પણ નહિ. આહા..હા..! ‘**તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો થકો...**’ આહા..હા..! એ વિકલ્પની જાળમાં જે ઘૂંચાઈ ગયો છે. આહા..હા..! એને છોડતો થકો ‘**આસ્રવોને છોડી દે છે.**’ આહા..હા..! બહુ ટૂંકી પણ પરમસત્ય વાત. સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં આ વાતને અવકાશ તો આપે. શું કીધું? એનો એ છે. વિકલ્પ કહો કે આસ્રવ કહો.

‘**વિકલ્પોના વમળને શમાવતો થકો...**’ કીધું એટલે વિકલ્પ છોડ્યા એ જ આસ્રવ છોડ્યો. આહા..હા..! રાગના વિકલ્પની જાળમાં ઘૂંચાણો હતો. એ આ બાજુ ઢળ્યો અને અહીં ઠર્યો એ વિકલ્પ છૂટી ગયા. આહા..હા..! એને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય. એ મિથ્યાત્વ અને આસ્રવથી નિવર્તે. આવી વાત છે, બાપુ! બહુ ઝીણી, ભાઈ! વર્તમાન માણસને એવું

લાગે છે કે આ સોનગઢે પાખંડ કાઢ્યું છે, એમ કહે છે. પ્રભુ... પ્રભુ... પ્રભુ... આહા..હા..! જડમાંથી ઉખેડી નાખવું જોઈએ. ક્યાં ગયા ભાઈ? આવ્યા નથી? શિખરચંદજી! શું થયું શિખરચંદજીને? સવારે તો આવ્યા હતા. ટાઈમ ખબર નહિ હોય એને? એ ત્યાં જઈ આવ્યા કો'ક કહેતું હતું. આસામ, કો'ક કહેતું હતું આસામ. આહા..! ગુવાહાટી, આસામ.

ભગવાન! ભગવાન! પ્રભુ! તારો રસ્તો દુઃખથી મુક્ત થવાનો, આસ્રવથી મુક્ત થવાનો પ્રભુ આ છે. તને કઠણ લાગે. શેઠ કહે છેને અમારે કે આ કઠણ છે. વાત સાચી પણ માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..! સંસારના વિકલ્પની જાળના દુઃખથી મુક્ત થવાની રીત તો આ છે. બીજી રીત નથી ત્યાં શું થાય? એમ કે આ વ્યવહાર છે એ સાધક છે અને વ્યવહારથી નિશ્ચય પમાશે. દેવ, ગુરુ અને શાસ્ત્રની શ્રદ્ધા કરો તો નિશ્ચયસમકિત થાશે. એમ નથી અહીં તો. જગમોહનલાલજીએ એમ લખ્યું છે. આગમપથમાં લખ્યું હતું તે એમાં નાખ્યું આમાં. આને ઠીક પડેને એટલે આમાં નાખ્યું ઓલા લોકોએ. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરે તો નિશ્ચયસમકિત (થાય). કારણ કે નિશ્ચયસમ્યગ્દર્શન શું છે એની તો ખબર પડે એવું નથી. આહા..હા..! અરે પ્રભુ! જાગીને આનંદનો સ્વાદ આવે એની એને ખબર ન પડે? એથી એમ કહે છે, તત્ત્વાર્થશ્રદ્ધાન છે શ્રદ્ધા એનાથી એની સાથે પ્રેમ કરો બસ. ઓલી વાત તો જણાય એવી નથી. અરે પ્રભુ! સમજાણું કાંઈ?

**'વિકલ્પોના વમળને શમાવતો થકો...'** એટલે એનો અર્થ જ ઈ. એ ૭૩ ગાથા થઈ. બહુ સારી. એમાં વળી અમારે ચંદુભાઈની હાજરી અહીં હતી. નવરંગભાઈની બેયની. બેય ડોક્ટરો. આહા..હા..! રતિભાઈ.. શેઠિયા. રાજકોટના ત્રણેય છેને? આહા..હા..! મુખ્ય-મુખ્ય માણસો છે. આહા..હા..!

શિષ્યનો પ્રશ્ન ઈ હતો, પ્રભુ! આ પુણ્ય અને પાપના ભાવ આસ્રવ, મિથ્યાત્વભાવ એનાથી નિવૃત્તિની રીત શું છે? એનાથી નિવર્તવાનો માર્ગ કઈ જાતનો છે ઉપાય? આહા..હા..! એને પ્રભુ એમ કહે છે, મુનિ કહે છે એ પ્રભુ કહે છે, એ બધું એક જ છે. આહા..હા..! ભાઈ! પરમાત્મસ્વરૂપ તું છોને ભાઈ! શક્તિરૂપે—સ્વભાવરૂપે—સામર્થ્યરૂપે—સ્વભાવભાવરૂપે તો પરમાત્મા પોતે છો. આહા..હા..! એનો નિર્ણય કરી અને એ બાજુ ઢળ ત્યાં. આહા..હા..! અને એમાં અનુભવ એનો કર. ત્યારે એ આસ્રવથી નિવૃત્તિ થશે. આમ છે. શેઠ! આવો માર્ગ છે, ભાઈ!

વ્યવહાર આવે છે, હોય છે, પણ છતાં ન કહ્યું? કે સદાય હું રાગના સ્વામીપણે નહિ પરિણમતો એવો. આહા..હા..! રાગ આવે ખરો, સમ્યગ્દૃષ્ટિને પણ રાગ આવે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, ભક્તિ, પૂજા આદિ ભાવ તો આવે, આહા..હા..! પણ પહેલેથી મેં નિર્ણય કર્યો છે કે સદાય હું સ્વામીપણે, રાગના ધણીપણે નહિ પરિણમું. આહા..હા..! સમજાણું કાંઈ? 'રાગ મારો છે અને મને લાભદાયક છે' એ રીતે હું રાગરૂપે નહિ પરિણમું. આહા..હા..! ગજબ વાત છેને. એ તો પહેલેથી કોલ કરાર કરીને ઊભો થયો છે. આહા..હા..! સ્વામીપણે-મારાપણે-

-આ મારો રાગ છે એના ધણીપતે સદાય હું નહિ પરિણમું. સદાય હું નહિ પરિણમું એમ. આવશે, રાગ થાશે. કારણ કે જ્યાં સુધી હું વીતરાગ ન થાઉં ત્યાં સુધી રાગનું પરિણમન તો આવશે. આહા..હા..! એને પહેલેથી કોલ કરાર કરીને ઊભો થાય છે. એના સ્વામીપણે હું નહિ પરિણમું. આહા..હા..! વ્યવહારનો સ્વામી ઊડી ગયો. હવે અહીં કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય. હવે શું કરવું આનું? જેને ટાળવા છે અને જેનાથી જુદું પડવું છે એ એને મદદ કરે? આહા..હા..! ભાઈ! માર્ગ આ છે. જિનવરનો વીતરાગનો માર્ગ આ છે. વસ્તુસ્થિતિ એમ છે. સમજાણું કાંઈ? આહા..! કેવી વાત કરી છે!

'હવે પૂછે છે...' હવે શિષ્યનો પ્રશ્ન આવ્યો. '**જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ કઈ રીતે છે?**' આત્માનો અનુભવ થાય—જ્ઞાન અને તે કાળે આસ્રવ નિવર્તે, તે કાળે નિવર્તે એનો સમકાળ કઈ રીતે છે? આહા..હા..! આ શિષ્યનો પ્રશ્ન છે. સંસ્કૃત ટીકા છેને. '**कथं ज्ञानास्रवनिवृत्त्योः समकालत्वमिति चेत**' એ અમૃતચંદ્રાચાર્યે શિષ્યનો પ્રશ્ન (છે), પ્રભુ! જે ક્ષણે જ્ઞાન થયું તે જ ક્ષણે આસ્રવથી નિવર્તે અને જે ક્ષણે આસ્રવથી નિવર્તે તે જ ક્ષણે જ્ઞાન થાય એને? જે સમયે અંધકાર જાય તે સમયે પ્રકાશ થાય? અને જે સમયે પ્રકાશ થાય તે સમયે અંધકાર જાય? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**જ્ઞાન થવાનો...**' એટલે આત્મ-અનુભવ થવાનો. આહા..હા..! '**અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ** (એક કાળ) **કઈ રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે:-**' ૭૪.

**जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।**
**दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।।७४।।**
**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

'**ટીકા :- વૃક્ષ અને લાખની જેમ...**' પીપરનું વૃક્ષ છેને આ પીપરનું? એ મુખ્ય પીપરનું. બાકી તો ઘણા ઝાડને લાખ આવે છે. બાવળને હોય છે ઓલાને હોય છે. બબુલ. વૃક્ષ પીપરનું અને એની લાખ એ '**વધ્ય-ઘાતક...**' છે. વૃક્ષ છે એ ઘાત થવાલાયક છે અને લાખ ઘાત કરનાર છે. વૃક્ષ છે એ વધ્ય છે—હણાવાલાયક થાય છે અને લાખ છે તે હણનાર—ઘાતક છે. સમજાય છે કાંઈ?

એક ફેરી ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૮-૬૯ સાલની. અહીં ભાવનગરમાં ગુજરીની પાછળ આખી પીપરની લાઈન હતી. પીપર, પીપરના ઝાડ. ગુજરી ભરાઈ છેને ત્યાં? ત્યાં હતું. એકલી લાઈન પીપરની. બે વર્ષ પછી ત્યાં ગયો તો એક પીપર ન મળે. પીપરનું ઝાડ. કીધું, થયું શું આનું? કે લાખ આવી હતી. ભાવનગર નહિ મોઢા આગળ? ઓલા ગુજરીની પાછળ આખી. આખો રસ્તો છે. એ રસ્તા ઉપર બધે પીપર... પીપર.. પીપર.. સેંકડો પીપરો. લાખ (થઈ તો) એકેય નહિ, ખલાસ થઈ ગઈ. તે દી જોયું હતું, ૬૮ની સાલમાં. સંવત

૧૯૬૮. એમ અહીંયાં કહે કે પીપર છે એ વધ થવાને લાયક હોય છે ત્યારે એને લાખ ઘાત કરનાર આવે છે. આહા..હા..! એય..! આહા..હા..!

'**વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી...**' ભાષા દેખો! પીપરને હણાવાલાયક સ્વભાવ અને લાખને ઘાતક સ્વભાવ એ એનો સ્વભાવ છે એમ કહે છે. આહા..હા..! '**આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;...**' જુઓ ભાષા! જેમ લાખ છે વૃક્ષમાં, એમ ભગવાન આત્મા આનંદનું ઝાડ છે. અતીન્દ્રિય આનંદ અને પૂર્ણ શુદ્ધ એવું ઝાડ. એની પર્યાય હણાવાલાયક થાય ત્યારે પુણ્ય-પાપના ભાવ એને ઘાત કરે એવો એનો સ્વભાવ છે. આહા..હા..! પુણ્યનો ભાવ ઘાતક છે અને પર્યાય ઘાત થવાલાયક છે. પર્યાયની વાત છેને. દ્રવ્ય ક્યાં (ઘાત થાય છે)? સમજાણું કાંઈ? હવે એ પુણ્યને સાધક તરીકે માનવું, ભાઈ! એ વસ્તુ નથી એમ.

લાખ છે તે ઝાડ નથી. ઝાડમાં લાખ નથી. બે ભિન્ન ચીજ છે. એમ ભગવાન આત્મા ઝાડસમાન છે, એને પુણ્ય-પાપના ભાવ એ લાખસમાન છે. આહા..હા..! પુણ્ય-પાપના ભાવ આત્માની શાંતિના ઘાતક છે અને આત્માની શાંતિ ઘાત થવાને લાયક છે. આહા..હા..! અમરચંદભાઈ! આવું છે. શુભ-અશુભભાવ, જેમ પીપરના ઝાડમાં પીપર ઘાત થવાને લાયક છે પર્યાયમાં અને લાખ ઘાત કરનાર છે, એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનું ઝાડ છે એ તો. આહા..હા..! એની પર્યાયમાં જે પુણ્ય-પાપના ભાવ થાય એ પુણ્ય-પાપના ભાવ ઘાતક છે અને આત્માની શાંતિ ત્યાં હણાય છે. આહા..હા..! અરે..! એને ખબર નથી, શું થાય છે એની ખબર નથી. એને ક્યાંથી પાર પડે? આહા..હા..!

'**પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી...**' એ શું કીધું? લાખનો ઝાડથી વિરુદ્ધસ્વભાવ છે, અવિરુદ્ધસ્વભાવ નથી. એમ પુણ્ય-પાપનો સ્વાભાવ આત્માથી અવિરુદ્ધ સ્વભાવ નથી, વિરુદ્ધસ્વભાવ છે. આહા..હા..! છે? '**પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી...**' કોણ? આસ્રવ. આહા..હા..! ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ ઊઠે, પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે એ જીવના સ્વભાવથી વિરુદ્ધસ્વભાવવાળા છે. આહા..હા..! પરંતુ એ પુણ્ય અને પાપના આસ્રવો અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી. એમ ભાષા છે જોયું. અવિરુદ્ધસ્વભાવનો અભાવ એટલે વિરુદ્ધસ્વભાવ. આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવ એ જીવ નહિ. જેમ લાખ તે ઝાડ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર સાધક સાધક કરે છેને? અત્યારે તો વ્યવહાર જ છે, નિશ્ચય છે નહિ, એમ કહે છે. એને નિશ્ચયની ખબર નથી. અરે.. પ્રભુ! ભાઈ! તારે ક્યાં જાવું છે? ક્યાં તને રહેવું છે? આહા..હા..! જેનાથી ખસવું છે એમાં રહેવું હોય? તે કે દી પાર આવશે, પ્રભુ? આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવથી તો હટવું છે. શેઠ! આહા..હા..!

**શ્રોતા :-** પાપથી હઠવું છે એટલી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપ અને પુણ્ય બેય વસ્તુ. આહા..હા..! 'પાપ પાપને સહુ કહે,

પણ પુણ્યને પાપ કહે.' આવે છે? યોગસારમાં આવે છે. આવું છે, બાપા! અરેરે..! પુણ્ય-પાપ અધિકારમાં સંસ્કૃત ટીકામાં તો લીધું છે, પ્રભુ! આ અધિકાર પાપનો ચાલે છેને? એમાં તમે આ પુણ્ય ક્યાં નાખ્યું? આ અધિકારમાં ક્યાં નાખ્યું આ? ભાઈ! ખરેખર તો એ પાપ જ છે. સંસ્કૃત ટીકામાં પુણ્ય-પાપની છેલ્લે. આહા..હા..! પ્રભુ! આ તો પાપનો અધિકાર ચાલે એમાં તમે પુણ્ય ક્યાં નાખ્યું? કે ભાઈ! એ પુણ્ય છે વ્યવહારે એ પ્રકારનું નિમિત્ત કહેવાય છે. એમ કહીને કહ્યું હોં. પહેલું એમ કહ્યું છે ટીકામાં. પણ સ્વરૂપથી પતિત થાય છે માટે તે શુભભાવને-વ્યવહારરત્નત્રયને પાપ કહીએ છીએ.

**શ્રોતા :-** પુણ્યને નિમિત્ત કીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્તનો અર્થ જ કે પરવસ્તુ છે. આહા..હા..! નિમિત્ત એને કાંઈ લાભ કરે છે એમ નહિ. એ તો વસ્તુ છે ઉપસ્થિત એટલું. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઉપસ્થિતિ જવાબદાર કહો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપસ્થિતિ છે પણ એ દુઃખરૂપ ઉપસ્થિતિ છે એમ કહે છે. આહા..હા..! ઘાતક કીધુંને. એમ નહિ. ઉપસ્થિતિ એટલે નિશ્ચય હોય ત્યાં વ્યવહાર છે એટલી વાત. એ વાત કહી છે. છે પણ એ ઘાતક છે અને દુઃખરૂપ છે. વ્યવહાર આવે તો છેને? એ અસ્તિત્વ છે, વ્યવહારનું અસ્તિત્વ છે. વ્યવહારનયનો વિષય છે. નથી એમ નહિ, પણ તે આત્માના સ્વભાવને ઘાત કરનાર છે.

**શ્રોતા :-** એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે સંબંધ નથીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દ્રવ્ય ક્યાં કીધું? આ તો એની પર્યાય છે વિકારી એ ઘાતક છે. એની યોગ્યતાથી ઉત્પન્ન થયેલું છેને. આહા..હા..! એ તો પર્યાયને પરદ્રવ્ય કીધું અને જણાય પરદ્રવ્યથી સ્વદ્રવ્ય. એ જુદી જાત છે. આહા..હા..! નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય ક્ષાયિક, એને પરદ્રવ્ય કીધું છે. નિયમસાર ૫૦ ગાથામાં. અને છતાં એ પરદ્રવ્યથી સ્વદ્રવ્ય જણાય. બાપુ! અનિત્યમાં નિત્યનો નિર્ણય થાય. અનિત્યથી નિત્યનો નિર્ણય થાય, છતાં અનિત્ય નિત્યમાં નથી. આહા..હા..! આવી વાતું છે. વીતરાગ માર્ગ એવો છે. સર્વજ્ઞ પરમેશ્વરની આજ્ઞાનો માર્ગ તો આ છે, ભાઈ!

એ '**અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ...**' શેમાં? એ પુણ્યભાવમાં આત્માના સ્વભાવથી અવિરુદ્ધસ્વભાવ છે એનો એમાં અભાવ છે. આહા..હા..! ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ નિર્મળ અનાકુળ આનંદ છે. એવો અવિરુદ્ધ જે સ્વભાવ એમાં પુણ્યના ભાવનો અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે, એ દુઃખ છે. આહા..હા..! આમાં તો ભાઈ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. ઝાઝી સંખ્યા માને તો એ સત્ય એવું કાંઈ છે નહિ. સત્ય તો સત્ય ઉપર છે. આહા..હા..! સમજાણું કાંઈ? કઠણ લાગે માટે બીજો રસ્તો કરવો એવું નથી આમાં કાંઈ.

વાણિયાવડ નથી અહીં. વાણિયાવડ સમજાણું? વાણિયો પાંચ હજાર રૂપિયા માગતો હતો કણબી પાસે. પાંચ હજાર. ખ્યાલ હતો એને કે આની પાસે બે હજારથી વધારે નથી. ઓલો કહે પણ એક હજારથી એક પાય નથી મારી પાસે. કણબી કહે. આ કહે કે પાંચ હજારમાં એક પાય ઓછી લેવી નથી. પાંચ હજાર મારા લેણા છે. એમ કરતાં... કરતાં... કરતાં... ઓલો પાંચ હજારમાંથી ચાર હજારે આવ્યો વાણિયો. ઓલો હજારમાં અગિયારે આવ્યો. કરતાં કરતાં બે હજારે પતાવ્યું. આ એવું હશે આ? વાણિયો જાણતો હતો કે આના પટારા વેંચે તો બે હજારથી વધારે (આવવાના) નથી અને એને ખબર છે કે તદ્દન બે હજાર નહિ આપે તો નહિ પતે. એટલે એને ખબર તો હતી, પણ વાણિયાવડ કરી અંદર. એક હજારથી પાઈ પણ નથી મારી પાસે. ઓલો કહે, પાંચ હજારમાં એક પાઈ ઓછી લેવી નથી. પછી બે ભેગા થઈ ગયા. એવું હશે આ? એ અમારે હિંમતભાઈ લાવ્યા હતા મુંબઈથી. ઓલા પૂનમચંદ છેને? પૂનમચંદ ઘાસીલાલ. એય હિંમતભાઈ! એ લાવ્યા હતા ત્યાંથી. કાનજીસ્વામી કાંઈક મોળું મૂકે અને અમે કાંઈક મોળું મૂકીએ, આપણે ભેગા થઈ જઈએ. અરે પ્રભુ! શું મોળું? ભાઈ! વસ્તુનું સ્વરૂપ જ છે એમાં મોળું શું ને તીવ્ર શું? આહા..હા..! એમ કે એ કાંઈક મોળું મૂકે કે વ્યવહારથી પણ થાય, તો અમે પણ કાંઈક જરી (મોળું મૂકીએ).

**શ્રોતા :-** અનેકાંત છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે.. અનેકાંત (એમ ન હોય). આહા..હા..!

નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય એનું નામ અનેકાંત છે. વ્યવહારથી થાય અને નિશ્ચયથી થાય એ તો (મિથ્યા) એકાંત છે. આહા..હા..! સમ્યક્ એકાંત છે આ કે સ્વભાવથી થાય અને વિભાવથી ન થાય એ સમ્યક્ એકાંત છે. આહા..હા..! સમ્યક્ એકાંત થયા વિના વાસ્તવિક અનેકાંતનું જ્ઞાન પણ સાચું એને હોઈ શકે નહિ. શ્રીમદ્‌માં આવે છેને ઈ. વ્યાખ્યાન આપ્યું હતું. આહા..હા..! વસ્તુ છે આખી એ બાજુ ઢળ્યા વિના, એ ઢળવું એ તો એક બાજુ થઈ ગઈ, એક પક્ષ થઈ ગયો, સમ્યક્ એકાંત છે ઈ. સમ્યક્ એકાંત જ્યારે થયું ત્યારે તેના જ્ઞાનમાં ત્રિકાળ પણ જણાણું અને રાગની મંદતા અને અલ્પજ્ઞતા છે એનું પણ જ્ઞાન થયું એ અનેકાંત છે. આનું જ્ઞાન થયું અને આનું પણ થયું. જ્ઞાન થયું હોં! આહા..હા..!

'**તેઓ જીવ જ નથી.**' કોણ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રના ભણતરનો વિકલ્પ એ જીવ નથી. આહા..હા..! લાખ એ ઝાડ નથી. પીપરનું ઝાડ એ લાખ નથી. એમ ભગવાન આત્મા એ રાગરૂપ ભાવ એ આત્મા નથી, એ જીવ નથી. આહા..હા..! જીવ નથી તો જીવમાંથી નીકળી જાય. જીવનો હોય એ નીકળે કેમ? એ જીવ નથી પુણ્ય-પાપનો ભાવ માટે જીવમાંથી નીકળી જાય છે. આહા..હા..! આવો માર્ગ! આ કાંઈ.. અરે..! જન્મ-મરણના બાપુ .. ભાઈ! આહા..હા..!

એક નહોતું કહ્યું એક ફેરી? એક છોડી, લાઠીની છોડી હતી લાઠીની. એ બિચારીને બે

વર્ષનું પરણેતર. પછી આ શીતળા નીકળ્યા. શીતળા સમજો છોને? દાણા. દાણે-દાણે ઈયળ. દાણે-દાણે ઈયળ પડી. ઘણા વર્ષની વાત છે. ધીરુભાઈના ડેલામાં એ બાઈ દિકરી હતી. બે વર્ષનું પરણેતર. એનો ધણી બીજી પરણેલો આ. બધાને ઓળખીએ છે ત્યાં ઘણા વર્ષ પહેલાં. પછી ઈયળું પડી. તળાઈમાં આમ કરે, આમ કરે ત્યાં આમ હજારો ઈયળું (પડે). આમ કરે ત્યાં.. પવન ગોઠે નહિ, પાણી ગોઠે નહિ, સૂવું ગોઠે નહિ, ફરવું ગોઠે નહિ, સ્થિર રહેવું ગોઠે નહિ. એવી ઈયળું પડી. આહા..હા..! એમ બિચારી બોલી. ૧૮ વર્ષની ઉંમર. એ બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. શું થયું આ? ક્યાંય સખ નથી. આમ ક્યાંય ફરું તો .. આમ ફરું તો આ. શું છે આ? ચંદુભાઈ! એ છોડી બિચારી.

**શ્રોતા :-** ચંદુભાઈ જેવા ડોક્ટર નહિ મળ્યા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ડોક્ટર પણ મરી જાય. ડોક્ટર કહે ખરું એવું. થોડીવાર પહેલાં આવી ગયા હોતને બચી શકે. મોડું તમારું થયું, એમ કહે. પૈસા લેવા છે તો શું કહે એને? મોડા તમે પડ્યા હોં, મોડા પડ્યા. હવે રોગ ઘેરાઈ ગયો છે. ચંદુભાઈ! એ ભાઈ કહેતા હોં. આ જામનગરના નહિ? પ્રાણભાઈ. પ્રાણભાઈને? પ્રાણજીવન ડોક્ટર. અઢી હજારનો પગાર તે દી હતો તે દી. એ કહેતા કે અમે જઈએ. અમને ખબર પડે. ખબર હોય કે હમણા પતી જશે. કહીએ કે વાંધો નહિ. આ દવાથી મટી જશે એમ કહીએ. ખ્યાલ હોય ઘરે પહોંચશે તો જીવશે કે નહિ, પણ અમારે શું ત્યાં બીજું કહેવું! આહા..હા..! પ્રાણભાઈ નહિ ડોક્ટર? ત્યાં આવ્યા હતા. મુંબઈ જઈએ તો આવે એકાદ વાર આવે. આહા..હા..! અઢી હજારનો પગાર તે દી હોં! એ ૯૦ની સાલની વાત. વાત કરતાં પછી. જઈએ અમે. ખ્યાલ આવે કે દેહ છૂટી જશે પણ એને એમ કાંઈ કહેવાય? અમે તો એમ કહીએ, વાંધો નહિ દવા લ્યો સારું થઈ જશે, ઘરે જાય ત્યાં પતી ગયો અમે સાંભળીએ. એય ચંદુભાઈ! ડોક્ટર.. આહા..હા..! શેના આશ્વાસન? આહા..હા..!

એ છોડી રોતી હતી. દાણે-દાણે ઈયળું કરડે, આમ બટકા ભરે. આમ કરે ત્યાં અહીંથી. એમાં ને એમાં દેહ છૂટી ગયો. એટલું બોલી, બા! મેં આ ભવમાં આવા પાપ કર્યા નથી. ભાઈ! પાપ પૂર્વના હોય છે એ આવે છે. આવા દુઃખથી મુક્ત થવાનો પંથ તો આ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો શરીર મારું અને એમાં કાંઈક થાય એ મને (થયું) એ માન્યતાનું એને દુઃખ છે. સંયોગનું એમાં એનું દુઃખ નથી. એને તો અડતો પણ નથી આત્મા રોગને તો. આ તો જડ છે. જડને અડે શું? આહા..હા..! પણ એની દૃષ્ટિ ત્યાં છે કે આ મારું શરીર છે, મને રોગ થયો. એવી માન્યતાએ એને આકુળતા ઉત્પન્ન કરી. આહા..હા..! સમજાણું કાંઈ? કેના માન અને કેના સન્માન, ભાઈ! આહા..હા..! મફતમાં મૂળામાં વહેંચાઈ ગયો છે. મૂળો સમજો છો? મૂળી, મૂળી. મૂળી હોય છેને. પહેલાં ચાર પૈસે શેર લે ગુવાર-ગુવાર. ચાર આના હવે થયા. ચાર પૈસાનો ગુવાર શેર લે. છોકરો હોય તો કહે, બાપા!

મને મૂળી અપાવો. તો મૂળી નાની હોય તો આપે મફત. એ મૂળીમાં બેઠો હતો ભાઈ. અને અહીં એની કિંમત કરાવવી છે એને બહાર પાસે. અરેરે.. પ્રભુ! ક્યાં જાવું છે તારે? શું કરવું છે? આહા..હા..!

અહીં તો કહે છે કે એ મફતમાં વહેંચાઈ ગયો. ભૂલી જાને હવે. એ ભગવાનને સંભાર અંદર આત્માને. આહા..હા..! વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા છે એનો આશ્રય લઈ અને આસ્રવને ટાળ. એ આસ્રવ તારું સ્વરૂપ નથી, એ તને ઘાત કરનાર છે. આહા..હા..! જે ઘાત કરનાર છે એ મદદ કરનાર થાય? વ્યવહારથી નિશ્ચય થાય. અરે..! કહો, અમરચંદભાઈ! આવી વાતું કરે, પ્રભુ! શું કરે છે, ભાઈ? આહા..હા..! શેઠ! આ બધા તમારા સાધુઓ. આહા..હા..! ભાઈ! એમ ન હોય. સત્યને સત્યપણે રહેવા દેને. એને ગોટાળમાં ન નાખ. અરે..! તું દુઃખી છો, ભાઈ તને ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એક ક્ષય રોગ થાય. અહીં ગયા હતા તો એક છોકરો બાર વર્ષનો. ..માં. શરીર.. સાડા ત્રણ મહિનાથી અહીં છું મહારાજ. મેં કીધું એલા પણ તું આ શું? શરીર સારું. બાર વર્ષનો છોકરો. ક્ષયમાં. હા, જીથરીમાં. સાથે ડોક્ટર હતો તમારો. રૂસ્તગીર. રૂસ્તગીર ડોક્ટર છેને? એ સાથે હતા. ગયા હતાને અમે. કીધું, આ છોકરો? તો કહે સાડા ત્રણ મહિનાથી અહીં છે. મેં કીધું, આવું શરીર છેને? (તો કહ્યું) ક્ષયની અસર છે. અર..ર..ર..! પછી તો એણે બીજું પણ કહ્યું. મહારાજ! અહીં તો બબ્બે વર્ષ, ચાર-ચાર વર્ષના ક્ષયવાળા છે. બે વર્ષની ઉંમર અને ચાર વર્ષની ઉંમરના. એ એક ફેરી જોયું હતું. બે-ત્રણ વર્ષની ઉંમરનો હતો. ક્ષય છે. આમ રમાડતા હતા, પેલો રમતો હતો. એને ક્ષય. આહા..હા..!

આ તો વિકાર મારા એ મોટો ક્ષય લાગુ પડ્યો છે એમ કહે. આહા..હા..! ઘાતક કીધુંને? પુણ્ય-પાપ ઘાતક ક્ષય તારો કરે છે. આહા..હા..! પ્રભુ! તારી શાંતિને એ બાળે છે. પર્યાયમાં હોં! ધ્રુવ તો ધ્રુવ છે. આહા..હા..! શુભ અને અશુભભાવ એ ઘાતક છે.

'(**લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે.**' બાવળને હોય છે. બબુલ હોયને, બાવળ? એમાં પણ લાખ થાય છે. ઘણા ઝાડમાં લાખ હોય છે. એથી એમ કહ્યુંને? પીપળ આદિ લખ્યું છેને? '**વૃક્ષનો નાશ થાય છે. લાખ ઘાતક અર્થાત્ હણનાર છે અને વૃક્ષ વધ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે.**' આહા..હા..! '**આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે...**' બરાબર છે? દૃષ્ટાંત તો બરાબર સમજાય છેને? '**માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે;...**' '**णिबद्धा**'ની આ વ્યાખ્યા છે. '**जीवणिबद्धा**'. આહા..હા..! વૃક્ષની સાથે લાખ બંધાયેલી છે, એનું સ્વરૂપ નથી; એમ ભગવાન આત્માની સાથે પુણ્ય-પાપનો ભાવ નિબદ્ધ સંબંધ છે, એનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! હવે આનો બચાવ કરીને વ્યવહાર પાળે છે એ સારું છે અને એનાથી વધશે. ભાઈ! મુશ્કેલ બાપુ! માર્ગને વિરોધ કરી નાખે છે. વીતરાગમાર્ગ છે તે માર્ગ

એ રીતે રહેશે. તારું અવળું કરીને નહિ રહે. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ, જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ ભરેલો કીધુંને. એવા આત્મામાં આ પુણ્ય-પાપ છે તે વિરુદ્ધસ્વભાવ છે. છેને? આહા..હા..!

**'લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે...'** એ પુણ્ય-પાપનો ભાવ એ ઘાતક છે. એને તું સાધક તરીકે જોડી દઈશ, ભાઈ! તારું કલ્યાણ અટકી જશે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે.'** આત્મા તો દ્રવ્ય તરીકે છે એ નહિ, પર્યાયની વાત છે. દ્રવ્ય તો જેવું છે એવું જ અનાદિથી છે. સમજાણું કાંઈ? એમાં વધ્ય થવાની લાયકાત પર્યાયની વાત છે અહીં તો. દ્રવ્ય તો અનાદિઅનંત ચિદ્‌ઘન (છે). એ વધ પણ નહિ અને તેમાં વૃદ્ધિ નહિ. વધ પણ નહિ અને વૃદ્ધિ નહિ. આહા..હા..!

વસ્તુ જે છે, વસ્તુ છે એ અનંતગુણમાં વસેલું તત્ત્વ છે. એ તો એવું ને એવું અનાદિથી એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીની પર્યાયો ગમે તે ફરે. આહા..હા..! વસ્તુ તો એવી ને એવી પડી છે. ૨૦૦ ગાથામાં આવે છેને, ભાઈ! પ્રવચનસાર. એ તો જ્ઞાયકભાવે રહેલો છે અનાદિથી. અનેરા પ્રકારે અધ્યવસાય કર્યો છે. હું રાગવાળો છું, આ વાળો છું એ તો અધ્યવસાય—માન્યતા ઊભી કરી છે એણે. વસ્તુ તો જ્ઞાયકભાવે ત્રિકાળ છે. જ્ઞાયક એટલે? જ્ઞાનસ્વભાવ, જ્ઞાનવસ્તુ, જ્ઞાનસ્વભાવ એ રૂપે જ ત્રિકાળ એનું રહેલું છે. આહા..! સમજાણું કાંઈ? એ જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવપણે અનાદિથી રહ્યો છે, પ્રવચનસાર ૨૦૦ ગાથામાં છે, પણ અનેરા પ્રકારે અધ્યવસિત કર્યો છે. એણે માન્યું છે કે હું રાગવાળો છું, પુણ્યવાળો છું અને પુણ્યના પરિણામથી મને લાભ થશે. બાપુ! એ વસ્તુ ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પુણ્યના પરિણામથી વ્યવહારે તો લાભ છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જરીએ લાભ નથી ધૂળેય એમાં, નુકસાન છે.

ત્યારે કહ્યું હતુંને હમણા ત્યાં અમારે મુંબઈ. ઓલો સી.યુ. શાહ. ચીમનલાલ ઉજમશી. છેને? અમે જે ઉતર્યા હતા મકાનમાં. રમણીકભાઈ-રમણીકભાઈ, આમોદના છે. પાંચ-છ કરોડ રૂપિયા. આમોદના. અહીં વિનંતી કરવા આવ્યા હતાને. દાદરમાં પધારો તો મારે ઘરે ઉતરજો. એક ફેરી બપોરે સૂતા હતા આહાર કરીને. ગૃહસ્થ મોટા છે. પાંચ-છ કરોડ રૂપિયા. રમણીકભાઈ અને હીરાભાઈ બે ભાઈઓ છે. આમોદના ગુજરાતના. એના બનેવી છે ચીમનભાઈ. ચીમનલાલ ઉજમશી. દિકરો-દીકરી નથી. પૈસા બહુ કમાય છે. નવ લાખ, સાત લાખ તો અહીં આપ્યા હમણાં કાંપમાં. કાંપ છેને આ સુરેન્દ્રનગર, ત્યાં ક્ષયની હોસ્પિટલમાં સાત લાખ (આપ્યા). શેઠ! એને જાણે એમ થઈ ગયું ઓહોહો..! કેટલા આપ્યા તે શું હશે! એને સાળાને એમ થયું કે આ બધા પૈસા આટલા આપે છે એને હુંફ ચડી ગઈ હોય કે કાંઈક કરીએ છીએ. પછી એના સાળા કહે, મહારાજ! જાદુ કરો. એના ઉપર જાદુ કરો મારા બનેવી ઉપર. દીકરો-દીકરી નથી. સાત-સાત લાખ, દસ-દસ લાખ, નવ-નવ લાખ ધર્માદો આપે છે. એટલો લોકો ચડાવી દે છે બધા. ઓહો.. ધર્મધુરંધર. ધૂળેય નથી સાંભળને. શેઠ! આ શેઠિયા પણ

પૈસા બહુ ખર્ચે છે. ત્રણ લાખની ધર્મશાળા બનાવી. આહા..હા..! ભાઈ! બાપુ! એ સાત લાખ કે દસ લાખ એ કાંઈ તારી ચીજ નથી અને તેમાં તારી તીવ્રતા હોય તો પાપ છે. રાગ મંદ કરીને કર. દુનિયામાં બહાર પડવા માટે નહિ, દુનિયા મને માન આપે એમ નહિ અને રાગ મંદ હોય તો એ પુણ્ય છે. એથી કાંઈ ધર્મ થાય (એમ નથી).

**શ્રોતા :–** અત્યારે ન થાય પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્રણે કાળે ન થાય. આ વાત આવી છે. પછી તો બિચારા અઢાર દી હોં! સવાર-બપોર-રાત કાયમ સાંભળે. સવાર-બપોર ત્રણ-ત્રણ વાર. મહારાજ! મેં આપ્યા છે ત્યાં પૈસા, એમ બોલ્યો નહિ; પણ ત્યાં પગલા કરજો. અહીં કાંપમાં. સાત લાખ આપ્યા છે ક્ષયમાં. ક્ષયની ઓલી છે. બધા બેઠા હતા ક્ષયવાળા છોકરા આવ્યા હતા સાંભળવા. ૩૦-૪૦ હતા. ગયા હતા. ત્યાં આપણે આ રૂસ્તગીર છેને? ડોક્ટર આપણા. એની દિકરી ત્યાં છે. આ રૂસ્તગીર આપણે. એની દિકરી અને જમાઈ ત્યાં છે કાંપમાં. એના ઘરે. એ હશે નામની ખબર નથી. એ જમાઈ ત્યાં હતા. છોડી હતી. છોડી હતી. મેં કીધું, અહીં કો'ક રૂસ્તગીરના જમાઈ છેને? એ કહે હું. આપણે તો ઓળખીએ નહિ. ફોન ન્યાંથી કરેલો કે મહારાજને પગલા કરાવજો. ગયા હતા. બેય ઠેકાણે ગયા હતા. પાંચસો-પાંચસો રૂપિયા મૂક્યા હતા લોકોએ. ત્યાંથી કહેવરાવ્યું હશે. મહારાજના પગલા થાય તો.. બાપુ! પણ એ બધી વસ્તુ... એમાં ધર્મ થાય ને કલ્યાણ થાય એ રસ્તો નથી. આહા..હા..! એ અબજો રૂપિયા આપે... એ રાગ મંદ કરે એ પણ મિથ્યાત્વસહિત છે. કારણકે હું મંદ કરું છું રાગને, એ પણ હજી મિથ્યાત્વભાવ છે. આહા..હા..! કર્તા થઈને કરે છેને? અને 'હું આપું છું આ પૈસા' એ તો જડનો સ્વામી થાય છે. આવી વાત છે, બાપુ! વીતરાગના મારગડા જુદા ભાઈ! ક્યાં ગયા હતા હમણાં? શિખરચંદજી! બહુ મોડા કેમ આવ્યા? તમને યાદ કર્યા હતા. એ હમણા યાદ કર્યા હતા. ઓલું ગોહાટીનું યાદ આવ્યું હતુંને ગોહાટીનું. આહા..હા..!

અહીં ભગવાન કુંદકુંદાચાર્ય એની ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્ય ભગવત્ સ્વરૂપ, એ એમ કહે છે. ભગવત્ સ્વરૂપ આ છે. આહા..હા..! ભગવાન છે ઈ. આહા..હા..! ઓલામાં આવતું નથી, ભાઈ? ધવલમાં આવે છે. પુષ્પદંત અને ભૂતબલી ભગવાન વીતરાગસ્વરૂપ છે. આમાં આવે છે હોં. ટીકામાં. આ સૂત્ર રચ્યાને? પરમ આગમ, ષટ્ખંડાગમ. પુષ્પદંત અને ભૂતબલી. ભગવાન! એમ કહ્યું છે ત્યાં. આહા..હા..! ભગવાન છેને. શક્તિરૂપે તો ભગવાન છે, પણ પ્રગટ થયેલો ભગવાન છે આ તો. આહા..હા..! આ નિયમસારમાં તો એમ પણ કહે છે કે એક ઠેકાણે કે ભગવાનમાં અને આ સાધુમાં કંઈ ફેર માનીશ તો જડ છો. પહેલાં જરી ફેર છે એમ કહ્યું છે કળશમાં થોડું. પણ છતાં પછી એમ કહે છે, બિલકુલ ફેર નથી એમ કહ્યું. કિંચિત્ ફેર છે એમ એક કળશ કીધો છે. પછી બીજા કળશમાં (કહ્યું), બિલકુલ નહિ.

ફેર માનીશ તો જડ જેવા આપને ભગવાન અને મુનિઓમાં ફેર માને છે અમે જડ છીએ. એમ કીધું. આહા..હા..! નિયમસાર.

અહીં કહે છે, '**તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે.**' હવે આસ્રવો ઘાતક છે એ આત્માને સાધક કઈ રીતે થાય, ભાઈ? શાસ્ત્રમાં આવે છેને વ્યવહાર સાધક છે ને નિશ્ચય સાધ્ય છે. પંચાસ્તિકાયમાં આવે છે. એ સાધકનું આરોપથી કથન છે. સ્વરૂપ રાગથી ભિન્ન કરી, અનુભવથી સાધક થાય છે, ત્યારે જોડે ઓલો રાગ છે એનો આરોપ કરીને સાધક કહેવાય છે જ્ઞાન કરાવવા માટે. આહા..હા..! સમજાણું? એ બધા ત્યાંથી લે છે ભાઈ! મોક્ષમાર્ગ બે નથી, એમ સાધક બે નથી, એનું કથન બે પ્રકારે છે-નિરૂપણ. એક યથાર્થ સાધક છે—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વભાવને આશ્રયે છે અને એ રાગ જોડે છે એને આરોપ કરીને કથન કર્યું છે. છે તો બંધનું કારણ, પણ આનો એને આરોપ (અપાય છે). બીજા એમ કહે છે કે પુણ્યને તમે અધર્મ ન કહો, ધર્મ કહો. વળી એમ કહે છે. આહા..હા..! ભાઈ! એ ધર્મ વિરુદ્ધભાવ અધર્મ જ છે, પણ ધર્મીને જ્યારે આત્મજ્ઞાન અને દર્શન થયા છેએને પુણ્યભાવમાં ધર્મનો આરોપ આપીને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ધર્મ બે પ્રકારે નથી, ધર્મનું પ્રરૂપણ બે પ્રકારે છે. આહા..હા..! એક સ્વભાવ આશ્રયે થયેલી દશા એ ધર્મ અને એક રાગ તે કાળે સહચર દેખીને આરોપિત કહીને સાધક કહે છે. આહા..હા..! અરે..!

અહીં એ કહે છે. '**આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી...**' જોયું! '**આસ્રવો પોતે જીવ નથી.**' એ પુણ્યના ભાવ જીવ નહિ. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ બધો ભાવ છે એ જીવ નહિ. આહા..હા..! આવી વાત છે. એકાંત તાણી જાવ છો, એમ કહે છે. કહે ભાઈ મુનિઓને તું બાપા! મુનિ તો અહીં એમ કહે છે. ખાનગી રાખી છે વાત આ? ટીકા કરીને ખૂલ્લી મૂકી છે. કહો, નવરંગભાઈ! શું કીધું આ? વ્યવહાર દયા, દાન એ અધર્મ છે એમ કહે છે. આહા..હા..! એ આવ્યું છે એક ફેરી. શ્વેતાંબર છે. અમરચંદ. દયાને આમ કહો છો અચેતન? શ્રીમદ્ તો આમ કહે છે કે દયાથી આમ થાય. અરે.. સાંભળને! બાપા! ભાઈ! પરની દયાનો વિકલ્પ છે એ તો અચેતન છે. એમાં આત્માના ચૈતન્યપણાનો અભાવ છે. આહા..હા..! એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નહિ, પણ રાગ છે એ અંધારું છે. એ રાગ નથી જાણતો પોતાને, નથી જાણતો પરને. પર દ્વારા જણાય માટે રાગને ૭૨માં જડ કીધો છે. ૭૨માં. એ અહીં આસ્રવ કહીને ઘાતક કીધો છે. આહા..હા..! મીઠાશ છેને જગતને. પુણ્યના ભાવની મીઠાશ છે, એ મીઠાશ જ મારી નાખે છે. એના ફળ તરીકેની મીઠાશ છે એના પુણ્યના ભાવની એને મીઠાશ છે. આ બહારના પૈસા મળે અને આબરૂ એની મીઠાશ જેને છે એને એના કારણના પુણ્યભાવમાં પણ મીઠાશ છે. આહા..હા..! એ ભાવની મીઠાશ ઘાતક છે. છતાં એ માને કે આમાં સાધક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ એક બોલ

થયો. 'जीवणिबद्धा' એ એક બોલ. જીવની સાથે, પીપરના ઝાડમાં જેમ લાખ નિબદ્ધ છે--સંયોગે છે, એમ ભગવાન આનંદના નાથમાં પુણ્યના પરિણામ સંયોગે નિબદ્ધ છે, સ્વભાવ નથી પણ બંધાયેલા છે. એમ બેનું ભેદજ્ઞાન કરવું એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૫, શુક્રવાર, તા. ૧૬-૦૭-૧૯૭૬, ગાથા-૭૪, પ્રવચન નં. ૧૨૭

૭૪ ગાથા. શિષ્યનો આ પ્રશ્ન છે કે આત્માને આનંદ ને જ્ઞાન થાય અને તે જ કાળે આસ્રવની નિવૃત્તિ થાય, એ બેનો સમકાળ છે? એમ પ્રશ્ન છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય એવા જે આસ્રવના પરિણામ એને આત્મામાં એકાગ્ર થાય એ જ કાળે તે આસ્રવથી નિવર્તે? કે આસ્રવથી નિવર્તે અને પછી વીતરાગતા આવે? સમકાળ છે કે વિષમકાળ? એમ પ્રશ્ન કર્યો છે. સમજાય છે કાંઈ? એના ઉત્તરમાં આ કહ્યું.

'આસ્રવો ઘાતક છે...' જુઓ, હવે વ્યવહારનો રાગ છે એ ઘાતક છે. હવે એને સાધક કહ્યો છે એમાં આ લોકો પકડાણા. સાધક કહ્યું છેને પંચાસ્તિકાયમાં. પણ એ સાધક તો કોને કહ્યો છે, ભાઈ? એ ૪૧૩ ગાથામાં આવે છે કે જે વ્યવહારની ક્રિયા આદિ છે એ વ્યવહારની ક્રિયામાં મૂઢ છે, જેને આત્મજ્ઞાન નથી એ જીવો વ્યવહારમાં મૂઢ છે, એને વ્યવહાર કહેવામાં આવતો નથી. એમ કહ્યું છે ૪૧૩. અને તે અનાદિરૂઢ છે. કારણ કે એ રાગની મંદતાના આચરણ તો અનાદિથી થયેલ છે. નિગોદમાં પણ છે રાગની મંદતા. એ તો અનાદિરૂઢ છે. એને વ્યવહાર કહેતા નથી. કેમકે નિશ્ચયઅનારૂઢ છે. ત્રણ બોલ છેને? વ્યવહારમૂઢ, અનાદિરૂઢ, નિશ્ચયઅનારૂઢ. એવા ત્રણ શબ્દ છે. આહા..હા..!

જેને આત્મદર્શન (થયું નથી), સમ્યક્ સ્વઆશ્રય લીધો નથી અને એકલા પરાશ્રયના મંદ રાગભાવ છે એને જાણનારને તો મૂઢ કહ્યો છે. એને વ્યવહારમૂઢ કેમ કહ્યો? કે એકલો રાગની મંદતામાં જ એની રુચિ અને એમાં પડ્યો છે ઈ. નિશ્ચયમાં અનારૂઢ છે—સ્વ-આશ્રયમાં અનારૂઢ છે. અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ છે. આહા..હા..! અમરચંદભાઈ! આવી વાત છે, પણ વ્યવહારમાં મૂઢ ન થાય અને જાણકાર ક્યારે થાય? કે સ્વનો આશ્રય લઈને જ્યારે સમ્યગ્દર્શન આદિ પ્રગટ થયા એને જે રાગ મંદ હોય એનો એ જાણનાર થાય, એ મૂઢ ન રહે. આહા..હા..!

સમજાય છે કાંઈ? સ્વનો આશ્રય—ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો જેણે આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ ચારિત્ર આદિ અંશ પ્રગટ કર્યા છે એને એ વ્યવહારમૂઢ નથી. વ્યવહાર છે ખરો, એ વ્યવહારને જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને તો જાણેલો નથી, એ તો મૂઢ છે. કારણકે ત્યાં જ બધું માન્યું છે એણે. આહા..હા..! આવી વાત છે. અહીં તો વ્યવહારને ઘાતક કહ્યો. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભરાગ છે એ તો ઘાતક છે. એ ઘાતકને સાધક કેમ કહેવો? આ આખી મૂંઝવણ.

**શ્રોતા :-** વ્યવહારને ઘાતક નથી કહ્યું. આસ્રવને ઘાતક કહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આસ્રવ કહો કે વ્યવહાર કહો. રાગ કહો. વ્યવહાર કહો કે રાગ કહો, વ્યવહાર કહો કે ભેદ કહો. આહા..હા..! વ્યવહાર કહો કે પરાશ્રય—પરલક્ષીભાવ કહો. આમ વાત છે. સમજાણું કાંઈ? આ ઝઘડા ઊભા કર્યા. એને પાછું એવું લખ્યું છે, આ નવા અભિનવ થયા એને ફૂલચંદજીએ જરી મદદ કરી. એમ લખ્યું. અને આ ઓલો આવતો હતોને પંડિત નાથુલાલ. આપણા બધા કામમાં નાથુલાલ આવતા હતાને ઇંદોરવાળા. એ બેના નામ આપ્યા છે. એમ કે આ પ્રતિષ્ઠામાં ભાગ લીધોને એણે ફૂલચંદજીએ એમાં ભળ્યા. એને કહેવું છે એકાંત છે પણ ફૂલંચદજી એમાં ભળ્યા. અરે.. ભગવાન!

અહીં તો કહે છે કે આસ્રવમાં તો બેય ભાવ આવ્યા—શુભ અને અશુભ બેય, અને બેય છે તે ઘાતક છે. રાગ છેને? એટલે સ્વભાવના ઘાતક છે. પર્યાય શાંત છે, વીતરાગી છે એવી પર્યાય ઉત્પન્ન થવી જોઈએ એને છોડીને રાગ થયો એકલો એ ઘાતક છે. સમજાણું કાંઈ? એ નિશ્ચયવાળાને સ્વનો આશ્રય થયો, એને જ્યાં સુધી વીતરાગ નથી તો રાગ હોય છે, એને સાધક પણ કહેવામાં આવે છે, પણ એ આરોપિત સાધક છે. એવી વાત છે. શું થાય? અજ્ઞાનીનો રાગ તો આરોપિત સાધક પણ નથી. આહા..! આમ વાત છે. હવે એને એ સિદ્ધ કરવું છે કે વ્યવહાર પરંપરા મોક્ષનું કારણ છે. કોનો વ્યવહાર? ક્યો વ્યવહાર? આહા..હા..!

**શ્રોતા :-** પરંપરાનો અર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરાનો અર્થ શું? ભાઈ! જેને અંતર આત્મદર્શન થયું છે.. આહા..હા..! સ્વ-આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એને પરાશ્રયનો રાગભાવ રહે છે એમાં સ્વ-આશ્રયની દૃષ્ટિ છે માટે અશુભ ટળ્યો છે. જેને દૃષ્ટિ નથી એને તો શુભમાં અશુભ ટળ્યો પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જેને ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ અખંડ અભેદ છે એવી દૃષ્ટિ થઈ નથી એને તો શુભભાવમાં અશુભ પણ ટળ્યો નથી. કારણ કે એની રુચિ જ ત્યાં પડી છે આખી. એ કષાયની તીવ્રતા છે. સમજાણું કાંઈ? પણ જેને સ્વાશ્રય ચૈતન્ય પ્રગટ્યું છે એને રાગ બાકી છે એને છે તો નિર્મળ પરિણતિ તે સાધક પણ તે સાધકનો રાગમાં ઉપચાર કરીને વ્યવહાર સાધક કહ્યો, છે તો બાધક. આહા..હા..! અરે..! આ ઝગડા

ઊભા કરીને આ કર્યું. ભાઈ! મારગડા તારા (જુદા છે). પરની અપેક્ષા વિના સમ્યગ્દર્શન-જ્ઞાનની તો વ્યાખ્યા એવી કરી છે પ્રભુએ. નિયમસાર. પરમનિરપેક્ષ છે. રાગની મંદતા છે માટે સમ્યગ્દર્શન થાય છે (એમ નથી). આહા..હા..! એ પરમનિરપેક્ષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જેને રાગની અપેક્ષા નથી, જેને ભેદની અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે. હવે શું થાય?

ત્યાં તો એમ કહ્યુંને કે આત્માની પર્યાયમાં જે રાગ થાય છે એ રાગ ઘાતક છે અને તે સમયે જીવની પર્યાય વધ થવાને લાયક છે. આહા..હા..! સમજાય તો છેને પહેલા બોલમાં? હવે બીજો બોલ. **'આસ્રવો વાઈના વેગની જેમ...'** વાઈ, વાઈ થાય છેને? શું કહેવાય છે આ હિન્દીમાં? મૃગી. મૃગીનો રોગ. એકદમ આમ આવે ને વળી ઘટી જાય. એમ **'આસ્રવો વાઈના વેગની જેમ...'** શુભભાવ વધે, વળી શુભભાવ ઘટે, વળી અશુભ વધે, અશુભ ઘટે. એવા **'વધતા-ઘટતા હોવાથી...'** આહા..હા..! સમજાણું કાંઈ? જુવાન અવસ્થામાં અશુભભાવ વધે, વૃદ્ધાવસ્થા થાય એટલે અશુભભાવ વળી ઓછો થાય વિષય આદિનો. સમજાણું કાંઈ? એ વધતા-ઘટતા છે એ એનું આસ્રવનું લક્ષણ છે. એમ શુભભાવ પણ આટલો વધારે થયો. પછી ટાણે એવા આપ્યા કે ભાઈ અમે દસ લાખ, પચ્ચીસ લાખ રળ્યા એમાંથી પાંચ લાખ આપીએ છીએ. એવો ભાવ થયો. વળી પાછા દીકરા પાસે ગયા તો (એણે કહ્યું), બાપુજી! શું લખાવ્યું છે આટલું બધું? અમે છીએ કે નહિ બધા? અમારે માટે કાંઈ નહિ? પણ હું ત્યાં બોલી ગયો હવે મારે શું કરવું? શુભભાવમાં જરી ઢીલો પડ્યો. શુભભાવ વધે અને ઘટે, અશુભભાવ વધે અને ઘટે એવું આસ્રવનું લક્ષણ છે. તેથી અધ્રુવ છે. એ પુણ્ય અને પાપનો ભાવ તે અધ્રુવ છે. કેમકે વધતો અને ઘટતો હોવાને લઈને. આહા..હા..!

**'ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.'** ભગવાન આત્મા ચૈતન્યમાત્ર વસ્તુ તે ધ્રુવ છે. એમ જેણે બેને ભેદ પાડીને.. આહા..હા..! ધ્રુવને અવલંબ્યો એને વિજ્ઞાનઘન આત્મા થાય છે. જ્ઞાનમાં એકાગ્ર થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'વાઈના વેગની જેમ...'** વેગ આમ શુભભાવ એકદમ આવે કહેવાનો વળી. વળી મંદ પડી જાય. પાંચ-પચ્ચીસ લાખ હોય અને વિચાર થાય, જીભ બરાબર ચાલતી ન હોય તો છેલ્લે વિચાર થાય કે હવે આમાંથી પાંચ લાખ આપું, પણ ઓલો છોકરો કહે, બાપુજી! અત્યારે ન કહેવાય. લક્ષ્મી સંભારાય નહિ. કારણકે અત્યારે આ પાંચ લાખનું કહેશે અને આ બધા ઊભા છે, દેવા પડશે. બાપુજી! અત્યારે સંભારાય નહિ પૈસો. ઓલાની ભાષા બંધ થઈ ગઈ ઓછી. હાય..હા..! આ બધા એવા છે હોં! આજીવિકા (માટે) ધુતારાની ટોળી છે બધી. આવે છેને? નિયમસાર. બાયડી, છોકરા, પતિ, પત્ની બધા એકબીજાને ધુતારાની ટોળી છે. આહા..હા..! જ્યાં સુધી પોતાનું પોષણ હોય ત્યાં સુધી..

**શ્રોતા :-** ધૂતારા રોટલા ન કરી દ્યે. આ તો રોટલા કરી દ્યે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધુતારા છે આખા મોટા. ઓલા કરતાં આ વધારે ધુતારા આકરા. ઓલા તો બિચારા થોડુંક આવીને વયા જાય. આહા..હા..! આ તો (એમ કહે), આ કરવું પડશે, આમ કરવું પડશે. શું કરવા હાથ જાલ્યો છે? અહીં તો અમે તો બધું ઘણું સાંભળેલું હોયને. એક જણાએ લખ્યું હતું બાઈએ એના ધણી ઉપર કે તમે આમ છોડીને બેઠા જુવાનીમાં તો પછી પરણવું જ નહોતું અમને. એમ લખ્યું હતું એક ફેરી. એક કોર જઈને બેઠા અને અમે એક કોર પડ્યા, તો પરણવું નહોતું તમારે. જુવાન અવસ્થામાં તમે આ રીતે છંછેડ કરો છો. એ ધુતારી આ બાઈ. આહા..હા..! બધું નામ-ઠામ ખબર છે હોં! નામ બોલાય નહિ. ઘણું સાંભળેલુંને, ઘણી વાતું. ઈ બેઠા છે અહીં.

**'આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે;...'** આદમી બેઠા છે, બાઈ મરી ગઈ. અધ્રુવ છે. આહા..હા..! એને અધ્રુવનું લક્ષણ જાણીને ચૈતન્યપ્રભુ ભગવાન નિત્યાનંદ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ એના ઉપર દૃષ્ટિ આપતાં આસ્રવોથી ભિન્ન પડી જાય છે. એ આસ્રવોથી ભિન્ન પડે એ ભેદજ્ઞાન એ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ચૈતન્યમાત્ર...'** ભાષા જુઓ, ચૈતન્યમાત્ર. એમાં રાગની ગંધ નહિ, અલ્પજ્ઞતા નહિ. આહા..હા..! ચૈતન્યમાત્ર ધ્રુવ. એક સમયની પર્યાય પણ નથી લેવી અહીં તો. ચૈતન્યમાત્ર એકલો ધ્રુવ... ધ્રુવ... ધ્રુવસ્વભાવ. એ અધ્રુવથી ધ્રુવને ભિન્ન પાડીને ભેદજ્ઞાન કરવું એનું નામ ધર્મની દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બીજો બોલ થયો.

ત્રીજો. ઓલામાં અધ્રુવ હતું. હવે આમાં અનિત્ય કહે છે. અધ્રુવ અને અનિત્યમાં ફેર છે. અધ્રુવમાં વધતું-ઘટતું છે અને અનિત્યમાં એક પછી એક છે. **'આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ...'** પહેલો ટાઢિયો તાવ આવે. ટાઢિયો તાવ સમજો છો? તાવ-બુખાર ઠંડો-ઠંડો. એકદમ લૂગડા આખા કપડા (પહેરવા પડે). ઠંડીનો ટાઢિયો તાવ, શીત. પછી ઉષ્ણ. એ થોડુંક રહે બંધ થઈ જાય. એય..! લૂગડા કાઢી નાખો. ઉષ્ણ. એ શીત અને ઉષ્ણ એક પછી એક થાય છે તે અનિત્ય છે. અધ્રુવમાં વધતા-ઘટતાની અપેક્ષા છે, અનિત્યમાં એક પછી એકની અપેક્ષા છે. આહા..હા..!

**'આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી...'** એટલે? શુભભાવ વખતે અશુભ ન હોય અને અશુભ વખતે શુભ ન હોય, એમ. શુભ વખતે અશુભ ન હોય. એ પરિણામની અપેક્ષાએ વાત છે, હોં! અને અશુભ હોય ત્યાં શુભ ન હોય. એથી અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી તે આસ્રવો અનિત્ય છે. આહા..હા..! **'વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.'** આહા..હા..! ભગવાન આત્મા વિજ્ઞાનઘન નિત્ય છે. ઓલું ધ્રુવ હતું, આ નિત્ય છે. એક પછી એક થાય એને અનિત્ય ગણીને, એકરૂપે રહે છે તેને નિત્ય ગણ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, આ ભેદજ્ઞાન કરે છે કર્તાકર્મનું. એ આસ્રવ મારું કર્મ અને હું કર્તા એ મિથ્યાત્વભાવ છે અને એ આસ્રવના પરિણામથી પોતાના

ધ્રુવસ્વભાવને અને નિત્યસ્વભાવને ભિન્ન જાણવો એ કર્તાકર્મ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્ઞાનીને રાગ આવે, એ તો આવી ગયું હતું ૭૩માં. સદા સ્વામીપણે નહિ પરિણમનાર હું. હું પોતે રાગરૂપે સદા સ્વામીપણે નહિ પરિણમતો હું. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને રાગ આવે, અનિત્ય અને અધ્રુવ, છતાં તેનો સ્વામી ન રહે. તેનાથી ભેદ પાડેલા જ્ઞાનમાં એ પોતે રહે છે. આહા..હા..! રાગમાં રહેતો નથી. આવી વાતું આકરી એટલે લોકોને બિચારાને.

**'વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.'** 'જ' છે તો એકાંત કરી દીધું? નિત્ય જ છે. એ વળી કથંચિત્ અનિત્ય છે એમ નથી. ઓલું ધ્રુવ જ છે. કથંચિત્ અધ્રુવ છે વસ્તુ એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કોઈ કહે કે ભાઈ ભગવાનના માર્ગમાં 'જ' હોય જ નહિ, એકાંત થઈ જાય છે. અરે.. બાપુ! કઈ અપેક્ષાએ? નિત્ય છે તે નિત્ય જ છે, એકાંત છે. અનિત્ય છે તે અનિત્ય જ છે તે એકાંત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આખા દ્રવ્યની વ્યાખ્યા કરવી હોય તો એમ કહેવાય કે કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય, પણ દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્ય નિત્ય જ છે, પર્યાય અનિત્ય જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવો જીવ જ નિત્ય છે.'** લ્યો, ત્રણ બોલ થયા. આમ ભેદ કરવો બેનો એમ કહેવું છે. આસ્રવ અનિત્ય છે, આ નિત્ય છે, દૃષ્ટિ ત્યાં કરવી. આસ્રવો અધ્રુવ છે, ચૈતન્યમાત્ર ધ્રુવ છે, ત્યાં દૃષ્ટિ લગાવવી. એનું નામ ભેદજ્ઞાન, એનું નામ કર્તાકર્મ—આસ્રવનો કર્તા અને આસ્રવ કર્મ, એનો અભાવ થાય છે. આહા..હા..! આવી વાતું. નિશ્ચયવાદી લખ્યા છે એમાં, નિશ્ચયવાદી. ઓલામાં ઉપાદાનવાદી લખ્યું હતું. આમાં આ લખ્યું છે, નિશ્ચયવાદી.

**શ્રોતા :–** નિશ્ચયનો અર્થ તો પ્રૌઢ, વિવેક થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પરથી ભિન્ન પાડવું એ નિશ્ચય છે. પ્રૌઢ, વિવેક એવા નિશ્ચય પર અનારૂઢ છે અજ્ઞાની. આહા..હા..! પરથી ભિન્ન પ્રૌઢ, વિવેક એના સ્વરૂપમાં એ આરૂઢ છે. આહા..હા..! ઝીણી વાતું બહુ. અને બાહ્યના પ્રવર્તન છે, માટે તે પ્રવર્તનનો એને અભિપ્રાય છે એમ શી રીતે એનો તું નિર્ણય કરીશ? શું કહું છું સમજાય છે? બાહ્યનું પ્રવર્તન છે માટે તેનો અભિપ્રાય વ્યવહારના સાધનનો છે. એમ શી રીતે તું નક્કી કરીશ? એનું અંતઃકરણ અભિપ્રાય શું છે એને જોવા જેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એનો અભિપ્રાય શું કામ કરે છે એ જોવાનું છે. પ્રવૃત્તિ આટલી ઘણી છે માટે એનો અભિપ્રાય પણ પ્રવૃત્તિ કરવાનો છે અને એ રીતે નિશ્ચયને સાધકપણે સાધે છે ઈ, એમ ન હોય. આહા..હા..! અને દિગંબર મુનિ દ્રવ્યલિંગી કાંઈ પ્રવૃત્તિ બહારની નથી. આહા..હા..! નગ્ન મુનિ છે, હજારો રાણી છોડે છે, પણ અંદરના રાગની પ્રવૃત્તિમાં એકાકાર છે એ અભિપ્રાય એનો છે એ નક્કી કોણ કરશે? પ્રવૃત્તિ નથી માટે પ્રવૃત્તિના પરિણામનો રસ નથી એને અને પ્રવૃત્તિ આને છે માટે પ્રવૃત્તિના રસના પરિણામ છે (એમ નથી). આવી વાત છે. સમજાણું કાંઈ?

એક મૌન છે, છતાં અભિપ્રાય (એમ છે કે) હું મૌન રાખી શકું છું અને એ મૌનના રાગના પરિણામ છે તેનો હું કર્તા છું—એવું જેને અંતરમાં પડ્યું છે એ પ્રવૃત્તિના પરિણામમાં પડ્યો છે; અને એક બોલે છે, બોલે છે છતાં અભિપ્રાયમાં બોલવાની ક્રિયા મારી નથી અને બોલવા કાળનો વિકલ્પ છે તે પણ મારું કર્તવ્ય નથી. હવે એ અંતઃકરણનો અભિપ્રાય આ રીતે કોણ જોશે? શું કહું છું સમજાય છે? પ્રવૃત્તિ ઉપરથી એનું માપ કાઢે (તો ભૂલો પડશે). આહા..હા..!

**શ્રોતા :-** એ પ્રવૃત્તિ ચારિત્રની પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એમ કે પ્રવૃત્તિ કરે છે એમાં સાધકપણે એમ માનીને. આમ કહે છે કે નિશ્ચય-નિશ્ચય, પણ સાધકપણું માને છે ઊંડે-ઊંડે માટે આવું કરે છે. અરે..! ભાઈ! એમ ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રણ બોલ થયા. ઘાતક, અધ્રુવ, અનિત્ય આસ્રવ. શુભભાવમાં પણ એ ત્રણ લાગુ પડેને. શુભભાવ ઘાતક, શુભભાવ અધ્રુવ, શુભભાવ અનિત્ય. આહા..હા..!

ચોથું. '**જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે,...**' આહા..હા..! આચાર્યે કેવો દાખલો આપ્યો છે. એને તો વીતરાગતા સિદ્ધ કરવી છે તો એને એમ નથી કે આવો દાખલો કેમ (આપવો)? આહા..હા..! વિષયસેવનમાં કામની જે વાસના છે, આહા..હા..! એ જ્યારે વીર્ય છૂટી જાય છે ત્યારે એને દારુણ સંસ્કાર કામના રહેતા નથી. આહા..હા..! સંસ્કાર નાશ પામે છે. '**કોઈથી રોકી રાખી શકાતો નથી,...**' આહા..હા..! એ વીર્ય જ્યારે સ્ખલન થાય ત્યારે એને રાખવા માગે તો રહી શકે નહિ. આહા..હા..!

'**તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે,...**' આહા..હા..! કર્મના નિમિત્તમાં જે આસ્રવ થાય છે તે ઉદય જાય છે તો આસ્રવ ટળી જાય છે. આહા..હા..! '**નાશ પામી જાય છે, રોકી રાખી શકાતા નથી, માટે તેઓ અશરણ છે;...**' વિષયવાસનાવાળાને વીર્ય છૂટતાં વીર્ય રાખી શકે નહિ, એમ કર્મના ઉદયથી થયેલો ભાવ ઉદય છૂટી જાય તો એ રાખી શકે નહિ માટે એ અશરણ છે. આહા..હા..! ભગવાન આત્મા. છે? '**માટે તેઓ અશરણ છે;...**' આહા..હા..! શુભ-અશુભભાવ તો કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થયો અને ઉદય ગયો, ખરી જાય, નાશ થઈ જાય છે, એને રાખી નહિ શકાય. જેમ વીર્યને રાખી ન શકાય, એમ આસ્રવને રાખી શકાય નહિ. આહા..હા..! માટે આસ્રવ એ શુભભાવ પણ અશરણ છે, શરણ નથી ત્યાં. આહા..હા..! શુભભાવ પણ અશરણ છે. કારણ કે એ ઉદયનું ખરી જવું થાય તો રાખી શકાય નહિ, માટે તે શરણ નથી. આહા..હા..!

'**આપોઆપ (પોતાથી જ) રક્ષિત એવો સહજ ચિત્શક્તિરૂપ જીવ જ શરણસહિત છે.**' આહા..હા..! ભગવાન આત્મા આપોઆપ પોતાથી રક્ષિત જ છે. એને રાખવું પડે એવું

ક્યાં છે? રક્ષિત જ છે. આહા..હા..! સ્વદ્રવ્યની રક્ષા ઉપર લક્ષ રાખવું. આવે છેને શ્રીમદ્‌માં? સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય ભિન્ન જાણ, સ્વદ્રવ્યની ધારણા ત્વરાથી કર, સ્વદ્રવ્યનું વ્યાપકપણું ત્વરાથી કર, સ્વદ્રવ્યની રમણતા ત્વરાથી કર, સ્વદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી કર, પરદ્રવ્યની ધારકતા ત્વરાથી છોડ. આહા..હા..! પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી છોડ. છેલ્લો બોલ એમ છે, સ્વદ્રવ્યની રક્ષા ઉપર લક્ષ દે. રાગની રક્ષા ઉપર (લક્ષ) છોડી દે. શ્રીમદ્ ૧૬ વર્ષે, ૧૬ વર્ષે કીધું છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ તેની રક્ષા ઉપર લક્ષ દે. એ ટકે એ પર્યાયમાં લક્ષ દે. એ તો ટકેલું જ છે. છેને? આપોઆપ ચિત્‌રક્ષિત એવો. પણ એ રક્ષિત છે પોતે પોતાથી એવી જે દૃષ્ટિ થાય ત્યારે એને રક્ષિત થયો. આહા..હા..! આવું ઝીણું છે. રક્ષિત છે પોતે પોતાથી રહેલો-રખાયેલો છે એવી જ્યારે અશરણની દૃષ્ટિ છોડીને, આ બાજુ દૃષ્ટિ કરી ત્યારે રક્ષિત એવો ભગવાન આત્મા એ શરણ છે એને પર્યાયમાં. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ!

**'આપોઆપ રક્ષિત એવો...'** પોતે રક્ષાયેલો જ છે અનાદિઅનંત નિત્ય પ્રભુ છે. આહા..હા..! ચિત્શક્તિ લીધી છેને? જુઓને, **'સહજ ચિત્શક્તિરૂપ...'** એમ લીધું છેને. શક્તિ-શક્તિ એનો સ્વભાવ—સામર્થ્ય. જ્ઞાનસ્વભાવ, ચિત્સ્વભાવ પોતાથી રક્ષાયેલ છે. એને રાખે તો રહે એમ કાંઈ નથી. આહા..હા..! એવી ચિત્શક્તિ ધ્રુવ તે શરણ છે કે જે કાયમ ચીજ રહેલી છે તે શરણ જીવને છે. આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ સરી જાય છે, રાખ્યા રહે નહિ માટે તે શરણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ભેદજ્ઞાનનું સ્વરૂપ છે. એને જ્ઞાનમાં તો લે વાતને. અને મૂળ વસ્તુ વિના એકલા આચરણ બધા એ તો બધા થોથાં છે, પણ એનું માહાત્મ્ય લોકોને છે. ત્યાગ કરે, આમ કરે, બાયડી-છોકરા છોડ્યા, ધંધા છોડ્યા, દુકાન છોડી, દયાના પરિણામ કર્યા. એ તો એ પરિણામ છે. દયાના પરિણામ તે હિંસા છે. આહા..હા..! પરદયાના પરિણામ એ હિંસા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં (આવ્યું). ચરણાનુયોગનો ગ્રંથ છે એ તો. અમૃતચંદ્રાચાર્યે ચરણાનુયોગના ગ્રંથમાં આ નાખ્યું છે. ભાઈ! રાગમાત્ર તે હિંસા છે. આહા..હા..! વ્યવહારનો રાગ જે આવે એ હિંસા છે. આહા..હા..! અને રાગની અનુત્પત્તિ એને અહિંસા કહે છે. ભગવાન આત્મા પૂર્ણાનંદના આશ્રયે જાય છે ત્યારે વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે તે શરણ છે, આહા..હા..! તે અહિંસા છે. આવી વાત. આહા..હા..!

એમ કે દયાના ભાવ, પૂજાના ભાવ, ભક્તિના ભાવને તમે અચેતન કહો છો? હમણાં લખાણ આવ્યું છે. શ્વેતાંબર છે એક અમરચંદ, તળાજાનો. પહેલા આવતો અહીંયાં. શ્વેતાંબરનું છાપામાં આવી ગયું ખરુંને? એટલે શ્વેતાંબરનો ધર્મ તે તત્ત્વથી વિરુદ્ધ છે એવું આવ્યું એટલે પછી ભડકી ગયો. પછી કાગળ આવ્યો હતો હમણા બે દી પહેલા. તમે દયાને, પૂજાને, ભક્તિના ભાવને અચેતન કહો છો? છે આત્માના ચેતનના એને અચેતન કહો છો? પણ

કઈ અપેક્ષાએ? આહા..હા..! એની ચૈતન્યની જાતના એ નથી, ચૈતન્યપણું એમાં નથી. જાગૃતપણું જે જોઈએ તે નથી, માટે અજાગૃત છે તેથી અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે રાગ અચેતન છે એ ચૈતન્યના લાભને માટે કારણ થાય (એમ ત્રણકાળમાં ન બને). આ બધાને વાંધા આવે છે. એકાંત છે, બધું એકાંત છે. સમંતભદ્રનો દાખલો આપ્યો. અહીં આપ્યો છે, એમાં પણ આપ્યો છે. બે સામગ્રી ભેગી થાય તો કાર્ય થાય. બીજી ચીજ હોય એનું જ્ઞાન કરાવ્યું છે, બીજીથી કાર્ય થાય એમ છે જ નહિ. સવારમાં ન કહ્યું? કુંભારે ઘડો કર્યો જ નથી. માટીએ ઘડો કર્યો છે એમ અમે જોઈએ છીએ. આહા..હા..! પછી નિમિત્તનું જ્ઞાન કરાવવું હોય તો કહે ઘડો નિમિત્ત છે. માટે નિમિત્તથી કાર્ય થયું છે ત્યાં એમ નથી. કાર્ય તો તે કાળે પોતાના સ્વભાવથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની પર્યાયથી થાય છે. ક્રમબદ્ધને લઈને તે કાળે તેની ઉત્પત્તિનો કાળ સ્વતઃ પોતાથી છે, તેથી થાય છે. રાગનું રાગ કારણ અને નિર્મળ પર્યાયનું નિર્મળ પર્યાય (કારણ). આહા..હા..! સમજાણું કાંઈ? '**રક્ષિત એવો સહજ ચિત્શક્તિરૂપ જીવ જ...**' ચિત્શક્તિરૂપ જીવ, જ્ઞાનભાવરૂપ જીવ, જ્ઞાયકસ્વભાવરૂપ જીવ એ શરણ છે. આહા..હા..!

પાંચમો બોલ. '**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી...**' પુણ્ય અને પાપના ભાવ સદાય આકુળતાવાળા હોવાથી '**દુઃખરૂપ છે...**' આહા..હા..! આવે છે એમાં, દુઃખમાં એ પ્રવેશ છે નહિ. નથી આવતું સમયસાર ટીકામાં? એ દુઃખભાવ આસ્રવભાવ, વિકારભાવ દુઃખમાં સમાય છે. કારણ કે એ દુઃખરૂપ છે. એ છે કળશટીકામાં. આહા..હા..!

**શ્રોતા :-** જે ભાવ સંસારમાં દાખલ કરે એને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ છે પણ આ તો આ છે. આ બીજું છે ટીકામાં. બધું યાદ રહે છે? ભાવ યાદ હોય. એ આમાં છે અંદર ટીકામાં, દુઃખમાં સમાય છે. ૪૮? ૪૫? દુઃખ જ છે એ આસ્રવ. કેમ?કે '**તે દુઃખમાં જ આકુળતા લક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આહા..હા..! સમજાણું કાંઈ? અધ્યવસાન પાઠ છેને,

अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।
जस्स फलं तं वच्चदि दुक्खं ति विपच्चमाणस्सस।।४५।।

આહા..હા..! એ અધ્યવસાય આદિ ભાવો એ દુઃખમાં જાય છે, એ દુઃખમાં પ્રવેશ (પામે છે), એ દુઃખ એનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મફળ. '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે. તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આહા..! કહો, સમજાણું કાંઈ? '**જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી...**' આહા..હા..! ૪૫. '**अट्ठविहं पि य कम्मं**' '**दुक्खं ति विपच्चमाणस्सस**' આહા..હા..! આઠેય કર્મનું ફળ તે દુઃખ છે. આનંદસ્વરૂપ ભગવાન

આત્માથી તે વિરુદ્ધ છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સત્યને સત્ય રીતે તો સમજ, કહે છે. આહા..! કઠણ લાગે પણ માર્ગ તો આ છે. આહા..હા..!

'**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે;...**' હવે એ દુઃખરૂપ છે એ સ્વભાવનું સાધન થાય? અરેરે..! એ આમ .. એ તો અંતરનું વ્યવહાર નિમિત્ત છે અને બહારનું નિમિત્ત. મૂળ તો નિમિત્તની જ વ્યાખ્યા છે બધી. અંતરનો વ્યવહાર સાધન કહો કે નિમિત્ત સાધન કહો; જેમ ઉપાદાનની પર્યાય પોતાથી થાય છે, પરથી નહિ. કુંભાર ઘડાનો કર્તા નથી, એમ વિકારી પર્યાયનો પર કર્તા નથી. એક વાત. અને પછી નિર્વિકારી ક્રિયામાં વિકારનું સાધન નથી, પર કર્તા નથી, સાધન કર્તા નથી. વ્યવહાર જેને સાધન કહ્યો એ આનો કર્તા નથી. આહા..હા..! જેમ પોતાથી જ ઘડો થયો છે, તેમ નિર્મળ અવસ્થા પોતાથી જ થઈ છે. સમજાણું કાંઈ? રાગની મંદતા છે માટે થઈ છે એમ નથી. આવી વાત છે. અરે..! ભાઈ! શું થાય?

'**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે; સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે.**' દુઃખરૂપ નથી એટલે સુખરૂપ છે. આહા..હા..! ભગવાન આત્મા જ સુખસ્વરૂપ છે. સુખના શોધનારને સુખ ત્યાં છે ત્યાં શોધવું. આહા..હા..! કોઈ પૈસામાં, આબરુમાં, પુણ્યના ભાવમાં, પાપના ભાવમાં સુખ શોધવા જાય ત્યાં છે નહિ કહે છે. આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ તો દુઃખરૂપ છે. એના ફળ તરીકે મળેલી સામગ્રી એ પણ દુઃખમાં નિમિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાદશાહ ચક્રવર્તી પદ મળ્યું એ શું છે? કહે છે. એ તો પ્રતિકૂળ ચીજ છે અને એનામાં રાગ થાય તે દુઃખરૂપ છે. આહા..હા..! ભગવાન આત્મા સુખરૂપ છે. જેને સુખ શોધવું હોય તો આત્મામાં છે ત્યાં શોધ. નથી પુણ્ય-પાપના ભાવમાં, નથી સંયોગી ક્રિયામાં કે સંયોગી સાધનમાં. સુખ ભગવાન આત્મામાં છે. આહા..હા..!

અનાકુળ આનંદ કીધોને? નિરાકુળસ્વભાવ સદાય જીવ જ છે. આહા..હા..! ત્રિકાળ નિરાકુળસ્વભાવ. નિરાકુળસ્વભાવ એટલે સુખસ્વભાવ. ધર્મ તે સુખરૂપ દશા છે, તો એ ધર્મની દશા સુખરૂપ નિરાકુળ ભગવાન છે ત્યાંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ આમાં? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સુખરૂપ દશા છે, આનંદરૂપ દશા છે. એ આનંદ અને સુખરૂપ દશા ત્રિકાળી સુખરૂપ ભગવાન આત્મા તેને આશ્રયે પ્રગટ થાય છે. વ્યવહારને આશ્રયે પ્રગટ થાય આનંદ? વ્યવહાર પોતે દુઃખરૂપ છે. આહા..હા..! એક વાત પણ બરાબર સત્ય બેસવી જોઈએને. એમ ને એમ મોટી-મોટી વાતું કરે તો એ ચાલે નહિ, બાપા! માર્ગ આ તો વીતરાગનો. આહા..હા..! અને વીતરાગનો માર્ગ છે તે વીતરાગની પર્યાયથી ધર્મ શરૂ થાય છે. એને રાગ છે માટે વીતરાગની પર્યાય થઈ એમ નથી. વીતરાગની પર્યાય વીતરાગસ્વરૂપ ભગવાન છે, એમ આનંદસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો, એ વીતરાગસ્વરૂપ ભગવાનને આશ્રયે વીતરાગી

પર્યાય થાય અને એને વીતરાગ માર્ગમાં ધર્મ કહેવામાં આવે. આહા..હા..! કહો, રતિભાઈ! આવી વાતું.

**શ્રોતા :-** કર્મના ઉદયનું શું પછી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ઘરે રહ્યું કર્મ. ઘરમાં ક્યાં છે અહીં? કર્મનો તો અભાવ છે આત્મામાં. આત્માની પર્યાયમાં કર્મનો અભાવ છે. આહા..હા..! ઉદય કર્મનો છે એ પર્યાયને અડતો નથી. ઉદય છે તે જડ છે. ચૈતન્યની પર્યાય છે—ભલે વિકારી કે અવિકારી, પણ ચૈતન્યની જાતની છે એમ. એ અપેક્ષાએ એ પર્યાયને ઉદય અડતો નથી અને ઉદયને આ પર્યાય અડતી નથી. એકબીજામાં તો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ મારગડા.. આહા..હા..! લોકોને નિશ્ચય એવું લાગે. એકાંત છે.. એકાંત છે.. એકાંત છે... એમ કરીને (કાઢી નાખે છે).

**શ્રોતા :-** નિશ્ચયમોક્ષમાર્ગ છે તે સદ્ભુતવ્યવહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાય છે.

**શ્રોતા :-** એ તો સદ્ભુતવ્યવહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ પર્યાય છેને સદ્ભુતવ્યવહાર, આત્મવ્યવહાર. આત્મવ્યવહાર નથી કહ્યું? પ્રવચનસાર. રાગાદિનો ભાવ એ તો મનુષ્યવ્યવહાર છે, સંસારવ્યવહાર છે એમ કહ્યું છે. આહા..હા..! ભગવાન આત્મા અનાકુળસ્વરૂપી પ્રભુ એને આશ્રયે અનાકુળ દશા (થાય) એ આત્મવ્યવહાર છે, આત્મવ્યવહાર છે. નિશ્ચય તો વસ્તુ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં લીધું. રાગાદિ એ મનુષ્યવ્યવહાર છે—સંસારવ્યવહાર છે અને આત્માને આશ્રયે થયેલી વિશુદ્ધિ એ આત્મવ્યવહાર છે. કારણ કે પરિણતિ છેને? ત્રિકાળ તે નિશ્ચય છે, એની પરિણતિ તે વ્યવહાર છે એ આત્મવ્યવહાર છે. રાગાદિ વ્યવહાર એ આત્માનો નહિ, એ તો મનુષ્યનો વ્યવહાર—સંસારનો વ્યવહાર છે. આહા..હા..! આવું છે, બાપુ! કોઈ માને, ન માને એની સાથે શું? ટીકા કરે ન કરે, વસ્તુ તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કીધું આ? અનાકુળસ્વરૂપ છે ભગવાન. એટલે? રાગાદિ દુઃખરૂપ છે. એ દુઃખને કારણે આનંદની દશા પ્રગટે? કે આનંદમૂર્તિ પ્રભુ છે એને કારણે આનંદ પ્રગટે? આહા..હા..! આ તો ધીરાના કામ છે, બાપુ! આહા..હા..! જેને જન્મ-મરણ આંટા ચોર્યાસીના (ટાળવા છે એને માટે વાત છે), ભાઈ! આહા..હા..! પાણીની વાત નહોતી કરી? ત્યાં .. પાણી ... જોયું. મુંબઈ. અહીંથી તે ઠેઠ.. ત્યાં નજીક જ દરિયો (હતો). ક્યાંયનું ક્યાંય. આહા..હા..! એક-એક બિંદુમાં પાણીમાં અસંખ્ય જીવ આખા દળ પડ્યા છે બધા. આહા..હા..! એને ક્યારે નીકળવું એમાંથી? આહા..! નીકળ્યો ત્યારે ઊંધો પાછો પડે. આહા..હા..! નીકળે ત્યારે નીકળવાનું શું ચીજ છે અંદરમાંથી? ઓલો તો બહાર નીકળ્યો બહારથી. હવે રાગમાંથી કેમ નીકળવું? એને શોધતો નથી. આહા..હા..! દરિયો એવો દરિયો. મેં પૂછ્યું હતું જરી એકવાર. બહુ આમ

ધોળા બગલા માછલા (ખાય). મેં કીધું, આ બગલા ક્યાં સુધી જાતા હશે? ઈ કહે, અહીંથી ૨૦ માઈલ સુધી ચાલ્યા જાય છે બગલા માછલા લેવા માટે. ઉપર ને ઉપર. દરિયા ઉપર. ગતિ કરતાં... કરતાં... કરતાં... આહા..હા..! અરે..! એને પાછું પરિણામમાં નરકે જાવું. પાપ તો ફક્ત આટલું ખાવા માટેનું. આહા..! એના ફળમાં પાછું તિર્યંચપણું છોડીને નરકમાં જાવું. આ પડદો બંધ થઈ ગયો, પડદો નરકનો ખુલ્યો. અરેરે..! એ માટે જલ્દી ચેતી લે. આહા..હા..! સમજાણું કાંઈ? પરિભ્રમણ ન રહે એવા ભાવને પ્રગટ કર. પરિભ્રમણ નથી જેમાં, પરિભ્રમણ અને પરિભ્રમણનો ભાવ જેમાં નથી, આહા..હા..! ત્યાં જા તો પરિભ્રમણ મટશે. સમજાણું કાંઈ? અને આ બીજાની સામું જો છો તું, બાપુ! બીજા કેમ કહે ન કહે એ તો એની રુચિ પ્રમાણે કહેશે. એને જેમ બેઠું હોય એમ કહેશેને? અને બેઠું એ તો આત્મા થઈ ગયો છેને. જે અભિપ્રાય બેઠો એ તો આત્મા એ જાતનો થઈ ગયો. હવે એને ક્યાં બિચારો ના પાડે? આહા..હા..!

અહીં તો કહે છે, સદાય અનાકુળ સુખરૂપ એવો ભગવાન આત્મા અને રાગ તે દુઃખરૂપ છે એનાથી ખસીને ત્રિકાળી આનંદના નાથ પાસે જા, તને આનંદ આવશે, તને સુખની ધારા આવશે, તને તૃપ્તિ થશે શાંતિની. આહા..હા..! સમજાણું કાંઈ? અને આચાર્યે તો એ જ કહ્યુંને? મુદ્રા. પાંચમી ગાથામાં નહિ? અનુભવમાં આનંદ જેની છાપ છે—મુદ્રા છે. આહા..હા..! એ તો અનાકુળ આવ્યું છેને. રાગથી ભિન્ન પડીને આત્માના આશ્રયે જે દર્શન થાય એમાં આનંદ છે, એમાં આનંદની મહોરછાપ છે. પાંચમી ગાથામાં છે મુદ્રા. પાઠમાં મુદ્રા છે સંસ્કૃત. એનો અર્થ છે. આહા..હા..! શું કહ્યું ઈ? આહા..હા..! '**સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ...**' છે. સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ છે. ત્યાં એકાંત થઈ ગયું પાછું. કથંચિત્ દુઃખરૂપ છે અને કથંચિત્ સુખરૂપ (એમ નથી). ભાઈ! એકાંત એમ ન કહેવાય. અનેકાંત તો આમ છે કે સુખરૂપ છે, દુઃખરૂપ નથી. એનું નામ અનેકાંત છે.

**શ્રોતા :-** એમણે પણ શાસ્ત્ર-અભ્યાસ કર્યો છે તો નથી જાણતો એ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી જાણતો. જાણે ભાઈ એમાં શું કરે? શાસ્ત્ર ભણ્યો હોય. અગિયાર અંગ ભણ્યો, પણ સ્વને આશ્રયે લાભ થાય એ દૃષ્ટિ છોડીને ભણ્યો બધું. વાંચન બધા અલેખે ગયા. આહા..હા..! જો તારે સુખી થવું છે, સુખના પંથ લેવા હોય તો, પ્રભુ! જ્યાં સુખ છે ત્યાં જા, એમ કહે છે. રાગમાં સુખ નથી, પુણ્ય-પાપના પરિણામમાં સુખ નથી. આ શેઠિયાઓ કહેવાય કે સુખી કહેવાય? એ તો અજ્ઞાનીઓ પૈસાના લોભીઓ-રાગીઓ એને પૈસાવાળાને સુખી માને. આહા..હા..!

**શ્રોતા :-** અમારા વેવાઈ સુખી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કહેતા હતાને તે દી એક ફેરી. નાનાલાલભાઈના વેવાઈ હતા વઢવાણના. અમારા વેવાઈ સુખી છે. બાપુ! સુખી કોને કહેવા? ભાઈ! નાનાલાલભાઈના

વેવાઈ હતા વઢવાણના. ચુડગર કો'ક હતું. અમારા વેવાઈ સુખી છે. ભાઈ! સુખની વ્યાખ્યા શું? ભાઈ! આ પૈસા મળ્યા છેને આબરૂ મોટી છે એ સુખ છે? આહા..હા..! એને આ મારા પૈસા અને એના વેપારમાં મશગુલ એવો ભાવ એ મમત્વ છે અને મમત્વ તો દુઃખરૂપ છે. અરે..! ત્યાંથી ખસીને શુભમાં આવે એ દુઃખ છે, એ આસ્રવ છે. આહા..હા..!

નિત્ય અનાકુળસ્વભાવ જીવ **'एव'**. એટલું. **'अदुःखं' 'दुःखानि खल्वास्रवाः, अदुःखं नित्यमेवानुकलस्वभावो जीव एव।'** એટલું છેને સંસ્કૃત? સંસ્કૃતમાં એટલું કર્યું છે. આહા..હા..! ભેદજ્ઞાન કરાવે છે. અહીં તો સમ કાળે દુઃખથી-આસ્રવથી કેમ નિવર્તે એની વ્યાખ્યા છે. જે કાળે ભગવાન આનંદનો નાથ અનાકુળસ્વભાવી જ્યારે દૃષ્ટિમાં લીધો તે જ કાળે દુઃખનો અભાવ થાય છે. જે કાળે ત્યાં સુખ પ્રાપ્ત થયું તે કાળે ત્યાં દુઃખનો અભાવ થાય છે. જે કાળે દુઃખનો અભાવ થાય તે કાળે ત્યાં સુખની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અંતરની વાતું છે, બાપુ! આહા..હા..! એને પહેલું નક્કી તો કરે. ગોટા-ગોટા ઊઠાવે. વીર્ય અને જ્ઞાનમાં એમ રાખે કે અહીંથી લાભ, અહીંથી લાભ તો વીર્ય અને જ્ઞાન ત્યાં રોકાઈ જશે; પણ જ્ઞાનમાં અને વીર્યમાં એમ નિર્ણય કરે કે આ બાજુ જતાં જ આનંદ થાય, રાગથી કોઈ દી આનંદ થાય નહિ તો એની ગતિ ત્યાં રોકાઈ જાય પર તરફના વલણની, સ્વ તરફનું વલણ રહે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ...'** એ તો વાળો શબ્દ છેને એટલે મેં જોયું સંસ્કૃત. **'नित्यमेवानुकलस्वभावो जीव'** એમ છેને? **'नित्यमेवाकुलस्वभावत्वादुःखानि खल्वास्रवाः अदुःखं नित्यमेवानुकलस्वभावो जीव'** બસ આટલું. પછી તો સમજાવ્યું. સુખવાળો નથી. સુખસ્વરૂપ જ છે એમ કહેવું છે અહીં. સમજાણું? સુખવાળો તો સુખગુણ અને આત્મામાં ભેદ પડી જાય છે. સુખસ્વરૂપ જ ભગવાન છે. અનાકુળ આનંદનો નાથ ચિત્ પિંડ. આહા..હા..! આહા..હા..! આસ્રવ છે તે દુઃખ છે, ત્યારે ભગવાન આત્મા સુખસ્વરૂપ છે એમ કહેવું છે. એને અંદરમાં જઈને જો અને પકડ. આહા..! તને આનંદ આવશે. ધર્મ થાય તેને આનંદ આવશે. ધર્મ થાય એને દુઃખ લાગશે એમ નથી. સમજાણું કાંઈ? લોકો એમ કહે છેને? ચારિત્ર લોઢાના ચણા મીણને દાંતે ચાવવા, બાપુ! ભાઈ! શું તું કહે છો? ચારિત્ર એવું છે ખડગની ધારાએ ચાલવું અને મીણના દાંતે લોઢાના ચણા ચાવવા. ભાઈ! તું શું કહે છો? એવું દુઃખરૂપ છે ચારિત્ર? સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** એ ભૂતકાળ ... માટે કહેવાય કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભાષા એમ બોલાય. 'કષ્ટથી' ભાષા આવે છેને અષ્ટપાહુડમાં. કષ્ટ એટલે પુરુષાર્થ છે ત્યાં. શબ્દ કષ્ટ છે. ખબર છેને. પુરુષાર્થથી કામ લે. શાતાશિળયું છોડી દે અને અનુકૂળતા જ્યારે નહિ રહે ત્યારે શાતાશિળિયામાં જો રહી ગયો હશે તો દુઃખ થઈ જશે તને ખરે ટાણે. પ્રતિકૂળતા આવશે ત્યારે દુઃખ થશે તને. માટે શાતાશિળયાપણું છોડી

દે, સમજાણું? અને સ્વભાવનું કષ્ટ કર—સ્વભાવનો પુરુષાર્થ કર એમ કહે છે. એવો શબ્દ છે. કષ્ટ શબ્દ છે ખબર છેને. આહા..હા..!

એમ કે સુખશિલિયાપણે જો રહ્યો અને દુઃખને સહન કરવાની શક્તિ પ્રગટ ન કરી તો દુઃખને કાળે હણાઈ જાઈશ. ઘેરાશે પછી આખું શરીર ને.. ઓહો..! એમાં જે હાડનું દુઃખ થાય છેને? શું કહેવાય એ? હાર્ટફેઈલ. આહા..હા..! એકવાર જોયું હતું ત્યાં વઢવાણ. ચુનીભાઈ કેવા? દાદભાવાળા એની જોડે ઘર છે એનું. ચુનીભાઈ આમ રહે છે અને આમ ઘર હતું. એના ભાઈ રહે છે આ બાજુ. ૮૯ની વાત છે. તે દી ત્યાં હતાને? ચોમાસુ ૮૨ની વાત છે. ૮૨ની સાલની વાત છે. આમ બધા સગા ભેગા થયેલા. કારણ કે લોહી જામી જાય અને શ્વાસ પછી ગતિ ન કરે. કહો, નવરંગભાઈ! ૮૨ની વાત છે. ૫૦ વર્ષ થયા. પણ એ દાદભાનું આ ગામ છે આ બાજુ બીજાનું. એના કુટુંબી જ હશે. હરજીભાઈ? ના, હતો આ બીજો હરજીભાઈ. .. હતો કોક બીજાની. હરજીભાઈને તો ઓળખતા અમે, પણ આ હતું બીજાને. આ તો ૫૦ વર્ષ થઈ ગયા. ચોમાસુ ત્યાં હતુંને. ત્રણેય અપાસરાવાળા હતાને વ્યાખ્યાનમાં. પછી છેલ્લે મંગળિક સાંભળવા મહારાજને બોલાવો. આહા..હા..!

કહે છે કે બાપુ! જ્યારે એવા ભીંસમાં આવી જઈશ અને સુખ પ્રગટ્યું નહિ હોય અને શાતાશિલિયામાં રહીશ તો પીડાઈ જઈશ. આહા..હા..! માટે પુરુષાર્થ કરીને સ્વભાવ તરફ ઢળી જા. આહા..હા..! એમ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૬, શનિવાર, તા. ૧૭-૦૭-૧૯૭૬, ગાથા-૭૪, પ્રવચન નં. ૧૨૮

૭૪ ગાથા, સમયસાર, કર્તાકર્મ. પાંચ બોલ આવ્યા છે. પુણ્ય અને પાપના ભાવ એ ઘાતક છે અને આત્માની પર્યાય ઘાત થવાલાયક છે, એવો એની સાથે સંબંધ છે. એ પહેલો બોલ આવ્યો. બીજો બોલ એમ આવ્યો કે શુભાશુભભાવ વધતા-ઘટતા છે, વેગે ચડે છે, કોઈ વધે કે ઘટે. ભગવાન આત્મા તો ધ્રુવ છે. એ વધે-ઘટે તે અધ્રુવ છે. એમ બેના લક્ષણોને ભિન્ન પાડી અને ભેદજ્ઞાન કરવું એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે ત્રીજું, પુણ્ય અને પાપના ભાવ ક્રમે-ક્રમે ઊપજે છે. શુભ વખતે અશુભ નહિ અને અશુભ વખતે શુભ નહિ. એથી તેને અનિત્ય કહ્યા. ભગવાન આત્માનો સ્વભાવ નિત્ય છે. એ બેના લક્ષણોને ભિન્ન જાણી

અને આત્માનું જ્ઞાન કરે એને સમ્યગ્દર્શન અને ધર્મ થાય. ચોથો બોલ એ કહ્યો અશરણ છે. એમ આવ્યુંને? કેમકે રાગાદિ ભાવ છે એ નિમિત્તના ઉદયના લક્ષે થયેલો ભાવ એ ઉદય ઝરતાં એ નાશ થઈ જાય છે. એ શુભભાવ શરણ નથી. આહા..હા..! શરણ તો ભગવાન આત્મા આનંદદાતા ધ્રુવ પોતે એ શરણ છે. આ તો દુઃખ છે. એ પાંચમામાં આવે છે. શુભભાવ તે દુઃખ છે. અહીં તો શુભાશુભ બેયની વાત છે. અટક્યો છે વાંધો ત્યાંને. શુભભાવ તે દુઃખ છે અને ભગવાન આત્મા સુખનું કારણ છે, એ દુઃખનું કારણ નથી. પાંચ થયા.

છઠ્ઠો. '**આસ્રવો આગામી કાળમાં...**' પુણ્ય-પાપના વર્તમાન ભાવ એ '**આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા...**' આહા..હા..! '**એવા પુદ્ગલપરિણામના હેતુ...**' એટલે શું કહે છે? વર્તમાન પુદ્ગલપરિણામના હેતુ પુણ્ય અને પાપભાવ. એ આગામી એ પુદ્ગલ જે બંધાય છે ભવિષ્યમાં એ દુઃખરૂપ છે. એનો ઉદય દુઃખરૂપ છે અને પુણ્યના બંધન તરીકે પુણ્ય બંધાણું અને એના ફળ તરીકે અનુકૂળ સંયોગ મળે, એના ઉપર એનું લક્ષ જશે તે દુઃખ છે, રાગ છે. આહા..હા..! સમજાણું? '**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામ...**' વર્તમાન જે પુદ્ગલપરિણામ બંધાય છે એનો આ હેતુ છે. એ પુદ્ગલપરિણામ બંધાય એ કેવા છે? ભવિષ્યમાં દુઃખને ઉત્પન્ન કરનારા છે.

**શ્રોતા :-** પુદ્ગલપરિણામ તો પર છે, એ ક્યાંથી દુઃખરૂપ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે એનો અર્થ જ એનું લક્ષ—અનુકૂળતા કે પ્રતિકૂળતા મળશે એટલે એનું ત્યાં લક્ષ જશે એટલે રાગ થાશે, દુઃખ થાશે. ઝીણી વાત છે, ભાઈ! અહીં તો ત્યાં સુધી જરી વર્ણવે છે કે શુભભાવ એ ભવિષ્યમાં દુઃખ આપનારા એવા પુદ્ગલપરિણામનો હેતુ છે.

**શ્રોતા :-** તો વર્તમાનમાં પણ દુઃખ અને ભવિષ્યમાં પણ દુઃખ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પહેલું આવી ગયું. સમજાણું કાંઈ?

શુભભાવ અને અશુભ બેય છે, પણ આ વાંધા અટકે છે શુભમાંને? શુભ સાધન છે એવું આવે. એવું આવે તે શું કરે? રાગ સાધન છે સ્વનું? રાગની દશા, પણ રાગની દિશા પર તરફ છે અને સ્વ તરફ વળવું એ કાંઈ પર તરફ વળે તો સ્વ તરફ વળે એમ છે? આહા..હા..! ઝીણી વાત, ભાઈ! બહુ આકરું અત્યારે.

'**આસ્રવો...**' પુણ્ય અને પાપના ભાવો વર્તમાન. એક વાત. એ '**આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ...**' શું કહ્યું એ સમજાણું? વર્તમાન શુભાશુભભાવ એ ભવિષ્યમાં દુઃખને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલના પરિણામ, એનો હેતુ છે ઈ. આહા..હા..! દુઃખફળ છે. આહા..હા..! ઓલામાં તો દુઃખ કહ્યું હતું પહેલું પાંચમામાં. હવે અહીં તો ભવિષ્યમાં પણ દુઃખ દેનારા છે. વર્તમાન શુભભાવ રાગ છે, દુઃખ છે અને એના પુદ્ગલપરિણામના હેતુ એ થશે શુભભાવ. બંધનમાં. પુદ્ગલના પરિણામના હેતુ અને

એ પુદ્‌ગલપરિણામ ભવિષ્યમાં દુઃખના દેનારા. એ તો ગાથામાં આવ્યુંને એ ૪૫માં એ અષ્ટકર્મ. દુઃખફળ છે આઠેય કર્મનું. ૪૫. અહીંયાં તો વિશેષ સ્પષ્ટ શું કર્યું છે કે શુભભાવ છે એ ભવિષ્યમાં દુઃખના ઉત્પન્ન કરનારા એવા જે પુદ્‌ગલના પરિણામ એનો આ હેતુ છે. સમજાણું કાંઈ? શુભભાવ આસ્રવ એ ભવિષ્યમાં દુઃખનું કારણ થાય એવા વર્તમાન પુદ્‌ગલપરિણામનો એ હેતુ શુભ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે એનાથી શુભથી પુણ્ય બંધાય એ પુણ્યબંધના પુદ્‌ગલના પરિણામનો હેતુ શુભ છે. એ પુદ્‌ગલના પરિણામ જે છે એ ભવિષ્યમાં દુઃખના ઉત્પન્ન કરનારા એટલે કે એનો ઉદય આવશે એ પોતે દુઃખ છે અને એના ફળ તરીકે ચાહે તો વીતરાગની વાણીને સાંભળવા મળે તીર્થંકર, પણ એનું લક્ષ ત્યાં જશે તો રાગ થાશે, દુઃખ થાશે. એય..! આહા..હા..!

**શ્રોતા :-** વ્યાખ્યાન અમારે સાંભળવું કે ન સાંભળવું? આપે જ કહ્યું કે એ દુઃખનું કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી વાત છે, ભાઈ!

**શ્રોતા :-** એ વાત દઢ કરવા માટે સાંભળવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કહ્યું? ભાઈ! **'આસ્રવો...'** એટલે વર્તમાન પરિણામ— શુભાશુભભાવ. એ **'આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલના પરિણામ...'** આ શુભભાવ આકુળતાને ઉત્પન્ન કરનારા એ તો અત્યારે આકુળતા છે, પણ એ પુદ્‌ગલપરિણામ બંધાય છે એનો હેતુ છે. એ પુદ્‌ગલપરિણામ કેવા છે? કે ભવિષ્યમાં દુઃખ ઉત્પન્ન કરશે. કારણ કે એનાથી સંયોગ મળશે અને સંયોગ ઉપર લક્ષ જશે તો એને રાગ જ થશે. આહા..હા..! એ વસ્તુનું સ્વરૂપ એમ છે. પહેલું તો દુઃખરૂપ કીધું. હવે આ ભવિષ્યમાં પણ દુઃખરૂપ (કીધું). ઝીણી વાત છે, ભાઈ!

શુભભાવ એ વર્તમાન પુદ્‌ગલપરિણામના હેતુ, પણ પુદ્‌ગલપરિણામ ભવિષ્યમાં દુઃખનું કારણ. આહા..હા..! સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આવી વાત છે, ભાઈ! હવે એને કચરડી-મચરડીને સાધક બનાવવો વ્યવહારને. એ પહેલું આવે અને એ કરે એ સાધક થાય. અહીં તો એ કહે છે, સમ્યગ્દૃષ્ટિને પણ શુભભાવ આવે એ શુભભાવ વર્તમાન પુદ્‌ગલ બંધના કારણ છે અને એ પુદ્‌ગલ જે બંધાણા એ ભવિષ્યમાં દુઃખનું કારણ છે. કારણ કે એનો ઉદય આવશે એ દુઃખ છે અને ઉદયને લઈને અનુકૂળ સંયોગો મળશે પુણ્યને લઈને. શુભની અત્યારે વાત લેવી છે. તો અનુકૂળ સંયોગો ઉપર લક્ષ જશે એટલે રાગ જ થશે. આહા..હા..! ઓછો-વત્તો નહિ, પણ રાગ થાશે, દુઃખ થાશે. એમ અહીં તો સિદ્ધાંત એ છે.

અશુભરાગ હોય એ વર્તમાન અશાતા આદિ પુદ્‌ગલના પરિણામનો હેતુ અને એ પુદ્‌ગલના પરિણામ ભવિષ્યમાં દુઃખનું કારણ. એટલે પ્રતિકૂળ સંયોગ મળશે એના ઉપર લક્ષ જશે તો દ્વેષ જ થાશે. પહેલા ઓલા અનુકૂળની વાત કરી. સમજાણું કાંઈ? અશુભભાવ એ વર્તમાન

પુણ્યના પરિણામરૂપી પુદ્‌ગલના પરિણામ એનો હેતુ. પુદ્‌ગલના પરિણામ ભવિષ્યમાં દુઃખનું કારણ. કારણ કે અશાતાથી બંધાયેલું (હોવાથી) એને પ્રતિકૂળ સંયોગ મળશે. ઉદય આવશે ત્યારે દુઃખ અને એને સંયોગો પ્રતિકૂળ મળશે ત્યાં લક્ષ જશે તો દ્વેષ અને દુઃખ (થશે); અને શુભભાવને લઈએ તો શુભભાવ વર્તમાન શાતા વેદનીય આદિ પુદ્‌ગલના પરિણામને નિમિત્ત. એ શાતાવેદનીય ભવિષ્યમાં દુઃખનું કારણ. એટલે કે તેનાથી અનુકૂળ સાધન મળે એ અનુકૂળ મળવામાં લક્ષ જશે, સંયોગી લક્ષ જશે તો તેને રાગ થાશે અને દુઃખ જ થશે. આહા..હા..! આવી વાતું ભારે. કહો, સમજાય છે કાંઈ? આવી વાત છે.

હવે એને કોઈ ઠેકાણે વ્યવહાર શુભરાગને સાધક કહે, પહેલું એ આવે, પછી આ થાય એમ પણ આવે; અને બીજે ઠેકાણે દ્રવ્યસંગ્રહમાં એમ આવ્યું કે નિશ્ચય અને વ્યવહાર એકસાથે આવે છે. એટલે? કે જ્યારે સ્વરૂપ શુદ્ધ છે એનું જ્યાં ધ્યાન થાય છે અંદરમાં ત્યારે એને નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટે છે સ્વના આશ્રયનો. એમાં હજી રાગ બાકી રહી ગયો એને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ અપાય છે. આહા..હા..! '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' ૪૭ ગાથા છે. ૫૦માં ૩ ઓછા. દ્રવ્યસંગ્રહ. આહા..હા..! એટલે? કે નિશ્ચય અને વ્યવહાર—નિશ્ચય વીતરાગી પર્યાય છે, વ્યવહાર એ રાગની પર્યાય છે—બેય ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એવું જુઓને કહ્યું. એટલે કે દ્રવ્યસ્વભાવ ઉપર આશ્રય જતાં એને નિર્મળદશા પ્રગટ થાય તેટલો નિશ્ચયમોક્ષમાર્ગ છે. તે વખતે ધ્યાનમાં છે હજી પણ રાગ બાકી છે એને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવાય છે. છે બંધનું કારણ, પણ નિશ્ચયની સાથે સહચર દેખીને નિમિત્તનો ઉપચાર કરીને તેને વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો છે. આવી વાત છે. આહા..હા..! અરેરે..! આ વાત ક્યાં કહેવી ઝઘડા કરે ઝઘડા, બાપુ! આ તો ઝઘડા ટાળવાની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

શું કહ્યું ઈ? '**આસ્રવો...**' છઠ્ઠો બોલ ઝીણો છે વધારે. પાંચમામાં આસ્રવો દુઃખરૂપ વર્તમાન છે એટલું કહ્યું. હવે છઠ્ઠામાં એ આસ્રવો ભવિષ્યમાં દુઃખનું કારણ છે એમ કહ્યું. કેમ? કે જે પુણ્યના ભાવ થાય છે એ વર્તમાન તો શાતાવેદનીય આદિ પુદ્‌ગલપરિણામનો હેતુ (છે) પણ એ શાતાવેદનીય છે... એમ કીધુંને જુઓને. '**આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામ...**' એ આકુળતાના ઉત્પન્ન કરનારા કોણ? કે પુદ્‌ગલના પરિણામ. એનો હેતુ વર્તમાન શુભભાવ. સમજાણું કાંઈ?

શુભભાવથી શાતાવેદનીય બંધાયા અને એનો ઉદય આવે તો દુઃખ છે અને એનાથી પૈસા મળ્યા, સ્ત્રી, કુટુંબ આદિ મળ્યું એ બધા ઉપર લક્ષ જશે તો એને અશુભરાગ જ થશે એટલે દુઃખ થશે. આહા..હા..! અને શુભભાવથી પુદ્‌ગલના પરિણામ જે ભવિષ્યમાં દુઃખનું કારણ છે એના પુદ્‌ગલપરિણામનો હેતુ આ શુભભાવ છે. આહા..હા..! શાતાવેદનીય બંધાય, આહા..હા..! યશોકીર્તિ બંધાય એવા જે પુણ્યના ભાવ.. પ્રકૃતિ છેને પુણ્યની ૪૨?

એ પ્રકૃતિ ૪૨ છે. આહા..હા..! ત્યારે કહે, શુભભાવથી તીર્થંકરગોત્ર બંધાયને. એ ભવિષ્યમાં દુઃખરૂપ ક્યાં થવાનું છે? પણ એ તીર્થંકરગોત્રનું બંધન છે એ શુભભાવનો નાશ કરીને કેવળ પામશે ત્યારે એનો ઉદય આવશે. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એને અહીં તો એમ જ કહ્યું કે એ ભાવ ભવિષ્યમાં દુઃખનું કારણ છે. એય..! તીર્થંકરપ્રકૃતિ બંધાણી એ પુદ્ગલપરિણામનો હેતુ શુભભાવ છે આ અને એ પ્રકૃતિ ભવિષ્યમાં દુઃખનું કારણ છે, પણ એને નથી હવે. દુઃખનું કારણ અહીં ભલે કહો, પણ એને તો જ્યારે એ પ્રકૃતિનો ઉદય આવશે ત્યારે કેવળજ્ઞાન થાશે ત્યારે ઉદય આવશે. સમજાણું કાંઈ? આહા..હા..! અને અહીંયા નીચલી દશાવાળાને તો શુભભાવ થયો એ વર્તમાન પુણ્યપરિણામ (થયા) તો તેને કારણે તે કાળે પરમાણુમાં થવાના હતા. શાતાવેદનીય આદિ બાંધવાનું પરિણામ પરમાણુની પર્યાયમાં તે કાળે તે રીતે કર્મની પર્યાય થવાની હતી. એનું ઉપાદાન એનું. એને આ શુભપરિણામ નિમિત્ત. એ શુભપરિણામથી જે બંધાયેલું આ (પુદ્ગલ કર્મ), એ ભવિષ્યમાં દુઃખનું કારણ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! ત્રણ પટ્ટી વાત છે. ધીમેથી તો કહેવાય છે. ફોડ પાડીને તો કહેવાય છે. આહા..હા..! આઠેય કર્મનું ફળ દુઃખમાં સમાવેશ પામે છે. આવ્યું હતુંને ૪૫માં? આહા..હા..! કેમકે સંયોગોમાં ચાહે તો અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, તે બાજુ લક્ષ જતાં, પરની દિશા તરફ જતાં એને રાગ જ થશે. આહા..હા..! પુદ્ગલના પરિણામમાં અનુકૂળ સાધન મળે માટે એ સાધન છે એમ નથી, એમ કહે છે. એ તો દુઃખનું સાધન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો.

એમ કે કોઈ એમ કહેને કે લક્ષ્મી મળે, સાધન હોય સરખું હોય તો નિવૃત્તિ મળે ધર્મને માટે. એય..! આ રળવું મટે ત્યાં દુકાને. લાખ-બે લાખ રૂપિયાનું વ્યાજ આવે. એટલી પેદાશ હોય તો એને નિવૃત્તિ મળે ધર્મ કરવા માટે. એટલું સાધન થાય કે નહિ? પણ એનો અર્થ શું? નિવૃત્તિ તો પોતે રાગ મંદ કરીને લે ત્યારે નિવૃત્તિ કહેવાય. ઓલું મળ્યું છે માટે નિવૃત્તિ એમ ક્યાં છે? શેઠ! આ તમારે પૈસા-બૈસા મળ્યા માટે નિવૃત્તિ લેવાય એમ નથી એમ કહે છે. ભઈ! એ શેઠિયા કહેવાય બુલંદશહેરના. છાપ એની ગામમાં બહુ મોટી છે. આહા..હા..! એ તો પૂર્વના શુભભાવનું કોઈ પુદ્ગલ બંધાણું હોય એનો આ સંયોગ છે, પણ સંયોગ ઉપર લક્ષ જાય છે એટલે કાંઈ જ્ઞાતા તરીકે એના પરિણામ નહિ થાય ત્યાં, એમ કહે છે. રાગ થશે, ભાઈ! આહા..હા..! ગજબ વાત છે. સમયસારની શૈલી દિગંબર સંતોની શૈલી ગજબ વાત! ઓહોહો..! સત્યને સિદ્ધ કરવાની રીત... સમજાણું કાંઈ? હો, વ્યવહાર હોય ખરો, પણ એ વ્યવહાર શુભરાગ છે.

એ કહ્યું હતું નહિ આમાં? પરમાત્મપ્રકાશમાં છે. છે એક ગાથા. નહિ? 'ભાવનાકે બલસે મોક્ષ પ્રાપ્ત કિયા જાતા હૈ ઔર નિશ્ચયરત્નત્રયકા સાધન વ્યવહારમોક્ષકી ભાવનાકે બલસે સ્વર્ગ મિલતા હૈ.' બીજું છે ત્યાં રાગ આવે છે હોં. રાગ છે ક્યાંક હોં! શુભરાગ તે.. એમ છે.

નિશ્ચય તે વીતરાગ. ૨૮૮. ત્યાં હશે. જુઓ, '**નિશ્ચયકા નામ વીતરાગ હૈ, વ્યવહારકા નામ સરાગ હૈ.**' છે? '**નિશ્ચયકા નામ વીતરાગ હૈ.**' જુઓ, અહીં એમ લીધું છે કે '**પરમ આરાધને યોગ્ય હૈ. તથા શુદ્ધાત્મજ્ઞાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ** (વીતરાગસમ્યક્ત્વ) **અથવા વીતરાગ સર્વજ્ઞદેવકે ઉપદેશે હુએ ષટ્ દ્રવ્ય, સાત તત્ત્વ, નૌ પદાર્થ ઔર પાંચ અસ્તિકાય ઉનકા શ્રદ્ધાનરૂપ સરાગસમ્યક્ત્વ યહ નિશ્ચય-વ્યવહાર દો પ્રકારકા સમ્યક્ત્વ હૈ. નિશ્ચયકા નામ વીતરાગ હૈ, વ્યવહારકા નામ સરાગ હૈ.**' હવે સરાગને નિશ્ચયનું સાધક કહેવું એ તો ઉપચારના કથન છે. અહીં તો સરાગપણું વર્તમાન છે એ ભવિષ્યમાં દુઃખનું કારણ એવા પુદ્‌ગલપરિણામનો હેતુ છે. સ્વર્ગનું સુખ... સમજાણું કાંઈ? ૨૮૮, પરમાત્મપ્રકાશ, ગાથા-૧૪૩. ૧૪૩ બીજા ભાગની. બીજા ભાગની. બે ભાગ છેને પરમાત્મપ્રકાશમાં.

અહીંયાં તો ક્યાંક વ્યવહારરત્નત્રય સાધક કહ્યું અને એને રાગ કહ્યો. એ સાધક તો ઉપચારથી કથન કર્યું છે. હોય છે એટલું જ્ઞાન કરાવવા વાત કરી. સાધક બે પ્રકારના નથી, સાધકનું નિરૂપણ બે પ્રકારે છે. જેમ બે પ્રકારનો મોક્ષમાર્ગ નથી. બે પ્રકારનો મોક્ષમાર્ગ કહો કે કારણ કહો (એનું) નિરૂપણ બે પ્રકારે છે. એમ સાધક બે પ્રકારે નથી. સાધક તો એક જ પ્રકારે છે, પણ એનું નિરૂપણ બે પ્રકારે છે. એથી રાગને વ્યવહારસાધક તરીકેનો આરોપ આપ્યો, છે નહિ ઈ. આહા..હા..! જેમ નિશ્ચયસમ્યગ્દર્શનમાં રાગ બાકી છે એને વ્યવહારસમકિત કહ્યું. એ કાંઈ સમકિતની પર્યાય નથી, છતાં એને આ સમકિતનો ત્યાં આરોપ આપ્યો. યથાર્થપણું નથી, અયથાર્થપણું છે, એમ. સહચર દેખીને સમ્યગ્દર્શન નિશ્ચય થયું એને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ સાથે છે, સહચર દેખીને નિમિત્તથી ઉપચારે તેને વ્યવહાર કહ્યો. છે રાગ એ સમ્યગ્દર્શનની પર્યાય વ્યવહારે નથી. પર્યાય તો રાગની છે. આહા..હા..! પણ નિશ્ચયસમ્યગ્દર્શન સ્વનો આશ્રય લઈને જે થયું એ વખતે જે રાગ બાકી છે, (એને) સહચર—સાથે દેખીને એને સમકિતનો આરોપ કર્યો. એ કથન બે પ્રકારે છે. વસ્તુ (બે) પ્રકારે નથી. ત્યાં ના પાડી છે, મોક્ષમાર્ગ પ્રકાશક.

મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે, મોક્ષમાર્ગ બે પ્રકારે નથી; એમ સાધનનું કથન બે પ્રકારે છે, સાધન બે પ્રકારે નથી. આહા..હા..! એમાં લખ્યું છે. સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું આ લક્ષણ જાણો. બહુ સરસ વાત છે. સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું આ લક્ષણ જાણો. જ્યાં જ્યાં વ્યવહાર હોય ત્યાં ત્યાં આ પ્રમાણે સમજવું. જોડે સહચર દેખી પણ નિશ્ચય હોય એને. એકલા વ્યવહારવાળા અત્યારે એમ કહે છે કે અમારે વ્યવહાર કરતાં-કરતાં પરંપરા મોક્ષ થાશે, એની તો અહીં વાત જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું વીતરાગ માર્ગમાં. વીતરાગપણું પ્રગટે સમ્યગ્દર્શનમાં સ્વને આશ્રયે ત્યાં બાકી રહેલા રાગને વ્યવહાર સમકિત કહ્યું એ સમકિતની પર્યાય છે? મિથ્યાત્વ પર્યાય પણ એ તો નથી. શ્રદ્ધાની ઊલટી પર્યાય પણ નથી, સવળી

પર્યાય પ્રગટી સ્વને આશ્રયે તો રાગને સમકિત કહ્યું એ સમકિતની વિપરીત પર્યાય પણ નથી, એ તો ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. સમજાણું કાંઈ? આવું છે.

એથી અહીં કહે છે. છઠ્ઠા બોલમાં આટલું બધું ગંભીર છે. '**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા...**' કોણ? જે પુદ્‌ગલપરિણામ બંધાય તે. એ પુદ્‌ગલપરિણામ તે ભવિષ્યમાં આકુળતાનું કારણ (છે). કારણ કે એનું ફળ આવશે સંયોગ. સંયોગ ઉપર લક્ષ જશે તો રાગ જ થાશે. સ્વભાવનો આશ્રય કરશે તો વીતરાગતા થાશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીંખી નાખ્યો ભાઈ, વીંખી નાખ્યો.

ઓલો દાખલો આપ્યો છેને, ગોળના રવા હોય અને જોડે તળાયું પડી હોય તળાયું અને ઓલા રવા ઓગળીને તળાયું ગળી થાય ગળી પાણીથી. પછી ડાધ્યા કૂતરા આવે, ઓલું ગળ્યું ચૂસવા માટે ચુંથી નાખે તળાઈને. એમ આ રાગની મીઠાશવાળા વીતરાગમાર્ગને ચૂંથી નાખ્યો છે એણે. સૂવાની શૈયા છે ઈ, છતાં ગોળના રસે પાતળી થઈ ગઈ. ગોળનો રવો આવેને? રવો ગોળ. ઓગળીને પલળી જાય એ. પછી આમ નાખે ઓલામાં તો કૂતરા આવ્યા ડાધ્યા. ઓલો રસ ચૂસવા માટે તોડી તોડીને... અરે ભાઈ! એ સૂવાની શૈયાને એણે તોડી નાખી. એમ ભગવાન આત્મા સ્વાશ્રયમાં જે આવવાનું છે એ વસ્તુસ્થિતિ. એમાં પરાશ્રય જે રાગ થયો એને એમ ચૂંથવા માંડે કે આ ધર્મ છે અને આનાથી થાય અને આમ થાય. વસ્તુ ફરી જશે, બાપુ! સમજાણું કાંઈ? આહા..હા..! આ છઠ્ઠો બોલ આવો છે જરી. દેવીલાલજી! આહા..હા..! છઠ છે. સમવસરણની તિથિ છે. સમવસરણની તિથિ છેને. વરસાદ નહિ હોય તો ત્યાં ભક્તિ થાશે.

'**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે (અર્થાત્ દુઃખ જેમનું ફળ છે એવા છે);...**' આહા..હા..! '**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી...**' દેખો, જીવ એને કહીએ. જ્ઞાયકસ્વરૂપ, આનંદસ્વરૂપ પ્રભુ એ તો '**સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ...**' તીર્થંકર પ્રકૃતિના બંધમાં એ જીવ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ...**' સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ. તીર્થંકરપ્રકૃતિ બંધાય એનો હેતુ જીવ નથી. એ તો પુણ્ય છે, શુભભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો ઘણો નિર્મળ, ઘણો સ્વચ્છ. પોતાની સ્વાર્થબુદ્ધિએ એના અર્થ ઊંધા કરીને ચુંથી નાખ્યો. આહા..હા..!

ભગવાન આત્મા જ. આત્મા જ એમ. એટલે આસ્રવ તો દુઃખનું કારણ થયું. હવે '**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ...**' ૧૪૮ પ્રકૃતિ જે છે કર્મની એ પુદ્‌ગલપરિણામનો જીવ અહેતુ છે. આહા..હા..! જીવને લઈને કોઈ પ્રકૃતિ બંધાય એવું છે નહિ. આહા..હા..! તીર્થંકરપ્રકૃતિ બંધાય એ જીવને લઈને નહિ. જીવ તો દરેક પુદ્‌ગલના પરિણામનો અહેતુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જીવ જ સમસ્ત પુદ્ગલપરિણામનો...**' એમ લીધું છેને?

એમાં કોઈ ફલાણું તીર્થંકરપ્રકૃતિ અને આહારાકશરીર બંધાય, સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાય એમાં જીવનો હેતુ છે (એમ નથી કહ્યું). જીવ તો જ્ઞાયકભાવ છે. આહા..હા..! એ કોઈપણ પ્રકૃતિના બંધનો હેતુ આત્મા નહિ. આહા..હા..! એ તો ૧૦૫માં કહ્યું છેને? ૧૦૫ કર્તાકર્મ નહિ? ૧૦૫ ગાથામાં સમયસાર. પરિણામ.. છેને? ૧૦૫ છેને.

जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।
जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।।१०५।।

ઉપચારમાત્ર છે. જોયું! '**પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ, વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે;...**' આહા..હા..! '**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ...**' આ સિદ્ધ કરવું હતું. બધા પુદ્‌ગલપરિણામને જીવ નિમિત્ત નથી, એમ કીધુંને? જ્ઞાયકભાવ. એ આ શબ્દ છે જુઓ, '**આ લોકમાં...**' ૧૦૫. '**ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં...**' ભગવાન આત્મા સ્વભાવ એવો એનો છે કે પુદ્‌ગલકર્મમાં નિમિત્ત થાય નહિ બંધનમાં. '**અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં, પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, તેથી પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું...**' એ ઉપચાર છે. જડને શું કરે? પણ ઓલું અજ્ઞાનથી નિમિત્તપણું થયું એથી એને કહ્યું કે પુદ્‌ગલકર્મનો કર્તા, એ ઉપચારથી કહ્યો છે, ખરેખર તો એના જ્ઞાનપરિણામનો કર્તા છે.

અહીં તો મારે તો આટલું સિદ્ધ કરવું છે કે '**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ...**' એટલું. આહા..હા..! કોઈપણ પ્રકૃતિના બંધને ભગવાન આત્મા નિમિત્ત નથી. એ અહીં (સિદ્ધ કરવું છે). આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાયકભાવ નિમિત્ત કેમ થાય? આહા..!

**શ્રોતા :-** બંધમાં હેતુભૂત મિથ્યાદૃષ્ટિ તો ખરોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આત્મા નહિ. એના અજ્ઞાનપરિણામ. એ આત્મા નહિ. આ અજ્ઞાનપરિણામ એ આત્મા નથી, અનાત્મા છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને અહીં ક્યાં લેવાની વાત છે.

અહીં તો આત્મા, પુદ્‌ગલપરિણામ કોઈપણ પ્રકારના બંધાય એમાં જીવ નિમિત્ત નથી. જીવપણું એમાં નિમિત્ત નથી. જીવ તો જ્ઞાયકભાવ છે, એ કેમ નિમિત્ત હોય પરમાં? એમ કહેવું છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે, જુઓને, '**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે...**' દુઃખફળ નથી એમાં. આહા..હા..! '**આમ આસ્રવોનું અને જીવનું...**' હવે છ બોલ થઈને હવે ભેદ સરવાળો કરે છે. '**આમ આસ્રવોનું અને**

જીવનું...' આસ્રવ ઘાતક છે, પર્યાય વધ્ય છે; આસ્રવ અધ્રુવ છે, ભગવાન ધ્રુવ છે; આસ્રવ અનુક્રમે ઉત્પન્ન થતાં (અનિત્ય છે), આત્મા નિત્ય છે; આસ્રવ અશરણ છે, આત્મા શરણ છે; આસ્રવ દુઃખરૂપ છે, આત્મા અદુઃખરૂપ છે; આસ્રવ દુઃખના પરિણામનો હેતુ છે. આહા..હા..! ભગવાન આત્મા કોઈ પરિણામનો હેતુ છે નહિ. આવું છ પ્રકારનું ભેદજ્ઞાન કરતાં... છે?

**'આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાંવેંત જ...'** આહા..હા..! **'જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે...'** આમ ભેદજ્ઞાન થતાં કર્મનો વિપાક—ફળ એ ઢીલો પડી ગયો. આહા..હા..! તૂટી ગયો કર્મનો વિપાક અંદર. આહા..હા..! ભિન્ન ભાન થતાં કર્મનો વિપાક શિથિલ થઈ ગયો છે. **'એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે...'** આહા..હા..! **'એવા દિશાના વિસ્તારની જેમ અમર્યાદ જેનો વિસ્તાર (ફેલાવ) છે એવો, સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે...'** આહા..હા..! એવા છ પ્રકારના રાગથી ભિન્ન પાડતાં આત્માની શક્તિનો જે વિકાસ થયો ત્યારે કર્મના ઉદયનું જે પુણ્ય એ શિથિલ થઈ ગયું—અભાવ થયો. અહીં આમ આશ્રય કર્યો તો ઓલામાં ઉદયનો અભાવ થઈ ગયો. શિથિલ થયો એનો અર્થ અભાવ થયો.

**'આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાંવેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ...'** નામ અભાવ **'થઈ ગયો એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે...'** અને સૂર્યનો પ્રકાશ જેમ બહાર દેખાય છે. **'એવા દિશાના વિસ્તારની જેમ અમર્યાદ જેનો વિસ્તાર છે...'** આત્માની જ્ઞાનકળા ખીલી ગઈ. રાગથી ભિન્ન પાડતાં વિપરીત કર્મનું ઢીલાપણું થઈ ગયું અને અહીં ઉગ્રપણું થઈ ગયું. જ્ઞાનમાં જ્ઞાનનો વિકાસ ઉગ્ર થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! વિજ્ઞાનઘન કહેવું છેને? ત્યાં કર્મ ઢીલા પડી ગયા એટલે અભાવ થઈ ગયો, અહીં સ્થિર થઈ ગયો. જ્ઞાનમાં જામી ગયો. આહા..હા..! છે?

**'ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...'** આહા..હા..! એ જ્ઞાનસ્વભાવમાં જેમ જેમ જામતો જાય છે એ વિજ્ઞાનઘન. વસ્તુ તો વિજ્ઞાનઘન છે, પણ પર્યાયમાં વિજ્ઞાનઘન થતો જાય એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ? બીજું જ્ઞાન ઓછું-વત્તું હોય એની સાથે સંબંધ નથી કહે છે. ફક્ત વિજ્ઞાનઘન ભગવાન, એને આવા છ પ્રકારથી ભેદ પાડતા પર્યાયમાં જ્ઞાનઘન થાય છે, સ્થિર થાય છે, એકાગ્ર થાય છે, શુદ્ધતા વધે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ધ્રુવમાં એકાગ્ર થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવમાં એકાગ્ર થયોને આમાં? કીધુંને? કે આથી જુદો એમ ભેદજ્ઞાન થતાં ધ્રુવમાં સ્થિર થયો. આહા..હા..! વિજ્ઞાનઘન થયો. વસ્તુ તો વિજ્ઞાનઘન છે. પર્યાયમાં વિજ્ઞાનઘન થયો, એમ કહેવું છે. આહા..હા..! જ્ઞાન જામ્યું ત્યાં. રાગથી ભિન્ન પડતાં જ્ઞાન

જામ્યું જ્ઞાનમાં અને રાગ ... થઈને બળી ગયો. આહા..હા..!

'**વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...**' જોયું! પુરુષાર્થથી વાત લીધી છે. '**તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે,...**' કર્મ ઘટવા માંડે માટે વિજ્ઞાનઘન થતો જાય છે એમ નથી કીધું. અહીંયાં જ્ઞાનમાં એકાગ્ર થતાં વિજ્ઞાનઘન થતો જાય છે '**તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે,...**' આહા..હા..! વિકારના પરિણામ ઘટતા જાય છે એમ કહે છે. અહીં ગાઢ સ્થિર થાય છે, આ વિકારના પરિણામ ઘટતા જાય છે. આહા..હા..! અહીં તો એક સમય છે એમ સિદ્ધ કરવું છેને? શિષ્યનો એ પ્રશ્ન હતો કે આસ્રવની નિવૃત્તિનો અને આત્માના જ્ઞાનનો સમકાળ છે? આત્મા એકાકાર થાય અને આસ્રવની નિવૃત્તિ એનો એક જ કાળ છે કે આગળ-પાછળ છે? આસ્રવથી નિવર્તે અને જ્ઞાનની નિવૃત્તિ પછી વિશેષ થાય અથવા જ્ઞાનની નિવૃત્તિ પહેલી થાય અને આસ્રવ પછી નિવર્તે એમ ભેદ છે?—એમ નથી. આહા..હા..! જેમ જેમ એ રાગથી ભિન્ન પડતાં, જ્ઞાનમાં એકાગ્ર થતાં વિજ્ઞાનઘન થતો જાય છે તેટલો તેટલો આસ્રવથી નિવર્તે છે અને જેટલો જેટલો આસ્રવથી નિવર્તે તેટલો તેટલો અહીં સ્થિર થાય છે. અરસપરસ વાત કરી. આહા..હા..!

'**અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે; તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે,...**' આહા..હા..! તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય (છે કે) '**જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે,...**' ભાષા જુઓ, સમ્યક્ પ્રકાર ભાષા. એટલે આસ્રવની એટલી ઉત્પત્તિ થાય જ નહિ. આહા..હા..! '**સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે, અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે.**' આ સમય એક છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? અંધકાર જાય છે તે સમયે પ્રકાશ થાય છે. જે સમયે પ્રકાશ થાય છે તે સમયે અંધકાર જાય છે. એમ જે સમયે વિજ્ઞાનઘન થાય છે તે સમયે આસ્રવથી એટલો નિવર્તે છે અને જેટલો જેટલો આસ્રવોથી નિવૃત્તે છે તેટલો તેટલો અહીંથી ઘન થતો જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવી ટીકા છે! અમૃત રેડ્યાં છે અમૃત અમૃતચંદ્રાચાર્યે! તલ્લીન આત્મામાં થવું જોઈએને? આનંદસ્વરૂપ છે તેમાં તલ્લીન થાય જેટલો તેટલો આસ્રવથી નિવર્તે. જેટલો આસ્રવથી નિવર્તે તેટલો અહીં તલ્લીન થાય. આહા..! એ તો બહુ સાદી વાત છે પાછી. ઓલી જરી હતી કે આસ્રવ પુદ્ગલપરિણામનો હેતુ કે ભવિષ્યકાળમાં દુઃખરૂપ જે પુદ્ગલપરિણામ હોં. આહા..હા..! આહા..હા..!

'**તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.**' લ્યો! જેટલો અંદર સ્થિર થાય તેટલો આસ્રવથી છૂટે છે. જેટલો આસ્રવથી છૂટ્યો એટલો અહીં ઘન થતો જાય છે. આહા..હા..! આવી વાતું હવે. ભાઈ! તારા ઘરમાં કેમ જાવું એની વાત છે આ. જેટલો

જેટલો ઘરમાં જાય છે તેટલો પરઘરથી પાછો ફરે છે અને જેટલો પરઘરથી પાછો ફરે છે તેટલો સ્વઘરમાં આવે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે.

'**આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.**' લ્યો! જ્ઞાનને એટલે પ્રગટ દશાને, હોં! આહા..હા..! ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે તેની પર્યાયમાં જ્ઞાન—વિજ્ઞાન અને આનંદનું થવું તે જ કાળે તેટલો આસ્રવથી નિવૃત્તે છે. તે કાળે જેટલો આસ્રવથી નિવર્તે એટલે તેટલો આનંદમાં સ્થિર થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરસપરસ કીધું અરસપરસ. આ બાજુ ઘન થાય એટલો અહીંથી નિવર્તે અને અહીંથી નિવર્તે એટલો અહીં થાય એમ અરસપરસ વાત છે. બેય અરસપરસ વાત છે.

**શ્રોતા** :- સમ્યક્ પ્રકારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમ્યક્ પ્રકારે, યથાર્થ પ્રકારે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, બેયને સમ્યક્ કીધું, બેયને. બેયને જુઓ. બેયને છે.

**શ્રોતા** :- એ એમ કહે છે બેયને કેમ લગાડ્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બેયને સમ્યક્ લગાડેને.

જેમ જેમ સ્વરૂપમાં (લીન) થતો જાય તેમ સમ્યક્ પ્રકારે આસ્રવથી નિવર્તે છે. યથાર્થપણે નિવર્તે છે. એમ ને એમ આસ્રવથી નિવર્તે છે એટલું નહિ, પણ યથાર્થપણે નિવર્તે છે. જેટલો જેટલો યથાર્થપણે નિવર્તે તેટલો યથાર્થપણે સ્થિર થતો જાય છે.

'**તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે.**' જોયું! '**જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે તેટલો આસ્રવોથી નિવર્તે છે...**' જેટલો આસ્રવથી નિવર્તે તેટલો વિજ્ઞાનઘન થાય છે. જેટલો અને તેટલો બેય સરખા છે. જેટલો આસ્રવથી નિવર્ત્યો તેટલો સ્વરૂપમાં સ્થિર થાય છે. જેટલો સ્વરૂપમાં સ્થિર થાય છે તેટલો આસ્રવથી નિવર્તે છે. આહા..હા..! અરસપરસ વાત કરી બેયની. આહા..હા..!

'**ભાવાર્થ :- આસ્રવોનો અને આત્માનો ઉપર કહ્યો તે રીતે ભેદ જાણતાં જ,...**' ભેદ જાણતાં જ. આહા..હા..! '**णादूण**' છેને? ત્યાં પણ '**णादूण**' છે. બેના '**णादूण णिवत्तदे तेहिं।**' જાણતાં જ નિવૃત્ત થાય છે. આહા..હા..! ૭૨માં પણ આવ્યું છે '**णादूण**' '**જે જે પ્રકારે જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે તે તે પ્રકારે તેટલા તેટલા અંશે તે આસ્રવોથી નિવર્તે છે. જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે ત્યારે સમસ્ત આસ્રવોથી નિવર્તે છે. આમ જ્ઞાનનો અને આસ્રવનિવૃત્તિનો એક કાળ છે.**' આહા..હા..! જેટલો જ્ઞાનાનંદમાં ઢળ્યો, સ્થિર થયો તેટલો જ તે આસ્રવોથી છૂટે છે અને જેટલો આસ્રવોથી છૂટ્યો તેટલો અહીં સ્થિર થતો જાય છે. બે વચ્ચેની વાત છેને? ભેદની વાત છેને? અહીં સ્થિર થતો જાય જેટલો

તેટલો ત્યાંથી નિવર્તે, જેટલો ત્યાંથી નિવર્તે તેટલો અહીં સ્થિર થતો જાય છે. બરાબર છે. સમજાણું કાંઈ?

જેટલો જેટલો ધર્મ થતો જાય છે, તેટલો તેટલો અધર્મ, આસ્રવ અધર્મ છે, એનાથી નિવર્તતો જાય છે. જેટલો ધર્મમાં સ્થિર થાય છે તેટલો અધર્મથી નિવર્તે છે. જેટલો અધર્મથી નિવર્તે છે તેટલો ધર્મમાં સ્થિર થાય છે. આહા..હા..! આ બહારના ઓલા આસ્રવ બંધ કરો પાંચ પ્રકારના. એ આસ્રવ નથી એમ કહે છે. તેથી સમ્યક્ પ્રકારે કહ્યું. પાંચ આસ્રવ, .. પચ્ચખાણ કરાવો. શેના પણ? અંદરમાં આસ્રવ અને આત્માની ભિન્નતા કર્યા વિના આસ્રવથી નિવર્તે શી રીતે? આહા..હા..! આવો ધર્મ. આહા..હા..! સંપ્રદાયમાં તો એવું કે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, જાવ તમારે સંવર થશે, લ્યો! કાંઈ માથાફોડ (ખરી)? ધૂળેય નથી ત્યાં તારી સામાયિક હતી કે દી? હજી આસ્રવ અને આત્મા ભિન્ન જાણ્યા નથી ત્યાં સમતા આવી ક્યાંથી? સામાયિક તો સમતા છે. પુણ્ય અને પાપનો વિષમભાવ એનાથી ભગવાનનો સમતાભાવ, વીતરાગભાવ ભિન્ન છે. વીતરાગસ્વભાવ છે આત્મા તો. આહા..હા..! એવા વીતરાગસ્વભાવ પ્રત્યે ઢળ્યા વિના આસ્રવથી નિવૃત્ત થાય નહિ અને આસ્રવથી નિવૃત્ત થયા વિના અહીં ઠરે નહિ. આમ પચ્ચખાણ કરવા છે કે અહીં અંદર કરવા છે? આહા..હા..!

જામનગરમાં બહુ એ. ચૌદશ અને આઠમના અપવાસ કરે, પાખી આઠમના. પૂનમ અને અમાસ, આઠમ બે, ચાર કરે. આવે. દુકાને થોડોક ધંધો-બંધો કરી અને પછી આવીને બેસે પોષા કરવા. આ વારિયા ને એ વહેલા આવે હોં! તારાચંદભાઈ ને એ વહેલા આવે ચાર વાગે.. આપે. એને કહ્યું એક ફેરી તે દી ૮૨માં કે આ બધી ક્રિયાઓ છે એ તો શુભ-પુણ્યની ક્રિયા છે. સૂત્ર ચાલતું સૂત્ર કહેવાતું. સાધુને ભણાવે. પણ પહેલું વહેલું સાંભળ્યું ત્યાં... કીધું આ બધી શુભની ક્રિયા છે પુણ્યબંધની, નામકર્મની. જુઓ, તમારે જ્ઞાનસાગરમાં. જ્ઞાનસાગર નથી? જ્ઞાનસાગર છેને? ઓલું પુસ્તક નહિ છપાયેલું? જામનગરનું છે. ૮૨ની સાલનું છે. હા, પુનાતર તરફથી. એમાં એમ લખ્યું, ચાર પ્રકારે શુભનામકર્મ બંધાય. ... એવું. કાયાની સરળતા, ભાષાની સરળતા, મનની સરળતા, .. અને જોગ. ચારથી આવા પરિણામથી પુણ્ય બંધાય નામકર્મ. ધર્મ નહિ કીધું. એ તો બિચારા એકલા આવ્યા. કોઈ નહોતું સાંજે. મહારાજ! આ બધું ધર્મ નહિ? કીધું, એ પોષા કરે ને પડિક્કમણા કરે એ ધર્મ છે. ધૂળેય નથી, સાંભળને. રાગની મંદતા હોય તો પુણ્ય બંધાય. પણ માણસ બિચારા નરમ, પછી એકલા આવ્યા. મહારાજ! આ બહુ આકરું (લાગે છે). ભાઈ! આકરું નથી. વસ્તુની સ્થિતિ આવી છે. તમે જાણો કે આ સામાયિક, પોષા કર્યા માટે ધર્મ થઈ ગયો. એ તો શુભભાવ છે—રાગની મંદતા. એનાથી નામકર્મ બંધાશે, શાતાવેદનીય બંધાશે, ધર્મ નહિ થાય. પછી તો બિચારા છેલ્લે

આવ્યા. છેલ્લે આવ્યા હતા પછી. આ સાંભળવા જેવું લાગે છે કાંઈક. વિરજીભાઈના બાપ હતાને? તારાચંદભાઈ હતા. ભાઈ! શાસ્ત્રમાં તો એમ કહ્યું કે ચાર પ્રકારે નામકર્મ બંધાય શુભ. કાયાની સરળતાના ભાવ શુભભાવ, મનના અને વચનના શુભભાવ એનાથી પુણ્ય બંધાય એમ કીધું છે. એનાથી ધર્મ થાય એમ કીધું છે? ધર્મ તો સ્વનો આશ્રય લઈ રાગને મંદ કરે, ઘટાડે, આ બાજુ વધે તો ધર્મ થાય. આહા..હા..! લ્યો! **'આમ, જ્ઞાનનો અને આસ્રવનિવૃત્તિનો એક કાળ છે.'**

**'આ આસ્રવો ટળવાનું અને સંવર થવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્ત્વાર્થસૂત્રની ટીકા આદિ સિદ્ધાંતશાસ્ત્રોમાં છે ત્યાંથી જાણવું.'** એમ. ચોથે આસ્રવ કેટલો ટળે? પાંચમે કેટલો ટળે? સ્થિરતા કેટલી થાય અને ટળે કેટલો? એ **'સિદ્ધાંતશાસ્ત્રોમાં છે ત્યાંથી જાણવું. અહીં તો સામાન્ય પ્રકરણ છે તેથી સામાન્યપણે કહ્યું છે.'**

**'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે શું? તેનો ઉત્તર :- આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.'** જ્ઞાનસ્વરૂપ જે ભગવાન આત્મા, જ્ઞાનસ્વરૂપ જે આત્મા એ જ્ઞાનમાં ઠરતો જાય છે. છેને? **'આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને-ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય...'** આહા..હા..! નવ પૂર્વ ભણ્યો હોય અને અગિયાર અંગ ભણ્યો હોય, પણ સ્વમાં એકાગ્રતા નથી એને જ્ઞાન વિજ્ઞાન કહેતા નથી. આહા..હા..! એને વિજ્ઞાન થયું છે જ્ઞાન એમ કહેતા જ નથી. સમજાણું કાંઈ? **'અજ્ઞાન કહેવામાં આવે છે...'** છે?

જ્યાં સુધી **'જ્ઞાનને-ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ...'** એટલે કે શુભભાવની રુચિમાં પડ્યો છે, આસ્રવની રુચિમાં પડ્યો છે એને અગિયાર અંગનું જ્ઞાન હોય તોપણ તે જ્ઞાન કહેતા નથી. આહા..હા..! **'અને મિથ્યાત્વ ગયા પછી...'** એટલે કે રાગની રુચિ જઈને સ્વભાવના આનંદનું પરિણમન થતાં. આહા..હા..! **'જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું-ઘટ...'** છે? આહા..હા..! ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય, આહા..હા..! **'તોપણ વિજ્ઞાન કહેવામાં આવે છે.'** કારણ કે રાગથી ભિન્ન પડીને જ્ઞાનમાં ઠર્યું એને ભલે ઉઘાડ થોડો હોય તો એ જ્ઞાનમાં ઠર્યું એને વિજ્ઞાન કહે છે. આહા..હા..! તિર્યંચ છે એ સમકિત પામે છે એને જ્ઞાન વિશેષ હોતું નથી, છતાં એ સમ્યગ્દર્શનમાં એકાગ્ર થયો છે--જ્ઞાનમાં તો એને વિજ્ઞાન કહેવામાં આવે છે. આ વિજ્ઞાન. અત્યારે આ કહે છેને વિજ્ઞાન. અંગ્રેજીનું વિજ્ઞાન નથી કહેતા? એ વિજ્ઞાન નહિ. આહા..હા..! એને અત્યારે .. ગણાવે.

**'જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું—ઘટ થતું—સ્થિર થતું જાય છે...'** કેટલા શબ્દ વાપર્યા છે? વિજ્ઞાન એટલે જામતું, ઘટ થતું, સ્થિર થતું જાય છે **'તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે**

**તેમ તેમ જ્ઞાન (વિજ્ઞાન) જામતું—ઘટ થતું—સ્થિર થતું જાય છે અર્થાત્ આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે.'** લ્યો! એની વ્યાખ્યા કરી. જામતું—ઘટ થતું—સ્થિર થતું એટલે શું? કે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં એ સ્થિર થતો જાય છે, જામતો જાય છે. આહા..હા..! એને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે, લ્યો! જ્ઞાન જ્ઞાનમાં જેટલું ઠરે એને વિજ્ઞાનઘન કહીએ અને તેને મોક્ષનો માર્ગ કહીએ. જાણપણું ઓછું-વત્તું હોય એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! જ્ઞાન, જ્ઞાનમાં કેટલું ઠર્યું છે, એ બાજુ જામ્યું છે કેટલું એના પ્રમાણમાં એને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. આહા..હા..! ભલે એને અગિયાર અંગનું જ્ઞાન ન હોય, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું જ્ઞાન હોય તોપણ તેને વિજ્ઞાનઘન કહે છે. સ્વભાવમાં ઠર્યું છે તેને વિજ્ઞાનઘન કહે છે. ભલે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ન હોય અને અગિયાર અંગ અને નવ પૂર્વ હોય પણ સ્વભાવ તરફ અંદર દૃષ્ટિ ગઈ નથી અને સ્વભાવમાં ઠર્યો નથી તેને વિજ્ઞાનઘન કહેવામાં આવતું નથી. એનો કળશ કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ-૭, રવિવાર, તા. ૧૮-૦૭-૧૯૭૬,**
**ગાથા-૭૫, કળશ-૪૮,**
**પ્રવચન નં. ૧૨૯**

૭૪ ગાથાનો કળશ છે, ૪૮.

इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां
स्वं विज्ञानघनस्वभावभयादास्तिघ्नुवानः परम्।
अज्ञानोत्थिकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।४८।।

છોકરા નથી આવ્યા આજે. નહિતર આજે રવિવાર છે. સવારે આવ્યા હતા. છોકરાઓ બોર્ડિંગના. રવિવાર છેને. આવ્યા હતા, સવારે આવ્યા હતા.

**'શ્લોકાર્થ :- એ રીતે પૂર્વકથિત વિધાનથી,...'** એટલે શું? કે આત્મા આનંદસ્વભાવ છે, જ્ઞાનસ્વભાવ એ રાગનો કર્તા નથી. રાગ એનું કાર્ય અને રાગનો કર્તા એ આત્મા નથી. એમ રાગથી એટલે પુણ્ય-પાપના આસ્રવભાવથી ભિન્ન પડ્યું ચૈતન્યતત્ત્વ એને ભેદજ્ઞાન દ્વારા અનુભવ કરતાં એ વિધાન છે. ધર્મ પામવાની આ રીત છે. વિભાવભાવ જે પુણ્ય-પાપના આસ્રવભાવ એનાથી **'પૂર્વકથિત વિધાન...'** એટલે પરદ્રવ્યથી ભિન્ન ભેદજ્ઞાન કરીને. આહા..હા..! **'सम्प्रति' 'હમણાં જ (તુરત જ) પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ**

**કરીને...**’ આહા..હા..! રાગાદિથી નિવૃત્તિ કરીને. અંદરમાં જે રાગભાવ છે એનાથી ભિન્ન ચૈતન્યને અનુભવી અને રાગથી નિવૃત્તિ કરે. આવી ઝીણી વાત છે, ભાઈ! ધર્મ એને થાય. હવે આવ્યા છોકરાઓ. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાયક વિજ્ઞાનઘનસ્વભાવ છે, એટલે કે વિજ્ઞાન નિર્મળજ્ઞાનસ્વરૂપ ઘન છે, નિરંતર જેનો નિર્મળજ્ઞાનસ્વભાવ છે એના ઉપર દૃષ્ટિ આપતા રાગથી નિવૃત્ત થાય છે. આવી વાત છે. આ વિધાન છે. આ ઉપાય છે. આ ઉપાય છે. વિધાન કહો કે ઉપાય કહો. આહા..હા..! સમજાણું કાંઈ?

જે કાંઈ પુણ્ય-પાપના ભાવ વિકારી છે એનાથી ભિન્ન પાડી ભગવાન જ્ઞાયકસ્વરૂપ વિજ્ઞાનઘન છે, વિજ્ઞાન—વિશેષે—ખાસ અતિનિર્મળ ઘન નિરંતર સ્વભાવ જેનો છે એના ઉપર આશ્રય કરતાં રાગથી ભિન્ન પડી જાય છે ત્યારે ‘**પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ કરીને...**’ આમ વાત છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! ચૈતન્ય ભગવાન એ વિજ્ઞાનઘન વિશેષે અતિનિર્મળ જ્ઞાન અને તે પણ ઘન છે અથવા નિરંતર એ છે એવો જ જેનો સ્વભાવ એનો આશ્રય કરીને, આ (વાત) છે, રાગથી નિવૃત્ત થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો અપૂર્વ માર્ગની વાત છે, ભાઈ! શરીર ને વાણી ને જડ એનાથી તો રહિત છે જ, નિવૃત્ત જ છે. પુણ્ય અને પાપના ભાવ વિકાર અને આસ્રવ એનાથી વિજ્ઞાનઘન ભગવાન ભિન્ન છે એમ ભેદજ્ઞાન કરીને રાગથી સર્વ પ્રકારે નિવૃત્તિ કરીને. આહા..હા..! આવી વાત છે. આ આત્માને સુખ કેમ થાય એ વાત છે. એ દુઃખી છે. પુણ્ય અને પાપના ભાવની એકતાબુદ્ધિમાં એ દુઃખી છે. સમજાય છે કાંઈ? એને દુઃખથી મુક્ત થવાનો ઉપાય આ કે જે રાગાદિ ભાવ છે તેનાથી નિવર્તિ અને વિજ્ઞાનઘનમાં આસ્વાદ અનુભવનો લેવો આનંદનો, આહા..હા..! આ સુખી થવાનો—ધર્મી થવાનો—ધર્મ કરવાનો આ ઉપાય છે.

**શ્રોતા** :- વ્યવહાર કરતાં-કરતાં થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહારની વાત પણ ક્યાં છે? વ્યવહાર રાગ છે એનાથી ભિન્ન પાડવું છે તો એને કરતાં થાય એમ ક્યાં આવ્યું? આહા..હા..! અને જ્યાં સુધી રાગનો કર્તા થાય, એ કહેશેને. ‘**अज्ञानोत्थिकर्तृकर्मकलनात्**’ રાગ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા છું—એવી અજ્ઞાનરૂપી કર્તાકર્મની બુદ્ધિ (છે) ત્યાં સુધી દુઃખી મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગનો ભાવ એ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા છું—એવો જે અજ્ઞાનભાવ.. અહીં કારણકાર્ય કહેશે. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ, પણ ખરેખર તો એ અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ છે તે અજ્ઞાનરૂપ છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાનશક્તિનું સત્ત્વ છે એ તો અને તે ઘન છે. નિરંતર એ રૂપે છે ઈ. આહા..હા..! જ્ઞાનમાં સ્વભાવથી ભરેલું તત્ત્વ નિરંતર એ રીતે છે. એમાં રાગથી ભિન્ન પડીને ઠરતાં એ પરદ્રવ્યથી નિવૃત્ત થાય છે. આ વાત છે. અમરચંદભાઈ! આહા..હા..! આવી વાત છે, ભાઈ! કઠણ પડે, અભ્યાસ નહિ એને એટલે, પણ માર્ગ તો આ છે. વ્યવહાર

કરતાં-કરતાં થાય એ તો અજ્ઞાનભાવ છે. એ તો અહીં કહેશે, '**अज्ञानोत्थिकर्तृकर्मकलनात्**'. એ તો અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો, રાગનું કાર્ય મારું અને કર્તા એ તો અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો મૂઢભાવ છે, આહા..હા..! ક્લેશભાવ છે. ઝીણી વાતું આવી બહુ એટલે માણસને (કઠણ લાગે છે). વસ્તુની સ્થિતિ એવી છે. એક સમય પૂરતો જે વિકાર છે એનો કર્તા હું અને કાર્ય મારા એ તો અજ્ઞાનપણું અને મૂઢપણું છે.

'**એ રીતે પૂર્વકથિત વિધાનથી, હમણાં જ...**' એટલે તે કાળે જ. રાગથી ભિન્ન પડીને સ્વભાવમાં દૃષ્ટિ કરે છે તે કાળે જ. આહા..હા..! '**परद्रव्यात्**' પરદ્રવ્ય એટલે પુણ્ય-પાપના ભાવ, જડકર્મ, નોકર્મ અને ભાવકર્મ—ત્રણે પરદ્રવ્ય છે. જડકર્મ, નોકર્મ એટલે શરીર-વાણી, ભાવકર્મ એટલે પુણ્ય-પાપના ભાવ એ બધા પરદ્રવ્યમાં જાય છે. આહા..હા..! ભગવાન સ્વદ્રવ્યમાં છે એને પરદ્રવ્યથી નિવૃત્તિ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ એટલે માણસને એકાંત છે રે એકાંત છે એમ કરે. બાપુ! માર્ગ આમ છે, ભાઈ! રાગભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો હો, એ તો આવી ગયું છેને, એ તો દુઃખ છે એમ આવ્યું છેને. એ તો દુઃખ છે અને ભવિષ્યમાં દુઃખનું ફળ છે, બાપા! આહા..હા..! એ '**परां निवृत्तिं विरचय्य**' '**ઉત્કૃષ્ટ નિવૃત્તિ...**' '**विरचय्य**' નામ '**કરીને...**' આહા..હા..! પુણ્ય-પાપના ભાવ છે તેમાંથી રુચિ હઠાવી દઈને. જ્ઞાયકભાવ ભગવાન ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ, એમાં દૃષ્ટિને પ્રસરાવીને. આહા..હા..!

'**विज्ञानघनस्वभावम् परम् स्वं अभयात् आस्तिध्नुवानः**' આહા..હા..! પરદ્રવ્યથી નિવૃત્તિ અને રાગથી ખસી જઈને.. આહા..હા..! '**विज्ञानघन...**' ભગવાન વસ્તુ છે આત્મા એ તો અતિનિર્મળ જ્ઞાન નિરંતરપણે વહે છે. આહા..હા..! એવું જે વિજ્ઞાનઘનસ્વભાવ પરમ ઉત્કૃષ્ટ '**स्वं**' '**પોતાના...**' '**अभयात्**' '**પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો...**' આહા..હા..! રાગમાં જે આરૂઢ હતો, રાગ મારું કર્તવ્ય અને રાગ હું કરનારો એવો રાગ પ્રત્યે જે આરૂઢ હતો. આહા..હા..! એને રાગથી ભિન્ન પાડીને ભગવાન આત્મામાં સ્વમાં ઉત્કૃષ્ટપણે, નિર્ભયપણે આત્માના આનંદને આસ્વાદતો. સમજાણું કાંઈ? આવી વાત છે. જે રાગનો કર્તા થઈને રાગનો સ્વાદ હતો એ દુઃખનો સ્વાદ હતો. આઠ વર્ષના બાળક કેવળજ્ઞાન પામે છે. એમ નહિ કે આ વસ્તુ આમ થઈ ન શકે. આહા..હા..! દુર્લભ છે, પણ અશક્ય નહિ. આહા..હા..! એની આ વિધિ અને રીત જ આ છે. એ રીત જ્ઞાનમાં નિર્ણય નહિ કરે તો ક્યાંય આરો નહિ આવે એનો ક્યાંય. આહા..હા..!

'**विज्ञानघनस्वभावम्**' '**विज्ञानघनस्वभावम्**' નિર્મળ જ્ઞાન નિરંતર ઘનરૂપ છે એવો જે નિજસ્વભાવ એમાં—સ્વમાં આરૂઢ થયો થકો વિજ્ઞાનઘનમાં એનો આશ્રય લેતો થકો. '**आस्तिध्नुवानः**' '**પોતાનો આશ્રય કરતો...**' થકો એમ અથવા અંતરમાં સ્થિર કરતો થકો અથવા આત્માના આનંદનો આસ્વાદ લેતો થકો, આહા..હા..! '**अज्ञानोत्थिकर्तृकर्मकलनात्**

**क्लेशात्**' '**અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના...**' '**कलनात्**' છેને? અભ્યાસ છે અનાદિનો. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટાપણાના સ્વભાવનું ભાન નહિ એથી અજ્ઞાનપણે રાગના કર્તા અને કરનારું કાર્ય એ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો જે ક્લેશ અથવા અજ્ઞાનરૂપ જે રાગનો કર્તા અને રાગ કર્તવ્ય એ અજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે. સમજાણું કાંઈ? પંડિતે જરી '**कर्मकलनात्**' '**अज्ञानोत्थिकर्तृकर्मकलनात्**' એમ લીધું. ભાઈએ એમ લીધું ટીકાકારે. અજ્ઞાનરૂપ જે કર્તાકર્મની ક્લેશ પ્રવૃત્તિ હતી... અજ્ઞાનરૂપ. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એમ નહિ. આહા..હા..!

'રાગ અને પુણ્યના ભાવ એ મારું કર્તવ્ય અને હું કર્તા' એવું અજ્ઞાનભાવનું કર્તાકર્મપણું જે હતું. અજ્ઞાનભાવરૂપ જે હતું. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ એટલે લોકોને વ્યવહારથી થાય, નિમિત્તથી થાય, સામગ્રી બે ભેગી થાય તો થાય. નિશ્ચય અને વ્યવહાર, ઉપાદાન અને નિમિત્ત બે સામગ્રી. ભાઈ! એમ નથી. વ્યવહારનો રાગ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હોં! પંચમહાવ્રતના પરિણામનો—એ રાગની એકતાબુદ્ધિ એ અજ્ઞાનભાવ છે. કેમકે વસ્તુ ભિન્ન છે તેને એકપણે માની. રાગરૂપ આસ્રવથી ભગવાન ભિન્ન છે તેને એકપણે માને એ જ અજ્ઞાનરૂપી કર્તાકર્મની પ્રવૃત્તિ મિથ્યાત્વની છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? આ તો નિશ્ચયનો માર્ગ છે એમ કહે કોઈ. પણ એનું સાધન? એમ વળી કહે છે. આ સાધન છે. ... એ તો જાણવા માટે પૂછતા હતા. એમ કે પૂછતા હતાને શેઠ? કીધું, જાણવા માટે. આહા..હા..!

એના જ્ઞાનમાં નિર્ણય તો કરે, પ્રભુ! કે જેટલો વિકલ્પ ઊઠે છેને? દયા, દાન, વ્યવહાર સમકિત, વ્યવહાર સમકિત અને રાગ 'એ બધા રાગનું કર્તવ્ય મારું—એ કર્મ મારું' એ અજ્ઞાનરૂપી પ્રવૃત્તિ છે. આહા..હા..! અજ્ઞાનરૂપી પ્રવૃત્તિ તે દુઃખરૂપ છે, એમ કહે છે. આહા..હા..! અથવા '**અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના...**' '**कलनात् क्लेश**' '**અભ્યાસથી થયેલો ક્લેશ...**' આહા..હા..! એટલે? કે 'પુણ્ય-પાપના ભાવ એ મારું કર્તવ્ય છે' એના અભ્યાસથી એને ક્લેશ છે, દુઃખી છે, દુઃખ છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? '**कलनात्**' છેને. '**कलनात्**' એટલે અનુભવ અથવા અભ્યાસ. પરનો અનુભવ. આહા..હા..! 'રાગનો અનુભવ અને રાગ મારા' એવો જે અભ્યાસ એ ક્લેશ છે એ તો કહે છે. આહા..હા..! ઓલામાં કહ્યું હતુંને? .. એટલે આ ક્લેશ છે અને એનાથી ભિન્ન પડીને વિજ્ઞાનઘનમાં જાય ત્યારે આનંદ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? .. આસ્થા અંદર થતાં એને આનંદનો સ્વાદ આવે એ અજ્ઞાનના કર્તાકર્મના ક્લેશથી છૂટ્યો. આહા..હા..! ભલે જ્ઞાન થોડું હો, પણ અંતરમાંથી આ રીતે છૂટ્યો એ વિજ્ઞાનઘનમાં આવ્યો. આવી વાત છે. સમજાણું કાંઈ?

'**स्वयं ज्ञानीभूत**' આહા..હા..! છે? પોતે જ થયેલો એમ કહે. આહા..હા..! પોતાનો કર્તા નામનો ગુણ છે એ પોતે જ પોતાના વીતરાગભાવરૂપી કર્મનો કર્તા થઈ, આહા..હા..! રાગથી નિવર્તે છે, આવી વાતું છે, ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે, ત્યારે

તે જગતનો સાક્ષી થઈ જાય છે. જગતનો એટલે રાગાદિ ભાવ હો એનો એ સાક્ષી--જાણનાર થઈ જાય છે. આહા..હા..! એને સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાની કહીએ. સમજાણું કાંઈ? '**પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો,...**' આહા..હા..! વિકારના પરિણામનું કર્તવ્ય મારું એવો જે અજ્ઞાનભાવ એને છોડી દઈને વિજ્ઞાનઘન ભગવાન વસ્તુ મહાપ્રભુ છે, ચૈતન્ય આનંદનો સાગર, જ્ઞાનનો સાગર છે, એમાં જેની દૃષ્ટિ પ્રસરી એને આનંદ થાય છે. રાગની એકતાબુદ્ધિમાં જે ક્લેશ હતો, દુઃખ હતું એ રાગથી ભિન્ન પડતાં આત્માનો અંદર આનંદનો સ્વાદ એને આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! રાજકુમાર આઠ-આઠ વર્ષના ચક્રવર્તીના દીકરા હતા એ પણ આમ સમજે છે અંતર્મુહૂર્તમાં. ઘરની ચીજ છે, ઘરમાં પડી છે. સમજાણું કાંઈ?

પુણ્ય-પાપના ભાવ કૃત્રિમ વિકારનો કર્તા થાય એ તો દુઃખ છે કહે છે. એમાંથી દૃષ્ટિને ફેરવી અને ભગવાન જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડતાં એને આનંદ થાય છે, એને આનંદનો અભ્યાસ થાય છે. ઓલો જે અજ્ઞાનનો અભ્યાસ હતોને? '**कलनात्**' આહા..હા..! અજ્ઞાનના દુઃખનું વેદન હતું એ અભ્યાસ હતો. રાગથી ભિન્ન પડીને.. આહા..હા..! તિર્યંચ પણ—સમકિતી તિર્યંચ પણ પરથી ભિન્ન પડીને આત્માના આનંદના સ્વાદને લે. આહા..હા..! એ જીવનું કર્તાપણું આનંદનું અને આનંદ એ એનું કર્મ છે. અમરચંદભાઈ! આવી વાત છે, ભાઈ! આહા..હા..! શું થાય? એને કોઈ એવા વાદવિવાદે ચડાવી દે. આહા..હા..! બે સાધન હોય, બે સામગ્રી આવે છેને? ઈ નાખ્યું છે. સંમતભદ્રનું. ત્યાં એકમાં એ અર્થ લીધો છે કે એક ઉપાદાન .. ત્યાં અર્થ છે. આહા..હા..! આહા..હા..! બીજી સામગ્રી રાગાદિ કે નિમિત્તાદિ એ તો જ્ઞાન કરવા માટે છે. સ્વભાવની પ્રાપ્તિ થવા માટે સામગ્રી છે એમ નથી. સમજાણું કાંઈ? રાતે કહ્યું હતું ઘણું, નહિ? વ્યવહારે જે કહ્યું છે... ભગવાને પણ વ્યવહાર કહ્યો છે. હસ્તાલંબ જાણીને શાસ્ત્રમાં વ્યવહારનું વર્ણન ઘણું આવે છે, પણ એનું ફળ સંસાર છે. છે? સમયસારમાં લખ્યું છે કે નહિ? ૧૧ ગાથા. જુઓ ૧૧, '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' એ ૧૧ના ભાવર્થમાં પાછળ. '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' છે?

**શ્રોતા** :- વ્યવહારકો બતાયા હૈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ. હવે ત્રીજું. આહા..હા..! '**વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે.**' આહા..હા..! જિનવાણીએ કહ્યો વ્યવહાર એનું ફળ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણેમાં સંસાર. ત્રણેનું ફળ સંસાર. આકરી વાત બહુ. '**શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...**' જુઓ, 'એકાંત શુદ્ધ ત્રિકાળી છું' એનો પક્ષ જ આવ્યો નથી એમ કહે

છે. આહા..! રાગના વલણને છોડી અને ચૈતન્ય સ્વભાવનો પક્ષ જ આવ્યો નથી એને. આહા..હા..! **'અને એનો ઉપદેશ પણ વિરલ છે...'** ઉપદેશ થોડો છે. જુઓ, પોતે લખે છે પંડિત. વ્યવહારનો ઠેકઠેકાણે અને શુદ્ધનયના પક્ષનો ઉપદેશ બહુ વિરલ છે. આહા..હા..! શેઠ! છે એમાં ૧૧મી ગાથામાં છે. દેવીલાલજી! આહા..હા..!

**'તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી દીધો છે...'** આહા..હા..! અને એમાં આવ્યુંને? વ્યવહારનય એક દ્રવ્યમાં બીજા દ્રવ્યને ભેળવીને વાત કરે, એક ભાવને બીજાના ભાવમાં ભેળવીને વાત કરે, એક દ્રવ્યના કારણકાર્ય બીજામાં ભેળવીને કરે, (પરંતુ) એ પ્રમાણે માને તો તો મિથ્યાત્વ છે. મોક્ષમાર્ગપ્રકાશક, સાતમો અધ્યાય. સમજાણું કાંઈ? છેને? ૨૫૩ (પાનું). **'વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે...'** છે? **'માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે.'** આહા..હા..! મોક્ષમાર્ગ (પ્રકાશકમાં) ટોડરમલે ખુલાસો કર્યો. મિથ્યાત્વ છે. વ્યવહારથી જિનવાણીમાં વ્યવહાર કહ્યો, સમજાવ્યો ભેદથી. એ ભેદને પકડે તો એનું ફળ સંસાર છે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..!

ચોખ્ખું લખ્યું છે જોયું. **'તેથી તેનો ત્યાગ કરવો,..'** વ્યવહારના લખાણ જે આવ્યા હોય એની શ્રદ્ધા માનવી એ પ્રમાણે તો તો મિથ્યાત્વ છે. આહા..હા..! એનો ત્યાગ કરવો. છે? આહા..! **'વળી નિશ્ચયનય તેને યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈના કોઈમાં મેળવતો નથી, તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે...'** આહા..હા..! રાગથી થાય એમ નિશ્ચયનય ભેળવતો નથી. આહા..હા..! વ્યવહારનયમાં આવે કે વ્યવહાર સાધક છે, નિશ્ચય સાધ્ય છે. સમજાણું કાંઈ? એવું છે. ભાઈ! તારી સ્વતંત્રતા વ્યવહારથી પ્રગટ થાય એવી ચીજ નથી. સમજાણું કાંઈ? એ તો અધ્યવસાયમાં નાખ્યું નહિ? અધ્યવસાય. એ આવ્યું જુઓ.

હિંસા-અહિંસા આદિના અધ્યવસાય બધાય છોડવા જેવું છે એવું જિનદેવે કહ્યું. તેથી આચાર્ય કહે છે કે હું એમ માનું છું કે પરાશ્રિત વ્યવહાર તે સઘળો છોડાવ્યો છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયના વિકલ્પોને અહીં છોડાવ્યા છે, એમ કહે છે, એનાથી લાભ થાય એમ કહ્યું નથી. આહા..હા..! દેવીલાલજી! આવી વાત છે, બાપુ! આહા..હા..! એમ કે આ સત્યનો આ પ્રમાણે આવ્યું હવે એનો વિરોધી પક્ષ ઊભો થયો છે એ હવે અંત લાવશે આનો. એમ કરીને લખ્યું છે. અરે.. કોણ લાવે? બાપા! અને કોનાથી થાય? એ તો સૌની લાયકાતથી આ આવ્યું છે. સાતમા અધ્યાયમાં આ વાત બહુ સારી લખી છે. આહા..હા..!

અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો જે અભ્યાસ એટલે કે વ્યવહાર—રાગનો કર્તા અને રાગ મારું કર્તવ્ય એવી જે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ એનાથી નિવૃત્ત થયેલો. આહા..હા..! **'स्वयं ज्ञानीभूत'** **'પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો,...'** વસ્તુ વિજ્ઞાનઘન જ્ઞાનસ્વરૂપ છે એવો

એકાકાર થઈને જ્ઞાનસ્વરૂપ થયો થકો. '**જગતનો સાક્ષી...**' વિકલ્પથી માંડીને આખી દુનિયાનો સાક્ષી થયો હવે. સમ્યગ્દર્શન થયું એટલે જગતનો સાક્ષી થયો. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? '**(જ્ઞાતાદ્રષ્ટા)...**' '**पुराणः**' આહા..! '**पुमान्**' '**પુરાણ પુરુષ (આત્મા)...**' આહા..હા..! એ '**અહીંથી હવે પ્રકાશમાન થાય છે.**' પુણ્ય-પાપના ભાવના કર્તાપણાને છોડી દઈ અને વિજ્ઞાનઘનમાં ઠરતાં તે જગતનો સાક્ષી થાય છે. જે કાંઈ હવે રાગાદિ થાય એને એ જાણનારો રહે છે, કર્તા થતો નથી. આહા..હા..!

'**હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ ખઈ રીતે ઓળખાય?**' એના લક્ષણ શું? આહા..હા..! ધીરાની વાતું છે બાપુ, આ તો. આ કાંઈ કૂદવું ને આ કરવું ને હો.. હા.. હો.. હા... મંદિર ને મોટા વરઘોડા કાઢ્યા માટે ધર્મ છે ઈ એમ નથી. આહા..હા..! જ્યાં અંદરમાં શુભભાવથી પણ નિવર્તવું છે એને બહારની પ્રવૃત્તિ એની છે ક્યાં? આહા..હા..! કોણ કરે? આહા..હા..! એને કાળે એમાં થાય એને કરે કોણ? શરીરની, વાણીની, આ બહારના મકાન આદિની, મંદિર આદિની એ તો એના કાળે એને કારણે એ તો થાય છે. શું બીજો કોઈ કરે છે એને?

**શ્રોતા :-** નિમિત્ત વિના થાતું હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત વિના થાય છે. નિમિત્ત એને અડતું નથી, માટે નિમિત્ત વિના થાય છે.

**શ્રોતા :-** મતલબ એ છે કે કરો ભલે પણ માનો નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? આહા..હા..! એ સંયોગની ક્રિયાકાળે ત્યાં થાય. કરે કોણ અને રોકે કોણ એને? આહા..હા..! અહીંયાં તો રાગના પરિણામ થાય તેનું કર્તાપણું છોડી અને જ્ઞાતાપણું પ્રગટ કર એ વાત છે અહીંયાં. સમજાણું કાંઈ? આહા..હા..! હવે ૭૫.

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।।७५।।**

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

'**ટીકા :- નિશ્ચયથી મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' એ જીવના પરિણામની આ વાત છે હોં. એ પ્રેમચંદજી કહે છે, આ એમ કે જડના છે. એમ કહે છે ઈ. '**મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' કર્મનું શબ્દ વાપર્યો છેને? પણ એ કર્મનું એટલે વિકારી પરિણામ. જીવના ભાવકર્મ છે આ. એ ખંડવામાં વાત થઈ હતી. ખંડવામાં. સનાવતના છેને પ્રેમચંદજી. આ છે તે મોહ નામ મિથ્યાત્વ, રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના એ અંતરંગમાં ઉત્પન્ન થતા કર્મના નિમિત્તના લક્ષે થતાં પોતાના પરિણામ છે આ. વિકારી

ભાવ—ભાવકર્મ છે આ. સમજાણું કાંઈ? આમ શબ્દ પડ્યો છેને એટલે. **'અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...'** કર્મ એટલે ભાવકર્મ. આહા..હા..! સમજાણું કાંઈ? **'અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ,...'** લ્યો! **'તે બધુંય પુદ્‌ગલપરિણામ છે.'** એ પુણ્ય અને પાપના ભાવ એ પુદ્‌ગલપરિણામ છે એમ કહે છે અહીં.

**શ્રોતા :-** એમ જ્ઞાની જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ જુદું પાડીને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કર્મ જડ છે એના સંગે થયેલો ભાવ પણ કર્મ પરિણામ જ છે. એ વિકારીભાવ એ કર્મના પરિણામ છે, જીવના નહિ; અને સ્થૂળ જે આ શરીર, વાણી, મન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન એના જે પરિણામ છે એ નોકર્મ છે. એ બધાય પુદ્‌ગલપરિણામ છે. આહા..હા..! અરે..! પંચમહાવ્રતના પરિણામ ઊઠે એ પુદ્‌ગલપરિણામ છે, એમ કહે છે. વિકારી છેને. આહા..હા..! ભગવાનની ભક્તિનો ભાવ, દયા, દાનનો વિકલ્પ ઊઠે એ બધા પુદ્‌ગલના પરિણામ છે. એમ જ્ઞાની જાણીને જુદો પડે છે એમ કહે છે. આહા..હા..! એનો સાક્ષી થઈ જાય છે. આવી વાતું. એ તો એકાંત થઈ જાય છે. કાંઈક બીજી પણ ચીજ છે રાગ અને વ્યવહાર સાધન તો અનેકાંત થાય એમ કહે છે. એ આ કીધુંને અહીં ભાઈનું. બેની સામગ્રી પૂરી થાય છે. સમંતભદ્ર. એ આપ્યું છે. આ ફેરી આપ્યું છે. પહેલેથી આ આપતા આવે છે. ત્યાં તો ઉપાદાન અને નિમિત્ત છે સાથે એટલું બતાવે છે. નિમિત્તે કર્યું છે એ વાત બિલકુલ નહિ. એ ૩૭૨ ગાથામાં આવ્યું નહિ? કુંભારે ઘડો કર્યો નથી, માટીએ ઘડો કર્યો છે. આ તે કાંઈ વાત! છેને? ૩૭૨ જુઓ.

**'વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી;...'** ૩૭૨. **'કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો...'** એટલે પર્યાય. **'ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે; કેમકે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. આ વાત દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :- માટી કુંભભાવે ઊપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે? જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો...'** કુંભારનો જે ભાવ છે તેનો આકાર એને આવવો જોઈએ. આહા..હા..! છેવટે લખ્યું છે. **'માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે...'** છેલ્લો. **'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** છે જ નહિ. ૩૭૨. **'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** આહા..હા..! છેને? સંસ્કૃત. સંસ્કૃતમાં ક્યાં આવ્યું ઈ? **'કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** સંસ્કૃત. હા, એ આવ્યું જુઓ. એ આવ્યું જુઓ. **'मृत्तिका कुम्भभावेनोत्पद्यमाना किं कुम्भकारस्वभावेनोत्पद्यते, किं मृत्तिकास्वभावेन? यदि कुम्भकारस्वभावेनोत्पद्यते तदा...'** હા, એ ખરું. બસ ઈ. **'मृत्तिकैव कुम्भकारस्वभावमस्पृशन्ती**

**स्वस्वभावेन कुम्भभावेनोत्पद्यते। एवं सर्वाण्यपि द्रवयाणि स्वपरिणामपर्यायेणोत्पद्यमानानि...**' લ્યો, પોતાના પરિણામથી ઉત્પન્ન થાય છે. માટીથી ઘડો થાય છે, કુંભારથી નહિ. કહો, ત્યાં નિમિત્ત ઊડાવી દીધું. ના પાડી. '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' લ્યો. '**न कुम्भकारः कुम्भस्योत्पादक एव;...**' એ ને? ચોથી લીટી. '**न कुम्भकारः कुम्भस्योत्पादक एव;...**' જુઓ, આવો તો પાઠ છે. માટી ઘડાની કરનાર છે, કુંભારે ઘડો કર્યો નથી. નિમિત્તથી કાર્ય થતું નથી. હો નિમિત્ત, પણ કાર્ય થતું નથી એનાથી. અહીં તો આચાર્યે આ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? એમ દરેકમાં એમ લેવું. રોટલી પોતે પોતાથી ઉત્પન્ન થાય છે. અગ્નિથી, સ્ત્રીથી, લાકડાથી કોઈથી ઉત્પન્ન થતી નથી. શું કહેવાય એ? તાવડી એનાથી ઉત્પન્ન થતી નથી. રોટલી પોતાથી ઉત્પન્ન થાય છે, તવાથી નહિ, અગ્નિથી નહિ, બાઈ–સ્ત્રીથી નહિ.

**શ્રોતા :-** એના બટકા શેનાથી થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બટકા એનાથી થાય છે. રોટલીના બટકા થાય છે એ રોટલીને કારણે એનાથી થાય છે. એના હાથથી બટકા થાય છે એમ છે નહિ. આહા..હા..! આ રોટલીનું બટકું કરેને આમ? દાળમાં લે. કહે છે કે એ બટકું થાય છે એ રોટલીનું પોતાથી થાય છે. હાથથી થાતું નથી, એમ કહે છે. છે જ નહિ એમાં. આ કુંભારનું લેવું એ પ્રમાણે બધાનું લઈ લેવું. સમજાણું? આહા..હા..!

અહીં તો કહે છે, અંદરમાં દયા, દાન, ભક્તિના પરિણામ આવે એ કર્મના પરિણામ છે, ભાવકર્મ છે, એ જીવનું સ્વરૂપ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**બધુંય પુદ્‌ગલપરિણામ છે.**' પરમાર્થે જુઓ. '**જેમ ઘડા અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...**' જુઓ, અહીં આવ્યું પાછુ ઈ. શું કીધું એ? ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મ છે. માટી વ્યાપક છે અને ઘડો તેનું વ્યાપ્ય છે. માટી કર્તા છે અને ઘડો તેનું વ્યાપ્ય—કર્મ છે. આહા..હા..! કુંભારનું ઘડો એ કર્મ નથી. આહા..હા..!

**શ્રોતા :-** કુંભાર ન હોય ત્યારે ક્યાં ઘડો થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એને થવા કાળે થાય કે કુંભાર.. કુંભાર હોય તો પણ એના અભાવથી અહીં થાય છે. માટીના ભાવથી થાય છે અને એના અભાવથી થાય છે. આહા..હા..! આકરું કામ છે. લ્યો, આ પાનું ફરે છેને આમ જુઓ. એ કહે છે કે આંગળીને લઈને નહિ. એ પાનું આમ થાય છે એનો ઉત્પાદક એ પરમાણુ છે એની પર્યાયમાં, આ આંગળી નહિ. નિમિત્તનો અર્થ? બીજી ચીજ છે, કર્તા નથી. એ સિદ્ધ કરવું છે. આહા..હા..! રોટલીના બટકા થાય અંદર દાઢથી; તો કહે ના. એના બટકા થવાનું કર્મ એ પરમાણુ પોતે (પરિણમે છે). દાઢથી નહિ, બીજાથી નહિ. આહા..હા..! પાણી ઊનું થાય છે એ અગ્નિથી નહિ, એમ

કહે છે. પોતાથી ઊનું થાય છે.

**શ્રોતા :-** ચોખા તો પાણી વિના ચડે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોખા પાણી વિના જ ચડે છે. ચોખા જે ચડે છે એને પોતાનો પર્યાયનો કાળ છે ચડવાનો તે કાળે એ ચોખા ચડે છે. એ ચોખા ચડે છે એ પાણીથી નહિ, અગ્નિથી નહિ. આવી વાતું છે.

**શ્રોતા :-** વીતરાગભાવ થયા વિના કર્મ ઝરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્મ તો એને કારણે ઝરે છે. કાંઈ વીતરાગભાવ થયો માટે કર્મ ઝરે છે એમ નહિ.

**શ્રોતા :-** .. હોય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. હોય તો ભલે હો, પણ એને લઈને નહિ. કર્મનું ખરવું, અહીંયાં વીતરાગભાવ થયો માટે કર્મ ખરે છે એમ નહિ. કર્મના ખરવાની પર્યાય પોતાને જ કાળે ખરે છે. આહા..હા..! એવી વાત છે. આકરી વાતું. જૈનદર્શન વીતરાગમાર્ગ એવો ઝીણો ભાઈ! પંડિતો ગોથા ખાય છે મોટા એવી વાત છે.

શું કીધું જુઓ, '**ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...**' ઘડો તે કર્મ છે અને માટી તે કર્તા છે. સમજાણું કાંઈ? ઘડો તે કાર્ય છે, માટી તેનું કારણ-કર્તા છે. એ ઘડાનો કર્તા કુંભાર નથી. આ દુનિયાથી વિરુદ્ધ.

**શ્રોતા :-** આપ કહો છો તો માનવું પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માનવું નહિ. છે એમ નક્કી કરીને માનવું પડશે. વસ્તુની સ્થિતિ એ છે. પ્રત્યેક પરમાણુ.. આ લોકો ગયા? નવરંગભાઈ ગયા છે? નથીને? ચંદુભાઈ જવાના હતા. નવરંગભાઈ ગયા? એ પણ ગયા? ઠીક. સાથે ગયા હશે.

શું કહ્યું? '**ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપક...**' વ્યાપક નામ વિસ્તાર પામનાર દ્રવ્ય અને વ્યાપ્ય નામ અવસ્થા. એવો સદ્‌ભાવ માટીને અને ઘડાને છે. '**તેમ પુદ્‌ગલપરિણામને અને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...**' આહા..હા..! શું કીધું ઈ? વિકારી પરિણામ જે શુભભાવ એ પુદ્‌ગલના પરિણામ અને પુદ્‌ગલને વ્યાપ્યવ્યાપક સ્વભાવ (છે). આહા..હા..! એ પુદ્‌ગલ પ્રસરીને વિકારભાવ થયો છે. સમજાણું કાંઈ? ત્યારે ઓલા કહે... થયા રાગના એ પુદ્‌ગલથી થયા છે, જીવથી નહિ. એને આશ્રયે થયા તો એનાથી થયા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક કોર તો આવ્યું સવારનું કે કર્મ અને આત્મા અનાદિ સંબંધે છે, છતાં કર્મની પર્યાય કર્મપણે થયેલી છે, એ જીવે કરી નથી અને જીવના પરિણામ કર્મે કર્યા નથી. બસ એ રીતે અનાદિનું છે. આહા..હા..! એક ક્ષેત્રે રહ્યા છતાં એકબીજાને કર્તાકર્મપણું નથી. આવ્યું હતુંને? એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં નાખ્યું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છેને, ભાઈ! એકબીજાને કર્તાકર્મ નથી.

નાખ્યું છે એમાં. મોક્ષમાર્ગમાં છે. કર્તાકર્મ ઓલા. ત્રીજા અધિકાર કર્મના. એક જગ્યાએ રહેવા છતાં કર્મ કર્મની પર્યાયને કરે, જીવ જીવની પર્યાયને કરે. જીવ એ કર્મની પર્યાયને બાંધે ન કરે અને કર્મનો ઉદય આ રાગની પર્યાયને ન કરે. આહા..હા..! એટલું પહેલું પર્યાયનું સ્વતંત્ર સિદ્ધ કરીને પછી હવે દ્રવ્યદૃષ્ટિ કરાવવા એ રાગના પરિણામનો કર્તા જીવ નહિ, આહા..હા..! એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પુદ્‌ગલપરિણામ, પુદ્‌ગલ એનો કર્તા છે.

'**પુદ્‌ગલપરિણામને...**' એટલે રાગને '**અને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.**' પુદ્‌ગલ કર્તા છે અને વિકારીભાવ તે એનું કર્મ છે, જીવનું નહિ. એક કોર કોઈ કહે કે પોતાના વિકારી પરિણામનો કર્તા જીવ છે, એ કર્મ નહિ; અને કર્મની પર્યાય તે કાળે થાય એ આ રાગ થયો માટે થાય એમ નહિ, એને કારણે તે કર્મપર્યાય થવાના પરમાણુનો કાળ છે તો થાય છે. એનો આત્મા કર્તા નહિ અને આત્માના રાગનો કર્મ કર્તા નહિ. એ તો વસ્તુની પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ કરી. હવે અહીં દ્રવ્યદૃષ્ટિ કરાવવા, આહા..હા..! વસ્તુની દૃષ્ટિમાં વસ્તુની કોઈ શક્તિ વિકાર કરે એવી નથી. તેથી તે વસ્તુની દૃષ્ટિમાં જે કાંઈ પુદ્‌ગલ રાગાદિ થાય એ પરિણામ પુદ્‌ગલનું છે. પુદ્‌ગલ કર્તા અને રાગ તેનું કર્મ. માટી કર્તા અને ઘડો તેનું કર્મ. આહા..હા..!

હવે આવું આવે. ગોમ્મટસારમાં એવું આવે કે જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. હવે અહીં આવે કે પુદ્‌ગલ વ્યાપક થઈને વિકાર કરે. એટલે માણસ નિમિત્તને ચોંટેને. શું કહ્યું સમજાણું કાંઈ? વ્યવહાર ગ્રંથમાં ગોમ્મટસારમાં એમ આવે. જ્ઞાનાવરણીય એટલે જ્ઞાનનો રોકનાર જ્ઞાનાવરણીય જડ. એ તો નિમિત્તના કથન છે. અહીં એ આવે કે રાગનો કર્તા પુદ્‌ગલ. જુઓ, નિમિત્ત ગરી ગયુંને લાકડું પછી. એમ નથી અહીં કહેવું. અહીં તો ચૈતન્ય વિજ્ઞાનઘન સ્વભાવ એ એના નિર્મળ પરિણામને કરે, પણ વિકારી પરિણામનું કર્તવ્ય એનું નથી. એ પુદ્‌ગલપરિણામનો કર્તા પુદ્‌ગલ છે. આહા..હા..! આવી વાતું. સમજાણું કાંઈ? અહીં તો શું કહ્યું? કે પુદ્‌ગલપરિણામ એટલે વિકારી ભાવને અને આ બહાર સ્થૂળ ભાવ આદિ બધાને. '**પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' ભાષા દેખો! એકલું જ્ઞાતા-દૃષ્ટાપણું સિદ્ધ કરવું છેને? જીવનું કાર્ય તો જ્ઞાતા-દૃષ્ટા છે, એનું કાર્ય રાગ એ નહિ. એટલે જ્ઞાતા-દૃષ્ટામાં રાગ એ થાય તે પુદ્‌ગલનું કાર્ય છે. આ એનો જાણનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' ભાષા દેખો! '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' પુણ્યપરિણામને કરે છે. વ્યાપ્ય. દયા, દાનના પરિણામ વ્યાપ્ય છે અને પુદ્‌ગલ વ્યાપક છે. પુદ્‌ગલ પ્રસરે છે તે રાગને કરે છે. આહા..હા..! કઈ અપેક્ષા? અહીંયાં તો વસ્તુની દૃષ્ટિ (કરાવવાની વાત છે). ચૈતન્યસ્વભાવ છે એમાં કોઈ વિભાવ થવાની શક્તિ નથી. વિભાવિક શક્તિ છે, પણ એ વિભાવ થાય એવી એ નથી. એ તો નિમિત્તાધીન થાય ત્યારે થાય.

એટલે પુદ્ગલનું કાર્ય છે એમ કહી દીધું. ગોમ્મટસારમાં એમ આવે કે જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન રોકાણું અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો અહીં ક્ષયોપશમ થાય. સવારમાં આવ્યું હતુંને? વર્ણીજીનું. જ્ઞાનમાં ઓછા-વત્તાપણું થાય છે એ પોતાથી થાય છે, કર્મથી નહિ. ત્યારે કહે, નહિ, કર્મથી થાય છે. એ આવ્યું હતું હોં. કઈ અપેક્ષાએ? અહીંયાં તો ત્રિકાળી સ્વભાવમાં ભિન્ન રાગથી પાડીને રાગ એનું કર્તવ્ય નથી એ સિદ્ધ કરવું છે. એથી રાગનો કર્તા પુદ્ગલ અને રાગ એનું વ્યાપ્ય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ-૮, સોમવાર, તા. ૧૯-૦૭-૧૯૭૬,**
**ગાથા-૭૫,**
**પ્રવચન નં. ૧૩૦**

૭૫ ગાથા. ફરીને ચોથી લીટી. '**પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...**' શું કહ્યું ઈ? માટી તે વ્યાપક છે—કર્તા અને ઘડો તેનું કર્મ—કાર્ય છે. અહીં બે કારણ હોય તો (કાર્ય) થાય એ વાત અહીં રહેતી નથી. અહીં તો માટી પોતે કર્તા અને ઘડો એનું કાર્ય છે. કુંભાર એનું નિમિત્ત એ કર્તા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? '**જેમ ઘડાને અને માટીને...**' ઘડો એ વ્યાપ્ય છે—કાર્ય છે—કર્મ છે—વર્તમાન દશા છે, માટી તેનું વ્યાપક છે—એની કર્તા છે, એ પરિણમનાર માટી છે. ઘડારૂપે થનાર માટી છે, ઘડારૂપે થનાર કુંભાર નથી. આહા..હા..!

'**તેમ...**' આ તો દૃષ્ટાંત થયો. '**પુદ્ગલપરિણામને...**' એટલે કે શરીરની અવસ્થાને, પુણ્ય-પાપના ભાવને, વ્યવહારરત્નત્રયના રાગને.. એ પુદ્ગલપરિણામ છે. આહા..હા..! એને '**અને પુદ્ગલને...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ પુદ્ગલપરિણામ છે. આહા..હા..! ચૈતન્યના સ્વભાવની એ જાત નથી. '**તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' પુદ્ગલપરિણામનો કર્તા છે. આહા..! છેને? પુદ્ગલ જે છે એ પુણ્યના પરિણામનો કર્તા એ પુદ્ગલ છે. આહા..હા..!

**શ્રોતા :-** વિકાર માત્રનો કર્તા પુદ્ગલ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો પુણ્ય, વધારે પુણ્યની વાત છેને વધારે? નડતર એ છેને.

**શ્રોતા :-** દયા, દાનના ભાવ પુદ્ગલની જાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુદ્ગલના પરિણામ છે ઈ. પુદ્ગલ એનો વ્યાપક—કર્તા અને દયા,

દાનના પરિણામ એનું વ્યાપ્ય એટલે કર્મ. આહા..હા..! આવી વાત છે. ભેદજ્ઞાનની વાત છેને અહીં તો.

રાગથી ભગવાન આત્મા ભિન્ન છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પથી પણ ભગવાન ભિન્ન છે. એથી એને ભિન્નપણાને રાગ સાથે અભિન્નપણું નથી, એમ કહે છે. રાગ સાથે અભિન્ન પુદ્ગલના ભાવ અને પુદ્ગલના પરિણામ એ પુદ્ગલ સાથે અભિન્નપણું છે. આહા..હા..! ઝીણી વાત બહુ. બે કર્તા ઠરાવે છે એ અહીં ઊડી જાય છે. દેવીલાલજી! એ વાંધા ઊઠાવે છેને એ મોટા બધા. બે કારણો છે. બાહ્ય અભ્યંતર બે સામગ્રી મળે તો કાર્ય થાય. ભાઈ! એ તો પ્રમાણનો વિષય બતાવવા વાત કરી છે, પણ વાસ્તવિક નિશ્ચયનો વિષય છે એ જેને નથી બેઠો એને એ પ્રમાણનો વિષય યથાર્થ હોઈ શકે નહિ. શું કહ્યું ઈ?

નિશ્ચય નામ રાગથી ભિન્ન ભગવાન અને રાગના પરિણામ એ જીવના પરિણામ નહિ. રાગના પરિણામ તે વખતે જાણનાર જે જ્ઞાન એ જ્ઞાનમાં રાગના પરિણામ નિમિત્ત થાય, લ્યો! એ જ્ઞાનના પરિણામનો જીવ કર્તા અને જ્ઞાનના પરિણામ એ જીવનું કાર્ય. આહા..હા..! ધીરેથી સમજવાની વાત છે, ભાઈ! સમ્યગ્જ્ઞાનીને—સમ્યગ્દૃષ્ટિને શું હોય એની વાત છે આ. આહા..હા..! જ્યાં સમ્યગ્જ્ઞાન થયું, રાગના—વ્યવહારના વિકલ્પથી ભિન્ન પડીને ભગવાનનું જ્ઞાન થયું—અનુભવ (થયો) તો હવે કહે છે કે જે રાગાદિ ભાવ થાય તે પુદ્ગલના પરિણામ, એ જીવની જાત નહિ, જીવના પરિણામ નહિ. તો એ રાગના પરિણામ એનું કાર્ય પુદ્ગલનું છે ઈ. આહા..હા..! પુદ્ગલ વ્યાપક થઈને મલિનપણાના પરિણામને ઉત્પન્ન કરે છે. આત્માના એ પરિણામ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ છે એ રાગની આકુળતાના દુઃખથી ભિન્ન છે. આહા..હા..! ધર્મીને ક્યાંય, આત્માના આનંદ સિવાય ક્યાંય સુખબુદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ? કેમકે સુખ પોતાના સ્વરૂપમાં છે. એના સુખને અનુભવથી જ્યાં જાણ્યું, આહા..હા..! ત્યારે ધર્મીને એ આનંદના પરિણામ અથવા જ્ઞાનના ભાવ (થયા તે તેનું કાર્ય છે). જે રાગ છે એ પુદ્ગલના પરિણામ—પુદ્ગલનું કાર્ય છે. જ્ઞાનીએ એને—રાગને જાણ્યો. આહા..હા..! એ પણ અપેક્ષાથી કહેશે કે રાગને જાણે, પછી આત્માને જાણે છે એમ કહેશે. એવા પોતાના આત્માને જાણે છે. એમ છેને? પહેલી લીટી છે ઓલી કોર. આહા..હા..! ગજબ વાત છે! જૈનદર્શન વસ્તુસ્વરૂપ ચિદાનંદ આત્મા આનંદનો નાથ પ્રભુ જેને એ રાગના ભાવથી ભિન્ન ભાસ્યો તેના રાગના પરિણામ એ જીવના નહિ. એ રાગના પરિણામ—વ્યવહારરત્નત્રયના ભાવ એ પુદ્ગલના પરિણામ છે. ગજબ વાત, ભાઈ! એ પુદ્ગલ વ્યાપક થઈને (કરે છે). કેમકે જેમ નિમિત્ત પરવસ્તુ છે પુદ્ગલ, એમ વિકાર પણ પર છે, સ્વભાવ નહિ. એમ ગણીને બેને વ્યવહાર તરીકે કહીને પુદ્ગલ તેનો કર્તા અને પુદ્ગલનું એ કાર્ય છે. આહા..હા..! કહો, શેઠ! સમજાય છે? આહા..હા..! આવી વાત. તમારે તો આ તમાકુના ધંધા-બંધાનું કાર્ય તો નહિ.. અહીં તો ના પાડે છે.

આહા..હા..!

પ્રભુ! માર્ગ એવો છે વીતરાગનો. એ પોતે આત્મા વીતરાગસ્વરૂપ જ છે. ચારિત્રની અપેક્ષાએ વીતરાગસ્વરૂપ, આનંદની અપેક્ષાએ સુખસ્વરૂપ, આહા..હા..! જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનસ્વરૂપ એવા આત્માનું જ્યાં જ્ઞાન થયું, સમ્યગ્દૃષ્ટિને એટલે કે ધર્મીને જે કાંઈ રાગના ભાવ થાય એ રાગનું કાર્ય પુદ્ગલનું છે. આહા..હા..! અમરચંદભાઈ! આવી વાતું છે, ભગવાન! પછી એને એકાંત કહે. એમ કરીને કાઢી નાખે. ભગવાન! નહિ નીકળે. એ વસ્તુ તો આવી છે. સમજાણું કાંઈ? એમ કે વ્યવહારથી પણ થાય. અરે પ્રભુ! રાગ છે એ પુદ્ગલના પરિણામ, એનાથી આનંદના પરિણામ થાય? દેવીલાલજી! વાત તો આવી છે. નિશ્ચયથી યથાર્થ વસ્તુના સ્વભાવમાં નથી. જેમ પુદ્ગલ નથી તેમ વિકાર નથી. એટલે બેને બેય પામનાર કાઢી નાખ્યા. કર્તાકર્મ છેને? આહા..હા..! આ તો શાંતિથી જન્મ-મરણરહિતની વાતું છે, બાપુ! આહા..હા..! દુનિયા સાથે વાદવિવાદ કરે તો મેળ ખાય એવું નથી. આહા..હા..!

અહીં તો એમ કહે છે, પર્યાયમાં રાગની ક્રિયા પોતાની છે એ તો સ્વયંસિદ્ધ પહેલું નક્કી કર્યું છે. અસ્તિકાયની અપેક્ષાએ વિકારની પર્યાય પણ પોતાથી પોતામાં પોતાને કારણે છે, પરથી નહિ. એ તો અસ્તિત્વ સિદ્ધ કર્યું દ્રવ્ય, ગુણ અને પર્યાયનું. હવે જ્યારે દ્રવ્યદૃષ્ટિ કરવી છે અને પર્યાયને ઉડાવવી છે, પણ પહેલું ઓલું નક્કી કરીને હોં. ૬૨મી ગાથામાં કહ્યુંને એ પંચાસ્તિકાય. એ ત્યાં બહુ ચાલ્યું હતું વર્ણીજી સાથે પ્રશ્ન. એ લોકોને એકાંત લાગ્યું. લાગે બાપા! શું થાય? ભાઈ! જીવાસ્તિકાય જે છે એના દ્રવ્ય, ગુણ અને પર્યાય પોતાથી છે. વિકાર હોય તો એ પોતાથી અને નિર્મળ હોય તોપણ પોતાથી, પરથી નહિ. એમ એના દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વયંસિદ્ધ—સ્વતંત્ર સિદ્ધ કરીને પછી જ્યારે દ્રવ્યના સ્વભાવ ઉપર જાવું છે, આહા..હા..! ત્યારે વિકારના પરિણામનો કર્તા પુદ્ગલ (છે), આત્મા નહિ. આહા..હા..! આવો માર્ગ, પ્રભુ! સમજાણું કાંઈ?

પુદ્ગલ કર્તા અને વિકારી પરિણામ તેનું કર્મ. આમ નાખી દીધું. કેમકે ચૈતન્યસ્વભાવ રાગથી ભિન્ન જ્યાં જાણ્યો ત્યારે તેનું વ્યાપ્ય તો નિર્મળ પરિણામ હોય. આહા..હા..! વસ્તુમાં ક્યાં વિકાર થવાની કોઈ શક્તિ—લાયકાત છે? સમજાણું કાંઈ? આહા..હા..! એ વાત સાંભળવી મુશ્કેલ પડે જગતને. એટલે બિચારા તકરાર કરે હોં! એ એકાંત છે રે એકાંત છે. તમારા વિરુદ્ધ હવે શરૂ થઈ ગયું છે. તમારો પંથ નહિ રહે હવે. વિરોધ કોણે કર્યો છે, બાપા! કોણ કરે, કોણ લાવે? ભાઈ! આહા..હા..! માર્ગ તો અંદરમાં છે. ગાથા બહુ ઊંચી છે. બધી ૭૬-૭૭. માટી અને ઘડાને કાર્યકારણપણું છે. કાર્યકારણ કહો કે વ્યાપ્યવ્યાપક કહો. વ્યાપક તે કારણ છે અને વ્યાપ્ય તે તેનું કાર્ય છે. માટી તે વ્યાપક છે—કારણ છે, ઘડો તેનું વ્યાપ્ય એ કાર્ય છે, કુંભારનું એ કાર્ય નહિ. આહા..હા..! **'તેમ પુદ્ગલપરિણામને...'** એટલે કે શરીરની અવસ્થા, વાણીની અવસ્થા, પુણ્ય-પાપના ભાવની અવસ્થા એ બધાને

પુદ્‌ગલ પરિણામ કહ્યા છે. આહા..હા..! એને અને પુદ્‌ગલને, જડ જે પુદ્‌ગલ છે તેને '**વ્યાપ્ય...**' નામ કાર્ય અને '**વ્યાપક...**' નામ કારણ. કર્તાપણાનો ભાવ સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. આહા..હા..!

ભગવાન આત્મા સ્વતંત્ર દ્રવ્યસ્વભાવે જ્યાં પરિણમે છે ત્યારે તેનો સ્વભાવ નિર્મળ વીતરાગી પર્યાય તે વ્યાપ્ય છે અને ભગવાન આત્મા તેનો કર્તા વ્યાપક છે. તે કાળે વિકારના પરિણામ જે થાય છે તેનો વ્યાપક પુદ્‌ગલ છે કર્તા અને પરિણામ વિકારી તે તેનું કર્મ—કાર્ય છે. પકડાય છે કે નહિ શેઠ? છે અંદર. આહા..હા..! ત્યાં તમારે સજ્ઝાય તો ચાલતી હશે, નહિ? અમરચંદભાઈને ત્યાં આવે છે ઘણીવાર. શેઠની સાથે. હમણા ઓછું આવે છે. પહેલાં આવતા ત્યાં. આહા..હા..! અરે.. ભગવાન! આ તો તારો માર્ગ છેને, ભાઈ! આહા..હા..!

કહે છે, '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' ભાષા જુઓ. કર્તા સિદ્ધ કરવું છેને? આહા..હા..! વિકારના પરિણામ એમાં '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' કર્તા તે સ્વતંત્ર હોય. આહા..હા..! એ કર્મ જે પુદ્‌ગલ છે એ સ્વતંત્ર કર્તાપણે થઈને, સ્વતંત્ર વ્યાપક—કર્તાપણે હોવાથી '**પુદ્‌ગલ પરિણામનો કર્તા છે...**' શરીરની અવસ્થા, વાણીની અવસ્થા, પુણ્ય-પાપના ભાવની અવસ્થા, તેનો કર્તા એ પુદ્‌ગલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવ્યું છેને એ? વર્ણ, ગંધ, શબ્દ, બંધ, સંસ્થાન સ્થૂળ આદિ. આ શરીરાદિ, આ ભાષા આદિ. એના જે પર્યાય છે એ કાર્ય છે અને પુદ્‌ગલ એનો વ્યાપક—કર્તા છે. આત્મા નહિ અને આત્માનો રાગ પણ તેમાં વ્યાપક નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અને રાગાદિ જે થાય તે પુદ્‌ગલ જડ સ્વતંત્ર થઈને કર્તા થઈને પરની અપેક્ષા રાખ્યા વિના સ્વતંત્ર કર્તા તે પુદ્‌ગલના પરિણામને કરે છે. છે? '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલ પરિણામનો કર્તા છે...**' બાપુ! અનંત અનંત જન્મ-મરણના દુઃખનો અંત લાવવાની એ દશા બહુ જુદી છે. આહા..હા..! એક બાહ્યમાં જરી પાંચ, પચાસ લાખ પૈસા મળે, શરીર મળે સુંદર ત્યાં આમ જાણે.. આહા..હા..! ધૂળેય નથી. ધૂળેય નથી એટલે પુણ્ય પણ સારું નથી એમાં તો. આહા..હા..! આ દુનિયાની મીઠાશ બહારની, શરીર ને વાણી ને,.. આહા..હા..! જુવાન શરીર હોય લઠ જેવું રૂપાળુ અને ઇન્દ્રિયો બરાબર ફૂલીફાલી હોય. આહા..હા..! એની વિષયની મીઠાશમાં... અહીંયાં તો મિથ્યાત્વના પરિણામ (નથીને). સમ્યગ્જ્ઞાની છેને? (એને) પણ બીજા પરિણામ જે છે ચારિત્રમોહના, આહા..હા..! એ બધા પુદ્‌ગલના પરિણામ, એનું કાર્ય છે. આહા..હા..! સ્વતંત્રપણે પુદ્‌ગલ (કર્તા) થઈને, આહા..હા..! શુભ-અશુભભાવને કરે એ સ્વતંત્ર કરે છે. એને કોઈ બીજાની અપેક્ષા છે નહિ. આહા..હા..!

'**અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' એ રાગના ભાવ એ પુણ્ય પુદ્‌ગલના પરિણામ એ વ્યાપક નામ કર્તા વડે સ્વયં થતું હોવાથી '**(વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.**' આહા..હા..! સમ્યગ્જ્ઞાનની દૃષ્ટિમાં એ વિકારી પરિણામ તે પુદ્‌ગલ

સ્વતંત્ર (વ્યાપક) થઈને તેનું વ્યાપ્ય છે, એ આત્માનું વ્યાપ્ય નહિ. આહા..હા..! આવો માર્ગ! જુદી ચીજનો કર્તા જુદાં. વિકાર જુદી ચીજ છેને? વિકાર સ્વભાવ નથી—શક્તિ નથી. જેમ પરચીજ જુદી છે, એમ વિકાર પણ ખરેખર વિભાવ છે, પરચીજ છે. આહા..હા..! જ્ઞાયકસ્વરૂપમાં.. સમજાણું કાંઈ? હવે આપણે વ્યવહાર કરીએ તો નિશ્ચય થાય. ભાઈ! એ ક્યાં આવ્યું એમાં? વ્યવહારના પરિણામ જ પુદ્ગલપરિણામ કહ્યા ત્યાં. એ તો પુદ્ગલનું કાર્ય છે. એનાથી ચૈતન્યનું કાર્ય સમ્યગ્દર્શન-જ્ઞાન થાય? આહા..હા..! બહુ વાત (આકરી) છે.

**'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** વ્યાપક નામ કર્તા થવાથી—પ્રસરવાથી **'પુદ્ગલપરિણામનો કર્તા છે...'** વિકારના પરિણામનો પુદ્ગલ એ પરિણામ પુદ્ગલ, એનો કર્તા એ પુદ્ગલ છે. **'પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે. તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ...'** આહા..હા..! શુભ-અશુભભાવ કે દેહ, વાણીની અવસ્થા—ચેષ્ટા દેહ, વાણીની આ બધી, આહા..હા..! એ પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને કાર્યપણે કરવામાં આવતું એ **'સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ તેને જે આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ... '** આહા..હા..! ઘડા અને કુંભારની જેમ **'વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** કુંભાર વ્યાપક અને ઘડો વ્યાપ્ય, કુંભાર કર્તા અને ઘડો કર્મ એનો અભાવ છે. આહા..હા..!

**'કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...'** એ શું કહ્યું? **'સમસ્ત કર્મનોકર્મરૂપ...'** પુદ્ગલ પરિણામ વિકારી ભાવ કે શરીરની અવસ્થા, કર્મની અવસ્થા **'તેને જે આત્મા, પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...'** ઘટ અને કુંભારની જેમ **'વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** એમ આત્માને અને વિકારી પરિણામને કર્તાકર્મનો અભાવ છે. આહા..હા..! આવી વાત ઝીણી બહુ. આહા..હા..! આવી વાત છે, ભાઈ! વસ્તુ છે એનો ઉકેલ થાય તો નિર્મળ દશા થાય એમ કહે છે. વસ્તુ છે એ તો નિર્મળાનંદ પ્રભુ છે. આહા..હા..! એમાંથી ઉકેલ થાય—પરિણમન થાય—વિકાસ થાય તો તો વીતરાગી પર્યાયનો વિકાસ થાય. સમજાણું કાંઈ? એથી પુણ્ય અને પાપના ભાવ એના વિકાસનો કર્તા તે પુદ્ગલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સત્ય પણ જેમ છે તેમ અને થોડું પણ જેમ છે એમ એણે જાણવું જોઈએ. લાંબી—લાંબી મોટી વાતું કરે અને અંદર મૂળ હાથ આવે નહિ. આહા..હા..!

**'પુદ્ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...'** ઘટ અને કુંભારની જેમ. કુંભાર જેમ કર્તા નથી ઘટનો, એમ પુદ્ગલપરિણામનો આત્મા કર્તા નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામનો આત્મા કર્તા નથી. પરની દયા પાળુ એ તો કર્તા નથી, પણ પરની દયા પાળવાનો વિકલ્પ ઊઠ્યો એનો કર્તા પણ આત્મા નથી; અને આ દયા

તે ધર્મ, દયા તે ધર્મ ચાલી નીકળ્યા. ભાઈ! તને ખબર નથી. દયા તે ધર્મ એ તો આત્માની અહિંસા, રાગની ઉત્પત્તિનો અભાવ અને એ સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન છે તે વીતરાગ પર્યાયની ઉત્પત્તિ તેને અહીં દયા કહે છે. આહા..હા..!

**'પુદ્ગલપરિણામને અને આત્માને...'** વિકારી ભાવને અને આત્માને **'ઘટ અને કુંભારની જેમ...'** ઘટનો કર્તા કુંભાર નથી, તેમ વિકારી પરિણામનો કર્તા આત્મા નથી. આહા..હા..! **'કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી,...'** ખરેખર ભગવાન જ્ઞાનસ્વભાવી વસ્તુ એની જ્યાં દૃષ્ટિ થઈ એ વિકારના પરિણામને એ કરતો નથી. કેમકે એ વસ્તુસ્વભાવ છે એ તો નિર્વિકારી નિર્દોષ છે. આહા..હા..! પર્યાયમાં વિકાર હતો, એ પર્યાયને ઊડાવી દીધી દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિ કરીને. આહા..હા..!

**'પરંતુ (માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** જોયું! આહા..હા..! એ રાગ થાય તેનું જ્ઞાન, એટલે એનું જ્ઞાન તો પોતાનું છે, પણ એ રાગ સંબંધીનું જે જ્ઞાન, સ્વના જ્ઞાનમાં સ્વનું જ્ઞાન કહેવું એમાં તે કાળે રાગસંબંધીનું જ્ઞાન સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી એ **'પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માને) કર્મપણે કરતાં...'** એ રાગના જ્ઞાનના–રાગને જાણ્યો એ પોતામાં રહીને એવા જ્ઞાનના પરિણામનો આત્મા કર્તા (છે). આહા..હા..! **'કર્મપણે કરતાં એવા પોતાના આત્માને જાણે છે,...'** ભાષા દેખો પાછી. એ રાગસંબંધીનું જ્ઞાન એને કરતો પોતાને—આત્માને જાણે છે. રાગને જાણે છે એમ પણ નહિ. આહા..હા..!

ફરીને. આ તો અલૌકિક વાતું છે, ભાઈ! અત્યારે તો ગડબડ બહુ થઈ ગઈ છેને. આહા..હા..! **'પુદ્ગલપરિણામના જ્ઞાન...'** એટલે રાગ છે જેવા પ્રકારનો રાગ, જેવા પ્રકારનો દ્વેષ આદિ જે પરિણામ થયા તે જ કાળે તેનું જ્ઞાન થવાની પોતાની લાયકાતથી, તે કાળે તે રાગ છે માટે નહિ પણ, તે કાળે સ્વને જાણવાની અને પરને જાણવાની જે દશા (થઈ) એ પોતાથી થઈ. એ જ્ઞાનના પરિણામ એ આ જીવનું કર્મ છે.

**શ્રોતા :–** રાગ સંબંધી જે જ્ઞાન છે એ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ પોતાનું કાર્ય છે. આહા..હા..! અરે..! એના જ્ઞાનમાં તો લે વાતને. માર્ગ તો આ છે, ભાઈ! સમજાણું કાંઈ? કહો, મોહનલાલજી! આવું ઝીણું છે આ બધું. તમારે સ્થાનકવાસીમાં દયા પાળો ને આ કરો ને તે કરો. આહા..હા..! 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા.' બાપુ! એ દયા નહિ, ભાઈ! રોજ બોલતા હતા. એ વ્યવહાર—પરની દયાની વાત છે, બાપા! જે પરની દયા પાળી શકે નહિ અને પરદયા સંબંધીનો રાગ થાય, આહા..હા..! એ પણ દુઃખરૂપ છે. એનો કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ધીરાના કામ છે, ભાઈ! અહીં કાંઈ મોટી પંડિતાઈના એના કામ નથી અહીં. એને જ પંડિત કહ્યો છે, સમ્યગ્દૃષ્ટિને જ પંડિત કહ્યો છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં, નહિ? આહા..હા..!

જેની નજરું સ્વભાવ ઉપર ગઈ છે, એમ કહે છે, જેની નજરમાં ભગવાન તરવરે છે, આહા..હા..! એને જે રાગ થાય તેનું તેને જ્ઞાન થાય. એ જ્ઞાનનો કર્તા છે, રાગનો નહિ.

'**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એટલે કે જે પ્રકારનો દયાનો, હિંસાનો ભાવ થયો તે સંબંધી તેનું જ્ઞાન તે કાળે તે જ્ઞાનની દશાનો સ્વકાળ જ એવો છે કે સ્વને જાણવાનું અને પરને જેવું છે તેવું જાણવાનું એ પોતાના સ્વભાવથી જાણે એવું જે જ્ઞાન, એ જ્ઞાનનો આત્મા કર્તા અને જ્ઞાન પરિણામ એનું કર્મ. આહા..હા..! સમજાણું કાંઈ? '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' આહા..હા..! એ તો .. છે. પુદ્‌ગલપરિણામનું જ્ઞાન નથી. એ જ્ઞાન તો આત્માનું છે, પણ પુદ્‌ગલપરિણામ જે જાતના છે તે જાતનું અહીં જ્ઞાન થાય છે એથી એને પુદ્‌ગલપરિણામના જ્ઞાનને કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એને જન્મ-મરણના ઉદ્ધાર કરવાના રસ્તા બાપા અલૌકિક છે. સાધારણ કલ્પી નાખ્યો છે એવો માર્ગ નથી, ભાઈ! ભલે એને એકાંત લાગે, નિશ્ચય લાગે પણ સત્ય તો આ છે. આહા..હા..! દુનિયા રાજી થાશે બીજી રીતે કે વ્યવહાર કરતાં-કરતાં પણ થાય, નિશ્ચય કરતાં થાય એમ અનેકાંત છે. દુનિયા રાજી થાશે, પણ ભાઈ! તારા આત્માને નુકસાન છે. આત્મા રાજી નહિ થાય અંદરથી. આહા..હા..! જુઓ, ભગવાનનો માર્ગ બેય કહે છે, વ્યવહાર પણ કરો. આવે છેને. એ વાંધા ઊઠ્યા છેને આ. ઓલા કહે, વ્યવહાર પરંપરા મોક્ષનું કારણ છે. અરે ભાઈ! કોની કહી છે વાત? રાગનો કર્તા નથી, રાગનું કાર્ય જડનું, એ પરંપરા મોક્ષનું કારણ? એ તો કોને કહ્યું છે? જેને અંતર આત્મા અનુભવ રાગથી ભિન્ન પડીને જ્ઞાનના પરિણામ (થયા તે) એનું કર્મ છે એવું ભાન થયું છે, એને શુભભાવમાં અશુભ ટળ્યું છે એથી આગળ વધીને, સ્વનો આશ્રય કરીને એને ટાળશે એ અપેક્ષાએ પરંપરા કહ્યું, પણ એનાથી નહિ. એ તો વ્યવહારનું વાક્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારથી થાય—એનાથી થાય એમ નહિ. વ્યવહારના વચનનો એવો અર્થ ન કરવો. એ તો નિમિત્ત દેખીને એવો અર્થ કહ્યું છે, પણ એનો અભાવ કરશે અને સ્વભાવનો ઉગ્ર આશ્રય લેશે ત્યારે મોક્ષ થાશે. આહા..હા..! આવી વાત છે. શું કીધું?

**શ્રોતા :-** કોઈપણ કાર્ય હોય તો અભાવ કારણ કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાર્ય એટલે પોતાનું કાર્ય પોતાથી થાય છે, પરનો અભાવ છે એમાં. રાગનું જ્ઞાન થાય છે એ જ્ઞાનમાં રાગનો અભાવ છે. ઝીણી વાત છે, ભાઈ! કર્તાકર્મ આવો અધિકાર દિગંબરમાં અને એમાં પણ આ અધિકાર એવો બીજે ક્યાંય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? યશોવિજયજીએ નાખ્યું છે પાછળથી 'હું કર્તા પરભાવનો એમ જેમ જેમ જાણે, તેમ તેમ અજ્ઞાની પડે નિજ કર્મને ઘાણે.' એ તો બધું વાંચ્યું હતુંને અહીંનું પછી કેટલુંક. યશોવિજયજી શ્વેતાંબરના.

**શ્રોતા :-** અધ્યાત્મના પુસ્તક બહાર પાડ્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાડ્યા હતાને એમાંથી લીધું હતું. આહા..!

રાગનો કર્તા જેમ જેમ માને, તેમ તેમ અજ્ઞાની વિકારના ભાવના ઘાણામાં પડ્યો છે, પિલાઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! આવી વાતું છે, ભાઈ! શું થાય? વસ્તુની સ્થિતિ આવી છે. વસ્તુની મર્યાદા જ આવી છે. શું કહ્યું? કુંભારને અને ઘટને કર્તાકર્મપણાનો અભાવ છે, એમ પુદ્‌ગલના પરિણામને અને આત્માને કર્તાકર્મનો અભાવ છે. પરિણામ એટલે રાગાદિ હોં અહીં. '**પરંતુ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એ તો એમ કહ્યું કે ઓલો રાગ જેવો છે તેવું અહીં જ્ઞાન થયુંને એથી પુદ્‌ગલપરિણામનું જ્ઞાન. જ્ઞાન તો આત્માનું છે એ. સમજાણું કાંઈ? '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતાં...**' આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટાના ભાવને કર્મ નામ કાર્યપણે ભગવાન આત્મા કરતો. '**એવા પોતાના આત્માને જાણે છે,...**' રાગને જાણે છે એમ ન કહ્યું. રાગ સંબંધીનું તે કાળે પોતાનું પોતાના સામર્થ્યથી થયેલું જે જ્ઞાન તેને આત્મા જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારગડા ભાઈ! બહુ જુદા, ભાઈ! અને એ વીતરાગ સિવાય આ વાત ક્યાંય છે જ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે આવું સ્વરૂપ જે વર્ણવ્યું (એવું ક્યાંય નથી).

પર્યાય વિકારનો કર્તા નહિ. આહા..હા..! કેમકે સ્વભાવમાં આત્માની કોઈ શક્તિ મલિન નથી. જેટલી શક્તિઓ છે તેટલી નિર્મળ છે. આહા..હા..! અને તેથી શક્તિનું જ્યાં વર્ણન લીધું ૪૭, ત્યાં ક્રમ-અક્રમ નિર્મળ પરિણામનો ક્રમ અને ગુણનો અક્રમ એમ લીધું છે, વિકારની વાત ત્યાં લીધી જ નથી. ૪૭ શક્તિનું વર્ણન છેને પાછળ ત્યાં ક્રમ-અક્રમમાં, ક્રમમાં નિર્મળ પરિણતિ છે, અક્રમમાં ગુણ છે. વિકારની પરિણતિને ત્યાં લીધી જ નથી. કારણ કે વિકાર પરિણતિ હો, પણ એની શક્તિની એ પર્યાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ૪૭ શક્તિના વર્ણનમાં દ્રવ્ય શુદ્ધ અને શક્તિ શુદ્ધ એટલે એની દૃષ્ટિ થઈ એનું પરિણમન શુદ્ધ જ હોય. અશુદ્ધતા ત્યાં લીધી જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો...**' તે આત્મા રાગથી અને દેહની અવસ્થાથી અત્યંત ભિન્ન, જોયું! આહા..હા..! જ્ઞાનસ્વરૂપ થયો થકો. પર્યાયમાં '**જ્ઞાની છે.**' એને જ્ઞાની કહેવામાં આવે છે, એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને કર્મપણે કરતાં એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.**' આહા..હા..! એને જ્ઞાની અને ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! '**(પુદ્‌ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે :-)**' હવે. શું કીધું ઈ? જે કાંઈ રાગાદિ થાય છે પુણ્યભાવ આદિ એનું જે અહીં જ્ઞાન આત્મામાં થાય છે એ જ્ઞાન એનું કાર્ય શી રીતે છે? એને વધારે સ્પષ્ટ કરે છે. જ્ઞાન એનું કાર્ય છે. રાગનું જ્ઞાન થયું, માટે રાગ એનું કાર્ય છે એમ નથી; તેમ રાગનું જ્ઞાન થયું એ રાગનું કાર્ય છે એમ પણ નથી. શું કહ્યું ઈ? રાગ છે એને જાણ્યું જ્ઞાને, માટે જાણવાની

પર્યાય રાગનું કાર્ય છે એમ નથી, તેમ જાણવાની પર્યાયમાં રાગ જણાય છે માટે જ્ઞાનનું કાર્ય રાગ છે એમ પણ નથી. આહા..હા..!

અરે ભાઈ! વિંખાઈ જશે. શરીર ને આ બધું વિંખાઈ જશે. આહા..હા..! સંયોગી ચીજ ક્યાં એનામાં છે? આહા..હા..! જો આવો નિર્ણય ન કર્યો તો એણે શું કર્યું? ક્યાં એને જાવું, ભાઈ! સમજાણું કાંઈ? કરવાનું તો આ છે પહેલામાં પહેલું. બાહ્યના પદાર્થની તો મીઠાશ લક્ષમાંથી છોડી દે. પણ શુભરાગની મીઠાશ પણ છોડી દે કહે છે, આહા..હા..! ત્યારે તને આનંદની મીઠાશ આવશે. સમજાણું કાંઈ? અધિક કહ્યું છેને? '**ज्ञान सहावं**' બીજી ચીજને અધિકપણે લક્ષમાંથી છોડી દે, આહા..હા..! એમ રાગને પણ અધિકપણાથી છોડી દે, ભાઈ! અધિક તો ભગવાન એને પરથી ભિન્ન, જ્ઞાનસ્વભાવે પૂર્ણ અધિક ભિન્ન પડ્યો છે તે અધિક છે, આહા..હા..! એ અધિકને અધિકપણે ન ભાસે અને બીજી ચીજ અધિકપણે ભાસે (એ) સંસાર છે. સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...**' એ શું કરવા કહ્યું? છે તો જ્ઞાન પોતાનું પણ તે કાળે તે જાતનો રાગ છે, શરીરની અવસ્થા થાય છે એવું અહીં જ્ઞાન થાય છે પોતાને પોતાથી. એવું જે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને...**' કે '**પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકનો અભાવ હોવાથી...**' આહા..હા..! '**પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એટલે આત્મા એ રાગ છે તેનું જ્ઞાન પોતામાં રહીને સ્વપરપ્રકાશકપણે થયું એવું જે જ્ઞાન. આહા..હા..! એ '**પુદ્‌ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે...**' પરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને-રાગને. '**ઘટ અને કુંભારની જેમ...**' કુંભાર જેમ વ્યાપક નથી, ઘટ એનું વ્યાપ્ય નથી, આહા..હા..! એમ રાગ વ્યાપક નથી અને જ્ઞાન એનું વ્યાપ્ય નથી, આહા..હા..! ચીમનભાઈ! કહો, બધું સમજાય છે કે નહિ? આ મુંબઈમાં ઉપાધિનો પાર ન મળે આખો દી. આહા..હા..! અરે..! આવો સમજવાનો વખત કે દી મળશે? આવું માણસપણું મળ્યું એને. વીતરાગનું વાસ્તવિક તત્ત્વ પણ કાને પડવાનો યોગ થયો. આહા..હા..!

'**પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એટલે? શરીરની અવસ્થા, વાણીની અવસ્થા અને રાગ અવસ્થા એનું અહીં થતું જ્ઞાન પોતાથી, એને અને પુદ્‌ગલને એટલે રાગને '**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...**' આહા..હા..! સમજાણું કાંઈ? ઘટ અને કુંભારમાં જેમ કર્તાકર્મપણું નથી, એમ પુદ્‌ગલ પરિણામના જ્ઞાનને રાગ કર્તા અને જ્ઞાન પરિણામ કર્મ એમ નથી. આહા..હા..!

'**અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...**' ઘડો કાર્ય છે અને માટી કર્તા છે. '**તેમ આત્મપરિણામને...**' આહા..હા..! હવે અહીંયાં લીધું. રાગ સંબંધીનું જે જ્ઞાન થયું પોતામાં, સ્વને જાણતા એનું જાણવું જે થયું, એવા

જે આત્માના પરિણામ, જ્ઞાતા-દૃષ્ટાના વીતરાગી પરિણામ, આહા..હા..! '**આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' આત્મા વ્યાપક છે અને રાગનું જ્ઞાન થયું તે જ્ઞાન તેનું વ્યાપ્ય છે, જ્ઞાન તેનું કર્મ છે, જ્ઞાન તેનું કાર્ય છે. આહા..હા..! ગાથા બહુ ઊંચી છે. '**પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' એટલે કે રાગ અને શરીરની અવસ્થા જે કાળે ત્યાં થાય તે કાળે અહીં જ્ઞાન તેનું થાય એવા જે પરિણામને અને પુદ્ગલને '**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકનો અભાવ...**' છે. '**કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...**' આહા..હા..! રાગ આત્માનું કાર્ય અને આત્મા એનો કર્તા એમ પણ નથી, તેમ રાગ કર્તા અને જ્ઞાનપરિણામ થયા (તે તેનું કાર્ય) એમ પણ નથી. આહા..હા..!

'**ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. તેમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' આહા..હા..! ભગવાન આત્મા જે કાળે ત્યાં રાગાદિ દયા, દાનનો વિકલ્પ (થયો) તેનું અહીં જ્ઞાન થયું, એ જ્ઞાનનો આત્મા કર્તા અને જ્ઞાન તેનું કર્મ થયું. રાગ કર્તા અને રાગ કર્મ એનું થયું નહિ, તેમ રાગ કર્તા અને જ્ઞાનના પરિણામ કર્મ એમ પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મપરિણામને અને આત્માને...**' એટલે રાગનું જ્ઞાન થયું એવા જે આત્માના પરિણામ—પર્યાય '**અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' આત્મા કર્તા અને આત્મપરિણામ તેનું કર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ગાથા ગંભીર છે. આત્માના પરિણામને અને આત્માને કર્તાકર્મપણું છે ઘટ અને માટીની જેમ. આત્માના પરિણામ એટલે જાણવા-દેખવાના પરિણામ જે રાગને જાણવાના પરિણામ, એ પરિણામને અને આત્માને કર્તાકર્મપણું છે, પણ રાગનો કર્તા અને રાગનું કર્મ આત્માને નથી, તેમ રાગ કર્તા અને અહીં જ્ઞાનના પરિણામ કર્મ થયા એમ પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ધીમે-ધીમે તો કહેવાય છે હવે લક્ષમાં તો એને લેવું છેને. આહા..હા..!

**શ્રોતા :-** તાદાત્મ્યસંબંધ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સંબંધ જ નથી.

'**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' હવે શું કહેવું છે? કે ઓલો રાગ છે જે જાતનું તેવું અહીં જ્ઞાન થયું એથી ત્યાં પરતંત્ર છે, રાગ થયો માટે જ્ઞાન થયું એમ છે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...**' આહા..હા..! અહીંયાં જે જ્ઞાનના પરિણામમાં રાગ જણાણો એ જ્ઞાનના પરિણામ સ્વતંત્ર આત્મા કરે. એ રાગ છે માટે જ્ઞાનના પરિણામ થયા એમ પણ નથી. આહા..હા..!

**શ્રોતા :-** જ્ઞાનનું પરિણમન તો સ્વતંત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સ્વતંત્ર. જ્ઞાનનું પરિણમન.. દ્રવ્ય સ્વતંત્ર થઈને તે પ્રકારના

રાગનું જ્ઞાન છે એ જ્ઞાનનું વ્યાપકપણું આત્માનું અને જ્ઞાન એનું કર્મ છે. એ સ્વતંત્ર છે એટલે ઓલો રાગ છે માટે જ્ઞાનના પરિણામ થયા એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો ગાથા મહા.. અહીંથી જગતનો સાક્ષી શરૂ થાય છે, એમ છેને? આહા..હા..!

‘**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક**...’ એટલે? ‘**આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે**...’ એટલે? આત્મા સ્વતંત્ર કર્તાપણે થઈને રાગ સંબંધીનું જે જ્ઞાન છે તેનું એ કર્મ સ્વતંત્રપણે છે. એ રાગ છે માટે જ્ઞાનના પરિણામ થયા એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**આત્મપરિણામને અને આત્માને**...’ કાર્યકર્તા ભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. આહા..હા..! કેમ? કે ‘**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે**...’ આહા..હા..! પોતે જ આત્મા સ્વતંત્ર કર્તા થઈને રાગ સંબંધીનું જે જ્ઞાન છે એને પોતે કર્તા થઈને કાર્ય કરે છે. આહા..હા..! જેને રાગ છે એટલી અપેક્ષા પણ નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારગ ઝીણો ભાઈ! બહુ માર્ગ. અને જેના ફળ પણ મોક્ષ. ‘સાદિ અનંત અનંત સમાધિ સુખ...’ અને અનંત અનંત દુઃખનો અંત. છે? આહા..હા..! અનંત અનંત દુઃખનો અંત અને અનંત અનંત આનંદની ઉત્પત્તિ, તે પણ અનંતકાળ રહે એવી. એનો ઉપાય તો આવો જ હોયને! આહા..હા..! સમજાણું કાંઈ?

‘**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક**...’ એટલે કેમ કહ્યું આ? કે ઓલું રાગનું જ્ઞાન છે એટલી અપેક્ષા પરતંત્ર છે કે નહિ? કહે છે, ના. આહા..હા..! ‘**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી**...’ તે કાળે જે આત્માના જ્ઞાનપરિણામ થયા તે એનું કર્મ સ્વતંત્રપણે કરે છે. આહા..હા..! રાગ ને વ્યવહારનું જ્ઞાન થયું માટે એટલી પરતંત્રતા જ્ઞાન થવાની છે?—કે ના. એ તો પોતાના જ્ઞાનથી સ્વતંત્ર કર્તા થઈને સ્વતંત્ર પરિણમે છે, આહા..હા..! સ્વપણે અને પરનું જ્ઞાન સ્વતંત્રપણે કર્તા પોતે થઈને પરિણમે છે, એને પરની અપેક્ષા નથી. રાગ છે માટે પરપ્રકાશક જ્ઞાન થયું (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સમયસાર ઝીણી વસ્તુ બહુ, ભાઈ! લોકો સાધારણ બિચારા બુદ્ધિમાં ન મળે અને અંતર કેળવણી કેમ કરવી એની ખબર ન મળે. આહા..હા..! અને બહારથી લાગે કે અરે..! આ તો નિશ્ચયનો માર્ગ.. નિશ્ચયનો માર્ગ. નિશ્ચય એટલે સત્ય, નિશ્ચય એટલે યથાર્થ, અનુપચાર, વાસ્તવિક. આહા..હા..! એવું છે. દુનિયા માને ન માને સંખ્યા ઝાઝી હોય ન હોય એની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ?

‘**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી**...’ એમ કહીને શું કહેવું છે? કે આત્મપરિણામનો સ્વતંત્રપણે કર્તા છે. એને રાગ છે અને એનું જ્ઞાન થયું એટલી અપેક્ષા પણ એને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સામે છેને, પુસ્તક છે સામે. આ દુનિયાના કાર્યકર્તા તો નથી એમ કહે છે, પણ રાગનો પણ કર્તા નથી, પણ જે રાગ સંબંધીનું જ્ઞાન (થાય) છે એમાં રાગને લઈને (જ્ઞાન થાય છે) એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આવી ટીકા! અમૃતચંદ્રાચાર્યે ગજબ કર્યા છે કામ! આહા..હા..!

**'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...'** કર્તા એ સ્વતંત્ર હોય. સ્વતંત્રપણે કરે તે કર્તા. એટલે? જે રાગ સંબંધીનું જ્ઞાન એ આત્માનું કર્મ એની સ્વતંત્રતાથી એ થયું છે કહે છે. આહા..હા..! એ જ્ઞાનના પરિણામ રાગ છે માટે એટલી અપેક્ષાથી થયા છે એમ પણ નથી. આહા..હા..! તે કાળે તે કર્તા ભગવાન આત્મા સ્વપરપ્રકાશકના પરિણામની શક્તિ ધરાવનાર કર્તા થઈને તે સ્વપરપ્રકાશક પર્યાયનું કર્મ થયું છે. પરપ્રકાશક (છે) માટે પરની અપેક્ષા થઈ માટે પરપ્રકાશક થયો (એમ નથી). આહા..હા..! કેટલી વાત છે!

ભગવાન આત્મા સ્વતંત્રપણે દ્રવ્ય વ્યાપક થઈને એના જે જ્ઞાનના પરિણામ થયા એ પોતાને જાણવાના પરિણામ અને વ્યવહારના પરિણામ જાણવાના, એ પોતાના સ્વતંત્રપણે પરિણામ તે કાર્યનો કર્તા થઈને કર્મ છે એનું. આહા..હા..! એને ત્યાં વ્યવહાર રાગ આવો હતો એટલી અપેક્ષા પણ જ્ઞાનના પરિણામને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વતંત્રપણે પોતે જ્ઞાનના પરિણામને પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે જાણવાના પરિણામનો કર્તા થઈ, સ્વતંત્રપણે તે કર્મ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલો વ્યવહાર છે માટે નિશ્ચયનય એમ પણ નહિ, પણ વ્યવહાર છે માટે એનું જ્ઞાન થયું એને લઈને એમ પણ નહિ. આહા..હા..! કહો, ધન્નાલાલજી! વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

***

**અષાઢ વદ-૯, મંગળવાર, તા. ૨૦-૦૭-૧૯૭૬,**
**ગાથા-૭૫, કળશ-૪૯,**
**પ્રવચન નં. ૧૩૧**

સમયસાર, કર્તાકર્મ અધિકાર, ૭૫-ગાથા. અહીંથી ફરીને. આત્મદ્રવ્ય વસ્તુ જે છે આત્મા એ સ્વતંત્ર વ્યાપક થવાથી એટલે કોઈની અપેક્ષા રાખ્યા વિના સ્વતંત્ર પોતે કર્તા થવાથી **'આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...'** આહા..હા..! રાગાદિ થાય છે શુભ-અશુભરાગ એને અહીંયાં પુદ્ગલના પરિણામ કહ્યાં છે. કેમકે આત્માની કોઈ શક્તિ કે સ્વભાવ વિકારપણે થાય એવી કોઈ શક્તિ—સ્વભાવ નથી. એથી રાગથી ભિન્ન પડ્યું આત્માનું સ્વરૂપ એના જ્ઞાનમાં રાગાદિ થાય તેનું એ જ્ઞાન કરે અને રાગનું જ્ઞાન તે આત્માનું કાર્ય ખરું. આહા..હા..! આ વાણી થાય, આ દેહ આમ ચાલે એ અવસ્થા પુદ્ગલની છે અને પુદ્ગલથી થયેલી છે. એનું અહીંયાં જ્ઞાન કરે તો જ્ઞાનમાં એ અવસ્થા અને રાગ નિમિત્ત

હો. સમજાય છે કાંઈ? પણ એ નિમિત્તનો કર્તા આત્મા નથી. દેહની અવસ્થા—શરીરની, વાણીની અવસ્થા કે રાગની અવસ્થા એનો જીવ કર્તા નથી. વાસ્તવિક ધર્મની દૃષ્ટિ થઈ છે એની વાત છે. આહા..હા..!

**શ્રોતા :-** અજ્ઞાની રાગનો કર્તા છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાની રાગનો કર્તા માને. દૃષ્ટિ ત્યાં છેને. રાગ ઉપર પર્યાય ઉપર એની દૃષ્ટિ છે એથી અજ્ઞાની રાગનો કર્તા થાય અને મિથ્યાત્વને બાંધે. આહા..હા..! પણ રાગ ને પુણ્યના ભાવ એનાથી ભિન્ન ચૈતન્યજ્યોતિ છે તેવું જ્યાં રાગથી ભિન્ન ભેદજ્ઞાન થયું... આ તો વાતું અપૂર્વ છે, ભાઈ! એ ભેદજ્ઞાનમાં જ્ઞાનની પરિણતિની દશા એનો કર્તા સ્વતંત્રપણે આત્મા છે. એટલે? કે રાગ છે એને જાણે છે, તેથી રાગની અપેક્ષા છે અહીં જાણવામાં એમ નથી. આહા..હા..! દેહની સ્થિતિ થાય છે, ભાષાની અવસ્થા થાય છે તેને એ જાણે છે, તો જાણવામાં એટલી અપેક્ષા પરની છે એમ નથી. એ જાણવાનો પોતાનો સ્વભાવ છે તેથી સ્વને અને પરને જાણવાપણે પરિણમતું જ્ઞાન તે આત્માનું કર્મ નામ કાર્ય છે. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ?

એ આત્માના પરિણામનો કર્તા એક જ છે? બે કર્તા હોય કે નહિ? એ અહીં સિદ્ધ કરે છે કે બે કર્તા નથી. આહા..હા..! ચૈતન્યસ્વભાવ જ્ઞાનનો સાગર પ્રભુ એનું જ્યાં રાગથી ભિન્ન પડીને સ્વનું જ્ઞાન થયું તે જ્ઞાન સ્વ અને પરને જાણવાપણે પરિણમે એ સ્વતંત્રપણે પરિણમે છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત ઝીણી ભારે, ભાઈ! લોકોને તો તકરાર, કલેશ લાગે, ભાઈ! ભગવાન જ્ઞાનસ્વરૂપ છેને. એ જ્ઞાનનું પરિણમન કરે એ રાગનું કરે એ સ્વરૂપ છે એનું? આહા..હા..! એ તો રાગનું તો કરે નહિ, પણ રાગને જાણવાની પર્યાય છે તો રાગ છે માટે જાણે છે એટલી અપેક્ષા પણ જેને નથી. સ્વતંત્રપણે કર્તા એમ કીધુંને? આહા..હા..! શું કીધું?

**'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...'** સ્વતંત્ર નામ કર્તા સ્વતંત્રપણે કરે તેને કર્તા કહીએ. આહાહા.! ઝીણું છે, પણ સત્ય તો આ છે. એ સત્યને પહોંચે છૂટકો છે જન્મ-મરણનો નાશ કરવો હોય એને. આહા..હા..! ચોર્યાસીના અવતાર, દુઃખની દશામાં કરી રહ્યો છે એ. દુઃખ જન્મ-મરણનું નથી. દુઃખ તેની વિપરીત માન્યતા અને રાગ-દ્વેષનું છે. એ દુઃખી પ્રાણી છે અનાદિથી. એને દુઃખથી મુક્ત થવું હોય તો દુઃખની દશા અને દુઃખનું કારણ આત્મા નથી, આહા..હા..! એવી એણે આત્માની દૃષ્ટિ કરતાં સ્વતઃ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા રાગને જાણવાના જ્ઞાનમાં એ રાગને જાણવાના જ્ઞાનમાં સ્વતંત્રપણે વ્યાપક થઈને કરે છે. આહા..હા..! એ જ્ઞાનનું જાણવું એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય થઈ એ જ્ઞાનનું જાણવું. આહા..હા..! એ પર્યાય તે તેનું, કર્તાપણે સ્વતંત્રપણે તે પર્યાય તેનું કાર્ય છે. આહા..હા..! દર્શનમોહનો અભાવ થયો માટે સમ્યગ્દર્શનની પર્યાય થઈ એમ નથી, આહા..હા..! ચારિત્રમોહનો

અંદર અભાવ થયો માટે ચારિત્રની પર્યાય થઈ એમ નથી.

તેથી કહ્યું કે '**આત્મદ્રવ્ય સ્વતંત્ર...**' આહા..હા..! તે કાળના જાણવાની, દેખવાની, શ્રદ્ધવાની એવી જે પર્યાય એ સ્વતંત્રપણે કર્તા થઈને તે તેનું કર્મ છે. આહા..હા..! હવે અહીં મોટા-મોટા વેપાર કરે, શેઠ! શરાફના ધંધા પૈસાના કરે આ દેવા-લેવાના, વ્યાજ ઊપજાવે. તે કાળે તે પર્યાય જડની અને રાગની તે કાળે થઈ તે કાળે તે આત્મા, આહા..હા..! સ્વતંત્રપણે તેને જાણવું અને પોતાને જાણવું એવા સ્વતંત્રના કાર્યનો એ કર્તા છે. પરના કાર્ય નહિ, પરના કાર્ય અહીં છે માટે જાણે છે એમ પણ નહિ. આહા..હા..! જુઓ, સર્વજ્ઞ વીતરાગનો માર્ગ! એટલે કે આત્માનો માર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ વ્યાપક સ્વતંત્ર હોવાથી. આહા..હા..! '**આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો...**' એટલે શરીરની અવસ્થા, દેહની અવસ્થા આમ થાય એનું જે જ્ઞાન થાય અહીં એ પોતે સ્વતંત્ર જ્ઞાન થાય છે, એમ કહે છે. આહા..હા..! એ શરીરની અવસ્થા આમ થાય છે એવું જ અહીં જ્ઞાન થાય છે, માટે આને લઈને થયું છે અથવા એની અપેક્ષાથી થયું છે એમ નથી. આહા..હા..! માર્ગ ભાઈ, એવા ઝીણા. લોકોએ બીજી રીતે કલ્પ્યું છેને. વ્યવહારનો આશ્રય લઈને, નિમિત્તનો આશ્રય લઈને કલ્યાણ થાય એ તો ક્યાંય વાત રહી ગઈ, પણ નિમિત્ત અને રાગનું અહીં પોતે જ્ઞાન કરે છે એ સ્વતંત્રપણે કર્તા થઈને સ્વતંત્ર જ્ઞાન કરે છે. આહા..હા..! એ જ્ઞાનનું કાર્ય તે આત્માનું કર્મ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! પરની દયા પાળવી એ આત્માનું કર્મ નહિ, દયા પાળવાનો ભાવ થાય—રાગ એ આત્માનું કર્મ નહિ, આહા..હા..! આત્માનું કર્તવ્ય નહિ, લ્યો, .. મલજી આવ્યા. ભાઈ આવ્યા તમારે. ...મલજી. મોહનલાલજીએ કહ્યું હતું. ક્યાં બેઠા? ત્યાં બેઠા છે. કહો, સમજાય છે કાંઈ?

આ છેલ્લા ટૂકડામાં તો એટલી સ્વતંત્રતા! ખરેખર તો જે જે વ્યવહારનો રાગ છે તે જ કાળે જ્ઞાનનો પર્યાય પોતાને જાણતો અને એને જાણતો પરિણમે એ પોતાથી પરિણમે છે. સમજાણું કાંઈ? આહા..હા..! હો, રાગ હો, દેહની સ્થિતિ હો, એ બધી સ્થિતિ પરમાં જાય છે. આહા..હા..! પણ જે કાળે જે પ્રકારનો રાગ થયો અને જે કાળે દેહની સ્થિતિ થઈ એને તે જ પ્રકારે જાણવાનો પર્યાય તે કાળે સ્વતંત્ર પોતાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ન્યાય મૂક્યો. ઓહોહો..! કહ્યુંને? આ પ્રશ્ન (સંવત) ૧૯૮૩માં થયેલો મોટો. દામનગર. આ લોકાલોક છે માટે લોકાલોકનું જ્ઞાન થાય છે. એવો પ્રશ્ન ઊઠ્યો. એમ નથી. આહા..હા..! એ જ્ઞાનનો—કેવળજ્ઞાનનો પર્યાય તે કાળે સ્વતંત્રપણે કર્તા થઈને તે સ્વપરપ્રકાશની પર્યાયનું કાર્ય કરે છે. લોકાલોક છે માટે જાણવાનું કાર્ય થાય છે (એમ ત્રણકાળમાં નથી). આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વભાવ છે માટે જ્ઞાતાના પરિણામનું કાર્ય થાય છે. આમ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...**' આહા..હા..! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એમ

કહ્યું હતુંને ૧૨મી ગાથામાં. ત્યાં લોકો એટલું બધું લે છે કે જુઓ, **'सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं। ववहारदेसिदा पुण'** અપરમભાવ વાળાને તો વ્યવહારનો ઉપદેશ કરવો. એવો અર્થ કરે છે. એમ છે નહિ. **'ववहारदेसिदा पुण'** એટલે કે જેની દશામાં હજી અશુદ્ધતા છે, અપૂર્ણતા છે એને તે કાળે જાણેલો. એ ઉપદેશનો અર્થ એ છે ત્યાં. વ્યવહાર જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. આહા..હા..! શું વાત!

દૃષ્ટિનો વિષય તો અભેદ ત્રિકાળ છે. હવે ત્રિકાળનો આશ્રય થયો, પણ પર્યાયમાં અપૂર્ણતા છે એ અસ્તિ છે કે નહિ? તો એ અસ્તિનું જાણેલું જ્ઞાન તે કાળે તે પ્રકારનું જાણેલું જ્ઞાન પ્રયોજનવાન છે. માથે એવું લખાણ કે વ્યવહારનય પણ પ્રયોજનવાન છે, ૧૨મી ગાથામાં. કિસી-કિસીકો. એટલે પ્રયોજનવાનનો અર્થ? વ્યવહાર. આહા..હા..! તે તે કાળે તેનું જ્ઞાન કરવું તે પ્રયોજનવાન છે—એમ ટીકામાં ચોખ્ખું લીધું છે. **'ववहारदेसिदा पुण'**ની વ્યાખ્યા આ કરી છે. અરેરે..! એ અહીં કહે છે કે વ્યવહારનો રાગ હોય તે કાળે પોતે પોતાથી સ્વને-પરને જાણવું સ્વતંત્રપણે જાણે છે. એવા રાગનું અને દેહની સ્થિતિનું જે જ્ઞાન તે જ્ઞાન આત્માનું કાર્ય છે. આહા..હા..! જ્ઞાનસ્વભાવ બીજું શું કરે? જેનો સ્વભાવ જ પ્રજ્ઞાબ્રહ્મ, ચૈતન્યબ્રહ્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...'** એટલે કે રાગ થાય વ્યવહારનો, દયા-દાન આદિનો, તેનું અહીં જ્ઞાન (થયું) એ તેનું જ્ઞાન તો આત્માનું છે, પણ તે સંબંધીનું જ્ઞાન એટલે તેનું જ્ઞાન કીધું. એ રાગનું જ્ઞાન નથી. એ **'પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે...'** આત્મા વડે, કર્તા વડે **'સ્વયં વ્યપાતું હોવાથી...'** જોયું! સ્વયં થતું હોવાથી. આહા..હા..! રાગ છે માટે નહિ. એ પર્યાયનું જ્ઞાન ત્યાં સ્વયં થતું હોવાથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગાથા તો જૈનદર્શનનો મર્મ છે.

**'(વ્યાપ્યરૂપ થતું હોવાથી)...'** એટલે? જે જાતનો રાગ અને દેહની સ્થિતિ થઈ તેનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાન પોતે સ્વયં વ્યપાતું હોવાથી, કર્મરૂપે થતું હોવાથી. આહા..હા..! છેને? **'તે કર્મ છે.'** એ આત્માનું એ કાર્ય છે. આહા..હા..! રાગ એ કાર્ય નહિ, દેહની સ્થિતિ એ કાર્ય નહિ, ભાષાની પર્યાય કાર્ય નહિ. બોલવું, ચાલવું (એ કાર્ય એનું નહિ). બે કારણ છેને? એ બે કારણ તો બીજા કારણનું જ્ઞાન કરાવવાની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'સ્વયં વ્યપાતું હોવાથી...'** ભાષા જોઈ! જ્ઞાનના પરિણામમાં રાગનું જ્ઞાન એ સ્વયં વ્યપાતું હોવાથી. આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય, ચૈતન્યપ્રકાશની મૂર્તિ, એ ચૈતન્યના તેજનું નૂરનું પૂર. આહા..હા..! એવો જે ભગવાન આત્મા જેણે દૃષ્ટિમાં લીધો એને વર્તમાન જ્ઞાનના પરિણામ તે રાગનું જ્ઞાન એ સ્વયં થયું છે. આહા..હા..! રાગનું જ્ઞાન સ્વયં જ્ઞાન થયું છે. સમજાણું કાંઈ? દેવીલાલજી! આવી વાતું ભારે એટલે લોકોને (કઠણ લાગે), પછી નાખે કે એ સોનગઢિયા આમ કહે છે; પણ આ તો માર્ગ વીતરાગનો

આ છેને, ભાઈ! વીતરાગનો એટલે તારો. તું વીતરાગસ્વરૂપ છો, પ્રભુ! આવ્યું નહોતું? ઓલામાં આવ્યું હતુંને? વીતરાગ ચિદાનંદ સ્વભાવ. સવારમાં આવ્યું હતું પરમાત્મપ્રકાશમાં. એવો જે ભગવાન વીતરાગ ચિદાનંદસ્વરૂપ એની સત્તાનો જ્યાં સ્વીકાર થયો, આ રીતે છે એમ જ્યાં અંતરમાં સ્વીકાર થયો ત્યારે તેને સ્વપ્રકાશક જ્ઞાન પ્રગટ્યું અને તે કાળે જે પ્રકારનો રાગ અને દેહની સ્થિતિ થાય તેનું જ્ઞાન પોતાથી પ્રગટ્યું છે. આહા..હા..! એને જ્ઞાન કહીએ. શાસ્ત્રના ભણતર ને આ બધા જ્ઞાન એ અહીંયાં નહિ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! ભવસાગરથી નીકળવાનો પંથ તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ઓલા કહે, દયા પાળવાથી થાય, ઓલા કહે, ભગવાનની ભક્તિ કરવાથી થાય, ઓલો કહે, જાત્રા કરવાથી થાય, શાસ્ત્રને બહુ વાંચે તો થાય, આહા..હા..! એમ નથી. આહા..હા..! લાગે એવું લોકોને એકલું નિશ્ચય; પણ નિશ્ચય એકલું એટલે સત્ય જ આ છે. જ્ઞાનસ્વભાવ જે સત્ય છે તે જ્ઞાન સ્વને પ્રકાશતું પરને પ્રકાશે તે સત્ય પોતે સ્વતંત્રપણે પ્રકાશે છે. સત્ય વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ ભગવાન પરમ સત્ છે એ સ્વને જાણતાં તે કાળે રાગ અને દશાને જાણતા પોતામાં પરિણામથી સ્વતંત્ર પરિણમે છે. આહા..હા..! અને પાછળ આવી ગયું છેને કે એવા જ્ઞાનને કરતો, પુદ્ગલના પરિણામના જ્ઞાનને કરતો પોતાના આત્માને જાણે છે. આવ્યું હતુંને? આહા..હા..! શું વસ્તુની સ્થિતિ! સમજાણું કાંઈ? રાગને જાણે છે કે દેહની સ્થિતિને જાણે એમ પણ નહિ. આહા..હા..! તે કાળે આત્માને જાણે છે. આહા..હા..! આત્મા સ્વપરપ્રકાશપણે પરિણમ્યો એને આત્મા જાણે છે. આહા..હા..! આવી વાત છે. વાદવિવાદ કરે તો કાંઈ સત્ય તે કાંઈ અસત્ય બીજું નહિ થાય. સત્ય તો આ રીતે જ છે. સમજાણું કાંઈ?

'**વળી આ રીતે (જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી)...**' ભાષા જુઓ, એ રાગ આવ્યો, દેહની સ્થિતિ થઈ એનું આત્મા જ્ઞાન કરે છે તેથી '**એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...**' રાગ એ આત્માનું કાર્ય છે એમ નથી. '**પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે...**' જ્ઞાન કરે છે. રાગનું જ્ઞાન કરે છે, તેથી રાગ આત્માનું વ્યાપ્ય છે એમ નથી. આવું સમજવું હવે. સાધારણ બુદ્ધિવાળા બિચારા... એવું છે આ ઝીણું! આ રીતે ભગવાન આત્મા જાણનારો પ્રભુ પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે. આહા..હા..! તેથી એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું કાર્ય છે. આહા..હા..! એ આત્માનું વ્યાપ્ય છે એમ નથી. '**કારણ કે પુદ્ગલને અને આત્માને...**' અહીંયા વળી પરિણામ કાઢી નાખ્યા હવે. એ રાગને પુદ્ગલ કહી દીધો હવે. પહેલાં અહીં સુધી પુદ્ગલના પરિણામ લીધા હતા. શું કહ્યું એ? પુણ્ય-પાપના, રાગના, દયા-દાનના ભાવને-રાગને પુદ્ગલના પરિણામ કહેતા હતા. હવે પુદ્ગલ જ છે એ પરિણામ (એમ કહે છે). છે?

'**પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે; કારણ કે પુદ્ગલને અને આત્માને...**' આહા..હા..! બે દ્રવ્ય જ ભિન્ન આખા. ભગવાન આત્મા અને રાગના પરિણામ દયા, દાનના,

વ્રતના આદિ એને અહીં પુદ્‌ગલ કીધું. અમરચંદભાઈ! પરિણામ કાઢી નાખીને પાછા પુદ્‌ગલ (કહ્યાં)! આહા..હા..! અહીં તો કહે, ભગવાનની જાત્રા કરે (એટલે) ધર્મ થઈ જાય. પરની દયા પાળે.. એ ભાઈ એ નહિ. જાત્રા તો અહીં ભગવાનની અહીં છે. આહા..હા..! આનંદનો નાથ પ્રભુ સ્વભાવથી ભરેલો, એમાં યાત્રાએ ચડે, એમાં આરૂઢ થાય એને જાત્રા થાય. સમજાણું કાંઈ? એ તીર્થસ્વરૂપ છે ભગવાન પોતે. આહા..હા..!

**'પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં...'** ભાષા જુઓ, આહા..હા..! રાગને આત્મા જાણે, રાગ જ્ઞેય અને આત્મા જાણનાર. આહા..હા..! વ્યવહારનો રાગ—દયા, દાન, ભક્તિ, પૂજાનો રાગ એ જ્ઞેય અને આત્મા જ્ઞાયક. પરજ્ઞેય હો ઈ. એ રાગાદિ પરજ્ઞેય અને આત્મા જ્ઞાયક. આહા..હા..! એવો **'પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધ...'** પુદ્‌ગલ જ્ઞેય છે, આત્મા જ્ઞાયક છે એવા સંબંધનો **'વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...'** આહા..હા..! રાગના ભાવ પુદ્‌ગલ છે. એ જે પોતાના જ્ઞાનમાં (નિમિત્ત છે), ઉપાદાન પોતાથી થયું છે. સમજાણું કાંઈ? એને જાણવાનું ઉપાદાન જ્ઞાન પરિણામ પોતાથી થયું છે, એમાં પુદ્‌ગલ નિમિત્ત છે. આહા..હા..! રાગાદિ નિમિત્ત છે. ભાષા જુઓ,

**'એવું જે જ્ઞાન...'** પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે **'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.'** તે જ આત્માનું કાર્ય છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગમાં વીતરાગમાર્ગે પેસવું અલૌકિક વાત છે. એ ઝઘડા બહારનાથી પતે એવું નથી. આહા..હા..! અહીં તો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે છે એને પુદ્‌ગલ કહ્યો અને એ **'પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયકજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર...'** આહા..હા..! એ રાગ જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે એટલો એ વ્યવહારમાત્ર સંબંધ હોવા છતાં પણ **પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...'** વિકારભાવનું જે જ્ઞાન એ જ્ઞાનમાં રાગ નિમિત્ત છે. **'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.'** આહા..હા..! તે જ્ઞાન તે વ્યાપ્ય—એનું કાર્ય છે. એમાં રાગ નિમિત્ત છે માટે રાગ વ્યાપ્ય છે, કાર્ય છે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ગાથા અલૌકિક છે. આહા..હા..! એક ગાથાએ બાર અંગનો સાર ભરી દીધો છે.

**'એવું જે જ્ઞાન...'** કેવું? **'પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...'** પાછા પરિણામ લીધા. પહેલા પુદ્‌ગલ અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર કહ્યો. પછી કહ્યું પુદ્‌ગલપરિણામ. આહા..હા..! એ દયા, દાન, વ્રતના ભાવ શુભભાવ એ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે. જ્ઞાન થવામાં તો જ્ઞાન પોતાનું કારણ છે, પણ જ્ઞાનમાં આ નિમિત્ત છે. નિમિત્ત છે એટલે બીજી ચીજ છે એટલું. રાગનું જ્ઞાન થવામાં તો જ્ઞાન પોતે ઉપાદાન છે. એય..! આહા..હા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો ભાવ એ જ્ઞાનમાં નિમિત્ત છે એટલે તે વખતનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થયું છે એમ. પોતાથી ઉત્પન્ન થયું ત્યારે વ્યવહાર-

રાગને તેને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! એનો અર્થ શું થયો? નિમિત્ત છે માટે જ્ઞાન થયું એમ છે? નિમિત્તનું જ્ઞાન કર્યું માટે નિમિત્ત કારણ અને જ્ઞાન કાર્ય છે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...'** કોનું? કે જે સ્વપરપ્રકાશક જ્ઞાનની પરિણતિ સ્વતંત્ર જીવદ્રવ્યે કરી એ જે પરિણામ (થયા એ) જીવનું કર્મ છે, એમાં રાગાદિના પરિણામ નિમિત્ત છે; એટલે કે ઉપાદાન તો પોતાથી ત્યાં થયું છે, એમાં આ નિમિત્ત છે. **'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.'** આહા..હા..! રાગનું જ્ઞાન થયું એ જ્ઞાનમાં રાગ નિમિત્ત છે, એ નિમિત્ત જેનું છે એવું જે જ્ઞાન થયું પોતાથી એ જ્ઞાન આત્માનું વ્યાપ્ય છે. આહા..હા..! શું વાત કરી છેને પણ!! આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..! નિમિત્ત-ઉપાદાન. એ ખુલાસો ન થયો આમાં? વ્યવહાર, નિશ્ચય, નિમિત્ત અને ઉપાદાન બધાયનો ભાઈ, ખુલાસો આમાં છે. આહા..હા..! પંડિતજી! વ્યવહારને નિમિત્ત કીધું. અને વ્યવહારનું જ્ઞાન થયું એમાં જ્ઞાનમાં એ તો નિમિત્ત છે. આહા..હા..! છતાં, નિમિત્ત હોવા છતાં એ જ્ઞાતાનું વ્યાપ્ય નથી. વ્યાપ્ય તો તે સંબંધીનું પોતાથી જે જ્ઞાન થયું તે તેનું વ્યાપ્ય છે. આહા..હા..! જુઓ, તત્ત્વદષ્ટિનો વિષય! આવી વસ્તુ છે. એને જ્ઞાન ઉપર .. લેવી પડશે. આહા..હા..! કહો, ચીમનભાઈ! આ બધા ધંધા-બંધાના પરિણામ આત્મા કરતો નથી, એમ કહે છે.

**શ્રોતા :-** આપ કહો, પણ અમને તો એમ લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાગે તો વાગે છે ત્યાં મિથ્યાત્વનું. આ અમે કરીએ છીએ તે મિથ્યાત્વનું વાગે. મિથ્યાત્વનો પ્રહાર થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** મકાન મકાનથી જ થઈ જાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મકાન મકાનથી થાય. રાગ રાગથી થાય પછી પ્રશ્ન ક્યાં? આહા..હા..! રાગ આત્માથી નહિ અને રાગ છે માટે જ્ઞાન થયું, એ જ્ઞાનમાં નિમિત્ત છે માટે જ્ઞાન એનાથી (થયું એમ) નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ છે માટે જ્ઞાન થયું એમ નહિ અને જ્ઞાન થયું એમાં એ નિમિત્ત છે, માટે એ આત્માનું વ્યાપ્ય છે એમ નહિ. આહા..હા..! સુજાનમલજી! આ પુસ્તક છેને સામે? આહા..હા..! ત્યારે ઓલા કહે છેને કે લ્યો આનાથી જ્ઞાન થાય છે. જ્ઞાનમાં નિમિત્ત છે તો એનાથી થાય છે કે નહિ? નિમિત્તથી થાય છે કે નહિ? અરે ભગવાન! લ્યો એમ કહે છે. પણ તે સમયે જ્ઞાનનો પર્યાય પોતાથી થાય તેને આ નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત કહેવામાં આવે છે એનો અર્થ? નિમિત્તથી થાય છે એમ નથી. થાય છે તો નિમિત્ત કહેવામાં આવતું નથી. આહા..હા..!

શુદ્ધ ઉપાદાન પોતાના સ્વભાવથી જ્યાં જાગૃત થાય છે, તે તે કાળે તે તે જ્ઞાનના પરિણામમાં તે તે રાગ નિમિત્ત હોવા છતાં એ આત્માનું એ વ્યાપ્ય નથી, આત્માનું વ્યાપ્ય

તો જ્ઞાન પરિણામ છે. આહા..હા..! નિશ્ચયમોક્ષમાર્ગ જે છે એ આત્માનું વ્યાપ્ય છે. સમજાણું કાંઈ? એમાં વ્યવહાર જે મોક્ષમાર્ગ છે એ નિમિત્ત હો, પણ નિમિત્ત હોય માટે નિશ્ચયમોક્ષમાર્ગનું વ્યાપ્ય છે એમ નિમિત્ત એનું વ્યાપ્ય છે એમ નથી. આહા..હા..! કેટલી વાત કરી છે! ગજબ કરી છેને!

વ્યવહારનો રાગ આવે, હોય. એ પુદ્ગલના પરિણામ છે. એ જ્ઞાનના સ્વભાવમાં પોતાને જાણતા એને જાણવાનો સ્વભાવનો પર્યાય પોતાથી થયો છે, એવા જ્ઞાનના પરિણામમાં ઉપાદાન શુદ્ધ ઉપાદાનથી થયું છે. એમાં એ વ્યવહારનું નિમિત્ત હોવા છતાં અને એ જ્ઞેય-જ્ઞાયકનો વ્યવહારમાત્ર સંબંધ હોવા છતાં. આહા..હા..! વ્યવહાર—રાગ તે જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક (છે) એટલો વ્યવહારમાત્ર હોવા છતાં જ્ઞાતાનું વ્યાપ્ય એ નિમિત્ત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાતું છે. સામે હીરો હોય ત્યારે હીરાનું જ્ઞાન થાય છે, તો એટલી અપેક્ષા નથી હીરાની એને? સામે કોલસો હોય તો કોલસાનું જ્ઞાન થાય છે, સામે રાગ હોય તો રાગનું જ્ઞાન થાય છે, દ્વેષ હોય તો દ્વેષનું થાય છે, વિષયવાસનાનો રાગ છે તો એનું જ્ઞાન થાય છે, તો એ જ્ઞાનમાં એટલું નિમિત્ત છે તો એનાથી થયું નથી? આહા..હા..! અરેરે..! સત્ય વાત જગતને સાંભળવા મળે નહિ એ સત્યમાં ક્યારે જાય? આહા..હા..!

**શ્રોતા :-** હીરા વખતે હીરનું જ્ઞાન થાય, કોયલાનું કેમ ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વખતે હીરાનું જ્ઞાન થવાનું પોતાના સ્વતંત્રથી થયું છે. ઓલાને એમ કે હીરાનું જ્ઞાન તો હીરો છે તો એનું જ્ઞાન થયું કે નહિ? એ વાત એ માટે તો ચાલે છે. આહા..હા..! જુઓને કેટલી વાત લીધી! કે '**પુદ્ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે...**' આહા..હા..! અરે..! આ સમયસાર સામે છે અને એનું જે આ જ્ઞાન (થાય), એ જ્ઞાનમાં જ્ઞાન તો પોતાથી થયું છે, એ જ્ઞાનમાં આ નિમિત્ત છે, છતાં એ જ્ઞાન આત્માનું એ વ્યાપ્ય નથી, આત્માનું એ કાર્ય નથી. આહા..હા..! શેઠ! ઝીણી વાત છે, ભગવાન! આવી વાતું છે! આહા..હા..! રાજેન્દ્રભાઈ! આવો માર્ગ છે. વસ્તુની સ્થિતિ જ આવી છે.

**શ્રોતા :-** જેટલું સમયસાર જુદું એટલો જ રાગ જુદો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય જુદું. આહા..હા..! વિકલ્પ ઊઠે અને સામે એ બેય જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે એવો જ્ઞેયજ્ઞાયકનો.. પરજ્ઞેય તરીકે હોં! એવો વ્યવહારમાત્ર હોવા છતાં પરજ્ઞેય તે જીવનું વ્યાપ્ય નામ કાર્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી જ્ઞાન થયું એ તો વાત જ નહિ. સામું આ છે અને વિકલ્પ ઊઠ્યો એનાથી જ્ઞાન થયું એ તો નહિ, પણ પોતે પોતાથી જ્ઞાન થયું તેમાં આ જ્ઞેય નિમિત્ત હોવા છતાં જ્ઞાનના પર્યાયનું વ્યાપ્ય તે આત્માનું કાર્ય છે, નિમિત્ત એનું કાર્ય છે નહિ. આહા..હા..!

એ સામે સમયસાર જ કેમ લીધું? પદ્મપુરાણ કેમ ન લીધું? લ્યો એ પ્રશ્ન હતો એ

બાજુથી—વર્ણીજીથી. માટે કાંઈક નિમિત્તનો ફેર છે. આનાથી સમયસારનું જ્ઞાન થાય, પદ્મપુરાણમાંથી એનું. ભાઈ! બહુ ઝીણી, બાપુ! એ સમયસારને વાંચવા કેમ તમે મોઢા આગળ લ્યો છો? પદ્મપુરાણ કેમ લેતા નથી? એટલો નિમિત્તથી ફેર છે કે નહિ નિમિત્તથી થવાના જ્ઞાનમાં? એમ કહે છે. એય..! ભગવાન! એમ નથી, ભાઈ! તે કાળે તે સમયસારના શબ્દો અને તેના તરફનો વાંચનનો વિકલ્પ એ આત્માના સ્વતંત્ર થતાં જ્ઞાનમાં તે નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. નિમિત્ત તરીકે એટલે? એ એણે કર્યું નથી. આહા..હા..! એ આત્માએ પોતે સ્વતંત્ર વ્યાપક થઈને—કર્તા થઈને જ્ઞાનના પરિણામ સ્વપરપ્રકાશકના પોતાથી પોતે સ્વયંસિદ્ધ કર્યા છે. આહા..હા..! આ તો સમજાય એવું છે. ભાષા એવી કાંઈ બહુ આકરી નથી. આહા..હા..! ભાવ તો સૂક્ષ્મ છે, પ્રભુ! આહા..હા..! ઓહોહો..! ગજબ કામ કર્યું છેને!

કહે છે કે આત્માના જ્ઞાયકસ્વભાવનું ભાન થયું રાગથી અને બાહ્યની ક્રિયાથી ભિન્ન, તે કાળે જે જ્ઞાન પોતાને સ્વતંત્રપણે વ્યાપક થઈને જે જ્ઞાનના પરિણામ કરે છે તે પરિણામ તેનું કાર્ય છે. એ પરિણામમાં રાગ અને દેહની અવસ્થા નિમિત્ત હો. એટલે? નિમિત્ત હો એટલે? નિમિત્તથી થયું નથી, થયું છે આનાથી આમ. આહા..હા..! ગજબ વાત છેને. નિમિત્ત છે કે નહિ? એમ કીધું. નિમિત્ત છે એટલે શું? આહા..હા..! વ્યવહાર, નિમિત્ત બધા ખુલાસા આમાં આવી જાય છે. નહિ ભાઈ? દેવીલાલજી! આહા..હા..! વ્યવહાર કહો કે નિમિત્ત કહો. એ એ કાળે આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિથી સ્વભાવરૂપે પરિણમતા તેની પર્યાયમાં તે વ્યવહાર ને વિકલ્પ નિમિત્ત હોવા છતાં એ નિમિત્તથી થયું નથી અને નિમિત્ત તેનું વ્યાપ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે કે નિમિત્તને લાવ્યો છે, રાગને લાવ્યો છે, આહા..હા..! સમજાણું કાંઈ? એ સમયસારનું પુસ્તક પોતે લાવ્યો છે એવું જીવનું એ કાર્ય નથી. આહા..હા..! એ જીવનું કાર્ય તો તેને અને પોતાને જાણવાનું પરની અપેક્ષા વિના સ્વતંત્ર શુદ્ધ ઉપાદાનથી જાણવાના કાર્યરૂપે પરિણમે તે જીવનું વ્યાપ્ય—કાર્ય છે, એમાં આને નિમિત્ત કહો. નિમિત્તનો અર્થ નિમિત્તથી થયું નથી. આહા..હા..! પોતાના સ્વભાવના શુદ્ધતાના શુદ્ધ ઉપાદાનથી એ વ્યાપ્ય—કાર્ય થયું છે. હવે આમાં સમજાણું કાંઈ? નિમિત્ત અને ઉપાદાન બે કારણથી કાર્ય થાય એમ અહીં તો નિષેધ થાય છે. એ તો કથન છે. સમજાણું કાંઈ? શું કહે છે?

**શ્રોતા :-** આનંદઘનજી .. લેવાનું કીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધી વાતું. નિમિત્ત કોણ છે એ બતાવ્યું છે. આહા..હા..!

નિમિત્તને મેળવી શકતો નથી, એક વાત. નિમિત્તને ઉપજાવતો નથી, એક વાત. નિમિત્તને કાળે તેનું જ્ઞાન જે થાય છે તેના જ્ઞાનમાં એ નિમિત્ત હોવા છતાં તે નિમિત્ત તે આત્માનું કાર્ય નથી અને નિમિત્તનું એ કાર્ય નથી. આત્માનું નિમિત્ત એ કાર્ય નથી અને નિમિત્તનું અહીં જ્ઞાન થયું એ એનું કાર્ય નથી.

**શ્રોતા :-** તો કેમ થયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતાથી થયું. એ તો કહ્યુંને. 'સ્વયં' શબ્દ છેને? સ્વયં વ્યપાતું છે. ભાષા છે જુઓને. આહા..હા..! ગજબ ટીકા છેને. આવી વાત છે ક્યાં? દિગંબર જૈનધર્મ વાસ્તવિક તત્ત્વ. આહા..હા..! અમૃત રેડ્યા છે એકલા અમૃતચંદ્રાચાર્યે! અમે શાસ્ત્ર બનાવ્યા એમ નથી, તે શાસ્ત્રની રચના કરી એમ નથી અને શાસ્ત્રની રચના કાળે રાગ થયો એ અમારું કાર્ય નથી અને રાગ વખતે રાગનું જ્ઞાન થયું તો એ જ્ઞાન રાગનું કાર્ય નથી. આહા..હા..!

**શ્રોતા :-** આ .. અમૃત રેડે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમૃત રેડ્યા છે, ભગવાન! આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય સત્યના ભણકાર માર્યા છે. સત્યના ભણકાર કર્યા છે. આવું સત્ છે, બાપુ! એ રીતે તું જાણ તો ખરો પહેલું. આહા..હા..!

'**(માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.)**' જોયું! જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ. બે લ્યોને? જ્ઞાન પણ જ્ઞાતાનું કર્મ છે અને નિમિત્ત પણ આત્મા મેળવી શકે છે માટે કર્મ છે એમ નથી. આહા..હા..! નિમિત્તને જુટાવો વળી એમ કહે છે લ્યો. નિમિત્ત જુટાવીને અને ઉપાદાનને.. એમ તમે કહો છો એ તમારી શ્રદ્ધા મિથ્યાત્વ છે, એમ કહે. એમ લખ્યું છે. કોઈ પુસ્તકમાં એમ છે જ નહિ. સિદ્ધાંત વીતરાગના પુસ્તકમાં તો એક જ ઉપદેશ છે. આહા..હા..!

શું સિદ્ધ કર્યું? ભગવાન આત્મા એનો સ્વભાવ જ, જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વરૂપ જ વસ્તુ છે. જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા છે. એ જ્ઞાનમાં રાગનું જ્ઞાન થાય છે, એ વખતે જ્ઞાન પોતે પોતાના કારણે જ્ઞાન રાગનું અને પોતાનું કરે છે. નિમિત્તને કારણે નહિ, નિમિત્તનું કારણ નહિ. આહા..હા..! એમાં આ જ્ઞાન ત્યાં ક્યાં છે તે એને કારણે (થાય)! અહીં જ્ઞાન ભરેલું ભગવાન આત્મા, એમાં તે સ્વપરપ્રકાશનું પર્યાયનું વ્યાપ્ય-કાર્ય પોતે આત્મા સ્વતંત્રપણે કરે છે, નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! સમજવા માટે જરી.. લક્ષ રાખીને પકડાય એવી વાત છે, બાપુ! આ કોઈ.. આહા..હા..!

એ તો પ્રશ્ન આવ્યો છેને, લાકડાનું જ્ઞાન થાય છે તો લાકડું છે એટલે એનું જ્ઞાન થાય છે. માટે લાકડાથી જ્ઞાન થયું. લાકડાનું કેમ જ્ઞાન થયું ત્યાં? એ વખતે હીરાનું કેમ થાતું નથી? અરે ભાઈ! એની પર્યાયનો એવો સ્વભાવ જ તે કાળે છે. હીરો જાણે નિમિત્ત તરીકે- જ્ઞેય તરીકે, રાગને જાણે જ્ઞેય તરીકે એ પરજ્ઞેય તરીકે. વ્યવહારરત્નત્રય છે એ પરજ્ઞેય તરીકે અને આત્મા જ્ઞાયક છે એટલો નિમિત્ત વ્યવહારમાત્ર હોવા છતાં તે નિમિત્ત રાગ, જ્ઞાનની પર્યાયનો કર્તા નથી અને નિમિત્ત જ્ઞાનનું કાર્ય નથી—વ્યાપ્ય નથી. આહા..હા..! કહો, મોહનલાલજી! આ તમારા દયા પાળવી ને એ બધું ક્યાં ગયું? દયા પાળવી એ ધર્મ છે. શિખરચંદજી! આહા..હા..! આવો માર્ગ છે.

'**(માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.)**' જ્ઞાન કોણ? કે જે જ્ઞાનમાં રાગાદિ નિમિત્ત થયું, છતાં એ નિમિત્ત તે આત્માનું કાર્ય નહિ, તેમ નિમિત્તનું આ જ્ઞાન થયું એ એનું કાર્ય

નહિ. નહિતર નિમિત્ત કેમ કહેવાય? જે સ્વપરપ્રકાશક સ્વતંત્રપણે પરિણમ્યું એ જ્ઞાનનું કાર્ય પોતાથી થયું છે, નિમિત્તથી નહિ. તેમ નિમિત્તનું કાર્ય નિમિત્ત આત્માનું કાર્ય છે, નિમિત્ત આત્માનું કાર્ય છે, વ્યવહારરત્નત્રયનો રાગ એ આત્માનું કાર્ય છે એમ નથી. આહા..હા..! ધન્ય પ્રભુ! લ્યો એ ગાથા પૂરી થઈ. ૭૫. માર્ગ તો આ છે આવો. આહા..હા..! સમજો છોને ભાષા તો? આ સિદ્ધાંત તો સમજો છોને? ભાષા ગુજરાતી છે.

'**હવે આ જ અર્થના સમર્થનનું કળશ કાવ્ય કહે છે :-**' ૪૯મું કાવ્ય.

**व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि**
**व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।**
**इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिन्दंस्तमो**
**ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४९।।**

'**શ્લોકાર્થ :-**' '**व्याप्यव्यापकता तदात्मनि भवे**' એટલે વસ્તુના સ્વભાવમાં સ્વભાવ તે ત્રિકાળી વ્યાપક અને એની પર્યાય તે વ્યાપ્ય એ તત્સ્વરૂપનું હોય છે. રાગ અને પરવસ્તુ એ તત્સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનનો પિંડ પ્રભુ જ્ઞાનનો પુંજ પ્રભુ એનું વ્યાપ્યવ્યાપક તત્સ્વરૂપમાં હોય છે. પોતે વ્યાપક અને એની નિર્મળદશા તે વ્યાપ્ય. આહા..હા..! છે? અતત્સ્વરૂપમાં નહિ. રાગ અને શરીરની ક્રિયા અતત્સ્વરૂપ છે, તેમાં આત્માનું વ્યાપ્ય એ કાર્ય અને આત્મા વ્યાપક એમ છે નહિ. આહા..હા..! પ્રત્યક્ષ સર્વજ્ઞથી થયેલી વાત છે આ. આહા..હા..! શું કીધું એ? વ્યાપ્ય એટલે કાર્ય, વ્યાપક એટલે કર્તા '**તત્સ્વરૂપમાં જ હોય,...**' છે. આહા..હા..! એ અર્થકારે કર્યું ભાઈ, વ્યાપ્યવ્યાપકમાં. આત્મા વ્યાપક અને નિર્મળ પર્યાય વ્યાપ્ય એ તો ઉપચાર છે એમ કહ્યું. વ્યાપ્યવ્યાપકમાં. કળશમાં. આ ૪૯ છેને? ન્યાયથી કહ્યું છે. ૪૯ લ્યો.

'**વ્યાપ્ય અર્થાત્ તે પરિણામ દ્રવ્યે કર્યા. જેમાં આવો ભેદ કરવામાં આવે...**' સમજાણું? વ્યાપક વસ્તુ અને એના પરિણામ વ્યાપ્ય—એનું કાર્ય, એમ જો ભેદ કરવામાં આવે '**તો થાય છે, ન કરવામાં આવે તો નથી થતો.**' કેમકે '**જીવસત્ત્વથી પુદ્ગલદ્રવ્યનું સત્ત્વ ભિન્ન છે,...**' ભગવાન આનંદસ્વરૂપ તે રાગ અને પુદ્ગલનું સત્ત્વ (તેનાથી) ભિન્ન છે. '**નિશ્ચયથી વ્યાપ્ય-વ્યાપકતા નથી. ભાવાર્થ આમ છે કે જેમ ઉપચારમાત્રથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે,...**' આહા..હા..! જ્ઞાતાના સ્વપરપ્રકાશકના પરિણામનો આત્મા કર્તા અને એ કર્મ એ ઉપચારમાત્રથી છે. નિશ્ચયથી તો પર્યાય પર્યાયથી જ થઈ છે. સ્વપરપ્રકાશના પરિણામનું વ્યાપ્ય એ પર્યાય પર્યાયથી થઈ છે. દ્રવ્યનું એ કાર્ય છે એ તો ભેદથી ઉપચાર કથન છે. આહા..હા..! છે? '**તે જ પરિણામ દ્રવ્યથી કરાયેલો છે એમ અન્ય દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય ઉપચારમાત્રથી પણ નથી,...**' એમ કહે છે. રાગનો અને દ્રવ્યની જડની ક્રિયાનો ઉપચારમાત્રથી પણ કર્તા નથી. આહા..હા..! પોતાના

નિર્મળ પરિણામને કરે એ કર્તા ને કર્મ એ ઉપચારમાત્રથી છે, ભેદથી છે. આહા..હા..! નિશ્ચયથી તો નિર્વિકારી પરિણામ પોતાથી ત્યાં સ્વયંસિદ્ધ થયા છે. આહા..હા..! અરે..! આવી વાતું ક્યાં, ભાઈ! આહા..હા..!

નિર્મળ પરિણામ તે વ્યાપ્યવ્યાપક સત્, દ્રવ્ય પોતે જ્ઞાયક અને પરિણામ તેનું કાર્ય એ પણ ઉપચારથી છે, આહા..હા..! વ્યવહારમાત્રથી છે. આહા..હા..! એઈ..! અને વ્યવહારનો--રાગનો અને શરીરની અવસ્થાનો કર્તા ઉપચારમાત્રથી પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ રાગના પરિણામ ઉપચારમાત્રથી નિમિત્ત કહેવામાં આવે છે, ખરેખર એ છે જ નહિ, એમ કહે છે. આહા..હા..! જેમ અહીંયાં પરિણામનો કર્તા અને પરિણામ ઉપચારમાત્ર છે, એમ નિમિત્ત અહીં છે એ ઉપચારમાત્ર છે, પરમાર્થે તો એને ઉપચાર પણ નથી. જ્ઞાન જ્ઞાનથી થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે એમ કોઈ કહે કે વ્યવહારથી નિશ્ચય થાય, એ વાત તો છે જ નહિ; પણ વ્યવહારનું જ્ઞાન કર્યું એમાં એ નિમિત્ત છે એ પણ એ ઉપચાર છે. શું કહ્યું એ? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી પ્રભુ, તે કાળના પોતાના પરિણામ સ્વપરપ્રકાશમાં સ્વતંત્રપણે કર્તા છે તે પરિણામમાં રાગાદિ નિમિત્ત છે માટે તે નિમિત્તથી થયા છે એમ નહિ, તેમ પરિણામમાં નિમિત્ત છે માટે પરિણામનું એ નિમિત્ત કાર્ય છે (એમ પણ નથી). આહા..હા..! પોતાના પરિણામ નિર્મળ (કાર્ય) અને એનો કર્તા ઉપચારમાત્રથી (છે), તો નિમિત્તથી થાય અને નિમિત્તનું આ કાર્ય છે એ વાત તો છે જ નહિ. આહા..હા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ-૧૦, બુધવાર, તા. ૨૧-૦૭-૧૯૭૬,**
**કળશ-૪૯, ગાથા-૭૬,**
**પ્રવચન નં. ૧૩૨**

૪૯ કળશ છે. ૭૫ ગાથાનો એ કળશ છે. '**વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય,...**' એટલે શું? કે જે વસ્તુ છે એ કાયમ વ્યાપક થાય અને એની અવસ્થા તે તેનું વ્યાપ્ય છે એટલે કે આત્મા જે વસ્તુ છે ત્રિકાળી જ્ઞાયક આનંદ શક્તિસ્વરૂપ એ વ્યાપક થાય અને એની નિર્મળ અવસ્થા તે તેનું વ્યાપ્ય—તે તેનું કાર્ય. એ કર્તા ને કાર્ય અભિન્ન હોય છે. કર્તા બીજો અને ભિન્ન કાર્ય—કર્મ એમ હોઈ શકતું નથી. '**વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય, અતત્સ્વરૂપમાં ન જ હોય.**' એટલે? કે આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વભાવ એનું વ્યાપ્યવ્યાપકપણું

પોતાના પરિણમન નિર્મળમાં હોય છે. અતત્સ્વરૂપ એટલે વિભાવભાવ અને કર્મભાવ એ બધા અતત્સ્વરૂપ છે. આહા..હા..! પુણ્ય-પાપનો ભાવ, વિભાવભાવ એ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ એ અતત્સ્વરૂપ છે. આહા..હા..! જેને વ્યવહારસાધન કહ્યું છે એ કહે છે કે એ તો અતત્સ્વરૂપ છે. સાધન કહ્યું છે એ તો જ્ઞાન કરવા, સાધન છે નહિ. આહા..હા..! ઝીણી વાત ભારે!

**'અતત્સ્વરૂપ...'** એટલે કે ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોતસ્વરૂપ છે એનું વ્યાપ્યવ્યાપકપણું પોતાના સ્વભાવમાં છે. એ વ્યાપ્ય—અવસ્થા નિર્મળ એ એનું કાર્ય એટલે વ્યાપ્ય અને ભગવાન આત્મા જ્ઞાયક તે વ્યાપક. કાયમ રહેનારો તે વ્યાપક અને તેની થતી અવસ્થા તે તેનું વ્યાપ્ય. આહા..હા..! તો આત્મા કાયમ રહેનાર એવી ચીજ વસ્તુ એને રાગથી ભિન્ન પાડતાં એનું વ્યાપકપણું થઈને એ વીતરાગી પર્યાયનું વ્યાપ્ય—કામ કરે. આહા..હા..! આવી વાત છે. રાગભાવ વિભાવભાવ નિશ્ચયથી અતત્સ્વરૂપ છે, એનું ક્ષેત્ર ભિન્ન છે, એનો ભાવ પણ ભિન્ન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી ચીજ છે.

**'વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના...'** એટલે વિભાવભાવ એ અતત્સ્વરૂપ છે. સ્વભાવભાવ એ તત્સ્વરૂપ છે. આવી વ્યાખ્યા. અને **'વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના...'** વ્યાપક કર્તા થવું અને વ્યાપ્ય જે પર્યાયનું કાર્ય થવું એ વિના **'કર્તાકર્મની સ્થિતિ કેવી?'** એટલે રાગનો કર્તા આત્મા અને રાગ એનું કર્મ એ કેવું? આહા..હા..! ઝીણી વાતું બહુ, બાપુ! જેને ધર્મ થાય એને આમ થાય એમ કહે છે. એ તો વસ્તુનો સ્વભાવ જ્ઞાયકશક્તિ, ચિત્શક્તિરૂપ વસ્તુ એવી જેની દૃષ્ટિ થઈ અને રાગના—વ્યવહારના વિકલ્પથી અતત્‌ભાવથી ભિન્ન પડ્યો તો ભિન્ન પડ્યો એ તત્ત્વસ્વરૂપ ભગવાન આત્મા પોતે જ્ઞાયકસ્વભાવ તે વ્યાપક કર્તા થઈને એની નિર્મળ મોક્ષમાર્ગની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાયનું કાર્ય વ્યાપ્ય એ થાય એનું. આહા..હા..! પણ અતત્સ્વરૂપ રાગ એ અતત્સ્વરૂપ છે તેથી તેનું એ કર્મ અને કાર્ય એમ નથી. આહા..હા..! બહુ વાતું આવી છે, ભાઈ! લોકોને અત્યારે વ્યવહારના પ્રેમ ને નિમિત્તના પ્રેમમાં, ભગવાન વ્યવહાર અને નિમિત્તથી પર છે એનો આશ્રય અને પ્રેમ આવતો નથી.

**શ્રોતા :-** તત્‌થી અતત્ ભિન્ન હોય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભિન્ન છે. રાગ ભિન્ન છે. વિભાવભાવ છે, સ્વભાવભાવ નથી. કાયમનો સ્વભાવભાવ આત્મા એ વ્યાપક છે અને વર્તમાન તેની સ્વભાવની નિર્મળદશા તે તેનું કાર્ય—કર્મ અને વ્યાપ્ય છે. કાર્ય કહો, કર્મ કહો, વ્યાપ્ય કહો. આહા..હા..! આવું હજી તો સાંભળવા મળે નહિ, કેદી વિચાર કરે? ચોર્યાસીના અવતારમાં દુઃખી થઈને દુઃખની ઘાણીમાં પીલાય છે. સ્વભાવ ચૈતન્યવસ્તુ એનું માહાત્મ્ય દૃષ્ટિમાં આવ્યા વિના એને વિકારનું માહાત્મ્ય અંતરથી છૂટે નહિ. આહા..હા..! દેવીલાલાજી! આવી વાત છે, ભાઈ! દુનિયામાં માનવાવાળા નીકળે કે ન નીકળે પણ વસ્તુ તો આ છે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો

માર્ગ તો આ છે. આહા..હા..!

વ્યાપ્યવ્યાપક તત્સ્વભાવમાં હોય, અતત્સ્વભાવમાં વ્યાપ્યવ્યાપક નહિ એમ સિદ્ધાંત પહેલા મૂક્યો; અને તેથી વ્યાપ્યવ્યાપકના સંભવ વિના કર્તાકર્મની સ્થિતિ ક્યાંથી? આહા..હા..! ભગવાન આત્મા કર્તા અને વિકારી વિભાવભાવ—દયા, દાન, વ્રતાદિનો ભાવ એ એનું કર્મ એ ક્યાંથી આવે? વ્યાપ્યવ્યાપકના સંભવ વિના કર્તાકર્મપણું ક્યાંથી હોય? આહા..હા..! સમજાણું કાંઈ? આ બહારના કાર્ય તો કરી શકે નહિ, કારણ કે એ તો અતદ્ભાવ પરવસ્તુ છે, પણ વિકારના પરિણામ કરે નહિ કેમકે એ પણ ક્ષણિક, અતદ્ભાવ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યઘન એ તત્સ્વભાવે છે—તે સ્વભાવે છે, તે સ્વભાવમાં પરિણમન થવું એ એનું કાર્ય અને કર્મ છે. તો વ્યાપ્યવ્યાપક વિના કર્તાકર્મની સ્થિતિ ક્યાંથી લાવવી? આહા..હા..! પહેલું તો સમજવું ભારે કઠણ પડે. આહા..! કહો, સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એ તો ગુણ અને દ્રવ્ય પવિત્રતાનો પિંડ છે, તો પવિત્રતાનો પિંડ પ્રભુ પવિત્રતાના વ્યાપકપણે પવિત્રતાની વ્યાપ્ય--અવસ્થા કરે. આહા..હા..! અમરચંદભાઈ! આવી વાત છે, ભાઈ! તકરાર કરે વાડા બાંધીને. વ્યવહારને સાધન કહેવું, નિમિત્તને સાધન કહેવું, ભાઈ! અતદ્ભાવમાં વ્યવહાર સાધન ક્યાંથી આવ્યું? વ્યવહાર તો અતદ્ભાવ છે. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાયકભાવ ત્રિકાળી આનંદનો સાગર જ્ઞાયકભાવથી ભરેલો એ તદ્ભાવ એ પોતાના શુદ્ધ પરિણામમાં વ્યાપે અને વ્યાપક પોતે થાય, પણ એને વિકારપણામાં વ્યાપક થઈને વિકાર એનું કર્મ, વ્યવહારરત્નત્રયનો શુભરાગ એ આત્માનું કર્તવ્ય ક્યાંથી લાવવું? આહા..હા..! કહો, શેઠ! સમજાય છેને? આહા..હા..! આ શેઠિયાઓને આ બધું સમજવું પડશે. બહારમાં કાંઈ નથી ધૂળમાંય, આ પૈસા-બૈસામાં મોટી આબરૂમાં. એ મોટા શેઠિયા કહેવાય છેને ત્યાં તો? બુંદેલખંડના બાદશાહ. કેટલી તમાકુની આમ વખારુની વખારું ભરી છે લ્યો, તમાકુની. આઠ આઠ તો મોટર ઘરે. મોટરને સાફ કરવાનું પણ ઘરે. કો'કને ઘરે નહિ. અરે.. પ્રભુ! કોણ કરે? આ કહે છે. જોઈ આવ્યા હતાને. ત્યાં અમારો ઓલો ડ્રાઈવર હતો એ.. ત્યાં કામ કરાવ્યું એની પાસે મોટરમાં. પછી કાંઈ કરાવ્યું હશે. આહા..હા..!

અહીં તો કહે છે કે એ પરવસ્તુ એ વ્યાપક થઈને એની પર્યાયને એ કર્મ એનું કર્મ કરે. અતદ્ભાવવાળી ચીજ પોતે પોતાથી પરિણમીને તેનું કાર્ય કરે. આ તદ્ભાવવાળો આત્મા તેના અતદ્ભાવમાં વ્યાપક થઈને કાર્ય કરે એવું કોઈ દી છે નહિ. આહા..હા..! આ જીભ હલે, આહા..હા..! વાણી થાય, કહે છે કે એ વ્યાપ્ય આત્માનું નહિ. લ્યો! કાંતિભાઈ! દાખલો આપે એમાં સિદ્ધાંત ખુલ્લો કરે જરી. આહા..હા..! આ ભાષા થાય છે અને ત્યાં વિકલ્પ થાય છે રાગ એ બધા અતદ્ભાવ છે, આત્માના ભાવ નથી. એટલે અતદ્ભાવનું કાર્ય તદ્ભાવવાળો કરે એમ બનતું નથી. આહા..હા..!

(સંવત) ૧૯૯૫માં એક પ્રશ્ન થયો હતો ત્યાં. અહીં શેત્રુંજય. ભાઈ! આત્મા કાંઈ ભાષાને

કરે નહિ. તો રામવિજય કહે કે નહિ, ભગવાન કેવળી પણ પહેલે સમયે ભાષા ગ્રહે, બીજે સમયે છોડે. અરે પ્રભુ! આહા..હા..! ભાષાનું વ્યાપ્યવ્યાપકપણું જડમાં જડનું છે. આત્મા વ્યાપક થઈને ભાષાને કાંઈ કરે, અતદ્ભાવનું કાર્ય કરે એમ છે નહિ, ભાઈ! બહારની પંડિતાઈ ગમે તેમ દુનિયા માને પણ આ પંડિતાઈનો વિષય નથી, આ તો અંતર સ્વરૂપની દૃષ્ટિનો વિષય છે. આહા..હા..! જેને કલ્યાણ કરવું છે, ચોર્યાસીના જન્મ-મરણના દુઃખોથી છૂટવું છે એને અહીં કહે છે કે આહા..હા..! એ દુઃખના પરિણામ પણ આત્માનું વ્યાપ્ય નહિ. ગજબ વાત છે, ભાઈ! એ તો આનંદસ્વરૂપ પ્રભુ છેને. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ વ્યાપક થઈને—કર્તા થઈને—પ્રસરીને પવિત્ર પર્યાય—આનંદની પર્યાયનું કાર્ય કરે. આહા..હા..! એ દુઃખની પર્યાય અતદ્ભાવ છે, આત્માનો એ સ્વભાવ નથી. ગજબ વાત છે. આહા..હા..! વાત તો બેસે એવી છે એને ખ્યાલમાં જરી લે તો (સમજાય). સત્ય આ છે.

જે અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ ઊઠે છે, કહે છે કે એ વ્યાપ્ય આત્માનું કાર્ય નહિ. આહા..હા..! એ તો સ્વભાવનું પરિણમન કરે એ એનું કાર્ય છે. હા, વિભાવ હોય છે તેને તે કાળે સ્વને જાણતા તેને જાણે એવી પર્યાય એનું વ્યાપ્ય છે, પણ એ રાગ આત્માનું વ્યાપ્ય—કાર્ય (નહિ). આહા..હા..! ગજબ વાત છેને. અભિમાન ઊડી જાય એવું છે. હું બોલ્યો, મેં સમજાવ્યું.. આહા..હા..!

**શ્રોતા :-** વકીલનું કામ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વકીલ બધા અભિમાની છે. વકીલ કાયદા કાઢતા હતાને .. આમ થાય. રામજીભાઈ વખણાય આખા કાઠિયાવાડમાં. વકીલમાં પહેલે નંબરે હતા. હા, હા, અને મોટા મોટા વકીલો વખાણ કરે. એક નહિ? વકીલ નહિ? કોણ કીધું એ? અમદાવાદનો નહિ? ના, બીજા છે એક. છે અત્યારે છેને. એ રામજીભાઈના બહુ વખાણ કરે. વ્યાખ્યાનમાં આવે.. મંગળદાસ. મંગળદાસ કહે, રામજીભાઈના વખતમાં તો રામજીભાઈ એક હતા, એમ કહે. મેં રામજીભાઈને પૂછ્યું હતું એક વાર કે આ બધું જ્ઞાન શું હતું? કહે, કુજ્ઞાન કહેતા હતા. આહા..હા..! એ દલીલ કરવી એ વાણી અને દલીલનો વિકલ્પ, આહા..હા..! અને વિકલ્પને જાણનારું વિકલ્પપક્ષનું જ્ઞાન એ પણ આત્માનું કાર્ય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માનું વ્યાપક થઈને પ્રસરીને ખીલે તો એ વીતરાગી પર્યાયને ખીલવટ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? કાગળનો પંખો ખીલે તો કાગળથી ખીલે છે એ. એ લોઢાથી ખીલે? આ પંખા નથી આવતા? આહા..હા..!

એમ ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ આદિ સ્વભાવ એની ખીલવટ થાય તો વિકાસ તે વીતરાગી પર્યાયનો થાય. આહા..હા..! ભગવાન એનું વ્યાપ્ય તો વીતરાગી પર્યાય છે. આહા..હા..! ચોથે ગુણસ્થાને પણ એ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પર્યાય છે એ આત્માનું વ્યાપ્ય છે. આહા..હા..! બેસાડ એને ભાઈ, તું અંદર. વસ્તુની સ્થિતિ આવી છે. એ દુનિયા

કોઈ વખાણ કરે કે ઓહોહો..! આને વ્યવહારથી નિશ્ચય થાય, આણે અનેકાંત કર્યું. ભાઈ! એ અનેકાંત નથી, એકાંત છે. આહા..હા..! મિથ્યા એકાંત છે. સમ્યક્ એકાંત ભગવાન શુદ્ધ ચૈતન્ય પરમાત્મા પવિત્રતાનો પિંડ પ્રભુ છે. એ પવિત્રતા આત્મા કર્તા થઈને કરે તો પવિત્રતાની પર્યાયને એ કરે. આહા..હા..! તદ્ભાવમાં વ્યાપ્ય-વ્યાપકપણું હોય. એટલે કે તદ્ભાવમાં કર્તાકર્મપણું હોય. એટલે? કે કારણ અને કાર્ય તદ્ભાવમાં હોય. આહા..હા..! એ વીતરાગી પર્યાય કાર્ય અને એનું કારણ વીતરાગી સ્વભાવ પોતે. આમાં એમ કહેવું છે કે ઓલો રાગ કારણ અને વીતરાગી પર્યાય કાર્ય એમ જે આવે શાસ્ત્રમાં એ તો વ્યવહારના કથન છે. એમ છે નહિ, પણ તેનું નિમિત્તપણું દેખીને તેનું જ્ઞાન કરવાલાયક છે. આહા..હા..! મોટા વાંધા ઊઠ્યા છે આ સોનગઢને નામે એકાંત છે રે એકાંત છે. અરે પ્રભુ! સાંભળ ભાઈ!

'**વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના...**' વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના '**કર્તાકર્મની સ્થિતિ કેવી?**' આહા..હા..! '**અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય.**' '**इति-उद्दाम-विवेक-धस्मर-महोभारेण**' આહા..હા..! '**આવો પ્રબળ વિવેકરૂપ,...**' આવો પ્રબળ વિવેકરૂપ કે આત્મા પવિત્રતાના પરિણામને કરે અને પવિત્રતા પોતે કારણ. રાગનું કારણ આત્મા નહિ અને રાગ એનું કાર્ય નહિ. આહા..હા..! આવો પ્રબળ વિવેક. '**उद्दाम**' એટલે પ્રબળ '**विवेक-धस्मर**' આહા..હા..! પ્રકાશ, સૂર્ય '**महो**' '**धस्मर**' તેજ જેનો ભાર. '**પ્રબળ વિવેક અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ...**' એમ. '**તેના ભારથી...**' આહા..હા..! એટલે? જ્ઞાયકભાવ તે કર્તા અને પરિણતિ કર્મ એવા જ્ઞાનપ્રકાશના ભારના બળથી. આહા..હા..! '**અજ્ઞાન-અંધકારને ભેદતો,...**' રાગ મારું કાર્ય અને હું કર્તા એવા અજ્ઞાનને તોડતો. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓહો..! સમયસારના એક-એક કળશ, એક-એક ગાથા! ઓહોહો..! ભાઈ! આ તો આત્માના હિતની વાતું છે. આ તો હિત કેમ થાય એની વાત છે. આમ કરું ને આમ કરું, બહારમાં મોટા થઈ ગયા પંડિત, શાસ્ત્રના વ્યાખ્યાન કરવા એટલે એ જ્ઞાન છે એમ નથી. આહા..! અને વ્યવહાર કરતાં ઘણો આવડે માટે જ્ઞાન છે. રાગ-રાગ વ્યવહાર. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને ભક્તિ ને... આહા..હા..! ધમાધમ. જ્ઞાનમાર્ગ રહ્યો દૂર. યશોવિજયમાં છે. આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા તત્સ્વભાવ જે જ્ઞાયકસ્વભાવ તેનો કર્તા અને તેનો પર્યાય તે કાર્ય. અતત્સ્વભાવ વિભાવનો તે અતત્સ્વભાવમાં, તેનો કર્તા નહિ અને તેનું કર્મ નહિ. આનું હો. એ અતત્સ્વભાવાળાનું તે કર્તા અને તે તેનું કર્મ. આહા..હા..! આવી દૃષ્ટિ અંદરમાં થવી એને અહીંયાં સમ્યગ્જ્ઞાનનો સૂર્ય ઊગ્યો એમ કહે છે. છેને? આહા..હા..! '**उद्दाम**' '**પ્રબળ વિવેકરૂપ,...**' આહા..હા..! રાગથી જુદો પડી ચૈતન્યના સ્વભાવમાં વ્યાપક થઈને જેણે મોક્ષના માર્ગની પર્યાયનું વ્યાપ્ય નામ કાર્ય કર્યું, એવો જે પ્રબળ વિવેક. આહા..હા..! '**સર્વને ગ્રાસીભૂત...**' એટલે કે સ્વને જાણે અને રાગ આવે એને જાણે એ જાણવાનો ગ્રાસ કોળિયો

કરે. આહા..હા..! જાણવામાં બધું કોળિયો થઈ જાય, ગ્રાસ થઈ જાય. આહા..હા..! છે?

'**ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ...**' આહા..હા..! ચૈતન્યના પ્રકાશની આગળ એ પ્રકાશમાં સ્વને જાણે અને રાગાદિ હોય એને રાગ છે માટે જાણે એમ નહિ. કરે તો નહિ, રાગથી અહીં જ્ઞાનની પર્યાય થાય તો નહિ, પણ રાગના કાળે જ્ઞાનસ્વભાવનો એવો સ્વભાવ કે બધાને કોળિયો કરી જાય. જે જાતનો રાગ તે તે જાતનું જ્ઞાન તે પોતાને કારણે થતું સર્વને ગ્રાસીભૂત કરી નાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેના ભારથી...**' છેને? '**विवेकधस्मरमहोभारेण**' એનો બોજો વધી ગયો જાણે. આહા..હા..! જ્ઞાનસ્વભાવ પોતે પરિણમતું, પોતાનું જ્ઞાન કામ કરતું. જ્ઞાનને જે પ્રકારનો રાગ અને દેહની સ્થિતિ તે કાળે ત્યાં થાય, એને અડ્યા વિના ગ્રાસીભૂત જ્ઞાનમાં કોળિયો કરી નાખે છે. આહા..હા..! વ્યવહારના રાગને તે જાણી લે. એને જાણવાનું એ એનું કાર્ય, રાગ એનું કાર્ય નહિ. આહા..હા..! આવી વાત!

'**અજ્ઞાન-અંધકારને ભેદતો...**' '**तमः**' '**तमः**' એટલે કે રાગનું કાર્ય મારું અને રાગનો હું કર્તા એવું જે અજ્ઞાન તેને તત્સ્વભાવે પોતે પરિણમતો તે અજ્ઞાનનો એ નાશ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો શુભરાગ એ મારું કાર્ય અને હું એનો કર્તા અથવા વ્યવહારરત્નત્રયનો રાગ તે કર્તા અને મારી જ્ઞાન અવસ્થા તેને જાણનારી તે કર્મ એવું અજ્ઞાન છે તેને તોડી નાખ્યું. આહા..હા..! આવી વાત છે, ભાઈ! આહા..હા..! આખો નિરાળો પ્રભુ પડ્યો છેને અંદર.

'**અજ્ઞાન-અંધકારને ભેદતો, આ આત્મા...**' 'स एष पुमान्' 'स एष पुमान्' ભગવાન આત્મા '**જ્ઞાનસ્વરૂપ થઈને,...**' પરિણમનમાં. આત્માનું જ્ઞાનસ્વરૂપ છે તેવું જ્ઞાનસ્વરૂપ પરિણતિમાં થઈને. આહા..હા..! '**તે કાળે કર્તૃત્વરહિત થયેલો શોભે છે.**' રાગનું કાર્ય મારું, હું કર્તા એવા ભાવથી રહિત શોભે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે? '**તે કાળે...**' કીધુંને? જે કાળે પોતાને રાગ છે ત્યાં તે જ કાળે તે રાગને જાણતું જ્ઞાન. આહા..હા..! '**કર્તૃત્વરહિત થયેલો શોભે છે.**' રાગ મારું કાર્ય અને હું કર્તા એ અજ્ઞાનની દશા હતી એને છેદતો પોતે કર્તૃત્વરહિત થઈને શોભે છે, જ્ઞાતા થઈને શોભે છે, એમ કહે છે. જ્ઞાતા થઈને શોભે છે, રાગના કર્તૃત્વથી એ શોભતું નથી. આહા..હા..! એ પુણ્યના પરિણામ કરું, એનાથી એની શોભા નથી. એમાં તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! આ સોનગઢનું છે કે આ વસ્તુનું સ્વરૂપ છે આ?

**શ્રોતા :-** ... તો સોનગઢથી થાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ તો એમાં છે એનું થાય છેને?

**શ્રોતા :-** સોનગઢમાં છપાણા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છપાણા ગમે ત્યાં છાપ્યા હોય. ભાષા અને વસ્તુ કોની છે આ?

આહા..હા..! માણસને પોતાને માનેલી વાતનું એને અભિમાન હોય છે, તેથી એને સત્ય વાત પકડવી કઠણ પડે અંદર. અમે આવા પંડિતો, આટલા-આટલા ભેગા થઈને અમે નિર્ણય કરેલા અને એ વાત ખોટી અને આ વાત સાચી? અહીં તો સત્ય છે તેની વાત છે, ભાઈ! આહા..હા..! ચૈતન્યસ્વરૂપ પોતે જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો એ જ્ઞાતા-દૃષ્ટા થઈને શોભે છે કહે છે. રાગનો કર્તા થઈને જે (પરિણમતો હતો તે) અશોભા, અજ્ઞાન અને દુઃખ હતું, આહા..હા..! એ અકર્તા થઈને શોભે છે એટલે એને આનંદની દશા આવે છે. રાગનો કર્તા થઈને જે પડ્યો હતો એ અશોભા હતી એટલે દુઃખ હતું ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત, બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ! સમજાણું કાંઈ?

'**कर्तृत्वशून्यः लसितः**' આહા..હા..! જ્ઞાતાસ્વભાવ જ્ઞાનપણે, આનંદપણે પરિણમતો વ્યાપ્ય થઈને, આહા..હા..! કર્તૃત્વરહિત થઈને તેને આનંદની લહેરકીએ શોભે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદની લહેરથી દશામાં એ શોભે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ વસ્તુ છે એનું પહેલું જ્ઞાનમાં એમ નિર્ણય તો કરે. ભલે વિકલ્પથી નિર્ણય કરે, પણ વસ્તુસ્થિતિ આવી છે. આહા..હા..! આ કાંઈ કોઈના ઘરની નથી. એના સ્વરૂપની છે એ તો. આહા..હા..! એટલે અહીં કહે છે, વ્યવહારરત્નત્રયના રાગનો કર્તા થઈને જે અશોભા હતી, આહા..હા..! એ દુઃખી હતો. અશોભા એટલે સ્વરૂપની દુઃખદશા હતી. એ કર્તૃત્વરહિત થઈને જ્ઞાતા-દૃષ્ટાપણે થાય એ એની શોભા છે. કેમકે વસ્તુની સ્થિતિ એ છે. આહા..હા..! આ રીતે '**लसितः**' '**लसितः**' '**શોભે છે.**' આહા..હા..! રાગનો અકર્તા થઈને અને આનંદની પર્યાયનો કર્તા થઈને એ શોભે છે. આમ છે, ભાઈ! દુનિયાને એમ કહેવું છે કે વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. શાસ્ત્રમાં ભાષા આવે. એ તો સાધનનો આરોપ કરીને કથન કર્યું, ભાઈ! આહા..હા..! અતદ્ભાવવાળો ભાવ આત્માને સાધન થાય એમ કેમ બને! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- પંચાસ્તિકાય અને સમયસારમાં વિરોધ થશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વિરોધ નથી. એ માટે તો વાત ચાલે છે આ કે સાધનનો આરોપ કરીને કથન કર્યું છે. અહીંયાં સાધન છે, રાગથી ભિન્ન પડીને જ્ઞાયકભાવ વિસ્તાર થઈને વીતરાગી પર્યાય છે એ સાધન છે. એની સહચર દેખીને, રાગને સાથે દેખીને, નિમિત્ત દેખીને એને ઉપચારથી આરોપ કર્યો છે, એ સાધન છે નહિ. આહા..હા..! એ વ્યવહારના.. કો'ક કહેતું હતું, વ્યવહારના લખણ જ એવા છે. કોણ કહેતું હતું? કો'ક નહિ? ડોક્ટર ચંદુભાઈ. વ્યવહાર. એક દ્રવ્યને બીજા દ્રવ્યને ભેળવે, એક ભાવને બીજા ભાવને ભેળવે, કારણકાર્ય, ભિન્ન કારણકાર્યને ભેળવીને વાત કરે. છે?

એણે તો ગજબ કામ કર્યું છે! સાતમા અધ્યાયમાં નિશ્ચયાભાસ, વ્યવહારભાસની વાત કરી છે. ઓહોહો..! વસ્તુની સ્થિતિને જાહેર પ્રસિદ્ધ કરી છે. ટોડરમલ. હવે એને એ લોકો એમ કહે છે કે ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીધી હતી, ગાંડા થઈને વાતું

કરી છે. પાગલ થઈને. અરેરે..! પ્રભુ! આમ ન કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, અહીંની વાત સાચી પડે એને ટોડરમલ અને બનારસીદાસ કહે છે આ. એટલે ઓલાએ ભાંગ પીધીને વાત કરી છે, એમ ભાંગ પીને આ ગાડાંપણાની વાતું કરે છે, એમ કહે છે. ઠીક બાપા! ભગવાન તું પણ... તારી અશુદ્ધતા પણ બડી. શુદ્ધતાની તો શું વાત કરવી? આવે છેને ઓલામાં અનુભવપ્રકાશમાં આવે છે. તારી અશુદ્ધતા પણ મોટી. આહા..હા..! વિપરીત પડેલો તારો ભાવ પણ એટલો મોટો (કે) ખસે નહિ તને ઝટ. ભગવાનના સમીપમાં જાય તોપણ ન ખસે. આહા..હા..! એને સાંભળવા મળે, તોપણ ખસે નહિ એટલી એની મોટપ--અશુદ્ધતાની પક્કડ છે. આહા..હા..! ભાઈ! એને પહેલી સુધાર તો ખરો. સ્થિરતા ન થઈ શકે પછી. વાત એ છે, બાપા!

'**કર્તૃત્વરહિત થયેલો શોભે છે.**' આહા..હા..! રાગ મારું કાર્ય અને હું એનો કર્તા એ એની શોભા નહિ, ભાઈ! એ તો અજ્ઞાનદશા છે, એ દુઃખદશા છે. આહા..હા..! રાગનું કર્તૃત્વ મારું નહિ. તે કાળે મારું જ્ઞાન જ તેને અને સ્વને પરિણમતું જ્ઞાન પોતાથી સ્વયં પરિણમે છે, એ જ્ઞાનની દશા એ મારું કાર્ય અને હું એનો કર્તા. ત્યાં આનંદની શોભા છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાદવિવાદે પાર પડે એવું નથી, બાપુ! આ તો એવી વસ્તુ છે.

'**ભાવાર્થ :- જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક...**' દ્રવ્ય. દરેક અવસ્થામાં હોય તે વ્યાપક. છેને? '**અને કોઈ એક અવસ્થાવિશેષ તે, (તે વ્યાપકનું) વ્યાપ્ય છે.**' વર્તમાન અવસ્થા તે વ્યાપકનું વ્યાપ્ય. ત્રિકાળ વસ્તુ તે વ્યાપક. કહો, સમજાય છે કાંઈ? '**આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે...**' વસ્તુ પોતે તે વ્યાપક છે. કેમકે તે દરેક અવસ્થામાં હોય છે. દરેક પર્યાયના કાળમાં તે દ્રવ્ય તો હોય છે. માટે તે દ્રવ્યને વ્યાપક તરીકે કહેવામાં આવે છે. આહા..હા..! '**અને પર્યાય વ્યાપ્ય છે.**' વર્તમાન અવસ્થા થતી તે તેનું કાર્ય અને વ્યાપ્ય છે.

'**દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે.**' એટલે? કે પરની સાથે કાંઈ સંબંધ નથી એમ કહે છે. પોતાનું દ્રવ્ય અને પોતાની પર્યાય, પરથી ભિન્ન અને અહીં પોતે અભેદ છે. પરથી ભિન્નની અપેક્ષાએ અભેદ કીધું છે. બાકી પર્યાય અને દ્રવ્ય બે એક થયા નથી. બે શબ્દ છેને. દ્રવ્ય અને પર્યાય બે અભેદરૂપ છે. એટલે? પરની સાથે, રાગની સાથે સંબંધ નથી. આહા..હા..! નિર્મળ પર્યાય અને દ્રવ્ય—બે અભેદ એટલે કે દ્રવ્યે કરેલી પર્યાય છે અને એ પર્યાયનો કર્તા દ્રવ્ય છે એમ અભેદ છે. આહા..હા..! આખી ચીજ અનંત કાળની પલટો મારવો છે એ વસ્તુ.. આહા..હા..! જે પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ છે એણે દ્રવ્યબુદ્ધિ કરવી એ કોઈ સાધારણ વાત નથી. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં પર્યાયમાં સ્વીકાર કરે છે, ત્યારે એ પર્યાય સન્મુખ થાય છે તે સ્વીકાર કરે છે. દ્રવ્યની સન્મુખ થાય તે એનો સ્વીકાર કરે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! પ્રભુ! શું કરે છે, ભાઈ? શાંતિની શોભા એને હોય

કે તે પરનો કર્તા અને કર્મપણું છોડે છે એને શાંતિ થાય છે, એમ કહે છે. આહા..હા..! પોતે દ્રવ્ય વ્યાપક અને એનો નિર્મળ પર્યાય તે એનું વ્યાપ્ય, ત્યાં તેને શાંતિ થાય છે; પણ દ્રવ્ય વ્યાપક અને પુણ્ય-પાપ તેનું કર્મ—કાર્ય, ત્યાં તો અશાંતિ થાય છે. સત્ય નથી એટલે અસત્ય એટલે અશાંતિ થાય છે. સમજાણું કાંઈ?

'**જે દ્રવ્યનો આત્મા,...**' એટલે કે જે દ્રવ્યનું સ્વરૂપ. છેને? '**અથવા સત્ત્વ...**' દ્રવ્યનું જે સત્ત્વ તે પર્યાય દ્રવ્ય વડે વ્યપાય જાય છે. સત્ત્વ આમ હોય ને દ્રવ્ય વ્યાપ્ય. '**દ્રવ્યનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ તે જ પર્યાયનો આત્મા,...**' એટલે પર્યાય તેની તેના સ્વભાવની છે એમ. આહા..હા..! અહીં તો પર્યાય ને દ્રવ્યને પરથી ભિન્ન પાડવા છેને? વિભાવથી અને પરદ્રવ્યથી ભિન્ન પાડવા છે એટલે જે દ્રવ્યનું સ્વરૂપ છે તે જ પર્યાયનું સ્વરૂપ છે એમ. એ એની જાતનું છેને. પર્યાય દ્રવ્ય એક થયા નથી. એ વાત પાછી... પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે, દ્રવ્યમાં ભળીને જાણતી નથી. આહા..હા..! પણ પરનું ભિન્નપણું છે એની અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાય અભિન્ન છે એમ કીધી છે. આહા..હા..! અપેક્ષા બરાબર જાણવી જોઈએ. આહા..હા..! ભાઈ આવો...

દ્રવ્યનું સ્વરૂપ તે સત્ત્વ, દ્રવ્યનું સત્ત્વ તે પર્યાયનું આત્માનું સ્વરૂપ છે. પર્યાયનો આત્મા એટલે પર્યાયનું સ્વરૂપ. આહા..હા..! '**આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે...**' જોયું! દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે '**અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે.**' એમ કહે છે. એની જાત છેને. એનું અભિન્ન છેને એમ કહે છે. દ્રવ્ય વ્યપાઈ જાય છે, દ્રવ્ય વ્યાપે છે અને રાગ વ્યાપ્ય છે એમ નથી. કારણ કે એ ભિન્ન ચીજ છે. એમ. સમજાણું કાંઈ?

'**આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે. આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય;...**' છે. આ સિદ્ધ કરવું છે. તે સ્વરૂપમાં હોય છે. પરસ્વરૂપમાં આવું વ્યાપ્યવ્યાપકપણું હોતું નથી. રાગની સાથે આત્માને વ્યાપ્યવ્યાપકપણું નથી કેમકે એ ભિન્ન ચીજ છે, પણ દ્રવ્ય અને સ્વભાવની પર્યાય બે અભિન્ન છે તેથી તે વ્યાપ્યવ્યાપકપણું—દ્રવ્ય વ્યાપક અને એની પર્યાય વ્યાપ્ય એમ થઈ જાય છે. આહા..હા..! જુઓને, પંડિતે કેટલું સ્પષ્ટ કર્યું છે! એના પંડિતો કેવા હતા પહેલાંના!

**શ્રોતા :-** સમયસારનું સ્પષ્ટીકરણ કરે એવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ સારું, ઘણું સારું. આહા..હા..!

'**(અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ)...**' એટલે પર્યાયની સત્તા અને દ્રવ્યની સત્તા બે જુદી નથી એમ. જેમ પરદ્રવ્યની સત્તા જુદી છે એમ નહિ. એમ કહેવું છે અહીં. આમ તો પર્યાયની સત્તા અને દ્રવ્યની સત્તા બે ભિન્ન છે એ બેની અપેક્ષાએ. પણ પરની અપેક્ષાએ તેનું તે છે. આહા..હા..! ખરેખર તો પર્યાય નિર્મળ જે છે એનું ક્ષેત્ર અને એનું સત્ત્વ તે ભિન્ન છે અને ધ્રુવનું સત્ત્વ અને ક્ષેત્ર બે ભિન્ન છે, પણ એ એના ને એનામાં

છે એ સિદ્ધ કરવું છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! ત્યાં સંવર અધિકારમાં એમ કહ્યું કે વિભાવનું ક્ષેત્ર ભિન્ન છે, વિભાવનું ક્ષેત્ર ભિન્ન. સંવર અધિકાર. વસ્તુ ભિન્ન છે માટે ક્ષેત્ર ભિન્ન છે. એ અહીં સિદ્ધ કરવું છે, પર્યાય અને દ્રવ્યનું ક્ષેત્ર એક છે એમ સિદ્ધ કરવું છે. અભિન્ન સત્તાવાળા પદાર્થમાં છે. એટલે કે પરની સત્તાથી પોતાની દ્રવ્ય પર્યાયની સત્તા ભિન્ન છે અને પોતાની સત્તા બે અભિન્ન છે, એમ. સમજાણું કાંઈ?

**'અતત્સ્વરૂપમાં (અર્થાત્ જેમની સત્તા-સત્ત્વ ભિન્ન-ભિન્ન છે એવા પદાર્થોમાં) ન જ હોય.'** વ્યાપ્યવ્યાપકપણું, કર્તાકર્મપણું એમાં હોઈ શકે નહિ. **'જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં જ કર્તાકર્મભાવ હોય;...'** આહા..! એમ કહેવું છે અહીંયાં. **'વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મભાવ ન હોય. આવું જે જાણે તે પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે.'** બધું અત્યારે સમુચ્ચય લીધું છે. કળશટીકામાં પણ પુદ્ગલ-પુદ્ગલ લીધું છે. પણ એ પુદ્ગલ અને પુદ્ગલથી થતી પર્યાય વિકાર એ બધું પુદ્ગલ છે. એ આવી ગયુંને આપણે ૭૫માં આવી ગયું છે. આહા..હા..! એ છે. ભાવાર્થ છે.

આવું જે જાણે એ વિકારના પરિણામને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે. આહા..હા..! અને કર્મના પરિણામનો કર્તા નથી એ બુદ્ધિ જાય ત્યાં રાગનો પણ કર્તા નથી એ બુદ્ધિ સાથે જાય છે. ત્યાં લક્ષ છૂટીને આત્મા ઉપર જાય છે એટલે પરનો કર્તા છૂટે છે ત્યાં રાગનો કર્તા છૂટી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ચીજ રહી ગઈ ભરતક્ષેત્રમાં. ભગવાનના વિરહે, કેવળજ્ઞાનીના વિરહ પડ્યા પણ એ વસ્તુ રહી ગઈ. આત્માને સત્ય અંદર પોકાર કરે. ઓહોહો..! આવી ચીજ! ત્યારે વળી ઓલા એમ કહે, તમે સમયસાર જ એકલું વાંચો છો. પણ સમયસાર અને બીજા શાસ્ત્રમાં ફેર છે? આહા..હા..! દ્રવ્યાનુયોગનો મુખ્ય તત્ત્વજ્ઞાનનો વિષય છે અને સમ્યગ્દર્શનની મુખ્યતા દ્રવ્યાનુયોગમાં છે. એ તો મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં?

**'આમ જાણતાં તે જ્ઞાની થાય છે,...'** આહા..હા..! રાગનો એ જાણનાર થઈને રાગનો કર્તા થતો નથી તે જ્ઞાની થાય. **'કર્તાકર્મભાવથી રહિત થાય છે અને જ્ઞાતાદૃષ્ટા-જગતનો સાક્ષીભૂત-થાય છે.'** આહા..હા..! જગત નામ રાગ અને શરીરની અવસ્થા આદિ થાય એ બધાનો સાક્ષી—જાણનાર પોતામાં રહીને જાણે, બસ. એમાં રહીને, એમાં જઈને નહિ. સમજાણું કાંઈ? જ્ઞાતાદૃષ્ટા આવો વીતરાગનો માર્ગ છે, ભાઈ! વીતરાગસ્વરૂપ તું છો. તારો માર્ગ જ આ છે. આહા..હા..! આ દેહ ચાલ્યો જાશે. કોઈ સગા-સંબંધી સાથે આવશે? પડ્યા રહેશે. આહા..હા..! જ્યાંથી દેહ છૂટીને આવ્યો ત્યાંના સગાવ્હાલા સંભારતા હોય .. લાંબુ આયુષ્ય હોય તો. આહા..હા..! પણ કોઈ સાથે આવે એવું છે? કોઈ એના છે? એ કહેવાય એટલે એ તો. શહેર મારું, રાજકોટ મારું એટલે એનું થઈ ગયું? ક્યું ગામ? તો કહે, રાજકોટ. એટલે તમારું ગામ રોજકોટ. રાજકોટ થઈ ગયું એનું? એ સર્વવિશુદ્ધમાં લીધું છે. વ્યવહારથી

બોલાણું એટલે એનું થઈ ગયું? સર્વવિશુદ્ધમાં.

'**હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા...**' એટલે રાગને જાણતા '**એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ છે કે નથી?**' હવે જાણતા શબ્દ મૂક્યો છે અહીં. એની ઉપોદ્‌ઘાત આવી ગઈ હતી પહેલી. ૭૫માં છેલ્લે. એ શૈલી છે. એમ કે જાણે છે છતાં એનું વ્યાપ્ય નથી. એ છેલ્લું આવ્યું છે ૭૫માં. એટલો સંબંધ છેને એમ કહે છે. પુદ્‌ગલ સાથે એને જાણતા એવા જીવને રાગ સાથે—પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ છે કે નથી? '**તેનો ઉત્તર કહે છે :-**' ૭૬.

ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

'**ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ...**' એટલે? પ્રાપ્ય પણ કર્મ છે, વિકાર્ય પણ કર્મ છે, નિર્વર્ત્ય પણ કર્મ છે. સમજાણું? કાર્યના ત્રણ પ્રકાર. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. એવું વ્યાપ્ય નામ અવસ્થાનું કાર્યરૂપી લક્ષણવાળું '**પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ...**' રાગસ્વરૂપ જે કાર્ય એ કર્તાનું કાર્ય. '**તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' જુઓ, આહા..હા..! એ રાગ થાય પુણ્યનો, દયા, દાન, વ્રતાદિનો એ રાગના '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' પુદ્‌ગલ. આહા..હા..! '**પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' રાગને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' એ પુદ્‌ગલ વ્યાપીને એમ કહે છે. આહા..હા..! '**તેને ગ્રહતું,...**' કોણ?—પુદ્‌ગલદ્રવ્ય. રાગમાં વ્યાપીને રાગને ગ્રહતું, રાગરૂપે પરિણમતું, રાગરૂપે ઊપજતું. '**તે પુદ્‌ગલપરિણામને કરે છે;...**' એ પુદ્‌ગલ પુદ્‌ગલના પરિણામને કરે છે. આહા..હા..! ઓલામાં તો જ્ઞાની આવો એટલું કહ્યું હતું. હવે અહીં કહે છે કે જ્ઞાની પુદ્‌ગલકર્મ-રાગને જાણતા એનું જાણવાનું થાય છે તેથી એને કર્તાકર્મ છે કે નહિ? જાણે છે એટલો સંબંધ છે કે નહિ? રાગ જેવો છે રાગ, જેવી દેહની સ્થિતિ તેને તે રીતે જાણે. એ જ રીતે જાણે તો એટલો સંબંધ (હોતાં) એને આત્માને કર્તાકર્મ સંબંધ છે કે નહિ? કે ના. આહા..હા..! દેહની સ્થિતિ જે આમ થાય ભાષાની, અહીં જ્ઞાન થાય, એવું જ જ્ઞાન થાય. તો એવું જ અહીં જ્ઞાન થાય તો એ પુદ્‌ગલનું કર્તાકર્મપણું જ્ઞાનને છે કે નહિ? કે ના. એ પુદ્‌ગલનું કર્તાકર્મ પુદ્‌ગલમાં છે. ભલે તે જ રીતે જાણે, છતાં એ કર્તાકર્મ પુદ્‌ગલનું પુદ્‌ગલમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ પ્રશ્ન છેને?

'**પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવને...**' એમ. પુદ્‌ગલ સાથે કર્તાકર્મ ભાવ છે કે નહિ? તો કહે છે કે એ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય ત્રણે એકરૂપી વ્યાપ્ય છે. એક સમયની અવસ્થા

હોં! એક સમયની અવસ્થાના ત્રણ પ્રકાર—પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. એવું વ્યાપ્ય નામ કાર્ય લક્ષણવાળું. કાર્ય લક્ષણવાળું. **'પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ...'** એ પુદ્‌ગલના પરિણામસ્વરૂપ એ કાર્ય, એ કર્તાનું કાર્ય. એ પુદ્‌ગલ પોતે અંતર્વ્યાપક થઈને. આહા..હા..! એ રાગની શરૂઆતમાં પણ પુદ્‌ગલ છે કહે છે. રાગની શરૂઆતમાં આત્મા છે એમ નહિ. આહા..હા..! રાગની-વ્યવહારરત્નત્રયની ઉત્પત્તિ એની આદિમાં પણ પુદ્‌ગલ, મધ્યમાં પણ પુદ્‌ગલ અને અંતમાં પુદ્‌ગલ, આત્મા નહિ એમાં. આહા..હા..! એક બાજુ કહે કે રાગ.. કહેશે આગળ. રાગના પરિણામ, મિથ્યાત્વના પરિણામ જીવના જીવમાં છે. અહીં તો સ્વભાવની દૃષ્ટિવાળાની વાત કરી છે. સમજાણું કાંઈ? જ્ઞાનીની વાત ચાલે છે. આહા..હા..! જે પ્રકારે શરીરની અવસ્થા, તે કાળે ભાષાની અવસ્થા, તે કાળે સંયોગી ચીજની જે અવસ્થા છે એને તે રીતે જ્ઞાન જાણે. તે રીતે જાણવા છતાં એ કર્તા અને આ જ્ઞાનના પરિણામ કર્મ અથવા જાણન પર્યાય કર્તા અને એ રાગાદિ એનું કર્મ, એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...'** આહા..હા..! સ્વભાવની વાત કરવી છેને? સ્વભાવ જાણનારની. રાગ કરનાર તો જીવની પર્યાય છે-પર્યાય છે. દ્રવ્યબુદ્ધિ થઈ છે એની વાત કહેવી છેને. એટલે પર્યાયની બુદ્ધિ, એમાં જે રાગ એની આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ છે. આત્મા એની આદિમાં છે અને પછી મધ્યમાં કર્મને લઈને થયું એમ નથી. આહા..હા..! જુઓ, નિમિત્તની પ્રધાનતાથી આવ્યુંને ઈ? અહીં તો સ્વભાવની દૃષ્ટિવાળાની વાત કરવી છેને? સ્વભાવની દૃષ્ટિ છે, એના સ્વભાવની પરિણતિમાં આદિ, મધ્ય અને અંત પોતે આત્મા છે.

સ્વભાવ વીતરાગી સમ્યગ્દર્શનની પર્યાયમાં આદિ ભગવાન આત્મા છે. આહા..હા..! અને રાગની પર્યાયમાં પુદ્‌ગલ આદિ નામ પુદ્‌ગલ મુખ્યમાં છે. આહા..હા..! બે ભાવ—વસ્તુ જુદી પાડવી છેને. એ **'આદિ-મધ્ય-અંતમા વ્યાપીને, તેને ગ્રહતું,...'** એટલે પ્રાપ્ય. રાગને **'તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું,...'** ત્રણ. **'તે પુદ્‌ગલપરિણામને કરે છે;...'** આહા..હા..! વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ-૧૧, ગુરુવાર, તા. ૨૨-૦૭-૧૯૭૬,**
**ગાથા-૭૬,**
**પ્રવચન નં. ૧૩૩**

૭૬ ગાથા, કર્તાકર્મ (અધિકાર). જ્ઞાનીની સ્થિતિ કેવી હોય? અથવા ધર્મીની દશા કેવી હોય? એનું શું કર્તવ્ય છે? અને જાણક પર્યાયને કેમ કરે છે? એનું આ વર્ણન છે.

'**ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ...**' એટલે કે રાગ છે રાગ—શુભરાગ એ કર્મ પુદ્‌ગલસ્વરૂપ કર્મ છે. એમાં '**પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' આહા..હા..! રાગના ભાવ, વ્યવહારરત્નત્રયનો શુભરાગ એમાં પુદ્‌ગલદ્દ્રવ્ય આદિ-મધ્ય-અંતમાં અંતર્વ્યાપક થઈને વ્યાપે છે, એ જીવનું વ્યાપ્ય નામ કાર્ય નહિ. આહા..હા..! પ્રાપ્ય એટલે થાય છે તેને પહોંચી વળવું, વિકાર્ય નામ બદલવું અને નિર્વર્ત્યમાં ઊપજવું. એ એક જ કાર્ય છે. શુભરાગનું થવું એ છે તેને પ્રાપ્ય એટલે પુદ્‌ગલ પહોંચી વળે (છે). એ રાગ છે તે પૂર્વ પલટીને થયો છે વિકારી એ પુદ્‌ગલનું કાર્ય છે અને ઊપજ્યું છે.. છે તો એનું એ. ઊપજ્યું—નિર્વર્ત્ય. એને નિર્વર્ત્ય કહીએ. આહા..હા..! ઘણી વાત ઝીણી. એ વિકારના પરિણામ શુભરાગના એ બધા પુદ્‌ગલના પરિણામ એમાં પુદ્‌ગલ આદિ, મધ્ય અને અંતમાં વ્યાપે છે. આત્માની શરૂઆત છે અને પછી રાગ થાય છે એમ નથી. આહા..હા..!

'**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' પ્રાપ્ય. રાગ થાય છે તેને પુદ્‌ગલ ગ્રહે છે, પુદ્‌ગલ તેને પહોંચી વળે છે, આહા..હા..! ભગવાન આત્મા નહિ. આહા..હા..! '**તે-રૂપે પરિણમતું...**' રાગનો ભાવ પુદ્‌ગલ તેની આદિ-મધ્ય-અંતમાં એનું વિકારી કાર્ય પુદ્‌ગલનું છે. આહા..હા..! '**અને તે-રૂપે ઊપજતું...**' પુદ્‌ગલ તે રાગપણે ઊપજે છે. આહા..હા..! ભગવાન આત્માનો સ્વભાવ, જેની દૃષ્ટિ સ્વભાવ ઉપર પડી છે એને આ રાગનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એનું કાર્ય નહિ. આહા..હા..! આ સાધક-સાધક કરે છેને? રાગભાવ કષાયની મંદતા એને બીજે ઠેકાણે સાધક કહ્યું છે, એનો અર્થ શું? એ તો રાગની મંદતા છે તેને આરોપે સાધક કહીને એનું જ્ઞાન કરાવ્યું છે. બાકી તો રાગનો ભાગ જે છે એને પુદ્‌ગલ ગ્રહે છે, પુદ્‌ગલ પરિણમે છે અને પુદ્‌ગલ તેને પહોંચી વળે અને પુદ્‌ગલ તેમાં ઊપજે છે. આહા..હા..! આવી વાત છે, ઝીણી.

**શ્રોતા :-** રાગ પુદ્‌ગલ કરતાં હોય તો જીવને પુદ્‌ગલ શી રીતે અટકાવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અટકાવે છે ક્યાં? એ તો જાણે છે. જાણે છે અહીં તો કહેવું છે. જે પુદ્‌ગલથી જે રાગ થાય—પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યરૂપી વ્યાપ્ય એને જ્ઞાની જ્ઞાનમાં

જાણે છે, બસ. એ મારું કાર્ય નહિ, પણ એને જાણવાની જે છે પર્યાય (છે) એ મારું કાર્ય. આહા..હા..! આવી વાત છે ઝીણી માટે તકરાર કરે. શું થાય?

એ કહ્યું જુઓને. '**તે-રૂપે ઊપજતું થકું, તે પુદ્‌ગલપરિણામને કરે છે;...**' કોણ? પુદ્‌ગલ. આહા..હા..! સ્વભાવની દૃષ્ટિ થઈ છે અને સ્વરૂપ જે જ્ઞાતા-દૃષ્ટા છે તે અનુભવમાં આવ્યું છે તેથી તેના જ્ઞાતા-દૃષ્ટામાં આ રાગના પરિણામ છે તેને એ જાણે એ એનું કાર્ય છે, રાગ એનું કાર્ય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્‌ગલપરિણામને...**' આહા..હા..! '**જ્ઞાની જાણતો હોવા છતાં,...**' જુઓ, આ આવ્યું, જાણે. એ વખતે જ્ઞાનની પર્યાયમાં એવું કાર્ય છે કે સ્વપરને જાણવાનું કાર્ય ત્યાં થાય છે. આહા..હા..! એ જ્ઞાની જાણતો, ધર્મી તે રાગને જાણતો રાગ જે પુણ્યના ભાવ જે પુદ્‌ગલના પરિણામ, પુદ્‌ગલ તેની આદિ-મધ્યમાં થયું, એનાથી ઉત્પન્ન થયું, એનાથી બદલ્યું અને એનાથી નીપજ્યું. આહા..હા..! એને '**પુદ્‌ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' એ કાળે તેના પરિણામ તેને જાણવાના જ થાય છે. સ્વને જાણતા તે પ્રકારનો રાગ થાય છે તેને જાણવાના જ પરિણામ થાય છે. આવી વાત છે.

'**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' આહા..હા..! માટી પોતે ઘડામાં વ્યાપીને—અંતર્વ્યાપક થઈને ઘડાની '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' આહા..હા..! માટી ઘડાના શરૂઆતમાં, મધ્યમાં, અંતમાં એ માટી પોતે ઘડારૂપે થાય છે. આહા..હા..! '**ઘડાને ગ્રહે છે,...**' એ માટી પ્રાપ્ય—ઘડારૂપી પ્રાપ્યને ગ્રહે છે, ઘડાને '**ઘડારૂપે પરિણમે છે...**' માટી. '**અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત...**' રાગનો ભાવ જે પુણ્યનો કે.. અહીં તો મુખ્ય પુણ્યની વાત છે (એમાં) વાંધા, વ્યવહારરત્નત્રયનો જે શુભરાગ એ ભગવાન આત્માથી બાહ્યસ્થિત છે, એ એની ચીજ નથી. આહા..હા..!

'**(બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં...**' એ રાગના ભાવને જ્ઞાની જાણતો હોવા છતાં. એમ લીધું છેને? જાણે. કેમકે જ્ઞાનસ્વભાવ વસ્તુ છે એવો જ્યાં અનુભવ થયો એટલે જ્ઞાની તો જ્ઞાનને જાણવાનું કામ કરે. આહા..હા..! એ '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' એટલે એ શુભરાગ જે વ્યવહારરત્નત્રયનો થયો એ બાહ્યસ્થિત છે. એને પોતાના માનવા એ બહિરાત્મા છે. બહિર્ વસ્તુને પોતાની માને એ બહિરાત્મા છે. પણ જ્ઞાની તે બાહ્યસ્થિત પદાર્થમાં, આહા..હા..! જેમ માટી ઘડામાં વ્યાપીને ઊપજે છે, એમ ધર્મી એ રાગમાં વ્યાપીને ઊપજતો નથી. રાગમાં ઊપજતો નથી, રાગને ગ્રહતો નથી, રાગપણે ઊપજતો નથી, રાગને નીપજાવતો નથી. આહા..હા..! આવી વાતું ભારે, ભાઈ! '**એવા પરદ્રવ્યના પરિણામમાં...**' એ પરદ્રવ્યના પરિણામ થયા. આહા..હા..! શુભરાગ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ, પંચમહાવ્રતનો વિકલ્પ રાગ, શાસ્ત્રના ભણવા તરફના વલણનો વિકલ્પ રાગ, એ રાગ પુદ્‌ગલે ગ્રહ્યો છે, પુદ્‌ગલે ઉપજાવ્યો છે. આહા..હા..! ચૈતન્ય ભગવાન

એને જાણે, જાણવા છતાં માટી જેમ ઘડામાં અંતર્વ્યાપક થઈને આદિ-મધ્યમાં ઊપજે છે, એમ રાગમાં આત્મા ઊપજતો નથી. આહા..હા..! કહો! આ વીતરાગધર્મ!

ધર્મીને ધર્મ કેમ થાય એની વાત છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પૂર્ણાનંદસ્વરૂપ છે એવી જ્યાં આગળ દૃષ્ટિ થઈને અનુભવ થયો તે ધર્મીજીવને રાગના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ છે. એમાં એ ધર્મી જીવ અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ વ્યાપતું, એની આદિ-મધ્ય-અંતમાં પોતે એને—રાગને ગ્રહતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' પ્રાપ્ય કરતો નથી. આહા..હા..! પ્રાપ્ય નામ ધ્રુવ તે વખતે રાગ છે તે ધ્રુવ થવાનો છે તે થયો છે અને તે પલટીને થયો તેને વિકાર્ય કહ્યું, ઊપજ્યું તેને નિર્વર્ત્ય (કહ્યું), વસ્તુ તો એની એ છે. એકના ત્રણ પ્રકાર. એમાં કર્મ પુદ્‌ગલ છે તે તેમાં આદિ, મધ્ય અને અંતમાં તો એ પુદ્‌ગલ છે. એવા રાગને ધર્મી પોતામાં રહીને જાણતો હોવા છતાં માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને જેમ ઊપજે છે એમ ધર્મી રાગમાં વ્યાપીને કરે છે—ઊપજે છે એમ નથી. આહા..હા..! આવી વાતું! કહો, ધન્નાલાલજી! અરેરે..! ભાઈ! આહા..હા..! વ્યવહાર-નિશ્ચયના ઝઘડા છેને મોટા. સમગ્ર અભ્યંતર અને બાહ્ય સમગ્ર સામગ્રી હોય ત્યારે થાય.

**શ્રોતા :-** ઉપાદાનથી થાય છે, બેય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ બેય સામગ્રી હોય ત્યારે કાર્ય થાય, એમ. અરે ભાઈ! એ રાગની સામગ્રી અને આત્માના આનંદની નિર્મળ સામગ્રી, બેથી એ કાર્ય થાય આત્માનું? આત્માનું કાર્ય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભાવ એ તો એકલા આત્મા પોતે અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં પોતે વ્યાપીને એ પરિણામને કરે છે. આહા..હા..! રાગમાં, જેમ માટી ઘડામાં (અંતર્વ્યાપક થઈને) ઘડાને ગ્રહે છે, એમ ધર્મી રાગને ગ્રહતો નથી, આહા..હા..! સમજાણું કાંઈ? રાગને બદલાવતો નથી, રાગપણે ઊપજતો નથી. તે તે પ્રકારના રાગને તે તે કાળે પોતામાં રહીને એને જાણે છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો છે એટલે કે તારો એ માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા વીતરાગી સ્વરૂપ જ છે. એ વીતરાગી સ્વરૂપનો આ માર્ગ છે. આહા..હા..! એ વીતરાગી પરિણામમાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ગ્રહે, ઊપજે અને પરિણમાવે, પણ રાગભાવ આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ તેને પરિણમાવે અને ગ્રહે છે એને આત્મા ગ્રહતો નથી, ઊપજતો નથી, પરિણમાવતો નથી. આહા..હા..! આવી વસ્તુ છે.

'**જ્ઞાની...**' ધર્મી જીવ '**પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં...**' રાગ. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ—શુભરાગ એ પરદ્રવ્યના પરિણામ છે. દેવીલાલજી! આવી વાત છે, ભાઈ! આહા..હા..! એમાં '**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' વ્યવહારરત્નત્રયના રાગને ધર્મી પકડતો નથી.

આહા..હા..! તેનું થતું જ્ઞાન એ જ્ઞાનમાં એ વ્યાપે છે, પ્રાપ્ય—એનો જ્ઞાનપર્યાય એનું પ્રાપ્ય છે, આહા..હા..! રાગ નહિ. હવે આ વાત.. કારણકે અહીં તો નિશ્ચયથી કહ્યું, પણ પાછું વ્યવહારથી બીજે કહ્યુંને; પણ વ્યવહારથી કીધું ઈ આનાથી વિરુદ્ધ હોય? સમજાણું કાંઈ?

વ્યવહારથી-નિશ્ચયથી થાય છે ત્યાં એ પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે, પણ પ્રમાણ પણ આ વાતને પહેલી નક્કી રાખીને કે આત્મા રાગના પરિણામને કરતો નથી, વ્યાપતો નથી, ઊપજાવતો નથી. તે પોતાના રાગને જાણવાના પરિણામને કરતો, ગ્રહતો, ઊપજતો તેમાં વ્યાપે છે- એ વાતને પ્રમાણમાં નિશ્ચયની વાત રાખીને પછી રાગને આરોપથી કથન કર્યું કે એનાથી થાય. એ આરોપથી કથન છે. આહા..હા..! પ્રવિણભાઈ! આવું ઝીણું બહુ. આહા..હા..!

જૈનદર્શન આ તો વીતરાગ સર્વજ્ઞથી સિદ્ધ થયેલું. ભગવાન પોતે સર્વજ્ઞસ્વરૂપી જ છે. આત્મા એ સર્વજ્ઞ. સર્વજ્ઞ એટલે? જ્ઞ-સ્વભાવ. જ્ઞ-જેની શક્તિ, જ્ઞ-જેનો ભાવ, જ્ઞ-જેનું સ્વરૂપ એવો જે ભગવાન આત્મા. જ્ઞ-સ્વરૂપી ભગવાન જેની દૃષ્ટિમાં આવ્યો ધર્મીને, આહા..હા..! એને તો જ્ઞ-સ્વભાવમાંથી ઉત્પન્ન થતાં તે કાળના રાગને જાણવાના પરિણામમાં પોતે આદિ-મધ્ય-અંતમાં વ્યાપે એટલે કે એ રાગ છે માટે અહીં જાણવાના પરિણામ થયા, એમ નહિ. એ જાણવાના પરિણામમાં આદિ પોતે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગને જાણવાના પરિણામમાં આદિ પોતે આત્મા છે. એની આદિમાં રાગ હતો માટે પરિણામ જાણવાના થયા, એમ પણ નથી. આહા..હા..! કહો, શિવલાલભાઈ! આવો માર્ગ છે. આહા..હા..!

**શ્રોતા :-** હેય નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. રાગને જાણે છે એવા જે પરિણામ, એ પરિણામની આદિ-મધ્ય-અંતમાં પ્રભુ આત્મા છે. એની આદિમાં રાગ હતો માટે જ્ઞાનના પરિણામ થયા જાણવાના, આહા..હા..! એમ નથી. માર્ગ આવા છે, પ્રભુ! આહા..હા..!

‘**તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની પુદ્‌ગલકર્મને જાણે છે...**’ સમજાણું? એ રાગ થયો તેને જાણે છે. એ જાણે છે એની આદિમાં પોતે છે. જાણે છે માટે રાગ હતો માટે જાણે છે, એની આદિમાં રાગ હતો માટે જાણે છે એમ પણ નહિ કહે છે. આહા..હા..! ‘**જોકે જ્ઞાની પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ,...**’ જાણે છે તોપણ જાણવાના સંબંધમાં આવ્યો છે. એ જ્ઞેય છે અને આ જાણે છે એવું હોવા છતાં ‘**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતાં...**’ એ રાગને આત્મા કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છેને સામે શ્લોક?

‘**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતાં એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**’ આહા..હા..! જ્ઞાન રાગને જાણે માટે જ્ઞાન કર્તા અને રાગ કર્મ અથવા રાગ કર્તા અને અહીં જાણવાના

પરિણામ તે કર્મ, એમ નથી. આહા..હા..! આ ગાથાઓ તો અલૌકિક છે, ૭૫થી ૭૯. આહા..હા..! વસ્તુની સ્થિતિની જાહેરાત કરે છે. પોતે જાહેર થાય છે કે હું તો જાણનાર અને દેખનાર છું. આહા..હા..! દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં રાગ અને પર્યાય ઉપરની રુચિ, દૃષ્ટિ છૂટતાં ભગવાન જાહેર થાય છે, આહા..હા..! કે હું તો જાણનાર અને દેખનાર આત્મા છું. આહા..હા..! એ રાગનો કર્તા અને કર્મ મારું એ હું નહિ. આહા..હા..! કહો, સુજાનમલજી! આવું સાંભળવું મુશ્કેલ થઈ ગયું અત્યારે. એવા વ્યવહારના રસિયા. વ્યવહાર એટલે નિમિત્ત, વ્યવહાર એટલે રાગ, વ્યવહાર એટલે દુઃખ. આહા..હા..!

**શ્રોતા** :- વ્યવહારના ઘણા નામ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘણા નામ છે. વ્યવહાર એટલે પરાશ્રયભાવ, વ્યવહાર એટલે દુઃખ, વ્યવહાર એટલે આકુળતા, વ્યવહાર એટલે અસ્થિરતા—સ્વરૂપની અસ્થિરતા. આહા..હા..! એ અસ્થિરતાના પરિણામને આત્મા સ્થિર એવો ભગવાન એને જાણવાના કામને કરે. એ જાણવાના પરિણામમાં આદિ-મધ્ય-અંતમાં પોતે (વ્યાપે છે). જાણવાના પરિણામની આદિમાં રાગ હતો માટે જાણવાનું થયું એમ પણ નહિ. આહા..હા..! ગજબ વાત છે. કારણ કે જ્ઞાન તો પોતાનો સ્વભાવ છે એટલે જાણવાના પરિણામ—જાણવાના અહીંથી શરૂ થયા છે. રાગ આવ્યો માટે એને જાણવાના પરિણામ થયા એમ પણ નથી. આહા..હા..!

**શ્રોતા** :- વ્યવહારના નામ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દુઃખ, આકુળતા. રાગ છેને? વ્યવહારરત્નત્રય એટલે શુભરાગ. દ્રવ્યસંગ્રહમાં છે, શુભરાગ. આહા..હા..! રાગ એટલે દુઃખ. આવ્યું નહિ? સવારમાં નહોતું? 'રાગ આગ દાહ દહે સદા...' આહા..હા..! એને સાધક કહેવું એ તો ઉપચારના કથન, વાસ્તવિક નહિ. આહા..હા..! બહુ આકરું કામ. 'એકાંત છે રે એકાંત છે' એમ પોકાર કરે.

ભાઈ! ભગવાન આત્મા પોતાના સ્વભાવમાં આવે ખરો, ત્યારે સમ્યક્ એકાંત થાય છે, ત્યારે એને રાગનું જ્ઞાન પર તરીકે જ્ઞાન થાય એને અનેકાંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ, ભાઈ! ચોર્યાસીના અવતારમાં રખડતાં ભ્રમણામાં એને કાળ ગયો, અનંત કાળ. આહા..હા..! એ રાગ અને સ્વભાવ બે ભિન્ન ચીજ છે. રાગ છે એ વિભાવ છે ક્ષણિક અને સ્વભાવ છે એ ત્રિકાળ છે. આહા..હા..! ભગવાન આત્માનો જ્ઞાન, દર્શન અને આનંદસ્વભાવ એ ત્રિકાળ છે. એની આગળ રાગ જે વ્યવહારરત્નત્રય ક્ષણિક સ્વભાવથી વિરુદ્ધ ભાવનો ભાવ છે. આહા..હા..! એ ભાવમાં આદિ-મધ્ય-અંતમાં તો પુદ્ગલ જાય છે કહે છે, આત્મા એમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું થોડું છે. થોડું ઝીણું પણ ભાવ તો (જે છે ઈ છે). આહા..હા..! એટલે આમ જાણે આ શું પણ અહીં?

રાગ છે ચૈતન્યની પર્યાય, કારણ કે જડની નથી; પણ એ પર્યાય ત્રિકાળી સ્વભાવની જાત નથી. માટે, તેને ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિમાં એ રાગને અચેતન કહીને પુદ્ગલના પરિણામ

કહ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણે ઠેકાણે એમ આવે વ્યવહાર નિશ્ચયમોક્ષમાર્ગને સાધે છે એમ, પણ એનો અર્થ શો? નિશ્ચય છે એ જ એનું કાર્ય છે અને એ જ એમાં વ્યાપે છે. વ્યવહારમાં વ્યાપે.. પણ વ્યવહારનો રાગ એ જાતનો ત્યાં હોય છે તેને આ નિશ્ચયનો આરોપ દઈને એને વ્યવહાર સાધક કહેવામાં આવ્યું. સાધક તો રાગથી ભિન્ન પડીને પ્રજ્ઞા અને અનુભવ સાધક છે. સ્વરૂપનો સાધક તો અનુભવ છે. પ્રજ્ઞાછીણી કીધી ત્યાં. રાગથી ભિન્ન પડે એ અનુભવ છે. રાગથી ભિન્ન પડે એવી પ્રજ્ઞાછીણી તે અનુભવ છે અને અનુભવનો વિષય દ્રવ્ય છે અને એ અનુભવ પોતે સાધક છે. એના રાગને અંદર આરોપ આપીને આ સાધકમાં આરોપ આપીને સહચર—સાથે દેખીને આરોપથી એને સાધન કહે. એને યથાર્થ માની લે એ દૃષ્ટિ વિપરીત છે. આવી વાત છે.

લોકો એમ કહેને અત્યારે, આ બધા પંચમહાવ્રત લઈને બેઠા છે એ સાધન છે અને એનાથી નિશ્ચય થાશે. કારણ કે વ્યવહારને પરંપરા મોક્ષનું સાધન કહ્યું છે. પણ કોને? ક્યાં? જેને એકલા વ્યવહારની જ ક્રિયા છે એને તો મિથ્યાત્વભાવ છે અને એમાં મિથ્યાત્વમાં પડ્યો છે એને વ્યવહાર પણ ક્યાં આવ્યો? ઝીણી વાત બહુ, ભાઈ! જેને આત્મા આનંદસ્વરૂપ છે એવો રાગની ક્રિયાથી ભિન્ન છે, એવું જેને અનુભવમાં આવ્યું એને નિશ્ચય થયો. એના રાગને આરોપ કરીને વ્યવહાર સાધન કહ્યું છે. નથી તેને કહેવું એ વ્યવહાર છે. નિમિત્તની અપેક્ષા દેખીને તેને વ્યવહારે કહ્યું કે આ સાધન. આહા..! આમ છે. અહીં તો જુઓને કેટલું વર્ણન છે!

**શ્રોતા :-** પ્રજ્ઞાછીણી અને અનુભવ બેય એક વાત?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રજ્ઞાછીણી અને અનુભવ એક જ વાત. રાગ ત્યાં.. ભેદ પાડવો કહો કે અહીં અનુભવ કરવો. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પ્રજ્ઞા તો અલગ છે, છીણી તો અલગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રજ્ઞા એ છીણી છે, અનુભવ એ છીણી છે. ભેદ પાડે છેને? આહા..હા..! આ તો ભાઈ અંતરની વાત છે. પંડિતાઈથી બધા પલાખા વીંખી નાખે સત્યને તો એ નહિ થાય. સત્ય તો સત્ય રહેશે. આહા..હા..! આ જરી બાહ્ય ત્યાગ કરે છે, ક્ષુલ્લક થાય ને ત્યાગી થાય ને એને સાધન ગણીને એમાંથી નિશ્ચય સાધ્ય થાશે. પરંપરા થાશે. એ વાત જ ખોટી છે. જ્ઞાન છે જ્યાં... આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આ તો હિતની વાત છે, બાપુ! એનું અહિત થઈ રહ્યું છે, દુઃખ થઈ રહ્યું છે, એમાં આ હિતના માર્ગની વાત છે. એમ કે અમારી વાત ખોટી પાડે છે અને અમે સાધનમાં છીએ. બાપુ! એ સાધનમાં નથી. આહા..હા..!

વાસ્તવિક નિશ્ચય સાધન પ્રગટ્યા વિના વ્યવહારને સાધનનો આરોપ પણ અપાતો નથી. આરોપ હોં! છે તો નહિ એ. આવી વાત છે. ભગવાનના વિરહ પડ્યા. વીતરાગ ન મળે, સર્વજ્ઞ ન મળે, આહા..હા..! એટલે એની વાત ન્યાય છે એને મરડી નાખ્યા. એમ ન થાય,

ભાઈ! તને દુઃખ થશે. એ રાગને સમ્યગ્દર્શન વિના—અનુભવ વિના સાધન માનતા પ્રભુ મિથ્યાત્વ થશે, દુઃખ થશે. ભાઈ! તને અહિત થશે. આહા..હા..! આહા..હા..! એવી વાત છે, આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યની ગાથામાં ભાવ ભર્યા છે એ તર્કથી સ્પષ્ટ કરે છે. આહા..હા..! જેમ ભેંસ અને ગાયની આઉમાં દૂધ હોય દૂધ, બળુકી બાઈ આમ દૂધ કાઢે, જેમાં છે એ કાઢે છે, એમ ગાથામાં આ ભાવ છે એને આ ટીકાથી કાઢ્યા છે. આહા..હા..!

ભાઈ! અહીં કાંઈ બહારના સાધન રાગ નથી, તો વળી શરીર ઠીક હોય તો ધર્મ થાય, 'શરીર આદ્યં ખલુ ધર્મ સાધન' જુઓ, એવું આવે છે. આહા..હા..! આરોપિતથી કથન કરે એને યથાર્થમાં નાખી દે એ તો ઉપદેશને લાયક નથી. આહા..હા..! વ્યવહારના કથનોમાં આવે અને એને પકડી લે, તમે કીધું નહોતું? વ્યવહારથી નિશ્ચય પમાય છે. કઈ રીતે? વ્યવહારના ભેદથી નિશ્ચય ઉપર જવાય છે, એ વ્યવહાર નિશ્ચયને બતાવે છે. એ વ્યવહારને લક્ષે નિશ્ચયમાં જવાય છે એમ નથી. વ્યવહારનો આશ્રય છોડી અને નિશ્ચયમાં જાય છે તો એ વ્યવહાર નિશ્ચયને બતાવે છે. એનો અર્થ એવો નથી કે વ્યવહારે નિશ્ચયને પ્રાપ્ત કરાવ્યું. આહા..હા..! આવ્યું નથી? જુઓ, વ્યવહાર નિશ્ચયને બતાવે છે. આઠમી ગાથામાં. ભાઈ! એટલે શું એનો અર્થ? એને આમ ભેદથી બતાવે છે બાપુ, આ આત્મા. એ ભેદના લક્ષે અંદર નહિ જવાય. ભેદ બતાવે છે અભેદને, પણ ભેદને લક્ષે અભેદમાં નહિ જાય. ભાષા એમ છે, વ્યવહાર નિશ્ચયને બતાવે છે. આહા..હા..! એમ આવે છેને? એનો અર્થ? કે એ વ્યવહાર કહેનાર પણ એને નિશ્ચયમાં લઈ જવા માગે છે અને સાંભળનાર પણ ભેદ ઉપર લક્ષ ન રાખતા અંદર અખંડ છે એના ઉપર લક્ષ કરાવે છે. આહા..હા..! અરે..! આવા ઝઘડા પ્રભુ!

'**જ્ઞાની**...' ધર્મીજીવ '**પુદ્‌ગલકર્મને જાણે છે**...' એટલે રાગના ભાવને જાણવાનું કાર્ય સ્વતંત્ર આત્મા પોતે તેને જાણવાનું કાર્ય કરે છે '**તોપણ, પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું**...' કાર્ય. વ્યાપ્ય એટલે કાર્ય. એ '**પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતાં એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' લ્યો! આહા..હા..! રાગને જાણવા છતાં રાગનું કર્મ રાગનો કર્તા અથવા રાગ કર્તા અને જાણવાનું પરિણામ કર્મ એવો સંબંધ છે નહિ. જુઓ, આ ૭૬ ગાથા. ઓલી ૭૫ અને આ ૭૬. આહા..હા..! હજી ૭૯ સુધી બહુ સરસ (આવશે). ઓહોહો..! કહો, શિખરજી! શું છે? ૯૯ ટકા આ સાચા અને એક ટકો ઓલાનો સાચો એમ નાખવું છે? રાતે પૂછતા હતા. ૯૯ ટકા અહીંનું સાચું અને એક ટકો એનું સાચું, જાણવા માટે. આહા..હા..! સાચું હોય તો સોએ સો ટકા અને ખોટું હોય તો સોએ સો ટકા. આહા..હા..! ભાઈ!

આ તો વસ્તુની સ્થિતિ એવી છે ત્યાં. વસ્તુનો સ્વભાવ અને સ્થિતિ જ એવી છે કે જે રાગના પરિણામને જાણે છતાં રાગનું કર્મ એનું અને રાગના કર્તાથી જ્ઞાનનું જાણવું કર્મ (થાય એમ નથી). આહા..હા..! અહીં જાણવાના પરિણામ થયા તે રાગસંબંધીના થયાને?

માટે રાગ કર્તા અને પરિણામ કાર્ય એમ નથી. એ જાણવાના પરિણામમાં તો આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. આહા..હા..! એ રાગ હતો માટે અહીં જાણવાના પરિણામ છે એમ નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જીવ પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ તેને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું નથી. સામાન્યપણે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે...**' કરનારનું કર્મ એટલે કાર્ય ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે. અહીં શબ્દ ફેરવ્યો છે એણે '**નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય.**' ઓલામાં '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય..**' હતું. એને ઠેકાણે નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય અહીંથી ઊપાડ્યું છે. '**કર્તા વડે, જે પ્રથમ ન હોય એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે.**' નવું કરવામાં આવે એ નિર્વર્ત્ય કર્મ. '**કર્તા વડે, પદાર્થમાં વિકાર-ફેરફાર કરીને જે કાંઈ કરવામાં આવે તે કર્તાનું વિકાર્ય કર્મ છે. કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી તેમ જ વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે...**' છે તેને પ્રાપ્ત કરે છે. '**તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.**' આ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યની વ્યાખ્યા કરી. પહેલો શબ્દ પ્રાપ્ય છે (અર્થાત્‌) ધ્રુવ (અર્થાત્‌) તે સમયે તે પ્રાપ્ય છે પુદ્‌ગલનો રાગ અને તે સમયે તે આત્માના પરિણામ જાણવાના એ આત્માનું પ્રાપ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? તે સમયે પૂર્વની દશા પલટીને રાગ થાય છે એ પુદ્‌ગલનું કાર્ય, આત્મામાં જે જાણવાના પરિણામ પહેલા બીજા હતા અને એને પલટીને આના થયા એ જ્ઞાનના પરિણામ એ જીવનું પ્રાપ્ય. સમજાણું કાંઈ? અને રાગના ભાવ એ પુદ્‌ગલનું પ્રાપ્ય. આહા..હા..! એથી આમાં નાખે કે જુઓ, નિમિત્તથી થયુંને? ભાઈ! કઈ અપેક્ષાએ વાત છે? આહા..હા..! રાગ વિકારને પુદ્‌ગલનું કાર્ય કહ્યું. પુદ્‌ગલ તો નિમિત્ત છે, પણ એ વિકાર અને એ બેય ચીજ પર છે એ માટે એને પરમાં નાખ્યા. પોતામાંથી ઊપજે છે એ? સ્વભાવમાં છે એ? વિભાવ સ્વભાવમાં છે? આહા..હા..! વિભાવને પરમાં નાખીને ત્રિકાળી સ્વભાવનો ભાવ પોતાનો છે એમ કરીને એને જુદા પાડ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્તા જે નવું ઉત્પન્ન કરતો નથી તેમ જ વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.**' '**જીવ પુદ્‌ગલકર્મને...**' ભાષા પુદ્‌ગલ કર્મની લીધી છે, પણ એમાં રાગ ભેગો નાખ્યો. '**નવીન ઉપજાવી શકતો નથી...**' એ જીવ રાગને, રાગના કાર્યને નવા ઊપજાવી શકતો નથી. '**કારણ કે ચેતન જડને કેમ ઉપજાવી શકે?**' જ્ઞાનસ્વરૂપી ભગવાન (અને) એ રાગ એ અચેતન પુદ્‌ગલના પરિણામ એને કેમ ઉપજાવે? આહા..હા..! ઝીણું પડે માણસને. અભ્યાસ ન મળે એટલે માણસને ઓલા વ્યવહારની રુચિના પ્રેમવાળા ગરી જાય. એમ કે કરે છેને કાંઈક પાંચ મહાવ્રત પાળે છે, સમિતિ, ગુપ્તિ કરે છે, બાયડી, છોકરા છોડ્યા, દુકાન છોડી. અરે..! કોણ છોડે ભાઈ? આહા..હા..! રાગની એકતા છોડી નથી તેં શું છોડ્યું? પરનું છોડ્યું અસદ્‌ભુતવ્યવહારનયે

ત્યારે કહેવાય કે રાગની એકતા છોડે ત્યારે. આહા..હા..! અને પરવસ્તુનો ગ્રહણ-ત્યાગ તો આત્મામાં છે જ નહિ. આત્મામાં તો એવી એક શક્તિ છે કે પરના ગ્રહણ-ત્યાગરહિત, ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ છેને? ગ્રહવું અને છોડવું એ રહિત આત્મામાં શક્તિ છે. રજકણને ગ્રહું કે છોડું એ આત્મામાં છે જ નહિ. બાયડી-છોકરા છોડ્યા એ તો અસદ્ભુતવ્યવહારના કથન છે. રાગની એકતા તૂટતા રાગ ભિન્ન પડ્યો ત્યારે રાગ છોડ્યો એ પણ વ્યવહારનયનું કથન છે. આહા..હા..! તો એના નિમિત્તો છોડ્યા એ તો પછી અસદ્ભુતવ્યવહારનું કથન છે. અરેરે..!

રાગનો ત્યાગકર્તા આવ્યુંને? ૩૪માં આવ્યુંને. રાગનો ત્યાગકર્તા એ આત્મામાં નામમાત્ર છે. આવે છેને? પરમાર્થે રાગનો ત્યાગકર્તા આત્મા છે જ નહિ. આહા..હા..! રાગ ક્યાં એમાં હતો તે છોડે? એ તો થતો હતો પુદ્ગલના પરિણામમાં. ત્યાં જે જ્ઞાતા-દૃષ્ટાના ભાવ થયા ત્યારે રાગ ઉત્પન્ન થયો નહિ, એથી રાગને છોડ્યો એમ વ્યવહારથી કથન કરવામાં આવે છે. આહા..હા..! તો પછી પરને છોડ્યો અને ગ્રહ્યો એ તો ક્યાં રહ્યું? આહા..હા..! આટલા દ્રવ્ય ખપે અને આટલા ન ખપે. આ દૂધ, દહીં ને રસ ન ખપે. એ પરના ગ્રહણ-ત્યાગ છે ક્યાં? આહા..હા..! એ તો પરના લક્ષે થતો રાગ એ સ્વને આશ્રયે છૂટ્યો એટલે એને એમ કહ્યું કે આણે આટલો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! એવી વાત છે. કથન તો બીજું શું આવે? વ્યવહારમાં વ્રત ગ્રહણ કરવા, વ્રત પાળવા, વ્રતમાં અતિચાર ટાળવા એ અશુદ્ધ વ્યવહારનયના કથન છે. આહા..હા..! આવી વાતું છે.

'**જીવ પુદ્ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી...**' એટલે કે આત્મા જ્ઞાનસ્વભાવી પ્રભુ એ રાગને ઉપજાવી શકતો નથી. '**ચેતન જડને કેમ ઉપજાવી શકે?**' આહા..હા..! છઠ્ઠી ગાથામાં તો કહ્યું છે કે પ્રમત્ત-અપ્રમત્ત કેમ નથી? કે શુભાશુભભાવરૂપે થતો જ નથી. કેમકે શુભાશુભભાવરૂપે થાય તો આત્મા જડ થઈ જાય. લખ્યું છે પંડિતજીએ છઠ્ઠી ગાથામાં. આમાં છેને છઠ્ઠી ગાથામાં? '**(જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી;...**' છે? પહેલા પેરેગ્રાફનો છેલ્લો ભાગ. '**(જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી)...**' એ શું? કે શુભાશુભભાવરૂપે થતો નથી, એમ. શુભાશુભભાવ એ જડ છે, અચેતન છે. ભગવાન જ્ઞાયકમૂર્તિ છે. એ જ્ઞાયકભાવ, છે? '**જડભાવરૂપ થતો નથી તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી;...**' આહા..હા..! શુભાશુભભાવરૂપે થતો નથી એટલે પછી પ્રમત્ત-અપ્રમત્તની દશા ક્યાંથી આવી એને? એ તો જ્ઞાયકરૂપ છે. આહા..હા..! ચૈતન્યસ્વભાવનો સાગર છે એવામાં એ ભગવાન આત્મા શુભ-અશુભભાવે થતો નથી એટલે જડરૂપ થતો નથી એમ કીધું જુઓ. પંડિતજીએ એવો અર્થ કર્યો છે લ્યો. તેથી તેને પ્રમત્ત-અપ્રમત્તદશા જ્ઞાયકભાવને લાગુ પડતી નથી. પ્રમત્ત-અપ્રમત્તદશા છે જ નહિ એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

**'પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી...'** એ તો ટીકા છે. પછી કૌંસમાં નાખ્યું. **'(જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી)...'** એટલે શુભાશુભભાવ એ અચેતન છે, ચૈતન્યની જાત નથી. જાણકસ્વભાવનું એ કિરણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ તો અચેતન કહ્યા. હવે શુભભાવ વ્યવહારરત્નત્રયનો ભાવ એ અચેતન છે. હવે એ અહીં સાધન થાય. જ્ઞાયકભાવ ચૈતન્યમૂર્તિના સ્વભાવને સાધન થાય. એના વિરુદ્ધભાવ તે એના સાધન થાય? રત્નત્રય. એ આ રત્નત્રયનો એમાં આરોપ આપ્યો. નિશ્ચયરત્નત્રયની સાથે એ જાતના વિકલ્પની મર્યાદા વર્તે છે, માટે નિમિત્તને સહચર દેખીને એને રત્નત્રયનો આરોપ આપ્યો, છે તો બંધના કારણ, આહા..હા..! દુઃખરૂપ. એને રત્નત્રયનું નામ આપ્યું. આહા..હા..!

કોથળો ઘઉંનો ચાર મણ અને અઢી શેર, તો ચાર મણ ઘઉં હોય ભેગો કોથળો તોળાઈ ગયો તો ચાર મણ અને અઢી શેર કહેવાઈ ગયું. પૈસા ચાર મણ અઢી શેરના આપવા પડે. આ ઘઉં-ઘઉં. એની કોથળીઓ હોયને કોથળી? બોરી. બોરીને તોળેને તો ચાર મણ અને અઢી શેર (એમ બોલે). તો ચાર મણ અને અઢી શેરના પૈસા દેવા પડે. કોથળો.. હમણા તો મોંઘો થયો, પણ તે દી કોથળો ત્રણ આનાના હતો. બોરી ત્રણ આનાની અને ઘઉં અઢી રૂપયે મણ હતા તે દી. અત્યારે કોથળાનો એક રૂપિયો થઈ ગયો છે. ઘઉં મોંઘા થઈ ગયા છેને. ૩૫-૪૦ રૂપિયાના મણ એમ કાંઈક છે. આહા..હા..! એ માલ તોળાઈને ભેગો કોથળો તોળાણો પણ એ કોથળો કાંઈ માલ નથી, બોરી-બોરી. એમ વ્યવહારને ભેગો નાખીને નિશ્ચયરત્નત્રયની સાથે વ્યવહાર કહ્યો પણ એ માલ નથી, એ તો કોથળો છે—બોરી છે. આહા..હા..! આવી વાત છે. અરે ભાઈ! એ જાત એવી છેને. એને એ રીતે તારે નિર્ણય કરવો પડશે. આહા..હા..!

**'માટે પુદ્‌ગલકર્મ જીવનું નિર્વર્ત્ય કર્મ નથી.'** રાગ એ જીવનું ઉપજાવેલું કાર્ય નથી. રાગ એ જીવે ઉપજાવેલું કાર્ય નથી. **'જીવ પુદ્‌ગલમાં વિકાર કરીને તેને પુદ્‌ગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી કારણ કે ચેતન જડને કેમ પરિણમાવી શકે? માટે પુદ્‌ગલકર્મ જીવનું વિકાર્ય કર્મ પણ નથી.'** આહા..હા..! શુભરાગનું પરિણમન થયું એ વિકાર છે એ જીવનું કાર્ય નથી. આહા..હા..! **'પરમાર્થે જીવ પુદ્‌ગલને ગ્રહણ કરી શકતો નથી...'** એ પ્રાપ્ય લીધું. **'કારણ કે અમૂર્તિક પદાર્થ મૂર્તિકને કઈ રીતે ગ્રહણ કરી શકે?'** એ પુદ્‌ગલથી એણે લીધું છે, પણ એમાં રાગ આવી ગયો ભેગો. **'માટે પુદ્‌ગલકર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી.'** પહેલું નિવર્ત્ય લીધું, પછી વિકાર્ય લીધું અને પ્રાપ્ય લીધું. **'આ રીતે પુદ્‌ગલકર્મ જીવનું કર્મ નથી...'** પુદ્‌ગલનું કાર્ય તે જીવનું કાર્ય નથી. આહા..હા..! **'જીવ તેનો કર્તા નથી.'**

**'જીવનો સ્વભાવ...'** જોયું હવે આ. એ તો જ્ઞતા છે. જ્ઞાતા છે એમાં જ્ઞાનનું પરિણામ

એનું હોય. જ્ઞાતા વિકાસ પામે તો જ્ઞાનના પરિણામથી વિકાસ પામે કે રાગના પરિણામપણે વિકાસ પામે? આહા..હા..! આ તો ૧૮મી વાર વંચાય છે. ૧૭ વાર વંચાઈ ગયું છે બધું આખું સભામાં. ગાથા. ૧૮-૧૮. ૧૮મી વાર. આહા..હા..! ૧૭ વાર તો એક-એક ગાથાની ગાથાદીઠ પૂરું આખું વંચાઈ ગયું છે. ૧૭ વાર સભામાં. કારણ કે ૪૧ વર્ષ ને ચાર-પાંચ મહિના થયા અહીં. એ તો સેંકડો વાર અંદરમાં તો સ્વાધ્યાય તો ઘણી વાર થયો છેને. એ કોણે ગણ્યું છે કેટલી વાર. આ તો ઘણી વાર છે એટલી વાત. આહા..હા..!

**શ્રોતા :-** આપનું ૧૦૦ વાર અને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની સાથે કોણ.. એ આંકડાનું શું અહીં કામ છે? આહા..હા..!

'**જીવનો સ્વભાવ જ્ઞાતા હોવાથી જ્ઞાનરૂપે પરિણમતો...**' એ તો જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞાનરૂપે થાય. જ્ઞાનસ્વરૂપ છે એ રાગરૂપે કેમ થાય? આહા..હા..! '**જ્ઞાતા હોવાથી જ્ઞાનરૂપે પરિણમતો પોતે પુદ્‌ગલકર્મને જાણે છે;...**' આહા..હા..! રાગની ક્રિયા થાય તેને જ્ઞાન પોતામાં રહીને પોતાથી એને જાણે છે. એને જાણે છે એ વ્યવહાર કહ્યો. એ આવી ગયું છે આપણે. આત્માને જાણે છે. ૭૫માં આવી ગયું છે. આહા..હા..! જેમ છે એમ એણે (માનવું પડશે), ભાઈ! જન્મ-મરણના અવતાર કરવા... આહા..હા..! આ ભવ અનંત ભવના અભાવને માટે છે. સમજાણું કાંઈ? એને આ જાતનું ભાન કરવું પડશે. એ કરવું પડશે પોતાના હિતને માટે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**માટે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવનો...**' પુદ્‌ગલ—રાગને જાણતા એવા જીવને '**પરની સાથે કર્તાકર્મભાવ કેમ હોઈ શકે? ન જ હોઈ શકે.**' એ એક વાત થઈ.

હવે પૂછે છે ત્યાં રાગને જાણતા રાગનું કર્તાકર્મ નથી, એમ હતું. હવે અહીં '**પોતાના પરિણામને જાણતા...**' એમ આવ્યું હવે. ત્યાં રાગને જાણતા કર્તાકર્મ એના નથી. હવે અહીં આત્મા પોતાના પરિણામને જાણતા કર્તાકર્મ છે કે નહિ એની સાથે? આમ કહે છે. આહા..હા..! કેટલી સ્પષ્ટતા કરી છે! ઓહોહો..! એવી કોઈ ઘડીએ સમયસાર રચાઈ ગયું છે. આહા..હા..! એવી કોઈ આવી ચીજ રહી ગઈ છે. કેવળીના કેવળજ્ઞાનને ભુલાવ્યા છે. એવી એ ચીજ છે. આહા..હા..!

પૂછે છે શિષ્ય કે '**પોતાના પરિણામને જાણતા...**' એવું જાણવાનું તો કર્મ કરે છે કે નહિ? એમ કહે છે. પોતાના પરિણામને જાણતો એવું તો કર્મ કરે છે કે નહિ? '**એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ છે કે નથી?**' એટલે એમ પૂછ્યું છે કે ભગવાન આત્મા જાણવાનું કામ તો કરે છે પોતાના પરિણામનું. એ જાણવાના પરિણામનું કર્તા થઈને કર્મ તો કરે છે, તો એવા '**પોતાના પરિણામને જાણતા...**' આવું કર્મ કરતાં એને રાગ સાથે કર્તાકર્મનો સંબંધ છે કે નહિ? સમજાણું કાંઈ? આહા..હા..! ઓલામાં રાગને જાણતા આત્મા કર્તાકર્મ એનો છે કે નહિ એમ હતું, પણ અહીં આત્મા પોતાના પરિણામને જાણતા

પરની સાથે કર્તાકર્મ છે કે નહિ? કારણ કે પરિણામનું કર્મ તો કરે છે. કર્તા થઈને જાણવાના પરિણામનું કાર્ય તો કરે છે, તો કાર્ય કરે છે તો ભેગું પરનું પણ કાર્ય કરે છે કે નહિ ભેગું? નથી કહેતા? એક ગાયને ચારવા લઈ જાય તો પાંચ ગાયને ચારવા ભેગી (લઈ જાય) એમાં શું છે? એક ગાયને ચારવા લઈ જાય ભેગી પાંચને. એવું ચાલે છે બહારમાં. એ ભાષા છે કાંઈ? હા, એક ગાયનો ગોવાળ તો પાંચ ગાયનો ગોવાળ. એક ગાયને ચરવા લઈ જાય તો પાંચ ભેગી લઈ જાય એમાં શું છે?

એમ આત્મા પોતે પોતાના જાણવાના પરિણામનું કર્મ કરે તો ભેગું રાગને કર્મની સાથે સંબંધ છે કે નહિ? એ પ્રશ્ન છે. એનો ઉત્તર કહેશે લ્યો..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ-૧૨, શુક્રવાર, તા. ૨૩-૦૭-૧૯૭૬,**
**ગાથા-૭૭-૭૮,**
**પ્રવચન નં. ૧૩૪**

ગાથા-૭૭, સમયસાર, કર્તાકર્મ અધિકાર. વસ્તુની સ્થિતિનું વર્ણન છે. ધર્મીને શું હોય છે અને અજ્ઞાનીને શું હોય છે એની વાત છે. ધર્મીને આત્માની દૃષ્ટિ હોય છે. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ હોવાથી એનું જ્ઞાનનું પરિણમન સ્વપરપ્રકાશકનું હોય છે, એ કહે છે.

'**ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું,...**' એટલે કે જ્ઞાનના પરિણામ જે થયા એ તે કાળે પ્રાપ્ય છે—ધ્રુવ છે, તે કાળે તે જ થવાના છે. પ્રાપ્યની વ્યાખ્યા એ છે. આત્માના જાણવાના પરિણામ થયા તે કાળે થયા તે થવાના હતા તે થયા. એથી તેને પ્રાપ્ય એટલે ધ્રુવ કહે છે. એને આત્મા પહોંચી વળે છે. પ્રાપ્યને—જાણવાના, દેખવાના, શ્રદ્ધવાના જે પરિણામ છે એ પ્રાપ્ય છે એટલે તે કાળે તે ધ્રુવ છે—તે કાળે થવાના છે તે થયા છે તેને આત્મા મેળવે છે, પ્રાપ્ય કરે છે. '**વિકાર્ય...**' એ જ પરિણામ નિર્વિકારી એ પહેલેથી પલટીને થયા એથી એને વિકાર્ય કહેવામાં આવે છે. પરિણામ તો એના એ, પણ પહેલી પર્યાય પલટીને થયા એથી એને વિકાર્ય કહેવામાં આવ્યો. અને '**નિર્વર્ત્ય...**' તે સમયે ઊપજ્યા નવા એના એ હોં પરિણામ. પરિણામ તો એના એ. એને નિર્વર્ત્ય કહે છે. '**એવું વ્યાપ્યલક્ષણવાળું...**' એટલે કે કાર્ય જેનું છે એવું જેનું લક્ષણ છે. દ્રવ્યની નિર્મળ પર્યાય એ વ્યાપ્યલક્ષણ—એ કાર્યલક્ષણ એનું છે. તે વખતે કાર્ય એ જ થવાનું છે. આહા..હા..!

એવું '**આત્માના પરિણામસ્વરૂપ...**' એટલે કે જ્ઞાતા-દૃષ્ટાના, શ્રદ્ધા—સમકિત, જ્ઞાન, ચારિત્રના પરિણામ એ '**આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ** (કર્તાનું કાર્ય), **તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંત વ્યાપીને,...**' આહા..હા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રના જે પરિણામ દ્રવ્યના થયા તેમાં આત્મા અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે. એ વીતરાગી પરિણામ જે દ્રવ્યદૃષ્ટિવંતને જે નિર્મળ પરિણામ થયા એની આદિમાં આત્મા છે. એટલે? કે એ રાગને જાણે છે માટે રાગ આદિમાં છે માટે જાણવાના પરિણામ થયા એમ નથી. આહા..હા..! એ જાણવાના જ્ઞાતા-દૃષ્ટાના ભાવ થયા એની આદિમાં આત્મા છે, મધ્યમાં અને અંતમાં આત્મા છે. એમાં રાગની અપેક્ષા, રાગને આત્માને જાણતા રાગનું કર્તાકર્મપણું એને નથી, છતાં એ રાગને જાણે છે માટે રાગની અપેક્ષાથી જાણવાનું જ્ઞાન થયું એવી અપેક્ષા એને નથી. આહા..હા..! આવી વાત છે. '**પોતે અંતર્વ્યાપક થઈને,...**' છેને '**स्वयम**'? આહા..હા..! '**स्वयम**' છે પાઠમાં સંસ્કૃતમાં. '**आत्मना स्वयमन्तर्व्यापकेन**' આહા..હા..!

**શ્રોતા :-** આત્મા તો કાંઈ કરતો નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણામને કરે છેને. કર્તા આત્માનું કર્તવ્ય છે એ. એ પર્યાયનું કર્તવ્ય છે એ આત્માનું કર્તવ્ય છે. અહીં અત્યારે અભેદથી લેવું છેને. સમજાણું કાંઈ?

આત્મા એની આદિમાં આત્મા છે. એટલે કે એ પરિણામ જે જ્ઞાતા-દૃષ્ટાના થયા એની આદિમાં એ પરિણામ છે, પણ એ પરિણામની આદિમાં આત્મા કર્તા છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેને ગ્રહતો,...**' છે? આત્મા તેને ગ્રહતો. એને પરથી ભિન્ન પાડ્યું છેને અને સ્વથી અભિન્ન કર્યું છે માટે આત્મા તે વિતરાગી પર્યાય થઈ સ્વભાવના આશ્રયે તે પરિણામને ગ્રહતો એટલે પ્રાપ્ત કરતો, આહા..હા..! તે કાળે તેને ગ્રહતો, તે રૂપે તેને પ્રાપ્ત કરતો. આહા..હા..! ઘણી ઊંચી વાત છે અને મૂળની વાત છે આ. એટલે સમજવા માટે ઘણી એને...

જેનું લક્ષ દ્રવ્ય ઉપર છે એથી તે દ્રવ્યના જે પરિણામ થયા એ પરિણામની આદિમાં ભગવાન આત્મા છે અને તે પરિણામને આત્મા ગ્રહે છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! એમાં તો એણે બહુ લખ્યું છે. મુમુક્ષુઓને પછી તત્ત્વચર્ચામાં આખો કાળ જાય મફતનો. બે વાર સાંભળે સમયસાર એમાં એ માની લે કે આપણું કલ્યાણ છે, એમ કહે છે. માટે દ્વંદ્વ છોડી દ્યો. અશુભથી બચવા શુભની જરૂર છે એમ કહો. સ્વતંત્ર પ્રાણી છે, ભાઈ!

અહીંયાં તો ધર્મની જેને દૃષ્ટિ થઈ છે એના પરિણામમાં શુભભાવ આવે પણ એને જાણવાનું કામ આત્મા કરે અને તે પણ શુભભાવ છે માટે એને જાણે છે, એમ પણ નહિ. આહા..હા..! એના શરૂઆતમાં આદિમાં છે તે સ્વપરપ્રકાશકપણે પરિણમનમાં પોતે આત્મા છે. પરપ્રકાશ જાણે છે માટે પરની અપેક્ષા છે એમાં એમ નથી. આહા..હા..! દુનિયા સાથે મેળ કરવો

ભારે પડશે. આહા..હા..! અને આ સાંભળતા એને શુભભાવ નથી? સાંભળે છે એ શુભભાવ નથી? છે છતાં અહીં તો જ્ઞાનીની વાત કરતાં તે શુભભાવને કાળે એ આત્મા સ્વપરપ્રકાશકપણે પરિણમે છે તે પરિણામનો તે આત્મા કર્તા છે. એ રાગ તે પરિણામનો કર્તા નહિ, એ પરિણામ જે જાણવાના થયા એ રાગનો કર્તા નહિ. આહા..હા..! આવી વસ્તુસ્થિતિનો અંદર નિર્ણય ન કરે ત્યાં સુધી એની શરૂઆત કેમ થાય?

**'આત્મપરિણામ..' 'તેને ગ્રહતો,...'** છેને? **'તે-રૂપે પરિણમતો...'** જાણવા-દેખવાના પરિણામપણે ભગવાન પરિણમતો **'તે-રૂપે ઊપજતો થકો,...'** નિર્વર્ત્ય થયો. ગ્રહતો એ પ્રાપ્ય થયું, પરિણમતો એ વિકાર્ય થયું, ઊપજતો એ નિર્વર્ત્ય થયું. અહીં તો પરથી ભિન્ન પાડવાની વાત છેને? અત્યારે પર્યાયથી ભિન્ન દ્રવ્ય છે અને પર્યાયને પર્યાય કરે છે એ વાત અહીં નથી સિદ્ધ કરવી. નહિતર છે તો પર્યાય પર્યાયને કરે છે, દ્રવ્ય પર્યાયને કરતું નથી; પણ અહીં તો પરમાં પરિણમતો નથી અને સ્વપણે પરિણમે છે એવો આત્મા પોતાના પરિણામને કરે છે એમ સાબિત કરવું છે. આહા..હા..!

એમ કે અત્યારે આ દ્વંદ્વ ઊભો થયો છે એ મુમુક્ષુઓથી થયો છે. એકાંત એનું છે એમ માન્યતા છે. શુભભાવ છોડો... છોડો... છોડો... એમ કહી-કહીને પાપમાં ..ઓને પણ એ નય જ નથી, અનય છે એમ કહે છે. આહા..હા..! એને જરી થઈ ગયું છે. ભાઈ! પ્રભુ! એમ ન હોય. અહીં તો ધર્મદૃષ્ટિ કરાવવાની વાત છેને. ભાવ ભલે હો શુભ. અશુભથી બચવાનો શુભભાવ હો. એ શુભ છોડીને અશુભ કરવું એમ અહીં કહેવાય છે? શુભની રુચિ છોડીને, દ્રવ્યની રુચિ કર એમ છે. વાત આ છે. આહા..હા..! શુભ છૂટી જાય તો ક્યારે? એ તો શુદ્ધોપયોગ સર્વથા થાય ત્યારે છૂટશે. આહા..હા..! પણ શુભોપયોગની દશા ધર્મીની એ દશા નથી-ધર્મીની એ દશા નથી. ધર્મીની દશા તેને જાણવાના પરિણામપણે આદિમાં આત્મા થઈને તેને જાણવાના પરિણામને કરે છે અને એ પરિણામપણે પરિણમે છે અને પરિણામને નીપજાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ..તે-રૂપે ગ્રહતો, તેને પરિણમતો અને એ રૂપે ઊપજતો **'આત્મપરિણામને કરે છે;...'** આહા..હા..!

**'આમ આત્મા વડે કરવામાં આવતું...'** સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને શાંતિના પરિણામ એને ગ્રહતો, પરિણમાવતો, ઊપજતો એ **'આત્મા વડે કરવામાં આવતું...'** છે? **'જે આત્મપરિણામ...' 'આત્મા વડે કરવામાં આવતું જે આત્મપરિણામ...'** એમ કહીને ઓલો વ્યવહાર છે એ વડે કરવામાં આવતા પરિણામ એમ નથી, એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! પોતાના પરિણામને જાણતો. પર સાથે કર્તાકર્મસંબંધ નથી એટલે કે વ્યવહારનો શુભરાગ છે તેથી અહીંયાં આત્માના પરિણામ થયા છે એમ નથી. આત્માના આશ્રયે, લક્ષે થયેલા તેનો કર્તા, ગ્રહનાર અને પરિણમનાર આત્મા છે. આહા..હા..!

**'આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...'** પોતાના પરિણામને નિર્મળને

વીતરાગી પર્યાયને, આહા..હા..! આત્મા જાણતો હોવા છતાં. એટલે કે જાણવું કાર્ય તો કરે છેને, એમ કહે છે. સમજાણું? તો પછી રાગનું એ કાર્ય છે કે નહિ? આટલું કાર્ય તો કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક ગાયનો ગોવાળ એવો બે ગાયનો ગોવાળ સાથે. આહા..હા..! અહીં તો કહે છે, ભાઈ! જ્યાં આત્માનો સ્વભાવ '**वत्थुसहावो धम्मो**' એવો જે વસ્તુનો સ્વભાવ જે જ્ઞાન, દર્શન, આનંદ એની જ્યાં દૃષ્ટિ થઈ એથી તે વસ્તુના પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના થયા તે આત્માના પરિણામને આત્મા જાણતો.. છેને?

'**આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' એટલે આત્મા કર્તા (અને) સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ તે કર્મ. આત્મા કર્તા, આ કર્મ, એમ. એ પોતાના પરિણામને—કર્મને—કાર્યને જ્ઞાની જાણતો હોવા છતાં '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' માટી ઘડામાં આદિમાં ઘડો થવામાં માટી છે. કુંભારનો હાથ અડ્યો અને થયો માટી ઘડાની આદિમાં શરૂઆત કુંભારને લઈને છે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? '**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' વ્યાપીને, પ્રસરીને થઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' ઘડાની પર્યાયમાં આદિ-મધ્યમાં વ્યાપીને '**ઘડાને ગ્રહે છે,...**' પ્રાપ્ય. એ માટીનું ઘડો તે વખતનું પ્રાપ્ય છે, તે સમયનું તે ધ્રુવ છે. આહા..હા..! વિકાર્ય છે એ વ્યય થઈને અને નિર્વર્ત્ય છે તે ઉત્પાદ અને પ્રાપ્ય છે તે તે વખતનો ધ્રુવ. છે તો પર્યાય. ધ્રુવ એટલે તે થવાનું (હતું) તે થયું એમ. એ આ ત્રણમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ નાખ્યા છે. આહા..હા..!

એટલે '**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે,...**' ઘડાની પર્યાય માટીનું તે વખતનું ધ્રુવ છે, તે વખતનો પર્યાય તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ જુઓને ક્રમબદ્ધ સિદ્ધ કરે છેને બધું. માટીનું, ઘડો તે તે જ વખતનું એનું પ્રાપ્ય કર્મ છે. માટી પોતે અંતર્વ્યાપક થઈને ઘડાના પર્યાયને આદિ-મધ્ય-અંતમાં થઈને એને કરે છે. આહા..હા..! કુંભાર કરતો નથી એ તો અહીં વાત સિદ્ધ ક્યાં કરવી છે. આહા..હા..! એમ વ્યવહારનો ઊઠેલો રાગ જ્ઞાની પોતાના પરિણામને પરિણમતો-જાણતો, પરિણમતો જાણતો રાગની સાથે કર્તાકર્મ છે, વ્યવહારની સાથે કર્તાકર્મ નથી. આહા..હા..! આવી વાત છે. અરે..! વાત બાપુ, આ તો સત્યને શરણે જવાની વાત છે. આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એક સમયમાં દ્રવ્યસ્વભાવ છે, વસ્તુસ્વભાવ છે એનો જેણે આશ્રય લીધો એના પરિણામ વીતરાગી પરિણામ થાય તે પરિણામને આત્મા આદિ-મધ્ય-અંતમાં કરતો, તેને જાણતો '**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે...**' આહા..! શું પણ સિદ્ધ કરે છે! '**ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' આહા..હા..! જેમ માટી આદિ-મધ્ય-અંતમાં ઘડાને ગ્રહે-ઉપજે છે એમ ધર્મીજીવ '**પોતે બાહ્યસ્થિત...**' એટલે રાગ. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ એવો જે શુભરાગ એ બાહ્યસ્થિત છે. આવી વાત છે.

એ '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' એમાં જઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' આહા..હા..! રાગની આદિમાં આત્મા નથી, મધ્યમાં નથી, અંતમાં નથી. આહા..હા..! રાગની આદિમાં પુદ્‌ગલ છે, મધ્યમાં પુદ્‌ગલ છે, અંતમાં પુદ્‌ગલ. એ સમય તો એક જ છે. આહા..હા..!

'**પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' કોની પેઠે? માટી જેમ ઘડામાં અંતર્વ્યાપક થઈને ગ્રહે, પરિણમે અને ઊપજે છે એમ ધર્મીજીવ, જ્ઞાનીજીવ કે ધર્મીજીવ બાહ્યસ્થિત એવો વ્યવહારનો શુભરાગ, આહા..હા..! તેમાં '**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' આહા..હા..! રાગને ગ્રહતો નથી. આહા..હા..! રાગ છે એ પુદ્‌ગલનું પ્રાપ્ય ધ્રુવ છે. સમજાણું? પુદ્‌ગલનું ધ્રુવ છે પ્રાપ્ય છે. આહા..હા..! એનું ધ્રુવ છે—પ્રાપ્ય છે. પુદ્‌ગલ તેને ગ્રહે છે, પુદ્‌ગલ તે રૂપે પરિણમે છે અને પુદ્‌ગલ તે રૂપે ઊપજે છે. એમ આત્મા તેને ગ્રહતો નથી, તે રૂપે પરિણમતો નથી અને તેમાં ઊપજતો નથી. આહા..હા..! ધ્યાન રાખે તો પકડાય એવું છે, ભાઈ! આ તો સત્યની વાતું છે, ભાઈ! આ તો દુનિયાને ન બેસે એ વાત એથી શું? સત્ય તો સત્ય છે. ધર્મ કરનારને શું હોય છે એ વાત છે. ધર્મી એવો જે ભગવાન આત્માના સત્ત્વનું જે સ્વરૂપ શક્તિનું ગુણ આદિ એ એનો ધર્મ છે ત્રિકાળી એને પકડતાં, તેનો આશ્રય લેતાં, તેનો સ્વીકાર થતાં જે ધર્મના પરિણામ જે શક્તિરૂપે છે એ વ્યક્તિરૂપે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થયા એ પરિણામના આદિ-મધ્ય-અંતમાં આત્મા છે; પણ જેમ માટી ઘડામાં આદિ-મધ્ય-અંતમાં છે, એમ રાગમાં આત્મા આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને કરે છે એમ નથી. આવી વાતું હવે.

'**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' તેને ગ્રહતો નથી. આહા..હા..! વ્યવહારના રાગને આત્મા ગ્રહતો નથી, વ્યવહારના રાગપણે આત્મા પ્રાપ્ત થઈને પકડતો નથી, રાગપણે ઊપજતો નથી, રાગપણે નીપજાવતો નથી એને. આહા..હા..! છે તો એક જ સમયનો પર્યાય, એને ત્રણ પ્રકારે વર્ણન કર્યું. પર્યાય તે છે એ પ્રાપ્ય, બદલીને ઊપજી તે એને ને એને વિકાર્ય અને તે ઊપજ્યો એકલો બદલ્યા વિના ઊપજ્યો એકલો નીપજ્યો એ નિર્વર્ત્ય. એક જ કર્મને ત્રણ અપેક્ષાથી કહેવામાં આવ્યું છે. આહા..હા..!

આજે પુસ્તક આવ્યું છે આત્મદર્શી. હુકમચંદજી શેઠે બીજો કોક.. આગ્રાના. આત્મદર્શી લખ્યું છે. આત્માનુભુતિ. અહીં આપ્યું છે. સમાલોચના. 'પૂજ્ય ગુરુદેવકો સેવામેં...' એણે સાધન ખૂબ નાખ્યું છે આમાં. આ બધું સાધન છે. પૂજા, ભક્તિને પિંડસ્થ, રૂપસ્થ એ બધા ધ્યાનના બોલ નાખ્યા છે. ભાઈ! સાધન હો, પણ એની તરફની રુચિ છોડવી છેને? ત્યારે એ સાધન કેમ થાય? એ તો ભાઈમાં આવ્યું છેને રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, ટોડરમલ. વિકલ્પ દ્વારા નિર્વિકલ્પતા. છેને? એનો અર્થ વિકલ્પ હતો આવો... આવો.. આવો.. એ છોડી દીધો. કારણ કે વિકલ્પ આવે, પણ આવે માટે ત્યાં નિશ્ચય થાય—નિર્વિકલ્પતા એમ નહિ. આહા..હા..!

એના તરફનું લક્ષ છોડે ત્યારે થાય. આવી સ્થિતિ આકરી પડે લોકોને. એ તો કહે છે શુભભાવ થવો મહા કઠણ છે. અરે..! શુભભાવ તો નિગોદને થયો છે. આહા..હા..! શુભભાવ તો નિગોદમાં થયો છે. અભવિ પણ નિગોદમાં પડ્યા એને શુભભાવ છે. નિરંતર-નિરંતર ક્ષણે શુભ, ક્ષણે અશુભ, ક્ષણે શુભ, ક્ષણે અશુભ. નિરંતર ધારા વહે છે નિગોદના જીવને. એક શરીરમાં અનંત જીવ. એક-એક જીવને ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ. બીજે ક્ષણે હોં. એ શુભ-અશુભ... શુભ-અશુભ થયા જ કરે કર્મધારા. આહા..હા..! એ કાંઈ કઠણ અને એ કાંઈ નવીન વાત નથી. સમજાણું કાંઈ? શુભયોગ થવો મહા કઠણ છે અશુભમાંથી એને પોતાને. અરે પ્રભુ! આહા..હા..!

**શ્રોતા :-** ઓલો કહે શુભ ઉપયોગ મુનિને કહેતો હતોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહેતો હતોને. એ બહાર આવી ગઈ. ધર્મપરણિત છોડી દીધી. શુભોપયોગી પણ મુનિ હોય છે. એમ ક્યાં કહ્યું ત્યાં? એ તો પ્રવચનસારમાં. ધર્મપરિણત છે, શુદ્ધ ચૈતન્યની દશા પરિણત છે એ શુદ્ધોપયોગી હોય તો નિરાસ્રવી છે અને એને શુભોપયોગી છે ત્યાં સુધી સાસ્રવી છે. છે તો ધર્મપરિણત, ત્રણ કષાયના અભાવવાળો. ત્યારે તો મુનિ. આહા..હા..! એકલા શુભભાવ એ તો અનાદિના કર્યા, અજ્ઞાનીએ કર્યા. આહા..હા..! અરેરે..! આ બે ફાંટા પડ્યાને, એને ઠીક નથી પડતું. વીતરાગ-વિજ્ઞાનની વાતું કરે છે, પણ વીતરાગ-વિજ્ઞાન કહેવામાત્ર છે. ઠીક છે. પ્રભુ! પ્રભુ! .. શું?

અહીં તો જેને ધર્મ કરવો છે એની વાત છે, બાપુ! શુભ હો. એ તો કહે છે. હો તે એ કાંઈ ધર્મનું કારણ છે કે ધર્મ છે એમ નથી. એ ધર્મ પણ નથી અને ધર્મનું કારણ પણ નથી. હોય છે. એ જાણવા માટે હોય છે. આહા..હા..! અરેરે..! આવું પકડે પછી એમ કહે, જુઓ, અમૃતચંદ્રાચાર્ય અને કુંદકુંદાચાર્યને આમ કહેવું નથી. એને તો કહેવું છે જ્ઞાન હોય ત્યાં ચારિત્ર હોય સ્થિત, એમ. ચારિત્ર એવી વાત લીધી. આહા..હા..! એ તો વાંચવા જેવું છે હોં, એય શેઠ! આમાં. વાંચવામાં શું વાંધો? શું કહે છે એ તો.

અહીં કહે છે, '**જોકે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે...**' એટલે જાણવાનું કાર્ય કરે છે, એમ કહે છે; પણ જાણવાનું કાર્ય (કરે) માટે રાગનું કાર્ય કરે છે ભેગું એમ નથી, એમ કહે છે. આહા..હા..! '**જ્ઞાની પોતાના પરિણામને...**' એટલે મોક્ષના માર્ગને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભાવને, એ પરિણામ પોતાના, એને '**જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' પણ જે શુભરાગ એ તો પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એ તો પરદ્રવ્યનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે ભાગ પાડ્યા છેને? એક કોર સ્વભાવ અને એક કોર વિભાવ. આહા..હા..! ભેદજ્ઞાની. વિભાવની સાથે એકતાબુદ્ધિ છે એ જ મહા મિથ્યાત્વની ગાંઠ છે. એ વિભાવમાં તાદાત્મ્ય અભ્યાસ છે એ મિથ્યાત્વ છે. એ વિભાવના સ્વભાવની ભિન્નતા તે વસ્તુનો સ્વભાવ

અને તે સમ્યગ્દર્શન છે. આમ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? શેનો?

**શ્રોતા :-** સમ્યગ્દર્શનનું નામ લઈને તમે ચારિત્રનો બચાવ કરો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચારિત્ર ક્યાં હતું પણ. અરેરે..! એને એમ કે આ બધા શુભ વ્રતાદિ પાળે છેને એ લોકો ચારિત્રવાળા છે વ્યવહારે, એમ કહેવું છે એને. આહા..હા..! અરે..! નવમી ગ્રૈવેયકે ગયો એવો શુભભાવ ક્યાં છે અત્યારે? નવમી ગ્રવૈયકે ગયો જ્યારે એનો શુભભાવ, છતાં એ ધર્મ નહિ, એનાથી ધર્મ થયો પણ નહિ. અરેરે..!

**શ્રોતા :-** મુનિ થઈ જાય એટલે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુનિ થઈ જાય. લૂગડા છોડીને નગ્ન થઈ જાય એટલે મુનિ થઈ ગયા? આહા..હા..! સ્વનો ઉગ્ર આશ્રય થાય, તીવ્ર આશ્રય થાય ત્યારે તેને ચારિત્ર આવે. એ કાંઈ વ્યવહારની ક્રિયા કરે માટે ચારિત્ર આવે એમ નથી. આહા..હા..! ચારિત્ર તો એનો ગુણ છે—શક્તિ વીતરાગ. એનો આશ્રય લઈને એકાગ્ર વિશેષ થાય ત્યારે તેને ચારિત્રની દશા પ્રગટ થાય, ત્યારે તે કાળના મહાવ્રતાદિના પરિણામ હોય એને વ્યવહાર કહેવાય. એને વ્યવહાર કહેવાય, આ અજ્ઞાનીને વ્યવહાર કે દી હતો? આહા..હા..! એ તો ૪૧૩માં કહ્યું નથી? અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ. ત્રણ બોલ કહ્યા છે. આહા..હા..! જેને આત્મદર્શન અને આત્મદૃષ્ટિ નથી એના વ્યવહારને તો અનાદિરૂઢ—મૂઢ કહ્યો છે. જાણનાર જાગ્યો નથી તો વ્યવહાર કોને કહેવો? કહે છે. સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ છે આ.

'**પોતાના પરિણામને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું...**' વ્યાપ્ય એટલે કાર્ય જેનું છે એવા '**પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' કાર્ય '**તેને નહિ કરતાં એવા...**' એ રાગને નહિ કરતાં એવા '**તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' લ્યો! ઓહોહો..! કેટલી સ્પષ્ટતા છે. આહા..હા..!

'**ભાવાર્થ :— ૭૬મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું. ત્યાં પુદ્ગલકર્મને જાણતો જ્ઞાની એમ હતું...**' ૭૬માં. '**તેને બદલે અહીં પોતાના પરિણામને જાણતો...**' બસ, આટલો ફેર. સમજાય છે કાંઈ? '**એટલો ફેર છે.**'

હવે ૭૮. '**હવે પૂછે છે કે પુદ્ગલકર્મના ફળને જાણતા...**' ઓલા પુદ્ગલકર્મ રાગને જાણતા, હવે અહીંયાં હરખ-શોકને જાણતા. આહા..હા..! એ હરખ-શોક એ પુદ્ગલકર્મનું ફળ છે. આહા..હા..! આનંદ એ આત્માનું ફળ છે. શુદ્ધોપયોગરૂપી કર્મ એનું ફળ આનંદ. આવે છેને પ્રવચનસારમાં? પ્રવચનસારમાં આવે છે કે શુદ્ધોપયોગરૂપી કર્મ તેનું ફળ આનંદ, એ કર્મફળ એ છે. આહા..હા..! પ્રવચનસારમાં છે. શુદ્ધોપયોગને કર્મ ગણ્યું છે ત્યાં. શુદ્ધોપયોગ. જે અહીં કર્મ કહ્યુંને? આત્માના પરિણામ એ શુદ્ધોપયોગ છે એ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના પરિણામ છે. એનું કર્મફળ આનંદ છે. આહા..! ત્યારે પુદ્ગલનું કર્મ જે રાગ-દ્વેષ એનું ફળ હરખ-શોક દુઃખ છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! આહા..હા..! ભગવાનના પડ્યા

વિરહ. આહહા..! એવું થયું. સમવસરણની સ્તુતિમાં આવે છેને, આહા..! સીમંધરનાથના વિરહા પડ્યા ભરતમાં. આહા..હા..! આ બધો ગોટો ઊઠ્યો.

**શ્રોતા :-** એ કહે છે આપણે ગોટો કાઢ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ કહે છે ગોટો કાઢ્યો, એમ કહે છે, એમ લખ્યું છે. નામ જ આપ્યું છે. ધર્મદ્વંદ્વ નામ આપ્યું છે હોં! ધર્મદ્વંદ્વ. આહા..હા..! ધર્મકા દ્વંદ્વ. એને બેઠું. એનું અપમાન થઈ ગયું. લક્ષ્મીચંદ પંડિતજીએ તોડી નાખ્યું. એટલી સભામાં ૨૬ હજાર માણસ હતા. એમાં એણે ભાષણ કર્યું હતું. .. તોડી નાખ્યું. એમ કે અપમાન થાય છે. એ દ્વંદ્વ થઈ ગયો છે. વીતરાગ-વિજ્ઞાનને નામે વાતું કરે છે અને વીતરાગ-વિજ્ઞાન કથનમાત્ર છે, એમ લખ્યું છે. કથન તરીકે કથની કરે એમાં શું દાળિયા થયા?

'**હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મના ફળને...**' એટલે કે શુભરાગ છે કે અશુભરાગ છે એનું ફળ સુખ-દુઃખ છે હરખ-શોક. હરખ-શોક વિકારીભાવ. એ પુદ્‌ગલકર્મનું ફળ છે. એને જાણતાં. જ્ઞાની એને જાણે. પુદ્‌ગલકર્મનું ફળ હરખ-શોક થાય, આહા..હા..! એને '**જાણતા એવા જીવને...**' એટલો સંબંધ છેને કે એને જાણવું, એમ કહે છે. તો જાણવું છે એટલો સંબંધ છે તો એના ફળને એ કર્મ ભોગવે છે કે નહિ? એ કર્તાકર્મનો સંબંધ છે કે નહિ? એમ કહે છે. કર્મના ફળને જાણે છે એટલો તો સંબંધ છે કે નહિ? આહા..હા..! ઓલામાં આવ્યું છે કે નહિ, ભાઈ! કર્મને અને આત્માને કેમ સંબંધ અરૂપીને અને રૂપીને. કર્મ રૂપી-જડ અને આત્મા અરૂપી બેને કેમ સંબંધ? કહે છે, બાપુ સાંભળ! જ્ઞાનમાં જડ છે એ જણાય છે એટલો સંબંધ છે કે નહિ? આ શરીર છે જડ, જ્ઞાન એટલું જાણે છે એટલો સંબંધ છે કે નહિ જડની સાથે? એવો કર્મ સાથે સંબંધ છે, લ્યો. દાખલો આપ્યો છે ત્યાં પ્રવચનસાર. આહા..હા..! ભગવાન અરૂપી અને કર્મ તદ્દન રૂપી પરમાણુ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા. બેનો સંબંધ શું આ? બાપુ! જડને જાણવાનો સંબંધ છે કે નહિ? જ્ઞાન ઘડિયાળને જાણે, લાકડીને જાણે, શરીરને જાણે એટલું છે કે નહિ? કે ન જાણે? બસ! એટલો સંબંધ એની સાથે છે. આહા..હા..!

'**પુદ્‌ગલકર્મના ફળને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ છે કે નથી? તેનો ઉત્તર કહે છે :-**' **ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।** આહા..હા..! જુઓ, '**परदव्वपज्जाए**' શબ્દ મૂક્યો છેને? પરદ્રવ્યપર્યાય છે જોયું? ૭૭માં એ છે. ૭૬માં એ છે. આહા..હા..! ઓલામાં સમુચ્ચય પહેલું કહ્યું છે. ૭૬થી શરૂ થયું. '**परदव्वपज्जाए**' સમજ્યાને? પરદ્રવ્યપર્યાય. એ હરખ-શોક છે એ પરદ્રવ્યની પર્યાય છે. દયા-દાનના વિકલ્પ છે એ પરદ્રવ્યની પર્યાય છે.

ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु पोग्गलकम्मप्फलमणंतं।।७८।।

**પુદ્‌ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.**

'**ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલ કર્મફળસ્વરૂપ..**' આહા..હા..! શું કહે છે? કે હરખ-શોકના પરિણામ જે થાય એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે એ ધ્રુવ છે. તે વખતે તે પરિણામ ધ્રુવ એટલે તે જ છે તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે, આત્મા એને પ્રાપ્ત કરતો નથી. આહા..હા..! આ દૃષ્ટિ અને સ્વભાવની અપેક્ષાનું વર્ણન છે. સમજાણું કાંઈ? પણ જ્યારે જ્ઞાનનું વર્ણન હોય ત્યારે તો એ સુખ-દુઃખના પરિણામનું ભોક્તાપણું જીવને છે. જીવની પર્યાય છે માટે જીવનું છે. આહા..હા..! રાગ-દ્વેષના પરિણામ એ જીવની પર્યાય છે, જીવ પોતે પરિણમ્યો છે એટલે કર્તાપણું જીવનું છે એમ જ્ઞાનમય જાણે છે. એ પર્યાયનું જાણવાનું કથન છે. અહીં એકલા દ્રવ્યને જાણવાની વાત છે. સ્વભાવની અપેક્ષાએ વિકાર પરિણામ જીવના નહિ. આહા..હા..! જ્ઞાન થયું તેની અપેક્ષાએ વિકાર પરિણામ જીવની પર્યાયમાં પોતાથી થયા છે. આવી અપેક્ષા છે. આવી વાત છે.

એમ અહીં કહે છે '**પ્રાપ્ય,...**' એટલે ધ્રુવરૂપે હરખ-શોક તે સમયના તે પરિણામ થવાના જ છે. '**વિકાર્ય...**' એટલે પરિણમતું અને ઊપજતું એવું. '**વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ...**' રતિ, હરખ, શોક, દિલગીરી આદિના જે પરિણામ છે એ પુદ્‌ગલકર્મફળસ્વરૂપ. આહા..હા..! ભગવાનનો પાક તો આનંદનો છે. ભગવાન આત્મા તો આનંદસ્વરૂપ છે, એનું ફળ તો આનંદસ્વરૂપ કર્મફળ છે, આનંદ એનું ફળ છે. શુદ્ધોપયોગરૂપી કર્મ એનું ફળ આનંદ છે. આહા..હા..! અને આ જે છે સુખ-દુઃખના પરિણામ વિભાવના એ તો પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા..! '**પુદ્‌ગલકર્મફળસ્વરૂપ જે કર્મ,...**' અપેક્ષા ન જાણે અને એકાંત કરી નાખે તો મુશ્કેલ. સમજાણું કાંઈ?

એ મનોહરલાલજીએ પ્રશ્ન કર્યો હતો જયપુરમાં. મનોહરલાલજી વર્ણી આ નહિ? વર્ણીજીના શિષ્યએ પ્રશ્ન બે કર્યા હતા કે આ પુદ્‌ગલપરિણામ કેમ કહ્યા? એ પ્રશ્ન કર્યો હતો. જયપુર છેલ્લા મળ્યાને. આવ્યા હતા રેલમાં બેસીને. એક .. મેં કીધું ભાઈ! એ તો વસ્તુસ્વરૂપમાં નથી. વસ્તુની કોઈ શક્તિ કે ગુણ નથી કે વિકાર કરે. એથી પુદ્‌ગલના પરિણામ કહીને ભેદ પાડી નાખ્યો. ચૈતન્યના દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભિન્ન કરી નાખ્યું. ચૈતન્યના દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભિન્ન કરી નાખ્યું. દ્રવ્ય-ગુણથી તો ભિન્ન છે. આહા..હા..! મેં કીધું આમ છે, બાપુ! અને એ જ આ. શ્રાવક ગૃહસ્થો એમ કે ઉદ્દેશિક કરે એ લે લોકો અને ઉદ્દેશિક કેમ કહેવું. એમ ભાષા ન લીધી પણ એમ ઉદ્દેશિકનો ખુલાસો તમારાથી થાય તો બહુ સરસ થઈ જાય. સમાધાન થઈ જાય. મેં કીધું શું ખુલાસો કરવો. આ અત્યારે ક્ષુલ્લક અને સાધુ બધા એને માટે કરેલો લે છે એ ઉદ્દેશિક છે. એમ કે ગૃહસ્થ કરે છે ને લે છે. પણ ગૃહસ્થ કરે એ લીધું કેમ? એ જ અનુમોદન છે એનું. સમજાણું કાંઈ? એને એમ થયું. આમ જો થાયને

તો .. મેં કીધું, ભાઈ! ભગવાનનો વિરહ છે પ્રભુ! અને એમાં આમ ખુલાસા ન થાય, પ્રભુ! પરમાત્મા નથી અત્યારે એથી ઉદ્દેશિક લે છે એ ઉદ્દેશિક.. કેમકે ગૃહસ્થે બનાવ્યું છેને? એણે ક્યાં કહ્યું છે? પણ લે છે એનો ભાવ શું છે? એ ખબર છે કે મારા માટે કર્યું છે. આહા..હા..!

એ પ્રશ્ન તો અમારે (સંવત) ૧૯૬૯ની સાલમાં થયેલો. ૬૯ એટલે ૭૦ પહેલાં. ૬૪ વર્ષ પહેલાંની વાત છે. હીરાજી મહારાજ અમારા ગુરુ હતાને. આપણને કાંઈ ખબર નહિ, આપણે દુકાન છોડીને આવ્યા. ત્રણ મહિના ભણ્યા વિશી રાખીને. એક ઠેકાણે જમવાનું. પછી ત્યાંથી બોટાદ જઈને આવ્યા તો એક સાધુ હતા ગુલાબચંદજી. એકલા સ્થાનવાસી સાધુ. એ કહે કે સાધુ માટે અપાસરા કર્યા હોય એ સાધુ નહિ. એ શું કીધું? આપણે તો સાંભળેલું નહિ. આ મકાન બનાવેને? એમાં સાધુ રહે. એ સાધુ નહિ. ભાઈ! આ વાત આપણે તો સાંભળી નથી. હીરાજી મહારાજને પ્રશ્ન કર્યા પછી. કીધું આ? દાખલો એણે આપ્યો હતો કે ખુશાલભાઈ છે તમારે, એ તમારે માટે મકાન કર્યું હોય એ વાપરો એમાં શું આવ્યું? મેં કીધું, ભાઈ! એમ નહિ. અનુમોદન આવ્યું. નવ કોટિમાં અનુમોદન આવ્યું. કોટિ તૂટી ગઈ. મન, વચન અને કાયા, કરણ, કરાવવું અને અનુમોદન—નવ કોટિ છેને? તો એ વાપરે છે ત્યાં અનુમોદન કોટિ તૂટી ગઈ એટલે નવ કોટિ રહી જ નહિ એને. તે દી આ તો ૬૯ની વાત હોં, ૬૯. દીક્ષા લીધા પહેલાં મોટો પ્રશ્ન ચાલતો હતો. સાધુ એમ કે આ અપાસરા વાપરે છે. એને માટે કરેલા છે એ સાધુ નહિ. અરે..! આવું ક્યાંથી? અને અમારા હીરાજી મહારાજ બિચારા અપાસરા વાપરતા. આમ બીજી રીતે બહુ ... આપણે ભાઈ..

પછી પ્રશ્ન કર્યો રાણુપરમાં. કીધું આ શું? કહે, એ તમારા માટે કર્યો હોય અને તમે વાપરો એમાં શું આવ્યું? મેં કીધું આમને ન કહેવાય. આવ્યું શું? અનુમોદન આવ્યું. દશ વૈકાલિકમાં પાઠ ગાથા મોઢે કરેલું તે દી. દશ વૈકાલિક મોઢે હતું. અનુમોદન છે કીધું આ. એવી વાત પણ કોને..? માણસ વાપરતા હોયને પછી એને દોષ માનવો આકરું પડે. અહીં તો સત્ય છે. એમાં સાધુ માટે ખાવાનું એને માટે તો કરે છે બધા અત્યારે. ચોખ્ખું બધું કરે છે. મહારાજનું પાણી લાવો, ઊનું કરો. . કાઢીને, કૂવામાંથી લાવીને, મોસંબીના પાણી કાઢે, કેરીના રસ લાવે. એ બધી વાતમાં લેનારને મહાવ્રત જ નથી. વ્યવહારમહાવ્રત પણ નથી એને. વાત આવી છે કીધું, ભાઈ! આ તો પહેલેથી અમારે તો ચાલતું હતુંને? ખોજ-ખોજ. ૬૯-૭૦ પહેલાંની વાત. દીક્ષા તો પછી થઈ. ૬૩ વર્ષ પહેલાંની વાત. તો અહીં એ આવ્યું કે એને માટે કરે છે એ ક્યાં એને કરાવ્યું છે? પણ કર્યું છે અને આ લે છે એ શું છે? બિલકુલ નહિ કીધું. એક કોટિ તૂટી છે, એકેય કોટિ રહેતી નથી એને. દેવીલાલજી!

અહીં કહે છે.. આહા..હા..! શું કીધું? ૭૮ ચાલે છેને? **'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળ...** ' આહા..હા..! ભગવાનના

આનંદનું ફળ ભગવાનને હોય છે. પ્રભુ આનંદસ્વરૂપ છે એનો જેને આશ્રય મળ્યો એને તો આનંદનું ફળ આવે પર્યાયમાં. અતીન્દ્રિય આનંદનું ફળ એ આત્માનું પરિણામ છે અને સુખદુઃખના જે પરિણામ છે એ આત્માના પરિણામ નહિ. કારણ કે આત્મામાં કયાં એવો ગુણ છે કે એનાથી વિકાર થયો? આહા..હા..! સમજાણું કાંઈ? **'સુખદુઃખાદિ...'** આદિ એટલે શું? રતિ, અરતિ, દિલગીરી, શોક આદિ થાય છેને એ બધા. **'પુદ્ગલકર્મફળસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...'** કર્મનું કાર્ય છે એ. **'તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...'** આહા..હા..! હરખ-શોકના ભાવમાં પુદ્ગલદ્રવ્ય **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** કારણકે એવો હરખ-શોકનો ભાવ થવાની કોઈ આત્મામાં શક્તિ નથી એટલે એ પુદ્ગલની શક્તિ છે એમ કીધું અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! અહીં તો નિઃસ્પૃહ હોય એને સમજાય એવું છે. કોઈ પક્ષ રાખીને વાત સિદ્ધ કરવા માગે તો એમ થાય એવું નથી. આહા..હા..!

તેથી વળી પછી અહીં એમ લઈ લે કે જુઓ, નિમિત્તને લઈને વિકારના પરિણામ થયા. પણ એ કઈ અપેક્ષાએ વાત છે? એના આશ્રયે થાય, સ્વભાવને આશ્રયે નથી. આનંદનો નાથ પ્રભુ પરિણમે એ દુઃખરૂપે પરિણમે? આહા..હા..! એ તો આનંદરૂપે થાય. એનો સ્વભાવ આનંદધર્મ છે. ધર્મ આનંદ છે તો આનંદરૂપે થાય. આહા..હા..! એ આનંદના પરિણામનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય જીવનું કાર્ય ખરું. સમજાણું કાંઈ? પણ હરખ-શોકના પરિણામ એ પુદ્ગલનું કર્મ છે. આહા..હા..! આ અપેક્ષા.

**'તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...'** જોયું! એ હરખ-શોકની શરૂઆતમાં કાંઈ પર્યાયની નબળાઈ હતી જીવની માટે થયો એમ નહિ અહીં કહે છે. સમજાણું? એ હરખ-શોકનો વિકારનો ભાવ એની આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલકર્મ છે. એની શરૂઆત તો કોઈ આ જીવની નબળાઈથી વિપરીત પરિણમ્યો માટે વિપરીત પરિણમનમાં આદિમાં કાંઈક આનો અંશ છે, એ સ્વભાવમાં નથી એ અંશ ક્યાંથી આવે? આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું છે. શિખરચંદજી! આવી વાત છે. આહા..હા..! આચાર્યોએ તો કમાલ કામ કર્યા છેને! આહા..હા..! દિગંબર આચાર્યોએ. આહા..હા..! ધર્મના થાંભલા, ધર્મની સ્થિતિ ઊભી રાખી છે. આહા..હા..!

કહે છે કે એ પુણ્ય-પાપના ભાવનું ફળ જે હરખ-શોક એ તો કર્મનું કાર્ય છે, આહા..હા..! ભગવાન આત્માનું નહિ. સ્વદ્રવ્યસ્વભાવનું એ કાર્ય છે? એથી એને પરદ્રવ્યસ્વભાવ કીધો. આહા..હા..! **'પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું...'** એ પુદ્ગલ કર્મ હરખ-શોકને પકડે છે. હરખ-શોકનું પ્રાપ્ય તે કાળનું છે એ પુદ્ગલ તેને પહોંચે છે, આત્મા નહિ. આહા..હા..! **'તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું, તે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળને કરે છે; આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું જે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...'** તેને જાણતો

એ વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? આ તો તે સંબંધીનું જ્ઞાન થાય છેને, તેથી તેને જાણતો એમ કહ્યું, નહિતર પછી તો કહ્યું હતું કે એ આત્માને જાણતો, એમ કહ્યુંને ૭૫માં. આહા..હા..! પણ આ તો જેવી સુખ-દુઃખની કલ્પના છે એવું જ અહીંયાં જ્ઞાન જાણે છે. એવું જ જાણે એથી એનું જ્ઞાન છે એમ કહેવામાં આવ્યું. એ જ્ઞાન તો આત્માનું છે, પણ એ સંબંધીનું એ પ્રકારનું, જેવો ભાવ છે તેવું અહીં જ્ઞાન થાય છે. આહા..હા..!

એથી '**કર્મફળ તેને જ્ઞાન જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' એ હરખ-શોકના પરિણામને ધર્માત્મા ગ્રહતો નથી. એ વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૩, શનિવાર, તા. ૨૪-૦૭-૧૯૭૬, ગાથા-૭૮-૭૯, પ્રવચન નં. ૧૩૫

ટીકા ૭૮. પુદ્ગલકર્મના ઉદયમાં જે સુખદુઃખના પરિણામ થાય એ પુદ્ગલના પરિણામ છે, ભગવાન આત્મામાં એ ભાવ છે નહિ. અને અહીંયાં તો જ્ઞાનીની વ્યાખ્યા છેને. ધર્મી જીવની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર હોવાથી તેના પરિણમનમાં એનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય નિર્વિકારી દશા તે એનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય છે. સમજાણું કાંઈ? વસ્તુની દૃષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી ધર્મીને તેનું કાર્ય આનંદની પરિણતિ થવી—આનંદના પરિણામ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યરૂપે થવા એ એનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કાળે '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળસ્વરૂપ...**' આહા..હા..! એ રાગદ્વેષના પરિણામ એનું ફળ કલ્પનામાં સુખદુઃખના ભાવ એ બધું પુદ્ગલનું કર્તાનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' એ સુખ-દુઃખની કલ્પનાનો વિભાવભાવ એમાં પુદ્ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' એ સુખદુઃખના કર્મફળમાં કર્મ જ આદિમાં, કર્મ જ મધ્યમાં અને કર્મ જ અંતમાં છે. ભગવાન આત્મા એની આદિમાં સુખ-દુઃખના પરિણામ થવામાં, એની આદિમાં આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે

એની આદિમાં—ભગવાનની આદિમાં, આનંદની આદિમાં આત્મા પોતે છે. કેમકે આનંદનો સ્વભાવ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એથી સ્વભાવની દૃષ્ટિ થતાં સ્વભાવના કાર્યમાં આનંદની દશાનું કાર્ય, શાંતિનું કાર્ય (આવ્યું) એ કાર્યનો કર્તા આત્મા છે. આહા..હા..! આવી વાત! તે કાળે જે સુખદુઃખના પરિણામ છે એની આદિમાં તો કર્મ છે, કહે છે, પુદ્ગલ છે. આહા..હા..!

**'આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું જે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...'** જાણે. સ્વનું જ્ઞાન છે તે સ્વના જ્ઞાનમાં એ સુખદુઃખના પરિણામ તેને જાણવાનું પર્યાયમાં કાર્ય થાય. સમજાણું કાંઈ? આવી વાત છે. **'તેને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે,...'** આહા..હા..! ઘડાની દશા થવામાં આદિમાં માટી છે. કુંભાર આદિમાં છે માટે ઘડો થાય છે એમ નથી. સમજાણું કાંઈ? માટી અંતર્વ્યાપક થઈને, પ્રસરીને, વ્યાપીને આદિ-મધ્ય-અંતમાં ઘડાને ગ્રહે છે એટલે ઘડાની પર્યાય પ્રાપ્યરૂપ છે તેને એ ગ્રહે છે. તે કાળે ઘડાની પર્યાય ધ્રુવરૂપ એટલે ચોક્કસ છે, ચોક્કસ છે એને માટી ગ્રહે છે. આહા..હા..! અને ઘડારૂપે પરિણમે છે, એ વિકાર્ય થયું. માટી પોતે ઘડારૂપે પ્રાપ્ય કરે છે અને માટી પોતે ઘડાને વિકાર્ય—પૂર્વની પર્યાય જે છે પિંડની એનો વ્યય થઈને જે થાય છે એ વિકાર્યનું કાર્ય માટીનું છે, કુંભારનું નહિ. આહા..હા..! કુંભારની પર્યાય કુંભારમાં હોય. એની પર્યાયમાં એ વ્યાપ્ય-વ્યાપક થઈને કર્તા થાય. પરની પર્યાયમાં વ્યાપ્ય-વ્યાપક ક્યાં છે એ? આહા..હા..!

**'તેમ જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા...'** પરદ્રવ્યપર્યાય કહેવી છેને ત્યાં? આહા..હા..! ભગવાનની પર્યાય તો આનંદ છે, જ્ઞાન છે. જાણવું-દેખવું એ પર્યાય ભગવાન આત્માની છે. એમાં સુખદુઃખના પરિણામની પર્યાય એ તો પરદ્રવ્યની છે. આહા..હા..! એને જાણતો હોવા છતાં **'પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...'** એ સુખદુઃખના ભાવમાં **'અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...'** આહા..હા..! સુખદુઃખની કલ્પનાના ભાવને ભગવાન આત્મા ગ્રહતો નથી. કેમકે પોતે તો જ્ઞાતાદૃષ્ટા ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ઝીણી વાતું એટલે લોકોને શુભભાવ કરો.. કરો.. એમ કહે. શુભભાવને સુધારો કાંઈક એમ લખ્યું છે. વાંચ્યું ભાઈ? હિંમતભાઈ! સુધારો એમ લખ્યું છે. એમ કે આ ચાલે છે એ વાતને કાંઈક સુધારો-સુધારો કાંઈક. શું સુધારો એટલે? શુભભાવથી કાંઈક થાય. એવું લખ્યું છે. બધી ભાષા બહુ માર્મિક છે. એમ કે આ શુભભાવ એ આત્માનું કર્તવ્ય નથી અને એનાથી ધર્મ નથી, એ ધર્મનું કારણ નથી—એને સુધારો હવે. સુધારો શું? જૈન-સંદેશમાં આવ્યું છે. શું કરે? ભાઈ! સુધારો શું કરવો?

શુભભાવ જે કર્મનું પ્રાપ્ય છે, આહા..હા..! પુદ્ગલના તે પરિણામ છે એ જીવના પરિણામને લાભ થાય એમ કહેવું? કહો, પોપટભાઈ! આવું કહે છે. જે ભાવ પુદ્ગલના પરિણામ છે અને તે કાર્ય અને કર્મ પુદ્ગલનું છે. એનાથી સમ્યગ્દર્શનનું કાર્ય આત્માને થાય એમ કહેવું?

એમ બને કેમ? સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના વીતરાગી પરિણામ એની આદિ-મધ્ય-અંતમાં તો ભગવાન આત્મા છે. આહા..હા..! એના નિર્મળ પરિણામમાં અંતર્વ્યાપક થઈને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામનું કાર્ય જીવ પોતે પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યમાં જાય છે એટલે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને શુભભાવ તો અનંત વાર થયો છે. નવમી ગ્રૈવેયકે ગયો, બાપુ! એના શુભભાવની શું વાત! પણ એ કાંઈ કારણ ધર્મનું થયું નથી. ધર્મની પર્યાય જે વીતરાગી થાય એનું કારણ તો પોતે દ્રવ્યસ્વભાવ છે. આહા..હા..! એના કારણ તરીકે શુભભાવને કહેવો, પ્રભુ! એ તો મોટી હિંસા છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રહવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...'** આહા..હા..! જાણે છે, એ પણ પોતામાં રહીને તે કાળે તે પરિણામ થવાના છે તે પ્રાપ્યને એ જાણે છે. આહા..હા..! જેમ સુખદુઃખના ભાવ તે જ કાળે તે પરિણામ તેના નિશ્ચય રીતે, ધ્રુવ રીતે થવાના છે એને એ પુદ્ગલ પ્રાપ્ત કરે છે. ભગવાન આત્મા તે કાળે પોતાના જ્ઞાનસ્વભાવના પરિણામને પ્રાપ્ત કરતો તે પરિણામમાં પોતાને અને પરને જાણે તેવા પરિણામને ધ્રુવને પ્રાપ્ત કરતો **'તે-રૂપે પરિણમતો અને તે-રૂપે ઊપજાવતો...'** તે કર્મને આત્મા કરે છે. કર્મ એટલે કાર્ય—શુદ્ધ ઉપાદાન. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! જન્મ-મરણ મૂકવાના પંથ તો આ છે, ભાઈ! ન સમજાય અને કઠણ પડે માટે કાંઈક બીજો રસ્તો થઈ જાય એવું છે? આહા..હા..! એક જણાનો કાગળ આવ્યો છે. કો'કનો છે ત્યાં. હું આવ્યો હતો ત્યાં પણ સમજાતું નહોતું. આમ તો તમે હસતા-હસતા કહેતા હતા એટલે મને તો એવું લાગ્યું જાણે દિવ્યધ્વનિ આવતી હોય, પણ હું કાંઈ સમજ્યો નથી. અને મુનિઓના ઉપદેશ સાંભળવામાં મને બહુ સમજાય છે, એમ લખ્યું છે. કાગળ આવ્યો છે. હવે મારે સમયસારના પ્રવચન સાંભળવાનો, વાંચવાનો ભાવ છે. આપ મોકલશો મફત. એમ લખ્યું છે. ક્યાંક છે ક્યાંકનું. આહા..હા..!

અહીં કહે છે, સુખ-દુઃખની જે રાગની દશા અથવા સુખ-દુઃખની હરખ-શોકની દશા એ કાર્ય તો પુદ્ગલનું છે, એ પુદ્ગલના કર્મનું ફળ છે, એ આત્માના પર્યાયનું ફળ નથી. આહા..હા..! એ એક વાત. હવે એને પકડીને પાછું એમ જ માને કે જ્ઞાનીને પર્યાયમાં દુઃખ છે જ નહિ.. એ વાંધા ઊઠ્યાને ભાઈ સાથે—શેઠિયા સાથે. એને લઈને જ્ઞાનચંદજી, જયકુમાર ને બધા ફરી ગયા. એમ નથી, ભાઈ! આ તો વસ્તુ અને વસ્તુના સ્વભાવની અપેક્ષાની વાત છે, દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાની વાત છે; પણ જ્યારે તે વખતે જ્ઞાન થાય છે તે જ્ઞાન તો તે ત્રિકાળને પણ જાણે છે અને વર્તમાન દુઃખની પરિણતિ છે મારામાં તેને જાણે અને ભોગવે છે. આહા..હા..! આવું સ્યાદ્વાદ વચન!

**શ્રોતા :-** જાણનાર ભોગવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભોગવે છે, ભોક્તા છે. નય છેને? ભોક્તાનય, કર્તાનય. રંગરેજ જેમ રંગને કરે છે, એમ ભગવાન આત્મા જેટલો રાગરૂપે પરિણમે છે તેટલો એ કર્તા થઈને પરિણમે છે. કરવાલાયક છે એમ નહિ, પણ પરિણમે છે માટે કર્તા કહેવામાં આવે છે. આહા..હા..! જુઓ તો સંતોની આત્મલીલા! આહા..હા..!

જાણે અને વેદે. જ્ઞાનપ્રધાન કથનમાં એ વાત આવે. દર્શન અને દર્શનના વિષયની પ્રધાનતામાં રાગનું પરિણામ પુદ્‌ગલનું છે, જીવનું નહિ. સમજાણું કાંઈ? કેમકે દૃષ્ટિ છે એ પૂર્ણાનંદના નાથને પકડે છે. આખો આનંદ પૂર્ણાનંદ પ્રભુ, પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન એને પકડે છે એટલે એની પરિણતિમાં શુદ્ધ જ થાય. એ દૃષ્ટિનો વિષય છે અહીં તો. સમજાણું કાંઈ? એ શુદ્ધના પરિણામમાં એ અશુદ્ધના પરિણામ જે થયા એને પોતામાં રહીને તે જાણે, પણ તેને પકડે નહિ, એને ગ્રહે નહિ, એને વેદે નહિ. આહા..હા..! ગજબ વાત! કેમકે દૃષ્ટિ પૂર્ણાનંદના નાથને પકડે છે—પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘનને એટલે એના પરિણમનમાં વિકારી પરિણામ અને સુખદુઃખ હોઈ શકે નહિ. એ અપેક્ષાએ વિકારી પરિણામનું કર્મ અને હરખ-શોકનું કાર્ય પુદ્‌ગલને માથે નાખીને આનો જાણનાર રાખ્યો. આહા..હા..! પણ પાછું એમ જ માની લે કે જ્ઞાનીને દુઃખ છે જ નહિ જરીએ, એ તો પુદ્‌ગલના પરિણામ છે માટે જ્ઞાનીને દુઃખના પરિણામ છે નહિ, એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** જેટલો કષાય એટલું વેદન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, છે. મુનિ, આચાર્ય મહારાજ એમ કહે છે, અમૃતચંદ્રાચાર્ય, અરે..! અમને હજી કલુષિત ભાવ અનાદિનો છે. આહા..હા..! બીજો શ્લોક. આહા..હા..! આચાર્ય છે મહામુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે. આહા..હા..! આનંદના નાથ છે, સ્વભાવને પકડીને સ્વભાવરૂપ પરિણમન જેનું વીતરાગી પરિણમન થઈ ગયું છે. આહા..હા..! એ એમ કહે છે, અમે અમારા વીતરાગી પરિણામને પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યને પહોંચી વળીએ, પણ હરખ-શોકના પરિણામને નહિ પહોંચીએ. એ દૃષ્ટિની અપેક્ષાએ કથન (છે); પણ પાછું કહે કે અમારા વેદનમાં કલુષિતતા છે, હોં! આહા..હા..! અમારા વેદનમાં જેટલો રાગ થાય એટલી કલુષિતતા એ અમને ટીકાના કાળમાં છે. ટીકાથી ભાષા.. **'टीका एव'** પણ ટીકાના કાળમાં અમારું લક્ષ-જોર છે સ્વભાવ ઉપર એ કાળમાં એ અશુદ્ધતા ટળી જજો. આહા..હા..! જુઓ સંતોની શૈલી! સમજાણું કાંઈ?

તેથી પંચાસ્તિકાયમાં તો સિદ્ધ કર્યું. અસ્તિકાય છેને? તો એની પરિણતિમાં વિકાર છે એ એનું જ કર્તવ્ય છે—પર્યાયનું. જેટલે દરજ્જે રાગ-દ્વેષ થાય છે તેટલું એનું કર્તૃત્વ, એનો કર્તા, રાગનો કર્તા રાગ, રાગનું કર્મ રાગ, રાગનું સાધન એ રાગ, રાગનો આધાર રાગ, દ્રવ્ય-ગુણ પણ નહિ. આહા..હા..! એની પર્યાયનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે ત્યારે તો કહે છે એ પોતાથી સુખ-દુઃખના પરિણામનું ષટ્કારકરૂપે પરિણમન થાય છે; પણ જે પર્યાયદૃષ્ટિ

ગઈ અને દ્રવ્યદૃષ્ટિ થઈ, ત્યારે આ રીતે સુખદુઃખનું પરિણમનનું વેદન જીવને નથી. એમ કહીને પાછું કહ્યું કે પણ જ્ઞાનમાં જેટલું સુખદુઃખનું પરિણમન છે એ મારું કર્તવ્ય અને મારું ભોક્તૃત્વ છે હોં! આહા..હા..! આવી લીલા છે. આહા..હા..! અરે.. પ્રભુ! તું ક્યાં છો? કે હું છું તો મારા જાણવામાં છું, પણ એ જાણવામાં જેટલું રાગનું પરિણમન થાય છે એટલું પુદ્ગલનું છે એમ કહીને હું એનો જાણનાર થાવ છું; પણ પાછું પર્યાયને જ્યારે હું જોઉં છું, ત્યારે એ રાગ અને સુખ-દુઃખનું જેટલું કર્તૃત્વ અને વેદન (છે) એ મારામાં છે. સુજાનમલજી! આવી વાતું છે. આહા..હા..! અંશેઅંશ મારો છે એ.

બેય અપેક્ષાનું જ્ઞાન એને હોવું જોઈએ. આહા..હા..! દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અંદરમાં તો વિકારી પરિણમનનું કર્તવ્ય અને વિકારીનું વેદન એ છે નહિ. પણ વસ્તુ છે એ કંઈ શક્તિ વિકાર કરે એવી શક્તિ છે? સમજાણું? આહા..હા..! ભગવાન આત્મામાં અનંતગુણ છે એમાં ક્યો ગુણ વિકારને કરે એવો ગુણ છે? એવો તો હોય જ નહિ. આહા..હા..! એ અપેક્ષાએ તો ગુણીને પકડતા ભગવાન આત્મા રાગનું કર્તવ્ય એનું નથી અને સુખદુઃખનું વેદન એનું નથી. આહા..હા..! પણ જ્યારે પર્યાયને જોવા જાય છે જ્ઞાન તો જ્ઞાન તો સ્વ અને પર બેયને જાણે છેને? દૃષ્ટિમાં તો એકલો વિષય અભેદ જ છે. દૃષ્ટિનો વિષય ભેદ અને પર્યાય છે નહિ. આહા..હા..!

પોતે દૃષ્ટિ નિર્વિકલ્પ છે અને એ નિર્વિકલ્પનો વિષય પણ તદ્દન નિર્વિકલ્પ અભેદ છે. અને એના વિષયમાં બધા જે ગુણો છે એ બધા પવિત્ર છે. આહા..હા..! એથી પવિત્રતાના ધ્યેયવાળી દૃષ્ટિ એ તો એમ જાણે છે કે આ પરિણામમાં રાગના દયા, દાનના, વ્રતના પરિણામ થયા એ બધું પુદ્ગલનું કાર્ય છે. આહા..હા..! હું એનો મારામાં રહીને જાણનારો છું, હું એનો કરનારો અને ભોગવનારો નહિ. આહા..હા..! કેમકે દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય તો તદ્દન શુદ્ધ ચૈતન્યઘન છે, પણ એ જ કાળે દૃષ્ટિની સાથે થયેલું જ્ઞાન એ ત્રિકાળી શુદ્ધને પણ જાણે છે અને વર્તમાન થતાં રાગ ને સુખ-દુઃખની વેદન દશાને પણ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાણે છે એટલે કે મારામાં છે એમ જાણે છે. આહા..હા..! આવી વાત હવે. હીરાભાઈ! આવી વાતું છે.

'**જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા...**' જોયુંને! અહીં તો વસ્તુ અને વસ્તુના સ્વભાવનું પરિણમન છે એનાથી સુખદુઃખના પરિણામ તો બાહ્ય છે. અંતરમાં ક્યાં છે એ? અંતરની પરિણતિ પણ એ ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામ...**' પાઠમાં પરદ્રવ્યની પર્યાય છે, એને અહીંયાં પરિણામ કહ્યા. '**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' ધર્મીજીવ સુખદુઃખના ભાવને ગ્રહતો નથી, એનાથી થયા છે એમ નથી. આહા..હા..! શુદ્ધ સ્વભાવ છે એનાથી સુખદુઃખના વિકારી પરિણામ કેમ થાય? પણ પર્યાયમાં સુખદુઃખની યોગ્યતાથી જે થાય છે એ પર્યાયને જોનારું

જ્ઞાન એમ જાણે છે કે મારામાં સુખદુઃખનું વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી હા ને ના, હા ને ના. બાપુ! માર્ગ એવો છે.

**શ્રોતા :-** બેમાંથી એક રાખો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેમાંથી એક. દ્રવ્યદૃષ્ટિ અને દ્રવ્યનો સ્વભાવ, એમાં રાગનું અને હરખશોખનું વેદન કરવું છે જ નહિ; પણ પર્યાયનો અંશ જે છે, ત્રિકાળી અંશ સિવાય, ત્રિકાળી સ્વભાવ સિવાય વર્તમાન પર્યાયનો અંશ છે એમાં જેટલું રાગનું પરિણમન છે એ પોતાનું છે, પુદ્ગલને લઈને નહિ. આહા..હા..! પર્યાય અપેક્ષાએ વાત છે. સમજાણું કાંઈ? આવો ભગવાનનો અનેકાંત માર્ગ છે. અનેક-અંત એટલે ધર્મ. સ્વભાવની દૃષ્ટિએ એ પરિણામ એના નહિ. પર્યાયની દૃષ્ટિએ જોતા એ પરિણામ એના છે. આહા..હા..! અમરચંદભાઈ! આવું છે, બાપુ! વસ્તુસ્વરૂપ આવું છે. ભગવાને કાંઈ કર્યું નથી. એણે તો જાણ્યું એવું કહ્યું.

'**જોકે જ્ઞાની સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મના ફળને જાણે છે...**' જાણે છે માટે '**પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતાં...**' તેને કરતો નથી. આહા..હા..! હરખ-શોકને જ્ઞાની કરતો નથી. આહા..હા..! '**એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' આહા..હા..! જાણવા ભલે જાણે. સુખદુઃખના પરિણામને, પોતાની પર્યાયની આદિમાં પોતે છે એથી, એ જાણે ભલે પણ એને કરે અને ભોગવે એ એનું સ્વરૂપ નથી. આહા..હા..!

'**ભાવાર્થ :- ૭૬મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું. ત્યાં પુદ્ગલકર્મને જાણતો જ્ઞાની એમ હતું તેને બદલે અહીં પુદ્ગલકર્મના ફળને જાણતો જ્ઞાની એમ કહ્યું છે, એટલું વિશેષ છે.**' લ્યો!

હવે વાત ફેરવે છે. આ તો જીવની વાત કરી. સમજાણું કાંઈ? જીવ પુદ્ગલકર્મને જાણતો પુદ્ગલ સાથે કર્તાકર્મ નથી, જીવ પોતાના પરિણામને જાણતો પુદ્ગલ સાથે કર્તાકર્મ નથી, જીવ કર્મફળને જાણતો તેથી તેને કર્તાકર્મ સંબંધ છે નહિ. આહા..હા..! હવે લીધો પુદ્ગલ. '**હવે પૂછે છે કે જીવના પરિણામને,...**' એટલે કે વીતરાગી પર્યાયને '**પોતાના પરિણામને...**' એટલે કે રાગાદિ સુખદુઃખના ભાવને '**અને પોતાના પરિણામના ફળને...**' લ્યો! પોતાના પરિણામ એટલે રાગ. '**પોતાના પરિણામના ફળને નહિ જાણતા...**' પુદ્ગલ નથી જાણતું. આહા..હા..! શું કીધું? જીવને જે દૃષ્ટિપ્રધાનમાંથી જે સ્વભાવનું પરિણમન થયું, એના સ્વભાવના પરિણામને એ પુદ્ગલ જાણતું નથી, તેમ પુદ્ગલના પરિણામ રાગાદિને પુદ્ગલ જાણતું નથી, તેમ સુખદુઃખના પરિણામ પુદ્ગલના તેને પુદ્ગલ જાણતું નથી. આત્માના પરિણામને, પુદ્ગલના પરિણામને અને પુદ્ગલના ફળને એ ત્રણેને પુદ્ગલ જાણતું નથી. એ તો જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જીવ સાથે કર્તાકર્મભાવ છે કે નથી?**' જાણતો નથી તો એવા પુદ્ગલને આત્મા

સાથે કર્તાકર્મભાવ છે કે નહિ? છેને? ઓલું હતું (કે) પુદ્‌ગલ સાથે કર્તાકર્મ છે કે નહિ? હવે અહીં જીવ સાથે કર્તાકર્મ છે કે નહિ? સમજાણું કાંઈ? કર્મના ફળને-કર્મના ભાવને જાણતો એવો આત્માને પુદ્‌ગલ સાથે કર્તાકર્મસંબંધ નથી. એક વાત. આત્માના પોતાના નિર્મળ પરિણામને જાણતો એવો આત્મા એને પુદ્‌ગલ સાથે જાણવા છતાં કર્તાકર્મસંબંધ નથી. હવે ત્રીજું. આત્મા કર્મના ફળને જાણતો છતાં એ કર્મ પુદ્‌ગલની સાથે કર્તાકર્મસંબંધ છે નહિ. હવે ચોથું. પુદ્‌ગલ જીવના પરિણામને, પોતાના પરિણામને અને સુખદુઃખને નહિ જાણતા એવા પુદ્‌ગલને જીવ સાથે કર્તાકર્મ છે કે નહિ? આહા..હા..! આ રાગ કર્તા અને આત્મા એનું કાર્ય જીવનું એમ છે કે નહિ? આહા..હા..! **'તેનો ઉત્તર કહે છે :-'** આવી જેને જિજ્ઞાસા થઈ છે સમજવાની એને આ ઉત્તર દેવામાં આવે છે. સમજાણું કાંઈ? **ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।** આ પરદ્રવ્યપર્યાય એટલે આત્માની પર્યાય. ઓલી પરદ્રવ્યપર્યાય એટલે રાગ અને હરખ-શોકની હતી. સમજાણું કાંઈ?

**ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**पोग्गलदव्वं पि तहा परिणमदि सएहिं भावेहिं।।७९।।**
**એ રીત પુદ્‌ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.**

આહા..હા..! કેટલી વાત! આહા..! સંતોએ કરુણા કરીને કેટલી સ્પષ્ટ વાત સત્યને જાહેર કરી છે. સર્વજ્ઞ ભગવાન આમ કહેતા તે અમે કહીએ છીએ. આહા..હા..!

**'ટીકા :- જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** વાંધા અહીંયાં હજી. ઘડાને કરનારા બે. માટી કર્તા અને કુંભાર કર્તા. બેને યથાર્થ કહો તો વસ્તુની સામગ્રી પૂરી થાય છે એમ કહે. અરે ભાઈ! એ તો પોતાથી થયું છે ત્યાં નિમિત્ત છે તેને આરોપ કરીને એણે કર્યું એમ કહેવામાં આવે છે, વાસ્તવિક એણે કર્યું છે એ છે નહિ. ઘડાનો કર્તા કુંભાર ત્રણકાળમાં નથી. આહા..હા..! સમજાણું? એમ આ શરીરની અવસ્થા થાય છે આ, ભાષાની થાય છે, દાળ-ભાત-રોટલા ખાવાની ક્રિયા થાય છે, એનો ભૂકો થઈને ક્રિયા થાય છે, એ ક્રિયાને જ્ઞાની તે કાળના તે પ્રકારના જ્ઞાનના પોતાના પરિણામથી જાણે, છતાં તે કાર્ય જીવનું નથી. આહા..હા..! ભાષા.. આહાહા..! આ પુસ્તક આમ થાય એ જીવનું કાર્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચશ્મા-બશ્મા આમ ને તેમ એ જીવનું કાર્ય નથી. આહા..હા..!

**શ્રોતા :-** ચશ્માને કારણે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચશ્માને કારણે.. વાત એવી છે, બાપા! આહા..હા..! વસ્તુ એ સમજમાં આમ જ આવે એવી છે. આહા..હા..! એ ચશ્માથી જાણે છે, આત્માથી જાણે, ચશ્માથી જાણે બેથી જાણે છે એમ નથી. આહા..હા..! એ પોતાની પર્યાયથી જાણે છે. આહા..હા..! એ બધાને વાંધાને. ઓલા ત્યાં પણ એમ કહેતો હતો, લિંબડી. તમે હતાને?

શું નામ? ભૂલી ગયા. ચંદ્રશેખર. રામવિજયનો.. ઓલા જીવા શેઠ છેને જીવા શેઠ, કરોડપતિ શ્વેતાંબર એનો ભત્રીજો. દીક્ષા લીધી છે. આવ્યા લઈને લિંબડી. તમે હતા, નહિ? આપણે ચર્ચા કરીએ કહે. વિચાર કરીએ એમ કહે. બાપુ! અમે એવી ચર્ચા નથી કરતાં. તો તમારું નામ બહારમાં શું થશે? ભાઈ! ગમે તેમ માનો, બાપા! એમ કે તમે વાત કરવાની તો ના પાડો છો, તો તમારી નબળાઈ થશે. એમ માનો, ગમે તેમ માનો. અમે ચર્ચા નથી કરતાં, બાપુ! એમ કરતાં-કરતાં છેલ્લે (કહ્યું), લ્યો આ ચશ્માથી જણાય કે ચશ્મા વિના જણાય છે? બાપુ! આવી ગઈ ચર્ચા. એના શેઠિયા હતા બિચારા એક-બે. એ તો બિચારા સાંભળતા હતા. અરે..! બાપુ! આ મારગડા. ભાઈ! આહા..હા..! એ ઉપાદાન-નિમિત્તનો ઝઘડો ઊભો કર્યો એમ કહે છે. આહા..હા..!

એ જ્ઞાન જ્ઞાનથી જાણે છે. જ્ઞાનથી, ચશ્માથી નહિ. આહા..હા..! ચશ્મા અને ઇન્દ્રિયોથી નહિ. એમ નથી તો ઇન્દ્રિયોને પ્રમાણમાં નાખે છે. ઇન્દ્રિય છે એ નિમિત્ત છેને એમાં? ઇન્દ્રિયો અને પદાર્થ બે પ્રમાણ છે, એમ કહે છે, પ્રમાણજ્ઞાન છે; પણ એ પ્રમાણજ્ઞાન જ નથી. પ્રમાણજ્ઞાન તો જ્ઞાનની પર્યાય તે પ્રમાણજ્ઞાન છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિય અને પદાર્થ તે પ્રમાણજ્ઞાન છે, પણ ઇન્દ્રિય અને પદાર્થમાં જ્ઞાન કે દી હતું તે પ્રમાણજ્ઞાન થાય? આત્માનું જે જ્ઞાન છે તે પ્રમાણજ્ઞાન છે. આહા..હા..! અરે..! ક્યાં પડી છે માણસને! સ્વયંસિદ્ધ સ્વતંત્ર વસ્તુ, એને પરાધીન માની લેવી એ તો મોટી વિપરીત દૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચશ્મા વિના જણાય નહિ. આંખ બંધ કરો તો જણાય છે? કોણ પણ બંધ કરે? આંખ આમ છે ને આમ છે એ ક્રિયા તો જડની એનાથી છે. એ આત્મા કરી શકે છે? આહા..હા..! આવું છે, બાપુ! માર્ગ અત્યારે...

અહીં કહે છે, '**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે,...**' એટલે કે ઘડાની પર્યાય તે કાળે પ્રાપ્ય છે. એ માટી તે પ્રાપ્યને પકડે છે. આહા..હા..! માટી '**ઘડારૂપે પરિણમે છે...**' પિંડ પલટીને ઘડો થાય છેને? એ પરિણમે છે એમ કહ્યું. '**અને ઘડારૂપ ઊપજે છે...**' ઘડાની પર્યાય ઊપજીને. પહેલું પ્રાપ્ય, છે તેને મળ્યું, પછી વિકાર્ય—પૂર્વની પર્યાય પલટીને થયું અને હવે થયું એટલું બસ. ઊપજ્યું, નીપજ્યું. આહા..હા..! '**ઘડારૂપે ઊપજે છે...**' ઘડારૂપે પરિણમે (છે). '**તેમ જીવના પરિણામને,...**' ઘડા અને માટીનું દૃષ્ટાંત આપીને જેમ માટી ઘડાપણે ઘડાને પકડે છે, ઘડાપણે પરિણમે છે, ઘડાપણે ઊપજે છે '**તેમ જીવના પરિણામને, પોતાના પરિણામને...**' જીવના પરિણામ એટલે વીતરાગી પરિણામ. સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ જીવના પરિણામ. એ જીવના પરિણામ અહીં લેવાના છે. જીવના પરિણામ પોતાના પરિણામને. એટલે કર્મનું પરિણામ જે રાગ-દ્વેષરૂપી પર્યાય થઈ તે '**અને પોતાના પરિણામના ફળને...**' એટલે જે હરખ-શોકના થયા તે. તેને પુદ્‌ગલ નહિ જાણતું. આહા..હા..!

**'એવું પુદ્‌ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...'** પરદ્રવ્યના પરિણામમાં એટલે? જીવના નિર્દોષ જ્ઞાતા-દ્દષ્ટાના પરિણામને અંતર્વ્યાપક થઈને. આહા..હા..! પરદ્રવ્યના પરિણામ સમજાણું? પુદ્‌ગલની અપેક્ષાએ જીવના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે જ્ઞાતાના પરિણામ એ પરદ્રવ્ય પરિણામ છે. આહા..હા..! **'પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...'** એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન આદિના પરિણામ એટલે જ્ઞાતા-દ્દષ્ટાના પરિણામમાં પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી,...'** આહા..હા..! પુદ્‌ગલના જે રાગ પરિણામ અને હરખ-શોકના પરિણામ એ જીવના પરિણામને ગ્રહતું નથી. આહા..હા..! જીવના પરિણામને પ્રાપ્ય જે છે એને એ જીવ પ્રાપ્ય કરતું નથી. પોતાના હરખ-શોકને રાગને પ્રાપ્ત કરે છે. જાણતું નથી છતાં તેને પ્રાપ્ત કરે છે. આહા..હા..! આવી વ્યાખ્યા!

પોતાના પરિણામને પ્રાપ્ય કરે છેને. જાણવું હોય તો તો એક ચૈતન્યદ્રવ્ય સિદ્ધ થાય. તો પાંચ દ્રવ્ય સિદ્ધ થાય નહિ. એ જાણતા નથી છતાં તે કાળે તેના તે પરિણામ થાય તે તેનું પ્રાપ્ય છે. આહા..હા..! આ અવસ્થા થાય છે જુઓ આ, એ પરમાણુનું પ્રાપ્ય છે. એ અવસ્થા થવાને કાળે થઈ તેને પરમાણુએ પ્રાપ્ત કરી છે. આહા..હા..! એ પરમાણુ ત્યાં પહોંચી વળ્યા છે. આત્માનો વિકલ્પ અને જ્ઞાન એ પહોંચી વળ્યું નથી ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? મડદાને થાય છે. એનું પરિણમન જડનું નથી થાતું? આહા..હા..! .. થઈ જાય, સોજો થઈ જાય. અરે..! આમ થઈ જાય. જુવાન હોયને.

અમે તો ઘરમાં જોયું હતું તે દી. (સંવત) ૧૯૫૭ની સાલની વાત છે. અમારાથી મોટા ભાઈ હતા સૌથી. ખુશાલભાઈથી મોટા ભાઈ હતા. એ ૫૭માં કાળ કરી ગયા. ૫૭. ૧૧ વર્ષની ઉંમર અમારી. સાંજના કાળે. જુવાન અવસ્થા નાની ઉંમર ૨૮ વર્ષની. એક જ છોકરો હતો. મુંબઈનું પાણી લાગેલું. મુંબઈમાં નોકરી હતી .. પછી ગુજરી ગયા સાંજના. અમને ખબર નાની ઉંમરમાં. કોષ મૂકે માથે. કોષ સમજો છો લોઢાની? શું કહેવાય એ? આ લોઢાની કોષ નથી સમજતા? આ ખોદે. કોદાળી નહિ, કોષ. આ લોઢાની આવી હોય છેને? ખાંડે એ નહિ. કોષ હોય છે લોઢાની મોટી. આમ મૂકી હતી અમને ખબર છે. આમ મૂકી હતી. છોકરાઓને કહે, વયા જાવ અહીંથી. ૫૭ની વાત છે. મામાને ઘરે જાવ. મામાના ઘરે વયા જાવ. ત્યાં સૂજો. અહીં આવશો નહિ. કારણ કે સાંજે ગુજરી ગયા એટલે સવારે કાઢવાના હોય. આખી રાત મડદાને રાખ્યું. કોષ મૂકી એટલે ઊભું ન થાય. સમજો છો કે નહિ? શેઠ! આ લોઢાની કોષ નથી હોતી? લોઢાની કોષ વજનવાળી તોલવાળી. દશશેર અધમણની મોટી હોય છે કોષ. નહિતર એ મડદું આમ થઈ જાય. પણ એ મૂકી ત્યારે નહોતી થવાની માટે એમ નથી થયું. કોષ મૂકી માટે નથી થયું એમ નહિ. આવી વાતું, બાપુ! વીતરાગ માર્ગ એવો છે. સર્વજ્ઞનો પંથ. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે એના વિના કોઈ બાહ્ય ન સ્હાશે.' એવો ભગવાનનો માર્ગ છે

એનું શરણ લે, ભાઈ! આહા..હા..!

કહે છે કે પુદ્ગલના પરિણામ એવા જે આ શરીરની અવસ્થા અને પુદ્ગલના પરિણામ એવા રાગના પરિણામ અને પુદ્ગલનું ફળ એવું કર્મફળ સુખદુઃખના ભાવ, એને પુદ્ગલ જાણતું નથી. છે? એની આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલ પોતે અંતર્વ્યાપક થઈને આત્માના જ્ઞાતાદષ્ટાના પરિણામને ગ્રહતું નથી. આહા..હા..! શરીરની અવસ્થા અને રાગની અવસ્થા થઈ કે હરખ-શોકના પરિણામ થયા એ વીતરાગ પરિણામને ગ્રહતું નથી એટલે આત્માના જે જાણવાના-દેખવાના પરિણામને એ પરિણામ પકડતું નથી, તે રૂપે પરિણમતું નથી. આહા..હા..! રાગ અને હરખ-શોકના પરિણામ આત્માના જ્ઞાનપણે-જ્ઞાતાપણે પરિણમતા નથી, તે રૂપે ઊપજતું નથી. આહા..હા..! શું વાત મૂકી છેને ટૂંકામાં. આહા..હા..! ગજબ વાતું છે!!

'**પરંતુ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ (કર્તાનું કાર્ય),...**' રાગાદિ અને હરખ-શોકના પરિણામ. આહા..હા..! '**તેનામાં (તે પુદ્ગલદ્રવ્ય) પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને જ ગ્રહે છે,...**' પોતાના હરખ-શોકના પરિણામને એ પુદ્ગલ ગ્રહે છે. ફળની વાત છેને આ? એટલે ત્રણેની. '**તે-રૂપે જે પરિણમે છે...**' રાગ અને હરખ શોકના પરિણામપણે પુદ્ગલ પરિણમે છે. '**તે-રૂપે ઊપજે છે; માટે જીવના પરિણામને, પોતાના...**' એટલે પુદ્ગલના, રાગના પરિણામને '**પોતાના પરિણામના ફળને...**' હરખ-શોકને '**નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામ...**' આહા..હા..! પરદ્રવ્યપરિણામ એટલે જ્ઞાતાના પરિણામ જાણવા-દેખવાના તે. આહા..હા..! શુદ્ધ પરિણામ. સમજાણું કાંઈ?

'**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતું હોવાથી,...**' આહા..હા..! એટલે કે પુદ્ગલના પરિણામ જીવના પરિણામને નહિ કરતું હોવાથી '**તે પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.**' એટલે જીવના વીતરાગી પરિણામ કર્મ અને રાગાદિ પરિણામ તેનો કર્તા એમ છે નહિ. આહા..હા..! શું કહ્યું એ? એ વખતે રાગને હરખશોકને બરાબર જાણવાના પરિણામ થયા, એ પુદ્ગલથી પરદ્રવ્યપરિણામ છે. એ પરદ્રવ્યપરિણામને પોતે રાગથી અને હરખ-શોકથી તેને પકડતું નથી, તે-પણે ઊપજતું નથી, તે-પણે પરિણમતું નથી એવું પુદ્ગલદ્રવ્યપરિણામ. આહા..હા..! એ પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ. પરદ્રવ્યપરિણામસ્વરૂપ એટલે વીતરાગી જ્ઞાતાદષ્ટાના શુદ્ધ પરિણામ, તેને નહિ કરતું હોવાથી પુદ્ગલ રાગ અને હરખ-શોકના પરિણામ તેને નહિ કરતું હોવાથી. આહા..હા..! એ જ્ઞાતાના પરિણામ થયા અને તેથી ત્યાં રાગ અને હરખ-શોકના પણ પરિણામ અહીં થયા જાણવાના હોં! તેથી રાગ અને હરખ-શોકના પરિણામ, તે જ્ઞાતાના પરિણામના કર્તા અને જ્ઞાતાના પરિણામ એનું કર્મ એમ નથી. સમજાણું કાંઈ? આવી ભાષા!

વ્યવહારરત્નત્રય નિશ્ચય જ્ઞાતા પરિણામના કર્તા નહિ. વ્યવહારરત્નત્રય પુદ્‌ગલના પરિણામ. તે પરિણામ પોતાને જાણે નહિ અને અહીં જ્ઞાતાદષ્ટાના પરિણામને જાણે નહિ, પોતાના ફળને જાણે નહિ. છતાં તે પરિણામને, તે પરિણામ વખતે જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ થયા માટે જ્ઞાતા-દૃષ્ટાનું પરિણામ તે કાર્ય અને રાગાદિ તેનો કર્તા એમ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ક્યાં છે? એ વાત જ એ છેને. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા એ વાત સહચર દેખીને ત્યાં આરોપથી કથન છે. એ જે નિયમસાર મોક્ષમાર્ગનો જે અધ્યાય નિશ્ચય-વ્યવહારાભાસનું કથન (હોય) ત્યાં સર્વત્ર આ પ્રમાણે લેવું. એટલે કે નિશ્ચયસમ્યગ્દર્શન પોતાને આશ્રયે થયું તે કાળે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ સમકિત નથી, એ સમકિતની પર્યાય નથી, પણ સહચર દેખીને તેને સમકિત કહ્યું. છે બંધનું કારણ, પણ સમકિત કહીને ઉપચારથી નિરૂપણ-કથન છે. આહા..હા..! એમ ભગવાન આત્મા પોતાના અભેદરત્નત્રયને આરાધે છે, તે કાળે ભેદરત્નત્રયનો વિકલ્પ સાથે છે તેથી આરાધે છે તેનો આરોપ કરીને એને આરાધે છે એમ કહેવામાં આવ્યું છે. એ ભેદાભેદ... આહા..હા..! અને ભેદાભેદરત્નત્રયના આરાધક જીવો એને ગૃહસ્થ આહાર-પાણી આપે છે, એવું લખાણ છે દ્રવ્યસંગ્રહમાં. સમજાણું? જે આહાર-પાણી લેવાને કાળે જે ભેદાભેદરત્નત્રયનો આરાધક છે, એમ કહ્યું છે ત્યાં. શું કહ્યું સમજાણું?

મુનિ છે ભેદાભેદરત્નત્રયનો આરાધક છે એટલે કે અભેદરત્નત્રયને સેવે છે. તેમાં રાગનો ભાગ આવો આવ્યો તેને આરોપથી ભેદરત્નત્રય કહ્યા. એને આરાધે. એને આ ગૃહસ્થ આહાર-પાણી આપે છે. એને પુણ્ય બંધાય છે એમ કહ્યું છે. આહાર વખતે ભેદાભેદરત્નત્રયનો આરાધક છે એમ અહીં સિદ્ધ કરવું છે. ભાઈ! દ્રવ્યસંગ્રહમાં છે. બધે ઘણે ઠેકાણે છે. આહાર-પાણી. મહામુનિ સંત ચાલ્યા આવે છે. અભેદ અંતર આનંદની રમતમાં રમે છે અને એમાં વિકલ્પ છે જરી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, રાગનો આદિ એને અહીંયાં આરાધક કહ્યો. આરાધે છે તો ઓલાને, પણ સહચર દેખીને આરાધક કહ્યો; અને એવા ભેદાભેદરત્નત્રયના સાધકજીવને ગૃહસ્થ આહાર-પાણી આપે છે, એવો પાઠ છે.

અહીં તો મારે બીજું કહેવું છે પાછું એમાં કે એ આહાર-પાણી દેવા વખતે પણ અભેદ રત્નત્રય છે એને. કોઈ એમ કહે કે આહાર-પાણી લેવા આવ્યો માટે એકલો વ્યવહાર છે એમ નથી. સમજાણું કાંઈ આમાં? ભેદાભેદરત્નત્રયનો આરાધક કહ્યો છે. આપણે આમાં આવી ગયું પરમાત્મપ્રકાશમાં. સવારમાં આવ્યું હતું. આહા..હા..! અહીંયાં તો ભેદ છે રાગ એ તો પુદ્‌ગલનું કાર્ય છે અને પુદ્‌ગલનું પરિણામ છે, એને આત્મા કેમ આરાધે? આહા..હા..! કહો, વળી અહીં કહ્યું, એ તો અભેદ ચૈતન્યના આશ્રયના અનુભવના વેદનમાં છે, તે કાળે ઓલો રાગ છે એને વ્યવહારનો આરોપ કરીને આરાધે છે એમ કહ્યું. આરાધે તો એક જ તે આ,

પણ બીજી ચીજને આરાધનનો આરોપ આપીને કહ્યું. આરાધતો નથી એને, પણ આરાધન અહીં છે એનો આરોપ કરીને એનું આરાધન કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં ૨૫૩ પાને. બહુ સરસ. ઘણી વાત (સ્પષ્ટ કરી). ઓહોહો..! નિશ્ચય અને વ્યવહારનો સારો ઉકેલ કરી નાખ્યો છે. ટોડરમલ. એને ઓલા લોકો કહે, ભાંગ પીને અધ્યાત્મની વાતું કરતાં હતા. અધ્યાત્મની ભાંગ પીને ગાંડપણા કરતાં. અરે પ્રભુ! આહા..હા..! પણ બિચારા શું કરે? એણે તો આમ કહ્યું ચોખ્ખું કે ભાઈ! મોક્ષમાર્ગ બે નથી. એમ આરાધકપણું બે નથી. આહા..હા..! બેનું કથન છે. એમ સાધકપણું બે નથી, સાધકપણાનું બેનું કથન છે. નિશ્ચય જે અનુભવનું સાધન કરે છે તે કાળે રાગની મંદતાનું સહચર દેખીને એને મોક્ષમાર્ગ કહ્યો અને સાધક કહ્યો, એને આરાધક કહ્યો. આહા..હા..! આવી વાતું છે. ભગવાનના માર્ગની તો આ રીત છે, પ્રભુ! આહા..હા..! અમરચંદભાઈ!

**'પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.'** એટલે કે પુદ્ગલદ્રવ્યના પરિણામ રાગ અને હરખ-શોકના પરિણામ એને એ પોતે જાણતું નથી, તેમ અહીં જ્ઞાનાનંદના પરિણામ એ રાગ જાણતું નથી; છતાં રાગાદિના પરિણામ જ્ઞાનાનંદના પરિણામને પ્રાપ્ત કરીને ગ્રહતું નથી, એને એ રૂપે પરિણમતું નથી, એ રૂપે થતું નથી. આહા..હા..! માટે જીવની સાથે આવા પરિણામનું જાણપણું એને છે અને આને જાણપણું નથી માટે કર્તાકર્મ થાય એમ નથી. સમજાણું કાંઈ? રાગ કર્તા અને જ્ઞાનાનંદના પરિણામનું કર્તવ્ય એનું એવો કર્તાકર્મસંબંધ છે નહિ. આહા..હા..! ગજબ વાત કરી છેને. અહીં વ્યવહારરત્નત્રય કારણ, નિશ્ચય કાર્ય એમ કહે. શાસ્ત્રમાં પણ એવા આવે લખાણ. જુઓ, જયસેનાચાર્યની ટીકામાં તો બહુ (આવે). એ તો કથન છે શૈલીનું. વીતરાગના વચનો પૂર્વાપરવિરોધરહિત હોય છે. ઓલો તો વિરોધ થઈ જાય. એક કોર એમ કહે કે રાગના પરિણામ જીવના પરિણામને કરે નહિ, મોક્ષના માર્ગના જ્ઞાનાનંદ પરિણામને કરે નહિ. બીજી રીતે કહે કે રાગ અહીં આત્માના નિશ્ચયમાર્ગને કરે. આહા..હા..! વિરોધ થઈ ગયો. આહા..હા..! એ ગાથા પૂરી થઈ. નહિ? ભાવાર્થ લેશે પછી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૪, રવિવાર, તા. ૨૫-૦૭-૧૯૭૬, ગાથા-૭૯, કળશ-૫૦, પ્રવચન નં. ૧૩૬

સમયસાર, ૭૯ ગાથાનો ભાવાર્થ. 'કોઈ એમ જાણે કે પુદ્ગલ કે જે જડ છે...'

એટલે? જે આત્મામાં રાગભાવ થાય છે રાગ, વ્યવહારશ્રદ્ધાનો રાગાદિ એ રાગને અહીં જડ કહ્યો છે. એ પુદ્‌ગલ કે જે જડ છે, એ રાગ છે એ જડ છે. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામનો ભાવ કે શાસ્ત્રને ભણવાનો વિકલ્પ એ બધો જડ છે, ચૈતન્ય નહિ. આહા..હા..! એ '**જે જડ છે અને કોઈને જાણતું નથી...**' રાગ છે એ રાગને જાણતું નથી અને રાગ છે એ આત્માને જાણતો નથી. '**તેને જીવની સાથે કર્તાકર્મપણું હશે.**' પ્રશ્ન છે કે એ રાગ જે છે એ કર્તા અને આત્માના જાણવાના પરિણામ ધર્મીએ કર્યા એ પરિણામ એનું—રાગનું કર્મ એમ હશે? આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! રાગ જે છે શુભરાગ એ અચેતન છે. કારણ કે જાણવાની શક્તિ એનામાં નથી. આહા..હા..! એવો જે વ્યવહારનો રાગ એ રાગ કર્તા અને આત્માના જાણવાની પર્યાય જીવે કરી એ રાગનું કાર્ય—કર્મ એમ હશે? કહે છે, એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**પરંતુ એમ પણ નથી. પુદ્‌ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી,...**' એટલે કે રાગનો ભાવ જીવની સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાયને ઉત્પન્ન કરી શકતું નથી. સમજાય છે કાંઈ? જે વ્યવહારરત્નત્રયનો રાગ (છે) એ જડ છે, એ ચૈતન્યની સમ્યગ્દર્શનની પર્યાયને ઉત્પન્ન કરી શકતું નથી. સમજાય છે કાંઈ? રાગને જ્ઞાન નથી માટે કર્તાકર્મ થઈ જાય તો શું વાંધો છે? એમ કહે છે. આહા..હા..! આત્મા તો જ્ઞાની છે અને જ્ઞાન છે માટે કદાચિત્ જ્ઞાનની પર્યાય કર્તા અને રાગ એનું કર્મ એમ ભલે ન હોય, પણ જડ જાણતું નથી એને આમ સંબંધ છે કે નહિ કહેવું? આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ જે શુભોપયોગ એ કર્તા (અને) અહીંયાં ધર્મીના પરિણામ જે થયા પોતાને આશ્રયે, સ્વને જાણવાના અને રાગને જાણવાના, એ પરિણામમાં રાગનું કર્તૃત્વ અને પરિણામ કાર્ય એમ નથી. ઝીણી વાત બહુ, બાપુ! એને પહોંચી વળવું અંતરમાં... આહા..હા..!

'**પુદ્‌ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી,...**' ઓહોહો..! એ રાગ જે ભાવ છે શુભ વિકલ્પ એ આત્માની નિર્મળ પર્યાયને, જીવને એટલે નિર્મળ પર્યાયને. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર જે આત્માના વીતરાગી પરિણામ એ રાગ એને ઉત્પન્ન કરી શકતું નથી. સમજાય છે ભાષા? થોડી-થોડી. આહા..હા..! આવો માર્ગ છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોખ્ખો જ છે આ. આહા..હા..!

જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનું જેને ભાન થયું, એના ભાનમાં તો જ્ઞાનના, શ્રદ્ધાના, શાંતિના, વીતરાગી પરિણામ એનું કાર્ય અને આત્મા એનો કર્તા. આહા..હા..! પણ રાગપરિણામ તે કર્મ અને જ્ઞાનના પરિણામ તેના કર્તા એમ તો નથી, પણ રાગપરિણામ કર્તા અને અહીંયાં સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય જીવે પોતે પોતાથી જાણવાના પરિણામમાં આદિ-મધ્ય અને અંતમાં પ્રભુ પોતે છે એવા જે જાણવાના પરિણામ જ્ઞાતા-દષ્ટાના ધર્મીના, એ પરિણામને રાગ ઉત્પન્ન

કરી શકતું નથી. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય એનું જ્યાં અંતર ભાન થયું કે હું તો જ્ઞાન જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવથી ભરેલો છું. એવું ભાન થતાં તેના પરિણમનમાં—તેની પર્યાયમાં જાણવા-દેખવાના પરિણામ થાય. એમાં પરસંબંધી જાણે અને સ્વને જાણે એવું જે જાણવાનું કાર્ય તે આત્માનું કર્મ અને આત્મા તેનો કર્તા; પણ આત્મા જ્ઞાન કરે, સમ્યગ્દર્શન કરે એમાં રાગની ઉત્પત્તિને લઈને, રાગને લઈને જ્ઞાન, સમ્યગ્દર્શન થાય કે એણે જે જાણવાની પર્યાય ઉત્પન્ન કરી ધર્મીએ એને રાગ ઉત્પન્ન કરે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શેઠ! પકડાય છે કે નહિ? શેઠિયાઓને તૈયાર થાવું પડશેને બધાને. આહા..હા..! પોતાને માટે છેને. આહા..હા..! માર્ગ તો જુઓ, આવો માર્ગ! જે વ્યવહારનો શુભોપયોગ એ જ્ઞાનની, સમ્યગ્દર્શનની પર્યાય આત્માએ પોતે ઉત્પન્ન કરી છે એને રાગ ઉત્પન્ન કરે એમ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! શુભ. શુભોપયોગ. એ શુભોપયોગ કર્તા—કારણ થાય અને આત્મા જાણવા-દેખવાની પર્યાયને જે કરે પોતાથી એ પર્યાયને રાગ ઉત્પન્ન કરે એમ છે નહિ. જીવને ઉત્પન્ન કરી શકતું નથી એટલે આનંદની પર્યાય ધર્મની અથવા જ્ઞાનની પર્યાય ભગવાન આત્માએ પોતે પ્રગટ કરી અને ઉત્પન્ન કરી એને રાગ ઉત્પન્ન કરે એમ કોઈ દી બનતું નથી. આહા..હા..!

તેમ '**પરિણમાવી શકતું નથી...**' સમજાણું? '**ઉત્પન્ન કરી શકતું નથી,...**' પાધરું નિર્વર્ત્ય લીધું. '**પરિણમાવી શકતું નથી...**' તે વિકાર્ય લીધું '**ગ્રહી શકતું નથી...**' તે પ્રાપ્ય લીધું. બહુ ટૂંકા શબ્દમાં છેને. ભગવાન આત્મા પોતાની ચૈતન્ય શક્તિસ્વરૂપ ભગવાન એવું જ્યાં અંતરમાં ધર્મીને—જ્ઞાનીને ભાન થયું, એ ભાનના પરિણામમાં આદિ-મધ્ય અને અંત તો આત્મા છે. એની આદિમાં રાગની મંદતા હતી તેથી આ થયું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એની આદિમાં નથી. એની આદિમાં રાગ છે ત્યાં આની આદિમાં છે. રાગની આદિમાં તો પુદ્‌ગલ છે. આહા..હા..! રાગના આદિ-મધ્ય અને અંતમાં તો પુદ્‌ગલ છે. રાગની આદિમાં ભગવાન આત્મા નથી. આહા..હા..! કેમકે એના સ્વભાવની દરેક શક્તિઓ નિર્મળ છે તો નિર્મળની ઉત્પત્તિમાં એની આદિ-મધ્ય અને અંતમાં આત્મા ખરો, પણ એ મલિન પરિણામની આદિમાં આત્મા નહિ, તેમ મલિન પરિણામ આત્માની નિર્મળ ધર્મીની પોતાના સ્વપરપ્રકાશને પ્રગટ કરતો ધર્મી એવી પર્યાયનો રાગ ઉત્પન્ન કરનારો નહિ, પરિણમાવનારો નહિ, આહા..હા..! તેમ તેને ગ્રહનારો નહિ. રાગ તે આત્માની નિર્મળ પર્યાયને ગ્રહે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મની વાત છે, બાપુ! આ કાંઈ બહારની ચર્ચા-વાર્તાએ પાર પડે એવું નથી. વાદવિવાદે આ કાંઈ પાર પડે એવું નથી.

ભગવાન આત્મા અનંત-અનંત જ્ઞાન, આનંદ, શાંતિનો સાગર પ્રભુ, એની દૃષ્ટિ અને એનો આશ્રય થતાં નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિના પરિણામને આત્મા ઉત્પન્ન કરે, એ નિર્મળ પરિણામ મોક્ષનો માર્ગ. એની આદિ-મધ્ય-અંતમાં આત્મા છે, પણ એની આદિ-મધ્ય-અંતમાં

રાગ છે એમ નથી. આહા..હા..! અમરચંદભાઈ! આવી વાત છે. આહા..હા..! આ તો પોતે સમજીને સમાઈ જવાની વાત છે. આહા..હા..! એ છેને. અંદરમાં. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન ત્યાં જા, તને આનંદની દશા ઉત્પન્ન થશે, સમ્યગ્દર્શન થશે, જ્ઞાન થશે, ચારિત્ર થશે, વીતરાગતા થશે. આહા..હા..! એવી મોક્ષમાર્ગની પર્યાય એની આદિ-મધ્ય-અંતમાં તો પ્રભુ પોતે છે. આહા..હા..! અત્યારે તો એ નથી એમ સિદ્ધ કરવું છેને? સવારની વાત તો બીજી. એ મોક્ષમાર્ગની પર્યાયને પણ આત્મા ઉત્પન્ન કરતો નથી. આ તો પર્યાય.. આહા..હા..! જિનવરદેવનો માર્ગ આ છે, ભાઈ! એટલે કે તારો માર્ગ આ છે. તું જિન તે જિનવર જ છો. જિન અને જિનવરમાં કાંઈ ફેર નથી. આહા..હા..! જિન અને જિનવરમાં કિંચિત્ ફેર ન જાણ. સમયસાર નાટકમાં આવે છે. આહા..હા..! એવું માહાત્મ્ય અને એવી મોટપ!

જેને પર્યાયમાં એવી મોટપ બેઠી એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની ઉત્પત્તિ થાય. એની ઉત્પત્તિમાં રાગની અપેક્ષા નથી. જુઓ, ખુબી શું કરી છે? નિયમસારની બીજી ગાથામાં એમ કહ્યું છે કે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પરમનિરપેક્ષતા છે. આહા..હા..! વાત તો જુઓ કાંઈ, ચારે કોરની એક વાત. એને રાગની મંદતાની અપેક્ષા હતી તો આ થયું એમ છે નહિ. સમજાય છે? બાપુ! આ તો અપૂર્વ વીતરાગમાર્ગની વાતું છે. આ કોઈ પંડિતાઈની વાત નથી. આ તો આત્માને અનુભવ થઈને પંડિતાઈ પ્રગટે એની વાત છે. આહા..હા..! જેનો સંસાર અંત આવ્યો.. આહા..હા..! જેને સંસાર ને સંસારનો ભાવ નથી એવી ચીજને દૃષ્ટિમાં, અનુભવમાં લેતા ધર્મીને જ્ઞાન, દર્શન અને આનંદના પરિણામ થાય. અહીં જ્ઞાનની વાત લીધી છે. એ જ્ઞાનની પર્યાયની ઉત્પત્તિમાં-મોક્ષમાર્ગની પર્યાયની ઉત્પત્તિમાં આદિ-મધ્ય અને અંત દ્રવ્ય—વસ્તુ પોતે આત્મા છે. એ રાગ જાણતું નથી માટે તે રાગ આદિમાં થઈને આત્માના સમકિતની પર્યાયને ઉત્પન્ન કરે એવું છે નહિ. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! આ લોકો કહે છેને વ્યવહારથી થાય... વ્યવહારથી થાય. બાપુ! એમ નથી. એ ત્યાં કહ્યું છે એ તો નિમિત્તના કથનો છે વ્યવહારથી. આહા..હા..! અહીં કહે છે જ્ઞાન, ત્યાં કહે છે .. થઈ જાય. વીતરાગના વચનો પૂર્વાપર વિરોધરહિત હોય. આહા..હા..!

'**પુદ્ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી,...**' એટલે? રાગ જે શુભભાવ છે તે આત્માના મોક્ષમાર્ગની પર્યાયને ઉત્પન્ન કરી શકતું નથી. આહા..હા..!

**શ્રોતા** :- રાગ-અંધકાર પ્રકાશને શું કરે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અંધકાર શું કરે? અંધકાર જડ છેને. જડ કીધોને. ૭૨માં કીધુંને. રાગ છે તે જડ છે. અશુચિ છે, જડ છે. કેમકે એ પોતે જાણતો નથી રાગ. વ્યવહારરત્નત્રયનો રાગ પણ અંધકાર છે. એ જાણતો નથી, એનામાં જાણવાની શક્તિ નથી. આહા..હા..! એથી તેને અચેતન અને જડ કહીએ છીએ. જુઓ, આ વીતરાગની વાણી. આહા..હા..!

**શ્રોતા** :- રાગાદિ ભાવ અંધકાર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંધકાર.

**શ્રોતા :-** ચિદ્‌વિકાર કહો છોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચિદ્‌વિકાર છે એ અંધકાર. જ્ઞાનનો વિકાર એટલે અંધકાર. આહા..હા..!

અહીંયાં તો એ સિદ્ધ કરવું છે, ૭૯ ગાથા છેને, કે રાગ જે પુદ્‌ગલ છે એ પુદ્‌ગલના જ પરિણામ છે, જીવના નહિ. જીવના પરિણામ તો જ્ઞાતા-દૃષ્ટા-આનંદના પરિણામ એ જીવના હોય અને જીવે એવા પરિણામ ઉત્પન્ન કર્યા એની આદિમાં ભગવાન પોતે છે, એની આદિમાં રાગ નહિ. આહા..હા..! એ જ વાત બીજી ગાથામાં કહી નિયમસારમાં. ભગવાન આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ જે થાય એ પરમનિરપેક્ષ છે. આહા..હા..! શું એની શૈલી! એને વ્યવહારના રત્નત્રયની અપેક્ષાની જરૂર નથી. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ માટે તો આ છંછેડાય છે. આહા..હા..!

અંધકારથી પ્રકાશ થાય? અને પ્રકાશથી અંધકારને ઉત્પન્ન કરે? આહા..હા..! જાત જ જુદી છે. ભગવાન આત્મા ચૈતન્યની નિર્મળ પર્યાયને ઉત્પન્ન કરે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને એ ઉત્પન્ન કરે એની આદિમાં પોતે પ્રભુ છે, એની આદિમાં રાગ નહિ. રાગ છે એની આદિમાં પુદ્‌ગલ છે. રાગની આદિમાં આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી તેને જીવ સાથે કર્તાકર્મપણું નથી.'** એ શું કહ્યું? કે શુભોપયોગ જે રાગ છે એ અહીં શુદ્ધોપયોગને ઉત્પન્ન કરે એવું નથી. આહા..હા..! કેમકે રાગની આદિમાં પુદ્‌ગલ છે અને રાગને જાણવાની ધર્મીની જ્ઞાનની પર્યાયમાં આદિમાં આત્મા છે. એની આદિમાં રાગ છે માટે અહીં શુદ્ધોપયોગ છે, માટે અહીં શુદ્ધોપયોગની ઉત્પત્તિ એણે કરી એમ નથી. કહો, આ તો સમજાય છે કે નહિ, જયંતિભાઈ? આવો માર્ગ છે, ભાઈ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનાથી નથી. એક આત્માના. આહા..હા..! કહે છેને શાંતિલાલ. આમ થાય છે શુભરાગથી સમકિત થાય છે. આહા..હા..! એ તો વ્યવહારના કથનો છે. સમ્યક્ થવા પહેલાં આવા પરિણામ હોય. અનિવૃત્તિકરણ આવે છેને, અધઃકરણ ને એ, પણ એ પરિણામથી અહીં થાય (એમ નથી). આહા..હા..! કાંતિ છે. કાંતિલાલ નથી મુંબઈ? કાંતિભાઈ. શાંતિ હશે. ઘણો કાગળ મોટો મોકલ્યો છે. અરે ભાઈ! શું થાય? આહા..!

આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામમાં ભગવાન આદિ છે, તેને લઈને તે થાય છે. રાગની મંદતા સાથે છે તેથી સહચર દેખીને તેને વ્યવહાર કહ્યો—વ્યવહારસમકિત કહ્યું. રાગ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના વિકલ્પને, નિશ્ચયસમ્યગ્દર્શનની સાથે સહચર નિમિત્ત ઉપચારથી વ્યવહાર કરીને કહ્યું, પણ એ વસ્તુ નથી. આહા..હા..! એ વસ્તુ તો વિપરીત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો આવી ગયું હતું સવારમાં કાલે, નહિ? ભેદાભેદરત્નત્રયનો

આરાધક. 'ભેદાભેદરત્નત્રયની ભાવનાવાળો' એમ જીવને કહ્યો. ભાઈ! એ કઈ અપેક્ષાએ કહ્યું છે? આહા..હા..! અભેદરત્નત્રયના પરિણામનો કરનારો, સેવનારો, આરાધક ખરો; પણ જોડે જે રાગ આવે છે એને આ આરાધક સ્વભાવનો છે એની જોડે રાગને એ જાતની મંદતાના સહચર ભાવને નિમિત્ત તરીકે દેખી ઉપચારથી વ્યવહાર કહ્યો કે એ સમકિત છે, વસ્તુ એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે ત્યાં એમ આવ્યું કે ભેદાભેદરત્નત્રયનો આરાધક. અહીં એમ આવ્યું કે વ્યવહાર રાગ છે એ અભેદને ઉત્પન્ન કરતું નથી, એ તો વિઘ્ન છે, પુદ્ગલ. આહા..હા..! સમજાણું કાંઈ? દેવીલાલજી! આહા..હા..! દિવ્યશક્તિનો ભગવાન ભંડાર એ પોતાની પરિણતિમાં બીજાનો આધાર કેમ રાખે? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પરિણતિમાં શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણામ છે શુભ એનો અભાવ થઈ ગયો.

સમ્યગ્દર્શનની પર્યાયની ઉત્પત્તિમાં ભગવાન આદિ છે, એ કરણના પરિણામ નહિ કહે છે. એય પંડિતજી! ગોમ્મટસારમાં એમ કીધું એને પાંચ લબ્ધિથી થાય, લ્યો. કઈ અપેક્ષા છે? આહા..હા..! એ તો પૂર્વે હતું એટલું જ્ઞાન કરાવ્યું છે, પણ એનાથી થાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કરણલબ્ધિ... જીનસંજ્ઞા કહી છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જિનસંજ્ઞા કહે એ તો.. એ આત્માનો આશ્રય લીધો છે શુદ્ધ માટે એને કહ્યું છે. આત્માનો આશ્રય શુદ્ધાત્માભિમુખ પરિણામ એમ લખ્યું. સમજાણું કાંઈ? એથી એટલા પરિણામને અરાગપણું કહ્યું, પણ એ અરાગપણાની ઉત્પત્તિમાં આત્મા આદ્ય છે. આહા..હા..! બહુ લખે છે એ કાંતિલાલ. અને લોકોને જ્યાં વાંચવા જાય તો સારું લાગે. ઓહોહો..! ભાઈ! એમ નથી.

**શ્રોતા :-** વિદ્વાન છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિદ્વાન એ બાપુ શું કરે? આપણે કોઈનો અનાદર કરવો આપણે કાંઈ કામ નથી. વસ્તુસ્થિતિ છે એમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો આ કહ્યું. વ્યવહારરત્નત્રયનો રાગ એનાથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ રાગથી નથી એમ કહ્યું. સમ્યગ્દર્શનની ઉત્પત્તિની આદ્યમાં તો પ્રભુ, દ્રવ્ય છે. આહા..હા..! આવી વાત છે. અરેરે..! એને સાંભળવા મળે નહિ, તે કેદી પ્રયત્ન અને પ્રયોગ કેદી કરે? આહા..હા..! રાજી થઈ જાય. ભગવાનને નામે દાન કરો, મંદિર કરો, રથયાત્રા કાઢો, તમારું કલ્યાણ થશે.

શાસ્ત્ર છપાવો, સોંઘા આપો. તમારે શું છે અહીં? એ છે. આહા..હા..! એ બધો વિકલ્પ છે, ભાઈ! આહા..હા..! શ્રવણ કરવામાં પણ વિકલ્પ છે, એ વિકલ્પની આદિમાં તો પુદ્ગલ છે. ગજબ વાતું છેને, નાથ! તારી બલિહારી નાથ! તું કોણ છો? વીતરાગ સ્વભાવે ભરેલો પ્રભુ તું છો. એને વીતરાગપણાની ઉત્પત્તિ માટે પરની અપેક્ષા ન હોય. આહા..હા..! જેની

ખાણમાં જ વીતરાગતા ભરી છે, એનો આશ્રય લઈને જે વીતરાગી પર્યાય, મોક્ષમાર્ગ એટલે વીતરાગી પર્યાય. આહા..હા..! ઓલા એમ કહે, ચોથા ગુણસ્થાને સરાગ સમકિતી હોય, વીતરાગ ન હોય. એય ચેતનજી! અરે..! ભગવાન! આ તો આહા..હા..!

અહીં તો કહે છે, વીતરાગસ્વરૂપે ભગવાન છે એનો આશ્રય લઈને સમકિત થાય એ તો વીતરાગી પર્યાય જ છે. આહા..હા..! ચોથે ગુણસ્થાને; અને એ વીતરાગી પર્યાયની ઉત્પત્તિમાં ભગવાન આદિમાં છે. રાગની મંદતા (હતી) એટલે આ થયું અને એનાથી થયું એવું કર્તાકર્મ છે નહિ. આહા..હા..! ગજબ કામ કર્યું છેને! ઓહોહો..! સત્યના ઢંઢેરા પીટ્યા છે. એવો સત્ય પ્રભુ છોને ભાઈ! અકષાયસ્વરૂપ જ તારું છે. એમાં અકષાયસ્વરૂપના પરિણામ થાય એ તો તારા તારે કારણે થાય. રાગ મંદ છે માટે આ અકષાયપરિણામ થયા, પ્રભુ! એમ નથી. આહા..હા..! પંડિતજી! આવી વાત છે... આહા..હા..!

'**પરમાર્થે કોઈપણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી.**' એ રાગ પણ અન્યદ્રવ્ય છે, એમ કહે છે. આહા..હા..! અને નિર્મળ પરિણતિ તે સ્વદ્રવ્યની છે, સ્વદ્રવ્ય છે. આહા..હા..! એટલે રાગની દશા એ નિર્મળદશાને ઉત્પન્ન કરે એવો કર્તાકર્મસંબંધ છે નહિ. આહા..હા..! કહો, આ તો સમજાય એવી વાત છે. જરી ભાવ ભલે ઝીણા છે પણ એના શબ્દની સીધી શૈલી ઘણી સરળ છે. આહા..હા..!

'**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**'

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्
व्याप्तृव्याप्यत्वमन्तःकलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्
विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५०।।

આહા..હા..! અમૃત ભર્યા છે કળશમાં!

'**શ્લોકાર્થ :- જ્ઞાની તો...**' જ્ઞાની એટલે ધર્મી સમ્યગ્દૃષ્ટિ એ ધર્મી. જેને ધર્મનું ભાન થયું છે અને ધર્મની દશા વીતરાગી પ્રગટી છે એને અહીંયાં ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..! એ '**જ્ઞાની તો...**' '**इमां**' '**પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે...**' જ્ઞાની—ધર્મી પોતાની પરિણતિ શબ્દ ભલે વાપર્યો, પણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતો, સમજાણું? અને કર્મના પણ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતો. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી એને કહીએ કે જે પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે.

'**અને પુદ્ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે;...**' આહા..હા..! આત્મા પોતાના જ્ઞાતાના પરિણામમાં સ્વને જાણતા અને પરને જાણતા એવી પરિણતિએ પરિણમે. આહા..હા..! ધર્મી તે જાણપણાપણે પરિણમે. ધર્મી તે જાણપણારૂપે સ્વ અને પરના જાણપણારૂપે પ્રવર્તે. આહા..હા..! અને પુદ્ગલ એટલે રાગાદિ ભાવ એ '**પોતાની**

**અને પરની પરિણતિને નહિ જાણતું...'** રાગ રાગને જાણે નહિ-પોતાને, રાગ અહીં આત્માની પરિણતિને જાણે નહિ-પરને. સમજાણું કાંઈ? **'પુદ્‌ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે;...'** પરિણતિ શબ્દ વાપર્યો છે માટે પર્યાયને જાણતું પ્રવર્તે છે એમ ન લેવું. દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આહા..હા..! જાણનારો ભગવાન પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવને અને દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતું અને પરદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતું પ્રવર્તે છે. પરને કરતું પ્રવર્તે છે એમ નહિ, એમ પરથી કરાતું છે માટે પ્રવર્તે છે એમ નહિ. શું કીધું એ? રાગમાં પ્રવર્તતું નથી, પણ રાગ આને જ્ઞાનમાં પ્રવર્તાવે છે જ્ઞાનની અવસ્થાને, એમ પણ નથી. સમજાણું કાંઈ? એ તો સ્વને-પરને જાણવાની દશામાં પરિણમે છે અને પુદ્‌ગલ રાગ છે એ સ્વને-પરને નહિ જાણવામાં પ્રવર્તે છે. આહા..હા..!

**'नित्यम् अत्यन्त-भेदात्' 'આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી...'** રાગને અને ચૈતન્યના પરિણામ નિર્મળને **'અત્યંત ભેદ હોવાથી (બંને ભિન્ન દ્રવ્યો હોવાથી),...'** આહા..હા..! રાગને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા, પછી ટૂંકુ કરીને એને પુદ્‌ગલ કહ્યું હતું રાગને. આહા..હા..! એ રાગ પુદ્‌ગલદ્રવ્યને અને આત્માને જાણતું આત્મા-આત્માપણે પરિણમે અને પુદ્‌ગલદ્રવ્ય એને અને આત્માને ન જાણતું પર્યાયે પ્રવર્તે છે જડ છે એટલે. આહા..હા..! **'તે બન્ને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે.' 'कलयितुम्'** થવાને—અનુભવવાને અસમર્થ છે. આહા..હા..! વ્યાપ્યવ્યાપક એટલે કે રાગની પર્યાય તે વ્યાપક અને જ્ઞાનની પર્યાય તે વ્યાપ્ય અને જ્ઞાનની પર્યાય તે વ્યાપક અને રાગની પર્યાય તે વ્યાપ્ય એમ નથી. આહા..હા..! આનો અંદર વિચાર કરીને નક્કી કરવું જોઈએ. આહા..હા..! આવા ટાણા ક્યારે મળે? પોતાને માટે છેને અહીં? બીજા માન રાખે, ન રાખે એની સાથે શું છે? આહા..હા..!

ધર્મીજીવ પોતાના જ્ઞાન પરિણામને, આનંદના પરિણામને ઉત્પન્ન કરતો અને જાણતો, રાગાદિને નહિ ઉત્પન્ન કરતો અને જાણતો. અહીંયાં તો રાગ છે એ આત્માની નિર્મળ પર્યાય મોક્ષની એને તો ઉત્પન્ન કરતું નથી, પણ જ્ઞાન સ્વપરને જાણવાનું પરિણમે છે પોતાથી એ રાગને જાણતું પરિણમે છે, એને પણ રાગને કારણે એ જાણવાનું અહીં થયું છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગને અને પોતાને જાણતું જ્ઞાન પ્રવર્તે છે, તેથી તે રાગનું કારણ છે અને કર્તા છે અને જાણવાની પર્યાય, તેને જાણવાની પર્યાય તે એનું કર્મ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ઊંડે-ઊંડે લઈ જાય છે. જ્યાં છો ભગવાન અંતર આત્મા, આહા..હા..! ત્યાં જાને, તને પરિણામ થાશે. આહા..હા..! રાગ છે એ તો દુઃખના પરિણામ, પુદ્‌ગલના પરિણામ. એ આત્માના જ્ઞાન અને આનંદની પરિણતિને, ધર્મીના આનંદની દશાને કેમ કરે ઈ? આહા..હા..! દુઃખ છે તે આનંદની દશાને કેમ કરે? રાગ જે અજાણ તત્ત્વ છે તે જ્ઞાનની પર્યાયને કેમ ઉત્પન્ન કરે? આહા..હા..! વાત કરવી ધર્મની અને

નાખો શુભોપયોગ તે ધર્મ. એમ ચાલે નહિ, ભાઈ! કોઈ ધર્મની વાત નથી એમ કહે છે. અમારે તો ભાઈ પુણ્યની વાત છે એકલી. જે અનાદિથી કરે છે એની વાત છે. જ્યારે જૈનધર્મની વાત કરવી હોય ત્યારે તો એ પ્રભુ રાગની મંદતાને કારણે, શુભ ઉપયોગને કારણે જ્ઞાનની દશા થાય એવું સ્વરૂપમાં નથી. કહો, હીરાભાઈ! આહા..હા..!

જ્ઞાનને જાણવાની સ્વપરપણાની જાણવાની પર્યાય એ રાગને લઈને ક્યાંથી થાય? એ તો પુદ્ગલ છે, પરદ્રવ્ય છે; અને જાણવા-દેખવાની પર્યાય જે ધર્મીને થાય એ તો સ્વદ્રવ્યની દશા સ્વદ્રવ્ય છે. આહા..હા..! પુણ્ય-પાપમાં નથી આવ્યું? દ્રવ્યાંતરનો સહારો નથી, એમ આવે છે. આહા..હા..! બીજા દ્રવ્યાંતરનો—રાગાદિ દ્રવ્યાંતર—અનેરું દ્રવ્ય છે. આહા..હા..! પુણ્ય-પાપના અધિકારમાં આવે છે. આત્માના મોક્ષમાર્ગની પર્યાયમાં અનેરા દ્રવ્યનો કોઈ સહારો નથી. ભગવાન પોતાના સ્વભાવનો જ જેને સહારો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, રતિભાઈ! આવો માર્ગ ભારે, ભાઈ! પૈસાવાળા તો પૈસામાં ઘૂંચાઈ જાયને. વખત પણ મળે નહિ. આહા..હા..! ભાઈ! તારે ટાઈમ લેવો પડશે. તારો કાળ ટાઈમ એટલે સ્વકાળ. આહા..હા..! પોતાના સ્વભાવથી ઉત્પન્ન થયેલા સમ્યગ્દર્શન-જ્ઞાન મોક્ષના માર્ગની પર્યાય એનો કર્તા જીવ અને એનું એ કર્મ છે. પણ તેને જાણતામાં રાગ-વ્યવહાર છે એને જાણે છે એટલા સંબંધથી રાગ કર્તા અને જાણવાની પર્યાય એનું કાર્ય એમ છે નહિ. જ્ઞેય-જ્ઞાયકસંબંધ હોવા છતાં વ્યવહારરત્નત્રય તે જ્ઞેય છે અને આત્મા પોતાની પર્યાયનો જાણનાર એને જાણે છે. એવો જ્ઞેય-જ્ઞાયકનો સંબંધમાત્ર હોવા છતાં તે રાગ તે કર્તા અને જ્ઞાનની નિર્મળ ધર્મની પર્યાય એ કાર્ય એમ નથી. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિ...**' એટલે અવસ્થા. પરિણતિ કીધી છે પણ એનો અર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાય. '**પોતાની અને પરની પરિણતિને જાણતો...**' કર્તાકર્મ છેને એટલે શબ્દ લીધો પરિણતિ. બાકી ધર્મી પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને અને પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવને જાણતો પ્રવર્તે છે અને પરના ઉત્પાદ-વ્યયને જાણતો પ્રવર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરને લઈને જાણતું પ્રવર્તે છે એમ નહિ. પરને જાણતું પ્રવર્તે છે, પણ પરને લઈને જાણતું પ્રવર્તે છે એમ નહિ. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

'**સદા અત્યંત ભેદ હોવાથી...**' ઓહોહો..! રાગને અને નિર્મળ પર્યાયને તો અત્યંત ભેદ છે, તદ્દન જુદાઈ છે. આહા..હા..! ગાથામાં આવે છેને, ભેદ-અભ્યાસથી ચારિત્ર થાય છે. છેલ્લામાં આવે છે નિયમસારમાં. એમ નથી કીધું કે રાગથી થાય છે ત્યાં. રાગના ભેદ અભ્યાસથી અંતરમાં ચારિત્ર થાય છે. આહા..હા..! એ રાગના ભાવથી ચારિત્ર થાય છે એમ નથી. એ અહીં સિદ્ધ કરવું છે અને ત્યાં એમ ભેદ (અભ્યાસથી) ચારિત્ર થાય. પહેલો ભેદ પડ્યો છે સમ્યગ્દર્શનમાં, પછી પણ વિશેષ ભેદ પાડીને ઠરે છે ત્યારે ચારિત્ર થાય છે. રાગથી થાય છે એમ નથી. શશીભાઈ! આવી વાત છે. '**આમ તેમનામાં સદા અત્યંત ભેદ**

**હોવાથી...'** તેમનામાં એટલે? રાગમાં અને રાગનો જાણનાર અને સ્વનો જાણનાર એમાં અત્યંત ભેદ છે. આહા..હા..! એ રાગ છે માટે અહીં જાણે છે એમ નહિ. એ જાણવાની પર્યાયની શરૂઆતમાં તો, પોતાના આદિ-મધ્યમાં પોતે છે. આહા..હા..! ગજબ વાત છે.

**શ્રોતા :-** નિશ્ચયસમ્યગ્દૃષ્ટિની કેવી દશા હોય છે—એ વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ એ વાત કરે છે. એ છે. નિશ્ચયસમ્યગ્દૃષ્ટિની આવી દશા હોય છે. ધર્મી કહો કે નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ કહો. આહા..હા..!

'**તે બન્ને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને...'** અભાવ. જોયું! શું કીધું એ? '**તે બન્ને પરસ્પર...'** જ્ઞાનની પર્યાય અને રાગને કર્તાકર્મ નથી, વ્યાપ્યવ્યાપક નથી. જ્ઞાનની પર્યાય વ્યાપ્ય અને રાગ વ્યાપક એમ નથી, તેમ રાગ વ્યાપક અને જ્ઞાનની પર્યાય થઈ તે વ્યાપ્ય એમ નથી. પરસ્પર બેયમાં. આહા..હા..! શું ટીકા! શું કળશ! ગજબ કામ કર્યા છે! રાગને અને અહીં જ્ઞાનની પર્યાયને પરસ્પર અત્યંત ભેદ છે. તેથી તેને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું એ? '**તે બન્ને પરસ્પર...'** વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. કેમ? કે એ અત્યંત ભેદ છે માટે. આહા..હા..! રાગ એ પુદ્ગલ છે અને ભગવાન આત્માની પર્યાય નિર્મળ એ આત્મા છે. આમ બેના ભેદને લઈને એકબીજામાં ભેદને લઈને વ્યાપ્યવ્યાપકપણું નથી. આહા..હા..! તેથી શુભરાગ તે વ્યાપક અને આત્માની પર્યાય વ્યાપ્ય એવું છે નહિ અને જ્ઞાનની પર્યાય વ્યાપક અને એનું વ્યાપ્ય રાગ એમ પણ નથી. આહા..હા..! પરસ્પર કીધુંને? અંતરંગમાં વ્યાપક (નથી). છે?

'**પરસ્પર અંતરંગમાં...'** આહા..હા..! અંતરમાં વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લઈને '**જીવ-પુદ્ગલને કર્તાકર્મપણું છે...'** જીવ ને રાગને કર્તાકર્મપણું છે '**એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે ત્યાં સુધી ભાસે છે કે જ્યાં સુધી (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ...'** આહા..હા..! જ્યાં સુધી રાગથી ભિન્ન પડીને અનુભવ કરતી નથી.. આહા..હા..! વિજ્ઞાનજ્યોતિ. '**विज्ञानार्चि'** રાગને ભિન્ન પાડીને જ્ઞાનનો અનુભવ કરે ત્યારે એને પરનું કર્તાકર્મપણું છૂટી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! શબ્દો તો થોડા પણ ભાવ ઘણા. આવી વાત છે. આ કાંઈ પંડિતાઈમાં આવે તો જણાય એવું કાંઈ નથી. આહા..હા..! એ દૃષ્ટિને પર્યાય ઉપરથી ફેરવીને દ્રવ્ય ઉપર કરે એને આવું થાય છે. જાણપણું ભલે ઓછું હોય, સમજાવતા ન આવડે, એની સાથે કાંઈ (સંબંધ નથી). જ્ઞાન એટલે શું પણ? સ્વ છે અને પર છે એવું જ્ઞાન. બીજું શું? આહા..હા..! પરમાં કાંઈ મોટા પલાખા શીખવાના નથી. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ ભિન્ન છે અને રાગ ભિન્ન છે. બસ એ જ્ઞાન. એ કીધુંને. જુઓ, '**विज्ञानार्चिः'** કીધું છેને? '**विज्ञानार्चिः'** જુઓ સાચું. આહાહા...! વિજ્ઞાનજ્યોતિ-વિજ્ઞાનજ્યોતિ. અર્ચી કીધુંને? '**વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે...'** આહા..હા..! એટલે ઉગ્ર પુરુષાર્થથી એમ. ઉગ્ર પુરુષાર્થથી. રાગના તરફનું લક્ષ છોડીને ભગવાન આત્માની દૃષ્ટિમાં જાવું એ '**विज्ञानार्चिः'**

મહાપુરુષાર્થ છે કહે છે. આહા..હા..!

**'सद्यः भेदम् उत्पाद्य'** આ છે? **'विज्ञानार्चिः' 'કરવતની જેમ નિર્દય રીતે...' 'सद्यः भेदम् उत्पाद्य' 'જીવ-પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને...'** રાગ અને ભગવાન જ્ઞાનની પર્યાયમાં ભિન્ન થઈ ગયું ત્યાં. સમજાણું કાંઈ? પાણીના દળમાં જેમ તેલનું ટીપું હોય એ ભિન્ન થઈ ગયું, એમ રાગની ચીકાશ અને ભગવાનની વીતરાગતા—બે ભિન્ન પડી ગયા. એક એક કળશે અને એક એક ટીકાએ ગજબ કામ છે! આહા..હા..! અજાણ્યા માણસ તો કાંઈ સમજે નહિ. હું કાંઈ સમજ્યો નથી. લાગતું હતું એવું અમને જાણે દિવ્યધ્વનિ આવે. હસતા હસતા તમે વાત કરો છોને એટલે દિવ્યધ્વનિ જેવું લાગતું હતું. એક જણનો કાગળ છે મોટો, દિલ્હીથી. હું કાંઈ સમજ્યો નથી; અને મુનિઓ પાસે જાઉં ત્યારે મને બહુ સરળ સમજાય છે. પણ એ શું કહે છે? આ દયા પાળો, વ્રત કરો અને તપ કરો.

અહીં તો એ દયા પાળવાના ભાવ, વ્રતના ભાવથી તું ભિન્ન છો. આહા..હા..! વ્રતનો ભાવ છે માટે અહીં જ્ઞાનની પર્યાય થાય છે, આહા..હા..! વ્રતનો વિકલ્પ છે માટે અહીં ચારિત્ર થાય છે એમ નથી. આહા..હા..! એ વ્રતના શુભરાગ છે માટે અહીં ચારિત્રની પર્યાય જીવમાં થાય છે એમ નથી. પરસ્પર કર્તાકર્મપણું છે જ નહિ. એટલે? ભગવાન પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રપણે પરિણમે અને તેથી તે રાગને કરે એમ નથી. અને રાગને કરે અને રાગ જ્ઞાનની પર્યાય એના સંબંધીનું જ્ઞાન થાય છેને અહીં? માટે એના સંબંધીના જ્ઞાનની પર્યાયને એ રાગ કરે એમ નથી. આહા..હા..! ભાઈ! આ તો મર્મ છે અંતરના. આહા..હા..! સમજાણું કાંઈ? કોણે કાંઈક લખ્યું હતું. .. કો'ક આવવાના છે. આવ્યા? શું કીધું? તમે? .. કહેતા હતા. કાગળમાં આવ્યું હતું. બાબુભાઈના કાગળમાં. આવો માર્ગ છે, બાપા! આવો વીતરાગનો અને તે બેસી જાય એવું છે. પહેલી શ્રદ્ધામાં તો બેસે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જીવ-પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને...'** એટલે કે રાગ અને ભગવાન આત્મા, સ્વસન્મુખ થતાં રાગથી અને ચૈતન્યથી ભિન્નતા થઈ ત્યાં આત્મા પ્રકાશમાં આવ્યો. ચૈતન્યની પરિણતિમાં પ્રકાશમાં આવ્યો. એને અહીં ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! આ તો વીતરાગ સર્વજ્ઞ અને તે પણ દિગંબર મુનિઓની કથની. આહા..હા..! ગજબ છે. એવી ક્યાંય વાત છે નહિ. શ્વેતાંબરમાં નથી, સ્થાનકવાસીમાં નથી, અન્યમાં તો ક્યાંથી હોય. ભાઈ! સમજાણું કાંઈ? એને માટે પ્રયત્ન જોઈએ, ભાઈ! એના પોતાના હિતને માટેની વાત છે આ તો. જન્મ-મરણના ચોર્યાસીના ફેરા, આહા..હા..! રાગની એકતાબુદ્ધિથી થઈ રહ્યા છે. રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિથી ચોર્યાસીના અવતાર થાય છે. એને ભેદ પાડતા અવતાર થતાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ઉપરી બુદ્ધિના આટલા વ્યાયામથી કાર્ય થઈ જશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યાયામ એટલામાં કામ થઈ જશે. તિર્યંચ છે એટલું કામ કરે છે. નવ તત્ત્વનું નામ પણ નથી (આવડતું) એને, પણ ભગવાન આનંદસ્વરૂપ છે એમ ભાન થયું, એથી ઊલટો ભાવ છે તે દુ:ખરૂપ છે, દુ:ખ, ભાષા ભલે ન આવડે, એને નવેય તત્ત્વનું જ્ઞાન થઈ ગયું. આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એ સંવર છે, પણ જેમાંથી આવ્યો એ જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! આ કાંઈ વાદવિવાદે પાર પડે એવું નથી, પ્રભુ! એ તો ના પાડી છે નિયમસારમાં. ભાઈ! તું આ વસ્તુને પામીને વાદવિવાદ સ્વસમય અને પરસમય (સાથે) કરીશ નહિ, ભાઈ!

**શ્રોતા** :- સમજ્યા નહિ આટલું કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ન સમજ્યા? શેઠ સ્પષ્ટ કરાવે છે.

એમ કે આત્મા જ્ઞાનનિધિને પામીને પોતે, જેમ લક્ષ્મી કોઈ કરોડ-બે કરોડ પેદા કરે અને પછી દેશમાં આવીને ખાનગી ખાય, એમ તને આત્મજ્ઞાન જે વસ્તુ થઈ હોય તો એકલો ભોગવજે. સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ કરીશ નહિ, ભાઈ! કેમકે જીવના કર્મો ઘણા, જીવની જાત ઘણી, એનો ઉઘાડ ઘણો, એના પ્રમાણમાં નહિ બેસે વાત. આહા..હા..! આમ વીતરાગ અમૃતચંદ્રાચાર્ય ગાથાનો ભાવ કાઢીને આ કળશ કર્યો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૫, સોમવાર, તા. ૨૬-૦૭-૧૯૭૬, કળશ-૫૦, ગાથા-૮૦ થી ૮૨, પ્રવચન નં. ૧૩૭

'**ભાવાર્થ :- ભેદજ્ઞાન થયા પછી, જીવને અને પુદ્ગલને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી;...**' પરની દશા, શરીરની, વાણીની, કર્મની એ દશાને તો અજ્ઞાનપણે પણ કર્તાકર્મ નથી. પણ અહીં તો ભેગું લીધું છેને? .. રાગને.. વ્યવહારનો જે રાગ છે એનાથી જ્યાં આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ (ભિન્ન) છે એવું જ્યાં ભેદજ્ઞાન થયું, નિશ્ચયનો આશ્રય લઈ અને રાગને જુદો પાડ્યો. આવી વાત છે ઝીણી. એ '**ભેદજ્ઞાન થયા પછી...**' આ એટલી વ્યાખ્યા એની. શરીર, વાણી, મન તો એકબાજુ રહ્યા, પણ અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ—શુભભાવ એનાથી પણ ભેદજ્ઞાન થતાં રાગથી પણ જુદો ભગવાન આત્મા છે. આહા..હા..! એવું પુણ્યના રાગથી પણ ભગવાન ભિન્ન છે એવું ભેદજ્ઞાન થતાં.

થોડું-થોડું ધ્યાન રાખે તો (પકડાય એવું છે). ભાષા... અમારે .. નવા છેને. શેઠ! સવારમાં ભાઈ ઓલું પરમાત્મપ્રકાશ છેને એ હિન્દીમાં ચાલશે. કારણ કે હિન્દી છે ખરુંને? આહા..હા..! એ પરમાત્મપ્રકાશ છેને? હિન્દી, હિન્દી છેને એ હિન્દીમાં ચાલશે અને પછી ત્રણ દી પછી બધું હિન્દીમાં ચાલશે. આહા..હા..! ભગવાન તું જ્યારે, આહા..હા..! રાગના ભાગથી ભિન્ન પડે... લોકોને એ બહુ ખટક્યું છે. આજે આવ્યું છે જૈન ગેજેટમાં. કાનજીપંથ આમ કહે છે. અરે.. પ્રભુ! તું રહેવા દે, બાપા! રહેવા દે.

**શ્રોતા :-** આપનું ઘણું નામ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નામ જડના છે, બાપા! આહા..હા..! એને વ્યવહાર સરળતા હેય કહે છે તે એકાંત મિથ્યાત્વ છે. દેવીલાલજી!

અહીં તો એ કહે છે, જુઓ, વ્યવહારનો જે રાગ છે એનાથી ભિન્ન પાડે ત્યારે હેય થઈ ગયો. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે તે ઉપાદેય થઈ ગયો. પંડિતજી! ભગવાન! આ તો તારા માર્ગની રીત છે. પ્રભુ! એમ ગાળ ન દે, ભાઈ! આહા..હા..! આખો માર્ગ જ વીતરાગનો આવો છે. જે રાગ છે... અહીં ભેદ જીવને પુદ્ગલ કર્તાકર્મ છે એવી બુદ્ધિનો અર્થ અહીં એ લેવો કે રાગના જે પરિણામ છે પુણ્યના, દયા, દાન, વ્રતાદિના એ પરિણામ મારું કર્મ છે અને એનો હું કર્તા છું—એ અજ્ઞાન હોય ત્યાં સુધી હોય છે. પરદ્રવ્યની સાથે પ્રશ્ન એ પછી અહીં લેશે. પરદ્રવ્યના પરિણામ તો આત્મા અજ્ઞાનભાવે પણ કરી શકતો નથી. આહા..હા..!

ઓલામાં સાંભળીને.. એવું લખ્યું છે. છોકરો ૧૫ વર્ષનો. પહેલી વાત આ સાંભળીને ત્યાં રામજીભાઈ .. ગુજરી ગયો. ૧૫ વર્ષનો. હડકાયું... આહા..હા..! મહા મહિનામાં લગન હતા. રબારી છે. આપણા પુનાભાઈ છેને એનો જમાઈ. નાની ઉંમરમાં લગન. એ તો એ લોકોને .. પરણાવે. પણ આ તો છોકરો. ભાઈ રામજીભાઈ તો ઓળખે છે અને ચીમનભાઈને ત્યાં તો કામ કરતો. ચીમનભાઈને ત્યાં તો કામ કરતો. આહા..હા..! અરે..! સવારમાં કહે છે. બાંધ્યો એને હડકાયું થયું. આહા..હા..! અરે..! આમાં .. તને? આહા..હા..! દોરડા તૂટી ગયા. સાંકળીએ બાંધ્યો પછી, સાંકળીએ. ઓલા જોવે, કુટુંબી રોવે. આજે .. અમરચંદભાઈ! ઓલો રબારીનો છોકરો ૧૫ વર્ષનો. મહા મહિનામાં લગ્ન હતા. ઓલા આપણે પુનાભાઈ ત્યાં કામ કરતાં. એ (છોકરી) પણ મરી ગઈ. એ તો પરમ દી મરી ગઈ. ઓલા માસ્તરની દીકરી. એ તો પરમ દી સવારમાં રજા હતીને નિશાળની એને લઈને. એણે બિચારાએ હજાર રૂપિયા ખર્ચ્યા છોડી માટે. એ હડકાયાની પીડા.. આવી દશા હવે, ભાઈ! તારે ક્યાં પ્રેમ કરવો છે? આવી સ્થિતિના મરણ બાપુ તેં અનંતવાર કર્યા છે. જેને દેખીને રોવે માણસો. ઓલો રાડ પાડે. ક્યાંય સખ નહિ. હડકાયાને. હડકાયું સમજો છો? પાગલ કૂત્તા. પાગલ કહે છેને?

એકવાર સાંભળ્યું હતું રાણપુરમાં બાર વર્ષની દિકરી હતીને. પ્રેમચંદભાઈ હતા આપણે

રાણપુરવાળા. કાકા, મને કાંઈ ઠીક નથી. મને નથી પવન ઠીક પડતો, નથી પાણી ઠીક પડતું. શું મને થાય છે? મને કાંઈ.. દુઃખી.. દુઃખી.. એ હડકાયું અંદર આખા રોમરોમમાં દુઃખ... દુઃખ... દુઃખ... દુઃખ... ઓહોહો..! અરેરે..! આવા મૃત્યુ, બાપુ! તેં રાગને પોતાનો માની અને ત્યાં અટકી ગયો છો ભગવાન! આહા..હા..! ભાઈ! તેં રાગથી જુદો પાડ્યો નથી પ્રભુને. આહા..હા..! એથી અહીં ભેદજ્ઞાન કર્યું છે. રાગથી ભિન્ન પાડ, પ્રભુ! તારું શરણ એ છે, ભાઈ! બાકી કાંઈ છે નહિ. હવે એને એમ લાગે કે આ રાગ હેય કેમ થાય? પ્રભુ! પણ હેય કર્યા વિના, એની અંતરની રુચિ છોડ્યા વિના અહીં રુચિ થશે નહિ. અમરચંદભાઈ! પ્રભુ! આમ છે, બાપુ! તારા પંથની રીત, પ્રભુ! આ છે અને તું આમ કેમ કહે? અરે..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ન રહે, ભાઈ! પહેલી હા તો પાડ કે જેટલો રાગ છે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો એનાથી લક્ષને છોડવું પડશે, પ્રભુ! આહા..હા..! શરીરની તો વાત ક્યાં રહી? કર્મની ક્યાં રહી? કુટુંબ કબીલા બધા રહ્યા ધૂળધાણી એની તો વાત પણ ક્યાં રહી! આહા..હા..! પણ અંદરમાં રાગ છે એનું લક્ષ છોડવું પડશે, પ્રભુ! તારે હિત કરવું હોય તો. નહિતર આ મરીને આવા ને આવા મૃત્યુ—મરણ કર્યા, બાપુ! તારા દુઃખ તેં સહન કર્યા, જોનારા રોયા, જોનારા દેખનારા રોયા. અરર..! સાંભળતા. એને બાંધ્યો સાંકળે. હડકાયું ..ને? શું કહેવાય તમારે પાગલ. પાગલ કૂત્તા. આહા..હા..!

અહીં તો કહે છે, રાગને પોતાનો માને એ પાગલ છે. એને હડકવા થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? તારે હિત કરવું હોય, પ્રભુ! તો ભગવાન પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સમૃદ્ધિથી, પૂર્ણ સમૃદ્ધિ અને પૂર્ણ સંપદાથી પડ્યો છે. આહા..હા..! રાગ તો એક ક્ષણિક માત્ર એક સમયની દશા છે. આહા..હા..! એમાં જગતની સાથે મેળ ન ખાય, પ્રભુ! માર્ગ તારા એવા છે. આહા..હા..! અહીં કહે છે કે ભેદજ્ઞાન થયા પછી.. એની આ વ્યાખ્યા ચાલે છે. રાગથી પણ મારી ચીજ અંદર ભિન્ન છે. રાગ તે આસ્રવતત્ત્વ છે, ભાવબંધતત્ત્વ છે. હું ભગવાન તે જ્ઞાયકતત્ત્વ અબંધતત્ત્વ છું. આહા..હા..! રાગ તે અચેતન છે, ભગવાન ચૈતન્ય છું. રાગ આસ્રવ છે, ભાવબંધ છે, હું એક અબંધસ્વરૂપ છું. ભેદજ્ઞાન આનું નામ છે. આહા..હા..!

**શ્રોતા** :- ભેદજ્ઞાન કોને કહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ ભેદજ્ઞાન કહે છેને, બાપા! પ્રભુ! તું ક્યાં છો? આહા..હા..! તું ક્યાં છો? ત્યાં જા, નજર કર. એ રાગમાં તું નહિ, રાગ તારો નહિ. આહા..હા..!

સવારે સાંભળ્યું હતું. સાંકળે બાંધ્યો અને પછી.. ૧૫ વર્ષનો. રોવે બધા દેખનારા રોતા હતા. કારણ કે હમણા પતી જશે. આહા..હા..! વાત અહીં થઈ હતી. ત્યાં તો રામજીભાઈ આવ્યા કે ગુજરી ગયો. એ તો દેહની સ્થિતિ પૂરી થવાનો કાળ. દેહ ક્યાં એનો હતો તે

એની સાથે રહે? આહા..હા..! અહીં તો રાગ ક્યાં એનો હતો તે એની સાથે રહે? આહા..હા..! પ્રભુ! મારગડા તારા જુદાં, ભાઈ! દુનિયા સાથે મેળ ન ખાય તો મેળ અહીં ખાશે. આહા..હા..! રાગના વિકલ્પથી, વ્યવહારથી ત્યારે તેને વ્યવહાર કહેવાય. એને ભેદ પાડીને આને જાણ્યો ત્યારે ઓલાને વ્યવહાર કહેવામાં આવે. આહા..હા..! નહિતર રાગમાં રહ્યો એ તો વ્યવહારમૂઢ છે, અનાદિરૂઢ છે. ૪૧૩ ગાથા. અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ. એવા ત્રણ શબ્દ છે. આહા..હા..! ગજબ કામ કર્યું છે! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય ઓહોહો..! જગતની કરૂણાનો વિકલ્પ ઊઠ્યો છેને. શાસ્ત્ર એવે પળે લખાઈ ગયા છે. જગતના હિતને માટે આ લખાણ પડ્યું. આહા..હા..! તને શેની હોંશ આવે છે? રાગની હોશું બાપુ તને મારી નાખે. પરની પ્રીતિની તો વાત શું કરવી? શરીર ને બાયડી-છોકરા ને આ ધૂળધમાહા. એ તો પર, પણ તારી પર્યાયમાં થતો જે રાગ એના પ્રેમમાં ભગવાન ખસી ગયો, મરી ગયો છે. આહા..હા..! આવો માર્ગ છે. ટૂંકી ભાષામાં કેટલું છે! મારે તો અહીં બીજું કહેવું છે.

'**ભેદજ્ઞાન થયા પછી,...**' એટલે કોનાથી? કે રાગથી. વ્યવહારનો રાગ છે એનાથી જુદો જ્ઞાન મારી ચીજ ભિન્ન છે. ત્યારે '**જીવને અને પુદ્ગલને...**' પુદ્ગલને એટલે રાગને અહીં લેવું. જડની દશાને બધાને પુદ્ગલ કહ્યા હતા ત્યાં ૭૫માં, પણ અહીં આટલું લેવું. કારણ કે અહીં પછી ગાથામાં કહેશે કે આત્મા રાગ કરે એ તો નિમિત્ત પુદ્ગલ પુદ્ગલને કારણે પરિણમશે. એ પુદ્ગલના પરિણમનનો આત્મા કર્તા અજ્ઞાની તો નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

જામનગરમાં એક વાણિયા હતા વિશાશ્રીમાળી. એને ટેવ જ ચૂરમુ ખાવાની હંમેશા. ચૂરમું સમજ્યા? લડુ. ચૂરમાના લાડુ નથી કરતાં? ચૂરમુ. હંમેશા એ ખાય. ખોરાક જ એટલો. રોટલી-રોટલાનો ખોરાક જ નહિ. આહા..હા..! એમાં છોકરો મરી ગયો જુવાન. જુવાન છોકરો. એ બાળી આવ્યા સ્મશાનમાં. પછી કહે, રોટલા-રોટલી કરો ભાઈ! સગાવ્હાલા ભેગા થયા. બાપુ! રોટલા-રોટલી તો ખવાશે નહિ, મરી જઈશું. તમે રોટલા રોટલી ખાધા નથી. અમારે ટેવ નથી. રોટલીને ખાઈશો તો મરી જશે. સગાવ્હાલા ભેગા થઈ, ભાઈ! તમે ચૂરમુ કરો. ચૂરમાના લાડવા કર્યા. જુવાન માણસ બાળી આવ્યા. એકનો એક દીકરો. ખોરાક નહિ બીજો. એ ચૂરમાના લાડવા કર્યા. આંખમાં આંસુની ધારા અને એ લાડવો ખાય છે. રોટલો કહો કે લાડવો એને તો એક જાત છે. આહા..હા..! એ લાડવો ખાય માટે એને પ્રેમ છે એમ નથી. સમજો છો? ચૂરમું ખાધું. ચૂરમું ખાય. દીકરો ગુજરી ગયો. હવે ચૂરમું જ ખાતા હતા. કાંઈ રોટલી-બોટલી ખાય નહિ. લડુ હંમેશા લડુ ચૂરમાના. દીકરાને સ્મશાને બાળી આવીને કહે, રોટલી કરો. બધા સગાવ્યાહાલા ભેગા થયા, બાપુ! રોટલી નહિ ખાઈ શકે. તમારું તો મૃત્યુ થશે, આ છોકરો મરી ગયો એમ. તમને અંદર પડતા દુઃખ થશે એકદમ .. એ ચૂરમું બનાવ્યું, બાપુ! આહા..હા..! લડુ બનાવ્યા. વીસ વર્ષનો દીકરો નાની ઉંમર. આહા..હા..!

એ દાળમાં લાડવાને ખાય છે. આંસુની ધારા ચાલી જાય છે. પ્રેમ નથી. આહા..હા..! એમ ધર્મીને રાગ આવે તેનો પ્રેમ નથી, પરનો તો પ્રેમ ક્યાંથી હોય, બાપા! સમજાણું કાંઈ?

ભેદજ્ઞાનીને તો પરનો પ્રેમ, શરીરાદિ એ તો જુદું રહી ગયું, આહા..હા..! પણ અંદરમાં રાગ આવે છે તેનો પ્રેમ નથી. આહા..હા..! એની રુચિ છૂટી ગઈ છે, રાગની અને અંદર ચૈતન્ય ભગવાન જ્ઞાયકસ્વરૂપ અનંત આનંદ અને સંપદાથી ભરેલો પ્રભુ છે એના પ્રેમમાં રાગથી ભિન્ન કર્યું જ્ઞાન. આહા..હા..! એ રાગ મારું કર્તવ્ય છે અને રાગ મારું કર્મ છે એ બુદ્ધિ જ્ઞાનીની ઊડી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવે છે, ખાય છે, લાડવો ખાય છે, પણ આંસુ પાડીને. આહા..હા..! પંડિતજી! ભગવાન! આવું તારું સ્વરૂપ, બાપા! આનંદનો નાથ તું પ્રભુ રાગની ક્રિયા વિનાનો. અરે..! કરવાનું આ છે, બીજું ભૂલી જા.

કહે છે કે રાગના ભાવથી જ્યાં ભેદજ્ઞાન થયું પછી રાગ થાય છે, પણ તેને જાણે છે, એ મારા તરીકે માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પાછું એ લોકોએ નાખ્યું કે વ્યવહાર તો બધોય કરે છે અને વળી હેય કહે છે. અરે ભગવાન! વ્યવહાર આવે તો ખરોને? આ સાંભળવું એ શું છે? વિકલ્પ-વ્યવહાર છે. ભગવાનની પૂજા, ભક્તિ એ વ્યવહાર હોય ખરો, આવે ખરો, પણ હેયબુદ્ધિએ છે. આહા..હા..!

**શ્રોતા :-** પોતે કરે છે અને કહે કે હેય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમ કહે છે. શું થાય, ભાઈ? દૃષ્ટિફેર છેને. અરેરે..! આમાં કોનું જોવું? એને ક્યાં જોવું? બાપા!

અહીં તો કહે છે.. જુઓને! .. કેટલું કહ્યું છે! ૭૬, ૭૭, ૭૮ ચારમાં છે. ૭૫મી આવી ગઈ પહેલી વ્યાપવ્યાપક. આહા..હા..! રાગથી એકતાબુદ્ધિ જ્યાં સુધી છે ત્યાં સુધી રાગનો કર્તા અને રાગ તેનું કર્તવ્ય એ મિથ્યાદૃષ્ટિમાં હોય છે, પણ રાગથી ભિન્ન પડીને ભગવાન આત્માને જાણ્યો (કે) આત્મા તો જ્ઞાયકસ્વરૂપ છે ત્યારે ભેદજ્ઞાનના કાળમાં જીવને અને પુદ્‌ગલને એટલે રાગને, અહીં રાગને લેવો, વિકારી પરિણામને લેવા, એને અને (આત્માને) કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! રાગથી ભિન્ન પડેલો આત્મા એને રાગના કર્તવ્ય તરીકે અને રાગ કાર્ય મારું છે એ બુદ્ધિ રહેતી નથી. રાગ આવે ખરો, હોય ખરો. એ ચૂરમું ખાય ખરો. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! અરે..! શરણ પ્રભુ તું છોને. તને પ્રેમ કરવાલાયક ચીજ હોય તો આ છે. જેને રાગનો પ્રેમ છૂટ્યો એને જ્ઞાનસ્વરૂપનો પ્રેમ થયો અને જેને રાગનો પ્રેમ હતો તેને ભગવાન આત્મા પ્રત્યે દ્વેષ હતો.

ત્રણલોકનો નાથ પ્રભુ સર્વજ્ઞસ્વભાવી જ્ઞાયકભાવ એનો પ્રેમ છોડીને જે રાગના પ્રેમમાં દોરાઈ ગયો છે, આહા..હા..! એણે આવો ત્રણલોકનો નાથ ચિદાનંદ પ્રભુ પરમાત્મસ્વરૂપ કારણપરમાત્મા એનો એણે દ્વેષ કર્યો છે. આહા..હા..! પણ જેણે રાગના પ્રેમને છોડીને સ્વભાવનું રાગથી ભેદજ્ઞાન કર્યું છે, આહા..હા..! એને જીવ કર્તા અને રાગ તેનું કર્તવ્ય એ બુદ્ધિ ભેદજ્ઞાનમાં

રહેતી નથી. શેઠ! સમજાય છેને? તમે તો હવે અહીં ઘણા વખતમાં ગુજરાતી... આહા..હા..! પોપટભાઈ! આવી વાત છે, બાપા! શું કીધું એટલી લીટીમાં? આહા..હા..! વ્યવહારની રુચિ-રાગ છોડ. વ્યવહારથી થાશે એમ જઈશ તો વ્યવહારની રુચિ રહેશે, ભેદજ્ઞાન થાશે નહિ. આહા..હા..! અને તેથી કહ્યુંને બંધ અધિકારમાં, ભગવાને જ્યારે પરને જીવાડું-મારું, સુખી-દુઃખી કરું એવા અધ્યવસાયને જ્યારે મિથ્યાત્વ કહ્યો અને એ અધ્યવસાય છોડાવ્યો છે, મુનિરાજ એમ કહે છે, સંત એમ કહે છે કે અમે તો એમ માનીએ છીએ, પરને આશ્રયે જેટલો વ્યવહાર તે બધો છોડવાલાયક છે. આહા..હા..!

**શ્રોતા :-** એ પણ શાસ્ત્રમાં લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આવી ગયું છેને. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. અને અહીં ૨૭૨. જુઓ, ૨૭૨ છેને? આહા..હા..! શ્લોકાર્થ છે. ૪૧૩ પાને છે. ૨૭૧માં પાછળ છેલ્લે. ૨૭૨ પહેલા.

'આચાર્ય દેવ કહે છે કે :...' **'सर्वत्र यद् अध्यवसानम्' સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન...'** એટલે? બીજી ચીજને હું જીવાડું, મારું, સુખી-દુઃખી કરું એવો જે અધ્યવસાન **'તે બધાંય જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે...'** બીજાને જીવાડી દઉં, મારી શકું, સુખી સંયોગો આપી શકું, પ્રતિકૂળ સંયોગો આપું એ બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! કારણ કે એ કરી શકતો નથી. તો **'અમે એમ માનીએ છીએ...'** આચાર્ય કહે છે જોયું! **'જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે, તેથી અમે એમ માનીએ છીએ કે...'** **'अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः'** **'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.'** આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ એ પરાશ્રય છે. આહા..હા..! આવી વાત છે. .. ક્યાંથી કાઢવું, પ્રભુ! આહા..હા..! માર્ગ આ રીતે છે એને પછી બીજો કરવો શી રીતે? ચોથા ગુણસ્થાનની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ નાખ્યું છેને ભાઈએ, નહિ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં આ નાખ્યું છે. આ જ ગાથા નાખી છે.

ભગવાને જ્યારે વ્યવહાર છોડાવ્યો છે. કેમકે તે ત્યાજ્ય છે. આહા..હા..! અને તેનો ત્યાગ કર્યા વિના સ્વભાવનો આદર નહિ થઈ શકે. આહા..હા..! પરચીજનો તો ત્યાગ અનાદિથી છે. શરીર, વાણી, મન તો પર છે. એને તો ગ્રહ્યા પણ નથી અને છોડ્યા પણ નથી, એ તો બહાર છે. એ તો આત્મામાં એ શક્તિ છે પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગરહિત શૂન્ય છે. આહા..હા..! ફક્ત રાગને ગ્રહે છે. આહા..હા..! એવી જે બુદ્ધિ છે એ મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! સાંભળ્યું ન હોય અને નહોતુંને એટલે માણસને એમ લાગે કે આ નવું કાઢ્યું છે. નવું નથી, બાપુ! ભગવાન! અનંત તીર્થંકરો એમ કહેતા આવ્યા છે અને એને અનુસરીને આ બધું છે. આહા..હા..!

અહીં કહે છે, જુઓને! **‘પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે. તો પછી, આ સત્પુરુષો...’** ‘एकम् सम्यक् निश्चयम् एव निष्कम्पम् आक्रम्य’ **‘એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને...’** નિષ્કંપપણે એટલે જોરથી. રાગથી કાંઈ લાભ થાશે એ વાત છોડી દે અંદર. આહા..હા..! પરાશ્રયથી જીવને લાભ થાય એ વાત છોડી દે. આહા..હા..! ‘शुद्धज्ञानघने निजे महिम्नि’ **‘શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં...’** આહા..હા..! ભગવાન ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ, એની મહિમામાં **‘સ્થિરતા કેમ ધરતા નથી?’** આહા..હા..! અરે..! સંતોની જુઓ દયાની વાણી! આહા..હા..! ભાઈ! માર્ગ તારો આ છેને. તને કઠણ લાગે પણ માર્ગ તો આ છે. અરેરે..! રાગને છોડીને નિષ્કંપપણે સ્વરૂપની સ્થિરતા કેમ કરતાં નથી? જ્ઞાનાનંદનો નાથ પ્રભુ અંદર શુદ્ધ ચૈતન્યઘન છે ત્યાં કેમ આવતો નથી? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં આવ્યું છે, મોક્ષમાર્ગમાં. મોક્ષમાર્ગનો અધિકાર ત્યાં આ ગાથા મૂકી છે. ૨૫૫. **‘નિશ્ચયનયવડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું તથા વ્યવહારનયવડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું.’** આહા..હા..! **‘શ્રી સમયસાર-કળશમાં પણ એ જ કહ્યું છે.’** એ આ ગાથા આપી છે.

**‘અર્થ :- જેથી બધાય હિંસાદિ વા અહિંસાદિમાં અધ્યાવસાય છે તે બધા જ છોડવા—એવું શ્રી જિનદેવે કહ્યું છે; તેથી હું એમ માનું છું કે જે પરાશ્રિત વ્યવહાર છે તે સઘળો જ છોડાવ્યો છે...’** હવે એમાં વ્યવહાર આદરણીય છે (એ ક્યાં રહ્યું?) હોય ખરો. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી નિશ્ચયસહિત વ્યવહાર રાગ હોય છે, પણ રાગથી લાભ થાય, આહા..હા..! એમ નથી, બાપુ! ભગવાન! માર્ગ તો આ છેને. આહા..હા..! તેં ન સાંભળ્યો હોય તો તને એમ લાગે કે આ તે શું? એમ નથી. એમ ને એમ અનાદિથી ચાલ્યો આવે છે આ માર્ગ. જિનવરમાર્ગના તો આ જ પંથ છે. આહા..હા..! ... ને. આહા..હા..!

**‘જે વ્યવહારમાં સૂતા છે તે યોગી પોતાના કાર્યમાં જાગે છે...’** આહા..હા..! રાગને જે છોડે છે એ રાગમાં સૂતા છે, એમ કહે છે. આહા..હા..! એ કાર્ય અંતરમાં જાગે છે. **‘તથા વ્યવહારમાં જાગે તે પોતાના કાર્યમાં સૂતા છે.’** આહા..હા..! રાગના ભાવમાં જાગૃતપણે જે ઊભા છે એ નિજકાર્યમાં સૂતા છે. આહા..હા..! **‘માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી નિશ્ચયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે.’** કેમ? કે **‘વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને...’** એકબીજામાં ભેળવીને આનાથી અહીં થાય, આનાથી અહીં થાય, રાગથી આત્માને લાભ થાય એવી વાત વ્યવહારનય કહે. સાધન-સાધ્ય કીધું છેને ઈ? એ વ્યવહારનયનું કથન છે. આહા..હા..! **‘વા તેના ભાવોને કારણ-કાર્યાદિને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જે શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે...’** આ કહે છે કે વ્યવહારને છોડવાયોગ્ય

કહે છે એ મિથ્યાત્વ છે. શિખરચંદજી! આવું છે, ભગવાન! બહુ સરસ વાત લીધી છે. નિશ્ચય-વ્યવહારની. વાત એમ માની લે. એમ લખ્યું છે. ઝઘડો ઊભો કર્યો છે એણે. અરે.. ભગવાન! સત્ય વસ્તુ આમ છેને. આહા..હા..!

**'ભેદજ્ઞાન થયા પછી,...'** આહા..હા..! રાગનો વિકલ્પ છે તેનાથી પ્રભુ ભિન્ન છે, એવું ભાન થયા પછી **'જીવને...'** પુદ્ગલ સાથે એટલે રાગ સાથે.. વળી એમ કહે કે ભેદજ્ઞાન નથી ત્યાં સુધી પર સાથે કર્તાકર્મ સંબંધ છે જડ સાથે, એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો આત્મા ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે અને આ રાગભાવ છે એનાથી ભિન્ન પડ્યું. એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી એ રાગનું કર્તવ્ય મારું અને હું એનો કર્તા એમ અજ્ઞાની માને છે. વ્યવહારનું કર્તવ્ય મારું અને હું એનો કર્તા એ અજ્ઞાન છે ત્યાં સુધી એમ માને છે, પણ ભેદજ્ઞાન થયા પછી રાગ કર્તવ્ય મારું અને એ મારું કર્મ એમ એવી બુદ્ધિ જ્ઞાનીની રહેતી નથી. આહા..હા..! આમાં સીધી વાત છે, ભાઈ! એનો જરી આગ્રહ છોડી દેને તો પકડાય એવું છે. આહા..હા..! **'એવી બુદ્ધિ રહેતી નથી;...'** કેવી? કે જે વ્યવહારનું કર્તવ્ય મારું છે અને હું એનો કર્તા એવી બુદ્ધિ (રહેતી નથી). વ્યવહારથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન (પ્રગટ થયું) ત્યારે એવી બુદ્ધિ રહેતી નથી અને એવી બુદ્ધિ રહે તો ત્યાં સુધી એને ભેદજ્ઞાન છે નહિ. આહા..હા..! પોપટભાઈ! આવી વાત છે. અરેરે..! શાસ્ત્રમાં આવે છે. એવા દુઃખો થાય શરીરમાં. જોનાર રોવે. અને ઓલો પાગલ થઈ ગયો હોય ગાંડો. ભાન ન રહે. અહીં કહે છે, પ્રભુ! હવે છોડને. રાગનું કર્તવ્ય મારું અને હું કર્તા એ તો અનાદિનું છે, ભાઈ! એ કાંઈ નવું નથી. આહા..હા..!

**'કારણ કે જ્યાં સુધી ભેદજ્ઞાન થતું નથી...'** જોયું! **'ત્યાં સુધી અજ્ઞાનથી કર્તાકર્મભાવની બુદ્ધિ થાય છે.'** રાગની સાથે સંબંધ છે હોં આ. સમજાણું કાંઈ? શુભભાવની સાથેનો આ સંબંધ છે. આહા..હા..! **'કારણ કે જ્યાં સુધી ભેદજ્ઞાન થતું નથી ત્યાં સુધી અજ્ઞાનથી કર્તાકર્મભાવની બુદ્ધિ થાય છે.'** એ વ્યવહાર કર્તવ્ય મારું અને મારું કાર્ય એમ બુદ્ધિ અજ્ઞાનીની છે. આહા..હા..!

હવે બીજી વાત કરે છે. હવે અજ્ઞાનીની વાત કરે છે. ઓલી ભેદજ્ઞાનીની વાત કરી. **'જોકે જીવના પરિણામને...'** આ પરિણામ રાગવાળા લેવા. ઓલા જીવના પરિણામ હતા એ વીતરાગી પરિણામ હતા. સમજાણું કાંઈ? પોતાના પરિણામને જાણતો આત્મા એ પરિણામ વીતરાગી હતા. પુદ્ગલ છે એ પરના પરિણામને જાણતું નથી. એ પરિણામ વીતરાગી જીવના હતા. પરના પરિણામને જાણતા નથી, પરના પરિણામના ફળરૂપે જાણતા નથી કર્તા.. કર્મને ફળને જાણે પુદ્ગલ. એ પરદ્રવ્યપર્યાય લીધી હતી એ વીતરાગી પર્યાય હતી ત્યાં ૭૬ થી ૭૯. અહીં બીજી વાત છે હવે. અહીં જીવના પરિણામને એટલે રાગ-દ્વેષ અને મિથ્યાત્વના પરિણામને.. અહીં તો અજ્ઞાનની વાત લેવી છને. **'અને પુદ્ગલના પરિણામને...'** એટલે

જડની દશાને. આ જીવના પરિણામ એટલે રાગ-દ્વેષ અને મિથ્યાત્વ અને પુદ્‌ગલના પરિણામ એટલે જડ કર્મની દશા. કર્મની દશા એ પુદ્‌ગલના પરિણામ છે. '**અન્યોન્ય (પરસ્પર) નિમિત્તમાત્રપણું છે...**' અન્યોન્ય પરસ્પર જીવના પરિણામ, પુદ્‌ગલના પરિણામને નિમિત્ત કહેવામાં આવે અને પુદ્‌ગલનો ઉદય એ રાગ-દ્વેષ કરે એમાં નિમિત્ત કહેવામાં આવે. આટલું હોવા છતાં એકબીજાના કર્તાકર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ શરૂઆતમાં આ આવ્યું હતું એ બાજુથી. જુઓ, આમાં લખ્યું છે, '**जीवपरिणामहेदुं कम्मत्तं**' કર્મ બંધાય એમાં જીવનું નિમિત્તપણું છે. પણ નિમિત્તપણું એટલે શું? હોય છે એટલું, પણ નિમિત્ત છે માટે કર્મબંધન થાય છે એમ નથી. કર્મના પરમાણુમાં પરિણમનનો સમય એનો છે એથી તે કર્મરૂપે થાય છે. જીવના રાગ-દ્વેષ અને મિથ્યાત્વના પરિણામ તો નિમિત્તમાત્ર છે. નિમિત્તમાત્ર એટલે છે ભિન્ન એમ. આહા..હા..! આ ત્રણ ગાથાનો અર્થ આવ્યો પહેલો એ બાજુથી. આ હેતુ પણ એનો અર્થ શું?

**जीवपरिणामहेदुं कम्मत्तं पोग्गला परिणमंति।**
**पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि।।८०।।**

આહા..હા..! એક કોર પંચાસ્તિકાયની પર્યાયમાં એમ કહ્યું ૬૨ ગાથામાં કે વિકારના પરિણામ થાય સમય સમયના ષટ્‌કારકરૂપે એમાં પરકારકોની અપેક્ષા એને છે જ નહિ. એ ચર્ચા ચાલી હતીને પંડિતજી સાથે મોટી. ૧૯ વર્ષ. ૧૯ વર્ષ પહેલાં. એ .. ન બેઠું. નહિ. કીધું, અભિન્ન (કારકની) વાત (છે). પણ અભિન્નનો અર્થ શું? જીવના પરિણામ વિકારી પોતે પોતાથી થાય છે એને કર્મના કારકની અપેક્ષા બિલકુલ નથી. અહીંયાં નિમિત્તપણું છે એટલું સિદ્ધ કરવું છે. એ નિમિત્ત છે માટે અહીં કર્મ પરિણમે છે અને કર્મનો ઉદય નિમિત્ત છે માટે અહીં વિકારપણે પરિણમે છે એમ નથી. સમજાય છે કાંઈ? આ મોટો કર્મનો ગોટો મોટો છે.

'**जीवपरिणामहेदुं**' અરે પ્રભુ! ક્યારે કરીશ, ભાઈ? આહા..હા..! આ દમના રોગમાં મરે, .. મરે, પણ આવું ન હોય એને. ઓલું થઈ જાય. ... ખાધો હતો. એનું .. મરી ગયો. સર્પ હતોને મરી ગયેલો ખાધો કૂતરાએ સર્પ. .. મરી ગયો. પણ એને બીજું .. આ હડકાયાની તો ગજબ વાત. આહા..હા..! એમ રાગના પરિણામ મારા અને હું એનો કર્તા એ હડકાયાની મિથ્યાદશા. આહા..હા..! સમજાણું કાંઈ? પાગલ છે મિથ્યાત્વ. રાગ ઝેર છે અને પ્રભુ અમૃતસ્વરૂપ છે. એ અમૃતસ્વરૂપનો કર્તા અને ઝેર એનું કર્મ એમ કેમ હોય, ભાઈ? આહા..હા..! આ તો શાંતિ અને ધીરાના કામ છે, બાપુ! આ કોઈ ભાષણ દે માટે આમ થાય એવી વાતું નથી આ. આહા..હા..! આ તો જેને સત્ય જોઈતું હોય એની વાતું છે. આહા..હા..! દુનિયા એમ કહો. એમ પણ કહે, ભાઈ પાગલ છે. એમ કહો.

**ण वि कुव्वदि कम्मगुणे जीवो कम्म तहेव जीवगुणे।**
**अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोह्णं पि।।८१।।**

અન્યોન્ય નિમિત્ત કીધુંને ત્યાં મુંઝાઈ ગયા.

**एदेण कारणेण दु कत्ता आदा सएण भावेण।**
**पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं।।८२।।**

**જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;**
**એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.**

**જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;**
**અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.**

ગુણ શબ્દે પર્યાય લેવી છે અહીં.

**એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;**
**પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.**

'**ટીકા :- જીવપરિણામને નિમિત્ત કરીને...**' એટલે? કર્મ થવાનો કાળ તો પુદ્‌ગલનો એમાં હતો, એને અહીં રાગ અને જે કાંઈ પરિણામ થયા એને નિમિત્ત કહેવામાં આવ્યા. આહા..હા..! નિમિત્તે એને પરિણમાવ્યા છે, તો નિમિત્ત કહેવાય નહિ. આહા..હા..! '**જીવપરિણામને નિમિત્ત...**' આ પરિણામ વિકારી લેવા. ઓલા જીવના પરિણામ જે ૭૬-૭૭ હતા ત્યાં વીતરાગી પરિણામ હતા, ભેદજ્ઞાનીના પરિણામ હતા, આ અજ્ઞાનીના પરિણામ છે. આહા..હા..! જ્યાં-જ્યાં જેમ છે તેમ તેને જાણવું. (ત્યાં) ભેદજ્ઞાનીની વાત હતી, આ અજ્ઞાનીની (છે). આહા..હા..!

'**જીવપરિણામને નિમિત્ત કરીને...**' એટલે? અહીં જીવના પરિણામ હતા, બસ એટલું. રાગ-દ્વેષ અને મિથ્યાત્વ. '**પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...**' એ પરમાણુઓ જે અકર્મ અવસ્થા હતી એની કર્મ અવસ્થાપણે તે પરિણમે છે. આહા..હા..! એના પરિણમનનો નિજકાળ એ છે. કર્મપણે પરિણમવું એ એની નિજક્ષણ છે, એ એનો કાળ છે. આ નિમિત્તને લઈને એનો કાળ છે એમ નહિ. સમજાણું કાંઈ? જીવમાં પણ રાગ-દ્વેષ અને મિથ્યાત્વ થવાનો એનો નિજક્ષણ છે. બસ, ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે અને કર્મને પરિણમવાનો એનો કાળ છે ત્યારે આ રાગ-દ્વેષ એને નિમિત્ત કહેવામાં આવે. રાગ-દ્વેષ આણે કર્યા માટે ત્યાં કર્મને પરિણમવું પડ્યું એમ નથી. આવી વાતું. આહા..!

ચૈતન્ય હીરાની જેને કિંમત થઈ નથી એ જીવ રાગ અને મિથ્યાત્વભાવને કરે. આહા..હા..! એવા પરિણામનું હાજરીપણું ફક્ત અને કર્મની પર્યાયપણે પુદ્‌ગલ થાય એ એનું સ્વતંત્ર પરિણામ. આહા..હા..! એ પ્રશ્નમાં એમ કહે છે, રાગ-દ્વેષ ન કર્યા હોત થાત? પણ એ પ્રશ્ન જ ક્યાં છે અહીં? સમજાય છે કાંઈ? જીવે રાગ-દ્વેષ કર્યા માટે પુદ્‌ગલને કર્મરૂપે પરિણમવું પડ્યું એમ નથી. આહા..હા..! ભારે આમ બેસવી વાત. ક્રમબદ્ધમાં આમ આવે છે. એમાં પણ નાખ્યું

જયપુર આર્જિકાએ.. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધની ખૂબ વ્યાખ્યા કરી એણે. ચાર અનુયોગની જાણનાર છે. કોઈ બીજી છે. જ્ઞાનમતિ.. આહા..હા..!

અરે ભાઈ! ચારેય અનુયોગનું કથન તો વીતરાગપણું બતાવવું છે. આવે છેને પંચાસ્તિકાયમાં ૧૭૨ ગાથામાં. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ચારેય અનુયોગનું. એનો અર્થ શું થયો? કે પરનું લક્ષ છોડીને સ્વના લક્ષમાં જાય ત્યારે એને વીતરાગતા થાય. એટલે આ શાસ્ત્રનું તાત્પર્ય આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરનું લક્ષ છોડીને સ્વનો આશ્રય કરે, પરનો આશ્રય છોડીને સ્વનો આશ્રય કરે ત્યારે વીતરાગતા થાય. અહીં તો એ આવ્યું. પરનો આશ્રય કરે તો સરાગ થાય. શાસ્ત્રનું તાત્પર્ય એ નથી. આહા..હા..! ચારેય અનુયોગનો આ સાર છે. એ માટે વીતરાગતા ન કાઢે તો એને શાસ્ત્રના અર્થની ખબર જ નથી. આહા..હા..!

'**જીવપરિણામને નિમિત્ત કરીને...**' નિમિત્ત કરીને અહીં વજન આવ્યું છે. જુઓ, નિમિત્ત કરીને થયું. પણ નિમિત્ત કરીને એટલે શું? એને ખબર છે કે આ નિમિત્ત છે માટે પરિણમું છું? '**પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...**' એને ખબર છે કે અહીં રાગ છે માટે પરિણમું? પણ એને ખબર છે? કર્મપણે પુદ્‌ગલ પરિણમે એને ખબર છે કે અહીં રાગ છે માટે હું પરિણમું? અને આને મિથ્યાત્વ છે માટે દર્શનમોહપણે પરિણમું? આહા..હા..! તે કાળે તે પરમાણુની તે પર્યાય થવાની લાયકાતથી થાય છે, ત્યારે આને નિમિત્ત કહેવામાં આવે છે--જીવના પરિણામ. આમ વાત છે. આહા..હા..!

'**અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને...**' એટલે કર્મનો જે ઉદય છે જડ એ નિમિત્તમાત્ર. '**જીવ પરિણમે છે...**' જીવ રાગ-દ્વેષપણે થાય છે. એ નિમિત્ત છે માટે રાગ-દ્વેષપણે થાય છે એમ નહિ. તે કાળે તેને રાગ-દ્વેષ થવાનો એનો સ્વકાળ હતો ત્યારે ઓલા ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત ભારે આકરી. ઝઘડા ઊભા કરે. આવ્યું છે આજે ખૂબ લખાણ. એય..! .. જૈન ગેજેટમાં. ૨૦ દિન કર્યું હતું. પાણી ફેરવી નાખ્યું. અને કેટલાક એના માનનારા .. હું તો કાનજીસ્વામીને માનનારો છું, પણ તમારું સાંભળીને હું છોડી દઉં છું.. એનું નાખ્યું. કોની માન્યતા, બાપા!

**શ્રોતા** :- કાનજીપંથની ઘણી..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાઈ! પંથ કોના? કાનજી કોણ અને પંથ કોણ? આહા..હા..!

આ બે ટૂકડામાં બે અર્થ .. જોયું! જીવના મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામના નિમિત્ત કરીને એટલે ત્યાં નિમિત્તપણું છે એટલું. તે કાળે પુદ્‌ગલ પોતે કર્મપણે પરિણમે છે. કાળ તો એક છે. એટલે આ છે તો આ છે એમ ન થયું, ફક્ત છે એટલું. જીવના રાગી પરિણામ રાગ-દ્વેષના છે એ સત્ છેને, તો એથી કર્મનું પરિણમવું ઉત્પાદરૂપે થાવું એ સત્ એને લઈને થાય છે? સમજાણું કાંઈ? આહા..હા..!

જીવના પુણ્ય-પાપના અને મિથ્યાત્વના પરિણામ ઉત્પાદપણે છે અને તેથી કર્મની પર્યાયનો

ઉત્પાદ છે એમાં? અહીં તો એ કહ્યું નિમિત્ત કરીને જુઓ. નિમિત્ત એટલે શું? હોય છે. એને જડને ક્યાં ખબર છે કે આ રાગ-દ્વેષ (કરે છે). અને જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ હોય તેટલા પ્રમાણમાં ત્યાં ચારિત્રમોહથી બંધાય. મિથ્યાત્વનો પણ અનંત રસ છે. એમાં જેટલા પ્રમાણમાં મિથ્યાત્વનો ભાવ એટલા પ્રમાણમાં દર્શનમોહ બંધાય, પણ એથી એટલા પ્રમાણમાં બંધાય માટે આને લઈને બંધાણું છે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**એમ જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં...**' જોયું, એકબીજામાં નિમિત્તપણાનો ઉલ્લેખ હોવા છતાં.. હેતુ એટલે નિમિત્ત. '**પણ જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' શું કહે છે એ? જીવ વિકાર કરે તે વ્યાપક અને કર્મની અવસ્થા થાય તે તેનું વ્યાપ્ય એમ નથી. તેમ કર્મનો ઉદય તે વ્યાપક અને જીવના વિકારી પરિણામ તે વ્યાપ્ય એમ નથી. આહા..હા..! અન્યોન્ય નિમિત્તપણાનો ઉલ્લેખ હોવા છતાં. ઉપન્યાસ છે સંસ્કૃતમાં. નહિ? ઉપન્યાસ. એનો ઉલ્લેખ. જીવે પોતાના પરિણામમાં સ્વતંત્રપણે મિથ્યાત્વ કે રાગ-દ્વેષ કર્યું એ કાળે કર્મની પર્યાયરૂપે પુદ્‌ગલ થયા, પણ આને આ થયું માટે આને થવું પડ્યું એમ નથી. તે કાળ જ એને પુદ્‌ગલની કર્મપર્યાય થવાનો સ્વકાળ હતો. આવી વાતું. કારણ કે પુદ્‌ગલની વર્ગણા તો અનંતી પડી છે. એમાંથી અમુક જ પરમાણુ કર્મપણે થયા એનો અર્થ શું થયો? કે એ પર્યાય થવાને લાયક એ કર્મ હતા. આહા..હા..! ભારે કામ, ભાઈ! એકબીજાને ગડબડ કરી નાખે. આહા..હા..!

'**જીવ અને પુદ્‌ગલને પરસ્પર...**' એટલે કે જીવના વિકારી પરિણામ તે વ્યાપક અને કર્મની અવસ્થા તેનું વ્યાપ્ય એમ નથી. તેમ કર્મનો ઉદય તે વ્યાપક અને વિકારી પરિણામ વ્યાપ્ય એમ પરસ્પર વ્યાપ્યવ્યાવપકભાવના અભાવને લીધે '**જીવને પુદ્‌ગલપરિણામો સાથે...**' આહા..હા..! એટલે જીવને એટલે એના વિકારી પરિણામને અને પુદ્‌ગલ જે કર્મ બંધાણા તેની સાથે '**અને પુદ્‌ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને,...**' કર્તાકર્મપણાની અસિદ્ધિ છે. કર્મના નિમિત્તે રાગ કરાવ્યો અને રાગ કર્યો એણે કર્મ બાંધ્યું એવા કર્તાકર્મનો અભાવ છે. '**માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી,...**' લ્યો! એકબીજાને નિમિત્તનૈમિત્તિક કહેવામાં આવે. આહા..હા..! '**અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ (થાય) છે;...**' વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧, મંગળવાર, તા. ૨૭-૦૭-૧૯૭૬, ગાથા-૮૦ થી ૮૨, પ્રવચન નં. ૧૩૮

સમયસાર, ૮૦, ૮૧, ૮૨. એની ટીકા. ફરીને. '**જીવપરિણામને નિમિત્ત કરીને...**' એટલે? કે જીવના મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ જે કાળે એને હોય છે એની આ વાત છે. ત્યારે '**પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...**' તે સમયે કર્મની અવસ્થા થવાને લાયક એ પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે, આ તો નિમિત્તમાત્ર છે. '**અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને...**' એ કાંઈ જીવના પરિણામ રાગ-દ્વેષના કે મિથ્યાત્વના થયા એવું કાંઈ પુદ્‌ગલને ખબર નથી, છતાં તે કાળે પુદ્‌ગલ પોતાની પરિણતિની યોગ્યતાથી તે કર્મરૂપે પરિણમે છે.

જીવના પરિણામ અજ્ઞાનીની વાત છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ હોય છે, તે કાળે પુદ્‌ગલ પોતાની યોગ્યતાથી કર્મરૂપે થાય છે અને કર્મનું નિમિત્ત છે એ કાંઈ જીવને ખબર નથી કે અહીં કર્મનું નિમિત્ત છે માટે રાગ-દ્વેષથી પરિણમું, પણ અહીંયાં રાગ-દ્વેષે પરિણમન કરે છે જીવ ત્યારે પૂર્વના કર્મના ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે.

'**એમ જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય...**' નિમિત્તપણાનું કથન હોવા છતાં. '**હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં પણ જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' એટલે? કે જીવે પરિણામ રાગ-દ્વેષના કર્યા માટે વ્યાપક થયું અને કર્મના પરિણામ એનું વ્યાપ્ય થયું—કાર્ય થયું એમ નથી અને કર્મનો ઉદય છે તે વ્યાપક થયો અને જીવના વિકારી પરિણામ વ્યાપ્ય થયા એમ નથી. આવી વાત છે.

**શ્રોતા** :- ધર્મ કરવાની વાતમાં પહેલું વ્યાપ્યવ્યાપક...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કરવું, પણ પહેલું વસ્તુ સ્વતંત્ર શું છે એની ખબર વિના ધર્મ ક્યાં કરશે? ધર્મ કરનારને પ્રથમમાં ખ્યાલ તો એવો હોવો જોઈએ કે જેટલા વિકારી પરિણામ થાય છે અજ્ઞાનભાવે એને કાળે કર્મની પરિણતિ કર્મનું કાર્ય કર્મથી થાય છે. અહીં રાગ-દ્વેષ થયા માટે ત્યાં કર્મનું પરિણમવું થાય છે એમ નથી. એમ પહેલી પર્યાયમાં વિકારની સ્વતંત્રતા મારી મારાથી છે અને કર્મની પર્યાયમાં સ્વતંત્રતા કર્મને લઈને છે, મારે લઈને કર્મ થતું નથી અને કર્મને લઈને હું વિકાર કરતો નથી. સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' એટલે? કે જીવે વિકારના પરિણામ કર્યા માટે કર્મને બાંધવામાં એ કારણ થયું—કર્તા થયો એમ નથી. એકબીજામાં નિમિત્તનો ઉલ્લેખ—કથન હોવા છતાં એકબીજાના પરિણામને એ કોઈ કરતાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**જીવને પુદ્‌ગલપરિણામો સાથે...**' એટલે? જીવે જે કર્યા રાગ-દ્વેષના ભાવ એથી

કર્મને પરિણમવું પડ્યું એવું કર્તાકર્મની અસિદ્ધિ છે. રાગ-દ્વેષ જીવે કર્યા તેમાં કર્મનું નિમિત્ત હો અને કર્મ બંધાય છે તેમાં વિકારી પરિણામનું નિમિત્ત હો, પણ છતાં વિકારી પરિણામ કર્યા માટે તે કર્મબંધનની પર્યાયનો કર્તા છે એમ નથી અને કર્મનો ઉદય નિમિત્ત થયો વિકારી પરિણામમાં માટે કર્મનો ઉદય કર્તા છે અને જીવના વિકારી પરિણામ કાર્ય છે એમ નથી. આમ કેમ કહેવું છે? કે પર્યાયની સ્વતંત્રતાનું પણ જેને ઠેકાણું નથી એને દ્રવ્ય જે વ્યક્ત નથી એવી સ્વતંત્રતાની વાત એને નહિ બેસે. સમજાય છે કાંઈ? પ્રગટ પર્યાય તે સ્વતંત્ર છે, પરને લઈને નહિ અને કર્મબંધન થાય એ મારે લઈને નહિ—એ સમય-સમયની સ્વતંત્રતાની જેને વાત ન બેસે, એને દ્રવ્ય જે વસ્તુ છે ત્રિકાળી શુદ્ધ આનંદકંદ કોઈ રીતે એની સ્વતંત્રતા એની દૃષ્ટિમાં નહિ બેસે. સમજાણું કાંઈ? કેમકે જે પ્રગટ દશા છે એનો કર્તા પર છે એમ માને તો એની પર્યાયની સ્વતંત્રતાના પરિણમનની એને ખબર નથી. ભાષા સમજાય છે? ગોદિકાજી! થોડી-થોડી. સમજાય છે કાંઈ? આહા..હા..!

એમ કહે છે કે જીવના પરિણામ વિકાર હોય તો એ કારણે કર્મના બંધની પર્યાય થાય એમ છે નહિ. એ વિકારી પરિણામ કર્તા અને કર્મબંધનની પર્યાય એનું કાર્ય એમ છે નહિ અને કર્મનો ઉદય તે કર્તા અને વિકારી પરિણામ તે કર્તાનું કાર્ય એમ છે નહિ. આહા..હા..! આ બધા તમારા લાદી-બાદીના ધંધા એમાં તો કાંઈ કર્તા નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? અહીંયાં તો અજ્ઞાનપણામાં પણ વિકારી પરિણામ સ્વતંત્ર કર્તા થઈને કરે છે એમ સિદ્ધ કરવું છે. ભેદજ્ઞાન થયા પછી એ રાગનો આત્મા કર્તા અને આત્મા રાગનું કાર્ય એ રહેતું નથી. સમજાય છે કાંઈ? અને ભેદજ્ઞાન થયા પછી સમ્યગ્દર્શન-જ્ઞાન થયું ત્યારે રાગના ભાગને-વ્યવહારને પરંપરા મોક્ષનું કારણ છે તેમ એને આરોપ દેવામાં આવે છે, અહીં ભાન થયું છે એથી. જેને ભાન નથી એના વ્યવહાર તો પરંપરા નિંદ્યનું કારણ છે. એ ક્યાં છે આ વાત સમજાણી?

બાર અનુપ્રેક્ષા કુંદકુંદાચાર્યની છે એમાં ૫૭ અને ૫૯મી ગાથામાં એ છે. સમજ્યા? આ બાર અનુપ્રેક્ષા છેને? કુંદકુંદાચાર્યની છે. '**कम्मासवेण जीवो बूडदि संसारसागरे घोरे।**' કર્મના આસ્રવ જે વિકારીભાવ એને કારણે આત્મા સંસારમાં બૂડે છે, શુભભાવથી પણ. '**कम्मासवेण जीवो बूडदि संसारसागरे घोरे। जं णाणवसं किरिया**' પણ સમ્યગ્દર્શન અને જ્ઞાનની ભૂમિકામાં જે રાગની મંદતાની ક્રિયા એ '**मोक्खणिमित्तं परंपरया।।५७।।**' સમજાય છે કાંઈ? એને મોક્ષનો પરંપરાનો આરોપ છે. અજ્ઞાની જે પુણ્ય-પાપ દયા, દાન વ્યવહાર કરે છે એને એ પરંપરા કારણ છે એ વાત એને નથી. આહા..હા..! પછી ૫૯ છે. '**पारंपज्जाएण दु आसवकिरियाए णत्थि णिव्वाणं।**' પુણ્યની ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પરંપરા પણ આસ્રવની ક્રિયા '**णत्थि णिव्वाणं**' એનાથી મુક્તિ નથી. '**संसारगमणकारणमिदि**' એ તો સંસારમાં રખડવાની ક્રિયા છે. સમ્યગ્દર્શન વિના જેટલી

ક્રિયાકાંડના ભાવ (છે) એ બધા સંસારમાં રખડવાના ભાવ છે. સમજાણું કાંઈ? '**णिंदं आसवो जाण**'. એ આસ્રવ નિંદનીક છે, અનર્થનું કારણ છે. આહા..હા..! આ લોકો કહે છેને અત્યારે એ તકરાર ચાલી છે હવે. છેલ્લે બધું ચાલતા-ચાલતા વાંધા એ ઊઠાવ્યા છે કે વ્યવહારને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છેને. જગમોહનલાલજીએ એ ઊઠાવ્યું છે. પણ કોને? જેને રાગથી ભિન્ન પડીને ચૈતન્યનો અનુભવ વીતરાગી સ્વરૂપ પ્રભુ છે એવો અનુભવ થયો છે એની રાગની મંદતાના પરિણામને પરંપરાએ મોક્ષનું કારણ એટલે કે અત્યારે શુભભાવ છે એ અનુભવની દૃષ્ટિએ એને શુભભાવમાં અશુભભાવ ઘટ્યો છે અને પછી શુભને ટાળી અને સ્વનો આશ્રય લેશે એથી એને પરંપરાએ કહેવામાં આવ્યું છે. રાગ એ મુક્તિનું કારણ સમકિતીને નથી અને મિથ્યાત્વીને પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ જ્યારે આત્મજ્ઞાન થયું છે નિશ્ચય આત્મા, નિષ્ક્રિય રાગની ક્રિયા વિનાનો પ્રભુ છે એવી સમ્યગ્દૃષ્ટિ થઈ તેને અનુભવમાં જ્ઞાન અને આનંદની દશા થઈ એના શુભભાવને પરંપરા કીધું છે. કેમકે એનો આશ્રય નથી, એનો સ્વામી નથી, એનું એ કર્તવ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મોટા વાંધા ઊઠાવ્યા.

અહીંયાં તો છઠ્ઠે ગુણસ્થાને પણ એમ કહ્યું શાસ્ત્રએ, કે એને જે વ્રતનો અને વ્યવહાર સમિતિ, ગુપ્તિનો, પૂજા, ભક્તિનો ભાવ જે થાય છે એને એ સંસાર છે. એ ભાવ પણ સંસાર—જગપંથ છે. સમજાણું? છે અહીં? આ શું છે આ? સમયસાર નાટક છે હોં. આહા..હા..! બનારસીદાસ સિદ્ધાંતના અર્થ કરતાં આવો અર્થ કરે છે. બનારસીદાસ. '**તા કારણ જગપંથ ઈત,...**' જ્યારે શુભરાગ થાય છે એ પરના લક્ષે થાય છે તેથી તે જગપંથ છે. મુનિને હોં, સાચા સંતને! જેને અનુભવ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એને જે શુભરાગ પ્રમાદ સંસારનું કારણ છે. આહા..હા..! '**ઉત સિવ મારગ જોર,...**' અંતર આનંદસ્વરૂપના આશ્રયથી જે વીતરાગતા પ્રગટી એ મોક્ષનો માર્ગ છે. '**પરમાદી જગકૌ ધુકૈ,...**' એ છઠ્ઠે ગુણસ્થાને પણ વ્રતનો વિકલ્પ તે પ્રમાદ છે. એ '**જગકૌ ધુકૈ...**' જગત તરફ ધુકે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ છે એ વીતરાગભાવથી ઊભો થાય છે. એને આ રાગ કરતાં-કરતાં થાશે.. આહા..હા..! એ આ અત્યારે તકરાર મોટી છે. ત્યાં કહ્યું છેને નિર્જરા અધિકારમાં, ક્લેશ કરો તો કરો, જિનાજ્ઞાના પ્રમાણના મહાવ્રતાદિ છે એનો ક્લેશ કરો તો કરો, પણ એનાથી ધર્મ નથી, સંવર-નિર્જરા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કેટલી વાત લીધી!

'**પરમાદી જગકૌ ધુકૈ,...**' છઠ્ઠે ગુણસ્થાને પણ રાગનો વિકલ્પ જે પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણનો રાગ ઊઠે એ પ્રમાદ છે. એ '**જગકૌ ધુકૈ,...**' એ સંસાર તરફ જુકેલ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જેટલો આત્માના સ્વભાવ તરફ જુકેલ છે એટલો શિવમાર્ગ—મોક્ષમાર્ગ છે. આહા..હા..! અરેરે..! રખડીને જુઓને..

**શ્રોતા :-** સમ્યક્ સાથે રાગ છે એ સંસારનું જ કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસાર છે છઠ્ઠા ગુણસ્થાનમાં. સંત સાચા ભાવલિંગી જેણે આત્માનો

આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયું છે એને પણ જે રાગ છે એ જગકૌ ધુકે, જગપંથ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મોક્ષ અધિકાર છે. એમાં સમયસાર નાટકનો આ અધિકાર. ૪૦મો બોલ છે. બોલ ઘણા છે એમાં ૪૦મો બોલ છે. બોલ તો ઘણા છે. ૫૩ છે. ૫૩માં ૪૦મો બોલ છે. મોક્ષ અધિકાર. આ તો ઘણા વર્ષ પહેલાં વાંચેલું છે. (સંવત) ૧૯૭૮ની સાલથી વાંચ્યું છે. સમયસાર નાટક. સમયસાર, પ્રવચનસાર. ૭૮. કેટલા વર્ષ થયા? ૫૪. ૫૦ અને ૪. ૫૪ વર્ષ થયા. આનો અભ્યાસ. એમાં હતા પણ આ વાંચતા હતાને. આ વાંચ્યું. ઘણીવાર વાંચ્યું છે બહુ પહેલા. અરે..! આ તો માર્ગ આ છે. આહા..હા..!

અમૂલચૂલ એવો શબ્દ આવે છે. જિનાદેશ જાતા. અમુલચુલ એવું કાંઈક છે. જિનવાણી. સમજાણું? આ સમયસાર છે. જુઓ, ૐકાર પ્રણવનું ગાયન બનાવ્યું છે-મંત્ર. બનારસીદાસ. ૐ પ્રણવ.. એમાં એ બનાવ્યું છે. શું કીધું? જુઓ, .. ૐકારકો અમૂલચૂલ મૂલરસ. જિનવાણી-જિનવાણી જે નીકળી ૐ એ જિનવાણી કેવી છે? ૐકાર અમૂલ—જેની કિંમત નથી એવી ચૂલ-મનોહર મૂળ રસ. જિનવાણીના પરિણામ અંદર સાંભળ્યા, આશ્રય લીધો તો આનંદ પ્રગટ થયો. અમૂલચૂલ મૂલરસ. બનારસીદાસ. 'ઐસો ઓમકાર અમૂલચૂલ મૂલરસ, બનારસીદાસ જુકે વદન વિલાસ હૈ.' આહાહા.! ૐકાર એ મુખની શોભા છે કહે છે. ભગવાનની વાણી ૐમાંથી નીકળે છે. ભગવાન આમ નથી બોલતા. ૐ. એ પહેલા છે. 'મુખ ઓમકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' 'મુખ ઓમકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે.' બહુ સરસ છે. આ છપાવ્યું હતું. ૐકાર જ્યારે સ્થાપ્યોને ત્યાં ૯૫માં. છેને ૐકાર? પાટ ઉપર. ઈટાલીનો પત્થર છે અને એમાં ૐકાર ૯૫ના ફાગણમાં સ્થાપ્યો. ૯૫ના ફાગણ. ૩૭ વર્ષ થયા. તે વખતે આ છપાવ્યું હતું બનારસીદાસનું. બનારસીવિલાસમાં છે. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચિ આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' એવો જે ૐકાર આહા..હા..! 'બનારસીદાસ અંગ દ્વાદશ વિચાર યામે' ૐકારમાં બાર અંગના વિચાર ભરેલા છે. આહા..હા..! 'ઐસે ૐકાર કંઠ પાઠ તોહી આયો હૈ.' એવા કંઠમાં તારે ૐ આવ્યો એમ છે. કહે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બહુ લખ્યું છે. પુસ્તક છે આ હોં. તેદી છપાવ્યું હતું. ૐ પ્રણવ મંત્ર. છેને? પ્રણવ માહાત્મ્ય. પ્રણવ એટલે ૐ. ભગવાનની ૐધ્વનિ એને પ્રણવ કહે છે ૐને. એનું માહાત્મ્ય છે. આહા..હા..!

અહીં કહે છે કે ભગવાનની વાણી એમ કહે છે કે જીવના વિકારી પરિણામ હોવા છતાં તે કાળે કર્મની પર્યાય થાય છે તો એ પર્યાયમાં નિમિત્ત કહેવામાં આવે છે, પણ એ નિમિત્તથી કર્મબંધન થાય એમ છે નહિ, કર્તાકર્મ છે નહિ. આહા..હા..! જ્ઞાનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે છે. આવે છે? 'सत्प्रदोष' તત્વાર્થસૂત્ર. છ બોલ આવે છેને? તો છ બોલના પરિણામ જીવ કરે અને તેથી જ્ઞાનાવરણીય બંધાય એમ નહિ. આહા..હા..! જ્ઞાનાવરણીય કર્મ પોતાની યોગ્યતાથી ત્યાં બંધાય છે એને આ છ પ્રકારના જ્ઞાનાવરણીય બંધવાના કારણ એને નિમિત્ત

કહેવામાં આવે છે. આહા..હા..! પણ એ છ પ્રકારના વિકારી ભાવ કર્યા તો એને કારણે કર્તા થઈને કર્મબંધન થયું એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એ કહે છે, જુઓ,

**'પુદ્ગલપરિણામો સાથે પુદ્ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને, માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી,...'** નિમિત્તનૈમિત્તિક છે. નિમિત્તનૈમિત્તિકનો અર્થ આ. આહા..હા..! એ કર્મના બંધનના સ્વકાળની પરિણતિ કાળે અહીંયાં રાગ-દ્વેષ નિમિત્ત છે, બસ એટલું; પણ રાગદ્વેષ છે તો કર્મબંધનનું કાર્ય થાય એમ નથી. આહા..હા..! આવી સ્વતંત્ર વાત ન બેસ એને ભગવાન જે પર્યાયની પાછળ—આ પર્યાય તો પ્રગટ વ્યક્ત છે, વ્યક્ત પર્યાયને પણ પરાધીન માને કે કર્મ છે તો વિકાર થાય તો એને દ્રવ્યસ્વભાવ શુદ્ધ ચિદ્ઘન છે, એ સ્વયંસિદ્ધ છે એ વાત એને નહિ બેસે. આહા..હા..! વાત એવી છે. આહા..હા..!

આ તો ૐકારમાંથી વાત આવી. સમજાણું કાંઈ? ૐકાર અંદરથી આવ્યો. ભગવાન પાસે સાંભળ્યો હતોને? ૐકાર અંદરથી આવ્યો. દિવ્યધ્વનિ આવી અંદરથી. આહા..હા..! ઝીણી વાત છે. એ ૭૮ના વૈશાખ વદ આઠમ. સંવત્ ૭૮ના વૈશાખ વદ આઠમ. ૯ વાગે લગભગ. આહા..હા..! એ મૃગાપુત્રનું અધ્યયન છેને? ઉત્તરાધ્યનનું ભાઈ મૃગાપુત્રનું. વૈરાગ્ય. ઉત્તરાધ્યયન છે શ્વેતાંબરનું. ૧૯મું અધ્યયન તો મોઢે કંઠસ્થ છ હજાર શ્લોક કર્યા. એ સમયે.. ૭૦માં દીક્ષા (લીધી). ૭૧ની સાલમાં છ હજાર શ્લોક કંઠસ્થ કર્યા. છ હજાર શ્લોક. ૭૧. કેટલા વર્ષ થયા? ૬૧ વર્ષ થયા. ૬૦ અને ૧. સમજાણું કાંઈ? એમાં સ્વાધ્યાય કરતાં હતા. સ્વાધ્યાય કર્યો અને આમ છે એમ થયું એકદમ અંદરથી પૂર્વની ધ્વનિ અંદરથી આવી. ધ્વનિ વખતે મંગળિકનું વાજુ નીકળે છે દુદુંભી એ આવ્યો અંદરથી. આહા..હા..! આ શું છે? આ શું છે? એમ થયું. સમજાણું કાંઈ? એ ૐકાર કંઠ પાઠ તો એ આયો હૈ, તો બાર અંગનો સાર એમાં આવી ગયો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એમાં છે એ. શ્રુતજ્ઞાન પ્રધાન ઈ છે એમાં. જુઓ, 'ૐકાર શબ્દ વિશદ યાકે ઉભયરૂપ, એક આતમીક ભાવ એક પુદ્ગલકો.'

ૐ પરમાત્મા નિજ સ્વરૂપને ભાવ ૐ કહે છે અને વિકલ્પ ઊઠે છે અને વાણી નીકળે છે તે દ્રવ્ય ૐ છે. સમજાણું કાંઈ?

**શુદ્ધતા સ્વભાવ લિયે ઊઠ્યો રાય ચિદાનંદ,**
**અશુદ્ધ વિભાવ લૈ પ્રભાવ જડબલકો.**
**બનારસીદાસજૂકે હૃદય 'ૐકાર' વાસ,**
**જૈસો પરકાશ શશી પક્ષ કે શુક્લકો.**
**નિરમલ જ્ઞાનકે પ્રકાર પંચ નરલોક,**
**તામે શ્રુતજ્ઞાન પરધાન કરી પાયો હૈ.**

મારે શું કહેવું છે? ૐકારમાં શ્રુતજ્ઞાનની દશા આવી છે, એમ કહે છે. ભાવશ્રુતજ્ઞાન એમ કહે છે. જરી છે વાત. બનારસીદાસે તો બહુ વસ્તુને.. આહા..હા..!

અહીંયાં કહે છે... આહા..હા..! કે અજ્ઞાનીના રાગદ્વેષ ભલે હો, એને ખબર નથી કે કર્મનો ઉદય છે નિમિત્તરૂપે અને કર્મ બંધાય છે એને ખબર નથી કે આ રાગદ્વેષ જીવ કરે છે તો હું કર્મબંધનપણે થાઉં છું. સ્વતંત્ર છે. આહા..હા..! આમ હોવા છતાં એકબીજાના કર્તાકર્મ નથી. આહા..હા..! કર્મનો ઉદય આવ્યો તો રાગદ્વેષ કરવો પડ્યો એમ નથી અને રાગદ્વેષ કર્યો તો કર્મબંધ થયા (એમ નથી). રાગદ્વેષ કર્યો તો ત્યાં બંધન થયું એમ નથી, એ તો પરમાણુમાં એ સમયે એમ થવાની લાયકાત હતી. કર્મના પરમાણુ થવાને લાયક તો ઘણા છે, પણ એમાં એટલા જ કેમ થયા? એટલામાં એટલા થયા, એની યોગ્યતા એટલી હતી માટે થયા. દેવીલાલજી! પંડિતજી! વાત એવી છે, ભાઈ! અરે.. પ્રભુ!

**'માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી, અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ** (થાય) **છે;...'** અહીંયાં મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામ કર્યા ત્યાં કર્મબંધન એને કારણે થયું દર્શનમોહ, મિથ્યાત્વભાવ કર્તા નથી. મિથ્યાત્વભાવ દર્શનમોહ બંધાવામાં કર્તા નથી, નિમિત્ત છે; અને પરપદાર્થ નિમિત્ત છે અને પોતાના પરિણામમાં વિકાર થયો તો એ પરપદાર્થ કર્તા છે અને વિકાર અહીં કાર્ય થયું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કે કર્મ નિમિત્ત આવ્યું એટલે એણે વિકાર કરવો જ પડે, એમ નથી.

**શ્રોતા :-** કર્મ ઉદય લઈને આવે તો વિકાર થાય જ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ જૂઠી વાત છે. એ તો જયસેનાચાર્યમાં આવ્યું કે કર્મનો ઉદય તીવ્ર હોવા છતાં શુદ્ધ ઉપાદાનપણે આત્મા પરિણમે તો તે ઉદયને કારણે પરિણમશે એમ નથી. કર્મનો તીવ્ર ઉદય એમાં આવ્યો, પણ પોતાના સ્વભાવ સન્મુખ ઝુકાવ થયો તો એ ખરી જાય છે. સમજાય છે? ઈ તરફનો ઝુકાવ હોય તો વિકાર પોતાથી થાય છે. પોતા તરફ ઝુકાવ થાય તો કર્મનો ઉદય હોવા છતાં પણ પોતાના ઝુકાવથી કર્મની નિર્જરા થઈ જાય છે. આહા..હા..! આવી વાત છે પણ હવે શું થાય?

**'પુદ્ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને, માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી, અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ** (થાય) **છે; તે કારણે** (અર્થાત્ તેથી), **જેમ માટી વડે ઘડો કરાય છે...'** કુંભાર વડે નહિ. આહા..હા..! આ તમારે તો બધું લાદીમાં તો ઘણું-ઘણું થાય છેને. ભાત ભાતના ઓલા નાખે—છાંટ નાખે. લાદીનો મોટો વેપાર છે. ત્યાં કારખાને ગયા હતા. ત્યાં રહ્યા હતાને આપણે, નહિ? શું કહેવાય એ? થાણા. થાણામાં છે એનું લાદીનું મોટું કારખાનું. આહા..હા..! એ પત્થરની પર્યાય જે થાય છે એનો આત્મા કર્તા નથી, એમ કહે છે.

**શ્રોતા :-** કારખાનાવાળો પણ કર્તા નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્તા નહિ. કારખાનું એનું ક્યાં છે? એ તો જડનું છે. બે કારખાના છે. ત્યાં એક એનું છે અને એક ભગવાનજીભાઈનું. ભગવાનજી નહિ? એ જ અહીં કહે છે કે જેટલા પ્રમાણમાં રાગ કર્યો એટલા પ્રમાણમાં કર્મ બંધાયા, છતાં રાગ એનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ આંગળી ચાલે છે. જુઓ, પોતાની પર્યાયથી ચાલે છે એમાં વિકલ્પ નિમિત્ત છે, પણ નિમિત્ત થયો તો એમાં કાર્ય થયું એમ નથી. કહો, ગીરધરભાઈ! સવારમાં કાંઈક હતું એમાં યાદ આવ્યા હતા. કાંઈક હતું. કીધું, ગીરધરભાઈ નથી. કાંઈક હતું ખરું સવારમાં, નહિ? આ કરીએ.. આ કરીએ. કોણ કરે? બાપુ! આહા..હા..! દેશના કામ કરીએ, કુટુંબના કરીએ. આહા..હા..! કુટુંબમાં સુધારો કરીએ, દેશનો સુધારો કોણ કરે? ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ વિકારના પરિણામને કરે એનો કર્તા થઈને અજ્ઞાની એનું કર્મ માને, વિકારી પરિણામ એ મારું કાર્ય માને, પણ પરનો કર્તા થઈ શકે નહિ. આહા..હા..!

**'માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,...'** આહા..હા..! જીવના વિકારીભાવ પોતાના.. ભાષા દેખો, અહીં તો વિકારી એના છે એમ સિદ્ધ કરીને અજ્ઞાનભાવને સિદ્ધ કરવું છેને? **'પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,...'** વિકારીભાવ પોતાનો છે, પોતાથી થાય છે. આહા..હા..! સવારે એમ આવ્યું હતું કે આત્મા પર્યાયનો કર્તા નથી. સમ્યગ્દર્શન આદિ પર્યાયનો પણ આત્મા કર્તા નથી. આહા..હા..! અહીંયાં અત્યારે આવ્યું કે પોતાના વિકારીભાવનો કર્તા પોતાનો આત્મા છે. સમજાણું કાંઈ? સવારે પરથી ભિન્ન કરવાની વાત હતી અને આ તો ભિન્ન નથી અને રાગનો કર્તા અજ્ઞાની થાય છે એની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! હવે આ તકરાર કરે કે પરનો કર્તા ન માને એ દિગંબર નહિ. કહો, હવે કઈ રીતે શું કહેવું? એય ..જી! સાંભળ્યું છે કે નહિ તમે ત્યાં લલિતપુરમાં? નહિ? ઇન્દોરમાં આવી હતી વાત. એ રતનચંદજી છેને ઈ કહેતા હતા. માણસો થોડા હતા, ૫૦ પંડિતો હતા. પરનો કર્તા ન માને એ દિગંબર નહિ. એમ કે આ લોકો પરનો કર્તા માનતા નથી માટે દિગંબર નથી. હવે ભાઈ દિગંબર નથી એમ તું માનને, એમાં અમારે શું છે અહીં?

અહીં તો રાગનો કર્તા છે એને પણ જૈન કહેતા નથી, મિથ્યાદૃષ્ટિ છે. રાગનો કર્તા અને આત્માનું રાગ કર્મ—કર્તવ્ય એ તો મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી. આહા..હા..! જૈન છે એ તો રાગનો કર્તા થતો નથી. પોતાના આનંદનો કર્તા થઈને આનંદનો અનુભવ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આહા..હા..! જૈન કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. જિન સોહી હૈ આત્મા, વીતરાગસ્વરૂપે પ્રભુ આત્મા છે—એવી જ્યાં દૃષ્ટિ અનુભવ થયો તો રાગનો કર્તા ન રહ્યો, રાગનો જાણનાર રહ્યો. રાગ તો થાય છે સમકિતીને, મુનિને પણ થાય છેને. હો. એ કાળે જાણેલો પ્રયોજનવાન છે એવો પાઠ છે. ૧૨મી ગાથા. તે કાળે

તે તે પ્રકારના રાગની જેટલી દશા છે તેને તે પ્રકારે જ્ઞાન પોતાથી, તેની હયાતીને કારણે નહિ, પોતાના જ્ઞાનની આદિની શરૂઆતમાં એનું પરિણામ સ્વતંત્ર પરને જાણવાનું છે એ જાણે છે. આહા..હા..! બનારસીદાસ તો ત્યાં સુધી કહે છે, 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આહા..હા..! કોની સાથે વાદ કરવો? પ્રભુ! એને જેવી પર્યાયમાં રુચિ થઈ એ પ્રમાણે એની ખતવણી કરશે. એને એ બેસશે. આહા..હા..!

અહીં તો કહે છે '**માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,...**' વિકારીભાવ પોતાથી પોતામાં કરતો હોવાથી. આહા..હા..! ઠીક! '**જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે,...**' કદાચિત્ એટલે અજ્ઞાનભાવમાં. જ્યાં સુધી રાગથી ભિન્ન થઈને સમ્યગ્દર્શન થયું નથી ત્યાં સુધી પોતાના રાગનો કર્તા અજ્ઞાની પોતાથી છે. અજ્ઞાનના કાળમાં કદાચિત્... સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! કેટલા દુઃખમાં ઘેરાઈ ગયો અનાદિથી. ભાવપાહુડમાં તો એમ આવ્યુંને, પ્રભુ! તું મરી ગયો અને તારું દુઃખ જોઈને તારી માતાએ જોઈને એટલું રુદન કર્યું કે એના રુદનના દરિયો અનંતા ભરાય. એ મનુષ્યપણે હોય ત્યારેને! એની મા .. બીજા ઢોરમાં હોય કદાચ, લ્યોને. આહા..હા..! ભગવાન! અનંત કાળ ગયો, બાપુ! આહા..હા..! એ ભાષા ભલે હો, પણ અનંત કાળ આહા..હા..! જેની આદિ નથી એવો કાળ. આહા..હા..! અનંતા મનુષ્યના ભવ, અનંતા નિગોદના ભવ, અનંતા સ્વર્ગના ભવ, અનંતા નરકના ભવ. અજ્ઞાનપણે રહેવાથી એવા અનંત ભવ થયા. દુઃખ.. દુઃખ... દુઃખ. કેમકે ભગવાન આનંદસ્વરૂપ છે એ તરફ તો ઝુકાવ થયો નથી. ઝુકાવ રાગ અને દ્વેષના પરિણામ ઉપર ઝુકાવ એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! અનંત સંસાર મિથ્યાત્વમાં પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી...**' ભાષા તો જુઓ, ઓહોહો..! માટી વડે પોતાના ભાવની ઘડાની પર્યાય માટી કરે છે, પણ માટી વડે કપડું કરી શકાતું નથી. માટી કર્તા અને કપડું કર્મ, એમ હોય? આહા..હા..! કેવો દૃષ્ટાંત દીધો છે! '**તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશક્ય હોવાથી...**' આહા..હા..! જીવ વિકારીભાવ કરે એ એ ભાવથી કર્મની પર્યાયને કરે, અશક્ય છે. આહા..હા..! જેમ માટીથી કપડું થઈ શકે નહિ એમ વિકારી પરિણામથી કર્મની પર્યાયનું બંધન થઈ શકે નહિ. આહા..હા..! માટીથી ઘડો કરાય, એમ જીવથી વિકારી પરિણામ કરે અજ્ઞાની. અજ્ઞાનીની વાત છેને અહીં. એની સ્વતંત્રતાની એને હજી ખબર નથી એ સિદ્ધ કરે છે. તને વિકારીભાવ થયા માટે કર્મને લઈને થયા એમ છે નહિ. આહા..હા..! એ તો ભક્તિમાં આવે છેને? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ...' ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિમાં આવે છે—પૂજામાં. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' એકલી અગ્નિમાં કોઈ ઘણ નથી નાખતું. અગ્નિ લોઢામાં પેસે તો ઘણ પડે છે. એકલો આત્મા પરમાં રાગ-દ્વેષ ન કરે તો એને દુઃખ નથી થતું,

ચાર ગતિના ઘણ એને નથી પડતા. આહા..હા..! પણ રાગના નિમિત્તમાં જોડાઈને રાગ-દ્વેષ કરે છે અજ્ઞાની પોતાથી, એનાથી ચાર ગતિમાં રખડે છે. આહા..હા..!

આ જુઓને આજ બિચારો આવ્યો હતો. પુનાભાઈ આવ્યા હતા સવારમાં. એનો જમાઈ થાયને. મહા મહિનામાં લગન. ૧૫ વર્ષની ઉંમર. એ લોકો નાની ઉંમરમાં (લગન કરે). રબારી-રબારી આ બકરા.. પુનાભાઈ આપણે અહીં નોકર છે ઈ આવ્યા હતા સવારમાં. એ તો એમ કહેતો હતો કે બિચારો કે મને બાંધો... બાંધો... એમ બિચારો કહે. મને બાંધો ખાટલા સાથે. સમજાય છે? બાંધો કહે. અને ખાટલો આમ હતો તો આમ નાખ્યો. મારાથી આમ થાય છે. આહા..હા..! પ્રભુ! કેટલી વેદના! રાગદ્વેષની એકતાની કેટલી વેદના! આહા..હા..! એવા દુઃખો અને એવા જન્મ-મરણ પ્રભુ તેં અનંત કર્યા. રાગની સ્વતંત્રતાથી રાગ થાય છે એટલી પણ તને ખબર ન મળે. એને રાગ વિનાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ સ્વતંત્ર છે અનાદિ (એ કેમ બેસશે?) આહા..હા..! આ વાત જ એવી છે, ભાઈ! જેને આત્માનું હિત કરવું હોય એને માટે વાત છે. વાતું કરીને વાદવિવાદ કરવા ને આનું આમ ને આનું આમ, તો એ તો કાંઈ પહોંચી શકશે નહિ. 'વાદવિવાદ કરે સો અંધા.'

અહીંયાં તો આત્મા પોતાના ભાવને કરતો હોવાથી એ વિકારી પરિણામનો કર્તા જીવ અજ્ઞાનપણે છે; પણ જેમ માટી વડે કપડું થતું નથી, એમ પોતાના વિકારીભાવ વડે કર્મબંધન થતા નથી. આહા..હા..! એમ કર્મના ઉદયથી જીવના વિકારીભાવ થતા નથી. માટી વડે કપડું થતું નથી એમ કર્મના ભાવ વડે કર્મનો ભાવ થાય, પણ કર્મના ભાવ વડે જીવના વિકારીભાવ થાય એમ નથી. આહા..હા..! આ મોટા વાંધા છે. એ પહેલાં લીધું કર્મને લઈને વિકાર થાય અને વિકાર હું કરું તો કર્મબંધન થાય—આ મોટો ગોટો પહેલેથી. આહા..હા..! ૬૨ ગાથામાં તો એમ કહ્યું. પંચાસ્તિકાય. એ ચર્ચા ચાલી હતી વર્ણીજી સાથે. ૧૯ વર્ષ થયા. (સંવત) ૨૦૧૩ની સાલ. સમ્મેદશિખર જાત્રા ગઈ હતીને, સમ્મેદશિખર જાત્રા. પર્યાયમાં વિકાર થાય છે એ પોતાથી ષટ્કારકથી થાય છે. કર્મની નિમિત્તની પરકારકની અપેક્ષા છે નહિ. ખળભળાટ.

**શ્રોતા :-** કર્મથી થાય એ માન્યતા છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માન્યતા હતીને. આહા..હા..! આ લોકો ભૂલ્યા એ મોટા ભૂલ્યા. એમ કે કર્મથી ન થાય તો તો સ્વભાવ થઈ જાય. આહા..હા..! પોતાની પર્યાય પોતાથી થાય છે, એ દ્રવ્ય-ગુણને લઈને નહિ, પોતાના દ્રવ્ય-ગુણની અપેક્ષાથી નહિ. પરની અપેક્ષા તો નહિ પણ એ સ્વતંત્ર એક સમયની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન થઈને વિકાર સ્વયંસિદ્ધ થાય છે. મોટી ચર્ચા. ઘણા વર્ષ થઈ ગયા. ૧૯ વર્ષ થયા. પંડિતોમાં ખળભળાટ. એક ફૂલચંદજી (એમ બોલ્યા), સ્વામીજી એમ કહે છે નિશ્ચયથી વિકાર પોતાથી થાય છે, પરથી નહિ. એવું એણે પકડ્યું, ફૂલચંદજીએ. પરથી નહિ. માટીથી કપડું નથી થતું, એમ કર્મના ઉદયથી વિકાર નથી થતો અને વિકારના કારણે કર્મ નથી થતા, એમ કહે છે. આહા..હા..! અમરચંદભાઈ!

આવી વાત છે, ભાઈ!

અરે..! જેને વર્તમાન પર્યાયની વિકૃતદશા તેમાં મારું જ કારણ છે સ્વતંત્ર કર્તાનું એવું પર્યાયના અસ્તિત્વને જે ન માને, એને ભગવાન પાછા આનંદનો નાથ કઈ રીતે બેસે? સમજાણું કાંઈ? આહા..હા..! એ ચીજ પર્યાયમાં દેખાય નહિ. પર્યાયમાં દ્રવ્ય આવે નહિ અને પર્યાય એની કોર વળે ત્યારે એનું જ્ઞાન થાય. આ તે વાત. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ પરમાત્મસ્વરૂપ જ છે. પરમપારિણામિક સ્વભાવભાવનો કંદ છે. આહા..હા..! એને કોઈ કર્મની અપેક્ષા નથી અને એના અભાવની અપેક્ષા નથી એવી એ ચીજ છે. એને આ પર્યાયની વિકૃતદશા પણ મારી મારાથી થાય છે, નિમિત્ત હો, પણ નિમિત્ત તો અહીં કરે ત્યારે કહેવાયને? પણ એનાથી વિકાર થયો છે એ વાત જેને ન બેસે... વિકૃત અવસ્થા મોજૂદ વર્તમાનમાં અનાદિની છે એમાં કર્તાકર્મ નહિ, એ વાત એને ન બેસે એને પર્યાયની પાછળ એકલો આનંદકંદ પ્રભુ જ્ઞાનસ્વભાવનો રસ એ વાત કેમ બેસે? વિકાર પણ પરને લઈને થાય એમ માને એનું દ્રવ્યપણું સ્વતંત્ર કઈ રીતે બેસે? આહા..હા..! એક સમયમાં ભગવાન નિત્યાનંદ પ્રભુ અનાદિથી નિત્ય પ્રભુ છે. પર્યાયની એક સમયની દશાની પાછળ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'માટી વડે કપડું કરી શકાતું નથી તેમ પોતાના ભાવ વડે...'** એટલે વિકારીભાવ વડે **'પરભાવનું કરાવું...'** એટલે કર્મબંધનનું થવું વિકારીભાવને લઈને થતું નથી. આહા..હા..! ગજબ વાતું છે. આ સાધારણ બિચારા પૂજા ને ભક્તિ, વ્રત ને તપ કરે. મરી જવાના. એય.. શિખરચંદજી! સાધારણ શુભભાવ હોય એને, પછી એનો ઉત્સાહ, એનો ઉત્સાહ, અને હું કાંઈક વિશેષ કરું છું. બીજા કરતાં ભક્તિમાં અને પૂજામાં મારી વિશેષતા છે એ બતાવવા જરી હોંશ કરે. આહા..હા..! ભાષાનો પણ કર્તા આત્મા નથી. સ્વાહા. એ જીવને શુભભાવ છે માટે સ્વાહાની પર્યાય થાય છે એમ નથી. માટી વડે તો ઘડો થાય. કાંઈ માટી વડે કપડું થાય? એમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ થાય, પણ પોતાના ભાવ વડે પરનો ભાવ થાય (એમ હોય નહિ). આહા..હા..! સમજાણું કાંઈ?

**'જેમ માટી વડે કપડું કરી શકાતું નથી...'** પહેલાં અસ્તિથી કીધું. માટી વડે ઘડો કરાય છે એ અસ્તિથી કર્યું અને અહીં કહે કે માટી વડે કપડું કરી શકાતું નથી. આહા..હા..! કહો, ગિરધરભાઈ! તો આ બધું કર્યું શું અત્યાર સુધી આ? એક તો ગામના શેઠિયા, વળી પાછા કાર્યકર્તામાં ભળ્યા. માન આપે લોકો. આહા..હા..! કોણ કરે, ભાઈ! આંગળીને આમ હલવું એનો કર્તા આત્મા નહિ. ભાષા જે આ હોઠ હલે એનો આત્મા કર્તા નહિ. જેમ માટી વડે કપડું કરી શકાય નહિ, એમ આત્માના વિકલ્પ દ્વારા હોઠ હલાવાય નહિ.

**શ્રોતા :-** દેશની સેવા ન કરવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે? એ તો હવે એને... આ તો દાખલો. હવે એ તો એને બેઠી છેને. આહા..હા..! કોણ કરે? બાપુ! આહા..હા..! એક આ રજકણ છે એની

તે સમયની પોતાને થવાલાયક જે પર્યાય છે એને આત્મા કરે? આહા..હા..! માટી વડે ઘડો કરાય, પણ માટી વડે કપડું કરાય? એમ ભગવાન આત્મા પોતાના રાગ વડે રાગને કરે અજ્ઞાની, પણ રાગ વડે ભાષા કરે કે રાગ વડે આંગળી હલાવે કે પરને દેવા-લેવાની ક્રિયામાં રાગ થયો માટે આ કાર્ય થાય દેવાનું, આહા..હા..! અનાજ દેવાનો ભાવ થયો શુભ તેથી અનાજ આમ દઈ શકે છે એ કાર્ય એનું છે એમ નથી. પર માટે પ્રભુ પાંગળો છે. એ બીજી રીતે આવ્યું. આ બીજી રીતે. આ તો પરનું કાર્ય કરી શકતો નથી એ રીતે પાંગળો. ત્યાં તો શુભાશુભભાવથી કર્મ થયું એ અનુભૂતિના અભાવે. એનાથી ગતિ-આગતિ કરે છે. આત્માનો સ્વભાવ એ નથી. એ તો પ્રભુ જ્ઞાયકમૂર્તિ છે એવો ને એવો છે, એમ કહે છે. પર્યાયમાં ભૂલ થઈ અને ભૂલને લઈને કર્મ થયું અને કર્મને લઈને ગતિ-આગતિ થાય એમાં ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે ઈ શી રીતે કરે પરને? આહા..હા..!

**'પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશક્ય હોવાથી...'** એ શું કહ્યું? જીવ પોતાના રાગભાવને કરે અજ્ઞાનભાવમાં, પણ તેથી તે પરભાવનું કરવું થાય એ અશક્ય છે. આહા..હા..! દેશની સેવા કરી શકે, દુઃખીને આહાર દઈ શકે, પાણી દઈ શકે, ઔષધ દઈ શકે એ ક્રિયા આત્મા કરી શકે એ ત્રણકાળમાં નથી. આહા..હા..! શરીરની ક્રિયા હલાવવાની કરી શકતો નથી પછી પ્રશ્ન શું? આહા..હા..! આ કાગળ આમ ફરે છે માટે એ ક્રિયા આંગળીથી થઈ એમ નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનાથી થઈ? એ પરમાણુ પોતે એ રીતે ક્રિયાવતી શક્તિને લઈને આમ થાય છે.

**શ્રોતા :-** સામર્થ્ય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સામર્થ્ય તે પોતા માટે કે પર માટે? એ પ્રશ્ન થયો છે કળશમાં. કે આત્મામાં અનંતી શક્તિ છે. કોઈ એક શક્તિ એવી હોય કે પરનું કરે. કળશમાં લીધું છે. આમાં. સમજાણું કાંઈ? ભગવાન! એમાં એવી શક્તિ ત્રણકાળમાં નથી. આ એક શક્તિ ખરી અજ્ઞાનભાવે રાગ કરે ઈ. પરનું કરે એ તો વસ્તુ અજ્ઞાનભાવે પણ નથી. આહા..હા..!

**'પરભાવનું કરાવું અશક્ય હોવાથી (જીવ) પદ્‌ગલભાવોનો કર્તા તો કદી પણ નથી...'** આહા..હા..! એ જ્ઞાનાવરણીય બંધાય, દર્શનાવરણીય બંધાય એ પર્યાયનો જીવ ત્રણકાળમાં કર્તા નથી. આહા..હા..! એક કોર એમ કહે કે આત્મા બાંધે અને આત્મા છોડે. અરિહંતમાં નથી આવતું? કર્મરૂપી વેરીને હણે તે અરિહંત. અહીં કહે છે કે કર્મને હણી શકતો નથી આત્મા. એ રાગ-દ્વેષ કરે તો ત્યાં કર્મ થાય એને કારણે, વીતરાગભાવ કરે તો કર્મ છૂટે એને કારણે. એ ટાણે કર્મની અવસ્થા અકર્મરૂપે થવાની એને કારણે. અહીં વીતરાગભાવ કર્યો માટે અકર્મ અવસ્થા એની થઈ (એમ બિલકુલ નથી). આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૨, બુધવાર, તા. ૨૮-૦૭-૧૯૭૬,**
**ગાથા-૮૦ થી ૮૩,**
**પ્રવચન નં. ૧૩૯**

સમયસાર, કર્તાકર્મ અધિકાર, ૮૦-૮૧-૮૨નો ભાવાર્થ.

'**ભાવાર્થ :- જીવના પરિણામને...**' છે ભાવાર્થ? એટલે? અહીં જીવના પરિણામ એટલે મિથ્યાત્વ અને રાગદ્વેષના ભાવને અહીંયા જીવના પરિણામ કહ્યા છે. પહેલા આવી ગયું હતું ૭૯ સુધી. ત્યાં તો જીવના પરિણામ વીતરાગી પરિણામ તે જીવના પરિણામ કહ્યા હતા. કેમકે ત્યાં ભેદજ્ઞાનીની વાત હતી. જે કોઈ રાગથી ભિન્ન પડ્યું છે એવી ચીજનું જ્ઞાન થયું, એવા ધર્મીને એના પરિણામ તો વીતરાગી પરિણામ ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? અને એના જે રાગના પરિણામ છે એને પુદ્‌ગલના પરિણામ ગણવામાં આવ્યા છે. ભેદજ્ઞાન છેને.

અહીંયાં તો પ્રથમથી જ એની સ્વતંત્રતા અજ્ઞાનીની (બતાવે છે). અજ્ઞાની પોતે જ રાગદ્વેષને કરે છે. ભેદજ્ઞાન નથી, એથી અજ્ઞાની જીવના પરિણામ એટલે વિકારી. આહા..હા..! એને '**અને પુદ્‌ગલના પરિણામને...**' એટલે કર્મના ઉદયના નિમિત્તને. બેને '**પરસ્પર માત્ર નિમિત્તનૈમિત્તિકપણું છે...**' કર્મ નિમિત્તમાત્ર, જીવના વિકારી પરિણામ પોતાના નૈમિત્તિક ઉપાદાનથી થયેલા. સમજાણું કાંઈ? '**તોપણ...**' એવું નિમિત્તનૈમિત્તિકપણું હોવા છતાં, એટલે? જીવના વિકારી પરિણામને કર્મનું નિમિત્ત અને કર્મ પરિણમે છે તેમાં અજ્ઞાનીના રાગદ્વેષ નિમિત્ત, એવું હોવા છતાં '**પરસ્પર કર્તાકર્મભાવ નથી.**' કર્મનું નિમિત્ત એ રાગને કરે એમ નથી. કર્મ રાગને કરાવે એમ નથી. આહા..હા..! અને રાગ કર્મની બંધની પર્યાયને કરે એમ નથી. સમજાય છે?

**શ્રોતા :-** કર્મ કરાવતું નથી, પ્રભાવ નાખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રભાવ ધૂળેય નાખતો નથી. પ્રભાવ ક્યાં? પ્રભાવ કોઈ પર્યાય છે? દ્રવ્ય છે? ગુણ છે? શું છે પ્રભાવ? પ્રભાવ તો પર્યાય છે. જડની પર્યાય આત્મામાં પ્રભાવ કરે એ તો અહીં ના પાડે છે. સમજાય છે કાંઈ?

કર્મનો ઉદય એ જડના પરિણામ છે. એ જીવના વિકારી પરિણામને કરે એને અહીં નિષેધ કરે છે. કર્તાકર્મ છે નહિ. આહા..હા..! અત્યારે મોટો એ છેને તકરાર કે કર્મને લઈને વિકાર થાય... કર્મને લઈને વિકાર થાય. અહીં ના પાડે છે. કર્મ નિમિત્તમાત્ર છે. વિકાર કરે છે એ જીવ પોતાના અજ્ઞાનથી ઊલટી પર્યાય ઊલટા પુરુષાર્થથી કરે છે. સમજાય છે કાંઈ? એટલે એ કર્મ એને વિકારી કરાવે એમ નથી, તેમ વિકારી પરિણામ થયા તેથી નવું કર્મ

બંધાણું એ વિકારી પરિણામે નવું કર્મ બાંધ્યું એમ પણ નથી. સમજાય છે કાંઈ? આ મોટો ગોટો છે. ૭૧ની સાલથી આ તો ચર્ચા ચાલે છે અમારે. ૭૧. સંવત્ ૭૧. દીક્ષા લીધાના બીજે વર્ષે. ૬૧ વર્ષ થયા. તો ત્યારથી અમે કહેતા હતા કે વિકારી પરિણામનો કર્તા જીવ સ્વતંત્ર છે. કર્મ છે માટે વિકાર ઈ કરે છે એમ નથી. મોટી તકરાર સંપ્રદાયમાં. ૭૧ની સાલ.

જીવ વિકારી પરિણામ કરે છે એથી કર્મબંધન કરે છે (એમ નથી). એ વિકારી પરિણામ એ નિમિત્ત ભલે હો, પણ તેથી વિકારી પરિણામ કર્મબંધનને કરે છે એમ નથી. વિકારી પરિણામ કર્તા અને કર્મબંધનનું પર્યાય કર્મ—કાર્ય એનું, એમ નથી. આ તત્ત્વની ભિન્નતાનું ભાન કરે છે. ભલે અજ્ઞાનમાં પણ... આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- પ્રભાવ તો નાખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..! એની તો અહીં ના પાડી છે. એની યોગ્યતાથી થયા છે.

**શ્રોતા** :- આપના પ્રભાવે તત્ત્વ પ્રચાર છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ કહે છે એ લોકો. નિમિત્તથી એટલા માણસ આવે છે ૨૬-૨૬ હજાર અહીં. તે દી આમાં ઉદ્‌ઘાટનમાં. તમારે લઈને આવ્યા કે કોને લઈને? વળી કહો કે નિમિત્તથી થાય નહિ. અરે ભગવાન! એમ નથી, પ્રભુ! પંડિતજી! ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..! અહીંયાં તો કહે છે. આજ તો હજી ગુજરાતી ચાલશે. કાલથી હિન્દી ચાલશે. કાલ સવારથી તો હિન્દી. સવારે તો હિન્દી લઈએ છીએને? પરમાત્મપ્રકાશ. એ તો હિન્દી કાલે ચાલશે અને બપોરે આ ગુજરાતી ચાલે છે એ કાલથી હિન્દી ચાલશે. આ લોકો આવ્યા છેને. આજ તો હજી ગુજરાતી (ચાલશે). અને કાલે આવવાના છેને સહરાનપુરના માણસ આવવાના છે. હિન્દી લોકો ઝાઝા ભેગા થવાના છે.

**શ્રોતા** :- જ્યાં જ્યાં તમારો પ્રભાવ પહોંચ્યો ત્યાંથી બધા લોકો આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતપોતાની યોગ્યતાથી છે. જેવી જેની યોગ્યતા છે એવી સાંભળવાની, એટલા ક્ષયોપશમની એ પોતાને કારણે આવે છે. એવી વાત છે, ભાઈ! બહુ આકરી વાત છે. આ નિમિત્ત અને ઉપાદાનનો ઝઘડો મોટો અનાદિનો છે. એ અહીં વાત કરે છે.

'**જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને...**' એટલે? જીવના વિકારીભાવને અને કર્મના પરિણમનના બંધનને એકબીજાને નિમિત્તનૈમિત્તિક છે, છતાં એકબીજાના કર્તાકર્મ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરના નિમિત્તથી જે પોતાના ભાવ થયા...**' કર્મનું તો નિમિત્તમાત્ર છે. એમાં જીવના વિકારી (ભાવ) થયા '**તેમનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય,...**' અજ્ઞાનદશામાં. આહા..! જ્યાં સુધી એને રાગથી ભગવાન આત્મા ભિન્ન છે એવું ભેદજ્ઞાન નથી, ત્યાં સુધી અજ્ઞાનદશામાં લક્ષમાં નિમિત્ત છે, પણ એનાથી થયા નથી. રાગ અને દ્વેષ, મિથ્યાત્વના પરિણામ જીવે કર્યા એ સ્વતંત્ર

થઈને કર્યા છે. એ દર્શનમોહનો ઉદય આવ્યો માટે મિથ્યાત્વ કર્યું છે એમ છે નહિ. નિમિત્ત હો, પણ એનાથી વિકારી પરિણામ થાય છે એમ નથી અને વિકારી પરિણામ થયા માટે કર્મને બંધન થવું પડ્યું એમ નથી. કર્મના બંધનની પર્યાય પુદ્ગલની પોતાથી થવાની હતી એ પોતાથી થઈ છે, ત્યારે આ રાગદ્વેષના પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. છતાં રાગદ્વેષ એનો બંધનનો કર્તા છે અને બંધન તે રાગદ્વેષનું કર્મ—કાર્ય છે એમ નથી. મોટો વાંધો છે, હોં! આ ૭૧ની સાલથી અમારે ચાલે છે ત્યાં સંપ્રદાયમાંથી. ગિરધરભાઈ! ૬૧ વર્ષ થયા. આહા..હા..! એ વખતે એમ કહ્યું હતું. એક કલાક બપોરે વાચવું પડે. સવારમાં તો ગુરુ હતા એ વાંચતા. આઠમ અને ચૌદશનું હોય પાખી.. પાખીના પોષા કર્યા હોય લોકોએ એટલે એમ કહે કાનજીસ્વામી વાંચે એક કલાક. એમાં આ કહ્યું. અમરચંદભાઈ! જીવ વિકારી પરિણામ પોતે પોતાથી કરે છે, એને કર્મ વિકારી પરિણામ કરાવે છે એ વાત તદ્દન જૂઠી છે.

**શ્રોતા :-** એ વાત તો બધાએ મંજૂર કરી હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેટલાકે મંજૂર કરી અને કેટલાકે વિરોધ કર્યો. અમારા ગુરુ હતા એ બિચારા સરળ હતા ભદ્રિક. સાંભળ્યું એણે સાંભળ્યું વાત કાંઈક કરે છે આ. મેં કીધી નથી પણ વાત કરે છે શાસ્ત્રનો આધાર દઈને. ભગવતીસૂત્ર વાંચતાને. શ્વેતાંબરનું સૂત્ર છે બધું. તે દી વાંચતા ૭૧માં. એકાંતરા અપવાસ. એક દિન ખાવું એક ટંક અને બીજે દી અપવાસ. એવી રીતે આખું ચોમાસુ કર્યું હતું. શાસ્ત્ર વાંચતા હતાને પહેલાં. આમેય ત્યાં એ વખતે વરસાદની તંગી હતી. વરસાદનો દુકાળ હતો પહેલાં થોડા પર્યુષણ સુધી અને પહેલેથી જ અમે અપવાસ કરતાં હતા. એક દી ખાવું અને બીજે દિવસે અપવાસ અને ત્રીજે દીએ ખાવું એક ટંક. અને શાસ્ત્ર વાંચન આખું. ૭૧. ચારેય માસ હોં! એમાં આ ભગવતીનું વાંચન ચાલતું હતું. હું તો મારી મેળાએ કરતો હતો. ગુરુને એવી શક્તિ નહોતી. ભદ્રિક હતા.

પછી વ્યાખ્યાનમાં કહ્યું કે જુઓ આત્મા કર્મને લઈને વિકાર કરે છે એમ કોઈ કહેતું હોય તો એ વસ્તુ તદ્દન જૂઠી છે. કર્મ છે એ પરદ્રવ્ય છે અને વિકાર છે એ સ્વદ્રવ્યની ભૂલના પરિણામ છે. સમજાણું કાંઈ? ચાહે તો મિથ્યાત્વ કરે કે ચાહે તો રાગદ્વેષ કરે, પણ એ જીવ પોતાથી સ્વતંત્ર થઈને કર્તા થઈને કરે છે. સ્વતંત્ર થઈને એટલે? એને નિમિત્તની અપેક્ષા નથી. નિમિત્ત હો. સમજાય છે કાંઈ? પછી હતા એક અમારે દામોદર શેઠ હતા. તે દી પૈસાવાળા. અત્યારે તો દસ લાખ સાધારણ. તે દી દસ લાખ રૂપિયા હતા. આ તો દસ લાખ રૂપિયા અને ચાલીસ હજારની ઉપજ અને ગૃહસ્થ હતા. હવે તો અત્યારે પાંચ-દસ લાખ સાધારણ પાસે છે. તે દી દસ લાખ તો ૬૦ વર્ષ પહેલાં. એણે એમ કહ્યું કે આ મહારાજ કાનજીસ્વામી વગર દોરાની પડાઈ ઉડાવે છે. પડાઈ નથી સમજતા? આ પતંગ-પતંગ. વગર દોરીનો પતંગ. કેમકે અમારા ગુરુ હતા એણે કહ્યું નથી, અમે કદી સાંભળ્યું નહિ. આ ક્યાંથી કાઢ્યું નવું? એમ કહ્યું એણે કે આ વગર દોરાની પડાઈ. કારણ કે અમારા ગુરુએ કીધું નથી અને આ

હજી દીક્ષા દોઢ વર્ષની. આ ક્યાં કહ્યું? કીધું, છે તો એમ જ.

**શ્રોતા :-** ભગવતીસૂત્રમાં એમ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ભગવતીસૂત્રમાં એમ છે. એવું બહુ સ્પષ્ટ નથી, પણ કાઢે તો એવું નીકળી શકે છે. 'સંશય' એવો શબ્દ છે ત્યાં. સંશય જીવ પોતાથી કરે છે. સંશય નામ મિથ્યાત્વભાવ પોતાથી કરે છે, પરથી નહિ. એ બોલ આવ્યો હતો. હું એકલો વાંચતો હતો. મિથ્યાત્વ કરવામાં જીવ પોતાની પર્યાય વિપરીત કરવામાં સ્વતંત્ર છે. એ વખતે એટલું બધું નહોતું કે કર્તા સ્વતંત્ર કરે નહિ એવું કાંઈ. કર્તાનો અર્થ જ કે દી હતો? પ્રારંભ હતોને ૭૧.

જીવ જે સમયે મિથ્યા અભિપ્રાય કરે છે અને રાગદ્વેષ કરે છે એ પોતાથી કરે છે. એનો કર્તા કર્મ બિલકુલ નહિ, જરીએ નહિ. સમજાણું કાંઈ? એ ચર્ચા ૧૯ વર્ષ પહેલાં ૧૩ની સાલમાં વર્ણીજી સાથે થઈ. વર્ણીજીને કહ્યું. બધા પંડિત બેઠા હતા. અમારે હિંમતભાઈ હતાને? હતાને તમે. હિંમતભાઈ, રામજીભાઈ, ફૂલચંદજી, કૈલાસચંદજી ઘણા પંડિતો હતા. કહ્યું કે વિકાર આત્મા પોતાની પર્યાયમાં ષટ્કારક પરિણમનથી (પોતે કરે છે). ૬૨ ગાથા છે પંચાસ્તિકાયની. એ કહ્યું. વિકાર જીવ કરે છે એ પર્યાયમાં ષટ્કારક—વિકારની પર્યાયનો કર્તા વિકારી પર્યાય, વિકારી પર્યાય એનું કર્મ, વિકારી પર્યાય કરવામાં વિકારી પર્યાય સાધન. દ્રવ્ય-ગુણ નહિ, પર નહિ. ૬૨ માં.

**શ્રોતા :-** એ ચોખવટ તો પહેલાં નહોતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, આટલી કરી હતી તે દી કે કર્તાકર્મ ષટ્કારકથી પર્યાય પરિણમે છે. એમ કહ્યું ચોખ્ખું. સમજાણું કાંઈ? અને પરકારકની અપેક્ષા નથી. એમ કહ્યું હતું તે દી. કહ્યું હતું ચોખ્ખું. બધા બેઠા હતા. પંચાસ્તિકાય. પહેલી કર્મની વાત લીધી છે.

'**જીવ પણ (૧) ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો,...**' ૬૨ ગાથા છે. એ વાત કરી હતી તે દી, પણ વર્ણીજી અને બંસીધરજીને રુચ્યું નહિ. એ સાંભળ્યું નહોતું. એ પ્રથા જ નહોતી. દેવકીનંદન કહેતા હતાને અહીંયાં, મહારાજ! તુમ કહતે હો, પરંતુ નિમિત્તકી પ્રધાનતાસે સબ પંડિતોકી હમારી પઢાઈ હૈ. કહ્યું હતું એણે બિચારાએ દેવકીનંદને. ગુજરી ગયા. આ કહ્યું જુઓ, જીવ પોતાની ભાવ પર્યાય વિકારી હોં. '**પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો, (૨) ભાવપર્યાય પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતો,...**' એ વિકારી પર્યાયનું કરણ પણ પર્યાય છે, દ્રવ્ય-ગુણ નહિ. તે દી કહ્યું હતું આ.

'**(૩) પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે કર્મપણાને અનુભવતો,...**' આહા..હા..! પોતે જ રાગને પોતે અનુભવે છે. '**(૪) પૂર્વ ભાવપર્યાયનો નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતો...**' અપાદાન એ પોતે કરે છે. '**(૫) ઊપજતા ભાવપર્યાયરૂપ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત્ ઊપજતા ભાવપર્યાયરૂપ કાર્ય પોતાને દેવામાં આવતું હોવાથી)...**' સંપ્રદાન પોતે પર્યાય કરીને પોતે રાખે છે. સમજ્યા? '**(૬) ધારી રાખવામાં**

**આવતા ભાવપર્યાયનો આધાર પોતે...'** વિકારી પર્યાયનો આધાર વિકારી પર્યાય છે. છે? **'એવો સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતો થકો અન્ય કારકની અપેક્ષા રાખતો નથી.'** એ વખતે કહ્યું હતું. ન બેઠું. એમ કહ્યું કે એ તો અભિન્ન કારક છે. પણ અભિન્નનો અર્થ શું? પોતે કરે છે એનું નામ અભિન્નનો અર્થ છે. પરથી નહિ, કર્મથી બિલકુલ નહિ, જરીએ નહિ. પણ એ નહોતી વાતને એટલે જરી ન બેઠું. પછી તો બંસીધરજી અહીં આવ્યા હતા, પછી એ વાત તો થઈ. અહીં તો હા પાડે. પાછા ત્યાં જાય ત્યાં (ફરી જાય). 'ગંગા કાઠે ગંગારામ, જમના કાંઠે જમનારામ.' એમ ન હોય. અહીં તો ત્રિકાળ ચીજ છે. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા...' આવે છેને ઈ? આહા..હા..!

પોતાથી. જોયું! સંસ્કૃતમાં છે હોં! **'स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्टमानो न कारकान्तरमपेक्षते'** નિમિત્તના કારણની અપેક્ષા એને છે નહિ. આહા..હા..! હજી જેને વિકાર સ્વતંત્ર મારી પર્યાયમાં મારા કર્તાથી થાય છે, એવી વિકારની પર્યાયમાં કર્મના કારકની અપેક્ષા લે એને પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી. જેને વિકારી પર્યાયની સ્વતંત્રતાની ખબર નથી એને દ્રવ્ય જે ત્રિકાળી શુદ્ધ છે, આ તો પલટતી છે, ઓલું તો એકરૂપ છે અને તે અવ્યક્ત છે, પર્યાયમાં દ્રવ્ય આવતું નથી, એની સ્વતંત્રતા એને બેસે નહિ કોઈ રીતે. સમજાણું કાંઈ? આવી મોટી તકરાર મોટી. આહા..હા..! ઘણું ચાલતું હતું. જુઓ અહીં. અને કર્મમાં પણ એમ લીધું છે. કર્મ જે બંધ થાય છે, વિકારી પરિણામ નિમિત્ત, પણ કર્મબંધ થાય છે ત્યાં અન્ય કારકની અપેક્ષા રાખતું નથી કર્મ.

**શ્રોતા :-** કર્મનું પણ લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલા કર્મનું લખ્યું પછી જીવનું લખ્યું છે. બેય.

**कम्मं पि सगं कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं।**
**जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण।।६२।।**

એક ગાથામાં બેયની વાત લીધી. સમજાય છે કાંઈ? આ બધા શેઠિયા-બેઠિયા સાંભળતા હોય. ત્યાં ક્યાં એને નિર્ણય કરવાના ઠેકાણા હોય. ભાઈ હતા ત્યાં. નહિ? શેઠ હતા. બેય ભાઈ હતા, પણ એ વખતે તો એ ચર્ચા વિશેષ નહોતી. બેય વાત છે. **'કર્મ પણ પોતાના સ્વભાવથી પોતાને કરે છે...'** સ્વભાવથી ભાષા છે. વિકારીની વાત છે અહીંયાં. એ લોકોને એમ થયું કે જુઓ કર્મના કારણ વિના હોય તો સ્વભાવ થઈ જાય. પણ એ પર્યાયનો સ્વભાવ છે. તેથી કહ્યું જુઓ,

**'કર્મ પણ...'** **'सेण सहावेण'** પોતાના સ્વભાવથી પોતાને કર્મબંધન કરે છે. **'અને તેવો જીવ પણ...'** **'कम्मसहावेण भावेण'** **'કર્મસ્વભાવભાવથી (ઔદયિકાદિ ભાવથી) બરાબર પોતાને કરે છે.'** આહા..હા..! આ ગાથા. ષટ્કારક. પર્યાયના ષટ્કારક પર્યાયથી છે, દ્રવ્ય-ગુણથી નહિ. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. અશુદ્ધ થાય ક્યાંથી? એમ જ કહે છેને

કેટલાક કે દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે તો પર્યાય અશુદ્ધ થઈ ક્યાંથી? બહુ ચર્ચા ચાલી. ઈ હતાને? ચિદાનંદ. ચિદાનંદને? આ ચોમાસા હતાને બે. ચિદાનંદજી સાથે ખૂબ ચર્ચા. કાંઈ ખબર નહિ બિચારાને. એ કહે દ્રવ્ય-ગુણ શુદ્ધ અને પર્યાય અશુદ્ધ થઈ ક્યાંથી? કર્મથી થઈ. છ દી સુધી વ્યાખ્યાન સાંભળ્યું. કીધું, હવે સાંભળો તમે. પછી તો બેઠી વાત. બાપુ! પછી બેઠી. ઓહોહો..! આવી વાત અમે સાંભળી નહોતી. અમે ક્ષુલ્લક થઈ ગયા અને આપ કહો છો એ હિસાબે તો અમે તો ક્ષુલ્લક પણ નથી. અમે ક્ષુલ્લક નથી. અમારે શું કરવું? અમે કોઈને કહેતા નથી કે શું કરવું. છોડી દો એમ કહેતા નથી. અમે તો તત્ત્વની વાત કરીએ છીએ. જેને જચે તો જચો. ન જચે તો કાંઈ નહિ. છોડી દો તમે ક્ષુલ્લકપણું એ અમે નથી કહેતા. એણે કહ્યું હોં. આપ કહો છો એ દૃષ્ટિએ તો અમે ક્ષુલ્લક પણ નથી, પડિમાધારી નથી. આહા..હા..! ભાવ તો આવો છે ભગવાન કીધું. શું કરવું એ અમે કોઈને કહેતા નથી. સમજ્યા?

એક દેરાવાસી સાધુએ ચાર માસ સાંભળ્યું અહીંયા. ક્યું વર્ષ એ? વર્ષ ક્યું? કુમુદવિજય ખરું. વર્ષનું કહું છું. વર્ષ ક્યું? અહીં ચોમાસું હતું. ઘણા વર્ષ થઈ ગયા. એ ચોમાસુ હતું. બ્રાહ્મણ હતા સાધુ થયા હતા. એ લોકોમાં શ્વેતાંબરમાં ચોથ, પાંચમની મોટી ચર્ચા. એ ચર્ચામાં પડેલા પોતે બ્રાહ્મણને. ચોથ, પાંચમની ચર્ચા. રામવિજય ચોથ માને, બીજા કેટલાક પાંચમ માને. આ સંવત્સરીની તકરાર મોટી. એમાં અહીં ચોમાસુ રહ્યા. ત્યાં છેને ઓલુ ચારિત્રવિજયનો આશ્રમ. ત્યાં સામે ચોમાસુ. કાયમ સાંભળવા આવે. સવાર-બપોર કાયમ. પછી અંદર કહ્યું એકવાર-બેવાર, મહારાજ! આપની વાત સો ટકા સાચી છે. સો ટકા, પણ અમારે શું કરવું? એમ કે તમે કાંઈક કહો. ... નક્કી થાય અહીંયાં. ભાઈ! અમે કાંઈ કહેતા નથી. .. હો, ન હો. અમે કોઈને (કહેતા નથી), પાંજરાપોળ નથી અહીંયાં કે ભેગા કરે. સમજાણું કાંઈ?

એક સાધુ સ્થાનકવાસીના હતા. ઓહોહો..! અમને મળ્યા. અહીંનું વાંચ્યું અહીંનું વાંચન. એમાં અગ્રેસર છે સંપ્રદાયમાં. મળ્યા. મહારાજ! અમે વંદન કરીએ છીએ. પણ .. સંપ્રદાયનો.. જંગલમાં. મહારાજ! વંદન. આપનો ઉપકાર અમને ઘણો છે. મોઢે મુહપત્તિ. આપનો ઉપકાર અમને ઘણો છે. મને ચિંતા હતી કે મહારાજની ૮૭ વર્ષની ઉંમર. દર્શન થશે કે નહિ? આજ મને દર્શન થયા. મને ઘણો આનંદ થયો એમ કહે. બહાર ન પાડે. સંપ્રદાયના. બહાર ન પાડે. ડર લાગેને. કારણ કે છોડી દેવું પડે. અને એટલી હિંમત હોય નહિ. આહા..હા..!

અહીં કહે છે, એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામનો કર્તા જીવ અજ્ઞાનદશામાં છે. અજ્ઞાનદશામાં છે, **'પરંતુ જીવ પરભાવનો કર્તા તો કદી પણ નથી.'** કર્મને બાંધે, કર્મની પર્યાયને એ કરે એ છે નહિ. આહા..હા..! આવી સ્વતંત્રતા. સમજાય છે કાંઈ? એ દિગંબર સંત સિવાય આવી વાત ક્યાંય છે નહિ. આહા..હા..! સનાતન જૈનધર્મ એણે ટકાવી રાખ્યો છે. આવી વાત ક્યાંય છે નહિ. શ્વેતાંબર તો કર્મથી થાય.. કર્મથી થાય એમ કહે. એક રામવિજય એમાં છેને શ્વેતાંબરમાં એક મોટા રામવિજય. એક આવે છેને ઓલા જેઠાભાઈ. શ્વેતાંબર

જેઠાભાઈ. પહેલાં તો એના પાકા શિષ્ય હતા. પછી અહીંનું સાંભળ્યું એમ કરતાં... કરતાં... કરતાં... ઓહો..! આ વાત તો .. સાચી લાગે છે. રામવિજયની સાથે પ્રશ્ન થયો. રામવિજયને આ કહે, ચર્ચા કરીએ. રામવિજય કહે પણ પહેલું એમ માનો કે કર્મથી વિકાર થાય પછી ચર્ચા કરીએ. આહા..હા..! આ કહે,.. શેઠ નથી જેઠાભાઈ? પાઘડીવાળા. ગુજરાતી.. પહેલી ચર્ચા કરો, કર્મથી વિકાર થાય એ માન્ય છે? પછી ચર્ચા કરીએ. આ કહે એ મને માન્ય નથી. આપણે ચર્ચા કરવી નથી. એનામાં એ છે આખી લાઈન. આહા..હા..!

અહીં પરમાત્મા કહે છે તે સંત કહે છે. આહા..હા..! સવારમાં આવ્યું હતુંને નહિ? '**जिनवर एव भणेहिं**' આહા..હા..! જીવ આત્મા જેને અમે નિશ્ચય આત્મા કહીએ છીએ. આહા..હા..! એ ૩૮ ગાથામાં એ આવે છેને કે આ આત્મા ત્રિકાળી જ્ઞાયકભાવ તે આત્મા. સમજાણું? બીજું આવે ત્યાં નિયમસાર ૯૧ ગાથામાં આવે છે. પરમપારિણામિકભાવસ્વરૂપ તે આત્મા. ૯૧માં આવે છે. ૯૧. નિયમસાર. છે? મિથ્યારત્નત્રયને છોડીને '**ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવો, નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે;...**' આહા..હા..! સમજ્યા? પરમાત્મપ્રકાશમાં કહ્યું, અહીં પણ કહ્યું, કે કોને આત્મા કહીએ?

'**ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું લક્ષણ છે...**' નિત્ય આનંદ જ જેનું લક્ષણ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદ જેનું ત્રિકાળી લક્ષણ છે. આહા..હા..! '**એવો, નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ...**' એવો પરમપારિણામિકભાવ સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ '**કારણપરમાત્મા તે આત્મા છે;...**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ આત્માની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! બાકી બધા થોથા છે. આહા..હા..! ૯૧માં છે. બાકી તો આપણે ૩૨૦મી ગાથામાં આવે છેને અને એવો જ થોડોક અર્થ પ્રવચનસારની ૧૮૧ ગાથામાં આવે છે, ૧૮૧. ધ્યાન નાશવાન છે, ત્રિકાળી વસ્તુ .. એવું ૧૮૧માં સંસ્કૃતમાં આવે છે જયસેનાચાર્યની ટીકામાં, જયસેનાચાર્યની ટીકામાં આવે છે. અહીં તો આચાર્યે તો કામ ગજબ કર્યા છે! આહા..હા..! કોઈપણ પાનું ફેરવો, કોઈપણ ગાથા. આહા..હા..! કોઈપણ સંત કહે. લ્યો, એ તો અમૃતચંદ્રાચાર્ય કહે છે. અહીં જયસેનાચાર્ય કહે છે ૩૨૦માં. આહા..હા..!

પ્રભુ! તું કોણ છો? પરમાત્માએ કોને આત્મા કહ્યો? એક સમયની પર્યાય વિનાનો ત્રિકાળી ચીજને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! એને પોતાની અનુભૂતિથી જાણ, બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહારરત્નત્રય રાગથી જણાતો નથી. આહા..હા..! ભગવાન તું એવો આત્મા છે. આહા..હા..! ત્રિકાળ નિરાવરણ પરમસ્વભાવભાવ એવો જે આત્મા એ અનુભૂતિમાં જણાય છે. છે તો ખરો, પણ એ અંતરમાં નિર્વિકલ્પ સમ્યગ્દૃષ્ટિ અને નિર્વિકલ્પ અનુભૂતિ, રાગના આધાર વિના નિર્વિકલ્પ અનુભૂતિથી એ આત્મા

આવો છે એવી પ્રતીતિ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો મુદ્દાની રકમની વાત છે.

અહીંયાં પરમાત્મા કહે છે, મુનિ કહે છે એ પરમાત્મા જ કહે છે. પરમાત્માનું કથન ભગવાન સંતો કહે છે. આહા..હા..! '**અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય,...**' એટલે? કે પુણ્ય-પાપ અને મિથ્યાત્વનો ભાવ જીવ અજ્ઞાનદશામાં કર્તા થઈને કરે છે. '**પરંતુ જીવ પરભાવનો કર્તા તો કદી પણ નથી.**' પણ એ કર્મને બાંધે, દેહની અવસ્થા એ કરે, રાગ કર્યો માટે પછી રાગ આમ દેહને હલવે એ પરનો કર્તા તો ત્રણકાળમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? શરીરને ચલાવું એવો રાગ કરે, રાગનો કર્તા થાય, પણ શરીરને ચલાવી શકે એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! કહો, વિમલચંદજી! આવી વાત છે. ભાઈ! શાંતિથી સમજવા જેવી આ તો વાત છે. અરેરે..! ક્યાં જન્મ-મરણના ગોથા ખાય, ક્યાં દુઃખી થઈને ડૂબી રહ્યો છે. આહા..હા..! દુઃખમાં ગળકા ખાઈ ડૂબી રહ્યો છે એ કર્તા થઈને હોં! આહા..હા..! સુખનો સાગર ભગવાન.. અહીં નહોતું આવ્યું આમાં ૯૧માં? આનંદ જેનું લક્ષણ છે. ૯૧માં આવ્યું હતું. નિત્યાનંદ જેનું લક્ષણ છે. આહા..હા..! અનાકુળ આનંદ જેનું સ્વરૂપ છે, અનાકુળ આનંદ જેનું લક્ષણ છે. આહા..હા..! એનાથી લક્ષમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી સ્વતંત્રતા સિદ્ધ કરીને પણ એને લઈ ક્યાં જવો છે? આહા..હા..! પુણ્ય ને પાપ ને મિથ્યાત્વના ભાવને જીવ સ્વયં સ્વતંત્ર પરની અપેક્ષા રાખ્યા વિના કરે છે એવો નિર્ણય કરાવીને ક્યાં એને લઈ જવો છે? ત્રિકાળી જ્ઞાયકભાવ છે ત્યાં એને દોરી જવો છે. કેમકે શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છેને!

પંચાસ્તિકાયમાં એમ કહ્યું કે કોઈપણ શાસ્ત્ર ચાર અનુયોગ હો, ભગવાનના અનુયોગમાં તો તાત્પર્ય તો વીતરાગતા છે. એટલે? ગમે તે વાત કરો, વિકાર કરે છે અને વિકાર છોડે છે, વિકાર થાય તો કર્મ આમ થાય છે, વિકાર થાય ત્યાં કર્મ નિમિત્ત છે એવી લાખ વાત કરોડ હો, પણ એનું તાત્પર્ય વીતરાગતા છે. આહા..હા..! એટલે? એ સ્વ-આશ્રયમાં જાય અને વીતરાગતા થાય એ એનું તાત્પર્ય છે. આહા..હા..! આ પણ જે કહ્યું છે એનું તાત્પર્ય તો આ છે. સમજાણું કાંઈ? માર્ગ એવો, બાપુ! અરે..! અનંતકાળથી રખડે છે અને પોતાના આગ્રહમાં કાંઈકને કંઈક મનાવે. આહા..હા..! વ્યવહારથી થાય.. વ્યવહારથી થાય. બાપુ! વ્યવહાર રાગ છે એનાથી ન થાય. એનું તો વીતરાગતા તાત્પર્ય છે. તો વીતરાગ તાત્પર્ય ક્યારે થાય? રાગનું લક્ષ છોડી અને સ્વનો આશ્રય કરે ત્યારે વીતરાગતા પર્યાય પ્રગટ થાય. તો વીતરાગ તાત્પર્યનો અર્થ જ સ્વ-આશ્રય થયો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ શૈલી છે! દિગંબર શૈલી! પંચાસ્તિકાયમાં આવું છે કે ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા પરમાત્મા કહે છે. દેવીલાલજી! આહા..હા..!

ભાઈ! તારા વિકારનો કર્તા સ્વતંત્ર અજ્ઞાનપણે કરે છે એવો નિર્ણય કરાવીને પછી એને ક્યાં લઈ જવો છે? એને સ્વના આશ્રયમાં લઈ જવો છે. જે ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ

છે, આહા..હા..! ત્યાં એને અનુભૂતિની પર્યાયથી ત્યાં એને લઈ જવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકારથી હાથ આવે એવી એ ચીજ નથી. વિકાર સ્વતંત્ર કરે, પણ વિકારથી આત્મા હાથ આવે એ ચીજ એવી નથી. આહા..હા..! એ તો નિર્વિકારી અનુભૂતિથી જે દ્રવ્ય પર્યાયને ન કરે એ દ્રવ્ય તો એ અનુભૂતિથી પ્રાપ્ત થાય એવો છે. આહા..હા..! જુઓને સાર. વિકાર કરે છે માટે નિર્ણય કરાવીને ત્યાં એને રોકવો છે. આહા..હા..! પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ કરીને દ્રવ્ય ત્રિકાળી પર્યાય વિનાનું સિદ્ધ છે એને ત્યાં લઈ જવો છે. આહા..હા..! કહો, ગિરધરભાઈ! આવી વાતું છે, બાપુ! આહા..હા..! સનેપાત થાય છેને? સનેપાત નથી કહેતા? શું કહે છે? સનેપાત નથી કહેતા? વાત, પિત્ત અને કફ (વકરે એટલે) દાંત કાઢે.. દાંત કાઢે. એ સુખી છે? દુઃખીમાં દાંત કાઢે છે. ભાન ન મળે એને. આહા..હા..! એમ અહીંયાં વિકાર કરીને અમે સુખી છીએ એમ માનનારા પાગલ છે કહે છે. આહા..હા..!

**શ્રોતા :–** પાગલ છે, પણ છે સુખી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સુખો ધૂળેય નથી. આ પૂછોને શેઠને. સુખી છે બહુ મોટા વેપાર છે તે? આ રહ્યા અમારે એનાથી વધારે. અમારા પોપાટભાઈ લ્યો. આહા..હા..! ક્યાં બાપા, પૈસા જડ છે અને જડ ઉપર લક્ષ જશે તો દુઃખ જ—રાગ જ થશે. મારા માને એ તો મિથ્યાત્વનું દુઃખ છે, પણ જડ ઉપર લક્ષ જશે તો રાગ જ થશે એને. ભગવાન તો એમ કહે ત્રિલોકના નાથ, પ્રભુ અમે વાણી જે છે અને અમારી સામું જોઈશ તો તને રાગ થશે, કારણ કે અમે પરદ્રવ્ય છીએ. આહા..હા..! અમે પરદ્રવ્ય છીએ માટે તારી સામું જો સ્વદ્રવ્ય સામું તો તને વીતરાગતા અને ધર્મ થાશે. આહા..હા..!

**શ્રોતા :–** આ વાત કહેવાની હિંમત જૈન ભગવાનની જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્રણલોકના નાથ એમ કહે. એ એમ કહે કે અમે છદ્મસ્થમાં જ્યારે તીર્થંકરપણે હતા અને અમને આહાર વહોરાવનારને પુણ્ય થાય, ધર્મ ન થાય. આહા..હા..! એય..! સમજાય છે કાંઈ? અને શ્વેતાંબરમાં તો એ વાત છે. મિથ્યાદૃષ્ટિ હોય ગૃહસ્થ અને સાધુને આહાર આપે તો સંસાર પરિત કરે. એવો પાઠ છે. વિપાકસૂત્ર. દસ અધ્યાય છે. ખોટી તદ્દન ખોટી વાત છે. આ ત્રણલોકનો નાથ કહે કે અમે જ્યારે તીર્થંકર છદ્મસ્થ હતા, ચાર જ્ઞાનપણે, મુનિપણે (એમાં) અમને કોઈ આહાર આપે તો અમે તો કહીએ છીએ કે એને શુભભાવ છે. સંસાર પરિત કરે આહાર દીધો માટે (એમ અમે કહેતા નથી). આહા..હા..! પરિત સમજો છો? ઘટાડી દે. સંસાર ઘટાડી દે. અમને આહાર આપે તો સંસાર નાશ કરે એમ છે નહિ. આહા..હા..! એ તો એવા દાખલા તો કેટલાય છે શ્વેતાંબરમાં. વિપાકસૂત્ર દસેય અધ્યાય એવા છે. મિથ્યાદૃષ્ટિ પૈસાવાળા હતા. મુનિ આવે છે અને સિંહાસનથી ઉતરે પગે લાગે, જય મહારાજ. આહાર વહોરાવે છે. પરિત સંસાર કર્યો. સંસાર ઘટાડ્યો. મોટી ચર્ચા ચાલી એક ફેરી. (સંવત) ૧૯૭૭માં ગોંડલ. ભાઈ પોપટભાઈને તમારે. આર્જિકા હતા

બીજા. કે જુઓ, ભગવાનને આહાર આપ્યો અને સંસાર પરિત કર્યો. બાપુ! એ વાત રાખો હમણા તમે. સિદ્ધાંતવાદ છે. બધી ખબર નથી, બાપુ? સિદ્ધાંત બધા વાંચ્યા છે. સમજાણું? એવો પાઠ છે તમને યાદ? જ્ઞાતાસૂત્ર. હાથીના ભવમાં દયા પાળી સસલાની, મેઘકુમારનો જીવ. આવે છે. એણે સંસાર પરિત કર્યો. એમ નથી. કહો, પંડિતજી!

અહીંયાં તો એમ કહેવું છે કે વિકારી પરિણામનો કર્તા સ્વતંત્ર જીવ તે તે પર્યાયને કાળે સ્વતંત્ર કર્તા છે. એને પરકારકના કર્તા, કર્મ ને એવી ચીજ જે છે પર એની કોઈ અપેક્ષા છે નહિ. એટલું વિકારનું સ્વતંત્રપણે કર્તા સિદ્ધ કરીને, એ તો પર્યાયમાં વિકાર સિદ્ધ કર્યો, હવે એને સિદ્ધ કરીને સ્વતંત્ર ત્રિકાળી વસ્તુ છે (ત્યાં લઈ જવો છે). આહા..હા..! આ તો નવી થાય છે સમયે-સમયે, વિકાર તો સમયે-સમયે નવો ષટ્કારકથી થાય છે, અને જે વસ્તુ છે એ તો એવી ને એવી પડી છે આમ આનંદનો નાથ પ્રભુ. આહા..હા..! એના વિકારનું સ્વતંત્રપણું સિદ્ધ કરીને એને ત્રિલોકના નાથ ભગવાન પોતે છે ત્યાં એનો આશ્રય લેવા કહી રહ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે કહે છે, '**તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મભાવ...**' છે? વિકારી કે અવિકારી હોં, પછી લેશે, બેય લેશે. હવે બેય લેશે. આમાં વિકાર સુધીની વાત કરી છે. આહા..હા..! '**એ સિદ્ધ થયું કે જીવને પોતાના...**' પોતાના સમજ્યાને સ્વયં—અપના. એ ભાષા થોડી થોડી (સમજી લેવી). '**પરિણામો સાથે...**' એટલે કે વિકારી પરિણામ સાથે કર્તાકર્મ પોતાનું છે અને મોક્ષમાર્ગના પરિણામમાં કર્તાકર્મ પોતાનું છે. આહા..હા..! મોક્ષનો માર્ગ જે ભગવાન આત્મા કરે એમાં એ મોક્ષમાર્ગનો કર્તા અને મોક્ષમાર્ગનું પરિણામ એ એનું કર્મ છે. મોક્ષમાર્ગના પરિણામમાં કોઈ કર્મની મદદ થઈ, કર્મ ઘટ્યું માટે અહીંયા મોક્ષમાર્ગ પ્રગટ્યો એવી અપેક્ષા મોક્ષમાર્ગમાં નથી. સમજાણું કાંઈ? '**એમ હવે કહે છે :-**' અને '**ભોક્તાભોગ્યભાવ...**' પણ પોતાનો પોતામાં છે. આહા..હા..! વિકારીનું ભોક્તાપણું અને નિર્વિકારી પર્યાયના આનંદનું ભોગવવાપણું પોતાથી છે. આહા..હા..! એક વાત સિદ્ધ કરી અને બેય વાત હવે સિદ્ધ કરે છે. મોક્ષમાર્ગ અને બંધમાર્ગ બેયનો કર્તા આત્મા સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? એ ૮૩ ગાથા છે.

**णिच्छयणयस्स एवं आदा अप्पाणमेव हि करोदि।**
**वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं।।८३।।**

લ્યો! લ્યો અહીં તો આત્માને કરે છે. એઈ..! વિકારી પર્યાય આત્મા, નિર્વિકારી પર્યાય આત્મા. આહા..હા..!

**શ્રોતા :-** પરથી જુદો પાડવો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** '**अप्पाण**' કીધુંને? અહીં તો '**अप्पाणमेव हि करोदि**' આત્મા કરે છે. આહા..હા..! હવે સવારે એમ આવે કે મોક્ષના માર્ગની પર્યાય પણ આત્મા ન કરે.

અહીંયાં તો પરનો કર્તા નથી અને પરથી અહીં કાંઈ થાતું નથી એ વાત સિદ્ધ કરવી છે. પછી આગળ જતાં એને મોક્ષમાર્ગની પર્યાય પણ દ્રવ્ય કરતી નથી. આહા..હા..! વિકારી પરિણામને તો દ્રવ્ય કરે નહિ, પણ મોક્ષના માર્ગને દ્રવ્ય ન કરે. આહા..હા..! વસ્તુ તો ત્રિકાળી ધ્રુવ છે, પણ અહીંયા મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા જીવ છે એમ સિદ્ધ કરવું છે. રાગ અને વિકારનો કર્તા જીવ છે, કર્મ નહિ. પછી મોક્ષમાર્ગનો કર્તા પણ આત્મા છે, પર નહિ. આહા..હા..! એટલે? કે મોક્ષમાર્ગના પરિણામમાં વ્યવહારના રાગની અપેક્ષા છે તેથી રાગ કર્તા અને મોક્ષનો માર્ગ કર્મ એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. આહા..હા..! અરે.. પ્રભુ! આમાં શું તકરાર છેને, બાપા! તારા હિતના પંથની વાતું, ભાઈ! આહા..હા..! તારી સ્વતંત્રતાના ઢંઢેરા પીટાય છે આ તો. એમાં એય.. એમ નથી.. એય.. એમ નથી. ઠીક બાપુ! ભાઈ! એના પરિણામનું ફળ આકરું આવશે, બાપા! સમજાણું કાંઈ?

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,**
**વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.**

‘**ટીકા :- જેમ ઉત્તરંગ...**’ જે દરિયામાં તરંગો ઊઠે એને ઉત્તરંગ કહે છે. તરંગ–તરંગ. ‘**અને નિસ્તરંગ...**’ એ તરંગો વિલય પામે એને નિસ્તરંગ કહે છે. ‘**ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાઓને...**’ દરિયા—સમુદ્રના તરંગનું ઉત્પન્ન થવું અને તરંગનું વ્યય થવું એવી ‘**અવસ્થાઓને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં...**’ જ્યારે.. આહા..હા..! દરિયામાં તરંગ ઊઠે ત્યારે પવનનું વાવું નિમિત્ત છે અને નિસ્તરંગ—જ્યારે વિલય થઈ જાય ત્યારે પવનનું નિમિત્તપણું નથી. આહા..હા..! ‘**વાવું અને નહિ વાવું...**’ એમ કીધુંને? આહા..! ‘**નિમિત્ત હોવા છતાં...**’ આ જુઓ વાવું અને નહિ વાવું એને પણ નિમિત્ત કીધું. પવનનું નહિ વાવું અને અહીં દરિયામાં તરંગનું નહિ થવું એને નિમિત્તનૈમિત્તિક છે પણ એ પવનનું વાવું એને અહીં તરંગ ઊઠાવે છે એમ નહિ અને પવનનું નહિ વાવું માટે તરંગ સમાઈ જાય છે એમ નહિ. આહા..હા..! આવી વાત ઝીણી.

‘**ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાઓને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...** ’ આહા..હા..! પવન વ્યાપક અને સમુદ્રનું તરંગ વ્યાપ્ય એવા ‘**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**’ આહા..હા..! સમજાણું કાંઈ? સમુદ્રનો દાખલો. પછી સંસાર-નિઃસંસાર આત્મા ઉપર ઉતારશે. પહેલો દૃષ્ટાંત છે આ. સમુદ્રમાં તરંગ ઉઠે એ વખતે પવનનું વાવું નિમિત્ત છે, પણ એનાથી (તરંગ) ઉઠ્યા નથી, તરંગ ઉઠ્યો નથી અને તરંગ સમાય છે ત્યારે પવનનું વાવું અભાવ છે, પણ અભાવ છે માટે તરંગ સમાયું છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવા બધા નિર્ણય કરવામાં નવરા ક્યાં હોય! ઓઘે-ઓઘે ચાલે ચાલવા દ્યો.

દયા, દાન, વ્રત, ભક્તિ કરીએ છીએ તો એમાંથી કલ્યાણ થશે.

**શ્રોતા** :- રાગ કલ્યાણનું કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ જ કહે છેને. વાંધા એ ઉઠ્યા છે. સાધન એને કહ્યું છે. એ સાધન છે. અરે ભાઈ! તને ખબર નથી, બાપુ! સાધનનું નિરૂપણ બે પ્રકારે તે જ્ઞાનીને માટે. અજ્ઞાનીને તો એ સાધન પણ નથી. જ્ઞાનીને આત્માની દૃષ્ટિ અને અનુભવ જ્ઞાયકનો થયો છે એને રાગનો તેને સાધનપણાનો આરોપ આપ્યો છે. આ સાધન તો અહીંયાં સ્વભાવનું કરે છે. શુદ્ધ ચૈતન્યને અવલંબીને જે નિર્મળ આનંદની દશાને સાધે છે એમાં રાગનું નિમિત્તપણું છે. એ નિમિત્તપણું એટલે? (નિર્વિકાર દશા) થાય છે તેમાં રાગનો અભાવ છે અને વિકાર થાય છે ત્યાં રાગનું નિમિત્તપણું છે, છતાં એ રાગને લઈને અહીં વિકાર દશા થઈ છે કે રાગના અભાવને લઈને નિર્વિકાર દશા થઈ છે એમ નથી. આવી વાતું.

**શ્રોતા** :- કેવળજ્ઞાન થાય ત્યારે ઘનઘાતીનો અભાવ થાય તો થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બિલકુલ એ વાત જ ખોટી કહે છે. ઘનઘાતીનો નાશ થાય માટે કેવળજ્ઞાન થાય એવી અપેક્ષા નથી કહે છે અહીં. કેવળજ્ઞાનની પર્યાય પોતે સ્વતંત્ર કરે છે કર્તા થઈને, એને ઘનઘાતીના અભાવની અપેક્ષા નથી. હો ઘનઘાતીનો અભાવ, એથી અહીં કેવળજ્ઞાનની અપેક્ષા થઈ છે એમ નથી. આહા..હા..! આવું ઝીણું કોણ હવે નવરા એવા તે. હવે તો લોકો સાંભળે છે. આહા..હા..!

શું કહ્યું? દરિયાના મોજા ઉઠે એમાં પવનનું નિમિત્તપણું હો અને મોજા સમાય (એમાં) પવનનો અભાવ નિમિત્ત છે. એમ હોવા છતાં તે પવન છે માટે મોજું ઉઠ્યું છે પવનને લઈને, એમ નથી અને પવન નથી માટે ત્યાં મોજુ સમાણું છે, એમ નથી. આહા..હા..! સંયોગવાળા તો એમ જોવે કે જુઓ, આ નિમિત્ત છે તો આ પવન આવ્યો અને મોજા ઉઠ્યા, પવન બંધ થયો, જુઓ મોજા બંધ થઈ ગયા. એ તો સંયોગે જોનાર છે. એની પર્યાય એને કાળે પોતાને કારણે મોજું થયું અને એને કાળે મોજાનો વ્યય થયો પોતાને કારણે થયો. પવન નથી માટે મોજું સમાઈ ગયું એવી વાત છે નહિ. આહા..હા..! ભારે ભાઈ!

'**પવનને અને સમુદ્રને** વ્યાપ્યવ્યાપકભાવના... ' આહા..હા..! '**અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' એ પવન સમુદ્રના મોજાને કરે અને પવનનો અભાવ મોજાને સમાડે એવું છે નહિ. '**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' એ પવન છે માટે મોજું ઉઠે છે, એ પવન કર્તા છે મોજાનો એમ નથી. આહા..હા..! એ લોકો તો એવી રીતે કહે છે કે નિમિત્ત એને કહીએ કે એનાથી કાંઈ થાય પરમાં. અરે..! નિમિત્ત પરદ્રવ્યને અડતું પણ નથી. પરદ્રવ્યની પર્યાયને નિમિત્તની પર્યાય અડતી નથી. એને લઈને થાય અને એને લઈને ન થાય એમ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૩, ગુરુવાર, તા. ૨૯-૦૭-૧૯૭૬,**
**ગાથા-૮૩,**
**પ્રવચન નં. ૧૪૦**

આ સમયસાર, ગાથા-૮૩. ટીકા ફરીને.

પાઠ તો એમ છે. એનું દૃષ્ટાંત આપીને સિદ્ધ કરે છે. પાઠમાં તો એટલું છે કે આત્મા પોતાના વિકારી પરિણામને કરે છે અને મોક્ષમાર્ગની પર્યાયને પણ આત્મા કરે છે. કર્મથી વિકાર થાય છે એમ છે નહિ અને કર્મનો અભાવ થયો તો અહીંયાં મોક્ષમાર્ગની પર્યાય થઈ એમ છે નહિ. સમજાણું કાંઈ? એ વાત સિદ્ધ કરવા માટે દૃષ્ટાંત આપે છે.

'**ટીકા :- જેમ ઉત્તરંગ...**' સમુદ્રમાં મોજા ઉઠેને મોજા, તરંગ-તરંગ. તરંગ ઉઠે છે અને તરંગ સમાઈ જાય છે. એવી '**અવસ્થાઓને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ...**' સમુદ્રના તરંગમાં હવાનું વાવું નિમિત્ત છે અને સમુદ્રનું તરંગ અંદર સમાઈ જવું એમાં હવાનો અભાવ નિમિત્ત છે. એમ '**હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવ...**' અર્થાત્ પવન છે એ વ્યાપક કર્તા છે અને સમુદ્રમાં તરંગ ઉઠે છે એ વ્યાપકનું કર્મ છે—કાર્ય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમુદ્રમાં તરંગ ઉઠે છે—મોજા એમાં પવનનું નિમિત્ત છે, પણ પવનથી મોજા ઉઠે છે—પવન કર્તા અને મોજા કાર્ય એમ છે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મોજા તો પવનથી જ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ ખોટી વાત. ઈ વાત કરે છે અહીંયાં. સુકૌશલજી! સુકુમાલ. આહા..હા..! શું કહે છે?

સવારે આવ્યું હતું એ બીજી વાત હતી. આહા..હા..! ત્યાં તો પોતાની પર્યાયને પણ દ્રવ્ય કરતું નથી એ તો પોતામાં બે વાત સિદ્ધ કરવા—પર્યાય અને દ્રવ્ય. અહીંયાં તો વિકાર કરે છે એ આત્મા કરે છે. સમુદ્રમાં તરંગ ઉઠે છે એ સમુદ્રથી ઉઠે છે. પવન નિમિત્ત છે છતાં એનાથી ઉઠતા નથી. આહાહા..! અને સમુદ્રમાં તરંગ ઉઠીને સમાઈ જાય છે તો પવનનો અભાવ છે માટે સમાઈ જાય છે—પવનનો અભાવ એ કર્તા અને તરંગનું સમાવું એ એનું કર્મ એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવી વાત છે.

**શ્રોતા :-** લોકો માને એનાથી ઊંધું જ માનવુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકો સ્વભાવથી માને છે. વિકાર પણ પોતાનો સ્વભાવ છે એ પર્યાયનો. પાઠમાં તો એમ છેને? '**आदा अप्पाणमेव**', '**अप्पाणमेव हि करोदि**'— આત્મા

પોતાની પર્યાયને કરે છે, એવી વાત છે. સમજાણું કાંઈ? જે દૃષ્ટાંત આપ્યું કે સમુદ્રમાં જે તરંગ ઉઠે છે અને સમાઈ જાય છે એ ઉત્તરંગ અને નિસ્તરંગનો કર્તા સમુદ્ર છે અને કાર્ય સમાઈ જવું અને ઉઠવું એ એનું કાર્ય છે. પવન નિમિત્ત છે તો તરંગનું ઉઠવું નિમિત્તથી થયું છે એમ નથી. આહા..હા..! આ નિમિત્તનો ઝઘડો છે ને મોટો?

**શ્રોતા** :- નિમિત્તથી કાંઈ થતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંઈ થતું નથી. ક્યાં થાય છે?આહા..હા..! હોય નિમિત્ત.

એ કહ્યું, જુઓ, '**પવન અને સમુદ્રને** વ્યાપ્યવ્યાપક...' વ્યાપ્ય નામ અવસ્થા—કાર્ય અને વ્યાપક નામ કર્તા. 'વ્યાપ્યવ્યાપક**ભાવના અભાવને લીધે**...' હિન્દી છે ભાઈ, હિન્દી? ગુજરાતી છે? હિન્દી લ્યોને. હિન્દી નથી? ખલાસ થઈ ગયા? શું કહ્યું સમજાણું? સમુદ્રમાં તરંગ ઉઠવા અને તરંગ વિલય થવા, એ ઉઠવામાં પવન નિમિત્ત છે; પણ પવન કર્તા વ્યાપક થઈને એ તરંગ કરે છે, એ તરંગ પવનનું કાર્ય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? અને પવન ન વાયો તો તરંગ સમાઈ ગયા એ પવનનો અભાવ એનો કર્તા અને તરંગનું સમાઈ જવું એનું કર્મ—કાર્ય એમ છે નહિ.

**શ્રોતા** :- ઉપાદાનની અપેક્ષાએ તો બરાબર જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બીજું શું? નિમિત્તની તો વાત કરે છે.

**શ્રોતા** :- ક્યાં રહ્યું નિમિત્ત?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિમિત્ત નિમિત્તમાં રહ્યું. નિમિત્તની પર્યાયનો કર્તા એ નિમિત્ત છે. પરની પર્યાયનો કર્તા-ભોક્તા નિમિત્ત છે એમ છે નહિ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ મોટી ગડબડ અત્યારે ઉપાદાન-નિમિત્ત અને વ્યવહાર અને નિશ્ચય અને ક્રમબદ્ધ—આ પાંચ બોલની ચર્ચા ચાલે છે. પાંચ બોલની ચર્ચાનો વિરોધ સોગનઢથી. અરે ભગવાન!

**શ્રોતા** :- ચર્ચા તો થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- થઈ ગઈ. આહા..હા..!

અહીંયાં કહે છે, જુઓને! '**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,**...' પવનનું નિમિત્ત છે તેથી તરંગ સમુદ્રમાં ઉઠ્યા એવું કર્મ એનો પવન કર્તા અને તરંગ ઉઠવું એ એનું કાર્ય એમ છે નહિ. આવી તો સીધી વાત છે. આહા..હા..! '**હોવાથી, સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને**...' એ સમુદ્ર જ અંતર્વ્યાપક પ્રસરીને '**ઉત્તરંગ અથવા નિસ્તરંગ અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં**...' આહા..હા..! તરંગના ઉઠવામાં આદિમાં સમુદ્ર છે, મધ્યમાં પણ સમુદ્ર છે અને અંતમાં પણ સમુદ્ર છે. આદિમાં પવન છે તો તરંગ ઉઠે છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને**...' સમુદ્ર જ તરંગના ઉઠવમાં અને તેના અભાવમાં—વિલયમાં સમુદ્ર જ આદિ-મધ્ય-અંતમાં છે. પવન આદિમાં આવ્યો એટલે તરંગ ઉઠ્યા એમ છે નહિ. આહા..હા..! તો નિમિત્તથી શું થયું? નિમિત્તનું નિમિત્તમાં થયું. સમજાણું

કાંઈ? આ તો હજી દૃષ્ટાંત છે. પછી આત્મામાં સિદ્ધાંત ઊતારશે. આહા..હા..!

'**ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો,...**' સમુદ્ર જ પોતાના તરંગને ઉત્પન્ન કરે છે એમાં સમુદ્ર જ આદિમાં છે અને તરંગનો નાશ થાય છે એમાં પણ સમુદ્ર જ આદિમાં છે. પવનનો અભાવ થયો તો અભાવનું કારણ અને તરંગનું નહિ ઉઠવું અને સમાઈ જવું એ કાર્ય એમ છે નહિ. કહો, પોપટભાઈ! આ તો સીધી વાત છે. સવારનું જરી ઝીણું હતું. પછી આવશેને હમણા ઉતારે છે. '**પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...**' શું કહે છે જુઓ, સમુદ્રની પર્યાય ઉત્પન્ન થવામાં સમુદ્ર '**એકને જ કરતો પ્રતિભાસે છે...**' નિમિત્ત કર્તા પ્રતિભાસે છે એમ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** આચાર્યને એમ પ્રતિભાસે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ છે એવી પ્રતિભાસે છે. વસ્તુ એમ છે. એ સમયે સમુદ્ર જ પોતાની તરંગ અવસ્થાને વ્યાપક થઈને વ્યાપ્ય અવસ્થા જે કાર્ય તરંગનું એ સમુદ્ર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી;...**' આહા..હા..! અન્યને એટલે હવાને લાવે અને સમુદ્રની તરંગદશા હવાને કરે છે એમ છે નહિ. આહા..હા..! '**વળી જેમ તે જ સમુદ્ર, ભાવ્યભાવકભાવના...**' ભાવ્યભાવકભાવના '**અભાવને લીધે...**' આહા..હા..! પરની સાથે ભાવ્ય નામ હોવું, ભાવક કરનાર એવો ભાવ તેના '**અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,...**' આહા..હા..! સમુદ્રને પવનનો અનુભવ થાય એમ છે નહિ. સમુદ્ર પોતાની પર્યાયનો અનુભવ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,...**' આહા..હા..! '**ઉત્તરંગ અથવા નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસે છે...**' દેખો, સમુદ્ર જ પોતાની પર્યાયને અનુભવતો પ્રતિભાસે છે. સમુદ્ર પવનની પર્યાયને ભોગવે છે એમ છે નહિ. પવન સમુદ્રની પર્યાયનો કર્તા-ભોક્તા નથી એ તો પહેલાં આવી ગયું. પર કર્તા નથી અને પર ભોક્તા નથી એ તો આવી ગયું. હવે આ તો સમુદ્ર પોતાના ભાવ્યભાવકને કરે છે અને ભોગવે છે, પણ પવનની પર્યાયનો કર્તા-ભોક્તા છે નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે. અનંત તત્ત્વ પરમાત્મા કહે છે તો અનંત કેવી રીતે રહ્યા? કે પોતાની પર્યાયથી રહે, પરથી ન રહે તો અનંત અનંતપણે રહેશે, પણ પરથી થાય તો અનંતપણું નહિ રહે. સમજાણું કાંઈ? ખીચડો થઈ જશે. આહા..હા..! આ તો હજી સમુદ્રનું દૃષ્ટાંત છે.

'**અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી; તેવી રીતે...**' હવે આત્મામાં આવ્યું. '**સસંસાર...**' સંસારની દશા. મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ, દ્વેષ, પ્રમાદ, કષાય અને યોગ એવી સંસારયુક્ત દશા જીવની '**અને નિઃસંસાર અવસ્થાઓને...**' આહા..હા..! ભગવાન આત્માની

મોક્ષમાર્ગની અવસ્થા. નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન, નિશ્ચયચારિત્ર જે સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય છે એવી જે '**નિઃસંસાર અવસ્થાઓને પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ...**' શું કહ્યું? આત્મામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ એ સંસારદશા છે. એમાં કર્મ સંસારદશાનો કર્તા છે એમ છે નહિ. કર્મનો વિપાક નિમિત્ત હોવા છતાં પણ કર્મનો વિપાક આત્માની વિકારી પર્યાયને કરે અને કર્તા વિપાક એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહ્યું જુઓ, સમુદ્રના દૃષ્ટાંતે સંસારયુક્ત જીવ નિગોદમાં હોય કે સ્વર્ગમાં હોય એ બધા પોતાની પર્યાય મિથ્યાત્વ અને રાગ-દ્વેષસહિત જે છે એમાં કર્મનું નિમિત્ત છે પાકનું, પણ એ નિમિત્ત કર્તા અને વિકારી પરિણામ જીવનું કાર્ય એમ છે નહિ.

**શ્રોતા** :- ઉપાદાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતાથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની પર્યાયથી ઉપાદાન પોતાની પર્યાય છે. ઉપાદાન બે પ્રકારના. એક ધ્રુવ ઉપાદાન, એક વર્તમાન પર્યાય ઉપાદાન. એ આ પર્યાય વર્તમાન પર્યાયની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કોઈપણ સમયે જીવ પોતાના મિથ્યાત્વ અને રાગ-દ્વેષસહિત હોય છે તો તે સમયે કર્મનો વિપાક નિમિત્ત હો, પણ કર્મનું નિમિત્ત કર્તા—વ્યાપક અને વિકારી પરિણામ એનું વ્યાપ્ય નામ કાર્ય એમ છે નહિ. આ તો સીધી ભાષા છે, ભાઈ! ત્યાં ગડબડ કરે છે. કર્મનો ઉદય આવ્યો તો વિકાર કરવો પડે અને કર્મ કોઈ ખસે દૂર થાય તો આત્મામાં સમ્યગ્દર્શન આદિ પર્યાય થાય છે—બધું ખોટુ છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ સરસ વાત લીધી.

'**તેવી રીતે સસંસાર અને નિઃસંસાર અવસ્થાઓને...**' સંસારયુક્ત અવસ્થા અને અસંસાર—મોક્ષમાર્ગની અવસ્થા. આહા..હા..! '**પુદ્‌ગલકર્મના વિપાકનો...**' સંસારદશામાં પુદ્‌ગલકર્મનો વિપાક સંસારઉત્પત્તિમાં નિમિત્ત હોવા છતાં પણ અને મોક્ષમાર્ગ જે આત્માની દશા, આહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિઃસંસારાવસ્થા નામ મોક્ષમાર્ગની અવસ્થા, આહાહા..! એમાં કર્મના વિપાકનો અસંભવ હોવા છતાં, કર્મનો અભાવ-અસંભવ છે એ અહીંયાં મોક્ષમાર્ગની પર્યાય એણે કરી અને અભાવ કર્તા થયો એમ છે નહિ. આ તો હિન્દી ચાલે છે હવે. કહો, સમજાણું કાંઈ? શિક્ષણવર્ગ તો પરમ દીથી છે. પણ પહેલેથી ઘણા આવી ગયા છેને હિન્દી. આહા..હા..! પ્રભુ! એક વાર સાંભળ તો ખરો, કહે છે. ચાહે તો નિગોદ અવસ્થામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષની પરિણતિ છે એ પોતાથી છે. આત્મા કર્તા અને મિથ્યાત્વ પરિણામનું કર્મ એનું છે. સમજાણું કાંઈ? એ ગોમ્મટસારમાં આવ્યું છે. પંડિતજી! ભાવકલંક... વિકારી પર્યાયના કલંકની પ્રચુરતા એને કારણે જીવ નિગોદને છોડતો નથી. કર્મનું જોર છે માટે છોડતો નથી એમ નથી. ગોમ્મટસારમાં છે. આહાહા..! એમ સંસારયુક્ત અવસ્થા ચાહે તો અભવિની હોય કે ભવિની, એ પોતાની અવસ્થાનો કર્તા અને એ અવસ્થા એનું કર્મ-

-કાર્ય; પણ એ સંસાર વિપાક, સંસાર અવસ્થા—મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ એમાં કર્મના વિપાકનું નિમિત્ત હોવા છતાં, કર્મનું નિમિત્ત અહીંયાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો કર્તા છે અને મિથ્યાત્વનું એ કર્મ છે એમ છે નહિ. આહાહા..! મિથ્યાત્વભાવ છે એ સંસારસહિત ભાવ છે. તેમાં દર્શનમોહનો ઉદય નિમિત્ત છે, પણ દર્શનમોહના ઉદયે મિથ્યાત્વ કર્યું, દર્શનમોહનો ઉદય કર્તા થઈને—વ્યાપક થઈને મિથ્યાત્વની વ્યાપ્ય—અવસ્થાનું કાર્ય કર્યું એમ છે નહિ. ભાષા ચોખ્ખી છેને ભાઈ! આહાહા..! કેટલું સ્પષ્ટ કર્યું છે!

**શ્રોતા :-** વ્યાપ્યવ્યાપક થઈને નથી થતું. નિમિત્તથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તથી થયું તેનો અર્થ શું થયો? (કરે) એ તો વ્યાપ્યવ્યાપક થઈ ગયું. આહાહા..! એ તો કહ્યુંને કે મિથ્યાત્વ અને રાગ-દ્વેષસહિત પર્યાયને-જીવને નિમિત્ત હો, પણ નિમિત્તથી એ કાર્ય થયું છે એમ નથી. ઘડો માટીથી થયો છે, કુંભારથી થયો એમ અમે નથી જોતા. નિમિત્ત હો. એમ કહે છે.

**શ્રોતા :-** આપના ઉદયથી અમને સમજાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમારી યોગ્યતાથી તમને સમજાય છે. એવી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનના સમવસરણમાં અનંત વાર ગયો. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર. કાળલબ્ધિનો અર્થ પુરુષાર્થ ઊંધો હતો. સમજાણું કાંઈ? ઊંધો પુરુષાર્થ હતો એ જ એની કાળલબ્ધિ છે. આહા..! સમજાણું કાંઈ? સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં એમ લીધું છે, પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક સમયમાં જે પર્યાય થાય છે વિકારી કે અવિકારી, તેની તે સમયની કાળલબ્ધિ છે--એ સમયે જ એ પર્યાય થવાની છે. એ પર્યાયની ઉત્પત્તિનો કાળ જ ઈ છે, પરને કારણે નહિ. સમજાણું કાંઈ?

બોલવામાં આવે કે બે કારણનું એક કાર્ય, પણ ખરેખર કારણ એક જ છે. સમજાણું કાંઈ? જેમ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે—એક નિશ્ચયમોક્ષમાર્ગ. પોતાના સ્વભાવનો અનુભવ કરીને જે મોક્ષમાર્ગ પ્રગટ કર્યો એ નિશ્ચય અને એની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ એ નિમિત્તપણે સહચર દેખીને, સાથે દેખીને ઉપચારથી વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો, પણ ઈ મોક્ષમાર્ગ છે નહિ. મોક્ષમાર્ગ પ્રકાશક, ટોડરમલજીએ ઘણું સ્પષ્ટ કર્યું છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારનું છે. સહચર દેખીને કહ્યું છે, પણ મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગ તો એક જ છે અને બેય ઉપાદેય છે એમ નથી, બે માર્ગ છે એમ નથી. આહા..હા..! ટોડરમલજીએ સાતમા અધ્યાયમાં લખ્યું છે ઘણું. ઓહો..હો..! જ્યારે અમે ૮૨ની સાલમાં વાંચતા હતા. ૮૨માં. ૫૦ વર્ષ થયા. ૮૨. સંવત્ ૧૯૮૨. ૭૮માં સમયસાર મળ્યું. ૫૪ વર્ષ થયા. ૭૮માં. અમે જંગલમાં જઈને વાંચતા હતા. દામનગર. ૭૮ની સાલ. ઘણું એક માઈલ દૂર. અપવાસ આઠમનો, અમાસનો, પૂનમનો અપવાસ કરતાં હતાને. મહિનામાં ચાર અપવાસ કરતા. તે દી. પાણી વિના. પછી વ્યાખ્યાન આપીને

ચાલ્યા જતા જંગલમાં. ઘણે છેટે એક માઈલ. લાખો મણ ગાડા માટીના કાઢ્યા એટલો મોટો ખાડો. એમાં ચાલ્યા જતા અંદર. .. હોય ને માટી કાઢે ને. મોટો ખાડો. લાખો ગાડા માટી કાઢે એવો ખાડો. એમાં જઈને વાંચતા હતા. ૭૮ ફાગણ માસ. એ અંદરની યોગ્યતાથી તે મળ્યું છે. એ વાત તો અહીં ચાલે છે. આહા..!

**શ્રોતા :-** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાત જ જૂઠી છે એમ કહે છે. આહા..હા..! મોક્ષમાર્ગ જ્યારે ૮૨માં મળ્યું, જ્યારે સાતમો અધ્યાય વાંચતા હતા, રોજકોટમાં, નહિ ખાવાનું, નહિ પીવાનું, નહિ વ્યાખ્યાન આપવાનો બધો રસ ઊડી ગયો. પચાસ વર્ષ થયા. ઓહો..હો..! આ વાત! હવે એને અહીંયાં લલિતપુરમાં ..ભાઈના ગામમાં અધ્યાત્મની ભાંગ પીને (નાચ્યા છે એમ કહ્યું). અરે.. ભગવાન! અરે..! એમ ન હોય, પ્રભુ! એમ ન બોલાય. ભગવાન! તું આત્મા છો. સમજાણું કાંઈ? આહા..હા..! આવ્યું હતું, છાપામાં આવ્યું હતું. એમાં લખ્યું હતું કે ... આ શું કહ્યું? આ શાસ્ત્રપરિષદ છે કે શસ્ત્રપરિષદ છે? એમાં આવ્યું હતું. મારપીટ કરી, કદી થયું નથી અને થશે નહિ એવું એણે કહ્યું. થવાનું હોય તે થાય છે. આહાહા..! બહુ લખ્યું છે. એ આવ્યું છે ... અરે પ્રભુ! એમ ન હોય. ભાઈ! કોઈ વિરોધ હોય, તમને લાગે તો કોઈ પ્રત્યે એટલો વિરોધ એમ હોય નહિ. વ્યક્તિ છે, વ્યક્તિ ભગવાન છે. ભૂલ છે તો એક સમયની પર્યાયની ભૂલ છે. કાઢી નાખશે તો એક સમયની ભૂલ કાઢી નાખશે ઈ. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે.. જુઓ એ કહે છે, નિમિત્તથી થાય છે અને વ્યવહારથી થાય છે. વ્યવહાર પણ નિમિત્ત છે. અંદર વ્યવહાર રાગ છે એ અંતરનું નિમિત્ત છે, ઓલું બાહ્યનું નિમિત્ત છે. આમ તો એ વ્યવહારથી થાય. અહીં કહે છે કે એ નિશ્ચયમાં થતી પોતાની પર્યાય નિમિત્તથી-વ્યવહારથી થતી નથી. દેવીલાલજી! કથનમાં આવે વ્યવહારમોક્ષમાર્ગ, પણ મોક્ષમાર્ગ છે નહિ, એ તો બંધમાર્ગ છે. આહા..હા..! એને તો સહચર—સાથે દેખીને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવે છે, એ વાસ્તવિક ચીજ નથી. આહા..હા..!

એમ સાધનનું પણ બે પ્રકારથી કથન કરવામાં આવ્યું છે. સાધન બે પ્રકારના નથી, સાધનનું કથન બે પ્રકારે છે. સાધન વસ્તુ એક જ પ્રકારે છે. આહાહા..! રાગથી ભિન્ન અનુભવ કરવો એ એક જ સાધન છે, સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! લોકોને આકરું લાગે. સાંભળી નથીને. બાપુ! તારા .. છે, પ્રભુ! એ પર્યાય સ્વતંત્ર... કર્તા કોને કહીએ? કે વિકારી કે અવિકારી પર્યાય સ્વતંત્ર થઈને કરે, જેને પરની અપેક્ષા નથી એને કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો વિકારી પરિણામ પણ કર્તા થઈને સ્વતંત્ર કરે છે. આહાહા..! પોતે ... કરતાં નથી? ૧૩ની સાલ. વર્ણીજી સાથે. ઘણી સભા બેઠી હતી. આ પંડિત હતા, અમારે રામજીભાઈ હતા, હિંમતભાઈ હતા, ફૂલચંદજી, કૈલાસચંદજી હતા. સમેદશિખર. હતું?

વિકારની પર્યાય પોતાથી ષટ્કારકથી થાય છે. સભામાં નહિ, અંદર ચર્ચા થઈ હતી ઓરડામાં. એક સમયની વિકારી મિથ્યાત્વપર્યાય હો, રાગ-દ્વેષની હો, એ પર્યાય પોતે ષટ્કારકથી પરિણમે છે, દ્રવ્ય-ગુણથી નહિ, નિમિત્તથી નહિ. ૬૨ ગાથા છે, પંચાસ્તિકાય. લીધું હતું કાલે. કાલે બતાવ્યું હતું. મિથ્યાત્વ થાય છે તો એમાં દર્શનમોહનું નિમિત્ત હો, પણ નિમિત્તથી મિથ્યાત્વભાવ થયો એમ નથી. આહાહા..! અને મિથ્યાત્વના પરિણામ પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી રાખતા. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે અને આ મિથ્યાત્વ અશુદ્ધ છે. તો મિથ્યાત્વ અશુદ્ધ છે એ મિથ્યાત્વની પર્યાય પોતે જ કર્તાકર્મ થઈને ષટ્કારકરૂપ પરિણમન કરીને (પરિણમે છે). કેમકે દ્રવ્ય-ગુણમાં ષટ્કારક છે. એવી પર્યાયનું ષટ્કારકનું પરિણમન વિકારરૂપે પોતાની પર્યાયમાં પોતાથી થાય છે. સમજાણું કાંઈ? ગડબડ થઈ ગઈ ઘણી. એમ નહિ, એમ નહિ. એ તો અભિન્નનું કથન છે. અભિન્નનો અર્થ શું? ફૂલચંદજીએ પકડ્યા. ફૂલચંદજી પંડિતજી. (તેમણે કહ્યું), સ્વામીજી એમ કહે છે કે વિકાર થાય છે એ નિશ્ચયથી પોતાથી, પરની અપેક્ષા રાખ્યા વિના થાય છે એનું નામ વિકાર કહેવામાં આવે છે. અત્યાર સુધી તો બધા એમ કહેતા હતા, કર્મથી વિકાર થાય.. કર્મથી વિકાર થાય. કેમકે વસ્તુ દ્રવ્ય-ગુણે તો શુદ્ધ છે, તો પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી?—કર્મથી આવી. અરે..! એમ છે નહિ. પર્યાયની અશુદ્ધતા પર્યાયથી પોતાથી થઈ છે. દ્રવ્ય-ગુણની અપેક્ષા નહિ વિકારી પર્યાયને અને પરની અપેક્ષા પરના કારકથી નિરપેક્ષ એવો પાઠ છે. પરના કારકથી નિરપેક્ષ એનાથી થાય છે વિકાર. ૬૨ ગાથા પંચાસ્તિકાય. સમજાણું કાંઈ? આહા..હા..! એ અહીં વાત કરે છે.

દિગંબર સંતોની વાણી પૂર્વાપરવિરોધરહિત છે. પૂર્વાપરવિરોધ હોય એ વીતરાગની વાણી જ નહિ. એક બાજુ એમ કહે કર્મથી થાય અને બીજી બાજુ એમ કહે કર્મથી નહિ. આહાહા..! ભગવાન તારી ભૂલ 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' કોઈ કર્મને કારણે થયો છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'કર્મ બિચારે કૌન...' આવે છેને સ્તુતિમાં? ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિ. 'કર્મ બિચારે કૌન...' કહ્યું હતું એ વખતે કહ્યું હતું. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ.' લોઢામાં અગ્નિ પ્રવેશે છે તો એના ઉપર ઘણ પડે છે, અગ્નિથી ભિન્ન રહે તો કોઈ ઘણ પડતા નથી; એમ ભગવાન આત્મા નિમિત્તનો સંગ કરીને વિકારી થાય છે, સંગ કરીને. સંગ એવ. કળશ છે. આહા..હા..! એનાથી નહિ, પણ સંગ કરે છે સ્વતંત્રપણે પોતાની પર્યાયમાં. આહા..હા..!

મિથ્યાત્વ અને રાગ-દ્વેષની, વિષયવાસનાની પર્યાય થાય તો કહે છે કે વેદનો ઉદય ત્યાં નિમિત્ત ભલે હો, વિષયની વાસના થઈ, આહા..હા..! એ વેદનો ઉદય—દ્રવ્યવેદ, એનું નિમિત્ત હો, પણ વાસના થઈ છે તે એનાથી થઈ છે એમ છે નહિ. દ્રવ્યવેદનો ઉદય કર્તા અને વાસના એનું કાર્ય એમ છે નહિ. આહાહા..! ભગવાન આત્મા પોતાની પર્યાયનો કર્તા. અત્યારે તો એ સિદ્ધ કરવું છેને. .... આત્મા વિકારનો કર્તા છે. સવારની વાત બીજી હતી. અહીંયાં

તો પર કર્તા નહિ, પર ભોક્તા નહિ, પરનો કર્તા નહિ એ વાત સિદ્ધ કરવી છે. અને દ્રવ્ય અને પર્યાય વચ્ચેની વાત જ્યારે ચાલે, આહા..હા..! તો મિથ્યાત્વનો કર્તા દ્રવ્ય નહિ અને સમ્યગ્દર્શનનો કર્તા દ્રવ્ય નહિ. આહા..હા..! પર તો નહિ પણ દ્રવ્ય નહિ. એ તો બે ભિન્ન અસ્તિત્વ સિદ્ધ કરવા છે. ... એક છે. શેઠ એમ કહે છે કે સવારનું માનવું કે આ માનવું? એમ શેઠ કહે છે. ... આહા..હા..! ભગવાન! એક વાર સાંભળ તો ખરો. વિકારનો કર્તા પર જો તું માને છે એને છોડાવવા, એમ છે નહિ, એ છોડાવવા માટે આત્મા વિકાર પોતાથી કરે છે એમ સિદ્ધ કરવું છે, પણ જ્યારે બે—વિકાર અને દ્રવ્ય વચ્ચે જ્યારે સિદ્ધ કરવું હોય ત્યારે દ્રવ્ય વિકારને કરતો નથી, વિકાર પર્યાય કરે છે. એક વાત.

'**સસંસાર અને નિઃસંસાર અવસ્થાઓને...**' મોક્ષમાર્ગની અવસ્થા. આહા..હા..! સિદ્ધની અવસ્થા. એમાં કર્મ વિપાકનું ન હોવું, નિમિત્ત ન હોવું અભાવ, અભાવ થવો. એ '**નિમિત્ત હોવા છતાં પણ પુદ્ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' એટલે કે પુદ્ગલકર્મ વ્યાપક અને જીવનો વિકાર વ્યાપ્ય અથવા જીવનો વિકાર વ્યાપક અને કર્મની અવસ્થા એનું વ્યાપ્ય, એમ છે નહિ. આહા..હા..! વિકારી અવસ્થાનું કર્મ કર્તા છે એમ તો છે નહિ, પણ આત્મા જ્યારે વિકારને કરે છે, ત્યારે કર્મને પણ કરે છે, એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરસપરસ છે. ભાઈ! આ તો પરમાત્મા જિનેશ્વરનો માર્ગ છે. એને સમજવામાં અનંત કાળ ગયો તોપણ સમજ્યો નહિ. ગોટા વાળ્યા.

ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર જિનવર એમ '**भणेइ**'. આહા..હા..! જિનવરદેવ આમ કહે છે. આહા..હા..! જે એક સમયનું કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને દેખતું નહિ, પર્યાયને દેખે એમાં ત્રણકાળ, ત્રણલોક જણાઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાત્રે નદીના સ્વચ્છ જળમાં ઉપર ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર હોય છે. ૨૮ નક્ષત્ર, ૮૭ ગ્રહ, ૬૫ હજાર નવસો પંચોતેર ક્રોડાક્રોડી તારા. નદીમાં પાણી છે તો એ સ્વચ્છ પાણીને જોતા એ પણ દેખાય છે. કેમકે પાણીની અવસ્થા થઈ છે. અંદર દેખાય છેને ચંદ્ર એ ચંદ્ર નથી ત્યાં, એ તો પાણીની અવસ્થા છે. સમજાણું કાંઈ? પાણીની અવસ્થાને દેખનાર પાણીની અવસ્થા દેખે છે તો એ અવસ્થામાં જો ચંદ્ર ઉપર છે એનું અહીં પ્રતિબિંબ પડ્યું. એ છે અવસ્થા પાણીની, એ ચંદ્ર અને ગ્રહની અવસ્થા નથી. એ અવસ્થાને દેખે છે તો બધા સૂર્ય, ચંદ્ર પણ એમાં દેખાય છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. છે તો પાણીની અવસ્થા. એમ જ્ઞાનની અવસ્થા. નિર્મળાનંદ પ્રભુ એને દેખતા પર્યાયમાં લોકાલોકનું પરિણમન થયું છે, એ સંબંધી જ્ઞાન થયું છે. એ પર્યાયને દેખે છે તો લોકાલોક જણાય જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકાલોકને દેખે છે એમ કહેવું એ અસદ્ભુતવ્યવહારનયનું કથન છે. પોતાની પર્યાયને જોવે છે એમાં લોકાલોક આવી જાય છે. લોકાલોક સંબંધી જ્ઞાન એ પોતાની પર્યાયમાં જ્ઞાનમાં જણાઈ જાય છે, પરને કારણે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

લોકાલોક છે તો કેવળજ્ઞાન થયું છે, એમ નથી. આહા..હા..! જુઓ, ત્યાં પણ એમ કહ્યું છે સર્વવિશુદ્ધમાં કે લોકાલોક છે એ કેવળજ્ઞાનમાં નિમિત્ત છે અને કેવળજ્ઞાન છે એ લોકાલોકને નિમિત્ત છે. એમ કહ્યું છે. સર્વવિશુદ્ધ અધિકાર. પાછળ. એનો શું અર્થ થયો? લોકાલોક છે ઈ એનામાં છે. પોતાને જ્ઞાન થયું એ પોતાથી થયું છે, એ લોકાલોકથી થયું નથી. નિમિત્ત છે એ તો પર છે. આહા..હા..! અને કેવળજ્ઞાન એમાં નિમિત્ત છે તો લોકાલોક કેવળજ્ઞાનથી થયા છે? લોકાલોક તો પોતાને કારણે છે. લોકાલોકમાં કેવળજ્ઞાન નિમિત્ત અને કેવળજ્ઞાનની પર્યાયને લોકાલોક નિમિત્ત, એમ અરસપરસ વાત છે. આહા..હા..! પ્રભુ! તારી સ્વતંત્રતા તો જો, ભૂલ કરવામાં પણ સ્વતંત્ર અને મોક્ષમાર્ગ કરવામાં પણ સ્વતંત્ર. આહા..! એવી ચીજ છે, ભાઈ! એવું નિમિત્તપણું મળ્યું એમાંથી યથાર્થ તત્ત્વનું જ્ઞાન નહિ કરે તો ક્યાં જશે? સમજાણું કાંઈ?

**શ્રોતા** :- કર્મ બળવાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બળવાન-બળવાન બિલકુલ નથી.

**શ્રોતા** :- ક્યારેક જીવ બળવાન અને ક્યારેક કર્મ બળવાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ભાવકર્મ બળવાનની અપેક્ષાએ છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં આવે છે અર્થમાં. સમજાણું કાંઈ? આહા..હા..! ઈષ્ટોપદેશ. ભાવકર્મનું જોર છે વિકારનું ત્યારે નિર્વિકાર દશાનું જોર નથી. એ પોતાથી છે. એ બળિયો..

એ ત્યાં કહેતા હતા પ્રભાશંકર પાટણી છેને? દિવાન. ભાવનગરના દિવાન હતા પ્રભાશંકર પાટણી. અહીં આવ્યા વ્યાખ્યાનમાં. અષાઢ વદ અમાસ. ૯૩. ૯૩ની સાલ. ૩૯ વર્ષ થયા. એ વ્યખ્યાન વખતે આ મકાન નહોતું. નાના મકાનમાં રહેતા હતા. સ્ટાર ઓફ ઈન્ડિયા નામનું મકાન છે ત્યાં રહેતા હતા. વ્યાખ્યાન ત્યાં ચાલતું હતું. ત્યાં વ્યાખ્યાન દેતા હતા ગુરુકુળમાં. ગુરુકુળ છેને ત્યાં આર્યસમાજનું ત્યાં વ્યાખ્યાન દેતા હતા. ઘણા માનતા હતાને. તો ત્યાં આવ્યા. સભામાં લઈને આવ્યા. વ્યાખ્યાન સાંભળ્યું પણ કાંઈ ભાન ન મળે. પછી બોલ્યા, મહારાજ! શું કીધું? મલામલ. ભાષા એમ કીધી મલામલનું એમ કે જોર છે. કોઈ વખતે કર્મનું જોર છે અને કોઈ વખતે આત્માનું જોર છે. દિવાન હતા દિવાન. ભાવનગર દરબાર. ...નો તાલુકો છે. એના દિવાન. અહીં વ્યાખ્યાનમાં આવતાને. સભા ઘણી આવી હતી. રેલના ઉપરી, બીજા ઘણા વ્યાખ્યાનમાં આવે.

ભાઈ! એમ છે નહિ. કદી કર્મ બળિયો અને કદી આત્મબળિયો એમ છે નહિ. કદી પોતાનો વિકાર બળિયો અને કદી પોતાનો અવિકાર બળિયો એમ છે. સમજાણું કાંઈ? અરે..! સત્યની ખબરેય નહિ અને ધર્મ થઈ જાય. આહા..! સમજાણું કાંઈ? તત્ત્વજ્ઞાન શું ચીજ છે એની ખબર નહિ અને એને ધર્મ થઈ જાય? દયા, દાન, વ્રત થઈ જાય એ તો રાગ આસ્રવ છે. એ તો એવો ભાવાસ્રવ અભૂતાર્થ ધર્મ તો અભવિ પણ કરે છે. એમાં શું થયું?

બંધ અધિકારમાં છે. અભૂતાર્થ ધર્મ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ અભૂતાર્થ ધર્મ છે. ભૂતાર્થ ધર્મ તો એ છે કે પોતાનો ભગવાન આત્મા પોતાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે એ ભૂતાર્થ સત્યાર્થ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહે છે, કે '**નિઃસંસાર અવસ્થાઓને પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને...**' આહા..હા..! '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' આહા..હા..! જીવ વ્યાપક થઈને કર્મનું વ્યાપ્ય કરે એમ છે નહિ. વ્યાપક થઈને પોતાની પર્યાયને કરે. આહા..હા..! ચાહે તો મિથ્યાત્વની પર્યાય કરે અજ્ઞાનમાં અને સમ્યગ્દર્શનની પર્યાય કરે. અંતર્વ્યાપક થઈને એ મિથ્યાત્વ અને સમ્યગ્દર્શનની પર્યાયમાં કર્તાપણાની અસિદ્ધિ (છે એટલે) પર કર્તા અથવા આત્મા કર્તા અને પર એનું કાર્ય એની '**અસિદ્ધિ હોવાથી, જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને...**' આહાહા..! ભાષા તો જુઓ,

ભગવાન આત્મા મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાં અંતર્વ્યાપક થઈને.. આહા..હા..! છે? '**સસંસાર અથવા નિઃસંસાર અવસ્થાને...**' આહા..હા..! બહુ થોડામાં પણ ઘણું લીધું છે. ટીકા અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! કુંદકુંદાચાર્યે તીર્થંકર જેવું કામ કર્યું. અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કામ કર્યું. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, આ પદ્મપ્રભમલધારીદેવ નિયમસારના (ટીકાકાર). આહા..હા..! કહે છે કે સંસાર મિથ્યાત્વ અને રાગ-દ્વેષની અવસ્થામાં આત્મા અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. એ વિકાર થયો એમાં આદિ નિમિત્ત છે તો વિકાર થયો, એમ છે નહિ. આહા..હા..! નિઃસંસાર અવસ્થા અર્થાત્ પોતાના સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ (પ્રગટ થયો) એ પોતાની નિઃસંસાર દશા છે. અવિકારી દશાની આદિમાં આત્મા છે. સમ્યગ્દર્શનની પર્યાયની આદિમાં આત્મા છે. સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થવામાં કર્મનો અભાવ આદિમાં છે, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? નિમિત્તનો અભાવ છે ત્યાં માટે તે કર્તા અને આત્માનું સમ્યગ્દર્શન કર્મ અથવા સમ્યગ્દર્શન કર્તા અને એનો અભાવ તે તેનું કર્મ—નિમિત્તનો અભાવ તે તેનું કાર્ય એમ છે નહિ. કહો, સમજાય છે કે નહિ, ભાઈ? દિલીપ! અમારે જાદવજીભાઈનો પુત્ર છે. આહા..હા..!

પ્રભુ! તારી વાત તો જો! વિકાર થવામાં આદિ-મધ્ય-અંતમાં તારી ચીજ અને મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં પણ આદિ-મધ્યમાં તારી ચીજ. પરચીજનો અભાવ આદિ-મધ્યમાં છે માટે અહીંયા સમ્યગ્દર્શન થયું, એમ છે નહિ. આહા..હા..! કહો, શેઠ! આહા..હા..! પંડિતજી! પ્રવચનસાર. આહા..હા..! ગજબ વાત છે. કર્મના ઉદયને વશ થાય છે એ પોતાની સ્વતંત્રતાથી વશ થાય છે, નિમિત્ત આવ્યું એટલે વશ થયો એમ નથી. સમજાણું કાંઈ? ૪૭ નય. ત્યાં તો એમ કહ્યું, રાગનો કર્તા જીવ છે. આમ રાગ કરવાલાયક છે એમ કર્તા તરીકે તો મિથ્યાદૃષ્ટિ હોય તો કર્તા થાય છે, પણ સમ્યગ્દૃષ્ટિ રાગરૂપ પરિણમન તો કરે છે, એ રાગ કરવાલાયક છે એવી બુદ્ધિનો અભાવ છે, પણ અસ્થિરતા અને રાગનું પરિણમન છે એટલો કર્તા કહેવામાં

આવે છે સમકિતીને પણ. આહાહા..!

મુનિ આત્મભાવલિંગી સંત જેને આત્મદર્શન અને અનુભવ (વર્તે છે). આહાહા..! જેને નિદ્રા પોણી સેકન્ડ આવે છે, ભાવલિંગી સંત પોણી સેકન્ડની ઊંઘ એવી મુનિની દશા છે, એને પણ રાગ થાય છે, મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે, તો કહે છે કે કર્તાબુદ્ધિ તરીકે નહિ, પણ પરિણમન તરીકે છે તો કર્તા કહેવામાં આવે છે. આહા..હા..! પરની સાથે શું સંબંધ છે? સમજાણું કાંઈ? રાગનું પરિણમન થયું એ પોતાથી છે. રાગની આદિ, મધ્યમાં આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન થયું તો પછી કર્મના ઉદયનો ભાવ પોતાનો છે એમ માનતા નથી. માનતો નથી, પણ એમાં થાય એમ જાણે છે. આહા..હા..! પણ કર્મને કારણે થાય એમ નથી. સમજાણું કાંઈ? ... અધ્યાત્મ પંચસંગ્રહ... કોઈ એમ માને કે છઠ્ઠે ગુણસ્થાને ચારિત્રમોહનું જોર છે તો તીવ્ર કષાય થયો અને સાતમે મંદ થયો તો સપ્તમ ગુણસ્થાન થયું એમ છે. એ વાત ખોટી છે. ત્યાં તો એમ કીધું વ્યક્ત-અવ્યક્ત જે વિકાર છે, છઠ્ઠે ગુણસ્થાને પોતાથી છે એમ કહ્યું. અવ્યક્ત વ્યક્ત છે. સમજાણું કાંઈ? અને ત્યાં નિમિત્તના લક્ષે થયું તો નિમિત્તથી થયું એમ કહીને.. ઝીણી વાત, ભગવાન! આહા..હા..!

૭૩ ગાથામાં એમ કહ્યું, સાંભળો! ભગવાન આત્મા ભેદજ્ઞાની છે. રાગથી ભિન્ન પડી ભગવાન આત્માને જાણે-અનુભવે છે તો ભેદજ્ઞાનીને વ્યાપ્યવ્યાપક, વ્યાપક આત્મા અને એની નિર્મળ અવસ્થા એનું વ્યાપ્ય છે; અને વિકાર જે થાય છે એનું વ્યાપક કર્મ છે અને વિકારી પર્યાય એનું વ્યાપ્ય છે. કઈ અપેક્ષાએ, બાપુ? કેમકે સ્વભાવમાં એવી કોઈ શક્તિ નથી કે વિકાર થાય. તો જે સ્વભાવનો અનુભવ થયો તો સ્વભાવનું વ્યાપ્ય તો નિર્મળ અવસ્થા જ છે, મોક્ષમાર્ગની અવસ્થા જ એનું વ્યાપ્ય—કાર્ય છે. સ્વભાવકર્મ છે; અને વિકાર પર છે, એને કાઢી નાખવા અને એનો જ્ઞાતા હોવાથી કર્મ વ્યાપક અને વિકારી વ્યાપ્ય એમ કરીને ગૌણ કરી દીધું. આવી વાત છે.

**શ્રોતા :-** પર કર્મને વ્યાપક કહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. કેમ કહ્યું? કે વિકાર થવાની શક્તિ નથી જીવમાં. અનંત શક્તિ છે, પણ એવી કોઈ શક્તિ નથી કે વિકાર કરે. હમણા કોઈએ પ્રશ્ન કર્યો હતોને કે અનંત શક્તિ છે તો પરનું તો કરે. ... દેવીલાલજીએ? ... અનંત શક્તિ છે. એક શક્તિ એવી પણ હશે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને પરિણમન કરે! ... હમણા આવશે.

એક શક્તિ એવી પણ હોય કે.. એક દ્રવ્ય બજા દ્રવ્યને કરે. જેને જીવદ્રવ્ય.. પરિણમે જ્ઞાનાવરણીય કર્મને વ્યાપ્યવ્યાપક કરે. પોતાના વિકારમાં વ્યાપ્ય .. વ્યાપ્ય કરે, કર્તા થઈને .. એવી એક શક્તિ એવી પણ હોય કે જડકર્મનો કર્તા આત્મા થાય અને આત્માથી જડકર્મ બંધાય એવી કોઈ શક્તિ નથી. .... એને ખબર ક્યાં છે? .. દરેક આત્મા ઈશ્વર છે. પરમાણુ પણ ઈશ્વર છે. પ્રત્યેક પરમાણુ પણ જડેશ્વર છે, ચૈતન્ય ભગવાન ચૈતન્ય ઈશ્વર છે. વિભાવ

કાળમાં આત્મા વિભાવ છે. આહા..હા..! આ શક્તિ.. એમાં. .. ... એવી કોઈ શક્તિ નથી આત્મામાં કે કર્મનું વ્યાપ્ય આત્મા કરે અને આત્મા વ્યાપક થઈને કરે એવી કોઈ ચીજ નથી. આહા..! એવી કોઈ શક્તિ છે નહિ. પરનું કરે એવી કોઈ શક્તિ હોય એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! પર્યાયમાં પોતાનો વિકારી ભાવ થાય એવી શક્તિ પર્યાયમાં છે, દ્રવ્ય-ગુણમાં તો છે નહિ; અને નિર્મળદશા થવાની શક્તિ દ્રવ્ય-ગુણમાં પણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ... બાપુ! આ વિરોધ કરવા જેવું નથી, ભાઈ! સત્યનું સ્વરૂપ આવું છે, ભાઈ! તેં સાંભળ્યું ન હોય એટલે શું સત્ય છે એ અસત્ય થઈ જાય? વ્યવહારથી થાય છે, વ્યવહાર પરંપરા કારણ છે; પણ કોને? જેને આત્માનો અનુભવ થયો છે, સમ્યગ્દર્શન થયું છે સ્વ-આશ્રયથી, સમ્યગ્જ્ઞાનાદિ (થયા છે) એને રાગ આવે છે એને આરોપ કરીને પરંપરા કારણ એને કહેવામાં આવ્યું છે. મિથ્યાદૃષ્ટિનો રાગ પરંપરા કારણ અનર્થનું કારણ છે. સમજાણું કાંઈ? આવી વાત છે.

મોક્ષ '**અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' ભાષા જુઓ! આહાહા..! મિથ્યાત્વ અને રાગ-દ્વેષની અવસ્થામાં આદિ-મધ્ય-અંતમાં પણ આત્મા અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્વિકારી પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા. કર્મનો ઉદય છે તો અહીંયા વિકાર થયો એમ નથી અને ઉદયનો અભાવ થયો તો સમ્યગ્દર્શન-જ્ઞાન થયા એમ પણ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૪, શુક્રવાર, તા. ૩૦-૦૭-૧૯૭૬, ગાથા-૮૩, પ્રવચન નં. ૧૪૧

૮૩ ગાથા. અહીં આવ્યું છે. '**સસંસાર અથવા નિઃસંસાર અવસ્થાને...**' પાંચમી લીટી છે. આત્મા સંસાર અવસ્થામાં એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષની અવસ્થામાં પોતાના મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો કર્તા છે, પરનો કર્તા નથી, કર્મનો કર્તા નથી. પહેલાં આવી ગયું છે કે કર્મ વિકારી પરિણામનો કર્તા નથી. કર્મ નિમિત્ત હોય, કર્મનો વિપાક નિમિત્ત હોય પણ એ નિમિત્ત આત્માને વિકાર કરે એમ નથી. વિકાર તો પોતાની પર્યાયમાં પોતાથી સ્વતંત્ર થઈને, પરની અપેક્ષા રાખ્યા વિના વિકાર મિથ્યાત્વ-રાગદ્વેષનો જીવ કરે છે. સમજાણું કાંઈ?

એમ ભોક્તા જીવ પોતાના વિકારને જ ભોગવે છે વિકાર અવસ્થામાં, પરને ભોગવતો નથી. કર્મને આત્મા ભોગવતો નથી. આ શરીરની અવસ્થાનો આત્મા ભોક્તા નથી. ભોક્તા પોતાના વિકારી પરિણામ અથવા અવિકારી પરિણામનો ભોક્તા છે. સમજાણું કાંઈ? દેવીલાલજી! સંસારદશામાં વિકાર અવસ્થાના કાળમાં વિકારની અવસ્થા આત્મા કરે છે. કર્મનું નિમિત્ત હો, પણ એ વિકારની અવસ્થા કરે છે એમ છે નહિ. એમ સંસારરહિત અવસ્થા—પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ—એ અવસ્થામાં કર્મના નિમિત્તનો અભાવ હો, પણ નિમિત્તનો અભાવ મોક્ષમાર્ગની પર્યાયને કરતો નથી. આહા..હા..! એ પોતાનો આત્મા જ સ્વતંત્ર થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય એને આત્મા સ્વતંત્ર થઈને કરે છે. કર્મનો અભાવ થાય તો સમ્યગ્દર્શન-જ્ઞાન કરે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ રાગ-દ્વેષનો ભોક્તા સ્વતંત્ર જીવ છે. કર્મનો ઉદય એમાં નિમિત્ત હો, પણ ભોક્તા પરનો નથી અને રાગ-દ્વેષનો ઉદય છે એ વિકારનો ભોક્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એ તો એકાંત થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમ્યક્ એકાંત જ છે, સમ્યક્ એકાંત જ છે. સમ્યક્ એકાંતનું જ્ઞાન થાય ત્યારે એને અનેકાંતનું જ્ઞાન યથાર્થ થાય છે. આહા..હા..! એવી વાત છે. નિમિત્ત હો કે નિમિત્તનો અભાવ હો, એ પોતે સ્વયંસિદ્ધ વિકાર કરે છે અને વિકારને ભોગવે છે એવું સમ્યક્ એકાંતમાં એવું જ્ઞાન થયું તો નિમિત્ત છે એનું અનેકાંત જ્ઞાન થયું. બીજી ચીજનું જ્ઞાન થયું. બીજી ચીજથી અહીંયા (જ્ઞાન) થયું એમ નથી.

હવે ભોક્તાની વાત ચાલે છે. એમ સંસારયુક્ત અને સંસારરિહત '**પોતાને એકને જ કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો;...**' કર્મના ઉદયનો આત્મા કર્તા નથી. આહા..હા..! એમ મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા થાય છે તો કર્મના ઉદયના અભાવનો પણ આત્મા કર્તા છે, એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના સ્વભાવ સન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય કરે છે એ સમયે કર્મના નિમિત્તનો પણ કર્તા છે એમ નથી અને પોતાની. નિઃસંસાર અવસ્થાનો ભોક્તા છે એ સમયે કર્મના ઉદયનો ભોક્તા છે અથવા નિઃસંસાર અવસ્થાનો ભોક્તા છે એવા કર્મના અભાવનો ભોક્તા છે એમ છે નહિ, આહાહા..! આવી વાત છે. ઝીણી વાત છે, ભાઈ! અનાદિ કાળથી એણે સ્વતંત્ર પોતાની શું ચીજ છે એ તરફ દૃષ્ટિ દીધી જ નથી.

અહીંયાં તો કહે છે કે વ્યવહારનો વિકલ્પ હોય, તો એ '**નિઃસંસાર અવસ્થા...**' એ વ્યવહારનો વિકલ્પ કર્તા નથી અને વ્યવહારના વિકલ્પનો કર્તા આત્મા નથી. સમજાણું કાંઈ? પોતાના મોક્ષમાર્ગની પર્યાયમાં કર્તા થઈને કરે છે તો કર્મના નિમિત્તનો એ જીવ કર્તા નથી અને નિમિત્ત મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા નથી. આહાહા..! સ્વતંત્ર છે. મોટી ગડબડ અત્યારે ચાલે છે. નિમિત્તથી થાય છે અને નિમિત્તનો ભોક્તા છે. કહે છેને... કાઢી નાખ્યું એ તો

પછી. પહેલાં બનારસમાં ગયા હતા તે વખતે પણ કહ્યું હતું વ્યાખ્યાનમાં કે ઉપાદાન પોતાથી થાય છે. તો કૈલાસચંદજી બોલ્યા કે વિચાર-કોટિમાં એ વાત છે. બનારસ કાશી. કીધું, વિચાર-કોટિ નહિ, એ નિર્ણય થઈ ગયો છે. સમજાણું કાંઈ?

વિકાર અવસ્થાના કાળમાં પણ પોતાથી કર્તા છે અને વિકારની અવસ્થાનો ભોક્તા પણ પોતાથી છે, એમ મોક્ષમાર્ગની પર્યાય કરે છે તો મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા પણ પોતાથી છે અને ભોક્તા પણ પોતાથી છે. આનંદનો ભોક્તા પણ પોતાથી છે એમ કહે છે. એ પરને ભોગવતો નથી. પર અહીંયાં ભોગવતો નથી એ વાત તો પહેલાં આવી ગઈ. આનંદની અવસ્થા ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એની દૃષ્ટિ કરવાથી જે આનંદ થયો એ આનંદનો ભોક્તા આત્મા છે, પરનો ભોક્તા નથી. આહાહા..! શરીરના ભોગ અવસ્થા, ભોગના કાળે અજ્ઞાની રાગને ભોગવે છે, પણ એ શરીરને ભોગવે છે એમ છે નહિ. શરીરને ભોગવતો નથી આત્મા. આહાહા..! સમજાણું કાંઈ? લાડવા ખાય છે, લાપસી, મૈસુબ, એ કાળે આત્મા પોતાના રાગને ભોગવે છે, પણ એ ચીજને ભોગવતો નથી. આહા..હા..!

**શ્રોતા** :- લાડવા, લાપસીનું શું થયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લાડવા, લાપસીનો એ પોતે ભોક્તા છે. એની પર્યાયના ભોક્તા એ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભેદજ્ઞાનની વાત છે, ભગવાન! કદી એણે આવો અંતર નિર્ણય કર્યો જ નથી. સમજાણું કાંઈ? વિકાર થાય છે તો કર્મથી થાય. કર્મ માર્ગ આપે તો અમને નિર્વિકારી દશા-સમકિત થાય એમ માને છે. એ બધી વાત જૂઠી છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, **'અને વળી તેવી રીતે આ જ જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે...'** અર્થાત્ પર ભાવ્ય નામ ભોગવવાયોગ્ય અને આત્મા ભાવક—ભોગવનાર. એવા **'ભાવ્યભાવકભાવના અભાવને લીધે...'** શું કહ્યું? કર્મ એ ભાવ્ય નામ ભોગવવાલાયક અને આત્મા ભોગનો કર્તા, એમ કર્મ ભોગવવાલાયક અને આત્મા ભોગવનાર એવા ભાવ્યભાવકનો અભાવ છે. ભાષા ટૂંકી છેને. અહીંયા સિદ્ધાંતની ભાષા છે. આહા..હા..! આત્મા ભાવક અને કર્મનો ઉદય અને શરીરની અવસ્થા ભાવ્ય—ભોગવવાયોગ્ય એવા ભાવકભાવ્યભાવનો અભાવ છે. ન્યાય સમજાય છે? આહા..હા..!

**શ્રોતા** :- બિમારી ભોગવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બિમારી ભોગવી નથી. એ ખોટી વાત છે. મિથ્યાત્વના કાળમાં પણ બિમારી આત્મા ભોગવતો નથી, શરીરનો રોગ ભોગવતો નથી. શરીરમાં રોગ થાય છે એ તો જડની પર્યાય એની કર્તા અને એનો ભોક્તા એ છે. આત્મા તો એ સમયે જે રાગ છે તો રાગનો કર્તા છે અને રાગનો ભોક્તા છે, શરીરનો ભોક્તા નથી, વેદનાનો ભોક્તા નથી. આહાહા..! નરકમાં એટલી વેદના છે કે જન્મથી સોળ રોગ અને એની ઉષ્ણ વેદના

એટલી છે કે એ ઉષ્ણતાનો એક કણ જો અહીંયાં લાવે મનુષ્યક્ષેત્રમાં તો દસ યોજનના માણસો એ ઉષ્ણતાના એક કણથી દેહ છૂટી જાય એવી ઉષ્ણતા! તો એ ઉષ્ણતાનો આત્મા ભોક્તા નથી. એ તો પરદ્રવ્યની પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો દૃષ્ટાંત દીધું છે. કણ લાવેને આટલું કણ ઉષ્ણતાનું કણ રાય જેટલું. તો એના નિમિત્તે બળવાલાયક જે શરીરાદિ છે એ દસ યોજનના મનુષ્યના શરીર ભસ્મ થઈ જાય; પણ એ પણ ભસ્મ થવાની ક્રિયા પોતાથી થાય છે, ઉષ્ણતા આવી તો એનાથી થઈ છે એમ નથી. આહાહા..! વાત સૂક્ષ્મ, ભગવાન! બહારમાં લોકોએ સ્થૂળ અને વ્યવહાર અને નિમિત્તની પ્રધાનતા દઈને આખા આત્માની ચીજ સ્વતંત્ર છે એ ભૂલી ગયા. આહા..હા..!

અહીંયાં કહે છે કે '**જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,...**' આહા..હા..! પર વડે નામ આત્મા દ્વારા રાગનો અનુભવ કરવો એ અશક્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાગનો અનુભવ કરે છે, પણ રાગ વડે નિમિત્તનો પણ અનુભવ કરે છે એમ નથી. આહા..હા..! '**ભાવ્યભાવકભાવના અભાવને...**' કેટલા શબ્દ! ભાવ્ય નામ ભોગવવાલાયક જડ અને આત્મા ભાવક—ભોગવનાર એવા ભાવનો અભાવ છે. સમજાણું કાંઈ? '**પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,...**' પરભાવ નામ શરીરનો અને કર્મનો અનુભવ આત્મામાં થવો અશક્ય છે. આહા..હા..! કહે છેને કે કર્મનો અનુભાગ આવે એ ભોગવવો પડે. અનુભાગ તો જડની પર્યાય છે. એને ભોગવવો પડે આત્માએ એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ...માં તો લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્તથી કથન છે. એ તો શાસ્ત્રમાં લખ્યું છે કે જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે છે. એ તો નિમિત્તથી કથન છે. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે છે. પોતાની પર્યાયને પરદ્રવ્ય રોકે છે, એ તો નિમિત્તનું કથન છે, એમ છે નહિ. સમજાણું કાંઈ? પોતાની પર્યાયને હિણી કરીને જ્યારે કરે છે ત્યારે એનો કર્તા આત્મા છે, એમાં કર્મનો ઉદય જ્ઞાનાવરણીય નિમિત્ત છે, બસ. નિમિત્ત અહીંયા કરતું નથી અને નિમિત્તને આત્મા ભોગવતો નથી. સ્વતંત્ર.. સ્વતંત્ર. સમય-સમયની કર્તા અને ભોકતાની પર્યાય પોતાથી કર્તા અને પોતાથી પોતાની પર્યાયનો ભોક્તા છે. શરીરનો ભોક્તા—ભોગને કાળે સ્ત્રીના માંસ, હાડકા, ચામડા એને હું ભોગવું છું, ખોટી વાત છે. એ તો માટી જડ છે. માંસ, હાડકા, ચામડા એને આત્મા ભોગવી શકે? તે સમયે એને વિકારીભાવ થાય છે એને એ ભોગવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભોક્તા વિકારી ભાવનો અને માને કે એને (-પરને) હું ભોગવું છું. દૃષ્ટિ વિપરીત છે. મિથ્યાદૃષ્ટિમાં પણ દૃષ્ટિ તીવ્ર વિપરીત છે. આહા..! મિથ્યાદૃષ્ટિને પરમાં સુખબુદ્ધિ છે એ સુખબુદ્ધિની કલ્પનાને એ ભોગવે છે. અજ્ઞાનીને એ સુખબુદ્ધિ છે, પણ એ સુખબુદ્ધિ પરમાં છે એવી માન્યતા એની છે, પરથી સુખબુદ્ધિ છે નહિ. ધર્મીજિવને પરમાંથી સુખબુદ્ધિ ઊડી

ગઈ હોય છે. આહા..હા..! ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવને પૈસા, સ્ત્રી, આબરૂ, કીર્તિમાં સુખ છે એ સુખબુદ્ધિ ઊડી ગઈ છે. પરમાં સુખ છે જ નહિ. આહા..હા..! રાગમાં સુખ નથી, લક્ષ્મીમાં નથી, સ્ત્રીના સંગમાં નથી, આબરૂમાં નથી અને અબજોપતિ લક્ષ્મી થઈ તો એને આત્મા ભોગવે એવી સુખબુદ્ધિ નથી. અજ્ઞાનીની સુખબુદ્ધિ છે. 'હું એને ભોગવું' એવી અજ્ઞાનબુદ્ધિ છે. જ્ઞાનીને સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહા..હા..! મારા આત્મામાં આનંદ છે એ આનંદનો હું ભોક્તા છું. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં સત્યદર્શન થયું છે. સમ્યક્ નામ સત્યદર્શન. સત્ નામ પૂર્ણાનંદનો નાથ દ્રવ્ય સ્વભાવ એ સત્ છે. એની પ્રતીતિમાં આવ્યું, અનુભવમાં આવ્યું, જ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્યનું સામર્થ્ય જ્ઞાનમાં આવ્યું, આખા દ્રવ્યનું સામર્થ્ય જ્ઞાનમાં આવ્યું, એ દ્રવ્ય આવ્યું નથી. આહા..હા..! સમ્યગ્દર્શનની એક સમયની પર્યાયમાં પૂર્ણાનંદના નાથની પ્રતીતિ થઈ, પૂર્ણ છે એવી પ્રતીતિ થઈ. એ પ્રતીતિમાં પૂર્ણનું જ્ઞાન થયું, ભાન થયું, પણ એ પૂર્ણ વસ્તુ એમાં આવી એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અને ભોગવતી વખતે અજ્ઞાનીને શરીરાદિના ભોગવવા કાળે પરને ભોગવે છે એવી વાત નથી. અજ્ઞાનીની સુખબુદ્ધિ રાગમાં છે તો રાગને ભોગવે છે. એ મિથ્યાદૃષ્ટિ સુખબુદ્ધિ છે. ઓહો..! જ્ઞાનીની સુખબુદ્ધિ રાગમાંથી અને પરમાંથી ઊડી ગઈ છે. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, આનંદનું ધામ, અતીન્દ્રિય આનંદનું ધામ, 'સ્વયં જ્યોતિ સુખધામ'... આહા..હા..! એ આનંદનો ભોક્તા છે જ્ઞાની. જરી રાગ છે એને ભોગવે છે, પણ એ જ્ઞાન જાણે છે કે છે એટલું. સમજાણું કાંઈ? જેટલો રાગ છે એટલો ભોક્તા પણ છે અને એનો કર્તા છે—પરિણમન. પણ એ તો જ્ઞાન જાણે છે.

દૃષ્ટિના વિષયમાં જ્ઞાનનું પરિણમન હિણું અને રાગનું પરિણમન એ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય તો દૃષ્ટિ નિર્વિકલ્પ છે તો એનો વિષય નિર્વિકલ્પ અભેદ ચીજ છે. આહા..હા..! પણ એ અભેદ ચીજની દૃષ્ટિ થઈ, એની સાથે જે જ્ઞાન થયું, એ જ્ઞાન તો પોતાની પર્યાયમાં ક્ષણે-ક્ષણે જ્ઞાની ક્ષાયિકસમકિતી હોય, મુનિ હોય ભાવલિંગી સંત, તો જેટલો મહાવ્રતનો વિકલ્પ ઉઠે, એનું પરિણમન એટલું મારામાં છે એમ જાણે છે અને એટલો રાગનો ભોક્તા છે એટલું જ્ઞાની જાણે છે. ભોગવવાલાયક છે એ દૃષ્ટિ ઊડી ગઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાગ કરવાલાયક છે એવી દૃષ્ટિ ધર્મીને ઊડી ગઈ છે અને રાગમાં સુખ છે એ દૃષ્ટિ પણ ઊડી ગઈ છે. પણ એવી દૃષ્ટિ ઊડી ગઈ હોવા છતાં પર્યાયમાં જેટલું રાગનું પરિણમન છે એને જ્ઞાન જાણે કે એ પરિણમનનો કર્તા હું છું. એક બાજુ ના અને એક બાજુ હા. ઈ જ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

અહીંયા એમ આવ્યું કે આત્મા પોતાનો ભોક્તા છે. રાગનો કર્તા પણ નથી અને રાગનો ભોક્તા પણ નથી—એવી વસ્તુની દૃષ્ટિ, એવી દૃષ્ટિ થઈ છે તો એ રાગનો ભોક્તા પણ નથી અને કર્તા પણ નથી; પણ એ વસ્તુની દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું છે એ જ્ઞાન ત્રિકાળને

પણ જાણે છે અને પર્યાયમાં જેટલો રાગ થાય છે એને કર્તાપણે (એટલે કે) પરિણમન એ કર્તા એમ જાણે છે. હું પરિણમું છું તો કર્તા છું એમ જાણે છે, કરવાલાયક છે એમ નહિ. અને જેટલો રાગનો ભોકતા છે એટલું જ્ઞાન જાણે છે કે આ ભોકતાભોગ્ય (છે). એક કોર આનંદનો ભોકતા છે, એક બાજુ એટલો રાગનો-દુઃખનો ભોકતા છે. પર્યાયનું જ્ઞાન એમાં છે. એમ ન માને કે મારી પર્યાયમાં દુઃખ જ નથી. સમજાણું કાંઈ? અહીં કહ્યુંને કે ભોક્તા આનંદનો છે, તો આનંદનો ભોક્તા એ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ કહ્યું, પણ રાગ અને રાગનો ભોક્તા છે, પરનો નહિ, પરની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેટલો રાગ થાય છે.. દૃષ્ટાંત આપ્યો છે પ્રવચનસારમાં, રંગારાનો. જેમ રંગારો રંગ કરે છેને? રંગારો હોય છેને? રંગ કરે છે. એમ ભગવાન આત્મા પોતાની નબળાઈને લીધે સ્વભાવનો ભોક્તા સ્વભાવની દૃષ્ટિ હોવા છતાં રાગપણે પરિણમે છે એમ જાણે છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! વાંધા ઉઠ્યાને એ. આ લોકો શેઠિયામાં હતાને ઈ ક્યાં ગયા? કેવા આપણે? દિલ્હી. શ્રીપાલજી. શ્રીપાલજી છેને. એ દિલ્હીમાં છે. જયકુમાર અને જ્ઞાનચંદજી પહેલાં અહીંયાનું માનતા હતા. પછી શેઠિયા મળ્યા (ઈ કહે) કે જ્ઞાનીને રાગનું દુઃખ છે જ નહિ. દુઃખ વેદે એ તીવ્ર કષાયવાળા છે, એમ કહેતા હતા. શેઠિયા એમ કહેતા. એની દૃષ્ટિ એને થઈ. જયકુમાર અને જ્ઞાનચંદજી. એમ વાત નથી, ભગવાન!

અહીંયાં તો પરમાત્મા પોતાનો ભોક્તા કહે છે, પરનો નહિ. ખરેખર નિશ્ચયની દૃષ્ટિમાં રાગનો પણ ભોક્તા નથી અને રાગનો પણ કર્તા નથી. એમ કેમ? કે આત્મસ્વભાવમાં વિકાર કરે એવી કોઈ શક્તિ નથી આત્મામાં. એ અપેક્ષાથી આત્મા રાગનો કર્તા નથી, રાગનો ભોક્તા પણ નથી; પણ જ્યારે પર્યાયનું જ્ઞાન કરે છે... આહાહા..! એ તો દ્રવ્ય અને દ્રવ્યના ગુણની પરિણતિની અપેક્ષાએ વાત કરી. સમજાણું કાંઈ? પણ પર્યાયમાં જેટલો રાગ થાય છે જ્ઞાનીને એનું પરિણમન મારું છે, કર્મનું નહિ. આહાહા..! અને એટલો ભોક્તા હરખનો અને શોકનો, ભોક્તા થાય છેને? એ મારી પર્યાયમાં હું ભોકતા છું. આહા..હા..!

જેટલો સ્વભાવ સન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ આવ્યો એ આનંદનો ભોક્તા તો છે જ, પણ સાથે રાગનો અને દુઃખનો પણ ભોક્તા છે. આવો માર્ગ પ્રભુનો! પરનો ભોક્તા નથી. શરીરાદિનો ભોક્તા નથી, કર્મ આદિનો ભોક્તા નથી. સમજાણું કાંઈ? બહુ ફેર છે વાતમાં. આહા..! એટલે કહે કે લ્યો, આત્મા તો મોક્ષમાર્ગનો કર્તા અને ભોક્તા છે. ત્યાં રાગનો કર્તા-ભોક્તા તો આવ્યો નહિ. સમજાણું કાંઈ? ભગવંત! આ તો સ્વભાવની આત્માની શક્તિ છે અનંત, એમાં એવી કોઈ શક્તિ નથી કે વિકાર કરે. શક્તિ તો બધી નિર્વિકારી છે અને નિર્વિકારી પર્યાય કરે એ શક્તિ છે. શક્તિ—સ્વભાવ. પણ પર્યાયમાં વિકાર અને વિકારનો કર્તા અને ભોક્તા થાય છે એ પર્યાયમાં જ્ઞાની બરાબર જાણે છે. સમજાણું કાંઈ? શ્રીપાલજી! એ તમને બેયને વાંધા ઉઠ્યાને. શેઠિયાનો પરિચય થયો. સોગાની હતાને, નિહાલચંદ્ર સોગાની,

નિહાલભાઈ સોગાની. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ. જોયું છે? જોયું છે, ભાઈ? દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ. ત્રીજો ભાગ બહુ ઝીણો છે. એમાં એમ આવ્યું કે જ્ઞાનીને પણ રાગનું દુઃખ છે. દુઃખ છે. શુભભાવ થાય છે એ દુઃખ છે. આહા..હા..! એ વાત એને ન બેઠી—શેઠિયાને ન બેઠી. એ વાત જ્ઞાનચંદજીને અને જયકુમારને બેઠી, અજ્ઞાનમાં. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો સમય-સમયની પર્યાય પોતાથી છે, કર્તા પણ પોતાથી છે અને ભોક્તા પણ પોતાથી છે. એ પર્યાયની દૃષ્ટિને કરનારું જ્ઞાન જાણે છે, પણ દ્રવ્યદૃષ્ટિને કરનાર વસ્તુ એ તો કહે, રાગનો પણ હું કર્તા નથી અને રાગનો હું ભોકતા નથી. સમજાણું કાંઈ? દેવીલાલજી! આમ વાત છે.

દૃષ્ટિનો વિષય તો પર્યાય છે નહિ. દૃષ્ટિનો વિષય પર્યાય નથી તો પર્યાય છે જ નહિ? એ તો દૃષ્ટિના વિષયમાં વસ્તુ છે. પણ પર્યાય છે જ નહિ? પર્યાય નથી તો સંસાર નથી, પર્યાય નથી તો મોક્ષમાર્ગ નહિ, પર્યાય નહિ તો સિદ્ધ નહિ. મોક્ષ પણ પર્યાય છે, કોઈ ગુણ નથી. આહા..હા..! હા, છે. દૃષ્ટિના વિષયમાં એ નથી. એ તો કહ્યુંને, ભગવાન આત્મા વસ્તુ જે છે એ પર્યાયમાં આવતી નથી. ધ્રુવ છે એ પર્યાયમાં ક્યાંથી આવે? પણ પર્યાય પર્યાયમાં નથી એમ નથી, સમજાણું કાંઈ? ધ્રુવ જે ચીજ છે, ભગવાન પૂર્ણાનંદનો નાથ સામાન્ય સદૃશ્ય ચીજ એ વિશેષમાં કેમ આવે? વિશેષમાં આવે તો ઉત્પાદમાં આવે તો દ્રવ્યનો નાશ થઈ જાય. કેમકે ઉત્પાદ એક સમયનો છે અને એક સમયનો વિલય થાય છે બીજે સમયે. આહા..હા..!

એ તો કહ્યુંને કે ધ્યાનની પર્યાયથી પણ કથંચિત્ આત્મા ભિન્ન છે. આવ્યું? ક્યાં? ૩૨૦ ગાથા. ધ્યાન જે મોક્ષમાર્ગની પર્યાય છે, એનાથી પણ—એ પર્યાયથી પણ આત્મા કથંચિત્ ભિન્ન છે. આહા..હા..! ૩૨૦ ગાથા. સમજાણું કાંઈ? હમણા ઘણા વ્યાખ્યાન થઈ ગયા મુંબઈમાં. ૩૨૦ ગાથા. ઘણા થઈ ગયા. મુંબઈમાં દસ-દસ હજાર માણસ, પંદર-પંદર હજાર. રવિવારે તો તેર-તેર હજાર અને બીજ હોય છેને જન્મદિવસ તો ગામમાં પણ એનો જન્મદિવસ હતો શિવાજી રાવનો. તો પંદર હજાર માણસ. સાંભળે. હવે તો લોકોને એમ થઈ ગયું કે મહારાજ તો આ કહે છે. સ્થાનકવાસી બે-બે, ચાર-ચાર હજાર.. સ્થાનકવાસી, શ્વેતાંબર, દેરાવાસી ઘણા આવતા હતા. માર્ગ તો આ છે ભાઈ! ભગવાન! સમજાણું કાંઈ?

દ્રવ્ય જે ધ્રુવ છે એ પર્યાયનો કર્તા નથી. આહા..હા..! પરનો કર્તા નથી. રાગની પર્યાય પરની કર્તા નથી, નિર્મળ પર્યાય એ રાગની કર્તા નથી, દ્રવ્ય એ નિર્મળ પર્યાયનો કર્તા નથી. આહાહા..! આ તે કાંઈ માર્ગ! સમજાણું કાંઈ? રાગ હોય, પણ રાગ શરીર હલાવી શકે, બોલી શકે, એ રાગ પરનો કર્તા નથી; અને દૃષ્ટિ થવાથી નિર્મળ પર્યાય થઈ તો એ દૃષ્ટિની અપેક્ષાએ રાગનો કર્તા નથી. હવે નિર્મળ પર્યાય જે થઈ એનો દ્રવ્ય કર્તા નથી. આહા..હા..! આવી વાત. ભગવાનનો માર્ગ ક્યાંય છે નહિ. તે પણ દિગંબર દર્શન.. આજે આવ્યું છે. લોકો અત્યારે.. .... શ્વેતાંબરમાં પણ એ વાત આવી નથી. એ લોકોને દુઃખ લાગે. બે હજાર

વર્ષ પહેલાં નીકળ્યાને? માર્ગ આ નહિ. આ માર્ગ તો સનાતન અહીંયા જ છે–દિગંબર. સમજાણું કાંઈ? દિગંબર ધર્મ કોઈ પક્ષ નથી, કોઈ વાડો નથી. વસ્તુની સ્થિતિ એ દિગંબર ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તું પરનો કર્તા અને પરનો ભોક્તા નથી. પરનો કર્તા–ભોક્તા નથી. શરીરનો કર્તા અને શરીરનો ભોક્તા, કર્મનો કર્તા અને કર્મનો ભોક્તા એમ નથી; અને કર્મની પર્યાય તારા વિકારની કર્તા, વિકારી કાર્ય અને કર્મ કર્તા એમ પણ નથી; અને ભોક્તાની પર્યાયમાં કર્મની પર્યાય ભાવક અને વિકારી અહીં ભોગવનારી ભાવ્ય એમ પણ નથી. આવો માર્ગ, બાપુ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ. આ કાંઈ કોઈ કલ્પિત નથી. સર્વજ્ઞથી સિદ્ધ થયેલો છે. જે સંપ્રદાયમાં સર્વજ્ઞ નથી એમાં કોઈ ધર્મ છે જ નહિ.

ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે. એ સર્વજ્ઞ ભગવાન જેને અનુભવમાં આવ્યો, તો પર્યાય છે સર્વજ્ઞની, પરની. એ આવ્યુંને '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' જે કોઈ આત્મા સર્વજ્ઞ પરમેશ્વરના અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ આત્માને જાણે. એ આત્મામાં ઢળી જાય કે ઓ..હો..! કેવળજ્ઞાન જેવી પર્યાય મારામાં નથી. એમાં છે તો એનો નિર્ણય કરનાર પર્યાય સર્વજ્ઞસ્વભાવ ઉપર ઢળી જાય છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આવ્યુંને ૮૦ ગાથા, પ્રવચનસાર. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' જે કોઈ અરિહંતની પર્યાય સર્વજ્ઞને જાણે એનો મોહ ક્ષય થઈ જાય છે. આહાહા..! સમ્યગ્દર્શન થાય છે. કેમકે એ પર્યાય એટલી છે કે પોતાના દ્રવ્ય સન્મુખ થઈને અલ્પજ્ઞમાં દ્રવ્યની પ્રતીત કરે છે કે સર્વજ્ઞ આવા છે, એ પર્યાયમાં તો સમ્યગ્દર્શન થાય છે અને મિથ્યાત્વનો નાશ થાય છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે.. આહા..હા..! અહીં તો જરી રાગનો કર્તા પણ નહિ અને ભોક્તા પણ નથી એવી વાત છે, દૃષ્ટિની–સ્વભાવની અપેક્ષાએ; પણ પરનો ભોક્તા તો પર્યાયદૃષ્ટિએ પણ નથી. પર્યાયદૃષ્ટિથી પોતાના રાગનો ભોક્તા અથવા અનુભૂતિનો ભોક્તા છે. કાં રાગનો કર્તા કે અનુભૂતિની પર્યાયનો કર્તા. આહા..હા..! અરે..! માર્ગ તે માર્ગ છે. સમજાય છે કાંઈ?

એટલે અહીં કહે છે કે સંસારસહિત અથવા સંસારરહિત. સંસારસહિતમાં પણ પરનો ભોક્તા નથી, પોતાના રાગાદિનો ભોક્તા છે. સંસારરહિતમાં પરનો ભોક્તા નથી, પોતાની નિર્વિકલ્પ અનુભૂતિનો ભોક્તા છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનો ભોક્તા છે. આહા..હા..! અહીં કહે કે આત્મા ભોક્તા. હવે ત્યાં કહે કે ભોક્તાની પર્યાય દ્રવ્યમાં નથી. દ્રવ્ય ભોક્તાની પર્યાયને કરતો નથી. અરે પ્રભુ! શું છે જુઓ તો ખરા. આહા..હા..! અહીંયાં તો પરનો ભોક્તા નથી એમ ભિન્ન પાડીને પોતાના રાગનો અથવા અનુભૂતિનો ભોક્તા છે એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પછી જ્યારે બે ધર્મ સિદ્ધ કરવા હોય—સામાન્યધર્મ અને વિશેષધર્મ, ધ્રુવધર્મ અને ઉત્પાદ-વ્યયધર્મ. ધર્મ એટલે વસ્તુ છેને, એને સિદ્ધ કરવું હોય ત્યારે ધ્રુવ ઉત્પાદમાં

આવતું નથી અને ઉત્પાદને કરતું નથી. આહા..! અનુભૂતિની પર્યાયને દ્રવ્ય નથી કરતું. અરે..! એટલો ગંભીર વીતરાગમાર્ગ છે. એની ગંભીરતાનો ભાસ ન થાય અને ધર્મ થઈ જાય (એમ ન બને). આહા..હા..! ગોદિકાજી! આવી ગંભીર ચીજ છે. આહા..હા..!

ભગવાન! તારી અનુભૂતિનો તું ભોક્તા છો, પણ કર્મ કે શરીરનો ભોક્તા નથી. અનુભૂતિના ભોક્તાના કાળમાં તો દૃષ્ટિની અપેક્ષાએ રાગનો પણ અનુભવ નથી. સમજાણું કાંઈ? પણ જ્ઞાન જે સમ્યક્ થયું એ જાણે છે કે હું ત્રિકાળી શુદ્ધ છું અને પર્યાયમાં અશુદ્ધતા છે, મારી મારાથી છે, કોઈ કર્મથી નથી. એમ મુનિ સંત ભાવલિંગી, જેને અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવું છે તે પણ છઠ્ઠે ગુણસ્થાને જ્યારે છે, તો જેટલો રાગ આવ્યો એટલો હું કર્તા છું, એનો હું ભોક્તા છું. હું પરનો ભોક્તા-કર્તા નથી. આહા..! સમજાણું કાંઈ? એ વાત કહી.

'**સસંસાર અથવા નિઃસંસાર એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસો...**' બીજાનો પણ અમે અનુભવ કરીએ છીએ—કર્મનો, અનુભાગ છેને કર્મમાં અનુભાગ? કર્મમાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ ચાર બોલ છેને કર્મમાં. પ્રકૃતિ નામ એનો સ્વભાવ, પ્રદેશ નામ પરમાણુની સંખ્યા, સ્થિતિ નામ કાળની મુદ્દત, અનુભાગ નામ ફળ દેવાની શક્તિ, એ અનુભાગ નામ વિપાક—ફળ દેવાની શક્તિ, એણે દુઃખનું ફળ આપ્યું એમ છે નહિ. આહા..હા..! ભાષા એમ આવે વિપાકો અનુભવ. આવે છે? તત્ત્વાર્થસૂત્ર. એ તો વ્યવહારનું શાસ્ત્ર છે તો વ્યવહારને સિદ્ધ કર્યું. વિપાકો અનુભવ. અહીં તો કહે છે કે કર્મના વિપાકનો અનુભવ જીવને નથી. પોતાના રાગનો અનુભવ અને વિપાકનો અભાવ થયો તો અહીંયાં અનુભૂતિનો અનુભવ. એ પોતાથી અનુભૂતિનો અનુભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. વાણિયા ધંધા આખો દી કરે અને આ એના એ ધંધા અને એની એ વાત. હવે આ સમજવું એને...

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ કરી શકે? વિકલ્પની જાળ કરે. કહો, શેઠ! સવારથી ધંધો કોણ કરે? ધન્નાલાલજી કરે છે? છોકરા કરે છે? કામ તો પોતાની પર્યાયનું છે કે પરની પર્યાયનું કામ છે પોતામાં? એ તો વ્યાપ્યવ્યાપકમાં આવી ગયું. આત્મા વ્યાપક અને પરની પર્યાય વ્યાપ્ય—કાર્ય એમ ત્રણકાળમાં નથી. શેઠ! આ શેઠને તો ધંધો ઘણો છે. ... પણ છે. પણ એ પર્યાયને કોણ કરે? અરે ભગવાન! આહા..હા..! પરનું કોણ કરે? લક્ષ્મી કોણ રાખે અને લક્ષ્મી કોણ દઈ શકે? એ લેવડદેવડના સમયે જે ભાવ થાય એ ભાવનો કર્તા જીવ છે. એ લેવા-દેવાની શક્તિનો કર્તા આત્મા છે નહિ. પૈસા આમ દીધા.

**શ્રોતા** :- દ્રવ્ય પર્યાયનો કર્તા નથી. પર્યાય પર્યાયનો કર્તા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પછી વાત. અહીંયાં તો પરનો કર્તા નથી એટલું સિદ્ધ કરવું છે. પછી જ્યારે પર્યાય અને દ્રવ્ય બેનો ભેદ કરવો હોય ત્યારે દ્રવ્ય પર્યાયનો કર્તા નથી,

પર્યાય પર્યાયનો કર્તા છે. આહાહા..! આ વાત છે, ભગવાન! ભેદજ્ઞાનની વાત છે.

**'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।'** અત્યાર સુધી જે મુક્તિ પામ્યા એ ભેદજ્ઞાનથી પામ્યા. **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।'** જેટલા પણ અનંત પરમાત્મા સિદ્ધ થયા એ બધા રાગથી, પરથી ભિન્ન થઈને ભેદજ્ઞાનથી પામ્યા અને જેટલા રખડે છે ચાર ગતિમાં **'अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।'** ભેદજ્ઞાનના અભાવથી બંધન છે. કર્મથી બંધન છે એમ નથી કહ્યું. આહા..હા..! કર્મનો ઉદય આવ્યો તેથી બંધ થાય છે એમ નથી. ભેદજ્ઞાનનો અભાવ છે તો કર્મબંધન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શ્લોક છે સંવરમાં. સંવર અધિકારમાં. **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।'** અનંત કાળમાં જેટલા અનંત સિદ્ધ થયા એ બધા ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા. રાગથી સિદ્ધ થયા, વ્યવહારથી સિદ્ધ થયા એમ ન કહ્યું ત્યાં. વ્યવહારથી ભેદજ્ઞાન કરીને સિદ્ધ થયા. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. અત્યારે એ વાત નથી. અહીંયાં તો પરથી ભિન્ન કરવું છે. એ પર્યાય છે પણ એ નિર્મળ પર્યાય છે અને નિર્મળ પર્યાય એ સાધક છે. તો રાગથી ભિન્ન કરવું એ સાધક છે. રાગની સાથે એકતા અને રાગ મારી મદદ કરશે એ ભેદજ્ઞાન તો રહ્યું નહિ. વ્યવહાર મને નિશ્ચયમાં મદદ કરશે, તો ભેદજ્ઞાન રહ્યું નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ભેદજ્ઞાન તો સાતમા ગુણસ્થાનથી હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ.. નહિ.. નહિ.. નહિ... નહિ. ચોથે ગુણસ્થાનથી છે. પરથી ભેદ એમ કહ્યું પણ પોતાથી અભેદ, એમ કહ્યું છે. પરથી ભેદ, રાગથી, પોતાથી અભેદ. એમ ભેદજ્ઞાન પ્રસિદ્ધ થયું છે. કાંઈ એમ નથી થયું કે વ્યવહારની મદદથી અને વ્યવહારથી ભેદજ્ઞાન થાય છે. પણ વ્યવહારથી ભિન્ન કરવું એ ભેદજ્ઞાન છે. આહા..હા..! જેનાથી ભિન્ન કરવું છે એ સાધન હોય? મોટા આ અત્યારે વાંધા ઉઠ્યા છેને. સમજાણું કાંઈ?

જેને ભિન્ન કરવું છે અને સ્વભાવસન્મુખ જવું છે એ વ્યવહારથી જાય છે? વ્યવહારથી તો ભિન્ન થઈને અંદર જાય છે. આહા..હા..! વ્યવહાર તો શુભરાગ છે, ઉદયભાવ છે, સંસાર છે, ઝેર છે. આહા..હા..! અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એનાથી રાગ તો વિપરીત ભાવ છે. અમૃતસ્વરૂપ ભગવાન આત્મા અને રાગ ઝેરસ્વરૂપ છે. માર્ગ આવો છે, ભાઈ! જેને મોક્ષ અધિકારમાં વિષકુંભ કહ્યો. સમયસાર મોક્ષ અધિકાર. પ્રતિક્રમણ, પ્રતિસરણ એવો શુભભાવ એને વિષકુંભ કહ્યો. ઝેરનો ઘડો છે.

**શ્રોતા :-** સમકિતીનો વ્યવહાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમકિતીનો વ્યવહાર, ઓલાને વ્યવહાર છે જ ક્યાં? અજ્ઞાનીને તો વ્યવહાર છે જ ક્યાં? સમજાણું કાંઈ? વ્યવહાર તો એને કહીએ કે રાગથી ભિન્ન થઈને

અનુભવ થયો એને રાગ બાકી છે એને વ્યવહાર કહીએ. અજ્ઞાનીને વ્યવહાર કેવો! એ તો વ્યવહારમૂઢ છે, અનાદિરૂઢ છે, નિશ્ચય અનારૂઢ છે. ૪૧૩ ગાથા. ૪૧૩માં છે. અજ્ઞાનીનો રાગ તો મૂઢ છે. રાગમાં મૂઢ થઈ ગયો છે. ૪૧૩ જુઓ. ૪૧૨. ૧૩-૧૩.

'**જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (-શ્રાવક) છું' એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' દ્રવ્યલિંગ વિકલ્પ અને નગ્નપણું આદિ. '**મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં...**' રાગની મંદતા તો અનાદિ કાળથી થાય છે. આહા..હા..! નિગોદમાં પણ રાગની મમતા થાય છે. આહા..હા..! ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ એ કારણે વ્યવહાર-રાગને... કહ્યું? '**વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા,...**' રાગમાં સાવધાન થાય છે તેને વ્યવહાર ક્યાં આવ્યો? '**પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (-નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા,...**' રાગથી ભિન્ન કરનારા વિવેકવાળા ભેદજ્ઞાની એ નિશ્ચયનય પર આરૂઢ છે. પેલાને તો નિશ્ચયનય છે નહિ. રાગમાં આરૂઢ છે અનાદિનો અજ્ઞાની તો. તો વ્યવહાર એને છે જ નહિ. એ તો વ્યવહારમાં મૂઢ છે. વ્યવહાર તો એને કહીએ કે જ્યારે જ્ઞાતા-દૃષ્ટાનો અનુભવ થયો, એને રાગ છે એ જાણવાલાયક છે એને જાણવાલાયક નિશ્ચય થયો, તો વ્યવહાર જાણવાલાયક કહ્યો. જેને નિશ્ચય નથી એને તો વ્યવહાર શું? એ તો મૂઢ છે. આહા..હા..! છે એ બધું છે.

'**પરમાર્થસત્ય (-જે પરમાર્થે સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને દેખતા-અનુભવતા નથી.**' આહા..હા..! રાગના પ્રેમમાં, રાગની મંદતા, શુભોપયોગના પ્રેમમાં મૂઢ થઈ ગયો, એ ભગવાન આત્મા રાગથી ભિન્ન છે એને નથી દેખતો. સમજાણું કાંઈ? આહા..હા..! વાત બાપુ એવી છે. આહા..! શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે જેને વ્યવહાર રાગમાં પ્રેમ છે એને આત્મા—સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. સમજાણું કાંઈ? આનંદઘનજી કહે છે શ્વેતાંબરમાં. 'દ્વેષ અરોચક ભાવ.' સંભવનાથની સ્તુતિ કરી છે એમણે. આપણે જેમ સ્વયંભુ સ્તોત્ર છે ચોવીસ તીર્થંકર(ની સ્તુતિ). સમંતભદ્ર. સંમતભદ્ર. ચોવીસ તીર્થંકર. એ રીતે આનંદઘનજી થયા છે શ્વેતાંબરમાં. એમાં ત્રીજી સ્તુતિમાં એમ કહ્યું, દ્વેષ અરોચકભાવ. ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાતા રુચે નહિ અને રાગ રુચે તો દ્વેષ છે ભગવાન પ્રત્યે—પોતા પ્રત્યે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને રાગ પ્રત્યે રુચિ છે એને સ્વભાવ પ્રત્યે (દ્વેષ છે). ઘણી વાત ચાલી ગઈ. સમજાણું કાંઈ? જેને વ્યવહાર રાગની રુચિ છે એને નિશ્ચય સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. આવી વાત છે. 'દ્વેષ અરોચકભાવ.' એમ આવે છે.

સંભવ દેવ તે ધુર સેવો સબે રે, લહિ પ્રભુ-સેવન ભેદ,
સેવન કારણ પહિલી ભૂમિકા રે, અભય અદ્વેષ, અખેદ.
અભય અદ્વેષ, અખેદ.

ત્રણ બોલ આવે છે. અદ્વેષની વ્યાખ્યા એ છે કે સ્વભાવ પ્રત્યે પ્રેમ છે એને આત્મા

પ્રત્યે દ્વેષ નથી, પણ જેને રાગ પ્રત્યે પ્રેમ છે એને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એના પ્રત્યેનો સત્કાર, સ્વભાવનો આદર નથી અને રાગનો આદર છે તો ત્રિકાળી સ્વભાવનો એ અનાદર કરે છે. પંડિતજી! એવો માર્ગ છે, પ્રભુ! આહાહા..! દુનિયાથી જુદી જાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એ તેરમાં કહ્યું છે.

આ તો ૧૮મી વાર ચાલે છે. સમયસાર સભામાં ગાથા અક્ષરદીઠ ૧૭ વાર ચાલી ગયું છે. ૧૭ સમજ્યા? ૧૦ અને ૭. ૧૭. આ ૧૮મી વાર ચાલે છે. ગાથા ૮૩ આવ્યા. ૧૮મી વાર સભામાં ચાલે છે. અંદરમાં તો ખાનગીમાં તો ઘણી વાર વાંચ્યું છે. ૭૮થી વાંચીએ છીએને. ૭૮. ૫૪ વર્ષ થયા. સંપ્રદાયમાં વાંચતા હતા અમે. ૮૬ની સાલમાં અમરેલી વાંચ્યું, ૯૦ની સાલમાં રાજકોટ વાંચ્યું. સભામાં ૧૭ વાર વાંચ્યું. સભામાં વાંચ્યું હતુંને? સભામાં. રાજકોટ સભામાં. ઘણી સભા મોટી થતી હતી. હજાર-હજાર પંડિતો આવતા. એમાં ૧૦૦ ગાથા ચાલી. ૧૦૦ ગાથા. પહેલેથી ૧૦૦ ગાથા. ૯૦ની સાલમાં. ૯૦-૯૦. ૪૨ વર્ષ થયા. ૪૦ અને ૨. અને પછી ૯૧માં અહીંયાં આવ્યા. ૯૧ ફાગળ વદ ત્રીજ. તમારી ચૈત્ર વદ ત્રીજ. ૪૧ વર્ષ અને સાડા ચાર માસ થયા. આ ૧૮મી વાર ચાલે છે.

કહે છે, '**સસંસાર અથવા નિઃસંસાર એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો...**' પોતાના રાગને અનુભવે અને અનુભૂતિને અનુભવે અને પરને પણ અનુભવે એમ છે નહિ. આહા..! કેટલી સ્પષ્ટતા! કેટલી! આહા..હા..! '**પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો;...**' કર્મનો અનુભવ કરે છે, શરીરનો અનુભવ કરે એમ ન પ્રતિભાસો. આહા..હા..! સમજાણું કાંઈ? શેરડીનો રસ. શેરડી-શેરડી. એ રસનો અનુભવ નથી. રસનો અનુભવ આત્મા કરતો નથી. એ પ્રત્યેનો પ્રેમ જે રાગ છે એ રાગનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? અને મરી તીખા. બહુ તીખા હોય છેને, તો એ તીખાશ મોઢામાં આવે છે તો એ તીખાશનો અનુભવ આત્માને નથી થતો. સમજાણું કાંઈ? ચરપરાઈ. ચરપરાઈનો અનુભવ જીવને નથી. એ તો ચરપરાઈ તો જડ છે. આહાહા..! એ પ્રત્યેનો ભાવ કે ઠીક છે એવા રાગનો અનુભવ છે. વીંછીના કરડવાથી, સાપના કરડવાથી, વીંછીના કરડવાનો, સાપના કરડવાનો અનુભવ નથી, એ તો જડની પર્યાય છે. આહા..હા..! એ કાળમાં ઠીક નથી એવો દ્વેષ થાય છે એ દ્વેષનો અનુભવ છે, વીંછીના ડંખનો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાવાર્થ. કરતો થકો ન પ્રતિભાસો. પરનો કર્તા અને પરનો ભોક્તા એવો પ્રતિભાસિત ન થાઓ. આહા..હા..! સાકરની મીઠાશનો ભોક્તા આત્મા છે, એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અફીણની અવસ્થાનો ભોક્તા આત્મા છે.. અફીણ અફીણ કહે છેને? અફીણ-અફીણને શું કહે છે? એનો ભોક્તા આત્મા નથી. એ તો જડની પર્યાય છે. આહા..હા..! મોસંબી મોઢામાં જાય છે એનો ભોક્તા આત્મા નથી. તે સમયે રાગ થાય છે એ રાગનો ભોક્તા છે. ભાવાર્થ છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૫, શનિવાર, તા. ૩૧-૦૭-૧૯૭૬, ગાથા-૮૩, પ્રવચન નં. ૧૪૨

સમયસાર, ૮૩ ગાથાનો ભાવાર્થ. કર્તાકર્મ અધિકાર ચાલે છેને. **'આત્માને પરદ્રવ્ય-પુદ્ગલકર્મના નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે.'** શું કહે છે? કર્મનું નિમિત્ત છે. અહીંયાં સંસાર અવસ્થા પોતાથી છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષની અવસ્થાની આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. કર્મ એના વિકારની આદિ-મધ્યમાં છે, એમ છે નહિ. સમજાણું કાંઈ? નિમિત્તથીનો અર્થ જ ઈ છે. એ નિમિત્ત છે એમ કહ્યું, પણ એ નિમિત્તથીનો અર્થ એ. નિમિત્ત વડે શું? કર્મનું નિમિત્ત છે એ નિમિત્ત છે અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ પોતાથી (થયા તેમાં) વિકારના આદિ, મધ્ય અને અંતમાં આત્મા છે. એ નિમિત્ત છે આદિમાં માટે વિકાર છે એમ નથી. સમજાણું કાંઈ? અને સંસારરહિત અવસ્થા થાય છે આત્માની, એમાં કર્મના નિમિત્તનો અભાવ છે. અભાવ છે તો મોક્ષની પર્યાય-મોક્ષના માર્ગની પર્યાય થઈ એમ નથી. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ વીતરાગી પર્યાય છે એની આદિ-મધ્યમાં આત્મા છે. વ્યવહારરત્નત્રય હોય તો એ મોક્ષમાર્ગની પર્યાયની આદિમાં એ વ્યવહાર છે, એમ નથી. આ ઝઘડા છે મોટા. વ્યવહારથી નિશ્ચય થાય, નિમિત્તથી થાય. બેય વાતનું સમાધાન અહીં છે. એ નિમિત્તથી થાય એમ નથી આવ્યું.

**'આત્માને પરદ્રવ્ય-પુદ્ગલકર્મ-ના નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે.'** નિમિત્ત છે એટલું. નિમિત્તથી થાય એમ નહિ. સમજાણું કાંઈ? વિકાર જે મિથ્યાત્વ આદિ છે એમાં દર્શનમોહના કર્મનો ઉદય નિમિત્ત હોય, પણ નિમિત્ત છે તો વિકારની આદિમાં નિમિત્ત છે તો વિકાર થયો એમ નથી. વિકારની આદિમાં, અંતમાં, મધ્યમાં ભગવાન આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં એ વાત સિદ્ધ કરવી છે. આગળ જઈને બીજી સિદ્ધ કરી છે. ૬૮ ગાથા છે પરમાત્મપ્રકાશની. વિકારી અવસ્થા છે એનો નિમિત્ત કર્તા તો નથી, પણ વિકારી અવસ્થાનો આત્મદ્રવ્ય કર્તા નથી. સમજાણું કાંઈ? પર્યાય કર્તા છે. આહાહા..!

વિકારી પર્યાયનો કર્તા વિકારી પર્યાય છે. એક સમયમાં વિકાર જે મિથ્યાત્વાદિ થાય છે એમાં ષટ્કારકનું પરિણમન પર્યાયમાં સ્વતંત્ર છે. દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, કેમકે દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. નિમિત્તની અપેક્ષા નથી, કેમકે એ તો પર છે. આહા..હા..! પાટણીજી! આ મોટા ઝઘડા છે. એનો તો આ ખુલાસો કરે છે. દ્રવ્યને સિદ્ધ કરવું હોય તો એમ પણ કહે કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ કર્તા અને દ્રવ્ય એનું કર્મ. પ્રવચનસારમાં છે. પ્રવચનસાર, ૯૬ ગાથા. પ્રવચનસાર, જ્ઞેય અધિકાર ૯૬ ગાથામાં છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પર્યાયનો કર્તા ગુણ-દ્રવ્ય નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ અપેક્ષાએ? ગુણ-પર્યાયથી દ્રવ્ય સાબિત થાય છે એ અપેક્ષાએ અને દ્રવ્ય, ગુણ-પર્યાયનો કર્તા, કરણ અને અધિકરણ છે. ઉત્પાદવ્યયધ્રુવ એ દ્રવ્યનો કર્તા છે. દ્રવ્યના કર્તા. સિદ્ધ કરવું છે કે આ દ્રવ્ય છે એટલું. ત્રણ છે ઈ સાધન છે અને અધિકરણ પણ એ છે. આહા..હા..! આ વસ્તુની સ્વતંત્રતા તો જુઓ, સમજાણું કાંઈ? અને બીજી અપેક્ષાએ લઈએ તો ગુણ પર્યાયનો કર્તા દ્રવ્ય છે, ગુણ-પર્યાયનું કરણ દ્રવ્ય છે, ગુણ-પર્યાયનું અધિકરણ દ્રવ્ય છે. એમ જે લીધું ઉત્પાદ-વ્યય-ધ્રુવ કર્તા, કરણ, અધિકરણ દ્રવ્યના, એમ દ્રવ્ય ગુણ-પર્યાયનું, ઉત્પાદ-વ્યય-ધ્રુવનું કર્તા, કર્મ અને અધિકરણ છે. એ તો વસ્તુસ્થિતિ સિદ્ધ કરવી છે. અહીંયા એ વાત નથી. અહીંયાં તો વિકારી પરિણામના કર્તાની આદિમાં આત્માની પર્યાય છે, પણ એ આત્મા છે એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છેને કે કર્મનો ઉદય છે તો વિકાર થાય છે, એમ છે નહિ. વિકારની આદિમાં નિમિત્ત છે, એમ નથી. વિકારની આદિમાં પર્યાય છે અથવા દ્રવ્ય આત્મા છે એમ અહીંયાં કહેવામાં આવે છે. પર્યાય એની ગણીને અભેદથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ચર્ચા ચાલી હતીને. (સંવત) ૨૦૧૩ની સાલમાં. ઈસરી. પંડિતજી હતા. વિકાર જે થાય છે, મિથ્યાત્વ કે રાગ-દ્વેષ એ પર્યાયનું ષટ્કારકનું પોતાથી પરિણમન છે. કેમકે ષટ્કારક દ્રવ્ય-ગુણમાં છે, એની પર્યાય પણ અહીં આવી. ગુણ છેને? તો દ્રવ્યમાં છે, ગુણમાં છે તો પર્યાયમાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય એક સમયની છે એ વિકાર ચાહે તો મિથ્યાત્વ હો કે ચાહે તો રાગ-દ્વેષ હોય, પણ એ વિકાર પર્યાયનો કર્તા પર્યાય છે, વિકાર એનું કર્મ છે—પર્યાયનું, વિકાર એનું સાધન છે કરણ છે, વિકાર એનું અપાદાન છે, વિકારથી વિકાર થયો છે, દ્રવ્ય-ગુણથી નહિ અને વિકારનો આધાર વિકાર છે અને વિકાર વિકાર કરીને વિકાર રાખ્યો એ સંપ્રદાન છે. સમજાણું કાંઈ? કર્મ નિમિત્ત છે તો એનાથી (વિકાર થયો એમ નથી). ષટ્કારકથી (પરથી) નિરપેક્ષપણે પાઠ છે ત્યાં. પરકારકથી નિરપેક્ષપણે વિકારી પર્યાય ષટ્કારકના પરિણમનથી પોતાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે અહીંયાં બે વાત. સંસારયુક્ત. હવે બીજી વાત સંસારરહિત. જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે કે સિદ્ધપદ થાય છે એમાં કર્મનો અભાવ આદિમાં છે તો સિદ્ધપદ થયું કે દર્શનમોહનો અભાવ છે તો અહીંયા સમ્યગ્દર્શન થયું એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં ખરેખર તો એ પર્યાય ષટ્કારકથી પરિણમે છે. વિકાર પોતાની પર્યાયામાં વિકાર ષટ્કારકથી પરિણમન કરે છે, તો નિર્વિકારી પર્યાય પણ પોતાના પર્યાયમાં ષટ્કારકથી પરિણમે છે. અહીંયાં તો એટલું લેવું છે કે કર્મનો અભાવ છે માટે સિદ્ધપદ થયું, ચાર ઘાતિકર્મનો નાશ થયો તો કેવળજ્ઞાન થયું. જુઓ, એમ છે કે નહિ પાઠ? તત્ત્વાર્થસૂત્રમાં. અહીં તો ના પાડે છે. એ તો નિમિત્તના કથન છે. આહા..હા..! કેવળજ્ઞાનની

પ્રાપ્તિના કાળમાં આત્મા કેવળજ્ઞાનની પ્રાપ્તિની આદિમાં આત્મા છે. નિશ્ચયથી તો કેવળજ્ઞાનની પર્યાય એ કેવળજ્ઞાનની પર્યાયની આદિમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત એવી છે. લોકોને સ્વતંત્રતા શું ચીજ છે એ વસ્તુ બેઠી નથીને.

અહીંયાં તો પર્યાયનો કર્તા દ્રવ્ય નથી એવી સૂક્ષ્મ વાત તો છે. સમજાણું કાંઈ? પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. કેમકે દ્રવ્ય તો ધ્રુવ છે. એ નિર્મળ પર્યાય કે વિકારી પર્યાયનો કર્તા એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં આદિમાં પર્યાય છે અથવા આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાયમાં આદિમાં એ પર્યાય છે અથવા આત્મા છે અને નિશ્ચયથી સમ્યગ્દર્શનની પર્યાયનો દ્રવ્ય કર્તા નથી. આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાયમાં આખા દ્રવ્યની શ્રદ્ધા થાય છે, પણ દ્રવ્ય નથી આવતું. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય પરિપૂર્ણ જેવું છે એવું જ્ઞાન થાય છે, એ સંબંધી પોતાની પર્યાયનું જ્ઞાન. પર્યાયમાં એટલી તાકાત છે કે દ્રવ્યસંબંધી જ્ઞાન એ પોતાની પર્યાય છે. આહા..હા..! પર્યાયનું જ્ઞાન પર્યાયમાં, પર્યાયનું જ્ઞાન દ્રવ્યનું જ્ઞાન, એ દ્રવ્ય છે તો પર્યાયનું જ્ઞાન છે એમ પણ નથી. આહા..હા..! શું કહે છે સમજાણું? એ પર્યાયમાં એટલી તાકાત છે કે દ્રવ્યનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન અને લોકાલોકનું જ્ઞાન. એ જ્ઞાન પણ એમ છે. લોકાલોકનું જ્ઞાન પણ પર્યાયમાં પોતાનું છે. લોકાલોક છે તો પર્યાયમાં જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..! પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થયું, તો દ્રવ્ય પર્યાયમાં આવ્યું એમ પણ નથી અને દ્રવ્ય પર્યાયને અડતું જ નથી, આહા..હા..! અને પર્યાય દ્રવ્યને અડતી નથી. પણ અહીંયાં એટલું સિદ્ધ નથી કરવું. એ ૬૮ ગાથામાં આવી ગયું પરમાત્મપ્રકાશમાં. સમજાણું કાંઈ?

અહીં તો એટલું સિદ્ધ કરવું છે કે મોક્ષના માર્ગની પર્યાયમાં કોઈ વ્યવહાર આદિમાં છે, વ્યવહાર .. છે (એમ નથી). એ મોટી તકરાર ચાલી છેને. વ્યવહારથી પરંપરા મોક્ષનો માર્ગ છે. નિશ્ચયથી સાક્ષાત્. કોને? ક્યા પ્રકારે? જેને પોતાના દ્રવ્યનું જ્ઞાન, શ્રદ્ધા અને રમણતા પ્રગટ થયા છે એને એ વ્યવહારનો આરોપ દીધો છે વ્યવહારમાં. સમજાણું કાંઈ? સાક્ષાત્ કારણ તો નિશ્ચયસ્વભાવનો આશ્રય એ જ કારણ છે, પણ સાથે રાગનું સહચર નિમિત્ત દેખીને ઉપચારથી વ્યવહાર કહેવામાં આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? .. સાતમા અધ્યાયમાં. સાતમા અધ્યાયમાં ન કહ્યું? સાતમા અધ્યાયમાં કહ્યુંને. 'મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી...' કારણ બે નથી એનો અર્થ એ. મોક્ષનું કારણ બે નથી. ... 'મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી...' મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. કેમ કથન બે પ્રકારે છે? કથનનું પ્રયોજન શું? કે જ્યાં સાચા મોક્ષમાર્ગનું નિરૂપણ છે એ નિશ્ચય છે. જ્યાં મોક્ષમાર્ગ તો નથી, પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત... જુઓ, નિમિત્તનો અર્થ એનાથી થયું નથી. પંડિતજી! આ તો નિમિત્ત આવ્યું. નિમિત્તનો અર્થ? કે એ નિમિત્ત છે એટલું, પણ વ્યવહારથી અહીં નિશ્ચય થયો (એમ નથી). નિશ્ચય થયો એની

સહચર રાગની મંદતા દેખીને વ્યવહારથી મોક્ષમાર્ગનું આરોપણ કર્યું. છે તો બંધમાર્ગ, છે તો બંધમાર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહારનયનું લક્ષણ જ એવું છે. પંડિતજી! એ કહ્યુંને જુઓ!

'વ્યવહારમોક્ષમાર્ગ છે કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું લક્ષણ છે.' સર્વત્ર. સાધન કહ્યું હોય, કારણ કહ્યું હોય, માર્ગ કહ્યું હોય તો સર્વત્ર લક્ષણ આ જાણવું. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારથી પરંપરા મોક્ષ એ તો સમકિતીની વાત છે. અજ્ઞાનીનો વ્યવહાર તો વ્યવહાર પણ નથી. નિશ્ચય વિના વ્યવહાર કેવો? સમજાણું કાંઈ? આહા..હા..! એ વાત આવીને કાલે જગનમોહનલાલજીની. આહા..! કાનજીસ્વામી એમ કહે છે એમાં જરી વ્યવહારથી થાય એમ લગાવી દેવું, નહિતર તો એકાંત થઈ જશે. અરે ભગવાન! સમ્યક્ એકાંત જ છે. સમ્યક્ એકાંત. આહા..હા..! અહીંયા કહ્યુંને, નિમિત્ત દેખીને, સહચારી દેખીને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ, વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આહા..હા..! એમ સાધન કહીએ, વ્યવહાર સાધન. એમ આવ્યું પંચાસ્તિકાય. વ્યવહાર-નિમિત્ત ભિન્ન સાધ્યસાધન છે. નિશ્ચય સાધ્યસાધન પોતપોતામાં છે. ભિન્ન સાધન વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. ઈ કઈ અપેક્ષાએ? સાધનનું નિરૂપણ બે પ્રકારે છે, સાધન બે પ્રકારે નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

સાધન તો એક જ છે. મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગ તો એક જ છે. આહા..હા..! એમ બે કારણનું નિરૂપણ છે, બે કારણ નથી. યથાર્થ એક જ કારણ છે. આહા..હા..! મોક્ષમાર્ગ કહો કે કારણ કહો, મોક્ષમાર્ગ કહો કે ઉપાય કહો. આહા..હા..! આવી ચીજ પરમસત્ય જ આમ છે. આહા..હા..! આમાં જરી ઢીલું મૂકવું થોડું. .. એ છેને મુંબઈમાં. કેવા કહેવાય? ઘાસીલાલજી. મંદિર છેને ઘાસીલાલજી? એનો દીકરો છે મોટો. એકે દીક્ષા લઈ લીધી. એક છે એણે એમ કહ્યું હતું. દીક્ષા લીધી છે. એક છે ત્યાં. આ હિંમતભાઈ લાવ્યા હતા અમારે. હિંમતભાઈ લાવ્યા હતા. કાનજીસ્વામી થોડું ઢીલું મૂકે, અમે થોડું ઢીલું મૂકીએ અને બધા એક થઈ જઈએ. અમરચંદભાઈ! થોડું ઢીલું મૂકે કે વ્યવહારથી સમકિત થાય છે. અમે પણ થોડું ઢીલું મૂકીએ કે નિશ્ચયથી પણ થાય છે અને વ્યવહારથી પણ થાય. આહા..હા..! અરે.. ભગવાન! અહીં શું કહે છે? ટોડરમલે જે આ અધિકાર લીધો છે ..નો. નિશ્ચયવ્યવહારનયાભાસ અવલંબી મિથ્યાદષ્ટિનું નિરૂપણ. બહુ અલૌકિક વાત. મૂળ ચીજમાં રહસ્ય ભરી દીધું છે. સમજાણું કાંઈ? અમે તો જ્યારે પહેલા જોયું આ. ૮૨ની સાલ. ૫૦ વર્ષ થયા. તમારા જન્મ પહેલાં. સમયસાર ૭૮માં (મળ્યું). ૫૪ વર્ષ થયા. આ મોક્ષમાર્ગ ૮૨માં (મળ્યું). ૫૦ વર્ષ થયા. આ અધિકાર જ્યાં આવ્યો. ઓહો..હો..! વસ્તુસ્થિતિ. અલૌકિક ખલાસો કર્યો છે! ઓહો..હો..! એ વખતે તો ખાવું, પીવું, વાંચન કરવું કંઈ રુચે નહિ. વાંચન તો કરવું પડતું, વ્યાખ્યાન દેતા હતાને. ભીક્ષા લેવા જવી (ગમે) નહિ. એવી ધૂન લાગી હતી. આહા..હા..!

મોક્ષમાર્ગ તો એક જ છે, બે નથી. સુકૌશલજી! આહા..હા..! એમ સાધન બે પ્રકારના નથી, નિરૂપણ બે પ્રકારે છે. એમ કારણ બે પ્રકારના નથી, કથન બે પ્રકારે છે. કારણ એક જ છે. આહા..હા..! તો એ લગાવે છે. અકલંકદેવે કહ્યુંને કે બે કારણથી કાર્ય થાય છે. લોકો એ લગાવી દે છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. નિમિત્તનું જ્ઞાન પ્રમાણજ્ઞાનમાં આવે છે, પણ પ્રમાણજ્ઞાન નિમિત્તમાં જ્યારે નિમિત્તનું જ્ઞાન કર્યું તો જે પોતાની પર્યાયથી પર્યાય થાય છે એનો નિષેધ કરીને નિમિત્તનું જ્ઞાન નથી કર્યું. શું કહ્યું? પ્રમાણના જ્ઞાનમાં નિશ્ચય પોતાથી થયું છે, નિમિત્તથી નહિ, એમ પ્રમાણ રાખીને નિમિત્તને ભેળવ્યું ત્યારે પ્રમાણજ્ઞાન થયું. પ્રમાણમાં એ નિશ્ચયથી થયું અને એનાથી નહિ, એનો નિષેધ કરીને નિમિત્તનું જ્ઞાન થયું છે એમ નથી. નહિતર પ્રમાણજ્ઞાન નથી રહેતું. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો પાછું એમ કહે છે, કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર આવું જ લક્ષણ છે. વ્યવહાર અને નિશ્ચયનું આવું જ લક્ષણ છે. આહા..હા..! પછી તો એમ કહ્યું, સત્યાર્થ નિરૂપણનું તે નિશ્ચય તેને યથાર્થ જ નિરૂપણ કરવું, કોઈને કોઈમાં ભેળવતું નથી એવા શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે. અને વ્યવહાર શ્રદ્ધાન છે એ કોઈને કોઈમાં ભેળવે છે. આહા..હા..! આવ્યુંને પહેલાં? એમાં આવે છે. વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને, એના ભાવને, કારણકાર્યનું કોઈનું કોઈમાં નિરૂપણ કરે છે-નિરૂપણ કરે છે. માટે એવું શ્રદ્ધાન તે મિથ્યાત્વ છે. ભગવાને વ્યવહારથી કહ્યું એની શ્રદ્ધા કરે તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાને વ્યવહારથી કહ્યું છે કે નહિ? વ્યવહારથી કહ્યું છે. આવ્યુંને ૧૧મી ગાથામાં. ૧૧મી ગાથા, સમયસાર. ભેદનો પક્ષ તો અનાદિથી જગતને છે અને પરસ્પર ભેદની વાત કરે છે અને જિનવાણીમાં પણ નિમિત્તને હસ્તાવલંબ જાણીને બહુ ઉપદેશ આવ્યો છે—એ ત્રણેનું ફળ સંસાર છે. વીતરાગવાણીમાં વ્યવહારથી જે આવ્યું છે, હસ્તાવલંબ નામ નિમિત્ત દેખીને એમ કહ્યું પણ ત્રણેનું ફળ સંસાર છે. છે? ૧૧મી ગાથા. સમયસાર છેને? આ સમયસાર છે. ૧૧મી ગાથા. ગડબડ કરી નાખે. ૧૧. ૨૩ છે એમાં. ૧૧ છેને? ભાવાર્થમાં છે, નહિ?

**'ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે...'** છે? **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે...'** અનાદિકાળથી જ છે. કેટલું જોર આપ્યું! **'અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** આમ વ્યવહારથી થાય, આમ થાય.. લોકોને ઠીક પડે પરસ્પર. હા, એ બરાબર છે. એમ પરસ્પર વ્યવહારના ભેદનો ઉપદેશ કરે છે પરસ્પર. ભેદનો પક્ષ છે, ભેદનો ઉપદેશ પરસ્પર કરે છે, બે વાત. આહાહા..! **'વળી જિનવાણીમાં...'** જિનવાણીમાં... દેવાનુપ્રિયા! શિખરચંદજી! **'જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી...'** દેખો, નિમિત્ત. **'બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે.'** સંસાર જ છે. આહા..હા..! વ્યવહારથી તો આવે છેને ઈ, પણ વ્યવહારનું અનુસરણ કરવું એમ નથી. સમજાણું કાંઈ? વાત તો એવી

છે. આહા..! એક તો એવી વાત આવીને પ્રવચનસારમાં કે આત્મા કર્તા-અંશ છે અને જ્ઞાન કરણ-અંશ છે. એ આવે છે. આત્મા કર્તા-અંશને કરણ-અંશ જ્ઞાનથી જાણે છે. કર્તા અંશ, જ્ઞાન કરણ-અંશ છે. છ કારક. આત્મા કર્તા, જ્ઞાનના કરણથી જાણે છે. આહા..હા..! એટલો ભેદ કરીને જ્ઞાનના જાણવામાં કર્તા-અંશ આત્મા, કરણ-અંશ જ્ઞાન. લ્યો ઠીક!

અહીંયાં કહે કે કર્તા-ફર્તા પર્યાયનો આત્મા છે જ નહિ. કઈ અપેક્ષાથી કથન છે એ સિદ્ધ કરવું જોઈએને? પૂર્વાપર વિરોધ નથી. ત્યાં તો એટલું સિદ્ધ કરવું છે કે આત્મા જાણે છે એ જ્ઞાનથી જાણે છે એટલો ભેદ પડ્યો. કર્તા કરણથી જાણે છે એવો ભેદ. આહા..હા..! આત્મા જ જાણે છે, તો ત્યાં ભેદ ન રહ્યો. સમજાણું કાંઈ? ત્યાં કર્તા લીધો, પેલામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કર્તા, કરણ અને અધિકરણ દ્રવ્યનું. ઠીક! ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કર્તા, સાધન અને આધાર દ્રવ્યના. દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવનો કર્તા, કરણ અને સાધન.

અહીંયા કાઢી નાખ્યું. મોક્ષમાર્ગની પર્યાયમાં કર્તા આત્મા એમ આદિ-મધ્ય-અંતમાં છે, પણ ખરેખર તો પર્યાય જ આદિ-મધ્ય-અંતમાં છે. આહાહા..! નિર્મળ પર્યાય જ આદિ-મધ્ય-અંતમાં છે એને આત્મા કહીને કહ્યું. સમજાણું કાંઈ? નિશ્ચયથી તો ધ્રુવ છે એ પર્યાયનો કર્તા નથી. સામાન્ય એ વિશેષનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! વસ્તુની સ્થિતિ એવી છે. એ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. વસ્તુની સ્થિતિ એવી છે ત્યાં શું કરે! એમાં ઝઘડા શા? તમે એકાંત છોડી દો. સમ્યક્ એકાંત એ છોડી દો; પણ સમ્યક્ એકાંતનું જ્ઞાન થાય ત્યારે પર્યાયમાં રાગનું અનેકાંત જ્ઞાન થાય છે. સમ્યક્ એકાંતવાળાને સમ્યક્ અનેકાંતનું જ્ઞાન સાચું થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેને સમ્યક્ એકાંતનું જ્ઞાન નથી, વિપરીત જ્ઞાન છે એનું અનેકાંત જ્ઞાન પણ સાચું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ!

શ્રીમદ્દે એક લીટી લખી છે. પંક્તિ એક લખી છે શ્રીમદ્ રાજચંદ્રે. 'સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય કારણે અનેકાંત (ઉપકારી) નથી.' સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય બીજો હેતુ નથી. અને સમ્યક્ એકાંત જ્યાં દર્શન-જ્ઞાન આત્માના આશ્રયે થયા એને જ અનેકાંત નામ પર્યાય અને રાગનું યથાર્થ જ્ઞાન થાય છે. કહ્યુંને ૧૧મી ગાથામાં. ભૂતાર્થ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ઠીક! ૬૮ ગાથામાં એમ કહ્યું, સમ્યગ્દર્શનની પર્યાયનો આત્મા કર્તા નથી. કઈ અપેક્ષા છે? સમજાણું કાંઈ? આત્મદ્રવ્ય જે છે એનો પર્યાય આશ્રય (લ્યે છે). આશ્રયનો અર્થ એના ઉપર ઢળે છે. જે પર્યાય રાગ ઉપર ઢળે છે અનાદિથી એ રાગની મોજૂદગીમાં પણ જ્ઞાનની પર્યાય રાગનું લક્ષ છોડીને જ્ઞાનની પર્યાય દ્રવ્યમાં ઢળે છે તેથી દ્રવ્યનો આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્યાં કહે ૩૨૦ ગાથા. જયસેનાચાર્ય ટીકા અને આ પરમાત્મપ્રકાશ ૬૮ ગાથા. મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા આત્મા નથી. કેમકે કર્તા ધ્રુવ છે. એ ધ્રુવ કર્તા કેમ બને? કર્તા ષટ્કારકનું પરિણમન

તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એ પર્યાયનો કર્તા આત્મા નથી. આહા..હા..! ધ્રુવ કર્તાકર્મ જે શક્તિ પડી છે એ પરિણમનનો કર્તા ધ્રુવશક્તિ નથી. આહા..હા..! કર્તા, કર્મ, કરણ, શક્તિ છ છેને? એ ધ્રુવ છેને ત્રિકાળમાં. તો પરિણતિમાં જે કર્તાકર્મ છે એ ષટ્કારક જે ધ્રુવ છે એ ષટ્કારકની પરિણતિના કર્તા નથી. આહા..હા..! આવી વાત સત્ય છે. સમજાણું કાંઈ? આ તો અંતરમાં જવું, અંતરમાં પર્યાયને ત્યાં ઢાળવી, આહાહા..! એ વાત છે. તેને માટે આ બધી વાત કરી છે. આહાહા..!

એ પર્યાય દ્રવ્યમાં ઢળે છે એનો અર્થ દ્રવ્ય સન્મુખ થઈ તેને ઢળવું કહ્યું. અને એ દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, પર્યાયના આશ્રયે નહિ, વ્યવહારના આશ્રયે નહિ. નિર્મળ પર્યાય જે થાય છે એના આશ્રયે પણ સમ્યગ્દર્શન નથી, તો રાગને આશ્રયે સમ્યગ્દર્શન થાય, વ્યવહારના આશ્રયે સમ્યગ્દર્શન થાય (એમ તો ત્રણકાળમાં છે જ નહિ). આહા..હા..! વાત તો આમ છે. ઝઘડા કરે શું કરે? પ્રભુ! એ ભગવાન છેને આત્મા. એની અશુદ્ધતા પણ મોટી. અશુદ્ધતા પણ મોટી કે હઠ મૂકે નહિ. એમાં આવ્યું છે—અનુભવપ્રકાશમાં. ચિદ્‌વિલાસ, અનુભવપ્રકાશ. દીપચંદજી. તારી અશુદ્ધતા પણ મોટી, ભગવાન! આહા..હા..! ત્રણલોકના નાથ તીર્થંકરના સમવસરણમાં ગયો પણ તેં અશુદ્ધતા છોડી નહિ. આહા..હા..!

ભગવાન ત્રણલોકનો નાથ એની વાણી તેં સાંભળી, અનંત વાર ભગવાનને પૂજ્યા, આહા..હા..! સમવસરણમાં મણિરત્નના દિવા, હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ (લઈને) જય નારાયણ, જય પ્રભુ (કર્યું). ... પરદ્રવ્યની પર્યાય તો .. વજુભાઈ! આવી વાતું છે. 'ભવે ભવે પૂજીઓ' એમ પાઠ છે પરમાત્મપ્રકાશમાં. ભવે ભવે નામ અનંત ભવ કર્યા. ભગવાનના મહાવિદેહમાં જન્મ્યો છે કે નહિ? તો મહાવિદેહમાં તો સાક્ષાત્ તીર્થંકર હોય જ છે. આહા..હા..! એ મહાવિદેહમાં અનંત પુદ્‌ગલપરાવર્તન કર્યા મનુષ્યના. આહા..હા..! અનંત પુદ્‌ગલ પરાવર્તન હોં!

**શ્રોતા :-** મહાવિદેહમાં જાય એને થઈ જ જાય!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થયું નહિ એમ કહ્યું. મહાવિદેહમાં જાય એટલે થઈ જાય? મહાવિદેહ ક્ષેત્ર છે. આહા..હા..! સિદ્ધક્ષેત્રમાં જ્યાં પરમાત્મા બિરાજે છે એના પેટમાં આત્માના વચમાં ત્યાં નિગોદના અનંત જીવ પડ્યા છે. ક્ષેત્ર શું કરે? જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે, સાત હાથ કે પાંચસો ધનુષ, જ્યાં એનો આત્મા છે ત્યાં એની મધ્યમાં નિગોદ રહે છે. એ નિગોદપણું સિદ્ધના પેટમાં છે તો નિગોદપણું છોડતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એનું ક્ષેત્ર એક છે. ક્ષેત્ર નિશ્ચયથી એક છે એ આકાશની અપેક્ષાએ કહેવામાં આવે છે. બાકી તો નિગોદનું ક્ષેત્ર ભિન્ન છે અને પોતાનું ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા..! એના ભાવ ભિન્ન, આત્માના ભાવ ભિન્ન. આહા..હા..! આવી સ્વતંત્ર ચીજ જ્યાં છે... આહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, આ લીધુંને આપણે કે શુદ્ધનયનો પક્ષ.. આવ્યું. એના ઉપદેશ પણ વિરલ છે. અહીં તો (એમ કહેવું છે), જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણીને

ઘણો આવ્યો છે, સિદ્ધ તો આ કરવું છે, છતાં એનું ફળ સંસાર છે. આહા..હા..! આઠમી ગાથામાં નથી આવ્યું કે આચાર્ય આત્માનો બોધ કરે છે તો શિષ્યને કહે છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. એ તો વ્યવહાર થયો. વ્યવહાર કહ્યો, પણ કહીને એમ લીધું કે કહેનારે વ્યવહારનું અનુસરણ ન કરવું, સાંભળનારે વ્યવહારનું અનુસરણ ન કરવું. આવે છે, વ્યવહાર સ્થાપે છે, એ વ્યવહાર સમજાવે છે ચીજને, વ્યવહાર વ્યવહારને નથી (સ્થાપતો). આહા..હા..! એવો માર્ગ છે વીતરાગનો, ભાઈ! વ્યવહારના અનુસરણની ત્યાં ના પાડી છે. વ્યવહાર આવે છે, સમજાવ્યા વિના શું કરે? સમજાણું કાંઈ? અને પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં તો એમ કહ્યું, પરમાત્મા સંતો અબુદ્ધને સમજાવવા વ્યવહારથી સમજાવે છે, પણ જો વ્યવહારને પકડી રાખે તો એ ઉપદેશને પાત્ર નથી. .. કહે છેને વ્યવહારથી થાય છે. અરે..! સાંભળ તો ખરો. આહા..હા..! .. દેશના નાસ્તિ. એ સાંભળવાને લાયક નથી. આહા..હા..! કેમ કે કથન વ્યવહારથી આવે એને પકડે કે વ્યવહાર કહ્યો છેને. વ્યવહારથી નિશ્ચય સમજાવવા કહ્યું છે. વ્યવહાર નિશ્ચયને સમજાવવા માટે કહ્યો છે ત્યાં દૃષ્ટિ દે. ભેદ ઉપર લક્ષ ન રાખ. ભેદથી સમજાવ્યું, પણ ભેદ ઉપર તું લક્ષ ન દે અને કહેનારનું પણ ભેદ ઉપર લક્ષ ન રહો. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ તો આમ છે. આ કોઈના ઘરનું નથી.. એના ઘરમાં એમ છે.

અહીંયા કહ્યું, **'આત્માને પરદ્રવ્ય-પુદ્‌ગલકર્મના નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે.'** આહા..હા..! સમ્યગ્દર્શન થાય છે તો એની આદિમાં દર્શનમોહનો અભાવ થયો તેથી સમ્યગ્દર્શન થયું, એમ છે નહિ. સમ્યગ્દર્શનની આદિમાં ભગવાન છે તો સમ્યગ્દર્શન થયું છે. સમજાણું કાંઈ? એમ સમ્યગ્જ્ઞાન થયું તો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે તો અહીંયા સમ્યગ્જ્ઞાન થયું, એમ છે નહિ. પોતામાં પોતાના આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે. આહા..હા..! પોતાના સમ્યગ્જ્ઞાનમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. સમ્યગ્જ્ઞાનની આદિમાં કર્મનો ક્ષયોપશમ થયો તેથી અહીંયા સમ્યગ્જ્ઞાન થયું એવી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે જુઓ, આદિ-મધ્ય-અંત નાખીને તો ઘણું સ્પષ્ટ કરી નાખ્યું છે. દરિયાનું કહ્યુંને? સમુદ્રમાં પવનનું નિમિત્ત છે અને સમુદ્રમાં તરંગ ઉઠે છે તરંગ—મોજા, પણ એ મોજાની આદિ-મધ્ય-અંતમાં સમુદ્ર છે. પવન આદિમાં છે માટે મોજા ઉઠે છે એમ છે નહિ. નિમિત્ત આદિમાં છે તો મોજા ઉઠે એમ છે નહિ. આહા..હા..! આવી ચીજ છેને, પ્રભુ! સમજાણું કાંઈ?

એમ કે મિથ્યાત્વ વખતે નિમિત્ત છે એવું જ્ઞાન કરાવ્યું છે. ઉદય નિમિત્ત છે મિથ્યાત્વ વખતે અને સમ્યગ્દર્શનમાં ઉદયનો અભાવ નિમિત્ત છે, એમ છે નહિ. નિમિત્તનો અર્થ 'છે' એટલું, પણ એને કારણે મિથ્યાત્વ થયું અને એને કારણે સમ્યગ્દર્શન થયું (એમ નથી). આહાહા..! અર્થાત્ નિશ્ચયસમ્યગ્દર્શન થયું એમાં વ્યવહાર પહેલા હતો તો વ્યવહારની અપેક્ષા રાખીને અહીંયા થયું એમ નથી. તો તો નિશ્ચયસમ્યગ્દર્શનની આદિમાં વ્યવહાર છે એમ થયું. અહીં તો ના

પાડે છે.

**શ્રોતા :-** પહેલા વ્યવહાર જ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર પહેલો હોતો જ નથી. જ્યારે નિશ્ચય થાય છે તો રાગને વ્યવહાર કહેવામાં આવે છે.

**શ્રોતા :-** વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય થતું નથી. રાગ કરતાં-કરતાં અરાગ થઈ જાય? રાગની દિશા પર ઉપર છે. રાગની દશાની દિશા પર ઉપર છે અને અરાગી સમ્યગ્દર્શનની દશાની દિશા સ્વ ઉપર છે. તો પર ઉપર દિશા કરે થોડી પછી સ્વ દિશામાં આવે એમ છે? આહા..હા..! આથમણું જ્યારે ચાલે તો ઉગમણું જરી નજીક પડે. આથમણું સમજો છો? આ સૂર્ય અસ્ત થાય છે. આથમે છેને, એ તરફ જાય તો ઉગમણું નજીક પડે. એમ બને? સૂર્ય ઊગે નજીક પડે અને સૂર્ય અસ્ત થાય ત્યાં ચાલે તો સૂર્ય ઉગે એ નજીક પડે, એમ વ્યવહાર પર દિશા તરફ જાય છે તો એને સ્વ દિશા તરફ જવું સહેલું પડે. સમજાણું કાંઈ? થોડું-થોડું હિન્દી, બહુ તો નથી આવડતી પણ થોડી-થોડી આવડે છે. ગુજરાતી ચાલે એ તો... આહા..હા..! આ હિન્દીમાં તો ચાલે છે. આહા..હા..!

શું કહ્યું જુઓ, જેમ થોડું ઉગમણું જાવું હોય—સૂર્ય ઊગે ત્યાં જાવું હોય તો પહેલા આમ જાય તો એને સહેલું પડે જવાનું. એમ છે? એ તો દૂર છે; એમ રાગની દિશા થોડી .. કરે તો અરાગી દિશા તરફ જઈ શકે. અરે ભાઈ! વસ્તુ એવી નથી. મોટું શલ્ય છે વ્યવહારથી નિશ્ચય થાય. કહ્યુંને ત્યારે, પંચાસ્તિકાયમાં કહ્યું છે, ભિન્ન સાધ્યસાધન. પણ એનો અર્થ શું? સાધન તો પોતે કરે છે ત્યારે રાગને નિમિત્ત દેખીને, સહચર દેખીને સાધકનો આરોપ આપ્યો છે. એ તો કહ્યુંને, સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું લક્ષણ જાણવું. આહા..હા..! એમ અર્થ ન કરે અને બીજો અર્થ કરે તો આચાર્યનો અભિપ્રાય એ નથી. પંડીતજી! આહા..હા..! ભગવાન! શાસ્ત્ર શું કરે? માર્ગ તો એવો છે, ભાઈ! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આરોપથી કહ્યું છે. કહ્યુંને. અનારોપ અહીં છે એનો આરોપ કર્યો. નિશ્ચય અહીંયાં છે એનો વ્યવહારમાં આરોપ કર્યો. મોક્ષમાર્ગ અહીંયાં છે, બંધમાર્ગને આરોપ કરીને મોક્ષમાર્ગ કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

માટીનો ઘડો. આવ્યું નહિ ઈ? દૃષ્ટાંત આવ્યુંને કળશમાં, ઘીનો ઘડો માટીમય છે એમ લીધું છે. ત્યાં એમ નથી લીધું.. ઘીનો ઘડો એવું નિમિત્ત લીધું પહેલા બોલે, પણ ઘીનો ઘડો માટીમય છે. કળશમાં આવે છેને? આહા..હા..! ફક્ત ઈ ઘીનો ઘડો કેમ કહ્યો? કે ઘીથી ખાલી માટીનો ઘડો જોયો નહોતો તો એને કહ્યું કે ઘીનો ઘડો માટીમય છે. આહા..હા..! એમ વ્યવહારથી કહ્યું એ નિશ્ચયને કહ્યું. સમજાણું કાંઈ? નિશ્ચયે અંતરમાં લઈ જવા માટે

કહ્યું. એ વ્યવહારને પકડે તો દેશનાને લાયક નથી. સમજાણું કાંઈ?

કોઈ એમ કહે કે મૌન રાખવાથી આમ લાભ થાય. શાસ્ત્રમાં આવેને એવી વાત. મૌન. કે .. તમે કેમ મૌન નથી રાખતા? એ તમારા સંપ્રદાયના સાધુની વાત છે. સમજાણું કાંઈ? .. મૌન રહેવાથી અંતરમાં જવામાં અનુકૂળતા રહે છે. ત્યારે કહે .. તો તમે ઉપદેશ કેમ વચનથી કરો છો? તમે કેમ મૌન નથી રાખતા? અરે ભાઈ! શું સિદ્ધાંત કહેવો છે એ તો સમજો. સમજાણું કાંઈ? સિદ્ધાંત શું સિદ્ધ કરવો છે એ વાત ચાલે છે અને તું આમ પકડી લે. તમે બોલો છો અને કહો છો કે મૌનથી લાભ થાય. આહા..હા..! એમ વ્યવહારથી કહેવામાં આવ્યું કે જુઓ, વ્યવહાર તો કરો છો તમે. ભગવાન! તારી ચીજને સમજાવવાની વાતમાં વ્યવહાર આવ્યો. આવ્યુંને? જિનવાણીમાં પણ વ્યવહારના કથન આવ્યા છે, પણ એનું ફળ તો બંધ છે, સંસાર છે. ભગવાને કહેલા વ્યવહારનું ફળ બંધ છે, સંસાર છે. એમ આવ્યું કે નહિ? એનો શું અર્થ થયો? વ્યવહારથી મોક્ષમાર્ગ થાય છે અને .. આહા..હા..!

આ ગાથામાં આદિ-મધ્ય-અંત વિચારે તો અલૌકિક વસ્તુ છે. રાગની આદિમાં આત્મા, સમ્યગ્દર્શનની આદિમાં આત્મા, કોઈની વ્યવહારની અપેક્ષા રાખીને આ થયું છે એમ વસ્તુ નથી. સમજાણું કાંઈ? નિમિત્તની અપેક્ષા રાખીને વિકાર થયો છે એમ નથી અને વ્યવહારની અપેક્ષા રાખીને સમ્યગ્દર્શન થયું એમ પણ નથી. આહા..હા..! માર્ગ આ છે, ભાઈ! આહા..હા..!

**'આત્માને...'** આ ભાવાર્થમાં જ બધું ભરી દીધું છે. **'પરદ્રવ્ય-પુદ્‌ગલકર્મના નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે. તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે.'** દેખો, વિકારરૂપે અને મોક્ષમાર્ગરૂપે ભગવાન આત્મા પોતાની અવસ્થારૂપે પોતે જ પરિણમે છે. આહા..હા..! કર્મનું નિમિત્ત હો, પણ વિકાર તો સ્વયં પોતાથી પરિણમે છે. આહા..હા..! ઈશ્વરનય હમણાં ત્યાં નાખ્યું હતું. એ આવ્યુંને ભાઈ? પંડિતજી! આ નવું તમારું. એમાં આવ્યું છે ઈશ્વરનય. વ્યાખ્યાન કર્યું હતું. કર્મને આધિન થાય છે એ પોતાની સ્વતંત્રતાથી વશ થાય છે, કર્મ આધિન કરે છે એમ નથી. ૪૭ નય છે. સમજાણું કાંઈ? ઈશ્વરનય. ધાયમાતાને.. બાઈ બાળકને ધવડાવે પરતંત્રપણે, પણ એ સ્વતંત્ર છે ત્યાં. સ્વતંત્રપણે પરવશ થાય છે. માતાનું દૂધ પીવામાં પરવશ છે, પણ સ્વતંત્રપણે ત્યાં (પરવશ થાય છે). બીજો કોઈ ઉપાય નથી. એની માતા પાસે દૂધ નથી. પરમાતા પાસે જાય છે. એ સ્વતંત્ર જાય છે.

એમ કર્મના નિમિત્તને વશ આત્મા સ્વતંત્ર થાય છે. નિમિત્ત એને પોતાને વશ કરે છે એમ ત્રણકાળમાં છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! મૂળ નિયમ અને સિદ્ધાંતની વાત ન સમજે અને ઉપરથી બધી વાત લે એમાં શું થયું? વસ્તુ એવી નથી. .. જવાબ નહિ આપે. વ્યવહારથી થાય અને પરથી થાય તો નિશ્ચયનો જવાબ નહિ મળે. સમજાણું કાંઈ? કેમકે પરથી થાય તો તો ત્યાં પરનો આદર થયો, સ્વનો આદર થયો નહિ. સ્વનો અનાદર થયો એ ભાવે. આહા..હા..! સમજાણું કાંઈ?

રાગની જેને રુચિ અને પ્રેમ છે એને નિર્વિકારી ભગવાન પ્રત્યે દ્વેષ છે. રાગ-દ્વેષની આ વ્યાખ્યા. વ્યવહારરત્નત્રયનો રાગ છે, એ રાગ પ્રત્યે જેને પ્રેમ છે એને ભગવાન નિર્વિકલ્પ ચૈતન્ય પ્રત્યે દ્વેષ છે. આહા..હા..! અને નિર્વિકલ્પ ભગવાન પ્રત્યે જેને પ્રેમ થયો એને રાગ પ્રત્યેથી રુચિ ઉઠી ગઈ એની. રુચિ ઉઠી ગઈ. સમજાણું કાંઈ? રાગ રહેશે, રુચિ ઊડી ગઈ. રાગ આવશે. સમજાણું કાંઈ? ૭૩ ગાથામાં આવ્યું છે કે વિકારનો સ્વામી કર્મ છે અને હું સદા એ રાગના સ્વામીપણે નહિ પરણમનારો છું. મૂળની ગાથા છે. પણ આ વાત છે. સમ્યગ્દર્શન થયા પહેલાં વિકલ્પથી નિર્ણય કરે છે કે હું અત્યારે તો રાગથી નથી, પણ ભવિષ્યમાં મને રાગ થશે તો એના સ્વામીપણે હું નહિ પરિણમું. આહા..હા..! વ્યવહાર મારી ચીજ છે એમ સ્વામીપણે નહિ પરિણમું. વ્યવહાર આવશે. સમજાણું કાંઈ? ૭૩ ગાથામાં છે. આહાહા..! કેટલી વાત!૭૩ છે. નિર્મમ. નિર્મમ. આવ્યુંને? ૭૩ છે. લ્યો એ જ પાનું આવ્યું.

'**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું...**' એટલે વિકારી ભાવોનું '**વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો...**' પોતે સદાય સ્વામીપણે નહિ પરિણતો '**હોવાથી મમતારહિત છું;...**' સમજાણું કાંઈ? આહા..હા..! હજી તો સમ્યગ્દર્શન થયા પહેલાં વિકલ્પથી નિર્ણય કરે છે કે હું ભવિષ્યમાં સ્વયં રાગનો સ્વામી થઈને નહિ પરિણમું. પરિણમીશ ખરો પણ સ્વામીપણે નહિ. એ મારી ચીજ છે એમ નહિ. આહા..હા..! ભાઈ! આ માર્ગ એવા છે પ્રભુનો. આહા..હા..! પ્રભુનો માર્ગ નામ તારો માર્ગ. તું વીતરાગ છો, પ્રભુ છો. આહા..હા..! તારી પ્રભુતામાં લાંછન લાગે. વ્યવહારથી થાય એ તો લાંછન છે, પ્રભુ! તારી પ્રભુતાની મોટપ નથી રહેતી ત્યાં. મોટપ સમજ્યા? બડાઈ. આહા..હા..! ચારે બાજુથી જોઈ લ્યો, સત્ય સિદ્ધાંત ઊભો થાય છે.

વ્યવહાર આવે છે. પહેલા વ્યવહાર છે એમ પણ નથી. એ તો નિશ્ચયને જાણ્યો એને રાગ આવે એને વ્યવહાર કહે છે. કોઈક ઠેકાણે એમ લીધું છે કે વ્યવહારથી આગળ શુદ્ધિની વૃદ્ધિ થાય છે. ત્યાં ખુલાસો કર્યો છે પંડિતજીએ કે ત્યાં આગળ નિર્મળ પરિણતિ શુદ્ધિ જે .. છે એનાથી આગળ વધીને શુદ્ધિ વધે છે તો એ પૂર્વની શુદ્ધિ પછીની શુદ્ધિનું કારણ છે, પણ અહીંયાં રાગને ઉપચારથી કહ્યું છે. એમ કહ્યુંને ત્યાં? સર્વત્ર સકળ વ્યવહાર.. આહા..હા..! પંચાસ્તિકાય. જ્યાં વ્યવહાર સાધ્યસાધન લીધુંને. પણ ત્યાં શું કહે છે? સમજાણું કાંઈ? આત્માનો સ્વનો આશ્રય તો થયો છે, એ જ સાધન તો ઈ જ છે. રાગથી પૃથક્ પ્રજ્ઞાછીણી મારીને જે સાધક ક્રિયા છે અથવા પ્રજ્ઞાછીણી રાગથી ભિન્ન થઈને જે અનુભવ થયો એ અનુભવ એ જ સાધક છે, પણ એ સાધકની સાથે એટલો રાગ જોઈને આરોપથી સાધન કહ્યું છે, યથાર્થમાં નથી. હવે એવો અર્થ ન કરે અને બીજો અર્થ કરે તો શું થાય? એવી વાત છે. વસ્તુ તો એવી છે. આહા..હા..! આમાં ઝઘડાને સ્થાન પણ ક્યાં છે?

'**તેથી તે પોતાનો જ કર્તા-ભોક્તા છે;...**' રાગનો અને મોક્ષમાર્ગનો કર્તા-ભોક્તા

આત્મા પોતે જ છે. આહા..હા..! '**પુદ્‌ગલકર્મનો કર્તા-ભોક્તા તો કદી નથી.**' અહીં છેલ્લે એ લેવું છેને. પહેલાં તો આવી ગયું છે કે કર્મ નિમિત્ત છે, પણ આત્માના રાગનો અને મોક્ષમાર્ગનો કર્તા નથી. હવે આમ લેવું છે કે પોતાના વિકારનો કર્તા-ભોક્તા, નિર્વિકાર દશાનો કર્તા-ભોક્તા છે, પણ પરનો કર્તા-ભોક્તા નથી. એમ કરીને સમાધાન કર્યું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

***

## શ્રાવણ સુદ ૬, રવિવાર, તા. ૧-૦૮-૧૯૭૬, ગાથા-૮૪, પ્રવચન નં. ૧૪૩

૮૪ ગાથા. અજ્ઞાનીનો રૂઢ વ્યવહાર કહે છે. અજ્ઞાની કેમ માને છે એ સ્પષ્ટ કરીને પરથી ભેદજ્ઞાન કરાવે છે. વ્યવહાર છે. ૮૪.

ववहारस्स दु आदा पोग्गलकम्मं करोदि णेयविहं।
तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं।।८४।।
આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ-મત વ્યવહારનું,
વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.

'**ટીકા :- જેમ, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી...**' માટી છે એ પોતામાં વ્યાપક થઈને ઘડાની પર્યાયને કરે છે, કુંભાર નહિ.

**શ્રોતા :-** વાત ગળે ઉતરતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન ઉતરે તો ઉતારવી પડશે એણે. આહા..હા..!

અહીંયાં તો ત્યાં સુધી કહેવું છે કે જે વ્યવહારનો રાગ છે એને પોતાનો માનીને કર્તા થાય છે એને આત્મા હેય થઈ ગયો. સમજાણું કાંઈ? આત્મજ્ઞાન થયું કે 'હું શુદ્ધ ચૈતન્ય વસ્તુ છું,' એવો અનુભવ થયો એને રાગ હેય છે, આત્મા ઉપાદેય છે. આહા..હા..! પણ જે, રાગનું કર્તાપણું પોતાનું માનીને રાગમાં રુચિ કરે છે, આહા..હા..! એને આત્મા હેય થઈ ગયો. એ ૩૬ ગાથામાં આવ્યું છે. પરમાત્મપ્રકાશ. ૩૬. પરમાત્મપ્રકાશ છે? છેલ્લે. '**યહ આત્મા સદૈવ વીતરાગનિર્વિકલ્પસમાધિમેં લીન સાધુઓંકી તો પ્રિય...**' નામ ઉપાદેય છે. એમ લેવું. ટીકામાં એમ છે. પંડિતજી! ટીકામાં એમ છે. '**सदैव परमात्मा वीतरागनिर्विकल्पसमाधि-रतानामुपादेयो भवत्यन्येषां हेय**' આહા..હા..! ગજબ વાત છે. શું કહે છે સાંભળો, ભાઈ! આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન છે એને અંતરમાં નિર્વિકલ્પ સમાધિ નામ શાંતિ, નિર્વિકલ્પ સમાધિ

કાળમાં એ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉપાદેય નામ આદરણીય છે, એને રાગ હેય છે. વ્યવહારરત્નત્રયનો રાગ પણ હેય છે. આહા..હા..! છે? '**भवत्यन्येषां हेय**'. જે રાગને ઉપાદેય માનીને રાગમાં રુચિ કરીને પડ્યા છે... ભગવાન! ઝીણી વાત છે, પ્રભુ! આહા..હા..! એને આત્મા હેય છે. આત્મા હેય છે એવું કદી... રાગ હેય છે એમ તો કહેતા હતા. શુક્લચંદજી! આહા..હા..!

ભગવંત! તારી ચીજ એવી છે. આહા..હા..! પૂર્ણાનંદ સ્વરૂપ જેની દૃષ્ટિ ત્યાં પડી અને પૂર્ણાનંદની પરિણતિમાં પૂર્ણાનંદ ઉપાદેય થયો, એને રાગ હેય છે એમ કહેવામાં આવે છે, પણ એમાં ઉપાદેય આ થયું પરિણતિમાં તો રાગ હેય થઈ ગયો. સમજાણું કાંઈ? રાગ ઉપાદેયમાં સાથે ન આવ્યો તો રાગ હેય થઈ ગયો. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને રાગરહિત શાંતિના કાળે પૂર્ણાનંદ પ્રભુનું ઉપાદેયપણે જે પરિણમન થયું તો એને આત્મા પૂર્ણ શુદ્ધ છે એ જ ઉપાદેય છે અને રાગ હેય છે એમ એને કરવું નથી પડતું. રાગ સાથે ઉપાદેયમાં આવતો નથી તો રાગ હેય થઈ ગયો. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, બાપુ! અંતરના માર્ગની વાત છે, ભાઈ! અને જેને રાગ દયા, દાન, વ્રત આદિના પુણ્યભાવ.. લોકો રાડ નાખે. ભાઈ! રાગ એ વિભાવ છે, એ ત્રિકાળી સ્વભાવથી ભિન્ન ચીજ છે. આહા..હા..! એ વિભાવને જેણે.. અહીંયાં એ કહે છે કે વિભાવનો કર્તા થાય છે અને એ વિભાવરૂપ પરિણમન નવા કર્મમાં નિમિત્ત છે તો અજ્ઞાની માને છે કે નવા કર્મ મેં બાંધ્યા. બરાબર છે હિન્દી ભાષા? હિન્દી હિન્દી. નવા બાંધે. અને હરખ-શોકને ભોગવે છે અજ્ઞાની તો કર્મબંધ સુખના ભોગવટામાં નિમિત્ત થયું. ભોગવે છે તો હરખ-શોક, પણ નિમિત્ત થયું તો એને પણ હું ભોગવું છું એમ અજ્ઞાની માને છે. એને માટે આ ૮૪ ગાથા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આમાં તો એમ કહેવું છે, ભેદજ્ઞાન કરાવવું છે. પોતે રાગનું પરિણમન કરે છે એ તો પોતામાં વ્યાપ્યવ્યાપક થઈને કરે છે અજ્ઞાની. અહીં તો અજ્ઞાનીની વાત છેને. વ્યાપક નામ કર્તા-પ્રસરનાર-વિસ્તાર થનાર અને રાગ એનો પર્યાય—કાર્ય—વ્યાપ્ય. આહા..હા..! તો એવા વ્યાપ્યવ્યાપકમાં અજ્ઞાની રાગનું વ્યાપ્ય પોતાનું છે અને રાગનો કર્તા છે એટલી વાત તો અજ્ઞાનપણે સત્ય છે, પણ એવા રાગનો અનુભવ કરનારને કર્મનો બંધ પડે છે એમાં નિમિત્ત છે તો એને એમ લાગે છે કે મેં કર્મ બાંધ્યા. સમજાણું કાંઈ? અને કર્મના ભોગના કાળમાં કર્મ પોતાથી ભોગવે છે. કર્મ પોતાથી જ ભોક્તા અને વિપાક થઈને ખલાસ થઈ જાય છે. પણ અહીંયાં રાગ-દ્વેષને, હરખ-શોકને અજ્ઞાની ભોગવે છે એમાં એ નિમિત્ત થયા તો એને હું ભોગવું છું એમ એ માને છે. સમજાણું કાંઈ?

અહીંયાં એ અજ્ઞાનીની વાત છે. કર્તા-કર્મ વ્યાપ્યવ્યાપકણે.. સમજાણું કાંઈ? કર્તા આત્મા થઈને.. સૂક્ષ્મ વાત, ભગવાન! અંતરની વાત ઝીણી બાપા! ભગવાન તારી ચીજ એવી છે. આહા..હા..! એને ભૂલીને વિકારનું પરિણમન વ્યાપક થઈને વ્યાપ્ય કરે છે વિકારનું ત્યાં સુધી

તો અજ્ઞાનીની વાત બરાબર છે. સમજાણું કાંઈ? પણ પોતાનું એ વિકારનું વ્યાપ્ય કાર્ય નવા કર્મમાં નિમિત્ત છે તો એ નિમિત્તને જોઈને મેં કર્મ બાંધ્યા એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? અહીંયાં તો પરનો કર્તા નથી એવું ભેદજ્ઞાન કરાવીને પરના બંધનના કાળે નિમિત્ત જ્ઞાની નથી. આત્મદ્રવ્ય બંધમાં નિમિત્ત નથી એવો એનો સ્વભાવ છે. આવે છે? ગાથા નથી ૮૫? આ સમયસાર. આત્મા નિમિત્ત નથી. ૧૦૦. ૧૦૦ એ નહિ. ૧૦૦ બીજી. ૧૦૫. એ ૧૦૫. હા, ઈ કહેવું છે. ૧૦૫નું કહેવું છે. ઉપચારથી બંધનો કર્તા કહેવામાં આવે છે તો માની લે છે. છે? સમયસાર.

'**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ...**' નિમિત્ત નથી. અહીંયાં તો એ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મબંધ થાય છે એ એના ઉપાદાનથી, પણ એમાં આત્મા નિમિત્ત નથી એટલે કે એનાથી કર્મબંધ થતો જ નથી. વાત તો એવી છે, ભગવાન! શું કહે છે જુઓ, '**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી..**' ૧૦૫નું કહેવું હતું. બધું યાદ રહી જાય એટલી શક્તિ ક્યાં છે? કહેવું હતું આ. ૧૦૫. '**ખરેખર આત્મા સ્વભાવથી..**' સ્વભાવથી '**પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ,...**' ઉપાદાન તો નથી, પણ નિમિત્ત પણ નથી. દ્રવ્ય નિમિત્ત ક્યાંથી આવ્યું? આહા..હા..! દ્રવ્ય નિમિત્ત નથી તો સમકિતીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે તો એ પણ નવા કર્મમાં નિમિત્ત નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભગવાન! વીતરાગનો માર્ગ ઘણો સૂક્ષ્મ છે, ભાઈ!

આ બહારના આકર્ષણ શક્તિ, શરીર રૂપાળા, શરીર જુવાન એ બધામાં આકર્ષાય છે એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! પરમાત્મા અંદર પૂર્ણાનંદનો નાથ એનું આકર્ષણ છોડીને, પરવસ્તુની આકર્ષણ બુદ્ધિ થઈ જાય છે, તે અધિક ભાસે છે એને. ભગવાનથી—આત્માથી પણ અધિક વસ્તુ ભાસે છે. સુંદર શરીર, રૂપાળું ને... અરે.. ભગવાન! એ તો સ્મશાનના હાડકાની ફાસફુસ છે. શું કહે છે? ફોસ્ફરસ કહે છે. સ્મશાનમાં હાડકા નથી હોતા? હાડકામાં ફોસ્ફરસ હોય છે. તો એ બાળક એમ માને કે ઈ ભૂત છે. ભૂત-બૂત કાંઈ નથી ત્યાં. એ તો હાડકામાંથી ચમક-ચમક થાય છે. એમ આ જગતની ચીજમાં અજ્ઞાનીને ચમક દેખાય છે એ હાડાકાનો ફોસ્ફરસ છે. આહા..હા..! ચમત્કારિક વસ્તુ તો ભગવાન ત્રણલોકનો નાથ આત્મા ચમત્કારી વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ચીજ જે છે આત્મા એ નવા કર્મમાં નિમિત્ત થાય એવો આત્માનો સ્વભાવ જ નથી. આહા..હા..! છેને ભાઈ? '**અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્‌ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા...**' દેખો, અજ્ઞાનને કારણે બંધમાં નિમિત્તરૂપ થવું એ અજ્ઞાનને કારણે છે. આહા..હા..! કહો પાટણીજી! આવી વાત ભગવાન છે. વાત તો એવી છે. આહા..હા..! ભગવાન આત્મા પોતાના સ્વભાવથી, એ તો શુદ્ધ ચિદાનંદ સ્વભાવ, પરમાત્મસ્વભાવ, શુદ્ધાત્મ

સ્વભાવ. એ કર્મબંધનમાં ઉપાદાન તો કર્મ જડ છે, પણ એને નિમિત્ત પણ આત્મા થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જો નિમિત્ત થાય તો તો વિકારી પરિણામ નિમિત્ત થાય તો વિકારીસ્વરૂપ આત્મા થયો. સમજાણું કાંઈ? '**અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...**' અહીં જે વ્યાપ્યવ્યાપક કહે છેને ૮૪માં એ અજ્ઞાનભાવથી વ્યાપ્યવ્યાપક છે. પોતાના સ્વરૂપનું અજ્ઞાન એ વ્યાપક.. ભગવાનની ધર્મકથામાં લક્ષ પર ઉપર જવો એ અનાદર છે. સમજાણું કાંઈ? એકાવતારી એકભવતારી ઈન્દ્રો જેને સાંભળતા હતા એવી પ્રભુની દિવ્યધ્વનિ છે આ ભાઈ! આ કાંઈ કોઈની વાણી નથી. આ તો દિવ્યધ્વનિ છે. આહા..હા..! નિયમસારમાં કહ્યું છે કે દિવ્યધ્વનિ સકળજનને સૌભાગ્યથી મળે છે. હા, શ્રવણનું સૌભાગ્ય છે. આહા..હા..! નિયમસારમાં છે. એવો પાઠ નિયમસારમાં બતાવ્યો હતો. સમજાણું કાંઈ? બધા આધાર મેળવે. કઈ ગાથા છે? ૧૦૮.

'**ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલો,...**' ૧૦૮. આહા..હા..! આલોચનાનો અધિકાર છે. નિયમસાર ૧૦૮ ગાથા. '**ભગવાન અર્હંતના મુખારવિંદથી...**' મુખરૂપી અરવિંદ. એ લૌકિક અપેક્ષાએ કહ્યું છે. બાકી તો આખા આત્મામાંથી નીકળે છે. મુખથી નથી નીકળતી પણ લોકો એમ જાણે છેને તેથી એ ભાષા વાપરી છે. સમજાણું કાંઈ? મુખારવિંદથી. મુખ-અરવિંદથી નથી નીકળતી. વીતરાગની વાણી તો આખા શરીરમાંથી ॐ ધ્વનિ ઉઠે છે, પણ લોકોની ભાષા અપેક્ષાએ સમજાવીને મુખારવિંદથી નીકળે છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**(શ્રવણ માટે આવેલ) સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે...**' અમારે શુક્લચંદજી કહેતા હતા. ઓહોહો..! પુણ્યથી, ભાગ્યથી આ વાત મળે એમ કહે. આવી સાચી વાત. શુક્લચંદજી છે. આહા..હા..! આજે અંદર આવ્યા હતા. જુઓ, શું કહે છે? '**સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવો, સુંદર-આનંદસ્યંદી...**' આહા..હા..! વાણી આનંદની દેનારી છે એમ કહે છે. એ તો નિમિત્તથી કથન છે. કેમકે વાણીમાં આનંદદાતા બતાવવો છે. આહા..હા..! ન સમજાણું? વાણીમાં વીતરાગતા બતાવવી છેને? તો વીતરાગતા ક્યારે થાશે? સ્વનો આશ્રય થાય ત્યારે. તો સ્વનો આશ્રય થયો તો આનંદનો આશ્રય લીધો તો એને આનંદની અનુભવદશા થાય જ છે. એ જિનવાણીનો સાર છે. આહા..હા..! શું કહ્યું જુઓ,

'**સકળ જનતાને શ્રવણનું સૌભાગ્ય મળે એવા, સુંદર-આનંદસ્યંદી, અનક્ષરાત્મક જે દિવ્યધ્વનિ,...**' આહા..હા..! '**તેના પરિજ્ઞાનમાં કુશળ ચતુર્થજ્ઞાનધર ગૌતમમહર્ષિના મુખકમળથી નીકળેલી જે ચતુર વચનરચના,...**' આહા..હા..! સિદ્ધાંત કહે છે. એ સિદ્ધાંત શબ્દ વાપર્યો છે. વચનરચના '**તેના ગર્ભમાં રહેલા રાદ્ધાંતાદિ...**' એ શબ્દ અહીં નવો છે. રાદ્ધાંતાદિ શબ્દ છે. રાદ્ધાંત એટલે સિદ્ધાંત. '**(સિદ્ધાંતાદિ) સમસ્ત શાસ્ત્રોના અર્થસમૂહના સારસર્વસ્વરૂપ શુદ્ધ-નિશ્ચય-પરમ-આલોચનાના ચાર ભેદો છે.**' દિવ્યધ્વનિમાં

ગણધર દેવે ચાર આલોચનાના અર્થ રચ્યા છે. તો એ દિવ્યધ્વનિ જે સર્વ જનતાને કાને પડે એ સૌભાગ્ય છે. ત્રણલોકના નાથની વાણી. આહા..! સમજાણું કાંઈ? આ તો પરમાગમ છે. વીતરાગની વાણી પોણા ચાર લાખ અક્ષર (કોતરાણા છે). જ્યાં નજર જાય ત્યાં ઉપર, નીચે ચારે કોર. પાંચ શાસ્ત્ર આવ્યા છે. સમયસાર, પંચાસ્તિકાય, પ્રવચનસાર, નિયમસાર, અષ્ટપાહુડ. આહા..હા..!

**શ્રોતા :-** આપે ઘણું સારું કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? રામજીભાઈએ કર્યું એમ કહે છે લોકો. એ વ્યવહારથી. એ તો જ્યારે થવાનું હોય ત્યારે (થાય). કાલે કહ્યું હતુંને, પ્રવચનસાર ૧૦૨ ગાથા. એમાં એમ આવ્યું છે કે સર્વ દ્રવ્યની જન્મક્ષણ છે. તે સમયે પર્યાયની ઉત્પત્તિનો કાળ છે તો પર્યાય ઉત્પન્ન થાય છે. ભગવાન! એવો માર્ગ છે. આહા..હા..! કોઈ બીજાની પર્યાય બીજો ઉપજાવે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? છ દ્રવ્યની જે સમયે જે પર્યાય તે સમયમાં તે કાળે ઉત્પન્ન થવાની છે. આહા..હા..! એમાં જન્મની ઉત્પત્તિનો એનો કાળ છે. પરમાણુમાં આ મંદિર થવાની ઉત્પત્તિની પર્યાયનો કાળ હતો તો ઉત્પન્ન થયો છે. બીજાથી થયું છે એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવાની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક કારણ ઉપચારિક છે અને એક કારણ યથાર્થ છે.

અહીં તો આપણે ૧૦૫માં લેવું હતુંને. '**અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત...**' અહીં કેમ આ લીધું? કે અજ્ઞાનપણે વ્યાપ્યવ્યાપકપણે અજ્ઞાની રાગને કરે છે. આપણે ૮૪મી ચાલતી હતી. એ અજ્ઞાનપણે રાગમાં વ્યાપક આત્મા અને વિકારી પર્યાય વ્યાપ્ય એ અજ્ઞાનપણે છે, પણ એટલું છોડીને, એટલું અજ્ઞાનપણે વ્યાપ્યવ્યાપકપણે અભ્યંતરમાં થયો પણ એ નવા કર્મમાં નિમિત્ત થયો, તો નિમિત્ત જોઈને એને એમ થાય છે કે કર્મબંધન મેં કર્યું. એણે તો રાગ-દ્વેષ કર્યા હતા. અજ્ઞાનીએ તો રાગ-દ્વેષ કર્યા હતા. સમજાણું કાંઈ? આહા..હા..! આવ્યુંને એ? '**પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી, ભ્રષ્ટ,...**' જુઓ, છે? ૧૦૫માં છે. '**પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, તેથી પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી, ભ્રષ્ટ, વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે;...**' ભાષા દેખો. એ આપણે અહીં ૮૪માં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? '**પરમાર્થ નથી.**' પરની બંધની પર્યાયમાં આત્મા કર્તા છે એમ બિલકુલ નથી. કર્મના બંધમાં વ્યાપક પુદ્ગલ છે અને કર્મબંધનની પર્યાય એનું વ્યાપ્ય છે. પુદ્ગલ છે એ કર્તા છે અને કર્મની પર્યાય થઈ એ એનું કાર્ય વ્યાપ્ય છે. એ આત્માનું વ્યાપ્ય નહિ, આત્માનું કાર્ય નહિ. આહા..હા..! અને જેટલો રાગ-દ્વેષ થાય એટલા પ્રમાણમાં નવું બંધન થાય છે. એમ હોવા છતાં અજ્ઞાની રાગમાં વ્યાપ્યવ્યાપક થાય, પણ પરમાં વ્યાપક થઈને વ્યાપ્ય પરની ક્રિયા કરે, બંધનનું કામ થાય એમ છે નહિ. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? ૧૦૫. આપણે ૮૪ ચાલે

છે. આહા..હા..!

અહીં તો એ વાત સિદ્ધ કરવી હતી કે જેને નવા કર્મબંધનમાં નિમિત્તપણું છે એ અજ્ઞાનીનું છે અને અજ્ઞાની રાગ-દ્વેષ ઉપાદેય માનીને પરિણમે છે એને ભગવાન આત્મા હેય થઈ ગયો. ૩૬ ગાથા. ૩૬.. આહા..હા..! અહીંયાં તો ૩૬, ૩૫ બધામાં ઘણું લીધું છે. ૩૪, ૩૫ બધામાં એમ લીધું છે. આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એના તરફની વીતરાગી અનુભૂતિના કાળમાં આ આત્મા શુદ્ધ છે એવું ઉપાદેયરૂપ પરિણમન થાય છે ત્યારે ઉપાદેય છે. આવી વાત! આહા..હા..! અરે..! મળે નહિ, પ્રભુ! તને આવા અવતાર મળ્યા અને એમાં જે આ ચીજ છે એવી યથાર્થ દૃષ્ટિ ન થઈ. ક્યાં આરો છે એનો, ભગવાન! ક્યાંય કોઈ શરણ નથી. આહા..હા..! અહીંયાં કહે છે કે '**જેમ, અંદરમાં...**' એટલે? માટી '**અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે...**' માટી વ્યાપક છે, કર્તા છે, ઘડો એનું વ્યાપ્ય નામ કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે...**' માટી ઘડાની પર્યાયને ભોગવે છે, કુંભાર નહિ. આહા..હા..! કુંભાર એ ઘડાનો કર્તા પણ નથી અને ઘડાનો ભોક્તા પણ કુંભાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તોપણ,...**' એમ હોવા છતાં પણ.. હવે જરી અહીંયાં અર્થમાં ફેર છે. '**બહારમાં,...**' કેટલાક એવો અર્થ કરે છે કે માટી અભ્યંતરમાં વ્યાપ્યવ્યાપક છે. બહારમાં, માટીની બહારમાં વ્યાપ્યવ્યાપક, માટીની બહારમાં વ્યાપ્યવ્યાપક છે, એમ નથી. '**બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાના સંભવને અનુકૂળ એવા (ઈચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ પોતાના) વ્યાપારને કરતો અને ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને (પોતાના તૃપ્તિભાવને) ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો કુંભાર ઘડાને કરે છે અને ભોગવે છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે;...**' આહા..હા..! શું કહ્યું? સાંભળો! કે માટી વ્યાપક નામ કર્તા થઈને ઘડાની પર્યાયરૂપી વ્યાપ્ય નામ કાર્યને કરે છે. સમજાણું કાંઈ? અને માટી પોતામાં ભાવ્ય નામ ભોગવવાયોગ્ય પર્યાય એને ભાવક થઈને ભોગવે છે. માટી ભોગવે છે. જડમાં છે. અકલંકદેવનું શું કહેવાય? તત્ત્વાર્થ રાજવાર્તિક. એમાં પુદ્ગલ પણ પુદ્ગલને ભોગવે છે એમ લીધું છે. સંસ્કૃતમાં છે. સમજાણું કાંઈ? એમાં લખ્યું છે. જૂનું સમયસાર છે એમાં લખ્યું છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં છે. પુદ્ગલમાં પણ ભોક્તા શક્તિ છે એમ કરીને લીધું છે એમાં.

એક બાજુ એમ લીધું કે આત્મા વિકારને કરે, વિકારને ભોગવે એ તો બરાબર છે, પણ વિકારનો ભોક્તા જડ કહો તો જડમાં ભોક્તા છે નહિ. આ રાગ-દ્વેષનો ભોક્તા જડમાં નથી, એમ કહેવું છે. એની પર્યાયનો ભોક્તા છે એવું તો એમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. ત્યાં એમ લીધું છે કે રાગ-દ્વેષનો કર્તા પુદ્ગલ નથી, તેમ રાગ-દ્વેષનો ભોક્તા પુદ્ગલ નથી. પુદ્ગલ જ પોતાની પર્યાયને કરે છે અને પોતાની પર્યાયને

ભોગવે છે. જો રાગને ભોગવે, રાગનો કર્તા હોય તો ભોગવવું થાય તો રાગ ને દુઃખનું એને ભોગવવું થાય. એમ તો થતું નથી. સમજાણું કાંઈ? આવી વાતું. તત્ત્વદૃષ્ટિનો વિષય સૂક્ષ્મ (છે) ભગવાન! નવેય તત્ત્વ સ્વયંસિદ્ધ કેવા છે ઈ વાત કરે છે. આહા..!

અહીંયા ઈ કહે છે. અંદરમાં જેમ માટી વ્યાપ્ય નામ કાર્ય અને વ્યાપક નામ કર્તા. માટી અંદરમાં વ્યાપક થઈને ઘડારૂપી વ્યાપ્યને કરે છે અને ભાવ્ય નામ ભોગવવા યોગ્ય, ભાવક ભોગવનાર એવો જે ભાવ એ માટી ઘડાને ભોગવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માટી માટીને ભોગવે. ભાઈ! એ પર્યાય વ્યય થાય છેને. વ્યય થાય છે તો એમાં થાય છે એ ભોક્તા છે. ઉત્પન્ન છે કર્તા છે અને વ્યય છે એ ભોક્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનદર્શન-વીતરાગદર્શન સૂક્ષ્મ છે, ભાઈ! સમજવા માટે ઘણો પ્રયત્ન જોઈએ. સમજાણું કાંઈ? અનંત કાળમાં વાસ્તવિક ચીજ શું છે એ દૃષ્ટિમાં લીધી જ નથી. એથી દુર્લભ લાગે, અશક્ય નથી. આહા..હા..! દુર્લભ તો છે. ધર્મબુદ્ધિ ... આહા..હા..!

માટી અભ્યંતરમાં પોતાની કર્તા થઈને માટીની પર્યાયનું વ્યાપ્ય કરે છે અને માટી ભાવ્ય નામ પોતાને ભોગવવાયોગ્યને ભાવક થઈને પોતાની માટીને જ ભોગવે છે. એમાં બાહ્યમાં વ્યાપ્યવ્યાપક એટલે? ઘડાની પર્યાયમાં અંતર્વ્યાપક આ તો બહાર વ્યાપક બીજો એમ નહિ. આ તો ઘડાના વ્યાપ્યવ્યાપકમાં છે, તો બીજી ચીજ છે બાહ્યમાં એ (તેના) પોતામાં વ્યાપ્યવ્યાપક છે. સમજાણું કાંઈ? અભ્યંતરમાં આ વ્યાપ્યવ્યાપક છે તો એના બાહ્યમાં આ વ્યાપ્યવ્યાપક છે એમ નથી. એના સંબંધમાં બાહ્ય ચીજ જે છે એ (તેના) પોતામાં વ્યાપ્યવ્યાપક થઈને કરે છે. આહા..હા..! આ સાધારણ શાસ્ત્ર નથી. સમજવા માટે બહુ ગંભીર શાસ્ત્ર છે, ભગવાન! સમયસાર એટલે.. આહા..હા..! જગતનો ભૂપ, અદ્વૈત, અદ્વૈતચક્ષુ, અજોડચક્ષુ છે. આહા..! એવો પાઠ છેને? પાછળ આવ્યું છે કળશમાં. આહા..હા..! સંસારની એક સાધારણ એમ.એ. ને બી.એની ચોપડી ભણતા હોય તો કેટલા વર્ષ લાગે? હવે એ તો અજ્ઞાન છે, અનંત વાર કર્યું. સમજાણું કાંઈ? ધૂળમાંય નથી એમાં. આ રામજીભાઈએ છોકરાને ભણાવ્યા હતા બહુ. ૩૫ હજાર ખર્ચ્યા લ્યો. સુમનભાઈને.

**શ્રોતા :–** તો કમાય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળેય કમાતા નથી. એમ કે ભણ્યા હતા (તો કમાય છેને). આઠ હજારનો પગાર છે માસિક એના દીકરાને. સુમનભાઈ. ૪૯ વર્ષ થયા. આઠ હજારનો પગાર છે. બચતા કેટલા હશે એ જુદી વાત છે, પણ પગાર આઠ હજારનો આંકડો કહે છે. સરકાર કેટલા લઈ જતા હશે. આહા..હા..! અહીં તો એટલું કહેવું છે કે સંસારના ભણવામાં પણ કેટલો સમય ગાળે છે, તો આ સમજવા માટે કેટલોક સમય કાઢવો પડેને, ભગવાન! આહાહા..!

એ માટીની બહારમાં '**બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાના સંભવને અનુકૂળ એવા** (ઈચ્છારૂપ...' કુંભાર કુંભાર. '**વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાના સંભવને અનુકૂળ એવા**

**(ઈચ્છારૂપ અને હસ્તાદિની ક્રિયારૂપ પોતાના)...'** હાથ આદિની ક્રિયારૂપમાં વેપારરૂપ કર્તા કુંભાર **'ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો કુંભાર ઘડાને કરે છે અને ભોગવે છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે;...'** શું કહ્યું? કે, માટી ઘડાની પર્યાયમાં વ્યાપ્યક થઈને વ્યાપ્ય—કાર્ય કરે છે અને ઘડાની પર્યાયને માટી વ્યય થઈને ભોગવે છે, પણ એનાથી બાહ્ય ચીજ જે કુંભાર એ પોતામાં વ્યાપ્યવ્યાપક થઈને રાગનું વ્યાપ્ય નામ કાર્ય કરે છે અને વ્યાપક કુંભાર છે. સમજાણું કાંઈ? પણ એમાં ઈચ્છા અને યોગનું કંપન્ન એ કાર્ય એનો કર્તા રાગ અજ્ઞાની કુંભાર થાય છે. પણ એટલું જોઈને અજ્ઞાનીને એમ લાગે કે કુંભાર ઘડાનો કર્તા છે અથવા ઘડાને ભોગવનાર કુંભાર છે, એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! ઘડાથી પાણી પીવે છે. એ તો પાણીની પર્યાયમાં વ્યાપ્યવ્યાપક તો પુદ્‌ગલ છે. સમજાણું કાંઈ? આત્મા વ્યાપક થઈને એને વ્યાપ્ય કરીને ભોગવે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા જરી છે તો સાદી પણ ભાવ તો છે. આવી વાત છે. આહા..હા..!

**'તેવી રીતે,...'** હવે એ વાત ત્યાં રહી. છેને? **'તેવી રીતે,...'** એ તો દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત. **'અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને કરે છે...'** કોણ? પુદ્‌ગલ. પુદ્‌ગલ જે જડ છે એ પોતાની પર્યાયને વ્યાપક થઈને કર્મની પર્યાયને વ્યાપ્ય નામ કાર્ય કરે છે. એ પુદ્‌ગલ વ્યાપક થઈને પુદ્‌ગલની કર્મની પર્યાયનું વ્યાપ્ય કરે છે. વ્યાપ્ય નામ કાર્ય. આહા..હા..! સમજાણું કાંઈ? **'અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને કરે છે અને ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે...'** પુદ્‌ગલમાં ભાવ્ય નામ ભોગવવાની શક્તિ છે અને ભાવક પોતે છે. પોતે એટલે સ્વયં. એ કર્મમાં ભાવ્યભાવક શક્તિ છે તો એનો એ ભોક્તા છે. કર્મ કર્મને ભોગવે છે, કર્મ કર્મને કરે છે એમ છે.

અહીંયા કહે છે કે નહિ? અનુભાગ આવ્યો. ચાર બોલ છેને કર્મમાં—પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ. તો અનુભાગ કર્મનો આવ્યો. વિપાકો અનુભવ આવ્યું નહિ? તત્ત્વાર્થસૂત્રમાં શું કહે છે? કર્મના વિપાકનો અનુભવ કરે છે. એમ છે નહિ, એ તો વ્યવહારનો શબ્દ છે. આહા..હા..! કર્મનો વિપાક તો કર્મમાં આવ્યો. એનો અનુભાગ આત્માને ભોગવવો પડે એમ છે નહિ. સમજાણું કાંઈ? પાઠ તો એમ છે. એ દૃષ્ટાંત આપે છે લોકો કે વિપાકો અનુભવ. કર્મનો વિપાક એનો અનુભવ કરે છે. અરે..! એનો નહિ. અનુભવ તો એમાં પોતાના રાગ-દ્વેષનો કરે છે, પુદ્‌ગલનો નહિ. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

**'ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને ભોગવે છે...'** દેખો, કર્મ જ પોતાને વ્યાપ્યવ્યાપકથી કરે છે અને ભાવ્યભાવકથી પુદ્‌ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે **'તોપણ,...'** એમાં થાય છે કર્તાકર્મ અને ભોગ્યભોક્તા તોપણ. હવે બાહ્ય એટલે આત્મા. એનાથી બાહ્ય અહીંયા આત્મા. **'વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે,...'** પોતામાં વ્યાપ્યવ્યાપકભાવથી.

એ ઘડાની અવસ્થામાં બાહ્ય વ્યાપક છે એમ નથી. ઘડાની અવસ્થાના કાળે વ્યાપ્યવ્યાપક આ માટીમાં થાય છે. છેને? **'વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે,...'** આત્માની વાત છેને હવે. **'પુદ્ગલકર્મના સંભવને અનુકૂળ...'** શું કહે છે? પુદ્ગલ પોતાના વ્યાપ્યવ્યાપકભાવથી કર્તા થઈને વ્યાપે છે અને પુદ્ગલ જ પોતાનું ભાવ્યભાવક થઈને ભોક્તા પુદ્ગલ છે, પણ એ કર્મના કર્તા અને ભોક્તાના કાળમાં જીવ એને અનુકૂળ જે રાગ-દ્વેષ કરે છે.. અનુકૂળ. નિમિત્તને અનુકૂળ કહે છે, સામી ચીજને અનુરૂપ કહે છે. શું કહ્યું સમજાણું? નિમિત્તને અનુકૂળ કહે છે અને પુદ્ગલ જે બંધાણું એ નૈમિત્તિક એને અનુરૂપ (કહે છે). અનુકૂળથી અનુરૂપ અને અનુરૂપથી અનુકૂળ. એ આવ્યું છે ૧૦૦મી ગાથામાં. અનુકૂળ-અનુરૂપ. સમયસાર. એ બધી વાત થઈ ગઈ છે ઘણી. અનુકૂળ-અનુરૂપ લીધું છે. ૧૦૦મી ગાથામાં આવ્યું. નૈમિત્તિક અનુરૂપ.

ઈ કહે છે કે કર્મ પોતાથી બંધાય છે એમાં અનુકૂળ અજ્ઞાનીના રાગ-દ્વેષ છે. અનુકૂળ એટલે નિમિત્ત. અને અનુકૂળની સાથે જે ચીજ બની છે એ અનુરૂપ છે. અનુકૂળને અનુરૂપ છે, અનુરૂપને અનુકૂળ છે. આવી ભાષા. અમરચંદભાઈ! નિમિત્તને અનુકૂળ કહે છે અને સામી ચીજને અનુરૂપ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સિદ્ધાંતિક ભાષા. થોડા શબ્દમાં મહાન ગંભીર ભાવ છે. આ કાંઈ કથા નથી, વાર્તા નથી. આ તો ભગવાનની વાર્તા છે. આહા..હા..! કહે છે કે કર્મ પોતામાં પોતાને કારણે વ્યાપ્ય-વ્યાપક નામ કર્તાકર્મપણે પરિણમે છે અને કર્મ પોતામાં ભાવ્યભાવક થઈને પોતાના કર્મનો ભોક્તા છે. એનો કર્તા-ભોક્તામાં જીવના વિકારી પરિણામ અનુકૂળ નિમિત્ત છે. આહા..હા..!

**'પુદ્ગલકર્મના સંભવને અનુકૂળ...'** થવામાં એટલે પુદ્ગલકર્મની પર્યાય તો તે કાળે પોતાથી થઈ છે, પણ એને અનુકૂળ નિમિત્ત છે બસ. અનુકૂળ છે તો પુદ્ગલની પર્યાય આમ થઈ છે એમ નથી. પાટણીજી! આવી વાત છે, ભાઈ! થોડો ન્યાય ફરે તો આખી વસ્તુ ફરી જાય. નિમિત્તને અનુકૂળ કહેવામાં આવે છે. અનુકૂળ નામ જેમ નદીના બે કાંઠે કોઈ ઊભું હોય કિનારે, એમ કાર્ય જે પુદ્ગલમાં થાય છે તો કાંઠે સમીપમાં અનુકૂળ ચીજ છે. એને અનુકૂળ. કૂળને કાંઠે રહેલી ભિન્ન ચીજ. આહા..હા..! ધીમે-ધીમે તો કહેવાય છે, ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એની દિવ્યધ્વનિ છે, ભાઈ! આ કાંઈ સાધારણ વાર્તા નથી. એક ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો મગનો દાણો. ઘરે ખીચડી કરી. આવે છેને નાના બાળકને. એ ખીચડી આપી કુંભારને અને કુંભારે આપ્યો ઘડો. ઘડો આપ્યો વેપારીને, વેપારીએ આપ્યો ખજૂર. એવું બધું આવતું. એ કાંઈ વસ્તુ નથી, બાપુ! આહા..હા..!

અહીંયાં તો કહે છે કે માટી જે કર્મની છે... પહેલાં તો માટીનો દૃષ્ટાંત આપ્યો. હવે અહીંયાં કર્મ જે પોતાથી વ્યાપ્યવ્યાપક થઈને જ્ઞાનાવરણીયરૂપી પર્યાય અંદર થઈ તો એમાં પરમાણુ વ્યાપક થઈને જ્ઞાનાવરણીયની પર્યાય વ્યાપ્ય છે અને એ જ જ્યારે ભોક્તા એ

પર્યાય અનુભાગ થઈને છૂટી જાય છે તો એનો ભોક્તા પુદ્‌ગલ છે. ભાવ્ય નામ પુદ્‌ગલની અવસ્થા, ભોગવવાલાયકનું ભાવ્ય અને ભાવક પુદ્‌ગલ. એ ભાવકભાવ્ય એમાં છે, પણ એને અનુકૂળ આ બાજુમાં અજ્ઞાનીનો રાગભાવ છે એ અનુકૂળ જોઈને... આહા..હા..!

'**(પોતાના રાગાદિક) પરિણામને કરતો અને...**' અજ્ઞાની એની વાત છે હોં અહીંયાં. રાગ-દ્વેષના પરિણામ અજ્ઞાની પોતામાં કરતો થકો, '**પુદ્‌ગલ કર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા તેનાથી ઊપજેલી...**' પુદ્‌ગલ કર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા. વિષયો આવ્યા નિકટ. '**તેનાથી ઊપજેલી (પોતાની) સુખદુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો...**' એ અજ્ઞાની સ્ત્રીને ભોગવતો નથી, દાળ-ભાત ખાતો નથી, મોસંબી પીતો નથી.

**શ્રોતા :-** બધો માલ ક્યાં ચાલ્યો જાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં લઈ જાવો છે? કોણ લાવે? એના કારણે આવવાવાળી વસ્તુ આવે છે અને એને કારણે એમાં કર્મની ભોગ્ય અવસ્થા ઉત્પન્ન થાય છે. પણ એને અનુકૂળ રાગ-દ્વેષ કરનાર કર્મબંધનમાં ઉપાદાન તો એનાથી થયું. પણ આ રાગ-દ્વેષ એને અનુકૂળ દેખીને.. છે?

'**વિષયોની જે નિકટતા...**' ભાષા દેખો, કર્મના વિપાકમાં વિષયોની નિકટતા મળી. જુઓ, અહીં તો એ આવે છે. ઓલા કહે, કર્મથી પ્રતિકૂળ મળવું એમ છે નહિ. અહીં તો કહે છે, અનુકૂળ અને પ્રતિકૂળ મળવું એ કર્મથી છે. સમજાણું કાંઈ? શું કહ્યું? અજ્ઞાની રાગ-દ્વેષ કરનારો, પુદ્‌ગલમાં પોતાને કારણે બંધન થયું એને અનુકૂળ એના રાગ-દ્વેષ છે. હવે ભોગવવામાં. કર્મની પર્યાય એને ભોગવીને છૂટી જાય છે. હવે અહીંયાં પોતામાં વિષયોની નિકટતા જે થઈ—શરીર, સ્ત્રી, કુટુંબ, પૈસા, આબરૂ, કીર્તિ વગેરે નજીક આવ્યા. એના સમીપ લક્ષ કરીને '**(પોતાની) સુખદુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો...**' અજ્ઞાની પોતાના રાગ-દ્વેષ અને સુખદુઃખનો ભાવ્યભાવક થઈને ભોગવે છે, પરને નહિ. આહા..હા..! સ્ત્રીના શરીરનો ભોગ આત્માનો નહિ, એમ કહે છે. એ વખતે અજ્ઞાનીને હરખ થયો એ હરખનો ભોક્તા આત્મા છે. અને વીંછીનો ડંખ લાગ્યો એ વખતે વીંછીના ડંખનો ભોક્તા આત્મા નથી. એને અનુકૂળ એવી જે કલ્પના થઈ દ્વેષ, એ દ્વેષનો ભોક્તા છે. સમજાણું કાંઈ? માર્ગ બાપુ! થોડામાં ફેર ઘણો છે. સમજાણું કાંઈ? જુઓ, અનુકૂળ કહે છે છતાં એ કર્તા નથી. પંડિતજી! અનુકૂળ તો કહે નિમિત્ત. અને તે ઈષ્ટોપદેશમાં ૩૩ ગાથામાં તો આવ્યું, બધી પર્યાયમાં જે અનુકૂળ નિમિત્ત છે એ ઉદાસીન ધર્માસ્તિકાયવત્ છે. નિમિત્ત ધર્માસ્તિકાયવત્ છે. આહા..હા..! પ્રેરક હો તોપણ નિમિત્ત તો એના માટે ઉદાસીન છે. એની પર્યાય એવી થવાની હતી તે થઈ છે, આંગળીથી થઈ છે એમ છે નહિ. આવી વાતું. ભગવાન! માર્ગ તો બહુ સૂક્ષ્મ છે, બાપુ! અને એ .. જાય. આહા..હા..! દૃષ્ટિમાં

આત્મા ઉપાદેય થાય ત્યારે તો એનું કલ્યાણ થઈ ગયું. સમજાણું કાંઈ? જન્મ-મરણની ગાંઠ ગાળી નાખી. આહા..હા..!

અહીંયાં તો કહે છે કર્મબંધનમાં અજ્ઞાનીનો રાગ-દ્વેષ અનુકૂળ હોવા છતાં પણ કર્મબંધન આત્મા કરતો નથી અને કર્મનું ભોગવવું કર્મમાં થાય છે એવી સામે હરખ-શોક, સુખદુઃખની કલ્પના થાય છે. એ સુખ-દુઃખની કલ્પનાનો ભોક્તા આત્મા છે, પણ અજ્ઞાની નિમિત્ત દેખીને એને હું ભોગવું છું, હું શરીરને ભોગવું છું, હું દાળ-ભાતને ભોગવું છું, હું મોસંબી પીઉં છું... સમજાણું કાંઈ? આહા..હા..! રસ્સગુલ્લા. રસ્સગુલ્લા નથી હોતા દૂધના? રસ્સગુલ્લા ખાઉં છું. અરે પ્રભુ! એ તો જડ છે. તું શું ખાય? એનો ભોક્તા ક્યાં છે? એ તો પરમાણુની પર્યાય પરમાણુને ભોગવે છે. આહા..હા..! પણ એના લક્ષમાં હરખ થયો એ હરખનો ભોક્તા છે અને પ્રતિકૂળમાં આમ થપ્પડ મારી અને લોહી જામ નીકળ્યું તો એનો ભોક્તા આત્મા નથી. એ વખતે એની પ્રતિકૂળતા દેખી દ્વેષ થયો એ દ્વેષનો ભોક્તા છે. સમજાણું કાંઈ? સુકૌશલજી! આવી વાત છે, ભગવાન! આવી વાતું તારી, નાથ! ઝીણી બહુ, ભાઈ! આહા..હા..! પરમસત્ય એવું છે, ભાઈ! દુનિયા માને, ન માને, નિશ્ચયથી નિંદા કરે, કરો. નિયમસારમાં કહે છે. આવો માર્ગ લોકોને જેને બેસે, લૌકિક નિંદા કરે તો નિંદાથી અભક્તિ ન કરવી તારે. આવી સત્ય વાત છે અને એની કેમ નિંદા કરે છે? એ તો કરે લોકો. નિયમસારમાં છે, ... અભક્તિ ન કરવી. અરે..! આવું સત્ય છેને આ લોકો કેમ નિંદા કરે છે? એ તો કરે. સમજાણું કાંઈ? આહા..હા..! શાસ્ત્રમાં તો એક-એક ખુલાસો એટલો લીધો છે. એકે એક વાતનો ખુલાસો છે.

અહીંયાં કહે છે કે '**સુખદુઃખરૂપ પરિણતિને...**' આહા..હા..! .. એક છોકરો હતો. મહારાજ કહે છે કે આત્મા પરને મારી શકતો નથી. થપ્પડ મારીને કહે, હું તો મારતો નથી. અરે ભગવાન! ભાવ કર્યો તેં અને (કહે છે) ભાવ મારો નહિ. સમજાણું કાંઈ? અહીં કહ્યું હતુંને? તમારે લલિતપુરમાં એવું થયું કે જો ભાઈ મારપીટ થઈ એ અશોભનીક તો થયું છે. ઉશ્કેરણી જુવાન માણસમાં આવી જાય એવું જોઈને. અને મારપીટ થઈ તો કાનજીસ્વામી કહે છે કે ક્રમબદ્ધ છે એમ માનીને અમારી ટીકા ન કરવી. અરે પ્રભુ! ભગવાન.. ભગવાન...! એય..! વાત તો સાચી પણ ભાવ? આહા..હા..!

અહીંયાં કહે છે કે '**સુખદુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો...**' થકો. સુખદુઃખરૂપી ભાવ્ય નામ ભોગવવાલાયક, આત્મા ભાવક, બસ. પણ જડનો ભોક્તા આત્મા (કદાપિ નથી). પોતાની પરિણતિને ભોગવે છે, કર્મને ભોગવવામાં એ નિમિત્ત છે અથવા કર્મના ભોગવવામાં આ નિમિત્ત છે. એટલું દેખીને 'હું કર્મને ભોગવું છું અને કર્મને બાંધું છું' એ અજ્ઞાનીનો વ્યવહાર અજ્ઞાનરૂપ જૂઠો છે. છે? '**ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો જીવ પુદ્ગલકર્મને કરે છે અને ભોગવે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ**

**સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.'** આહા..હા..! દેખો, અજ્ઞાનીનો આ પ્રસિદ્ધ વ્યવહાર છે.

**શ્રોતા :-** કર્તા-ભોક્તા માને એ અજ્ઞાન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાન છે. પરના કર્તાભોક્તા માનવું અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આહા..હા..!

**શ્રોતા :-** કર્મના ઉદયનો કર્તા-ભોક્તા માનવો અજ્ઞાન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પરદ્રવ્યનો કર્તા-ભોક્તા કે દી છે આત્મા?

**શ્રોતા :-** નિમિત્તથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ નિમિત્ત તો પોતાની ચીજ છે.

**શ્રોતા :-** કર્મનો ઉદય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્મનો ઉદય હોય તો એને ઘરે રહ્યો. ઉદયે ક્યાં વિકાર કરાવ્યો છે? સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** સીત્તેર ક્રોડાક્રોડી સાગર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ રહે છે? એક સમયની સ્થિતિ છે એની. કર્મ તો એક સમયની સ્થિતિવાળા છે. સીત્તેર ક્રોડાક્રોડી રહે એની એટલી તાકાત છે. પર્યાય એક સમયે રહે એટલી તાકાત છે. સ્થિતિ તો એક સમયની જ છે કર્મની પર્યાય. આહા..હા..!

**શ્રોતા :-** પહેલવાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય પહેલવાન નથી. તું વિકાર કરે છે તો એને નિમિત્ત કહેવામાં આવે છે. સમજ્યા? નિમિત્ત છે એની કોણે ના પાડી? પણ નિમિત્તથી થાય છે પરમાં એ ખોટી વાત છે. આહા..હા..! આચાર્ય કહે છે, ઘડો માટીથી થયો છે એમ અમે તો જોઈએ છીએ. ૩૭૨ ગાથા. ઘડો માટીએ કર્યો એમ અમે જોઈએ છીએ, કુંભારે કર્યો એમ તો અમે જોતા નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.'** આહા..હા..! ખૂબી તો એ કે અજ્ઞાની રાગ-દ્વેષ પોતાના માને ત્યાં ભગવાનના સ્વરૂપની હેયબુદ્ધિ થઈ જાય છે. સમજાણું કાંઈ? રાગ હેય છે એ તો બીજી વાત. ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિમાં વ્યવહાર રત્નત્રયનો રાગ પણ હેય છે, એ તો ઝેર છે માટે હેય છે; પણ એ રાગને ઉપાદેય માનનારો, ભગવાન અમૃતસ્વરૂપ છે તેને એ હેય માને છે. આહા..હા..! એને ખબર નથી. હેયનો અર્થ અનાદર કરે છે. કોઈ મોટા પુરુષ આવ્યા હોય તો એની સાથે વાત કરવી પડે. એને છોડીને બાળક આવ્યું વર્ષ દિવસનું એની સાથે વાતું કરવા માંડે તો મોટા પુરુષનો અનાદર થયો. કોઈ કરોડપતિ આવ્યા, બેઠા અને સામું ન જોવે અને બાળક આવ્યું બે-ચાર વર્ષનું એની સાથે વાતચીત કરે અને દાંત કાઢે તો ઓલાનો અનાદર થયો. એમ ભગવાન ત્રણલોકનો નાથ પ્રભુ, મોટી ચીજ પડી છે એની સામું નહિ જોઈને, રાગની સામું જોઈને ત્યાં મજા

માની રમે છે, એ ભગવાન આત્માનો અનાદર કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાવાર્થ લેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૭, સોમવાર, તા. ૨-૦૮-૧૯૭૬,**
**ગાથા-૮૪-૮૫,**
**પ્રવચન નં. ૧૪૪**

૮૪નો ભાવાર્થ છેને?

'**ભાવાર્થ :- પુદ્ગલકર્મને પરમાર્થે પુદ્ગલદ્રવ્ય** જ કરે છે;...' શું કહે છે એ? પુદ્ગલદ્રવ્ય જે છે એ ખરેખર પોતાની પર્યાયને જ કરે છે. 'જ' શબ્દ વાપર્યો છે. એકાંત નથી થઈ જતું? અનેકાંત કરવું જોઈએ? શબ્દ એમ છે. '**પુદ્ગલકર્મને પરમાર્થે પુદ્ગલદ્રવ્ય** જ કરે છે;...' એના પરિણામની વાત છે. દ્રવ્યને દ્રવ્ય કરે એ અહીંયા વાત નથી. શબ્દ તો એમ છે કે '**પુદ્ગલકર્મને પરમાર્થે પુદ્ગલદ્રવ્ય...**' પુદ્ગલકર્મ શું છે? એ પર્યાય છે. પુદ્ગલકર્મ એ પુદ્ગલની પર્યાય છે, એને પુદ્ગલદ્રવ્ય જ કરે છે. આહા..હા..!

'**જીવ તો પુદ્ગલકર્મની ઉત્પત્તિને અનુકૂળ એવા પોતાના રાગાદિક પરિણામોને કરે છે.**' બસ. જીવ તો પોતાના પરિણામ રાગ-દ્વેષ આદિને કરે છે. જે બંધન થાય છે એમાં એ નિમિત્ત છે, એ અનુકૂળ છે, પણ એનાથી થાય છે પરની પર્યાય—પુદ્ગલની એમ નથી. લ્યો, અહીં તો નિમિત્તથી નથી થાતું એમ કહે છે. આગળ આવશે હમણાં. અને '**પુદ્ગલકર્મના નિમિત્તથી થતા...**' દેખો, નિમિત્તથી થતું એમ આવ્યું. '**પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે.**' પુદ્ગલકર્મ નિમિત્તથી નામ નિમિત્ત છે અને પોતાના પરિણામ વિકાર જીવ કરે છે એને એ ભોગવે છે. કર્મને ભોગવે છે એમ છે નહિ. આહા..હા..! એ વાત તો આવી ગઈ છે ભાવાર્થમાં. '**પરંતુ જીવ અને પુદ્ગલનો આવો નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને અજ્ઞાનીને એવો ભ્રમ છે કે પુદ્ગલકર્મને જીવ કરે છે...**' હું રાગ-દ્વેષ કરું છું તો પુદ્ગલબંધ થાય છેને? એમ માનનારા 'મારા પરિણામ મેં કર્યા તો એનાથી બંધ થયો' એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? મેં રાગ-દ્વેષ કર્યા તો કર્મબંધ થયો કે નહિ? એમ છે નહિ. એ સમયે કર્મની એ કાળની પર્યાયમાં એ પુદ્ગલના પરિણામ કર્મરૂપ થવાના હતા. એ એનો કાળ છે, ક્ષણ છે. આહા..હા..! ઉત્પત્તિની એ ક્ષણ છે. રાગ કર્યો તો એને ચારિત્રમોહનો

બંધ પડ્યો એમ નથી. એ ચારિત્રમોહનો બંધ છે એ પોતાની પર્યાય તે ક્ષણે થવાની જન્મક્ષણ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પુદ્‌ગલકર્મને જીવ કરે છે અને ભોગવે છે. આવો અનાદિ અજ્ઞાનને લીધે અનાદિ કાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**' '**પરમાર્થે જીવ-પુદ્‌ગલની પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં, જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય...**' આ લ્યો અહીં આવ્યું છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી રાગથી અને કર્મથી ભેદજ્ઞાન ન થાય '**ત્યાં સુધી બહારથી તેમની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે.**' 'મેં રાગ કર્યો તો કર્મબંધન થયું' એમ નિમિત્તને જોનારા મારાથી પરમાં થયું એમ માને છે. '**અજ્ઞાનીને જીવ-પુદ્‌ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી...**' આહા..હા..! કર્મનો કર્તા તો નથી પણ એ સમયે જે રાગ છે એનો પણ કર્તા આત્મા નથી. સમજાણું કાંઈ? '**અજ્ઞાનીને જીવ-પુદ્‌ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દૃષ્ટિએ જેવું દેખાય તેવું માની લે છે; તેથી તે એમ માને છે કે જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે. શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી, પરમાર્થ જીવનું સ્વરૂપ બતાવીને,...**' એનો સરવાળો શું? કર્મની પર્યાય આત્મા કરતો નથી અને કર્મની પર્યાય વિકારને કરતી નથી—એમ સમજાવવાનું પ્રયોજન શું? કે પરથી ભેદજ્ઞાન કરાવવું છે. એ આવ્યું. ભેદજ્ઞાન કરવાનો ઉપદેશ દીધો. કરાવે કોણ? ઉપદેશ દે છે એવું પણ વ્યવહારવચન છે. વાણીને કારણે વાણી નીકળે છે. એ તો અહીં કહે છે કે વાણીને કારણે વાણી નીકળી એની જન્મક્ષણ—વાણી થવાની ઉત્પત્તિનો કાળ હતો, નહિ કે વિકલ્પ થયો કે હું બોલું માટે ભાષાની પર્યાય થઈ છે. આહા..હા..! આવી વાત છે.

'**શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી,...**' અમે જાણીએ છીએ કે ભાઈ! રાગ પણ તારું કર્તવ્ય નથી અને રાગનું કર્તવ્ય માને છે ત્યાં સુધી અજ્ઞાન છે તો એ કર્મ બંધાય છે એ પણ તારા રાગને કારણે નહિ. આહા..હા..! તે સમયે પુદ્‌ગલમાં કર્મ થવાની પર્યાયના કાળમાં એને કારણે થાય છે. તેં રાગ કર્યો માટે ત્યાં એમ થયું, તેં મિથ્યાત્વ કર્યું તો મિથ્યાદર્શનથી દર્શનમોહનો બંધ થયો એમ છે નહિ. આહા..હા..! '**અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે.**' લ્યો, અજ્ઞાનીનો વ્યવહાર હોં!

'**હવે આ વ્યવહારને દૂષણ દે છે :-**' લ્યો!

**શ્રોતા :-** અજ્ઞાનીને વ્યવહાર ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાનીએ માન્યું છે એમ કહે છે. વ્યવહાર છે ક્યાં? અજ્ઞાની એમ માને છે એવો અજ્ઞાનીનો વ્યવહાર (છે). વ્યવહારનો અર્થ 'હું પરનું કરું છું' એવો વ્યવહાર અજ્ઞાની માને છે. એક બાજુ કહે કે વ્યવહાર છે તો.. અહીંયા એમ પ્રશ્ન કરે છે કે અજ્ઞાનીને તો વ્યવહાર હોતો નથી. આ વ્યવહાર. સમજાણું કાંઈ?

જ્ઞાનીને જ પોતાના સ્વરૂપનું ભાન છે. એને રાગ થાય છે એને વ્યવહાર કહેવામાં આવે

છે. જ્ઞાનીને. અજ્ઞાનીને રાગનો વ્યવહાર છે એમ કહેવામાં આવતું નથી. અહીંયાં તો એ પ્રશ્ન છે અનાદિરૂઢ અજ્ઞાની એમ માને છે. એ આવી ગયુંને? '**અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**' છે છેલ્લી લીટી? '**અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**' એ અજ્ઞાનીની માન્યતા છે કે મેં રાગ કર્યો તો કર્મબંધન થયું, હું રાગ ન કરું તો કર્મબંધન કેમ થાય? એ પ્રશ્ન એકવાર બહુ ચાલ્યો હતો. છઠ્ઠી સાલ રાજકોટ. રાજકોટ છઠ્ઠી સાલ. છની સાલ. કેટલા વર્ષ થયા? ૨૬ વર્ષ થયા. ... કહેતા કે જો રાગ ન કરે તો કર્મબંધ કેમ થાય? માટે રાગ થયો તો કર્મબંધ થયો.—એમ છે નહિ. રાગ થયો એ પોતાની પર્યાયમાં છે અને બંધન થયું એ જડની પર્યાયમાં છે. એને સમજાય નહિ તો શું કરે બિચારો?

**શ્રોતા :-** ભગવાનના દર્શન કરવા આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દર્શન ક્યાં હતા એને! રમતું હતી. આહા..હા..!

હવે ૮૫. બહુ સારી ગાથા છે ૮૫. '**હવે આ વ્યવહારને દૂષણ દે છે :-**'

जदि पोग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा।
दोकिरियावदिरित्तो पसज्जदे सो जिणावमदं।।८५।।

**પુદ્ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,**
**જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.**

'ટીકા :- **પ્રથમ તો, જગતમાં જે ક્રિયા છે...**' એ ક્રિયા કેમ લીધી? લેવા છે પરિણામ. ક્રિયા કેમ લીધી? કે પલટતી અવસ્થા છે તો એને એમ લાગે છે કે કોઈ નિમિત્ત છે તો પલટે છે. પંડિતજી! સમજાણું કાંઈ? પલટવાને ક્રિયા કહે છેને? 'કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ, ક્રિયા પર્યાયની ફેરની, વસ્તુ એક ત્રય નામ.' કેમ ક્રિયા કહી? સિદ્ધ કરવા છે પરિણામ, પણ ક્રિયા પલટતી અવસ્થા છે તો પહેલી ચીજ હતી એમાંથી બીજી થઈ, તો કોઈ નિમિત્તની અસર છે તો એનાથી થઈ છે? એ સિદ્ધ કરવા માટે પહેલાં ક્રિયા લીધી છે. સમજાણું કાંઈ?

પહેલાં અવસ્થા નહોતી, પછી અવસ્થા થઈ તો એને ક્રિયા કહે છે. પર્યાયની ફેરની. પર્યાય ફરે એને ક્રિયા કહે છે. તો ક્રિયા કેમ પહેલાં લીધી? કે પછી પર્યાય થઈ. પહેલાં નહોતી અને પલટીને થઈ તો લોકો કહે છે નિમિત્ત એવું આવ્યું એટલે ક્રિયા પલટીને એમ થઈ. સમજાણું કાંઈ? એ કારણે પહેલાં એમ લીધું. અહીંયા ક્રિયા સિદ્ધ કરવી છે.

'**પ્રથમ તો, જગતમાં જે ક્રિયા છે તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી...**' જે ક્રિયા છે હોં! જડ અને ચૈતન્યની પલટતી અવસ્થારૂપ જે ક્રિયા છે, જડ અને આત્માની પલટતી અવસ્થારૂપ જે ક્રિયા છે એ ક્રિયા '**તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી...**' પલટતી અવસ્થા એ પરિણામસ્વરૂપ છે. સમજાણું કાંઈ? તે તે દ્રવ્યની પલટતી અવસ્થા એ

પરિણામસ્વરૂપ છે. સમજાણું કાંઈ? કહ્યુંને એ, 'કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ,' પરિણામ એ કર્મ છે. 'ક્રિયા પર્યાયની ફેરની.' પર્યાય ફરે અને એ થઈ એને પરિણામ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો તત્ત્વજ્ઞાનો વિષય છે. સમજાણું કાંઈ? પ્રયોજનભૂત તત્ત્વ છે. બીજી વાત જાણે કે ન જાણે પણ મુખ્ય તો આ જાણવું જોઈએ.

પલટતી ક્રિયા જગતમાં જે છે. એવો શબ્દ લીધોને? **'પ્રથમ તો, જગતમાં...'** આ દુનિયામાં—વિશ્વમાં **'જે ક્રિયા છે...'** પલટતી અવસ્થા **'તે બધીયે...'** બધીયે **'પરિણામસ્વરૂપ હોવાથી...'** એ પલટતી ક્રિયા તે દ્રવ્યનું પરિણામ છે. આહા..હા..! લ્યો! પલટતી ક્રિયા તે દ્રવ્યનું કર્મ છે. પરિણામ કહો, કર્મ કહો, કાર્ય કહો, વ્યાપ્ય કહો. આહા..હા..! અને પરિણામસ્વરૂપ **'ખરેખર પરિણામથી ભિન્ન નથી...'** ભાષા દેખો, પલટતી ક્રિયા.. જેમ આમ શરીર છે જુઓ. હવે ઈ આમ થયું તો પલટતી ક્રિયા થઈને, તો આત્માએ ત્યાં વિકલ્પ કર્યો એટલી એવી ક્રિયા થઈ? આત્મામાં જ્ઞાન એમ થયું કે હું શરીરને ચલાવું—એવો વિકલ્પ આવ્યો એટલે એ ક્રિયા થઈ?—ના. એ તો પોતાની ક્રિયા—પલટવારૂપ ક્રિયા એના પરિણામસ્વરૂપ છે. આંગળીની પર્યાયસ્વરૂપ એ ક્રિયા છે અને પરિણામસ્વરૂપ એના પરિણામથી ભિન્ન નથી. એટલું સિદ્ધ કર્યું. આહા..હા..!

**શ્રોતા :-** પરિણામ દ્રવ્યથી ભિન્ન નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ. અહીં તો હજી બીજું (કહેવું છે).

**'ખરેખર પરિણામથી ભિન્ન નથી...'** એમ લીધું છે. પછી બીજી વાત લેશે. પરિણામ પરિણામથી ભિન્ન નથી એમ કહેવું છે. દ્રવ્યથી ભિન્ન નથી એ પછી કહેશે. ત્યાં તર્ક ઉઠશે. સમજાણું કાંઈ? છે? **'બધીયે પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી...'** પરિણામીથી ભિન્ન નથી એમ અહીંયા નથી કહેવું. બસ એટલું. જે કાંઈ પરમાણુ અને આત્મામાં પલટતી અવસ્થા થાય છે એ ક્રિયા પરિણામસ્વરૂપ છે અને પરિણામસ્વરૂપ પરિણામ જ છે. સમજાણું કાંઈ? **'પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી** (-પરિણામ જ છે);...' હવે અહીં જરી પ્રશ્ન ઉઠ્યો. ત્રીજો બોલ હવે આવે છે. **'પરિણામ પણ પરિણામીથી (દ્રવ્યથી) ભિન્ન નથી...'** અહીં તો પરથી ભિન્ન કરવાની વાત છે. બાકી તો પરિણામ છે—પર્યાય છે અને દ્રવ્ય છે એ બે ભિન્ન છે. અહીંયાં ઈ વાત નથી કરવી.

**શ્રોતા :-** કથંચિત્ ભિન્ન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, કથંચિત્ નહિ. અહીં તો પરથી ભિન્ન બતાવવું છે. એ પરિણામ પરિણામીનું છે. પરિણામ પરિણામીનું છે તો પરિણામ પરિણામીથી ભિન્ન નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! આ તો અધ્યાત્મનું લોજિક છે. ઝીણી વાત છે. વિકલ્પ આવ્યો, હું કપડાને ફાડું. તો કહે છે કે ફાડવાની જે પર્યાય છે એ પરમાણુની ક્રિયાની શક્તિ છે. પલટવાની ક્રિયા એ પરિણામસ્વરૂપ છે અને એ પરિણામ પરિણામથી ભિન્ન નથી, બસ.

એ પરિણામ પરિણામથી ભિન્ન નથી.

**શ્રોતા** :- બીજા પરિણામથી ભિન્ન નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, એમ નહિ.

**શ્રોતા** :- બીજા પરિણામથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના. કહે છે કે ક્રિયા છે તે બધીયે પરિણાસ્વરૂપ છે. હવે એ પરિણામસ્વરૂપ છે એ પરિણામથી ભિન્ન નથી એમ લેવું છે. શું કહ્યું સમજાણું? આ તો તાત્ત્વિક વાત છેને.

'**જગતમાં જે ક્રિયા છે**...' પલટતી અવસ્થા છે જડ-ચૈતન્યની એ પરિણામસ્વરૂપ હોવાથી '**બધીયે પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી**...' એ ક્રિયા પરિણામથી ભિન્ન નથી અને પરિણામ પણ પરિણામથી ભિન્ન નથી. વાત તો એવી છે. જુઓ, '**ક્રિયા છે તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી**...' એ પરિણામ જે ક્રિયાનું છે એ પરિણામ પરિણામથી ભિન્ન નથી અથવા ક્રિયાથી પરિણામ ભિન્ન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે પછી કહેશે કે એ ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી ક્રિયા પરિણામથી ભિન્ન નથી. હવે એ પરિણામ પરિણામીથી ભિન્ન નથી. સમજાણું કાંઈ? હવે ત્યાં ૩૨૦ ગાથા અથવા પરમાત્મપ્રકાશ ૬૮ ગાથામાં (એમ કહે) કે આત્મા મોક્ષના પરિણામનો કર્તા નથી. એ ત્રિકાળી સ્વરૂપની દૃષ્ટિ કરાવવા પરિણામને ત્રિકાળી સ્વરૂપ તરફ લઈ જવા માટે પરિણામ અને પરિણામી ભિન્ન છે. આહા..હા..! અહીંયાં તો ફક્ત પ્રત્યેક... સમજાય છે કાંઈ?

અહીં તો પહેલાં તો ઈ કહ્યું કે ક્રિયા જે છે એ બધી પરિણામસ્વરૂપ હોવાથી. ક્રિયા જે છે, પલટતી અવસ્થા જે છે એ બધી પરિણામથી ભિન્ન નથી. કેમકે પરિણામસ્વરૂપ હોવાથી, પલટતી ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી. એ પરિણામથી ક્રિયા ભિન્ન નથી અથવા એ પરિણામ પરિણામથી ભિન્ન નથી. આહા..હા..! પહેલો અર્થ એવો કર્યો હતો, પણ આ ઠીક છે હવે. ક્રિયા છે એ પરિણામસ્વરૂપ હોવાથી ક્રિયા પરિણામથી ભિન્ન નથી. સમજાણું કાંઈ? પલટતી અવસ્થા છે એ બધીય પરિણામસ્વરૂપ હોવાથી એ ક્રિયાથી પરિણામ ભિન્ન નથી. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મના શબ્દો બહુ ટૂંકા છે. આહા..હા..!

'**(-પરિણામ જ છે)**;...' હવે અહીંયા આવ્યું જરી શંકાનું સ્થાન. '**પરિણામ પણ**...' એ પલટતી ક્રિયા જે છે એ પરિણામસ્વરૂપ હોવાથી પરિણામથી ક્રિયા ભિન્ન નથી. હવે એ પરિણામ જે છે એ પરિણામીથી ભિન્ન નથી. '**પરિણામ પણ પરિણામીથી** (**દ્રવ્યથી**) **ભિન્ન નથી** કારણ કે **પરિણામ અને પરિણામી અભિન્ન** વસ્તુ છે...' પર્યાય અને દ્રવ્ય અભિન્ન વસ્તુ છે. અહીંયાં તો પરથી ભિન્ન છે એટલું સિદ્ધ કરવું છે. પોતાથી અભિન્ન છે એમ સિદ્ધ કરવું છે. પરિણામ પરિણામીથી અભિન્ન. કેમકે એ પરિણામ પરિણામીએ કર્યા

છે, પરે નથી કર્યા. પરે નથી કર્યા એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ વસ્તુની સ્થિતિ. એ કહ્યુંને, પ્રવચનસારમાં કહ્યું. દાખલો આપ્યો નહોતો કે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ દ્રવ્યના કર્તા, કર્મ અને અધિકરણ છે, એમ આવ્યું છે. એનો અર્થ શું? ઉત્પાદ, વ્યય અને ધ્રુવમાં દ્રવ્ય છે? પણ એ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ કર્તા થઈને દ્રવ્ય કર્મ નામ છે એટલું સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એ ઉત્પાદ-વ્યય દ્રવ્યનો કર્તા. દ્રવ્ય ઉત્પાદ-વ્યયનો કર્તા એ તો છે જ. આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ પર્યાયનો ભેદ છે એ દ્રવ્યનો કર્તા અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે એનું દ્રવ્ય કાર્ય, દ્રવ્ય કર્મ—કાર્ય. ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે એ દ્રવ્યનું અધિકરણ, દ્રવ્યનો આધાર છે. આહા..હા..! જે અપેક્ષાએ વાત ચાલતી હોય તે અપેક્ષાએ સમજવું.

અત્યારે એમ કહે કે પરિણામ અને પરિણામી ભિન્ન છે એમ સિદ્ધ નથી કરવું. અહીં તો પરથી પરિણામ ભિન્ન છે અને પરથી પરિણામ થતા નથી એ સિદ્ધ કરવા ક્રિયા એ પરિણામથી ભિન્ન નથી અને એ પરિણામ પરિણામીથી ભિન્ન નથી (એમ કહે છે). સમજાણું કાંઈ? ઘડો જે પિંડમાંથી પલટીને ઘડો થયો એ ક્રિયા થઈ અને એ ક્રિયા પરિણામસ્વરૂપ છે, કર્મસ્વરૂપ છે, માટીનું કર્મસ્વરૂપ—કાર્યસ્વરૂપ છે અને એ ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી પરિણામ છે અને એ પરિણામ જે ઘડાનું થયું એ માટીથી અભિન્ન છે. કુંભારથી ભિન્ન છે, માટીથી અભિન્ન છે, એટલું સિદ્ધ કરવું છે. કુંભારથી ઘડો થાય છે એમ છે નહિ. આહા..હા..! અગ્નિથી અનાજ પાકે છે એમ નથી. એ પ્રશ્ન છે. એ છેલ્લો પ્રશ્ન આવ્યો હતો. વર્ણીજીએ. છેલ્લે ... થયો ને? એમાં લીધું છે કે ચોખા ચડે છે એ પાણી વિના ચડતા નથી. ચાવલ પાણી વિના ચડતા નથી. અહીં કહે છે કે એમ છે નહિ. આહા..હા..! એ ચોખા જે પાકે એ પરિણતિની ક્રિયા એ પરિણામસ્વરૂપ હોવાથી અને એ પરિણામ દ્રવ્યસ્વરૂપ હોવાથી એ પરિણામનો કર્તા દ્રવ્ય છે, પાણી નથી. રાંધે એટલે ચોખા ચડે છેને, તો પાક્યો એ પાણીથી થયો, પાણી ન હોત તો ન ચડત, એમ છે નહિ. બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ!

**શ્રોતા :-** ...જોઈએ છીએ કે પાણીથી ચડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ જોવે છે? એ વાત કરી હતી એણે. જુગલકિશોર દિલ્હીવાળા. (સંવત) ૨૦૦૯ની સાલમાં આવ્યા હતાને. અહીં માનસ્તંભ (વખતે) સ્પેશ્યલ આવ્યા હતા. સ્પેશ્યલ. ... દર્શન કરવા આવ્યા હતા અહીંથી ગયા. તો એણે રાતે પ્રશ્ન કર્યો હતો. તમારા .. હતા. .. સમજ્યા? ખોટો ખર્ચ. તમે હાજર નહોતા. એણે પ્રશ્ન કર્યો હતો. દૃષ્ટઈષ્ટ—જોવામાં આવે છે કે પાણી અગ્નિથી ઊનું થયું. દૃષ્ટ ને એ જ ઈષ્ટ છે. આહા..હા..! એ આવે છે. કહ્યું, એમ નથી. સમજાણું કાંઈ? અગ્નિથી પાણી ઊનું થયું એમ છે જ નહિ. પાણીની પર્યાય પહેલા ઠંડી હતી એ ગરમ થઈ એ એની ક્રિયા અને એ ક્રિયા એના પરિણામસ્વરૂપ છે. એ ક્રિયા પરિણામથી ભિન્ન નથી અને એ પરિણામ પાણીથી ભિન્ન નથી. અગ્નિથી પાણી ગરમ થયું જ નથી. આહા..હા..! શુકલચંદજી!

અનંત દ્રવ્ય છે કે નહિ? તો અનંત અનંતપણે ઊપજીને પોતાના પરિણામને ઊપજાવે છે. જો પરથી ઊપજે તો અનંત અનંતપણે રહેતા નથી.

**શ્રોતા :-** અગ્નિ વિના પાણી ગરમ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અગ્નિ વિના પાણી ગરમ થયું છે. અગ્નિની પર્યાયમાં અને પાણીની પર્યામાં તો અત્યંત અભાવ છે અથવા અન્યોન્ય અભાવ લ્યો ત્યાં પરમાણુ છેને. અન્યોન્ય અભાવ છે. દ્રવ્ય અને દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવ છે. જીવની પર્યાય અને જડની પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે, પણ પરમાણુની પર્યાય અને પરમાણુની પર્યાય વચ્ચે અન્યોન્ય અભાવ છે. કેમકે એ પર્યાય અગ્નિની અહીં ઉષ્ણ થઈ એમ અગ્નિમાં પણ છે અને પાણી ઉષ્ણ થાય એવો પરમાણુનો સ્વભાવ છે, પણ એમ થયું તો પરથી થયું (એમ નથી). આહાહા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? ઝીણી છે તો સમજાતી નથી. ધ્યાન રાખવું એમ કહે છે. સમજાય કેમ નહિ? આહા..હા..!

ચોખા પાકે છે એ કાચાની પર્યાય પલટીને પાકવાની પર્યાય થઈ એ ક્રિયા થઈ. ... એ ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી, એના પરિણામસ્વરૂપ હોવાથી, એના કર્મસ્વરૂપ હોવાથી ક્રિયાથી એ કર્મ ભિન્ન નથી. હવે એ પરિણામસ્વરૂપ હોવાથી પરિણામીથી પરિણામ ભિન્ન નથી. અમરચંદભાઈ! ભાઈ આ તો ધર્મની વાત, બાપુ! આમાં બુદ્ધિને કેળવવી પડે. સમજાણું કાંઈ? હું કરું છું. આવે છેને ઈ નરસિંહ મહેતામાં? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શકટ નામ ગાડું. ગાડીનો ભાર જેમ નીચે કૂતરું હોયને કૂતરું, એને અડે તો એ જાણે કે મારાથી ગાડું ચાલે છે; એમ દુકાન ઉપર બેઠો હોય અને દાણા, કપડા આદિ લેવા-દેવાની ક્રિયા થાય છે એ મારાથી થાય છે એમ માને છે. કૂતરા જેવો છે. આહા..હા..!

**શ્રોતા :-** ...બળદથી તો ગાડું ચાલે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બળદથી પણ ચાલતું નથી. ગાડું પોતાથી ચાલે છે. એક-એક રજકણ પોતાની પર્યાયથી ત્યાં ગતિ કરે છે, એ પરને કારણે બિલકુલ નહિ. આહા..હા..! એમ કહે છે. ઈન્દોરમાં હતાને બ્રહ્મચારી કોઈ હતા. કાનજીસ્વામી કહે છે કે આ મોટર ચાલે છે તો એ પોતે ચલાવે છે એમ નહિ. એમ કહે કે મોટર ચાલે તો અમે ચાલીએ છીએ એમ નહિ. અમે અમારાથી અંદર સ્થિર થઈએ છીએ અને મોટર મોટરથી ચાલે છે. અને પછી એ તો બીજી વાત કહી. મોટર પેટ્રોલથી ચાલતી નથી. બ્રહ્મચારીએ વિરોધ કર્યો. સત્યની ખબર નહિ અને પડિમા લઈ લીધી અને વસ્તુનું (ભાન ન મળે). મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? મોટર છે એના એક-એક પરમાણુ પોતાથી ગતિ કરે છે અને અંદર બેઠેલા પ્રાણી છે એ મોટરની ગતિ થાય છે તો એના શરીરની ગતિ થાય છે એમ પણ નથી. આહા..હા..! મોટરમાં બેઠા છે, મોટર ચાલે છે માટે એનું શરીર આમ ગતિ કરે છે એમ પણ નથી. એવી વાત છે. સમજાણું કાંઈ? ન્યાય બેસે તો કેમ ન રુચે. આત્મા છે, દરેક પરમાણુ છે, તો પરમાણુની

બીજી અવસ્થા પહેલાં હતી. પહેલી કહે છેને? પ્રથમ હતી તો બીજી થઈ એ એની ક્રિયા. હવે એ પરિણામ છે. એ ક્રિયા થઈ તે એના પરિણામસ્વરૂપ છે અને પરિણામસ્વરૂપ હોવાથી એ ક્રિયાથી એ પરિણામ ભિન્ન નથી. ખલાસ થયું. હવે એ પરિણામ પરિણામીથી ભિન્ન નથી. એ પરિણામ બીજાથી થયા એમ છે નહિ. એ દ્રવ્યથી પરિણામ થયા એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! એ પછી. એ પછી ચાલશે. મોક્ષમાર્ગના પરિણામ એનો દ્રવ્ય ધ્રુવ કર્તા નથી. એ બીજી ચીજ છે. એ તો સામાન્ય ધ્રુવ કાયમ રહીને પર્યાયમાં આવતું નથી એટલું બતાવવું છે. અને અહીં તો એ પર્યાય દ્રવ્યની છે, પર્યાય કહો કે પરિણામ કહો, એ પરિણામ પરિણામીના પરિણામ છે એટલું બતાવવું છે. એ પરિણામ પરિણામીનું છે, પણ એ પરિણામ નિમિત્તનું (નથી), એટલું ભિન્ન કરવું છે, એનું નહિ. સમજાણું કાંઈ?

પાણી ઊનું થયું—ઉષ્ણ. પહેલા ઠંડીની અવસ્થા બદલીને ગરમ થયું એ ક્રિયા થઈ અને એ ક્રિયા પરિણામસ્વરૂપ છે. તો એ પરિણામસ્વરૂપ ક્રિયાથી પરિણામ ભિન્ન નથી. હવે એ પરિણામ જે થયા એનો કર્તા કોણ? અભિન્ન દ્રવ્ય છે એ એનો કર્તા છે. અહીં તો એ અભિન્ન કરવુંને? એ અગ્નિથી પાણી ગરમ થયું એમ છે નહિ. આહા..હા..!

રોટલી થાય છે રોટલી. શું કહે છે? આટા—લોટ બાંધ્યો હોયને આટલો બે-અઢી શેર લોટ. એમાંથી આમ કરે. કહે છે કે લોટની પર્યાય જે પહોળી થાય છે એ પોતાથી પહોળી થાય છે. એ પરિણામ લોટથી ભિન્ન નથી. એ પલટતી ક્રિયાથી પરિણામ ભિન્ન નથી અને પરિણામ પરિણામીથી ભિન્ન નથી. તો એનાથી (-બાઈથી) રોટલીના પરિણામ થયા એમ છે નહિ. કહો, સમજાય છે કે નહિ? રોટલી...

પંડિતજી ઠીક કહે છે. કહો, પાટણીજી! આ અમારે વેપારી છે લ્યોને. આહા..! પોપટભાઈ! લ્યો, એ અમારે મોટા શેઠ છે. શું કહે છે? લાદીની પર્યાય આમ ફરે છે તો એ ક્રિયા લાદીના પરિણામ છે. કેમ કે એની ક્રિયા એ પરિણામથી ભિન્ન નથી અને એ પરિણામ લાદીના પરમાણુથી ભિન્ન નથી. તો હસમુખ એને લાકડીથી આમ કરી શકે છે એમ વાત નથી એમ કહે છે. હુશિયાર છે તમારો હસમુખ તો. એનો દીકરો છે. આપણે ઓલો સંચો આવ્યો છે એ ઈ લાવ્યો છે. અક્ષર કોતરવાનું મશીન. એ ગયા હતા ત્યાં. એનો મોટો દીકરો. નહિતર એ મશીન કોઈને દેતા નથી. હિન્દુસ્તાનમાં આપતા નથી કદી, પણ એ ગયા હતા ભાઈ. ઈ લાવ્યા. બહુ મહેનત કરીને લાવ્યા છે. પૈસા તો ખર્ચે. ૨૯ હજારનો તો સંચો છે, ૨૯ હજાર અને ૨૦ હજારનો ખર્ચ થયો અને ૧૫ હજારના અક્ષર. અક્ષર છેને ઈ? ટાઈપ. ૬૯ હજાર. ૭૦માં એક ઓછો. એટલાનું આવ્યું છે. એ હસમુખભાઈ લાવ્યા છે. નિમિત્તથી વાત છે. આવવાનું હતું એ તો પોતાની પર્યાયથી આવવાની હતી. એ સંચો ત્યાંથી અહીં આવ્યો એવી પલટવાની ક્રિયા જે થઈ એ ક્રિયા પરિણામસ્વરૂપ છે એનું—મશીનનું અને એ પરિણામ એનું પરિણામી દ્રવ્ય છે એનાથી અભિન્ન છે. તો એ હસમુખ અહીં લાવ્યો એમ

વાત નથી.

**શ્રોતા :-** હસમુખભાઈ નિમિત્ત તો ખરાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તની વ્યાખ્યા જ આ કરે છે કે નિમિત્તથી થતું નથી એમાં, ત્યારે તો નિમિત્ત કહેવામાં આવે છે.

**શ્રોતા :-** મહેનત બેકાર ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહેનત તો એણે વિકલ્પ કર્યો હતો એ છે. વિકલ્પનું ફળ તો એને આવે છે ભાવબંધ. આહા..હા..!

અહીંયાં તો વિકલ્પ જે થાય છે એ પણ પહેલી અવસ્થા નહોતી અને બીજી આવી એ ક્રિયા થઈ અને એ ક્રિયા પરિણામસ્વરૂપ છે અને પરિણામસ્વરૂપ હોવાથી ક્રિયા પરિણામથી ભિન્ન નથી. ઈ પર્યાય ક્રિયાથી ભિન્ન નથી તો પરિણામ દ્રવ્યથી ભિન્ન નથી. આહા..હા..! એમાં ને એમાં કર્તા દ્રવ્ય છે પરિણામનું. કોઈ પરિણામ અહીંયા ફેરવીને લાવ્યા (એમ નથી). આહા..! આવી વાત વીતરાગની. નવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા ક્યારે છે? કે અજીવ દ્રવ્ય-ગુણ અને પર્યાય. તો પર્યાય એનાથી થાય છે, પરથી નહિ. ત્યારે તો અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાયની સાચી શ્રદ્ધા (થઈ). એમ જીવની સાચી શ્રદ્ધા (ત્યારે કહેવાય) કે જીવના દ્રવ્ય, ગુણ અને પર્યાય છે એ પોતાથી છે, પરથી નહિ, ત્યારે તો એને વ્યવહાર સાચી શ્રદ્ધા કહેવામાં આવે છે અને નિશ્ચયશ્રદ્ધા તો જ્યારે પરિણામ દ્રવ્યમાં જાય અને દ્રવ્યની પ્રતીતિ કરે ત્યારે એને નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો એ સમ્યગ્દર્શનની પર્યાય થઈ એ મિથ્યાદર્શન પલટીને થઈ એ ક્રિયા થઈ. મિથ્યાત્વનો વ્યય થઈને સમ્યક્ થયુંને? તો એ ક્રિયા (થઈ). એ જ ક્રિયા પરિણામસ્વરૂપ છે અને એ પરિણામસ્વરૂપ ક્રિયાથી પરિણામ ભિન્ન નથી. સમજાણું કાંઈ? અને એ પરિણામ, આહા..હા..! આત્માથી ભિન્ન નથી. દર્શનમોહ મંદ પડ્યો, ઉદય ઓછો થયો તો સમ્યગ્દર્શન થયું એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઘાતિકર્મનો ક્ષય થયો. ક્ષયનો અર્થ કર્મરૂપ પર્યાયથી અકર્મરૂપ થઈ તેથી અહીંયા કેવળજ્ઞાન થયું એમ છે નહિ. ચાર જ્ઞાનની પર્યાય હતી એ પલટીને કેવળજ્ઞાન થયું એ ક્રિયા કેવળજ્ઞાન એ પરિણામસ્વરૂપ છે અને એ પરિણામસ્વરૂપ ક્રિયા હોવાથી ક્રિયાથી પરિણામ ભિન્ન નથી અને એ પરિણામ આત્માથી ભિન્ન નથી. આહા..હા..! વજ્રનારાચ સંહનન હતું, મનુષ્યપણું હતું તેથી કેવળજ્ઞાન થયું એમ વાત નથી. સમજાણું કાંઈ? નિમિત્તનો તો ખુલાસો થાય છે.

**શ્રોતા :-** દિવ્યધ્વનિથી જ્ઞાન થયું એ વાત તો બરાબર છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ નહિ. એ વાત તો પહેલા આવી ગઈ. દિવ્યધ્વનિથી.. વેદ કહે છે, પરમાત્મપ્રકાશમાં. એને વેદ કહે છે. વેદ અને શાસ્ત્ર બે શબ્દ લીધા છે. વેદનો અર્થ પછી દિવ્યધ્વનિ કર્યો અને શાસ્ત્રનો અર્થ મહામુનિઓની વાણી. તો ત્યાં બે શબ્દ લઈને

કહ્યું કે દિવ્યધ્વનિથી પણ આત્માનું જ્ઞાન થતું નથી અને મહામુનિના શાસ્ત્રથી પણ જ્ઞાન થતું નથી. કેમ? કે જ્ઞાનની પર્યાય જે થઈ, પ્રથમ અવસ્થામાં નહોતી અને પછી પલટી એ ક્રિયા થઈ અને એ ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી પરિણામથી ક્રિયા ભિન્ન નથી. એ પરિણામસ્વરૂપ છે એ પરિણામ દ્રવ્યથી ભિન્ન નથી. દ્રવ્યથી ભિન્ન નથી, અભિન્ન છે. આહા..હા..!

**શ્રોતા** :- સાંભળવાથી...?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બિલકુલ નહિ, એમ કહે છે. સાંભળવાથી પણ નહિ. સાંભળવામાં તો પરમાણુની પર્યાય છે ત્યાં અને પર્યાય થઈ એ તો પોતાની પર્યાયમાં થઈ.

એ તો બીજી વાત કહે છે. દર્શનપાહુડમાં (ગાથા—૨માં) આવે છે. સકર્ણા. સમ્યગ્દર્શન વિનાનો પ્રાણી, હે સકર્ણા! તેં (સમ્યગ્દર્શન રહિત પ્રાણી પાસે) તત્ત્વની વાત સાંભળી હોય તો એ વંદન કરવાલાયક નથી. એ દર્શનપાહુડમાં છે. જેની શ્રદ્ધા હજી રાગનો કર્તા છે, દેહની ક્રિયા હું કરું છું, દેશને સુધારુ છું, કુટુંબને સુધારી શકું છું, દેશની સેવા એ ધર્મ છે એવી જેની માન્યતા છે એ સમ્યગ્દર્શનથી રહિત છે. એવી વાત તેં સાંભળી હોય તો જે સમ્યગ્દર્શનરહિત છે, હે સકર્ણા! હે સાંભળનારા પ્રાણી! એવા અજ્ઞાનીને વંદન ન કરવા.

**શ્રોતા** :- આ શેમાં લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અષ્ટપાહુડમાં લખ્યું છે. છે અહીંયા? નથી? અષ્ટપાહુડ છે?

'**दंसणं मूलो धम्मो**' ધર્મ એ ચારિત્ર. એનું મૂળ સમ્યગ્દર્શન. મૂળ વિના વૃક્ષ હોતું નથી. એમ '**दंसणं मूलो धम्मो**' ધર્મનું મૂળ સમ્યગ્દર્શન. ધર્મ ચારિત્ર છે. '**चारित्तं खलु धम्मो**' એ ધર્મનું મૂળ દર્શન છે. '**उवइट्ठो जिणवरेहिं सिस्साणं**' ભગવાને શિષ્યોને જિનવરદેવે આવો ઉપદેશ કહ્યો છે. '**तं सोउण सकण्णे**' આહા..હા..! '**જે દર્શનથી રહિત છે તેઓ વંદન યોગ્ય નથી; તેથી દર્શનહીનને વંદન ન કરો.**' '**सकण्णे**' એમ છે. '**स्वकर्णे श्रुत्वा**' તેં જો એવી વાત સાંભળી છે કે (સમ્યગ્દર્શન તે) ધર્મ છે, તો જે દર્શનરહિત છે.. હે શ્રોતાઓ! તમે જો એવી વાત સાંભળી હોય તો સમકિતરહિત પ્રાણી ચાહે તો દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય, પંચમહાવ્રત પાળતો હોય, પણ એ મહાવ્રતની ક્રિયા હું કરી શકું છું, એ ક્રિયા મને લાભદાયક છે, એ ક્રિયાથી મને ધર્મ થશે એવા મિથ્યાદૃષ્ટિ, યથાર્થ જિનેશ્વરનો ઉપદેશ સાંભળ્યો હોય તો તે વંદનરહિત છે.

એમાં તો કહ્યુંને સૂત્રપાહુડમાં. ૧૦ અને ૨૩ ગાથા. સૂત્રપાહુડ. આમાં છે. સૂત્રપાહુડ છેને. '**णिच्चेपाणिपत्तं उवइट्ठं परमजिणवरिंदेहिं।**' પરમ જિનેશ્વરે તો વસ્ત્રસહિત '**पाणिपत्तं**' હાથપાત્ર એનું મુનિપણું એમ કહ્યું છે. '**एक्को वि मोक्खमग्गो**' આ એક જ મોક્ષમાર્ગ છે. '**शेषाश्च अमार्गा सर्वे।।**' શેષ—વસ્ત્રસહિત મુનિપણું માને એ બધા ઉન્માર્ગ છે, જૈનમાર્ગ નથી. આહા..હા..! ભાઈએ કાઢ્યું છેને મોક્ષમાર્ગ પ્રકાશક, અન્યમત, એ અહીંથી કાઢ્યું છે. ઉન્માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિરોધ નહિ કોઈનો, પણ વસ્તુસ્થિતિ આમ છે.

પછી ૨૩માં લીધું છે. તીર્થંકરનું લીધું છે હોં ત્યાં. જુઓ, ૨૩. સૂત્રપાહુડની. આ સૂત્રપાહુડની ૧૦મી કહી. પછી એની ૨૩મી. '**ण वि सिज्झदि वत्थधरो जिणसासणे जइ विहोइ तित्थयरो।**' શ્રી તીર્થંકર પણ જ્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં છે ત્યાં સુધી મોક્ષ નહિ થાય. '**ण वि सिज्झदि वत्थधरो**' વસ્ત્રનો ધરનાર તીર્થંકર હોય. સમજાણું કાંઈ? '**ण वि सिज्झदि वत्थधरो**' '**णग्गो विमोक्खमग्गो**' નગ્નપણામાં મોક્ષમાર્ગ છે. '**सेसा उम्मग्गया सव्वे।।**' બાકી બધા માર્ગ ઉન્માર્ગ છે. હવે આમાં સમન્વય કોનો કરવો? વિરોધ નહિ કોઈ. ઝઘડા મટી જાય આમાં. યથાર્થ ચીજ છે. આહા..હા..! આ તો કુંદકુંદાચાર્ય કહે છે. ત્યાં તો ટોડરમલે કહ્યું પાંચમા અધ્યાયમાં, શ્વેતાંબર, સ્થાકનવાસી, અન્યમતિ, વેદાંતિ બધા ગૃહીતમિથ્યાત્વ છે. ગૃહીતમિથ્યાત્વમાં નાખ્યા છે બધાને. ઈશ્વરકર્તા (માનનાર) બધાને ગૃહીત મિથ્યાત્વમાં નાખ્યા છે. બધા સરખા. સમજાણું કાંઈ?

અહીંયા કહ્યું છે. આહા..હા..! '**જિનશાસનમાં આ રીતે કહ્યું છે કે વસ્ત્ર ધારણ કરનાર સીઝતા નથી, મોક્ષ પામતા નથી. જો તીર્થંકર હોય તોપણ જ્યાં સુધી ગૃહસ્થ રહે ત્યાં સુધી મોક્ષ પામતા નથી. દીક્ષા લઈને દિગંબરરૂપ ધારણ કરે ત્યારે જ મોક્ષ પામે છે. કેમકે નગ્નતા જ મોક્ષમાર્ગ છે. બાકી બધા લિંગ ઉન્માર્ગ છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? એ વાત યથાર્થની વાત છે, કોઈના વિરોધની વાત નથી. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? કેમકે વસ્ત્રસહિત માને તો નવેય તત્ત્વની ભૂલ છે એમાં. નવેય તત્ત્વની ભૂલ છે. કેમ? કે એ ભૂમિકામાં આસ્રવ કેટલો હોય, તો મંદ આસ્રવ હોય છે. એનાથી તીવ્ર થયો કે વસ્ત્ર રાખે તો એ આસ્રવની ભૂલ છે; અને સંવર ઉગ્ર થાય છે ત્યાં આસ્રવ મંદ થાય છે, વસ્ત્ર લેવાનો ભાવ પણ ન હોય એ સંવર છે. એ સંવરની ભૂલ. અને નિર્જરાની ભૂલ. કેમકે જ્યારે કષાય ઘણો મંદ છે ત્યારે વસ્ત્ર લેવાની ઈચ્છા વૃત્તિ ઉઠતી નથી એવી દિશામાં જે નિર્જરા થાય છે તો એ વસ્ત્રસહિતમાં નિર્જરા માની તો નિર્જરાની ભૂલ. અને જીવની ભૂલ. કેમકે સંવરકાળમાં જીવનો છઠ્ઠે ગુણસ્થાને ઘણો આશ્રય છે તો એટલો આશ્રય હોય ત્યાં આસ્રવ મંદ છે. તો જીવના આશ્રયની પણ ભૂલ અને સંયોગની પણ ભૂલ. જ્યારે છઠ્ઠે ગુણસ્થાને રાગ એટલો મંદ છે કે વસ્ત્રનો, પાત્રનો સંયોગ નથી. તો સંયોગ ન હોય તો સંયોગ કહ્યો કે એવા અજીવ પણ હોય તોપણ મુનિપણું હોય, તો એ અજીવની ભૂલ. એકલો શબ્દ નથી કહ્યો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે કહ્યું? એ ક્યાં, ટૂકડાની મમતા છે એને અહીંયાં કહે છે. વસ્ત્ર ક્યાં રોકે છે? વસ્ત્ર રાખવાની જે વૃત્તિ છે એ છઠ્ઠે ગુણસ્થાને હોતી નથી. એવી વાત છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. વસ્ત્ર રાખે એને ત્રણકાળમાં મુનિપણું હોતું નથી. વસ્ત્ર નથી

એની અહીં વાત છે. એ તો વસ્ત્ર નથી એને ત્રણ કષાયનો અભાવ થાય એને વસ્ત્ર નિમિત્તમાં હોય નહિ, એમ કહે છે. જેને ત્રણ કષાયનો અભાવ છે સમ્યગ્દર્શનસહિત એને વસ્ત્રરહિત છે એવું નિમિત્ત એને કહે છે, એકલા નિમિત્તની વાત નથી ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! ઝઘડા ઊભા થયા બધા. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..!

જુઓને, અહીં કહ્યું. '**सिज्झदि वत्थधरो जिणसासणे जइ विहोइ तित्थयरो।**' તીર્થંકરો પણ વસ્ત્રસહિત હોય ત્યાં સુધી કેવળજ્ઞાન નથી થતું, મુનિપણું નથી હોતું. આહા..હા..! એ વસ્તુની મર્યાદા એવી છે. આ કોઈ સંપ્રદાયની ચીજ નથી એમ કહે છે. તમારામાં એમ છે અને અમારામાં આમ છે. હા, એમ કહેતા હતા. એ કહે છેને, પંચમહાવ્રતને તમારામાં આસ્રવ કહ્યો છે, અમારામાં તો નિર્જરા કહ્યું છે. એમ કહે છે. લીલાવતી છેને એક. અને એમાં છે ઠાણાંગમાં. પંચમહાવ્રતને નિર્જરાનું સ્થાન કહ્યું. કહે, એની દૃષ્ટિથી. તત્ત્વની ક્યાં ખબર છે? શાસ્ત્ર કરનારને. સમજ્યા? એમ કહે છે કે તમારા દિગંબરમાં એમ હશે કે પંચ મહાવ્રત આસ્રવ અને બંધ છે. અમારામાં તો આ પંચમહાવ્રત નિર્જરાનું કારણ છે. એય.. તમારે લીલાવતી કહે છે.

**શ્રોતા :-** દિગંબર પણ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું?

**શ્રોતા :-** કે પંચમહાવ્રત નિર્જરાનું કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ જૂઠ છે. આસ્રવ કહે છેને. તત્ત્વાર્થસૂત્રમાં શું કહ્યું છે? પુણ્ય કહ્યું છે છઠ્ઠા અધ્યાયમાં. એ પંડિત-બંડિત એના પરિણામના એ જવાબદાર એ છે. વસ્તુ તો એમ નથી. સમજાણું કાંઈ? કહે છે ભાઈ, કહે છે એમ. મહાવ્રત રાગ છે, સાધન છે. એનાથી નિર્જરા પણ થાય છે. થોડો બંધ થાય છે. રાગભાગ છે અંશ એટલો બંધ છે, પણ જેટલી અંદર શુદ્ધિ છે એટલો બંધ નથી. પણ શુદ્ધિ છે જ નહિ પંચમહાવ્રતમાં. સમજાણું કાંઈ? અરેરે..! તત્ત્વની દૃષ્ટિમાં વિરોધ, ઘણો વિરોધ. અરે..! આવો અવસર મળ્યો છે એને. એમાં વિપરીત દૃષ્ટિ રાખશે તો ક્યાં જશે? દૃષ્ટિ વિપરીત છે એ વર્તમાનમાં દુઃખરૂપ છે, ભવિષ્યમાં દુઃખરૂપ છે. આહા..હા..!

સમયસાર ૭૪ ગાથામાં તો એમ કહ્યું કે રાગ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખરૂપ છે. એમ કહ્યું. કેમ? કે શુભરાગ હોય એ વર્તમાન આકુળતા છે અને શુભરાગથી પુણ્ય બંધાશે, પુણ્યબંધથી સંયોગ મળશે, સંયોગ ઉપર લક્ષ જશે તો રાગ જ થશે. આહા..હા..! ભલે મંદ રાગ હોય. રાગ છે એ દુઃખરૂપ છે. મંદ રાગ હોય તો વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં પણ દુઃખરૂપ છે. કેમકે એના પુણ્યથી સંયોગ મળશે. આહા..હા..! જરી ઝીણી વાત. કદાચિત્ પુણ્યથી વીતરાગની વાણી મળે, વીતરાગ મળે, પણ એ તો સંયોગી ચીજ થઈ. આહા..હા..! એના ઉપર લક્ષ જશે તો રાગ જ થશે. ૭૪ ગાથા. '**दुक्खा दुक्खफल**'

આહા..હા..! ભાઈ! આ તો માર્ગ જેવો છે એની વાત છે. એમાં કોઈ પક્ષની વાત નથી. આહા..હા..!

પુણ્યભાવ વર્તમાન દુઃખરૂપ છે, આકુળતા છે. એ છ ઢાળામાં ન કહ્યું? 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેવીએ.' આહા..હા..! આવે છે? રાગ ચાહે તો શુભ હો, એ આગ-કષાય છે, કષાય-અગ્નિ છે. આહા..હા..! 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેવીએ.' આહા..હા..! સમતારૂપી અમૃતનું સેવન કરો. આહા..! સમજાણું કાંઈ? બાપુ! જન્મ-મરણરહિત થવનો ઉપાય તો અલૌકિક છે. બાપુ! કોઈને દુઃખ લાગે કે ન લાગે.. એવી કઈ ચીજ છે કે બધાને ઠીક લાગે? મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે. પાંચમો અધ્યાય લીધોને. અન્યમતિની બહુ વાત કરી છે ત્યાં કે એવી કઈ ચીજ છે કે જે બધાને ઠીક લાગે? દારૂની જ્યારે વાત કરે તો દારૂ પીનારને દુઃખ લાગે. દારૂ ખરાબ છે, પૈસા જાય છે, આત્માને નુકસાન થાય છે તેથી દુઃખ લાગે. તો એવી કઈ ચીજ છે કે જે બધાને ઠીક લાગે? આહા..હા..! આ તો છેને ૨૩ ગાથા. .. કીધાને? અર્થમાં લખ્યું છે.

'**ભાવાર્થ :- શ્વેતાંબરાદિ, વસ્ત્ર ધારણ કરનારને પણ મોક્ષ થવાનું કહે છે તે મિથ્યા છે, તે જિનમત નથી.**' આહા..હા..! અર્થાત્ જે મિથ્યાશ્રદ્ધાના પરિણામ છે એ પ્રથમ પરિણામથી બીજું પરિણામ મિથ્યાત્વનું થયું એ ક્રિયા થઈ. એ ક્રિયા પરિણામસ્વરૂપ છે અને એ પરિણામસ્વરૂપથી પરિણામથી ક્રિયા ભિન્ન નથી અને એ પરિણામથી આત્મા ભિન્ન નથી. મિથ્યાત્વના પરિણામ કરનાર આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ચીજ છે.

આપણે અહીંયા '**પરિણામ પણ પરિણામીથી ભિન્ન નથી કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે...**' અત્યારે તો પરથી ભિન્ન કરવું છે એટલું. પરિણામ પરિણામીથી ભિન્ન છે એની અત્યારે વાત નથી કરવી. દ્વિક્રિયાવાદીની મિથ્યાદૃષ્ટિની વાત સિદ્ધ કરવી છેને? કે પરિણામની ક્રિયા પણ આત્મા કરે અને પરની પણ ક્રિયા કરે. ઈ બે ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગની ક્રિયા કરે અને પરની દયા પણ પાળી શકે, જીવાડી શકે, બે ક્રિયા માનનારો મિથ્યાદૃષ્ટિ છે. આહા..! આવી વાત છે. આને સાંભળનારા પણ થોડા હોય. આ તો સાથે થોડું પુણ્ય હોવાથી મોટી સભા એકઠી થાય છે. આ વાત. 'વિરલા જાણે તત્ત્વને, વિરલા સાંભળે કોઈ...' એ આવે છેને? યોગસારમાં આવે છે. ઓલામાં આવે છે, સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં. 'વિરલા સાંભળે કોઈ, વિરલા શ્રદ્ધે કોઈ.' આહા..હા..!

સંયોગી દૃષ્ટિવાળાને તો એમ લાગે કે અગ્નિ આવી તો પાણી ગરમ થયું, વેલણ આમ ફરે છે તો લુવા આમ લાંબી અને પહોળી થઈ. એમ સંયોગથી દેખનારની વાત છે. એના સ્વભાવથી જોવે તો એ પરિણામ એ લોટનું પહોળું થયું એ એની ક્રિયા થઈ. એ ક્રિયા પરિણામસ્વરૂપ છે અને એ પરિણામસ્વરૂપ પરિણામી લોટથી ભિન્ન નથી. લાકડીએ કર્યું શું?

વેલણ-વેલણ નથી કહેતા? આહા..હા..! વેલણની ક્રિયા પણ આમ-આમ થઈ એ ક્રિયા એના પરિણામથી થાય છે અને એ પરિણામસ્વરૂપ ક્રિયાથી ભિન્ન નથી અને એ પરિણામ પરમાણુથી ભિન્ન નથી. તો પરે શું કર્યું એમાં?

**શ્રોતા** :- સહાયતા કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સહાયતા કોને કરે? સાથે છે એટલું. સહચર. આહા..હા..! આવી વાત છે, ભાઈ! તેથી તો ૮૫માં લીધું છે. આહા..હા..!

'**માટે (એમ સિદ્ધ થયું કે) જે કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી ભિન્ન નથી.**' લ્યો! જે કોઈ પલટતી ક્રિયા છે એ ક્રિયાવાનથી ભિન્ન નથી. તને એમ લાગે કે પલટે છેને. પહેલા બીજી હતી અને બીજી થઈ, તો કાંઈ પરની અસર છે અને પરના કારણે પલટી કે નહિ? તેથી અહીંયા ક્રિયાને લીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાની—આત્મજ્ઞાની બાઈ હોય અને રોટલી વખતે એને નિમિત્ત કહો, પણ નિમિત્તકર્તા નથી. સમજાણું કાંઈ? એ રોટલીની અવસ્થા થાય છે તે એને કારણે થાય છે—લોટથી. એમાં એ નિમિત્તકર્તા અજ્ઞાનીને કહીએ. જે યોગ અને રાગનો કર્તા છે એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે, પણ જેને રાગનું કર્તાપણું છૂટી ગયું, જ્ઞાતા-દૃષ્ટા ભગવાન આત્મા (અનુભવમાં) આવ્યો એને રોટલીમાં નિમિત્ત કહો, નિમિત્તકર્તા નથી. અને પોતાના જ્ઞાનમાં રોટલીની પર્યાય અહીંયા નિમિત્ત છે, આ બાજુ નિમિત્ત છે. ૧૦૦મી ગાથામાં કહ્યું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૮, મંગળવાર, તા. ૩-૦૮-૧૯૭૬, ગાથા-૮૫, પ્રવચન નં. ૧૪૫

સમયસાર, ૮૫ ગાથા. ટીકા ફરીને. શું કહે છે અહીંયાં? દરેક દ્રવ્ય કર્તા અને એની તે સમયે થનારી પર્યાય તે એનું કર્મ છે. કર્મ નામ પરિણામ. કોઈને કારણે કોઈના પરિણામ અવસ્થા થાય એમ છે નહિ. ચાહે તો નિમિત્ત હો, પણ નિમિત્તથી અહીંયાં પરદ્રવ્યની પર્યાય ઉત્પન્ન થાય છે એમ નથી. કુંભારથી ઘડો થાય છે એમ નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માથી આ આંગળી આમ ચાલે છે એમ નથી. આંગળીની પર્યાય પોતાનો કર્તા રજકણ એ પરમાણુ અને એની પર્યાય એનું અભિન્નકાર્ય, એનું અભિન્નકાર્ય. ભિન્નથી

એ કાર્ય થાય છે એમ છે નહિ. મોટો ગોટો આમા. આરોપ વિશેષ ઉપાદાનને માટે નાખે છે આરોપ. ઉપાદાનવાદીઓ નિમિત્તનો આશ્રય ઘણો લે છે અને કહે છે કે નિમિત્તથી થાતું નથી, એમ કહે છે. અરે.. ભગવાન!

**શ્રોતા** :- પૈસા દઈને ખર્ચીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઈ વાત છે. આવા મકાન બનાવે, ૨૬-૨૬ લાખના. તો શું નિમિત્ત વિના થયું? અરે..! ભગવાન! કોણ કરે? બાપુ! એ કહે છે જુઓ.

**શ્રોતા** :- નિમિત્તવાદીઓ પાસે નિમિત્ત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નથી.

'**ટીકા** :- **પ્રથમ તો, જગતમાં જે ક્રિયા છે...**' શું કહે છે? આત્મા કે પરમાણુ બે જ દેખાય છે. ચાર તો અરૂપી છે. સમજાણું કાંઈ? આત્મા અને પરમાણુ પુદ્ગલ બે દેખાય છેને. ચાર તો અરૂપી છે. છે તો છએની વાત અહીંયાં. '**પ્રથમ તો, જગતમાં જે ક્રિયા...**' ક્રિયા નામ પદાર્થની પરિણતિનું પલટવું. પદાર્થની પરિણતિ જે છે એનું પલટવું એનું નામ ક્રિયા કહે છે. પૂર્વની અવસ્થા બદલાઈને નવી અવસ્થા થવી એને અહીંયાં ક્રિયા કહે છે, છએ દ્રવ્યની. વસ્તુ પર્યાયની ફેરની. આવે છેને ઈ, ૧૬માં આવે છે. 'કર્તા પરિણામ દ્રવ્ય, કર્મરૂપ પરિણામ, ક્રિયા પર્યાયની ફેરની, વસ્તુ એક ત્રય નામ.' આહા..હા..!

દરેક આત્મા અને દરેક પરમાણુ પૂર્વની અવસ્થા બદલીને જે ક્રિયા થાય છે એ બધી પરિણામસ્વરૂપ હોવાથી, એ દ્રવ્યના પરિણામસ્વરૂપ હોવાથી, એની પરિણતિસ્વરૂપ હોવાથી, એના પર્યાયસ્વરૂપ હોવાથી. આહા..હા..! '**ખરેખર પરિણામથી ભિન્ન નથી...**' કોણ? જે પ્રત્યેક પદાર્થ છે એ પૂર્વ અવસ્થાથી બદલતી અવસ્થા છે એ ક્રિયા છે. એ ક્રિયા પોતાના પરિણામસ્વરૂપ, બદલવાસ્વરૂપ પરિણામથી ભિન્ન નથી, એ પરિણામથી ભિન્ન નથી. એ બદલતા પરિણામથી એ ક્રિયા અભિન્ન છે. આહા..હા..! બહુ સિદ્ધાંત...

'**(-પરિણામ જ છે);...**' કોણ? જગતના દ્રવ્યની પલટતી ક્રિયા એ પરિણામ જ છે. આહા..હા..! '**પરિણામ પણ પરિણામીથી ભિન્ન નથી...**' હવે એ ક્રિયા, પોતાના પરિણામ થાય છે એ પરિણામથી ક્રિયા ભિન્ન નથી અને પરિણામ જે થાય એ પરિણામીથી ભિન્ન નથી. આહા..હા..! છે? મહાસિદ્ધાંત છે, મહાસિદ્ધાંત! '**કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે...**' પ્રત્યેક પદાર્થની ક્ષણે-ક્ષણે પલટતી ક્રિયા એ પોતાના પરિણામસ્વરૂપથી તે ક્રિયા ભિન્ન નથી અને એ પરિણામ દ્રવ્ય જે સ્વભાવ કર્તા પરિણામી છે એનાથી એ પરિણામ ભિન્ન નથી. આહા..હા..! એનો અર્થ કે ભિન્નથી થઈ નથી. એ પર્યાય ભિન્ન દ્રવ્યથી થઈ નથી. એ પર્યાય પોતાનું અભિન્ન દ્રવ્ય છે એનાથી થઈ છે. આહા..હા..! આકરી વાત. સમજાય છે, રુચતી નથી. કાલે પંડિતજી એમ કહેતા હતા. સૂક્ષ્મ વાત છે. વાત તો એવી છે. આત્મા જે છે એ પોતાની પૂર્વ પર્યાયથી બદલીને, વ્યય થઈને જે નવી

પર્યાય ઉત્પન્ન થાય છે.. સમજાણું કાંઈ? એ પહેલા આવી ગયું છે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. ૭૬ ગાથામાં. જે પર્યાય એ સમયે થવાની છે એને દ્રવ્ય પ્રાપ્ત કરે છે, થવાવાળીને પ્રાપ્ત કરે છે. એક વાત. એ પ્રાપ્ય જે છે એ પૂર્વથી બદલીને થઈ છે તો એનું નામ વિકાર્ય થયું. છે તો એની એ પર્યાય. આહા..હા..!

છએ દ્રવ્ય એક સમયની પર્યાયથી બીજા સમયની પર્યાયમાં પલટે છે એ ક્રિયા છે. એ વિકાર્ય નામ કાર્ય છે. થવાવાળી પર્યાય થાય છે એને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. ખરેખર પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવો શબ્દ છે. પ્રાપ્ય નામ તે સમયે તે પર્યાય થવાવાળી છે નામ ધ્રુવ છે. ધ્રુવ નામ થવાવાળી છે એ. દરેક દ્રવ્યની. આહા..હા..! અને પૂર્વ પર્યાયથી પલટીને થઈ તો તેને વિકાર્ય કહે છે. એ પણ કાર્ય પરિણામનું, આત્મા કર્તા અને એની ક્રિયા અભિન્ન છે. એ ક્રિયા પરથી થાય છે નિમિત્તથી (એમ નથી). આ ઝઘડા મોટા આ છે. ઓલા પંડિત શીખ્યા એ બિચારા કહેતા હતા દેવકીનંદન. પંચાધ્યાયી આવ્યું હતુંને? પંચાધ્યાયી બનાવ્યું હતુંને? એમાં થોડી ભૂલ હતી. કીધું, આમાં ભૂલ છે. શું? કે એમાં એમ લખ્યું છે કે છઠ્ઠે ગુણસ્થાને બુદ્ધિપૂર્વક રાગ થાય છે અને સાતમે અબુદ્ધિપૂર્વક થાય છે, એમ લખ્યું છે. કીધું, એમ નથી. છઠ્ઠામાં પણ બુદ્ધિપૂર્વક થાય છે અને અબુદ્ધિપૂર્વક બેય થાય છે. સમજાણું કાંઈ? જાણવામાં આવે છે કે રાગ થયો એવો બુદ્ધિપૂર્વક રાગ છઠ્ઠે પણ થાય છે અને એ જ સમયે જે રાગ ખ્યાલમાં નથી આવતો એ અબુદ્ધિપૂર્વક છે અને સાતમે તો એકલો અબુદ્ધિપૂર્વક છે. સમજાણું કાંઈ? બહુ સરળ માણસ છે. પંડિત કહે, અમને સુધારી દ્યો. અમને તો ખ્યાલમાં આવ્યું એમ લખ્યું છે. જ્ઞાનચંદજી! બહુ સરળ હતા. પછી નક્કી કર્યું હતું રામજીભાઈએ કે એ બેને બોલાવો અહીંયા છ મહિના. દેવકીનંદન અને કૈલાસચંદજી. બેને છ માસ બોલાવો અને એનો જે પગાર છે એ સંસ્થા આપશે અને અમારી વાત છ મહિના સાંભળે કે શું વાત છે એ. સમજ્યા? પણ ત્યાં તો દેવકીનંદન ગુજરી ગયા. પછી કૈલાસચંદજી એકલા.. ના પાડી. ના જ પાડેને. આ બેસે નહિ. ઝીણી વાત, બાપુ!

આ ગાથા જ એમાં એવી આવી છે. '**પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે...**' અર્થાત્ પ્રત્યેક પદાર્થની વર્તમાન અવસ્થા છે એ પરિણામ છે અને એ પરિણામ જે દ્રવ્ય છે એનાથી અભિન્ન છે, ભિન્ન નથી. બીજી અવસ્થા જેમ બીજામાં થાય એમ આ નથી. પોતામાં અભિન્ન નામ કર્તા દ્રવ્ય થઈને વર્તમાન અવસ્થા એનું કાર્ય—વ્યાપ્ય—અવસ્થા—પરિણામ એનાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરિણામ પણ પરિણામીથી (દ્રવ્યથી) ભિન્ન નથી કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે (-જુદી-જુદી બે વસ્તુ નથી).**' અહીયાં એ તો પરથી ભિન્ન કરવા માટે બે વાત કહી છે. બાકી નિશ્ચયથી તો પરિણામ અને પરિણામી ભિન્ન છે. એ તો પોતાની અપેક્ષાએ ભિન્ન વસ્તુ છે, પણ પરની અપેક્ષાએ પરિણામ અને પરિણામી અભિન્ન છે, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

આહા..હા..!

હવે, '**જે કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી ભિન્ન નથી.**' ક્યાં લઈ ગયા જુઓ. જે કોઈ ક્રિયા પહેલા થઈ એ બધી પરિણામથી ભિન્ન નથી અને એ ક્રિયા પરિણામસ્વરૂપ જ છે. હવે કહે છે '**જે કોઈ ક્રિયા છે...**' આહા..હા..! '**બધીયે ક્રિયાવાનથી** (દ્રવ્યથી) **ભિન્ન નથી.**' આહા..હા..! વાત બહુ સૂક્ષ્મ, ભગવાન! આહા..હા..! આ હોઠ ચાલે છેને હોઠ, તો એની ઉત્પાદ પર્યાય છે એ પરમાણુની અને એ ક્રિયા બદલે છે. આમ-આમ થાય તો બદલેને? તો એ બદલે છે એ પરમાણુની ક્રિયા છે અને ક્રિયા પોતાના પરિણામથી ભિન્ન નથી, પરિણામસ્વરૂપ છે અને એ પરિણામ આ પરમાણુથી ભિન્ન નથી, એ પરમાણુથી અભિન્ન છે અર્થાત્ એ પર્યાય જીભે નથી કરી, ઈચ્છાએ નથી કરી, જ્ઞાને નહિ, આત્માએ નથી કરી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, પણ ભાવ તો જે હોય એ હોયને. આહા..હા..! આ શ્વાસ ચાલે છે શ્વાસ. તો શ્વાસની પરમાણુની જે પર્યાય તે સમયે ઉત્પન્ન થાય એ પરમાણુની ક્રિયા છે અને એ ક્રિયા પોતાના પરિણામસ્વરૂપથી એ પર્યાય—ક્રિયા ભિન્ન નથી, તો એ પરિણામસ્વરૂપ એ ક્રિયા છે અને પરિણામ પરિણામીથી ભિન્ન નથી. એક વાત. પછી? કે એ પરિણામી જે ચીજ છે, એની સર્વ ક્રિયા ક્રિયાવાનથી ભિન્ન નથી. અનંત ગુણની જે પરિણતિ જે ફરે છે એ ક્રિયા જે પરિણમન એ ક્રિયાવાન-દ્રવ્યથી ભિન્ન નથી. આહા..હા..!

અમે તો એ દૃષ્ટાંત દઈએ છીએને કે આ શ્વાસ જ્યારે રોકાઈ જાય છેને મૃત્યુ સમયે. શ્વાસ નાભિથી છૂટી જાય છેને. તમારે શું કહે છે? અમારે ઊભો શ્વાસ કહે છે. ઊર્ધ્વ થઈ ગયો. નાભિથી છૂટી જાય છે થોડો એક દોરાવાર પહેલાં. કોઈને એકદમ છૂટી જાય છે. કોઈને પહેલા દોરોવાર છૂટે. દોરો સમજ્યા? સુતરનો. એટલો જરી નાભિથી છૂટી જાય. હેઠે ન બેસે. ખ્યાલ આવે કે શ્વાસે સ્થાન છોડી દીધું છે. સ્થાન સમજ્યા? જગ્યા. ખ્યાલ આવવા છતાં એ શ્વાસની ક્રિયા નીચી ન કરી શકે. એ આત્માનો અધિકાર નથી. આહા..! સમજાણું કાંઈ? એને ઊભો શ્વાસ કહે છે. ખ્યાલ આવ્યો.

અહીંયાં હતા એક અમારે. શિવલાલ પટેલ હતા એક. એ વલ્લભભાઈ પટેલ હતાને? એના કુટુંબમાંથી હતા. અહીંયાં એકલા રહેતા હતા. પહેલાં તો એણે શીંગદાણા હોયને? શીંગદાણાને શું કહે? મુંગફલી. તો શીંગદાણા શેકીને ખાધા. નિરોગ શરીર. શીંગદાણા ખાધા. શીંગદાણા સમજ્યાને? શેકીને. અને પછી સમિતિમાં જમ્યા. સમિતિની રસોઈ ચોખ્ખી હોય છે અને બહુ મીઠી. ગૃહસ્થ લોકો આવે છે. એ રસોઈ ખાધી. ખાઈને આવ્યા. એક ઓરડી હતી ત્યાં. ત્યાંથી અમે બહાર નીકળ્યા. તો બેઠા હતા નીચે અમથા. પાટની નીચે. કેમ શિવલાલભાઈ શું છે?—અંતક્રિયા. અંતક્રિયા એમ બોલ્યા. અંતક્રિયા નામ છેલ્લી ક્રિયા છે હવે. શું થયું? હજી જમીને આવે છે. મહારાજ! શ્વાસે સ્થાન છોડી દીધું છે. કોઈ દરદ નહિ, કોઈ કાંઈ નહિ. શું કહ્યું આ? શીંગદાણા શેકેલા ખાધા અને રોટલી દાળ-ભાત ખાઈને આવ્યા.

કાંઈ રોગ નહિ, કાંઈ નહિ. આવીને બેઠા અને હું તો આહાર કરીને થોડી વાર ફરું ને. તો આમ નીકળ્યા. કેમ છે શિવલાલભાઈ પટેલ?—અંતક્રિયા. છેલ્લી ક્રિયા છે. શું છે? નીચે બેઠા છે. હજી જમીને આવ્યા છે. ગમે તે હોય શ્વાસે સ્થાન છોડી દીધું છે. બોલ્યાને. શ્વાસે સ્થાન છોડી દીધું છે. ખ્યાલમાં આવે છે પણ શ્વાસ નીચે જતો નથી. કોણ કરે ક્રિયા? સમજાણું કાંઈ? અને દુનિયામાં પણ કહે છે કે શ્વાસ તારો સગો નહિ. તમારે કાંઈક હશે. એમ કહે છે? શ્વાસ તારો સગો નથી. એ શ્વાસ ચાલે છે તે અટકી જાશે. તારો સગો નથી કે નીચે આવી જાય. ભગવાન! એ તો જડની ક્રિયા છે, પ્રભુ! આહા..હા..! ભગવાન તો જાણવાની પરણતિની ક્રિયા કરનારો છે. એ શ્વાસની ક્રિયા કરે અને શ્વાસની ક્રિયાને નીચે રાખે એ તાકાત નથી એની. સમજાણું કાંઈ? ૩૬ કલાક રહ્યા. ભાઈ! પંડિતજી! એ ૩૬ કલાક રહ્યા. ક્યાં ગયા? આ અમારે રહ્યા ધરમચંદભાઈ. ખંડવા. હાજર હતા ત્યારે. બહુ દુઃખે. હું જોઈને અંદર ગયો સ્વાધ્યાય મંદિરમાં. એણે ઈંજેક્શન આપ્યું. એમ કે આ બહુ દુઃખી થાય છેને. બસ, ઈંજેક્શન દીધા ભેગુ બંધ થઈ ગયું. દેહ છૂટી ગયો. આ ધરમચંદભાઈ. ગયા હતા એનું દુઃખ મટાડવા. ૩૬ કલાકથી એમને એમ. એને એમ કે ઈંજેક્શન દઈએ તો જરી (દુઃખ ઓછું થાય). ઈંજેક્શન દીધા ભેગો દેહ છૂટી ગયો. એ સ્થિતિ જ એમ થવાની હતી.

**શ્રોતા :-** દુઃખ મટાડવા આવ્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો અભિપ્રાય બીજો હતો, પણ એની સ્થિતિ એવી થવાની છે. એ પરમાણુની પર્યાય અહીંયાં રહેવાની ન હોય શ્વાસ. શ્વાસ અહીં ચાલતો હતો એ અહીં રહેવાનો નહોતો. શ્વાસ બહાર નીકળી જાય. આહા..હા..! આ શ્વાસ ક્યાં તારી ચીજ છે? અને તારી ચીજમાં ક્યાં શ્વાસ છે? શ્વાસમાં તું ક્યાં છો? આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીંયા કહે છે. એ ગુજરી ગયા ૩૬ કલાકમાં. અમે જોવા ગયા હતા. અહીંયાં મકાન હતું. પછી અમે નીકળી ગયા પછી અહીં આવ્યા ત્યાં ખલાસ થઈ ગયા. એ તો સ્થિતિ એ સમયે પરમાણુની પર્યાય છૂટવાને લાયક હતી તે છૂટી છે. કોઈ બીજું કોઈ ઈંજેક્શન આપ્યું માટે છૂટ્યું એમ કાંઈ નથી. આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્ત હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તે શું કર્યું? એ તો કહે છે. એ પરમાણુની ક્રિયા છે એ ક્રિયા ક્રિયાવાનથી ભિન્ન નથી. ક્રિયા ક્રિયાવાનથી ભિન્ન નથી. જેમ ક્રિયા એ પરિણામ છે, પરિણામ એ ક્રિયાથી ભિન્ન નથી, એમ સર્વ દ્રવ્યની ક્રિયા કર્તાથી ભિન્ન નથી, અભિન્ન છે. આહા..હા..! છે? '**બધીયે ક્રિયાવાનથી** (દ્રવ્યથી) **ભિન્ન નથી.**' આહા..હા..!

'**જે કોઈ ક્રિયા છે...**' ભાષા દેખો. અનંત પદાર્થમાં જે કોઈ વર્તમાન સમયમાં પર્યાયનું પલટવું પર્યાયમાં થાય છે એ '**બધીયે ક્રિયાવાનથી** (દ્રવ્યથી) **ભિન્ન નથી.**' આહા..હા..!

મહાસિદ્ધાંત તો જુઓ, કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય જગતને જાહેર કરે છે, ભાઈ! તત્ત્વની શ્રદ્ધા કર. એ શ્વાસની ક્રિયા તું કરી શકતો નથી અને ઊંચે ચડે તો રોકી શકતો નથી અને નીચે જાય તો લાવી શકતો નથી. આહા..હા..! તો શું કરી શકે હવે? જ્યારે શ્વાસની ક્રિયા ન કરી શકે. આ મોટા દુનિયાના વેપાર અને ધંધા. પાટણીજી! નહિ? સંચો ચલાવે છેને તમારો દીકરો. આ અમારે શેઠિયા. સંચા મોટા છે અમારે પોપટભાઈને. લાદીના, ફલાણાના ને ઢીંકણાના. એ કહે છે કે એની ક્રિયા જે સમયે જે પરમાણુની પલટવાની થાય છે એ ક્રિયાથી તે ક્રિયાવાન પદાર્થ ભિન્ન નથી. આહા..હા..! અર્થાત્ ભિન્ન પદાર્થથી એ ક્રિયા થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અભિન્ન વસ્તુ છે. આહાહા..! છે?

**'ક્રિયાવાનથી ભિન્ન નથી. આમ, વસ્તુસ્થિતિ જ...'** જુઓ ભાષા. આમ વસ્તુની મર્યાદાથી જ. પોતાના પદાર્થની જે પરિણતિ પોતામાં છે એ પરથી નથી એવી વસ્તુની મર્યાદા છે. આહા..હા..! એવી વસ્તુની હદ છે. એ પોતાની પર્યાયમાં પરની પર્યાય પ્રવેશ કરે એવી વસ્તુની સ્થિતિ નથી. દરેક પદાર્થની પરિણતિની વર્તમાન પર્યાયમાં બીજી પર્યાય પ્રવેશ કરીને બદલી નાખે એવી વસ્તુસ્થિતિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બે શબ્દ કહ્યા છે. **'આમ, વસ્તુસ્થિતિ જ...'** આહા..હા..! એકાંત થઈ ગયું આ તો. કથંચિત્ પરથી અને કથંચિત્ વસ્તુસ્થિતિથી એમ નહિ? સ્યાદ્વાદ માર્ગ છેને? પોતાની પર્યાયથી પોતાની પર્યાય થાય છે, પરની પર્યાયથી નહિ એનું નામ અનેકાંત છે. પોતાથી પણ છે અને પરથી પણ છે અને પરની ક્રિયા પણ હું કરું છું એ અનેકાંત નથી, એ તો એકાંત ફુદડીવાદ થયો. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છે. રોટલીનો ટૂકડો થાય છે એ પરમાણુની ક્રિયા છે. આંગળીએ ટૂકડો કર્યો એમ નથી. આહા..હા..! એ રોટલીનો ટૂકડો થાય છે તે એ સમયની પરમાણુની પલટવાની ખંડ થવાની ક્રિયા છે. એ ક્રિયાવાન જે પરમાણુ, એનાથી એ ક્રિયા ભિન્ન નથી અર્થાત્ ભિન્ન પદાર્થે એ પલટવાની ક્રિયા કરી છે એમ નથી. આહા..હા..! ભેદજ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'(અર્થાત્ વસ્તુની એવી જ મર્યાદા હોવાને લીધે)...'** ભાષા જુઓ, આહા..હા..! કોઈના ઘરમાં બીજો પ્રવેશ કરે એવી મર્યાદા જ નથી. એમ પોતાની પર્યાયમાં બીજી પર્યાય પ્રવેશ કરે કે બીજી પર્યાયથી એ પર્યાય થાય એવી વસ્તુની મર્યાદા જ નથી. આહા..હા..! કુંભારથી ઘડો થાય એ વસ્તુની મર્યાદા જ નથી. એ ઘડાની પર્યાય માટીથી થઈ છે અને એ પલટીને જે પરમાણુની પર્યાય થઈ એ ક્રિયા પરિણામસ્વરૂપ છે. એ પરિણામસ્વરૂપ પરિણામ ક્રિયાથી ભિન્ન નથી અને એ પરિણામ દ્રવ્યથી ભિન્ન નથી. એ બધી ક્રિયા ક્રિયાવાનથી ભિન્ન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ માર્ગ પ્રભુનો. વસ્તુનો માર્ગ એવો છે. ભગવાને કહ્યો એમ નહિ, જેવો હતો એવો કહ્યો છે. આહા..હા..!

કહે છે, **'(વસ્તુની એવી જ મર્યાદા હોવાને લીધે)...'** અનંત પરમાણુ, એક પરમાણુની

પલટવાની ક્રિયાના પરિણામ એ પરિણામસ્વરૂપ છે અને એ પરિણામ પરિણામી પદાર્થથી ભિન્ન નથી અને એવી બધી જ ક્રિયા પરમાણુની એ બધી ક્રિયાના ક્રિયાવાન જે પરમાણુ છે એનાથી એ ક્રિયા ભિન્ન નથી. આત્મા કરી શકે, બે ટૂકડા કરી શકે કે દાંત હલાવી શકે કે આ કરી શકે એવી આત્માની મર્યાદા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રોટલી હાથથી લે અને ટૂકડો કરે અને દાળમાં બોળે અને પછી સંભાર. સંભાર, શું કહે છે? ચટણી. તો એ આત્મા કરે છે એમ વાત છે નહિ, એમ કહે છે.

**શ્રોતા** :- આત્મા ન કરે પણ હાથ તો કરેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હાથ પણ ન કરે. હાથ બીજું દ્રવ્ય છે, એ પરમાણુની ક્રિયા બીજું દ્રવ્ય છે. વસ્તુની મર્યાદામાં એ પર્યાય પોતાથી કરે છે.

**શ્રોતા** :- પ્રત્યક્ષ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સંયોગી દૃષ્ટિવાળા સંયોગથી દેખે છે, પણ સ્વભાવની દૃષ્ટિવાળા સ્વભાવથી જોવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- એટલે સંયોગથી દેખનારા..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મિથ્યાદૃષ્ટિ છે સંયોગથી દેખનારા. એ વસ્તુની મર્યાદા તોડી નાખે છે એમ કહે છે.

**શ્રોતા** :- ભગવાને તો ઉપદેશ દીધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉપદેશ દીધો એ પણ વ્યવહારથી કથન છે. વાણી વાણીને કારણે નીકળી છે. જ્ઞાન નિમિત્ત છે વાણીમાં. વાણીનો ઉત્પાદ પર્યાય વાણીથી થયો છે.

**શ્રોતા** :- ભગવાનથી વાણી થાય છે એમ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો નિમિત્તનું કથન છે. એ તો કહ્યુંને, ધવલમાં છે. એમાં નાખ્યું છે ખાણિયા ચર્ચામાં. એ તો જ્ઞાન.. એમ છે કે.. એ તો કહ્યું હતું કાલે કે લોકાલોક છે એ કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. એનો અર્થ શું? એ કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકથી થઈ છે? અને કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકમાં નિમિત્ત છે. તો નિમિત્તમાં ભાષા કરે એમાં જ્ઞાન નિમિત્ત છે. લોકાલોકમાં આવું ગયુંને એ બધું? આખા લોકાલોકમાં કેવળજ્ઞાન નિમિત્ત છે અને કેવળજ્ઞાનમાં આખો લોકાલોક નિમિત્ત છે. હવે ભાષા થાય છે તો લોકાલોકમાં આવી ગયું એ. તો જ્ઞાન નિમિત્ત છે. એનો અર્થ? ભાષાને કાળે પોતાની પર્યાય ઉત્પન્ન થઈ છે, ભાષા નિમિત્ત છે. નિમિત્તનો અર્થ શું? એનાથી થઈ છે? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ભાષા તો એનું જ્ઞેય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જ્ઞેય પણ પરજ્ઞેય છે. સ્વજ્ઞેય તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ તો કહ્યું હતુંને ત્યાં. પહેલા આવી ગયુંને આપણે ૭૫માં. જે આત્માના જ્ઞાન પરિણમનમાં

રાગ નિમિત્ત છે એવા જે જ્ઞાનપરિણામ પોતાના એ પોતાનું કાર્ય છે, રાગ પોતાનું કાર્ય નથી. એ તો અંદરમાં લઈ ગયા. અને પોતાની પરિણતિ જ્ઞાનની પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી એ પરિણતિ સ્વને જાણે છે અને રાગને જાણે છે, તો રાગ છે એટલે રાગને જાણે છે એમ નથી. એ તો પોતાના સ્વપરપ્રકાશકના સામર્થ્યથી પર્યાયને જાણે છે. એમ કહીને જ્ઞાનની પરિણતિમાં ધર્મીજીવને રાગ નિમિત્ત છે, છતાં આત્મા જ્ઞાનની પરિણતિને જાણે છે, રાગને નહિ. કાલે બતાવ્યું હતુંને? કાલે બતાવ્યું હતું. સમજાણું કાંઈ? ૭૫ ગાથા. આહા..હા..! જુઓ તો ખરા. આહા..!

પોતાની જ્ઞાનની પર્યાય ક્રિયા જે છે એ પરિણમન છે, પર્યાય છે અને એ પરિણમન દ્રવ્યથી અભિન્ન છે. તો એ પર્યાયનો કર્તા દ્રવ્ય છે. એ પર્યાયનો કર્તા નિમિત્તકર્તા છે, એમ છે નહિ. આહા..હા..! મોટી ગડબડ. મૂળમાં ભૂલ. એવું આવ્યુંને આપણે? પુસ્તક એ ઉપાદાન-નિમિત્ત. ઉપાદાન-નિમિત્તના વ્યાખ્યા થયા હતાને? (સંવત) ૨૦૦૨ની સાલમાં થયા હતા. પછી એ પરમેષ્ઠીદાસ છેને લલિતપુરવાળા. એણે કહ્યું કે એનું નામ 'મૂળમાં ભૂલ' રાખો, 'મૂળમાં ભૂલ'. આપણે પુસ્તક હિન્દી આવ્યું છેને. આવ્યું છે. 'મૂળમાં ભૂલ.'

કેમકે પ્રત્યેક પદાર્થની... એટલી વાત છે. જુઓ ભગવાન! સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં તો એમ લીધું છે કે પ્રત્યેક પદાર્થની તે સમયે થવાવાળી પર્યાય એની કાળલબ્ધિથી થઈ છે. એની ક્ષણ છે તો થઈ છે, નિમિત્તથી થઈ છે એમ નથી. એક વાત. પ્રવચનસારની ૧૦૨ ગાથામાં કહ્યું કે દરેક દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ છે, ઉત્પત્તિનો કાળ છે તો ઉત્પન્ન થઈ છે, નિમિત્તથી નહિ, પૂર્વની પર્યાયથી નહિ, ઉત્તરપર્યાયથી નહિ, દ્રવ્ય-ગુણથી નહિ. આહા..હા..! પ્રવચનસાર—વીતરાગની દિવ્યધ્વનિનો સાર. આહા..હા..! સમજાણું કાંઈ? બે. અને ત્રીજી વાત અહીંયાં (ચાલે છે). આવી વાત તો ઘણા શાસ્ત્રમાં છે. પ્રત્યેક પદાર્થ... આહા..હા..! પલટતી અવસ્થા જોઈને બીજું નિમિત્ત આવ્યું તો પલટી એ વાતનો ખેદ કરવા આ વાત કરી છે. ખેદ સમજ્યા? નિષેધ. એમ છે નહિ. આહા..હા..!

જુઓ, આ લાકડી છે. હવે આ લાકડીની પર્યાય આમ ઊંચી થઈ. જુઓ. પલટીને? તો પલટી એ ક્રિયા થઈ. તો ક્રિયા એના પરિણામથી ભિન્ન નથી અને એ પરિણામ પરમાણુથી ભિન્ન નથી. તો એ બધી ક્રિયાનો કરનાર પરમાણુ છે, આંગળી નહિ. આત્મા તો નહિ પણ આ આંગળીએ આમ ઊંચું કર્યું એમ પણ નહિ. આવ્યું કે નહિ? જુઓને, '**જે કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી ભિન્ન નથી.**' બધીયે ક્રિયા ક્રિયાવાનથી ભિન્ન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રોટલી તાવડીમાં ઊની થાય છે એ ક્રિયા પરમાણુની ઉષ્ણ થવાની પર્યાયને કાળે ઊની થાય છે, તવાથી નહિ, અગ્નિથી નહિ. આહા..હા..! રોટલીને ફેરવે છેને? આમથી આમ ફેરવે, તો એ ફેરવવાવાળા હાથ છે માટે ફરે છે એમ નથી. ઈ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ પ્રભુનો! અહીં તો કહ્યુંને, '**વસ્તુની એવી જ મર્યાદા**

હોવાને લીધે...' આહા..હા..! હવે વિશેષ.

**'ક્રિયા અને કર્તાનું અભિન્નપણું...'** પ્રત્યેક પદાર્થની વર્તમાન પરિણતિની ક્રિયા એનો કર્તા દ્રવ્યથી **'અભિન્નપણું (સદાય) તપતું હોવાથી,...'** હિન્દીમાં એવો અર્થ કર્યો છે. સંસ્કૃતમાં 'प्रतपत्यां' છે. ગુજરાતીમાં 'તપતું' એવી ભાષા લીધી છે. એટલે દરેક પદાર્થની પોતાની પર્યાય પોતાથી તપતી નામ પ્રતપ થાય છે, પરથી બિલકુલ નહિ. નિમિત્તથી થાય છે એમ વાત નથી. આહા..હા..! ભારે આવી વાત છે. ઘડાની પર્યાય પરિણમનરૂપ ક્રિયા છે એ ક્રિયાવાન માટીથી ભિન્ન નથી. એ માટી ઘડાની પર્યાયનો કર્તા અને ઘડો એની પર્યાય કાર્ય. કુંભાર નિમિત્તકર્તા છે તો માટી આમ થઈ, પિંડ આમ થાય છે, ઘડો આમ થાય, આંગળી અડે છે તો આમ થાય છે, બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? બીજી વાત. આ હાથ છે જુઓ,

**શ્રોતા :-** પંડિતજી એમ કહે છે પ્રત્યક્ષ દેખાય છેને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું દેખાય છે? કહ્યુંને કે સંયોગથી જોવે છે માટે પ્રત્યક્ષ દેખાય છે. જુઓ, આ શરીર છે લ્યો. આ ખાડો પડ્યો એ આંગળીથી નહિ.

**શ્રોતા :-** બધા તો જોવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ જોવે છે? સંયોગથી જોવે છે. એનાથી જુઓ તો એનાથી થયું છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમજાય તો છે પણ રુચતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમજાય છે એ રુચે તો જ સમજાયું કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..!

એ પરમાણુની પર્યાય આમ આમ થાય છે. સમજાણું કાંઈ? તો એ ક્રિયાથી ક્રિયાવાન ભિન્ન નથી અને એવી ક્રિયા સદાય પોતાની મર્યાદાથી થઈ છે. વસ્તુની મર્યાદા એવી છે. એમ તપે છે. વસ્તુ પોતાની પર્યાયમાં છે. પર્યાયનો કર્તા વસ્તુ છે એમ તપે છે. એવી તપતી ચીજ નામ પ્રગટ થવાને લાયક એવી તપતી બધી ચીજ છે. આહા..હા..! ગજબ વાત છે. શીશપેન છેને, શીશપેન કહે છેને? અક્ષર લખાય છે તો એ શીશપેનથી નહિ. એ પર્યાય ભિન્ન છે, શીશપેનથી ભિન્ન છે. જે અક્ષર લખાય છે એ અક્ષરના પરમાણુ એ પર્યાયરૂપ થઈને અક્ષર થયા છે. એ પર્યાયની ક્રિયા અક્ષરથી અભિન્ન છે. એ પર્યાયની ક્રિયા આંગળીએ કરી છે, શીશપેને લખ્યું છે એમ નથી. આહાહા..! આવી વાત છે.

**શ્રોતા :-** કુંદકુંદાચાર્યે તાડપત્ર ઉપર શાસ્ત્ર લખ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લખ્યા છે એ એમણે નથી લખ્યા. આવ્યું છે છેલ્લા શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે.

**શ્રોતા :-** શું આવ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવ્યું છે જુઓ, છેલ્લે આવ્યું છે. '**પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (-યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ...**' છે? શ્લોક છે ૨૭૮. ૨૭૮ શ્લોક છેલ્લો. અમૃતચંદ્રાચાર્ય કહે છે કે '**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै-**' '**પોતાની શક્તિથી જેમણે...**' એટલે શબ્દે. શબ્દે '**પોતાની શક્તિથી જેણે વસ્તુનું તત્ત્વ સારી રીતે કહ્યું છે એવા શબ્દો...**' શબ્દોએ વસ્તુની સ્થિતિ કહી છે, મેં નહિ. છે પુસ્તક? સમયસાર જુઓ, કાંઈ કર્તવ્ય નથી. હજી પાછળ આવશે. '**એવા શબ્દોએ...**' '**इयं समयस्य व्याख्या**' '**આ સમયની વ્યાખ્યા (-આત્મવસ્તુનું વ્યાખ્યાન અથવા સમયપ્રાભૃતશાસ્ત્રની ટીકા) કરી છે;...**' શબ્દે કરી છે, મેં નહિ. હું તો આત્મા છું. છે? '**સ્વરૂપગુપ્ત...**' હું તો જ્ઞાનમાં છુંને. હું અક્ષરમાં ક્યાં આવ્યો છું? હું તો જ્ઞાનમાં છું, એ અક્ષરમાં ક્યાં આવ્યો છું? અક્ષર પરમાણુની સ્કંધની પર્યાય છે. અક્ષરમાં એક અક્ષરમાં અનંત પરમાણુનો સ્કંધ છે. સ્કંધ પિંડ છે. એવી પર્યાયમાં હું જ્ઞાનસ્વરૂપ પોતે એમાં ક્યાં આવ્યો છું? સમજાણું કાંઈ? આહા..હા..! છે?

'**સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરીનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી.**' દેખો, '**किञ्चित् एव कर्तव्यम् न अस्ति**' '**કાંઈ જ કર્તવ્ય નથી.**' આહા..હા..! સમજાણું કાંઈ? અને આ પ્રવચનસાર છેને, જુઓ એમાં. '**(ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે,...**' શબ્દરૂપે પુદ્‌ગલ પરિણમે છે. પ્રવચનસારમાં છેલ્લે. સમજાણું કાંઈ? ૨૧ કળશ છે છેલ્લો. આહા..હા..! '**આત્મા તેને પરિણમાવી શકતો નથી,...**' ભાષાની પર્યાયરૂપે શબ્દ પરિણમે છે. હું પરિણમાવી શકતો નથી. આહા..હા..! હું ભાષા બોલી શકતો નથી. વસ્તુની સ્થિતિમાં હું ક્યાં આવ્યો એમાં? આહા..! '**તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી-સમજાવી શકતા નથી)...**' એ બીજી વાત. એને જે જણાય છે એના શબ્દએ એ એની જ્ઞાનની પર્યાયને કરી એમ નથી. શબ્દની પર્યાય મેં કરી નથી, શબ્દએ તારી જ્ઞાનની પર્યાય કરી નથી. આહા..હા..! હવે આ બધા વાંધા ઉઠે. વસ્તુની મર્યાદા ન દેખે તો શું થાય?

**શ્રોતા :-** આ વાંધા તો અનાદિના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનાદિના છે. વાત સાચી. આહા..હા..!

છે? '**સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી-સમજાવી શકતા નથી) આત્માસહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે—એમ મોહથી જનો ન નાચો.**' મિથ્યાત્વથી એમ ન કરો. આહા..હા..! મેં શબ્દ કર્યા અને શબ્દથી તને જ્ઞાન થયું એમ ન માનો. આહા..હા..!

**શ્રોતા :-** લઘુતા બતાવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ લખ્યું છે કળશટીકામાં. મહાપુરુષે લઘુતા બતાવી, પણ લઘુતા નહિ, કરી શકતા જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કોણ વ્યાખ્યા કરે, કોણ ભાષણ દઈ શકે? પ્રભુ! તારી ક્રિયા નહિ. આહા..હા..! શબ્દની પર્યાય ભાષાએ કરી છે, મેં નહિ અને શબ્દ તારા કાનમાં પડ્યા અને જ્ઞાન થયું એમ પણ નથી. સમજાણું કાંઈ? આહા..! અને એ વાણીની ગૂંથણી વ્યાખ્યા (એ શબ્દથી થઈ છે). આહા..હા..! શું કહે છે?

**'આત્માસહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા છે—એમ મોહથી જનો ન નાચો.'** મિથ્યાભ્રમથી એવું પરિણમન ન કરો. આહા..હા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વથી ન નાચો. ભ્રમણા એવો ભ્રમ ન કરો. કેમ? કે તારી જે જ્ઞાનની પર્યાય એ સમયે પરિણમન થઈને થઈ છે એ ક્રિયા તો તારી છે. આત્મા એ ક્રિયાનો કર્તા છે, એ ક્રિયાનો કર્તા વાણી નથી. આહા..હા..! વર્તમાન સાંભળવામાં જે જ્ઞાન થાય છે એ વાણીથી જ્ઞાન નથી થતું, એમ કહે છે. આહા..હા..! આ પ્રવચનસાર છે. ભગવાનની દિવ્યધ્વનિનો સાર આ છે. આહા..હા..! વસ્તુસ્થિતિ એવી છેને, ભગવાન! આહા..! વસ્તુસ્થિતિ એવી છે. ઝઘડા કરે તો કરો, વસ્તુ તો આવી છે. વસ્તુ એવી છે કદી બદલાતી નથી. પરથી બદલાતી નથી અને પરથી થતી નથી. આહા..હા..! આવી ગંભીર સ્થિતિ. આહા..હા..! આ ચશ્મા છે નીચે, તો એ આત્મા કરી શકતો નથી. આંગળીથી પણ આમ થતા નથી.

**શ્રોતા** :- ચશ્મા છે તો વંચાય છે, કાઢી નાખો તો (વંચાતું નથી).

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ વાંચે? એ તો પોતાની જ્ઞાન પર્યાયથી જ્ઞાન થાય છે. શું શબ્દથી થાય છે? સામે શબ્દ પડ્યા છે તો જ્ઞાનપર્યાય થાય છે? એ તો પહેલાં કહ્યું કે હું વ્યાખ્યાતા અને તને પર્યાયમાં જ્ઞાન થયું, એમ ન નાચો પ્રભુ. આહા..હા..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ કહે છે. એ હુકમચંદજી બહુ લગાવે છે ચારેકોર. ૧૦-૧૦ હજાર માણસમાં છોકરાઓને હુકમચંદજી બહુ કરે છે. જ્ઞાનચંદજી તો ત્યાં જવાના છે--જબલપુર. પહેલા કો'ક કહેતું હતું કે લલિતપુર જવાના છે. આપણે જ્ઞાનચંદજી છેને. જબલપુર ત્યાં ૨૦ દિવસ ક્લાસ ચાલવાના છે. હરિચંદભાઈ છેને? હરિચંદ શેઠ, જબલપુર, શેઠ છેને. એ માણસ બહુ મધ્યસ્થ છે. એને પ્રેમ છે. ત્યાં જવાના છે. પહેલા એમ કહેતા હતા લલિતપુર જવાના છે. એવું કાંઈક સાંભળ્યું હતું હોં. સાંભળ્યું હતું.

**શ્રોતા** :- જેમ આપની આજ્ઞા થાશે તેમ કરશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હું કોઈને કહેતો નથી. હું કોઈને કહેતો નથી કે અહીંયા આવો કે જાવ. મેં કદી કહ્યું નથી કે આ મંદિર બનાવો, આગમ બનાવો એમ મેં કદી કહ્યું નથી.

**શ્રોતા** :- એની મેળે બની ગયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની મેળે બને છે. કદી કોઈને એમ નથી કહ્યું કે અહીંયા પૈસા આપો પાંચ-પચાસ, તમે મોટા ગૃહસ્થ છો. બિલકુલ નહિ. આવે છે કરોડો. સમજાણું કાંઈ? એ પર્યાય આવવાની હોય તો પર્યાય પોતાની ક્રિયાથી આવવાની હોય તે આવે છે. બીજાથી આવે છે? આહાહા..! સમજાણું કાંઈ? બહુ વાત ઝીણી, ભગવાન! તારી ચીજની પરિણતિ તારામાં થાય છે. એમાં બીજા કોઈ નિમિત્તનો અધિકાર છે નહિ. હો, નિમિત્ત હો, પણ એનો અધિકાર નથી. સમજાણું કાંઈ? પણ આ બધા લગાવે છે સમંતભદ્રનું. બાહ્ય-અભ્યંતર. એ બધા લગાવે છે. એ તો પ્રમાણનો વિષય છે. અભ્યંતર અને બાહ્ય. અભ્યંતર નિશ્ચયનો વિષય, બાહ્ય વ્યવહારનો—નિમિત્તનો. બેનું પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. પણ પ્રમાણજ્ઞાનમાં પણ પોતાથી પર્યાય થાય છે એવો નિશ્ચય તો અંદરમાં રાખ્યું છે. એ ઉપરાંત નિમિત્તનું જ્ઞાન કરાવવા બાહ્ય કહ્યું. બાકી છઠ્ઠા અધ્યાયમાં, ધવલ. ધવલના છઠ્ઠા ભાગમાં કહ્યું હતું તે દી બંસીધરજીને ૧૩ની સાલમાં. બંસીધરજી, આ ઈંદોરવાળા. આવે છે છઠ્ઠા ભાગમાં.

બધાનું અભ્યંતર કારણથી કાર્ય થાય છે. અંતરગ કારણ. એવો પાઠ છે. અંતરંગ કારણથી કાર્ય થાય છે, બાહ્યને કારણે નહિ, એવો પાઠ છે. ધવલમાં એવો પાઠ છે. આ તો નિશ્ચયનો ગ્રંથ છે. સર્વ અભ્યંતર કારણથી કાર્ય થાય છે, બધાનું. એવો નિર્ણય કરો. ત્યારે અહીંયાં સમંતભદ્રચાર્યે કહ્યુંને? એ અભ્યંતર કારણથી થાય છે એમ રાખીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે પ્રમાણમાં; અને ખરેખર તો પ્રમાણમાં બે આવ્યા છે તો પ્રમાણ પોતે વ્યવહારનયનો વિષય છે. એય પંડિતજી! શું કહ્યું? પ્રમાણ વ્યવહારનયનો વિષય છે. કેમકે પ્રમાણમાં બે આવ્યાને. પોતાથી થાય છે અને નિમિત્ત આવ્યું જોડે. તો એ પ્રમાણ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ?

૧૧મી ગાથામાં ઈ કહ્યું છે. આત્મા રાગને જાણે એ વ્યવહારનયનો વિષય છે. પ્રમાણમાં આત્મા રાગને જાણે છે એ સદ્ભુતવ્યવહારનયનો વિષય છે. આહા..હા..! પોતે પોતાને જાણે એ યથાર્થ નયનો વિષય છે. આહા..હા..! ચાર કહ્યાને ૧૧મી ગાથામાં? **'ववहारोऽभूदत्थो'** તો વ્યવહારના ચાર બોલ છે અધ્યાત્મમાં. સદ્ભુતવ્યવહાર ઉપચાર, સદ્ભુતવ્યવહાર અનુપચાર, અસદ્ભુતવ્યવહાર અનુપચાર, અસદ્ભુતવ્યવહાર ઉપચાર. એ ચારેયનો નિષેધ કર્યો છે. અસદ્ભુતવ્યવહાર એ થયો. પરને જાણે છે એ સદ્ભુત વ્યવહાર છે. એને ઊડાડી દીધો. એ અભૂતાર્થ છે. આહા..હા..!

એ તો કહ્યુંને ૭૫ ગાથામાં કે પોતાના જ્ઞાનમાં પોતાની પરિણતિ પોતાથી થાય છે. એમાં રાગ નિમિત્ત હો. એ રાગ સંબંધી રાગનું જ્ઞાન એ પોતાનું કાર્ય છે અને એ જ્ઞાન રાગનું નથી, છે તો પોતાનું; પણ પોતાના જ્ઞાનમાં પોતાના ઉપાદાનથી, પોતાની તાકાતથી સ્વપરપ્રકાશક પર્યાય થઈ એમાં રાગ નિમિત્ત કહેવામાં આવ્યો છે, પણ નિમિત્તથી એ પરિણતિ થઈ એમ નથી અને રાગને જાણે છે એમ નથી. ૭૫માં બતાવ્યું હતું. એ આત્માને જાણે

છે. આહા..હા..! રાગ સંબંધી જ્ઞાનની પર્યાય પોતાથી થઈ છે, એ પર્યાયમાં સ્વપરપ્રકાશક તાકાત છે. સમજાણું કાંઈ? એ ૧૭ ગાથામાં કહ્યું છે, ૧૭-૧૮માં. સદા જ્ઞાનની પર્યાયમાં આત્મા જ સદાય જણાય છે. ૧૭-૧૮ ગાથા. સમજાણું કાંઈ? સદા.. અહીં છેને? આહા..હા..! ઈ પ્રવચનસાર છે. આ સમયસાર.

૧૭-૧૮ છેને? જુઓ, બીજો પેરેગ્રાફ. '**જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી...**' પછી બીજા પેરેગ્રાફમાં. '**પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...**' છેલ્લો પેરેગ્રાફ. જુઓ ખુબી, '**પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...**' દેખો ભાષા, પોતાની જ્ઞાનપર્યાયમાં સ્વપરપ્રકાશનું સામર્થ્ય હોવાથી સદા અજ્ઞાનીને પણ જ્ઞાનની પર્યાયમાં આત્મા જ જણાય છે. આહા..હા..! છે? ૧૭-૧૮. ભાવાર્થ ઉપર. ભાવાર્થ ઉપર. ત્રીજો પેરેગ્રાફ છે. ત્રીજો પેરેગ્રાફ. શું છે? ગુજરાતી છે? હિન્દી છે તો દેખો. ૪૮ પાનું છે. ૪૮ પાનું. અઢી લીટી પછી. મળી ગયું? શું કહે છે?

'**જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...**' આહા..હા..! અનુભૂતિસ્વરૂપ નામ ત્રિકાળી ભગવાન આત્મા '**આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં...**' દેખો, આહા..હા..! આબાળગોપાળ—બાળકથી માંડીને વૃદ્ધ સૌને પર્યાયમાં આત્મા જ જણાય છે. શું કહ્યું જુઓ, '**સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...**' શું કહે છે જરી? આહા..હા..! જ્ઞાનની પર્યાય અજ્ઞાનીની છે, તો એ પર્યાયમાં જાણવાનું સ્વપરપ્રકાશક સામર્થ્ય છે તો એ પર્યાયમાં દ્રવ્યનો જ અનુભવ થાય છે. અજ્ઞાનીને પણ દ્રવ્ય જ જણાય છે, પણ એની દૃષ્ટિ એના ઉપર નથી એટલે માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**સદાકાળ...**' ઈને? '**પોતે જ...**' '**આબાળગોપાળ સૌને...**' આહા..હા..! ગજબ કામ કરે છેને! બાળકથી માંડીને વૃદ્ધ '**સૌને સદાકાળ...**' અનુભૂતિ ભગવાન ત્રિકાળી સ્વરૂપ પોતાની જ્ઞાનપર્યાયમાં એ જ જણાય છે. આહા..હા..! કેમકે પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે તો સ્વ જ અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- અનુભૂતિ અર્થાત્ દ્રવ્ય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ આખી ચીજ. જાણવાવાળી ચીજ આખી એ જ પર્યાયમાં જણાય છે, પણ અજ્ઞાનીને એ તરફ દૃષ્ટિ નથી. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં આબાળગોપાળને સદા સ્વયં આત્મા ત્રિકાળી અનુભૂતિસ્વરૂપ ભગવાન, એ જ્ઞાનની પર્યાયમાં સદા એ જ જણાય છે. ભાવાર્થમાં છે નીચે. ભાવાર્થમાં છે જુઓ.

'**કારણ કે :– પહેલાં તો આત્માને જાણે કે આ જાણનારો અનુભવમાં આવે છે તે હું છું.**' ભાવાર્થની બીજી લીટી. આહા..હા..! '**આત્માને જાણે કે આ જાણનારો અનુભવમાં આવે છે કે તે હું છું.**' છે ભાવાર્થમાં? આહા..હા..! સમજાણું કાંઈ? ફરીથી. જ્ઞાનની પર્યાયમાં સર્વ જીવને આબાળગોપાળ અહીં લીધા છે, ખાસ માણસનું. તિર્યંચ ને એકેન્દ્રિયાદિ નથી લીધા. છે તો એ પણ, પણ અહીં જેની યોગ્યતા છે એવા આબાળગોપાળ (લીધા છે). આબાળગોપાળ—બાળકથી માંડીને વૃદ્ધ સર્વ જીવને '**સૌને સદાકાળ પોતે જ અનુભવમાં...**' આવે છે. ગજબ વાત છે.

**શ્રોતા :–** ...ગોવાળ ચારવા જાય છેને એ ગોપાળનો અર્થ એમ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ તો અહીં આબાળગોપાળ... ગોપાળ એટલે વૃદ્ધ. અહીં એમ લેવું છે. બાળકથી માંડીને વૃદ્ધ એમ. એમ લેવું. આબાળ—બાળકથી માંડીને વૃદ્ધ સમસ્ત. સમજાણું કાંઈ? આબાળગોપાળ. બાળકથી માંડીને ગોપાળ નામ વૃદ્ધ. ગાયનો અર્થ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત હવે. અમરચંદભાઈ! આવી વાત છે.

શું કહે છે? ભગવાન! તારી જ્ઞાનની પર્યાય જે છે એ પર્યાયનો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે. પોતાથી હોં! તો એ સ્વપ્રકાશક જ્ઞાનની પર્યાયમાં સ્વદ્રવ્યનો જ પ્રકાશક છે. અનુભવમાં આત્મા જ આવે છે પર્યાયમાં એમ કહે છે, આહાહા..! પણ દૃષ્ટિ ત્યાં નથી. એમ આવે તોપણ રાગના વશે પડ્યો આત્મા અનાદિથી ઈ રાગને જાણે છે એમ માને છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! ૧૭-૧૮ ગાથા. ચાલે છે. આપણે ત્યાં લીધી હતીને? ફતેહપુર લીધી હતી. આ મુંબઈ લીધી હતી. નહિ? મુંબઈ લીધી હતી. મુંબઈ લીધી હતી. બહુ માણસો દસ હજાર. સાંભળો તો ખરા, પ્રભુ! તારી એક સમયની જ્ઞાનની પર્યાય ભલે અજ્ઞાન હોય, પણ એ પર્યાયમાં તાકાત સ્વપરપ્રકાશની છે. એવો સ્વપરપ્રકાશક હોવાથી એ સ્વ અનુભવમાં આવતો હોવા છતાં સ્વ તરફનું લક્ષ નથી અને રાગ ઉપર લક્ષ છે પર્યાયબુદ્ધિવાળો. આહા..હા..! તો એ 'રાગને જાણું છું' એમ માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! મુંબઈમાં તો ઘણું માણસ. લાલચંદભાઈ બેઠા હતા. લાલચંદભાઈની ઘણી નિર્મળદૃષ્ટિ છે. જરી શ્વાસનું દર્દ છે થોડું.

**શ્રોતા :–** પ્રવચન બંધ કરી દીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બંધ કરી દીધા. પર્યુષણમાં વાંચે છે. પર્યુષણમાં વાંચશે.

**શ્રોતા :–** નિવેદન કર્યું કે સાથે ચાલે તો સારું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, શરીરને ઠીક નથી. આહા..હા..!

શું કહે છે? પ્રભુ! આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા પોતાની વર્તમાન જ્ઞાનપર્યાયમાં બાળકથી માંડીને વૃદ્ધને '**સદાકાળ પોતે જ...**' સદા સ્વયં જ. પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી પર્યાયમાં સદા સ્વયં આત્મા જ અનુભવમાં આવે છે. આહા..હા..! માનતો નથી.

દૃષ્ટિમાં એવું માહાત્મ્ય આવ્યું નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

નિમિત્તથી નહિ, વાણીથી નહિ. સમજાણું કાંઈ? નિમિત્ત અને વાણીનું જ્ઞાન થાય છે. કેમકે સ્વનો અનુભવ થાય છે, તો પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે, તો સ્વ પણ અનુભવાય છે અને પરને જાણવાનું પણ અંદરમાં થાય છે. એ પર્યાયનો એવો ધર્મ છે. આહા..હા..! એક સમયની જ્ઞાનની પર્યાયનું એટલું સામર્થ્ય છે કે એ પર્યાયમાં સ્વપરપ્રકાશકનું સામર્થ્ય હોવાથી પૂર્ણાનંદનો નાથ તે પર્યાયમાં તો એ જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાટણીજી!

પ્રભુ! તારી પર્યાયમાં આટલું સામર્થ્ય છે. જે જ્ઞાનગુણમાં સ્વપરપ્રકાશક સ્વભાવ છે, તો પર્યાયનો પણ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. આહા..હા..! એક સમયની પર્યાયમાં સ્વ આવવું જોઈએ. સ્વ આવે જ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ તે પર્યાયમાં તારી દૃષ્ટિ અંતર્મુખ નથી. પર્યાયમાં અનુભવમાં આવનારો આત્મા, તો આત્મા ઉપર તારી દૃષ્ટિ નથી. પર્યાયબુદ્ધિવાળા પર્યાય અને રાગને દેખે છે, પણ પર્યાયમાં આ આવ્યો અનુભવમાં એને જોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! શું આચાર્યે કામ કર્યું છેને! કેવળજ્ઞાનને પ્રસિદ્ધ કર્યું છે. ભગવાન! તારી એક સમયની પર્યાયમાં સ્વપરપ્રકાશકનું સામર્થ્ય છે કે નહિ? સ્વપરપ્રકાશનું સામર્થ્ય છે કે નહિ? ક્યારે નથી? અજ્ઞાનમાં પણ એક સમયની પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ છે કે નહિ? કે એકલો પરપ્રકાશક સ્વભાવ છે તારો? આહા..હા..! દરેક સમયે તારી પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી જ્ઞાનમાં અનુભવમાં આવવાવાળો ભગવાન છે, પણ તારી દૃષ્ટિ ત્યાં નથી તો તું રાગને અને પર્યાયને જાણે છે એવો ભ્રમ થઈ જાય છે તને. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૯, બુધવાર, તા. ૪-૦૮-૧૯૭૬, ગાથા-૮૫, પ્રવચન નં. ૧૪૬

સમયસાર, ૮૫ ગાથા. અહીંયા એ સિદ્ધ કરવું છે કે પ્રત્યેક પદાર્થ.. અહીંયાં તો કર્મ અને આત્માની સાથે સંબંધ લેવો છે. કેમ? કે આત્મા જેવા પોતાના રાગ-દ્વેષાદિ પરિણામ કરે છે એ જ સમયે કર્મનુ બંધન એવું જ થાય છે. તો કહે છે કે ક્રિયા જે પોતાની રાગાદિની કરી એ તો આત્માની સાથે અભિન્ન છે, પણ એ પ્રસંગમાં જે કર્મબંધન થયું એ ક્રિયા આત્માની નહિ. જ્યારે અંતરમાં જેવા રાગ-દ્વેષ, મિથ્યાત્વાદિ કરે છે એવી જ સામે કર્મબંધનની દશા

થાય છે. એમ હોવા છતાં આત્મા પોતાની પર્યાયનો કર્તા છે, પણ કર્મની પર્યાયનો કર્તા નથી. જો એમ હોય તો બે ક્રિયાવાદી થઈ જાય, મિથ્યાદષ્ટિ થઈ જાય. સમજાણું કાંઈ?

અહીં આવ્યું છે. **'ક્રિયા અને કર્તાનું અભિન્નપણું** (સદાય) **તપતું હોવાથી,...'** તપે છે એમ કહે છે. આહા..હા..! ખરેખર તો એમ વાત છે કે આત્મામાં જે પર્યાય થાય છે એનો અભિન્ન કર્તા આત્મા છે. ખરેખર તો જે પર્યાય છે એનો દ્રવ્યને સંયોગ થાય છે અને પર્યાયનો વ્યય થાય છે એ વિયોગ થાય છે. સંયોગ-વિયોગ આ અપેક્ષાએ. પરની પર્યાય સંયોગી દ્રવ્યમાં, એની પર્યાય પણ એના દ્રવ્યમાં જે પર્યાય થાય એ સંયોગથી છે. સંયોગનો અર્થ? ઈ ત્રિકાળી સ્વભાવ નથી. વર્તમાન પર્યાયના સંયોગસંબંધે એ પર્યાય થઈ અને પર્યાયનો વ્યય થયો વિયોગસંબંધે. વિયોગ. એ વિયોગ. આહા..હા..! ઉત્પાદ એ સંયોગ, વ્યય તે વિયોગ. પંચાસ્તિકાયમાં છે. પહેલાં આવી ગયું છે. ૧૮મી ગાથામાં છે. આહા..હા..!

સંયોગી ચીજ જે છે એની પર્યાય સંયોગી પર્યાય જે અહીંયાં સંયોગી પર્યાય ઉત્પન્ન થઈ, એનો અભિન્ન કર્તા તો આત્મા છે. આહા..હા..! પણ એ સમયે જે સંયોગી દ્રવ્ય જે પુદ્ગલકર્મ બંધાણું અને એ પ્રમાણે જ બંધન થાય છે, છતાં એ કર્મબંધનની પર્યાયનો કર્તા જીવ નથી. આહા..હા..! જ્યારે એમાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વ જેવા થાય છે એવું જ કર્મબંધન દર્શનમોહમાં-ચારિત્રમોહમાં થાય છે, છતાં પરની ક્રિયાના પરિણામનો આત્મા કર્તા નથી, તો પછી બાહ્ય સંયોગ—શરીર, વાણી, ખાવું-પીવું, વેપાર આદિ એ તો બાહ્ય વસ્તુ છે. આ તો અંદર સંબંધવાળી ચીજ છે. સમજાણું કાંઈ? તોપણ કર્મની પર્યાયનો કર્તા આત્મા નથી. એ પરદ્રવ્ય જે શરીર આમ ચાલે છે, વાણી બોલાય છે એની પર્યાયનો કર્તા તો આત્મા નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો કર્મની પર્યાયની વાત કરી છે. છે? **'ક્રિયા અને કર્તાનું અભિન્નપણું** (સદાય) **તપતું હોવાથી,...'** 'प्रतपत्यां' તપે છે. દરેક આત્માની અને પરની પર્યાય એ સમયે પોતાથી તપે છે નામ પોતાથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આ નિમિત્તની તકરાર-ઝઘડો છેને, અહીં ઝઘડો ઊડાડી દે છે. આહા..હા..! રાગ થયો તો કર્મબંધનની પર્યાયમાં નિમિત્ત થયો, નિમિત્ત થયો તો નિમિત્તે એ ક્રિયા કરી કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પહેલાં કહ્યું હતું, નહિ? ૧૦૫ ગાથા. આત્મદ્રવ્ય જે છે એ તો નવા બંધનમાં નિમિત્ત પણ નથી અર્થાત્ એને નવું બંધન થતું જ નથી. શું કહ્યું? જે દ્રવ્ય—વસ્તુ છે એ નવું કર્મ ઉપાદાનથી ભલે થાય, પણ એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિવંત અને દ્રવ્ય, નવા કર્મમાં દ્રવ્ય નિમિત્ત નથી થતું એટલે કે નવું કર્મ એને બંધાતું જ નથી. સમજાણું કાંઈ? જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે.. આહા..હા..! દ્રવ્યસ્વભાવ જેમ નવા કર્મમાં નિમિત્ત નથી.. નિમિત્ત નથી હોં! તો પછી દ્રવ્યસ્વભાવની દૃષ્ટિવંત એ નવા કર્મમાં નિમિત્ત થાય એમ છે જ નહિ. અર્થાત્ નવું કર્મ... એના ઉપાદાનમાં નવા કર્મ બંધાવાની યોગ્યતા પરમાણુમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

દ્રવ્યની દૃષ્ટિનો જેને અભાવ છે અને પુણ્ય અને પાપની પર્યાયનો જે કર્તા છે એ, પર પરિણતિ થાય છે એ એને કારણે, એમાં રાગ-દ્વેષને નિમિત્ત કહેવામાં આવે છે, પણ નિમિત્તથી એ પરિણતિ પરમાં થઈ એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો **'ક્રિયા અને કર્તાનું અભિન્નપણું (સદાય) તપતું હોવાથી,..'** 'પ્રતપત્યાં' સંસ્કૃતમાં છે. **'જીવ જેમ વ્યાપ્યવ્યાપકભાવથી...'** એટલે પોતાની પર્યાય વ્યાપ્ય અને જીવ પોતે વ્યાપક એવા વ્યાપ્યવ્યાપકભાવથી **'પોતાના પરિણામને કરે છે...'** સમજાણું કાંઈ? અહીંયાં વિકારી પરિણામની વાત છે. વ્યાપ્યવ્યાપકભાવથી વ્યાપક નામ કર્તા-દ્રવ્ય-આત્મા અને વ્યાપ્ય જે વિકારી પર્યાય, એ વ્યાપ્યવ્યાપકભાવથી વિકારી પર્યાયનો કર્તા થાય છે. સમજાણું કાંઈ?

**'અને ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે-ભોગવે છે...'** પોતાની પર્યાય વિકારી ભાવ્ય છે-ભોગવવાલાયક, આત્મા ભોક્તા છે. અજ્ઞાનીની વાત છે અહીંયા. સમજાણું કાંઈ? વિકારી પર્યાયનો આત્મા કર્તા છે. કેમકે વિકારી પર્યાય એનું વ્યાપ્ય નામ કાર્ય છે અને વ્યાપક નામ ભગવાન આત્મા એનો કર્તા છે, અજ્ઞાની. આહા..હા..! તે સમયે પોતાની વિકારી પર્યાયનો કર્તા છે અને વિકારી પર્યાય ભાવ્ય નામ ભોગવવાલાયક છે, ભાવક આત્મા ભોક્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેમ જો વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને પણ કરે...'** છે? જેમ પોતાની પર્યાયનું વ્યાપ્યનું કાર્ય આત્મા કરે છે એમ પર-કર્મની પર્યાયનું વ્યાપ્ય--કાર્ય વ્યાપક થઈને કરે તો બે ક્રિયાનો ભાવ થાય છે. બે ક્રિયાનો કર્તા થાય છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મિથ્યાદૃષ્ટિ ભલે થઈ જાય પણ કરી તો શકેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરી શકતો નથી ત્યારે તો મિથ્યાદૃષ્ટિ છે. જૂઠી દૃષ્ટિ કેમ કહ્યું? સમજાણું કાંઈ?

અમારે એક શેઠ હતા એ દૃષ્ટાંત આપતા હતા. દામોદર શેઠ હતા. દૃષ્ટિ વિપરીત હતી. પણ નિવૃત્તિવાળા માણસ, પૈસાવાળા માણસ. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. દસ લાખ રૂપિયા. એટલા તો એ વખતે બહુ થોડા પાસે હતા. એની પાસે ઘણા હતા ૬૦ વર્ષ પહેલાં. એ કહેતા હતા કે જેમ આ છે, જુઓ. સારી ચીજને સ્પર્શવાથી નહિ. આમ કરે તો એ આઘું વયું જશે. જુઓ નિમિત્ત. બહુ ચર્ચા ચાલતી હતીને અમારે. અત્યારે પણ ચાલે છે. એ સ્થાનકવાસીમાં ચાલતી હતી, પછી શ્વેતાંબરમાં આવ્યા, હવે દિગંબરમાં આવ્યા. લલિતપુરમાં થઈને, વળી ત્યાં થવાની છે ભોપાલમાં. આવ્યું છે છાપામાં. ભોપાલમાં પરિષદ થવાની છે. પલટનમાં થવાની છે. પલટન છેને, પલટન? મહારાષ્ટ્ર. એ લખ્યું છે. એ સમયે બનવાનું હોય એ કોણ તોડે?

અહીં તો કહે છે કે આત્મા.. આહા..હા..! પોતાની પર્યાયનો કર્તા હોવા છતાં તે જ સમયે કર્મની પર્યાય તાદાત્મ્યરૂપે અથવા જેવો અહીં વિકાર થાય છે એવી જ ત્યાં પર્યાય

થાય છે, પણ તાદાત્મ્યરૂપે નહિ. આહા..હા..! પોતાની પર્યાયથી એ પર્યાય થઈ. આહા..હા..! જેમ અહીંયાં દયાનો ભાવ થયો મનમાં, તો શાતાવેદનીય એ સમયે બંધાય છે અને તીવ્ર દયાનો બહુ ભાવ થયો તો શાતાવેદનીય ઘણી બંધાય છે. એટલું અહીંયાં નિમિત્તનું જેટલું પ્રમાણ છે એટલા પ્રમાણમાં શાતા આદિનો બંધ છે તોપણ શાતાની પર્યાયનો, શાતાનો જે ભાવ છે એનો કર્તા આત્મા છે, પણ એ ભાવથી શાતાવેદનીય બંધાણી એનો કર્તા આત્મા નથી. આહા..હા..! તો જ્યારે એટલા પ્રમાણમાં, વિકાર જેટલો છે એટલા પ્રમાણમાં બંધન થાય તોપણ એ બંધનની પર્યાયનો કર્તા આત્મા નથી, તો પછી પર શરીર, વાણી, મન, આદિ જે પરદ્રવ્ય છે, સમજાણું કાંઈ? એનો આત્મા કર્તા ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ?

આમ હાથ હેલે છે, હોઠ હલે છે, એ તો એની પર્યાય જડની છે. તો આત્મા પોતાના રાગને પણ કરે અને હાથની અવસ્થા પણ ચલાવે એમ બનતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! રાગને પણ કરે અને વાણીને પણ કરે, હોઠ પણ હલાવી શકે અને રાગ પણ કરે એમ વાત છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** એકસાથે ન કરે પણ એક પછી એક કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક પછી એક કોણ કરે? ધૂળ? એક પછી એક એમાં થાય છે અને એક પછી એક આમાં થાય છે. સૂક્ષ્મ ભાવ છે, ભાઈ! આ લોકોની નિમિત્તની, વ્યવહારની તકરાર એટલી. આહા..હા..! ત્યાં પણ હમણાં ક્યાંક થયું છે મોટું, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહારની ઘણી ચર્ચા થઈ. કરો પ્રભુ! અહીંની વાત છેને. લલિતપુરમાં પાંચની વાત હતી. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધની ઘણી ચર્ચા થઈ. લખ્યું નથી ક્રમબદ્ધનું. આહા..હા..!

અહીં કહે છે કે જેમ આત્મા પોતાની વિકારી પર્યાયમાં વ્યાપ્ત થઈને વ્યાપ્ય ક્રિયાનો કર્તા છે, તે પ્રકારે કર્મ બંધાય છે એટલા પ્રમાણમાં, તોપણ એ ક્રિયાનો આત્મા કર્તા નથી; અને પોતાના રાગનો, હરખ-શોકનો ભોક્તા છે તો કર્મનો પણ ભોક્તા (થાય), અનુભાગ કર્મમાં આવ્યો એને આત્મા ભોગવે એમ છે નહિ. '**विपाको अनुभव**' કહ્યુંને તત્ત્વાર્થસૂત્રમાં?એ તો નિમિત્તનું કથન છે. '**विपाको अनुभव**'. કર્મનો વિપાક છે એ આત્મા ભોગવે છે. આવે છે કે નહિ એમાં? એ વ્યવહારનયનું કથન છે. એમ છે નહિ, પણ પોતાના ભોગવવાના કાળમાં એ પર્યાયનું ભોગવવું એનાથી થાય છે તો એનું ભોગવવું અહીંયાં કહ્યું એ વ્યવહારનું કથન છે. એવી શ્રદ્ધા કરે તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..!

'**તેમ જો વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને પણ કરે...**' પુદ્‌ગલકર્મ એ કર્મની વાત હોં અહીંયાં. '**અને ભાવ્યભાવકથી તેને જ ભોગવે...**' કર્મને. '**તો તે જીવ, પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી...**' પોતાની પર્યાય અને પરની પર્યાય બે (વિભાગ) અસ્ત

થઈ જાય છે. બેનો કર્તા થાય છે તો અસ્ત થઈ જાય છે, સત્ રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! નિશ્ચયથી તો પોતાની વિકારી પર્યાય જે સમયે થાય છે એને સંયોગ કહેવામાં આવ્યો છે. ત્રિકાળી વસ્તુ ધ્રુવ છે એમાં—પર્યાયમાં જે વિકાર થયો તો પર્યાયના ઉત્પાદને સંયોગ કહ્યો. આહા..હા..! અને એ પર્યાયનો વ્યય થયો એને વિયોગ કહ્યો. હવે પરના સંયોગ-વિયોગની તો વાતેય ક્યાં છે? આહા..હા..!

ત્રિલોકનાથ ભગવાન ચિદાનંદ ધ્રુવ, એમાં જે પર્યાય થાય છે તેને અહીંયાં સંયોગ કહ્યો છે. આહા..હા..! તો પરસંયોગની વાત તો ક્યાં રહી? સમજાણું કાંઈ? પરસંયોગની પરિણતિ તો પરસંયોગથી થાય છે. આહા..હા..! કઠણ વાત છે બહુ. સમજાણું કાંઈ? વિકલ્પ ઉઠ્યો કે નાકમાં કફ છે તો આમ કરું. તો કહે છે કે વિકલ્પનો કર્તા ઈ છે, પણ એને આમ કરે એ ક્રિયાનો આત્મા કર્તા નથી. ૠષભજી! આ વાત એમ છે. જુવાનિયાઓએ સમજવી પડશે. આહા..! 'જુવાની તારી ઝોલા ખાય, વૃદ્ધાવસ્થા આવી જાય.' એ તો શરીરની સ્થિતિ છે, એ ક્યાં ભગવાન આત્માની સ્થિતિ છે? આહા..હા..! કહે છે, બળખો કાઢવો છે, બળખો છેને? બળખો કહે છે. આમ થયું એ ક્રિયા (થઈ). વિકલ્પ થયો તો વિકલ્પે એ ખોંખારાની ક્રિયા કરી એમ નથી. સુકૌશલજી! સમજાણું કાંઈ? આહા..હા..! ઈચ્છા થઈ કે થાળીમાં રોટલી છે, દાળ છે, શું કહેવાય? ચટણી છે. ચટણી-ચટણી. ચટણી કહે છેને? ઈચ્છા થઈ તો ઈચ્છાનો કર્તા ઈ છે, પણ ચટણીને ઉપાડવાની ક્રિયા થઈ એનો કર્તા આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને એની ક્રિયા 'મેં કરી' એમ માને તો બે ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે.

**શ્રોતા :–** આ ગાથાને અનુસાર તો એમ જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ગાથાને અનુસાર, બીજી ગાથાને અનુસાર શું છે? બીજે તો નિમિત્તથી કથન આવ્યું કે જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાઈ જાય છે. તો જ્ઞાનાવરણીય પર્યાય પર્યાયમાં થઈ અને હિન થવાની પર્યાય જ્ઞાનાવરણીય પર્યાયથી હિણી થઈ જ્ઞાનની? બે ક્રિયા થઈ જડની. એમ છે નહિ. આહા..હા..! પોતાની પર્યાયમાં જ્ઞાનની હિણી પર્યાયનો કર્તા ભગવાન આત્મા અને એનું એ કર્મ અને અભિન્ન એ ક્રિયા, પણ જ્ઞાનાવરણીય કર્મથી અહીંયાં જ્ઞાન હીણું થયું એમ નથી. એ તો ઘણી ચર્ચા થઈ હતી ત્યાં સમ્મેદશિખર. છેને એ બતાવ્યું હતું. કાનજીસ્વામી એમ કહે છે.. એ રતનચંદજી પ્રશ્ન કરતાં હતા વર્ણીજીના. અહીંયાં છે. પુસ્તક છે ક્યાંક. આ મુખત્યાર. એ પુસ્તક છે ક્યાંક હોં. ક્યાંક છે.

**પ્રશ્ન :–** શ્રી રતનચંદજી મુખત્યાર સરહાનપુર. પ્રશ્ન કર્યો. (સંવત) ૨૦૧૩ની સાલ, ફાગણ માસ, ઈસરીમાં. આવ્યા હતા તમે ત્યાં? પ્રશ્ન કર્યો, 'કાનજીસ્વામી એમ કહે છે, મહારાજ! જ્ઞાનાવરણાદિ કર્મ કાંઈ નથી કરતાં.' આત્માની હિણી અવસ્થા જ્ઞાનાવરણીય નથી કરતું. સમજાણું કાંઈ? 'પોતાની યોગ્યતાથી જ્ઞાનમાં ઓછું-વત્તું થાય છે.' પ્રશ્ન કરે છે. કાનજીસ્વામી એમ

કહે છે કે જ્ઞાનની હાનિ-વૃદ્ધિ પોતાની યોગ્યાતથી થાય છે. કર્મના નિમિત્તથી અહીંયાં જ્ઞાન હિણું થયું અને કર્મ ખસે છે એટલે વિશેષ થયું એમ એ ના પાડે છે. પોતાને કારણે થાય છે. જ્ઞાનમાં હાનિ થાય છે એ પોતાને કારણે થાય છે, પોતાની યોગ્યતાથી થાય છે. કાનજીસ્વામી એમ કહે છે, જ્ઞાનાવરણીય કર્મ કાંઈ નથી કરતું. મહારાજ! શું આ ઠીક છે? આ ૧૯ વર્ષ પહેલાંની વાત છે. ૩૨ થયાને. ૧૩ની સાલમાં.

'ઉત્તર :- ક્ષુલ્લક વર્ણીજી, એ ઠીક છે? તમે જ સમજો કઈ રીતે બરાબર છે? એ બરાબર નથી. કોઈપણ કહે ચાહે, અમે તો કહીએ છીએ કે અંગધારી કહે તોપણ બરાબર નથી.' આ તમે શેઠિયા પછી સાંભળો, તમને ક્યાં અંદર નિર્ણય કરવાના ઠેકાણા છે? આ શેઠિયા હતા. શોભાલાલજી હતા ત્યાં. આ પ્રશ્ન ચાલ્યો હતો. છેને. આવા હજારો પુસ્તકો બહાર પડી ગયા છે. આહા..હા..! અંગધારી પણ કહે તો પણ પોતામાં જ્ઞાનની હિણી દશા જ્ઞાનાવરણીયથી થાય છે. જ્ઞાનાવરણીયની પર્યાય એમાં થઈ અને હિણી પર્યાય પણ કરી એણે. એ પર્યાયે બે ક્રિયા કરી. એમ છે નહિ. માર્ગ આવો છે. શું કરે? ભાઈ! એ પ્રથા જ નહોતી. એ દેવકીનંદન કહેતા હતા. દેવકીનંદન અહીં પંચાધ્યાયી (લઈને) સુધારવા આવ્યા હતા. સુધારવા માટે આવ્યા હતા. ઈ કહે, મહારાજ! આપ કહો છો પણ અમારા બધા પંડિતોનો નિમિત્તાધીનનો અભ્યાસ છે. નિમિત્તથી થાય છે એવો જ અમારો અભ્યાસ છે. સમજાણું કાંઈ? જુઓ, આ કહ્યું. આહા..હા..! 'તમે જ સમજો.' ઓલા કહે, જ્ઞાનાવરણીય કર્મ કાંઈ કરતાં નથી. આ કહે, નહિ, એમ છે નહિ. જ્ઞાનાવરણીયકર્મ જડની પર્યાય છે. એ આત્માની હિણી અવસ્થામાં નિમિત્ત થાય, પણ એનાથી હિણી અવસ્થા થાય એમ નથી. સમજાણું કાંઈ? મોટી તકરાર છે, ભાઈ! અને આ શાસ્ત્ર પરિષદવાળા કહે, જ્યાં ત્યાં બરાબર ઉઠાવો. કોણ ઉઠાવે ને કોણ કરે? ભગવાન! જે પર્યાય જ્યાં થવાની હશે તે થશે.

જેમ જ્ઞાનાવરણીય, તેમ અંતરાય. અંતરાય કર્મનો ઉદય છે, તો વીર્યની હિણી દશા થઈ. વીર્યાંતરનો ઉદય છે તો વીર્યની દશા હિણી થઈ. એમાં વીર્યાંતરાય કાંઈ કરતું નથી, એમ કહે છે. તો કહે નહિ, કાંઈ નથી કરતું એ ખોટી વાત છે. સમજાણું કાંઈ? આવી વાત છે, પ્રભુ! સત્ય તો આમ છે. આ વાત ચાલતી નહોતી એટલે લોકોને નવી લાગી અને વિરોધ કર્યો, પણ એ તો એવી વાત છે, ભગવાન! ભગવાનના શ્રીમુખે આ વાત નીકળી છે. કર્મનો ઉદય જડની પર્યાય છે એ ભગવાન આત્માની હિણી પર્યાયનો કર્તા એ જડની પર્યાય કેમ કરે? સમજાણું કાંઈ? જ્ઞાનની હિણી, હિણી સમજ્યા? કમ. કમજોરીની દશા કે વીર્યની હિણી દશા એ કર્મથી કેમ થાય? કર્મ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને તો પર્યાય અડતી પણ નથી અને પર્યાયને પરદ્રવ્ય અડતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો હજાર પુસ્તક આવ્યા. અને લાલબહાદુર ઈ નાખે છે, જુઓ, વર્ણીજીનું આવું કથન છે. વર્ણીજીના ભક્ત છો તો શું સોનગઢનું આમ માનો છો? ભાઈ! સોનગઢનું નથી, પ્રભુ! વીતરાગમાર્ગનું

આ છે. સમજાણું કાંઈ? શું કરે? એને બેસે નહિ અંદર.

ભાઈ પણ પ્રશ્ન નહોતા કરતાં, પંડિતજી? સમજાય છે પણ રુચતી નથી. એ તો બધાને માટે કહેતા હતા. આ આંગળી પોતાની પર્યાયને કરે છે, જુઓ, પણ આ આમ થઈ એની પર્યાય પણ આંગળીએ કરી? અને આત્મામાં વિકલ્પ ઉઠ્યો કે આ ઊંચું થાય.. તો વિકલ્પનો કર્તા એ અજ્ઞાનીની વાત છે અહીંયાં હોં. જ્ઞાનીને વિકલ્પ થાય એનો એ જાણનાર રહે છે. આહા..હા..! તો જાણવાની પણ ક્રિયા કરે અને રાગની ક્રિયા પણ કરે એમ જ્ઞાનીને નથી અને અજ્ઞાની રાગની ક્રિયા કરે અને પરની પણ ક્રિયા કરે એમ છે નહિ. આહા..હા..! પણ એ તો એને કારણે. પર્યાય તો તે સમયે પોતાની થાય છેને. લ્યો મોરપીંછી અહીંયા છે. એને કારણે ઉઠશે? આને સ્પર્શે તો ઉઠશે, એમ કહેતા હતા સાધુ. એક ક્ષુલ્લક હતા. લ્યો, કાનજીસ્વામી કહે છે કે મોરપીંછી એને કારણે ઉઠે છે. પણ ભાઈ! એની પર્યાયની ક્રિયા છે ઈ એની છે. એ શું આંગળીએ કરી છે? આહા..! અરે..! મોટી (ભૂલ). જડની બે દ્રવ્યની એકતા છે. વાત લાગે થોડી સૂક્ષ્મ પણ છે મોટી ભૂલ એમાં. મૂળમાં ભૂલ. આહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આપે બીજું લગાડી દીધું. .. થાય છે તો યોગ્યતાથી..?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** યોગ્યતાથી જ થાય છે. એટલે ઈ કહે છેને, યોગ્યતાથી થાય એમ તમે માનો છો, પણ કરો છો ક્લાસ વડે—નિમિત્ત દ્વારા એની યોગ્યતા પ્રગટે છે. તમારી વાતમાં ઠેકાણા ક્યાં છે? કહે છેને. અરે.. ભગવાન! આહા..હા..! નિમિત્તનો સંયોગ તો મેળવો છો તમે અને સંયોગથી પરમાં લાભ થાય એવું તો તમે કરો છો અને કહો છો કે નિમિત્તથી પર ઉપાદાનમાં કાંઈ થતું નથી. અરે ભગવાન! તું એમ ન માન, પ્રભુ! સિદ્ધાંત તો સિદ્ધાંત જ છે.

**શ્રોતા :-** એવો કેવો સિદ્ધાંત કે ત્રિકાલી ઉપાદાનથી નહિ, અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય નહીં અને તત્ સમયની યોગ્યતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમયની યોગ્યતા. એ પર્યાય છેને. એમાં આવ્યું છે—આત્મ મિમાંસામાં, યોગ્યતા હી શરણ. ઓલામાં આવ્યું છે. ખાણિયા ચર્ચા. ખાણિયા ચર્ચા. યોગ્યતા હી શરણં. પંડિતજી! યોગ્યતા હી શરણં એમ આવ્યું છે. દરેક દ્રવ્યની તે તે પર્યાયની પોતાની યોગ્યતા એ શરણ છે. પરને કારણે કાંઈ યોગ્યતા થાય એમ છે નહિ. આહા..હા..! એવી વાત છે પણ શું કરે? બે દ્રવ્યનું... એ કહે છે જુઓ.

'**પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતા સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી (નાશ પામવાથી),...**' સ્વપર ભિન્ન છે એનો નાશ થઈ જાય છે, સ્વપર એક થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો...**' પોતાની પર્યાયને પણ કરે અને

પરની પણ કરે. નિમિત્ત છેને એ તો નિમિત્ત છે તો પરમાં કરે છેને? એમ માનનારો '**મિથ્યાદષ્ટિપણાને લીધે સર્વજ્ઞના મતની** બહાર છે.' પાઠમાં છે જુઓ, '**जिणावमदं**' ૮૫ છે એનું ચોથું પદ. '**जिणावमदं**' જિન સર્વજ્ઞનો મત નથી.

**શ્રોતા :-** .. ગાથામાં લખ્યુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવ્યુંને. એ તો કહ્યું.

**શ્રોતા :-** કુંદકુંદાચાર્યે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કુંદકુંદાચાર્યે ખબર નથી કે આ જિનવીતરાગ આમ કહે છે? અમે કહીએ છીએ એમ નહિ. એમ પાછું અહીં તો કહે છે. વીતરાગ સર્વજ્ઞદેવ એની આજ્ઞાથી બહાર માને છે. જિનનો મત નથી, વીતરાગનો મત નથી. છે? પાઠમાં છેને. '**જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા** ઠરે.' આહા..હા..! લ્યો, અમારા શેઠ તો એમ કહે છે કે એક .. એ .. કહે છે. માટીનો પિંડલો. સારું હોય તો એને હલાવવા માટે બધાને મદદ ન કરવી પડે. આટલું આમ કરે તો બધું ચાલે. અહીંયાં પણ આવ્યું, જુઓ, આને આટલું અડે તો ઉપર જાય છે. તો એનાથી થયું કે નહિ પરથી? આવો માર્ગ છે. કહો, પોપટભાઈ! તમારા લાદી-બાદીના કારખાના બધા. હસમુખભાઈ ચલાવે. ઓલા .. બહુ નથી આવડતું. હસમુખભાઈને આવડે. આ લાવ્યા ખરાને ઓલું મશીન. સમજ્યા? એ આવવાનું હતું તો આવ્યું છે. કોઈ લાવી શકે, ક્ષેત્રાંતર કરાવી શકે એવી પર્યાય પરમાં થાય છે એનો આત્મા કર્તા થાય તો મિથ્યાદષ્ટિ છે. જિનાજ્ઞાથી બહાર, સર્વજ્ઞના મતથી બહાર છે. એ સર્વજ્ઞનો મત નથી. આહા..હા..!

**શ્રોતા :-** એકાંત થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યક્ એકાંતનું જ આ કથન છે. સમ્યક્ એકાંત—પોતાની પર્યાયનો કર્તા આત્મા, પરનો નહિ. પર પોતાની પર્યાયનો કર્તા નથી, એમ સમ્યક્ એકાંત થાય ત્યારે નિમિત્તનું અનેકાંતનું જ્ઞાન યથાર્થ થાય છે. નિમિત્ત છે. બસ એટલું. એમ અનેકાંત. પણ એનાથી અહીં થયું અને અહીંથી ત્યાં થયું (એમ નથી). આહા..હા..!

ગોમ્મટસારમાં એમ આવે કે જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે, વીર્યાંતરાયથી વીર્ય રોકાય છે, દર્શનમોહથી મિથ્યાત્વભાવ થાય છે, ચારિત્રમોહથી રાગ-દ્વેષ થાય છે, આયુષ્ય કર્મને કારણે દેહમાં એટલો કાળ આત્માને રહેવું પડે છે, એમ છે જ નહિ. પોતાની પર્યાયની યોગ્યતાથી એટલો કાળ અહીંયા રહે છે, પરને કારણે રહે છે એમ વાત નથી. આહા..હા..! જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, નામ, ગોત્ર લ્યો! આહા..હા..! જેને શાતાનો ઉદય હોય એને લક્ષ્મી મળે છે લ્યો. પુણ્યનો ઉદય હોય તો લક્ષ્મી મળે છે. જુઓ, આ ઉદયથી પૈસા આવે છે, તો નિમિત્તથી આવ્યા કે નહિ? તો એમ કહેવાય કે એના પુણ્ય હતા તો મળ્યા. એ તો નિમિત્તનું કથન છે. પૈસા તો એને કારણે આવ્યા છે. શાતાવેદનીયને નિમિત્ત કહેવામાં આવે

છે. લક્ષ્મી આવે છે, શરીર નિરોગતા થાય છે એ પર્યાયનું પોતાનું કાર્ય છે. એ શાતાવેદનીયથી નિરોગતા થઈ અને શાતાવેદનીયથી લક્ષ્મી આવી (એમ નથી). આહા..હા..!

**શ્રોતા :-** જો મહારાજ! એમ હોય તો પણ અનંતજ્ઞાન, અનંતદર્શન ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ અઘાતિમાં પોતાની પર્યાયનો અભાવ છે.

**શ્રોતા :-** ઘાતિકર્મ રોકે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રોકતા નથી. પોતાના પ્રતિજીવી ગુણની ઊલટી પર્યાયનો ત્યાં દોષ છે. પર બિચારા શું કરે? કર્મ બિચારા શું કરે? આહા..હા..! એ તો આવ્યું નહિ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાઈ.' મોટી ચર્ચા, કર્મ અને આ બે વચ્ચે. અમારે ૭૧ની સાલથી ચાલે છે. ૬૦-૬૧ વર્ષ થયા. બહુ પહેલાં. માનો-ન માનો, કીધું માર્ગ તો એવો છે, ભાઈ! તું એમ કહે કે કર્મે અમને રોક્યા છે. આહા..હા..! એની આર્જિકા હોય છેને સાધુ સ્થાનકવાસીના. તો પહેલાં સ્તુતિ કરે છે. તો એમ કહે, કર્મથી એમ કે મળે છે. શું? ભૂલી ગયા. 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.' એમ બોલે સ્તુતિમાં પહેલાં. શું કહ્યું? 'કર્મે રાજા,...' કર્મને લઈને રાજા થાય છે. એ પણ નિમિત્તનું કથન છે. રાજા પોતાની પર્યાયથી ત્યાં થયો છે. સમજાણું કાંઈ? 'કર્મે રાજા કર્મે રંક...' ભિખારી થાય છે. એ તો નિમિત્તનું કથન છે. અને 'કર્મે વાળ્યો આડો અંક...' કર્મે તો આડો અંક કરી નાખ્યો. ભગવાનને ઊંધા પાડી દીધા. એ બધી વાત છે એમ કહે છે. આહા..હા..!

જુઓ, રામચંદ્રજી જેવા મહાપુરુષ પણ સમકિતી હોવા છતાં ચારિત્રમોહના ઉદયને કારણે સીતાને શોધવા ગયા અને પત્થરને પૂછે છે, અહીંયાં સીતા? અહીંયાં સીતા? પર્વતને પૂછે, અહીંયાં સીતા? એ તો વિકલ્પનો પોતાનો દોષ છે. સમજાણું કાંઈ? તો કહે છે કે વિકલ્પ હતો માટે થયું, પછી વિકલ્પ શાંત થયો; પણ એ તો શાંત પોતાથી થયો છે. વિકલ્પનો અભાવ કર્યો, નિર્વિકલ્પ સ્થિરતા થઈ તો વાત છૂટી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? અને સીતાજીના નૂપુર પગના. દાગીના કહેવાયને? નૂપુર. જ્યારે રાવણ લઈ જતા હતા ત્યારે એણે નૂપુર કાઢીને ફેંકી દીધા હતા. સીતાજીએ ફેંકી દીધા. તો એ નૂપુર હાથમાં આવ્યા, અરે લક્ષ્મણ! આ નૂપુર સીતાજીના છે? લક્ષ્મણ કહે છે, તાત! સીતાજીના પગમાં એકવાર મારી નજર ગઈ હતી. મેં તો સીતાજીનું શરીર પણ જોયું નથી. સાડા બાર વર્ષ જંગલમાં સાથે રહ્યા. લક્ષ્મણ વાસુદેવ. આહા..હા..! આમ તો નરકગામી છે, પણ એની લૌકિક નીતિ કેટલી હતી! પ્રભુ! સીતાજીના નૂપુર ઉપર મારી એકવાર નજર ગઈ હતી પગમાં, હું પગે લાગતો હતો ત્યારે. એ નૂપુર સીતાજીના છે. દાગીના હોયને. એટલી તો જેને (નીતિ). સાડા બાર-બાર વર્ષ જંગલમાં, સીતાજી, રામ અને લક્ષ્મણ ત્રણ. અને લક્ષ્મણ ફૂલ-બુલ લઈ આવે, પથારી કરી આપે, એવી સેવા કરતાં હતા રામચંદ્રજીની. હવે એને સીતાજીનું મોઢું કેવું એની એને

ખબર નથી. કેમકે ભાઈની સ્ત્રી તો માતાતુલ્ય છે. આહા..હા..! તો કહે છે, પ્રભુ! મને ખબર નથી. નૂપુર ઉપર મારી નજર ગઈ હતી પગે લાગતી વખતે. આહા..હા..! હા એ. એ ભાષા આપણને આવડતી નથી. ભાવ આ છે. આ નુપુરમાં .. એમ કહે છે. આહા..હા..! એટલું જીવન નૈતિક જીવન. આહા..હા..! નહિતર વાસુદેવની પદવી તો મોટી હતી. રામચંદ્રજી તો બળભદ્ર હતા. અડધી પદવી હતી. પણ લક્ષ્મણ પોતે જંગલમાં જાય ફૂલ લઈ આવે, પથારી કરે. આહા..હા..! એ ક્રિયા તો પરની ત્યાં થવાની હતી. લક્ષ્મણને વિકલ્પ આવ્યો તેથી એ ક્રિયા થઈ (એમ નથી). ગજબ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે કે જો પોતાની ક્રિયા અને પરની ક્રિયા એક આત્મા કરે એવો જે અનુભવ કરે છે એ મિથ્યાદષ્ટિને લીધે. છે? '**મિથ્યાદષ્ટિને લીધે સર્વજ્ઞના મતની** બહાર છે.' સર્વજ્ઞ જિનવર ત્રિલોકનાથ દેવાધિદેવ એની આજ્ઞાથી બહાર છે. ભલે જૈન નામ ધરાવતા હોય. સમજાણું કાંઈ? કર્મે અમને રોક્યા, અમે રાગ કર્યો તો અમે કર્મ બાંધ્યા, કર્મના કર્તા અમે અને ભોક્તા અમે.. એ આમાં બહુ આવે શ્વેતાંબરમાં. અનાથી મુનિનો અધિકાર છે ઉત્તરાધ્યયન સૂત્ર. ૨૦મો અધ્યાય. એ તો બધું વ્યાખ્યાનમાં ચાલતું હતુંને. એમાં .... આત્મા આત્મા કર્મનો કર્તા અને ભોક્તા આત્મા છે. અહીં એનો નિષેધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા રાગનો પણ કર્તા અને રોટલી ખાવાની ક્રિયાનો પણ કર્તા, એમ માનનાર મિથ્યાદષ્ટિ જૈનમતથી બહાર છે. કહો, પોપટભાઈ! આવું છે.

દુકાને થડે બેઠો હોય. રાગને પણ કરે અને બોલવાની ક્રિયા અને ગ્રાહકને સમજાવવાની ક્રિયા પણ આત્મા કરે. આ જુઓને આ ભાઈને, એમના દીકરાને પગાર મોટો મળે છે લ્યો. સુમનભાઈ છે. માસિક આઠ હજાર રૂપિયાનો પગાર છે. રામજીભાઈના દીકરા છેને. આ તો સાંભળેલું. એની મેળે કેટલાય પછી સરકાર બધા કાપી લેતા હશે. પણ આઠ હજારનો પગાર. ૪૯ વર્ષની ઉંમર છે. એમણે ભણાવ્યા હતા ૩૫ હજાર ખર્ચીને. એ બધી ક્રિયા આત્માએ કરી છે? આહા..હા..! વાત આકરી ભાઈ, બહુ. હું બીજાને ભણાવી શકું છું અને મારાથી પરમાં જ્ઞાનની પર્યાય થાય છે (મિથ્યાભ્રમ છે). આહા..હા..!

**શ્રોતા :-** અનુભવનો લાભ આપું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કે વૃદ્ધો અનુભવનો લાભ જુવાનને આપે છે. જુવાન બહુ કામ ન કરી શકે તો પોતાના અનુભવથી કહી શકે આમ કરો, આમ કરો તમે. ધૂળમાંય નથી. એ તો કરે છે ઈ કરે છે. વૃદ્ધ માણસને બધો અનુભવ હોયને પાપનો. છોકરાઓ કામ કરે એમાં મદદ કરે.

**શ્રોતા :-** પાપમાં મદદ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપમાં મદદ. બીજું છે શું? ભાવ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોટી ચીજ છે આમાં ૮૫ ગાથામાં. રજકણે રજકણની ભિન્ન પર્યાય. એક રજકણ

પોતાની પર્યાયને પણ કરે અને બીજાની પર્યાયને પણ કરે... આહા..હા..! એમ ત્રણકાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? અહીં તો આત્માની વાત કરવી છે. એ તો આત્માની વાત કરી છે. આહા..હા..! બધામાં નિયમ લાગુ પડે છે. આ તો સિદ્ધાંત છે. ચાર પૈસાનું શેર તો મણના અઢી. શું કહે છે? કુચી કહે છેને? એક મણના અઢી રૂપિયા તો ચાર પૈસાનું શેર. શું કહ્યું? એ અમારે કુચી આવતી નિશાળમાં ભણતા ત્યારે. હા, એ અમારે કુચી કહેતા હતા. એક આનાનું એક શેર તો અઢી રૂપિયાનું મણ. સાડી સાડત્રીસ શેર હોય તો સાડી સાડત્રીસ આના. એમાં શું છે? પચ્ચીસ શેર લે તો પચ્ચીસ આના. એ કુચી બધે ઠેકાણે લાગુ પડે. એમ એક દ્રવ્યની પર્યાય પોતાનું પણ કરે અને પરનું પણ કરે એ કુચી બધે ઠેકાણે લાગુ પડે કે મિથ્યાદૃષ્ટિ છે. કહ્યુંને અહીં જુઓ.

કુંદકુંદાચાર્ય એમ કહે. બે ક્રિયાવાદી.. છે? આહા..હા..! **'पसज्जदे सो जिणावमदं'** વીતરાગ સર્વજ્ઞની આજ્ઞાની બહાર છે. આહા..હા..! એ હમણા આવ્યું છે, આમાં છાપામાં છે. પરની દયાને પાપ કહે છે. અરે ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! પરની દાયા કોણ પાળી શકે? પરની દયા રાગ પણ કરે અને પરની દયા પાળી શકે એ બે ક્રિયા કરી શકે છે જીવ? એમાં આવ્યું છે—જૈન ગેજેટમાં. દયા તો ધર્મ છે. અહિંસા તો અહિંસામાં જ પંચમહાવ્રત સમાઈ જાય છે. કઈ વાત છે? ભગવાન! તું ક્યાં લગાવે છે? સમજાણું કાંઈ? જૈન ગેજેટ આવ્યું છેને? એમાં આવ્યું છે. મૂળ તો અહીંનો વિરોધ કરવા માટે ભિન્ન-ભિન્ન ચીજ કરે છે. વિરોધ બીજાનો ક્યાં કરે છે, પોતાનો કરે છે. આહા..હા..!

અરે ભાઈ! ભગવાન તો એમ કહે છે કે પરની દયાનો ભાવ થવો એ તો હિંસા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં લીધું છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું કે એ અપરાધ છે. કહો, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ અપરાધ? શુભભાવ છેને, અપરાધ છે. બંધન અપરાધથી થાય કે નિરપરાધથી થાય? સમજાણું કાંઈ? તીર્થંકર પ્રકૃતિનો બંધ છેને, તો બંધન થાય ઈ નિર્દોષભાવથી થાય? એ તો સદોષભાવ છે. આહા..હા..! તીર્થંકરગોત્ર બાંધે. સોળ બોલ આવે છેને? સોળ બોલે તીર્થંકર પ્રકૃતિ, તત્ત્વાર્થસૂત્ર. સોળ બોલ છે એ રાગ છે. દર્શનવિશુદ્ધ. રાગ એ અપરાધ છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે.. અજ્ઞાનીને તો તીર્થંકર પ્રકૃતિનો રાગ હોતો જ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનીને એ રાગ આવે છે એને જાણે છે. અપરાધ છે, ગુનો છે, નુકસાન છે એમ જ્ઞાની જાણે છે. કારણ કે તીર્થંકર ગોત્ર બંધાય તો એનો મોક્ષ નક્કી થઈ ગયો. તો તીર્થંકર પ્રકૃતિથી નક્કી થયું? સમજાણું કાંઈ? એના આત્મામાં જોર એટલું હતુ કે સ્વભાવ તરફ ઢળવાથી થોડું બાકી રહ્યું તો વિકલ્પ આવ્યો. એમાં રાગનો વિકલ્પ તોડીને અલ્પકાળમાં મુક્ત થશે. એ પ્રકૃતિ બંધાણી છે અને રાગ થયો છે એટલે અલ્પકાળમાં મોક્ષ થશે એમ છે નહિ. આહા..હા..! વાતે વાતે વાંધા. કહે છેને? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન

મળે અને એક ત્રાંબાના તેર.' એમ ભગવાન કહે છે કે અમારી શ્રદ્ધા અને તારી શ્રદ્ધામાં વાતે-વાતે ફેર છે. સમજાણું કાંઈ? તીર્થંકરની વાણી અને તીર્થંકરની વાણીનો ભાવ એ અલૌકિક વાત છે, ભાઈ!

'**जिणावमदं**' પોતે કુંદકુંદાચાર્ય કહે તો એ ગુરુ છે, ભાવલિંગી સંત છે. સર્વજ્ઞ ભગવાન એમ કહે છે કે જે કાંઈ પોતાની ક્રિયા પણ કરે અને પરની પણ કરે એમ માનનારા સર્વજ્ઞના મતની બહાર છે, એ જૈનની શ્રદ્ધાવાળા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હું પરની દયા પાળી શકું છું એ જિનાજ્ઞા બહાર છે. પરને હું જીવાડી શકું છું. બંધ અધિકારમાં તો ત્યાં સુધી લીધું છે કે હું પરને મોક્ષ કરાવી દઉં. તો ભાઈ એની વીતરાગ પરિણતિ વિના તું મોક્ષ કરાવી દઈશ? એની મોક્ષ પરિણતિમાં તો વીતરાગ પરિણતિ થાશે તો મોક્ષ થાશે. તું વીતરાગ પરિણતિ કરાવી દઈશ? હું પરને બંધ કરાવી દઉં છું અને પરને મોક્ષ કરાવી દઉં છું—એ બધા લક્ષણ મિથ્યાદૃષ્ટિના છે. આહા..હા..! કહે છે કે પરથી જ્ઞાન નથી થતું તો તમે સમજાવો છો શું કામ? અરે પ્રભુ! સાંભળ તો ખરો. વાણીને કાળે વાણી આવે છે અને વિકલ્પને કાળે વિકલ્પ આવ્યો એ જાણવામાં આવ્યો. આહા..હા..! શું ઉપદેશની વાણી આત્મા કરી શકે છે? એ તો ભાષાની પર્યાય જડની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અમારે છેને અહીંયાં કૈલાસચંદજી છેને? બુલંદશહેર. એ પહેલાં અહીંયા બોલતા હતા. જોરથી બોલો. છેને? અહીંયાં આવ્યા હતાને. જોરથી બોલો. મહાવીરની જય જોરથી બોલો. કોણ જોરથી બોલે? અને પાછું પ્રવચનસારની છેલ્લી ગાથામાં કહ્યું છે કે અમે મોટે અવાજે આખો ઉપદેશ કહ્યો છે. પ્રવચનસારમાં છેલ્લે છે. અવાજનો અર્થ એ વાણી વાણીને કાળે નીકળી છે, એમ કહે છે. આહા..હા..! એવો પાઠ પ્રવચનસારની છેલ્લી ગાથામાં છે. અને જેટલું કહ્યું એટલું આત્મામાં સ્વાહા થઈ ગયું, એમ છે. એ તો પોતાને કારણે સમજે છે. આહા..હા..! ભારે અટપટી વાત, ભાઈ! સમજાવું અને એને કારણે જ્ઞાન પરમાં નથી થતું. ભારે વાત, ભાઈ! કહો, સમજાણું કાંઈ? પુસ્તક બનાવવા અને એમ કહે કે હું કર્તા નથી.

નામ લખે એ તો જડની અવસ્થા થઈ. લખે કોણ? આહા..હા..! બહુ વાત સૂક્ષ્મ, ભગવાન! અહીંયાં તો '**जिणावमदं**' આવ્યું છેને? સર્વજ્ઞની આજ્ઞા બહાર, દેખો! છે? '**સર્વજ્ઞના મતની બહાર છે.**' એમ લીધું. ટીકા છેને ટીકા? '**सर्वज्ञावमतः स्यात्**' સંસ્કૃત. '**सर्वज्ञावमतः स्यात्**' આહા..હા..! જે જીવ એમ માને કે કર્મના ઉદયની પર્યાય ક્રિયા કર્મમાં થઈ અને અહીંયાં રાગની ક્રિયા એનાથી થઈ, એ બે ક્રિયાવાદી થયો. એમ રાગ પોતાથી થયો અને કર્મબંધન પણ પોતાથી થયું. કેમકે જેટલો રાગ કર્યો એ પ્રમાણે ચારિત્રમોહનો બંધ થશે. તોળીને થશે, એનાથી વધારે-ઓછો નહિ. જેટલા પ્રમાણમાં રાગ મંદ-તીવ્ર છે એટલા પ્રમાણમાં ત્યાં કર્મનો રસ પડશે. કહે છે કે એ રાગ પણ મેં કર્યો અને કર્મનો રસ પણ મેં કર્યો—બે ક્રિયાવાદી સર્વજ્ઞ આજ્ઞાની બહાર છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

**શ્રોતા :–** રોજ આપ ઝીણી વાત કહો, આજે આપે ભારે કહી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભારે એટલે જરી.. પંડિતજી તો એમ કહે છેને, સમજાય છે પણ રુચતું નથી. હવે અહીંયાં આમ પાનું છે એ આગંળી અડ્યા વિના ફરે?—હા. આંગળીની પર્યાય આંગળીમાં થઈ અને એની પર્યાય તે કાળે એમાં થઈ એ એનાથી થઈ છે, આંગળીથી નહિ. આહા..! આ વાત. સ્વતંત્ર છે.

અહીં તો આ વાત લીધીને કે રાગ મેં કર્યો, દ્વેષ મેં કર્યો અને કર્મબંધન પર્યાય પણ એટલા પ્રમાણમાં મેં કરી. આહા..હા..! જ્ઞાનની પર્યાયથી આત્મા જાણે છે અને આ ચશ્મા પણ એનું જ્ઞાન થવામાં કારણ થયા, તો ચશ્માની ક્રિયા જે આમ થઈ એ જ્ઞાનમાં કારણ થઈ, ખોટી વાત છે એમ કહે છે. આહા..હા..! એ પ્રશ્ન બહુ ચાલતો હતો. પૈસાવાળા છેને જીવા પ્રતાપ કરોડપતિ શ્વેતાંબરમાં. એના ભત્રીજાએ દીક્ષા લીધી છે, ચંદ્રશેખર. લીંબડીમાં છે. ભાઈ હતા. લીંબડીમાં આવ્યા હતા. આપની સાથે ચર્ચા કરવી છે. વિચાર કરીએ. હું તો સમજી ગયો આને ચર્ચા કરવી છે. ભાઈ! અમે તો કોઈની સાથે કરતાં નથી. તો આપની આબરૂ એટલી છે એમાં ખલેલ પડશે. અહીં આબરૂમાં છે શું? આપ આવી તાકાતવાળા એમ કહો કો અમારે ચર્ચા કરવી નથી.

**શ્રોતા :–** સમજાણું નહિ આપે શું કહ્યું એ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ન સમજાણું? પહેલી વાત એમ થઈ. શ્વેતાંબરના સાધુ છે. એક કરોડપતિનો ભત્રિજો છે, ચંદ્રશેખર. એ આવ્યા હતા લીંબડી. મને કહે કે આપની સાથે ચર્ચા કરવી. ભાઈ! અમે ચર્ચા નથી કરતાં. તો કહે, આપની હિણી દશા થશે. આપની આટલી આબરૂમાં ધક્કો લાગશે. અહીં અમારે ક્યાં આબરૂ છે? પછી એણે કહ્યું. એના શેઠિયા પણ આવ્યા હતા થોડા શ્વેતાંબરો સાથે. છેલ્લે એમ કહ્યું, જુઓ, આ ચશ્માથી દેખાય છે કે ચશ્મા વિના દેખાય? થઈ ગઈ ચર્ચા કીધું. ચશ્માએ જ્ઞાનની પર્યાયને મદદ કરી તો જ્ઞાનની પર્યાય ચશ્માથી થઈ? થઈ ગઈ ચર્ચા, કીધું. ભાઈ હતા ત્યાં. ..ભાઈ હતા એ વખતે. શેઠિયા હતા બિચારા. નરમ માણસ સાંભળે. એ લોકોને શેઠિયાઓને ક્યાં ખબર? કલાક-બે કલાક મળે માંડ એમાં પૂજા-ભક્તિ કરે અને થોડું સાંભળે. જય નારાયણ, જાવ.

આ ગાથામાં બહુ છેને. '**जिणावमदं**' આહા..હા..! એક દ્રવ્યની પર્યાય પોતાથી કરે અને બીજા દ્રવ્યની પર્યાય પણ એ દ્રવ્ય કરે. એ જિનાજ્ઞાથી બહાર છે, વીતરાગના માર્ગથી બહાર છે. ચાહે તો સાધુ હોય કે ચાહે તો શ્રાવક નામ ધરાવતો હોય. સમજાણું કાંઈ? આહા..હા..! હું દયાનો ભાવ કરું છું અને પરની દયા હું પાળી શકું છું, એ તો બે ક્રિયા થઈ. દયાની ક્રિયાનો કર્તા અને પરની ક્રિયાનો કર્તા. એમાં આવ્યું છે, જૈન ગેજેટમાં છે. આવો માર્ગ છે, આવો માર્ગ છે. અરે પ્રભુ! તને ખબર નથી, ભાઈ! એવો વિરોધ કરો તો કરો, અમારે શું છે? આહા..હા..!

**શ્રોતા** :- જીવો અને જીવવા ઘો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ નથી. વીતરાગનું વચન જ નથી, ભાઈ! એ તો અંગ્રેજીનું વચન છે. એ તો અમારે રામજીભાઈ કહે છે. અમને તો અંગ્રેજી ખબર નથી. એ અંગ્રેજીનું વચન છે, વીતરાગનું નહિ. સવારે બધા રથ-બથ નીકળે તો મહાવીરની વાણી જીવો-જીવવા દો. જુવાન બોલે પછી સાથે. ભગવાનનો ઉપદેશ જીવો-જીવવા દો. એમ ભગવાને કહ્યું જ નથી. આહા..હા..!

**શ્રોતા** :- કોઈ કોઈને જીવાડી શકતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખબર નહિ.

**શ્રોતા** :- વ્યવહારનું કથન હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, નહિ. એ ભગવાનનું કથન જ નથી. અજ્ઞાનીનું અંગ્રેજીનું વચન છે. ભગવાન તો કહે છે કે તારી પર્યાયથી પર જીવે એમ ત્રણકાળમાં થતું નથી. એના આયુષ્યની સ્થિતિથી એ જીવે છે, એને તું જીવાડી શકે? બંધ અધિકારમાં એમ લીધું છે. સમજાણું કાંઈ? 'પરને હું જીવાડી શકું છું' એમ માનનાર મિથ્યાદૃષ્ટિ જિનાજ્ઞા બહાર છે. આહા..હા..!

**શ્રોતા** :- એમ નહિ માનીએ તો હિંસા ફેલાઈ જાશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ હિંસા કરે છે? કરી શકે છે કોણ? એમાં અજ્ઞાનીનો ભાવ થાય છે. આહા..હા..! વસ્તુની સ્થિતિના નિશ્ચયમાં એને ક્યાં પરની સાથે સંબંધ છે. આહા..હા..!

પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં એમ કહ્યું કે શુભરાગ આવ્યો એ હિંસા છે. ભગવાન આત્માની હિંસા થાય છે. પરની હિંસા કરી શકતો નથી, પણ 'પરની દયા પાળી શકું છું' એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે અને 'પરની દયા પાળી શકતો નથી' એમ માને પણ રાગ થયો તોપણ હિંસા છે. સમકિતીને પણ રાગ આવે છે તો હિંસા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પરિણામ એ રાગ છે, હિંસા છે, આસ્રવ છે. તત્ત્વાર્થસૂત્રમાં છઠ્ઠા અધ્યાયમાં આસ્રવ કહ્યો છે. આસ્રવ એ રાગ છે, રાગ એ હિંસા-દુઃખ છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૦, ગુરુવાર, તા. ૫-૦૮-૧૯૭૬, ગાથા-૮૫-૮૬, પ્રવચન નં. ૧૪૭

સમયસાર, ૮૫ ગાથાનો ભાવાર્થ. 'બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે.' આત્મા અને જડ પ્રત્યેક પદાર્થ જે અનંત છે, તો પ્રત્યેક પદાર્થની પરિણતિની ક્રિયા ભિન્ન-ભિન્ન છે. કોઈ દ્રવ્યની ક્રિયા કોઈ કરી શકે પરની એમ ત્રણકાળમાં નથી. 'બે દ્રવ્યોની ક્રિયા...' નામ પરિણમન, પરની દયા આત્મા પાળી શકે એમ ત્રણકાળમાં નથી.

**શ્રોતા :-** ક્રિયામાં શું આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બે દ્રવ્યની ક્રિયા આવીને. પરજીવમાં થવી એ તો પરની ક્રિયા છે. એનું આયુષ્ય હોય તો જીવે નહિતર મરી જાય. તો પરનું આયુષ્ય, કોઈ બીજો એને જીવાડી દે કે પરની દયા પાળી શકે એમ છે નહિ. આહા..હા..! એમ આત્મા જૂઠી ભાષા બોલી શકે, સત્ય ભાષા બોલી શકે એ આત્મા નહિ. આત્મા પોતાની પર્યાય કરે, પરની પર્યાય કેવી રીતે કરે? ઝીણી વાત છે.

**શ્રોતા :-** તત્ત્વનું નિરૂપણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તત્ત્વ આ છે.

**શ્રોતા :-** તત્ત્વનું નિરૂપણ કોણ કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? ભાષા.

**શ્રોતા :-** આત્મા કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા કરે? આત્મા જાણે. ભાષામાં સ્વ-પર કહેવાની સ્વતઃ તાકાત છે. આત્મામાં સ્વ-પર જાણવાની સ્વતઃ તાકાત છે. આત્મામાં સ્વ અને પરને જાણવાની શક્તિ છે. ભાષામાં સ્વ-પર કહેવાની શક્તિ સ્વતઃ છે, આત્માને કારણે નહિ. આ ભાષા આવી.

**શ્રોતા :-** સાંભળ્યા વિના જાણે નહિ. સાંભળે છે તેથી જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ. એ સાંભળવાની ક્રિયા ભિન્ન છે, આત્માની જ્ઞાન પર્યાય ભિન્ન છે. આહા..હા..! અષ્ટપાહુડમાં આવ્યું નથી, ભાઈ? પંડિતજી! બોધપાહુડ-બોધ. એમ કે **'सद्दविचारो हूओ'**. ભાષા એ શબ્દનો વિકાર છે. આહા..હા..! કુંદકુંદાચાર્ય. શેમાં છે? બોધપાહુડ. બોધપાહુડ? છે એમાં? બોધ પાહુડની ૬૨મી છેલ્લી ગાથા છે. એ પહેલા ૬૧માં ઈ છે. **'सद्दविचारो हूओ भासासूत्तेसु'** શબ્દના વિકારથી ઉપજેલા શાસ્ત્ર છે આ અક્ષર. કુંદકુંદાચાર્ય કહે છે. સમજાણું કાંઈ? પંડિતજી! શેઠ!

**શ્રોતા** :- બરાબર સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભાષા છે એ શબ્દનો વિકાર છે, આત્માનો નહિ. આત્મા ભાષા કરી શકતો નથી. એ વાત તો ચાલે છે. જુઓ, '**શબ્દના વિકારથી ઉપજેલ આ પ્રકારે અક્ષરરૂપે પરિણમેલ ભાષાસૂત્રોમાં જિનદેવે કહ્યું તે જ શ્રવણમાં અક્ષરરૂપ આવ્યું અને જેવું જિનદેવે કહ્યું તેવું જ પરંપરાથી ભદ્રબાહુ નામના પાંચમાં શ્રુતકેવળીએ જાણ્યું.**' આહા..હા..! બોધપાહુડની ગાથા ૬૨ છે. ૬૦ અને ૨. આ ૬૧મી ગાથા છે. કુંદકુંદાચાર્ય કહે છે કે ભાષા જે થાય છે એ શબ્દનો વિકાર છે. એ શબ્દની ક્રિયા છે. આહા..હા..! એ તો કાલે કહ્યું હતુંને. કુંદકુંદાચાર્ય કહે છે. અને કાલે તો કહ્યું હતું કે અમૃતચંદ્રાચાર્યે કે મેં આ શાસ્ત્ર બનાવ્યું એવા મોહમાં ન નાચો અને ભાષાથી તમને જ્ઞાન થયું એમ ન નાચો- મિથ્યામોહ ન કરો. આહા..હા..! પ્રવચનસાર છેલ્લી ગાથા. ભાષાની પર્યાય પરમેશ્વર પણ કરી શકતા નથી. આહા..હા..! દિવ્યધ્વનિની પરિણતિ એ શબ્દનો વિકાર છે એ કાળે થાય છે. પોતાથી નથી થતી, કેવળીથી નથી થતી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયા '**બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે.**' ભાષાની ક્રિયા શબ્દનો વિકાર ભિન્ન છે, આત્માની ક્રિયા જ્ઞાનની પરિણતિ ભિન્ન છે. આહા..હા..! જો જ્ઞાનની પરિણતિએ ભાષાના શબ્દનો વિકાર કર્યો એમ ત્રણકાળમાં નથી. આહા..હા..!

**શ્રોતા** :- મુંગો હોય એ ન બોલી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ બોલે? ભાષા બોલે. બોલે એ બીજો. બોલે ઈ બીજા, આત્મા નહિ. આવી વાત ભગવાનના ઘરની. આહા..હા..! કુંદકુંદાચાર્ય એમ કહે છે પોતે કે ભાષા શબ્દના વિકારથી બની છે, અમારાથી નહિ, કેવળીથી નહિ, સંતોથી નહિ. આહા..હા..!

**શ્રોતા** :- આત્મા નિમિત્ત તો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિમિત્તનો અર્થ શું? એનાથી થતું નથી ઈ. ખલાસ થઈ ગયું. નિમિત્ત તો લોકાલોકને કેવળજ્ઞાની નિમિત્ત છે. શું? લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે અને કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે. તો એનો અર્થ શું થયો? કેવળજ્ઞાન નિમિત્ત છે તો કેવળજ્ઞાને લોકાલોક બનાવ્યું છે? લોકાલોક કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. શું લોકાલોકે કેવળજ્ઞાન બનાવ્યું છે? આ મોટી ગડબડ છે. સમજાણું કાંઈ? સર્વવિશુદ્ધ અધિકારમાં છે સમયસારમાં, કેવળજ્ઞાનીનું જ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક દેખે છે. એ જ્ઞાન લોકાલોકમાં નિમિત્ત કહે છે અને લોકાલોક જ્ઞાનમાં નિમિત્ત છે. કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે એટલે શું લોકાલોકે કેવળજ્ઞાન બનાવ્યું? અને કેવળજ્ઞાન લોકાલોકને નિમિત્ત છે તો કેવળજ્ઞાને શું લોકાલોક બનાવ્યું? આહા..હા..!

**શ્રોતા** :- નિમિત્ત કાંઈ કરે ખરું કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરે પોતાની પર્યાય. નિમિત્ત પણ પોતાનું ઉપાદાન છેને. એ તો પરની અપેક્ષાએ નિમિત્ત છે.

**શ્રોતા :-** તો બે ક્રિયા કરે તો શું વાંધો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે ક્રિયા કરી શકે નહિ એ જ અહીંયા વાત ચાલે છે. બે ક્રિયા કરે તો બે દ્રવ્ય એક થઈ જાય છે. એ સર્વજ્ઞની આજ્ઞાની બહાર વાત છે. એ જિનનો મત નથી. આહા..હા..!

**શ્રોતા :-** બે ક્રિયાવાદી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે. એ જ વિશેષ સિદ્ધ કરે છે.

'**બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે.**' ભિન્ન જ છે એમ લીધું છે. '**જડની ક્રિયા ચેતન કરતું નથી,...**' ભાષાની ક્રિયા આત્મા નથી કરી શકતો. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મનો ઉદય પોતાની પર્યાયને કરે, પણ કર્મનો ઉદય રાગને કરે એમ છે નહિ. આહા..હા..! અરે..! તત્ત્વ ભિન્ન-ભિન્ન છે, એની પર્યાય ભિન્ન-ભિન્ન છે. કોને કરે?

**શ્રોતા :-** પાંગળો બનાવી નાખ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાંગળો જ છે. પર માટે પાંગળો છે. પોતાને માટે સમર્થ છે. પોતાનો સ્વભાવ પ્રગટ કરવામાં, રાખવામાં પુરુષાર્થ ઈશ્વર છે. પર માટે પાંગળો છે. પંગુ છે પંગુ. આહા..! શું કરે પરને?

**શ્રોતા :-** કર્મ એને દઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વળી બીજી વાત હતી. એ બીજી વાત છે. આત્મા પંગુ છે. એ વળી બીજી વાત છે ત્યાં. કેમકે પોતાના સ્વભાવથી વિરુદ્ધ એવો વિકારભાવ કરીને જે કર્મબંધ થયો એ કર્મ એને લઈ જાય છે અને દઈ જાય છે, આત્મા તો જ્ઞાયકસ્વરૂપ રહ્યો. સમજાણું કાંઈ? એ આવી ગયું છે આપણે પરમાત્મપ્રકાશમાં. આહા..હા..!

ભગવાન આત્મા તો જ્ઞાયકસ્વરૂપ અનાદિથી છે. ૨૦૦ ગાથામાં કહ્યું છે પ્રવચનસારમાં, ચાહે તો અન્ય અધ્યવસિત તમે નિર્ણય કર્યો, પણ એ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. અમરચંદભાઈ! ૨૦૦ ગાથા પ્રવચનસાર. જ્ઞેય અધિકારની છેલ્લી ગાથામાં છે. આહા..હા..! ભગવાન આત્મા..! સમયસારની છેલ્લી ગાથામાં એ કહ્યું, અજીવની ગાથામાં, પુદ્ગલ નાચે તો નાચો હું તો આત્મા છું. હું તો જ્ઞાયકસ્વરૂપ છું. બધો પુદ્ગલનો નાચ છે, મારો નહિ. છેલ્લો શ્લોક છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન તો ચૈતન્યસૂર્ય જાણકસ્વભાવના નૂરના તેજનું પૂર એ તો છે. આહા..હા..! એ ક્યાં ભાષા કરે? ક્યાં શરીરને ચલાવે? આમ સ્વાહા.. સ્વાહા.. (કોણ કરે?). દૃષ્ટાંત દીધું. તો આમ સ્વાહાની ભાષા પણ કરી શકતો નથી અને આમ કરે છે એ પણ નથી કરી શકતો. સમજાણું કાંઈ?

માર્ગ વીતરાગનો ભિન્ન તત્ત્વ છે, અનંત છે. વેદાંતની જેમ એક નથી કે બધા થઈને એક છે. સમજાણું કાંઈ? એને તો અલિંગગ્રહણમાં પાખંડ કહ્યું છે. અલિંગગ્રહણ છેને ૨૦ બોલ. પ્રવચનસારની ૧૭૨ ગાથા. એમાં ૧૫મો બોલ છે. આહા..હા..! અમેહનાકાર પાખંડીઓને

પ્રસિદ્ધ એકરૂપ વ્યાપક આત્મા નથી. બધા મળીને એક જ છે. એમાં કોઈની ક્રિયા કરે એમ વાત નથી. એક આત્મા પાખંડને પ્રસિદ્ધ છે, અજ્ઞાનીઓની માન્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ એમ કહે છે કે આ નિશ્ચયની વાત આવે છે એ વેદાંત જેવી છે. ત્યાં ઊડાવે છે. એક આત્મા સર્વવ્યાપક માનનારા પાખંડી પ્રસિદ્ધ, પાખંડીને પ્રસિદ્ધ સાધન એકરૂપ આત્મા છે એ વાત જૂઠી છે. સમજાણું કાંઈ? અહીંયાં તો આત્મા એકસરખો છે. જેવો એકનો, એવો બીજાનો એમ સરખા. એક જાત છે પણ એક નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**જડની ક્રિયા ચેતન કરતું નથી,...**' આહા..હા..! આ ભાષાની ક્રિયા આત્મા નથી કરતો. અને '**ચેતનની ક્રિયા જડ કરતું નથી.**' ચૈતન્યની રાગની, દ્વેષની ક્રિયા કે જ્ઞાનની ક્રિયા એ કર્મનો ઉદય કરે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**જે પુરુષ એક દ્રવ્યને બે ક્રિયા કરતું માને...**' છે. દેખો, '**એક દ્રવ્યને બે ક્રિયા કરતું માને...**' તે મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી, એને જૈનની ખબર નથી.

**શ્રોતા :-** ચાર ઘાતિકર્મનો અરિહંતે નાશ કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાશ કર્યો જ નથી. એ કર્મની અકર્મ અવસ્થા પોતાથી થઈ છે.

**શ્રોતા :-** વાત આવે છે ઘાતિકર્મની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્તથી કથન છે. ઘાતિકર્મ જ્ઞાનનો ઘાત કરે છે. તો શું પરદ્રવ્ય ઘાત કરી શકે? પરદ્રવ્ય પોતાની જ્ઞાનના ઘાતની ક્રિયા કરી શકે? ૧૬મી ગાથામાં આવ્યું છે, પ્રવચનસારમાં. ઘાતિ બે પ્રકારના છે—એક દ્રવ્યઘાતિ અને ભાવઘાતિ. પોતાની પર્યાય ભાવઘાતિ છે. ૧૬મી ગાથા છે. સ્વયંભુ. સ્વયંભુ છેને? સ્વયંભુ ભગવાન પોતાથી થાય છે. એમાં ભાવઘાતિકર્મ પોતાની અશુદ્ધ પરિણતિ એ ભાવઘાતિ છે. દ્રવ્યઘાતિ તો નિમિત્ત છે. આહા..હા..! દ્રવ્યઘાતિ પોતાની પર્યાયનો ઘાત કરે નહિ અને ભાવઘાતિ પોતાની પર્યાયનો ઘાત કરે છે તો કર્મબંધન થાય છે. એ કર્મબંધની ક્રિયા આત્મા નથી કરતો.

**શ્રોતા :-** જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે નિમિત્તનો ઘાત કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ ખોટી વાત છે. આહા..! એ વાત તો અહીંયાં કરે છે. કેવળજ્ઞાનની પર્યાય આત્મા કરે અને ચાર ઘાતિકર્મ ક્ષય થઈ કેવળજ્ઞાનની પર્યાય કરે તો બે દ્રવ્યની ક્રિયા થઈ એ તો. આહા..હા..! અથવા કેવળજ્ઞાનની પર્યાય આત્મા કરે અને ચાર ઘાતિકર્મનો નાશ કરે, એ તો બે ક્રિયા થઈ. એમ છે નહિ. વાત ભાઈ, ગંભીર વાત છે. ઝીણી વાત છે. હજી સમ્યક્શ્રદ્ધાના વ્યવહારના ઠેકાણા નથી એને અનુભવ ક્યાંથી થશે?

**શ્રોતા :-** વ્યવહારે તો કરેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારે કરે એમ બોલાય છે. 'અમારું ગામ રાજકોટ' તો રાજકોટ એનું થઈ જાય છે? એમ બોલાય. એથી એનું થઈ જાય છે? એ ક્રિયા એની થઈ જાય છે? આહા..હા..!

અહીંયાં કહે છે '**બે ક્રિયા કરતું માને...**' છે. ચૈતન્ય જડની કરે અને જડ ચૈતન્યની કરે એમ માને છે '**તે મિથ્યાદષ્ટિ છે, કારણ કે બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે એમ માનવું તે જિનનો મત નથી.**' આહા..હા..! આત્મા રાગ પણ કરે અને પરની દયા પણ પાળી શકે એમ બે ક્રિયા નથી થઈ શકતી. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! હવે ઓલા કહે કે દયા ધર્મ.

**શ્રોતા :-** રોજ દુકાનમાં બેસીને કામ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે દુકાનમાં બેસીને? એય પોપટભાઈ! આ મોટા ગૃહસ્થ રહ્યા. બેસીને શું કરે? અભિમાન કરે કે મેં આમ કર્યું, મેં છોકરા પાસે આમ કરાવ્યું. શું કીધું?

**શ્રોતા :-** બહુ નરમાશ બતાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નરમાશ છે. રાજી કરે. કોણ કરે રાજી? આહા..હા..! ભાષા જ પોતે કરી શક્તો નથી. ભાષાની પર્યાય જડથી થવાવાળી થાય છે. આહા..હા..! ભગવાનની દિવ્યધ્વનિ.. ગૌતમ આવ્યા તો દિવ્યધ્વનિ થઈ એમ છે નહિ.

**શ્રોતા :-** ત્યારે ઈન્દ્ર તેડવા શું કરવા ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈન્દ્ર કહેતા હતા. ત્યાં લખ્યું છે કે ગૌતમની કાળલબ્ધિ નહોતી. પહેલાં કેમ ન લાવ્યા ગૌતમને? એવો પાઠ છે. ધવલમાં એમ પાઠ છે કે એ વખતે લાવ્યા અને પહેલાં કેમ ન લાવ્યા?—એની કાળલબ્ધિ પહેલાં નહોતી. એ ગૌતમની એ સમયે પ્રાપ્ત કરવાની પોતાની કાળલબ્ધિ હતી. એમ છે, ભગવાન! આહા..હા..!

કાળનો અર્થ શું? સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં તો એમ લીધું છે.. સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા જૂનો ગ્રંથ છે, ૨૨૦૦ વર્ષ પહેલાંનો ગ્રંથ છે. સમયસારથી પણ પહેલાંનો ગ્રંથ છે. એમાં એમ લીધું છે—છ દ્રવ્યમાં, છએ દ્રવ્ય જે અનંત છે એની સમયે-સમયે જે પર્યાય થવાની છે એનો ક્ષણ છે એ કાળલબ્ધિ છે. એવો પાઠ છે. કાળલબ્ધિ છે, કાળલબ્ધિ છે. સમજાણું કાંઈ? છએ દ્રવ્યમાં જે સમયે જેની પર્યાય થવાની છે એ કાળલબ્ધિ છે. પ્રવચનસારમાં ૧૦૨ ગાથામાં અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યનું સ્પષ્ટ કરે છે કે પ્રત્યેક દ્રવ્યની જન્મક્ષણ છે. તે તે ઉત્પત્તિની એ ક્ષણ છે, પરને કારણે નહિ. આહા..હા..! પ્રવચનસાર ૧૦૨ ગાથા, જ્ઞેય અધિકાર. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું? છ દ્રવ્ય જે છે એની જે સમયે જે પર્યાય થવાની છે એ કાળલબ્ધિ. તે કાળે ઉત્પન્ન થાય છે અને એ જ જન્મક્ષણ છે. એ જ એની ઉત્પત્તિનો કાળ છે. જ્ઞેયની સ્થિતિ બતાવી. જ્ઞેય અધિકારની ૯૩ ગાથાથી ૨૦૦. ૧૦૮ ગાથા છે. ૯૨ ગાથા, જ્ઞેય જ્ઞાન અધિકારની છે, ૧૦૮ ગાથા જ્ઞેય અધિકારની છે અને ૭૫ ચરણાનુયોગની છે. પ્રવચનસારમાં ૨૭૫ ગાથા છે. એમાં આ લીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ૧૦૨, જ્ઞેય ગાથા અધિકાર. એ જ્ઞેયનું સ્વરૂપ એવું છે કે જે સમયે એની પર્યાય થવાની છે તે જન્મક્ષણે એમાં થાય છે. એ જ્ઞેયનું સ્વરૂપ છે. એ વળી ૯૯

ગથા. ૯૯ ગાથા. એ તો ચારે બાજુ. ૯૯ ગાથામાં એ પણ પોતપોતાના અવસરે એ પર્યાય થાય છે, આગળ-પાછળ થતી નથી. ૯૯ ગાથા છે. મોતીનો હાર. હાર હોય છેને હાર? તો જે મોતી જ્યાં છે તે ત્યાં જ છે. જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં છે, આગળ-પાછળ નથી; એમ આત્મામાં અને જડમાં ક્રમસર અવસ્થા જે સમયે થવાની છે તે થશે. પૂર્વે થવાની હતી તે થઈ ગઈ, ભવિષ્યમાં જે થવાની છે તે થશે, વર્તમાનમાં થવાની છે તે એ અવસરે જ થાય છે, આગળ-પાછળ નહિ. મોતી આગળ-પાછળ નથી થતા, એમ પર્યાય આઘી-પાછી થતી નથી. આઘા-પાછીને શું કહે છે? આગળ-પાછળ. સમજાણું કાંઈ? ૯૯માં એ છે, ૧૦૨માં આ છે, સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં આ છે. આહા..હા..! અહીંયાં આ છે.

**શ્રોતા :-** ઉત્કર્ષણ, અપકર્ષણ, સંક્રમણ આદિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સંક્રમણ એની યોગ્યતાથી થાય છે, આત્માથી નહિ. યોગથી કર્મપ્રકૃતિ આવે છે અને કષાયથી સ્થિતિ, રસ પડે છે, એ તો નિમિત્તનું કથન છે. આહા..હા..! યોગ પોતાનું કંપન્ન કરે અને એમાં સ્થિતિ, રસ સાથે પ્રકૃતિના પરમાણુ પણ લાવી શકે એવી બે ક્રિયા એક સમયમાં થતી નથી. એક દ્રવ્યથી બે ક્રિયા થતી નથી. યોગથી પ્રકૃતિ-પ્રદેશ, કષાયથી સ્થિતિ-રસ. ચાર છેને? પ્રકૃતિ, પ્રદેશ, અનુભાગ અને સ્થિતિ. તો એ પરમાણુમાં જે ચાર પ્રકાર છે એ યોગથી પરમાણુ આવ્યા અને કષાયથી સ્થિતિ, રસ એમાં પડ્યા એમ છે નહિ.

**શ્રોતા :-** જીવના ...ને પ્રાપ્ત કરીને સંક્રમણ થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંક્રમણ એના કારણે થાય છે. એ પર્યાયનો કાળ છે ત્યાં સંક્રમણ થવાનો.

**શ્રોતા :-** થયું તો ખરુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંક્રમણનો અર્થ શું? જે પર્યાય પલટી જાય ત્યાં. વર્તમાન પર્યાય પરિણમન થઈ જાય છે, પણ એ સમયના ક્રમબદ્ધમાં છે. આહા..હા..! ઝીણી વાત ભાઈ, બહુ પ્રભુ! એ ક્રમ છે. ચાર કર્મનો નાશ થાય છે એ નાશ થાય છે એ પર્યાયમાં એ જ ક્રમ હતો. એ પરમાણુ અકર્મરૂપ થવાનો કાળ હતો. એને નાશ કહેવામાં આવ્યું છે. કાંઈ કર્મનો નાશ થઈ જાય છે? કર્મની પર્યાયરૂપ પરિણમન છે એ અકર્મરૂપ થઈ જાય છે એનું નામ કર્મનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. ઈ એણે કર્યું હોં! આત્માએ નહિ. આહા..હા..! શુકલચંદજી! આવી વાત છે, ભગવાન! આહા..હા..! સ્વતંત્ર છે. ગડબડ કરી નાખે કે એનાથી આ થયું ને આનાથી ઈ થયું.

**શ્રોતા :-** એવું સ્વતંત્ર બનાવેલું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ છે. બનાવે કોણ? એ તો સ્વતંત્રતાનો ઢંઢેરો પીટે છે ત્રિલોકનાથ દિવ્યધ્વનિ દ્વારા. આહા..હા..!

**શ્રોતા** :- પહેલાં સ્વતંત્ર બનાવ્યા પછી ઢંઢેરો પીટ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બનાવ્યા નથી, એમ જ હતું. સમજાણું કાંઈ? પોતાની પર્યાય તે કાળે કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનો કાળ જ છે. તેથી ઉત્પન્ન થઈ છે. નિશ્ચયથી મોક્ષમાર્ગથી કેવળ થાય છે—મોક્ષ એમ પણ નહિ. એ મોક્ષમાર્ગનો વ્યય થવાનો ક્રમ હતો અને એ જ સમયે મોક્ષ થવાનો બીજે સમયે ક્રમ હતો. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ તો શાસ્ત્રમાં એમ આવે છે કે ઉપાદાન પૂર્વની પર્યાય, પછીની પર્યાયના ઉપાદેયનું ઉપાદાન છે. ઉપાદાનની પર્યાય ઉપાદેયનું કારણ છે. મિથ્યાત્વ ઉપાદાન છે, સંસાર ઉપાદાન છે, પછીની પર્યાય થાય છે એ ઉપાદેય છે. તો એનો અર્થ શું થયો? મિથ્યાત્વથી થયું છે? એના વ્યયથી. આપણે નાખ્યું છે ભાઈએ, ફૂલચંદજીએ. જૈનતત્ત્વ મીમાંસા. જૈનતત્ત્વ મીમાંસા બનાવ્યુંને પુસ્તક. બહુ સારું બનાવ્યું છે ફૂલચંદજીએ. તો લોકો એને કહે, સોનગઢના પક્ષનું છે. અરે ભગવાન! સત્ય કહે ત્યાં સોનગઢનો પક્ષ થઈ ગયો? પૂર્વની પર્યાય વ્યય થઈને પછીની પર્યાય કાર્ય છે અને પૂર્વની પર્યાય કારણ છે એ પણ વ્યવહાર છે. બાકી તો જે સમયે જે પર્યાય જેની જે કાળે થાય છે તે પર્યાય ષટ્કારકના પરિણમનથી પોતાથી થાય છે, દ્રવ્ય-ગુણથી નહિ, પરથી નહિ. આહાહા..!

**શ્રોતા** :- ઘણું સારું કહ્યું મહારાજ! હવે શું? જ્યારે થવાની હશે ત્યારે થશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- થવાની થશે પણ કોને? જે જ્ઞાયક માને છે એને થવાની થશે એનો એ જ્ઞાતા છે. સમજાણું કાંઈ? પર્યાયમાં જ્યારે થવાનું હોય ત્યારે થાય છે, એવો નિર્ણય કોણે કર્યો? અને કોના આધારે કર્યો? એ નિર્ણય જ્ઞાયકભાવની સન્મુખ થાય ત્યારે થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આ પ્રશ્ન તો અમારે (સંવત) ૧૯૭૨ની સાલમાં ઉઠ્યો હતો. ૭૨. કેટલા વર્ષ થયા? ૬૦ વર્ષ થયા. સંપ્રદાયમાં મોટો પ્રશ્ન ઉઠ્યો. અમારા ગુરુભાઈ હતા એ બહુ આગ્રહી હતા. એમ કહેતા કે ભગવાને દીઠું તે દી ભવ ઘટશે. આપણે શું કરી શકીએ? ૭૦માં દીક્ષા. એમાં હતાને. ૭૨ની વાત છે. પાળિયાદ. અને શું કહેવાય? સરવા. ભાઈ! બતાવ્યું હતું ભાઈને. એ સરવામાં દરબારનો ઉતારો છે ત્યાં આ પ્રશ્ન (થયો). ફાગણ માસ ૭૨ની સાલ. ૬૦ વર્ષ પહેલાં. એણે એવો પ્રશ્ન કર્યો. બે વાર કીધું ઈ સાંભળ્યું. પછી તો મેં કહ્યું, શું કહો છો? ભગવાને દીઠું એમ થશે એનો નિર્ણય કોને છે? ભગવાનનું કેવળજ્ઞાન એક સમયમાં સત્તા જગતમાં છે, એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણવાની પર્યાયની સત્તા જગતમાં છે, એવી સત્તાનો સ્વીકાર કરે છે એ સ્વસન્મુખ થાય છે. કેવળજ્ઞાને દીઠું એ કેવળજ્ઞાનની વાત પછી છે. કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય એ પછી વાત, પણ કેવળજ્ઞાન જગતમાં છે એ સત્તાનો સ્વીકાર કોણે કર્યો? ૭૨ની વાત છે. અમરચંદભાઈ! મોટી ચર્ચા થઈ હતી. એક દી તો છોડી દીધું હતું. બધા ગુરુને, સંપ્રદાયને. આ નહિ. અમને તો અંદર સત્ય બેસે તો માનીએ

છીએ. અમને કોઈ સંપ્રદાય કહે, ગુરુ કહે તો માનીએ છીએ એમ વાત નથી. સમજાણું કાંઈ?

એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને દેખે, પ્રભુ! દેખે તો છે પોતાની પર્યાય. ત્રણકાળ, ત્રણલોક તો વ્યવહારથી કહે છે. પણ જેમાં ત્રણકાળ, ત્રણલોક પ્રતિભાસે છે એવી પર્યાયમાં અનંતા કેવળજ્ઞાનને જાણે. આહા..હા..! ભાઈ! પ્રભુ! એ પર્યાયની કેટલી તાકાત! એક સમયની પર્યાય કેવળજ્ઞાન અનંતા કેવળીને જાણે. આહા..હા..! એક સમયની પર્યાયમાં એટલી તાકાત જગતમાં છે. થવાનું થશે એ વાત પછી. પંડિતજી! એનો સ્વીકાર જેને છે, તો કેવળજ્ઞાનપર્યાય તો પરમાં છે અને પોતાની પર્યાય તો અલ્પજ્ઞ છે. તો સર્વજ્ઞની આવી સત્તા જગતમાં છે એની સત્તાનો સ્વીકાર ક્યારે થાય? કેમકે પર્યાય તો અલ્પજ્ઞ છે, સર્વજ્ઞ પર છે. તો એની સત્તાનો સ્વીકાર 'હું જ્ઞાયકભાવ છું' એવી દૃષ્ટિ થશે તો સ્વીકાર થશે. અને એવો સ્વીકાર થયો ત્યાં આત્મા તરફનો પુરુષાર્થ થયો. એને પછી ભવ નથી. એમ કહ્યું હતું.

ભગવાને દીઠું એવું કેવળજ્ઞાનની પર્યાય જેને બેસી.. એ તો આવ્યુંને આપણે? ૮૦ ગાથા. પ્રવચનસાર. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' એ તો તે દી વાંચ્યું હતું ક્યાં? એ તો પછી ૭૮માં આવ્યું, પણ વાત એ જ અંદરથી આવી હતી. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' કોઈપણ પ્રાણી અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય કેવળજ્ઞાન.. આહા..હા..! એને કોઈપણ પ્રાણી જાણે તો એનું આત્મ તરફ લક્ષ થઈને એના મોહનો નાશ થશે. સમજાણું કાંઈ? આ જ વાત અંદરથી આવી હતી લ્યો. સાંભળ્યું નહોતું, વાંચ્યું પણ નહોતું, પણ પૂર્વનું હતુંને. આહા..હા..! અમે એમ નથી માનતા, કીધું.

કેવળજ્ઞાનની પર્યાય એટલી તાકાતવાળી કે જે અનંત સિદ્ધોને દેખે. અનંત સિદ્ધો, અનંત કેવળીઓ, એવી એક સમયની જ્ઞાનના એક ગુણની, એક ગુણની એક પર્યાય. આહા..હા..! પ્રભુ! એમ ન મનાય. કીધું. આહા..હા..! ગુરુભાઈ જરી ઓલા થઈ ગયા. ગુરુએ માન્યું પહેલાં, પણ આ અધિકાર નહોતો એટલે બીજે દિવસે પાછું બીજું કહ્યું. વાત તો અમારો પક્ષ કરવાની હતી. પહેલાં આમ કહ્યું. સરવા ગામ છે પાળિયાદપાસે. રાતે વાત થઈ. પછી એના ગુરુએ કહ્યું કે કાનજી તારી વાત સાચી લાગે છે. પછી બીજે દિવસે, આ મગજ નહિ અને બીજે દિવસે શું કહ્યું? પક્ષ તો એને મારો લેવો હતો. એણે કહ્યું, અરે મૂળચંદજી! એક ગુરુભાઈ હતા. તમે જેમ કહો છો એમ હોય તો પાંચ સમવાય સિદ્ધ થશે. પાંચ સમવાય છેને? કાળ, સ્વભાવ... છે તો એમ જ, પણ એ માનતા નથી. પાંચ સમવાય એમ નથી. પાંચ સમવાયથી જ થશે, પણ એની એને ખબર નહિને. પાંચ સમવાયને મનાતા નથી એ લોકો. એટલે વળી એ તકરાર ઉઠી એમાં ને એમાં. એના નાના સાધુ હતા એને એમ કહ્યું કે ભગવાને કહ્યું એ વિપાક અધિકાર છે. એમાં વિપાકસૂત્ર છેને. વિપાકસૂત્ર છે. જે આહાર આપે છે, મિથ્યાદૃષ્ટિ સાધુ છે. આહાર દે છે એનો પરિતસંસાર થાય છે, ઈ પંદર ભવે મોક્ષ જાય છે. એ વાત તો જૂઠી છે. એ વાત જ ખોટી. પરને આહાર દેવાથી સંસાર

ઘટે એવી વાત છે જ નહિ. શુભભાવ થાય છે. પણ એમાં એમ ચાલ્યું છે. અમને તો દરેક વાતમાં નિર્ણય કર્યા વિના અમને બેસે નહિ કીધું. એણે કહ્યું, એના બીજા સાધુ. ભગવાને પંદર ભવ દીઠા એ ફરશે? એના ગુરુની સામે. માંહોમાંહે તકરાર થઈ. ભગવાને પંદર ભવ દીઠા છે આહાર દેનારને. પણ પંદર ભવ દીઠા એ ન ફરે એ પ્રશ્ન ક્યાં છે? એ તો એમ જ થશે, પણ કેવળજ્ઞાનની પર્યાય જગતમાં છે એવી શ્રદ્ધા કોને છે? સમજાણું કાંઈ? આહા..! એમ ને એમ માને કે આ અરિહંત છે ને કેવળી છે. એમ નહિ. આહા..હા..!

એક સમય કોને કહે? પ્રભુ! અને ત્રણકાળ કોને કહે? અને ત્રણકાળને જાણનારા અનંત સિદ્ધો એ એક સમયમાં જણાય. પ્રભુ! કેટલી તાકાત. આહા..હા..! પંડિતજી! ભાઈ! સમજાણું કાંઈ? માણેકચંદજી! એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકમાં અનંત કેવળીઓ—ભૂતમાં થઈ ગયા, વર્તમાન છે અને ભવિષ્યમાં થશે, બધા કેવળીનું જ્ઞાન એક સમયમાં આવી જાય છે કેવળજ્ઞાનમાં. આહા..હા..! ભાઈ! એ વાત નથી. અરિહંતની પર્યાય જે કોઈ જાણે, આહા..હા..! એ પોતાના આત્મા તરફ જુકી જાય છે. કેમકે પર્યાયમાં અલ્પજ્ઞ છે, સર્વજ્ઞ દૂર છે, તો સર્વજ્ઞસ્વભાવી જે ભગવાન છે ત્યાં જુકી જાય છે, એનું નામ પુરુષાર્થ છે. એવા સર્વજ્ઞને માનનારને ભવ છે જ નહિ કીધું. ભગવાને ભવ દીઠા નથી. અમરચંદભાઈ! અમારે તો અંદર બેસે એ બેસે. એવી વાત કરો તો અમને ન બેસે. એ સંપ્રદાય ન જોઈએ કીધું. એ સાધુગુરુ ન જોઈએ. એક દિવસ છોડી દીધા. છોડીને ચાલ્યા ગયા. ત્રણ ગાવ છે. કાણિયાર ગામ છે ત્યાં. શેઠિયા આવ્યા રાતે. પછી નાની ઉંમરને. પચ્ચીસ વર્ષની ઉંમર. નાની ઉમર. આ તો ૮૭ થયા. આહા..હા..! બધા શેઠિયા આવ્યા. મહારાજ! આ શું થયું? ભાઈ! જુઓ, હું તો સાંભળતો હતો બે વર્ષથી, પણ મને એ વાત બેઠી નહિ. માટે હું તો નહિ રહી શકું સંપ્રદાયમાં. મને અંદર બેસવી જોઈએ, ભાઈ! મને ન્યાયમાં બેસે તો હું રહું, નહિતર હું રહું નહિ. આવો સંપ્રદાય ન જોઈએ, આવા ગુરુ ન જોઈએ, કોઈ ન જોઈએ. આહા..હા..! પછી ગયા હતા. કેમકે નાની ઉંમર. ૨૫ વર્ષની ઉંમર. ગયા હતા, પણ અંદર આ રાખીને. માર્ગ તો આ છે, ભાઈ! તમે કહો છો એમ વાત નથી. ભગવાને દીઠું એ અત્યારે અમને ચારિત્ર થશે અને ત્યારે ભવનો અભાવ થશે. ત્યારે શું કરવા તમે મુંડાવીને બેઠા? મેં નહોતું કહ્યું. એના શિષ્યે કહ્યું હતું. એક શિષ્ય હતા. રોચકાવાળા હતા. રોચકાવાળા નહિ? નામ શું? ભૂલી ગયા. રોચકાવાળા હતા નહિ? મરી ગયો નહિ ત્યાં? અમદાવાદમાં સંથારો કરીને. ભૂલી ગયા. એણે મારી પાસે બ્રહ્મચર્ય લીધું હતું પછી. ઉજમસિંહ. ઉજમસિંહ રોચકાવાળા હતા. એકવાર એણે મૂળચંદજીને કહ્યું. આ વાત બહાર છંછેડાઈ ગઈને. તો મુળચંદજીને કહે, તમે ભગવાને દીઠું એમ થાય એમ કહો છો તો મુંડાવીને કેમ બેઠા? તમારી શ્રદ્ધામાં તો છે નહિ. હું એક બાજુ સાંભળતો હતો. એમ નથી, ભાઈ! ભગવાન કેવળજ્ઞાન પરમાત્મા.. આહા..હા..!

મેં તો એવું દૃષ્ટાંત આપ્યું હતું. ગજસુકુમારનું આવે છેને? ગજસુકુમાર. ગજસુકુમાર શ્રીકૃષ્ણના

નાના ભાઈ. સ્મશાનમાં જેમના માથે સગડી મૂકાણી. એમાં કથા વાંચી હતીને. આ તો વાંચ્યું પણ નહોતું. તો કીધું, ગજસુકુમાર ભગવાન પાસે સાંભળવા ગયા, આ તમે કહો છો એવી વાત કરતાં હતા ભગવાન? ગજસુકુમાર. જેને દેવે આપેલા. બીજો પુત્ર નહોતો તો શ્રીકૃષ્ણે આરાધન કરીને મારી માતાને મારો નાનો ભાઈ જોઈએ. તો દેવ આવ્યા. પછી એ ગજસુકુમાર જ્યારે મોટા થયા... ગજસુકુમાર. હાથીના તાળવા જેવું સુકોમળ એવું શરીર. એવું શરીર હતું. ભગવાનના દર્શન કરવા જતા હતા હાથી ઉપર બેસીને. શ્રીકૃષ્ણના ખોળામાં બેઠા હતા. એક બાઈ હતી સોનીની દીકરી. સોનીની. બહુ રૂપાળી સુંદર. હાથી ઉપરથી જોયું. ઓ..હો..હો..! સોનાના દડાથી રમતી હતી. દડો સમજ્યાને? ગેંદ. એમ કહ્યું કે આ કન્યા બહુ રૂપાળી છે. જાવ તમે ત્યાં. અંતેપુરમાં લઈ જાવ. આ ગજસુકુમારને પરણાવશું. ગજસુકુમારના વિવાહ કરશું. હવે એ જ્યાં સાંભળ્યું કે મારે માટે આ કન્યા મોકલે છે. અંતેપુરમાં મૂકે છે. એ જ્યાં ભગવાન પાસે ગયા અને સાંભળી વાત. ... અન્નદાતા, પ્રભુ! આપની આજ્ઞા હોય તો હું આગારપણું છોડી અણગારપણું અંગીકાર કરવા માંગુ છું. આવી તમારી ભાષા? કહો, સમજાણું કાંઈ? એવો પાઠ છે એમાં. 'आगारो अणगारो' હું મુનિપણું લેવા માંગુ છું, મહારાજ! આપની આજ્ઞા. એની ભાષા બીજી છેને શ્વેતાંબરની. .. ત્યાં ક્યાં .. છે? ભગવાનની વાણી તો ૐ નીકળે છે. પણ એમાં ભાષા એવી હતી. .. દેવાનુપ્રિયા. હે દેવાનુપ્રિય! એવી ભાષા બોલે છે. દેવને વલ્લભ છેને મનુષ્ય. દેવને વલ્લભ છે એટલે દેવાનુપ્રિયા કહેવામાં આવે છે. હે દેવાનુપ્રિયા! દેવને વલ્લભ! પ્રમાદ ન કરો.

... માતા પાસે ગયા. માતાને કહ્યું, માતા! હું તો મુનિપણું લેવા માંગુ છું. આહા..હા..! માતા ત્રિશલા રોવે છે. ત્રિશલા શું દેવકી. શ્રીકૃષ્ણની માતા. આ એના નાના ભાઈ છેને. માતા રોવે છે. અરે બેટા! હું તો તને.. છ દીકરા હતાને. શ્રી કૃષ્ણ આદિ છ. એ બીજે ઉછર્યા હતા. બીજા છ ભાઈ હતા એ બીજે ઠેકાણે ઉછર્યા હતા. ઉછર્યા જન્મ્યા? જન્મ બીજે થયો અને કૃષ્ણનો બીજે થયો ગોકુળમાં. તો એના પુત્રને લાડ લડાવ્યા હોય એવું બન્યું નહોતું દેવકીને. એ લાડ લડાવવા માટે ગજસુકુમાર આવ્યા. દેવલોકમાંથી આવ્યા. એ જ્યારે આજ્ઞા માગે છે. માતા રોવે છે. માતા! જનેતા! તારે રોવું હોય તો રોઈ લે, પણ રજા દે. હું ફરીને માતા નહિ કરું. હું બીજી માતા નહિ કરું, બા! આહા..હા..!

શ્વેતાંબરમાં. ..માં છે. .. સૂત્ર છેને એનું? શ્વેતાંબરમાં. તે દી તો એ જ વાંચ્યું હતુંને. આપણે .. આવે છે. ગજસુકુમારનું આવે છે. બીજી રીતે આવે છે. અહીંયાં તો આ આવ્યું હતું. રજા લઈને આવ્યા. મહારાજ! ભગવાન પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈને બોલ્યા, પ્રભુ! આપની આજ્ઞા હોય તો હું દ્વારકાના સ્મશાનમાં જઈને ઊભો રહું બારમી પડિમા લઈને. એમ આવે છે. બારમી પડિમા આપણામાં પણ આવે છે. બારમી પડિમા હોય છે. જે પરિષહ આવે અને ડગે નહિ તો કેવળજ્ઞાન થઈ જાય કાં અવધિ, મનઃપર્યય થઈ જાય. જો ડગી

જાય તો ભ્રષ્ટ થઈ જાય. એવી વાત આવે છે. ગયા જંગલમાં સ્મશાનમાં. દ્વારકાના સ્મશાનમાં. ઊભા રહી ગયા ધ્યાનમાં. ત્યાં એના સસરા આવ્યા. કન્યાનું સગપણ કર્યું હતુંને એના પિતા આવ્યા. મારી દીકરી તો ખલાસ થઈ ગઈ. આણે દીક્ષા લીધી. હવે કોઈ આને રાખશે નહિ, લેશે નહિ. ત્યાં સ્મશાનમાં રાખ હોયને રાખ? ભસ્મમાં પાણી નાખીને પાઘડી બનાવી ગજસુકુમારના શરીર. ધ્યાનમાં (ઊભા છે). આપણે આવે છે. અહીં છેને આપણે. ફોટો છે. અગ્નિ ભરી. સ્વરૂપના ધ્યાનમાં ધ્યેયમાં એટલા લીન થઈ ગયા, ઉપસર્ગ ટળી ગયા અને કેવળજ્ઞાન થઈ ગયું. કીધું, કેવા પુરુષાર્થની ગતિ આ! અંતરમાં ભગવાનની વાણીમાં કેવો પુરુષાર્થ આવે છે? સમજાણું કાંઈ? અને તમે પુરુષાર્થહીનની વાત કરો છો એ વાત અમને બેસતી નથી, કીધું.

આ એ કહે છે જુઓ, સર્વજ્ઞની આજ્ઞા બહાર છે. આહા..હા..! એક દ્રવ્ય બે દ્રવ્યની ક્રિયા કરે.. આહા..હા..! સર્વજ્ઞની આજ્ઞા બહાર છે. જીવ પરની દયા પાળી શકે, જીવ રાગ કરે દાનમાં પૈસા દેવાનો પણ એ પૈસા દેવાની ક્રિયા આત્મા કરે એમ ત્રણકાળમાં બનતું નથી. શું કહ્યું?

**શ્રોતા** :- સજાતિમાં તો કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું સજાતિ?

**શ્રોતા** :- પરમાણુ પરમાણુને..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરમાણુ પરમાણુમાં ન કરે. એક પરમાણુ બીજા પરમાણુને ન કરે. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. દ્રવ્ય દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આવે છે કે નહિ શાસ્ત્રમાં કે ચાર ગુણ આ પરમાણુના હોય ચીકાશના, બીજા છ હોય તો છ થઈ જાય. પણ એ છ પોતાની પર્યાયથી થાય છે. પેલા આવ્યા એટલે થયા એમ નથી. આહા..હા..! ઈ એમ છે, પાઠ એવો છે. પણ એ તો નિમિત્તનું કથન છે. કે ચાર ગુણની ચીકાશ પરમાણુમાં છે એ છ ગુણની ચીકાશમાં આવે તો છ ગુણ થઈ જાય છે. આવે છે પાઠમાં. હા એ.

**શ્રોતા** :- પોતારૂપ પરિણમે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, પોતારૂપે પરિણમે છે, પોતાથી પરિણમે છે એમ કહેવું છે અહીંયા. બે દ્રવ્યની ક્રિયા એક નથી થતી. છની ચીકાશ એક પરમાણુમાં છે અને બીજા પરમાણુ છ ગુણ ચીકાશ કરે એમ નથી. આહા..હા..! બે ગુણ અધિકમાં આવે છેને. અધિકગુણા. છેને, ખબર છેને. એક પરમાણુની ચીકાશ બે ગુણ હોય, બીજામાં ચાર હોય તો ચાર થઈ જાય છે. એ પોતાથી થાય છે. ચાર ગુણની ક્રિયા ચાર ગુણવાળો કરે અને ચાર ગુણવાળો અહીંયા બેના ચાર કરે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

બીજો મોટો પ્રશ્ન ઉઠ્યો હતો કે આ સ્કંધ છેને સ્કંધ. છૂટો પરમાણુ છે એ સૂક્ષ્મ છે

અને અહીંયાં આવ્યો તો સ્થૂળ થઈ ગયો. અહીં સૂક્ષ્મ ન રહ્યો પરમાણુ. તો કહે છે કે ભિન્ન હતો ત્યારે સૂક્ષ્મ હતો અને સંયોગ થયો તો સ્થુળ થઈ ગયો. સ્થુળના કારણે સ્થુળ થયો. બિલકુલ ખોટી વાત છે, કીધું. સમજાણું કાંઈ? આ પરમાણુ છેને એ અહીંયાં સૂક્ષ્મ ન રહ્યો અંદર. પ્રત્યેક પરમાણુ સ્થુળ થઈ ગયા. બધા સ્થુળ છેને. સમજાણું કાંઈ? એ પોતાને કારણે થયા છે. અહીંયા સંયોગ થયો તો સ્થુળ થયો એમ નહિ. આહા..હા..! એ સ્થુળ થવાનો સ્વકાળ હતો. ઝીણી વાત છે, બાપુ! આ તો વીતરાગમાર્ગ, ભાઈ! આહા..હા..! એક પરમાણુ બીજા પરમાણુમાં પણ ગુણની અધિકતા પોતામાં છે તો બીજાને અધિક કરે એમ છે નહિ. બે દ્રવ્યની એક ક્રિયા માનનારા સર્વજ્ઞની આજ્ઞા બહાર છે. સમજાણું કાંઈ? જોયું ભગવાનનો મત નથી.

'હવે ફરી પૂછે છે કે **બે ક્રિયાનો અનુભવ કરનાર પુરુષ મિથ્યાદૃષ્ટિ કઈ રીતે છે? તેનું સમાધાન કરે છે :—**' ૮૬.

जम्हा दु अत्तभावं पोग्गलभावं च दो वि कुव्वंति।
तेण दु मिच्छादिट्ठी दोकिरियावादिणो हुंति।।८६।।
જીવભાવ, પુદ્ગલભાવ-બન્ને ભાવને જેથી કરે,
તેથી જ મિથ્યાદૃષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.

'**ટીકા :- નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ** (અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનાર) **આત્માના પરિણામને...**' હું મારા પરિણામને કરું છું '**અને પુદ્ગલના પરિણામને પોતે (આત્મા) કરે છે...**' દેખો, હું રાગને પણ કરું છું અને હું પરમાણુ કર્મની પર્યાયને પણ કરું છું. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ, બાપા! આહા..હા..! '**નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ..**' એમ માને છે કે '**આત્માના પરિણામને...**' હું કરું છું. રાગના. રાગ-દ્વેષાદિ '**અને પુદ્ગલના પરિણામને પોતે (આત્મા) કરે છે...**' હું જ પુદ્ગલને બાંધું છું. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયની પર્યાય જે છે એ હું કરું છું.—મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે.**' છે? એવો સિદ્ધાંત છે. આવી વાત સિદ્ધ થઈ છે. આહા..હા..! આત્મા રાગ પણ કરે બોલવાનો અને બોલવાની ભાષા પણ કરે—મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! શ્યામલાલજી! આવો માર્ગ છે. લોજિકથી, ન્યાયથી તો સિદ્ધ કરે છે. આહા..હા..!

પ્રભુ! તારે સત્ય શું છે એ સમજવું છે કે નહિ? આહા..હા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે કે આત્મા વિષયવાસનાનો રાગ પણ કરે અને શરીરની ઈન્દ્રિય કઠણ થઈ જાય એ પણ આત્મા કરે. ભાઈ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં દર્શન અધિકારમાં છે. લિંગ કઠિન આદિ... સ્પષ્ટ તો કરે છે. આત્મા રાગ પણ કરે વિષયવાસનાનો અને એ વખતે ઈન્દ્રિય કઠણ થાય છે એની ક્રિયા પણ આત્મા કરે એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! પ્રભુ! છે એમાં.

ચોથામાં છે? ક્યાં છે? આહા..હા..! ચોથા અધિકારમાં. હિન્દી છે? લાવો. ક્યાં આવ્યું? '**હાસ્યાદિક થતાં પ્રફુલ્લિત વદનાકિ થઈ જાય...**' હાસ્ય કરે છે જીવ તો મુખ (પ્રફુલ્લિત થઈ જાય). એ મુખ પ્રફુલ્લિત કરે અને હાસ્ય કરે એવી બે ક્રિયા આત્મા ન કરી શકે. છે? '**અને પુરુષવેદાદિ થતાં...**' જુઓ, પુરુષવેદાદિનો વિકલ્પ થવાથી '**લિંગ કાઠિણ્યાદિ થઈ જાય.**' ઇન્દ્રિય કઠણ થઈ જાય છે. '**હવે એ સર્વને એકરૂપ માની આ એમ માને છે કે 'આ બધા કાર્ય હું કરું છું.''** આહા..હા..! સત્ય સમજાવવું હોય તો જેમ છે (તેમ સમજાવાય). સમજાણું કાંઈ? આહા..હા..! આ વાત છે. મિથ્યાદર્શનની પ્રવૃત્તિ છેને? છે. ઘણો છે અધિકાર. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો ઘણું સ્પષ્ટ કર્યું છે. આહા..હા..! મેં રાગ કર્યો અને મેં હાથ હલાવ્યો. બે ક્રિયા માનનારો મિથ્યાદૃષ્ટિ છે. હાથ હલાવવાની ક્રિયા એમાં થઈ છે, એના કારણે થઈ છે, આત્માને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

'**નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ...**' એમ માને છે કે '**આત્માના પરિણામને અને પુદ્ગલના પરિણામને પોતે (આત્મા) કરે છે એમ માને છે તેથી તેઓ મિથ્યાદૃષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે. એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો.**' આહા..હા..! દૃષ્ટાંત. '**જેમ કુંભાર ઘડાની સંભવને અનુકૂળ...**' ભાષા જુઓ, આ નિમિત્ત આવ્યું પંડિતજી! ..લાલજી! નિમિત્તથી નથી થતું, જુઓ, નિમિત્તથી નથી થતું. '**જેમ કુંભાર ઘડાની સંભવને અનુકૂળ...**' નિમિત્ત '**પોતાના (ઇચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ) વ્યાપારપરિણામને (-વ્યાપારરૂપ પરિણામને)-કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો પ્રતિભાસે છે, પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ (તે કુંભાર) પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને (ઘડારૂપ પરિણામને)-કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો પ્રતિભાસતો નથી;...**' આહા..હા..! શું કહ્યું? કુંભાર ઘડો કરતો નથી, અનુકૂળ છે. કુંભાર એને અનુકૂળ છે, પણ એ અનુકૂળ પોતાની રાગની ક્રિયા કરે, એ હસ્તાદિની ક્રિયા કરે. અહીં તો હસ્તાદિની ક્રિયા (કરે એમ લીધું). અહીં તો પરથી ભિન્ન પાડવું છેને? પણ એ ક્રિયા કરવાથી ઘડાની પર્યાય એ કરી શકે છે (એમ નથી). આહા..હા..! આવો માર્ગ!

**શ્રોતા :-** કોણે કર્યો ઘડો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘડો માટીએ કર્યો. માટીમાં ઘડો થવાની પર્યાયનો કાળ હતો માટે ઘડો થયો છે. એ જન્મક્ષણ હતી. માટીમાંથી ઘડા થવાની જન્મક્ષણ—ઉત્પત્તિનો કાળ એ હતો, કુંભારે કાંઈ કર્યું નથી. આહા..હા..! કહો.

આ શીરો બનાવે છેને શીરો? માણસ નથી કહેતા? હલવો. સ્ત્રીનો હાથ હળવો હોય, બહુ હુશિયાર હોય એનાથી શીરો બહુ સારો બને. એમ કહે છે કે એ બધું ખોટું છે. સેવ

થાય છે. સેવ સમજ્યા? સેવ કરે છેને? ઘઉંના લોટની. તો જે બાઈ હુશિયાર હોય, પાટિયું આમ હોય એને ખાટલામાં નાખીને પછી બેસે. બરાબર પાતળી જેવી જોઈએ એવી બનાવે. એ વાત ખોટી છે એમ કહે છે. એય..! એ હાથથી પણ નથી થઈ, નીચે પાટિયાનો આધાર છે એનાથી પણ નથી થઈ. આહા..હા..! કેમકે એ પર્યાયમાં પોતાનું કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ—છ (કારક) પોતાની પર્યાયમાં છે અને એનાથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચોખા ચડે છે એ પાણીથી ચડે છે એમ વાત નથી, એમ કહે છે. પાણી પરદ્રવ્ય છે, ચોખા પરદ્રવ્ય છે. તો પાણી પોતાની પર્યાય પણ કરે અને ચોખાને પકવે (એમ નથી).

**શ્રોતા** :- ચોખો પોચો થઈ ગયોને પણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોચો પોતાથી થયો છે. ચોખામાં પાકવાનો સ્વકાળ છે તો પાકે છે, પાણીથી એ ચડ્યો એમ છે નહિ. આવી વાત.

**શ્રોતા** :- સોનગઢના બજારમાં આ વાત ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સોનગઢની બજારમાં કે ભગવાનની બજારમાં? આ ક્યાંનું લખાણ છે? સોનગઢનું છે આ? આહા..હા..! એ રાખે કોણ અને છોડે કોણ? પાણી નીચેથી ઉપર મૂકવામાં એ ક્રિયા આંગળીથી થઈ અને એનાથી થઈ એમ છે નહિ. આ વાત તો ભાઈ આ તો.. સમયે-સમયે પરમાણુમાં અને આત્મામાં પોતામાં પોતાથી થવાની પર્યાયનો પરકર્તા નિમિત્ત નથી એ સિદ્ધ કરવું છે. નિમિત્તથી થયું કે નહિ? આહા..હા..! જુઓ, જગત પરિણામ. ભાઈનું છેને ગાયન. નાનુલાલજીનું છે. 'જ્ઞાતા-દૃષ્ટા આતમરામ...' એની ટીકા કરી છે આમાં. એ જાણે કે અહીંનું સોનગઢનું છે.

ઘડાની પર્યાયને અનુકૂળ કુંભારના પરિણામ છે, પણ એ પરિણામ પોતપોતાથી થયા છે, પણ ઘડાની પર્યાય પોતાના પરિણામથી થઈ એમ ત્રણકાળમાં નથી. 'એવું ન પ્રતિભાસો.' ઘડાની પર્યાયમાં કુંભારની પર્યાય રાગની થઈ તો ઘડાની પર્યાય થઈ એમ ન પ્રતિભાસો- એમ ન દેખો. તમારી આંધળી દૃષ્ટિ છે તો એનાથી થાય છે એમ દેખાય છે. આહા..હા..! બહુ વાત, ભાઈ! '**તેવી રીતે ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ** (તે કુંભાર) **પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને** (ઘડારૂપ **પરિણામને**)—**કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો પ્રતિભાસતો નથી;...**' કુંભાર ઘડાની પર્યાય કરે છે એમ પ્રતિભાસતું નથી. આહા..હા..! સ્ત્રી રોટલીને બનાવે છે એવો પ્રતિભાસ ન થાઓ. પુરુષ હુશિયાર હોય તો નામું સારું લખે એમ ન પ્રતિભાસો. નામામાં અક્ષરની પર્યાય અક્ષરથી થાય છે, આંગળીથી નહિ. શું કહેવાય ઈ? કલમ-કલમ. કલમથી નહિ. આત્માથી તો નહિ, નહિ ને નહિ. આહા..હા..! આવો માર્ગ છે પ્રભુનો, ભાઈ! તદ્દન વીતરાગતા. આહા..હા..!

કોઈની પર્યાયમાં મારો અધિકાર છે જ નહિ. આહા..હા..!

બંધ અધિકારમાં ત્યાં સુધી કહ્યું છે કે કોઈ ઉપદેશ દેનારા એમ માને કે મારાથી એને મુક્તિ થઈ ઈ મૂઢ છે. એના મુક્તિના પરિણામ તો વીતરાગ પરિણતિ કરે તો થાય છે. તારાથી થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? એમ ન પ્રતિભાસો.

**'કે જે પોતાથી અભિન્ન છે અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો પ્રતિભાસે છે,...'** એ ઘડાની પર્યાય માટીથી થઈ છે એવી પરિણતિ ક્રિયાથી થઈ છે, એવા પરિણામને માનો, **'પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ...'** જીવ રાગ કરે. રાગ કરે અને એ રાગ બંધનમાં પુદ્‌ગલમાં નિમિત્ત છે, પણ એ પુદ્‌ગલના પરિણામ જીવ પણ કરે અને જીવ પરિણામને જીવ કરે એમ ન પ્રતિભાસો.

**'તેવી રીતે આત્મા પણ અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ પોતાના પરિણામને—કે જે પોતાથી અભિન્ન છે...'** કર્મની પર્યાય પુદ્‌ગલથી અભિન્ન છે અને રાગના કરનારથી પુદ્‌ગલની પર્યાય ભિન્ન છે. એવા કર્મબંધની પર્યાય (પુદ્‌ગલથી) અભિન્ન છે અને **'પુદ્‌ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને—કરતો ન પ્રતિભાસો.'** આહા..હા..! તારા રાગાદિની પરિણતિ કરે છે એટલું પ્રતિભાસો, પણ એ રાગને કરનાર રાગ પણ કરે અને કર્મબંધનની પર્યાય પણ કરે એમ ન પ્રતિભાસો. આહા..હા..! તો આત્મા કર્મ બાંધે અને આત્મા કર્મનો નાશ કરે એમ ન ભાસો. આહા..હા..! પોતાના પરિણામમાં અજ્ઞાનનો નાશ કરીને વીતરાગ કરે છે અને એ વખતે કર્મનો નાશ થાય છે એ ક્રિયા આત્માએ કરી એમ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૧, શુક્રવાર, તા. ૬-૦૮-૧૯૭૬, ગાથા-૮૬, પ્રવચન નં. ૧૪૮

૮૬ ગાથાનો ભાવાર્થ. **'આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો;...'** સમયે-સમયે જે પરિણામ જીવ કરે છે એ પરિણામનો કર્તા પ્રતિભાસો, પણ **'પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો.'** આહા..! રાગ કર્યો અને શબ્દ સંભળાયા તો એમ માને છે કે કાન દ્વારા હું સાંભળું છું, જડ દ્વારા હું સાંભળું છું. એવી વાત વિપરીત વાત છે. સમજાણું કાંઈ? આત્માના પ્રદેશ ચલાવે તો શરીર પણ ચાલે. તો મેં પ્રદેશ ચલાવ્યા

તો શરીરની પર્યાય પણ ચાલી—એમ માનનારા પુદ્‌ગલના પરિણામનો આત્મા કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કાનથી વાત સાંભળી એ તો બિલકુલ બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાનથી કોણ સાંભળે છે? જ્ઞાનની પર્યાય જાણે છે. આ તો જડ છે. મારા અવયવ છે એમ માને છે જડના. હું જાણનાર અને હું શરીરના અવયવ દ્વારા જાણું છું એ મિથ્યાત્વ છે. એ આવ્યુંને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છે. કાલે નહોતું કહ્યું? લિંગ કઠણ આદિ નહિ? બતાવ્યું હતુંને. ચોથા ભાગમાં છેને. ચોથા-ચોથા. અહીં છે જુઓ,

‘**અનાદિ કાળથી જીવ છે તે કર્મનિમિત્ત વડે અનેક પર્યાય ધારણ કરે છે,...**’ શરીરાદિ. ‘**ત્યાં પૂર્વપર્યાયને છોડી નવીન પર્યાય ધારણ કરે છે તથા તે પર્યાય એક તો પોતે આત્મા તથા અનંત પુદ્‌ગલપરમાણુમય શરીર એ બંનેના એક પિંડબંધાનરૂપ છે. તેમાં આ જીવને ‘આ હું છું’ એવી અહંબુદ્ધિ થાય છે.**’ શરીર પણ હું અને આત્મા પણ હું. મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! એ તો મિથ્યાત્વભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અડધુ તો સાચું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક અંશ પણ સાચું નથી. પોતાના પરિણામ કરે તો એ પરિણામથી શરીરના પરિણામ થયા, એ બધું ખોટું છે. આહા..હા..! છે?

‘**વળી પોતે જીવ છે તેનો સ્વભાવ તો જ્ઞાનાદિક છે...**’ એક વાત. ‘**અને વિભાવ ક્રોધાદિક છે.**’ બીજી વાત. ‘**તથા પુદ્‌ગલ પરમાણુઓનો સ્વભાવ વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિક છે. એ સર્વને પોતાનું સ્વરૂપ માને છે.**’ જ્ઞાનના પરિણામ પણ મારા, રાગ પણ મારો અને વર્ણ, ગંધ શરીરની અવસ્થા એ પણ મારી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ બહુ ભિન્ન છે. આહા..હા..! વીતરાગનો માર્ગ ઘણો ઝીણો છે. એ કહે છે જુઓ, ‘**આ મારા છે—એવી તેઓમાં મમત્વબુદ્ધિ થાય છે. પોતે જીવ છે તેના જ્ઞાનાદિક વા ક્રોધાદિકની અધિકતા-હીનતારૂપ અવસ્થાઓ થાય છે તથા પુદ્‌ગલપરમાણુઓની વર્ણાદિ પલટાવારૂપ અવસ્થાઓ થાય છે તે સર્વને પોતાની અવસ્થા માની તેમાં ‘આ મારી અવસ્થા છે’—એવી મમકારબુદ્ધિ કરે છે.**’ આહા..હા..! ‘**વળી જીવ અને શરીરને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે તેથી જે ક્રિયા છે તેને પોતાની માને છે;...**’ શરીરની ક્રિયા પોતાથી થાય છે. ક્ષણે ને પળે આમ ખાવા-પીવાની ક્રિયા થાય છે તે મારાથી થાય છે. એ તો જડની ક્રિયા છે, આત્માથી થતી નથી. આહા..હા..! આંખનું આમ પલકવું એ મારાથી થાય છે. એ તો જડની ક્રિયા છે.

**શ્રોતા :-** વ્યવહારે તો આ વાત બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારે પણ ખોટું છે. આહા..હા..! છે?

'પોતાનો સ્વભાવ દર્શન-જ્ઞાન છે, તેની પ્રવૃત્તિને નિમિત્તમાત્ર શરીરનાં અંગરૂપ સ્પર્શનાદિક દ્રવ્ય ઇંદ્રિયો છે. હવે આ જીવ તે સર્વને એકરૂપ માની એમ માને છે કે 'હાથ વગેરેથી મેં સ્પર્શ્યું,...'' આહા..હા..! મેં હાથથી સ્પર્શ કર્યો. એ તો જડની ક્રિયા છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં ચોથો અધ્યાય છે, મિથ્યાદર્શનનો અધિકાર. આહા..હા..! છે? 'એકરૂપ માની એમ માને છે કે 'હાથ વગેરેથી મેં સ્પર્શ્યું, જીભ વડે મેં સ્વાદ લીધો,...'' જીભ જડ છે એનાથી મેં સ્વાદ લીધો જડથી. મિથ્યાદર્શન છે.

**શ્રોતા** :- જીભનું નિમિત્તપણું તો ખરું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિમિત્તનો અર્થ શું? નિમિત્ત પરમાં કંઈ કરતું નથી અને પરનિમિત્ત પોતામાં કાંઈ કરતું નથી. આહા..હા..!

**શ્રોતા** :- આ વાત કોણ માનશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માને એ. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. જેને સમ્યક્ માનવું હોય તે માનશે જ. આહા..હા..!

જુઓ, 'હાથ વગેરેથી મેં સ્પર્શ્યું,...' આહા..હા..! શરીરથી મેં સ્ત્રીનો સ્પર્શ કર્યો. જડની ક્રિયાથી પોતાને સ્પર્શ થાય છે? એ તો પોતે જાણે છે કે એમાં શું થાય છે? આ જગ્યાએ જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ! સમયે-સમયે જગતને મિથ્યાત્વભાવ કઈ રીતે થાય છે એ વાત ચાલે છે. આહા..હા..! 'જીભ વડે મેં સ્વાદ લીધો, નાસિકા વડે મેં સૂંઘ્યું,...' આ તો જડ છે. જડથી સૂંઘવું તો જ્ઞાનમાં એટલું જાણે કે આ આવ્યું એમ. નાસિકા વડે મેં સૂંઘ્યું. આહા..હા..! 'કાન વડે મેં સાંભળ્યું.' લ્યો! આ તો માટી-જડ છે.

**શ્રોતા** :- બેરો હોય તો સાંભળતો નથી, બરાબર વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આત્મા પણ સાંભળતો નથી.

**શ્રોતા** :- જીવ જ્યારે નીકળી જાય મડદું થઈ જાય તો કોણ સુંઘે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આત્મા જાણે છે કે આ ગંધ છે. નાસિકા વડે ગંધ જાણે છે? જડ છે એના દ્વારા જાણે છે? જ્ઞાન દ્વારા જાણે છે કે આ ગંધ છે. બસ એટલું. '**નાસિકા વડે મેં સૂંઘ્યું, નેત્ર વડે મેં દીઠું,...**' આ તો જડ છે, માટી છે. એનાથી જોયું? શિખરચંદજી! ભગવાનની વાત છે અહીંયાં તો. સર્વોત્કૃષ્ટ શિખર. આહા..હા..! 'જડ અને ચૈતન્ય બન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન'. સમજાણું કાંઈ? બેયના સ્વભાવ ભિન્ન છે. એ એમ માને છે કે મેં કાનથી સાંભળ્યું. આહા..હા..! ભાષા કેટલી કરી છે. જુઓ, '**મનોવર્ગણા રૂપ આઠ પાંખડીવાળા ફૂલ્યા કમળના આકારે...**' છે. એ મનથી મેં જાણવાનું કામ કર્યું. આહા..હા..! સ્મરણાદિ એનાથી થયું. સ્મરણ તો જ્ઞાનની પર્યાયથી થાય છે. કે જડ મનથી થાય? આહા..હા..! '**વળી પોતાને જ્યારે બોલવાની ઇચ્છા થાય ત્યારે પોતાના પ્રદેશોને જેમ બોલવાનું બને તેમ હલાવે છે ત્યારે એકક્ષેત્રાવગાહ સંબંધથી શરીરનું અંગ પણ હાલે છે, તેના**

**નિમિત્તથી ભાષાવર્ગણારૂપ પુદ્‌ગલો વચનરૂપ પરિણમે છે. એ બધાને એક માની આ એમ માને કે 'હું બોલું છું.''** આહા..હા..!

**શ્રોતા :-** આવું રોજ ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચાલે છે શબ્દને કારણે ચાલે છે, આત્માને કારણે નહિ. વાત ઝીણી, બાપુ! પ્રભુ! છે? 'હું બોલું છું.' **'તથા પોતાને ગમનાદિક ક્રિયાની વા વસ્તુગ્રહણાદિની ઈચ્છા થાય ત્યારે પોતાના પ્રદેશોને જેમ એ કાર્ય બને તેમ હલાવે ત્યાં એકક્ષેત્રાવગાહ સંબંધથી શરીરનાં અંગ હાલે છે...'** તો એ અંગને મેં હલાવ્યું. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ!

**શ્રોતા :-** આ તો ચોવીસ કલાકની બિમારી નિકળી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોવીસે કલાકની મિથ્યાદષ્ટિને બિમારી છે. 'આત્મ ભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ સુજાણ, ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.'

આહા..હા..! વાત બહુ સૂક્ષ્મ, ભાઈ! લોકોને બહારની ક્રિયા... આ જુઓ નહોતા એ કહેતા કે પરનો કર્તા ન માને એ દિગંબર નહિ. અરે પ્રભુ! આ શું કર્યું? ભાઈ! લલિતપુરમાં એમ કહ્યું. પહેલાં પણ સાંભળ્યું હતું ઈંદોરમાં. થોડા માણસો હતા. પરનો કર્તા ન માને એ દિગંબર નહિ. એને કહેવું છે શું કે વસ્ત્રસહિત છેને તો એ શ્વેતાંબર છે, દિગંબર નથી એમ કહેવું છે. આહા..હા..! અરે ભગવાન! એ વસ્ત્રસહિત.. રાજપાટ હોય છે સમકિતીને. છ ખંડના રાજ હોય છે, છન્નું હજાર સ્ત્રી હોય છે, તો શું એને પોતાનું માને છે એ? આહા..હા..! રાગનો રજકણ પણ મારો નથી તો પછી બીજી રજકણની ક્રિયા મારી એ ક્યાંથી આવ્યું? આહા..હા..! છ ખંડના રાજ સમકિતી, ક્ષાયિકસમકિતીને રાજ હોય છે. શ્રેણિક રાજા ક્ષાયિકસમકિતી હતા, ભરત ચક્રવર્તી ક્ષાયિકસમકિતી. એ શું છે? એ જાણતા હતા કે હું તો જાણનાર છું. આ ક્રિયા બધી થાય છે એ પરથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! બે દ્રવ્યની એકતાબુદ્ધિ થઈ જાય છે ત્યાં એમ કહે છે.

'મૂળમાં ભૂલ'. હમણાં કોઈ આવ્યું હતું પુસ્તક. ઈ 'મૂળમાં ભૂલ' છે. પહેલાં પુસ્તક છપાયું હતું. ૨૦૦૨ની સાલમાં વ્યાખ્યાન થયા હતા ઉપાદાન-નિમિત્તના. બે છેને? ભૈયા ભગવતીદાસનું. ત્યાં વ્યાખ્યાન થયા હતા સ્વાધ્યાય મંદિર. અહીંયા મકાન તૈયાર નહોતું થયું. એના વ્યાખ્યાન થયા હતા એ લોકોએ લખી લીધેલા. પછી પરમેષ્ઠીદાસ છેને? એણે વાંચ્યું. એનું નામ 'મૂળમાં ભૂલ' રાખો. 'મૂળમાં ભૂલ'. એક ને બે ચાર. 'મૂળમાં ભૂલ'. પછી ચાર ચોકુ સોળ અને સોળ તેરી અડતાલીસ, અડતાલીસ દુ છન્નું, પણ બધામાં એક ભૂલ ચાલી આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જડનો હું કર્તા છું. આહા..હા..! વાત એવી છે.

**'પોતાની ઈચ્છા વિના શરીર હાલતાં...'** હવે જુઓ, પોતાના પ્રદેશો હલે છે એ પોતાથી અને એ ક્ષણે શરીર હલે છે એ શરીરને કારણે. છતાં 'મેં હલાવ્યું, હું હલું છું તો

એને હલાવ્યું' એમ માને છે એ બે દ્રવ્યની એક બુદ્ધિ કરે છે, તે મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! સમ્યગ્દર્શન તો અપૂર્વ ચીજ છે. આહા..હા..! સમ્યગ્દર્શન થયું એટલે ભવનો અંત આવી ગયો. આહા..હા..! કેમકે સમ્યગ્દર્શનમાં રાગ, આસ્રવ અને શરીરાદિ અજીવ એનાથી ભિન્ન ભગવાન જ્ઞાન-આનંદસ્વરૂપ, એનો અનુભવ થતાં આ આત્મા એના અભિપ્રાયમાં આવ્યો ત્યારે સમકિત દર્શન થયું અને એની રાગની ગાંઠ તોડી નાખી. રાગની એકતાની અનાદિની ગાંઠ છે મિથ્યાત્વની એ તોડી નાખી. આહા..હા..! એ મોક્ષના પંથે પડ્યો, એ સુખના રસ્તે પડ્યો. આહા..હા..! એ વિના અજ્ઞાનભાવમાં દુઃખના રસ્તે છે—દુઃખના પંથે ચાલે છે. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! આ બેય શેઠિયા બેઠા. મોટું કામ કરતાં હોય બધા. એમાં આ શેઠિયાને ઘરે સાંઈઠ મોટર અને વળી ઘરે એને બધું સુધારવાનું ઘરે. શું કહેવાય એ? કારખાનું. શું કહે છે? શેઠના ઘરે છે. મોટર સાફ કરવાનું. આહા..હા..! શું આત્મા કરે છે? આહા..હા..! તમાકુના મકાનના મકાન ભર્યા છે શેઠે. એ ભરી શકે છે?

**શ્રોતા :–** ભરતા નથી, ભરવાનો હુકમ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભર્યા છે એટલે એ તો પડ્યા છે એમ. ઘણા મકાનમાં તમાકુ (ભરી રાખી છે). ગૃહસ્થ માણસ છેને એ તો. ઘણા બધા છે. એની ગલી કહેવાયને ગલી-ગલી. એ શેરીમાં જઈએ તો બધામાં ભર્યા છે. લાઈન છે, એમ કહેતા હતા. અમે તો ઉતર્યા હતાને એના મકાનમાં. ભાઈ શેઠ છેને ભગવાનદાસ, એના મકાનમાં ઉતર્યા હતા. છ લાખનું મકાન છે. ત્યાં ઉતર્યા હતા. શેઠ ત્યાં રહે છે એકલા. આહા..હા..!

ભગવાન! તારા પરિણામનો તું કર્તા. એ આવ્યુંને અહીંયાં, અને પરના પરિણામનો પણ હું કર્તા. આવ્યું? '**આત્માની અને પુદ્‌ગલની—બન્નેની ક્રિયા એક આત્મા જ કરે છે-એમ માનનાર મિથ્યાદષ્ટિ છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં પણ ઘણું લીધું છે. ઓહો..હો..! શરીરનો જન્મ થયો તો મારો જન્મ થયો. શરીરનું મૃત્યુ થયું તો મારું મૃત્યું થયું. આહા..હા..! એવું અનાદિથી (માન્યું છે). '**વળી શરીરની જ અપેક્ષાએ અન્ય વસ્તુઓથી સંબંધ માને છે. જેમકે જેનાથી શરીરની નીપજ્યું તેને પોતાનાં માતા-પિતા માને છે...**' આ મારી માતા છે. માતા કેવી તારી? એ તો શરીર ઉત્પન્ન થવામાં નિમિત્ત છે. તારા ઉત્પન્નમાં નિમિત્ત છે? ગજબ વાત છે, પ્રભુ! આહા..હા..! આ મારી માતા, આ મારા પિતા.

'**જેનાથી શરીર નીપજ્યું તેને પોતાનાં માતા-પિતા માને છે, શરીરને રમાડે તેને પોતાની રમણી માને છે,...**' આ મારી સ્ત્રી છે, મારી અર્ધાંગના છે. એમ નથી કહેતા? અર્ધાંગના. અર્ધાંગના તું અને તે બે થઈને અર્ધાંગના થયો? આખું અંગ થયું? આહા..હા..! મારી સ્ત્રી છે રમણિકા. જ્યારે દીક્ષા વખતે રજા લે છેને, પ્રવચનસારમાં આવે છેને, ચરણાનુયોગમાં. હે શરીરને રમાડનારી સ્ત્રી! તું મને રમાડતી નથી. હવે હું મારી અનુભૂતિરૂપી

સ્ત્રી—ત્રિકાળ, મારો અનુભૂતિરૂપ ભગવાન આત્મા એની પાસે હું જાઉં છું. તું રજા દે. મને છોડી દે. સમજાણું કાંઈ? શરીરને રમાડનારી હે સ્ત્રી! તું મને રમાડી શકતી નથી. હું તો આત્મા છું, પ્રભુ! આહા..હા..! તું રજા દે, રમણી! રજા દે. માતાને એમ કહે છે, માતા! શરીરની ઉત્પત્તિમાં તું માતા છે, મારી માતા નહિ. આહા..હા..! જનેતા! એકવાર રજા દે, બા! હું મારા આત્માનું કલ્યાણ કરવા વનવાસમાં જાઉં છું. આહા..હા..! ક્યાંય કોઈ સંબંધ, મકાન-બકાન કોની સાથે સંબંધ છે? ત્યાં પાંચ-પચ્ચીસ વર્ષ રહ્યો તો એમ માન્યું કે આ મારું મકાન. મકાન આકારે એની વૃત્તિ થઈ જાય છે. આહા..હા..!

**શ્રોતા :-** પૈસા ખર્ચીને બનાવ્યા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય પૈસા ખર્ચે, કોણ ખર્ચે અને કોણ બનાવે? રામજીભાઈએ આ બનાવ્યું છે બધું, એમ લોકો કહે છે. રામજીભાઈ વખતે જે ધ્યાન હતું એવું બધું અત્યારે નથી એમ આવ્યું છે કોકનું. પત્ર આવ્યો છે પત્ર ખાનગી. રામજીભાઈને બતાવ્યું હતું. અત્યારે આ શું કહેવાય? વહીવટ-વહીવટ. વહીવટ બરાબર નથી ચાલતો, વહીવટમાં ખામી છે. આવનારા માણસો એમાં દોષ દેખે છે અને એમ છે. રામજીભાઈ વખતે બરાબર ચાલતું હતું. તો રામજીભાઈને કારણે ચાલતું હતું કે નહિ? આહા..હા..! અહીં તો કહે છે... એક કોર કહેવું કે રામજીભાઈ કરે અને એક કોર કહે ના પાડવી. એ તો બોલવાની (વાત છે). નિમિત્ત કોણ છે એટલું બોલવાની વાત છે. પરનું કોણ કરે? કોણ ચલાવે? આહા..હા..! સંસ્થા અને કારખાનાની વ્યવસ્થા આત્મા કરે?

**શ્રોતા :-** આત્મા ન કરે, આત્માનું જ્ઞાન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાન કરે એ તો બીજી વાત થઈ. એ તો જ્ઞાન કરે એ પોતાનું જ્ઞાન કરે છે. એના જ્ઞાનને કાળે પોતાનું જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વાત એવી સૂક્ષ્મ છે, ભગવાન! જુઓ, 'શરીર વડે **નીપજ્યાં તેને પોતાના દીકરા-દીકરી માને છે,...**' મારો દીકરો છે. ધૂળેય નથી. એ તો આત્મા ભિન્ન, શરીર જુદી ચીજ. તારાથી ઉત્પન્ન થયો છે ઈ? એ આત્મા ઉત્પન્ન થયો તારાથી? એ શરીર તારાથી ઉત્પન્ન થયું? ત્યારે શું તારાથી ઉત્પન્ન થયું?

**શ્રોતા :-** નિશાળમાં દાખલ થાય ત્યારે બાપનું નામ શું બતાવવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો લૌકિકના વ્યવહાર કહે પણ અંતર માનતા નથી. જ્ઞાની અંતરથી માનતો નથી કે આ મારો દીકરો છે અને હું એનો પિતા છું. આહા..હા..! આવી વાત ક્યાં? સમકિતી ગૃહસ્થાશ્રમમાં રહે છે. છ ખંડના રાજમાં 'એક રજકણ મારો છે, હું પરનો સ્વામી છું' એ વાત સમકિતીને ઊડી જાય છે. આહા..હા..! રાગ થાય છે એનું સ્વામીપણું ઊડી જાય છે. એ ૭૩ ગાથામાં આવ્યું નહિ? કે એવો નિર્ણય કર વિકલ્પ દ્વારા પણ કે હું રાગનો સ્વામી નથી. હું સદા રાગના સ્વામીપણે નહિ પરિણમનારો એ હું છું. આહા..હા..!

૭૩ ગાથામાં છે. નિર્મમ, નિર્મમ. એ આવ્યું હતું. પંડિતજી હતાને હુકમચંદજી, ત્યારે એ વાત આવી હતી. નિર્મમ હું છું. મને ભવિષ્યમાં રાગ થશે. રાગનું પરિણમન પણ થશે, પણ હું રાગના સ્વામીપણે પરિણમું એવો હું નથી. આહા..હા..! તો વળી સ્ત્રીનો સ્વામી, મકાનનો સ્વામી અને રાગનો ધણી, પત્નીનો પતિ. નરેન્દ્ર—નરના ઇન્દ્ર, નરેન્દ્ર રાજા. ધૂળેય નથી. નરેન્દ્ર કેવો? નરનો ઇન્દ્ર છે આત્મા?

**શ્રોતા** :- એમ રાજાને જઈને કહીએ તો જેલ ના મળે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, એ જ્ઞાની હોય તો એ સમજે કે આ વાત સારી કહે છે. વાત સાચી છે. સમજાણું કાંઈ? રાજા, રાજપતિ, લખપતિ કહે છેને, લખપતિ. તો શું જડનો પતિ આત્મા છે? સમજાણું કાંઈ? આહા..હા..! કરોડપતિ. એ કરોડ તો જડ છે પૈસા એનો પતિ? ભેંસનો સ્વામી, ભેંસનો સ્વામી તો પાડો હોય, એમ જડનો સ્વામી જડ હોય.

**શ્રોતા** :- ઘણી વાર કહેવાય છે કે આ કરોડપતિ, આ અબજપતિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો ઓળખાવા બીજાને જરી માન ઘટે. આવા પૈસાવાળા અહીંયા સાંભળે છે, દુકાન છોડીને અહીં રહે છે એટલું બતાવવા. સમજાણું કાંઈ? આહા..હા..! લખપતિ ને કરોડપતિ ને અબજપતિ, જડનો પતિ? આત્મા પરનો સ્વામી નથી. ચીમનભાઈ! લ્યો, એ પૈસાવાળા છે. ઘણા પૈસાવાળા છે. એ તો છે એ તો કીધું હતું. અહીં તો આપણે બેઠામાં ઘણા પૈસાવાળા છે. આ કાળીદાસભાઈ આવ્યા નથી? એ પૈસાવાળા છે. ભલે કરોડપતિ લોકો કહે છે, પણ એટલું ન હોય પણ પૈસા છે. ... છેને ત્યાં મુંબઈમાં. કારખાનું, મોટું કારખાનું છે. કારખાનું જોઈને લોકો કહે.

**શ્રોતા** :- કરોડપતિ ઘણા ભાગ્યથી બને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય એમાં ભાગ્ય નથી. ભાગ્ય પણ જડ છે. પુણ્ય પણ જડ છે. પુણ્ય પોતાનું છે? આહા..હા..! પુણ્યનો સ્વામી થાય એ જડ છે. આહા..હા..! ભગવાન તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે સ્વનો સ્વામી છે. આહા..હા..! ૪૭ શક્તિ નથી? ૪૭ શક્તિ છેને સમયસારમાં છેલ્લે. ૪૭ શક્તિમાં એમ લીધું છે—સ્વસ્વામી-સંબંધશક્તિ છે. હું તો સ્વ શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાય નિર્મળ એ મારું સ્વ અને એનો હું સ્વામી છું. આહા..હા..! એવી એની ગુણ-શક્તિ છે. એવો આત્મામાં ગુણ છે. ત્રિકાળી શક્તિ છે કે જે પોતાના સ્વભાવમાં શુદ્ધ ચૈતન્યઘન.. આહા..હા..! સમજાણું કાંઈ? હું તો નિર્મળ આનંદસ્વરૂપ પ્રભુ અને નિર્મળ પરિણતિ આનંદની એ સ્વચીજ મારી છે અને એનો હું સ્વામી છું. આહા..હા..! રાગનો સ્વામી થાય એ મિથ્યાદૃષ્ટિ છે. તો રાગનો હું સ્વામી, પત્નિનો હું પતિ, પૈસાનો હું ધણી. પ્રભુ! મોટી ભૂલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી મૂળ વાતની ખબર નથી અને ચારિત્ર લઈ લીધા, થઈ ગયું. આહા..હા..! એ અહીં કહે છે. ઘણું કહ્યું છે હોં. શું છે આ?

**'ઘણું શું કહીએ? હરકોઈ પ્રકાર વડે પોતાને અને શરીરને તે એકરૂપ જ માને છે.'** મારો સહચારી મિત્ર છે. શરીરનો મિત્ર એ તારો મિત્ર ક્યાંથી થયો? આહા..! સમજાણું કાંઈ? આ મારા શેઠ છે. શેઠ ક્યાંથી આવ્યા? આ મારો નોકર છે. બોલવાનો વ્યવહાર જુદો છે અને માનવાનો જુદો છે. આહા..હા..! અમારે ત્યાં પાંચસો માણસ કામ કરે છે. અમારા કારખાનામાં અમારા ગામમાં પાંચસો માણસ કામ કરે છે, એ અમારા નોકર છે. બધાને યથાશક્તિ પગાર આપીએ છીએ. અમારું કામ બરાબર કરે છે. ધૂળેય નથી તારા, સાંભળને! આહા..! મૂર્ખાઈ બહાર પ્રસિદ્ધ કરે છે. આહા..હા..!

**'ઘણું શું કહીએ? હરકોઈ પ્રકાર વડે પોતાને અને શરીરને તે એકરૂપ જ માને છે.'** કોઈપણ પ્રકારે બોલવામાં, ચાલવામાં, ખાવામાં, પીવામાં, શરીરની ક્રિયામાં બેને એક માને છે. ઘણું લીધું છે. એ કહ્યું જુઓ અહીંયાં. **'એક આત્મા જ કરે છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો...'** દેખો, ભગવાન આત્માના પરિણામ અને શરીરના પરિણામ, વાણીના પરિણામ, પૈસાના (પરિણામ) બે જો એક હોય તો **'તો સર્વ દ્રવ્યો પલટી જવાથી...'** સર્વ દ્રવ્યો પલટી જવાથી, પલટીને અંદર એકબીજાના થઈ જાય. આહા..હા..! **'સર્વનો લોપ થઈ જાય'** પરનું અસ્તિત્વ પોતાનું અને મારું અસ્તિત્વ એનું, તો સર્વ દ્રવ્યનો લોપ થઈ જશે. આહા..હા..! લ્યો! **'એ મોટો દોષ ઊપજે.'** આહા..હા..! હવે કળશ. ૫૧.

यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।५१।।

બહુ શ્લોકો ઊંચા છે બધા ૮૬ ગાથાના.

**'શ્લોકાર્થ :- જે પરિણમે છે તે કર્તા છે,...'** જે દ્રવ્ય છે એ પરિણમન કરવાવાળું જ એ પરિણમનનો કર્તા છે. શું પરનું પરિણમન તું કરે છે? પરના પરિણમનનો કર્તા તો એ દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ખાવા-પીવાની ક્રિયાના પરિણામનો કર્તા તો જડ છે. **'પરિણમે છે તે કર્તા છે,...'** તો પરિણમે છે તો શરીર-પુદ્ગલ પરિણમે છે ખાવા-પીવાની ક્રિયામાં. શું તું પરિણમે છો? આહા..હા..! જુઓ, આ આમ ચાલે છે તો એ પરિણમે છે એનો કર્તા એ છે. આંગળી એના દ્વારા પરિણમે છે? અને આ આંગળી દ્વારા એ પરિણમે છે? લાકડી ચાલે છે? આહા..હા..! ખરેખર તો જે પરમાણુ આદિ આત્મા છે એમાં અધિકરણ--આધાર પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનો આધાર આત્મા છે. પરના દ્રવ્ય-ગુણ-પર્યાયનો આધાર એના પરમાણુ છે. એને ઠેકાણે હું જીવું છું તો શરીર આમ રહે છે. શરીર આમ રહેવામાં મારો આધાર છે. દેહ છૂટી જશે તો શરીર આમ પડી જશે. મારો આધાર ન રહ્યો. જૂઠ છે. માણસ નથી કહેતા કે જીવ છે ત્યાં સુધી શરીર આમ રાખી શકું છું. એનો આધાર છે જ નહિ એમ કહે છે. એના આધારે શરીર આમ રહે છે, પોતાના આત્માને આધારે

નહિ. આહા..હા..!

જેમ પરનો કર્તા નથી એમ પરનો આત્મા આધાર નથી. આહા..હા..! પરનું કાર્ય નહિ, એમ પરના પરિણામનો કર્તા આત્મા નથી. આહા..હા..! આખી દુનિયા ચાલે એમ કહે. મોટો હુશિયાર માણસ થડે બેઠો હોય. થડો દુકાનનો? શું કહે છે? થડા ઉપર બેસેને. જાવ .. લાવો. સ્ટેશન પર માલ આવ્યો છે બે.. શું કહેવાય એ મોટા? વેગન. અમે પણ જતા હતાને માલ લેવા. અમારો માલ આવે તો અમે જતા. સ્ટેશન માસ્તર-બાસ્તર બધા અમને જાણે. અમારી તો નાની ઉંમર હતી. ૨૦, ૨૧, ૨૨. પણ બહારમાં પ્રસિદ્ધિ તો શેઠની હતી. દુકાન ચાલતી હતીને. મોટા માસ્તર જોવા આવ્યા કે આનો માલ આવ્યો છે. પૂછે નહિ કોઈ અમને. અમે તો અંદર ચાલ્યા જઈએ. ડબ્બા-ડબ્બા. વેગન તો ખુલ્લી. ડબ્બા. ડબ્બાનો માલ હું લાવ્યો. મુંબઈથી હું લાવ્યો. સમજાણું કાંઈ? કોણ લાવે? આહા..હા..!

છેલ્લે ૬૮ની સાલમાં મુંબઈ ગતા હતા અમે છેલ્લે, તો સો ગુણ ચોખા લાવ્યા હતા. હું એકલો ગયો હતો. સાથે ભાગીદાર હતા. સો-સો ગુણ સમજ્યા? બોરી. ચારસો મણ, પાંચસો મણ ચોખા. એ વખતે. આ તો ૬૮ની વાત છે. અને જેમ સો બોરી આવી અને એકદમ મણે રૂપિયો ભાવ વધી ગયા. તે વખતે સો બોરીમાં સો રૂપિયા પેદા થઈ ગયા હતા. એ વખતે. આ તો ૬૮ની વાત છે. તો લોકો કહે આહા..હા..! કાનજીભાઈ હુશિયાર કેટલા. જુઓ, ચોખા લાવ્યા અને સો રૂપિયા પેદા થઈ ગયા. તે વખતે સો એટલે! અત્યારે તો સોના ત્રણ હજાર કહેવાય. આહા..હા..! કોણ લાવે? બાપુ! ક્યાંથી લાવે? એ ચીજ રજકણ પોતાની ક્રિયાવતી શક્તિથી ત્યાંથી આવે છે. આહા..હા..! ડબ્બાથી પણ આવતા નથી. રેલના ડબ્બાથી પણ એ માલ આવતો નથી. ડબ્બાની ક્રિયા ડબ્બામાં છે. માલ આવવાની ક્રિયા એનામાં છે. આહા..હા..!

**શ્રોતા :-** આત્મા તો ખાલી વ્યવસ્થા કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી કરતો. જ્ઞાન જાણે છે. એ પણ પરને નથી જાણતો, પરસંબંધી પોતાનું જ્ઞાન થયું એને જાણે છે. આહા..હા..! એ આવ્યુંને. જોયુંને ૭૫ ગાથા. ૭૫ ગાથામાં આવી ગયું. કર્તાકર્મ. પોતાના આત્માને જાણે છે. રાગ આવ્યો એનું જ્ઞાન થયું તો એ જ્ઞાન એનું નથી, એ જ્ઞાન તો પોતાનું છે અને આત્મા પોતાને જાણે છે. આહા..હા..!

જ્યાં જ્યાં જે જે નિમિત્ત છે તેનું જ્ઞાન પોતામાં થયું એ પોતાથી થયું છે. રાગ છે કે શરીર છે તો એને કારણે જ્ઞાન થયું એમ છે નહિ. જ્ઞાન ઉત્પત્તિના કારણમાં તો ભગવાન આત્મા છે અને એ જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. તો સ્વપરપ્રકાશનું સામર્થ્ય પોતાથી છે. એ પરને પ્રકાશે એવું સામર્થ્ય પરથી છે? આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ નથી? દેવીલાલજી ગયા લાગે છે. બેઠા છે? દેવીલાલજી ક્યાં છે? પાછળ બેઠા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં કહે છે, '**જે પરિણમે છે તે કર્તા છે,...**' તો શરીર પરિણમે છે એનો કર્તા તો શરીર છે. સમજાણું કાંઈ? આહા..હા..! પર જીવની દયા પાળે છે તો એ જીવનું જે પરિણમન થાય છે એનો કર્તા તો એ છે. જીવનું પરિણમન એને જીવાડવું એ તારા પરિણામ છે કે તું એનો કર્તા થાય? આહા..હા..! સમજાણું કાંઈ? અને '**(પરિણમનારા) જે પરિણામ છે તે કર્મ છે...**' શું કહ્યું? પહેલાં કર્તા લીધું. '**કર્તા પરિણામી દ્રવ્ય...**' જે જે દ્રવ્ય પોતાના પરિણામપણે પરિણમે છે એનો કર્તા એ દ્રવ્ય છે. બીજું દ્રવ્ય નહિ અને બીજા દ્રવ્યનો કર્તા આત્મા નહિ. આહા..હા..! '**અને જે પરિણમે છે તે ક્રિયા છે;...**' કર્મ. કર્મ એટલે કાર્ય. '**(પરિણમનારના) જે પરિણામ છે તે કર્મ છે અને જે પરિણતિ છે તે ક્રિયા છે;...**' પહેલી પર્યાયથી પલટીને પર્યાય થઈ એ તો ક્રિયા છે. આહા..હા..! '**એ ત્રણેય, વસ્તુપણે ભિન્ન નથી.**' પર્યાયદૃષ્ટિથી એવા ત્રણ ભેદ પાડે છે. આહા..હા..! પહેલાં આવ્યું હતું એ કે પોતાના કર્તા અને કર્મ, દ્રવ્ય કર્તા અને પરિણામ એનું કર્મ એ પણ ઉપચારથી છે. પહેલાં આવ્યું હતું. વ્યાપ્યવ્યાપક ગાથામાં. વ્યાપ્યવ્યાપક ગાથા છેને ૭૫ ગાથા પછી. ૭૫ ગાથા પછી વ્યાપ્યવ્યાપકની ગાથા છે એમાં બતાવ્યું હતું. આમાં કળશમાં છે. પરનો કર્તા તો ઉપચારથી પણ નથી, વ્યવહારથી પણ નથી એમ કહે છે. આહા..હા..!

પોતાના જ્ઞાનપરિણામ કર્મ—કાર્ય અને કર્તા આત્મા એવો ભેદ ઉપચારથી પડે છે. આહા..હા..! નિશ્ચયથી તો પરિણામ પરિણામનો કર્તા, પરિણામી પરિણામીથી રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો પરથી ભિન્ન પાડવાની વાત કરે છે. પરિણમે તે કર્તા. નહિતર તો પરિણમે છે તો પર્યાય, એનો દ્રવ્ય કર્તા નથી. આહા..હા..! પરિણતિની પરિણતિ કર્તા છે. આહા..હા..! કેમકે એક સમયમાં જે પરિણતિ થઈ એ પોતાના ષટ્કારકથી થઈ છે, દ્રવ્ય અને ગુણના આલંબનથી નહિ, પરના અવલંબને તો નહિ. આહા..હા..! શુદ્ધ પરિણતિ હોય કે અશુદ્ધ પરિણતિ હોય એ સમયે-સમયે પોતાના ષટ્કારક(થી પરિણમે છે). એ પરિણતિનો આધાર દ્રવ્ય એમ છે નહિ. એ ક્રિયાનું કારણ દ્રવ્ય એમ પણ નથી, એ પરિણતિનું ઉપાદાન કારણ, પરિણતિ ધ્રુવથી થઈ એમ પણ નથી. પરિણતિ પરિણતિથી થઈ. સમજાણું કાંઈ? પરિણતિનો કર્તા પરિણતિ છે. આહા..હા..! અહીં તો ઉપચારથી કથન કરીને (એમ કહે છે કે) પરિણમનાર એ કર્તા, પરિણતિ એ ક્રિયા, પરિણામ થયું એ કર્મ. સમજાણું કાંઈ? આવી વાત. એની કરતા વ્રત પાળવા ને ભક્તિ કરવી, બ્રહ્મચર્ય પાળવું એ સહેલુંસટ લાગતું. ધૂળેય નથી. મિથ્યાત્વ છે. આહા..હા..! વ્રત તો આસ્રવ છે. આસ્રવ પાળવા એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! રાગને પાળવો, રાગની રક્ષા કરવી. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! વર્તમાનમાં તો ચાલતા પંથમાં તો બહુ વિરુદ્ધ છે. સત્ય તો આ છે. સમજાણું કાંઈ?

'**એ ત્રણેય, વસ્તુપણે ભિન્ન નથી.**' પરિણતિ ક્રિયા, પરિણામ કર્મ, વસ્તુ કર્તા—ત્રણેય વસ્તુ છે. પરનો કર્તા અને પરથી અહીં થયું, પરનું કર્મ પોતાથી અને પોતાનું કર્મ

પરથી એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, દેવશીભાઈ! ખેતીમાં તો બહુ કામ કરે છે. કૃષિકાર છે. કાનાતળાવમાં જમીનની ઘણી પેદાશ છે. જમીન, જમીન. આ કાનાતળાવ છેને? ત્યાંના કૃષિકાર છે. મંદિર બનાવ્યું છે. ૫૫ હજાર.. દિગંબર મંદિર. પણ ખેતી કરે છે.

**શ્રોતા** :- આત્માની?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ હોય? જમીનની. ૩૦ વિઘા જમીન છે અને એનો ભાણેજ સાથે છે. એને ૫૦ વિઘા છે. ત્યાં એક-એક વિઘે એક-એક હજારની પેદાશ છે. એવી જમીન છે. વળી એમ કહે કે તમે આવ્યા પછી એ જમીનમાં આમ થઈ ગયું એમ કહેતા હતા. પહેલાં ત્યાં ગયા હતાને કાનાતળાવ. મંદિર તો હમણાં થયું.

**શ્રોતા** :- અમે પણ જમીન લઈએ, અમારે ત્યાં પધારો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોનાથી કોણ થાય? સમજાણું કાંઈ? આહા..હા..!

એની પેદાશ પ્રભુ! પોતાના આત્માના આનંદની ઉત્પત્તિ થાય એ આત્માની પેદાશ છે. પરની પેદાશ ક્યાં છે, ભાઈ! આહા..હા..! પરની પેદાશ મારી છે, એ તો દુઃખનો ભાવ છે, મિથ્યાભાવ છે, દુઃખનો ભાવ છે. આહા..હા..! એ કહે છે. છેને?

'**ભાવાર્થ** :- **દ્રવ્યદૃષ્ટિએ પરિણામ...**' પરિણામ સમજ્યા? શુભ-અશુભ પરિણામ. ચાહે તો રાગના પરિણામ હો કે ચાહે તો અરાગના ભાવ હો. એ '**દ્રવ્યદૃષ્ટિએ પરિણામ અને પરિણામીનો અભેદ છે.**' આહા..હા..! '**અને પર્યાયદૃષ્ટિએ ભેદ છે.**' ત્રણેમાં કહે છે. ગુણ છેને ગુણ, છે તો ધ્રુવ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ એ ગુણ ધ્રુવ છે, પણ પર્યાયદૃષ્ટિએ ગુણ પરિણમે છે એમ કહેવામાં આવે છે. પંચાસ્તિકાયમાં છે. પંચાસ્તિકાયમાં શ્લોક છે. ગુણ પરિણમે છે એમ કહે છે. ગુણ તો ધ્રુવ છે, પણ પર્યાયદૃષ્ટિએ ગુણ પરિણમે. દ્રવ્યદૃષ્ટિએ ગુણ ગુણમાં રહે છે. પર્યાય પર્યાયથી પરિણમે છે. સમજાણું કાંઈ? હવે આટલી બધી તપાસ કરવી, નિર્ણય કરવો. એ તો એક ક્ષણમાં પલટી જાય છે. એને કોઈ કાળ રોકતું નથી. આહા..હા..! પર્યાયબુદ્ધિથી ખસીને દ્રવ્યબુદ્ધિ થઈ જાય છે. એક ક્ષણમાં સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે.

**શ્રોતા** :- એક ક્ષણમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..! એક સમયમાં!

જે પર્યાય ઉપર બુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. '**पज्जयमूढा हि परसमया**' પ્રવચનસાર. '**पज्जयमूढा**' પર્યાયમાં મૂઢ છે એ પરસમય છે. એની તકરાર છે શ્વેતાંબર વચ્ચે. પર્યાય તો પોતાની છે, એને મૂઢ કેમ કહો છો તમે? એક સમયની પર્યાયને પોતાની માને છે એ પર્યાયમૂઢ છે. સમજાણું કાંઈ? યશોવિજયએ તર્ક દીધો છે. પંડિત છેને એનામાં યશોવિજય. એક સમયની પર્યાય તો પોતાની છે એને મૂઢ કેમ કહે છે? પણ પર્યાય જેટલો આત્મા માન્યો અને દ્રવ્ય માન્યું તો મૂઢ છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! '**परसमया**' એ પરમસમય છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અને એમાં નથી આવતું?

સ્વારથકે સાચે પરમારથકે સાચે ચિત,
સાચે સાચે બૈન કહૈં સાચે જૈનમતી હૈં.
કાહૂકે વિરૂદ્ધિ નાહિ પરજાય-બુદ્ધિ નાહિ,
આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં.
સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમૈં પ્રગટ સદા,
અંતરકી લચ્છિસૌં અજાચી લચ્છપતી હૈં.

લચ્છપતિ આવ્યું. ઓલો લખપતિ નહિ. અંદર સ્વરૂપનું લક્ષનો પતિ આવ્યો. સમયસાર નાટક. આહા..હા..! અજાચી લક્ષપતિ છે. જાચના નહિ, ક્યાંયથી માંગવું નહિ. લક્ષપતિ-પોતાના ધ્રુવપદનું લક્ષ છે એનો એ સ્વામી છે. ગૃહસ્થાશ્રમમાં સમકિતી આમ કહે છે, ત્યાં ગૃહસ્થાશ્રમમાં. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિની તો વાત જ શું, બાપુ! મુનિપણું તો પરમેશ્વરપદ! આહા..હા..! ધન્ય અવતાર! ધન્ય પળ, ધન્ય ક્ષણ! મુનિપણાનું તે ચારિત્ર-આનંદનો નાથ. આ તો લોકો સમ્યગ્દર્શન વિના વ્રતાદિ લે એ ચારિત્ર એમ માને છે. આહા..હા..!

**'દ્રવ્યદૃષ્ટિએ પરિણામ અને પરિણામીનો અભેદ છે અને પર્યાયદૃષ્ટિએ ભેદ છે. ભેદદૃષ્ટિથી તો કર્તા, કર્મ અને ક્રિયા—ત્રણ કહેવામાં આવે છે પણ અહીં અભેદદૃષ્ટિથી પરમાર્થ કહ્યો છે કે કર્તા, કર્મ અને...'** પરિણામ, કર્મ અને પલટીને થતી ક્રિયા **'ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે,...'** ત્રણે એક દ્રવ્યની અભિન્ન અવસ્થા છે. **'પ્રદેશભેદરૂપ જુદી વસ્તુઓ નથી.'** પ્રદેશભેદરૂપ ભિન્ન વસ્તુ નથી. પરના પ્રદેશ અહીંયાં એ અત્યારે અપેક્ષા છે. નિશ્ચયમાં તો પર્યાયનો પ્રદેશભેદ છે. ગજબ વાત છે. અહીંયાં તો પરપ્રદેશથી ભિન્ન છે, પોતાના પ્રદેશમાં છે, એટલું સિદ્ધ કરવું છે; પણ નિશ્ચયથી તો પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે, દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા..! જેટલામાંથી પર્યાય ઉઠે છે એટલું ક્ષેત્ર ધ્રુવથી ભિન્ન ગણવામાં આવ્યું છે. આહા..હા..! સૂક્ષ્મ વાત ઘણી, ભાઈ! પોતાની પર્યાય કેવળજ્ઞાનની પર્યાય, સમકિતની પર્યાયનું ક્ષેત્ર ભિન્ન. બે વચ્ચે ભેદ પાડે છે. દ્રવ્યનો ધર્મ અને પર્યાયનો ધર્મ બે ભિન્ન સ્વતંત્ર છે. આહા..હા..! અરે..રે..! આ ક્યાં સમજવા જાય?

લ્યો, ત્યાં એમ કહ્યું છે સંવર અધિકારમાં... સંવર અધિકાર, સમયસાર. ત્યાં કહ્યું કે વિકલ્પનું ક્ષેત્ર ભિન્ન છે, સ્વભાવનું ક્ષેત્ર ભિન્ન છે. વિકલ્પ વસ્તુ ભિન્ન છે, ભગવાન ધ્રુવ ભિન્ન છે. આહા..હા..! ત્યાં તો એટલું લીધું. પણ આગળ જઈને બીજામાં એમ કહ્યું છે, એ ચિદ્‌વિલાસમાં આવે છે કે નિર્મળ પરિણતિનું ક્ષેત્ર પણ ભિન્ન છે. આહા..હા..! એ નિર્મળ પરિણતિનું ક્ષેત્ર ભિન્ન, એની શક્તિ ભિન્ન, એનો કર્તા એ પર્યાય, કર્મ પર્યાય, સાધન પર્યાય, પર્યાયનો અધાર પર્યાય. આહા..હા..! આ સૂક્ષ્મ ભેદજ્ઞાન છે. જે કોઈ મોક્ષે ગયા **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।'** જે કોઈ અત્યાર સુધી સિદ્ધ થયા એ ભેદજ્ઞાનથી થયા છે. સમજાણું કાંઈ? અને જે કોઈ બંધાયા છે એ ભેદજ્ઞાનના અભાવથી બંધાયા છે.

કર્મને કારણે (બંધાયા છે) એ પ્રશ્ન અહીંયા નથી. એ શ્લોક સંવર અધિકારમાં છે. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' જે કોઈ સિદ્ધ થયા છે એ બધા ભેદજ્ઞાનથી—રાગથી ભિન્ન કરીને ભેદજ્ઞાની થયા છે. કહો, ત્યાં વ્યવહારથી થયા છે એમ નથી કહ્યું. વ્યવહાર રાગ છે એનાથી ભેદજ્ઞાન કરીને મુક્તિ થઈ છે. વ્યવહારથી ભેદજ્ઞાન થાય? વ્યવહાર રાગ એનું ભેદજ્ઞાન કરે છે. આહા..! શું થાય? લોકને સત્ય વાત મળી નહિ એટલે સત્ય વાત.. 'કોટવાળને ચોર દંડે' એવી વાત થઈ ગઈ. રાજા તો .. સત્ય વાતને ખોટી ઠરાવવા લાગ્યા.

અહીં તો કહે છે કે પોતાની પરિણતિ જે છે, નિર્મળ પરિણતિ સમ્યગ્દર્શનની પર્યાય એનો કર્તા આત્મા છે. અહીં તો વિકારની વાત અને ... બેય લેવું. વિકારની પરિણતિનો કર્તા આત્મા અજ્ઞાનભાવે અને સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા જ્ઞાનભાવે. આહાહા..! સમજાણું કાંઈ? એ કર્તા અને કર્મ પોતામાં બેને ભિન્ન પાડવા કે સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા આત્મા અને પર્યાય એનું કાર્ય એ પણ ભેદથી કથન ઉપચારથી છે. આહા..હા..! હવે રાગનું કરવું અને પરનું કરવું તો ક્યાંય ગયું. ભાઈ! સૂક્ષ્મ માર્ગ છે, પ્રભુ! અને એ ભેદજ્ઞાનનું ફળ કેટલું? અનંત કેવળજ્ઞાન અનંત આનંદ. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં...' એ કેવળજ્ઞાન મોક્ષના આનંદની દશાની આદિ થઈ પણ પછી અંત નથી. ભૂતકાળથી ભવિષ્યકાળ અનંતગુણો છે. શું કહ્યું? ભૂતકાળનો જે કાળ છે, અત્યાર સુધીનો ભૂતકાળ છે, તેના કરતાં અત્યારથી ભવિષ્યકાળ અનંતગુણો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં આદિ નહિ, ત્યાં અંત નહિ. પણ આદિ નહિ પણ અંત તો અહીંયા આવી ગયો અનાદિનો અને અહીં આદિ થઈ પણ અંત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'સાદિ અનંત...' સાદિ એટલે આદિ. આનંદ અને મોક્ષની આદિ થાય છે, પણ એનો અંત નથી. એવા અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિનો ઉપાય.. સવારે આવ્યું હતુંને? અભેદરત્નત્રય એનું સાધન છે. સમજાણું કાંઈ? એ મુક્તિનું સાધન વ્યવહાર છે એમ કહ્યું છેને? એ તો નિમિત્તનો આરોપ આપીને કથન છે. વ્યવહારનયનું એ કથન છે, એ નિશ્ચયનું નહિ. સમજાણું કાંઈ? સમકિતીને, અજ્ઞાનીની તો વાત જ નથી. અજ્ઞાનીને વ્યવહાર પરંપરા મુક્તિનું કારણ એ તો વાત છે જ નહિ, પણ જ્ઞાનીને વ્યવહાર જે રાગ આવે છે એમાં આરોપ આપીને કહ્યું. સાક્ષાત્ કારણ તો અભેદરત્નત્રય છે. ભેદનો વિકલ્પ જે રાગ આવ્યો છે એનો અભાવ કરશે અને મુક્તિ પ્રગટ થશે એ અપેક્ષાએ પરંપરા કહેવામાં આવ્યું છે. રાગથી મુક્તિ થશે એ વચન વ્યવહારનયનું અસત્યાર્થ છે. આહા..હા..! ગજબ વાત છે! અત્યારે એ ચાલ્યું છે. ક્યાંય પહોંચી શકે નહિ એટલે આ કહે. વ્યવહાર સાધક છે. ભગવાન કહે છે કે વ્યવહાર સાધક કહ્યું એ તો ઉપચારથી કહ્યું છે. જેને નિશ્ચય સાધક થયું છે... સવારે આવ્યું હતુંને.

અભેદરત્નત્રય કાર્યસમયસારનું સાધક છે. કાર્યસમયસાર નામ પરમાત્મદશા મુક્તિ એનું કારણ અભેદરત્નત્રય સાધક છે. અભેદરત્નત્રયનું કારણ ત્રિકાળી વસ્તુ છે. ભેદ પાડીને. આહા..હા..!

સમજાણું કાંઈ? નિશ્ચયથી તો અભેદ રત્નત્રયની પર્યાયનો વ્યય થાય છે ત્યારે કેવળજ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? અભેદરત્નત્રયથી કેવળ પામે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. નિશ્ચયથી તો એનો અભાવ થાય છે ત્યારે પર્યાયમાં કેવળજ્ઞાન થાય છે. તો ખરેખર કેવળજ્ઞાનનું કારણ તો દ્રવ્ય છે. એ પણ ઉપચારથી છે. બાકી કેવળજ્ઞાનની પર્યાયનું કારણ કેવળજ્ઞાન પર્યાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ! શું થાય? માર્ગ આવો છે. વીતરાગ પરમાત્માની ગેરહાજરી અને એની ગેરહાજરીમાં વ્યવહારથી લાભ થાય એમ કહેવું, પ્રભુ! એમ છે નહિ. સમજાણું કાંઈ? વીતરાગનો એ અભિપ્રાય નહોતો. સંતોનો એ અભિપ્રાય નહોતો. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અભિન્ન અવસ્થાઓ છે, પ્રદેશભેદરૂપ જુદી વસ્તુઓ નથી.'** જુઓ, અહીં પ્રદેશભેદરૂપ વસ્તુ નથી. ઓલી પરિણતિ. અને ત્યાં ભિન્ન કહ્યું સંવરમાં. વિકાર પરિણામના પ્રદેશ ભિન્ન છે. કઈ અપેક્ષાએ? અહીંયાં પોતાના અસંખ્ય પ્રદેશમાં પરિણામ થાય છે એ અપેક્ષા છે. અને એ અસંખ્ય પ્રદેશના બે ભાગ પાડે છે જ્યારે તો જેટલામાંથી પર્યાય ઉત્પન્ન થાય એટલો ભાગ જુદો અને ધ્રુવનો ભાગ જુદો. બે અંશ ભિન્ન છે. એ તો આપ્ત મીમાંસામાં આવે છે. ધર્મી અને ધર્મ બેય ધર્મ નિરપેક્ષ છે એ આપ્ત મીમાંસામાં આવે છે. ધર્મ ધર્મીથી નહિ, ધર્મી ધર્મથી નહિ. પહેલા એમ નિરપેક્ષ સિદ્ધ કર્યા વિના આ ધર્મ ધર્મીનો અને આ ધર્મીનો ધર્મ એવો વ્યવહાર હોઈ શકતો નથી. આપ્ત મીમાંસામાં છે. આહા..હા..! લોકોને ઝઘડા વ્યવહારના ઝઘડા, નિમિત્તના ઝઘડા. અહીં ક્રમબદ્ધના ઝઘડા. આહા..હા..! ક્રમબદ્ધ તો વસ્તુની વ્યવસ્થા એવી છે. એક પછી એક પર્યાય જે સમયે જે થવાની છે તે થશે. એમાં ફેરફાર દ્રવ્ય પણ કરી શકે નહિ. આહા..હા..! દ્રવ્ય જાણે. ક્રમબદ્ધ થાય છે એમ જાણે, ફેરફાર કરી શકે નહિ. કેમકે એમાં એક શુભ નામનો ગુણ છે. એ ૪૭માં આવે છે. શુભગુણ, અશુભગુણ—શક્તિ. શુભશક્તિ. એ શુભશક્તિને કારણે જેણે શક્તિવાનની દૃષ્ટિ કરી એ શુભને કારણે પર્યાય શુભશક્તિને કારણે પર્યાય થઈ, એ કારણે જ પર્યાય થઈ, એને કરવી પડે એમ નહિ.

**શ્રોતા :-** શક્તિને કારણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શક્તિને કારણે કોઈપણ અવસ્થા ત્યાં થાય જ છે. નિર્મળની વાત છે. શુભશક્તિનો સ્વભાવ કોઈપણ પરિણામ શુભ નિર્મળ હોય જ છે. લ્યો! એ શુભશક્તિ કહે છે હોં. સુખશક્તિ નથી કહી આ. શુભ, અશુભ, શુભ-અશુભ, અશુભ-શુભ, શુભ-શુભ, અશુભ-અશુભ એવા છ બોલ છે. ૪૭ શક્તિમાં છ બોલ છે. .. લીધા છે. વ્યાખ્યાન જ્યારે ચાલતું હતું.

કહે છે, શુભશક્તિનું કાર્ય શું? કે એમાં એ સમયે પરિણામ થશે, થશે ને થશે. શુભશક્તિથી શુભ પરિણામ નામ નિર્મળ પરિણામ. આહા..હા..! શક્તિનું વર્ણન છેને. ત્યાં મલિન પર્યાયની

વાત લીધી જ નથી. શક્તિ શુદ્ધ છે, શક્તિવાન શુદ્ધ છે. એની દૃષ્ટિ થઈ તો એની નિર્મળ પર્યાય ક્રમસર થાય છે. રાગની વાત તો અહીં લીધી જ નથી. આહા..હા..! શું કહે છે આ? કેમકે શક્તિ અને શક્તિવાન તો શુદ્ધ છે. તો શુદ્ધની દૃષ્ટિમાં તો ક્રમસર શુદ્ધ પર્યાય જ થાય છે, અશુદ્ધ નહિ. કેમકે અશુદ્ધ કોઈ શક્તિ નથી કે અશુદ્ધ કરે. પર્યાયમાં અશુદ્ધતા થાય છે. અહીં તો શક્તિનું વર્ણન છે. આહા..હા..! આવી શક્તિ અને શક્તિવાન જેણે દૃષ્ટિમાં લીધો એને ક્રમ-અક્રમ, ગુણ અક્રમ છે અને પર્યાય ક્રમ છે અને નિર્મળ પર્યાયનો ક્રમ છે એની પાસે. આહા..હા..! વાતે-વાતે ફેર છે.

અહીંયાં કહે છે ત્રણેયના પ્રદેશ એક છે. એટલું કહે છેને. જુઓ.

एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।५२।।

'**શ્લોકાર્થ :- વસ્તુ એક જ સદા પરિણમે છે,...**' સદા. આત્મા, પરમાણુ આદિ છએ દ્રવ્ય એક જ કાળમાં પોતાથી પરિણામ થાય છે. '**एकस्य परिणामो**' એક જ સદા પરિણામ એ ક્રિયા થઈ. '**એક જ સદા પરિણમે છે,...**' એ ક્રિયા થઈ અને આ પરિણામ નામ કર્મ થયા. એક અવસ્થા છે. '**(અર્થાત્ એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે)...**' આહા..! છે? '**એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે...**' '**एकस्य परिणतिः स्यात्**' '**એકની જ પરિણતિ-ક્રિયા થાય છે; કારણ કે અનેકરૂપ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.**' આહા..હા..! ભાવાર્થ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧૩, શનિવાર, તા. ૭-૦૮-૧૯૭૬, કળશ-૫૨, ૫૩, પ્રવચન નં. ૧૪૯

સમયસાર, ૮૬ ગાથાના ૫૨ કળશનો ભાવાર્થ છે. છોકરાઓ નથી આવ્યા. આજે તો શનિવાર છે. '**એક વસ્તુના અનેક પર્યાયો થાય છે;...**' શું કહે છે? દરેક આત્મા કે દરેક પરમાણુ એની સમય-સમયમાં, પર્યાયયુક્ત આ આત્મા છે, અનેક પર્યાયો થાય છે એનો અર્થ કે દરેક દ્રવ્ય અનેક પર્યાયયુક્ત છે, તો બીજું દ્રવ્ય એની પર્યાય કરે એમ છે નહિ. આહા..હા..! '**એક વસ્તુના અનેક પર્યાયો થાય છે;...**' અનંતગુણ છેને? દરેક દ્રવ્યમાં અનંતગુણ છે. તો સમયમાં તેની પર્યાય અનેક થાય છે, એક સમયમાં; અર્થાત્ તે દ્રવ્ય

અનેક પર્યાયયુક્ત જ હોય છે. કોઈ દ્રવ્ય અનેક પર્યાયથી રહિત હોય એમ નથી. તો દરેક દ્રવ્ય અનેક પર્યાયરૂપે પરિણમે છે અને તે અનંત પર્યાયયુક્ત છે તો બીજા દ્રવ્ય પણ એની અનંત પર્યાયયુક્ત છે. તો બીજાનું, અનેક પર્યાયવાળો આત્મા બીજાનું શું કરે? આહા..હા..! શું કહ્યું સમજાણું કાંઈ?

**'એક વસ્તુના અનેક પર્યાયો થાય છે;...'** અર્થાત્ એક વસ્તુ અનંત પર્યાયયુક્ત જ છે, સમયે-સમયે. બરાબર છે? આહા..હા..! દરેક આત્મા અને દરેક પરમાણુ પ્રત્યેક અનેક પર્યાયયુક્ત જ હોય છે. અનેક પર્યાયથી રહિત તે દ્રવ્ય નથી. આહા..હા..! **'તેમને પરિણામ પણ કહેવાય છે...'** આત્મા પોતાના પરિણામ અશુદ્ધ કરે એ એના પરિણામ છે. સંસારની વાત અહીંયા ચાલે છેને. અથવા દરેક આત્મા શુદ્ધ વખતે પણ શુદ્ધ પર્યાય અનંત શુદ્ધ પર્યાયયુક્ત છે, અશુદ્ધ વખતે અશુદ્ધ અનંત પર્યાયયુક્ત છે, તો એ પર્યાયમાં બીજું દ્રવ્ય શું કરે? સમજાણું કાંઈ?

**'અને અવસ્થા પણ કહેવાય છે.'** શું કહ્યું? પ્રત્યેક પદાર્થ પોતાની અનંતગુણની અવસ્થારૂપે પરિણમે છે અને એ અવસ્થાયુક્ત જ દરેક દ્રવ્ય છે. એને પરિણામ પણ કહે છે, એને અવસ્થા પણ કહે છે. આહા..હા..! પર્યાયને અવસ્થા કહે અને પરિણામ પણ કહેવાય છે. **'તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિકથી જુદાં-જુદાં પ્રતિભાસે છે...'** શું કહે છે? દ્રવ્યના નામ અને પર્યાયના નામ સંજ્ઞા એટલે. નામ—સંજ્ઞાભેદે ભેદ છે. આહા..હા..! સંખ્યાભેદે ભેદ છે. દ્રવ્ય એક છે અને પર્યાય અનંત છે. લક્ષણભેદે ભેદ છે. દ્રવ્ય ત્રિકાળ રહેનારું છે અને પર્યાય એક સમય રહેનારી છે. લક્ષણ અને પ્રયોજન. દ્રવ્યનું પ્રયોજન કાયમ રહેવું અને પર્યાયનું પ્રયોજન એક સમય રહેવું. આદિથી **'જુદાં-જુદાં પ્રતિભાસે છે...'** પ્રત્યેક દ્રવ્યની પોતાની પર્યાયયુક્ત જે દ્રવ્ય છે તો એ દ્રવ્ય અને પર્યાય વચ્ચે સંજ્ઞા, લક્ષણ આદિથી ભેદ જણાય છે. **'તોપણ એક વસ્તુ જ છે,...'** અવસ્થા પણ વસ્તુ છે, વસ્તુ પણ વસ્તુ છે. આહા..હા..! પ્રત્યેક પદાર્થની અવસ્થા છે એ અવસ્થા પણ વસ્તુ છે—પર્યાય પણ વસ્તુ છે—પરિણામ પણ વસ્તુ છે, વસ્તુ પણ વસ્તુ છે. આહા..હા..! અથવા એ પર્યાય પણ વસ્તુની છે. સમજાણું કાંઈ? આહા..હા..! નામભેદે કહો, વસ્તુ ભિન્ન નથી. **'એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે.'** જુઓ, અહીંયાં આ લીધું છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ આવ્યું હતું કે આત્મા અભેદસ્વરૂપ છે. કાલે આવ્યું હતું. ખબર છે. પહેલેથી ખબર છે. એમાં અભેદ લીધું, અહીં ભેદાભેદ લીધું અને સાતમી ગાથામાં સમયસારમાં ભેદાભેદ લીધું. વસ્તુ ભેદાભેદસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમજાવવામાં ન ભેદ પાડવા પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સમજાવવામાં ભેદ પાડે છે એ પણ અંદર છે. ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ કહ્યું. એ તો પરથી તદ્દન ભિન્ન (અને સ્વથી) અભેદ બતાવવા, પણ વસ્તુમાં

ગુણ અને પર્યાયભેદ છે. અભેદ તરીકે દ્રવ્યમાં ગુણ-પર્યાય અભેદ છે, પણ ભેદ તરીકે ગુણ અને પર્યાય (ભેદ છે). વસ્તુ ભેદાભેદસ્વરૂપ છે એમ બતાવ્યુંને અહીંયા? અને સાતમી ગાથામાં એમ કહ્યું છે. કઈ અપેક્ષાએ કથન છે એ જાણવું જોઈએને. સમજાણું કાંઈ? એકાંત અભેદ કહે તો ગુણ-પર્યાયભેદ સિદ્ધ નથી થતો અને એકાંત ભેદ કહે.. સમજાણું કાંઈ? ભેદ અસંખ્ય પ્રદેશે છે. આહા..હા..! **'એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે.'** સાતમી ગાથામાં એ આવ્યું. આમાં છેને? સમયસાર છેને.

**'વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...'** સાતમી ગાથા. છેલ્લી લીટી છે. છે? **'અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે,...'** છે? એ પેરેગ્રાફ. **'અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય? તેનું સમાધાન :— એ તો ખરું છે, પણ અહીં દ્રવ્યદષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે ભેદદષ્ટિમાં નિર્વિકલ્પદશા નથી થતી...'** જુઓ, આ એકાંત. સમજાણું કાંઈ? એકાંત અભેદ છે એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? અનેકાંત લક્ષમાં હોવા છતાં સમ્યક્ એકાંત જે દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ અભેદ અખંડાનંદ પ્રભુ છે, આહા..હા..! એ સમ્યક્ એકાંત છે. સમજાણું કાંઈ? આમાં એકાંતનું છે પણ અહીં નથી આવ્યું, પુસ્તક નથી આવ્યું. આ સમયસારનું પુસ્તક છેને, એમાં આધાર છે આનો. ધવલમાં છે. બાકી આપણે ૧૪માં નહિ? એકાંત બોધબીજ. ભાઈ ૧૪માં એકાંત બોધબીજ. એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ બોધબીજ એ જ જેનો સ્વભાવ છે. આહા..હા..! એકાંત બોધબીજ. સમજાણું કાંઈ? ૧૪મી ગાથા છે.

વસ્તુ સમ્યક્ એકાંત દષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન થતું જ નથી. અનેકાંત ઉપર—દ્રવ્ય અને પર્યાય બે ઉપર લક્ષ રાખવાથી સમ્યગ્દર્શન થાય છે? સમજાણું કાંઈ? અનેકાંત હોવા છતાં સમ્યક્ એકાંત એવા અભેદની દષ્ટિ વિના સમ્યગ્દર્શન થતું નથી. એવી વાત છે. શું કહ્યું? સાતમામાં છે. સાતમામાં છે. એકાંતમાં તો.. શ્રીમદ્‌માં આવે છે. આમાં પણ એક આવે છે પણ એ પુસ્તક રહી ગયું બહાર. સમયસાર છેને આપણું જૂનું ઓલું? આપણે બે હજાર છપાવ્યાને પુસ્તક સમયસાર. એમાં સંસ્કૃત ટીકા નથી. પહેલી આવૃત્તિ. એમાં સંસ્કૃત ટીકા નથી. એમાં લખ્યું છે તે દી. અહીં આવ્યું નથી. મોક્ષમાર્ગ પ્રકાશક પણ નથી આવ્યું. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો આવી ગયું હતું ભાઈ હમણાં, નહિ? વસ્તુ અભેદ એ અપેક્ષાથી કહ્યું છે. પરની સાથે ભેદ નથી, પોતાનું અભેદ છે એમ કહ્યું. પણ અહીંયાં તો અભેદ ત્રિકાળી વસ્તુ જે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ્ઞાન પણ નહિ, દર્શન પણ નહિ, ચારિત્ર ભેદ વ્યવહાર પણ નહિ, એ અભેદ દષ્ટિ કરાવવા ભેદનું લક્ષ હોવા છતાં, ભેદ છે, પણ હોવા છતાં અભેદની દષ્ટિ કરાવવા પર્યાય એમાં નથી, ભેદ નથી એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ ભેદાભેદ છે. એમાં આવ્યુંને? સાતમામાં. '**વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...**' દ્રવ્યને પણ જાણે છે, પર્યાયને પણ જાણે છે, ભેદને જાણે છે. સમજાણું કાંઈ? એવું ભેદાભેદ (સ્વરૂપ છે), પણ જ્યાં સુધી દૃષ્ટિમાં નિર્વિકલ્પતા અભેદમાં થાય છે એમ ન થાય ત્યાં સુધી અભેદની દૃષ્ટિ કરાવી છે. ૭મું છેને. પર્યાય નથી, ભેદ નથી એમ કહ્યું છે. કેમકે રાગી પ્રાણી છે. જો ભેદ ઉપર લક્ષ જશે તો તેને રાગ થશે. રાગી છે માટે. ભેદ ઉપર લક્ષ જાય તો રાગ જ થાય છે એમ નથી. કારણ કે ભેદ ઉપર લક્ષ (જાણવું) તો કેવળીનું પણ છે. કેવળી તો ભેદ અને અભેદ બધાને દેખે છે, પરને પણ દેખે છે. એટલે ભેદને દેખવું એ રાગનું કારણ નથી, પણ રાગી પ્રાણી ભેદને દેખે તો રાગ થાય છે. સમજાણું કાંઈ? ત્યાં લીધું છેને? બતાવ્યું નથી? સાતમી ગાથા.

.. પર્યાયનો ભેદ કરીને આત્મામાં નથી એમ કહ્યું, તો પર્યાય પણ દ્રવ્યનો ભેદ છે. દેખો, ત્યાં કાલે અભેદ કહ્યું કાલે મોક્ષમાર્ગ પ્રકાશકમાં. એ અપેક્ષા બીજી, આ અપેક્ષા બીજી. એકરૂપ ત્રિકાળ બતાવવું છે એટલું. અને અહીંયાં તો વસ્તુ છે એ અભેદ-ભેદ બેય છે. પર્યાયભેદ છે, અવસ્તુ નથી, તો પછી તેને વ્યવહાર કેમ કહ્યો? '**તેનું સમાધાન :—એ તો ખરું છે પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરીને ઉપદેશ છે.**' દેખો! આહા..હા..! '**અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને...**' ત્રિકાળ જ્ઞાયકભાવ શુદ્ધ અભેદ એવી દૃષ્ટિમાં ભેદ માલૂમ પડતો નથી. અભેદ દૃષ્ટિમાં ભેદ માલૂમ નથી પડતો. તેથી અભેદની દૃષ્ટિમાં ભેદ નથી. સમજાણું કાંઈ? ભેદ છે તો ખરો અંદર ગુણ-પર્યાયનો, પણ અંતર અભેદદૃષ્ટિમાં ગુણભેદ માલૂમ પડતો નથી. આહા..હા..! આ એકાંત અને અનેકાંતમાં ગોટા આ ઉઠ્યા છે. આ એકાંત છે. અભેદ દૃષ્ટિ કરવી. એકાંત એક તરફ લઈ જવું છે. પર્યાયના ભેદમાંથી એને કાઢી નાખવો છે. આહાહા..! સમજાણું કાંઈ? છોકરા ન આવ્યા આજે. નહિતર રજા છે આજે શનિવારે. કાંઈક કારણ હશે. એને શનિવાર અને રવિવારે તો આવવું જ જોઈએ. બોર્ડિંગ. પમુભાઈનું કાંઈ ઠેકાણું ન હોય. સમજાણું કાંઈ?

'**અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી...**' ગૌણ કહેવાથી હોં, અભાવ કરવાથી નહિ. '**અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' સમ્યક્ એકાંત છેને? અનેકાંત છેને? ભેદદૃષ્ટિથી પણ અભેદદૃષ્ટિ થાય અને અભેદથી પણ અભેદદૃષ્ટિ થાય એમ અનેકાંત કરો? એવું અનેકાંત ન હોય. એવું અનેકાંત હોતું જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી...**' કેમ? કારણ? '**સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...**' ભેદદૃષ્ટિ જાણવાથી વિકલ્પ થાય છે એમ નહિ, પણ સરાગી પ્રાણી છે એનું ભેદ ઉપર લક્ષ જશે તો રાગ થશે. આહા..હા..! ભેદને જાણવાથી

રાગ થાય એમ છે નહિ. જો ભેદને જાણવાથી રાગ થતો હોય તો ભગવાન તો દ્રવ્ય-ગુણ-પર્યાય, લોકાલોક બધું જાણે છે. સમજાણું કાંઈ? પણ રાગી પ્રાણી છે તો જ્યારે ભેદ ઉપર લક્ષ જશે તો તેને રાગ થશે. એ કારણે નિર્વિકલ્પ દશા કરાવવા.. એકરૂપ ત્રિકાળ ચીજ. જુઓ, સમ્યક્ એકાંત. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં ઝઘડો કરે કે નહિ, ભેદદષ્ટિથી પણ સમકિત થાય છે અને અભેદદષ્ટિથી પણ સમકિત થાય છે. અનેકાંત કરો. એ અનેકાંત નથી. અભેદદષ્ટિથી સમકિત થાય છે અને ભેદદષ્ટિથી નહિ, એનું નામ અનેકાંત છે. ગડબડ એવી કરી દીધી છેને એકાંત-અનેકાંતને સમજ્યા વિના.

જોયું, '**સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.**' જેને સમ્યગ્દર્શન આદિ પ્રગટ કરવું છે એને તો અભેદ ઉપર દષ્ટિ જવાથી જ સમ્યક્ પ્રગટ થશે. ભેદ હોવા છતાં, એમાં પર્યાય હોવા છતાં પણ જેને સમ્યગ્દષ્ટિ કરવી છે એને તો એકાંત અભેદદષ્ટિ કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? એમાં એમ કહે કે નહિ, કથંચિત્ ભેદના લક્ષે સમકિત થાય છે અને કથંચિત્ અભેદથી થાય છે, એમ અનેકાંત કરો. એ અનેકાંત નથી. ફુદડીવાદ છે એ તો. લોકોએ અનેકાંતને નામે ગડબડ બહુ કરી દીધી. આહા..હા..!

શું કહ્યું જુઓ, '**ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...**' વીતરાગ થયા બાદ અભેદ વસ્તુને જાણે છે, પર્યાયને પણ જાણે છે. આહા..હા..! એટલે વસ્તુનું સ્વરૂપ તો ભેદાભેદ છે જ. પણ ભેદનું લક્ષ કરવાથી સરાગી પ્રાણી છે, સાધકપણું સાધવું છે તો એને ભેદનું લક્ષ કરવાથી રાગ થશે. એ કારણે ભેદને ગૌણ કરીને અવસ્તુ કહી એ અપેક્ષાએ. ગૌણ કરીને અવસ્તુ (કહી છે). સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે પ્રભુનો. ભેદાભેદ જોયું! આહા..હા..! અહીંયા પણ એ કહ્યું. જુઓ, શું કહ્યું? છે?

'**એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે.**' આપણે ચાલતો કળશ. આહા..હા..! ઓલું પુસ્તક નથી આવ્યું. આ શ્રીમદ્‌ના પુસ્તકમાં ત્રણ ઠેકાણે આ વાત છે. ૩૪૭ છે. અનેકાંતિક માર્ગ પણ... પર્યાય છે, દ્રવ્ય છે એવો અનેકાંત માર્ગ હોવા છતાં સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય... આહા..હા..! અંતર અભેદ ચીજ ઉપર દષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. એ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી, એમ જાણી લખ્યું છે. ક્રિયાકાંડવાળો માણસ હતો. આ ક્રિયા કરી, આ ક્રિયા કરી. ક્રિયાએ નહિ મળે એ. સમજ્યા? અનુપચંદ મલૂપચંદ કોઈ ભરૂચનો હતો, એના ઉપર પત્ર છે. છે અનેકાંત, વ્રતાદિનો વિકલ્પ છે, પણ એ સમ્યક્ એકાંતદષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. તારા વિકલ્પથી થાય, રાગથી થાય એમ ત્રણકાળમાં નથી. એકાંત થઈ જાય છે એ તો એમ

કહે છે. કીધું, સમ્યક્ એકાંત છે એ. વ્રતથી પણ થાય, નિમિત્તથી પણ થાય, પર્યાયથી પણ સમ્યગ્દર્શન થાય, સમજાણું કાંઈ? એમ છે નહિ, ભાઈ! ઓહોહો..!

જુઓ, કહ્યુંને? પાછળ છે. સમયસાર પાનું ૩૩. આ ભેદાભેદનું. તે દી લખ્યું હતું હોં. સમયસાર પાનું ૩૩. આમાં પાનું ૩૩ લખ્યું છે. તે દીનું આપણું જૂનું પાનું છેને એનું લખેલું છે. બે હજાર છપાણી છેને. ભાઈ! ૪૫૯ છે. '...જેની મનોવૃત્તિ વહ્યા કરે છે. સંકલ્પ-વિકલ્પની મંદતા જેને થઈ છે, પંચવિષયથી વિરક્તબુદ્ધિનો અંકુર જેને ફૂટ્યો છે, ક્લેશનું કારણ જેણે નિર્મળ કર્યું છે, અનેકાંત દૃષ્ટિયુક્ત એકાંત દૃષ્ટિની જે સેવા કરે છે.' પર્યાયાદિ છે, રાગાદિ છે એ અનેકાંતનું જ્ઞાન સમ્યક્ એકાંતદૃષ્ટિ વિના અનેકાંતનું જ્ઞાન થતું નથી. આહા..હા..! આ વ્યાખ્યાન એક કલાક આપ્યું હતું વવાણિયામાં. આ એક લીટી ઉપર એક કલાક વ્યાખ્યાન. એ લોકો કહેને ગુરુથી થાય, ગુરુથી થાય. એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું જુઓ.

'અનેકાંત દૃષ્ટિયુક્ત એકાંત દૃષ્ટિની જે સેવા કરે છે.' જોયું! લક્ષમાં છે પર્યાયાદિ ભેદ, પણ સેવન તો અભેદનું કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ૪૦૧, ૪૫૯ છે. ૪૫૯ છેને? 'સર્વથી સર્વ પ્રકારે...' દેખો, 'સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું.' કથંચિત્ પરથી ભિન્ન છું એમ નહિ. આહા..હા..! 'સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું. એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ છું.' આહા..હા..! એકાંત શુદ્ધ આનંદસ્વરૂપ હું છું. દેખો, દુઃખ છે, અશુદ્ધતા છે એ વાત ન લીધી.

સમ્યગ્દર્શનમાં સમ્યક્ એકાંત જ હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'અચિંત્ય સુખ પરમોત્કૃષ્ટ સુખમાત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું. ત્યાં વિક્ષેપ શું? વિકલ્પ શું, ભય શું, ખેદ શું, બીજી અવસ્થા શું? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ-શુદ્ધ પરમોત્કૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું, હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું, તન્મય થાવ છું. શાંતિ... શાંતિ.. શાંતિ...' લ્યો, આ તો તન્મય (થઈ ગયા). પર્યાયમાં અશુદ્ધતા છે, ભેદ છે એ બધું કાઢી નાખ્યું. એ દૃષ્ટિના વિષયમાં આવું એકાંત જ આવે. સમજાણું કાંઈ? ત્યાં અનેકાંત લગાવી દે કે ભેદથી પણ સમ્યગ્દર્શન થાય છે, પર્યાયના લક્ષે પણ થાય છે, સમજાણું કાંઈ? એમ છે નહિ. આહા..હા..!

બે કારણથી કાર્ય થાય એના લક્ષે સમ્યગ્દર્શન થાય છે? કારણ તો એક જ છે, પોતાથી થાય છે, પણ બીજું એક કારણ છે એ પ્રમાણજ્ઞાનમાં ભેળવીને કહ્યું. નિશ્ચયથી તો... નયચક્રમાં એમ આવ્યું છે. એમાં નાખ્યું છે આપણે. પ્રમાણ પૂજ્ય નથી. શિષ્યે પ્રશ્ન કર્યો, પ્રભુ! નિશ્ચયનયમાં તો એક દ્રવ્ય જ આવે છે અને પ્રમાણમાં તો દ્રવ્ય અને પર્યાય બેય આવે છે, તો નિશ્ચય કરતાં પ્રમાણ પૂજ્ય છે. એમ શિષ્યે પ્રશ્ન કર્યો. નયચક્રમાં છે. તો કહે, નહિ, પ્રમાણ પૂજ્ય નથી. જેમાં પર્યાયનો નિષેધ નથી આવતો તે પૂજ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો થોડું એકાંતનું (લીધું). એ આમાં છે પણ એ પાનું રહી ગયું. એમાં લખ્યું છે. એકાંત.. એકાંત.. બધા (રાડ પાડે છે). અરે ભગવાન! એકાંત બાપુ! સાંભળ તો ખરો. આહા..હા..! છે? માત્ર એકાંત શુદ્ધ અનુભવુ છું. તો શું અશુદ્ધ પણ છે આત્મા—દ્રવ્ય? પર્યાયમાં અશુદ્ધ છે એ તો બીજી વાત છે. આહા..હા..! એકાંત સર્વોત્કૃષ્ટ આનંદમૂર્તિ હું એકાંત છું. આહા..હા..! શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગ કરું છું. દેખો, મારો તો નિજ સ્વરૂપમાં ઉપયોગ છે. તન્મય થાવ છું. શાંતિ... શાંતિ... શાંતિ... જુઓ, ત્રણ ઠેકાણે આવ્યું. ૧૪૭, ૩૪૭, ૪૫૯. અહીં આવ્યું હતું. પત્ર યાદ રહેતા નથી અમને. એમાં છે. ધવલમાં છે હોં! યાદ કેટલું રહે? એટલી શક્તિ ક્યાં છે? એ માટે તો લખવું પડે કે આ ઠેકાણે પાના ઉપર છે એ લખી લઈએ. આ તો ઘણા વર્ષ પહેલાં લખ્યું હતું. પહેલી આવૃત્તિ થઈને સમયસારની. સંસ્કૃત ટીકા વિનાની. એમાં.

અહીં કહે છે. આહા..હા..! '**ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે.**' એ ૫૨ થઈ. ૫૩.

**नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।**
**उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा।।५३।।**

'**શ્લોકાર્થ :- બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,...**' સમજાણું કાંઈ? આત્મામાં અશુદ્ધ રાગ-દ્વેષ પરિણમન થાય છે તે પોતાથી પણ થયું અને કર્મથી પણ અશુદ્ધચેતના થઈ એમ નથી, સમજાણું કાંઈ? એમાં છે હોં! ધવલમાં. આ બે દ્રવ્ય છેને? અશુદ્ધ પરિણતિ પોતાથી થાય છે અને કર્મથી પણ થાય છે, એમ છે નહિ. બે દ્રવ્યની એક પરિણતિ નથી હોતી. અમરચંદભાઈ! આહા..હા..! આ તો ઝઘડા જ ઈ. કર્મથી વિકાર થાય છે, કર્મથી વિકાર થાય છે. શું થાય છે? પોતાના અશુદ્ધ પરિણામ પોતાથી થાય અને કર્મ પણ અશુદ્ધ પરિણામ કરાવે? સમજાણું કાંઈ? આમાં અર્થ બરાબર નથી લીધો. કેટલામો છે એ? ૫૩.

'**જીવદ્રવ્ય પોતાની શુદ્ધચેતનારૂપ અથવા અશુદ્ધચેતનારૂપ વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે. પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના અચેતન લક્ષણરૂપે—શુદ્ધ પરિણામરૂપે અથવા જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપે પોતાનામાં વ્યાપ્ય-વ્યાપકપણે પરિણમે છે, વસ્તુનું સ્વરૂપ એવું તો છે, પરંતુ જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય બન્ને મળીને અશુદ્ધ ચેતનારૂપ છે જે રાગ-દ્વેષરૂપ પરિણામ તે-રૂપે પરિણમે છે એમ તો નથી;....**' આહા..હા..! સમજાણું કાંઈ? જયસેનાચાર્યની સંસ્કૃત ટીકામાં એમ લીધું છે કે જેમ માતા-પિતા વિના પુત્ર નથી થતો, એમ કર્મ અને આત્મા બે વિના અશુદ્ધતા નથી થતી. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવા કહ્યું. આહા..! સમજાણું કાંઈ? અહીં કહે છે કે આત્મા અશુદ્ધરૂપે વ્યાપ્ય-વ્યાપકરૂપે પરિણમે, એમ પુદ્‌ગલ પણ આત્માને રાગ-દ્વેષરૂપે પરિણમાવે એમ નથી. આહા..હા..! અને જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય તે બન્ને મળીને એક પર્યાયે પરિણમે, એમ છે નહિ. જીવ પોતાની અશુદ્ધ પરિણતિ પણ કરે અને કર્મની પર્યાય પણ કરે, એમ છે નહિ. કર્મ કર્મની પર્યાય પણ કરે

અને પોતાના અશુદ્ધ પરિણામ જીવના એ પણ કરે, એમ છે નહિ. મોટી તકરાર વાંધા એમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

લ્યો આવ્યું નથી? કે જ્ઞાનાવરણીય કાંઈ કરતું નથી. નહિ, ખોટું છે. એનો અર્થ જ્ઞાનાવરણીય પર્યાયમાં કાંઈક કરે છે. એ બતાવ્યું હતું. વર્ણીજીનું. ઈસરી ગયા હતાને અમે? એ પ્રશ્ન થયો હતો. બહુ ચાલ્યો પ્રશ્ન. વિકાર કેમ થાય છે? કીધું, પોતાની પર્યાયથી પોતાને કારણે થાય છે. ષટ્કારકની પરિણતિથી થાય છે. જુઓ, ૬૨ ગાથા. (તો કહે), નહિ, નહિ; કર્મના નિમિત્ત વિના થાય તો સ્વભાવ થઈ જાય છે. એ સ્વભાવ જ છે. વિભાવ પણ એક સમય પૂરતો પોતાનો સ્વભાવ છે. આહા..હા..! **'स्वस्य भवनं स्वभावः'** પોતાનું અશુદ્ધ-શુદ્ધ રૂપે પરિણમન છે એ પોતાનો સ્વભાવ છે, પણ એક સમય પૂરતો છે. ત્રિકાળમાં એ નથી. સમજાણું કાંઈ? ઘણી ચર્ચા થઈ. ત્યાં લાવ્યા હતા ગજરાજજીને ઘરે, કલકત્તા. ગજરાજજી છેને. ઉલ્લાસના પિતાજી. ત્યાં આહાર (માટે ગયા હતા). તો ત્યાં આવ્યા શાહૂજી લઈને.

પ્રશ્ન આવ્યો છે ત્યાંથી. કે કર્મ વિના વિકાર થાય છે? હા, એના વિના થાય છે. નિશ્ચયથી શું? કર્મની પર્યાય કર્મમાં થઈ. અશુદ્ધ પરિણામ જીવ પણ કરે અને કર્મ પણ કરાવે એમ બે છે? એ તો અહીંયા લીધું જુઓ, '**પરંતુ જીવ દ્રવ્ય અને પુદ્ગલ બંને મળીને, અશુદ્ધ ચેતનારૂપ છે. જે રાગ-દ્વેષરૂપ પરિણામ તે-રૂપે પરિણમે છે એમ તો નથી;...**' એમ છે નહિ. સમજાણું કાંઈ? **'उभयोः'** '**જીવદ્રવ્ય અને પરિણામ બંને મળીને એક પર્યાયરૂપ પરિણામ થતા નથી;...**' **'परिणामः न प्रजायेत'** કર્મની પર્યાય અને જીવની પર્યાય કર્મ કરે એમ છે નહિ અને જીવની પર્યાય જીવ કરે અને જીવની પર્યાય જડ કરે એમ નથી બનતું. આહા..હા..!

હા, એમ કહે છે એમાં જુઓ. પહેલાં ભિન્ન સત્તાપણું છોડી એક સત્તારૂપ થાય. પોતાની સત્તા જીવ અને જડની ભિન્ન-ભિન્ન છે એમાં પોતાની સત્તા પરસત્તારૂપ થાય તો પરને કરે, પોતાની સત્તાનો અભાવ કરીને. પોતાની સત્તાનો અભાવ તો કદી થતો નથી. આહા..હા..! કેટલી સ્પષ્ટ વાત છે! સમજાણું કાંઈ? મોટી તકરાર, મોટી તકરાર. આહા..હા..! નહિ, એકાંત છે.. એકાંત છે. એકાંત જ છે અહીંયા કહે છેને. અશુદ્ધ પરિણામ પોતાથી એકાંત થાય છે, કર્મથી બિલકુલ નહિ. આહા..હા..! એ અનેકાંત છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકોને પણ એ ક્યાં પડી હતી. શેઠિયાઓ સાંભળે અને જય નારાયણ કરીને ભાગીને વયા જાય. થઈ રહ્યું જાવ. આ અમારે શેઠિયા બેઠા છે જુઓ. શોભાલાલજી ત્યાં હતા. કેમ શેઠ? હતા કે નહિ? પણ એ વખતે તો વિચાર બહુ નહિને. ત્યાં હતા. ભાઈ પણ હતા ભગવાનદાસ.

**શ્રોતા :-** વાત જ નહોતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહોતી. વાત સાચી. વાત તો સાચી છે, ભાઈ! એ વાત ચાલતી નહોતી. આહા..હા..!

જુઓ, '**જો પહેલાં ભિન્નસત્તાપણું છોડી...**' કર્મ પોતાની સત્તા છોડી દે અને તો આત્મામાં આવી જાય તો અશુદ્ધ પરિણામ કરે અને જીવ પોતાના અશુદ્ધ પરિણામની સત્તા છોડી દે પોતાની સત્તાને, પછી કર્મની પર્યાય કરે સત્તા છોડે તો. પોતાની સત્તા કોઈ ત્રણકાળમાં છોડતું નથી. આહા..હા..! મોટી ગડબડ છે. આહા..હા..! દેખો, '**કર્તા કર્મ ક્રિયાપણું ઘટે...**' એક સત્તા થઈ જાય. બીજી સત્તામાં ચાલી જાય તો એક સત્તા થઈ જાય. '**એકરૂપ થતા નથી, તેથી જીવ-પુદ્‌ગલનું પરસ્પરનું કર્તા-કર્મ-ક્રિયાપણું ઘટતું નથી.**' કેટલું સ્પષ્ટ કર્યું છે! રાજમલ. એમાંથી બનારસીદાસે સમયસાર નાટક બનાવ્યું. પહેલાંના પંડિતો.. ઓહો..હો..! ગૃહસ્થ હોય. એક તો દિગંબરમાં જન્મ થયો અને એમાં સત્ય મળી ગયું. સમજાણું કાંઈ? અરે..! બનારસીદાસ તો શ્વેતાંબર હતા, પણ એણે જ્યાં દિગંબરની વાત સાંભળી... ઓહો..! માર્ગ આ છે. સમજાણું કાંઈ? શ્વેતાંબર હતા ઈ, પણ વસ્તુ જ્યાં યથાર્થદૃષ્ટિ મળે ત્યાં ઓહો..! આ વસ્તુ દિગંબર ધર્મ એ જૈનધર્મ છે. બીજો કોઈ જૈન ધર્મ નથી. આહા..હા..!

અહીંયા કહ્યું જુઓ, ૫૩ ચાલે છેને? '**उभयो**' '**બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી;...**' કારણ કે બે દ્રવ્ય એક થતા નથી. '**કારણ કે અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે,...**' ભિન્ન છે તો ભિન્ન જ રહે છે. પોતાનો આત્મા પોતાની સત્તા છોડીને કર્મમાં જાય તો કર્મની સત્તાની પર્યાય કરે, કર્મના બંધનની; અને કર્મની પર્યાય સત્તા છોડીને આત્મામાં જાય, પોતાની સત્તા છોડીને, તો પોતાના અશુદ્ધ પરિણામને કરે એ કર્મ. એમ તો છે નહિ. આહા..હા..! આ તો સાદી ભાષા છે. કહો, પોપટભાઈ! ક્યાં પણ દરકાર કરી હતી અત્યાર સુધી. એકલા ધંધા, ધંધા ને ધંધા.

**શ્રોતા :-** આવી ખબર નહોતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત સાચી, વાત સાચી. આહા..હા..!

મિથ્યાજ્ઞાન... એ લખ્યું છે હોં આમાં. એમાં લખ્યું છે. આમાં છે ક્યાંક હોં. કેટલામું છે એ પાનું? ૫૨. એ જ નીકળ્યું જુઓ, ૫૨ ગાથા ચાલે છેને? ૫૩ ચાલે છે. ૫૨માં છે. જુઓ, '**ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિ દ્રવ્યરૂપ પુદ્‌ગલપિંડ-કર્મનો કર્તા જીવવસ્તુ છે એવું જાણપણું મિથ્યાજ્ઞાન છે,...**' ૫૨માં છે. સમજાણું કાંઈ? આત્મા કર્મબંધની પર્યાય કરે એ મિથ્યાજ્ઞાન છે, એમ કર્મ પોતાના વિકારને કરે એ મિથ્યાજ્ઞાન છે. ભાઈ! આવ્યું કે નહિ એ? આહા..હા..! દેખો, '**એક સત્ત્વમાં કર્તા-કર્મ-ક્રિયા ઉપચારથી કહેવાય છે;...**' એક સત્તામાં પણ ઉપચારથી કર્તાકર્મના ભેદ પડે છે. પરની સત્તાને કરે અને પર સત્તા પોતાને કરે એ વાત તો ત્રણકાળમાં નથી. આહા..હા..! કર્મથી વિકાર થાય.. કર્મથી વિકાર થાય.. મારીને મારી નાખ્યા. ઓલા ઈશ્વરકર્તાવાળાનો ઈશ્વર કર્તા અને આ જૈનનો કર્તા જડકર્મ. કર્મ જેવા આવે એવો વિકાર કરવો પડે. કર્મનું બહુ જોર છે. આહા..હા..!

૫૩ ચાલે છેને? '**અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે,...**' શું કહે છે? જીવ

અને જડ ભિન્ન-ભિન્ન અનેક છે તો અનેકપણે રહે છે. પોતાની સત્તા છોડીને પરમાં જતા નથી. જતા નથી તો પરનું કરે શું? અને કર્મ પણ પોતાની સત્તા છોડીને આત્મામાં આવતા નથી તો આત્માની અશુદ્ધતા એ કરે કેમ? સમજાણું કાંઈ? આહા..હા..! કહો, ગીરધરભાઈ! આ બધા કર્તાહર્તા હતાને તમે બહારના કર્તા? એક તો શેઠિયા હતા અને વળી શેઠિયાને કાર્યકર્તાનું બિરૂદ હતું. કાર્યકર્તા. ધૂળેય નહોતું.

**શ્રોતા** :- કાર્યકર્તા તો હતા પણ વિકારના કાર્યકર્તા, પરના નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરના ક્યાં, એ તો માને છે. આહા..હા..! કેટલી વાત સ્પષ્ટ કરી છે! આહાહા..! અમૃતચંદ્રાચાર્ય.

ભગવાન! કોઈ ચીજ છે પોતાની સત્તામાં એ પરસત્તાથી ભિન્ન છે. તો પરસત્તા જે પોતાની સત્તામાં આવે તો પોતાની પર્યાયને એ કરે અને પોતાની સત્તા પરસત્તામાં પ્રવેશ કરે, પોતાની સત્તાનો અભાવ કરીને, તો પરની ક્રિયા કરે. આહા..હા..! જુઓ, આ શરીરની અવસ્થા આમ થાય છે. તો કહે છે કે એ આત્માથી નહિ, જડથી થાય છે. જો આત્માથી થાય તો આત્મા બદલીને જડની પર્યાયમાં પેસે તો એની અવસ્થા કરે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે, ભગવાન! ૫૩ થયું. નહિ?

‘**બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે, પ્રદેશભેદવાળી જ છે.**’ લ્યો ઠીક! પરદ્રવ્યના પ્રદેશ અને સ્વદ્રવ્યના પ્રદેશ ભિન્ન-ભિન્ન છે. આત્મા અસંખ્ય પ્રદેશી પોતાના છે. પરમાણુ પરમાણુ એક એક પ્રદેશી અને સ્કંધ અનંત આદિ પ્રદેશી એ ભિન્ન છે. કોઈના પ્રદેશ અંદર પેસી જાય છે? આહા..હા..! પોતાની સત્તામાં પરની સત્તાનો તો અભાવ છે અને પરની સત્તામાં પોતાની સત્તાનો અભાવ છે. હવે અભાવ છે એ ભાવને કેમ કરે? ન્યાય સમજાય છે? આહા..હા..! કહો, ચીમનભાઈ! આ બધા કરે છેને? શું આ બધા તમારા ઓલા કારખાના લોઢાના. કાંપમાં છે. ક્યાં છે? મુંબઈ સ્ટીલના ધંધા. નહિ? લ્યો, એના ભાઈ છે આ. કરે કોણ? ભગવાન! પરનું થવું એ પોતામાં થાય અને પોતાનું થવું પરમાં થાય તો પર પોતાનું કરે અને પોતે પરનું કરે. એમ તો છે નહિ. આહા..હા..! પરની પર્યાય પરમાં થાય છે, આત્માથી નહિ.

શ્રોતા :- કારણ તો થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બિલકુલ જૂઠું છે એમ કહે છે અહીં તો. એ જ મોટી (તકરાર છે). સમજાણું કાંઈ? આહા..હા..!

દૂધ છે એ અગ્નિથી ઊનું થાય છે, એમ છે નહિ, એમ કહે છે. જો એમ હોય તો અગ્નિની સત્તા છોડીને દૂધમાં પ્રવેશ કરે તો અગ્નિથી ગરમ થયું એમ કહેવામાં આવે.

**શ્રોતા** :- દૂધમાં પ્રવેશ કરે છે એટલે દૂધ ઊનું થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રવેશ કરે છે ક્યાં? ધૂળેય પ્રવેશ નથી. એ તો કહે છે અહીંયાં.

અગ્નિ અગ્નિમાં રહીને પોતાની સત્તા રાખે છે. દૂધ દૂધમાં રહીને પોતાની સત્તા રાખે છે. એ ગરમ થયું એ પોતાની સત્તાથી ગરમ થયું છે. અગ્નિની સત્તાથી ગરમ થયું છે એમ નથી. આહાહા..! ભારે ગડબડ. ઓલા કહેતા હતાને? પંડિત આવ્યા હતાને? આ જુગલકિશોર. દિલ્હીવાળા. મુખત્યાર. ભાઈ! આવ્યા હતાને. (સંવત) ૨૦૦૯ની સાલ. એ વખતે આવ્યા હતા. ઈ કહે, જુઓ, પ્રત્યક્ષ દેખાય છેને અગ્નિથી પાણી ગરમ થયું. પ્રત્યક્ષ દેખાય છે અને તમે ના પાડો છો? અરે ભગવાન! શું દેખાય છે? તું અગ્નિને જોવે છે કે પાણીની પોતાની અવસ્થાને જોવે છે? પાણી પોતાથી ગરમ થયું એમ તું જોવે છે કે અગ્નિથી ઉષ્ણ થયું એમ જોવે છે? એ તો તારી દૃષ્ટિમાં ફેર છે. જ્ઞાનચંદજી! મોટા પંડિત હોં ઈ. જુગલકિશોર દિલ્હી. શું કરે, બાપા? આ પંડિતાઈનું કામ નથી. આહા..હા..!

‘**બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે, પ્રદેશભેદવાળી જ છે. બન્ને એક થઈને પરિણમતી નથી,...**’ કર્મ અને આત્મા બે એક થઈને અવસ્થા નથી થતી. ‘**એક પરિણામને ઉપજાવતી નથી...**’ તેમ અશુદ્ધ પરિણામને આત્મા ઉપજાવે અને કર્મ અશુદ્ધ પરિણામને કરે એમ બનતું નથી. આહા..હા..! મોટા વાંધા આ છે. રતનચંદજી એમ જ નાખે છે. અનાદિથી ચાલે છે. આહા..હા..! ૧૯૭૧થી આ વાતનો વિરોધ અમારી સાથે ચાલે છે. અમે તો ૭૧ની સાલ. ૬૦ વર્ષ થયા. ૬૧. વિકાર પોતાથી થાય છે, કર્મથી બિલકુલ નહિ અને વિકારનું ટાળવું પણ પોતાથી થાય છે, કર્મ ટળે તો વિકાર ટળે એમ બિલકુલ નથી. ૭૧ની સાલ. સંવત ૭૧. લાઠી. લાઠીમાં ચોમાસું હતુંને. બહાર વાત મૂકી. ખળભળાટ ખળભળાટ. સ્થાનકવાસીમાં ખળભળાટ થઈ ગયો. પછી શ્વેતાંબરમાં થયો. પછી અહીં આવ્યા તો આમાં ખળભળાટ થયો. માર્ગ તો આ છે, ભગવાન! આ સંપ્રદાયની ચીજ નથી. એ તો વસ્તુની સ્થિતિની સત્તાની ચીજ છે. આહા..હા..! પોતાની સત્તાથી પરિણમન કરે છે. એ આમાં લીધું છે ૫૪માં. અનંત શક્તિ છે આત્મામાં. ૫૪ ગાથામાં લીધું છે. ૫૪ કળશમાં આમાં. અનંત શક્તિમાં એક શક્તિ એવી છે કે પરનું કરે. અનંત શક્તિવાન છે કે નહિ આત્મા? તો એક શક્તિ એવી પણ છે કે જે પરનું કરે. સમજ્યા? એમાં છે. શું છે?

‘**અહીં કોઈ મતાન્તર નિરૂપશે કે દ્રવ્યની અનન્ત શક્તિઓ છે, તો એક શક્તિ એવી પણ હશે કે એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામને કરે;...**’ એવી પણ એક શક્તિ હશે. આત્મા પોતાના પરિણામ પણ કરે અને પરના પણ કરે. કહે છે, એવી કોઈ શક્તિ છે નહિ. જુઓ, એમાં લીધું છે. છે? ‘**જેવી રીતે જીવદ્રવ્ય પોતાના અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહપરિણામને વ્યાપ્ય-વ્યાપકપણે કરે તેવી રીતે જ્ઞાનાવરણાદિ કર્મપિંડને વ્યાપ્ય-વ્યાપકપણે કરે.**’ એવી કોઈ શક્તિ છે નહિ. આહા..હા..! ‘**પરંતુ એવી શક્તિ તો કોઈ નથી કે જેનાથી, જેવી રીતે પોતાના ગુણ સાથે વ્યાપ્ય-વ્યાપકપણે છે તેવી જ રીતે પરદ્રવ્યના ગુણ સાથે પણ વ્યાપ્ય-વ્યાપકપણે થાય.**’ એવી કોઈ ચીજ

છે નહિ. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? કહે છે કે નહિ? મડદું પછી કેમ બોલતું નથી? પણ બોલે છે એ જડની પર્યાય છે. જડમાં વ્યાપ્યવ્યાપક થઈને ભાષા થાય છે, આત્મા એમાં વ્યાપ્યવ્યાપક થતો નથી. આહા..હા..! આવી વાત છે. હજી સ્વયંસિદ્ધ સ્વતઃ પોતાની પર્યાય પોતાથી (થાય) અને પરની પર્યાય (પરથી થાય) એટલો પણ જેને નિર્ણય નથી, એને દ્રવ્ય સ્વતંત્ર આનંદનો કંદ પ્રભુ.. જેને કર્મના નિમિત્તની અસર નથી, નિમિત્તનો સંબંધ નથી... દ્રવ્યમાં નિમિત્તનો સંબંધ નથી... પર્યાયમાં નિમિત્તનો સંબંધ છે તો પર્યાય દ્રવ્યમાં છે નહિ. આહા..હા..! આવી વાત છે, ભાઈ! આવી વાત બાપુ! કાને પડવી ભાગ્ય વિના હોય નહિ. આ તો પરમસત્ય દિવ્યધ્વનિની વાત છે. આ કાંઈ કોઈ (સાધારણ વાત નથી). આહા..હા..!

સમય-સમયની જીવ જીવની પર્યાયથી યુક્ત છે, જડ જડની પર્યાયથી યુક્ત છે. સહિત છે તો એને બીજું સહિત કેમ કરાવી દે? સમજાણું કાંઈ? શું કહ્યું? કે આત્મા પોતાની પર્યાયથી યુક્ત છે. અશુદ્ધ અશુદ્ધના સમયે અને શુદ્ધ શુદ્ધના સમયે. અને પરપદાર્થ પોતાની પર્યાયથી યુક્ત છે, સહિત છે, તો એને બીજું સહિત કેમ કરે? આહા..હા..! મોટી ગડબડ છે આ. જૈનના નામે કર્મ કરે એ મોટી ગડબડ છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ,...' આવે છે કે નહિ ભક્તિમાં? ચંદ્રાનન પ્રભુની. 'કર્મ બિચારે કૌન...' એ તો જડની પર્યાયની સત્તામાં રહે છે. મારી સત્તામાં આવે છે તે મને નુકસાન કરે? મારી સત્તામાં તો તે આવતા નથી, અડતા નથી, સ્પર્શતા પણ નથી. કર્મનો ઉદય મારી પર્યાયને અડતો પણ નથી અને મારી પર્યાય કર્મના ઉદયને સ્પર્શતી નથી. આહા..હા..! એક સત્તા બીજી સત્તાને કેમ સ્પર્શે? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ, એણે સ્વયંસિદ્ધ વસ્તુ જોઈ. પર્યાયથી યુક્ત જ દરેક દ્રવ્ય છે. ક્યા સમયે પર્યાયથી સહિત દ્રવ્ય નથી? શું કહ્યું? ક્યા સમયે દ્રવ્ય પોતાની અનંતી પર્યાયથી યુક્ત—સહિત નથી? તો એ સમયે પોતાની પર્યાયથી યુક્ત છે, જીવ જીવ પોતાની પર્યાયથી યુક્ત છે, ચાહે તો શુદ્ધ-અશુદ્ધ હો. શુદ્ધ હોય તો શુદ્ધ પર્યાયથી યુક્ત છે, અશુદ્ધ હોય તો અશુદ્ધથી સંયુક્ત છે, તો પરથી એમાં પર્યાય આવે ક્યાંથી? આહા..હા..! અને પુદ્‌ગલ પણ એની અનંતી પર્યાયથી તે તે સમયે તે પુદ્‌ગલ સંયુક્ત છે. આહા..હા..! યુક્ત છે. આહા..હા..! તો એ પરની પર્યાયને આત્મા કેમ કરે? આહા..હા..!

જુઓ, આ આંગળી છે, હોઠ છે. પ્રત્યેક પરમાણુ પોતાની અનંતી પર્યાયથી સહિત જ પરમાણુ છે, તો આત્મા એને કેમ હલાવે અને ચલાવે, બોલે? આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! મોટી ગડબડ થઈ ગઈ, ભાઈ! પંડિતો એમ શીખ્યા છે. એ તો કહે છેને ઈ? દેવકીનંદન કહેતા હતા. અહીં સર્વવિશુદ્ધ અધિકાર સાંભળ્યો જ્યારે. ક્રમનિયમિત. ક્રમનિયમિત થાય છે, એમ પાઠ છે. સાંભળીને એમ બોલ્યા, ઓહો..હો..! અમારા બધા પંડિતોનો અભ્યાસ

નિમિત્ત પ્રધાનથી છે. અભ્યાસ નિમિત્ત પ્રધાનતાથી છે. ઓહો..! ઓહો..! આગમચક્ષુ સાહૂ. એમ બોલ્યા હતા. સંતોના આગમચક્ષુ છે. આ ચક્ષુ નહિ, આ તો જડના છે. સમજાણું કાંઈ? આવે છે કે નહિ ત્યાં? સર્વવશુદ્ધમાં આવે છે. આગમચક્ષુસાહૂ. ઇન્દ્રિયચક્ષુ સબ જીવ. દેવ પણ ઇન્દ્રિયચક્ષુ છે. આહા..! કેવળી જ્ઞાનચક્ષુ છે. અતીન્દ્રિય જ્ઞાન, કેવળજ્ઞાન ચક્ષુ છે. છદ્મસ્થ જ્ઞાની આગમચક્ષુ છે.

**શ્રોતા** :- ચેતન પર્યાય દ્રવ્યથી ભિન્ન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ભિન્ન છે. શું?

**શ્રોતા** :- ચેતન પર્યાય ચેતન દ્રવ્યથી ભિન્ન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પછી વાત. એ ભિન્ન છે, પણ અત્યારે એ નથી કહેવું. અત્યારે દ્રવ્યની પર્યાય પર્યાય કરે છે એટલું સિદ્ધ કરવું છે. પર નથી કરતું એટલું. બાકી નિશ્ચયથી તો પર્યાય દ્રવ્યથી ભિન્ન છે. પર્યાય દ્રવ્યથી ભિન્ન છે. એ કહ્યુંને? ૬૮ ગાથામાં, પરમાત્મપ્રકાશ. **'जिउ परमत्थँ जोइया जिणवरु एउँ भणेइ'** જિનવર એમ કહે છે, જીવ બંધ અને મોક્ષની પર્યાયને કરે નહિ એને અમે જીવ કહીએ છીએ. આહા..હા..! પર્યાય પર્યાયથી થાય છે.

**શ્રોતા** :- પર્યાયમાં હલચલ થાય છે એ દ્રવ્યને ખબર છે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખબર કે દી? દ્રવ્ય જડ છે. જડને કોઈ ખબર છે જડની? ચૈતન્યને ખબર છે, પણ એમાં શું થયું? એ તો પર્યાય થાય છે એનું જ્ઞાન કરે છે. એ જડમાં જ્ઞાન છે? ધ્રુવમાં જ્ઞાન કરે છે એમ પણ નથી. ધ્રુવને ક્યાં જ્ઞાન છે. એ તો ધ્રુવ છે. આહા..હા..! ચેતનની પર્યાયની વાત કરે છે. ધ્રુવને ક્યાં જાણવું છે? ધ્રુવમાં જાણવાની ક્રિયા (નથી). જાણવાની ક્રિયા તો પર્યાયમાં છે.

**શ્રોતા** :- ચેતન પર્યાયની ખબર..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધ્રુવને ખબર નથી. ધ્રુવને ખબર છે? ધ્રુવ તો કૂટસ્થ છે. એમાં પરિણતિ ક્યાં છે? આહા..હા...! પર્યાય જાણે છે કે હું જ્ઞાન છું અને આ ધ્રુવ જ્ઞાનપૂર્ણ છે એમ પર્યાય જાણે છે. ધ્રુવ શું જાણે? ધ્રુવ તો કૂટસ્થ છે. ઝીણી વાત છે, ભાઈ!

જ્ઞાનની એક સમયની પર્યાયમાં પર્યાય એમ જાણે છે કે હું મને જાણું છું અને એ પર્યાયમાં ધ્રુવ જણાય છે. ધ્રુવ આવતું નથી અહીંયાં. ધ્રુવ પર્યાયમાં આવતું નથી, પણ ધ્રુવ જેવું છે એવું જ્ઞાનમાં જાણું છું. આહા..! વાત સૂક્ષ્મ, ભગવાન! આહા..હા..!

**શ્રોતા** :- ચેતનપર્યાય જ્યારે પાપ કરે..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાપ કરે તો એ ચેતનમાં છે, ધ્રુવમાં નથી.

**શ્રોતા** :- ચેતનદ્રવ્યને ભોગવવું પડે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, નહિ; ધ્રુવને શું ભોગવવું? પર્યાયને પર્યાય ભોગવે. દ્રવ્યને ભોગવવું ક્યાં છે? જરી ઝીણી વાત. નથી ને એ વાત. ભોગવવાનું તો પર્યાયને છે. દ્રવ્યને-

ધ્રુવને ભોગવવું પણ શું અને કરવું પણ શું? આહા..! આવી વાત ભારે. સૂક્ષ્મ-સૂક્ષ્મ વિષય છે. આહા..હા..! એની સત્તાનું હોવું, પોતાના પર્યાય, ગુણ અને દ્રવ્ય પોતાની સત્તામાં છે, બસ. તો એ પર્યાયથી સંયુક્ત, ગુણથી સંયુક્ત તો ત્રિકાળ જ છે, પણ વર્તમાન ક્ષણિક પર્યાયથી સંયુક્ત પ્રત્યેક દ્રવ્ય પોતાથી છે. એ પર્યાય પર્યાયને જાણે, અરે..! પર્યાય લોકાલોકને જાણે અને એ પર્યાય દ્રવ્યને જાણે. આહા..હા..! એ પર્યાય દ્રવ્યને જાણે, દ્રવ્યરૂપ થતી નથી. પર્યાય દ્રવ્યને જાણે એ પર્યાય દ્રવ્યમાં આવતી નથી. પર્યાય લોકાલોકને જાણે, લોકાલોક પર્યાયમાં આવતા નથી, લોકાલોક પર્યાય જાણે એ પર્યાય લોકાલોકમાં જાતી નથી. આહા..હા..! આ વસ્તુ, બાપા! આ તો ત્રણલોકના નાથ... આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો એટલું સિદ્ધ કરવું છે કે પોતાની પર્યાયમાં વ્યાપ્યવ્યાપક આત્મા પોતામાં છે, પરનું વ્યાપ્ય-કાર્ય આત્માનું નથી. અને જડનું પોતાની પર્યાયમાં વ્યાપ્યવ્યાપક છે, એનું વ્યાપ્ય આત્માની પર્યાય એમ છે નહિ. એટલું સિદ્ધ કરવું છે. આહા..હા..! બે દ્રવ્ય વચ્ચે ભેદ કરવો છે. આ તો આત્મા પરનું પણ કરે અને પોતાનું પણ કરે. લોકો નથી કહેતા? કે એક ગાયનો ગોવાળ એ પાંચ ગાયનો ગોવાળ. એક ગાયને ચરાવવા લઈ જાય તો પાંચ ગાયને લઈ જાય સાથે, એમાં શું છે? એમ પોતાનું પણ કરે અને પરનું પણ કરે.

**શ્રોતા** :- ગુણવિકારો પર્યાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વિકારો પર્યાય. પર્યાયમાં વિકાર છે. ગુણમાં વિકાર નથી. ગુણ તો નિર્વિકારી ત્રિકાળ છે. ગુણ અને દ્રવ્ય તો ત્રિકાળી નિર્વિકાર છે. પર્યાયદૃષ્ટિથી ગુણની વિકાર પર્યાય કહેવામાં આવે છે, પર્યાયદૃષ્ટિથી. દ્રવ્યદૃષ્ટિથી ગુણ વિકારરૂપ થતો જ નથી. પર્યાય વિકારરૂપ થાય છે. આહા..! ઘણી વાત સૂક્ષ્મ, ભાઈ! માર્ગ એવો છે, ભાઈ! સત્યને સમજ્યા વિના સત્યનું શરણ નહિ મળે. આહા..હા..!

અહીં તો એ કહ્યું, ઓહો..! '**કારણ કે અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે,...**' ભાષા દેખો! અનંત છે તો અનંતપણે પોતાની સત્તા અનંતપણે રહે છે. જો પોતાની સત્તા પરનું કામ કરે અને પર પોતાનું કરે તો એકબીજાની સત્તાનો નાશ થઈ જાય. ભિન્ન સત્તા રહે નહિ. આહા..હા..! એ પહેલાં આવી ગયું આપણે. લોપ થઈ જાય. પહેલાં આવી ગયું ને? આમાં આવી ગયું છે. પલટવાથી બધાનો લોપ થઈ જશે. ૮૬ ગાથા છેને? એનો ભાવાર્થ. ભાવાર્થમાં છે. કાલે આવી ગયું. એક એક શબ્દમાં એક એક.. જે ચીજ પોતાથી છે અને પરથી નથી. પરથી નથી એ પોતામાં શું કરે? પરથી પર છે એ પોતાથી નથી. તો પોતાથી નથી એ પરમાં શું કાર્ય કરી શકે? પરનો ભાવ પોતામાં થાય તો પરભાવ પોતાને કરે, પોતાનો ભાવ પરમાં જાય તો પરની પર્યાયનો ભાવ કરે, એમ તો બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ તો લખ્યુંને. શક્તિ અનંત છેને આત્મામાં. અનંત શક્તિ છે. તો એક શક્તિ એવી લ્યો કે પર્યાય પરનું કંઈક કરે. પર્યાય, ધ્રુવ તો ક્યાં કરે. અમરચંદભાઈ! આવી વસ્તુ છે.

આહા..હા..! અરે..! ચારિત્રદોષ હોય એ જુદી વાત, પણ આ વિપરીત જ્ઞાનનો દોષ છે એ તો મિથ્યાત્વનો દોષ છે. સમજાણું કાંઈ? આવ્યુંને એમાં? કહ્યુંને એ કે આત્માની પર્યાય પરની પર્યાય કરે એ જ્ઞાન અજ્ઞાન છે અને પર કર્મ પોતાની પર્યાય કરે અને આત્માની અશુદ્ધતા કરે એ અજ્ઞાન છે. આવ્યુંને એમાં? હમણા કહ્યું હતું. એ આવ્યુંને?

‘**પલટીને એક થઈ જતા નથી.**’ જોયું! ‘**સદા અનેક જ છે, પલટીને એક થઈ જતાં નથી.**’ બદલીને થાય તો સત્તાનો નાશ થઈ જાય. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

•❋••❋••❋•

## શ્રાવણ સુદ-૧૪, રવિવાર, તા. ૮-૦૮-૧૯૭૬, કળશ-૫૩ થી ૫૫, પ્રવચન નં. ૧૫૦

... ત્યાં રહેતા હતા આઠ મહિના. એકવાર સ્વામીનારાયણના મંદિરમાં ગયા અમે. એના સાધુ નહાતા હતા બ્રહ્મચારી. એમને ખબર હતી કે આ.. તે દી તો ૨૩ વર્ષની ઉંમર. સુંદર શરીર. એટલે એને ખબર હતી કે આ દીક્ષા લેવાના છે. એટલે એ સાધુ બોલ્યો ન્હાતા-ન્હાતા કે એક પાંદડુ પણ ઈશ્વરની ઈચ્છા વિના હલે નહિ. આહા..હા..! એવી વાત કહી. ઈશ્વરની પ્રેરણા વિના એક પાંદડુ પણ હલતું નથી. બધામાં ઈશ્વરની પ્રેરણા છે. આહા..! કીધું, આ બિચારા... અહીં કહે કે કર્મ વિના વિકાર નથી થતો. તો એની એ વાત છે. કેમ? કે વિકારી પર્યાયનું અસ્તિત્વ પોતાના ગુણની ઊલટી—વિપરીત અવસ્થા છે. એ પોતાના અસ્તિત્વમાં પોતાથી થાય છે. તો એ કહે કે કર્મ વિના થાય નહિ. એ મોટી ચર્ચા થઈ હતી વર્ણીજી સાથે. મોટી ચર્ચા. એમાં બતાવ્યું હતું. જ્ઞાનાવરણીય કાંઈ કરતું નથી એમ કાનજીસ્વામી કહે છે. જ્ઞાનાવરણીય કાંઈ કરતું નથી. એ બતાવ્યું હતુંને? ટેપ રેકોર્ડિંગ છેને.

જુઓ, એ વખતે આ છપાયું હતું. (સંવત) ૨૦૧૩ની સાલ. અમે ત્યાંથી નીકળ્યા પછી ત્યાં છપાવ્યું. પંડિત પૂછવા લાગ્યા. રતનચંદજી મુખત્યાર સહરાનપુર પ્રશ્ન કરે છે વર્ણીજીને. કાનજીસ્વામી એમ કહે છે, મહારાજ! જ્ઞાનાવરણાદિ કર્મ કાંઈ કરતાં નથી. જ્ઞાનાવરણીય જ્ઞાનાવરણીયમાં કરે, આત્માના વિકારમાં શું કરે એ? સમજાણું કાંઈ? આહા..હા..! સુકૌશલજી! બધી ગડબડ છે ઘણી. મોટા-મોટા પંડિતમાં ગડબડ (ચાલે છે). આહા..હા..! ભાઈ! આપણે તો સત્ય છે એ વાત કરીએ. એ જીવનો અનાદર કરવાની વાત નથી. એના પરિણામના જવાબદાર તો એ છે. આ તો વસ્તુની સ્થિતિ પંડિત લોકો પણ અત્યાર સુધી એમ કહેતા

હતા કે એમનું એકાંગી છે. કર્મથી વિકાર થાય એમ માનતા નથી, બે કારણથી કાર્ય થાય એમ માનતા નથી. પોતાના કારણે થાય છે અને પર તો એક નિમિત્તમાત્ર ઉપસ્થિતિ કહે છે; અને વ્યવહારથી નિશ્ચય ન થાય એ પણ વ્યવહારમાત્ર નિમિત્ત છે. વ્યવહારથી નિશ્ચય થતો નથી એમ કહે છે. એકાંગી છે એમ કહે છે. આહા..હા..! ભગવાન! પ્રભુ! આ તો વીતરાગનો માર્ગ આવો છે. કેમ? ઈ કહે છે જુઓ,

પોતાની યોગ્યતાથી જ્ઞાનમાં હાનિ-વૃદ્ધિ થાય છે. શું? જ્ઞાનમાં ક્ષયોપશમ જે વિકાસ થાય એ પણ પોતાને કારણે છે. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો તો અહીંયાં ક્ષયોપશમ થયો એમ છે નહિ અને જ્ઞાનમાં હીણી દશા, ઓછી દશા થાય છે એ પણ પોતાની યોગ્યતાથી થાય છે, કર્મના નિમિત્તથી જ્ઞાનની હિણી—ઓછી દશા થાય છે એમ નથી. મોટી ચર્ચા. લોકોને દરકાર પણ નથી. આ બધા શેઠિયા એમને એમ જય જય નારાયણ કરતાં સાંભળતા હતા બધા. આ અમારે શોભાલાલ શેઠને. પણ એ તો કહેતા હતા કે એ વખતે વિચાર ક્યાં કર્યો હતો. નહિ શેઠ? જે કહેતા હતા એ માનતા હતા. વાત સાચી. પોપટભાઈ! અમારે પોપટભાઈને પણ એ હતું બધું. ઠેકાણું ક્યાં છે? આહા..હા..!

કર્મ એક ચીજ છે, વિકાર બીજી ચીજ છે. તો કર્મ કર્મની પરિણતિ કરે અને કર્મ વિકારની પરિણતિ કરે તો બે દ્રવ્ય એક થઈ જાય. છે? અહીંયાં એ કહે છે, કાનજીસ્વામી એમ કહે છે કે યોગ્યતાથી જ જ્ઞાનમાં હાનિ-વૃદ્ધિ થાય છે. મહારાજ! જ્ઞાનમાં હાનિ થાય છે એ પોતાને કારણે થાય છે. એને શું કહેવું છે? કે જ્ઞાનાવરણીયનો ઉદય છે તો જ્ઞાનમાં હાનિ થાય છે, એમ છે નહિ. સમજાણું કાંઈ? આ તો ૧૯ વર્ષ પહેલાંનું છે. હજારો છપાણા છે. અત્યારે એનો આધાર આપે છે. વર્ણીજી આમ કહે છે અને તમે વર્ણીજીને માનનારા એને કેમ માનો છો? એમ કહે છે. ભાઈ! કોણ માને, સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..! સત્ય શું છે ભગવાન! અહીંયાં કોઈનો પક્ષ નથી.

પોતાની યોગ્યતાથી થાય છે એમ કાનજીસ્વામી કહે છે. જ્ઞાનાવરણીય કર્મ કાંઈ કરતું નથી. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનની હિણી દશામાં કાંઈ કરતું નથી. જ્ઞાનની હિણી દશા. હિણી જ કહે છેને? કમજોર દશા થાય છે તો કર્મ કાંઈ કરતું નથી એમ કાનજીસ્વામી કહે છે. જ્ઞાનાવરણીય કાંઈ કરતાં નથી. શું એ ઠીક છે? ઉત્તર :- પૂજ્ય ક્ષુલ્લક વર્ણીજી :- એ ઠીક છે? તમે જ કહો કેમ ઠીક છે? એ ઠીક નથી. અમે ત્યાંથી નીકળી ગયા. જમશેદપુર ગયા હતા. જમશેદપુર ગયા હતા. પછી એ સાંભળ્યું કે ત્યાં એવું ટેપ રેકોર્ડિંગ કર્યું છે. અરે ભગવાન! એવું શું છે ભાઈ? આહા..હા..! મોટી ગડબડ છે. એટલું-એટલું વાંચ્યું સમયસાર આખું કંઠસ્થ, ટીકા કંઠસ્થ, પણ આ ચીજમાં મૂળમાં ભૂલ. સમજાણું કાંઈ? જુઓ, શું કહ્યું?

જ્ઞાનાવરણીય કાંઈ કરતા નથી, એમ કાનજીસ્વામી કહે છે. કેમકે પરદ્રવ્ય છે એ જ્ઞાનની હાનિમાં જ્ઞાનાવરણીયના ઉદયથી હાનિ થાય છે એમ નથી. પોતાની નબળાઈને કારણે પોતાના

જ્ઞાનની હીણી દશા થાય છે અને પોતાના વિકાસના પુરુષાર્થથી જ્ઞાનની પર્યાયની ક્ષયોપશમ દશા થાય છે, કર્મ તો નિમિત્તમાત્ર છે. નિમિત્ત હાનિ કરતું નથી અને નિમિત્ત ખસે તો ક્ષયોપશમ થાય છે એમ નથી. આહા..હા..! અમરચંદભાઈ! આવું છે. જુઓ, છે? નહિ કોઈપણ કહે ચાહે, અમે તો એમ કહીએ છીએ કે અંગધારી કહે તોપણ ઠીક નથી. જ્ઞાનાવરણીય પર્યાય પરમાં કાંઈ કરતું નથી? અંગધારી કહે તોપણ અમે માનતા નથી. અરે..! ભગવાન! એ વાત હતી નહિ. એ પ્રથા નહોતી. અને એ લોકો શીખ્યા કાશીમાં અને ત્યાં બ્રાહ્મણ ઈશ્વરકર્તા માનવાવાળા. જગત ઉપાદાનમાં ઈશ્વર નિમિત્ત છે, એમ માનનારાએ શીખવ્યું. એ શીખડાવ્યું, એની પાસે શીખ્યા. પણ આ કોઈ એવી વાત નથી, ભાઈ! ઈશ્વરકર્તાને એ તત્ત્વ કેમ સમજાય? જૈનતત્ત્વની સ્વતંત્રતા (એને શું સમજાય?). આહા..હા..! તો કહે છે કે નહિ, જ્ઞાનાવરણીય કાંઈ કરતું નથી એમ નથી. કરે છે.

**શ્રોતા** :- ગોમ્મટસારમાં કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ગોમ્મટસારમાં કહ્યુંને. કઈ અપેક્ષાથી? નિમિત્તથી કહ્યું. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે એ તો વ્યવહારથી કથન છે. પરદ્રવ્ય પરદ્રવ્યની પરિણતિ કરે? પરદ્રવ્ય પરની પરિણતિ કરે? વિકારની? તો બે એક થઈ જાય. આ શું કહે છે? અહીંયાં આપણે ૫૩માં અને ૫૪માં તો એ જ ચાલ્યું.

**શ્રોતા** :- આચાર્ય વચ્ચે મતભેદ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મતભેદ બિલકુલ નથી. એ ગોમ્મટસાર કહેનાર નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી કે અમૃતચંદ્રાચાર્ય બધાના કથનની એક શૈલી છે. એ તો કોઈ વ્યવહારથી કહે છે, કોઈ નિશ્ચયથી કહે છે, એટલી શૈલી છે; પણ વ્યવહારથી કહે છે માટે એમ થાય છે એમ એ માનતા નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો એમ કહ્યું, જ્ઞાનાવરણીય જ્ઞાનની હાનિ કરે છે. સમજાણું? જ્ઞાનની હાનિ કરે છે. જ્ઞાનાવરણીય જ્ઞાનની હાનિ કરે છે. તો જ્ઞાનાવરણીય પરદ્રવ્ય છે અને હાનિ પોતાની પર્યાયમાં અને પોતામાં છે. પોતાની પર્યાયમાં પરથી હાનિ થાય છે તો.. એ કહે છે જુઓ, આપણે અહીંયાં ચાલે છે. '**બે દ્રવ્યો એક થઈને પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય.**' વિકારી પર્યાયનું સત્ત્વ પોતાથી છે એ સિદ્ધ ન થાય તો એક સમયની પર્યાયનો લોપ થાય છે તો દ્રવ્ય પણ સિદ્ધ નથી થતું. શું કહ્યું સમજાણું? એક સમયની પર્યાય વિકારી. ચાહે તો મિથ્યાત્વની પર્યાય હોય, ચાહે તો રાગ-દ્વેષની હોય કે વિષયવાસના હોય, પણ એ જો કર્મથી થાય તો એની પર્યાયની સત્તા પરથી થઈ. પોતાના અસ્તિત્વની પર્યાયનો તો લોપ થયો. પર્યાયનો લોપ થશે તો દ્રવ્ય સિદ્ધ નહિ થાય. આહા..હા..! કેમકે ત્રિકાળી પર્યાયનો પિંડ એ ગુણ છે અને અનંત ગુણનો પિંડ એ દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શિખરજી! માર્ગ એવો છે, ભગવાન! અરે..! પ્રભુએ એટલું સ્પષ્ટ કર્યું છે.

અહીંયાં તો કહે છે કે આત્માની પર્યાય ભિન્ન, જ્ઞાનાવરણીય કર્મ ભિન્ન. એ ભિન્ન પરની પર્યાય કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ટેપ રેકોર્ડિંગ છે એના શબ્દો છે. એ જ બધું રતનચંદજી મુખત્યાર. રતનચંદજી છેને મુખત્યાર? એ કહે છે. કર્મથી થાય.. કર્મથી થાય. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- રતનચંદજી તો જ્યાં પહેલાં ઊભા હતા ત્યાં જ ઊભા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાત સાચી. આહા..! એને બેઠી હોય. એને અભિપ્રાયમાં બેસે એ વિના શું કરે? જે બેસે એમ કહેને. 'જામે જિતની બુદ્ધિ હૈ ઈતનો દિયે બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાં સે લાય?' સમજાણું કાંઈ? એ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન હોવો જોઈએ. ગમે તે હોય. આત્મા છે. '**सत्त्वेषु मैत्री**' દરેક જીવ પ્રત્યેનો પ્રેમ મૈત્રી હોય છે. સમજાણું કાંઈ? કોઈ પ્રત્યેનો દ્વેષ ન હોય, વેર ન હોય. ભગવાન આત્મા છે. એક સમયની ભૂલ છે તો એ સમયની ભૂલ એ ટાળશે. સમજાણું કાંઈ? આ તો અભિપ્રાયમાં શું ફેર છે એ બતાવવું છે, બસ. એ વ્યક્તિ માટે વાત નથી. આહા..હા..! કહો, પંડિતજી! બેંગલોર. સમજાય છે? એની કન્નડી ભાષા છે.

કર્મ અને જ્ઞાનની પરિણતિની હિણતા એ કર્મે કરી એમ જો થાય તો પોતાની સત્તાનો અંશ પરથી થયું અને પોતાથી પર્યાય થઈ નહિ, તો એ સત્તાના અંશનો નાશ થયો; તો એક પર્યાયના અંશનો નાશ થયો તો ત્રિકાળી પર્યાયનો પિંડ ગુણ છે એ ગુણ પણ સિદ્ધ ન થયો. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! ભગવાન! આ તો સીધો માર્ગ છે હોં! આ તો અમને તો અંદરથી આવ્યું હતું એ. અહીં તો ગુરુએ નહોતું કહ્યું અને કોઈએ નહોતું કહ્યું. આ તો ભગવાન પાસે સાંભળી હતી વાત, ભાઈ! શું કહીએ? સમજાણું કાંઈ? ભૂલ. ભૂલ થઈ ગઈ તો અહીં આવી ગયા. બાકી પછી તો... આહા..હા..! ત્રણલોકના નાથ દિવ્યધ્વનિ દ્વારા આમ કહેતા હતા એ વાત તો અમે સાક્ષાત્ સાંભળી છે એ ભવમાં. સમજાણું કાંઈ? આહા..! સંપ્રદાયમાં ગુરુએ પણ કાંઈ કહ્યું નહોતું. ભગવતીસૂત્ર અમે વાંચતા હતા. એમાં છેને, ૩૨-૪૫ સૂત્ર શ્વેતાંબરના. એનું મોટું સૂત્ર એ છે. ૧૬ હજાર શ્લોક છે, સવા લાખ શ્લોકની ટીકા છે સંસ્કૃત. તો હું ૭૧ની સાલ. ૬૧ વર્ષ થયા. હું વાંચતો હતો. એક દિવસ અપવાસ અને એક દિવસ એક ટંક ખાવું. તે પણ ચોવિહારા. ચોવિહાર સમજ્યા? પાણી નહિ. એક દિવસ પાણી વિનાનો આખો દિવસ અને બીજે દિવસે એક ટંક ખાવું. એવું ચાર મહિના કર્યું હતું. અમે શાસ્ત્ર વાંચતા હતા. એને ઉપધાન કહે છે. એવી તપસ્યા ઉપધાનમાં હોય અને એ ઉપધાન કાળમાં વાંચન કરવું. ચારેય માસ એક દિવસ ખાવું એક ટંક અને બીજો દિવસ આખો પાણી વિનાનો અપવાસ. ત્યારે અમે ભગવતી વાંચતા હતા. ગુરુએ તો આપ્યું નથી. ગુરુ તો સાધારણ બિચારા ભદ્રિક હતા, ભદ્રિક. આબરૂ મોટી હતી. ગુરુની આબરૂ મોટી હતી. હજારો માણસ બબ્બે હજાર, ત્રણ હજાર. આમ નજર ન કરે ઉંચે આમ વાંચે.

સ્ત્રીઓ ઉપર નજર નહિ, ઘણો કષાય મંદ હતો, પણ સંપ્રદાયની દૃષ્ટિ. સમજાણું કાંઈ?

જેણે જોયા છે એને ખબર છે. તમે જોયા નથી, નહિ પોપટભાઈ? ૭૪માં ગુજરી ગયા. ગીરધરભાઈએ જોયા નથી. ગીરધરભાઈના તો ગામમાં બાળ્યા છે. નીચે નહિ? પુલની નીચે. ૭૪. ચૈત્ર વદ ૯. ચૈત્ર વદ ૮મે ગુજરી ગયા. ચૈત્ર એટલે તમારી વૈશાખ વદ. ત્યાં પુલ છે પુલ નીચે બાળ્યા. હજારો માણસો, લાખોપતિઓ રોવે... રોવે... રોવે. એનો પ્રેમ ઘણો હતો. બહુ પ્રકૃતિ શાંત અને ભદ્રિક. દૃષ્ટિ મિથ્યાત્વ હતી. એ તો વસ્તુની ખબર જ નહોતી તો શું કરે. આહા..હા..! એનો દેહ છૂટી ગયો ત્યારે અમે ત્યાં નહોતા. પાંચ ગાવ દૂર હતા. ત્યાં માણસ આવ્યો. કહ્યું, ગુરુજી ગુજરી ગયા છે. તમારા આવ્યા પછી કાઢશે. શું કહેવાય? પાલખી. પાલખી કાઢેને? તમે આવ્યા પછી. હું પાંચ ગાવથી એકદમ આવ્યો. ત્યાં સુધી મડદું પડ્યું હતું. બીજે દિવસે ગુજરી ગયા. અને લાખોપતિ રાયચંદ ગાંધી જેવા જેને ૫૦-૫૦ હજારની પેદાશ એવા બધા રોવે... રોવે. અમે આવ્યા તો સામે ચંદનના લાકડા લઈને આવ્યા. ચંદનના લાકડાથી બાળેને. એક એક લાકડું લઈને સામે આવ્યા અને આંખમાંથી આંસુ જાય. આહા..હા..! મહારાજ પધારો. હવે મહારાજનો દેહ કાઢીએ. આહા..હા..!

અમે જ્યાં આમ અપાસરે ગયા અને બહાર પાલખી પડી હતી, પાલખી. મહારાજનો દેહ પડ્યો હતો. અમે ગયા અને ઉપાડ્યો પછી. ત્યાં સુધી વાટ જોઈ. અને એ ઉપાડીને જ્યાં પાલખીમાં મૂક્યા... ૭૪ ચૈત્ર વદ ૯ની વાત છે. તમારા વૈશાખ વદ ૯. ચૈત્ર વદ ૯ હતી. એ દિવસે એને પાલખીમાં બેસાડ્યા. અને પાલખીમાં મૂકીને ઉપાડ્યા જ્યાં, સાધુ રોવે, આર્જિકા રોવે. આર્જિકા સમજ્યા? અર્જિકા હોયને? સાધ્વી રોવે, ગૃહસ્થો રોવે, ગૃહસ્થી બાયું રોવે પોકાર... પોકાર... પોકાર.. અમારો હીરો આજે જાય છે. એવી પ્રતીતિ. વસ્તુની ખબર નહિ. દૃષ્ટિ ગૃહિતમિથ્યાત્વ. સમજાણું કાંઈ? આહા..હા..! એ વખતે પણ અમે તો આ કહેતા હતા. સંપ્રદાયમાં પણ કહેતા હતા કે પ્રભુ! કર્મથી વિકાર બિલકુલ નથી થતો. વિકાર પોતાથી થાય છે અને વિકાર પોતાના પુરુષાર્થથી ટળે છે. કર્મ ટળે તો ટળે એમ છે નહિ.

**શ્રોતા :-** ગુરુ ભદ્ર હતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુરુ બોલતા નહિ. રોવે.. પ્રીતિ ઘણીને. ભદ્રિક હતા અને પ્રેમ ઘણો હતો. એની ક્રિયા નિર્દોષ આહાર લેવાની બહુ સખત ક્રિયા. એને માટે પાણીનું બિંદુ બનાવે તો લે નહિ.

**શ્રોતા :-** સંપ્રદાયનો મોહ ઘણો હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની ક્રિયા બહુ સારી. અમે તો ચાર વર્ષ અને છ વર્ષ સાથે રહ્યા. એક વાર ત્રણ મહિના દુકાન છોડીને સાથે રહ્યા હતા. પાળિયાદમાં અને દામનગરમાં.

અહીં તો એ કહેવું છે કે દુનિયાનો એટલો પ્રેમ એવા ગુરુ હતા છતાં દૃષ્ટિ તો વિપરીત

હતી. ગૃહીત મિથ્યાત્વ હતું. આહા..હા..! જ્યાં ઉપાડ્યા ત્યાં લોકો રોવે... રોવે.. રુદન કરે... અર્જિકા રુદન કરે, સાધુ રુદન કરે. અરે..રે..! અમારો હીરો આજે જાય છે. પણ દૃષ્ટિ મિથ્યાત્વ. અમે આ કહ્યું હતું એ સાંભળતા હતા, પણ જવાબ નહોતા દેતા. અમે કહેતા હતા એ બેઠા હોય ત્યારે. કર્મથી વિકાર બિલકુલ થતો નથી. કર્મ વિકારને કરાવતો નથી. વિકાર પોતાથી સ્વતંત્રપણે થાય છે, પર્યાયની સત્તાથી. એ પર્યાયની સ્વયંસત્તા જ વિકાર કરવાલાયક છે. આહા..હા..!

**શ્રોતા :-** સમયસાર મળી ગયું હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. .. સમયસાર તો ૭૮માં મળ્યું. આ તો ૭૧ની સાલ, સાત વર્ષ પહેલાં, પણ અંદરમાં હતીને. આહા..હા..! એ તો સંપ્રદાયમાં કહેતા હતા હજારો માણસોમાં. ત્રણ-ત્રણ હજાર માણસોની વચ્ચે સંપ્રદાયમાં વ્યાખ્યાન કરતાં તો આ કહેતા હતા. વિકાર પોતાથી છે, પરથી નહિ. કર્મથી વિકાર થાય એમ હોય તો બે દ્રવ્યની ક્રિયા એક થઈ જાય છે. પણ એ વિચાર કર્યો જ નથી, શુક્લચંદજી! જન્મે .. કે અમે દિગંબર છીએ, પેલા કહે અમે શ્વેતાંબર છીએ. થઈ ગયું બસ. આહા..હા..!

શું કહ્યું? જુઓ, '**બે દ્રવ્યો એક થઈને પરિણમે...**' આહા..હા..! બે વખત આવી ગયું હોં. પહેલાં પણ આવી ગયું છે. '**જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય-એ મોટો દોષ ઊપજે.**' છે ભાઈ? ભાવાર્થ. જડ અને ચૈતન્ય. જડ કર્મ અને ચૈતન્યની અશુદ્ધ પરિણતિ એ ચૈતન્ય, બેની '**એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય, એ મોટો દોષ ઊપજે.**' આહા..હા..! આ સમયસાર તો હતું એ વખતે. નવું બન્યું છે? આહા..હા..!

અહીં પણ એ આવ્યું. '**જો બે દ્રવ્યો એક થઈને પરિણમે...**' આત્મા અશુદ્ધ પરિણમન કરે અને કર્મ પણ અશુદ્ધ પરિણામ કરાવે, એમ જો હોય '**તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય.**' આહા..હા..! કેમકે પરથી પરિણમે તો પોતાથી પરિણમે એનો તો નાશ થયો. એ પર્યાયની સત્તા સ્વતઃ વિકાર થવાની લાયકાતથી એ પણ ઉત્પાદનું સત્ છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્. તો મિથ્યાત્વનો ઉત્પાદ એ પણ સત્ છે. સમજાણું કાંઈ? તો મિથ્યાત્વનો ઉત્પાદ પોતાથી ન થાય અને દર્શનમોહનીયથી હોય તો ઉત્પાદ જ પોતે ઉત્પાદનો કાળ એ તો કર્મે કર્યો. પોતાની પર્યાયની સ્વતંત્રતાનો નાશ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આ ચીજ બહુ સમજવા જેવી છે. રતનચંદજી ને બધા એમ જ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જો બે દ્રવ્યો એક થઈને...**' ભિન્ન રહીને પરિણમે એ તો પોતપોતાની પર્યાયથી પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય.**'

'**ફરી આ અર્થને દૃઢ કરે છે :—**' ૫૪.

नैकस्य हि कर्तारो द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।।५४।।

'શ્લોકાર્થ :- **'एकस्य ही द्वौ कर्तारौ न स्तः' એક દ્રવ્યના બે કર્તા ન હોય,...'** દ્રવ્ય શબ્દે પરિણતિ. દ્રવ્યના કર્તાનો અહીં પ્રશ્ન નથી. **'એક દ્રવ્યના બે કર્તા ન હોય,...'** એનો અર્થ? એક દ્રવ્યની પરિણતિના બે કર્તા નથી. સમજાણું કાંઈ? શબ્દ તો એમ કહે ટૂંકું કહેવું હોય તો. આહા..હા..! એ પરિણતિ પણ દ્રવ્યની છે એ. એ દ્રવ્યની પરિણતિ છેને? વસ્તુ પણ વસ્તુ છેને વિકાર પણ, અવસ્તુ નહિ. દ્રવ્યની વિકારી પર્યાય પણ વસ્તુ છે પર્યાય તરીકે. આહા..હા..!

કહે છે કે **'એક દ્રવ્યના બે કર્તા ન હોય,...'** ભગવાન આત્માની અશુદ્ધ પરિણતિ આત્મા પણ કરે અને કર્મ પણ કરે એમ હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અર્થાત્ ભગવાન આત્મા રાગ પણ કરે અને કર્મની અવસ્થા બંધનની પર્યાયને પણ કરે અર્થાત્ જીવ રાગ પણ કરે અને બોલવાની ભાષાની પર્યાય પણ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? એક દ્રવ્યની પરિણતિના બે કર્તા નથી હોતા. એમ લેવું. દ્રવ્યનો અર્થ અહીંયા પરિણતિ લેવો. **'વળી એક દ્રવ્યનાં બે કર્મ ન હોય...'** કર્મનો ઉદય એનું કર્મ છે અને એ ઉદય આત્માનું વિકારી કર્મ કરે એમ બનતું નથી. આહા..હા..! બે દ્રવ્યના બે કર્મ નથી હોતા. બે પરિણતિના બે કર્મ નથી. આહા..હા..! કેટલી સ્પષ્ટતા મૂકી છે! સમજાણું કાંઈ? પોતાના આત્માના વિકારી પરિણામ પણ કર્મ અને આત્મા જડ પર્યાય બાંધે એનું પણ એ કર્મ, એમ બનતું નથી; અને કર્મની પર્યાય થઈ એ પુદ્‌ગલનું કર્મ અને એ કર્મ આત્માની પરિણતિનું કર્મ કરે અશુદ્ધતાનું એમ છે નહિ. આહા..હા..!

બહુ અત્યારે સાધુમાં પણ.. સાધુ પણ અત્યારે એમ કહે છે. ઓલા છેને એક શ્રુતસાગર. શ્રુતસાગર નથી? ધર્મવિજય. ધર્મવિજય સાથે હતાને. શાંતિસાગર ને પછી વીરસાગરને પછી શિવસાગર. એમને? કે અત્યારે વીરસાગર છે? એ નહિ. શ્રુતસાગર તો એના પેટામાં છે. એની પરંપરામાં પહેલા શાંતિસાગર, પછી શિવસાગર અને પછી વીરસાગર એમ કહે છે કે વીરસાગર ને શિવસાગર એમ છે. પછી ધર્મસાગર. અત્યારે ધર્મસાગર. ખબર છેને. એ ધર્મસાગરમાં શ્રુતસાગર હતા, પણ પછી પદવી ન મળી તો જુદાં પડી ગયા. વિશેષ અભ્યાસ શ્રુતસાગરને છે. ખબર છેને. ધર્મસાગરને બહુ અભ્યાસ નથી, જેટલો આ શ્રુતસાગરને અભ્યાસ છે. એને પદવી ન મળી તો જુદાં પડી ગયા. એ અત્યારે લખે છે, વિકાર પરથી થાય છે, પોતાથી નહિ. પરથી વિકાર ન માને તો એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. શું કરે એને મળ્યું નથી બિચારાને. અરે..! ભગવાનનો માર્ગ પ્રભુનો. આહા..હા..! 'પ્રભુનો માર્ગ છે શુરાનો કાયરના નહિ કામ ત્યાં.' આવે છેને તમારે. નહિ? 'હરિનો માર્ગ છે શુરાનો...' અન્યમતમાં કહે છે. 'કાયરના નહિ કામ જો ને.. પહેલું મસ્તક મૂકી પછી લેવા નામ જો ને.' એમ અહીં કહે

છે, 'વીરાનો માર્ગ છે વીરાનો.' વીરનો માર્ગ વીરાનો છે. આહા..હા..! વીર પરમાત્માનો માર્ગ વીરાનો છે, કાયરનું નહિ કામ. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીમદ્દમાં કહે છેને ઈ. 'વચનામૃત વીતરાગના અને પરમ શાંતરસ મૂળ...' એ તો ગુજરાતી સમજાય છે?

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકુળ.
ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં.

એ કાયરના કામ નહિ, નાથ! વિકાર પર કરાવે, અમારા પુરુષાર્થથી નહિ. સમજાણું કાંઈ? એ અજ્ઞાની છે. આહા..હા..! ઈ કહે છે જુઓ,

**'એક દ્રવ્યના બે કર્મ ન હોય...'** કાર્ય કાર્ય. કર્મ નામ કાર્ય. કર્મ પર્યાયનું કાર્ય કરે અને કર્મ પોતાના વિકારનું કાર્ય કરે. એય ધરમચંદજી! ક્યાં કોઈ દી વિચાર્યું હતું? જય નારાયણ. સંપ્રદાયમાં જન્મ્યા. જય જય નારાયણ કરીને બસ.

**શ્રોતા :-** શું કરીએ પણ પંડિતો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો અમારે પોપટભાઈ કહે છેને કે પંડિત કહેતા હતા એ માન્યું. અમારે શેઠ કહે છે. પંડિત કહેતા. આહા..હા..! આ તો પંડિતોના માર્ગ નથી, બાપા! આ તો અંતર યથાર્થ દૃષ્ટિ કરવાનો માર્ગ છે. એ પંડિતાઈનો નથી. એની સાથે સંબંધ નથી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જ પંડિત છે એમ શાસ્ત્રમાં લીધું છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં.

એ કહે છે કે **'એક દ્રવ્યનાં બે કર્મ ન હોય...'** કર્મ શબ્દે સમજ્યા? એક દ્રવ્યના બે કાર્ય નથી. કર્મ પોતાની પર્યાયનું કાર્ય કરે અને કર્મ વિકારનું કાર્ય કરે એમ બનતું નથી. આહા..હા..! અને વિકારી પર્યાયનું કાર્ય આત્મા કરે અને વિકારી પર્યાય વળી જડની પર્યાય બાંધે—બંધન કરે એમ બે કર્મ હોતા નથી. આહા..હા..! **'અને એક દ્રવ્યની બે ક્રિયા ન હોય;...'** લ્યો! એક દ્રવ્યની પલટવાની ક્રિયા બે નથી હોતી. પૂર્વની પર્યાય પલટીને આત્મા વિકારરૂપ થાય અને કર્મને પલટાવીને કર્મની પર્યાય પણ કરે એમ બનતું નથી. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! **'કારણ કે એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.'** પોતાની પર્યાય છે એ પરદ્રવ્યરૂપ નથી થતી અને પરદ્રવ્યની પર્યાય પોતાની પર્યાયરૂપ નથી થતી. આહા..હા..! એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપનો અર્થ આ હોં. પરિણતિ. દ્રવ્ય તો ક્યાં થાય છે? પણ એક દ્રવ્યની પરિણતિ.. આહાહા..! અનેક દ્રવ્યરૂપ થતી નથી. અનેક દ્રવ્યની પરિણતિ નથી કરતું. આહા..હા..! આવો માર્ગ. મૂળ અહીંથી વાંધા ઉઠ્યા છે. કર્મથી થાય. અને એ શીખ્યા, પંડિતો એ શીખ્યા. સાધુ એ શીખ્યા. મળ્યું જ એ છે પછી શું કરે?

અહીં હતા એ, નહિ? ઓલા બ્રહ્મચારી નહિ, કેવા કહેવાય? ઈંદોરના નહોતા આવ્યા આપણે? દેવકીનંદન અહીં હતાને? પરશુરામ. પરશુરામ બ્રહ્મચારી નહિ પરશુરામ? સાત પડિમાવાળા બ્રહ્મચારી છે. એ બધા અહીંયાં આવ્યા હતાને. અમારી આ વાત સાંભળીને

એમ કહ્યું દેવકીનંદનને, મહારાજ! આ પંડિતોએ અમને આમ શીખવ્યું. દેવકીનંદન હતા. તો દેવકીનંદન કહે, આમ કહો છો? અમારો ઉપકાર નથી માનતા? એવું અહીં થયું હતું. આ પંડિતોએ કહ્યું એમ અમે માન્યું. ઈ નારાજ થઈ ગયા દેવકીનંદન. આમ દેવકીનંદન સરળ છે. અમારી વાત બરાબર માનતા હતા. બરાબર વાત છે તમારી. આહા..હા..! અને ક્રમસર પર્યાય થાય છે. ક્રમનિયમિત એવો શબ્દ છેને સર્વવિશુદ્ધમાં? દરેક દ્રવ્યની પર્યાય ક્રમનિયમિત- એક પછી એક, એક પછી એક નિયમથી થવાવાળી થાય છે, પરથી નહિ. આહા..હા..! વિકાર પણ કર્મથી પોતામાં થવાનો તે પોતાથી થાય છે. અને નિર્વિકારી પર્યાય પણ ક્રમસર પોતાથી થવાની હોય તે થાય છે. આહા..હા..! ક્રમનિયમિત એવો શબ્દ પડ્યો છે. એ પણ લોકોને રુચતું નથી. પંડિત લોકોની અહીં વિદ્વત પરિષદ ભરાણી હતીને. (સંવત) ૨૦૦૩ની સાલમાં. વિદ્વત પરિષદ. એ ચર્ચા થઈ હતી. ત્યારે એ વખતે જગમોહનલાલજી નહોતા માન્યા ક્રમબદ્ધનું અને આ લાલબહાદુરે માની હતી તે વખતે, વાત બરાબર છે. એ લાલબહાદુર ફરી ગયા હવે અત્યારે અને જગમોહનલાલજી માને છે પણ બધા ગોટા. આહા..હા..!

અહીં એ કહે છે, '**એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.**' શું કહે છે? એક દ્રવ્યની પરિણતિ બીજા દ્રવ્યની પરિણતિરૂપ નથી થતી. બીજા દ્રવ્યની પરિણતિ પોતાના દ્રવ્યની પરિણતિરૂપ નથી થતી. આહા..હા..! આટલું તો સ્પષ્ટ છે. પણ ઓલા જ્ઞાનાવરણીયનું કહે છેને, ભાઈ શિખરચંદજીએ કહ્યુંને, ગોમ્મટસારમાં છે. સાચી વાત. પણ એ કઈ નયથી કથન છે એ જાણવું જોઈએને. સમજાણું કાંઈ? સ્વામી કાર્તિકાયેનુપ્રેક્ષામાં લખ્યું છે લ્યો કે પુદ્‌ગલની અચિંત્ય શક્તિ કર્મની કે જે કેવળજ્ઞાનને રોકે છે. એવો પાઠ છે.

**શ્રોતા :—** બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એ તો પુદ્‌ગલમાં ઉત્કૃષ્ટ પરિણતિનું પરિણમન કેવું હોય છે કે જે કેવળજ્ઞાનની પરિણતિ હિન છે, કેવળજ્ઞાન નથી એને એ પર્યાય નિમિત્ત છે- કેવળજ્ઞાનાવરણીય પર્યાય નિમિત્ત છે. પુદ્‌ગલની આ છેલ્લામાં છેલ્લી ઉત્કૃષ્ટ પર્યાય કેવળજ્ઞાનાવરણીયમાં છે. કેવળજ્ઞાનાવરણીય એ પર્યાય એવી છે કે અહીંયા કેવળજ્ઞાનને નિમિત્તપણે ત્યાં રોકે છે. એ તો પુદ્‌ગલની ઉત્કૃષ્ટ શક્તિનું પરિણમન પુદ્‌ગલનું કેવું છે એ બતાવવું છે. સમજાણું કાંઈ? શું કહ્યું એ? એ ચર્ચા થઈ હતી એ વખતે. શેઠ આવ્યા હતા, હુકમીચંદજી અને આ બધા હતા, નાથુલાલ અને કેવા? જીવંધર. જીવંધર પંડિત બધા હતા અહીંયાં. એ વાત ચાલી હતી તે વખતે.

પોતાની પર્યાયમાં વિકાર જે થાય છે... એ કહે કે નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે. સમજાણું કાંઈ? દીવાનો પ્રકાશ છે એ પ્રકાશે છે. ટોપી રાખી દેવાથી જુઓ, ઢંકાઈ ગયો. એવો પ્રશ્ન કરતાં હતા. જીવંધર. આહા..હા..! પણ એ પ્રકાશ એણે રોક્યો છે કે પોતાની રોકાવાની .. બહાર નહિ નીકળવાની શક્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોટી ગડબડ

ભારે. ટકા લ્યો ટકા લ્યો કહે. ૫૦ ટકા આત્માનો અપરાધ અને ૫૦ ટકા કર્મનો, એમ સો ટકા લ્યો. સમજાણું કાંઈ? ૫૦ ટકા વિકાર પુરુષાર્થથી જીવ કરે છે અને ૫૦ ટકા કર્મ વિકાર કરાવે છે. કીધું, સોએ સો ટકા આત્મા વિકારનો કર્તા છે અને નિમિત્ત એકેય ટકા કર્તા નથી.

એ તો અમારે સંપ્રદાયમાં ચર્ચા ચાલી હતી. દામોદર શેઠ પણ પ્રકૃતિના બહુ વિરૂદ્ધ હતા. આમ બુદ્ધિવાળો લૌકિક અને પૈસાવાળા મોટા. એ પણ કહેતા હતા કે મહારાજ! બહુ તમે કહો છો તો આમ લ્યો કે કર્મના ૫૦ ટકા અને આત્માના પુરુષાર્થના ૫૦ ટકા. ટકા સમજો છો? પ્રતિશત. એ તો ૭૬ની સાલથી કહેતા હતા. એકદમ વિકાર વિકારથી થાય અને કર્મથી નહિ, એમ નહિ. ૫૦ ટકા કર્મના રાખો, ૫૦ ટકા પોતાના પુરુષાર્થના. એ વાત અહીંયાં ભાઈએ કહી જીવંધરે. ઈંદોરના છેને ઈંદોરના. ૫૦ ટકા નિમિત્તના અને ૫૦ ટકા નૈમિત્તિકના—ઉપાદાનના. અમરચંદભાઈ! કેટલા ટકા આવે એના?

**શ્રોતા :-** નિમિત્તના નિમિત્તમાં સોએ સો ટકા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત નિમિત્તમાં સો ટકા છે. અહીંયાં આત્મા આત્મામાં સો ટકા છે. એકબીજામાં અભાવ છે એમાં સો ટકા આના અને સો ટકા આનો ભાવ ક્યાંથી લાવવો? અભાવ છે. કર્મની વિકારી પર્યાયમાં કર્મના ઉદયનો અભાવ છે. છેને? શું કહ્યું? વિકારી પર્યાય જીવ કરે એમાં કર્મનો ઉદય છે એ તો જડ છે, એનો તો અભાવ છે. અને કર્મનો ઉદય છે એમાં વિકારી પરિણામનો અભાવ છે. આહા..હા..! એકબીજાનો અભાવ હોય ત્યારે ભિન્ન રહી શકેને! ઓહો..હો..! આચાર્યોએ ગજબ કામ કર્યા છે! અમૃતચંદ્રાચાર્યના કળશ જુઓ, લોકો પોતાની દૃષ્ટિનો આગ્રહ છોડીને જો વાંચે, પોતાની દૃષ્ટિને શાસ્ત્ર સાથે મેળવી દે છે, પણ શાસ્ત્ર શું કહે છે એ તરફ પોતાની દૃષ્ટિ નથી કરતાં. પોતાની દૃષ્ટિ પ્રમાણે શાસ્ત્રના અર્થ કરે છે. જુઓ, આમાં આવ્યું. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે છે. આહા..હા..! કર્મજનિત વિકાર છે એમ આવ્યું છે ઠેકઠેકાણે. પણ એનો અર્થ શું? એ વિભાવ પોતાના સ્વભાવથી નથી થતો તો નિમિત્તને આધીન થઈને થાય છે ત્યારે કર્મજનિત કહેવામાં આવ્યું. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.'** કર્મ છે એ વિકારી પરિણામરૂપ નથી થતા અને વિકારી પરિણામ કર્મની પર્યાય બાંધે એ રૂપ નથી થતાં. આહા..હા..!

**'ભાવાર્થ :- આ પ્રમાણે ઉપરના શ્લોકોમાં નિશ્ચયનયથી...'** વ્યવહારનયથી કથન છે તેથી અહીંયા નિશ્ચયનયથી કહ્યું. વ્યવહારનયથી આવ્યુંને કે જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે છે. એ તો વ્યવહારનયનું કથન છે. નિશ્ચયનયથી આ છે. આહા..હા..! અહીં તો નિશ્ચયથી કહ્યુંને, ત્યારે વ્યવહાર બાકી રહી ગયોને? તો વ્યવહારથી કથન આવે છે, પણ એમ છે નહિ. વ્યવહારનય કહે છે એમ છે નહિ. નિમિત્તનું જ્ઞાન કરાવવા એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! હવે

આ નવરાશ ક્યાં માણસને. ફૂરસદ ક્યાં? અભિનંદજી! નિર્ણય કરવાની ફૂરસદ નથી. આહા..! ભગવાન! કરવાનું તો આ છે. આવો મનુષ્યદેહ ચાલ્યો જાશે. ક્યાંય ચોર્યાસીમાં ગોથા ખાશે ક્યાંય ભાઈ! જો યથાર્થ નિર્ણય અનુભવ ન કર્યો... એ આગળ આવશે આમાં. એકવાર પણ ભૂતાર્થદૃષ્ટિથી આત્માનો અનુભવ ન કર્યો તો શું કર્યું? એકવાર પણ ભૂતાર્થદૃષ્ટિથી મિથ્યાત્વનો નાશ કર્યો તો ફરીને મિથ્યાત્વ નહિ થાય. આહા..હા..! એવી ભ્રમણા 'મારી પર્યાય પર કરે અને પરની પર્યાય હું કરું' એ ભ્રમણા તારી છે. આહા..હા..!

'**શુદ્ધદ્રવ્યાર્થિકનયથી...**' એટલે એમ કેમ કહ્યું? કે નિશ્ચયનયથી આ કહ્યું, ત્યારે વ્યવહારનયથી કથન છે બીજું. સમજાણું કાંઈ? નિશ્ચયનયથી કહ્યું એ સત્યાર્થ એમ છે એવો નિર્ણય કરવો, પણ વ્યવહારનયથી કહ્યું હોય તે એમ નથી, નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. આહા..હા..!

**શ્રોતા** :- વ્યવહારવાળાને માટે ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહાર નિશ્ચય નથી. વ્યવહારથી બોલવાની વાત છે. વ્યવહારવાળાને બીજું શું છે? બોલવાની ચીજ કથન-શૈલી એવી છે. જ્ઞાનાવરણીયથી થયું.

**શ્રોતા** :- બે શૈલી છે ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કથન, કથનશૈલી બે છે. વસ્તુ શૈલી તો એક જ છે.

**શ્રોતા** :- સમાજ બે પ્રકારના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમાજ બે પ્રકારના નથી. વ્યવહારને માનવાવાળા હોય. એ તો અજ્ઞાની છે. એ ક્યાં સમાજ... એકલા વ્યવહારવાદી માનનારા મિથ્યાદૃષ્ટિ છે. કહ્યું નહિ? સાંભળ્યું નહિ સાતમા અધ્યાયમાં. વ્યવહારનય એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં અને એક ભાવનું બીજા ભાવમાં, એક કારણનું બીજા કારણકાર્યમાં ભેળવે છે એવી શ્રદ્ધાથી મિથ્યાત્વ થાય છે. આવ્યું?

**શ્રોતા** :- એ મિથ્યાદૃષ્ટિ છે એમ નથી કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કહ્યુંને.

'સાચું નિરૂપણ એ નિશ્ચય અને ઉપચાર નિરૂપણ એ વ્યવહાર. માટે નિરૂપણની અપેક્ષાએ મોક્ષમાર્ગ વ્યવહારથી કહેવામાં આવે છે, પણ એમ છે નહિ.' મોક્ષમાર્ગ બે માનવા મિથ્યા છે. મિથ્યા છે એમ કહ્યું. બન્નેને ઉપાદેય માનવું મિથ્યાત્વ છે. નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો વિરુદ્ધ છે. પર તો વિરુદ્ધતાસહિત છે. વ્યવહાર અભૂતાર્થ છે. સત્‌સ્વરૂપનું નિરૂપણ નથી કરતો. કોઈ અપેક્ષાએ અન્યથા નિરૂપણ કરે છે. નિશ્ચય શુદ્ધનય છે, ભૂતાર્થ છે. જેવી વસ્તુની સ્થિતિ છે તેવું કથન છે. એ પ્રમાણે બંને સ્વરૂપમાં વિરુદ્ધતાસહિત છે. વિરુદ્ધ છે. વ્યવહારથી કથન કરે છે, એવી વસ્તુ નથી. આહા..હા..! મિથ્યા માન્યતા છે એ માને છે ઈ.

આવ્યુંને પહેલા? સૂતો-સૂતો. વ્યવહારમાં સૂતો છે એ. 'વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને

અને તેના ભાવને અને કારણકાર્ય કોઈના કોઈમાં ભેળવીને નિરૂપણ કરે છે. માટે એવા શ્રદ્ધાનથી.. એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે. આ તો બપોરે આવી ગયું છે. આ તો ૮૨ની સાલથી છે. ૫૦ વર્ષથી આ જોઈએ છીએ. ટોડરમલ. આહા..હા..! ટોડરમલને તો આચાર્યકલ્પ કહે છે ને લોકો? આચાર્યકલ્પ. શાસ્ત્રનું રહસ્ય ખોલીને ઘણું સ્પષ્ટ કર્યું છે.

'**શુદ્ધદ્રવ્યાર્થિકનયથી વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો.**' આ તો વસ્તુની સ્થિતિનો નિયમ કહ્યો. એનાથી વિરુદ્ધ એ અનિયમ છે. કહે છેને કે વ્યવહારથી નિશ્ચય થતો નથી, પણ કોઈને વ્યવહારથી નિશ્ચય થાય છે. (એમાં) નિયમ તો રહ્યો નહિ. સમજાણું કાંઈ? હમણા આવ્યું છે, જગનમોહનલાલજીમાં આવ્યું છે. વ્યવહારથી બધાને થાય એમ નથી, પણ કોઈને વ્યવહારથી થાય છે. નિયમ તો ન રહ્યો. નિયમ વિનાની વસ્તુ ખોટી થઈ. સમજાણું કાંઈ? કોઈને પણ વ્યવહારથી થતું નથી. જેને થાય છે એને સ્વ-આશ્રય નિશ્ચયથી થાય છે. એક સિદ્ધાંત છે ત્રિકાળ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ૫૫ શ્લોક.

आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-
दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररूपं तमः।
तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्
तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः।।५५।।

'**શ્લોકાર્થ :- આ જગતમાં મોહી (અજ્ઞાની) જીવોનો 'પરદ્રવ્યને હું કરું છું' એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અંહાકારરૂપ...**' આહા..હા..! મેં દેશની સેવા કરી, પરની દયા પાળી, પરને માર્યો. આહા..હા..!

**શ્રોતા :-** પરને બચાવ્યો એ તો કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બચાવે એ ખોટું છે. બચાવે કોણ? એ મિથ્યાત્વનો અહંકાર છે. આહા..હા..! એ કહ્યું. જુઓ, '**આ જગતમાં મોહી (અજ્ઞાની) જીવોને...**' '**परं अहम् कुर्वे**' '**પરદ્રવ્યને હું કરું છું...**' આહા..હા..! દ્રવ્યનો અર્થ અહીં પર્યાય લેવો છેને. પરદ્રવ્યની પર્યાય, ઘડાની પર્યાય કુંભાર કહે કે મારાથી થઈ, સ્ત્રી કહે કે રોટલી મારાથી થઈ છે, દાળ-ભાત પાકે છે તો મારાથી પાક્યા છે, નામું લખે છે તો હું યથાર્થ સમજ્યો છું માટે બરાબર નામું લખાય છ—એ બધા પરદ્રવ્યના અહંકારી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! હું ઘણો હુશિયાર છું માટે દુનિયાને કલાક-બે કલાક એકધારું સમજાવી શકું છું. અરે ભગવાન! એ ભાષા તો જડ છે. સમજાણું કાંઈ? એવો અહંકાર એ પરદ્રવ્યનો અહંકાર છે. પ્રભુ! એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! આવો માર્ગ! 'હું ભાષા કરું છું, લોકોને સમજાવું છું' એવું અભિમાન એ મિથ્યાત્વ છે. આહા..હા..! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ.' સીમંધર સભામાં આવો માર્ગ સીમંધર ભગવાને કહ્યો છે. આહા..હા..! એવો કુંદકુંદાચાર્ય લઈને આવ્યા. સમજાણું કાંઈ? '**(અજ્ઞાની) જીવોનો 'પરદ્રવ્યને હું કરું છું'...**' પરદ્રવ્ય શબ્દે, પરદ્રવ્ય શબ્દે? પરદ્રવ્યની

પર્યાય. દ્રવ્યને કોણ કરે? ભાષા તો એમ છે. પરદ્રવ્યને હું કરું છું એ ખોટું છે, પણ પરપરિણતિને હું કરું છું. એ તો ભાષા તો ભાષા એ જ આવેને. આહા..હા...!

**'धावति परं कुर्वेऽहमिति'** એમ. પરની પરિણતિ હું કરું છું, શરીરની, વાણીની, કર્મબંધનની, આહા..હા..! એ મિથ્યાદૃષ્ટિ અહંકારી અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'જીવોનો 'પરદ્રવ્યને હું કરું છું'...'** પરની દયા હું પાળી શકું છું, પરને હું જીવાડી શકું છું, પરને હું સુખી કરી શકું છું, પરને હું દુઃખી કરી શકું છું, આહા..હા..! પરને હું સમજાવી શકું છું. અરે પ્રભુ! પરને કોણ (સમજાવે)? આહા..હા..! આવી વાત છે, પ્રભુ! ભાષા જડ, જડને કારણે ભાષા થાય છે, પ્રભુ! આહા..હા..! લકવો થાય છેને? જીભ-જીભ, તો એ જડને કારણે થાય. આમ થાય.. આમ થાય.. એ આત્માથી નથી થતી. આહા..હા..! ઉપદેશમાં કાયાનો અવયવ ગણ્યો છે એને ભાષાને. ભાઈ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ભાઈ! ભાષાવર્ગણા. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. બોધપાહુડમાં 'શબ્દનો વિકાર છે' લીધું એ જુદી વાત. ભાષા છે એ શબ્દનો વિકાર છે, એ નહિ. આ તો મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

**શ્રોતા :-** ગુજરાતીમાં તો ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુજરાતી. એનું હિન્દી છે, હિન્દીમાંથી ગુજરાતી બનાવ્યું. આહા..હા..! પરની પર્યાય હું કરું છું.. આહા..હા..!

**શ્રોતા :-** શબ્દોને હું કરું છું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું હું કરું.. હું કરું.. ભગવાન! શું હતી ભાષા?

**શ્રોતા :-** ભાષાનો અવયવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ભાષા એ શરીરનો અવયવ છે એમ લીધું છે. એ કહેવું છે. ત્યાં છે એમાં. બોધપાહુડમાં તો ભાષા શબ્દનો વિકાર એમ લીધું છે, પણ અહીંયાં તો શરીરનો અવયવ લીધો છે શ્વાસ. શ્વાસ અને એની સાથે ભાષા લેવી છે. લીધું છે તો શ્વાસ. શ્વાસ છે એ શરીરનો અવયવ છે, આત્માનો નહિ. આહા..હા..! એ પુદ્‌ગલનો ભાગ છે, એ આત્માનો નહિ. આહા..હા..! છે તો ત્યાં શ્વાસની વાત. શ્વાસ છે એ શરીરનો અવયવ છે, આત્માનો નહિ. આહા..હા..! આત્મા શ્વાસ ચલાવી શકતો નથી, શ્વાસને રોકી શકતો નથી. આહા..હા..! પરનો કર્તા. કહો, ચીમનભાઈ! આટલા બધા મોટા કારખાના કરે છેને? આહા..હા..! ભગવાન! તે સમયે પુદ્‌ગલની પર્યાય એવી ક્રમમાં આવવાવાળી પર્યાય થાય છે તે પુદ્‌ગલથી થઈ છે. બીજો કહે કે મારાથી થઈ એ વાત સાચી નથી. આહા..હા..!

**'એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર...'** આહા..હા..! સમજાણું કાંઈ? મેં પુસ્તક બનાવ્યું, મેં ભાષા કરી, હું કોલેજમાં સમજાવનારો પ્રોફેસર છું તો હું બરાબર સમજાવી શકું છું એક કલાક ભાષા દ્વારા, આહા..હા..! એ અહંકાર છે, પ્રભુ! આહા..હા..! બહુ ઝીણું તત્ત્વ. એવું જે અજ્ઞાન છે **'કે જે અત્યંત દુર્નિવાર છે...'** આહા..હા..! અનાદિ

કાળનું અજ્ઞાન દુર્નિવાર છે. એને ટાળવામાં મહાપુરુષાર્થ છે. છે? '**તે—અનાદિ સંસારથી ચાલ્યો આવે છે.**'

હવે '**આચાર્ય કહે છે કે અહો!**' '**भूतार्थपरिग्रहेण**' ત્રણ અર્થ લીધા. '**भूतार्थपरिग्रहेण**' ત્રિકાળી વસ્તુનો અનુભવ કરવાથી અજ્ઞાનનો—અહંકારનો નાશ થાય છે. વિશેષ વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

પ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર**

સોનગઢ